પ્રસંગ આવે. તેટલા માટે અવિદ્યાત્મક નામરૂપ છે એવું તાત્પર્ય છે. નામરૂપનું કાર્યલિંગક અ-
નુમાન પ્રમાણ તરીકે આપે છે—'સંસારપ્રપંચનાં બીજભૂત'. તેમનો આશ્રય ને વિષય
આપે છે 'સર્વજ્ઞ ઈશ્વરની' તેનેજ માટે શ્રુતિ અને સ્મૃતિનું પ્રમાણ આપે છે, સંસ્કાર-
રૂપ નામરૂપનો અવિદ્યા સાથે એકતાની વિવક્ષાથી કહે છે—'માયાશક્તિ અને પ્રકૃતિ
તરીકે.' 'मायां तु प्रकृतिं विद्यात्', 'देवात्मशक्तिम्' આ પ્રકારની શ્રુતિ સમજવી:
'प्रकृतिं पुरुषं चैव' અને 'माया ह्येषा' એ પ્રકારની સ્મૃતિ સમજવી. પણ જો નામ
રૂપ ઈશ્વરના આત્મભૂત હોય તો તે (ઈશ્વર) પણ તેવી (નામરૂપથી) અભિન્ન હોવાથી
જ પેઠે જડ થાય એમ આશંકા કરી કહે છે—'તે બેથી અન્ય સર્વજ્ઞ ઈશ્વર છે', ઈશ્વર
રૂપથી અન્ય છે તેને માટે પ્રમાણ આપે છે—'आकाशो वै नाम' ઇત્યાદિ વડે વર્ણ-

સ્પષ્ટીકરણ, સહિ.

પ્રસિદ્ધ આત્મા છે. તે નામ અને રૂપનું વ્યાકરણ-સ્પષ્ટીકરણ કરનાર છે, એ બે જેની અંદર છે તે બ્રહ્મ છે) એમ શ્રુતિ છે, અને ' नामरूपे व्याकरवाणि ' [છાન્દો૦ ૬।૩।૨] (હું નામ અને રૂપનો વ્યાકાર કરૂં), ' सर्वाणि रूपाणि विचित्य धीरो नामानि कृत्वाऽभिवदन् यदास्ते ' [તૈત્તિ૦ આ૦ ૩।૧૨।૭] (ધીર-પરમાત્માજ સર્વ રૂપોનું ચિન્તન કરીને-સર્જીને, નામ પાડીને [1]અભિવદન કરતો જે વર્તે છે), ' एकं बीजं बहुधा यः करोति ' [શ્વે૦ ૬।૧૨] (એક બીજને જે બહુધા કરે છે) ઇત્યાદિ શ્રુતિઓ છે. આ પ્રમાણે અવિદ્યાએ કરેલાં નામ રૂપ ઉપાધિનો અનુરોધી ઈશ્વર થાય છે, જેમ ઘટ, કરક આદિ ઉપાધિનું અનુરોધી આકાશ થાય છે તેમ; અને તે ઘટાકાશના જેવા, અવિદ્યાએ ઊભાં કરેલાં નામ અને રૂપે કરેલા કાર્યકરણસંઘાતના અનુરોધી સ્વાત્મભૂત જીવસંજ્ઞક વિજ્ઞાનાત્મા ઉપરજ વ્યવહારવિષયે શાસન કરે છે, તેટલા માટે એ રીતે અવિદ્યારૂપ ઉપાધિના પરિચ્છેદની અપેક્ષાએજ ઈશ્વરનું ઈશ્વ-

રૂપબીજના વ્યાકાર કરવાની અપેક્ષાએ ઈશ્વરત્વ છે એમ જે કહ્યું છે તેમાં તે વ્યાકારનું પ્રમાણ આપે છે—' **नामरूपे व्याकरवाणि** '. જીવ વ્યાકર્ત્તા નથી એમ દર્શાવવા અન્ય વાક્યનું ઉદાહરણ આપે છે—' **सर्वाणि रूपाणि विचित्य धीरः** ' ઇત્યાદિ. નામરૂપવ્યાકરણ નાનાપ્રકારનું છે એ સિદ્ધ કરવા અન્ય શ્રુતિ પઠે છે—" ' **एकं बीजं बहुधा यः करोति.** " ઇત્યાદિ શ્રુતિઓ છે '. એમાં ' આદિ ' શબ્દથી ' **सच्च त्यच्चाभवत्** ' એવી શ્રુતિઓનું ગ્રહણ કરવું. દર્શિત શ્રુતિઓથી નામરૂપવ્યાકરણ ઈશ્વરાધીન છે એમ સિદ્ધ થાય છે અને તેની અપેક્ષાએજ એનું ઐશ્વર્ય છે. પણ ઐશ્વર્ય તો સ્વાભાવિક છે, એને વ્યાકરણની અપેક્ષા શી રીતે છે એવી આશંકા કરી કહે છે—' **આ પ્રમાણે અવિદ્યાએ કરેલાં નામરૂપ ઉપાધિનો અનુરોધી ઈશ્વર થાય છે** '. ઉક્ત શ્રુતિ અને સ્મૃતિના અનુરોધથી અવિદ્યાકૃત, તદાત્મક જે નામરૂપ તદ્રૂપથી અનવચ્છિન્ન જે ઉપાધિ તેથી અભિવ્યક્ત થયલો ચિદાત્મા તેજ નામરૂપથી વિરચિત વિચિત્ર પ્રપંચને નિયમમાં રાખતો ઈશ્વર કહેવાય છે; તેથી ઐશ્વર્ય સ્વાભાવિક નથી એવો અર્થ છે. ઈશ્વર ઉપાધિનો અનુરોધી છે તેને માટે દૃષ્ટાન્ત કહે છે—' **જેમ ઘટ, કરક આદિ ઉપાધિનું અનુરોધી આકાશ થાય છે તેમ.** ' અવિદ્યાકૃત જગત્નો ઈશિતા છે તોપણ જીવ તો અવિદ્યાકૃત નથી તો તે પ્રત્યે ઈશિતા શી રીતે એમ આશંકા કરી કહે છે—' **અને તે ઘટાકાશના જેવા** ' ઇત્યાદિ. અવિદ્યા ઉપાધિએ કરીને કલ્પિત ભેદથી બિમ્બસ્થાન જે છે તે ઈશ્વર અને પ્રતિબિમ્બભૂત જીવો તે નિયમ્ય-ઈશિતવ્ય છે. જીવ બ્રહ્મનો સ્વાત્મભૂત છે. જીવ ને બ્રહ્મ વચ્ચે ભેદ નથી તો જીવ નિયમ્ય શી રીતે તેને માટે કહે છે—' **ઘટાકાશના જેવા** ', પણ ઘટની પેઠે ઉપાધિ ઉપલબ્ધ થતો નથી તો ઔપાધિક ભેદને અનુરોધે નિયમ્યત્વ ને નિયન્તૃત્વ શી રીતે તેને માટે કહે છે—' **અવિદ્યાએ ઊભાં કરેલાં નામ અને રૂપે કરેલા કાર્યકરણસંઘાતના અનુરોધી** '. ઈશ્વરનું ઈશ્વરત્વ કાલ્પનિક છે એમ સ્પષ્ટ કરવા વિશેષણ આપે છે—' **વ્યવહારવિષયે** '. ' **સ્વાત્મભૂત જીવસંજ્ઞક વિજ્ઞાનાત્મા** '=અહિં ભાષ્યમાં જીવો નાના-પૃથક્ છે એમ કહ્યું છે એવો ભ્રમ ન કરવો; કેમકે બુદ્ધિ આદિ સંઘાતના ભેદથી ભેદ કહ્યો છે. અવિદ્યાના પ્રતિબિમ્બરૂપ તો જીવ એકજ છે એમ કહ્યું છે. ' **અવિદ્યારૂપ ઉપાધિના પરિચ્છેદની અપેક્ષાએજ** '=અવિદ્યાત્મક જે ઉપાધિ તેણે કરેલો જીવપ્રપંચાખ્ય જે

[1] નામથી કહેતો.

રત્વ, સર્વજ્ઞત્વ અને સર્વશક્તિત્વ છે; પરમાર્થતઃ વિદ્યા વડે જેમાંથી સર્વ ઉપાધિસ્વરૂપ દૂર થયું છે એવા આત્માને વિષે ઈશિતૃ, ઈશિતવ્ય, સર્વજ્ઞત્વ આદિ વ્યવહાર ઉપપન્ન થતો નથી. તેવીજ રીતે કહ્યું છે—'यत्र नान्यत् पश्यति नान्यच्छृणोति नान्यद्विजानाति स भूमा' [છાન્દો૦ ૭।૨૪।૧] (જેમાં કંઈ બીજું જોતો નથી, કંઈ બીજું સાંભળતો નથી, કંઈ બીજું જાણતો નથી તે બ્રહ્મ છે) એમ અને 'यत्र त्वस्य सर्वमात्मैवाभूत् तत् केन कं पश्येत्' [બૃહ૦ ૪।૫।૧૫] (જે જ્ઞાનકાળે એને સર્વ આત્માજ થાય છે તે કાળે શા વડે શું જુએ) ઇત્યાદિથી. એ પ્રમાણે પારમાર્થિક અવસ્થામાં સર્વ વેદાન્તો સર્વ વ્યવહારનો અભાવ વદે છે. તેમજ ઈશ્વરગીતામાં પણ 'न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः । न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते ॥ नादत्ते कस्यचित् पापं न चैव सुकृतं विभुः । अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यन्ति जन्तवः ॥' [ગી૦ ૫।૧૪-૧૫] (પ્રભુ લોકોનું કર્તૃત્વ કે કર્મ કે કર્મફળનો સંયોગ સર્જતો નથી; પણ સ્વભાવ પ્રવર્તે છે. વિભુ કોઈનું પાપ કે સુકૃત લેતો નથી; અજ્ઞાનથી જ્ઞાન ઢંકાયલું છે, તેથી જન્તુઓ મોહ પામે છે) એમ પારમાર્થિક અવસ્થામાં ઈશિતૃ, ઈશિતવ્ય આદિ વ્યવહારનો અભાવ પ્રદર્શાવાય છે. વ્યવહાર અવસ્થામાં તો શ્રુતિમાં પણ ઈશ્વર આદિ વ્યવહાર કહ્યો છે—'एष सर्वेश्वर एष भूताधिपतिरेष भूतपाल एष सेतुर्विधरण एषां लोकानामसंभेदाय' [બૃહ૦ ૪।૪।૨૨] (એ સર્વનો ઈશ્વર છે, એ ભૂતોનો અધિપતિ છે, એ ભૂતોનો પાલક છે, લોકોની મર્યાદા ભિન્ન ન થાય માટે એ વ્યવસ્થા ધારણ કરનાર સેતુરૂપ છે) એમ. તેમજ ઈશ્વરગીતામાં પણ 'ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति । भ्रामयन् सर्वभूतानि यन्त्रारूढानि मायया ॥' [ગી૦ ૧૮।૬૧] (હે અર્જુન, સર્વ પ્રાણીને જાણે યન્ત્રારૂઢ હોય તેમ માયા વડે ભમાવીને ઈશ્વર સર્વ ભૂતોનાં હૃદયસ્થાનમાં રહે છે) એમ. સૂત્રકાર પણ પરમાર્થના અભિપ્રાયથી 'तदनन्यत्वम्' (કાર્યકારણનું અનન્યત્વ, અભેદ) એમ સૂત્રમાં કહે છે. વ્યવહારના અભિપ્રાયથી તો 'स्याल्लोकवत्' (વિભાગ થશે, લોકની પેઠે) એમ બ્રહ્મને મહાસમુદ્રના જેવો કહે છે. વળી કાર્યપ્રપંચ અને પરિણામપ્રક્રિયાનું પ્રત્યાખ્યાન કર્યા વિના સગુણ ઉપાસનામાં ઉપયોગી થઈ પડશે એમ ધારી આશ્રય કરે છે ॥ ૧૪ ॥

[illegible] પરિચ્છેદ તેની અપેક્ષાએ. પરમાર્થત: ઈશ્વરત્વ આદિ દ્વૈતનો અભાવ છે તેને માટે શ્રુતિ આપે [illegible] —'તેવીજ રીતે કહ્યું છે "यत्र नान्यत् पश्यति", ઇત્યાદિ. [illegible] તેને માટે કહે છે—'स्वभावस्तु प्रवर्तते' = અનાદિ અવિદ્યાજ કર્તૃત્વાદિરૂપે પ્રવર્તે છે [illegible] સ્પષ્ટ છે. પણ [illegible] અને [illegible] પાપ અને સુકૃતનો ઈશ્વર નાશ કરે છે તેથી ઈશ્વરનું [illegible] ઈશ્વરત્વ છે એ શંકાનું નિરાકરણ કરવા કહે છે—'नादत्ते कस्यचित् पापम्' ઇત્યાદિ. [illegible] = સંહાર કરે છે. તેથી સ્વરૂપજ્ઞાનના આવરણથી [illegible] ભ્રમ કરે છે. ઉક્ત અર્થ સૂત્રકારનો [illegible] છે એમ કહે છે—'[illegible]ના અભિપ્રાયથી' ઇત્યાદિ. [illegible] લૌકિક વ્યવહારને અર્થે પરિણામપ્રક્રિયાનો આશ્રય કર્યો પરન્તુ ઉપાસનાને માટે પણ કર્યો છે એમ કહે છે—'વળી કાર્યપ્રપંચ' ઇત્યાદિ ॥૧૪॥

[illegible] ૨ બ્રહ્મ સૂ૦ ૨।૧।૧૪. ૩ બ્રહ્મ સૂ૦ ૨।૧।૧૨.

भावे चोपलब्धेः ॥ १५ ॥

અને (કારણને) ભાવે (કાર્યની) ઉપલબ્ધિથી (કાર્યકારણનું અનન્યત્વ છે) ॥ ૧૫ ॥

આથી પણ કારણથી કાર્યનું અનન્યત્વ છે; કેમકે કારણને ભાવેજ કાર્ય ઉપલબ્ધ થાય છે, અભાવે નહિ. તે આવી રીતે—મૃત્તિકા હોય તો ઘટ ઉપલબ્ધ થાય છે અને તન્તુઓ હોય તો પટ ઉપલબ્ધ થાય છે. [1]અન્યત્વ હોય તો અન્યની ઉપલબ્ધિ નિયમે જોવામાં આવતી નથી. ખરેખર, અશ્વ ગોથી અન્ય હોવાથી ગો હોય ત્યારેજ ઉપલબ્ધ થતો નથી; તેમજ [2]કુલાલ હોય ત્યારેજ ઘટ ઉપલબ્ધ થતો નથી; કેમકે

સિદ્ધાન્તમાં સમવાય સ્વીકાર્યો નથી તો મૃત્તિકા અને ઘટ આદિનો [3]ઉપાદાનોપાદેયભાવ શી રીતે થશે? વળી એ દૃષ્ટાન્તથી જગત્ અને બ્રહ્મનો પણ ઉપાદાનોપાદેયભાવ ઉપપન્ન થશે નહિ. સંયોગ ઉપાદાનોપાદેયભાવનિર્વાહક છે એમ કહી શકાશે નહિ; કેમકે ભૂતલ ને ઘટ વચ્ચે સંયોગ છે તોપણ ઉપાદાનોપાદેયભાવ નથી, તેમજ ઉપાદેયને વિષે ઉપાદાનનો વિશ્લેષ (વિયોગ) જોવામાં આવતો નથી તેથી સંયોગસંબન્ધ ઉપપન્ન થતો નથી; કેમકે સંયોગસ્થળે વિશ્લેષયોગ્યતા હોવી જોઈએ એવો નિયમ છે. આ પ્રમાણે જગત્ ને બ્રહ્મ વચ્ચે નિયામકસંબન્ધને અભાવે (કેમકે સમવાય સ્વીકાર્યો નથી ને સંયોગ ઘટતો નથી) જગત્ ને બ્રહ્મનો ઉપાદાનોપાદેયભાવ શી રીતે થશે? અને તેને (ઉપાદાનોપાદેયભાવને) અભાવે સ્વતન્ત્ર જગત્નો બ્રહ્મને વિષે નિષેધ થાય તોપણ મિથ્યાત્વ ઉપપન્ન થશે નહિ—આ આશંકાનું નિરાકરણ કરવા માટે એ સૂત્ર છે. એ સૂત્ર ઉપાદાનોપાદેયભાવનો નિયામક તાદાત્મ્ય નામનો સ્વરૂપવિશેષસંબન્ધ ઉપપાદન કરે છે; તેથી બ્રહ્મનું ઉપાદેય જે પ્રપંચ (જગત્) તેનો બ્રહ્મને વિષે નિષેધ થયે પર્યવસાને મિથ્યાત્વ થશે. કાર્યકારણના અનન્યત્વમાં પ્રત્યક્ષાદિ વિરોધનું પૂર્વ સૂત્રમાં સમાધાન કરી અનન્યત્વને વિષે અનુમાનરૂપ પ્રમાણ આપે છે—'भावे चोपलब्धेः'. કારણને ભાવે- 'સત્તામાં અને ઉપલબ્ધિમાં કાર્યનું સત્ત્વ અને ઉપલબ્ધિ છે તેથી કાર્યકારણનું અનન્યત્વ-તાદાત્મ્ય છે એવો સૂત્રાર્થ છે. ઘટ મૃત્તિકાથી અનન્ય છે, મૃત્તિકાના સત્ત્વ અને ઉપલબ્ધિના ક્ષણમાંજ તેનું નિયત સત્ત્વ અને ઉપલબ્ધિ છે તેથી, મૃત્તિકાની પેઠે. શંકાકાર શંકા કરે છે કે અન્યત્વમાં પણ એ હેતુ થઈ અપ્રયોજક કેમ ન થાય? એ શંકાનું નિરાકરણ કરવા કહે છે—'અન્યત્વ હોય તો' ઇત્યાદિ. મૃત્તિકા અને ઘટ વચ્ચે અન્યત્વ-તાદાત્મ્યસંબન્ધનો અભાવ—હોય તો ગો અને અશ્વમાં થાય છે તેમ હેતુની ઉચ્છિત્તિ થાય એમ સમજવું. પણ ગો અને અશ્વની વચ્ચે નિમિત્તનૈમિત્તિકભાવ ન હોવાથી હેતુનો અભાવ છે તેથી તે હેતુથી મૃત્તિકા અને ઘટ વચ્ચે નિમિત્તાદિભાવ સિદ્ધ થશે, અનન્યત્વ સિદ્ધ થશે નહિ એમ અન્ય અર્થની આશંકા કરી કહે છે—'તેમજ કુલાલ હોય ત્યારેજ' ઇત્યાદિ. કુલાલ અને ઘટ વચ્ચે નિમિત્તનૈમિત્તિકભાવ છે તોપણ અન્યત્વ છે તેથી કુલાલના સત્ત્વ-ભાવમાં (કુલાલના અસ્તિત્વમાં) ઘટની નિયત ઉપલબ્ધિ નથીજ એમ અભિપ્રાય છે. યથાશ્રુત સૂત્રસ્થ હેતુનો વ્યભિચાર થાય છે એમ ઇત્યાદિ

૧ એક વસ્તુ બીજીથી અન્ય હોય તો એકને ભાવે અન્ય અવશ્ય ઉપલબ્ધ થતું નથી. ૨ કુંભાર ૩ મૃત્તિકા ઉપાદાન કારણ-સમવાયિકારણ છે અને ઘટ ઉપાદેય-કાર્ય છે એવો સંબંધ. ૪ ઉપાદીનો

[1]નિમિત્તનૈમિત્તિકભાવ છે તોપણ અન્યત્વ છે. પણ અન્યત્વ હોય તોપણ અન્ય
ઉપલબ્ધિ નિયમે દેખાય છે, જેમકે અગ્નિ હોય ત્યારે ધૂમની. ના એમ કહીએ
છીએ; કેમકે અગ્નિ છાંટ્યા પછી પણ ગોવાળીઆની ઘટિકા આદિમાં ધારણ
કરેલો ધુમાડો જોવામાં આવે છે. જો ધુમાડાને કોઈક અવસ્થાથી વિશિષ્ટ
કરવો કે આવો ધુમાડો અગ્નિ ન હોય તો થતો નથી એમ કહેશો તો એમ પણ
કંઈ દોષ નથી; કેમકે તદ્ભાવથી અનુરક્ત થયલી બુદ્ધિને અમે કાર્યકારણના અન-
ન્યત્વ વિષે હેતુ કહીએ છીએ, અને એવી બુદ્ધિ અગ્નિ અને ધુમાડાને વિષે નથી.

કરે છે—'પણ અન્યત્વ હોય તોપણ' ઇત્યાદિ. અગ્નિભાવેજ ધૂમની ઉપલબ્ધિ એમ
નિયમાત્મક હેતુ તેમાં નથી એમ કહે છે—'કેમકે અગ્નિ છાંટ્યા પછી પણ' ઇત્યાદિ. ધૂ-
મમાત્રની અગ્નિ સાથે નિયત ઉપલબ્ધિ નથી તોપણ ધૂમવિશેષની છે, જેનું મૂલ અવિચ્છિન્ન નથી
અને દીર્ઘ રેખા છે એવી અવસ્થાવાળા ધૂમની અગ્નિ સાથે નિયત ઉપલબ્ધિ છે માટે હેતુનો
વ્યભિચાર છે એમ શંકા કરે છે—'જો ધૂમાડાને કોઈક અવસ્થાથી વિશિષ્ટ કરવો'
ઇત્યાદિ. કાર્ય કારણથી અનન્ય છે તેનો હેતુ તદ્ભાવાનુવિધાયિભાવત્વ-કારણના ભાવને અધીન
જેનો ભાવ છે તે સ્થિતિ—અને તદ્ભાનાનુવિધાયિભાનત્વ—કારણની પ્રતીતિને અધીન જેની
પ્રતીતિ છે એવી સ્થિતિ—છે. આ પ્રમાણે ધૂમવિશેષમાં તદ્ભાવાનુવિધાયિભાવત્વ—અગ્નિના
અસ્તિત્વને અધીન અસ્તિત્વ—છે, તોપણ તદ્ભાનાનુવિધાયિભાનત્વ—અગ્નિની પ્રતીતિને અધીન
પ્રતીતિ—નથી, કેમકે અગ્નિપ્રતીતિ ધૂમપ્રતીતિને અધીન છે. તદ્ભાનાનુવિધાયિભાનત્વનેજ હેતુ
લેવો યુક્ત નથી. કેમકે [2]ચાક્ષુષરૂપની પ્રતીતિ [3]પ્રભાની પ્રતીતિને અધીન છે તોપણ ચાક્ષુષરૂ-
પનું અસ્તિત્વ પ્રભાના અસ્તિત્વને અધીન નથી; માટે તદ્ભાનાનુવિધાયિભાનત્વજ લેવું હો-
વાથી ચાક્ષુષરૂપમાં હેતુનો વ્યભિચાર થાય. આ પ્રમાણે તદ્ભાવનિયતભાવત્વ (કારણને ભાવે
જેનો નિયમે ભાવ છે એવા કાર્યનો ભાવ) હોઈ તદ્બુદ્ધ્યનુરક્તબુદ્ધિવિષયત્વ (કારણની પ્રતી-
તિથી અનુરક્ત થયલી પ્રતીતિનો વિષય જે કાર્ય તેનો ભાવ) હેતુનું વિવક્ષિત હોવાથી વ્યભિ-
ચાર થશે નહિ એમ વ્યભિચારનો પરિહાર કરે છે—'એમ પણ કંઈ દોષ નથી' ઇત્યાદિ.
[4]આલોકની પ્રતીતિથી અનુરક્ત પ્રતીતિનો વિષય જે રૂપ (આલોકની પ્રતીતિને રૂપની પ્રતીતિ
અધીન છે એવું જે રૂપ) તેને વિષે વ્યભિચાર દૂર કરવા 'તદ્ભાવનિયતભાવત્વ હોઈ' એમ
કહ્યું છે. આલોકને અભાવે પણ ઘટાદિના રૂપનો ભાવ છે તેથી વ્યભિચાર નથી. જે ધૂમવિશેષ
કહ્યો છે—જેનું મૂળ અવિચ્છિન્ન નથી અને દીર્ઘ રેખા છે એવો ધૂમ—તેની ઉપલબ્ધિ અગ્નિ-
બુદ્ધિ વિના પણ થાય છે તેથી ત્યાં વ્યભિચાર નથી એવો અર્થ છે. 'તદ્ભાવથી અનુરક્ત
થયેલી બુદ્ધિને' = તત્ = કાર્યકારણ. કાર્યકારણના ભાવ-સત્તાથી અનુરક્ત—સંકુલ
બુદ્ધિને એવો ભાષ્યનો અર્થ છે. અથવા 'તદ્ભાવ'નો અર્થ સામાનાધિકરણ્ય છે. તે વિષેની બુદ્ધિથી
માત્વ તે હેતુ એમ અમે કહીએ છીએ. मृद् घटः (ઘટ મૃત્તિકા છે) એમ સામાનાધિકરણ્યબુદ્ધિ
છે, अग्निर्धूमः (ધૂમ અગ્નિ છે) એમ સામાનાધિકરણ્યબુદ્ધિ નથી. અનુમાનના અર્થપરત્વે સૂ-
ત્રનું વ્યાખ્યાન કરી પ્રકારાન્તર વઈ પ્રત્યક્ષપરત્વે વ્યાખ્યાન કરે છે—'અથવા [5]આપાયોપ-

---

૧ જેનું નિમિત્તપણાનું હોય તે નૈમિત્તિક. ધા એ નૈમિત્તિક છે ને ધુંવાડ નિમિત્ત છે. ૨ જેનું રૂપ
આલોક, તેજ. ૪ તેજ.

અથવા 'ભાવાચ્ચોપલબ્ધેઃ' એવું સૂત્ર છે. માત્ર શબ્દથીજ કાર્યકારણનું અનન્યત્વ છે એમ નહિ, પણ પ્રત્યક્ષની ઉપલબ્ધિ થાય છે તેથી પણ અનન્યત્વ છે એવો અર્થ છે; કેમકે કાર્યકારણના અનન્યત્વમાં પ્રત્યક્ષની ઉપલબ્ધિ થાય છે. તે આ પ્રમાણે— તન્તુસંસ્થાન પટમાં તન્તુથી વ્યતિરિક્ત પટ નામનું કાર્ય ઉપલબ્ધ થતું નથીજ; કેવલ આતાન અને વિતાનવાળા તન્તુઓજ ઉપલબ્ધ થાય છે, તેમજ તન્તુઓમાં અંશુ અને અંશુઓમાં તેના અવયવો. આ પ્રત્યક્ષની ઉપલબ્ધિથી લોહિત, શુક્લ અને કૃષ્ણ એ ત્રણ રૂપો છે, પછી વાયુમાત્ર અને આકાશમાત્ર છે એમ અનુમેય છે [છાન્દો૦ ૬।૪]. તેથી પર બ્રહ્મજ એકલું અદ્વિતીય છે અને તેમાં સર્વ પ્રમાણોની પરિસમાપ્તિ અમે કહી છે ॥ ૧૫ ॥

સૂત્રમાં ચકાર લબ્ધેઃ" એવું સૂત્ર છે.' પૂર્વસૂત્રમાં કહેલા આરમ્ભણશબ્દનો સમુચ્ચયવાચક સૂત્રમાં ચકાર છે. એક પટ એવું પ્રત્યક્ષજ્ઞાન પટના તન્તુથી પૃથક્ હોવાપણાનું પ્રમાણ છે એમ કહેવું યુક્ત નથી; કેમકે જેની સત્તા પૃથક્ નથી એવા મિથ્યા કાર્યનો વિષય પ્રત્યક્ષ જ્ઞાન છે એમ તેથી પણ ઉપપત્તિ થાય છે. તેટલા માટે [1]આતાન, વિતાન અને સંયોગવાળા તન્તુઓજ પટ છે એમ પ્રત્યક્ષ ઉપલબ્ધિ છે તેથી કાર્યકારણનું અનન્યત્વ છે એવો અર્થ છે. ખરેખર, પ્રત્યક્ષબુદ્ધિથી પટ એટલે આતાનવિતાનયુક્ત તન્તુઓજ, તેથી અતિરિક્ત પટ પ્રત્યક્ષ ઉપલબ્ધ નથી. તન્તુઓનું એકત્વ તો બહુ તન્તુઓને એક [2]પ્રાવરણરૂપ અર્થક્રિયાનો અવચ્છેદ છે તેથી, જેમકે એકદેશ-કાલમાં અવચ્છિન્ન ધવ[3], ખદિર, પલાશ આદિ બહુ વૃક્ષો વનસંજ્ઞક થાય છે. તન્તુઓ અર્થક્રિ-યામાં પ્રત્યેક અસમર્થ છે તોપણ મિલિત થઈ કંઈક કાર્ય કરતા દેખાય છે, જોકે અન્ય અર્થ આરંભતા નથી; જેમ પથ્થરો એકઠા થઈ [4]ઉખાને ધારણ કરે છે તેમ. એજ પ્રમાણે અન્ય અર્થ આરંભ્યા વગરજ તન્તુઓ મિલિત થઈ એક પ્રાવરણ કરશે. તન્તુઓ બહુ છે તોપણ તે-ઓને એક પ્રાવરણરૂપ અર્થક્રિયાનો અવચ્છેદ છે તેથી એકશબ્દગોચર થાય છે—પટસંજ્ઞા પામે છે, જેમ વર્ણો બહુ છે તોપણ એકાર્થબુદ્ધિનો હેતુ છે; તેમાં તન્તુઓ એકાર્થક્રિયા કરે છે એ અવિરુદ્ધ છે. તન્તુથી વ્યતિરિક્ત પટનો જેમ અભાવ છે તેમ અંશુથી વ્યતિરિક્ત તન્તુઓનો અભાવ પણ પ્રત્યક્ષ છે, એમ પટન્યાયનો તન્તુને વિષે અતિદેશ કરે છે—'તેમ તન્તુઓમાં અંશુ અને અંશુઓમાં તેના અવયવો'. પ્રત્યક્ષ ઉપલબ્ધિથી તત્કાર્યને વિષે કારણમાત્ર પરિશિષ્ટ રહે છે એવો અર્થ છે. જ્યાં પ્રત્યક્ષ નથી ત્યાં '[5]વિમત કાર્ય કારણથી અભિન્ન છે, કાર્ય છે તેથી, પટની પેઠે' એમ અનુમાન કરવું એમ કહે છે—'આ પ્રત્યક્ષની ઉપલબ્ધિથી' ઇત્યાદિ. કારણનો પરિશેષ રહે છે તો પ્રધાનાદિકજ તે પરિશેષ થાઓ, બ્રહ્મ નહિ; તેથી કહે છે—'તેમાં સર્વ પ્રમાણોની પરિસમાપ્તિ અમે કહી છે.' બ્રહ્મને વિષે સર્વ વેદાન્તોનું તાત્પર્ય કહ્યું છે તેથી તેજ અદ્વિતીય પરિશિષ્ટ રહે છે; અન્ય કારણ પરિશિષ્ટ રહેતું નથી; કેમકે તેમાં પ્રમાણ નથી એમ સમજવું ॥ ૧૫ ॥

---

૧ આડોતાણો. ૨ ઓઢવાનું વસ્ત્ર. ૩ એક જાતનું ઝાડ. ૪ પિઠર, થાળી. ચૂલા પર મૂકેલી વરેલી રૂ થાળી. ૫ વિવાદવિષય; જેને વિષે સંમતિ નથી તે.

सत्त्वाच्चावरस्य ॥ १६ ॥

[1]અવરકાલીનનું (કારણને વિષે) સત્ત્વ છે તેથી (કાર્યકારણનું અનન્યત્વ છે) ॥ ૧૬ ॥

વળી આ કારણથી કાર્યનું અનન્યત્વ છે; કેમકે ઉત્પત્તિની પૂર્વે અવરકાલીન જે કાર્ય તે કારણને વિષે કારણાત્માએ છે; કેમકે 'सदेव सोम्येदमग्र आसीत्' [છા૦ ૬।૨।૧] (હે સોમ્ય, અગ્રે એ સત્સ્વરૂપજ હતું). 'आत्मा वा इदमेक एवाग्र आसीत्' [ઐ૦ આ૦ ૨।૪।૧।૧] (અગ્રે આ એક આત્માજ હતો) ઇત્યાદિમાં इदम्શબ્દથી ગ્રહણ કરાયલું કાર્ય કારણની સાથે સમાનાધિકરણ છે. જે જે સ્વરૂપથી જેને વિષે હોતું નથી તે તેથી ઉત્પન્ન થતું નથી, જેમ રેતીમાંથી તેલ. તેટલા માટે ઉત્પત્તિપૂર્વે કાર્ય કારણથી અનન્ય હોવાથી ઉત્પન્ન પણ કારણથી અનન્યજ છે એમ સમજાય છે. જેમ બ્રહ્મ કારણ સઘળા કાળોમાં સત્ત્વનો વ્યભિચાર કરતું નથી એમ જગત્ કાર્ય પણ સઘળા કાળોમાં સત્ત્વનો વ્યભિચાર કરતું નથી. સત્ત્વ તો એક છે, તેથી કાર્ય કારણથી અનન્ય છે ॥ ૧૬ ॥

આ જગત્ સત્-આત્માજ છે એમ શ્રુતિમાં સામાનાધિકરણ્ય છે તેથી સૃષ્ટિની પૂર્વે કાર્યનું કારણાત્માએ સત્ત્વ શ્રુતિમાં છે તે અન્યથા અનુપપન્ન છે તેથી ઉત્પન્ન પણ જગત્ કારણથી અનન્ય છે એમ સૂત્રકાર કહે છે—'सत्त्वाच्चावरस्य'. માત્ર શ્રુતિ એમ કહે છે એટલુંજ નહિ, ઉપપત્તિ પણ છે—'જે જે સ્વરૂપથી' ઇત્યાદિ. જેમ ઘટ મૃત્તિકામાં મૃત્તિકાસ્વરૂપે છે તેમ તેલ સિકતાસ્વરૂપે સિકતાને વિષે નથી. ઉત્પન્ન થયલો ઘટ મૃત્તિકાસ્વરૂપે ઉપલબ્ધ થાય છે, એમ ઉત્પન્ન તેલ સિકતાસ્વરૂપે ઉપલબ્ધ થતું નથી. તેથી જેમ સિકતામાંથી તેલ ઉત્પન્ન થતું નથી, એમ આત્મામાંથી પણ જગત્ ઉત્પન્ન ન થાય; પણ થાય છે, તેથી આત્મસ્વરૂપે જગત્ હતું એમ સમજાય છે. અન્ય ઉપપત્તિ કહે છે—'જેમ બ્રહ્મ કારણ' ઇત્યાદિ. જેમ ઘટ સર્વદા સર્વત્ર ઘટજ છે, ક્વચિત્ પણ પટ થતો નથી, એ પ્રમાણે સત્ પણ સર્વત્ર સર્વદા કેવલ સત્ છે, ક્વચિત્ કે કદાચિત્ પણ સત્ અસત્ થાય એ યુક્ત નથી. તેટલા માટે કાર્ય સઘળે કાળમાં સત્ છે એથી શું તેને માટે કહે છે—'સત્ત્વ તો એક છે' ઇત્યાદિ. કાર્ય અને કારણનું સત્ત્વ એકજ છે. જેમ કાર્યનું સત્ત્વ છે તેમ કારણનું પણ સત્ત્વ છે, સત્ત્વ કંઈ પ્રતિવ્યક્તિ ભિન્ન થતું નથી. કારણની પેઠે કાર્યને પણ સત્ત્વ છે અને સત્ત્વ એકજ છે, તેને ભિન્ન થવામાં પ્રમાણ નથી, તેથી કાર્યની કારણથી ભિન્ન સત્તા નથી. હાલ જે કાર્ય છે તેને પૂર્વે કે પર કાળમાં અસત્ત્વ નહોતું તેથી સત્ત્વનો વ્યભિચાર નથી. તે સત્ત્વ સર્વમાં અનુસ્યૂત થયલું સન્માત્ર એક છે, તેના અનેકથી મૃત્તિકા છે, ઘટ છે એમ ભાસમાન જે કાર્યકારણ તે અભિન્ન છે એવો અર્થ છે. જેમ સત્ એ કારણ સદા સત્ છે, કદાચિત્ પણ અસત્ દૃષ્ટ નથી, એમજ કાર્ય પણ સત્ હોય તો કદાચિત્ અસત્ થાય એ યુક્ત નથી. સત્ એકજ છે. તેથી કાર્યકારણ પણ પરસ્પર ભિન્ન નથી ॥ ૧૬ ॥

---

૧ પછીના વખતમાં થનાર કાર્ય. ૨ રેતી.

થાય છે ને ક્ષીરથી થતો નથી. પૂર્વે અસત્ત્વ અવિશિષ્ટ છે તોપણ ક્ષીરમાંજ દહિંનો કંઈક [1]અતિશય છે, મૃત્તિકામાં નથી, અને મૃત્તિકામાંજ ઘટનો કંઈક અતિશય છે, ક્ષીરમાં નથી એમ જો કહેશો તો એથી પૂર્વ અવસ્થા અતિશયવાળી હોવાથી અસત્કાર્યવાદની હાનિ અને સત્કાર્યવાદની સિદ્ધિ થશે. વળી કાર્યના નિયમ માટે કારણની શક્તિ કલ્પાશે તો તે અન્ય કે અસત્ હોઈ કાર્યનું નિયમન કરી શકશે નહિં; કેમકે અસત્ત્વથી અવિશેષ છે અને અન્યત્વથી અવિશેષ છે. તેટલા માટે કારણની આત્મભૂત શક્તિ છે અને શક્તિનું આત્મભૂત કાર્ય છે. વળી કાર્ય અને કારણ અને દ્રવ્ય અને ગુણ વગેરેની અશ્વ અને મહિષની પેઠે ભેદબુદ્ધિ નથી તેથી તેઓ વચ્ચે

વામાં અમુક ઉપાદાનનેજ વિષે પ્રવૃત્તિ થાય છે તે ન થાય. સાંખ્યવૃદ્ધોએ કહ્યું છે કે 'असदकरणादुपादानग्रहणात् सर्वसंभवाभावात् । शक्तस्य शक्यकरणात् कारणभावाच्च सत्कार्यम् ॥' અસત્ ઉત્પન્ન થતું નથી, ઉપાદાનનું ગ્રહણ કરવું પડે છે, સર્વ ઉપાદાનમાંથી સર્વ કાર્યનો સંભવ નથી, જેમાં શક્તિ છે તે, અર્થાત્ કારણ, જે થઈ શકે છે તે, અર્થાત્ કાર્ય, કરે છે, અને ઉત્પત્તિની પૂર્વે પણ કાર્યનો કારણથી અભેદ શ્રુતિમાં છે ('तद्धेदं तर्ह्यव्याकृतमासीत्,' 'सदेव सोम्येदमग्र आसीत्' ઇત્યાદિ)–કાર્ય, કારણની શક્તિનો વિષય છે, અસત્ શક્તિનો વિષય થઈ શકે નહિ તેથી કાર્યનું કારણને વિષે સત્ત્વ છે એવો અર્થ છે. 'नासदुत्पादो नृशृङ्गवत्'। १। ११४॥, 'उपादाननियमात्' १। ११५॥ 'सर्वत्र सर्वदा सर्वासंभवात्' १। ११६। 'शक्तस्य शक्यकरणात्' १।११७॥ 'कारणभावाच्च १।११८॥ એ સાંખ્ય સૂત્રો એજ અર્થનાં સત્કાર્યવાદ પ્રતિપાદક છે. વળી બીજી શંકા કરે છે કે કાર્ય કારણને વિષે વિદ્યમાન ન હોય તોપણ કારણને વિષે કંઈક અતિશય રહ્યો છે તેથી કાર્યની ઉત્પત્તિ સારૂ તે કારણને વિષે પુરુષની પ્રવૃત્તિ થાય છે—'પૂર્વે અસત્ત્વ અવિશિષ્ટ છે તોપણ' ઇત્યાદિ અતિશય એ કાર્યધર્મ છે કે કારણધર્મ છે? જો કાર્યધર્મ છે એમ કહેશો તો ધર્મને માટે ધર્મી આવશ્યક હોવાથી અતિશયરૂપ ધર્મ અતિશયવાન્ કાર્ય ન હોય તો હોઈ શકે નહિ, એથી પૂર્વાવસ્થારૂપ ધર્મી જે કાર્ય તેનું સત્ત્વ દુર્વાર થાય છે એમ કહે છે—'એથી પૂર્વ અવસ્થા અતિશયવાળી હોવાથી' ઇત્યાદિ. અતિશય એ કારણ ધર્મ છે એમ કહેશો તો તેથી પણ કાર્યસત્ત્વજ પરિણામ આવશે એમ કહે છે—'વળી કાર્યના નિયમ માટે કારણની શક્તિ કલ્પાશે' ઇત્યાદિ. કાર્ય અને કારણથી અન્ય અથવા કાર્યની પેઠે અવિદ્યમાન એવી શક્તિ કાર્યને નિયમમાં રાખી શકે નહિ; કેમકે એમ થાય તો ગમે તે કોઈ અન્ય કે નરશૃંગ પણ કાર્યને નિયમમાં રાખે એવો પ્રસંગ આવે; કેમકે શક્તિમાં ને તેમાં અસત્ત્વ અને અન્યત્વમાં કંઈ વિશેષ નથી; તેટલા માટે કારણસ્વરૂપે લીન થયેલું કાર્યજ અભિવ્યક્તિનું નિયામક હોવાથી શક્તિ છે એમ ઇચ્છવુંજ પડશે, એટલે સત્કાર્યની સિદ્ધિ થઈ એમ સમજવું છે. જેમ અવિદ્યમાન હોઈ શક્તિ કાર્યને નિયમમાં રાખી શકશે નહિ, તેમ કાર્યકારણથી અન્ય હોઈને પણ નિયમમાં રાખી શકશે નહિ. તેટલા માટે કાર્ય કારણથી અનન્યજ શક્તિ સ્વીકારવી પડશે. એટલે શક્તિદ્વારક કાર્યકારણનું તાદાત્મ્ય છે. વળી કહે છે કે કાર્ય અને કારણ ભિન્ન હોય તે મૃત્તિકા અને ઘટ ભિન્ન છે એવી ભેદબુદ્ધિ થાય—'વળી કાર્ય અને કારણ અને દ્રવ્ય અને ગુણ' ઇત્યાદિ. પણ એ બે ભિન્ન તો છે, તોપણ એ બેની વચ્ચે સમવાય છે તેથ

1 ધર્મવિશેષ

તાદાત્મ્ય સ્વીકારવું જોઈએ. 'સમવાયની કલ્પનામાં પણ સમવયવાયનો સમવાયીઓ સાથે સંબન્ધ સ્વીકારવામાં તેનો તેનો અન્યોન્ય સંબન્ધ કલ્પવો પડશે એમ અનવસ્થાનો પ્રસંગ આવશે; અને ન સ્વીકારવામાં વિચ્છેદનો પ્રસંગ આવશે. સમવાય જાતે સંબન્ધરૂપ હોવાથી બીજા સંબન્ધની અપેક્ષા વગરજ સંબન્ધમાં આવશે એમ જો કહેશો તો સંયોગ પણ જાતે સંબન્ધરૂપ હોવાથી સમવાયની અપેક્ષા વગરજ ...નથી ભેદબુદ્ધિ ઉદય પામતી નથી એવી શંકા કરી સમવાયનું દૂષણ કરે છે—'સમવાયની કલ્પનામાં પણ' ઇત્યાદિ. સમવાય સમવાયી સાથે સંબદ્ધ છે કે નહિ? આદ્ય પક્ષમાં તે સંબંધ શું સમવાય છે કે સ્વરૂપ છે? જો તે સંબન્ધ સમવાયજ હોય તો સમવાયની અનવસ્થાનો પ્રસંગ આવે છે, અને જો તે સબંધ સ્વરૂપસંબંધ હોય તો મૃદ્ અને ઘટની વચ્ચે પણ સ્વરૂપસંબંધથીજ ઉપપત્તિ થાય છે તો સમવાય અસિદ્ધ છે. સમવાય સમવાયી સાથે અસંબદ્ધ છે એ પક્ષમાં દોષ કહે છે—'અને ન સ્વીકારવામાં વિચ્છેદનો પ્રસંગ આવશે' ઇત્યાદિ દ્રવ્ય, ગુણ વગેરેની વિશિષ્ટ બુદ્ધિનો અભાવ થવાનો પ્રસંગ આવશે; કેમકે જે અસંબદ્ધ છે તે વિશિષ્ટ બુદ્ધિનું નિયામક થાય એ યુક્ત નથી એવો અર્થ છે. સમવાયનો સમવાયી સાથે સંબન્ધ ન સ્વીકારીએ તો અવયવ અને અવયવી, દ્રવ્ય અને ગુણ આદિનો પરસ્પર વિચ્છેદ થવાનો પ્રસંગ આવે; કેમકે સમવાય સમવાયી સાથે અસંબદ્ધ હોઈ સમવાયીઓને જોડે નહિ. જેમ ...સ્તમ્ભ અને પણ અસંબદ્ધ હોવાથી સંશ્લિષ્ટ થતા નથી, તેમ કાર્ય, કારણ અને સ...નુ અસંબદ્ધ હોઈ સંશ્લિષ્ટ થશે નહિ. પણ સંબન્ધ વિશિષ્ટ બુદ્ધિનો નિયામક છે, તેને અન્ય નિયામકની અપેક્ષા નથી; કેમકે અપેક્ષા સ્વીકારીએ તો અનવસ્થા દોષનો પ્રસંગ આવે, તેથી સમવાય સ્વ અને પર બન્નેનો નિયામક છે એમ શંકા કરે છે—'સમવાય જાતે સંબન્ધરૂપ હોવાથી' ઇત્યાદિ. જેમ 'સત્ત્વના યોગથી દ્રવ્ય, ગુણ અને કર્મ છે, પણ સત્ત્વ તો સ્વરૂપથીજ છે એટલે તેને અન્ય સત્ત્વના યોગની અપેક્ષા નથી, એમ સમવાય સમવાયી સાથે ...ત્વને અન્ય સંબન્ધના યોગની અપેક્ષા રાખતો નથી; કેમકે જાતે સંબન્ધરૂપ છે એમ શંકા ...કરે છે. 'અતિપ્રસંગથી એનું નિરાકરણ કરે છે—અન્ય સિદ્ધાન્ત સાથે વિરોધ દર્શાવી નિરાકરણ કરે છે—'સંયોગ પણ જાતે સંબન્ધરૂપ હોવાથી' ઇત્યાદિ. સંયોગ ગુણ હોવાને લીધે ...ને સમવાયની અપેક્ષા છે, સંબન્ધ છે તેથી નહિ એ કહેવું પણ યુક્ત નથી, કેમકે સમવાય ...ગુણ ધર્મ હોવાથી તેને અન્ય સંબન્ધનો પ્રસંગ આવશે; કેમકે અધ્યત્વ જેને આપની સાથે સં...ધ નથી તે આપના ધર્મ તરીકે દેખાતું નથી. વળી 'निष्पापन्धारयो गुणाः' (નિષ્પાપત્વ ...કે ગુણો છે) એમ શ્રુતિ, સ્મૃતિ આદિને વિષે 'व्यवहारादिप्रधर्मो गुणः' (વ્યવહારથી ધર્મ ગુણ છે) એ પરિભાષાથી સમવાય પણ ગુણ છે. 'आतिविशेषो गुणत्वम्' (જાતિ-

૧ સમવાય એ નિત્યસંબન્ધ અવયવ અને અવયવી, ગુણ અને ગુણી, ક્રિયા અને ક્રિયાવાન્, જાતિ વ્યક્તિ અને વિશેષ અને નિત્ય દ્રવ્યની વચ્ચે છે એમ નૈયાયિકો માને છે. સમવાય એ સંયોગ નહિ, સંયોગ ગુણવિશેષ છે (જો બે જોડી દૂધ જઈ લો એવા પદાર્થો વચ્ચે છે), જેમાંથી એકનો નહિ વિભાગથી થાય છે અને વિભાગવંતજ છે. સમવાય અયુતસિદ્ધમાં છે, જેમાંથી એકનો નહિ વિભાગથી થતો નથી, અને વિભાગવંત નથી. ૨ જે બેની વચ્ચે સમવાયસંબન્ધ છે તે ...હોઈ અનેકને વિષે જે સમવેત છે—સમવાયસંબન્ધે વર્તમાન હોય તે સામાન્ય કે ...ઇત્યાદિ સામાન્ય કે જાતિ છે. સામાન્ય બે પ્રકારનું છે, પર અને અપર. પર ... ...છે ને તે દ્રવ્યાદિવિભાગ, ગુણ અને કર્મમાં રહેલું છે. તે સત્તા કે ... ...ગુણાદિરહિત છે, જેમકે દ્રવ્યત્વ, ગુણત્વ, કર્મત્વ ઇત્યાદિ. ૪ સમાન ...

સંબન્ધમાં આવશે, અને તાદાત્મ્યની પ્રતીતિથી દ્રવ્ય, ગુણ આદિ વચ્ચે સમવાયક
અનર્થક છે. વળી કાર્ય જે અવયવી દ્રવ્ય, તે કારણ જે અવયવ દ્રવ્યો તેને વિષે
છે તે કેવી રીતે રહે છે; શું સમસ્ત અવયવોને વિષે રહે છે કે પ્રત્યેક અવયવને
જો સમસ્ત અવયવોને વિષે રહે તો અવયવીની અનુપલબ્ધિ થવાનો પ્રસંગ આ
કેમકે સમસ્ત અવયવનો સંનિકર્ષ અશક્ય છે; કેમકે બહુત્વ જે સમસ્ત આશ્રયને

વિશેષ ગુણ છે) એ પરિભાષા તો સમવાયની સિદ્ધિ થયા પછીની છે; કેમકે નિત્ય અને
નેકસમવેત—અનેકને વિષે સમવાયસંબન્ધે રહેલી–તે જાતિ એ જ્ઞાન સમવાયજ્ઞાનને અધી
એથી સમવાયસિદ્ધિની પૂર્વે સંયોગ ગુણ છે એમ સિદ્ધ થતું નથી એમ સમજવાનું છે.
પ્રતીતિને અનુસારે વસ્તુ સ્વીકારવી યુક્ત છે; એમ ન હોય તો ગોપ્રતીતિનું અશ્વ આલંબન
એમ પણ સહેલાઈથી કહી શકાય. તેટલા માટે મૃદ્ ઘટઃ ઘટ મૃત્તિકા છે એમ અભેદપ્ર
હોવાથી અભેદજ સ્વીકારવો યુક્ત છે; તે એથી અત્યન્ત ભિન્ન જે સમવાય તે તેનો નિય
થાય એ સંભવિત નથી એમ કહે છે—**'અને તાદાત્મ્યની પ્રતીતિથી'** ઇત્યાદિ. સંબન્
પ્રતીતિ સંબન્ધની કલ્પનાનું બીજ છે, તાદાત્મ્યની પ્રતીતિ કંઈ સબન્ધની કલ્પનાનું બીજ ન
કેમકે એ પ્રતીતિને નાનાત્વ એવો એક જેનો આશ્રય છે એવા સંબન્ધ સાથે વિરોધ છે.
પ્રતીતિને અનુસારે કાર્યનું કારણાત્માએ સત્ત્વ છે, સ્વરૂપે તો મિથ્યાત્વ છે એમ કહ્યું છે.
સત્કાર્યવાદનો નિરાકરણ કરવામાં કાર્યનું કારણને વિષે કલ્પિતત્વ કહ્યું છે. હવે કાર્યની કાર
વિષે વૃત્તિ ઉપપન્ન ન થવાથી કાર્ય કારણને વિષે કલ્પિત છે એમ કહે છે. કાર્યની કાર
વિષે વૃત્તિનું નિરૂપણ થઈ શકતું નથી તેથી કાર્ય મિથ્યા છે એમ કહે છે—**'વળી કાર્ય**
અવયવી દ્રવ્ય' ઇત્યાદિ. **'જો સમસ્ત અવયવોને વિષે રહે તો'**—અહિં પણ ત્રિ
વિકલ્પ છે. શું સમસ્ત અવયવોને વિષે દ્વિત્વ આદિની પેઠે [1]વ્યાસજ્યવૃત્તિત્વસંબન્ધથી વર્ત્ત
કે જેમ સમસ્ત કોશને વિષે અસિ પોતાના અવયવોથી તે તે કોશના અવયવ સાથે સંબદ્ધ
વર્ત્તે છે એમ અવયવી તે તે અવયવો સાથે પોતાના અવયવોથી સંબદ્ધ થઈ વર્ત્તે છે! એ
ત્રિકલ્પમાંથી આદ્ય વિકલ્પનું નિરાકરણ કરે છે—**'જો સમસ્ત અવયવોને વિષે રહે'**
ત્યાદિ. અવયવી પટાદિ તન્તુ આદિ અવયવોને વિષે દ્વિત્વ આદિની પેઠે સ્વરૂપે વર્ત્તે છે, અર્થાત્
વ્યાસજ્યવૃત્તિત્વસંબંધે વર્ત્તે છે એમ જો કહેશો તો દ્વિત્વ આદિની પેઠે વ્યાસજ્યવૃત્તિધર્મનું
પ્રત્યક્ષ યાવદાશ્રયપ્રત્યક્ષને અધીન છે—વ્યાસજ્યવૃત્તિવસ્તુનું પ્રત્યક્ષ તમામ આશ્રયના પ્રત્યક્ષ
જન્ય છે એવો નિયમ છે તેથી [2]સંવૃત પટાદિમાં યાવદવયવો–બધા અવયવો અપ્રત્યક્ષ હોવા
પટ અપ્રત્યક્ષ થવાનો પ્રસંગ આવશે. સમસ્ત અવયવોને વિષે વ્યાસક્ત છે તોપણ કતિપય અ
વયવોને વિષે રહેલા અવયવીનું ગ્રહણ થશે એમ શંકા થાય તો તેને માટે કહે છે—**'બહુત્વ**
જે સમસ્ત આશ્રયને વિષે છે' ઇત્યાદિ. બહુત્વ સંખ્યા તો સ્વરૂપથીજ 'સંખ્યેયને વિષે વ્યા
સક્ત થઈ વર્ત્તે છે તેથી એક પણ [3]સંખ્યેયના ગ્રહણથી તેનું ગ્રહણ થતું નથી; કેમકે બહુત્વ
સમસ્તવ્યાસંગી છે. અવયવી તો સ્વરૂપે અવયવોને વ્યાપીને રહેતો નથી, પણ અવયવદ્વારા વ
છે. તેથી જેમ સૂત્ર અવયવોથી કુસુમોને વ્યાપ્ત કરી સમસ્ત કુસુમના ગ્રહણની અપેક્ષા રાખ
નથી, કેમકે કતિપય કુસુમ આગળના સૂત્રની પણ ઉપલબ્ધિ થાય છે, તેમ કતિપય અવયવો

---

1 સર્વ અવયવોમાં વિશેષ આસક્ત થઈ રહેલું. 2 ઢાંકેલા. 3 સંખ્યા જે પદાર્થને ક
હોય તે પદાર્થ સંખ્યેય છે.

છે તેનું વ્યસ્ત આશ્રયના ગ્રહણ થવાથી ગ્રહણ થતું નથી. જો સમસ્ત અવયવોને વિ
અવયવાવચ્છેદે વર્તે તોપણ આરંભક અવયવથી ભિન્ન અવયવો અવયવીના કલ્પન
જોઈએ કે જેઓ વડે આરંભક અવયવો વિષે અવયવી અવયવાવચ્છેદે વર્તે. ખરેખર
કોશના અવયવથી વ્યતિરિક્ત અવયવોથી તલવાર કોશને વ્યાપે છે. વળી એમા
અનવસ્થાનો પ્રસંગ આવે; કેમકે તે તે અવયવોમાં રહેવા માટે અન્ય અન્ય અવ-
યવો કલ્પવા પડશે. જો પ્રત્યવયવમાં વર્તે તો એકત્ર વ્યાપાર હોય ત્યારે અન્યત્ર
અવ્યાપાર થાય. ખરેખર, દેવદત્ત સુઘ્નમાં વર્તમાન હોય તો તેજ દિવસે પાટલિપુ-
ત્રમાં પણ વર્તતો નથી. એકી વખત અનેકત્ર વર્તમાન હોય તો અનેકત્વનો પ્રસંગ
આવે, જેમ સુઘ્ન અને પાટલિપુત્રમાં વસતા દેવદત્ત અને યજ્ઞદત્તનો. ગોત્વ આદિની
પેઠે પ્રત્યેકમાં પરિસમાપ્તિ હોવાથી દોષ નહિ થાય એમ કહેશો તો, નહિ; કેમકે
તેમ પ્રતીતિ થતી નથી. જો ગોત્વ આદિની પેઠે અવયવી પ્રત્યેકમાં પરિસમાપ્ત
હોય તો જેમ ગોત્વનું પ્રત્યેક વ્યક્તિમાં પ્રત્યક્ષ ગ્રહણ થાય છે તેમ અવયવીનું પણ
પ્રત્યેક અવયવમાં પ્રત્યક્ષ ગ્રહણ થાય. પણ એમ નિયમે ગ્રહણ થતું નથી. પ્રત્યેકમાં
પરિસમાપ્તિ હોય તો અવયવીને કાર્યની સાથે અધિકાર હોવાથી અને તે એક હો-

---

ગ્રહણ થયે પણ અવયવીનું ગ્રહણ થાય છે એમ સમજવું એમ શંકા કરે છે—'જો સમસ્ત અવયવોને વિષે' ઇત્યાદિ. જેમ હસ્તમાં કે કોશમાં—મ્યાનમાં અવયવે વર્તમાન ખડ્ગ હસ્તમાત્રના ગ્રહણ કરવાથી ગ્રહણ કરાય છે—ઉપલબ્ધ થાય છે, એમ અમે તે અવયવના ગ્રહણ થવાથી અવયવીના ગ્રહણનો સંભવ છે તોપણ અવયવોની અનવસ્થા થાય એમ એ પક્ષ દૂષિત કરે છે—'તોપણ આરંભક અવયવોથી ભિન્ન અવયવો' ઇત્યાદિ. સમસ્ત અવયવો વિષે અવયવી રહે છે તે આરંભક અવયવોથી કે અતિરિક્ત અવયવોથી? આરંભક અવયવોથી રહી શકે નહિ. સામાન્ય રીતે જે જેને વિષે રહે છે તે તેથી અતિરિક્ત અવયવોથી ત્યાં રહેતું જોવામાં આવે છે; જેમકે કોશને વિષે ખડ્ગ રહે છે તે કોશના અવયવોથી વ્યતિરિક્ત અવયવોથી ત્યાં રહે છે. વળી એમાં અનવસ્થા પણ થાય. કલ્પિત અનન્ત અવયવોના વ્યવધાનથી પ્રકૃત અવયવી દૂરવિપ્રકૃષ્ટ થવાથી પટતન્તુ-નિષ્ફળ થાય એવું તાત્પર્ય છે. પ્રત્યેક અવયવમાં અવયવી કૃત્સ્નતાથી રહે છે એ પક્ષનું નિરાકરણ કરે છે—'જો પ્રત્યવયવમાં વર્તે તો' ઇત્યાદિ. એક તન્તુમાં પટ હોય તે વખતે અન્ય તન્તુમાં તે હોય નહિ—એક તન્તુમાં પટની વૃત્તિસમયે તેની અન્ય તન્તુમાં વૃત્તિ નહિ થાય; કેમકે વૃત્તિને વિષે અનેકત્વનો પ્રસંગ આવે. એ જ અર્થ દૃષ્ટાન્તથી ઉપપાદન કરે છે—'ખરેખર, દેવદત્ત સુઘ્નમાં વર્તમાન હોય તો' ઇત્યાદિ. પણ અત્ર શંકા કરે છે કે જેમ જાતિ એકી વખતે અનેક વ્યક્તિમાં વર્તમાન છે તોપણ તેમાં અનેકત્વરૂપ દોષ આવતો નથી તેમજ અવયવીને પણ વૃત્તિને વિષે અનેકત્વરૂપ દોષ નહિ આવે—'ગોત્વ આદિની પેઠે પ્રત્યેકમાં પરિસમાપ્તિ હોવાથી' ઇત્યાદિ. જાતિની પેઠે અવયવીની વૃત્તિ અસિદ્ધ છે; કેમકે એવો અનુભવ નથી એમ પરિહાર કરે છે—'નહિ; કેમકે તેમ પ્રતીતિ થતી નથી.' જોકે ગોત્વજાતિનું વિશેષ અનિર્વાચ્ય છે, પરમાર્થતઃ વિદ્યમાન નથી એટલે ગોત્વની પ્રત્યેકમાં પરિસમાપ્તિ કઈ રીતે છે એમ છે. તોપણ સ્વીકાર કરીને અહીં કહ્યું છે એમ સમજવું. વળી પ્રત્યેક અવયવને વિષે અવયવીની પરિસમાપ્તિ પક્ષમાં અન્ય દોષ કહે છે—'પ્રત્યેકમાં પરિસમાપ્તિ હોય તો' ઇત્યાદિ. 'અધિકાર' = સંબંધ. જેમ દેવદત્ત સ્વાધ્યાય, અધ્યયન, ગાયન કે અરણ્યમાં છે, તેમ થાય એ અવયવી સેવાકાર્ય-ગોરાદિ, શોભવું કે પડવું વગેરેને વિષે પણ કરે

દપાય; અને એમ થયે 'ઘટ ઉત્પન્ન કરાય છે' એમ કહ્યું એટલે કુલાલ આદિ કારણે ઉત્પન્ન કરાય છે એમ કહેવું થાય. પણ લોકમાં ઘટની ઉત્પત્તિ એમ કહ્યું એટલે કુલાલાદિનું પણ ઉત્પન્ન થતું પ્રતીત થતું નથી; કેમકે ઉત્પન્નતા પ્રતીત થાય છે. જે ઉત્પત્તિનો અર્થ પોતાના કારણ કે સત્તાની સાથે સંબન્ધ અને કાર્યનો આત્મલાભ હોય તો જેણે સત્તા પ્રાપ્ત કરી નથી એવું શી રીતે સંબન્ધમાં આવે તે કહેવું જોઈએ; કેમકે બે વિદ્યમાન પદાર્થો વચ્ચે સંબન્ધ સંભવે છે; વિદ્યમાન ને અવિદ્યમાન કે બે અવિદ્યમાન વચ્ચે નહિ. વળી અભાવ [1]નિરુપાખ્ય હોવાથી ઉત્પત્તિપૂર્વે એમ મર્યાદા કરવી યુક્ત નથી; કેમકે લોકમાં વિદ્યમાન ક્ષેત્ર, ગૃહ આદિની મર્યાદા દેખાય છે, અભાવની નહિ. પૂર્ણવર્મનના અભિષેકપૂર્વે વન્ધ્યાપુત્ર રાજા હતો એવા પ્રકારની મર્યાદા કરવાથી નિરુપાખ્ય એવો જે વન્ધ્યાપુત્ર તે રાજા થયો, છે કે થશે એમ વિશિષ્ટ થતું નથી. જો વન્ધ્યાપુત્ર પણ કારકના વ્યાપારની પછી વિદ્યમાન થાય તો કાર્યનો અભાવ પણ કારકના વ્યાપારની પછી થશે એ પણ ઉપપન્ન થાય. અમે તો જોઈએ છીએ કે વન્ધ્યાપુત્ર અને કાર્યાભાવ બંને અભાવ તરીકે અવિશિષ્ટ

પ્રકટ બીના થાય છે) એમાં યુક્ત થાય છે. શંકા કર્યા પછી તેનો દોષ કહે છે—"એમ થયે 'ઘટ ઉત્પન્ન કરાય છે' એમ કહ્યું એટલે" ઇત્યાદિ. અનુભવનો વિરોધ થાય—અનુભવથી ઉલટું થાય એજ દોષ છે એવું તાત્પર્ય છે. ઉત્પત્તિ એ ભાવની આદ્ય વિક્રિયા છે એ સ્વમત પ્રમાણે કાર્યનું સત્ત્વ સિદ્ધ કર્યું. હવે કાર્યની ઉત્પત્તિ એટલે પોતાના કારણને વિષે સમવાય કે પોતાને વિષે સત્તાનો સમવાય એમ તાર્કિકમતની શંકા કરે છે—'જો ઉત્પત્તિનો અર્થ પોતાના કારણ કે સત્તા સાથે સંબંધ' ઇત્યાદિ. તાર્કિક કહે છે કે ઉત્પત્તિ એ કંઈ કોઈ વ્યાપાર નથી, કે જેથી અસિદ્ધ હોય તે કર્તા શી રીતે થાય એમ અનુયોગ-પ્રશ્ન કરાય; પણ પોતાના કારણને વિષે સમવાય કે પોતાને વિષે સત્તાનો સમવાય ને ઉત્પત્તિ, અને એ સમવાય અવિદ્યમાનને પણ અવિરુદ્ધ છે. ઉત્પત્તિ એ ક્રિયા નથી, પણ કાર્યનો ઉપાદાનની કે સત્તાજાતિની સાથે સંબન્ધ છે તેથી કંઈ કર્તા અવશ્ય અપેક્ષિત નથી એવો શંકાનો આશય છે. 'એ મનમાં પણ કાર્યનું સત્ત્વ આવશ્યક છે; કેમકે અસત્ સંબન્ધી થાય એ યુક્ત નથી એમ કહે છે—'જેણે સત્તા પ્રાપ્ત કરી નથી એવું શી રીતે સંબન્ધમાં આવે' ઇત્યાદિ. પણ શંકા કરે છે કે નરશૃંગની પેઠે કાર્ય સર્વદા સર્વત્ર અસત્ છે એમ નથી, પરંતુ ઉત્પત્તિપૂર્વે ને ધ્વંસની પછી અસત્ છે, મધ્યે તો સત્-વિદ્યમાનજ છે. આમ વૈધર્મ્ય હોવાથી સંબન્ધિત્વ યુક્ત છે. એ આશંકાને લીધે કહે છે—'વળી અભાવ નિરુપાખ્ય હોવાથી' ઇત્યાદિ. અસત્નો કાળની સાથે સંબન્ધ નથી તેથી પ્રાક્ત્વ યુક્ત નથી. ઉત્પત્તિપૂર્વે કાર્યનું અસત્ત્વ છે એમ કાર્યાભાવની ભાવથી મર્યાદા કરવી યુક્ત નથી. પણ અત્યન્તાભાવ જે વન્ધ્યાપુત્ર તેને મર્યાદા ન થાશે; કેમકે તે મર્યાદાથી ઉપાખ્ય-કહી શકાય એવો-નથી. પણ ઘટનો પ્રાગભાવ તો અવિદ્યમાન જે ઘટ તે વડે ઉપાખ્યેય-વર્ણવી શકાય એવો-છે તેથી તેને મર્યાદા છે તેને માટે કહે છે—'જો વન્ધ્યાપુત્ર પણ કારકના વ્યાપારની પછી' ઇત્યાદિ. 'કાર્યનો અભાવ પણ'=અસત્ કાર્ય પણ. ત્યારે નિર્ણય શો છે તેને માટે કહે છે—'અમે તો જોઈએ છીએ કે' ઇત્યાદિ. 'નાસતો વિદ્યતે ભાવઃ' (અસત્નો ભાવ-સત્ત્વ નથી) એવી સ્મૃતિ છે તેથી. સત્કાર્યવાદમાં

[1] કહી ન શકાય એવો, શબ્દથી વર્ણવી ન શકાય એવું; મર્યાદા ન બાંધી શકાય એવું.

દિન અનેક સંસ્થિતિમાં હોય છે તોપણ પિતા આદિ અન્ય થતા નથી; કેમકે મારો પિતા, મારો ભ્રાતા, મારો પુત્ર એમ પ્રત્યભિજ્ઞાન થાય છે. જન્મ અને ઉચ્છેદનું વ્યવધાન નથી તેથી ત્યાં એ યુક્ત છે અન્યત્ર નથી એમ કહેશો તો, ના; કેમકે ક્ષીરાદિ દધિ વગેરેના આકારમાં છે એમ પ્રત્યક્ષ છે. વડનાં બીજ આદિ જે અદૃશ્યમાન છે તે પણ અન્ય, સમાનજાતીય અવયવથી વૃદ્ધિ પામી અંકુરાદિ ભાવે દર્શનગોચરતા પ્રાપ્ત કરે છે ત્યારે તેમને જન્મસંજ્ઞા અને તેજ અવયવો ક્ષયને લીધે અદર્શનતા પ્રાપ્ત કરે છે ત્યારે તેમને ઉચ્છેદસંજ્ઞા લાગે છે. તેમાં આવા જન્મ અને ઉચ્છેદનું વ્યવધાન હોવાથી અસત્ સત્ થાય અને સત્ અસત્ થાય તો તેમ થયે ગર્ભમાં વસનાર અને ચત્તું સૂનાર એ બે વચ્ચે ભેદનો પ્રસંગ આવે; તેમજ બાલ્ય, યૌવન અને સ્થાવિર વચ્ચે ભેદનો પ્રસંગ થાય. તેમજ પિતૃ આદિ વ્યવહાર લોપ થવાનો પ્રસંગ આવે. આથી ક્ષણભંગવાદ પ્રત્યાખ્યાત થયો સમજવો. પણ જેને ઉ-

આદિ. અન્ય ઉદાહરણથી એજ દૃઢ કરે છે—'તેમજ પ્રતિદિન અનેક સંસ્થિતિમાં હોય છે' ઇત્યાદિ. અત્ર શંકા થાય છે કે પ્રતિદિન પિતૃ આદિ દેહનો અવસ્થાભેદ છે તોપણ જન્મ અને નાશનો અભાવ છે તેથી અભેદ યુક્ત છે: દાર્ષ્ટાન્તિકમાં તો મૃત્તિકાદિનો નાશ થયે ઘટાદિક જન્મ પામે છે. એ પ્રમાણે જન્મવિનાશરૂપ વિરુદ્ધધર્મ હોવાથી કાર્યકારણનો અભેદ યુક્ત નથી—દૃષ્ટાન્તમાં જન્મ અને ઉચ્છેદનું વ્યવધાન ન હોવાથી વસ્તુ અન્ય નથી એ યુક્ત છે; દાર્ષ્ટાન્તિકમાં તો વસ્તુ અન્યજ છે, જન્મ અને ઉચ્છેદરૂપ વિરુદ્ધધર્મનો અધ્યાસ છે તેથી એમ શંકા કરે છે—'જન્મ અને ઉચ્છેદનું વ્યવધાન નથી' ઇત્યાદિ. કારણનો નાશ નથી માટે હેતુ અસિદ્ધ છે એમ શંકાનો પરિહાર કરે છે—'ના, કેમકે ક્ષીરાદિ' ઇત્યાદિ. ક્ષીરાદિ. કાર્ય સાથે એકાશ્રયવાળાં હોવાથી ક્ષીરમૃત્તિકાદિ પ્રત્યક્ષ છે તેથી નાશની અસિદ્ધિ છે. ક્ષીર, મૃત્તિકા, સુવર્ણ આદિ. દહીં, ઘટ, રુચક આદિ ભાવના અધ્યક્ષ હોવાથી સંસ્થાનનો નાશ થાય છે તોપણ તેની સાથે અન્વિત—એકાશ્રયયુક્ત ઉપાદાન હોવાથી હેતુ અસિદ્ધ છે એવું તાત્પર્ય છે. પણ જ્યાં અન્વય દેખાય છે ત્યાં હેતુ અસિદ્ધ હોય તોપણ જ્યાં અંકુર આદિને વિષે વટબીજ આદિનો અન્વય દેખાતો નથી, કેમકે જન્મ અને વિનાશનું વ્યવધાન છે, ત્યાં હેતુ હોવાથી વસ્તુ અન્ય થશે એવી શંકાનું નિરાકરણ કરે છે—'વડનાં બીજ આદિ જે અદૃશ્યમાન છે તે પણ' ઇત્યાદિ. ત્યાં પણ અંકુરાદિને વિષે બીજાદિ અવયવોનો અન્વય છે તેથી જન્મ અને વિનાશ નથીજ; પણ અન્ય અવયવોના ઉપચયથી જન્મનો વ્યવહાર થાય છે અને અન્ય અવયવોના અપચયથી નાશનો વ્યવહાર થાય છે. પણ ઉપચય અને અપચયના વિરોધી વસ્તુભેદનું અનુમાન થાઓ તેથી અસત્ની ઉત્પત્તિ થશે ને સત્નો નાશ થશે એવી આશંકા કરી હેતુનો વ્યભિચાર કહે છે—'તેમાં આવા જન્મ અને ઉચ્છેદનું વ્યવધાન હોવાથી' ઇત્યાદિ. 'તેમાં' = બીજાંકુર આદિમાં અન્ય વ્યભિચાર કહે છે—'તેમજ બાલ્ય, યૌવન અને સ્થાવિર વચ્ચે ભેદનો પ્રસંગ થાય' ઇત્યાદિ. અતિપ્રસંગથી પણ ભેદનું અનુમાન યુક્ત નથી એમ કહે છે—'પિતૃ આદિ વ્યવહાર લોપ થવાનો પ્રસંગ આવે.' પિતૃદેહને વિષે ભેદ છે તેથી વ્યભિચાર નથી એમ કહેશો તો પિતૃ આદિ વ્યવહાર લુપ્ત થવાનો પ્રસંગ આવશે. 'આથી' = કારણનો સર્વ કાર્યમાં અન્વય છે એમ કહ્યું છે તેથી. અન્વયથી કારણની પ્રત્યભિજ્ઞા થાય છે તેથી તે નિત્ય છે અને એ નિત્યત્વસાધનથી ક્ષણભંગવાદ પ્રત્યુક્ત થયો સમજવો. બીજાના પક્ષમાં દોષનો પરિહાર કરી પરપક્ષમાં દોષને પ્રસક્ત કરે છે—'પણ જેને ઉત્પત્તિપૂર્વે કાર્ય અવિદ્યમાન છે' ઇત્યાદિ. કારણપરનો વિષય શો છે, કાર્યનો અસદ્ભાવ કે કાર્યનું થનારી કારણ! આવ યુક્ત નથી એમ

ત્પત્તિપૂર્વે કાર્ય અવિદ્યમાન છે તેને કારકવ્યાપાર નિર્વિષય થશે; કેમકે અભાવ વિષય થાય એ ઉપપન્ન નથી, આકાશ હણવાને અર્થે ખડ્ગાદિ અનેક આયુધોના પ્રયોગની પેઠે. કારકવ્યાપારનો વિષય સમવાયી કારણ થશે એમ કહેશો તો, ના; કેમકે એક વિષયને લગતો કારકવ્યાપાર હોય ને અન્યની નિષ્પત્તિ થાય એવો અતિપ્રસંગ આવે. કાર્ય સમવાયી કારણનોજ પોતાનો અતિશય છે એમ કહેશો તો, ના; કેમકે સત્કાર્યવાદનો પ્રસંગ આવશે. તેટલા માટે ક્ષીરાદિ દ્રવ્યોજ દધિ આદિને સ્વરૂપે રહેતાં કાર્ય એવી સંજ્ઞા પ્રાપ્ત કરે છે; તેથી કારણથી કાર્યને સો વર્ષે પણ અન્ય નિશ્ચિત કરવું શક્ય નથી. તેમજ મૂલકારણજ અન્ત્યકાર્યપર્યન્ત તે તે કાર્યને આકારે નટની પેઠે સર્વ વ્યવહારનું સ્થાન થાય છે. એમ ઉત્પત્તિપૂર્વે કાર્યનું સત્ત્વ અને કારણથી અનન્યત્વ યુક્તિથી સમજાય છે. અન્ય શબ્દથી પણ એ સમજાય છે. પૂર્વસૂત્રમાં અસત્ તરીકે જેમાં વ્યપદેશ કર્યો છે એવી શ્રુતિનું ઉદાહરણ આપ્યું છે તેથી અન્ય, એટલે જેમાં સત્નો વ્યપદેશ છે તે અન્ય શબ્દ—'सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम्' (હે સોમ્ય, અગ્રે એ સત્સ્વરૂપજ હતું, એકજ, અદ્વિતીય) ઇત્યાદિ. 'तद्धैक आहुरसदेवेदमग्र आसीत्' (તેને કેટલાક કહે છે કે અગ્રે એ અસત્સ્વરૂપજ હતું) એમ અસત્પક્ષનો ઉપક્ષેપ કરીને 'कथमसतः सज्जायेत' (અસત્માંથી સત્ કેવે પ્રકારે જન્મે) એમ આક્ષેપ કરીને 'सदेव सोम्येदमग्र आसीत्' [છાન્દો૦ ૬।૨।૨] (હે સોમ્ય, અગ્રે એ સત્સ્વરૂપજ હતું) એમ અવધારણ કરે છે. તેમાં इदम्શબ્દથી વાચ્ય જે કાર્ય તેનું ઉત્પત્તિપૂર્વે સત્શબ્દવાચ્ય કારણ સાથે સામાનાધિકરણ્ય શ્રૂયમાણ છે તેથી સત્ત્વ અને અનન્યત્વ બરોબર સિદ્ધ થાય છે. જો ઉત્પત્તિપૂર્વે કાર્ય અસત્ હોય અને પાછળથી ઉત્પન્ન થતું કારણને વિષે [1]સમવેત હોય તો કારણથી અન્ય થાય. તેમ થયે 'येनाश्रुतं श्रुतं भवति' [છાન્દો૦ ૬।૧।૩] (જે વડે નહિ સાંભળેલું સાંભળેલું થાય છે) એ પ્રતિજ્ઞાને બાધ આવે. સત્ત્વ અને અનન્યત્વની અવગતિથી તો એ પ્રતિજ્ઞાનું સમર્થન થાય છે ॥ ૧૮ ॥

કહે છે—'અભાવ વિષય થાય એ ઉપપન્ન નથી.' દ્વિતીયની શંકા કરે છે—'કારકવ્યાપારનો વિષય સમવાયી કારણ થશે' ઇત્યાદિ. અસત્ એવું જે કાર્ય તે કારકવ્યાપારે મૂકેલા અતિશયનું આશ્રયભૂત થાય એ યુક્ત નથી તેથી અભાવ અવિષય છે તોપણ મૃદાદિ સમવાયી કારણ વિષય થાય એવી શંકા છે. સમવાયી કારણથી કાર્ય ભિન્ન છે કે નથી એમ વિકલ્પ કરી આદ્યનું નિરાકરણ કરે છે—'ના; કેમકે એક વિષયને લગતો' ઇત્યાદિ. દ્વિતીયની શંકા કરી ઇષ્ટાપત્તિ કહે છે—'કાર્ય સમવાયી કારણનોજ પોતાનો અતિશય છે' ઇત્યાદિ. કાર્ય અવાન્તર કારણોથી અનન્ય છે એમ ઉપસંહાર કરે છે—'તેટલા માટે ક્ષીરાદિ દ્રવ્યોજ' ઇત્યાદિ. પરમકારણ જે બ્રહ્મ તેથી કાર્યનું અનન્યત્વ ફલિત થયું કહે છે—'તેમજ મૂળકારણજ અન્ત્યકારણપર્યન્ત' ઇત્યાદિ. 'તેમજ' = કારણથી કાર્ય અન્ય નથી એમ હોવાથી. વિવર્તવાદ વ્યક્ત કરવા 'નટની પેઠે' કહ્યું છે. યુક્તિઃ એ સૂત્રાવયવના વ્યાખ્યાનનો ઉપસંહાર કરેછે—'એમ ઉત્પત્તિપૂર્વે' ઇત્યાદિ. અસત્કાર્યવાદમાં પ્રતિજ્ઞાનો બાધ થાય એમ કહે છે—'જો ઉત્પત્તિપૂર્વે કાર્ય અસત્ હોય' ઇત્યાદિ ॥ ૧૮ ॥

1 સમવાય સંબંધે જોડાયલું.

पटवच्च ॥ १९ ॥

અને પટની પેઠે (કાર્ય કારણથી અનન્ય છે) ॥ ૧૯ ॥

જેમ 'સંવેષ્ટિત પટનું સ્પષ્ટ ગ્રહણ થતું નથી કે એ પટ છે કે અન્ય દ્રવ્ય છે. તેનુંજ જ્યારે પ્રસારણ કરે છે ત્યારે જે સંવેષ્ટિત દ્રવ્ય છે તે પટજ છે એમ પ્રસારણથી સ્પષ્ટ ગ્રહણ થાય છે. વળી જેવી રીતે સંવેષ્ટનસમયે પટ એમ ઉપલબ્ધ થાય તોપણ વિશિષ્ટ લંબાઈ અને પહોળાઈ સાથે તેની ઉપલબ્ધિ થતી નથી, તેજ પટની પ્રસારણસમયે, વિશિષ્ટ લંબાઈ અને પહોળાઈ સાથે ઉપલબ્ધિ થાય છે અને સંવેષ્ટિતસ્વરૂપ પટથી અન્ય કે ભિન્ન એ પટ નથી એમ પણ ઉપલબ્ધિ થાય છે, તેવી રીતે તન્તુ આદિ કારણાવસ્થામાં રહેલું પટાદિ કાર્ય અસ્પષ્ટ હોઈ, ²તુરી, ³વેમ, ⁴કુવિન્દ આદિ કારકવ્યાપાર આદિથી વ્યક્ત થઈ સ્પષ્ટ ગ્રહણ કરાય છે. એથી સંવેષ્ટિત અને પ્રસારિત પટન્યાયથીજ કારણ કાર્યથી અનન્ય છે એવો અર્થ છે ॥ ૧૯ ॥

यथा च प्राणादि ॥ २० ॥

અને જેમ પ્રાણાદિ છે (તેમ કાર્ય કારણથી અનન્ય છે) ॥ ૨૦ ॥

વળી જેમ લોકમાં પ્રાણ, અપાન આદિ પ્રાણભેદો પ્રાણાયામથી નિરુદ્ધ થાય છે અને કારણમાત્રરૂપે હોય છે ત્યારે જીવનમાત્ર કાર્ય થાય છે, 'આકુંચન, પ્રસારણ આદિ અન્ય કાર્ય થતું નથી. પણ તેજ પ્રાણભેદો પુનઃ પ્રવૃત્ત થાય છે એટલે જીવનથી અધિક, આકુંચન, પ્રસારણ આદિ અન્ય કાર્ય થાય છે. વળી પ્રાણભેદો પ્રભેદવાળા પ્રાણથી અન્ય નથી; કેમકે પવન સ્વભાવ બંનેમાં તુલ્ય છે. એજ પ્રમાણે કાર્ય કારણથી અનન્ય છે. એથી આખું જગત્ બ્રહ્મકાર્ય હોવાથી અને તેથી (બ્રહ્મથી) અનન્ય હોવાથી 'येनाश्रुतं श्रुतं भवत्यमतं मतमविज्ञातं विज्ञातम्' (જે વડે શ્રવણ ન કરાયલાનું શ્રવણ થાય છે, મનન ન કરાયલાનું મનન થાય છે ને વિજ્ઞાન ન કરાયલાનું વિજ્ઞાન થાય છે) એ શ્રુતિપ્રતિજ્ઞા સિદ્ધ થાય છે ॥ ૨૦ ॥

કાર્ય ઉપાદાનથી ભિન્ન છે, ઉપાદાનની ઉપલબ્ધિ થાય છે તોપણ કાર્ય ઉપલભ્યમાન થતુ નથી તેથી અને ઉપાદાનથી કાર્યનું અધિક પરિમાણ છે તેથી, ઘટકથી ઘટકની પેઠે એના વ્યભિચાર માટે સૂત્ર છે–'पटवच्च.' બીજા હેતુનો વ્યભિચાર સ્ફુટ કરે છે—'વળી જેવીરીતે સંવેષ્ટનસમયે' ઇત્યાદિ. ॥ ૧૯ ॥

વિલક્ષણ કાર્ય કરનાર કાર્ય ઉપાદાનથી ભિન્ન છે, ભિન્ન કાર્ય કરે છે તેથી, સંમતની પેઠે આ હેતુની આશંકા કરી સૂત્રકાર વ્યભિચાર કહે છે—'यथा च प्राणादि'. એજ પ્રમાણે ... અને જગત્ બ્રહ્મથી અનન્ય હોવાને લીધે પ્રતિજ્ઞા સિદ્ધ થાય છે એમ અધિકરણના ઉપસંહાર કરે છે—'એથી આખું જગત્' ઇત્યાદિ. ॥ ૨૦ ॥

---

૧ એસો કરેલું કુંચળું. ૨ પછી કાઢી નાંખી ટૂંકું કરવામાં આવે છે ૩ તાણવાનો કાંટો. ૪ વણકર. ૫ અવયવો પાવરા.

इतरव्यपदेशाद्धिताकरणादिदोषप्रसक्तिः ॥ २१ ॥

ઇતર (શારીર)નો (બ્રહ્મ તરીકે) વ્યપદેશ છે તેથી હિત ન કરવું આદિ દોષનો (બ્રહ્મને) પ્રસંગ આવશે ॥ ૨૧ ॥

[1]ચેતનકારણવાદનો વળી અન્યથા આક્ષેપ કરવામાં આવે છે. ખરેખર, ચેતનથી સૃષ્ટિ થઈ છે એવો આશ્રય કરવાથી હિતનું ન કરવું આદિ દોષો પ્રસક્ત થાય . શાથી? ઇતરવ્યપદેશથી. ઇતર એટલે શારીરનો બ્રહ્માત્મા તરીકે શ્રુતિ વ્યપદેશ રે છે; કેમકે ' स आत्मा तत्त्वमसि श्वेतकेतो ' [છાન્દો૦ ૬।૮।૭] (તે આત્મા છે; તું છે, હે શ્વેતકેતો) એમ શ્રુતિ બોધ કરે છે. અથવા ઇતર એટલે બ્રહ્મનો શારીરાત્મા તરીકે વ્યપદેશ કરે છે; કેમકે ' तत्सृष्ट्वा तदेवानुप्राविशत् ' [તૈત્તિ૦ ૨।૬] તે સર્જી તેનીજ અંદર અનુપ્રવેશ કર્યો) એમ સ્રષ્ટા એટલે અવિકૃત બ્રહ્મજ કાર્યની અંદર અનુપ્રવેશથી શારીરસ્વરૂપ છે એમ દર્શાવ્યું છે. ' अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणि ' [છાન્દો૦ ૬।૩।૨] (આ જીવરૂપ આત્માથી અનુપ્રવેશ કરી નામ અને રૂપનો વ્યાકાર કરૂં) એમ પર દેવતા જીવનો આત્મશબ્દથી વ્યપદેશ કરતી શ્રુતિ બ્રહ્મથી શારીર ભિન્ન નથી એમ દર્શાવે છે. તેટલા માટે બ્રહ્મનું જે સ્રષ્ટૃત્વ છે તે શારીરનુંજ છે. એટલા માટે (જીવ) સ્વતન્ત્ર કર્તા થઈ [2]સૌમનસ્ય ઉત્પન્ન કરે એવું પોતાનું હિતજ કરે. પણ જન્મ, મરણ, જરા, રોગ આદિ અનેક અનર્થ જાળ એવું જે અહિત તે ન કરે; કેમકે પરતન્ત્ર ન હોય એવો કોઈ પણ પોતાને માટે બંધનગૃહ કરીને તેમાં અનુપ્રવેશ કરે એમ બને નહિ. તેમજ પોતે અત્યન્ત નિર્મળ થઈ અત્યન્ત મલિન એવા દેહને પોતાના તરીકે પ્રાપ્ત કરે નહિ. ગમે તે કારણથી દેહને પોતાના તરીકે કીધો હોય તોપણ જે દુઃખકારક છે તેનો ઇચ્છાનુસાર ત્યાગ કરે અને જે સુખકારક છે તેનું ગ્રહણ કરે. વળી મેં આ વિચિત્ર જગદ્બિમ્બ વિરચેલું

જીવથી અભિન્ન બ્રહ્મ જગતનું કારણ છે એમ પ્રતિપાદન કરતો વેદાન્તસમન્વય વિષય છે તે ' જો તેવું બ્રહ્મ જગત્ સર્જે તો પોતાને અનિષ્ટ નરક આદિ ન સર્જે, કેમકે તે સ્વતન્ત્ર ચેતન છે' એ ન્યાયથી વિરુદ્ધ છે કે નહિ એમ સંદેહ થયે પૂર્વોક્ત જીવના બ્રહ્મથી અનન્યત્વને આધારે બ્રહ્મને વિષે જીવના દોષો પ્રસક્ત થાય એવું પૂર્વપક્ષસૂત્ર આપી વ્યાખ્યાન કરે છે— ' इतरव्यपदेशात् ' ઇત્યાદિ. ' हिताकरण ' એમાં નઞ્ના વ્યત્યાસથી અહિતકરણ એવા છેદનું વ્યાખ્યાન કર્યું છે. ' हिताकरणादि ' એમાં आदिपदे કહેલા ભ્રાન્તિ આદિનો સ્વીકાર કરી કહે છે—' તેમજ પોતે અત્યન્ત નિર્મળ થઈ ' ઇત્યાદિ. આ પૂર્વપક્ષસૂત્રનું તાત્પર્ય આ પ્રમાણે છેઃ—જોકે શ્રુતિઓ શારીરથી પરમાત્માનો ભેદ કહે છે, તોપણ બહુ શ્રુતિઓ અભેદ પણ દર્શાવે છે; અને ભેદ અને અભેદ એકત્ર સમવેત થતા નથી, વિરોધને લીધે. તેમજ ભેદ તાત્વિક નથી એમ કહ્યું છે. તેટલા માટે પરમાત્મા જે સર્વજ્ઞ છે તેથી શારીર તત્ત્વતઃ ભિન્ન નથી. તેજ અવિદ્યાના ઉપાધિના ભેદથી ઘટાકાશ, કરકાકાશ આદિની પેઠે ભેદથી પ્રસિદ્ધ થાય છે. શારીર એ પરમાત્માનું ઉપહિત-ઉપાધિનું રૂપ છે. તેથી જીવો પોતે પરમાત્મા છે એવો અનુભવ

૧ ચેતન બ્રહ્મ જગતનું કારણ છે એ મત. ૨ શોભન મન જેનું છે તે સુમનસ્, તેની સ્થિતિ

છે એમ સ્મરણ પણ કરે; કેમકે સર્વ લોક સ્પષ્ટ એવું જે કાર્ય તે કરીને મેં એ ... એમ યાદ કરે છે. વળી જેમ માયાવી પોતે પ્રસારેલી માયાનો ઇચ્છાનુસારે મુશ્કેલી વગર ઉપસંહાર કરે છે, એ પ્રમાણે શારીર પણ એ સૃષ્ટિનો ઉપસંહાર કરે. પ... શારીર પોતાના પણ શરીરનો અનાયાસે ઉપસંહાર કરવા શક્તિમાન્ નથી. આ રીતે હિતક્રિયા આદિ જોવામાં આવતું નથી તેથી ચેતનથી જગત્‌ની પ્રક્રિયા અન્યાય્ય છે એમ સમજાય છે ॥ ૨૧ ॥

अधिकं तु भेदनिर्देशात् ॥ २२ ॥

પણ (શારીરથી) અધિક (સ્રષ્ટા છે), કેમકે ભેદનો નિર્દેશ છે ॥ ૨૨ ॥

તુશબ્દ પક્ષની વ્યાવૃત્તિ કરે છે. જે સર્વજ્ઞ, સર્વશક્તિ, નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્તસ્વભાવ બ્રહ્મ શારીરથી અધિક, અન્ય છે તેને અમે જગત્‌નું પેદા કરનાર કહીએ છીએ. તેને વિષે હિત ન કરવું આદિ દોષો પ્રસક્ત નહિ થાય; કેમકે તેનું કંઈ પણ હિત કરવા લાયક કે અહિત પરિહરવા લાયક નથી; કેમકે તે નિત્ય, મુક્તસ્વભાવ છે. વળી તેના જ્ઞાનને કે શક્તિને કદાચિત્ પણ પ્રતિબંધ નથી; કેમકે સર્વજ્ઞ અને સર્વશક્તિમાન્ છે. શારીર તો એવા પ્રકારનો નથી તેથી તેને વિષે હિત ન કરવું વગેરે દોષો પ્રસક્ત થાય છે. પણ તેને અમે જગત્‌નો સર્જનાર કહેતા નથી. એ શાથી? ભેદનો નિર્દેશ છે તેથી. 'आत्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः' [બૃહ૦ ૨।૪।૫] (અરે આત્મા દર્શન, શ્રવણ, મનન, નિદિધ્યાસન કરવા યોગ્ય છે), 'सोऽन्वेष्टव्यः स विजिज्ञासितव्यः' [છાન્દો૦ ૮।૭।૧] (તે અન્વેષણ કરવા યોગ્ય છે, તે વિજિજ્ઞાસા કરવા યોગ્ય છે), 'सता सोम्य तदा संपन्नो भवति' [છાન્દો૦ ૬।૮।૧] (હે સોમ્ય, સત્ સાથે ત્યારે સંપન્ન-એક થાય છે) 'शारीर आत्मा प्राज्ञेनात्मनान्वारूढः' [બૃહ૦ ૪।૩।૩૫] (શારીર આત્મા પ્રાજ્ઞ આત્માથી અન્વારૂઢ થયેલો) આ પ્રકા-

---

ન કરે, પણ પરમાત્મા તો જીવો આત્માથી અભિન્ન છે એવો અનુભવ કરે છે; કેમકે જો અનુભવ ન કરે તો સર્વજ્ઞત્વનો વ્યાઘાત થાય, તેથી એ જીવોને બન્ધનમાં નાંખતો આત્માને બંધનમાં નાખે. તે માટે એમ કહ્યું છે કે 'પરતન્ત્ર ન હોય એવો કોઈ પણ પોતાને માટે બંધનગૃહ કરીને તેમાં અનુપ્રવેશ કરે એમ બને નહિ' ઇત્યાદિ. તેટલા માટે ચેતન એ જગત્‌નું કારણ નથી ॥ ૨૧ ॥

જીવ અને ઈશના અભેદથી જીવ અને જગત્‌ના દોષો બ્રહ્મને વિષે થશે અને બ્રહ્મ-ગત સૃષ્ટિસંહારશક્તિ, સર્વસમર્થત્વ આદિ ગુણો જીવને વિષે આવશે; અને એ પ્રસંગ કંઈ ઇષ્ટ નથી, એ કંઈ ઇષ્ટાપત્તિ નથી; કેમકે જીવમાં પોતાના શરીરનો પણ સંહાર કરવાનું સામર્થ્ય જોવામાં આવતું નથી એમ પ્રાપ્ત થયે સિદ્ધાન્તસૂત્ર કહે છે—'अधिकं तु भेदनिर्देशात्.' જીવ અને ઈશ્વરનો લોકમાં બિંબ અને પ્રતિબિમ્બનો છે તેમ કલ્પિત ભેદ સ્વીકાર્યો છે તેથી પ-

૧ પોતાને વિષે થઈ છે. ૨ સૃષ્ટિ. ૩ એ પૂર્વપક્ષનો ખંડન કરે છે.

રનો કર્તા, કર્મ વગેરેના ભેદનો નિર્દેશ જીવથી બ્રહ્મને આધિક દર્શાવે છે. ભેદ અને અભેદ જે વિરુદ્ધ છે તે બે શી રીતે સંભવે? એ દોષ નથી; કેમકે આકાશ, ઘટા- કાશ ન્યાયથી બંનેનો સંભવ ત્યાં ત્યાં પ્રતિષ્ઠાપન કરેલો છે. વળી જ્યારે 'तत्त्वमसि' (તે તું છે) એવા પ્રકારના અભેદનિર્દેશથી અભેદ પ્રતિબોધિત થાય છે ત્યારે જીવનું સંસારિત્વ અને બ્રહ્મનું સ્રષ્ટૃત્વ જતું રહે છે; કેમકે મિથ્યાજ્ઞાનથી [1]વિજૃંભિત થયેલો સમસ્ત ભેદવ્યવહાર સમ્યગ્જ્ઞાનથી બાધિત થાય છે. ત્યારે સૃષ્ટિ ક્યાંથી કે હિત ન કરવું વગેરે દોષો ક્યાંથી? હિત ન કરવું આદિથી લક્ષિત થયેલો સંસાર અવિદ્યાએ ઊભા કરેલાં નામરૂપથી ઉત્પન્ન થયેલા કાર્યકરણસંઘાતરૂપ ઉપાધિના અવિવેકે ક- રેલી ભ્રાન્તિ છે, પારમાર્થિક નથી એમ અનેક વાર અમે કહ્યું છે, જન્મ, મરણ, છે- દન, ભેદન આદિના અભિમાનની પેઠે. પણ ભેદવ્યવહાર બાધિત ન હોય તો 'सोऽन्वेष्टव्यः स विजिज्ञासितव्यः' (તે અન્વેષણ કરવા યોગ્ય છે, તે વિજિજ્ઞાસા કરવા યોગ્ય છે) એવા પ્રકારના ભેદનિર્દેશથી સમજાતું બ્રહ્મનું અધિકત્વ હિત ન કરવું આદિ દોષના પ્રસંગને અટકાવે છે ॥ ૨૨ ॥

अश्मादिवच्च तदनुपपत्तिः ॥ २३ ॥

અને [2]અશ્મ આદિની પેઠે [3]તેની અનુપપત્તિ છે ॥ ૨૩ ॥

વળી જેમ લોકમાં પૃથિવીત્વ જાતિથી અન્વિત થયેલા પણ પથ્થરોમાં કેટ- લાક, વજ્ર, વૈડૂર્ય આદિ મહા મૂલ્યવાળા પથ્થરો છે, બીજા, સૂર્યકાન્ત આદિ મધ્ય તેજવાળા છે, અને બીજા કનિષ્ઠ, કુતરા, અને કાગડા તરફ ફેંકવાને યોગ્ય પાષાણો છે એમ અનેક પ્રકારનું વૈચિત્ર્ય દેખાય છે, અને જેમ એક પૃથિવી જેનો આશ્રય છે એવાં બીજોમાં બહુ પ્રકારનું, પત્ર, પુષ્પ, ફળ, ગન્ધ, રસ આદિ વૈચિત્ર્ય, ચન્દન, કિંપાક[4] આદિને વિષે જણાય છે, તેમજ જેમ એક પણ અન્નરસનાં રુધિરાદિ

મેની વ્યવસ્થા થશે એવો સિદ્ધાન્તગ્રન્થનો અર્થ છે. અમે જીવને સ્રષ્ટા કહીએ તો દોષો પ્રસક્ત. થાય, પણ તે કહેતા નથી એવો અન્વય સમજવાનો છે. વળી અભેદજ્ઞાન થયા પછી દોષો પ્રસક્ત થાય છે કે પહેલાં? આદ્ય પક્ષ યુક્ત નથી એમ કહે છે—'વળી જ્યારે "तत्त्वमसि" ઇત્યાદિ. મિથ્યાજ્ઞાનનો પ્રકાશ કર્યો છે તે સ્ફુટ કરે છે—'હિત ન કરવું આદિથી લક્ષિત થયેલો સંસાર' ઇત્યાદિ. આત્માને વિષે કર્તૃત્વ આદિ બુદ્ધિના ધર્મનો અધ્યાસ થાય છે તેના દૃષ્ટાન્ત તરીકે ધર્મનો અધ્યાસ આપે છે—'જન્મ, મરણ' ઇત્યાદિ. દ્વિતીય પક્ષ વિષે કહે છે— 'પણ ભેદવ્યવહાર બાધિત ન હોય' ઇત્યાદિ. જ્ઞાનની પછી સ્રષ્ટૃત્વ આદિ ધર્મોનો બાધ થાય છે ને જ્ઞાનની પૂર્વે કલ્પિત ભેદથી વ્યવસ્થા ઘટે છે તેથી કંઈ પણ દોષ નથી ॥ ૨૨ ॥

પણ અખંડ એકરૂપ બ્રહ્મને વિષે જીવ ને ઈશ્વરનું વૈચિત્ર્ય શી રીતે અને કાર્યનું વૈચિત્ર્ય શી રીતે એ અનુપપત્તિનો સૂત્રકાર દૃષ્ટાન્તોથી પરિહાર કરે છે—'अश्मादिवच्च' ઇત્યાદિ 'કિંપાક'= મહાકાલફળ. તે ને કાર્યના સંસ્કારરૂપ અનાદિ શક્તિના ભેદથી વૈચિત્ર્ય છે એવો

---

[1] પ્રકાશિત થયેલો, પરિસ્ફુટ થયેલો. [2] પથ્થર. [3] પરકલ્પિત દોષની. [4] મહાકાલફળ.

અને કેશ, ૧ઓમ આદિ વિચિત્ર કાર્યો થાય છે, એ પ્રમાણે એક પણ બ્રહ્મનું જીવ અને પ્રાજ્ઞ તરીકે પૃથક્ત્વ અને કાર્યવૈચિત્ર્ય ઉપપન્ન થાય છે એથી 'તે અનુપપન્ન છે એવો અર્થ છે. શ્રુતિ પ્રમાણભૂત હોવાથી અને વિકાર વાણીમાં જેનો આરંભ છે એવો હોવાથી સ્વપ્નમાં જોવા લાયક પદાર્થના વૈચિત્ર્યની પેઠે એમ અભ્યુચ્ચય છે ॥ ૨૩॥

उपसंहारदर्शनान्नेति चेन्न क्षीरवद्धि ॥ २४ ॥

૨ઉપસંહાર જોવામાં આવે છે તેથી (બ્રહ્મ જગત્‌નું કારણ) નથી એમ કહેશો તો નહિ; કેમકે ક્ષીરની પેઠે (ઉપપન્ન થશે) ॥ ૨૪॥

ચેતન બ્રહ્મ, એક, અદ્વિતીય, જગત્‌નું કારણ છે એમ જે કહ્યું છે તે ઉપપન્ન થતું નથી. શાથી? ઉપસંહાર જોવામાં આવે છે તેથી. ખરેખર અહિં લોકમાં ઘટ, પટ આદિના કર્તા, કુલાલ આદિ, મૃત્તિકા, દંડ, ચક્ર, સૂત્ર આદિ અનેક કારકના ઉપસંહારથી સાધનો ગ્રહણ કરી તે તે કાર્ય કરતા જોવામાં આવે છે. બ્રહ્મ તો અસહાય છે એમ તારો અભિપ્રાય છે, તે અન્ય સાધનના ઉપસંગ્રહ વગર, સ્રષ્ટા થાય એ કેમ ઉપપન્ન થાય? તેટલા માટે બ્રહ્મ જગત્‌નું કારણ નથી એમ કહેશો તો એ દોષ નથી; કેમકે ક્ષીરની પેઠે ખાસ દ્રવ્યસ્વભાવથી ઉપપન્ન થશે. ખરેખર, જેમ લોકમાં ક્ષીર કે જળ જાતેજ બાહ્ય સાધનની અપેક્ષા વગર દધિભાવ કે હિમભા-

---

વ છે. સૂત્રમાં ચકાર છે તેનો અર્થ કહે છે—'શ્રુતિ પ્રમાણભૂત હોવાથી' ઇત્યાદિ 'બ્રહ્મ જીવવત્ [illegible] છે, જીવથી અભિન્ન છે તેથી, જીવની પેઠે' એ અનુમાન સ્વતઃપ્રમાણ અને નિરવદ્યત્વ આદિ જેમાં છે એવી શ્રુતિથી બાધિત છે. વળી કર્તૃત્વ, ભોક્તૃત્વ આદિ વિકાર મિથ્યા હોવાથી જીવનોજ એ દોષ નથી તો [illegible] દોષપ્રસંગ હોયજ ક્યાંથી! 'બ્રહ્મ વિચિત્રકાર્યસ્વભાવવાળું નથી, એકરૂપ છે તેથી, [illegible] મૃત્તિકા, તન્તુની પેઠે' એ અનુમાન શુદ્ધ નથી. કેમકે એકરૂપ એવા સ્વપ્નદ્રષ્ટામાં જેમ વિચિત્ર દૃશ્ય વસ્તુ [illegible] જોવામાં આવે છે તેથી હેતુનો વ્યભિચાર છે એવો અર્થ છે. તેટલા માટે [illegible] અભિન્ન બ્રહ્મને વિષે સમન્વયનો અવિરોધ છે એવી સિદ્ધિ છે ॥ ૨૩ ॥

અસહાય બ્રહ્મથી જગત્‌ની સૃષ્ટિ કહેનો વેદાન્તસમન્વય વિરુદ્ધ છે તે 'જે અસહાય છે તે કારણ નથી' એ [illegible] વિરુદ્ધ છે કે નહિ એમ સંશય થયે [illegible] બ્રહ્મને વિષે [illegible] નથી એમ કહ્યું છે. આ અધિ[illegible] છે એમ [illegible] 'ચેતન બ્રહ્મ, એક, અદ્વિતીય, જગત્‌નું કારણ છે' ઇત્યાદિ 'ઉપસંહાર'=કારકોનો [illegible] એટલે [illegible] 'દોષ નથી' ઇત્યાદિ [illegible] છે એમ વિદ્વાન્ કહે છે— [illegible] છે એમ [illegible] કહે છે—'બાહ્ય સાધનની અપેક્ષા વગર,' ક્ષીરને પણ [illegible]

૧ [illegible] ૨ [illegible]

વમાં પરિણામ પામે છે, તેમ અહિં પણ થશે. પણ ક્ષીરાદિ પણ દધ્યાદિ ભાવમાં પરિણામ પામતું ઉષ્ણતા આદિ બાહ્ય સાધનની અપેક્ષા રાખે છેજ માટે 'જેમો ક્ષીરની પેઠે' એમ શા માટે કહ્યું છે? એ દોષ નથી. ક્ષીર જાતે પણ જે અને જેટલી પરિણામમાત્રાનો અનુભવ કરે છે તેટલીમાંજ ઉષ્ણતા આદિ તેને દધિભાવ માટે ત્વરિત કરે છે. જો જાતે દધિભાવનો સ્વભાવ ન હોય તો ઉષ્ણતા આદિ બળાત્કારે દધિભાવ નજ લાવે; કેમકે વાયુ કે આકાશને ઉષ્ણતા આદિ બળાત્કારે દધિભાવમાં લાવતી નથી. સાધન સામગ્રીથી તેની પૂર્ણતા થાય છે. પણ બ્રહ્મ તો પરિપૂર્ણ શક્તિવાળું છે. અન્ય કોઈએ તેની પૂર્ણતા સંપાદન કરવાની નથી. શ્રુતિ પણ છે— 'न तस्य कार्यं करणं च विद्यते न तत्समश्चाभ्यधिकश्च दृश्यते। परास्य शक्तिर्विविधैव श्रूयते स्वाभाविकी ज्ञानबलक्रिया च ॥ [શ્વેતા० ૬।૮] (તેને કાર્ય—શરીર કે કરણ—

[illegible]-આભરણ આદિ સહાય છે, તેટલા માટે અસહાય હેતુનો વ્યભિચાર નથી એમ આશંકા કરી સહાયને અભાવે પણ કંઈક પરિણામ ક્ષીરને વિષે જોવામાં આવે છે તેથી વ્યભિચાર છે એમ કહે છે—'પણ ક્ષીરાદિ પણ દધ્યાદિ ભાવમાં પરિણામ પામતું' ઇત્યાદિ. ત્યારે [illegible] આવે છે, તેને માટે કહે છે—'ઉષ્ણતા આદિ તેને દધિભાવ માટે ત્વરિત કરે છે' પણ ઉષ્ણતા ક્ષીરમાં દધિભાવ ત્વરિત આવે છે એમ શા માટે કહ્યું છે, સ્વતઃ [illegible] [illegible], ઉષ્ણતા આદિ સહાયજનતી દધિભાવ માટે શક્તિ કરાય છે એમ કેમ નથી કહ્યું તેને માટે કહે છે—'જો જાતે દધિભાવનો સ્વભાવ ન હોય' ઇત્યાદિ. સહાયને [illegible] પણ ક્ષીરના કંઈક વિકાર થાય છે; તેમાં આતંચનના પ્રક્ષેપથી ને ઉષ્ણતાથી [illegible] ઘનત્વ બાજ થાય છે એવો અર્થ છે. ત્યારે બ્રહ્મ શક્તિમાત્ર [illegible] [illegible] કહેવું એટલે તેને માટે કહે છે—'પણ બ્રહ્મ તો પરિપૂર્ણ શક્તિવાળું છે'. [illegible] એને અપેક્ષા નથી એવું બ્રહ્મ છે એમ સમજવું. એવી શક્તિ [illegible] કહે છે—'શ્રુતિ પણ છે' ઇત્યાદિ. સૂત્રનું તાત્પર્ય નીચે એમ છે છે—પરમેશ્વર, બ્રહ્મ, એક, અદ્વિતીય, પરની અપેક્ષારહિત, જગત ઉત્પન્ન [illegible] [illegible] ઉત્પન્ન છે એમ સ્વીકાર્યું છે તે ઉત્પન્ન થતું નથી, કેમકે [illegible] [illegible] એ યુક્ત નથી; તેને [illegible] પ્રશ્ન આવે. [illegible] [illegible], અંકુર આદિ [illegible] જોવામાં આવે છે. વળી [illegible] [illegible] યુક્ત નથી; કેમકે જે બનવું છે તેને [illegible], [illegible] યુક્ત નથી અને [illegible] [illegible] યુક્ત નથી તેટલા માટે કહ્યું છે કે [illegible] [illegible] કરે છે. [illegible] [illegible] છે, તેથી [illegible] છે, તેટલા માટે અદ્વિતીય બ્રહ્મ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] 'न तस्य कार्यं करणं च विद्यते' (તેને [illegible] નથી). [illegible] [illegible] [illegible]

નેત્રાદિ ઇન્દ્રિયસમૂહ તેનું,—તુલ્ય—સજાતીય કે તેથી અધિક વિજાતીય કંઈ દેખાતું નથી; એની શક્તિ—મૂલકારણ માયા—મોટી અને વિવિધજ સંભળાય છે, અને જ્ઞાનક્રિયા અને બળક્રિયા સ્વાભાવિક છે). તેટલા માટે એક પણ બ્રહ્મનો વિચિત્ર શક્તિના યોગથી ક્ષીરાદિની પેઠે વિચિત્ર પરિણામ ઉપપન્ન થાય છે. ॥ ૨૪ ॥

देवादिवदपि लोके ॥ २५ ॥

લોકમાં દેવાદિની પેઠે પણ (બ્રહ્મ બાહ્ય સાધનની) અપેક્ષા કરતું નથી ॥ ૨૫ ॥

ઠીક, ક્ષીરાદિ અચેતન પદાર્થોનો બાહ્ય સાધનની અપેક્ષા વગર પણ દધ્યાદિભાવ ઉપપન્ન થાય છે; કેમકે તે જોવામાં આવેલું છે. પણ ચેતન કુલાલાદિઓ સાધનસામગ્રીની અપેક્ષાથીજ તે તે કાર્યને માટે પ્રવર્તમાન જોવામાં આવે છે; તો બ્રહ્મ ચેતન થઈ અસહાય શી રીતે પ્રવર્તે? અમે કહીએ છીએ કે દેવાદિની પેઠે. જેમ લોકમાં દેવ, પિતૃ ઋષિઓ અને એવા બીજા મહાપ્રભાવો ચેતનો હોય છે તોપણ કંઈ પણ બાહ્ય સાધનની અપેક્ષા કર્યા વગરજ, ઐશ્વર્યવિશેષના યોગથી અભિધ્યાનમાત્રથી પોતાની મેળેજ બહુ, ભિન્ન આકારવાળાં શરીરો, પ્રાસાદાદિ અને રથાદિઓ નિર્માણ કરતા ઉપલબ્ધ થાય છે, કેમકે મન્ત્ર, અર્થવાદ, ઇતિહાસ અને પુરાણનું પ્રામાણ્ય છે, અને કરોળીઓ પોતાની મેળેજ તન્તુઓ સર્જે છે, બગલી પણ [1]શુક્ર વગરજ ગર્ભ ધારણ કરે છે; પદ્મિની પણ કંઈ પ્રસ્થાન સાધનની અપેક્ષા વગર એક તળાવેથી બીજે તળાવે પ્રસ્થાન કરે છે; એ પ્રમાણે ચેતન પણ બાહ્ય

પોતાની મેળેજ અન્ય પરિણામ પ્રાપ્ત કરે છે. જો આન્તર કારણની અનપેક્ષાને હેતુ કરતા હો તો તે અસિદ્ધ છે; કેમકે અનિર્વચ્યનામરૂપબીજ એ સહાયભૂત છે. શ્રુતિ પણ છે—'मायां तु प्रकृतिं विद्धि मायिनं तु महेश्वरम्' (માયાને પ્રકૃતિ અને માયીને મહેશ્વર જાણ). કાર્યક્રમથી તેનો પરિપાક પણ ક્રમવાન્ છે એમ અનુમેય છે. એક પણ વિચિત્ર શક્તિરૂપ કારણથી અનેક કાર્યની ઉત્પત્તિ જોવામાં આવે છે; જેમ એક વહ્નિથી દાહ અને પાક અને એક કર્મથી સંયોગ, વિભાગ અને સંસ્કાર ॥ ૨૪ ॥

પણ 'બ્રહ્મ કારણ નથી, ચેતન હોઈ અસહાય હોવાથી, મૃત્તિકાદિ રહિત કુલાલાદિની પેઠે' એમ ક્ષીરાદિને વિષે વ્યભિચાર નથી એ શંકાનું સૂત્ર નિરાકરણ કરે છે એમ કહે છે—'ઠીક, ક્ષીરાદિ.' ઇત્યાદિ. એ હેતુ (ચેતન હોઈ અસહાય હોવાથી)નો પણ દેવાદિને વિષે વ્યભિચાર છે એમ કહે છે—'દેવાદિની પેઠે'. લોકમાં = लोक्यते ज्ञायतेऽर्थोऽनेनेति लोकः (જે વડે અર્થ જણાય તે લોક) એટલે મન્ત્રાર્થવાદાદિ શાસ્ત્ર અને વૃદ્ધવ્યવહાર. 'અભિધ્યાનમાત્રથી'= સંકલ્પમાત્રથી. પણ દેવાદિથી 'ઊર્ણનાભાન્ત દૃષ્ટાન્તોમાં શરીરોમાં ચેતનત્વ નથી, અને બકપંક્તિ અને પદ્મિની એ બે ચેતનો ગર્ભધારણ કરે છે ને પ્રસ્થાન કરે છે તેમાં મેઘશબ્દ અને શરીર એ અનુક્રમે સહાયભૂત છે એમ વિશિષ્ટ હેતુ હોવાથી વ્યભિચાર નથી એમ શંકા કરે છે—

1 વીર્ય. ૨. ઊર્ણનાભ = કરોળીઓ.

સાધનની અપેક્ષા વગર પોતાની મેળેજ જગતને સરજશે. તે જો એમ કહે કે [illegible] નાં જે આ દેવાદિ દૃષ્ટાન્તો આપ્યાં છે તે દાર્ષ્ટાન્તિક બ્રહ્મ સાથે સમાન નથી; કેમકે દેવાદિનું અચેતન શરીરજ અન્ય શરીર આદિ વિભૂતિ ઉત્પન્ન કરવામાં ઉપાદાન છે, ચેતન આત્મા ઉપાદાન નથી, કરોળીઓ ક્ષુદ્રતર જન્તુનું ભક્ષણ કરે છે તેથી તેની લાળ કઠિનતા પ્રાપ્ત કરી તન્તુ થાય છે, બગલી મેઘગર્જના સાંભળી ગર્ભ ધારણ કરે છે, પદ્મિની પણ ચેતનથી પ્રયુક્ત થઈ અચેતન શરીર વડેજ એક તળાવ થકી બીજે તળાવ જાય છે, વેલો એક વૃક્ષથી બીજે વૃક્ષ જાય છે તેમ, પણ [illegible] અચેતનજ અન્ય તળાવમાં જવા માટે વ્યવહાર કરતી નથી, તેટલા માટે એ [illegible] નાં દૃષ્ટાન્તો નથી—એમ જો તે કહે તો તે પ્રત્યે કહેવું કે એ દોષ નથી. કુલાલાદિ દૃષ્ટાન્તનું વૈલક્ષણ્યમાત્ર વિવક્ષિત છે. જેમ કુલાલાદિ અને દેવાદિ ચેતનત્વમાં સમાન છે તોપણ કુલાલાદિ કાર્ય આરંભવામાં બાહ્ય સાધનની અપેક્ષા રાખે છે, દેવાદિક [illegible] રાખતા નથી, તેમ બ્રહ્મ ચેતન છે તોપણ બાહ્ય સાધનની અપેક્ષા નહિ રાખશે એટલું દેવાદિ ઉદાહરણથી અમે કહેવા ઇચ્છીએ છીએ. તેટલા માટે જેમ એકનું સામર્થ્ય દેખાયલું છે તેવું સર્વેનું થવું યુક્ત છે એવો એકાન્ત નથી એવો અભિપ્રાય છે ॥ ૨૫ ॥

कृत्स्नप्रसक्तिर्निरवयवत्वशब्दकोपो वा ॥ २६ ॥

કૃત્સ્ન (બ્રહ્મનો કાર્યરૂપે પરિણામ થવાનો) પ્રસંગ (આવશે) અથવા નિરવયવત્વશબ્દનો બાધ (થશે) ॥ ૨૬ ॥

ચેતન, એક, અદ્વિતીય બ્રહ્મ ક્ષીરાદિની પેઠે અને દેવાદિની પેઠે બાહ્ય [illegible]

જો કો એમ કહે કે ' ઇત્યાદિ. વ્યભિચાર છે એમ શંકાનો પરિહાર કરે છે—' તે [illegible] કહેવું કે ' ઇત્યાદિ. 'એ દોષ' = દૃષ્ટાન્તનું વૈષમ્ય એ દોષ. [illegible] હેતુના ('[illegible] [illegible]) ચેતનત્વનો અર્થ '[illegible]' [illegible] [illegible] છે, [illegible] નથી; નહિ તો તમારા [illegible] [illegible]. [illegible] [illegible] [illegible] [illegible] ચેતનત્વ અને તેનું [illegible] એ બન્ને દેવાદિમાં છે [illegible] [illegible] છે. [illegible] [illegible] નથી, [illegible] [illegible] છે, [illegible] નથી. [illegible] ॥ ૨૫ ॥

[illegible]

નની અપેક્ષા વગર સ્વયં પરિણામ પામતું જગતનું કારણ છે એવી સ્થિતિ છે. પણ શાસ્ત્રાર્થની પરિશુદ્ધિને માટે પુનઃ આક્ષેપ કરે છે. કૃત્સ્નપ્રસક્તિ, એટલે કૃત્સ્ન બ્રહ્મનો કાર્યરૂપે પરિણામ પ્રાપ્ત થાય છે; કેમકે બ્રહ્મ નિરવયવ છે. પૃથિવી આદિની પેઠે જો બ્રહ્મ સાવયવ હોત તો એનો એકદેશ પરિણામ પામત અને એકદેશ અવસ્થિત રહેત. પણ બ્રહ્મ તો નિરવયવ છે એમ શ્રુતિઓથી સમજાય છે—'निष्कलं निष्क्रियं शान्तं निरवद्यं निरञ्जनम्' [શ્વેતા૦ ૬।૧૯] (અવયવરહિત, ક્રિયાશૂન્ય, શાન્ત, દોષરહિત, નિરંજન), 'दिव्यो ह्यमूर्त्तः पुरुषः सबाह्याभ्यन्तरो ह्यजः' [મુણ્ડ૦ ૨।૧।૨] (દિવ્ય છે તેથી સર્વમૂર્તિવર્જિત છે, પુરુષ, બાહ્ય અને અભ્યન્તર સાથે વર્તમાન અને અજ છે), 'इदं महद्भूतमनन्तमपारं विज्ञानघन एव' [બૃહ૦ ૨।૪।૧૨] (એ મહાન્ છે, પરિનિષ્પન્ન છે, અનન્ત છે, અપાર છે, 'વિજ્ઞાનઘનજ છે), 'स एष नेति नेत्यात्मा' [બૃહ૦ ૩।૯।૨૬] (જે, નથી નથી એમ નિષેધદ્વારા મધુકાંડમાં નિર્દિષ્ટ છે, તે એ આત્મા છે)', 'अस्थूलमनणु' [બૃહ૦ ૩।૮।૮] (અસ્થૂલ, અનણુ) ઇત્યાદિ, સર્વ વિશેષનો પ્રતિષેધ કરનારી શ્રુતિઓથી (સમજાય છે). તેથી એકદેશના પરિણામનો અસંભવ હોવાથી કૃત્સ્ન બ્રહ્મનો પરિણામ પ્રસક્ત થયે મૂલોચ્છેદનો પ્રસંગ આવશે, અને દ્રષ્ટવ્ય તરીકે જે બ્રહ્મનો ઉપદેશ છે તે અનર્થક થ-

---

સ્વરૂપ છે, અને જે તત્ત્વ અને અન્યત્વથી અનિર્વચનીય છે, તે રૂપભેદથી બ્રહ્મ પરિણામાદિ વ્યવહારસ્થાન પ્રાપ્ત કરે છે. પણ કલ્પિત રૂપ કંઈ વસ્તુને સ્પર્શ કરતું નથી. [2]તૈમિરિકને ચન્દ્રને વિષે દ્વિત્વકલ્પના થાય છે તેથી ચન્દ્રમાં દ્વિત્વ આવતું નથી કે એ કલ્પનાની અનુપપત્તિથી ચન્દ્રમાં અનુપપત્તિ થતી નથી. તેટલા માટે અવાસ્તવિક પરિણામકલ્પના અનુપપન્ન થાય તોપણ પારમાર્થિક બ્રહ્મને વિષે અનુપપત્તિ થતી નથી. તેટલા માટે પૂર્વપક્ષના અભાવને લીધે આ અધિકરણ અનારભ્ય છે. એવી શંકા દૂર કરવા માટે આરંભમાં ભાષ્યકાર આ અધિકરણનો પૂર્વ અધિકરણ સાથે સંબંધ દર્શાવે છે. ક્ષીરદૃષ્ટાન્તથી બ્રહ્મ પરિણામી છે એમ ભ્રમ ઉત્પન્ન થયે પૂર્વપક્ષ પ્રાપ્ત થયે શાસ્ત્રાર્થ વિવર્ત છે, પરિણામ નથી એમ નિર્ણય કરવા માટે આ અધિકરણ છે એમ પૂર્વ અધિકરણની સાથે આ અધિકરણની કાર્યસંગતિ કહે છે—'ચેતન, એક અદ્વિતીય બ્રહ્મ' ઇત્યાદિ. નિરવયવ બ્રહ્મથી જગત્‌ની સૃષ્ટિ પ્રતિપાદન કરતો સમન્વય વિષય છે તે શું 'જે નિરવયવ છે તે પરિણામી નથી' એ ન્યાયથી વિરુદ્ધ છે કે નહિ એમ સંશય થયે વિરુદ્ધ છે એમ પૂર્વપક્ષસૂત્રનું વ્યાખ્યાન કરે છે—'કૃત્સ્નપ્રસક્તિ, એટલે' ઇત્યાદિ. જેઓ બ્રહ્મને પરિણામી કહે છે તેમણે કહેવું જોઈએ કે બ્રહ્મ નિરવયવ છે કે સાવયવ છે. આદ્ય પક્ષમાં સર્વત્ર બ્રહ્મની પરિણામસ્વરૂપે સ્થિતિ થશે એમ કહ્યું છે તેનું વ્યતિરેકદૃષ્ટાન્તથી વિવરણ કરે છે—'પૃથિવી આદિની પેઠે જો બ્રહ્મ' ઇત્યાદિ. 'અવસ્થિત રહેત' = પરિણામ ન પામત. ઉક્ત શ્રુતિઓથી બ્રહ્મ નિરવયવ છે એમ સિદ્ધ થાય છે તેથી દૂષિત દોષ કહે છે—'તેથી એકદેશના પરિણામનો અસંભવ હોવાથી' ઇત્યાદિ. જો પરિણામથી અતિરિક્ત મૂલ બ્રહ્માત્મા ન હોય તો 'आत्मा द्रष्टव्यः' (આત્માનું દર્શન કરવું જોઈએ) એવો ઉપદેશ અર્થરહિત થશે એમ અન્ય દોષ કહે છે—'દ્રષ્ટવ્ય તરીકે જે બ્રહ્મનો ઉપદેશ છે' ઇત્યાદિ. બ્રહ્મનું પરિણામસ્વરૂપ થવાથી જન્મ અને નાશનો અંગીકાર થયે

---

૧. અન્ય બધી મન્વતરાદેન્દ્રમાં નથી, વિજ્ઞાનધન એવું. મુદ્રાંકન એમ મુદ્રાંકિત પર્વ હોય છે તેમ. ૨. તૈમિર નામનો જેને નેત્રરોગ થયો હોય તે.

વાનો પ્રસંગ આવશે, કેમકે કાર્ય યત્ન વગર દેખાય છે અને તેથી અન્ય પ્રયત્નો આ મંભવ છે. તેમજ અજત્વ આદિ શબ્દને બાધ આવશે. જો એ દોષનો પરિહાર કરવાની ઇચ્છાથી સાવયવજ બ્રહ્મ સ્વીકારશો તોપણ જે નિરવયવત્વના પ્રતિપાદક શબ્દોનું ઉદાહરણ આપ્યું છે તે શબ્દોને બાધ આવશે. વળી સાવયવ હોવાથી અનિત્યત્વનો પ્રસંગ આવશે. સર્વથા એ પક્ષ ઘટાવવો શક્ય નથી એમ આક્ષેપ કરે છે ॥ ૨૬ ॥

श्रुतेस्तु शब्दमूलत्वात् ॥ २७ ॥

પણ (એ દોષ નહિ થાય) શ્રુતિથી, શબ્દમૂળ છે તેથી ॥ ૨૭ ॥

તુશબ્દથી (સૂત્રકાર) આક્ષેપનો પરિહાર કરે છે. ખરેખર, આમારા પક્ષમાં કોઈ પણ દોષ નથી. કૃત્સ્નપ્રસક્તિ કૃત્સ્નબ્રહ્મનો કાર્યરૂપ પરિણામ થવાનો પ્રસંગ [illegible] નહિ. શાથી? શ્રુતિથી. જે પ્રમાણે બ્રહ્મથી જગતની ઉત્પત્તિ શ્રુતિમાં [illegible] વિકારથી ભિન્ન પણ બ્રહ્મની અવસ્થિતિ શ્રુતિમાં છે કેમકે પ્રકૃતિ [illegible] વિકારોથી જુદી બતાવેલ કર્યો છે 'सेयं देवतैक्षत हन्ताहमिमास्तिस्रो देवता अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणि' [છાં૦ ૬।૩।૨] (તે આ દેવતાએ [illegible] નામ અને રૂપ [illegible] એ ત્રણ દેવતાઓમાં આ જીવાત્મા વડે અનુપ્રવેશ કરી નામ અને રૂપ [illegible]) અને 'तावानस्य महिमा ततो ज्यायांश्च पूरुषः' [illegible]

---

* 'अजीर्णत्व' [illegible] આદિ શબ્દને બાધ આવશે [illegible] એ દોષનો પરિહાર કરવાની ઇચ્છાથી [illegible]

[illegible] 'श्रुतेस्तु शब्दमूलत्वात्' [illegible] 'श्रुतेः' [illegible] 'सेयं देवता' [illegible]

भूतानि त्रिपादस्यामृतं दिवि' [છાન્દો૦ ૩।૧૨।૬] (એ ગાયત્રીસંજ્ઞકબ્રહ્મનો તેટલો મહિમા છે. પુરુષ એથી મોટો છે. સર્વ ભૂતો એનો પાદ છે અને જેના ત્રણ પાદ છે એવું અમૃત—પુરુષાખ્ય-સમસ્ત ગાયત્રીસંજ્ઞક પ્રપંચાત્મકના પ્રકાશમય સ્વાત્માને વિષે રહેલું છે) એવા પ્રકારનો વ્યપદેશ છે. તેમજ હૃદયને બ્રહ્મનું સ્થાન કહ્યું છે અને સત્ સાથે બ્રહ્મની 'સંપત્તિ કહી છે. જો કૃત્સ્ન બ્રહ્મ કાર્યભાવે ઉપયુક્ત થાય તો 'सता सोम्य तदा संपन्नो भवति' [છાન્દો૦ ૬।૮।૧] (હે સોમ્ય, સત્ સાથે ત્યારે એકીભૂત થાય છે) એમ સુષુપ્તિસંબંધી વિશેષણ અનુપપન્ન થાય; કેમકે વિકૃત બ્રહ્મ નિત્ય સંપન્ન છે અને અવિકૃત બ્રહ્મનો અભાવ છે. તેમજ બ્રહ્મનું ઇન્દ્રિયગોચરત્વ પ્રતિષિદ્ધ છે અને વિકાર ઇન્દ્રિયગોચર હોય એ યુક્ત છે. તેટલા માટે અવિકૃત બ્રહ્મ છે. વળી નિરવયવત્વ શબ્દને બાધ નથી; કેમકે શ્રુયમાણ છે તેથીજ નિરવયવત્વ સ્વીકારાય છે. વળી શબ્દમૂળ બ્રહ્મને શબ્દ પ્રમાણ છે, ઇન્દ્રિય આદિ પ્રમાણ નથી, તેનો શબ્દને અનુસારે સ્વીકાર કરવો જોઈએ. શબ્દ તો બ્રહ્મની કૃત્સ્નપ્રસક્તિ અને નિરવયવત્વ, બંને પ્રતિપાદન કરે છે. લૌકિક પણ મણિ, મન્ત્ર, ઔ-

ત્યાદિ એ ગાયત્રીસંજ્ઞક પાદવિભાગવિશિષ્ટ બ્રહ્મનો તેટલો મહિમા-વિભૂતિવિસ્તાર છે. તેટલો એટલે કેટલો ! 'यावांश्चतुष्पात्षड्विधश्च ब्रह्मणो विकारः पादो गायत्रीति व्याख्यातः' (ચાર પાદવાળો અને છ પ્રકારનો બ્રહ્મનો વિકાર, પાદ ગાયત્રી છે એમ વ્યાખ્યાન કરેલું છે). એટલા માટે તે વિકારરૂપ, ગાયત્રીસંજ્ઞક, વાચારંભણમાત્રથી જ્યાયાન્–મહત્તર પરમાર્થસત્સ્વરૂપ અવિકાર, પુરુષ-સર્વપૂરણ કરે છે (વ્યાપે છે) તેથી કે પુરમાં (શરીરમાં) શયન કરે છે તેથી—છે. એ પુરુષનો પાદ સર્વભૂતો—તેજ, જળ, અન્ન આદિ, સ્થાવર અને જંગમ સહિત છે. ત્રણ જેના પાદ છે તે ત્રિપાદ્ અમૃત-પુરુષસંજ્ઞક સમસ્તપ્રપંચાત્મક ગાયત્રીસ્વરૂપના દ્યોતનવાળા (પ્રકાશવાળા) સ્વાત્માને વિષે અવસ્થિત છે એવો અર્થ છે. વળી બ્રહ્મ અવિકૃત છે તેનું સ્થ પણ પ્રમાણ છે—'તેમજ હૃદયને બ્રહ્મનું સ્થાન કહ્યું છે' ઇત્યાદિ. 'स वा एष आत्मा हृदि' (તે એ આત્મા હૃદયમાં છે) એમ શ્રુતિ છે તેથી હૃદયથી ભિન્ન બ્રહ્મ છે. 'तदा' = સુષુપ્તિકાળે એમ સુષુપ્તિકાળરૂપ વિશેષણ છે તેથી પણ ભેદવ્યપદેશ છે. અવિકૃત બ્રહ્મના અસ્તિત્વ માટે અન્ય લિંગ કહે છે—'તેમજ બ્રહ્મનું ઇન્દ્રિયગોચરત્વ પ્રતિષિદ્ધ છે' ઇત્યાદિ. ભૂમિ આદિ વિકાર ઇન્દ્રિયગોચર છે તેથી 'न चक्षुषा गृह्यते' (નેત્ર વડે ગ્રહણ કરાતું નથી) ઇત્યાદિ શ્રુતિથી બ્રહ્મના ઇન્દ્રિયગોચરત્વનો પ્રતિષેધ કર્યો છે તેથી અને બ્રહ્મ વાણી અને મનને ગોચર નથી એવી શ્રુતિ છે તેથી કૂટસ્થ–અવિકારી બ્રહ્મનું અસ્તિત્વ સિદ્ધ થાય છે. [illegible] નથી એમ કહી દ્વિતીય દોષ પણ નથી એમ કહે છે—'વળી નિરવયવત્વ શબ્દનો બાધ નથી' ઇત્યાદિ. પણ બ્રહ્મ કાર્યરૂપે પણ છે ને પૃથક્ પણ છે એમ કહેશો તો બ્રહ્મનું સાવયવત્વ દુર્વાર થશે; કેમકે નિરવયવ એક વસ્તુ દ્વિધા રહે એ યુક્ત નથી એથી 'એ દ્વિધા છે ને સાવયવ છે' એ તર્કથી બ્રહ્મનું નિરવયવત્વ વિરુદ્ધ છે એ રીતે વિવર્ત નહિ [illegible] [illegible] કહે છે—'પણ શબ્દમૂળ બ્રહ્મને શબ્દ પ્રમાણ છે' ઇત્યાદિ. જો [illegible] [illegible] શક્તિ અચિન્ત્ય છે તો [illegible] ઇત્યાદિ. પણ શક્તિ અચિન્ત્ય છે તો [illegible] અપેક્ષ્ય છે બ્રહ્મ તેની શક્તિ અચિન્ત્ય

૧ મેળ. ૨ હિરાત્મો જેમ [illegible] છે તે.

પ્રમાણો નષ્ટ થયા છે એવા પુરુષથી બધું અનેક દોષ એવો દેખાતો મન્દ અને થતો નથી. વળી અવિદ્યાકલ્પિત નામરૂપલક્ષણ રૂપભેદ, જેનું વ્યાકાર પામેલો અને વ્યાકાર ન પામેલો એવું સ્વરૂપ છે, ને જે તત્ત્વ કે અન્યત્વથી અનિર્વચનીય છે તે રૂપભેદ વડે બ્રહ્મ પરિણામાદિ સર્વ વ્યવહારનું સ્થાન થાય છે. પણ પારમાર્થિક રૂપે બ્રહ્મ સર્વ વ્યવહારથી અતીત, અને પરિણામ ન પામેલું જ અવસ્થિત છે. વળી અવિદ્યાકલ્પિત નામરૂપભેદ વાચારંભણમાત્ર – જેનો વાણીમાંજ આરંભ છે એવો–હોવાથી બ્રહ્મના નિરવયવત્વને બાધ આવતો નથી. વળી એ પરિણામશ્રુતિનું પ્રયોજન પરિણામ પ્રતિપાદન કરવાનું નથી; કેમકે તેની પ્રતિપત્તિમાં ફળપ્રાપ્તિ નથી. એનું પ્રયોજન તો સર્વવ્યવહારથી રહિત જે બ્રહ્મ તેજ આત્મા છે એ પ્રતિપાદન કરવાનું છે, તેની પ્રતિપત્તિમાં ફળપ્રાપ્તિ છે. 'स एष नेति नेत्यात्मा' (જે નથી નથી એમ નિષેધમુખે મધુકાંડમાં[1] નિર્દિષ્ટ છે તે એ આત્મા છે) એમ ઉપક્રમ કરી કહે છે- 'अभयं वै जनक प्राप्तोऽसि' [બૃહ૦ ૪।૨।૪] (હે જનક, તું, ખરેખર, ભયરહિત બ્રહ્મ પ્રાપ્ત થયો છે) એમ. તેટલા માટે અમારા પક્ષમાં કોઈ પણ દોષ પ્રસંગ નથી ॥ ૨૭ ॥

आत्मनि चैवं विचित्राश्च हि ॥ २८ ॥

અને આત્માને વિષે એવી રીતે (અનેક આકારવાળી સૃષ્ટિ પ્રકાશ છે), ખરેખર,(દેવાદિ અને માયાવી આદિને વિષે) વિચિત્ર (સૃષ્ટિ દેખાય છે) ॥ ૨૮ ॥

વળી એક બ્રહ્મને વિષે પોતાના રૂપનું ઉપમર્દન થયા વગર અનેક આકારવાળી સૃષ્ટિ શી રીતે થાય એમ એ વિષયમાં વિવાદ કરવો યુક્ત નથી; કેમકે એક, સ્વપ્નદ્રષ્ટા આત્માને વિષે પણ સ્વરૂપનું ઉપમર્દન થયા વગરજ અનેક આકારવાળી

કરી અન્ય દોષનું નિરસન કરે છે—'વળી અવિદ્યાકલ્પિત નામરૂપભેદ' ઇત્યાદિ. પણ અભિપ્રનિષ્પન્ન પરિણામ વિના શી રીતે થાય તેને માટે કહે છે—'વળી એ પરિણામશ્રુતિનું પ્રયોજન' ઇત્યાદિ. નિષ્પ્રપંચબ્રહ્મપ્રતીતિના અંગ તરીકે સૃષ્ટિનો અનુવાદ કરવામાં આવે છે, સૃષ્ટિનું પ્રતિપાદન કરવામાં આવતું નથી એમ અનેકવાર કહ્યું છે, માટે વિવર્તવાદમાં કોઈ પણ દોષ નથી એમ ઉપસંહાર કરે છે—'તેટલા માટે' ઇત્યાદિ ॥ ૨૭ ॥

પૂર્વ અવસ્થાના નાશથી[2] અન્ય અવસ્થા પ્રાપ્ત કરવી એ પરિણામ, જેમ દૂધનો દહિભાવ. પૂર્વ રૂપનો ઉપમર્દ થયા વગર અન્ય અવસ્થા એ વિવર્ત; જેમ શુક્તિનો રજતભાવ. તેમાં સ્વપ્નાદિના દૃષ્ટાન્તથી બ્રહ્મના વિવર્તોપાદાનત્વને દૃઢ કરી માયાવાદને સૂત્રકાર સ્પષ્ટ કરે છે—

---

૧. મધુકાંડ. ૨ નાશ.

સૃષ્ટિ સંભળાય છે—'न तत्र रथा न रथयोगा न पन्थानो भवन्त्यथ रथान् रथयोगान् पथः सृजते' [બૃહ૦ ૪।૩।૧૦] (ત્યાં રથો નથી, અશ્વો નથી, માર્ગો નથી, પણ રથોને, અશ્વોને ને માર્ગોને સરજે છે) ઇત્યાદિથી. લોકમાં પણ દેવાદિને વિષે અને માયાવી આદિને વિષે સ્વરૂપનું ઉપમર્દન થયા વગર હસ્તી, અશ્વ આદિ વિચિત્ર સૃષ્ટિઓ દેખાય છે. તેવી રીતે એક પણ બ્રહ્મને વિષે સ્વરૂપનું ઉપમર્દન થયા વગરજ અનેક આકારવાળી સૃષ્ટિ થશે ॥ ૨૮ ॥

स्वपक्षदोषाच्च ॥ २९ ॥

અને પોતાના પક્ષમાં દોષ છે તેથી (એકજ પક્ષમાં દોષ નાખવો યુક્ત નથી) ॥ ૨૯ ॥

બન્ને પણ સ્વપક્ષમાં એ દોષ સમાન છે; કેમકે પ્રધાનવાદીનો પણ નિરવયવ, અપરિચ્છિન્ન, શબ્દાદિરહિત પ્રધાન સાવયવ, પરિચ્છિન્ન અને શબ્દાદિયુક્ત કાર્યનું કારણ છે એ સ્વપક્ષ છે. તેમાં પણ પ્રધાન નિરવયવ હોવાથી કૃત્સ્નપ્રસક્તિ પ્રાપ્ત થાય છે અથવા નિરવયવત્વના સ્વીકારનો બાધ આવે છે. પણ તેઓ નિરવયવ જ પ્રધાન સ્વીકારતા નથી; સત્ત્વ, રજસ્ ને તમસ્ એ ત્રણ ગુણો છે, તેની સામ્યાવસ્થા પ્રધાન છે, તેજ અવયવોથી સાવયવ છે એમ સ્વીકારે છે, એવી જાતના સાવયવત્વથી પ્રકૃત દોષનો પરિહાર કરવો શક્ય નથી; કેમકે સત્ત્વ, રજસ્ અને તમસ્‌માં

'आत्मनि चैवम्' ઇત્યાદિ. નવમા અનુ વિવરણ કરતાં ભાષ્યકાર કહે છે કે વિરંચાદિમાં વિરુદ્ધ નહિ—'વળી એક બ્રહ્મને વિષે' ઇત્યાદિ ॥ ૨૮ ॥

વળી કૃત્સ્નપ્રસક્તિ આદિ દોષો સાંખ્યાદિ પક્ષના પણ દોષ છે તેથી અમારી તરફજ તે દોષ નાખવા યુક્ત નથી, કેમકે 'यश्चोभयोः समो दोषः' એ તો ન્યાય છે, એમ સૂત્રકાર કહે છે—'स्वपक्षदोषाच्च'. વિવરણ કરે છે—'તેમાં પણ પ્રધાન નિરવયવ હોવાથી' ઇત્યાદિ. [illegible] (સાંખ્યવાદીએ-આવું) [illegible] પ્રધાન નિરવયવ હોવાથી કૃત્સ્ન [illegible] [illegible] નિરવયવ [illegible] નિરવયવ સ્વીકાર્યું છે તે [illegible] નિરવયવ [illegible] કૃત્સ્નપ્રસક્તિ [illegible] સાવયવ સ્વીકારવાથી નિરવયવત્વસ્વીકારનો [illegible]—'પણ તેઓ નિરવયવ પ્રધાન સ્વીકારતા નથી', [illegible] [illegible] [illegible] 'એવી જાતના સાવયવત્વથી પ્રકૃત દોષનો પરિહાર કરવો શક્ય નથી.' [illegible] નિરવયવ છે [illegible]

પણ એકેકનું નિરવયવત્વ સમાન છે. એકેકજ બીજા બેથી અનુગૃહીત થયલું સજાતીય પ્રપંચનું ઉપાદાન છે એમ સ્વપક્ષમાં દોષનો પ્રસંગ સમાન છે. તર્ક પ્રતિષ્ઠિત થતો નથી તેથી સાવયવત્વજ છે એમ કહેશો તો એમ પણ અનિત્યતા આદિ દોષનો પ્રસંગ આવશે. જો કાર્યવૈચિત્ર્યથી સૂચવાયલી શક્તિજ અવયવ છે એમ અભિપ્રાય હોય તો તે તો બ્રહ્મવાદીને પણ અવિશિષ્ટ છે. તેમજ અણુવાદીને પણ એક અણુ બીજા અણુ સાથે સંયોગ પામતો નિરવયવ હોવાથી જો કૃત્સ્નતાથી સં-

---

કાર્યો છે એમ કહેશો તોપણ કૃત્સ્નતાએ પ્રત્યેક ગુણ પરિણામ પામશે તો મૂલનો ઉચ્છેદ થશે અને એકદેશે પરિણામ પામશે તો સાવયવત્વ થશે. એટલે પ્રધાનવાદમાં બંને દોષો દુર્નિવાર છે. પણ સત્ત્વાદિનો સમુદાય થયે પરિણામ સ્વીકાર્યો છે તેથી બંને દોષ નથી એવી આશંકા કરી કહે છે—'એકેકજ બીજા બેથી અનુગૃહીત થયલું' ઇત્યાદિ. સમુદાયજ પરિણામી થાય તો કાર્યવૈષમ્ય સિદ્ધ ન થાય એમ સમજવું. જો પ્રત્યેક સત્ત્વાદિક, અન્ય બે ગુણ સહિત, નિરવયવજ ઉપાદાન હોય તો કૃત્સ્ન ઉપાદાન કાર્યરૂપ થવાનો પ્રસંગ આવવાથી મૂલોચ્છેદ થાય એમ કહ્યું છે તેથી નિરવયવત્વસાધક તર્ક આભાસરૂપ હોવાથી ગુણો સાવયવજ છે, પરિણામી હોવાથી, મૃદાદિની પેઠે તેથી કૃત્સ્નપ્રસક્તિ થશે નહિ; કેમકે એકદેશપરિણામનો સંભવ છે એમ શંકા કરે છે—'તર્ક પ્રતિષ્ઠિત થતો નથી તેથી સાવયવત્વજ છે' ઇત્યાદિ. એ દોષનો અભાવ છે તોપણ અન્ય દોષ થશે એમ શંકાનો પરિહાર કરે છે—'એમ પણ અનિત્યતા આદિ દોષનો પ્રસંગ આવશે' ઇત્યાદિ. પણ ગુણોના અવયવો તન્તુની પેઠે આરંભક થતા નથી, પરન્તુ કાર્યવૈચિત્ર્યથી અનુમિત થયલી તેને વિષે રહેલી શક્તિઓ આરંભક થાય છે એમ કહેશો તો માયિક શક્તિઓ વડે બ્રહ્મનું પણ સાવયવત્વ તુલ્યજ છે એમ કહે છે—'જો કાર્યવૈચિત્ર્યથી સૂચવાયલી' ઇત્યાદિ. અણુવાદમાં પણ દોષસામ્ય કહે છે—'તેમજ અણુવાદીને પણ' ઇત્યાદિ. સાંખ્યની પેઠે દોષ સમાન છે એમ સંબંધ છે. તાર્કિકોની પ્રક્રિયા આ પ્રમાણે છે—પરમાણુ એ નિરવયવ છે. બે પરમાણુનો સંયોગ થવાથી દ્વ્યણુક નામનું કાર્ય થાય છે, ત્રણ દ્વ્યણુકના સંયોગથી ત્ર્યણુક અને ત્ર્યણુકોના સંયોગથી ચતુરણુક થાય છે. એ પ્રક્રિયામાં બે પરમાણુનો સંયોગ વ્યાપ્યવૃત્તિ છે કે અવ્યાપ્યવૃત્તિ છે? આદ્ય પક્ષમાં પરમાણુના કરતાં દ્વ્યણુકનું અધિક પરિમાણ ઉપપન્ન થશે નહિ; કેમકે સંયોગ વ્યાપ્યવૃત્તિ ત્યારેજ કહેવાય કે જ્યારે જેટલા પ્રદેશમાં એક પરમાણુ સમિત છે-માએ છે, તેટલાજ પ્રદેશમાં બીજો પરમાણુ પણ સમિત થાય. એમ થવાથી પ્રથિમાનો—અધિક પરિમાણનો સંભવ નથી; કેમકે પ્રથિમા હોય તો પરમાણુને જેટલા પ્રદેશની અપેક્ષા છે તેથી અધિક પ્રદેશ દ્વ્યણુક વ્યાપ્ત કરે એ આવશ્યક થાય. જો બે અણુનો સંયોગ અવ્યાપ્યવૃત્તિ હોય તો તેમ થયે જેમ બે મૃત્પિંડનો સંયોગ એકેક પાસું જોડાવાથી થયો હોય તો મૃત્પિંડ મોટો થાય છે તેમ બે અણુના એકેક પાસાના સંયોગથી દ્વ્યણુક ઉત્પન્ન થાય એમ હોવાથી દ્વ્યણુકનું અધિક પરિમાણ સંભવે; પરંતુ સંયોગ અવ્યાપ્ય હોવાથી જે પ્રદેશમાં ન હોય ત્યાં સંયોગનો અભાવ કહેવો જોઈએ. એ રીતે સંયોગ અને તેનો અભાવ બંને થાય; અને જેમ વૃક્ષ અને કપિનો સંયોગ અવ્યાપ્યવૃત્તિ છે તેથી જે શાખા પર કપિ હોય તેનો સંયોગ કપિને છે અને મૂળ પર કપિ નથી તેથી મૂળનો ને કપિનો સંયોગ નથી, એમ અવયવભેદ હોવાથી સંયોગના અવચ્છેદકો સંભવે છે, તેમ અહૂં અવયવભેદ અવચ્છેદકો નથી; કેમકે પરમાણુ નિરવયવ છે, આ પ્રમાણે નિરવયવ પરમાણુઓનો

યોગ પામે તો [1]પ્રથિમા અનુપપન્ન થવાથી અણુમાત્ર હોવાનો પ્રસંગ આવશે અને એ એકદેશે સંયોગ પામે તોપણ નિરવયવત્વસ્વીકારને બાધ આવશે એટલે પોતાના પક્ષમાં પણ એ દોષ સમાન છે. સમાન હોવાથી બેમાંથી એક પક્ષમાંજ નાંખવો યુક્ત નથી. બ્રહ્મવાદીએ તો પોતાના પક્ષમાં દોષનો પરિહાર કર્યો છે ॥ ૨૯ ॥

सर्वोपेता च तद्दर्शनात् ॥ ३० ॥

(પર દેવતા) સર્વ શક્તિથી યુક્ત છે, તેનું દર્શન (શ્રુતિમાં) છે તેથી ॥ ૩૦ ॥

એક પણ બ્રહ્મની વિચિત્ર શક્તિના યોગથી વિચિત્ર વિકારપ્રપંચ ઉપપન્ન થાય છે એમ કહ્યું છે. પણ પરબ્રહ્મ વિચિત્રશક્તિયુક્ત છે એમ શાથી સમજાય છે? તે કહીએ છીએ — सर्वोपेता च तद्दर्शनात्. પર દેવતા સર્વશક્તિયુક્ત છે એમ સ્વીકારવું યુક્ત છે. શાથી? તેના દર્શનથી; કેમકે શ્રુતિ પર દેવતાનો સર્વશક્તિયોગ દર્શાવે છે — 'सर्वकर्मा सर्वकामः सर्वगन्धः सर्वरसः सर्वमिदमभ्यात्तोऽवाक्यनादरः' [છાન્દો० ૩.૧૪.૪] (સર્વે ક્રિયા જેનું કર્મ છે, જેના સર્વ મનોરથ દોષરહિત છે, સર્વ ગંધ જેના સુખકર છે, જેના સર્વ રસ સુખકર છે, જે આ સર્વ જગતને અભિવ્યાપે છે, અભિલાષરહિત અને નિષ્કામ), 'सत्यकामः सत्यसङ्कल्पः' [છાન્દો० ૮.૭.૧] (સત્ય કામનાવાળો, સત્ય સંકલ્પવાળો), 'यः सर्वज्ञः सर्ववित्' [મુણ્ડ० ૧.૧.૯] (જે સર્વજ્ઞ અને સર્વવિત્ છે), 'एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि सूर्याचन्द्रमसौ विधृतौ तिष्ठतः' [બૃહ० ૩.૮.૯] (એજ નાશરહિત બ્રહ્મની આજ્ઞામાં હે ગાર્ગિ, સૂર્ય અને ચન્દ્ર ધારણ કરાયલા રહે છે) એવા પ્રકારની (શ્રુતિ) ॥ ૩૦ ॥

[illegible] ॥ ૨૯ ॥

[illegible] ॥ ૩૦ ॥

૧ [illegible]

विकरणत्वान्नेति चेत्तदुक्तम् ॥ ३१ ॥

'કરણરહિત હોવાથી (બ્રહ્મ શક્તિરહિત છે) એમ (કહેશો) તો તે કહી ગયા છીએ ॥ ૩૧ ॥

ટીક. પણ પર દેવતા કરણરહિત છે એમ શાસ્ત્ર અનુશાસન કરે છે—'अचक्षुष्कमश्रोत्रमवागमनाः' [બૃહ૦ ૩।૮।૮] (નેત્રરહિત, કર્ણરહિત, વાણીરહિત, મનરહિત) એવી જાતનું (શાસ્ત્ર). તે દેવતા સર્વશક્તિવાળી હોય તોપણ કાર્ય માટે શી રીતે સમર્થ થાય? કેમકે દેવાદિ ચેતનો, સવશક્તિયુક્ત છે તોપણ આધ્યાત્મિક કાર્યકરણથી સંપન્ન હોય તોજ તે તે કાર્ય કરવાની શક્તિવાળા જાણવામાં આવ્યા છે; તો 'नेति नेति' [બૃહ૦ ૩।૬।૨૬] (આવું નથી, આવું નથી) એમ જેના સર્વ વિશેષનો પ્રતિષેધ કર્યો છે એવી દેવતામાં સર્વ શક્તિનો યોગ શી રીતે સંભવે એમ જો કહેશો તો જે એ વિષયમાં કહેવાનું છે તે પૂર્વેજ કહ્યું છે. આ અતિગંભીર બ્રહ્મ શ્રુતિથીજ [1]અવગાહ્ય છે, તર્કથી અવગાહ્ય નથી. વળી જેનું સામર્થ્ય એકનું જોવામાં આવેલું છે તેવું બીજાનું સામર્થ્ય હોવું જોઈએ એવો નિયમ નથી. જેના સર્વ વિશેષનો પ્રતિષેધ થયો છે એવા પણ બ્રહ્મને સર્વશક્તિનો યોગ સંભવે છે એ પણ અવિદ્યાએ કલ્પિત રૂપભેદના ઉપન્યાસથી કહ્યું છેજ. તેમજ 'अपाणिपादो जवनो ग्रहीता पश्यत्यचक्षुः स शृणोत्यकर्णः' [શ્વેતા૦ ૩।૧૯] (તેને હાથ નથી તોપણ તે સર્વગ્રાહી છે અને પગ નથી તોપણ તે દૂરગામી છે, નેત્ર નથી તોપણ તે જુએ છે ને કર્ણ નથી તોપણ તે સાંભળે છે) એ શાસ્ત્ર કરણરહિત પણ બ્રહ્મનો સર્વસામર્થ્યયોગ દર્શાવે છે ॥ ૩૧ ॥

પૂર્વપક્ષન્યાયનો અનુવાદ કરી તેનું દૂષણ કરે છે—'विकरणत्वान्नेति' ઇત્યાદિ. દેવાદિ ચેતનો શક્ત હોય છે તોપણ તેમને દેહનો અભિમાન થયેજ તેઓ કંઈ કામ કરતા જોવામાં આવે છે, તેનો અભાવ હોય ને સુષુપ્તિમાં હોય તો તેમ કરતા જોવામાં આવતા નથી; માટે બ્રહ્મ શક્ત છે તોપણ દેહરહિત હોવાથી કર્તા થઈ શકે નહિ. દેહરહિતને શક્તિ સંભવતી પણ નથી એવો શંકાનો અર્થ છે. કરણરહિત જીવને કર્તૃત્વ સંભવતું નથી તોપણ 'देवादिवदपि लोके' [બ્રહ્મસૂ૦ ૨।૧।૨૫] એમાં એ વિષે કહ્યું છે. તેનાં શરીર કલ્પિત હોવાથી માયાનો આશ્રય થાય એ યુક્ત નથી તેથી નિર્વિશેષ ચિન્માત્રજ માયાનું અધિષ્ઠાન છે એ યુક્ત છે એવો સમાધાનનો અર્થ છે. કુલાલાદિને કામ કરવા માટે બાહ્ય કરણની અપેક્ષા છે, તેમના કરતાં બાહ્ય કરણની અપેક્ષા વગર આન્તર કરણની અપેક્ષાથી સૃષ્ટિ કરનારા દેવાદિનો વિશેષ સપ્રમાણ જણાય છે તેનો અપહ્નવ કરી શકાતો નથી, અને જેમ જાગ્રત્ સૃષ્ટિને બાહ્ય કરણની અપેક્ષા છે તોપણ સ્વપ્નસૃષ્ટિને બાહ્ય કરણની અપેક્ષા નથી, સ્વપ્નમાં રથાદિ સૃષ્ટિને માત્ર આન્તર કરણની અપેક્ષા છે, તેનો પણ અપહ્નવ કરી શકાતો નથી; તેમ સર્વશક્તિયુક્ત પર દેવતા આન્તર કરણની અપેક્ષા વગર જગત્ સર્જે છે એમ શ્રુતિ કહે છે તેનો સામાન્યતઃ જે જોવામાં આવે છે તેથી અપહ્નવ કરવો યુક્ત નથી ॥ ૩૧ ॥

---

૧ ઇન્દ્રિયરહિત. ૨ જેમાં અવગાહન—પ્રવેશ થઈ શકે એવું.

न प्रयोजनवत्त्वात् ॥ ३२ ॥

(ચેતન બ્રહ્મ જગત્નો કર્તા) નથી; કેમકે (પ્રવૃત્તિઓ) પ્રયોજનવાળી હોય છે ॥ ૩૨ ॥

વળી ચેતન જગતનો કર્તા છે તેનો બીજી રીતે આક્ષેપ કરે છે. ખરેખર, ચેતન પરમાત્મા આ જગદ્બિમ્બ રચે એ યુક્ત નથી. શાથી? પ્રવૃત્તિઓ પ્રયોજનવાળી હોય છે તેથી. ખરેખર, લોકમાં બુદ્ધિપૂર્વક કામ કરનાર ચેતન પુરુષ પ્રવર્તમાન થતો, જેનો ઉપક્રમ મન્દ છે એવી પણ પ્રવૃત્તિ, જો પોતાના પ્રયોજનને ઉપયોગી ન હોય તો તેવી, આરંભતો જોવામાં આવતો નથી; તો જેનો સંરંભ ગુરુતર હોય એવીનો આરંભ ન કરે એમાં તો કહેવુંજ શું? લોકપ્રસિદ્ધિને અનુસરતી શ્રુતિ પણ છે—'न वा अरे सर्वस्य कामाय सर्वं प्रियं भवत्यात्मनस्तु कामाय सर्वं प्रियं भवति' [બૃહ૦ ૨।૪।૫] (અરે, એ પ્રસિદ્ધ છે કે સર્વના પ્રયોજન માટે સર્વ પ્રિય થતું નથી, પણ આત્માના પ્રયોજનને અર્થે સર્વ પ્રિય થાય છે) એમ. 'ઉચ્ચાવચ પ્રપંચવાળું જગત્ રચવાનું છે તે ગુરુતર સંરંભવાળી એ પ્રવૃત્તિ છે. જો એ પણ પ્રવૃત્તિ ચેતન પરમાત્માના પોતાના પ્રયોજનને ઉપયોગી છે એમ કલ્પાય તો પરમાત્મા પરિતૃપ્ત છે એવું જે શ્રુતિમાં છે તેને બાધ આવે; અને પ્રયોજનને અભાવે પ્રવૃત્તિનો અભાવ પણ થાય. જો ચેતન પણ કોઈ ઉન્મત્ત થયેલો બુદ્ધિના અપરા-

૧ પરિપૂર્ણ બ્રહ્મથી જગત્ની સૃષ્ટિ કહેતો વેદાન્તસમન્વય વિષય છે તે શું [illegible] નહિ તેને વિષે સંદેહ [illegible] ચેતન છે તે નિષ્ફળ વસ્તુ રચતો નથી' એ ન્યાયથી વિરુદ્ધ છે કે નહિ [illegible] કર્તા છે એમ કહ્યું તેનો આક્ષેપ કરે [illegible] '—વળી બીજી રીતે ચેતન જગત્નો કર્તા છે' ઇત્યાદિ. [illegible] '—લોકપ્રસિદ્ધિને અનુસરતી શ્રુતિ પણ છે' ઇત્યાદિ. [illegible] '—ઉચ્ચાવચ પ્રપંચવાળું જગત્ રચવાનું છે તે' ઇત્યાદિ. [illegible] '—જો એ પણ પ્રવૃત્તિ' ઇત્યાદિ. [illegible] '—જો ચેતન પણ કોઈ ઉન્મત્ત થયેલો' ઇત્યાદિ. [illegible]

[illegible]

થયી પોતાના પ્રયોજન વિના પણ પ્રવર્તમાન થતો જોવામાં આવે છે તેમજ પર-માત્મા પણ પ્રવર્તશે એમ કહેશો તો તેમ થવાથી પરમાત્મા સર્વજ્ઞ છે એમ શ્રુતિમાં છે તેને બાધ આવશે. તેટલા માટે ચેતનથી સૃષ્ટિ થતી નથી ॥ ૩૨ ॥

लोकवत्तु लीलाकैवल्यम् ॥ ३३ ॥

પણ લોકની પેઠે કેવલ લીલારૂપ (પ્રવૃત્તિ થશે) ॥ ૩૩ ॥

તુશબ્દથી આક્ષેપનો પરિહાર કરે છે. જેમ લોકમાં કોઈ રાજા કે રાજામાત્ય જેની સર્વ કામના તૃપ્ત થઈ છે તેની, ક્રીડારૂપ વિહાર કરવાના પ્રદેશમાં પ્રવૃત્તિઓ કંઈ બીજા પ્રયોજનની અભિસંધિ વગર કેવળ લીલારૂપ હોય છે અને જેમ ઉચ્છ્વાસ, પ્રશ્વાસ આદિ કંઈ બાહ્ય પ્રયોજનની અભિસંધિ વગર સ્વભાવથીજ ઉત્પન્ન થાય છે; એ પ્રમાણે ઈશ્વરની પણ પ્રવૃત્તિ કંઈ અન્ય પ્રયોજનની અપેક્ષા વગર સ્વભાવથીજ કેવળ લીલારૂપ થશે; કેમકે ઈશ્વરનું અન્ય પ્રયોજન નિરૂપ્યમાણ થતું ન્યાય કે શ્રુતિથી સંભવતું નથી. વળી સ્વભાવને વિષે [1]પર્યનુયોગ કરવો શક્ય નથી.

અલ્પ આયાસવાળી પ્રવૃત્તિ પણ નિષ્પ્રયોજન હોતી નથી, તો અપરિમેય, અનેકવિધ, ઉચ્ચાવચ પ્રપંચવાળા જગદ્વિભ્રમની વિરચના જે મહાપ્રયાસવાળી છે તે પ્રવૃત્તિ તો નિષ્પ્રયોજન ન હોય એમ કહેવુંજ શું ! એટલા માટે એ પ્રવૃત્તિ લીલા છે એમ કહેવાનું પણ નિરસન થયું સમજવું કેમકે લીલા પણ અલ્પ આયાસથી સાધ્ય છે. ને એ પણ પ્રયોજનરહિત નથી, એમાં સુખરૂપી પ્રયોજન છે. તેટલા માટે પ્રેક્ષાવત્‌ની પ્રવૃત્તિ પ્રયોજનવત્તાથી વ્યાપ્ત છે અને તેને અભાવે અનુપપન્ન છે તેટલા માટે બ્રહ્મ જગત્‌નું ઉપાદાન થઈ શકે નહિ એવો પૂર્વપક્ષીનો આશય છે ॥ ૩૨ ॥

ઉક્ત ન્યાયનો રાજાઓની લીલામાં વ્યભિચાર છે એમ સિદ્ધાન્તસૂત્રનું વ્યાખ્યાન કરે છે— ‘ તુશબ્દથી ’ ઇત્યાદિ. ‘ બીજા પ્રયોજનની અભિસંધિ વગર ’, બીજું એટલે લીલાથી બીજું. કદાચિત્ રાજાઓનું લીલામાં પણ કંઈ ફળ-સુખ, ઉલ્લાસ આદિ-સંભવે તથાપિ નિઃશ્વાસ આદિના પ્રેક્ષાવત્‌ની પ્રવૃત્તિ છે, પણ તેમાં પોતાને ઉદ્દેશીને કંઈ ફળ નથી એમ અન્ય વ્યભિચારસ્થળ કહે છે—‘ અને જેમ ઉચ્છ્વાસ, પ્રશ્વાસ ’ ઇત્યાદિ. પ્રાણનો સ્વભાવ-ચલત્વ કે પ્રારબ્ધ-ઉચ્છ્વાસાદિનો હેતુ છે: ઈશ્વરનો સ્વભાવ કાલકર્મસહિતમાયા છે, પણ જગદ્રચના ઈશ્વરની કેવળ લીલા છે એમ શા માટે કહો છો, કંઈક ફળનીજ કલ્પના કરો તેને માટે કહે છે—‘ કેમકે ઈશ્વરનું અન્ય પ્રયોજન નિરૂપ્યમાણ થતું ’ ઇત્યાદિ. કેમકે ઈશ્વરને શ્રુતિમાં આપ્તકામ કહ્યો છે તેનો વ્યાઘાત થાય. પણ ઈશ્વર શાન્ત કેમ બેસી રહેતો નથી; પોતાને કંઈ ફળ આપતી નથી અને બીજાઓને દુઃખ ઉત્પન્ન કરે છે એવી સૃષ્ટિ શા માટે કરે છે તેને માટે કહે છે—‘ વળી સ્વભાવને વિષે પર્યનુયોગ કરવો શક્ય નથી. ’ કાલ, ધર્મ આદિ સામગ્રી હોવાથી સૃષ્ટિનો પરિહાર થઈ શકે એમ નથી એવો અર્થ છે. વળી ગુરુતર આયાસ હોવાને લીધે ફળ કહેવું જોઈએ એમ જે કહ્યું છે તેમાં હેતુ અસિદ્ધ છે એમ કહે છે—

---

૧ रूपमार्गे जिज्ञासा पर्यनुयोगः કારણને માટે તપાસ કરવી તે.

કે જગદ્બિંબની વિરચના આપણને ગુરુતર સંરમ્ભવાળી હોય એવી લાગે છે, પણ પરમેશ્વરની એ કેવળ લીલાજ છે; કેમકે એની શક્તિ અપરિમિત છે. જો કે લોકમાં લીલાને વિષે પણ કંઈક સૂક્ષ્મ પ્રયોજનની ઉત્પ્રેક્ષા કરી શકાય તોપણ અહિં કંઈ પણ પ્રયોજનની ઉત્પ્રેક્ષા કરવી શક્ય નથી; કેમકે પરમેશ્વર 'આપ્તકામ છે એવી શ્રુતિ છે. તેમજ અપ્રવૃત્તિ કે ઉન્મત્તના જેવી પ્રવૃત્તિ પણ નથી; કેમકે શ્રુતિ સૃષ્ટિ પ્રતિપાદન કરે છે અને સર્વજ્ઞત્વ પણ પ્રતિપાદન કરે છે. તેમજ એ સૃષ્ટિશ્રુતિ પરમાર્થને લગતી પણ નથી; કેમકે અવિદ્યાએ કલ્પેલાં નામરૂપના વ્યવહારને લગતી છે અને બ્રહ્માત્મભાવ પ્રતિપાદન કરવા માટે છે એ પણ ભૂલી જવાનું નથી ॥૩૩॥

वैषम्यनैर्घृण्ये न सापेक्षत्वात्तथाहि दर्शयति॥ ३४ ॥

(ઈશ્વરને) વૈષમ્ય અને નૈર્ઘૃણ્ય નહિ (પ્રસક્ત થાય) કેમકે તે 'સાપેક્ષ છે. તેવીજ રીતે (શ્રુતિ) દર્શાવે છે ॥ ૩૪ ॥

ઈશ્વર જગતના જન્માદિનો હેતુ છે એ પર [5]સ્થૂણાનિખનનન્યાયથી પ્રતિજ્ઞાત અર્થને દૃઢ કરવા માટે પાછો આક્ષેપ કરવામાં આવે છે. ઈશ્વર જગતનું કારણ છે

'જોકે જગદ્બિંબની વિરચના' ઇત્યાદિ. 'અલ્પપ્રવૃત્તિનું પણ ફળ કહેવું જોઈએ, કેમકે લોકમાં તેવું જોવામાં આવે છે' એ તર્ક આગમથી બાધિત છે એમ કહે છે— 'જોકે લોકમાં લીલાને વિષે પણ' ઇત્યાદિ. સૃષ્ટિની શ્રુતિ છે તેવી અપ્રવૃત્તિ નથી અને સર્વજ્ઞત્વની શ્રુતિ છે તેવી ઉન્મત્તતા નથી એમ સમજવું. સ્વપ્રસૃષ્ટિની પેઠે આ સૃષ્ટિ પણ સ્વાભાવિક છે તેથી ફળની અપેક્ષા નથી એમ કહે છે— 'તેમજ એ સૃષ્ટિશ્રુતિ પરમાર્થને લગતી નથી'. વળી નિષ્ફળસૃષ્ટિશ્રુતિઓ અનર્થક છે એમ પણ ન કહેવું. કેમકે સૃષ્ટિ જે બ્રહ્મપ્રતીતિ તેની અનન્તર હોવાથી તે સપ્રયોજન છે એમ કહ્યું છે તે વીસરવું યુક્ત નથી એવો અર્થ છે. આ સૃષ્ટિ કંઈ પારમાર્થિક નથી કે તેના પ્રયોજનનો અનુયોગ કરવો યુક્ત થાય; પણ સૃષ્ટિ તો અવિદ્યાનિબન્ધન—અવિદ્યાને આધારે રહેલી—છે. અવિદ્યા તો સ્વભાવથીજ કાર્યોન્મુખ છે; એને પ્રયોજનની અપેક્ષા નથી. દ્વિચન્દ્ર, અલાતચક્ર, ગન્ધર્વનગર આદિ વિભ્રમોનું કંઈ પ્રયોજન હોતું નથી, તેમજ એનાં કાર્યો, વિભ્રમ, ભય, કંપ આદિ પોતાની ઉત્પત્તિ વિષે પ્રયોજનની અપેક્ષા રાખતાં નથી. વળી બ્રહ્મ જગતનું કારણ છે એમ કારણસ્વરૂપે કહેવાનું તાત્પર્ય નથી—સૃષ્ટિને વિષે સૃષ્ટિશ્રુતિનું તાત્પર્ય નથી—પણ જગતને વિષે બ્રહ્મતાદાત્મ્ય કહેવાનું તાત્પર્ય છે; માટે સૃષ્ટિ અવિવક્ષિત હોવાથી તેને આશ્રયે રહેલો દોષ પણ સિદ્ધાન્તને બાધક નથી ॥ ૩૩ ॥

સિદ્ધ કરવાથી જગતની સૃષ્ટિ કહેલી વેદાન્તવચનના વિરુદ્ધ છે, તે શું ? એ વિષય

[illegible]

એ ઉપપન્ન થતું નથી. શાથી ? વૈષમ્ય અને નૈર્ઘૃણ્યના પ્રસંગથી. કેટલાક
ઓને, તે અત્યન્ત સુખી કરે છે, કેટલાક, પશુ આદિઓને, તે અત્યન્ત દુ
છે, અને કેટલાક, મનુષ્ય આદિઓને, મધ્યમ ભોગ ભોગવનારા કરે છે, એ
વિષમ સૃષ્ટિના નિર્માણ કરનાર ઈશ્વરને વિષે [1]પૃથગ્જનની પેઠે રાગ અને
પન્ન થાય છે તેથી શ્રુતિ અને સ્મૃતિમાં [2]અવધારણ કરેલા સ્વચ્છતાદિ ઈશ્વર
વનો વિલોપ પ્રસક્ત થાય, તેમજ તેણે દુઃખનો યોગ કર્યો છે અને સર્વ પ્રજ
પસંહાર કરે છે તેથી ખળ પુરુષો પણ જેની નિન્દા કરે છે એવું નિર્ઘૃણત્વ-અતિ
પ્રસક્ત થાય. તેટલા માટે વૈષમ્ય અને નૈર્ઘૃણ્યના પ્રસંગથી ઈશ્વર
નથી એમ પ્રાપ્ત થયે કહીએ છીએ વૈષમ્ય અને નૈર્ઘૃણ્ય ઈશ્વરને પ્રસક્ત
નથી. શાથી ? સાપેક્ષ છે તેથી. જો કેવલ નિરપેક્ષ ઈશ્વર વિષમ સૃષ્ટિનું નિ
કરતો હોય તો વૈષમ્ય અને નૈર્ઘૃણ્ય એ બે દોષો થાય. પણ નિરપેક્ષ નિર્માતા
નથી; કેમકે ઈશ્વર સાપેક્ષ હોઈ વિષમ સૃષ્ટિનું નિર્માણ કરે છે. શેની અપેક્ષા
છે એમ કહેશો તો ધર્મ અને અધર્મની અપેક્ષા રાખે છે એમ અમે કહીએ છી
આથી સર્જાતાં પ્રાણીના ધર્મ અને અધર્મની અપેક્ષા હોવાથી સૃષ્ટિ વિષમ છે એ
એ કંઈ ઈશ્વરનો અપરાધ નથી. ઈશ્વરને તો પર્જન્યની પેઠે સમજવો. જેમ વ્રીહિ
યવ, આદિની સૃષ્ટિમાં ઈશ્વર સાધારણ કારણ છે; પણ વ્રીહિ, યવ, આદિના વિ
મપણામાં તો તે બીજમાં રહેલાં અસાધારણ સામર્થ્ય કારણ છે; એવી રીતે દેવ
મનુષ્ય, આદિની સૃષ્ટિનું ઈશ્વર સાધારણ કારણ છે; પણ દેવ, મનુષ્ય, આદિના વિ-
ષમપણામાં તો તે તે જીવમાં રહેલાં અસાધારણ કર્મો કારણ થાય છે. આ પ્રમાણે ઈશ્વર
સાપેક્ષ હોવાથી વૈષમ્ય અને નૈર્ઘૃણ્યથી દૂષિત થતો નથી. પણ સાપેક્ષ ઈશ્વર નીચ,
મધ્યમ અને ઉત્તમ સંસારનું નિર્માણ કરે છે એમ કેવી રીતે સમજાય છે ? કેમકે

ર્ય કરે છે તે દોષવાન્ છે' એ ન્યાયથી વિરુદ્ધ છે કે નહિ તેનો સંદેહ થયે પૂર્વ અધિકર-
ણમાં લીધાથી જે સ્રષ્ટૃત્વ કહ્યું છે તેજ કર્માદિ સાપેક્ષ ઈશ્વરને યુક્ત નથી; કેમકે અનીશ્વર થ-
વાનો પ્રસંગ આવશે; અને ઈશ્વરને નિરપેક્ષ હોવાથી રાગાદિ દોષ પ્રસક્ત થશે એમ આક્ષેપની
સંગતિથી પૂર્વપક્ષ કરે છે—'ઈશ્વર જગત્‌ના જન્માદિનો હેતુ છે' ઇત્યાદિ પ્રબન્ધ 'જગતનું
કારણ છે એમ જન્માદિ સૂત્રમાં પ્રતિજ્ઞાન કરેલો અર્થ છે. 'પૃથગ્જનની પેઠે' = પામરની
પેઠે. 'શ્રુતિ અને સ્મૃતિમાં અવધારણ કરેલા'—'निरवद्यं निरञ्जनम्' એવી શ્રુતિ
છે અને 'न मे द्वेष्योऽस्ति न प्रियः' (મારે દ્વેષ્ય નથી ને પ્રિય પણ નથી) એવી સ્મૃતિ છે.
'સ્વચ્છતાદિ' માં આદિપદથી કૂટસ્થત્વનું ગ્રહણ કરવું. નિમિત્તની અપેક્ષા વગર ઈશ્વર
વિષમ સૃષ્ટિ કરે તો વૈષમ્ય આદિ દોષ થાય; પણ ઈશ્વર નિરપેક્ષ નથી એમ સિદ્ધાન્ત કરે છે—
'એમ પ્રાપ્ત થયે કહીએ છીએ'. ઈશ્વર સાપેક્ષ હોવાથી અનીશ્વર છે એમ કહેવું યુક્ત
નથી; કેમકે એમ હોય તો સેવાની અપેક્ષાએ ફળ આપનાર રાજાનું ઈશ્વરત્વ નષ્ટ થાય. ત્યારે
ધર્મ અને અધર્મથીજ વિચિત્ર સૃષ્ટિ થાઓ; ઈશ્વરનું શું પ્રયોજન છે તેને માટે કહે છે—
'ઈશ્વરને તો પર્જન્યની પેઠે સમજવો'. સાધારણ હેતુની સાપેક્ષ અસાધારણ હેતુ કાર્ય
કરે છે તેથી ઈશ્વર વ્યર્થ નથી; નહિ તો પર્જન્ય પણ વ્યર્થ થવાનો પ્રસંગ આવે. 'एष
હોય' ઇત્યાદિ. જે માણસને ઊંચી સ્થિતિમાં લઈ જવા ઇચ્છે છે તેની પાસે એ ઈશ્વર સદ્

---

૧ સાધારણ માણસ. ૨ નિશ્ચિત કરેલા.

શ્રુતિ તેવી રીતે દર્શાવે છે—'एष ह्येव साधु कर्म कारयति तं यमेभ्यो लोकेभ्य उन्निनीषत एष उ एवासाधु कर्म कारयति तं यमधो निनीषते' [કૌશી૦ ૩।૮] (જેને આ લોકોમાંથી ઊંચે લઈ જવા ઇચ્છે છે તેની પાસે સાધુ કર્મ એજ કરાવે છે; અને જેને નીચે લાવવા ઇચ્છે છે તેની પાસે એજ અસાધુ કર્મ કરાવે છે), અને 'पुण्यो वै पुण्येन कर्मणा भवति पापः पापेन' [બૃહ૦ ૩।૨।૧૩] (પુણ્ય કર્મથી પુણ્યશાળી ને પાપ કર્મથી પાપી થાય છે) એ. સ્મૃતિ પણ પ્રાણીઓનાં કર્મવિશે-

---

કર્મ કરાવે છે એવો અન્વય સમજવો. પણ કોઈક પુરુષ પાસે સાધુ કર્મ કરાવે છે ને કોઈક પાસે અસાધુ કર્મ કરાવે છે એટલે તેનુંજ વૈષમ્ય ઈશ્વરને પ્રસક્ત થાય છે એમ કહેવું યુક્ત નથી. પૂર્વના અનાદિ કાળથી પ્રાપ્ત કરેલી સાધુ કે અસાધુ વાસનાથી પુરુષ સ્વભાવેજ તે તે કર્મને વિષે પ્રવૃત્ત થાય છે એમાં ઈશ્વર સાધારણ હેતુ છે એથી ઈશ્વર અનવદ્ય છે એમ સમજવાનું છે. પૂર્વપક્ષ તો સ્પષ્ટ છે. ઉત્તર પક્ષનું તાત્પર્ય આ પ્રમાણે છે:—ઉચ્ચાવચ, મધ્યમ, સુખદુઃખયુક્ત પ્રાણીનો પ્રપંચ અને સુખદુઃખનાં કારણ સુધાવિષ આદિ અનેક પ્રકારની સૃષ્ટિ રચનાર પરમેશ્વર વિવિધ પ્રાણીઓએ કરેલા પાપપુણ્યકર્મનો સહાયભૂત હોવાથી તેને વૈષમ્ય કે નૈર્ઘૃણ્ય પ્રસક્ત થતાં નથી. સભામાં નીમાવલો સભ્ય યુક્તવાદીને 'તું યુક્તવાદી છે' એમ કહે અને અયુક્તવાદીને 'તું અયુક્તવાદી છે' એમ કહે કે સભાપતિ યુક્તવાદી પર અનુગ્રહ કરે ને અયુક્તવાદીનો નિગ્રહ કરે તેથી તે અનુરાગી કે દ્વેષી થતો નથી, પણ તે મધ્યસ્થ અને રાગદ્વેષરહિતજ કહેવાય છે. તે પ્રમાણે ઈશ્વર પુણ્ય કર્મવાળા પુરુષનો અનુગ્રહ કરે છે ને અપુણ્ય કર્મવાળા પુરુષનો નિગ્રહ કરે છે તેથી મધ્યસ્થજ છે, અમધ્યસ્થ નથી. જો અકલ્યાણકારીનો અનુગ્રહ કરતો હોત અને કલ્યાણકારીનો નિગ્રહ કરતો હોત તો તે અમધ્યસ્થ કહેવાત. પણ એમ નથી. તેટલા માટે વૈષમ્યાદિ દોષ નથી. એટલાજ માટે સમસ્ત પ્રાણીઓનો સંહાર કરે છે તોપણ તેનામાં નૈર્ઘૃણ્ય નથી. તે પ્રાણીઓના કર્માશયોનો વૃત્તિનિરોધનો સમય છે, તેનું એ ઉલ્લંઘન કરે તો એ અયુક્તકારી થાય. વળી ઈશ્વરને સૃષ્ટિ ઉત્પન્ન કરવામાં કર્મની અપેક્ષા છે માટે તેના ઐશ્વર્યનો વ્યાઘાત થાય છે એમ કહેવું પણ યુક્ત નથી, કેમકે સેવાદિ કર્મની અપેક્ષાએ ફળને આપનાર પ્રભુ કંઈ અપ્રભુ થતો નથી. તેમજ 'एष ह्येव साधु कर्म कारयति' ઇત્યાદિ શ્રુતિથી ઈશ્વરજ દ્વેષ અને પક્ષપાતથી સાધુ અને અસાધુ કર્મ કરાવી કોઈને સ્વર્ગમાં ને નરકમાં લઈ જાય છે, તેટલા માટે વૈષમ્યદોષના પ્રસંગથી ઈશ્વર કારણ નથી એમ કહેવું પણ યુક્ત નથી; કેમકે વિરોધ થાય છે કર્મ કરાવી ઈશ્વર પ્રાણીને સુખી ને દુઃખી કરે છે, એમ શ્રુતિ[illegible] છે, તેટલા માટે [illegible] નથી એ કહેવું વિરુદ્ધ છે. વળી અને તો ઈશ્વર [illegible] છે એટલુંજ કહીએ છીએ, ઈશ્વર જગતનું કારણ છે તેનો નિષેધ કરતા નથી એમ કહેવું પણ યુક્ત નથી. એમ હોય તો એથી શું? તેટલા માટે [illegible] કહેવાનો [illegible] [illegible] શ્રુતિઓના અનુવાદને માટે 'उन्निनीषते,' 'अधो निनीषते' ('ઊંચે લઈ જવા ઇચ્છે છે', 'નીચે લાવવા ઇચ્છે છે') એ પણ [illegible] તે [illegible] કર્મના [illegible] સંબંધે કહ્યું છે કે 'जन्म जन्म यदभ्यस्तं दानमध्ययनं तपः । तेनैवाभ्यासयोगेन तदेवाभ्यसते नरः ॥' (જન્મજન્મમાં જે દાન, અધ્યયન અને તપ [illegible] કર્યું હોય તેજ [illegible] [illegible] પુરુષ તેજ ફરીથી કરે છે). [illegible] છે એમ સ્મૃતિથી આ કહ્યું છે. [illegible]

[illegible]

પની અપેક્ષાએજ ઈશ્વર અનુગ્રહ અને નિગ્રહ કરનાર છે એમ દર્શાવે છે
માં પ્રપદ્યન્તે તાંસ્તથૈવ ભજામ્યહમ્' [ભગ૦ ગી૦ ૪।૧૧] (જેઓ જેવે
પ્રાપ્ત કરે છે તેમને તેવે પ્રકારે હું ભજું છું) એવા પ્રકારની (સ્મૃતિ) ॥

न कर्माविभागादिति चेन्नानादित्वात् ॥ ३५ ॥

કર્મ નથી, અવિભાગથી એમ કહેશો તો નહિ, અનાદિ છે તેથી ॥

'सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम्' [છાન્દો૦ ૬।૨।૧] (હે
અગ્રે આ સત્સ્વરૂપજ હતું, એકજ, અદ્વિતીય) એમ સૃષ્ટિની પૂર્વે અવિભાગ
શિત કર્યો છે તેથી કર્મ નથી કે જેની અપેક્ષાએ વિષમ સૃષ્ટિ થાય. શરી
વિભાગની અપેક્ષા રાખનારૂં કર્મ સૃષ્ટિને ઉત્તર કાલે થાય છે અને શરીરાદિ વિ
ગને કર્મની અપેક્ષા છે એમ ઇતરેતરાશ્રયત્વ પ્રસક્ત થશે. એ કારણથી વિભાગ
પછી કર્મની અપેક્ષાથી ઈશ્વર પ્રવૃત્તિમાન્ ભલે થાય; પરંતુ વિભાગની પૂર્વે વૈ
ગ્યનું નિમિત્ત જે કર્મ તેના અભાવથી આદ્ય સૃષ્ટિ તો તુલ્યજ પ્રાપ્ત થાય છે એ
કહેયો તો એ દોષ નથી; કેમકે સંસાર અનાદિ છે. [1]જો સંસાર આદિમાન્ હો
તો એ દોષ થાય. પણ સંસાર અનાદિ હોવાથી બીજ અને અંકુરની પેઠે હેતુહે
તુમદ્ભાવથી કર્મ અને વિષમ સૃષ્ટિની પ્રવૃત્તિને વિરોધ નથી ॥ ૩૫ ॥

પણ એ વીસરવું નહિ કે સૃષ્ટિ અનિર્વચ્ય છે. તેથી માયાની સકલ અને વિકલ અંશના ભેદથી વિચિત્ર પ્રાણીઓને દર્શાવે છે તેથી તેને વૈષમ્યદોષ લાગતો નથી, કે એકદમ સંહાર કરે છે—પ્રાણાં ખેંચી લે છે—તેથી નૈર્ઘૃણ્યનો દોષ લાગતો નથી; તેમ વિવિધ અને વિચિત્ર પ્રપંચવાળું અનિર્વચ્ય વિશ્વ સ્વભાવથી કે લીલાથી દર્શાવનાર અને સંહાર કરનાર ભગવાનને કોઈ દોષ પ્રસક્ત થતો નથી એવું તાત્પર્ય છે ॥ ૩૪ ॥

પ્રથમ સૃષ્ટિના વૈષમ્યહેતુ કર્મના અભાવથી તે સૃષ્ટિ એકરૂપજ થાય, તેજ પ્રમાણે તેની પછીના કલ્પોમાં પણ થાય એમ આક્ષેપ કરી સૂત્રકાર સમાધાન કરે છે—'न कर्माविभागादिति चेन्न' ઇત્યાદિ. પ્રથમ સૃષ્ટિમાં પ્રાણીઓ થતાં કર્મોએ કરેલું વૈષમ્ય છે એમ આશંકા કરી અન્યોન્યાશ્રય કહે છે—'શરીરાદિ વિભાગની અપેક્ષા રાખનારૂં કર્મ' ઇત્યાદિ. 'સૃષ્ટિને ઉત્તર કાલે'= આદ્ય સૃષ્ટિમાં એનું એ ઉપલક્ષણ છે. આરંભમાં સૃષ્ટિ એકરૂપ થાય તો મધ્યમાં વિષમ કર્મની ઉત્પત્તિ માટે હેતુ ન હોવાથી ઉત્તર સૃષ્ટિઓનું પણ તુલ્યત્વ દુર્નિવાર થશે એમ સમજવું. શંકાનો પરિહાર સુગમ છે ॥ ૩૫ ॥

---

[1] સંસારને આદિ-આરંભ હોય તો 'આદિમાન્'= જેને આદિ છે, તે સાદિ

રીર આત્માને પ્રાણધારણનિમિત્ત જીવશબ્દે કહી સંસાર અનાદિ છે એમ દર્શાવે પણ સંસાર આદિમાન હોય તો 'પૂર્વે પ્રાણ ધારણ નથી કર્યાં તો પ્રાણધારણનિત્ત જીવશબ્દ વડે સૃષ્ટિના આરંભમાં તેનો શી રીતે નિર્દેશ થાય? धारयिष्यति રણ કરશે) એથી એમ નિર્દેશ થાય એમ કહેવાય નહિ; કેમકે અનાગત સંબંધી અતીત સંબંધ 'અભિનિષ્પન્ન હોવાથી બળવાન છે. 'सूर्याचन्द्रमसौ धाता यापूर्वमकल्पयत्' [ઋ૦ સં૦ ૧૦।૧૯૦।૩] (સૂર્ય અને ચન્દ્રને ધાતાએ પૂર્વે અ-કરી કલ્પ્યા) એ મન્ત્રવર્ણ પૂર્વકલ્પનો સદ્ભાવ દર્શાવે છે. સ્મૃતિમાં પણ સં-ર અનાદિ છે એમ ઉપલબ્ધ થાય છે—' न रूपमस्येह तथोपलभ्यते नान्तो न चादिर्न संप्रतिष्ठा ' [ગી૦ ૧૫।૩] (અહિં એનું રૂપ વર્ણવ્યું તેવું ઉપલબ્ધ થતું નથી, તો અન્ત, આદિ ને મધ્ય ઉપલબ્ધ થતું નથી) એમ. વળી પુરાણમાં અતીત અને નાગત કલ્પોનું પરિમાણ નથી એમ સ્થાપિત છે ॥ ૩૬ ॥

सर्वधर्मोपपत्तेश्च ॥ ३७ ॥

અને સર્વ કારણધર્મો (બ્રહ્મને વિષે) ઉપપન્ન છે તેથી (આ દર્શન પર અતિશંકા કરવી યુક્ત નથી) ॥ ૩૭ ॥

ચેતન બ્રહ્મ જગતનું કારણ અને પ્રકૃતિ છે એ નિશ્ચિત વેદાર્થમાં પ્રતિપક્ષીઓએ ખેલા વિલક્ષણત્વ આદિ દોષોનો આચાર્યે પરિહાર કર્યો. હવે એમાં પરપક્ષનો પ્ર-ષેધ પ્રધાન છે એવું પ્રકરણ પ્રારંભ કરવા ઇચ્છતા (આચાર્ય) જે પ્રકરણમાં સ્વપક્ષનો

પ્રાણધારણનિમિત્ત જીવશબ્દ વડે કહે એને વિષે કહે છે—' धारयिष्यति ' ઇત્યાદિ. ' न रूप मस्येह ' ઇત્યાદિ [illegible]

[illegible]

પરિશુદ્ધ પ્રધાન છે તેનો ઉપસંહાર કરે છે. આ બ્રહ્મનો કારણ તરીકે પરિગ્રહ કરવાથી પ્રદર્શિત પ્રકારે 'सर्वज्ञं सर्वशक्ति महामायं च ब्रह्म' (સર્વજ્ઞ, સર્વશક્તિમાન, મહામાયાયુક્ત બ્રહ્મ) એમ સર્વે કારણધર્મો ઉપપન્ન થાય છે તેટલા માટે એ ઉપનિષદ્‌ના દર્શન પર અતિશંકા કરવી યુક્ત નથી ॥ ૩૭ ॥

અપ્રસિદ્ધ છે તોપણ જે જેનો કર્તા છે તે તે સર્વનો જ્ઞાતા છે અને શક્ત છે એ પ્રસિદ્ધ છે. ઈશ્વર પણ સર્વનો કર્તા છે એમ શ્રુતિ કહે છે તેથી પ્રસિદ્ધિને અનુસારે અર્થાત્ નિરતિશય સર્વજ્ઞત્વ અને સર્વશક્તિત્વ સિદ્ધ થાય છે એવા અભિપ્રાયથી કહે છે—'सर्वज्ञं सर्वशक्ति' ઇત્યાદિ. બ્રહ્મ કર્તા અને ઉપાદાન છે એ કહેવામાં સર્વશંકારૂપી પંકનું પ્રક્ષાલન કરવા માટે 'महामायम्' એમ, કહ્યું છે તેટલા માટે ઉપનિષદ્‌ના દર્શનમાં કંઈ પણ દોષ નથી એમ સિદ્ધ થયું ॥ ૩૭ ॥

इति श्रीमच्छङ्करभगवत्पादकृतौ शारीरकमीमांसाभाष्ये गुर्जरगिरा
भाष्यानुवादे द्वितीयाध्यायस्य प्रथमः पादः ॥ १ ॥

શ્રીમચ્છંકરભગવત્પાદકૃત શારીરકમીમાંસાભાષ્યના ગુર્જરગિરાએ ભાષ્યાનુવાદમાં દ્વિતીય અધ્યાયનો પ્રથમ પાદ સમાપ્ત ॥ ૧ ॥

શ્રીમચ્છંકરભગવત્પાદકૃત શારીરકમીમાંસાભાષ્યના ગુર્જરગિરા ભાષ્યટીકાનુવાદના દ્વિતીય અધ્યાયનો પ્રથમ પાદ સમાપ્ત થયો ॥૧॥

इति द्वितीयाध्यायस्य सांख्ययोगकाणादादिस्मृतिभिः सांख्यादिप्रयुक्ततर्कैश्च वेदान्तसमन्वयविरोधपरिहाराख्यः प्रथमः पादः ॥ १ ॥

દ્વિતીય અધ્યાયનો સાંખ્ય, યોગ, કણાદ આદિ સ્મૃતિઓ સાથે અને સાંખ્યાદિ પ્રયુક્ત તર્કો સાથે વેદાન્તસમન્વયના વિરોધનો પરિહાર જેમાં છે એવો સમન્વયાવિરોધ પ્રથમપાદ સમાપ્ત થયો ॥ ૧ ॥

अथ द्वितीयाध्याये द्वितीयः पादः ।

रचनानुपपत्तेश्च नानुमानम् ॥ १ ॥

રચના ઉપપન્ન થતી નથી તેથી (અચેતન જગત્કારણ છે એમ
અનુમાન કરવું યુક્ત નથી ॥ ૧ ॥

જોકે વેદાન્તવાક્યોનું 'ઐદંપર્ય નિરૂપણ કરવા માટે આ શાસ્ત્ર પ્રવૃત્ત થયું તર્કશાસ્ત્રની પેઠે કેવળ યુક્તિઓથી કોઈ સિદ્ધાન્ત સાધવાને કે દૂષિત કરવા પ્રવૃત્ત નથી. તોપણ વેદાન્તવાક્યોનું વ્યાખ્યાન કરનારાઓએ 'સમ્યગ્દર્શનનાં પ્રતિપક્ષ સાંખ્યાદિ દર્શનોનું નિરાકરણ કરવું જોઈએ તેટલા માટે તે સારૂ પછીનો (અ

ક્રમમાં જેમ સર્વ કારણધર્મો ઉપપન્ન છે તેમ પ્રધાનમાં પણ છે એમ આશંકા કરી નિરાકરણ કરે છે—'रचनानुपपत्तेश्च नानुमानम्'. પણ મુમુક્ષુઓને વાક્યાર્થનો નિર્ણય કરવા જે પ્રતિબન્ધક હોય તેનું નિરાકરણ કરવા માટે વેદાન્તોનું તાત્પર્ય નક્કી કરવા સારૂ આ શાસ્ત્ર આરંભાયું છે. એ વેદાન્તશાસ્ત્ર નિર્દોષ છે એમ નિર્ણય કર્યો છે તેટલા માટે પર પક્ષનું જેમ નિરાકરણ છે એવો આ પાદ એ શાસ્ત્રને વિષે અસંગત છે; કેમકે તે નિરાકરણની મુમુક્ષુઓને અપેક્ષા નથી એમ આક્ષેપ કરે છે. તાત્પર્ય આવું છે—જેમાં પ્રધાનાદિ સિદ્ધ કર્યાં છે એવી સાંખ્યાદિ યુક્તિઓનું સ્વતન્ત્ર, વેદની અપેક્ષા વગર, આ પાદમાં નિરાકરણ કરવાનું છે; તે અ-યુક્ત છે. કેમકે તે શાસ્ત્રનું અંગ નથી. ખરેખર, આ શાસ્ત્ર કંઈ ઉચ્છૃંખલ તર્કશાસ્ત્રની પેઠે પ્રવૃત્ત થયું નથી. પણ વેદાન્તવાક્યો બ્રહ્મપર છે એમ પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષથી નિર્ણય કરવા પ્રવૃત્ત થયું છે. તો તેમાં શુષ્ક તર્કની પેઠે સ્વતન્ત્ર યુક્તિનું નિરાકરણ કરવાનો શો પ્રસંગ છે તેથી કહે છે—'જોકે વેદાન્તવાક્યોનું ઐદંપર્ય નિરૂપણ કરવા' ઇત્યાદિ. વેદાન્તવાક્યોનો નિર્ણય કરવો જોઈએ માટે નિર્ણય કરવામાં આવતો નથી; પણ મોક્ષ ઇચ્છનારાઓને તત્ત્વજ્ઞાન ઉત્પન્ન કરવા માટે વેદાન્તવાક્યોનો નિર્ણય કરવામાં આવે છે. જેમ વેદાન્તવાક્યોથી જગત્નું ઉપાદાનકારણ બ્રહ્મ છે એમ સમન્વય છે, તેમ સાંખ્યાદિના અનુમાનોથી પ્રધાનાદિ અચેતન, જગત્નું ઉપાદાનકારણ છે એમ સમન્વય છે. વળી જગત્નું કારણ ચેતન અને અચેતન બંને છે એમ સમુચ્ચય કરવો શક્ય નથી, કેમકે વિરોધ આવે છે. તેમજ અવ્યવસ્થિત વસ્તુને વિષે વિકલ્પ યુક્ત નથી. વળી અનુમાનનો વિષય આગમથી બાધિત થયો હોવાથી અનુમાનજ ઉદય પામશે નહિ એમ પણ કહી શકાશે નહિ; કેમકે સાંખ્યાદિ આગમ સર્વજ્ઞ કપિલાદિથી પ્રણીત થવા હોવાથી તે વેદસમતુલ્ય છે અને તેમાં કહેલું અનુમાન પ્રતિકૂલનિરપેક્ષસિદ્ધતુલ્ય હોવાથી અબાધ છે. તેટલા માટે તેના વિરોધને લીધે વેદાન્તોના પ્રકરણને વિષે સમન્વય સિદ્ધ થતો નથી તેથી તેનાથી તત્ત્વજ્ઞાન સિદ્ધ થાય એ યુક્ત નથી, અને તત્ત્વજ્ઞાન વગર મોક્ષ ન મળે; તેથી સ્વતન્ત્ર પણ અનુમાનો આભાસ છે એમ સિદ્ધ કરવું એ આ સૂત્રમાં સમાય છે. પર પક્ષનું નિરાકરણ કર્યા વગર સ્વપક્ષ સ્થિર ન થાય તેથી તે નિરાકરણ કરવું જોઈએ એમ કહે છે—'તોપણ વેદાન્તવાક્યોનું' ઇત્યાદિ. આ રીતે સ્વપક્ષનું સ્થાપન કરતા પહેલાંજ પર પક્ષનું

૧ इदं परं प्रधानं यस्मिन्वाक्ये तदिदंपरम् । तस्य भाव ऐदम्पर्यम् । તાત્પર્ય, ઇદંપરતા; આ જ એમાં પ્રધાન છે તે ઇદંપર, તેનો ભાવ તે ઐદંપર્ય. ૨ સમ્યગ્દર્શન.

પાદ પ્રવૃત્ત થયો છે. વેદાન્તના અર્થનો નિર્ણય કરવાનું પ્રયોજન સમ્યગ્દર્શન હોવાથી તેના નિર્ણયથી પ્રથમ સ્વપક્ષનું સ્થાપન કર્યું; કેમકે પર પક્ષના નિરાકરણના કરતાં તે [1]અભ્યર્હિત છે. પણ મુમુક્ષુઓના મોક્ષસાધન તરીકે સમ્યગ્દર્શનનું નિરૂપણ કરવા માટે કેવલ સ્વપક્ષનું સ્થાપન કરવુંજ યુક્ત છે; પરપક્ષ નિરાકરણ કરવાનું, પરનો વિદ્વેષ કરવાનું શું પ્રયોજન છે? બરોબર, એમજ છે; તોપણ સાંખ્યાદિ [2]તન્ત્રો મહાજનથી પરિગ્રહણ કરાયલાં, મોટાં છે, અને સમ્યગ્દર્શનના [3]મિષથી પ્રવૃત્ત થયાં છે. તેને પ્રાપ્ત કરી કેટલાક મન્દમતિઓની અપેક્ષા થાય કે એ પણ સમ્યગ્દર્શન માટે [4]ઉપાદેય છે; તેમજ યુક્તિથી ગાઢ હોવાના સંભવથી અને સર્વજ્ઞથી ભાષિત થયલાં હોવાથી તેમને વિષે તેમની શ્રદ્ધા પણ થાય તેટલા માટે તે શાસ્ત્રો [5]અસાર છે એમ ઉપપાદન કરવા માટે પ્રયત્ન કરાય છે. પણ 'ઈક્ષતેર્નાશબ્દમ્' [બ્રહ્મ સૂ૦ ૧।૧।૫]

નિરાકરણ કરવું યુક્ત છે તેથી કહે છે—'વેદાન્તના અર્થનો' ઇત્યાદિ. વેદાન્તના તાત્પર્યનો નિર્ણય ફલવત્ જ્ઞાનકરણમાં અન્તર્ભૂત હોવાથી અભ્યર્હિત છે. પણ [6]વીતરાગની કથામાં તત્ત્વનિર્ણયમાત્ર ઉપયોગી છે, પરપક્ષની નિંદા ઉપયોગી નથી; કેમકે નિન્દાથી [7]સરાગતા પ્રાપ્ત થાય છે. પર મતનું નિરાકરણ કરવાથી રાગ અને દ્વેષ થાય છે માટે તે ન કરવું એવી શંકા કરે છે—'પણ મુમુક્ષુઓના મોક્ષસાધન તરીકે' ઇત્યાદિ. ખરેખર, આ કથા આરભેલી છે તેમાં તત્ત્વનિર્ણય પ્રધાન છે, પર મતોને વિષે અશ્રદ્ધા વિના તત્ત્વનિર્ણય સિદ્ધ થતો નથી, પર મત ભ્રાન્તિમૂલક છે એમ નિશ્ચય થયા વિના તે અશ્રદ્ધા સિદ્ધ થતી નથી, અને એ નિશ્ચય આ પાદ વિના થતો નથી એમ સ્વસિદ્ધાન્તનું સરક્ષણ કરવુ અને બ્રહ્મ સિદ્ધ કરવું એ આ પાદનું પ્રયોજન હોવાથી એ પાદ શાસ્ત્રને વિષે સગત છે. સગત હોવાથી વીતરાગ પુરુષે પઠન એનું અધ્યયન કરવું યુક્ત છે એમ ઉદ્દેશ રાખી કહેલુ અગીકાર કરી સમાધાન કરે છે—'બરોબર, એમજ છે; તોપણ' ઇત્યાદિ. વીતરાગની કથા તત્ત્વનિર્ણયપર્યંત છે. પણ પરપક્ષનું દૂષણ કર્યા વગર તત્ત્વનિર્ણય થઈ શકતો નથી તેટલા માટે તત્ત્વનિર્ણય માટે વીતરાગ પુરુષ પર પક્ષનું દૂષણ કરે છે; પર પક્ષ છે માટેજ નહિ, પરમતનુ નિરાકરણ કંઈક જયને માટે છે ને કંઈક સ્વપક્ષનુ રક્ષણ કરવા માટે છે, તેમાં આદ્યજ દ્વેષપ્રયુક્ત છે. દ્વિતીય તો તત્ત્વજ્ઞાનફળક છે તેટલા માટે સ્વપક્ષમાં વિશ્વાસાધિક્યદ્વારા તત્ત્વજ્ઞાનને ઉપયુક્ત સાંખ્યાદિ શાસ્ત્રો તર્કાભાસ છે એમ પ્રતિપાદન કરવું એ મુમુક્ષુનો જેમાં અધિકાર છે એવા શાસ્ત્રમાં અસંગત નથી. તેથી વીતરાગની કથાને બાધ આવતો નથી. મન્દમતિઓનાં તે શાસ્ત્રોમાં શ્રદ્ધાનિમિત્તો બહુ છે, માટે તેનું નિરાકરણ કરવા માટે યત્ન કર્યો છે એમ સમજવું. સ્વમતને વિષે શ્રદ્ધા અને પરમતનો દ્વેષ વેદાન્તશાસ્ત્રમાં પ્રધાન શું છે તે સિદ્ધ કરવા માટે અગીકાર કર્યા છે. પર પક્ષની બુદ્ધિથી નિરાકરણ કરવાથી દ્વેષ આવે છે, તત્ત્વનિર્ણયની ઇચ્છાથી આવતો નથી એમ વિચારી પુનરુક્તિની શંકા કરે છે—'પણ "ઈક્ષતેઃ નાશબ્દમ્"' ઇત્યાદિ. સાખ્યાદિ [8]અશબ્દ છે: કારણ કે શ્રુત્યર્થના [9]અનુગ્રાહક તર્કનો [10]નિરાસ કરે છે એમ પૂર્વે કર્યું છે. હવે શ્રુતિની અપેક્ષા વગર તેની સ્વતન્ત્ર યુક્તિઓનું નિરાકરણ કરવામાં આવે છે એમ અર્થનો ભેદ હોવાથી પુનરુક્તિ

---

૧ વિશેષ યોગ્ય. ૨ શાસ્ત્રો. ૩ બહાનું. ૪ ગ્રહણ કરવા યુક્ત. ગ્રાહ્ય. ૫ સારરહિત. ૬ જેનો સંસારને વિષે રાગ જતો રહ્યો છે એવા તે વીતરાગ. ૭ રાગસહિત તે સરાગ. જેને રાગ છે તે. તેનો ભાવ તે સરાગતા. રાગીપણું. ૮ શ્રુતિપ્રતિપાદિત નહિ તે. ૯ અનુકૂલ, મદદરૂપ. ૧૦ નિરાકરણ.

({ પ્રધાન જગતનું કારણ } નથી; { કેમકે તે } [1]અશબ્દ (છે) [2]ઈક્ષિતિથી), 'कामाच्च नानुमानापेक्षा' [બ્રહ્મસૂ૦ ૧।૧।૧૮] ({ આનન્દમયને વિષે } કામનાથી { કામનાનો નિર્દેશ કર્યો છે તેથી } [3]આનુમાનિકની અપેક્ષા નથી), 'एतेन सर्वे व्याख्याता व्याख्याताः' [બ્રહ્મસૂ૦ ૧।૪।૨૮] (આથી { પ્રધાનકારણવાદના પ્રતિષેધથી) સર્વ { અણ્વાદિ કારણવાદો } વ્યાખ્યાત થયા, વ્યાખ્યાત થયા) એમ પૂર્વે પણ સાંખ્યાદિ પક્ષનો [4]પ્રતિક્ષેપ કર્યો છે, તો કીધેલું ફરી કરવાનું શું પ્રયોજન છે? તે કહીએ છીએ. સાંખ્યાદિઓ સ્વપક્ષસ્થાપન કરવા માટે વેદાન્તવાક્યોનું પણ ઉદાહરણ આપી સ્વપક્ષની [5]અનુગુણતાએજ યોજી વ્યાખ્યાન કરે છે. તેમનું જે વ્યાખ્યાન છે તે વ્યાખ્યાનનો આભાસ છે, સમ્યગ્વ્યાખ્યાન નથી એટલું પૂર્વે પ્રતિપાદન કર્યું છે. અહિં તો વાક્યોથી નિરપેક્ષ, સ્વતન્ત્ર, તેમની યુક્તિનો પ્રતિષેધ કરાય છે એટલે એ વિશેષ છે. તેમાં સાંખ્યો માને છે કે જેમ ઘટ, શરાવ આદિ વિકારો [6]મૃદાત્મતાથી [7]અન્વીયમાન થયલા હોવાથી જેનું [8]મૃદાત્મકસામાન્ય કારણ છે એવા જોવામાં આવે છે તેમ સર્વ બાહ્ય અને આધ્યાત્મિક વિકારો સુખદુઃખમોહાત્મતાથી જોડાયલા હોવાથી જેનું સુખદુઃખમોહાત્મકસામાન્ય કારણ છે એવા થાય એ યુક્ત છે. જે તે સુખદુઃખમોહાત્મક સામાન્ય છે તે ત્રિગુણ પ્રધાન છે, મૃત્તિકાની પેઠે તે અચેતન છે અને ચેતન પુરુષનો અર્થ સાધવા માટે

થી એમ કહે છે—'તે કહીએ છીએ' ઇત્યાદિ. અચેતન પ્રધાન જગતનું ઉપાદાન છે એવો સાંખ્યસિદ્ધાન્ત અહિં વિષય છે. તે શું પ્રમાણમૂળ છે કે ભ્રાન્તિમૂળ છે તેને વિષે સંદેહ થયે 'सर्वधर्मोपपत्तेश्च' એમ ઉક્ત ધર્મોનો પ્રધાનને વિષે સંભવ હોવાથી તેજ ઉપાદાન છે એમ આક્ષેપની સંગતિથી પ્રધાન પ્રમાણમૂળ છે એમ દર્શાવી પૂર્વપક્ષ કહે છે—'તેમાં સાંખ્યો માને છે' ઇત્યાદિ. સ્વસિદ્ધાન્તનું જ્ઞાન પરમતનું નિરાકરણ કરવામાં ઉપજીવ્ય-આધારભૂત હોવાથી બે પાદોની સંગતિ સમજવી. સર્વ અધિકરણોનું સ્વરૂપ પરમતનું નિરાકરણ કરવાનું છે માટે આ પાદમાં તેમની સંગતિ સમજવી. પ્રમાણમૂળ મત, જે સાંખ્ય, તેના વિરોધથી શ્રુતને વિષે કહેલા શ્રુત્યર્થસમન્વયની અસિદ્ધિ પૂર્વપક્ષમાં ફળ છે ને તેની સિદ્ધિ એ સિદ્ધાન્તમાં ફળ છે એમ પાદપર્યન્ત જાણવું. મૂળ શ્રૌતસમન્વયને દૃઢ કરવો એ આ પાદનું પ્રયોજન હોવાથી એ પાદની શ્રુતિ સાથે સંગતિ છે એવો વિવેક છે. 'જે વિકારો જેનાથી અન્વિત હોય છે તે વિકારો તે પ્રકૃતિવાળા હોય છે' એવી વ્યાપ્તિ કહે છે—'જેમ ઘટ, શરાવ આદિ વિકારો' ઇત્યાદિ. 'સર્વં કાર્યં સુખદુઃખમોહાત્મકવસ્તુ જેની પ્રકૃતિ છે એવાં છે, તેથી અન્વિત છે તેથી, ઘટાદિની પેઠે' એમ અનુમાન કહે છે—'તેમ સર્વ બાહ્ય અને આધ્યાત્મિક વિકારો' ઇત્યાદિ. પ્રધાન શા માટે પરિણામ પામે છે તેને માટે કહે છે—'ચેતન પુરુષનો અર્થ સાધવા માટે', અર્થ = ભોગ અને અપવર્ગરૂપ. તેને માટે સ્વભાવથીજ પ્રધાન પ્રવર્તે છે, પણ કોઈ ચેતનથી પ્રેરાતું નથી એવો અર્થ છે. જે જે સ્વરૂપથી અન્વિત હોય છે તે તે સ્વરૂપ તેનું

---

[1] શ્રુતિમાં જેનું પ્રતિપાદન કર્યું નથી એવું. [2] કારણને ઈક્ષણ કરનાર-જ્ઞાનવ્યાપાર કરનાર-કહ્યું છે તેથી. [3] અનુમાનગમ્ય, પ્રધાન. [4] નિરાકરણ. [5] માફક આવે એવી રીતે. [6] મૃત્તિકા જેનો આત્મા છે તે મૃદાત્મા-મૃત્તિકાનું બનેલું. તેનો ભાવ તે મૃદાત્મતા. [7] જોડાયલા, સંબદ્ધ થયલા. [8] મૃદાત્મકતા.

સ્વભાવથીજ વિચિત્ર વિકારાત્મા પ્રવૃત્ત થાય છે. તેમજ પરિમાણાદિ લિંગોથી

કારણ છે એવું દેખાય છે. જેમ ઘટાદિ અને રુચકાદિ મૃત્તિકા અને સુવર્ણથી અન્વિત છે તે મૃત્તિકા અને સુવર્ણ જેનાં કારણ છે એવાં છે. તેમજ બાહ્ય અને આધ્યાત્મિક બધા પદાર્થ સુખદુઃખમોહસ્વરૂપથી અન્વિત થયલા ઉપલબ્ધ થાય છે, તેટલા માટે તે પણ સુખદુઃખમોહાત્મતા જેનું કારણ છે એવો હોવો જોઈએ. તેમાં જગત્કારણમાં જે સુખાત્મતા છે તે સત્ત્વ છે, દુઃખાત્મતા છે તે રજ છે, અને મોહાત્મતા છે તે તમ છે એમ ત્રૈગુણ્યકારણની સિદ્ધિ છે. દરેક ભાવપદાર્થ ત્રણ ગુણવાળો છે એમ અનુભવાય છે. જેમ મંત્રની પત્ની પદ્માવતી મંત્રને સુખકારક છે, તેનું શું કારણ છે? મંત્રમાં એનાથી સત્ત્વ ગુણનો ઉદ્ભવ થાય છે તે. તેની સપત્નીઓને દુઃખકારક છે, તેનું શું કારણ? તેમનામાં એનાથી રજોગુણનો સમુદ્ભવ થાય છે તે. ચૈત્ર, જે એ ઓમાં આસક્ત છે અને પદ્માવતીને પ્રાપ્ત કરતો નથી, તેને એ મોહ-વિષાદ ઉત્પન્ન કરે છે, તે શાથી? કારણ કે તેનામાં એનાથી તમોગુણ ઉત્પન્ન થાય છે. પદ્માવતીથી સર્વ ભાવોનું વ્યાખ્યાન કર્યું. જે પ્રાપ્ત કરે છે તેને ઘટ સુખરૂપ છે, જેને જતો રહે છે તેને દુઃખરૂપ છે, જે એને જાણતો નથી તેને મોહરૂપ એટલે અજ્ઞાનરૂપ છે. તેટલા માટે સર્વ સુખદુઃખમોહાત્મક જગત્ તે સુખદુઃખમોહાત્મકતા જેનું કારણ છે એવું છે. તેજ સુખદુઃખમોહાત્મકતા ત્રિગુણ પ્રધાન છે. **'प्रधीयते क्रियतेऽनेन जगदिति प्रधीयते निधीयतेऽस्मिन प्रलयसमये जगदिति वा प्रधानम्'** (જે વડે જગત્ કરાય તે પ્રધાન, અથવા પ્રલયસમયે જેને વિષે જગત્ રહે તે પ્રધાન). તે પ્રધાન મૃત્તિકાસુવર્ણની પેઠે અચેતન છે અને ચેતન પુરુષનો ભોગ અને અપવર્ગરૂપ અર્થ સાધવા માટે સ્વભાવથીજ પ્રવૃત્ત થાય છે; કોઈ તેને પ્રવૃત્ત કરતું નથી. કહે છે કે **'पुरुषार्थ एव हेतुर्न केनचित् कार्यते करणम्'** (પુરુષાર્થજ હેતુ છે, કોઈ વડે તે પ્રવૃત્ત કરાતું નથી.) [illegible] જે અન્ય અનુમાનો કહ્યાં છે તે સ્મરણ કરાવે છે— 'તેમજ પરિમાણાદિ લિંગોથી' [illegible] કહ્યું છે કે **'भेदानां परिमाणात् समन्वयाच्छक्तितः प्रवृत्तेश्च । कारणकार्यविभागादविभागाद्वैश्वरूपस्य ॥'** (વિકારોના પરિમાણથી, સમન્વયથી, શક્તિએ પ્રવૃત્તિથી કારણથી કાર્યના વિભાગથી, તેમજ વિચિત્ર નાનારૂપના અવિભાગથી અવ્યક્ત પ્રધાન સિદ્ધ થાય છે.) એ પ્રધા-નસાધક [illegible] શ્લોક છે. અવ્યક્ત કારણ એમ સર્વત્ર વાક્ય છે. આ કારિકાના **'समन्वयात्'** એ લિંગનું વ્યાખ્યાન થઈ ગયું. બાકીનાનું વ્યાખ્યાન કરીએ છીએ. 'ભિન્ન [illegible] નોનું કારણ અવ્યક્ત-પ્રધાન છે, પરિમિત છે તેથી, ઘટની પેઠે' આ દૃષ્ટાન્ત [illegible] છે એમ ન સમજવું; કેમકે ઘટની ઉત્પત્તિપૂર્વે અનભિવ્યક્ત ઘટ [illegible] ત્તિકા પણ અવ્યક્ત છે. તેમજ ઘટાદિના કારણશક્તિથી પ્રવૃત્તિ છે તેથી [illegible] કારણશક્તિથી પ્રવૃત્તિ છે એમ કહેવું જોઈએ. તે શક્તિમત્ કારણ અવ્યક્ત છે. વળી [illegible] કાર્યનો વિભાગ-[illegible] દેખાય છે. [illegible] મૃત્તિકા ઉત્પન્ન [illegible] છે અને [illegible] ઉત્પન્ન થાય તે [illegible] [illegible] એ લિંગથી પણ પ્રધાનનું અનુમાન કરે છે. [illegible] ઉત્પન્ન થાય તે સર્વ એમ [illegible] છે. એ [illegible] છે તેટલા માટે 'જગત્ અને પ્રકૃતિ [illegible] છે, [illegible] દેખાય છે, [illegible] છે તેથી, મૃત્તિકા ને ઘટની પેઠે'. અવિભાગ એટલે [illegible] ઘટનો મૃત્તિકામાં લય છે, તેનો [illegible] [illegible]

૧ [illegible]

તેજ પ્રધાનનું તેઓ અનુમાન કરે છે. તેને વિષે કહીએ છીએ. જો દૃષ્ટાન્તબળ ઉપરથીજ આનું નિરૂપણ કરાય તો લોકમાં સ્વતન્ત્ર—ચેતનથી અધિષ્ઠિત ન થયેલું—અચેતન, વિશિષ્ટ પુરુષાર્થ સાધવા સમર્થ એવા વિકારો રચતું જોવામાં આવતું નથી. ખરેખર, ઘર, મહેલ, શયન, આસન, વિહારભૂમિ આદિ, કાલને અનુસરી સુખની પ્રાપ્તિ અને દુઃખનો પરિહાર કરવા યોગ્ય પદાર્થો પ્રજ્ઞાવાળા શિલ્પીઓએ રચેલા [illegible] છે તેમ ભિન્નભિન્નકર્મફળના ઉપભોગને યોગ્ય પૃથિવી આદિ બાહ્ય જગત્ અને ભિન્નભિન્નજાતિથી યુક્ત, પ્રતિનિયત અવયવરચનાવાળું, અનેક કર્મફળના અ-[illegible]

[illegible] જગત્ [illegible] છે. [illegible] છે તેમ વૈરૂપ્ય [illegible] વિચિત્ર [illegible] કરવું [illegible] કરે છે તેથી તે [illegible] ચેતન કરે છે. [illegible] પ્રકૃતિ છે એવું છે. [illegible] છે તેથી, એક બીજાથી પ્રસવ પામેલાં [illegible] છે તે વળી (પૃથક્ પૃથક્ દેશ) કોઈક કારણને વિષે વિશ્રાન્ત છે. [illegible] કરે છે—' તેને વિષે કહીએ છીએ' ઇત્યાદિ. શું અનુમાનથી જગત્ અચેતન [illegible] છે—સ્વતન્ત્ર અચેતન એ જગતની પ્રકૃતિ છે એમ સાધો છો કે જગત્ સ્વતન્ત્ર-[illegible] છે તેને સાધો છો. [illegible] અધિષ્ઠિત, અનાદિ, ત્રિગુણાત્મક [illegible] છે એમ કહે છે. 'જો દૃષ્ટાન્તબળ ઉપરથીજ આનું નિરૂપણ કરાય' ઇત્યાદિ સ્વતન્ત્ર અચેતન-[illegible] થયેલું '. [illegible] સાથે [illegible] છે એમ કહી હેતુનો [illegible] કહેવા 'ચેતનથી અધિષ્ઠિત [illegible] છે એવી [illegible] કહે છે—' ખરેખર, ઘર, મહેલ' ઇત્યાદિ. 'આ જગત્ ચેતનાધિષ્ઠિત અ-[illegible] છે. [illegible] કહેલો [illegible] કહેવા માટે જગતનું વૈચિત્ર્ય કહે છે—'તેમ ભિન્ન ભિન્ન' ઇત્યાદિ. જગત્ને [illegible] છે, [illegible] અને [illegible] અને [illegible] છે. ભિન્નભિન્ન કર્મફળ = [illegible] તેવું [illegible] સુખ અને દુઃખ તેના ઉપભોગને યોગ્ય, [illegible] 'ભિન્નભિન્ન જાતિથી યુક્ત' = દેવ, મનુષ્ય, પશુ આદિ નાનાવિધ જાતિઓ [illegible] 'પ્રતિનિયત' = [illegible]. આવું વિચિત્ર જગત્ ચેત-[illegible] નથી [illegible] ન [illegible] જડ પ્રકૃતિ શી રીતે રચે! કોઈ પણ [illegible] રચી [illegible]

---

૧ વિકાર અને અવિકારને [illegible] વિશ્રાન્ત છે. વિકાર છે [illegible] વિકારની પેઠે. [illegible] કારણને [illegible] 'વિશ્રાન્ત' = [illegible] અને 'અવિશ્રાન્ત' = [illegible] ૨ ચેતનથી [illegible] આ જગતથી [illegible] છે.

નુભવનું અધિષ્ઠાન દેખાય છે તે શરીરાદિ આધ્યાત્મિક જગત, એવું અખિલ જગત્ જેનું અતિશય સંભાવિત પ્રજ્ઞાવાળા શિલ્પીઓએ મનથી પણ આલોચન કરવું અ-શક્ય છે તેને અચેતન પ્રધાન શી રીતે રચી શકે? [1]લોષ્ઠ, પાષાણ આદિમાં એવું જોવામાં આવતું નથી. મૃત્તિકા આદિમાં પણ કુંભકાર આદિથી અધિષ્ઠિત થવાં હોય ત્યારે વિશિષ્ટ આકારવાળી રચના જોવામાં આવે છે. તે પ્રમાણે પ્રધાનને પણ અન્ય ચેતનથી અધિષ્ઠિત થવાનો પ્રસંગ આવશે. મૃત્તિકા આદિ ઉપાદાનના સ્વરૂપમાં આશ્રિત થયલા ધર્મથીજ મૂળ કારણનું અવધારણ કરવું અને બાહ્ય કુંભ-કારાદિમાં આશ્રિત રહેલા ધર્મ વડે નહિ એને માટે કંઈ નિયામક નથી. વળી એમ થવાથી કંઈ વિરોધ પણ આવવાનો નથી; ઉલટું શ્રુતિ અનુગૃહીત થશે; કેમકે તે [illegible]

અર્થ છે. 'જગત્ સ્વતન્ત્ર અચેતનનું કાર્ય નથી, વિચિત્ર કાર્ય છે તેથી કે વિશિષ્ટરચનાત્મક છે તેથી, વિશિષ્ટ શિલ્પીએ નિર્માણ કરેલા પ્રાસાદિની પેઠે' એવું અનુમાન છે. જે ચેતનથી અ-નધિષ્ઠિત અચેતન છે તે [2]કાર્યકારી નથી એ વ્યાપ્તિ જે ઉક્ત તર્કની મૂલભૂત છે તે કહે છે—'લોષ્ઠ, પાષાણ આદિમાં' ઇત્યાદિ. ચેતનથી નહિ પ્રેરાયલા લોષ્ટ આદિને વિષે 'કાર્યકારિત્વ દેખાતું નથી. વળી 'અનાદિ' જડ પ્રકૃતિ ચેતનથી અધિષ્ઠિત છે, પરિણામી છે તેથી, 'મૃત્તિકા આદિની પેઠે' એમ કહે છે—'મૃત્તિકા આદિમાં પણ' ઇત્યાદિ. પણ મૃત્તિકા આદિ દૃષ્ટાન્તમાં બે ધર્મ છે—અચેતનત્વ અને ચેતનાધિષ્ઠિતત્વ. તેમાં પરિણામિત્વ હેતુનું, અચેતનત્વજ વ્યાપક છે; કેમકે મૃત્તિકા આદિનું સ્વરૂપ હોવાથી તે અન્તરંગ છે, ચેતનાધિષ્ઠિતત્વ વ્યાપક નથી; કેમકે તેને મૃત્તિકા આદિથી બહાર રહેલા કુલાલાદિની અપેક્ષા હોવાથી તે બહિરંગ છે; તેટલા માટે પરિણામિત્વમાં પણ મૂલપ્રકૃતિનો અચેતનત્વ ધર્મ વડે યોગ છે, ચેતનાધિષ્ઠિતત્વ વડે નથી એમ આશંકા કરી તેનો નિષેધ કરે છે. જો કોઈ કહે કે દૃષ્ટાન્તધર્મીમાં ઉપાદાન અચેતન દેખાય છે અને જોકે તે ચેતનપ્રયુક્ત દેખાય છે તોપણ ચેતનપ્રયુક્તત્વ એ બહિરંગ હોવાથી હેતુનું અપ્રયોજક છે, અચેતન માત્ર જે ઉપાદાનમાં અનુગત છે ને અન્તરગ હોવાથી હેતુનું પ્રયોજક છે; કેમકે '[illegible] **દૃશ્યમાનાયાઃ કશ્ચિદ્ધર્મઃ પ્રયોજકઃ**' (વ્યાપ્તિ દેખાતી હોય તેમાં કોઈકજ ધર્મ પ્રયોજક છે)—આમ કોઈ શંકા કરે તો તેને માટે કહે છે—'મૃત્તિકા આદિ ઉપાદાનના સ્વરૂપમાં' ઇત્યાદિ [illegible] [3]મહાનસદૃષ્ટાન્તમાં મહાનસસ્વરૂપ અન્તરંગ છે તોપણ તે ધૂમનું વ્યાપક નથી અને તેથી વહ્નિ બહિરંગ છે તોપણ ધૂમનો વ્યાપક છે; માટે અન્તરંગત્વ વ્યાપકત્વમાં પ્રયોજક નથી. [illegible]-ન્તરગ ને બહિરગત્વથી વ્યાપકત્વ અને અવ્યાપકત્વ નિશ્ચિત થતાં નથી; પણ અવ્યભિચાર ને [illegible] ભિચારથી થાય છે. સ્વભાવે પ્રતિબદ્ધ થયલા-જોડાયલા વ્યાપકનું વ્યાપ્ય અવગમન કરાવે છે. એ સ્વભાવપ્રતિબન્ધ શકિત અને સમારોપિત ઉપાધિનું નિરાકરણ કર્યા પછી નિશ્ચિત થાય [illegible] એ નિશ્ચય અન્વય અને વ્યતિરેક ઉપર આધાર રાખે છે. તે અન્વય ને વ્યતિરેક જેટલા [illegible] પ્રયુક્તત્વમાં પરિસ્ફુટ છે તેટલા ઉપાદાનના અચૈતન્યમાં નથી, માટે અહીં અન્તરંગત્વ [illegible] કામુ છે એવું તાત્પર્ય છે. વળી જે અચેતન છે તે ચેતનાધિષ્ઠિત થઈનેજ પરિણામ કરે છે એ અંગીકારમાં બાધક નથી, ઉલટું શ્રુતિનો અનુવેદ થાય છે માટે એનો અંગીકાર કરવો [illegible] જોઈએ એમ કહે છે—'વળી એમ થવાથી કંઈ વિરોધ પણ આવવાનો નથી' [illegible]

૧ ધૂતનું ઢેફું. ૨ કાર્ય કરતું નથી. ૩ 'પર્વત વહ્નિમાન છે, ધૂમવાન છે તેથી, મહાનસની પેઠે', એનાં મહાનસદૃષ્ટાન્ત છે તેનાં

તન કારણનો બોધ કરે છે. એટલા માટે રચનાની અનુપપત્તિરૂપ હેતુથી અચેતન જગત્કારણ અનુમેય નથી. ચશબ્દથી અન્વય આદિની અનુપપત્તિ એમ હેતુની અસિદ્ધિનો સમુચ્ચય કરે છે; કેમકે બાહ્ય અને આધ્યાત્મિક વિકારોનો સુખદુઃખમોહાત્મકતા રૂપે અન્વય ઉપપન્ન થતો નથી; કારણ કે સુખાદિ આન્તર છે એમ પ્રતીત થાય છે, અને શબ્દાદિ [illegible]રૂપ પ્રતીત થાય છે, તેમજ તેનાં નિમિત્ત તરીકે પ્રતીત થાય છે; વળી શબ્દાદિનો વિશેષ ન હોય તોપણ ભાવનાવિશેષથી સુખાદિવિશેષ

સુખદુઃખમોહાન્વય એ હેતુની અસિદ્ધિ બતાવવા માટે સૂત્રમાં ચકાર છે એમ કહે છે—'ચ-શબ્દથી અન્વય આદિની અનુપપત્તિ' ઇત્યાદિ. શબ્દાદિ બાહ્ય છે એવો અનુભવ થાય છે તેથી તેઓ આન્તરસુખાદિસ્વરૂપ છે એ અસિદ્ધ છે; તેમજ શબ્દાદિ તો સુખાદિના નિમિત્ત છે અને નિમિત્ત અને નૈમિત્તિકનો અભેદ યોગ્ય થતો નથી; કેમકે [illegible] અને પટમાં એવું જોવામાં આવતું નથી. વળી ઘટમાં મૃત્તિકાની પેઠે શબ્દાદિમાં સુખાદિ અન્વિત હોત તો સર્વ [illegible] રીતે તેને વિષે સુખાદિ [illegible] કરતા; જેમ ઘટમાં મૃત્તિકા ઉપલબ્ધ કરે છે તેમ; પણ તેવી ઉપલબ્ધિ થતી નથી તેટલા માટે યોગ્ય અનુપલબ્ધિથી હેતુના [illegible] નિશ્ચય થાય છે તાત્પર્ય આ પ્રમાણે છે—આ સુખ, દુઃખ, મોહ અને વિષાદ એ આન્તર છે. તેઓ [illegible] ચન્દનાદિ, એ [illegible] પ્રતીતિથી વેદનીય છે, તેથી અતિરિક્ત કોઈ [illegible] જોવામાં આવે છે. જો એ ચન્દનાદિનો સુખદુઃખાદિ જેનો સ્વભાવ છે એવા હોય તો સ્વરૂપ-સ્વભાવ હોવાથી હેમન્તમાં પણ ચન્દન સુખકર થાય; કેમકે ચન્દન કદાચિત્ પણ અચન્દન નથી. તેમજ નિદાઘ-ગ્રીષ્મમાં પણ કુંકુમપંક સુખકર થાય. કેમકે એ કદાચિત્ અકુંકુમપંક થતો નથી. એજ પ્રમાણે કંટક જેમ ઊંટને સુખકર છે તેમ મનુષ્યાદિ પ્રાણીને પણ સુખકર થાય; કેમકે એ કાંઈ કેટલાક પ્રત્યેજ કંટક નથી. તેટલા માટે એનો સુખાદિ સ્વભાવ નથી એમ પણ ચન્દન, કુંકુમ આદિ, [illegible], [illegible] અવસ્થાની અપેક્ષાએ સુખદુઃખાદિના હેતુઓ થાય છે, અને સુખાદિસ્વભાવતા નથી એ પણ [illegible] છે. તેટલા માટે સુખાદિરૂપ [illegible] [illegible] અસિદ્ધ છે તેથી એ સમન્વયથી તદ્રૂપ [illegible] અનુમેય થતું નથી એમ કહે છે— શબ્દાદિ [illegible] સર્વ પ્રતિ સુખના હેતુ નથી. એકજ [illegible] કદાચિત્ કોઈ પ્રતિ સુખ ને કોઈ પ્રતિ દુઃખ ઉત્પન્ન કરે છે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ઉદ્દેશ થાય છે ત્યારે તેને તે વિષય સુખહેતુ થાય છે. જેની એ વિષયમાં [illegible] ત્યારે થાય છે ત્યારે તે દુઃખહેતુ થાય છે. એટલા માટે તેઓ [illegible] સુખદુઃખાદિહેતુ નથી. તે એ અનિયત સુખદુઃખાદિહેતુત્વ છે તે સુખદુઃખાદિસ્વરૂપનું પ્રયોજક નથી. જેમ [illegible] [illegible] [illegible] [illegible] છે. તેમ [illegible] છે તે સુખાદિજનક છે એમ કહે છે—'વળી શબ્દાદિનો વિશેષ ન હોય તોપણ' ઇત્યાદિ. [illegible] [illegible] [illegible] [illegible]

૧ [illegible] [illegible] [illegible] [illegible]

[illegible]

પ્રાપ્ત થાય છે. તેમજ મૂલાંકુરાદિ પરિમિત વિકારો સંસર્ગપૂર્વક છે એમ જોઈ બાહ્ય અને આધ્યાત્મિક વિકારો પરિમિત હોવાથી સંસર્ગપૂર્વક છે એમ અનુમાન કરનારને સત્ત્વ, રજસ્, અને તમસ્ પણ સંસર્ગપૂર્વક છે એવો પ્રસંગ આવશે; કેમકે તેમાં પણ પરિ-

---

ચિત્રપણાને લીધે કોઈકને સુખની પ્રતીતિ, કોઈને દુઃખની પ્રતીતિ અને કોઈને મોહની પ્રતીતિ જોવામાં આવે છે; એથી વિષયો સુખાદ્યાત્મક—સુખાદિ જેનો આત્મા—સ્વરૂપ, સ્વભાવ—છે એવા—નથી એમ સમજવું. ભાવના એટલે વાસના, સંસ્કાર, તેના વિશેષથી. ઊંટનો જન્મ લાવનારૂં કર્મ ઊંટને યોગ્ય ભાવનાજ અભિવ્યક્ત કરે છે, જેમકે એને કંટક રુચે છે. એ રીતે '**સમન્વયાત્**' એ હેતુ દૂષિત કરી પરિણામાદિ હેતુઓને દૂષિત કરે છે—'**તેમજ મૂલાંકુરાદિ પરિમિત વિકારો**' ઇત્યાદિ. બુદ્ધિ આદિ પરિમિત હોવાથી સંસર્ગપૂર્વક છે એમ સિદ્ધ થયું એટલે સત્ત્વ, રજસ્ અને તમસ્ અનેક સંસૃષ્ટ છે એમ સિદ્ધ થાય છે. એકને વિષે સંસર્ગ ન હોવાથી 'નાના' પ્રશ્ન અસિદ્ધ છે એમ સાંખ્યનો ભાવ છે. સંસર્ગનો એને—અદ્વયને વિષે અસંભવ હોવાથી 'નાનાત્વયુક્ત એકાર્થમાં સમવેત થયલા સંસર્ગનાં કારણો સંસૃષ્ટો કલ્પવાં જોઈએ, તે સત્ત્વ, રજસ્ અને તમસ્જ છે એવો ભાવ છે. પરિમિતત્વ એટલે શું? દેશથી [2]પરિચ્છેદ એવો તો અર્થ હોય નહિ. કેમકે [3]પક્ષમાં અન્તર્ગત થયલા આકાશમાં એવા પરિચ્છેદનો અભાવ હોવાથી તેનું ભાગત્વ અસિદ્ધ થશે. આકાશાદિમાં હેતુ ન હોવાથી હેતુનો [4]ભાગાસિદ્ધિ દોષ થશે. તેમજ પરિમિતત્વનો અર્થ કાલથી પરિચ્છેદ એવો પણ નથી; કેમકે સાંખ્ય કાળનો અંગીકાર કરતા નથી: પચીસ તત્ત્વથી અતિરિક્ત કાળનો તેઓ અંગીકાર કરતા નથી. અવિદ્યાગુણસંસર્ગરૂપ ઉપાધિથી કારણજ કાળશબ્દવાચ્ય છે એમ કહેશો તો [5]સિદ્ધસાધનતા દોષ થશે. તેમજ વસ્તુથી પરિચ્છેદ એવો પણ અર્થ પરિમિતત્વનો નથી; કેમકે સત્ત્વાદિ પરસ્પર ભિન્ન છે તોપણ 'સાધ્યના અભાવથી વ્યભિચાર છે એમ કહે છે—'**સત્ત્વ, રજસ્ અને તમસ્ પણ સંસર્ગપૂર્વક છે એવો પ્રસંગ આવશે.**' ગુણો સંસૃષ્ટ અનેક વસ્તુ જેની પ્રકૃતિ છે એવા છે એવો પ્રસંગ આવશે એવો અર્થ છે. જો પરિમિતત્વ એટલે સંખ્યેયત્વ—સંખ્યાથી ગણી શકાય એવું સ્વરૂપ—વિવક્ષિત હોય તો ગુણો પણ સંખ્યેય હોવાથી પરિમિત થાય ને તેથી વ્યભિચાર થાય પણ તેવી વિવક્ષા નથી. પણ પરિમિતત્વ એટલે અવ્યાપકત્વ છે ને ગુણો તો વ્યાપક છે એમ સાંખ્યોનો સ્વીકાર છે એટલે વ્યભિચાર નથી. પ્રલયમાં ગુણોનો સંકોચ થવાથી તે સમયે તેમાં અવ્યાપકત્વ થશે એમ શંકા કરવી યુક્ત નથી; કેમકે પ્રલયમાં અવ્યાપ્તિરૂપ ગુણોનો સંકોચ સ્વીકાર્યો નથી, પણ વ્યાપક રહી ગુણોનો અભિભવ થાય છે એમ સ્વીકાર્યું છે. જેમ હેમન્ત અને ગ્રીષ્મમાં પણ વ્યાપીનેજ રહેનારા [6]ઘર્મ અને હિમનો અભિભવ થાય છે અને ગ્રીષ્મ અને હેમન્તમાં તો ઉદ્ભવ થાય છે; એજ પ્રમાણે ગુણોનો પ્રલયમાં અભિભવ થાય છે ને સૃષ્ટિમાં આવિર્ભાવ થાય છે એમ કહેશો તો એમ હોવાથી તે તે ગુણનો આવિર્ભાવ અવ્યાપક હોવાથી અને તે તે ગુણ

---

૧ નાના = ભિન્ન. ૨ દેવત્તા—આટલાપણું, આટલો પ્રદેશ. ૩ "સર્વે બાહ્ય અને આધ્યાત્મિક ... અતિરિક્ત ... એક વસ્તુ જેની પ્રકૃતિ છે એવા છે. પરિમિત હોવાથી. ઘટાદિની પેઠે" એ અનુમાનનાં 'સર્વે બાહ્ય અને આધ્યાત્મિકભાવો' પક્ષ છે. ૪ સર્વે પક્ષમાં ન હોય, પણ પક્ષના ... દેશમાંજ હોય તે હેતુ ભાગાસિદ્ધ છે. જેમકે 'પૃથિવી આદિ ચાર પરમાણુ અનિત્ય છે, ... તેથી' એમાં ... હેતુ ... છે, માટે આને સ્વરૂપાસિદ્ધ હેતુ છે ... ' એમાં ... હેતુ ... નથી તેથી ભાગાસિદ્ધ છે. સ્વરૂપાસિદ્ધના ... ૫ જે સિદ્ધ છે—... તેનું સાધન તે સિદ્ધસાધન. ... ૬ ... તેથી પરિમિતહેતુનો વ્યભિચાર છે. ૭ ધામ, તાપ.

મિતત્વ સમાન છે. પ્રેક્ષાપૂર્વક નિર્માણ કરેલાં શયન, આસન આદિનો કાર્યકારણભાવ જોવામાં આવે છે તેથી કાર્યકારણભાવથી બાહ્ય અને આધ્યાત્મિક વિકારો અચેતન-પૂર્વક છે એમ કલ્પવું શક્ય નથી ॥ ૧ ॥

પ્રવૃત્તેશ્ચ ॥ ૨ ॥

અને પ્રવૃત્તિની ([1]અનુપપત્તિથી અચેતન જગત્કારણ છે એમ અનુમાન કરવું યુક્ત નથી) ॥ ૨ ॥

પ્રથમ એ રચના રહેવા દો. તેની સિદ્ધને માટે જે પ્રવૃત્તિ-સત્ત્વ, રજસ્ અને
માત્રનું કાર્ય હોવાથી તેમાં સસ્રષ્ટ અનેક ઉપાદાનના અભાવથી વ્યભિચાર થશે એમ સમજવાનું
છે. સાંખ્યસિદ્ધાન્તનું આલોચન કરતાં પરિમિતત્વ અનૈકાન્તિક છે. જો પરિમિતત્વનો અર્થ ઇ-
યત્તા લઈએ તો તે આકાશમાં નથી એટલે પરિમાણાત્ એ હેતુ અવ્યાપક થાય છે. જો એમ
કહેશો કે યોજનાદિથી મપાયલાપણું એવું પરિમાણ અમે આકાશની ઇયત્તા સમજતા નથી;
પણ અવ્યાપિતાને સમજીએ છીએ અને તે આકાશમાં છે; કેમકે આકાશ તન્માત્ર આદિને અ-
વ્યાપી છે; કારણ કે કાર્ય કારણનું વ્યાપી નથી પણ કારણ કાર્યનું વ્યાપી છે.[2] આ રીતે
આકાશ તન્માત્ર આદિનું વ્યાપક ન હોવાથી અવ્યાપી-અવ્યાપક છે, તેથી પરિમિત છે—જો
એમ કહેશો તો સત્ત્વ, રજસ્ ને તમસ્ પણ પરસ્પર વ્યાપ્ત કરતા નથી પણ અન્ય તત્ત્વ એનું
કારણ નથી એટલે વ્યભિચાર દોષ થશે. ખરેખર, જેમ એ ગુણોથી કાર્યસમૂહ આવિષ્ટ છે
તેમ તેઓ પરસ્પરમાં પ્રવેશ કરતા નથી; કેમકે પરસ્પર કારણભાવ નથી. પરસ્પર સંસર્ગ—
આવેશ [3]ચિતિશક્તિમાં પણ નથી; કેમકે ચિતિશક્તિ જે દૂરસ્થનિત્ય છે તે એ ગુણોથી સંસૃષ્ટ
થતી નથી તેથી ગુણો તેના અવ્યાપક હોવાથી પરિમિત છે. એ જ પ્રમાણે ચિતિશક્તિ પણ
ગુણોથી અસંસૃષ્ટ હોવાથી પરિમિત છે, એટલે પરિમિતત્વ એ હેતુ અનૈકાન્તિક છે એવું તાત્પર્ય
છે. વળી કાર્યકારણવિભાગ જેને વિષે સમાપ્ત થાય છે તે પ્રધાન એમ જે કહ્યું છે તે યુક્ત નથી;
કેમકે બ્રહ્મમાં કે માયામાં એ સમાપ્તિનો સંભવ છે. જે કાર્યનો વિભાગ છે તે ચેતનથી અધિષ્ઠિત
ન થયેલા અચેતનને વિષે સમાપ્ત છે એવી કંઈ વ્યાપ્તિ નથી; કેમકે સર્વત્ર અચેતનને વિષે ચેત-
નનું અધિષ્ઠાન જોવામાં આવે છે એમ કહે છે—'પ્રેક્ષાપૂર્વક નિર્માણ કરેલાં' ઇત્યાદિ. આથી
અવિભાગનું પણ વ્યાખ્યાન થયું સમજવું. જે પરિમિત છે તે અવ્યક્ત-પ્રધાન પ્રકૃતિ જેનું કારણ
છે એવું છે એ જે બીજી વ્યાપ્તિ છે તેનો પણ અનાદિ ગુણો જે પરિમિત છે તેને વિષે વ્યભિ-
ચાર છે આથી સદૃશનોજ પ્રકૃતિવિકારભાવ હોવાથી અચેતન વિકારોની અચેતનજ પ્રકૃતિ
છે એ પક્ષનું [4]નિરસન થયું સમજવું; કેમકે ચેતનથી અધિષ્ઠિત અચેતન પ્રકૃતિ હોવાથી પણ સા-
દૃશ્ય ઉપપન્ન થાય છે. 'ન વિલક્ષણત્વાત્' [બ્રહ્મ સૂ૦ ૨।૧।૪] એમાં સાદૃશ્યનિયમનું નિરાકરણ
કર્યું છે. એ પ્રમાણે ચેતનને અધીન કારણશક્તિથી કાર્યપ્રવૃત્તિનો સંભવ હોવાથી શક્તિથી પ્રવૃત્તિ
એ લિંગ અન્યથાસિદ્ધ છે એમ સમજવું ॥ ૧ ॥

સ્વતન્ત્ર અચેતન કારણ છે એમ અનુમાન કરવું યુક્ત નથી; કેમકે વૃદ્ધિને અર્થે તેની

૧ ઉપપત્તિ-ઘટવા પણું નહિ તે. ૨ ૪૩ પૃ૦ ૧૫ ટિપ્પણ જુઓ. આકાશ વિકાર છે ને તન્માત્ર કારણ છે. 'જ્યાં જ્યાં કાર્ય છે ત્યાં ત્યાં કારણ છે' એવી વ્યાપ્તિ છે, પણ 'જ્યાં જ્યાં કારણ છે ત્યાં ત્યાં કાર્ય છે' એવી વ્યાપ્તિ ન હોવાથી આકાશ તન્માત્રનું વ્યાપક નથી. ૩ પુરુષ. ૪ નિરાકરણ.

તમસની 'સામ્યાવસ્થામાંથી ²પ્રચ્યુતિ—અર્થાત્, અઙ્ગાઙ્ગિભાવ ³આપત્તિ એવી વિ-
શિષ્ટ કાર્યને અભિમુખ જે પ્રવૃત્તિ તે પણ સ્વતન્ત્ર, અચેતન પ્રધાનને યુક્ત થતી
નથી; કેમકે મૃત્તિકા આદિમાં અને રથ આદિમાં તે જોવામાં આવતી નથી. ખરે-

---

પ્રવૃત્તિ અનુપપન્ન છે એમ **प्रवृत्तेश्च** એ સૂત્રમાંના ચકારથી **अनुपपत्ति** પદનો ('**रचनानुप-
पत्तेश्च नानुमानम्**' એ સૂત્રમાંના એ પદનો) અનુષંગ કરી **प्रवृत्तेश्च अनुपपत्तेर्नानुमानं
कारणम्** (પ્રવૃત્તિની અનુપપત્તિથી અનુમાનગમ્ય પ્રધાન કારણ નથી) એમ સૂત્રની યોજના
કરવી. રચના અને પ્રવૃત્તિમાં શો ભેદ છે એમ આશંકા કરી પ્રવૃત્તિનું સ્વરૂપ કહે છે—'**સત્ત્વ,
રજસ્ અને તમસની સામ્યાવસ્થામાંથી પ્રચ્યુતિ**' ઇત્યાદિ. ગુણોની સામ્યાવસ્થા તે
તત્ત્વોનો પ્રલય. તે સમયે કંઈ પણ કાર્ય થતું નથી; કેમકે તેમ થાય તો પ્રલયના અભાવનો
પ્રસંગ આવે; પણ આરમ્ભમાં સામ્યપ્રચ્યુતિરૂપ વૈષમ્ય થાય છે; પછી કોઈક ગુણ અઙ્ગી એટલે
⁴ઉદ્‌ભૂત હોવાથી પ્રધાન અને કોઈક અઙ્ગ એટલે અપ્રધાન થાય છે, એમ ગુણોનો અઙ્ગાઙ્ગિભાવ
થાય છે અને તેમ થયે મહદાદિ કાર્ય ઉત્પન્ન કરવારૂપ પ્રવૃત્તિ થાય છે અને તે પ્રવૃત્તિથી જે
વિવિધકાર્યવિન્યાસ થાય છે તે રચના. એમ પ્રવૃત્તિ અને રચનામાં ભેદ છે. ગુણોની પ્રવૃત્તિ
ચેતનાધિષ્ઠાનપૂર્વક છે, પ્રવૃત્તિ છે તેથી, રથાદિની પ્રવૃત્તિની પેઠે એમ કહે છે—'તે પણ' ઇ-
ત્યાદિ. માત્ર રચનાના ભેદો ચેતનના અધિષ્ઠાન વગર થતા નથી એટલુંજ નહિ, પણ સામ્યાવ-
સ્થાથી પ્રચ્યુતિ એટલે વૈષમ્ય તે પણ; કેમકે જે ઉદ્‌ભૂત એટલે બળવત્તર તે અઙ્ગી અને જે
અભિભૂત તે તેને અનુગુણ હોવાથી અઙ્ગ. એમ ગુણપ્રધાનભાવ થયે પ્રધાનની જે મહદાદિ કા-
ર્યને વિષે પ્રવૃત્તિ તે પણ ચેતન અધિષ્ઠાનનુંજ અનુમાન કરાવે છે. ખરેખર, ચેતન અધિષ્ઠાન
વિના મૃત્પિંડ જે પ્રધાન તેને વિષે ચક્ર, દણ્ડ, જળ, સૂત્ર આદિ અઙ્ગભાવે રહેતાં નથી. તેટલા
માટે પ્રવૃત્તિનું પણ ચેતન અધિષ્ઠાન સિદ્ધ છે, એથી '**शक्तितः प्रवृत्तेश्च**'⁵ એ પણ સાંખ્યનો
હેતુ વિરુદ્ધજ છે એમ વક્રોક્તિથી કહ્યું છે. અહિં આ પ્રમાણે સમજવાનું છે—સાંખ્યોની પરિ-
ભાષા આ રીતે છે—પ્રલયમાં ત્રણે ગુણો સામ્યાવસ્થામા રહે છે, કોઈનો પણ ઉત્કર્ષ નથી કે
કોઈનો પણ અપકર્ષ નથી. આ સામ્યાવસ્થાજ પ્રધાન કહેવાય છે. પણ સૃષ્ટિના આરમ્ભમાં તો
ગુણો અનેક ઉત્કર્ષ અને અપકર્ષરૂપ પ્રાપ્ત કરે છે. તેમાં ઉત્કૃષ્ટ સત્ત્વ રજોગુણ અને તમોગુણને
અભિભૂત કરી તેઓની સાથે શાન્ત સ્વપ્રવૃત્તિને આરમ્ભે છે. તેમાં સત્ત્વ અઙ્ગી-પ્રધાન છે અને
રજસ્ અને તમસ્ અઙ્ગભૂત-ગૌણ છે. ઉત્કૃષ્ટ રજોગુણ સત્ત્વ અને તમોગુણને અભિભૂત કરી
તેમની સાથે ઘોર સ્વપ્રવૃત્તિને આરમ્ભે છે. તેમાં રજસ્ પ્રધાન અને સત્ત્વ અને તમસ્ અઙ્ગ-
ભૂત છે. તેમજ ઉત્કૃષ્ટ તમોગુણ મૂઢ સ્વપ્રવૃત્તિને આરમ્ભે છે. તેમાં રજસ્ અને સત્ત્વ અઙ્ગ-
ભૂત અને તમસ્ અઙ્ગી છે. એમ પરસ્પર અઙ્ગાઙ્ગિભાવથી ગુણોનું મેલન થઈ મહદાદિ કાર્યનો
આરમ્ભ થાય છે. તેમાં જે પ્રધાનની પ્રથમ પ્રવૃત્તિ છે તે પણ ચેતન અધિષ્ઠાન વિના સંભવતી
નથી; તો અનન્તરકાર્યારમ્ભ તો ચેતન અધિષ્ઠાન વિના સંભવેજ ક્યાંથી ? એ પ્રમાણે જેમ પ્રાથ-
મિક પ્રવૃત્તિ ચેતનાધિષ્ઠાનપૂર્વક છે તેમ ઉત્તરકાર્યની પણ જે શક્તિથી પ્રવૃત્તિ છે તે પણ ચેત-
નાધિષ્ઠાનપૂર્વકજ છે માટે '**शक्तितः प्रवृत्तेः**' એ પણ સાંખ્યોનું લિંગ અયુક્તજ છે. એક
સ્વતન્ત્ર કારણની પ્રવૃત્તિનું અહિં નિરાકરણ કરવામાં આવે છે. તોપણ ગુરુત્વાદિથી કાર્યની

૧ સમતા, સરખાપણાની સ્થિતિ. ૨ ભ્રંશ. પડવું તે; સ્થિતિમાંથી પડવું—ના રહેવું તે. નાશ,
વ્યય. ૩ [illegible] ૪ [illegible] ૫ [illegible] ૬ સૂત્રના ટિપ્પણમાં.

ખરુ, મૃત્તિકા આદિ કે રથ આદિ, પોતે અચેતન હોઈ, ચેતન કુંભાર આદિ કે અશ્વ આદિથી આધિષ્ઠિત¹ થયા વિના વિશિષ્ટ કાર્યને અભિમુખ પ્રવૃત્તિવાળાં જોવામાં આવતાં નથી; અને 'દૃષ્ટથી અદૃષ્ટની સિદ્ધિ છે. એથી પ્રવૃત્તિની અનુપપત્તિરૂપ હેતુથી પણ અચેતન જગત્કારણ છે એમ અનુમાન કરવું યુક્ત નથી. પણ ચેતનની પણ કેવલની પ્રવૃત્તિ જોવામાં આવતી નથી. એ ખરૂં છે; તોપણ ચેતનસંયુક્ત રથાદિ અચેતનની પ્રવૃત્તિ જોવામાં આવે છે. પણ અચેતનસંયુક્ત, ચેતનની પ્રવૃત્તિ જોવામાં આવતી નથી. પણ અહિં શું યુક્ત છે, જેને વિષે પ્રવૃત્તિ જોવામાં આવે

પ્રવૃત્તિનું પણ નિરાકરણ થાય છે એમ 'शक्तितः प्रवृत्तेः' એ સાંખ્યહેતુ વિરુદ્ધ છે. કેમકે પ્રવૃત્તિશક્તિમાન્ કોઈ કાર્ય ચેતનાધિષ્ઠિતપ્રકૃતિવાળુંજ ઘટાદિ જોવામાં આવે છે, એમ દર્શાવવા માટે આ સૂત્ર છે. પણ લોકમાં સ્વતન્ત્ર અચેતન પદાર્થોમાં પ્રવૃત્તિ જોવામાં આવતી નથી, તોપણ પ્રધાનમાં એ પ્રવૃત્તિ સિદ્ધ થવા દો તેને માટે કહે છે—'દૃષ્ટથી અદૃષ્ટની સિદ્ધિ છે', અનુમાનશરણ એવો જે તું સાંખ્ય તે તને દૃષ્ટાન્ત વિના અતીન્દ્રિય અર્થ સિદ્ધ થાય એ યુક્ત નથી એવું તાત્પર્ય છે. અચેતન મૃત્તિકા આદિ ચેતનથી અનધિષ્ઠિત હોય તો પ્રવૃત્તિશક્તિરહિત જોવામાં આવે છે. તેથી અદૃષ્ટ, સ્વતન્ત્ર પ્રધાન પણ પ્રવૃત્તિશક્તિરહિત છે એ કલ્પના દૃષ્ટાનુસારી છે એમ સમજવાનું છે. અનુમાનફળ નિગમન કરે છે—'એથી પ્રવૃત્તિની અનુપપત્તિરૂપ હેતુથી પણ' ઇત્યાદિ. સમન્વય આદિ હેતુની અનુપપત્તિ દૃષ્ટાન્તથી દર્શાવવા 'પણ' શબ્દ છે. પણ પ્રધાનની પ્રવૃત્તિને ખંડન કરતા સિદ્ધાન્તીએ સૃષ્ટિને વિષે ચેતનની પ્રવૃત્તિ કહેવી જોઈએ તે ઘટતી નથી એમ સાંખ્ય શંકા કરે છે. અચેતનની પ્રવૃત્તિના પ્રતિષેધ કરતા સિદ્ધાન્તીને કેવલ ચેતનમાં કે અચેતનસંયુક્ત ચેતનમાં પ્રવૃત્તિ વિવક્ષિત હોવી જોઈએ એમ વિકલ્પ કરી આદ્ય પક્ષનું દૂષણ કરી સાંખ્ય શંકા કરે છે—'પણ ચેતનની પણ' ઇત્યાદિ. કેવલ ચેતનમાં પ્રવૃત્તિ જોવામાં આવતી નથી એમ સ્વીકારે છે—'એ ખરૂં છે'. અભિપ્રાય આવો છે. ઉપનિષદ્ના મતને અનુસરનાર એવો જે તું વેદાન્તી તે તારે અમારા, સાંખ્યના હેતુઓનું ખંડન કરી જેને અન્યની અપેક્ષા નથી એવું કેવલ ચેતન જગતનું ઉપાદાન અને નિમિત્તકારણ છે એમ સમર્થન કરવું જોઈએ. તે યુક્ત થતું નથી; કેમકે કેવલ ચેતનને વિષે પ્રવૃત્તિ અનુપલબ્ધ છે. ³ઔપનિષદ વેદાન્તીનો તો એવો અભિપ્રાય છે કે પ્રથમ ⁴ચેતનહેતુક પ્રવૃત્તિ સાંખ્ય સ્વીકારશે એટલે પછી સ્વપક્ષનું એથીજ સમાધાન કરીશ. શુદ્ધ ચેતન વિષે પ્રવૃત્તિ યુક્ત નથી એમ સ્વીકારો છો તો કેવલ અચેતનને વિષે પ્રવૃત્તિ સિદ્ધ થશે. નહિ તો સૃષ્ટિનો લોપ થશે તેને માટે કહે છે—'તોપણ ચેતનસંયુક્ત' ઇત્યાદિ. કેવલ ચેતનને વિષે પ્રવૃત્તિ નથી તોપણ ચેતન અને અચેતનના પરસ્પર સંબન્ધથી સૃષ્ટિની પ્રવૃત્તિ છે એવું તાત્પર્ય છે. વેદાન્તીના આ સિદ્ધાન્તને સાંખ્ય દૂષિત કરે છે—'પણ અચેતનસંયુક્ત ચેતનની' ઇત્યાદિ. સર્વ પ્રવૃત્તિ અચેતનને આશ્રયે રહેલીજ જોવામાં આવે છે, પરન્તુ અચેતનના સંબન્ધથી પણ ચેતનમાં કદાચિત્ પણ પ્રવૃત્તિ જોવામાં આવતી નથી; એટલા માટે ચેતનથી સૃષ્ટિ નથી એવો સાંખ્યનો અભિપ્રાય છે. એ મત સાંભળી આશય પૂછે છે—'પણ અહિં શું યુક્ત છે' ઇત્યાદિ. જે અચેતન રથાદિને વિષે પ્રવૃત્તિ દેખાય છે તેનીજ એ પ્રવૃત્તિ છે કે ચેતન તેનાં હેતુ નથી એવું સાંખ્યમત શું છે કે જે ચેતન આદિના સહયોગથી અચેતનની પ્રવૃત્તિ છે તેથી (ચેતનથી)

૧ પ્રેરિત. ૨ જે જોવામાં આવે છે તેથી જે જોવામાં નથી આવતું તેનું અનુમાન કરીને સિદ્ધ થાય છે.
૩ ઉપનિષદને અનુસરનાર. ૪ ચેતન જેનો હેતુ છે એવી.

જોવામાં આવે છે
છે તેની એ યુક્ત છે કે જેની સાથે સંપ્રયુક્ત થયલાની પ્રવૃત્તિ જોવામાં આવે છે
તેની એ યુક્ત છે? ખરેખર, જેને વિષે પ્રવૃત્તિ દેખાય છે તેનીજ એ છે એમ યુક્ત
છે; કેમકે બંને પ્રત્યક્ષ છે, પણ પ્રવૃત્તિના આશ્રય તરીકે રથાદિની પેઠે કેવલ ચેતન
પ્રત્યક્ષ નથી, પરંતુ પ્રવૃત્તિનો આશ્રય જે દેહાદિ તેથી સંયુક્તજ જે ચેતન તેની
[1]સદ્‌ભાવસિદ્ધિ છે; કેમકે કેવલ અચેતન રથાદિથી વિલક્ષણતા જીવતા દેહમાં જોવામાં
આવે છે. એથીજ દેહ, પ્રત્યક્ષ હોય છે ત્યારે ચૈતન્ય દેખાય છે અને અપ્રત્યક્ષ
હોય છે ત્યારે દેખાતું નથી તેથી, દેહમાંજ ચૈતન્ય છે એમ [2]લોકાયતિક સંમત છે.
તેટલા માટે અચેતનનીજ પ્રવૃત્તિ છે એમ (સાંખ્ય કહે છે). તેને વિષે કહીએ
છીએ—જે અચેતનને વિષે પ્રવૃત્તિ દેખાય છે તેની તે નથી એમ અમે કહેતા નથી.
તેનીજ તે થાઓ; પણ તે ચેતનથી થાય છે એમ અમે કહીએ છીએ; કેમકે તેને

પ્રયુક્ત થયલી છે એ વેદાન્તિમત સાધુ છે એવો પ્રશ્નાર્થ છે. 'અહિં' = કેવલ ચેતન કે અચે-
તનને વિષે પ્રવૃત્તિ જોવામાં આવતી નથી તે દશામાં. સાંખ્ય કહે છે—'ખરેખર, જેને વિષે
પ્રવૃત્તિ દેખાય છે' ઇત્યાદિ. 'જેને વિષે' = અચેતન રથાદિને વિષે. 'બંને' = પ્રવૃત્તિ
અને તેનો આશ્રય. દૃષ્ટ આશ્રયથીજ પ્રવૃત્તિ ઘટાવી શકાય છે તો અદૃષ્ટ ચેતનને વિષે પ્રવૃત્તિ
કલ્પવી યુક્ત નથી એવું તાત્પર્ય છે. આત્મા અપ્રત્યક્ષ છે તો શી રીતે સિદ્ધ છે તેને માટે કહે
છે કે અનુમાનથી સિદ્ધ છે—'પરંતુ, પ્રવૃત્તિનો આશ્રય જે દેહાદિ' ઇત્યાદિ. અનુમાન-
સિદ્ધ ચેતન પ્રવૃત્તિનો આશ્રય થાય નહિ એ દર્શાવવા 'સંયુક્તજ'માં 'જ' કાર છે. અનુમાન
શી રીતે તે દર્શાવવા તેનો પ્રકાર સૂચવે છે—'કેવલ અચેતન' ઇત્યાદિ. 'વિલક્ષણતા' =
પ્રાણાદિ હોવાપણું. જીવતા દેહમાં રથાદિથી વિલક્ષણતા એટલે પ્રાણાદિ હોવાપણું જોવામાં આવે
છે તેથી ચેતન સિદ્ધ થાય છે એમ સમજવાનુ છે. જીવતો દેહ આત્મયુક્ત છે, પ્રાણાદિવાળો
છે તેથી, [3]વ્યતિરેકથી રથાદિની પેઠે—એમ આત્મા સિદ્ધ થાય છે એવું તાત્પર્ય છે. દેહપ્રવૃત્તિ
પોતાના આશ્રયથી (દેહથી) અન્ય, જ્ઞાનવાન્ (આત્મા) સાથે જોડાયલી છે, પ્રવૃત્તિ છે તેથી,
રથપ્રવૃત્તિની પેઠે એવું અન્ય અનુમાન સૂચવવા માટે 'પ્રવૃત્તિનો આશ્રય' એમ કહ્યું છે.
આત્માનો સદ્‌ભાવજ સિદ્ધ થાય છે, પ્રવર્તકત્વ સિદ્ધ થતુ નથી. અનુમિત થયલો જે આત્મા
તેના સદ્‌ભાવમાત્રથી જો પ્રવર્તકત્વ સિદ્ધ થાય તો સર્વત્ર આકાશ પણ પ્રવર્તક થાય એવું તા-
ત્પર્ય છે. આત્મા અપ્રત્યક્ષ છે તેને વિષે ચાર્વાકોનો ભ્રમ પણ લિંગ છે એમ કહે છે—'એથીજ
દેહ પ્રત્યક્ષ હોય છે' ઇત્યાદિ. 'એથીજ' = આત્મા અપ્રત્યક્ષ છે તેથીજ. દેહથી અન્ય
આત્મા પ્રત્યક્ષ હોય તો ચાર્વાકોના ભ્રમનો અસંભવ થાય એવો અર્થ છે. 'ચૈતન્ય દેખાય છે'
= ચૈતન્ય અને પ્રવૃત્તિ બંને સમજવાં. અચેતનજ પ્રવૃત્તિનો આશ્રય છે એમ સાંખ્યનું કહ્યું
અંગીકાર કરીને ચેતન પ્રયોજક-પ્રવર્તક છે એમ સિદ્ધાન્તી સાધે છે—'તેને વિષે કહીએ
છીએ' ઇત્યાદિ. અમે વેદાન્તીઓ પ્રત્યક્ષ, અનુમાન અને આગમથી સિદ્ધ શારીર કે પર-
માત્માને અહિં સાધતા નથી, માત્ર પ્રવૃત્તિ પ્રતિ આત્મા કારણ છે એમ કહીએ છીએ. તેમાં,
મૃત શરીર કે રથાદિમાં ચેતનથી અધિષ્ઠિત ન હોય તો પ્રવૃત્તિ જોવામાં આવતી નથી અને ચે-

૧ સત્તા-હયાતીની સિદ્ધિ. ૨ ચાર્વાકમતાનુસારી. લોકોને વિષે આયત, વિસ્તીર્ણ—આયાસ વગર
સાધ્ય હોવાથી તે લોકાયત-ચાર્વાકસિદ્ધ ધર્મ. તે જેનામાં છે તે લોકાયતિક. ૩ જે પ્રાણાદિવાળું નહિ
તે આત્મયુક્ત નથી, જેમકે રથાદિ. એવી વ્યતિરેકવ્યાપ્તિ છે.

'ભાવે તેનો ભાવ છે અને 'અભાવે અભાવ છે; જેમ કાષ્ઠાદિમાં રહેલી પણ દાહ પ્રકાશરૂપ વિક્રિયા, કેવલ અગ્નિમાં [1]અનુપલભ્યમાન છે તોપણ અગ્નિધીજ થાય છે, કેમકે તેના સંયોગે દેખાય છે અને વિયોગે દેખાતી નથી તે પ્રમાણે. લોકાયતિકોના મતમાં પણ ચેતનજ દેહ અચેતન રથાદિનો [2]પ્રવર્તક જોવામાં આવે છે એટલે ચેતન પ્રવર્તક છે એમાં વિરોધ નથી. પણ તારો, દેહાદિથી સંયુક્ત પણ, એવો જે આત્મા તેની વિજ્ઞાનસ્વરૂપમાત્રથી ભિન્ન પ્રવૃત્તિ અનુપપન્ન હોવાથી પ્રવર્તકત્વ પણ અનુપપન્ન છે એમ કહેશો તો, ના; કેમકે લોહચુંબકની પેઠે અને રૂપાદિની પેઠે પ્રવૃત્તિરહિતમાં પણ પ્રવર્તકત્વ ઉપપન્ન છે. જેમ લોહચુંબક જાતે પ્રવૃત્તિરહિત છે તોપણ લોઢાનું પ્રવર્તક થાય છે, અથવા જેમ રૂપાદિ વિષયો જાતે પ્રવૃત્તિરહિત છે તોપણ નેત્રાદિના પ્રવર્તક થાય છે, એ પ્રમાણે પ્રવૃત્તિરહિત પણ ઈશ્વર, સર્વવ્યાપક, સર્વાત્મા, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન્ હોઈ સર્વને પ્રવર્તાવે એ યુક્ત છે. એકત્વને લીધે [4]પ્રવર્ત્યનો અભાવ હોવાથી પ્રવર્તકત્વ અનુપપન્ન છે એમ કહેશો તો,

નથી અધિષ્ઠિત હોય છે ત્યારે પ્રવૃત્તિ જોવામાં આવે છે તેથી અન્વય અને વ્યતિરેકથી પ્રવૃ[illegible]ત્તિનો હેતુ ચેતન છે એમ નિશ્ચય થાય છે. રથાદિની પ્રવૃત્તિને વિષે અશ્વાદિ ચેતનના અન્વય ને વ્યતિરેક પુષ્કળ છે અને તે અન્વયવ્યતિરેકથી ચેતન પ્રવર્તક છે એમ બાહ્ય ચાર્વાકોને [illegible] સંમત છે એમ કહે છે—'લોકાયતિકોના મતમાં પણ' ઇત્યાદિ. દેહ જીવતે ચેતન, [illegible]રૂપાદિયુક્ત હોઈ પોતાના વ્યાપારથી પ્રવર્તક થાય છે એ યુક્ત છે, પણ તેથી ભિન્ન કૂટસ્થનિત્ય, [illegible]ન, વ્યાપારરહિત, 'જ્ઞાનૈકસ્વભાવ, એવો આત્મા પ્રવૃત્તિના અભાવથી પ્રવર્તક થાય એ યુક્ત [illegible] એવી શંકા કરે છે—'પણ તારો, દેહાદિથી સંયુક્ત પણ' ઇત્યાદિ. જે પ્રવર્તક છે તે બને પ્રવૃત્તિવાળો છે, અશ્વાદિની પેઠે એ વ્યાપ્તિનો આત્મા વ્યાપક નથી તેથી આત્મા પ્રવર્તક નથી એવો શંકાનો અભિપ્રાય છે. વેદાન્તીના મતમાં પણ ચેતન, જીવ અને ઈશ્વર, અસંગ અને ચૈતન્યમાત્રસ્વરૂપ છે તો અધિષ્ઠાતા શી રીતે થાય એવી શંકા છે. સંનિધિમાત્રથી [illegible] એમ સદૃષ્ટાન્ત શંકાનો પરિહાર કરે છે—'ના, કેમકે લોહચુમ્બકની પેઠે' ઇત્યાદિ [illegible] [illegible] મણિ આદિને વિષે વ્યભિચાર હોવાથી 'જે પ્રવર્તક છે તે બને [illegible]' [illegible] વ્યાપ્તિ નથી એવો શંકાનો પરિહાર છે. જો સંનિધિમાત્રથી ચેતન અધિષ્ઠાતા છે એમ [illegible] તો ચેતનની સંનિધિથીજ સૃષ્ટિ ઉપપન્ન થશે, ઈશ્વરનું શું પ્રયોજન છે એવી [illegible] [illegible] કહે છે કે 'સર્વજ્ઞ અને સર્વશક્તિમાન્ હોઈ'. લોકમાં [illegible] [illegible] તેજ અધિષ્ઠાતા દેખાય છે, તેથી પરમેશ્વરજ આ સૃષ્ટિનો અધિષ્ઠાતા [illegible] નહિ; કેમકે તે અસર્વજ્ઞ અને અસર્વશક્તિમાન્ હોવાથી [illegible] [illegible] સાંખ્યોના મતમાં સ્વદેશસ્થ રૂપાદિ ઇન્દ્રિયમાં વિકાર કરે છે. [illegible] [illegible] થઈ અહંકારમાં પરિણામ પામે છે એવી સ્થિતિ છે. [illegible] [illegible] કરે છે—'એકત્વને લીધે પ્રવર્ત્યનો અભાવ હોવાથી' [illegible] [illegible]તન અને ચેતન બંને છે તેઓ એમ કહે એ યુક્ત છે કે [illegible] પ્રવૃત્તિમાન્ થાય છે. જેમ ઈશ્વરથી [illegible]

[1] અધિતાવે: હોવ ત્યારે. [2] ન દેખાતાં [illegible] [3] [illegible] [illegible]માં મૂકનાર. [4] પ્રેરણીય [illegible]

ના; કેમકે અવિદ્યાએ ઊભાં કરેલાં જે નામરૂપ તેમાં તેજ માયા વડે આવેશના બળથી એમ અનેક વાર એ શંકાનું નિરાકરણ કર્યું છે. તેટલા માટે સર્વજ્ઞને કારણ લેવામાં પ્રવૃત્તિ સંભવે છે, પણ અચેતનને કારણ લેવામાં સંભવતી નથી ॥ ૨ ॥

पयोम्बुवच्चेत्तत्रापि ॥ ३ ॥

'પય અને 'અંબુની પેઠે (પ્રધાનની પ્રવૃત્તિ છે એમ કહેશો) તો તેને વિષે પણ (ચેતનથી અધિષ્ઠિત થયલાનીજ પ્રવૃત્તિ છે) ॥ ૩ ॥

જેમ અચેતન 'ક્ષીર સ્વભાવથીજ 'વત્સની વિવૃદ્ધિને માટે પ્રવર્તે છે અને જેમ અચેતન જળ સ્વભાવથીજ લોકોના ઉપકારને માટે વહે છે તેમ અચેતન પ્રધાન સ્વભાવથીજ પુરુષાર્થની સિદ્ધિને માટે પ્રવર્તશે એમ થાય. ના, એ સારું વચન નથી; કેમકે તેમાં પણ, પય અને અંબુમાં, ચેતનથી અધિષ્ઠિત થયલાનીજ પ્રવૃત્તિ

ત્નથી 'અતિરિક્ત વસ્તુ છેજ નહિ તેમના મતમાં પ્રવર્ત્ય ન હોવાથી ચેતન કોના પ્રત્યે પ્રવર્તક [illegible] એવો પ્રકારનો આશય છે. શંકાનો પરિહાર કરે છે કે વસ્તુતઃ એકત્વ છે તોપણ [illegible] ક્રિયા દ્વૈત પ્રવર્ત્ય છે—'ના; કેમકે અવિદ્યાએ ઊભાં કરેલાં' ઇત્યાદિ. અવિદ્યાએ કરેલા [illegible] નામરૂપપ્રપંચના તેજ અવિદ્યારૂપ માયા વડે જે આવેશ—ચિદાત્માનો કલ્પિત સંબન્ધ—તેના સા[illegible] સર્વજ્ઞ ઈશ્વરને અન્તર્યામિત્વ આદિ યુક્ત થાય છે એમ અનેક વાર કર્યું છે એટલે પ્રશ્નને અવસર નથી એવું તાત્પર્ય છે. કારણભૂત [illegible] અવિદ્યાએ અને સૃષ્ટિની પૂર્વે [illegible] વિક્ષેપ સંસ્કારે જે ઊભું કરેલું નામરૂપ તેજ માયા, તેના આવેશથી એ શંકાનું અનેક વાર નિરસન કર્યું છે. આ સૃષ્ટિ કાંઈ વસ્તુસતી—વાસ્તવિક વિદ્યમાન—નથી કે જેથી અદ્વૈતવાદીને વાસ્તવિક [illegible] [illegible] દ્વિતીય વસ્તુનો અભાવ હોવાથી પ્રશ્ન કરાય. પણ કાલ્પનિક સૃષ્ટિને વિષે કાલ્પનિક [illegible] દ્વિતીય [illegible] છેજ કર્યું છે કે જેથી ભવિતવ્યતા તેથીજ [illegible] [illegible] છે અને [illegible] નાનારૂપત્વનાં આથી કાંઈ વ્યાઘાત થતો નહિ, કેમકે [illegible] માયાવેશથી ઉપાદાન છે ને શુક્તિકા ઉપાદાન છે [illegible] તેનું અધિષ્ઠાન છે, એમ રજતવિભ્રમનું શુક્તિકા અધિષ્ઠાન છે [illegible] તેમ એ પ્રશ્નનું સર્વ નિરવદ્ય છે ॥ ૨ ॥

[illegible] પ્રવૃત્તિ ચેતનને અધીન છે, પ્રવૃત્તિ છે તેથી, [illegible] [illegible] [illegible] [illegible] તે પણ [illegible] હોવાથી [illegible] [illegible] [illegible] વ્યભિચારની [illegible] કરી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] 'જેમ અચેતન ક્ષીર' ઇત્યાદિથી એમ પય અને અંબુ [illegible] [illegible] [illegible] 'પુરુષાર્થ' [illegible] [illegible] [illegible] પણ પ્રવૃત્ત થાય છે [illegible] [illegible] [illegible] [illegible] [illegible] પય અને અંબુમાં પણ [illegible] [illegible] [illegible] 'કેમકે તેમાં પણ, પય અને અંબુમાં,' ઇત્યાદિ [illegible] [illegible]

[illegible]

છે એમ અમે અનુમાન કરીએ છીએ; કારણ કે બંને મતવાળાઓમાં પ્રસિદ્ધ રથાદિ અચેતનને વિષે કેવલ (ચેતનથી અનધિષ્ઠિત)માં પ્રવૃત્તિ દેખાતી નથી. 'યોऽપ્સુ તિષ્ઠન્', 'યોऽપોऽન્તરો યમયતિ' [બૃહ૦ ૩।૭।૪] (જે પાણીમાં રહેતું, જે પાણીને અંદરથી નિયમમાં રાખે છે), 'एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि प्राच्योऽन्या नद्यः स्यन्दन्ते', [બૃહ૦ ૩।૮।૯] (હે ગાર્ગિ, એ અવિનાશીના પ્રશાસનમાં પૂર્વ દિશા તરફની અન્ય નદીઓ વહે છે) એ પ્રકારનું શાસ્ત્ર સમસ્ત લોકચેષ્ટિતનો ઈશ્વર અધિષ્ઠાતા છે એમ શ્રવણ કરાવે છે. તેટલા માટે સાધ્યવાન્ પક્ષને વિષે પ્રવિષ્ટ થવાથી 'पयोम्बुवत्' (પય અને અમ્બુની પેઠે) એ વ્યભિચારસ્થળ નથી; અને ચેતન ધેનુની સ્નેહેચ્છાથી પય પ્રવર્તક છે એમ ઉપપન્ન થાય છે અને વત્સના ચૂસવાથી પય આકૃષ્યમાણ થાય છે. વળી અંબુને પણ અત્યન્ત અનપેક્ષા નથી; કેમકે વહેવાની નીચી જમીન વગેરેની અપેક્ષા છે. ચેતનની અપેક્ષા તો સર્વત્ર દર્શાવી છે. 'उपसंहारदर्शनान्नेति चेन्न क्षीरवद्धि' [બ્રહ્મસૂ૦ ૨।૧।૨૪] (ઉપસંહાર જોવામાં આવે છે તેથી [બ્રહ્મ જગત્‌નું કારણ] નથી એમ કહેશો તો નહિ; કેમકે ક્ષીરની પેઠે [ઉપપન્ન થશે]) એમાં તો બાહ્ય નિમિત્તની અપેક્ષા વગરનું પણ સ્વાશ્રય કાર્ય થાય છે એમ લોકદૃષ્ટિથી દર્શાવ્યું છે. શાસ્ત્રદૃષ્ટિથી તો સર્વત્ર ઈશ્વરની અપેક્ષા પ્રાપ્ત થાય છે તે નિરસન કરાતી નથી ॥ ૩ ॥

કાર દર્શાવે છે—'કારણ કે બંને મતવાળાઓમાં' ઇત્યાદિ. 'વિમત પ્રવૃત્તિ ચેતનાધિષ્ઠાનપૂર્વક છે, અચેતન પ્રવૃત્તિ છે તેથી, સંપ્રતિપન્ન પ્રવૃત્તિની પેઠે' એમ અનુમાન થવાથી પય અને અંબુનો પણ પક્ષમાં અન્તર્ભાવ થવાથી વ્યભિચારની શંકા નથી એવો અર્થ છે. વળી શાસ્ત્રે ત્યાં પણ ચેતનાધિષ્ઠિતત્વ સિદ્ધ કર્યું છે તેથી સપક્ષ હોવાથી પણ વ્યભિચાર નથી એમ કહે છે—'એ પ્રકારનું શાસ્ત્ર' ઇત્યાદિ. શાસ્ત્રનો સંક્ષેપમાં અર્થ કહે છે—'સમસ્ત લોકચેષ્ટિતનો' ઇત્યાદિ. શાસ્ત્ર અને અનુમાનથી સિદ્ધ થયેલા અર્થનો ઉપસંહાર કરે છે—'તેટલા માટે સાધ્યવાન્ પક્ષને વિષે' ઇત્યાદિ. વળી ક્ષીરને વિષે ધેનુ વગેરે પ્રવર્તક હોવાથી પણ વ્યભિચાર નથી એમ કહે છે—'અને ચેતન ધેનુની' ઇત્યાદિ. કેવલ અચેતન પયની પ્રવૃત્તિ નથી એને વિષે અન્ય હેતુ કહે છે—'વત્સના ચૂસવાથી' ઇત્યાદિ. વળી અંબુના દૃષ્ટાન્તમાં પણ પ્રવૃત્તિને વિષે સર્વથા અપેક્ષા નથી કે ચેતનની અપેક્ષા નથી એમ પ્રશ્ન કરી આદ્ય પક્ષને દૂષિત કરે છે—'વળી અંબુને પણ અત્યંત અનપેક્ષા નથી' ઇત્યાદિ. દ્વિતીય પક્ષને દૂષિત કરે છે—'ચેતનની અપેક્ષા તો સર્વત્ર દર્શાવી છે'. 'દર્શાવી છે' એટલે શાસ્ત્રે અને અનુમાને દર્શાવી છે એમ સમજવું. 'उपसंहारदर्शनान्नेति चेन्न क्षीरवद्धि' એમાં દધિ વગેરે આકારમાં ક્ષીર પરિણામ પામે છે તેમાં બાહ્ય સાધનની અપેક્ષા નથી એમ કહ્યું છે; ને અહીં તો કાર્યમાત્રમાં ઉપાદાનસ્વરૂપથી જડરૂપ જે અધિષ્ઠાતા તેની અપેક્ષા છે એમ કહ્યું છે એમ પૂર્વાપરવિરોધની આશંકા કરી લોકદૃષ્ટિથી અને શાસ્ત્રદૃષ્ટિથી એ બે સૂત્ર છે એટલે અવિરોધ છે એમ શંકાનું સમાધાન કરે છે—'उपसंहार' ઇત્યાદિ. ॥ ૩ ॥

---

૧ આખોટ. ૨ વિવાદાસ્પદ, વિવાદની વિષયભૂત. ૩ એને વિષે સંપ્રતિપત્તિ-સર્વ મતવાળાઓની સંમતિ—છે એવી.

व्यतिरेकानवस्थितेश्चानपेक्षत्वात् ॥ ४ ॥

(પ્રધાનથી) ભિન્ન (કર્મની) અવસ્થિતિ નથી તેથી (પ્રધાન) અપેક્ષારહિત હોવાથી (પ્રધાનની પ્રવૃત્તિનિવૃત્તિ ઉપપન્ન થતી નથી). ॥ ૪ ॥

સાંખ્યોના મતમાં સામ્યાવસ્થામાં રહેતા ત્રણ ગુણો પ્રધાન છે; પણ તેથી ભિન્ન પ્રધાનનું 'પ્રવર્તક' કે 'નિવર્તક' કંઈ બાહ્ય 'અપેક્ષ્ય' રહેલું નથી. પુરુષ તો ઉદાસીન છે, પ્રવર્તક કે નિવર્તક નથી; તેથી પ્રધાન અપેક્ષારહિત છે, અને અપેક્ષારહિત હોવાથી કદાચિત્ પ્રધાન મહદાદિ આકારમાં પરિણામ પામે ને કદાચિત્ ન પામે એ અયુક્ત છે. ઈશ્વર તો સર્વજ્ઞ, સર્વશક્તિમાન, અને મહામાયાવાળો હોવાથી તેની પ્રવૃત્તિ અને નિવૃત્તિમાં વિરોધ થતો નથી ॥ ૪ ॥

अन्यत्राभावाच्च न तृणादिवत् ॥ ५ ॥

(ધેનુ આદિથી) અન્યત્ર અભાવ છે તેથી તૃણ આદિની પેઠે (પ્રધાન પરિણામ પામતું નથી) ॥ ૫ ॥

જેમ તૃણ, પલ્લવ, ઉદક વગેરે અન્ય નિમિત્તની અપેક્ષા વગર સ્વભાવથીજ

યદ્યપિ કોઈ કે પુરુષ પ્રધાનનું પણ પ્રવર્તક થાય એ આશંકા દૂર કરવા માટે સૂત્ર પ્રવૃત્ત થયું છે, તેનું વ્યાખ્યાન કરે છે— 'સાંખ્યોના મતમાં' ઇત્યાદિ પ્રધાનથી ભિન્ન કર્મની અ… [illegible]

[illegible]

ક્ષીર આદિ આકારે પરિણામ પામે છે, એમ પ્રધાન પણ મહદાદિ આકારમાં પરિણામ પામશે એમ થાય. તૃણ આદિ અન્ય નિમિત્તની અપેક્ષારહિત છે એમ શી રીતે ગમ્ય થાય છે? કેમકે અન્ય નિમિત્તનો ઉપલંભ[1] થતો નથી. જો આપણે અન્ય નિમિત્ત પ્રાપ્ત કરીએ તો તે વડે ઇચ્છા પ્રમાણે તૃણ વગેરે લઈ ક્ષીર વગેરે સંપાદન કરી શકીએ. પણ સંપાદન કરી શકતા નથી. તેટલા માટે તૃણાદિનો પરિણામ સ્વાભાવિક છે. તેમજ પ્રધાનનો પણ થાય એમ (શંકા છે). એને વિષે કહીએ છીએ—જો તૃણાદિનો પણ સ્વાભાવિક પરિણામ સ્વીકારાય તો તૃણાદિની પેઠે પ્રધાનનો પણ સ્વાભાવિક પરિણામ થાય. પણ એ સ્વીકારાતો નથી; કેમકે અન્ય નિમિત્ત ઉપલબ્ધ છે. અન્ય નિમિત્ત શી રીતે ઉપલબ્ધ છે? કેમકે અન્યત્ર અભાવ છે; કારણ કે ધેનુથીજ ઉપભુક્ત તૃણાદિ ક્ષીર થાય, નષ્ટ થયલું કે બળદ વગેરેથી ઉપભુક્ત થયલું નહિ. ખરેખર, જો એ નિમિત્તરહિત હોય તો ધેનુના શરીરસંબંધથી અન્યત્ર પણ તૃણાદિ ક્ષીર થાય. વળી માણસો ઇચ્છા પ્રમાણે એને બનાવી શકતા નથી તેથી એટલાથી કંઈ નિમિત્તરહિત થતું નથી; કેમકે કેટલુંક કાર્ય મનુષ્યથી સંપાદન કરી શકાય છે ને કેટલુંક દૈવથી. માણસો પણ ઉચિત ઉપાયથી તૃણાદિનું ગ્રહણ કરી ક્ષીર સંપાદન કરવા શક્તિમાન થાય છે; કેમકે પુષ્કળ ક્ષીરની કામનાવાળાઓ ધેનુને પુષ્કળ ઘાસ ચરાવે છે; અને તેથી પુષ્કળ ક્ષીર મેળવે છે. તેટલા માટે તૃણાદિની પેઠે પ્રધાનનો પરિણામ સ્વાભાવિક નથી ॥ ૫ ॥

[illegible] તેનો નિષેધ કરે છે—'अन्यत्राभावाच्च न तृणादिवत्'. ધેનુથી ઉપભુક્ત તૃણ [illegible] વગેરે સ્વભાવથી, ચેતનની અપેક્ષા વગર જેમ ક્ષીરભાવમાં પરિણામ પામે છે, [illegible] ચેતનની અપેક્ષા નથી, [illegible] ઉપયોગમાંજ ધેનુની અપેક્ષા છે, તેમ પ્રધાન પણ સ્વભાવથીજ [illegible] પરિણામ પામશે [illegible] ચેતનનું શું પ્રયોજન છે એમ શંકાનો અર્થ છે. ધેનુથી ઉપભુક્ત તૃણાદિ ક્ષીર[illegible] નિષેધ [illegible] નહિ. કેમકે ધેનુના દેહમાં રહેલો [illegible] વગેરે નિમિત્ત[illegible] થાય છે. [illegible] કારણો અર્થ છે [illegible] 'કેટલુંક દૈવથી' એમ કહ્યું છે [illegible] સિદ્ધાન્ત કહે છે 'એને વિષે કહીએ છીએ' ઇત્યાદિ. [illegible] નથી તેથી સ્વાભાવિક છે એમ જે કહ્યું છે તેને વિષે કહે છે—'વળી માણસો ઇચ્છા પ્રમાણે' ઇત્યાદિ. [illegible] કેમકે કેટલુંક કાર્ય' [illegible] 'માણસો પણ ઉચિત ઉપાયથી' ઇત્યાદિ [illegible] 'પુષ્કળ ક્ષીરની કામનાવાળાઓ' ઇત્યાદિ. [illegible] 'તેટલા માટે' ઇત્યાદિ ॥ ૫ ॥

---

૧ [illegible] ૨ [illegible]

अभ्युपगमेऽप्यर्थाभावात् ॥ ६ ॥

(પ્રધાનની પ્રવૃત્તિ સ્વાભાવિક છે એમ) સ્વીકારમાં પણ (દોષ છે), કેમકે અર્થનો અભાવ છે ॥ ૬ ॥

પ્રધાનની સ્વાભાવિક પ્રવૃત્તિ થતી નથી એમ સ્થાપન કર્યું. પણ આપની શ્રદ્ધાને અનુસરતા અમે પ્રધાનની સ્વાભાવિકજ પ્રવૃત્તિ સ્વીકારીએ તોપણ દોષ [1]અનુષક્ત થાયજ. શાથી? અર્થનો અભાવ છે તેથી. જો પ્રધાનની પ્રવૃત્તિ સ્વાભાવિક છે અને એમાં (એ પ્રવૃત્તિમાં) બીજા કંઈની અપેક્ષા નથી એમ કહેશો તો જેવીજ રીતે કંઈ સહકારીની અપેક્ષા નથી એમ કોઈ પ્રયોજનની પણ અપેક્ષા નહિ થશે તેથી પ્રધાન પુરુષનો અર્થ સાધવા પ્રવર્ત્તે છે એ પ્રતિજ્ઞાની હાનિ થાય. જો તે એમ કહે કે કેવલ સહકારીનીજ અપેક્ષા નથી, પ્રયોજનની પણ નથી એમ નહિ, તોપણ પ્રધાનની પ્રવૃત્તિના પ્રયોજનનું વિવેચન કરવું જોઈએ કે ભોગ છે, કે [2]અપવર્ગ છે કે બને છે. જો ભોગ હોય તો જેમાં (સુખાદિનો) અતિશય મૂકી શકાતો નથી એવા પુરુષનો ભોગ કેવા પ્રકારનો થાય? તેમજ મોક્ષના અભાવનો પ્રસંગ આવે. જો અપવર્ગ હોય તો પ્રવૃત્તિપૂર્વે પણ અપવર્ગ સિદ્ધ હોવાથી પ્રવૃત્તિ

પ્રધાનની સ્વાભાવિક પ્રવૃત્તિ સ્વીકારીને તેમાં દોષ કહે છે—'अभ्युपगमेऽप्यर्थाभावात्'. સાંખ્યમતમાં ચેતનાધિષ્ઠાન વિના જગદ્રચના ઉપપન્ન થતી નથી એમ 'पयोऽम्बुवच्चेत्तत्रापि' ઇત્યાદિ ત્રણ સૂત્રોથી પ્રતિપાદન કર્યું છે. 'पयोम्बुवत्' પછીનાં બે સૂત્રોથી ચેતનાધિષ્ઠાન વિના સૃષ્ટિપ્રલયની વ્યવસ્થા ઉપપન્ન થતી નથી એમ કહ્યું છે. હવે આ સૂત્ર વડે ચેતનથી અનધિષ્ઠિતજ પ્રધાન પુરુષના પ્રયોજનને અર્થે પ્રવર્ત્તે છે એમ જે સાંખ્યો કહે છે તેનું નિરાકરણ કરે છે કે પ્રધાનની સ્વતઃ પ્રવૃત્તિ નથી; સ્વત. પ્રવૃત્તિ સ્વીકારીએ તો પુરુષાર્થની પણ અપેક્ષાના અભાવનો પ્રસંગ આવે એવો એક અર્થ છે તેમાં ઇષ્ટાપત્તિનુ નિરસન કરે છે—'તેથી પ્રધાન પુરુષનો અર્થ સાધવા પ્રવર્ત્તે છે' ઇત્યાદિ. જે પ્રસંગ કહ્યો તે ઇષ્ટ માનીએ તો પ્રતિજ્ઞાની હાનિ થાય એવો અર્થ છે. अर्थाभावात्નો એક અર્થ પુરુષાર્થની અપેક્ષાના અભાવનો પ્રસંગ આવે તેથી એમ પ્રથમ કહી ('એમ કોઈ પ્રયોજનની પણ અપેક્ષા નહિ થશે' એમ કહી) पुरुषार्थाभावात्-પુરુષાર્થના અભાવથી એવો બીજો અર્થ કહે છે; પુરુષાર્થના અસંભવથી સ્વતઃ પ્રવૃત્તિ નથી એવો બીજો અર્થ શંકાપૂર્વક કહે છે—'જો તે એમ કહે' ઇત્યાદિ. જો પ્રયોજનની અપેક્ષા હોય તો તે કહેવું જોઈએ તેથી કહે છે—'પ્રધાનની પ્રવૃત્તિના પ્રયોજનનું વિવેચન કરવું જોઈએ' ઇત્યાદિ. પુરુષ, સુખની પ્રાપ્તિરૂપ કે દુઃખના પરિહારરૂપ અતિશયશૂન્ય છે. કૂટસ્થનિત્ય પુરુષને વિષે સુખાદિરૂપના અતિશયનું સ્વતઃ આધાન અશક્ય છે અને અધ્યાસનો અંગીકાર નથી તેથી ભોગ યુક્ત નથી. ભોગ એ સુખદુઃખસાક્ષાત્કારરૂપ ધર્મ છે તે અસંગ પુરુષને વિષે સંભવતો નથી. વળી પ્રધાનપ્રવૃત્તિ ભોગાર્થક હોય તો જે પ્રયોજનથી પ્રધાન પ્રવૃત્ત થાય તેજ પ્રયોજન સાધે, ભોગથી પ્રવૃત્ત થવાથી ભોગજ સાધે, મોક્ષ સાધે નહિ, કેમકે તે પ્રયોજનથી પ્રધાન પ્રવૃત્ત થયું નથી એમ અનિર્મોક્ષનો—મોક્ષાભાવનો પ્રસંગ આવે. જો પ્રધાનપ્રવૃત્તિ અપવર્ગને અર્થે છે એમ લઈએ તો સ્વરૂપાવસ્થાનરૂપ મુક્તિ સ્વતઃસિદ્ધ, સદાતન હોવાથી પ્રવૃત્તિ વ્યર્થ થાય અને ભોગના અભાવનો પ્રસંગ આવે એવો અર્થ છે. [3]ચિતિ સદા વિશુદ્ધ

૧ લેપાયલો. ૨ મોક્ષ. ૩ પુરુષ.

નિરર્થક થાય. તેમજ શબ્દાદિની 'અનુપલબ્ધિનો પ્રસંગ આવે. (પ્રવૃત્તિ) ઉભયાર્થક છે એમ સ્વીકારીએ તોપણ ભોક્તવ્ય પ્રધાનમાત્રાઓ અનન્ત હોવાથી મોક્ષના અભાવનો પ્રસંગજ આવે. ઔત્સુક્ય નિવૃત્ત કરવાને અર્થે પ્રવૃત્તિ છે એમ કહેવાયે નહિ; કેમકે અચેતન પ્રધાનને ઔત્સુક્ય સંભવતું નથી. તેમજ નિર્મલ ને 'નિષ્કલ પુરુષને પણ 'ઔત્સુક્ય નથી. 'સર્ગશક્તિ અને 'દૃક્શક્તિ વ્યર્થ થાય એવા ભયથી એ પ્રવૃત્તિ કહેશો તો દૃક્શક્તિના 'અનુચ્છેદની પેઠે સર્ગશક્તિના અનુચ્છેદથી સંસારનો અનુચ્છેદ થવાથી મોક્ષના અભાવનો પ્રસંગજ આવશે. તેટલા માટે પ્રધાનની પ્રવૃત્તિ પુરુષને અર્થે છે એ અયુક્ત છે ॥ ૬ ॥

બીજાથી એને વિષે કદાચિત્ પણ કરેલા અનુભવની વાસનાઓ થતી નથી પણ એ અનાદિ વાસનાઓનો આધાર પ્રધાન છે. તેથી પ્રધાનની પ્રવૃત્તિ પૂર્વ સ્થિતિ મુજબ છે, માટે અપવર્ગને અર્થે પ્રધાનની પ્રવૃત્તિ નથી. 'શબ્દાદિની અનુપલબ્ધિનો પ્રસંગ આવે'. કેમકે પ્રધાનની પ્રવૃત્તિ તેને અર્થે નથી. તૃતીય પ્રયોજનનું નિરસન કરે છે—'(પ્રવૃત્તિ) ઉભયાર્થક છે એમ સ્વીકારીએ તો' ઇત્યાદિ. અપવર્ગ તો થાય નહીં, કેમકે તે પ્રધાનની અપ્રવૃત્તિમાત્રથી સિદ્ધ છે. બે ભોગને અર્થે પ્રધાન પ્રવર્તશે તો ભોગ તો એકવાર શબ્દાદિની ઉપલબ્ધિમાત્રથી સમાપ્ત થવાથી તેને માટે ફરી પ્રધાન પ્રવર્તશે નહિ એમ કેવલ અપવર્ગસાધ્ય થશે અને નિ શેષ શબ્દાદિનો ઉપભોગ અનન્ત હોવાથી તેની સમાપ્તિ અનુપપન્ન થવાથી અનિર્મોક્ષનો પ્રસંગ આવશે. તેટલા માટે ઉભયાર્થક પણ પ્રધાનપ્રવૃત્તિ ઉપપન્ન થતી નથી એટલે પ્રયોજનનો અભાવ સિદ્ધ થાય છે. માત્રા = मीयन्ते भुज्यन्त इति मात्राः = ભોગ્ય. 'औत्सुक्यनिवृत्त्यर्थं यथा क्रियासु प्रवर्तते लोकः पुरुषस्य विमोक्षार्थं प्रवर्तते तद्वदव्यक्तम्'—જેમ ઔત્સુક્યની નિવૃત્તિને અર્થે લોકો ક્રિયાઓમાં પ્રવર્તે છે તેમ પુરુષના વિમોક્ષને અર્થે અવ્યક્ત-પ્રધાન પ્રવર્તે છે—એ કારિકામાં કહેલું દૂષિત કરે છે—'ઔત્સુક્ય નિવૃત્ત કરવાને અર્થે' ઇત્યાદિ. ઔત્સુક્ય = ઇચ્છાવિશેષ. ઔત્સુક્ય કેવલ જડને કે આત્માને યુક્ત નથી એવો અર્થ છે. 'અચેતન પ્રધાનને ઔત્સુક્ય સંભવતું નથી'. ચેતનને પણ સંભવતું નથી એમ કહે છે—'તેમજ નિર્મલ ને નિષ્કલ પુરુષને' ઇત્યાદિ. નિર્મલ પુરુષને ઔત્સુક્યરૂપમલસંબન્ધ સિદ્ધ થતો નથી, તેથી પુરુષને પણ ઔત્સુક્ય સંભવતું નથી. ચિદ્રૂપ હોવાથી પુરુષને દૃક્શક્તિ છે તે શક્તિ દૃશ્ય પદાર્થ વગર નિરર્થક થાય. તેમજ ત્રિગુણરૂપ હોવાથી પ્રધાનને સર્ગશક્તિ છે, તે પણ સૃષ્ટિ વિના નિરર્થક થાય. પ્રધાન જે શબ્દાદિ સર્જે છે તેજ દૃક્શક્તિનું દૃશ્ય થાય છે, સર્ગના અભાવથી સર્ગશક્તિ વ્યર્થ થાય અને સૃષ્ટિને અભાવે વિષયનો અભાવ થવાથી તેના પ્રકાશનો અભાવ હોવાથી દૃક્શક્તિ પણ વ્યર્થ થાય. તેટલા માટે બન્ને શક્તિ વ્યર્થ થતી અટકાવવા પ્રધાનની પ્રવૃત્તિ છે એમ શંકા કરે છે—'જો સર્ગશક્તિ અને દૃક્શક્તિ વ્યર્થ થાય' ઇત્યાદિ. શંકાનું નિરાકરણ કરે છે—'દૃક્શક્તિના અનુચ્છેદની પેઠે' ઇત્યાદિ. શક્તિઓ નિત્ય હોવાને લીધે સૃષ્ટિ નિત્ય થવાની આપત્તિ—અનિષ્ટ પ્રસંગ—આવે. શક્તિઓ નિત્ય હોવાથી તેના પ્રયોજનને અર્થે પ્રધાનની પ્રવૃત્તિ નિત્ય થવાથી મોક્ષ અસિદ્ધ થાય એવો અર્થ છે ॥ ૬ ॥

૧ અપ્રતીતિ. ૨ પ્રધાનના ભોગ્ય પદાર્થો. ૩ નિરવયવ. ૪ ઉત્પાદન. ૫ દર્શનશક્તિ. ૬ દર્શનશક્તિ. ૭ ઉચ્છેદ=નાશ. અનુચ્છેદ=નાશનો અભાવ.

अभ्युपगमेऽप्यर्थाभावात् ॥ ६ ॥

(પ્રધાનની પ્રવૃત્તિ સ્વાભાવિક છે એમ) સ્વીકારમાં પણ (દોષ છે), કેમકે અર્થનો અભાવ છે ॥ ૬ ॥

પ્રધાનની સ્વાભાવિક પ્રવૃત્તિ થતી નથી એમ સ્થાપન કર્યું. પણ આપની
શ્રદ્ધાને અનુસરતા અમે પ્રધાનની સ્વાભાવિકજ પ્રવૃત્તિ સ્વીકારીએ તોપણ દોષ
[1]અનુષક્ત થાયજ. શાથી? અર્થનો અભાવ છે તેથી. જો પ્રધાનની પ્રવૃત્તિ સ્વા-
ભાવિક છે અને એમાં (એ પ્રવૃત્તિમાં) બીજા કંઈની અપેક્ષા નથી એમ કહેશો
તો જેવીજ રીતે કંઈ સહકારીની અપેક્ષા નથી એમ કોઈ પ્રયોજનની પણ અપેક્ષા
નહિ થશે તેથી પ્રધાન પુરુષનો અર્થ સાધવા પ્રવર્ત્તે છે એ પ્રતિજ્ઞાની હાનિ થાય.
જો તે એમ કહે કે કેવલ સહકારીનીજ અપેક્ષા નથી, પ્રયોજનની પણ નથી એમ
નહિ, તોપણ પ્રધાનની પ્રવૃત્તિના પ્રયોજનનું વિવેચન કરવું જોઈએ કે ભોગ છે, કે
[2]અપવર્ગ છે કે બંને છે. જો ભોગ હોય તો જેમાં (સુખાદિનો) અતિશય મૂકી
શકાતો નથી એવા પુરુષનો ભોગ કેવા પ્રકારનો થાય? તેમજ મોક્ષના અભાવનો
પ્રસંગ આવે. જો અપવર્ગ હોય તો પ્રવૃત્તિપૂર્વે પણ અપવર્ગ સિદ્ધ હોવાથી પ્રવૃત્તિ

પ્રધાનની સ્વાભાવિક પ્રવૃત્તિ સ્વીકારીને તેમાં દોષ કહે છે—'अभ્યુपगमेऽप्यर्थाभावात्'.
સાંખ્યમતમાં ચેતનાધિષ્ઠાન વિના જગદ્રચના ઉપપન્ન થતી નથી એમ 'पयोऽम्बुवच्चेत्तत्रापि'
ઇત્યાદિ ત્રણ સૂત્રોથી પ્રતિપાદન કર્યું છે. 'पयोम्बुवत्' પછીનાં બે સૂત્રોથી ચેતનાધિષ્ઠાન વિના
સૃષ્ટિપ્રલયની વ્યવસ્થા ઉપપન્ન થતી નથી એમ કહ્યું છે. હવે આ સૂત્ર વડે ચેતનથી અન-
ધિષ્ઠિતજ પ્રધાન પુરુષના પ્રયોજનને અર્થે પ્રવર્ત્તે છે એમ જે સાંખ્યો કહે છે તેનું નિરાકરણ
કરે છે કે પ્રધાનની સ્વતઃ પ્રવૃત્તિ નથી; સ્વત. પ્રવૃત્તિ સ્વીકારીએ તો પુરુષાર્થની પણ અપે-
ક્ષાના અભાવનો પ્રસંગ આવે એવો એક અર્થ છે તેમાં દૃષ્ટાપત્તિનું નિરસન કરે છે—'તેથી
પ્રધાન પુરુષનો અર્થ સાધવા પ્રવર્ત્તે છે' ઇત્યાદિ. જે પ્રસંગ કહ્યો તે ઇષ્ટ ગણીએ તો
પ્રતિજ્ઞાની હાનિ થાય એવો અર્થ છે. अर्थाभावात्નો એક અર્થ પુરુષાર્થની અપેક્ષાના અભા-
વનો પ્રસંગ આવે તેથી એમ પ્રથમ કહી ('એમ કોઈ પ્રયોજનની પણ અપેક્ષા નહિ થશે' એમ
કહી) पुरुषार्थाभावात्-પુરુષાર્થના અભાવથી એવો બીજો અર્થ કહે છે; પુરુષાર્થના અસંભવથી
સ્વતઃ પ્રવૃત્તિ નથી એવો બીજો અર્થ શંકાપૂર્વક કહે છે—'જો તે એમ કહે' ઇત્યાદિ. જો પ્રયો-
જનની અપેક્ષા હોય તો તે કહેવું જોઈએ તેથી કહે છે—'પ્રધાનની પ્રવૃત્તિના પ્રયોજનનું
વિવેચન કરવું જોઈએ' ઇત્યાદિ. પુરુષ, સુખની પ્રાપ્તિરૂપ કે દુઃખના પરિહારરૂપ અતિશય-
શૂન્ય છે. કૂટસ્થનિત્ય પુરુષને વિષે સુખાદિરૂપના અતિશયનું સ્વતઃ આધાન અશક્ય છે અને
અધ્યાસનો અંગીકાર નથી તેથી ભોગ યુક્ત નથી. ભોગ એ સુખદુઃખસાક્ષાત્કારરૂપ ધર્મ છે તે
અસંગ પુરુષને વિષે સંભવતો નથી. વળી પ્રધાનપ્રવૃત્તિ ભોગાર્થક હોય તો જે પ્રયોજનથી પ્રધાન
પ્રવૃત્ત થાય તેજ પ્રયોજન સાધે, ભોગથી પ્રવૃત્ત થવાથી ભોગજ સાધે, મોક્ષ સાધે નહિ, કેમકે
તે પ્રયોજનથી પ્રધાન પ્રવૃત્ત થયું નથી એમ અનિર્મોક્ષનો—મોક્ષાભાવનો પ્રસંગ આવે. જો પ્રધા-
નપ્રવૃત્તિ અપવર્ગને અર્થે છે એમ લઈએ તો સ્વરૂપાવસ્થાનરૂપ મુક્તિ સ્વતઃ સિદ્ધ, સદાતન છે.
ચિતિ સદા વિશુદ્ધ
વાથી પ્રવૃત્તિ વ્યર્થ થાય અને ભોગના અભાવનો પ્રસંગ આવે એવો અર્થ છે.

---

૧ ચોંટવાને. ૨ મોક્ષ. ૩ પુરુષ.

નિરર્થક થાય, તેમજ શબ્દાદિની [1]અનુપલબ્ધિનો પ્રસંગ આવે. (પ્રવૃત્તિ) ઉભયાર્થક છે એમ સ્વીકારીએ તોપણ [2]ભોક્તવ્ય પ્રધાનમાત્રાઓ અનન્ત હોવાથી મોક્ષના અભાવનો પ્રસંગજ આવે. ઔત્સુક્ય નિવૃત્ત કરવાને અર્થે પ્રવૃત્તિ છે એમ કહેવાશે નહિ; કેમકે અચેતન પ્રધાનને ઔત્સુક્ય સંભવતું નથી. તેમજ નિર્મલ ને [3]નિષ્કલ પુરુષને પણ [4]ઔત્સુક્ય નથી. [5]સર્ગશક્તિ અને [6]દૃક્શક્તિ વ્યર્થ થાય એવા ભયથી એ પ્રવૃત્તિ કહેશો તો દૃક્શક્તિના [7]અનુચ્છેદની પેઠે સર્ગશક્તિના અનુચ્છેદથી સંસારનો અનુચ્છેદ થવાથી મોક્ષના અભાવનો પ્રસંગજ આવશે. તેટલા માટે પ્રધાનની પ્રવૃત્તિ પુરુષને અર્થે છે એ અયુક્ત છે ॥ ૬ ॥

હોવાથી એને વિષે ક્વચિત્ પણ કર્મના અનુભવની વાસનાઓ થતી નથી. પણ એ અનાદિ વાસનાઓનો આધાર પ્રધાન છે તેથી પ્રધાનની પ્રવૃત્તિની પૂર્વે ચિતિ મુક્તજ છે, માટે અપવર્ગને અર્થે પ્રધાનની પ્રવૃત્તિ નથી 'શબ્દાદિની અનુપલબ્ધિનો પ્રસંગ આવે'. કેમકે પ્રધાનની પ્રવૃત્તિ તેને અર્થે નથી. તૃતીય પ્રયોજનનું નિરસન કરે છે—'(પ્રવૃત્તિ) ઉભયાર્થક છે એમ સ્વીકારીએ તો' ઇત્યાદિ. અપવર્ગ તો સાધ્ય નથી, કેમકે તે પ્રધાનની અપ્રવૃત્તિમાત્રથી સિદ્ધ છે. ને ભોગને અર્થે પ્રધાન પ્રવર્તશે તો ભોગ તો એકવાર શબ્દાદિની ઉપલબ્ધિમાત્રથી સમાપ્ત થવાથી તેને માટે ફરી પ્રધાન પ્રવર્તશે નહિ એમ મોક્ષ અવશ્યસાધ્ય થશે; અને નિઃશેષ શબ્દાદિનો ઉપભોગ અનન્ત હોવાથી તેની સમાપ્તિ અનુપપન્ન થવાથી અનિર્મોક્ષનો પ્રસંગ આવશે. તેટલા માટે ઉભયાર્થક પણ પ્રધાનપ્રવૃત્તિ ઉપપન્ન થતી નથી એટલે પ્રયોજનનો અભાવ સિદ્ધ થયું છે. માત્રા = **मीयन्ते भुज्यन्त इति मात्राः** = ભોગ્ય. '**औत्सुक्यनिवृत्त्यर्थं यथा क्रियासु प्रवर्तते लोकः पुरुषस्य विमोक्षार्थं प्रवर्तते तद्वदव्यक्तम्**'—જેમ ઔત્સુક્યની નિવૃત્તિને અર્થે લોકો ક્રિયાઓમાં પ્રવર્તે છે તેમ પુરુષના વિમોક્ષને અર્થે અવ્યક્ત-પ્રધાન પ્રવર્તે છે—એ કારિકામાં કહેલું દૂષિત કરે છે—'ઔત્સુક્ય નિવૃત્ત કરવાને અર્થે' ઇત્યાદિ. ઔત્સુક્ય = ઇચ્છાવિશેષ. ઔત્સુક્ય કેવલ જડને કે આત્માને યુક્ત નથી એવો અર્થ છે. ઔત્સુક્ય કે કુતૂહલ ચેતનગામી છે, અચેતનને નથી એમ પ્રથમ કહે છે—'અચેતન પ્રધાનને ઔત્સુક્ય સંભવતું નથી'. ચેતનને પણ સંભવતું નથી એમ કહે છે—'તેમજ નિર્મલ ને નિષ્કલ પુરુષને' ઇત્યાદિ. નિર્મલ પુરુષને ઔત્સુક્યરૂપમલસંબન્ધ સિદ્ધ થતો નથી, તેથી પુરુષને પણ ઔત્સુક્ય સંભવતું નથી. ચિદ્રૂપ હોવાથી પુરુષને દૃક્શક્તિ છે તે શક્તિ દૃશ્ય પદાર્થ વગર નિરર્થક થાય, તેમજ ત્રિગુણરૂપ હોવાથી પ્રધાનને સર્ગશક્તિ છે. તે પણ સૃષ્ટિ વિના નિરર્થક થાય. પ્રધાન જે શબ્દાદિ સર્જે છે તેજ દૃક્શક્તિનું દૃશ્ય થાય છે, સર્ગના અભાવથી સર્ગશક્તિ વ્યર્થ થાય અને સૃષ્ટિને અભાવે વિષયનો અભાવ થવાથી તેના પ્રકાશનો અભાવ હોવાથી દૃક્શક્તિ પણ વ્યર્થ થાય. તેટલા માટે બન્ને શક્તિ વ્યર્થ થતી અટકાવવા પ્રધાનની પ્રવૃત્તિ છે એમ શંકા કરે છે—'જો સર્ગશક્તિ અને દૃક્શક્તિ વ્યર્થ થાય' ઇત્યાદિ. શંકાનું નિરાકરણ કરે છે—'દૃક્શક્તિના અનુચ્છેદની પેઠે' ઇત્યાદિ. શક્તિઓ નિત્ય હોવાને લીધે સૃષ્ટિ નિત્ય થવાની આપત્તિ-અનિષ્ટ પ્રસંગ-આવે. શક્તિઓ નિત્ય હોવાથી તેના પ્રયોજનને અર્થે પ્રધાનની પ્રવૃત્તિ નિત્ય થવાથી મોક્ષ અસિદ્ધ થાય એવો અર્થ છે ॥ ૬ ॥

૧ અપ્રાપ્તિ. ૨ પ્રધાનના ભોગ્ય પદાર્થો. ૩ નિરવયવ. ૪ ઇચ્છા. ૫ સૃષ્ટિરૂપશક્તિ. ૬ દર્શનરૂપશક્તિ. ૭ ઉચ્છેદ=નાશ. અનુચ્છેદ=નાશનો અભાવ.

पुरुषाश्मवदिति चेत्तथापि ॥ ७ ॥

પુરુષ અને [1]અશ્મની પેઠે એમ (કહેશો) તો તેમ પણ (દોષથી મુક્તિ નથી) ॥ ૭ ॥

આમ થાય. જેમ દૃક્શક્તિસંપન્ન અને પ્રવૃત્તિશક્તિવિહીન કોઈક પાંગળો પુરુષ
પ્રવૃત્તિશક્તિસંપન્ન અને દૃક્શક્તિવિહીન અન્ય અન્ધ પુરુષને આધારે પ્રવૃત્ત થાય
છે, અથવા જેમ લોહચુમ્બક પથ્થર જાતે પ્રવૃત્તિમાં નથી તોપણ લોઢાને પ્રવર્ત્તાવે
છે; તેમ પુરુષ પ્રધાનને પ્રવર્ત્તાવશે એમ દૃષ્ટાન્તજ્ઞાનથી ફરી (સાંખ્ય) ઊભો થાય
છે. એને વિષે કહીએ છીએ—તોપણ દોષથી નિર્મોક્ષ નથીજ. પ્રથમ તો સ્વીકા-
રેલાની હાનિરૂપ દોષ આવે છે; કેમકે સ્વતન્ત્ર પ્રધાનને પ્રવૃત્તિ સ્વીકારી છે અને
પુરુષને પ્રવર્ત્તકત્વ સ્વીકાર્યું નથી. વળી ઉદાસીન પુરુષ પ્રધાનને શી રીતે પ્રવ-
ર્ત્તાવશે ? કેમકે પાંગળો પણ અન્ધ પુરુષને વાણી આદિથી પ્રવર્ત્તાવે છે. એવી રીતે
પુરુષને કંઈ પણ વ્યાપાર નથી; કેમકે તે [2]નિષ્ક્રિય અને નિર્ગુણ છે. તેમજ લોહ-
ચુમ્બકની પેઠે સંનિધિમાત્રથી (પ્રધાનને) પ્રવર્ત્તાવી શકશે નહિ; કેમકે સંનિધિ નિત્ય
હોવાથી પ્રવૃત્તિ નિત્ય થવાનો પ્રસંગ આવશે. લોહચુમ્બકની તો સંનિધિ અનિત્ય

પુરુષનું પ્રવર્ત્તકત્વ નિરસન કર્યું તોપણ દૃષ્ટાન્તથી પાછી આશંકા કરી તેનો નિષેધ કરે છે—
'पुरुषाश्मवदिति चेत्तथापि'. नैव दोषात्प्रच्युतिः (દોષથી મુક્તિ નથીજ) એટલો શેષ
સમજવો. પુરુષાર્થ કે શક્તિઓનું અર્થવત્ત્વ-વ્યર્થ ન થવું તે—પ્રવર્તક ન થાઓ; પુરુષજ દૃક્-
શક્તિસંપન્ન પંગુની પેઠે પ્રવૃત્તિશક્તિયુક્ત પ્રધાનને અન્ધની પેઠે પ્રવર્ત્તાવશે એવી શંકા છે. પંગુમાં
પણ વાણી આદિ મારફતે પ્રવર્ત્તકત્વનો સંભવ છે; પણ પુરુષમાં તેનો અભાવ હોવાથી પ્રવર્ત-
કત્વ નથી એમ પ્રથમ દૃષ્ટાન્તથી પરિતોષ ન પામતા પ્રત્યે દ્વિતીય દૃષ્ટાન્ત કહે છે—'અથવા
જેમ લોહચુમ્બક' ઇત્યાદિ. પુરુષ તો ઉદાસીન છે, પ્રવર્ત્તક નથી તેમ નિવર્ત્તક પણ નથી-
આથીજ પુરુષનું પ્રવર્ત્તકત્વ નિરસ્ત થાય છે તો પાછી આશંકા શી રીતે થાય તેને માટે કહે
છે—'દૃષ્ટાન્તજ્ઞાનથી.' દોષથી નિર્મુક્તિ શી રીતે નથી તેને માટે કહે છે—'પ્રથમ
તો સ્વીકારેલાની હાનિરૂપ દોષ આવે છે' ઇત્યાદિ. પ્રધાન સ્વતન્ત્ર છે ને
તેને પ્રવૃત્તિ સ્વતઃ છે એમ સાંખ્ય સ્વીકારે છે તેનો ત્યાગ થશે તેમજ પુરુષને પ્રવર્ત્તક સ્વીકા-
રતા નથી તે પ્રતિજ્ઞાનો પણ ત્યાગ થશે. પ્રધાનનું સ્વાતન્ત્ર્ય અને પુરુષનું ઔદાસીન્ય જે સ્વી-
કાર્યાં છે તે તજી દઈશ એમ કહેતા સાંખ્ય પ્રત્યે કહે છે—'વળી ઉદાસીન પુરુષ' ઇત્યાદિ
માત્ર સ્વીકારેલાનો ત્યાગ થાય છે એટલુંજ નહિ, પણ તમારા (સાંખ્યના) દર્શનનું આલોચન
કરતાં તે અયુક્ત પણ થાય એવો અર્થ છે. પુરુષને પરિસ્પન્દ કે પ્રયત્નગુણ નથી એમ કહે-
વાને માટે બે હેતુ કહે છે કે 'તે નિષ્ક્રિય ને નિર્ગુણ છે'. લોહચુમ્બકના દૃષ્ટાન્તથી સ્વવ્-
વ્યાપાર વગર પણ પુરુષનું પ્રવર્ત્તકત્વ ઉપદિષ્ટ છે એમ આશંકા કરી કહે છે—'તેમજ લો-
હચુમ્બકની પેઠે' ઇત્યાદિ. પ્રધાન અને પુરુષ નિત્ય અને વ્યાપક હોવાથી તેમનો સંનિધિ
નિત્ય છે, અશ્મને-લોહચુમ્બકને-તો પરિમાર્જન-આનુસ્થાપન-અને અનિત્ય સંનિધિ છે. એને
વ્યાપાર છે એ પ્રમાણે સમ દૃષ્ટાન્તનો ઉપન્યાસ નથી એવો અર્થ છે. પણ વિભુ અને જડને

---

૧ પથ્થર, ૨ વિકારહિત

છે તેથી તેની સંનિધિ તેના વ્યાપારથી પ્રાપ્ય છે અને તેને [1]પરિમાર્જન આદિની અપેક્ષા છે, તેથી પુરુષાશ્મવત્ (પુરુષ અને અશ્મની પેઠે) એ સમ દૃષ્ટાન્તનો ઉપન્યાસ નથી. તેમજ પ્રધાન અચેતન છે અને પુરુષ ઉદાસીન છે, અને તે બેનો તૃતીય સંબન્ધક નથી તેથી સંબન્ધ અનુપપન્ન થશે. તેમજ યોગ્યતાને સંબન્ધનું નિમિત્ત હોવાથી યોગ્યતાના અનુચ્છેદથી અનિર્મોક્ષનો પ્રસંગ આવશે. વળી પૂર્વની પેઠે અહિં પણ પ્રયોજનના અભાવના વિકલ્પો વિચારવા જોઈએ. પરમાત્મા તો સ્વરૂપને આશ્રયે ઉદાસીન છે અને માયાને આશ્રયે પ્રવર્તક છે એમ [2]અતિશય છે ॥૭॥

अङ्गित्वानुपपत्तेश्च ॥ ८ ॥

વળી અઙ્ગિત્વની અનુપપત્તિથી (પ્રધાનની પ્રવૃત્તિ સંભવતી નથી)॥ ૮ ॥

વળી આથી પ્રધાનની પ્રવૃત્તિ સંભવતી નથી: કેમકે પરસ્પર ગુણપ્રધાનભાવનો ત્યાગ કરી સામ્યાવસ્થામાં સ્વરૂપમાત્રમાં સત્ત્વ, રજસ્ અને તમસનું જે ...

... ઉપભાવ ને દૃશ્યત્વની યોગ્યતા છે. પ્રધાન અચેતન હોવાથી દૃશ્ય તરીકે તેમાં યોગ્યતા છે ને પુરુષ ચેતન હોવાથી તેના દ્રષ્ટા તરીકે યોગ્યતા છે, તેથી તન્નિમિત્ત સંબન્ધ થશે એને માટે કહે છે—'તેમજ યોગ્યતાને સંબન્ધનું નિમિત્ત હોવાથી' ઇત્યાદિ. ચિદ્રૂપ ને જડત્વરૂપ યોગ્યતા નિત્ય હોવાથી સંબન્ધ પણ નિત્ય થવાનો પ્રસંગ આવશે ને તેથી મોક્ષના અભાવનો પ્રસંગ આવશે એવો અર્થ છે. જેમ પ્રધાનની પ્રવૃત્તિ સ્વતન્ત્ર છે એ પક્ષનું દૂષણ ભોગ, અપવર્ગ કે ઉભય પ્રયોજક છે એમ વિકલ્પ કરી કહ્યું છે તેમ પુરુષને અધીન પ્રધાનપ્રવૃત્તિ છે એ પક્ષ પણ પ્રયોજનના અભાવથી દૂષણીય છે એમ કહે છે—'વળી પૂર્વની પેઠે અહિં પણ' ઇત્યાદિ. જેમ સ્વાભાવિક પ્રવૃત્તિપક્ષમાં પ્રયોજનનો અભાવ વિકલ્પથી દર્શાવ્યો તેમ પુરુષના સંબન્ધથી પ્રધાનની પ્રવૃત્તિ હોવાના પક્ષમાં પણ ભોગ ફળ છે કે અપવર્ગ છે કે બન્ને છે એમ વિકલ્પ કરી ફળનો અભાવ કહેવો જોઈએ એવો અર્થ છે. પણ વેદાન્તના સિદ્ધાન્તમાં પરમાત્મા ઉદાસીન છે તે પ્રવર્તક શી રીતે એવી આશંકા કરી કહે છે—'પરમાત્મા તો' ઇત્યાદિ. સાંખ્યમતમાં ઉદાસીનત્વ અને પ્રવર્તકત્વ બન્ને સત્ય હોવાથી વિરુદ્ધ છે, અમારા મતમાં કલ્પિત અને અકલ્પિત હોવાથી તે બેનો વિરોધ નથી. 'અતિશય છે'—'સાંખ્યાભિમત પુરુષથી' એટલો શેષ સમજવો. સાંખ્યના પુરુષથી વેદાન્તીના પુરુષનો એવી રીતે અતિશય છે ॥ ૭ ॥

—

પ્રધાનની પ્રવૃત્તિ સ્વાભાવિક નથી કે પુરુષની સંનિધિથી પણ નથી એમ કહ્યું. હવે કોઈક ગુણનું પ્રાધાન્ય અને કોઈકનું ગૌણત્વ એ પણ વૈષમ્ય સ્વીકારેલું સ્વતઃ કે પરતઃ સંભવતું નથી એમ કહે છે—'अङ्गित्वानुपपत्तेश्च'. સૂત્રમાંના ચકારે સૂચવેલી પ્રતિજ્ઞા પ્રકટ કરે છે—'વળી આથી' ઇત્યાદિ. શું પ્રધાનાવસ્થા કૂટસ્થની પેઠે નિત્ય છે કે વિકારિણી છે? જો કૂટસ્થ નિત્ય હોય તો તેમાંથી ધ્વંસ થશે નહિ; કેમકે અનિત્યનો પ્રસંગ આવે. કહે છે કે 'नित्यं तमाहुर्विद्वांसो यः स्वभावो न नश्यति' (વિદ્વાનો તેને નિત્ય કહે છે કે જે સ્વભાવ નષ્ટ

---

૧ કાટનું સ્વાપન, ઘસીને સાફ કરવું તે. ૨ ચઢિયાતાપણું.

આત્માના વિશેષ થાય તો તે (આત્મા) તે તપ્ય અને તાપકથી નિર્મુક્ત નહિ તેથી તાપની ઉપશાન્તિ માટે સમ્યગ્દર્શનનો ઉપદેશ કરતું શાસ્ત્ર નિષ્પ્રયોજક ખરેખર, ઉષ્ણતા અને પ્રકાશ એ બે ધર્મવાળા પ્રદીપનો તે અવસ્થામાંજ એ ધર્મમાંથી મોક્ષ ઉપપન્ન થશે નહિ. જળ અને [1]તરંગ, [2]વીચી, ફીણ વગેરેનો [3]ઉપન્યાસ છે તેમાં પણ જલાત્મક એક પદાર્થના વીચિ આદિ વિ[illegible] [4]આવિર્ભાવ અને [5]તિરોભાવસ્વરૂપે નિત્યજ છે એટલે જલાત્મક પદાર્થનો [illegible] આદિથી અનિર્મોક્ષ સરખોજ છે. વળી તપ્ય અને તાપકનો અન્યત્વભાવ [illegible] પ્રસિદ્ધ છે; કેમકે અર્થી અને અર્થ અન્યોન્યભિન્ન દેખાય છે. જો અર્થીને [illegible] અન્ય અર્થ ન હોય તો જે અર્થીને જેને વિષે અર્થિત્વ છે તે તેનો અર્થ નિત્યસિ[illegible] છે તેથી તેનું તેને વિષે અર્થિત્વ નહિ થાય. જેમ પ્રકાશાત્મક પ્રદીપનો પ્રકાશ[illegible] અર્થ નિત્યસિદ્ધજ છે તેથી તેનું તે વિષે અર્થિત્વ નથી; કેમકે અપ્રાપ્ત અર્થને [illegible] અર્થીનું અર્થિત્વ થાય છે. તેમજ અર્થ પણ અર્થ નહિ થાય. જો થાય તો સ્[illegible] [illegible] થાય; પણ એમ નથી. ખરેખર અર્થી અને અર્થ એ બે, સંબંધી શબ્દો [illegible]

[illegible] ઉષ્ણતા અને પ્રકાશ દીપનું સ્વરૂપ હોવાથી તેમાંથી દીપનો મોક્ષ નથી તોપણ તપ્ય [illegible] [illegible] અને તરંગની પેઠે ધર્મીને વિષે અન્તર્ભૂત ન થવાથી ધર્મી તેઓથી પૃથક્ છે [illegible] અનિર્મોક્ષ નથી એમ પક્ષાન્તરની શંકા કરી કહે છે: વિદ્યમાન ધર્મોમાં પણ સ્વભાવનાશ, [illegible] [illegible] છે, એમ વિદ્યમાન જળમાંજ વીચી આદિનો નાશ જોવામાં આવે છે એમ [illegible] શંકા કરી દૃષ્ટાન્ત અસિદ્ધ છે એમ કહે છે—'જળ અને તરંગ' ઇત્યાદિ. વીચી, તરંગ [illegible] [illegible] છે તેપણ તેઓથી જળ પૃથક્ છે એમ કહે છે; તેમ તપ્ય અને તાપક આત્માના [illegible] છે તેપણ તેઓથી આત્મા પૃથક્ કહે છે તેટલા માટે મોક્ષશાસ્ત્રનાશે અર્થ દૃષ્ટાન્તથી જે [illegible] કર્યો છે તેના [illegible] એમ જલાત્મનો વીચી આદિથી અનિર્મોક્ષ છે, કેમકે વીચી આદિ જ[illegible] [illegible] [illegible] આદિથી સદા વિદ્યમાન છે, તેમ આત્માને વિષે પણ તપ્ય અને [illegible] [illegible] [illegible] નિત્ય હોવાથી આત્માનો તેઓથી અનિર્મોક્ષ છે તેથી મોક્ષશાસ્ત્ર [illegible]

[illegible]

અને બે સંબન્ધીઓનો સંબન્ધ થાય. એકનોજ નહિ. તેટલા માટે એ અર્થ અ
અર્થી ભિન્ન છે. તેમજ અનર્થ અને અનર્થી પણ ભિન્ન છે. અર્થીને અનુકૂળ અ
છે અને પ્રતિકૂળ અનર્થ છે અને તે બે સાથે એક ક્રમે સંબદ્ધ થાય છે. તેમાં અ
અલ્પતર અને અનર્થ બહુતર હોવાથી બંને, અર્થ અને અનર્થ, અનર્થજ છે એટ
તે તાપક કહેવાય છે. તપ્ય તો પુરુષ છે કે જે એક ક્રમે બંને જોડે સંબદ્ધ થાય છે.
તેટલા માટે તે બે તપ્ય અને તાપક એકાત્મક થવાથી મોક્ષ અનુપપન્ન થશે; પણ તે
બે અન્ય જાતિ હોય ત્યારે તો તેના સંયોગના હેતુના પરિહારથી કદાચિત્ મોક્ષ ઉપ-
પન્ન થાય પણ ખરો એમ (સાંખ્ય કહે છે). એને વિષે કહીએ છીએ—નહિ. એ-

સંબન્ધી શબ્દો છે.' અર્થ અને અનર્થનું સ્વરૂપ કહી તાપકત્વ સ્ફુટ કરે છે—'અર્થીને અ-
નુકૂળ અર્થ છે' ઇત્યાદિ. અર્થમાં પણ ઉપાર્જન, રક્ષણ, ક્ષય, રાગ, વૃદ્ધિ, હિંસા આદિ દોષો
જોવામાં આવે છે તેથી અર્થ પણ અનર્થ થઈ અર્થીને પીડે છે તેથી અર્થી એ તપ્ય છે અને
અર્થ તાપક છે. અર્થ એટલે સુખસાધન ને સુખ, અનર્થ એટલે દુઃખસાધન ને દુઃખ; વૈષયિક
સુખ દુઃખમાં પરિણામ પામે છે માટે દુઃખરૂપ છે, એ સર્વ તાપક છે ને તત્સંબન્ધી પુરુષ તપ્ય
છે ને લોકમાં ભિન્ન તરીકેજ પ્રતીત છે. અભેદમાં દૂષણો કહ્યાં છે. તો એક આત્મા કે જેમાં
બે છેજ નહિ તેમાં શી રીતે એ બે રહી શકે. એ પ્રમાણે ઔપનિષદ મત અયુક્ત છે એમ
કહી સાંખ્ય સ્વપક્ષમાં તપ્યતાપકનો ભેદ હોવાથી મોક્ષની ઉપપત્તિ દર્શાવે છે—'પણ તે બે
અન્ય જાતિ હોય ત્યારે તો' ઇત્યાદિ. 'તેના સંયોગના હેતુના પરિહારથી'= તે એટલે
તપ્ય બુદ્ધિ ને વડે પુરુષનો સંયોગ એટલે સ્વસ્વામિભાવસંબન્ધ તેનો હેતુ જે અનાદિ અવિવેક
તેના પરિહારથી એટલે વિવેકથી નિત્યમુક્ત એવા પણ પુરુષનો કદાચિત્ ઉપચારથી મોક્ષ ઉપ-
પન્ન થાય છે એનું તાત્પર્ય છે જેમ યોદ્ધાના જય અને પરાજય રાજાને વિષે ઉપચારથી લગા-
ડાય છે તેમજ પુરુષથી અત્યન્ત ભિન્ન બુદ્ધિના બન્ધ અને મોક્ષ પુરુષને ઉપચારથી લગાડાય
છે. તેથી કહ્યું છે કે "सैव च बध्यते मुच्यते च" (તેજ બદ્ધ થાય છે ને તેજ બુદ્ધિ મુક્ત
થાય છે) દૃક્ અને દર્શનશક્તિનો સંયોગ તાપનું નિદાન છે, તેનો હેતુ અવિવેકદર્શનસંસ્કાર
અવિદ્યા છે એ અવિદ્યા વિવેકખ્યાતિ વિદ્યાથી વિરુદ્ધ હોવાથી નિવૃત્ત થાય છે અને તે નિવૃત્ત
થાય છે એટલે તજ્જન્ય સંયોગ નિવૃત્ત થાય છે અને સંયોગ નિવૃત્ત થયો એટલે તેનું કાર્ય
તાપ નિવૃત્ત થાય છે. અહિં પુરુષ જે અપરિણામી છે તેને સાક્ષાત્ બન્ધ કે મોક્ષ નથી, પણ
બુદ્ધિસત્ત્વ જેમાં ચિતિચ્છાયા પડવાથી ચૈતન્ય પ્રાપ્ત થયું છે, તે બુદ્ધિસત્ત્વનાજ બન્ધમોક્ષ છે;
કેમકે ઇષ્ટ કે અનિષ્ટ ગુણસ્વરૂપનું અવધારણ અનિસક્ત થાય ત્યારે બુદ્ધિસત્ત્વનો ભોગ થાય છે
અને ભોક્તાના સ્વરૂપનું અવધારણ એનો અપવર્ગ છે. તેથી બુદ્ધિસત્ત્વનોજ અપવર્ગ થાય છે,
તોપણ જેમ જય અને પરાજય યોદ્ધાના થાય છે તોપણ રાજા મુખ્ય હોવાથી તેને વિષે તેનો
ઉપચાર થાય છે, એમ બન્ધ અને મોક્ષ બુદ્ધિસત્ત્વના છે તોપણ કોઈક પ્રકારે પુરુષને ઉપચા-
રથી લગાડાય છે; કેમકે બુદ્ધિસત્ત્વ સાથે અવિભાગ પ્રાપ્ત કરી પુરુષ તેના ફળનો ભોક્તા થાય
છે. આવા અભિપ્રાયથી કહે છે—'કદાચિત્ મોક્ષ ઉપપન્ન થાય પણ ખરો'. સિદ્ધાન્ત કહે
છે—'એને વિષે કહીએ છીએ'. શું પરમાર્થદૃષ્ટિથી તપ્યતાપકભાવ અનુપપન્ન છે એમ
કહો છો કે વ્યવહારદૃષ્ટિથી? પ્રથમ પક્ષ યુક્ત નથી એમ કહે છે—'નહિ. એકત્વથીજ'
ઇત્યાદિ. નહિ એટલે દોષત્વ નથી; કેમકે એકત્વથીજ તપ્યતાપકભાવની અનુપપત્તિ છે. પરમાર્થ
રીતે તપ્યતાપકભાવજ નથી, તો અદ્વૈતવાદી પ્રતિ કોની અનુપપત્તિ પ્રતિપાદન કરો છો એવા

કત્વથીજ તપ્યભાવ અને તાપકભાવ અનુપપન્ન છે. જો એકાત્મતામાં તપ્ય અને તાપક અન્યોન્યના વિષયવિષયિભાવ પ્રાપ્ત કરે તો એ દોષ થાય; પણ એમ નથી, એકત્વથીજ; કેમકે અગ્નિ એક હોઈ પોતાના આત્માને બાળતો નથી કે પ્રકાશ પમાડતો નથી જોકે ઉષ્ણત્વ, પ્રકાશ આદિ ધર્મભેદ છે અને પરિણામી છે તોપણ. તો કૂટસ્થ બ્રહ્મ એક છે તેને વિષે તપ્યતાપકભાવ શી રીતે સંભવે? પણ એ તપ્યતાપકભાવ ક્યાં થાય? કહીએ છીએ—તું શું નથી જોતો કે કર્મભૂત જીવતો દેહ તપ્ય છે અને સવિતા તાપક છે? પણ તપ્તિ એટલે ખરેખર દુઃખ છે, તે ચેતનાવાળાને થાય છે, અચેતન દેહને થતું નથી. ખરેખર, જો તપ્તિ દેહનેજ થાય તો તે દેહનો નાશ થયે જાતેજ નાશ પામે માટે તેના નાશને માટે સાધન શોધવા યોગ્ય ન થાય. કહીએ છીએ—દેહના અભાવમાં પણ કેવલ ચેતનને તપ્તિ જોવામાં આવતી નથી; અને તું પણ તપ્તિ નામની વિક્રિયા કેવલ ચેતનને છે એમ ઇચ્છતો નથી; તેમજ દેહ અને ચેતનનો [1]સંઘાત નથી; કેમકે અશુદ્ધિ આદિ દોષનો પ્રસંગ આવે. વળી તું તપ્તિનીજ તપ્તિ સ્વીકારતો નથી. તો તારે પણ તપ્યતાપકભાવ શી રીતે? સત્ત્વ તપ્ય છે ને રજસ્ તાપક છે એમ કહેશે તો, નહિ; કેમકે તે બેની સાથે ચેતનના [1]સંઘાતની ઉપપત્તિ થતી નથી. સત્ત્વનો અનુરોધી હોવાથી ચેતન પણ જાણે તપે છે એવો છે એમ કહેશે તો પરમાર્થ રીતે ત્યારે નથીજ તપતો એમ આપત્તિ

અભિપ્રાયથી પરિહાર કરે છે. એ અનુપપત્તિ દોષરહિત શી રીતે છે તેનું વિવરણ કરે છે—'**જો એકાત્મતામાં**' ઇત્યાદિ. '**વિષયવિષયિભાવ પ્રાપ્ત કરે**' એટલે તાત્ત્વિક વિષયવિષયિભાવ પ્રાપ્ત કરે.—'**પણ એમ નથી**'. '**એમ**' = તાત્ત્વિક વિષયવિષયિત્વ. ઐક્ય હોય છે ત્યાં તાત્ત્વિક વિષયવિષયિભાવ નથી એને વિષે દૃષ્ટાન્ત કહે છે—'**કેમકે અગ્નિ એક હોઈ**' ઇત્યાદિ. જ્યાં તપ્યતાપકભાવ દેખાય છે ત્યાંજ છે એમ વ્યવહારપક્ષને લઈ સિદ્ધાન્તી કહે છે—'**શું નથી જોતો કે**' ઇત્યાદિ. દેહને તપ્ય લેવાથી દેહાત્મવાદની આપત્તિ થશે એવી શંકા કરે છે—'**પણ તપ્તિ એટલે ખરેખર દુઃખ છે**' ઇત્યાદિ. જો અચેતન દેહને તપ્તિ નથી એમ સાંખ્ય કહેશે તો તેણે કહેવું જોઈએ કે કેવલ ચેતનને તપ્તિ છે, કે દેહસહિતને કે, તપ્તિને કે સત્ત્વને. આદ્ય પક્ષ યુક્ત નથી એમ કહે છે—'**કહીએ છીએ**' ઇત્યાદિ. બીજો ને ત્રીજો પક્ષ પણ યુક્ત નથી એમ કહે છે—'**તેમજ દેહ અને ચેતનનો સંઘાત નથી**' ઇત્યાદિ. ચોથા પક્ષની શંકા કરે છે—'**સત્ત્વ તપ્ય છે**'. સત્ત્વ એટલે બુદ્ધિગત સત્ત્વ અંશ. તે સુખાદિદર્શનાત્મમાં પરિણામ પામે છે. રજસ્ એટલે બુદ્ધિગત રજોંશ. તે રાગાદિ ઉત્પન્ન કરવાથી દુઃખહેતુ છે. સત્ત્વ અને રજસ્ તપ્ય અને તાપક હોય તો પુરુષનો બન્ધ ન હોવાથી શાસ્ત્રારમ્ભ વ્યર્થ થાય એમ શંકાનો પરિહાર કરે છે—'**નહિ; કેમકે તે બેની સાથે**' ઇત્યાદિ. પુરુષ અસંગ છે તોપણ તપ્ય સત્ત્વમાં આત્મા પ્રતિબિમ્બિત થવાથી તપ્તિ છે એમ શંકા કરે છે—'**સત્ત્વનો અનુરોધી હોવાથી**' ઇત્યાદિ. ત્યારે [2]જલચંદ્રનું ચલન જેમ મિથ્યા છે તેમ તપ્તિ મિથ્યા છે એટલે અમારોજ પક્ષ આવ્યો એમ કહે છે—'**પરમાર્થ રીતે**' ઇત્યાદિ. **इव** (જાણે) શબ્દમાત્રથી તપ્તિ મિથ્યા છે એમ શી રીતે સમન્વય છે એમ જો કહેશો તો તેને વિષે કહીએ છીએ—**इव** (જાણે) શબ્દ તપ્ય જે બુદ્ધિસત્ત્વ તેની સાથે સાદૃશ્યવાચક છે, તે સાદૃશ્ય પુરુષનું તો તપ્યત્વરૂપ હોય તો તે કલ્પિ-

---

[1] જોડાવું યુક્ત થતું નથી. [2] ચાલવું.

થાય છે, કેમકે इव (જાણે) શબ્દનો પ્રયોગ છે, જો તપતો નથી તો इव શબ્દ દે
જનક થતો નથી. ખરેખર, '[1]ડુણ્ડુભ સર્પના જેવો છે એટલાથી વિષયુક્ત થતો નથ
કે સર્પ ડુણ્ડુભ જેવો છે એટલાથી નિર્વિષ થતો નથી. એથી એ તપ્યતાપકભા
અવિદ્યાજનિત છે, પારમાર્થિક નથી એમ સ્વીકારવું યુક્ત છે. એમ થશે એટલે મા
પણ કંઈ દોષ આવશે નહિ. જો ચેતનનો વાસ્તવિકજ તપ્યભાવ કબૂલ કરશો તે
તનેજ અત્યન્ત અનિર્મોક્ષ પ્રસક્ત થશે; કેમકે તાપક નિત્ય છે એમ સ્વીકાર્યું છે. ત
પ્યશક્તિ અને તાપકશક્તિ નિત્ય છે તોપણ તપ્તિને નિમિત્તયુક્ત સંયોગની અપેક્ષા

તજ હોવું જોઈએ; કેમકે પુરુષને તાત્ત્વિક તપ્તિ નથી એમ ઉપપાદન કરે છે—'જો તપતો નથી' ઇત્યાદિ. પુરુષ જો વસ્તુતઃ તપ્તિરહિત હોય તોજ इवशब्द દોષજનક થતો નથી, કેમકે તે મિથ્યાત્વઅભિવાચક થાય છે. મિથ્યાસાદૃશ્યજ દોષ થશે એમ કહેશો તો તે યુક્ત નથી એમ કહે છે—'ખરેખર, ડુણ્ડુભ સર્પના જેવો છે' ઇત્યાદિ. સવિષત્વ અને નિર્વિષત્વ એ इवशब्दનો અર્થ કલ્પિતજ છે એમ સમજવું. બુદ્ધિસત્ત્વ તપ્ય છે તેને વિષે તેની સાથે અવિભાગ પ્રાપ્ત થવાથી પુરુષ પણ જાણે તપે છે એવો છે; પણ ખરેખર તપતો નથી; કેમકે તે અપરિણામી છે. તેની બુદ્ધિસત્ત્વને વિષે અવિભાગપ્રાપ્તિ તે અવિદ્યા. આ રીતે તારે (સાંખ્યે) પણ અવિદ્યાકૃત તપ્યતાપકભાવજ સ્વીકારવો પડશે. તે અમે કહીએ છીએ ત્યારે તને દ્વેષ જેવો કેમ લાગે છે ! તપ્યતાપકભાવ સાંખ્યને અવિદ્યાજનિત થયો એટલે મારે કંઈ દોષ થતો નથી, પણ ઇષ્ટજ સપન્ન થાય છે એવો અર્થ છે. એ મિથ્યા તપ્યત્વનો અંગીકાર કરવામાં અપસિદ્ધાન્ત થશે એવી ભીતિથી પુરુષનું તપ્યત્વ સત્ય છે એમ કહેશો તોપણ અપસિદ્ધાન્તજ થશે. કેમકે પુરુષ કૂટસ્થ છે એ મતની હાનિ થશે અને અનિર્મોક્ષ પણ થશે; કેમકે જે સત્ય તે આત્માની પેઠે નિવૃત્ત થાય એ યુક્ત નથી એમ કહે છે—'જો ચેતનનો વાસ્તવિકજ તપ્યભાવ કબૂલ કરશો' ઇત્યાદિ. વળી રજસ્ નિત્ય હોવાથી દુઃખ પણ સતતજ થશે એમ કહે છે—'તાપક નિત્ય છે એમ સ્વીકાર્યું છે'. રજોગુણ તાપક છે, તે સાંખ્યમતે નિત્ય છે. અહિં સાંખ્ય શંકા કરે છે—'તપ્યશક્તિ અને તાપકશક્તિ નિત્ય છે તોપણ' ઇત્યાદિ. સત્ત્વ કે પુરુષ તપ્યશક્તિ છે અને રજસ્ એ તાપકશક્તિ છે. અવિવેકાત્મક અદર્શન તમસ્ એ નિમિત્ત છે. તમસના આધિક્યરૂપનિમિત્તજનિત સંયોગ તે નિમિત્તયુક્ત સંયોગ. એટલે પુરુષનો ગુણસ્વામિત્વરૂપ સબંધ તેની અપેક્ષા આત્માને વિષે ફળ ઉત્પન્ન કરવા માટે તપ્તિને હોવાથી સંયોગનું નિમિત્ત જે તમોગુણ તે નિવૃત્ત થશે આત્યન્તિક સંયોગનો નાશ થાય અને તેથી તપ્તિના અભાવરૂપ આત્યન્તિક મોક્ષ ઉત્પન્ન થાય એવી શંકા છે. સત્ત્વ અને રજસ્ જે તપ્ય અને તાપક છે તેમની શક્તિ નિત્ય છે તોપણ મોક્ષ અનુપપન્ન નથી; કેમકે જ્યારે તમોગુણનો ઉદ્રેક (આધિક્ય) થાય છે ત્યારે બુદ્ધિનો આત્મા સાથે વિવેકગ્રહ થતો નથી, ત્યારે તે બુદ્ધિ રજોંશથી દુઃખાદિજનક, તાપહેતુ થાય છે. દુઃખદર્શનાત્મામાં પ્રતિભાન થયેલું સત્ત્વ તપ્ય થાય છે. પણ જ્યારે સત્ત્વના ઉદ્રેકથી આત્મા સાથે વિવેક બુદ્ધિને વિષે થાય છે ત્યારે અવિવેક નિવૃત્ત થવાથી, નિમિત્ત ન હોવાથી તપ્યતાપકભાવ શક્તિમાત્રાવશેષ રહે છે. દુઃખનું કે તેનું દર્શન હોતું નથી એજ મોક્ષ છે એમ શંકા કરે છે. અદર્શનરૂપ નિમિત્ત તજ્જનિત

---

૧ વિષરહિત સર્પ. 'निर्विषा डुण्डुभाः स्मृताः'. ર કોશ.

હોવાથી જ્યારે સંયોગનું નિમિત્ત જે [1]અદર્શન તે નિવૃત્ત થાય છે ત્યારે સંયોગનો આત્યન્તિક [2]ઉપરમ થાય છે અને તેથી આત્યન્તિક મોક્ષ ઉપપન્ન છે એમ જો કહેશો તો, નહિ; કેમકે અદર્શન જે તમોગુણ તે નિત્ય છે એમ સ્વીકાર્યું છે. વળી ગુણોના [3]ઉદ્ભવ અને [4]અભિભવ [5]અનિયત હોવાથી સંયોગના નિમિત્તનો ઉપરમ અનિયત છે તેથી વિયોગ પણ અનિયત હોવાથી સાંખ્યનેજ [6]અનિર્મોક્ષ [7]અપરિહાર્ય થશે. ઔપનિષદને તો આત્મા એક છે એમ સ્વીકાર છે તેથી અને એકને વિષયવિષયિભાવ ઉપપન્ન નથી તેથી, તેમજ વિકારભેદ [8]વાચારંભણમાત્ર છે એમ શ્રુતિપ્રતિપા-

---

પ્રકૃતિપુરુષનો યોગ તેની અપેક્ષા આત્માને વિષે તપ્તિને હોવાથી નિમિત્ત નિવૃત્ત થયું એટલે નૈમિત્તિક સંયોગ પણ નિવૃત્ત થાય છે તેથી શક્તિ નિત્ય છે તોપણ તાપક્ષયલક્ષણ મોક્ષ સિદ્ધ થાય છે એવો શંકાનો અભિપ્રાય છે. શંકાનું નિરાકરણ કરે છે—'**નહિ; કેમકે અદર્શન જે તમોગુણ તે નિત્ય છે**' ઇત્યાદિ. નિમિત્તની નિવૃત્તિનો અભાવ છે તેથી મોક્ષ નથી એવું નિરાકરણ છે. તાત્પર્ય આ છે—પુરુષને તો તપ્તિ નથી એમ કહ્યું છેજ, એ તપ્તિ તો તાપકરએ-જનિત છે ને તે કેવલ બુદ્ધિસત્ત્વને છે. એ બુદ્ધિસત્ત્વનો તમોરૂપમાં વિપર્યાસ થવાથી તે બુદ્ધિસત્ત્વ પુરુષથી પોતાનો ભેદ જોતું નથી તેથી પુરુષ તપે છે એવો અભિમાન થાય છે, પણ પુરુષનો તો લવમાત્ર પણ વિપર્યાસ થતો નથી. તે બુદ્ધિસત્ત્વ સાત્ત્વિક વિવેકખ્યાતિથી તામસી અવિવેકખ્યાતિને નિવૃત્ત કરી શકે છે, પણ તમોગુણરૂપ મૂળ વિદ્યમાન હોવાથી તે તામસી અવિવેકખ્યાતિનો અત્યન્ત ઉચ્છેદ કરવો શક્ય નથી. તેથી વિચ્છિન્ન થયલી પણ છિન્ન બદરીની પેઠે ફરી ઉદ્ભૂત તમોગુણ સત્ત્વનો અભિભવ કરે એટલે તે તામસી અવિવેકખ્યાતિ વિવેકખ્યાતિને દૂર કરી શતશિખર સાથે આવિર્ભાવ પામે એટલે અપવર્ગકથા—મોક્ષકથા તો દત્તજલાંજલિજ થાય. આ પ્રમાણે તાત્પર્ય છે. વળી શંકા કરે છે કે તમોગુણ નિત્ય હોવાથી તેની નિવૃત્તિ થતી નથી તોપણ વિવેકથી તેનો ઉપરમ થવાથી મોક્ષ થાય. તમોગુણ ઉદ્ભૂત હોય ત્યારે તપ્ય અને તાપકનો સંબન્ધ થાય, ઉદ્ભૂત તમોગુણજ અવિવેકહેતુ છે, પણ સત્ત્વશુદ્ધિથી તમોગુણનો અભિભવ થયે સંબંધ નહિ થાય એટલે બન્ધનો નાશ થશે, ઉદ્ભવ અનિયત હોવાથી અનિર્મોક્ષ નહિ થાય, આથી કહે છે—'**ગુણોના ઉદ્ભવ અને અભિભવ અનિયત હોવાથી**' ઇત્યાદિ. '**चलं गुणवृत्तम्**' (ગુણવૃત્ત ચલિત છે) એમ સાંખ્યો સ્વીકારે છે તેથી એમ સમજવું. ઉદ્ભવની પેઠે અભિભવ પણ અનિયત હોવાથી અભિભૂત તમનો પુનરુદ્ભવ થવાથી મુક્તોનો પણ બન્ધ થાય. પરપક્ષમાં બન્ધમોક્ષની અનુપપત્તિ દર્શાવી સ્વપક્ષનો ઉપસંહાર કરે છે—'**ઔપનિષદને તો**' ઇત્યાદિ. વસ્તુતઃ એકત્વ હોવાથી બન્ધનો અભાવ છે તેથી મુક્તિના અભાવની શંકાને પણ અવસર નથી. વ્યવહારમાં તો ભેદનો અંગીકાર છે, તેથી તપ્યતાપકભાવ બન્ધ ઉપપન્ન થાય છે, તેમજ તત્ત્વજ્ઞાનથી તેની નિવૃત્તિ પણ ઉપપન્ન થાય છે એટલે શંકાને સ્થાન નથી એવું તાત્પર્ય છે. જેમ મુખ [9]અવદાત છે તોપણ મલિન [10]આદર્શતલરૂપ ઉપાધિએ કલ્પેલા ભિન્ન પ્રતિબિંબ મલિનતા પામે છે; પણ વસ્તુતઃ તે મલિન નથી, બિંબથી પ્રતિબિંબ વસ્તુતઃ ભિન્ન નથી, પણ તે પ્રતિબિંબને વિષે મલિન આદર્શના ઉપાધિથી મલિનતા સ્થાન કેનારે

---

૧ અજ્ઞાન. ૨ બધ પડવું. ૩ પ્રાબલ્ય; પ્રબળ થવું. ૪ પરાજય; નિર્બળ થવું. ૫ નિયમપૂર્વક નહિ એવું, અનિયમિત, અનિશ્ચિત. ૬ મોક્ષનો અભાવ. ૭ જેનો પરિહાર ન થાય એવું. ૮ માત્ર વાણીમાંજ જેનો આરંભ છે એવો. ૯ સ્વચ્છ. ૧૦ આરસી.

હિત છે તેથી અનિર્મોક્ષની શંકા સ્વપ્નમાં પણ ઉત્પન્ન થતી નથી. વ્યવહારમાં ત
જ્યાં જેવો તપ્યતાપકભાવ જોવામાં આવે છે ત્યાં તેવોજ તે છે એટલે તેની શંકા
કરવી કે શંકાનો પરિહાર કરવો યુક્ત નથી ॥ ૧૦ ॥

પ્રધાનકારણવાદનું નિરાકરણ કર્યું. હવે પરમાણુકારણવાદનું નિરાકરણ કરવું યુક્ત છે. તેમાં આરંભમાં અણુવાદી બ્રહ્મવાદીને વિષે જે દોષની ઉત્પ્રેક્ષા કરે છે તેનું સમાધાન કરાય છે. તેમાં વૈશેષિકોનો સ્વીકાર છે—કારણદ્રવ્યના સમવાયી ગુણો

છે; અને તેથી પોતાનું મલિન મુખ જોઈ દેવદત્ત તપ્ત થાય છે. પરન્તુ જ્યારે ઉપાધિ જતો રહેવાથી બિંબજ કલ્પનાવશથી પ્રતિબિંબ છે અને તે અવદાત છે એમ તત્ત્વ સમજે છે ત્યારે મારું મુખ મલિન નથી એમ એનો તાપ શમે છે. એ પ્રમાણે અવિદ્યારૂપ ઉપાધિથી કલ્પેલા અવચ્છેદવાળો જીવ પરમાત્મપ્રતિબિંબસદૃશ છે તે કલ્પેલાજ શબ્દાદિના સંપર્કથી તપ્ત થાય છે, પણ તત્ત્વતઃ પરમાત્માને તાપ નથી. પરન્તુ જ્યારે 'तत्त्वमसि' એ વાક્યના શ્રવણ, મનન, અને ધ્યાનના પરિપક્વ અભ્યાસપર્યંતથી ઉત્પન્ન થયલો સાક્ષાત્કાર એને ઉત્પન્ન થાય છે ત્યારે જીવ પોતાનો શુદ્ધ, બુદ્ધ, તત્ત્વસ્વભાવ અનુભવતો નિખિલ વાસના કલેશસહિત જેની નષ્ટ થઈ છે એવો કેવલ,સ્વસ્થ થાય છે; એને પુનઃ સંસારભય નથી, કેમકે તેનો હેતુ, અવાસ્તવિક હેતુ, સમૂલ નષ્ટ થયો છે. સાંખ્યને તો તમોગુણ નિત્ય હોવાથી તે વિદ્યમાન તમસ્‌નો ઉચ્છેદ અશક્ય છે ॥ ૧૦ ॥

વૃત્તનો અનુવાદ કરી 'महद्दीर्घवत्' ઇત્યાદિથી સ્વમત જેમાં સ્થાપન કર્યું છે એ અધિકરણની સંગતિ કહે છે—'પ્રધાનકારણવાદનું' ઇત્યાદિ. સાંખ્યમતના નિરાકરણની પછી પરમાણુવાદનું નિરાકરણ કરવું યુક્ત છે, કેમકે સ્વમત સ્થાપન કરવું એની સ્મૃતિપાદમાં સંગતિ છે, તોપણ પૂર્વ અધિકરણમાં પ્રધાનગુણો સુખાદિ જગત્‌ને વિષે અનન્વિત હોવાથી પ્રધાન ઉપાદાનકારણ નથી એમ કહ્યું છે તેમ બ્રહ્મગુણ ચૈતન્યનો જગત્‌માં અનન્વય હોવાથી બ્રહ્મ પણ ઉપાદાન નથી એ દોષનું દૃષ્ટાન્તસંગતિના લાભથી અહીંજ સમાધાન કરાય છે એવો અર્થ છે. ચેતન બ્રહ્મથી જગત્‌ની સૃષ્ટિ કહેનાર વેદાન્તસમન્વય વિષય છે; તે શું 'જે સમવાયી કારણનો ગુણ છે તે કાર્યદ્રવ્યમાં પોતાના જેવા પ્રકારનો ગુણ આરંભે છે, તન્તુની શુક્લતાની પેઠે' એ ન્યાયથી વિરુદ્ધ છે કે નહિ એમ સંશય થયે ન્યાયને અવ્યભિચાર હોવાથી વિરુદ્ધ થાય છે એમ પ્રાપ્ત થયે વ્યભિચાર હોવાથી તેથી વિરોધ નથી એમ સિદ્ધાન્તસૂત્રનું વ્યાખ્યાન કરે છે. તાત્પર્ય આ પ્રમાણે છે—જેમ પ્રધાનકારણવાદ બ્રહ્મકારણવાદથી વિરુદ્ધ છે એજ પ્રમાણે પરમાણુકારણવાદ પણ વિરુદ્ધ છે; એથી એનું પણ નિરાકરણ કરવું યુક્ત છે. એથી 'शिष्टापरिग्रहा अपि व्याख्याताः' (શિષ્ટ જેનો પરિગ્રહ કરતા નથી તે પણ વ્યાખ્યાત થયા) એનો પ્રપંચ આરંભાય છે—તેમાં વૈશેષિકો બ્રહ્મકારણત્વનું દૂષણ દર્શાવે છે. જો આકાશાદિનું ઉપાદાન ચેતન હોય તો તેથી આરબ્ધ થયું આકાશાદિ પણ ચેતન હોય; કેમકે કારણગુણના ક્રમે કાર્યમાં ગુણારંભ દેખાય છે, જેમકે શુક્લ તન્તુઓથી આરબ્ધ પટ શુક્લ હોય છે, ક્વચિત્ પણ કૃષ્ણ થતો નથી. એ પ્રમાણે ચેતનથી આરબ્ધ આકાશાદિ ચેતન થાય, અચેતન નહિ. તેટલા માટે જગત્‌નું ઉપાદાન અચેતનજ છે; અને તે અચેતન પરમાણુઓ છે, ખરેખર, સૂક્ષ્મથી સ્થૂલની ઉત્પત્તિ જોવામાં આવે છે, જેમ તન્તુઓથી પટની એમ અંશુ-

૧ વિસ્તાર

કાર્યદ્રવ્યમાં સમાનજાતીય અન્ય ગુણ આરંભે છે; કેમકે શુક્લ તન્તુઓથી શુક્લ પટની ઉત્પત્તિ દેખાય છે અને તેથી વિપરીત દેખાતું નથી. તેટલા માટે ચેતન બ્રહ્મ જગતનું કારણ છે એમ સ્વીકારવાથી કાર્ય જગતને વિષે ચૈતન્ય સમવેત થાય, પણ તે જોવામાં આવતું નથી તેથી ચેતન બ્રહ્મ જગત્કારણ થાય એ યુક્ત નથી એમ (વૈશેષિકોનો [1]અભ્યુપગમ છે). એ અભ્યુપગમમાં તેનીજ પ્રક્રિયાથી વ્યભિચાર દર્શાવે છે—

ઓથી તન્તુઓની, એ રીતે [2]અપકર્ષપર્યન્ત કારણદ્રવ્ય અતિસૂક્ષ્મ,અવયવરહિત અવસ્થિત થાય છે ને તે પરમાણુ છે. એ પરમાણુને સાવયવ સ્વીકારવાથી અનન્ત અવયવત્વ થવાથી સુમેરુરાજ અને [3]સર્ષપને સમાન પરિમાણ આવવાનો પ્રસંગ આવે એમ કહ્યું છે. તેમાં પ્રથમ [4]અદૃષ્ટવત્ક્ષેત્રજ્ઞસંયોગથી પરમાણુમાં કર્મ થાય છે તેથી તે અન્ય પરમાણુ સાથે સંયોગ પામી દ્ધ્યણુકને આરંભે છે. બહુ પરમાણુએ સંયુક્ત થઈ સહસા સ્થૂલનો આરંભ કરતા નથી; કેમકે પરમાણુ છે તોપણ બહુ છે, [5]ઘટોપગૃહીત પરમાણુઓની પેઠે. જો ઘટોપગૃહીત પરમાણુઓ ઘટને આરભે, તો ઘટના વિભાગ કરીએ ત્યારે કપાલ, [6]શર્કરા આદિનો [7]ઉપલંભ થાય નહિ; કેમકે તેઓ આરબ્ધ થયા નથી, તેઓથી (પરમાણુઓથી) તો ઘટજ આરબ્ધ થયો છે. તેમ થવાથી મોગરીના પ્રહારથી ઘટનો વિનાશ થાય એટલે કંઈ પણ ઉપલબ્ધ ન થાય; કેમકે કપાલાદિ આરબ્ધ થયાં નથી અને તેના (ઘટના) અવયવો પરમાણુઓ અતીન્દ્રિય છે તેટલા માટે બહુ પરમાણુઓ દ્રવ્ય પ્રતિ સમવાયી કારણ નથી. પણ એજ પરમાણુઓ દ્ધ્યણુક આરંભે છે તેનું (દ્ધ્યણુકનું) અણુત્વ [8]પરિમાણ છે, તે પરમાણુના પરિમાણ પારિમાણ્ડલ્યથી અન્ય છે અને તેને ઈશ્વરબુદ્ધિની અપેક્ષાએ ઉત્પન્ન થયલી દ્વિત્વસંખ્યા આરંભે છે. બે દ્ધ્યણુકોથી દ્રવ્યનો આરંભ થતો નથી; કેમકે વ્યર્થત્વનો પ્રસંગ આવે; ખરેખર તે (દ્રવ્ય) પણ દ્ધ્યણુકજ થાય, મહત્ નહિ; કેમકે કારણના બહુત્વ, મહત્વ અને પ્રચયવિશેષથી મહત્‌ની ઉત્પત્તિ છે; અને બે દ્ધ્યણુકમાં મહત્વ નથી કે જેથી તેઓએ આરંભેલું મહત્ થાય, તેમજ તેમાં બહુત્વ નથી; દ્વિત્વ છે તેથીજ; તેમજ તેમાં પ્રચયભેદ [9]તૂલપિંડોમાં છે તેવો નથી; કેમકે તેના અવયવો અવયવરહિત હોવાથી તેમાં [10]પ્રશિથિલ અવયવોના સંયોગભેદનો અભાવ છે. તેટલા માટે તે દ્રવ્ય (બે દ્ધ્યણુકથી આરંભેલું) પણ તેના કારણ દ્ધ્યણુકની પેઠે અણુજ હોવું જોઈએ. પુરુષોપભોગ અતિશય થતો નથી અને અદૃષ્ટનિમિત્ત છે તેથી વિશ્વનિર્માણ ભોગાર્થક હોવાથી અને તેના કારણ દ્ધ્યણુકથી તે નિષ્પન્ન થવાથી દ્ધ્યણુકને આશ્રયે રહેલા અન્ય દ્ધ્યણુકનું શું પ્રયોજન છે, એમ આરમ્ભ વ્યર્થ થાય; માટે આરમ્ભને સાર્થક કરવા માટે બહુજ દ્ધ્યણુકો વડે ત્ર્યણુક, ચતુરણુક, કે પઞ્ચાણુક દ્રવ્ય મહદ્ અને દીર્ઘ આરબ્ધ કરવું યુક્ત છે; કેમકે તે તે સ્થળે ભોગભેદ છે; અને ઈશ્વરબુદ્ધિની અપેક્ષાએ ઉત્પન્ન થયલી બહુત્વસંખ્યા મહત્વપરિમાણનું કારણ છે. તેમજ ત્ર્યણુક આદિથી આરબ્ધ કાર્યદ્રવ્ય કારણબહુત્વથી કે કારણમહત્ત્વથી કે કારણપ્રચયભેદથી મહત્ થાય છે એમ પ્રક્રિયા છે.

---

૧ સ્વીકાર. ૨ ન્યૂન પરિમાણની સીમા. ૩ સરસવ. ૪ અદૃષ્ટયુક્ત આત્માના પરમાણુ સાથે સંયોગ થવાથી. ૫ ઘટે ગ્રહણ કરેલા; ઘટની રચનામાં રહેલા. ૬ ઘટના ભાગો. ૭ પ્રાપ્તિ. ૮ અણુ પરિમાણ બે પ્રકારનું છે, નિત્ય અને અનિત્ય. પરમાણુમનોમાં નિત્ય છે તે પારિમાણ્ડલ્ય છે અને દ્ધ્યણુકમાં અનિત્ય છે. ૯ રૂનો જથ્થો. ૧૦ ઢીલા.

महद्दीर्घवद्वा ह्रस्वपरिमण्डलाभ्याम् ॥ ११ ॥

હ્રસ્વ અને પરિમંડલમાંથી મહત્ અને દીર્ઘની પેઠે (ચેતન બ્રહ્મથી અચેતન જગત્ ઉત્પન્ન થાય છે) ॥ ૧૧ ॥

આ તેઓની પ્રક્રિયા છે—ખરેખર, પરમાણુઓ યથાયોગ્ય રૂપાદિયુક્ત, પારિમાણ્ડલ્ય પરિમાણવાળા કેટલોક કાળ કાર્ય [1]આરંભ્યા વગર રહે છે. પછી તે અદૃષ્ટાદિપુરઃસર, સંયોગસહિત થઈ દ્વયણુકાદિક્રમે અખિલ કાર્યસમૂહ આરંભે છે; અને એજ પ્રક્રિયાથી કારણસમવાયી ગુણો કાર્યદ્રવ્યમાં સમાનજાતીયજ અન્ય ગુણ ઉત્પન્ન કરે છે એ ન્યાયથી જે દ્વયણુ—કાર્યજગત્ને વિષે ચૈતન્ય સમવેત થાય એવું—દર્શાવ્યું છે તે તેમનીજ પ્રક્રિયાથી અદૃષ્ટ છે; કેમકે વ્યભિચાર થાય છે એમ સિદ્ધ કરવા સૂત્ર કહે છે—'મહદ્દીર્ઘવદ્વા' ઇત્યાદિ. જોકે 'न विलक्षणत्वात्' (બ્ર૦ સૂ૦ ૨।૧।૪) એમાં ચેતનથી અચેતનસૃષ્ટિ થાય છે તોપણ વૈશેષિકન્યાયનો વ્યભિચાર તેનીજ પ્રક્રિયાથી સિદ્ધ કરવો એ આ સૂત્રનું પ્રયોજન હોવાથી એ સૂત્ર વ્યર્થ નથી. જેમ મહત્ અને દીર્ઘ ત્ર્યણુક હ્રસ્વ અને અણુ દ્વયણુકથી ઉત્પન્ન થાય છે અને બે પરિમંડલ પરમાણુમાંથી અપરિમંડલ દ્વયણુક ઉત્પન્ન થાય છે તેમ ચેતન બ્રહ્મમાંથી અચેતન જગત્ થાય એમ સૂત્રાર્થ છે. તે અર્થ સ્ફુટ કરવા વૈશેષિકની પ્રક્રિયા કહે છે—'આ તેમની પ્રક્રિયા છે'. તેમાં પ્રલય અવસ્થાનો ઉપન્યાસ કરે છે—'ખરેખર, પરમાણુઓ' ઇત્યાદિ. પૃથ્વી, અપ્, તેજસ્ અને વાયુ એ ચારના પરમાણુઓ. 'ખરેખર' શબ્દથી ચાર પ્રકારના પરમાણુઓ પ્રામાણિકસંમત છે એમ સૂચવે છે. પ્રલયકાળમાં પરમાણુઓ નિશ્ચલ, અસંયુક્ત રહે છે અને સૃષ્ટિકાળમાં અદૃષ્ટયુક્ત આત્માના સંયોગથી તેમને વિષે કર્મ થાય છે, તેથી સંયોગથી અન્ય દ્રવ્યની સૃષ્ટિ થાય છે. લયહેતુ કર્મની ઉદ્રેક અવસ્થા 'કેટલોક કાળ' એથી કહી છે. તેમાં સર્વકાર્યનો લય છે તોપણ પાકજ પરમાણુગુણો અવસ્થિત રહે છે તેથી 'રૂપાદિયુક્ત' એમ કહ્યું છે. પૃથ્વીના પરમાણુઓમાં ચાર ગુણ (રૂપ, રસ, ગન્ધ અને સ્પર્શ) છે, અપ્ના પરમાણુઓમાં ત્રણ ગુણ (રૂપ, રસ અને સ્પર્શ) છે, તેજના પરમાણુઓમાં બે ગુણ (રૂપ અને સ્પર્શ) છે અને વાયુના પરમાણુમાં એક ગુણ (સ્પર્શ) છે એમ કહેવા 'યથાયોગ' કહે છે. ભૂતત્રયપરમાણુગત (અપ્, તેજસ્ અને વાયુ એ ત્રણ ભૂતોના પરમાણુમાં રહેલા) સ્પર્શાદિ નિત્ય છે, પૃથ્વીપરમાણુમાં રહેલા સ્પર્શાદિ અનિત્ય અને પાકજ છે. પરમાણુમાત્રમાં રહેનાર પરિમાણ તે 'પારિમાણ્ડલ્ય' કે પરિમંડલ. પરમાણુઓનો આરંભક્રમ કહે છે—'પછી તે અદૃષ્ટાદિપુરઃસર' ઇત્યાદિ. 'પછી' એટલે સર્ગહેતુકર્મની ઉદ્ભવઅવસ્થામાં. પરમાણુઓ સમવાયીકારણ છે, 'અદૃષ્ટાદિ' નિમિત્તકારણ છે, 'આદિ'થી ઈશ્વરપ્રયત્ન એમ સમજવું; અને સંયોગ એ અસમવાયી કારણ છે. અદૃષ્ટવત્ક્ષેત્રજ્ઞસંયોગથી પરમાણુમાં કર્મ થાય છે તેથી અન્ય અણુ સાથે સંયોગ થવાથી દ્વયણુક ઉત્પન્ન થાય છે. બહુ પરમાણુઓ સંયુક્ત થઈ સહસા કાર્ય ઉત્પન્ન કરતા નથી; કેમકે પરમાણુઓ છે તોપણ બહુ છે, ઘટોપગૃહીત પરમાણુઓની પેઠે. ઘટોપગૃહીત પરમાણુઓ ઘટરૂપ કાર્યજનક નથી; કેમકે ઘટનો ભંગ થાય ત્યારે કપાલાદિ તેના વિભાગ અનારમ્ભક હોવાથી પરમાણુઓ અતીન્દ્રિય હોવાથી સર્વની અનુપલબ્ધિ થવાનો પ્રસંગ આવે. તેથી બે પરમાણુ સંયુક્ત થઈ દ્વયણુક ઉત્પન્ન કરે છે અને ત્રણ દ્વયણુક

[1] ઉત્પન્ન કર્યા.

ત્ર્યણુકાદિ ઉત્પન્ન થાય છે, પરિમણ્ડલ ઉત્પન્ન થતું નથી; અથવા જેવી રીતે દ્વ્યણુક અણુ અને હ્રસ્વ છે તોપણ તેમાંથી મહત્ અને દીર્ઘ ત્ર્યણુક ઉત્પન્ન થાય છે, અણુ ઉત્પન્ન થતું નથી કે હ્રસ્વ ઉત્પન્ન થતું નથી; એવી રીતે ચેતન બ્રહ્મથી અચેતન જગત્ ઉત્પન્ન થશે એ સ્વીકારમાં તારૂં શું છિન્ન થયું? જો તું એમ માનશે કે કાર્યદ્રવ્ય દ્વ્યણુકાદિ વિરોધી, અન્ય પરિમાણથી યુક્ત છે તેથી કારણગત પારિમાણ્ડલ્યાદિ આરંભક થતાં નથી એમ હું સ્વીકારૂં છું, પણ ચેતનાથી વિરોધી અન્ય ગુણથી જગત્ યુક્ત નથી કે જેથી કારણગત ચેતના કાર્યને વિષે અન્ય ચેતના આરંભે નહિ; કેમકે અચેતના નામનો ચેતનાનો વિરોધી કોઈ ગુણ નથી, કારણ કે તે ચેતના પ્રતિષેધમાત્ર છે. તેટલા માટે પારિમાણ્ડલ્ય આદિથી વૈષમ્યને લીધે ચેતનાને આરંભકત્વ પ્રાપ્ત થાય છે એમ (જો તું માનશે) તો એમ માનતો ના; કેમકે જેમ કારણમાં વિદ્યમાન પણ પારિમાણ્ડલ્યાદિ અનારંભક છે એમ ચૈતન્ય પણ એટલો અંશ સમાન છે. વળી પારિમાણ્ડલ્યાદિ અનારંભક છે તેનું કારણ (દ્વ્યણુકાદિ) અન્ય પરિમાણથી યુક્ત છે તે નથી; કેમકે અન્ય પરિમાણના આરંભ પહેલાં પારિમાણ્ડલ્યાદિનું આરંભકત્વ ઉપપન્ન થાય છે; કારણ કે આરબ્ધ પણ કાર્યદ્રવ્ય ગુણના આરમ્ભ પહેલાં ક્ષણમાત્ર અગુણ રહે છે એમ સ્વીકાર છે. તેમજ પારિમાણ્ડલ્યાદિ અન્ય પરિમાણને આરમ્ભવામાં વ્યગ્ર છે તેથી પોતાની સમાન જાતનું અન્ય પરિમાણ આરંભતાં નથી એમ પણ કહેવું યુક્ત નથી; કેમકે અન્ય પરિમાણનો અન્ય હેતુ સ્વીકાર્યો છે; કારણ કે '**कारणबहुत्वात् कारणमहत्त्वात् प्रचयविशेषाच्च महत्**' [वै० सू० ७।१।९] (કાર-

---

ચાર કહે છે—'અથવા જેવી રીતે દ્વ્યણુક' ઇત્યાદિ. અણુ અને હ્રસ્વ દ્વ્યણુકોથી અણુ દ્રવ્ય ઉત્પન્ન થતું નથી અને હ્રસ્વ પણ ઉત્પન્ન થતું નથી એમ વ્યભિચાર છે એવો અર્થ છે. સૂત્રમાં વાપરેલ 'વા' ('અને'ના) અર્થમાં છે, અને તે અનુક્ત અણુનો સમુચ્ચયવાચક છે. એટલે હ્રસ્વ અને પરિમણ્ડલ દ્વ્યણુક અને પરમાણુઓમાંથી મહત્, દીર્ઘ અને હ્રસ્વ ઉત્પન્ન થાય છે તેમ અચેતનમાંથી ચેતન ઉત્પન્ન થાય છે એમ સૂત્રની યોજના કરવાની છે. તેમાં હ્રસ્વથી મહત્ અને દીર્ઘ ત્ર્યણુક અને પરિમણ્ડલથી અણુ દ્વ્યણુક એમ વિભાગ સમજવો. દૃષ્ટાન્ત વિષમ છે એમ શંકા કરે છે—'જો તું એમ માનશે કે' ઇત્યાદિ. અચેતનત્વ વિરોધી ગુણ છે એમ કોઈ શંકા કરે તો તેને માટે કહે છે—'અચેતના નામનો' ઇત્યાદિ. કાર્યદ્રવ્ય અન્ય પરિમાણથી આક્રાન્ત-યુક્ત છે એમ સ્વીકારી વિવક્ષિત અંશમાં દોષ કહે છે—'એમ માનતો ના; કેમકે જેમ' ઇત્યાદિ. અસ્વીકારનો ત્યાગ કરે છે—'વળી પારિમાણ્ડલ્યાદિ અનારંભક છે' ઇત્યાદિ. ઉત્પન્ન થવું અન્ય પરિમાણ વિરોધી થાય તેની ઉત્પત્તિની પૂર્વે વિરોધી થતું નથી તેથી દ્વ્યણુકમાં પારિમાણ્ડલ્યની ઉત્પત્તિ કેમ ન થાય એવો અર્થ છે. પણ વિરોધી પરિમાણ સહિત દ્રવ્ય ઉત્પન્ન થાય છે એ શંકા નિરાકરણ કરવા કહે છે—'આરબ્ધ પણ કાર્યદ્રવ્ય' ઇત્યાદિ. એવી વિરોધીનો અભાવ સિદ્ધ થાય છે એવું તાત્પર્ય છે. અન્ય આરંભવામાં વ્યગ્ર હશે માટે પારિમાણ્ડલ્યાદિ સ્વસમાન ગુણ ઉત્પન્ન કરતાં નથી એમ આશંકા કરી તેનો નિષેધ કરે છે—'તેમજ પારિમાણ્ડલ્યાદિ અન્ય પરિમાણને આરંભવામાં વ્યગ્ર છે તેથી' ઇત્યાદિ. અન્ય હેતુ સિદ્ધ કરવા સૂત્ર આપે છે—'**कारणबहुत्वात्**' ઇત્યાદિ. કારણો,—દ્વ્યણુકોના બહુત્વથી ત્ર્યણુકમાં મહત્ત્વ ઉત્પન્ન થાય છે, દ્વ્યણુકના મહત્ત્વથી દ્રવ્ય

બહુત્વથી, કારણના મહત્ત્વથી અને પ્રચયવિશેષથી મહત્ ઉત્પન્ન થાય છે), રીતમણુ' [વૈ૦ સૂ૦ ૭।૧।૧૦] (તેથી વિપરીત અણુ છે), 'एतेन दीर्घत्वह्रस्वत्वे व्याख्याते' [વૈ૦ સૂ૦ ૭।૧।૧૭] (આથી દીર્ઘત્વ અને હ્રસ્વત્વ વ્યાખ્યાત થયાં) ણાદનાં સૂત્રો છે. વળી કોઈક સંનિધાનવિશેષથી કારણબહુત્વ આદિજ ભક થાય છે, પારિમાણ્ડલ્યાદિ આરંભક થતાં નથી એમ કહી શકાશે કેમકે અન્ય દ્રવ્ય કે અન્ય ગુણ આરંભવામાં સર્વ કારણગુણોનો યમાં સમવાય સરખો છે. તેટલા માટે સ્વભાવથીજ પારિમાણ્ડલ્યાદિ રંભક છે તેમ ચેતના પણ અનારંભક છે એમ સમજવું. તેમજ ગથી વિલક્ષણ દ્રવ્યાદિની ઉત્પત્તિ જોવામાં આવે છે તેથી સમાન જા- ણાની ઉત્પત્તિમાં વ્યભિચાર છે. દ્રવ્ય પ્રકૃત છે તેમાં ગુણનું ઉદાહરણ અયુક્ત

૧ ઉત્પન્ન થાય છે અને બે તૂલપિંડથી આરબ્ધ અતિસ્થૂલ તૂલપિણ્ડમાં પ્રચયથી—અવ- (સંયોગવિશેષથી-મહત્ત્વ ઉત્પન્ન થાય છે એવો અર્થ છે. મહત્ત્વવિરુદ્ધ અણુત્વ પરમાણુ- ત્વસંખ્યાથી દ્વ્યણુકને વિષે થાય છે એમ કહે છે—'तद्विपरीतमणु'. મહત્ત્વનું જે અ- યથી કારણ છે તેજ મહત્ત્વસમાનાધિકરણ દીર્ઘત્વનું છે અને જે અણુત્વનું અસમવાયી ણ છે તેજ અણુત્વસમાનાધિકરણ હ્રસ્વત્વનું છે એમ અતિદેશ કરે છે—'एतेन दीर्घत्वह्रस्वत्वे व्याख्याते.' આ પ્રમાણે મહત્ત્વ આદિનાં હેતુ ન હોવાથી પારિમાણ્ડલ્ય આદિ વ્યભ એ અસિદ્ધ છે એવું તાત્પર્ય છે. વળી કારણબહુત્વ આદિ સંનિહિત છે અને પારિમાણ્ડલ્ય હિત નથી એમ પણ ન કહેવું. પણ પારિમાણ્ડલ્ય આદિ સંયોગાદિથી વ્યવહિત છે તેથી દ્રવ્યમાં સમાનજાતીય ગુણ ઉત્પન્ન કરતાં નથી; પણ પ્રચય આદિ તો કારણસ્થ—કારણમાં લા છે તેથી તન્નિષ્ઠ કાર્યદ્રવ્ય સંનિહિત હોવાથી તેમાં મહત્ત્વ આદિ ઉત્પન્ન કરે છે. તેટલા પારિમાણ્ડલ્ય આદિ સ્વભાવથી અનારંભક નથી તેને માટે કહે છે—'વળી કોઈક સં- ધાનવિશેષથી' ઇત્યાદિ. બહુત્વ આદિની પેઠે પારિમાણ્ડલ્ય આદિ પણ સરખાંજ સમવાયી ણમાં રહેલાં છે. ગુણ ગુણીને વિષે સમવેત છે, વ્યાપ્ય કે અવ્યાપ્ય; સર્વથા ગુણો કારણસ્થ એ કાર્યદ્રવ્યમાં નિમિત્ત છે, અને નિરવયવ અણુના ગુણોનો સંનિધિ કે અસંનિધિ ઉત્પત્તિ યમાં ઉપયોગી સંમતનો નથી એવું તાત્પર્ય છે. આ પ્રમાણે પારિમાણ્ડલ્યાદિ અનારંભક છે તે હેતુ કાર્યદ્રવ્ય વિરોધી ગુણથી આક્રાન્ત છે તે કે તે અણુત્વાદિ ઉત્પન્ન કરવામાં સ્વભ છે કે તેઓ અસંનિહિત છે તે હેતુ નથી એ ઉક્તિનું ફળ કહે છે—'તેટલા માટે સ્વભાવ- થીજ' ઇત્યાદિ. અત્ર કોઈ એવી શંકા કરે કે કારણગુણ સ્વસમાનગુણનો આરંભક છે એ વ્યાપ્તિને પારિમાણ્ડલ્યાદિ સામાન્ય ગુણોમાં વ્યભિચાર છે તોપણ દ્રવ્યના સમવાયી કારણમાં રહેલો જે વિશેષ ગુણ છે તે સ્વસમાનજાતીય ગુણનો આરંભક છે એ વ્યાપ્તિ છે તેથી ચૈતન્ય વિશેષ ગુણ હોવાથી તેનું આરંભકત્વ દુર્વાર છે (આવી શંકા કોઈ કરે) તો તે યુક્ત નથી. કે- મકે ચિત્રપટના હેતુ તન્તુમાં રહેલાં નીલાદિરૂપો વિજાતીય ચિત્રરૂપના હેતુ છે તેમ વ્યભિચાર છે અને ચૈતન્ય આત્મા છે, ગુણ નથી એમ સમજવાનું છે. તેટલા માટે ચેતનથી વિજાતીયની ઉત્પત્તિ યુક્ત છે. તેનાં અન્ય ઉદાહરણ આપે છે—'તેમજ સંયોગથી વિલક્ષણ દ્રવ્યાદિ- ની ઉત્પત્તિ' ઇત્યાદિ. પણ ચેતન બ્રહ્મ કાર્યનું ઉપાદાન હોવાથી દ્રવ્ય છે, તે વિલક્ષણ ઉપાદાન નથી એ પ્રકૃત હોવાથી કોઈ દ્રવ્ય વિલક્ષણકાર્યારંભક હોય તેનું ઉદાહરણ આપવું જોઈએ, કેવળ ગુણનું ઉદાહરણ આપવું યુક્ત નથી એમ શંકા કરે છે—'દ્રવ્ય પ્રકૃત છે તેમાં'

છે એમ કહેશો તો, નહિ; કેમકે દૃષ્ટાન્તથી વિલક્ષણ આરંભમાત્ર વિવક્ષિત છે; અને દ્રવ્યનું દ્રવ્યજ ઉદાહરણ આપવું યુક્ત છે ને ગુણનું ગુણજ એમ નિયમમાં કોઈ હેતુ નથી. તમારા સૂત્રકારે પણ દ્રવ્યનું ગુણ ઉદાહરણ આપ્યું છે—'प्रत्यक्षाप्रत्यक्षाणाम् प्रत्यक्षाप्रत्यक्षत्वात् संयोगस्य पञ्चात्मकं न विद्यते' [વૈ૦ સૂ૦ ૪।૨।૨] (પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષનો સંયોગ અપ્રત્યક્ષ હોવાથી શરીર પંચભૂતાત્મક નથી) એમ. જેમ પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ ભૂમિ અને આકાશમાં સમવાયી સંયોગ અપ્રત્યક્ષ છે, એમ પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ પાંચ ભૂતોમાં સમવાયી શરીર અપ્રત્યક્ષ થાય. શરીર તો પ્રત્યક્ષ છે; તેટલા માટે પાંચભૌતિક નથી. તાત્પર્ય આ છે—સંયોગ ગુણ છે ને શરીર દ્રવ્ય છે. 'दृश्यते तु' [બ્ર૦ સૂ૦ ૨।૧।૬] (પણ દેખાય છે) એમાં પણ વિલક્ષણની ઉત્પત્તિ પ્રપંચિત કરી છે. પણ એમ હોય તો તેથીજ આ સૂત્ર ગતાર્થ છે. ના એમ અમે કહીએ છીએ. તે સાંખ્ય પ્રત્યે કહ્યું છે, આ તો વૈશેષિક પ્રત્યે છે. પણ અતિદેશ પણ 'एतेन शिष्टापरिग्रहा अपि व्याख्याताः' [બ્ર૦ સૂ૦ ૨।૧।૧૨] (આથી શિષ્ટોથી અપરિગ્રહણ કરાયલાનું પણ વ્યાખ્યાન થયું સમજવું) એમ સમાન ન્યાયથી કર્યો છે. એ સત્ય છે; પણ તેનાજ આ વૈશેષિક પ્રક્રિયાના આરંભમાં તેની પ્રક્રિયાને અનુસારી [1]નિદર્શનથી પ્રપંચ કર્યો છે ॥ ૧૧ ॥

उभयथापि न कर्मातस्तदभावः ॥ १२ ॥

બંને પ્રકારે પણ કર્મ થતું નથી; એથી તેનો (સૃષ્ટિનો) અભાવ છે ॥૧૨॥

હવે [2]પરમાણુકારણવાદનું નિરાકરણ કરે છે. તે વાદ આ રીતે ઊભો થાય છે—

૧૧.ટિ. ગુણથી દ્રવ્યની જેઠે—અદ્રવ્ય પણ સંયોગથી જેમ દ્રવ્ય ઉત્પન્ન થાય છે તેમ-ચેતનથી અચેતનની ઉત્પત્તિ એમ વિલક્ષણ આરંભકત્વ આમાં એ દૃષ્ટાન્ત છે એમ શંકાનો પરિહાર કરે છે—'નહિ; કેમકે દૃષ્ટાન્તથી' ઇત્યાદિ. દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક વચ્ચે સર્વથા સામ્ય હોવું જોઈએ એને માટે પ્રમાણ નથી એમ કહે છે—'અને દ્રવ્યનું દ્રવ્યજ' ઇત્યાદિ. આ કેવળ અમારો અનિયમ છે એમ નહિ, પણ તમારો પણ છે, અનિયમ કણાદને સંમત છે એમ કહે છે—'તમારા સૂત્રકારે પણ' ઇત્યાદિ. એ સૂત્ર નિયમભંગમાં શી રીતે ઉપયોગી છે. એટલાથી શી રીતે અનિયમ છે તેને માટે કહે છે—'તાત્પર્ય આ છે' ઇત્યાદિ. સમાન-ગુણારંભનિયમનો પરિમાણાદિ દૃષ્ટાન્તથી ભંગ બતાવવા માટે એનો આરંભ છે એમ કહે છે—'એ સત્ય છે'. 'તેનાજ' = તે અતિદેશનો ॥ ૧૧ ॥

વૈશેષિક મતની પરીક્ષા આરમ્ભે છે—'उभयथापि न कर्म' ઇત્યાદિ. પરમાણુમાં આદ્ય કર્મનું કારણ સ્વીકારતાં કે ન સ્વીકારતાં ઉભય પ્રકારે કર્મ થતું નથી; એથી સંયોગાદિ ક્રમે તેનો એટલે સૃષ્ટિનો અભાવ છે; અથવા જે આત્મસમવાયી અદૃષ્ટ કે ક્ષેત્રજ્ઞસમવાયી અદૃષ્ટ છે, બંને પ્રકારે તે અચેતન ચેતનથી અનધિષ્ઠિત હોવાથી તેમાં પ્રવૃત્તિ ન થવાથી કર્મનો અભાવ છે, અને તેથી તેનો એટલે સૃષ્ટિનો અભાવ છે, અને નિમિત્તકારણમાત્રથી ઈશ્વર અધિષ્ઠાતા થાય

૧ દૃષ્ટાન્ત. ૨ પરમાણુ સૃષ્ટિનું કારણ છે એવો વૈશેષિકવાદ.

ર, લોકમાં પટાદિ [1]સાવયવ દ્રવ્યો [2]સ્વાનુગત, સંયોગસહિત તન્તુ આદિ દ્રવ્યોથી
કરાતાં દેખાય છે. તેના સાદૃશ્યથી જે કંઈ સાવયવ છે તે સર્વે સ્વાનુગત, સં-
હિત તે તે દ્રવ્યોથી ઉત્પન્ન થયલું છે એમ સમજાય છે. તે અવયવ અને અ-
ના વિભાગ જયાંથી નિવૃત્ત થાય છે તે [3]અપકર્ષપર્યન્તમાં રહેલો પરમાણુ છે;
ગિરિ, સમુદ્ર આદિ જેમાં છે એવું આ સર્વે જગત્ સાવયવ છે અને સાવયવ
થી [4]આદ્યન્ત છે. વળી કાર્ય કારણરહિત હોવું ન જોઈએ; એટલા માટે પરમાણુઓ
નું કારણ છે એમ કણાદનો અભિપ્રાય છે. ભૂમિ, ઉદક, તેજ અને પવન

આગળ નિરાકરણ કરવામાં આવશે; અથવા સંયોગની ઉત્પત્તિને અર્થે કે વિભાગની ઉત્પત્તિને
બંને પ્રકારે કર્મ થશે નહિ, તેથી સૃષ્ટિના હેતુ સંયોગના અભાવથી અને પ્રલયના હેતુ વિ-
ના અભાવથી તેનો અભાવ છે, એટલે સૃષ્ટિ અને પ્રલયનો અભાવ છે એવો અર્થ છે. આ
કરણની પ્રાસંગિક પૂર્વ અધિકરણની સાથે સંગતિ અપેક્ષિત નથી એમ માનતા ભાષ્યકાર
ઈશ્વરથી અનધિષ્ઠિત હોવાથી જગત્‌નું અકારણ છે તોપણ પરમાણુઓ ઈશ્વરથી અધિષ્ઠિત
થી કારણ થાઓ એમ પ્રત્યુદાહરણસંગતિથી સાંખ્યાધિકરણથી અનન્તર આ અધિકરણ છે
કહેતાં તાત્પર્ય કહે છે—'**હવે પરમાણુકારણવાદનું**' ઇત્યાદિ. દ્વ્યણુકાદિક્રમે પરમા-
થી જગત્ ઉત્પન્ન થાય છે એમ વૈશેષિકરાદ્ધાન્ત અહિં વિષય છે. તે પ્રમાણમૂલ છે કે
તમૂલ છે એમ સંદેહ થયે પૂર્વપક્ષ કહે છે—'**તે વાદ આ રીતે ઊભો થાય છે**'.
ાનુગત' = સ્વસંબદ્ધ, અને સંબંધ તે આધારાધારભૂત [5]ઇહપ્રત્યયહેતુ સમવાય, અર્થાત્, પો-
તિરે સમવેત થયલા, સમવાયસંબંધે રહેનારા. '**તેના સાદૃશ્યથી**' = તે એટલે પટાદિ તેની
ક્ષિતિ આદિના સાદૃશ્યથી—પટાદિ અને ક્ષિત્યાદિ કાર્યદ્રવ્ય છે એ સાદૃશ્યથી. '[6]વિમત
યવ ક્ષિત્યાદિક પોતાથી ન્યૂન પરિમાણવાળા, સંયોગસહિત, અનેક દ્રવ્યોથી આરબ્ધ છે, કા-
ર્ય હોવાથી, પટાદિની પેઠે' એવો અનુમાનનો પ્રયોગ છે. પોતે દર્શાવેલા પરમાણુની સિ-
તે માટે સાધ્યના વિશેષણો ('પોતાથી ન્યૂનપરિમાણવાળા' ઇત્યાદિ) આપ્યાં છે પણ એટલાથી
ણુની સિદ્ધિ શી રીતે તેને માટે કહે છે—'**તે અવયવ અને અવયવીનો વિભાગ**'
ાદિ. વિમત સાવયવ જ્યાંથી નિવૃત્ત થાય છે તે ન્યૂનપરિમાણની પરિસીમા તરીકે સમજાય છે
પરમાણુ છે એવો અર્થ છે. જ્યાં સાવયવત્વ છે ત્યાંસુધી અનુમાન પ્રવૃત્ત થાય છે તેથી [illegible]
થી ન્યૂન દ્રવ્ય નિરવયવ છે એમ સિદ્ધ થાય છે એવું તાત્પર્ય છે. [illegible] જગત્ [illegible]
નન્ત હોવાથી તેને હેતુની આકાંક્ષા નથી તેથી પરમાણુઓ તેનું કારણ નથી એમ હેતુ અસિદ્ધ
એવી આશંકાને લીધે કહે છે—'**ગિરિ, સમુદ્ર, આદિ જેમાં છે એવું સર્વ જગત્**'
એવો અનુમાનપ્રયોગ છે [illegible]
ાદિ. 'વિમત આદ્યન્તવત્ છે, સાવયવ છે તેથી, પટની પેઠે' [illegible] નથી એમ [illegible]
છે તોપણ સ્વભાવથીજ ઉત્પન્ન થયું છે તેથી તેને કારણની આકાંક્ષા નથી એમ [illegible]
રી કહે છે—'**વળી કાર્ય કારણરહિત હોવું ન જોઈએ**' ઇત્યાદિ. 'વિમત [illegible] છે
[illegible] છે તેથી, સંમત [illegible] પેઠે' એવો અનુમાનપ્રયોગ છે. તે કારણ [illegible] એમ [illegible]
[illegible] સાવયવ પોતાથી અલ્પ પરિમાણવાળાથી આરબ્ધ છે એમ દેખાય છે તેથી [illegible]
છે એમ કણાદનો અભિપ્રાય છે એમ કહે છે—'**એટલા માટે પરમાણુઓ**' ઇત્યાદિ. [illegible]
[illegible]

---

૧ [illegible]. ૨ [illegible]. ૩ ન્યૂન પરિમાણની [illegible]. ૪ આદિ અને અન્તવાળું. ૫ અહિં એમ જ્ઞાનનો હેતુ. ૬ વિવાદાસ્પદ. [illegible]

નામનાં તે એ ચાર સાવયવ ભૂતોને ઉપલક્ષ્ય કરી ચાર પ્રકારના પરમાણુઓ પરિકલ્પાય છે; અને તેઓ અપકર્ષપર્યન્ત ગયલા હોવાથી અને ત્યાર પછી વિભાગનો અસંભવ હોવાથી વિનાશ પામતાં પૃથિવી આદિનો પરમાણુપર્યન્ત વિભાગ થાય છે તે પ્રલયકાળ છે. પછી સૃષ્ટિકાળમાં વાયુના અણુઓમાં અદૃષ્ટની અપેક્ષાથી કર્મ ઉત્પન્ન થાય છે; તે કર્મ [1]સ્વાશ્રય અણુને અન્ય અણુ સાથે જોડે છે, તેથી દ્વયણુક આદિ ક્રમે વાયુ ઉત્પન્ન થાય છે; એવી રીતે અગ્નિ, એવી રીતે ઉદક અને એવી રીતે પૃથિવી; અને એવીજ રીતે સેન્દ્રિય શરીર. આ પ્રમાણે આ સર્વ જગત્ અણુઓમાંથી સંભવે છે. વળી અણુમાં રહેલાં રૂપાદિથી દ્વયણુકાદિમાં રહેલાં રૂપાદિ [2]તન્તુપટન્યાયથી સંભવે છે એમ કણાદના અનુયાયીઓ માને છે. તેમાં આ કહીએ છીએ—વિભાગાવસ્થામાં રહેલા અણુઓનો સંયોગ [3]કર્માપેક્ષ સ્વીકારવો જોઈએ; કેમકે કર્મયુક્ત તન્તુ આદિમાં સંયોગ દેખાય છે; અને કર્મ કાર્ય હોવાથી તેનું કંઈક નિમિત્ત સ્વીકારવું જોઈએ. ન સ્વીકારીએ તો નિમિત્તના અભાવથી અણુઓમાં આદ્ય કર્મ થાય નહિ. સ્વીકારીએ તોપણ જો પ્રયત્ન કે અભિઘાત વગેરે યથાદૃષ્ટ કંઈક કર્મનું નિમિત્ત સ્વીકારાય તો તેનો અસંભવ હોવાથી અણુઓમાં આદ્ય કર્મ નજ થાય; કેમકે તે અવસ્થામાં આત્મગુણ પ્રયત્ન સંભવતો નથી; કારણ કે શરીરનો

ભૂત આકાશ અનવયવ હોવાથી કહે છે કે 'તે એ ચાર સાવયવ ભૂતોને' ઇત્યાદિ. પ્રલયમાં એ પરમાણુઓનો પણ નાશ થવાથી તે જગત્કારણ નથી એમ આશંકા કરી કહે છે—'અને તેઓ અપકર્ષપર્યન્ત ગયલા હોવાથી' ઇત્યાદિ. કારણના વિભાગથી કે કારણના નાશથી કાર્યદ્રવ્યનો નાશ થાય છે; તે નાશ ન હોવાથી અણુ નિત્ય છે. નાશ કેમ નથી તેને માટે કહે છે—'ત્યાર પછી વિભાગનો અસંભવ હોવાથી'. અણુપરિમાણનું તારતમ્ય ક્યાંક પણ વિશ્રાન્ત હોવું જોઈએ, માટે પરમાણુ એ અપકર્ષ—ન્યૂન પરિમાણની પરિસીમા છે. અવયવોના વિભાગથી કે નાશથી અવયવીનો નાશ થાય છે; પરમાણુ તો નિરવયવ હોવાથી અવયવવિભાગરૂ નાશહેતુનો સંભવ નથી માટે નાશ નથી એવો અર્થ છે. પણ એક દ્રવ્ય અવશિષ્ટ રહે તો પ્રલય કહેવાય ને અનેક દ્રવ્ય (અનેક પરમાણુ) અવશિષ્ટ રહે કેમ કહેવાય તેને માટે કહે છે—'પરમાણુપર્યન્ત વિભાગ થાય છે તે પ્રલયકાળ છે'. અર્થાત્, કાર્યદ્રવ્યમાત્રનો [illegible] નાશ તે પ્રલય. પરમાણુ નિત્ય હોવાથી [illegible] કહે છે—'પછી સૃષ્ટિકાળમાં' ઇત્યાદિ. આ પ્રમાણે કણાદમત પ્રમાણમૂલક હોવાથી તેની સાથે વેદાન્તસમન્વયનો વિરોધ હોવાથી સમન્વય અસિદ્ધ છે એવું પૂર્વપક્ષમાં ફલ છે. તે પૂર્વપક્ષ ભ્રાન્તિમૂલક હોવાથી વેદાન્તસમન્વયમાં વિરોધ નથી એમ સિદ્ધાન્ત કરે છે—'તેમાં આ કહીએ છીએ' ઇત્યાદિ. પ્રલયને વિષે વિભક્ત થયલા પરમાણુઓનો 'અન્તરાલસંયોગ' કે [illegible] કર્મનું નિમિત્ત [illegible] છે; [illegible] થાય છે. [illegible] ન સ્વીકારો તો કર્મ ઉત્પન્ન થશે નહિ. સ્વીકારો તો પણ [illegible] નહિ!

---

૧ પોતે જેમાં રહ્યું છે તે અણુને. ૨ જેમ તન્તુમાંથી પટ થાય છે તેમ. ૩ કર્મની અપેક્ષાથી [illegible]. ૪ [illegible] ૫ [illegible]

અભાવ છે; કેમકે શરીરમાં પ્રતિષ્ઠિત મનને વિષે આત્માનો સંયોગ થયે આત્મગુણ પ્રયત્ન ઉત્પન્ન થાય છે. એથી અભિઘાત આદિ દૃષ્ટ નિમિત્તનું પણ નિરાકરણ કરવું; કેમકે સૃષ્ટિ પછીના સમયમાં તે સર્વ છે તે આદ્ય કર્મનું નિમિત્ત સંભવતું નથી. જો અદૃષ્ટ આદ્ય કર્મનું નિમિત્ત છે એમ કહેશો તો તે આત્મામાં [1]સમવાયી છે કે અણુમાં ? બંને પ્રકારે પણ અદૃષ્ટનિમિત્ત કર્મ અણુને વિષે સંભવશે નહિ; કેમકે અદૃષ્ટ અચેતન છે. ખરેખર, અચેતન, ચેતનથી અધિષ્ઠિત ન થયલું, સ્વતન્ત્ર પ્રવર્ત્તતું નથી કે પ્રવર્ત્તાવતું નથી એમ સાંખ્યપ્રક્રિયામાં કહ્યું છે; અને ચૈતન્ય ઉત્પન્ન થયું નથી એવો આત્મા તે અવસ્થામાં અચેતન છે. વળી અદૃષ્ટ આત્મામાં સમવાયી છે એવું સ્વીકાર્યું છે તેથી તે અણુઓમાં કર્મનું નિમિત્ત થશે નહિ; કેમકે સંબન્ધ નથી. અદૃષ્ટવાળા [2]પુરુષ સાથે અણુઓનો સંબન્ધ છે એમ કહેશો તો સંબન્ધ સતત હોવાને લીધે પ્રવૃત્તિ સતત થવાનો પ્રસંગ આવશે; કેમકે અન્ય નિયામક નથી. તેટલા માટે એ પ્રમાણે કોઈપણ [3]નિયત કર્મ નિમિત્ત ન હોવાથી અણુઓમાં આદ્ય કર્મ થશે નહિ. કર્મના અભાવથી તેને આધારે થતો સંયોગ નહિ થાય; અને સંયોગના અભાવથી તેને આશ્રયે થતું દ્વ્યણુકાદિ [4]કાર્યજાત થશે નહિ. વળી એક અણુનો અન્ય અણુ સાથે સાથે સંયોગ સર્વાં-

કાળમાં થાય છે; એમ બંને પ્રકારે પણ કર્મ સંભવતું નથી. એથી કર્મના અસંભવથી તેનો એટલે સંયોગપૂર્વક દ્વ્યણુકાદિના [5]સર્ગનો અભાવ છે એવી સૂત્રની પ્રથમ વ્યાખ્યા છે. સ્થિર પદાર્થને વેગવાળા દ્રવ્યનો સંયોગવિશેષ તે અભિઘાત, તેજ ચલ પદાર્થના સંબન્ધમાં નોદન કહેવાય છે. દૃષ્ટ નિમિત્તનો અભાવ છે તોપણ અદૃષ્ટવત્ આત્માના સંયોગથી અણુઓને વિષે કર્મ થાય છે એમ શંકા કરે છે—'જો અદૃષ્ટ આદ્ય કર્મનું નિમિત્ત છે' ઇત્યાદિ. અદૃષ્ટ= ધર્મ અને અધર્મ. વિકલ્પપુરઃસર ખંડન કરે છે—'તે આત્મામાં સમવાયી છે કે અણુમાં?' જડ આત્માની પેઠે અણુ આશ્રય કેમ ન થાય એમ માની વિકલ્પ કર્યો છે એમ સમજવું. એ દ્વિતીય વ્યાખ્યાને માટે પણ સૂત્રની યોજના કરે છે—'બંને પ્રકારે પણ' ઇત્યાદિ. જીવથી અધિષ્ઠિત થયલું અદૃષ્ટ નિમિત્ત થાઓ તેને માટે કહે છે—'ચૈતન્ય ઉત્પન્ન થયું નથી એવો આત્મા' ઇત્યાદિ. આત્મા = ક્ષેત્રજ્ઞ. આત્મા અચેતન હોવાથી 'અધિષ્ઠાતા થઈ શકે નહિ' એવો શેષ સમજવો. ભિન્ન ઈશ્વર અધિષ્ઠાતા થઈ શકે નહિ એમ આગળ નિરાકરણ કરીશું. અદૃષ્ટ અચેતન છે એ, કર્મનું નિમિત્તકારણ ન થવાનો હેતુ કહ્યો છે. અન્ય હેતુ કહે છે— 'વળી અદૃષ્ટ આત્મામાં સમવાયી છે' ઇત્યાદિ. પણ અણુસંયુક્ત આત્મામાં સમવેત હોવાથી અદૃષ્ટનો અણુ સાથે સંયુક્તસમવાય છે તેથી અદૃષ્ટ પણ [6]સ્વાશ્રયસંયુક્તને વિષે ક્રિયાહેતુ છે એમ શંકા કરે છે—'અદૃષ્ટવાળા પુરુષ સાથે' ઇત્યાદિ. વિભુ (આત્મા)નો સંયોગ અણુઓને વિષે સદા વિદ્યમાન હોવાથી—આત્મા સર્વગત હોવાથી અણુ સાથે તેનો સદા સંબન્ધ હોવાથી-ક્રિયા પણ સતત થવાથી પ્રલયનો અભાવ થશે એમ દૂષણ બતાવે છે—'સંબન્ધ સતત હોવાને લીધે' ઇત્યાદિ. જોકે પરમાણુ અને ક્ષેત્રજ્ઞનો સંયોગ પરમાણુમાંના કર્મથી ઉત્પન્ન થાય છે, તોપણ તેનો પ્રવાહ સતત હોવાથી પ્રવૃત્તિ પણ સતત છે. સંયોગનું હેતુત્વ ખંડન કરી સ્વરૂપ ખંડન કરે છે—'વળી એક અણુનો' ઇત્યાદિ. લોકમાં બે પિંડના સંયોગથી જ્યારે સ્થૂલ પિંડ આરંભાય છે ત્યારે બે પિંડના એકેક પાસાનો સંયોગ થયે અન્ય પાસાં

૧ સમવાય સંબન્ધે રહેનાર. ૨ આત્મા. ૩ નિશ્ચિત. ૪ કાર્યસમૂહ. ૫ સૃષ્ટિ. ૬ પોતાના આશ્રયને વિષે સંયુક્ત.

ત્મક થશે કે એકદેશમાં થશે? સર્વાત્મક થશે તો [1]ઉપચયની અનુપપત્તિને લીધે અણુમાત્રત્વનો પ્રસંગ આવશે અને જે દેખાય છે તેથી વિપરીતનો પ્રસંગ આવશે; કેમકે પ્રદેશવાળા દ્રવ્યનો પ્રદેશવાળા અન્ય દ્રવ્ય સાથે સંયોગ દેખાય છે. એકદેશમાં થશે તો સાવયવત્વનો પ્રસંગ આવશે. પરમાણુઓના કલ્પિત [2]પ્રદેશો થશે એમ કહેશો તો કલ્પિતો અવસ્તુ હોવાને લીધે સંયોગ અવસ્તુજ થશે, એટલે વસ્તુરૂપ કાર્યનું અસમવાયી કારણ નહિ થાય; અને અસમવાયી કારણ ન હોવાથી દ્વ્યણુકાદિ કાર્યદ્રવ્ય ઉત્પન્ન નહિ થાય. વળી જેમ આદિ સૃષ્ટિમાં નિમિત્તના અભાવથી સંયોગની ઉત્પત્તિને અર્થે અણુઓમાં કર્મ સંભવતું નથી, એમ મહાપ્રલયમાં પણ વિભાગની ઉત્પત્તિને અર્થે અણુઓમાં કર્મ સંભવશે નહિ; કેમકે તેમાં પણ કંઇ નિયત તેવું નિમિત્ત જોવામાં આવતું નથી. અદૃષ્ટ પણ ભોગની પ્રસિદ્ધિને માટે છે, પ્રલયની પ્રસિદ્ધિને માટે નથી, તેથી નિમિત્તના અભાવથી અણુઓમાં સંયોગની ઉત્પત્તિ અર્થે કે વિભાગની ઉત્પત્તિ અર્થે કર્મ નહિ થાય; અને તેટલા માટે સંયોગ

અસંયુક્ત રહેવાથી તે આરબ્ધ પિંડ અસંયુક્ત પાસાંની સ્થૂલતાને લીધે સ્થૂલ થાય છે. એટલા
માટે પરમાણુકાર્ય દ્વ્યણુકાદિમાં અધિક પરિમાણની સિદ્ધિને અર્થે કોઈક પાર્શ્વમાં બે પરમાણુનો
સંયોગ છે અને કેટલાક પાર્શ્વમાં સંયોગ નથી એમ કહેવું જોઈએ. પણ એ નિરવયવ પરમા-
ણુમાં સંભવતું નથી. એથી પરમાણુનો અવ્યાપ્યવૃત્તિ સંયોગ—પાર્શ્વરૂપ અવચ્છેદક—નો ત્યાગ
કરી વ્યાપ્યવૃત્તિ સંયોગ લેવો જોઈએ તો દ્વ્યણુકમાં પ્રથિમા—સ્થૂલતા શી રીતે થાય! બે પર-
માણુનો સંયોગ વ્યાપ્યવૃત્તિ—સર્વાત્મક થઈ એકને વિષે અન્યનો અન્તર્ભાવ થવાથી કાર્યમાં પૃથુ-
ત્વના અયોગથી સર્વ કાર્ય પરમાણુમાત્રજ થાય એવો અર્થ છે. વળી સાવયવ દ્રવ્યમાં સંયોગ
એકાંશવૃત્તિ—અવ્યાપ્યવૃત્તિ જોવામાં આવે છે માટે તેથી વિરુદ્ધ વ્યાપ્યવૃત્તિ સંયોગ કલ્પવો યુક્ત
નથી એમ કહે છે—'જે દેખાય છે તેથી વિપરીતનો પ્રસંગ આવશે.' 'એકદેશમાં
થશે' એટલે પરમાણુનો સંયોગ એકદેશાત્મક—અવ્યાપ્યવૃત્તિ થશે તો. 'કલ્પિત પ્રદેશો'—
દિશાના ભેદ પ્રમાણે પરમાણુના કલ્પિત પ્રદેશો થશે એમ [3]કલ્પિત પ્રદેશનો સંયોગ પણ ક-
લ્પિત થવાથી તેમાંથી કાર્ય ઉત્પન્ન થશે નહિ, કે થશે તો મિથ્યા થશે એમ અપસિદ્ધાન્ત
થાય છે એવો અર્થ છે. કાણાદોની સૃષ્ટિના નિરાકરણના અર્થમાં સૂત્ર યોજી પ્રલયના નિરાક-
રણમાં પણ સૂત્ર યોજે છે, એ તૃતીય વ્યાખ્યા છે—'વળી જેમ આદિ સૃષ્ટિમાં' ઇત્યાદિ.
પરમાણુઓમાં કર્મથી સંયોગ થવાથી સૃષ્ટિ થાય છે અને વિભાગ થવાથી પ્રલય થાય છે એ
પ્રક્રિયા યુક્ત નથી: કેમકે યુગપત્ અનન્ત પરમાણુઓના વિભાગમાં નિયત અભિઘાત આદિ
દૃષ્ટ નિમિત્તનો અભાવ હોવાથી અને ધર્માધર્મરૂપ અદૃષ્ટ સુખદુઃખાર્થક હોવાથી સુખદુઃખશૂન્ય
જે પ્રલય તેનું પ્રયોજક થાય એ યુક્ત ન હોવાથી અદૃષ્ટનિમિત્ત કર્મથી વિભાગ સંભવતો નથી.
તેટલા માટે દૃષ્ટ અને અદૃષ્ટ નિમિત્તો ન હોવાથી બંને પ્રકારે સંયોગને અર્થે કે વિભાગને અર્થે
કર્મ નથી, એથી કર્મના અભાવથી સંયોગપૂર્વક સૃષ્ટિ અને વિભાગપૂર્વક પ્રલયનો અભાવ છે
એવી સૂત્રની યોજના છે, એમ ઉપસંહાર કરે છે—'તેટલા માટે સંયોગ અને વિભાગના

૧ સ્થૂલતા. ૨ અવયવ. ૩ જેના અવયવો કલ્પ્યા છે એવાનો.

નિત્યસંબદ્ધજ ગ્રહણ કરાય છે, અસંબદ્ધ નહિ કે અન્ય સંબન્ધની અપેક્ષાવા
નહિ, તેથી તેનો અન્ય સંબન્ધ કલ્પવો યુક્ત નથી કે જેથી અનવસ્થા પ્રસક્ત થ
એમ (શંકા કરશો તો) અમે કહીએ છીએ કે ના; કેમકે એમ થયે સંયોગ પ
સંયોગીઓ જોડે નિત્યસંબદ્ધજ છે તેથી સમવાયની પેઠે તેને અન્ય સંબન્ધની અપેક્ષ
નહિ થાય. જો અન્ય [1]અર્થ હોવાથી સંયોગ અન્ય સંબન્ધની અપેક્ષા રાખે તો
સમવાય પણ અન્ય અર્થ હોવાથી અન્ય સંબન્ધની અપેક્ષા રાખશે. તેમજ
ગુણ હોવાથી સંયોગ અન્ય સંબન્ધની અપેક્ષા રાખે છે, પણ અગુણ હોવાથી
સમવાય અપેક્ષા રાખતો નથી એમ કહેવું યુક્ત નથી; કેમકે (બંનેમાં) અપેક્ષા-
કારણ સમાન છે, અને ગુણપરિભાષા [2]અતન્ત્ર છે. તેટલા માટે સમવાયને અન્ય

સંબધને માટે સમવાયને અન્ય સંબન્ધની અપેક્ષા નથી; કેમકે સંબન્ધીઓનું સંબન્ધન કરવું એજ
એનો પરમાર્થ છે: કેમકે સમવાય સમવાયીઓથી ભિન્ન છે તોપણ સંબન્ધીઓથી સ્વતન્ત્ર—અ-
પેક્ષારહિત છે એવું એનું નિરૂપણ નથી; અને તે હોય ત્યારે સંબન્ધીઓ અસંબન્ધી થતા નથી;
તેટલા માટે સમવાયીઓનો સમવાય સ્વભાવથીજ છે, અન્ય સંબન્ધથી નથી એટલે અનવસ્થા
દોષ નથી: સમવાય સમવાયીઓ સાથે અન્ય સમ્બન્ધની અપેક્ષા રાખતો નથી, કેમકે સમ્બ-
ન્ધીઓનું સમ્બન્ધન કરવું એ તેનો સ્વભાવ છે, એથી સમવાય સ્વભાવથીજ સમવાયિતન્ત્ર
છે. અન્ય સમ્બન્ધથી નથી તેથી અનવસ્થા નથી, એવો શંકાનો અભિપ્રાય છે. ત્યારે સંયોગ પણ
સ્વરૂપસમ્બન્ધ તરીકે ઉપપન્ન થશે એટલે સમવાય સ્વીકારવાની જરૂર નથી એમ દૂષણ બતાવે
છે—'અમે કહીએ છીએ કે ના' ઇત્યાદિ. સમ્બન્ધીઓનું સમ્બન્ધન કરવું એજ સંયોગનો
પણ પરમ અર્થ છે સમ્બન્ધીઓથી ભિન્ન છે તોપણ સંયોગનું નિરૂપણ સંયોગીઓ વિના થતું
નથી તેમજ તે હોવાથી સંયોગીઓ અસંયોગી થતા નથી; એવી રીતે સંયોગની પણ સમવાયના
જેવી રચના છે. જો એમ કહેશો કે સંયોગ ગુણ છે ને ગુણ દ્રવ્યસમવેતજ હોય છે, અસ-
મવેતજ હોતો નથી અને સમવાય વિના તે સમવેત થાય નહિ તેટલા માટે સંયોગને સમવાય
છે તો એ શંકા દૂર કરે છે—'તેમજ ગુણ હોવાથી' ઇત્યાદિ. સમવાય ન હોવાથી સં-
યોગ અગુણ થશે તો ભલે તેમ થાઓ, અમને કંઈ હાનિ નથી; તેથી 'ગુણ પરિભાષા અતન્ત્ર
છે' એમ કહ્યું છે. 'અપેક્ષાકારણ' = અત્યન્તભિન્નત્વ. સંબન્ધીઓથી ભિન્ન હોવાથી જો
સંયોગને અન્યસંબન્ધની અપેક્ષા હોય તો સમવાયને પણ તે તુલ્ય છે; કેમકે તે પણ સંબન્ધી-
ઓથી ભિન્ન છે, પણ ગુણત્વજ અન્ય સંબન્ધની અપેક્ષાનું કારણ છે તેને માટે કહે છે—'ગુ-
ણપરિભાષા અતન્ત્ર છે', ગુણત્વ કંઈ અન્ય સંબન્ધની અપેક્ષાનું કારણ નથી; કેમકે કર્માદિને
પણ તેની અપેક્ષા છે. કર્મ, સામાન્ય આદિ ગુણ નથી તોપણ તેને સમવાયનો અંગીકાર છે તેથી

વિનાશરહિત-વિદેષ) એવા દૃષ્ટાન્તવ (એટલે એવું જ્ઞાન) દેખાય છે તેથી એઓની વચ્ચે સંબન્ધ છે
એમ જણાય છે. એ સંબન્ધ સંયોગ નથી; કેમકે સંબન્ધીઓ અયુતસિદ્ધ (જે બેમાંથી એક જુદો થઈ
રહેલ નહિ એવા) છે, અન્તરામાં કર્મથી ઉત્પન્ન થવું એ અને એવું સંબન્ધનું નિમિત્ત નથી. વિભાગથી
ઉચ્છેદ થાય એ સંબન્ધનો અન્ત જણાતો નથી અને અધિકરણ અને અધિકરણને જેમ એ બે જ
સ્વરૂપ સંબન્ધ છે; સંયોગ તો બે સ્વતન્ત્ર વસ્તુનો (જુદાં રહેલાં બે આંગળાંઓ જેવી) વચ્ચે હોઈ
શકે, પણ સમવાય તો અધિકરણ અને અધિકરણ વચ્ચેજ હોય છે.

[1] પદાર્થ. [2] અવિરહિત.

નિત્યસંબદ્ધજ ગ્રહણ કરાય છે, અસંબદ્ધ નહિ કે અન્ય સંબન્ધની અપેક્ષાવા
નહિ, તેથી તેનો અન્ય સંબન્ધ કલ્પવો યુક્ત નથી કે જેથી અનવસ્થા પ્રસક્ત થ
એમ (શંકા કરશો તો) અમે કહીએ છીએ કે ના; કેમકે એમ થયે સંયોગ પ
સંયોગીઓ જોડે નિત્યસંબદ્ધજ છે તેથી સમવાયની પેઠે તેને અન્ય સંબન્ધની અપેક્ષ
નહિ થાય. જો અન્ય [1]અર્થ હોવાથી સંયોગ અન્ય સંબન્ધની અપેક્ષા રાખે તો
સમવાય પણ અન્ય અર્થ હોવાથી અન્ય સંબન્ધની અપેક્ષા રાખશે. તેમજ
ગુણ હોવાથી સંયોગ અન્ય સંબન્ધની અપેક્ષા રાખે છે, પણ અગુણ હોવાથી
સમવાય અપેક્ષા રાખતો નથી એમ કહેવું યુક્ત નથી; કેમકે (બંનેમાં) અપેક્ષા-
કારણ સમાન છે, અને ગુણપરિભાષા [2]અતન્ત્ર છે. તેટલા માટે સમવાયને અન્ય

સંબધને માટે સમવાયને અન્ય સંબન્ધની અપેક્ષા નથી; કેમકે સંબન્ધીઓનું સંબન્ધન કરવું એજ
એનો પરમાર્થ છે. કેમકે સમવાય સમવાયીઓથી ભિન્ન છે તોપણ સંબન્ધીઓથી સ્વતન્ત્ર—અ-
પેક્ષારહિત છે એવું એનું નિરૂપણ નથી; અને તે હોય ત્યારે સંબન્ધીઓ અસંબન્ધી થતા નથી;
તેટલા માટે સમવાયીઓનો સમવાય સ્વભાવથીજ છે, અન્ય સંબન્ધથી નથી એટલે અનવસ્થા
દોષ નથી: સમવાય સમવાયીઓ સાથે અન્ય સમ્બન્ધની અપેક્ષા રાખતો નથી, કેમકે સમ્બ-
ન્ધીઓનું સમ્બન્ધન કરવું એ તેનો સ્વભાવ છે, એથી સમવાય સ્વભાવથીજ સમવાયિતન્ત્ર
છે, અન્ય સમ્બન્ધથી નથી તેથી અનવસ્થા નથી, એવો શંકાનો અભિપ્રાય છે. ત્યારે સંયોગ પણ
સ્વરૂપસમ્બન્ધ તરીકે ઉપપન્ન થશે એટલે સમવાય સ્વીકારવાની જરૂર નથી એમ દૂષણ બતાવે
છે—'અમે કહીએ છીએ કે ના' ઇત્યાદિ. સમ્બન્ધીઓનું સમ્બન્ધન કરવું એજ સંયોગનો
પણ પરમ અર્થ છે. સમ્બન્ધીઓથી ભિન્ન છે તોપણ સંયોગનું નિરૂપણ સંયોગીઓ વિના થતું
નથી તેમજ તે હોવાથી સંયોગીઓ અસંયોગી થતા નથી; એવી રીતે સંયોગની પણ સમવાયના
જેવી ચર્ચા છે. જો એમ કહેશો કે સંયોગ ગુણ છે ને ગુણ દ્રવ્યસમવેતજ હોય છે, અસ-
મવેતજ હોતો નથી અને સમવાય વિના તે સમવેત થાય નહિ તેટલા માટે સંયોગને સમવાય
છે તો એ શંકા દૂર કરે છે—'તેમજ ગુણ હોવાથી' ઇત્યાદિ. સમવાય ન હોવાથી સં-
યોગ અગુણ થશે તો જતે તેમ થાઓ, અમને કંઈ હાનિ નથી; તેથી 'ગુણ પરિભાષા અતન્ત્ર
છે' એમ કહ્યું છે. 'અપેક્ષાકારણ' = અત્યન્તાભિન્નત્વ. સંબન્ધીઓથી ભિન્ન હોવાથી જો
સંયોગને અન્યસંબન્ધની અપેક્ષા હોય તો સમવાયને પણ તે તુલ્ય છે; કેમકે તે પણ સંબન્ધી-
ઓથી ભિન્ન છે, પણ ગુણત્વજ અન્ય સંબન્ધની અપેક્ષાનું કારણ છે તેને માટે કહે છે—'ગુ-
ણપરિભાષા અતન્ત્ર છે', ગુણત્વ કંઈ અન્ય સંબન્ધની અપેક્ષાનું કારણ નથી; કેમકે કર્માદિને
પણ તેની અપેક્ષા છે. કર્મ, સામાન્ય આદિ ગુણ નથી તોપણ તેને સમવાયનો અંગીકાર છે તેથી

વિનાશાદિરહિત-નિત્ય) એવો દૃઢપ્રત્યય (આવું એવું જ્ઞાન) દેખાય છે તેથી એઓની વચ્ચે સંબન્ધ છે
એમ જણાય છે. એ સંબન્ધ સંયોગ નથી; કેમકે સંબન્ધીઓ અયુતસિદ્ધ (જે બેમાંથી એક બીજા વગર
રહેજ નહિ એવા) છે, અન્યત્રમાં કર્મથી ઉત્પન્ન થયું એ અને એવું સંબન્ધનું નિમિત્ત નથી, વિભાગથી
સંયોગની પેઠે એ સંબન્ધનો નાશ જણાતો નથી અને અધિકરણ અને અધિકરણને જેમ એ બે જ
એજ સંબન્ધ છે; સંયોગ તો બે સ્વતન્ત્ર વસ્તુઓ (દાખલા તરીકે બે આંગળીઓ જેવી) વચ્ચે હોઈ
શકે, પણ સમવાય તો અધિકરણ અને અધિકરણ વચ્ચેજ હોય છે.

૧ પદાર્થ. ૨ અનિયમિત.

रूपादिमत्त्वाच्च विपर्ययो दर्शनात् ॥ १५ ॥

પરમાણુઓ રૂપાદિમાન્ છે તેથી (વૈશેષિકન્યાયથી) વિપરીત થશે; કેમકે દેખાય છે ॥ ૧૫ ॥

સાવયવ દ્રવ્યો અવયવે અવયવે વિભક્ત થતાં થતાં, જેથી (અવયવોથી) આગળ વિભાગ સંભવતો નથી તે ચાર પ્રકારના રૂપાદિયુક્ત પરમાણુઓ ચાર પ્રકારના રૂપાદિયુક્ત 'ભૂતભૌતિકના આરમ્ભક છે અને નિત્ય છે એમ જે વૈશેષિકો સ્વીકારે છે તે તેમનો સ્વીકાર નિરાધારજ છે; કારણ કે રૂપાદિયુક્ત હોવાથી પરમાણુઓનો અણુત્વ અને નિત્યત્વથી વિપર્યય પ્રસક્ત થશે. પરમ કારણની અપેક્ષાએ તેઓ સ્થૂલ અને અનિત્ય છે એમ તેમના અભિપ્રાયથી વિપરીત આપત્તિ થશે એવો અર્થ છે. શાથી? કેમકે લોકમાં આ પ્રમાણે દેખાય છે. ખરેખર, લોકમાં જે રૂપાદિમત્ વસ્તુ છે તે પોતાના કારણ કરતાં સ્થૂલ અને અનિત્ય દેખાય છે. જેમ પટ તન્તુઓ કરતાં સ્થૂલ અને અનિત્ય છે અને તન્તુઓ અંશુઓ કરતાં સ્થૂલ અને અનિત્ય છે. તે પ્રમાણે આ પરમાણુઓ, તેઓ રૂપાદિયુક્ત છે એમ સ્વીકારે છે તેથી કારણવાળાં થઈ તે કારણ કરતાં સ્થૂલ અને અનિત્ય છે એમ પ્રાપ્ત થાય

પરમાણુ પરમ કારણ છે એમ જે વૈશેષિકોનો સ્વીકાર છે તેનું નિરાકરણ કરી પરમાણુના નિરવયવત્વાદિનું નિરાકરણ કરવા આરમ્ભે છે 'રૂપાદિમત્ત્વાચ્ચ' ઇત્યાદિ. પરમાણુઓ [illegible] કારણવાળા કોઈ કારણની અપેક્ષાએ (કારણ કરતાં) સ્થૂલ અને અનિત્ય છે, [illegible] રસવાળા, ગન્ધવાળા અને સ્પર્શવાળા છે તેથી, ઘટની પેઠે એમ [illegible] કરે છે. ભૂતભૌતિકોનું જે મૂલ કારણ રૂપાદિમાન્ નિત્ય પરમાણુ [illegible] (વૈશેષિકો) [illegible] તેમનું જો રૂપાદિમત્ત્વ સ્વીકારાય તો પરમાણુના નિત્યત્વથી વિરુદ્ધ [illegible] અને અનિત્[illegible] [illegible] નિત્ય [illegible] તે [illegible] [illegible] રૂપાદિમત્ત્વને નિત્ય પરમાણુની [illegible] કારણની [illegible] દ્રવ્યો? ઇત્યાદિ. [illegible] નિરાધાર છે તેનું [illegible] છે—'સાવયવ [illegible] ઇત્યાદિ 'વિભાગ પરમાણુઓ સાવયવ અને [illegible] છે. [illegible] છે તેથી, [illegible] 'એમ [illegible] રૂપાદિયુક્ત હોવાથી' [illegible] નિરાધાર [illegible] છે એવો અર્થ છે. 'પરમાણુઓ નિત્ય છે, [illegible] કોઈ [illegible] છે તેથી [illegible] એમ [illegible] (અનુમાન)

---

૧ [illegible]

છે; અને નિત્યત્વ માટે તેઓએ જે કારણ આપ્યું છે—'सदकारणवन्नित्यम्' [વૈ૦ સૂ૦ ૪।૧।૧] ('સત્ અકારણવાળું નિત્ય છે) તે પણ એમ હોવાથી અણુઓ વિષે સંભવતું નથી; કેમકે ઉક્ત પ્રકારે અણુઓને પણ કારણ છે એમ ઉપપન્ન થાય છે. વળી નિત્યત્વ માટે જે બીજું કારણ આપ્યું છે—'अनित्यमिति च विशेषतः प्रतिषेधाभावः' [વૈ૦ સૂ૦ ૪।૧।૪] {કાર્ય} અનિત્ય છે એમ વિશેષ રીતે પ્રતિષેધનો અભાવ {થાય}) તે પણ અવશ્ય પરમાણુઓનું નિત્યત્વ સાધતું નથી; કેમકે જો તે કોઈ નિત્ય વસ્તુ ન હોય તો નિત્ય શબ્દ સાથે નઞ્ (અ)નો સમાસ ઉપપન્ન થાય નહિ; અને કંઈ પરમાણુના નિત્યત્વનીજ અપેક્ષા નથી. તે તો નિત્ય પરમ કારણ બ્રહ્મ છેજ. વળી [1]શબ્દાર્થવ્યવહારમાત્રથી કોઈ [2]અર્થ પ્રસિદ્ધ થતો નથી; કે

અસિદ્ધ છે એમ દર્શાવી દૂષિત કરે છે—'નિત્યત્વ માટે તેઓએ જે કારણ આપ્યું છે' ઇત્યાદિ. પ્રાગભાવ પણ અકારણવાન્ છે, પરંતુ તે અવિદ્યમાન છે માટે નિત્ય નથી, એમ પ્રાગભાવને નિત્યત્વલક્ષણની અતિવ્યાપ્તિ અટકાવવા વૈશેષિક સૂત્રમાં સત્ (વિદ્યમાન હોઈ, ભાવ હોઈ) એમ કહ્યું છે. સત્વ-ભાવત્વ પ્રાગભાવનો નિરાસ કરવા માટે છે એમ સમજવું. નિત્યત્વનો પ્રતિષેધ [3]પ્રતિયોગીવાળો છે, અભાવ છે તેથી, ઘટાભાવની પેઠે એમ નિત્યત્વ ક્વચિત્ કોઈક સ્થળે સિદ્ધ થાય છે એટલે 'કાર્ય અનિત્ય છે' એમ વિશેષતઃ કાર્યમાં નિત્યત્વનો પ્રતિષેધ છે તેથી કારણભૂત પરમાણુમાં નિત્યત્વ સિદ્ધ થાય છે, અન્યથા પ્રતિયોગીને અભાવે પ્રતિષેધ અનુપપન્ન થાય છે એમ કણાદના કહેવાનો અનુવાદ કરી અન્યથાસિદ્ધિથી દૂષિત કરે છે—'વળી નિત્યત્વ માટે જે બીજું કારણ આપ્યું છે' ઇત્યાદિ. જે ક્વચિત્—કોઈક સ્થળે [illegible] છે તેનોજ અન્યત્ર નિષેધ થાય છે, તેથી અનિત્ય એમ લૌકિક નિષેધથી અન્યત્ર નિત્યત્વનો સદ્ભાવ કલ્પનીય છે તે અન્ય તે પરમાણુ છે. કાર્ય અનિત્ય છે એમ કાર્યને [illegible] વિશેષ રીતે નિત્યત્વનો નિષેધ ન થાય જો કારણ પણ અનિત્ય હોય તો; આથી અણુ જે કારણ છે તે નિત્ય છે એટલે સૂચવ્યું છે. તેને દૂષિત કરે છે કે નિત્યત્વ અન્યથાસિદ્ધ છે. [illegible] પણ નિત્યત્વ ઉપપન્ન છે. આ પ્રમાણે કાર્યમાં નિત્યત્વના પ્રતિષેધનો વ્યવહાર સ્વીકારી [illegible] પ્રતિયોગી તરીકે અસિદ્ધ છે એમ કહ્યું; પણ વસ્તુતઃ વિશેષ વ્યવહારજ અસિદ્ધ છે [illegible] એમ અન્ય પ્રમાણથી જ્ઞાન થયા વિના કાર્ય નિત્ય છે એમ વ્યવહાર અયુક્ત છે [illegible] છે—'વળી શબ્દાર્થવ્યવહારમાત્રથી' ઇત્યાદિ. જો કારણના નિત્યત્વ માટે [illegible] તો એ [illegible] તેટલા માટે મૂળના જ્ઞાનની પૂર્વે વ્યવહારમાત્રથી [illegible] નથી; કેમકે એમ હોય તો ઘટનો વધના વ્યવહારથી તે (વધ) સિદ્ધ થવાનાં [illegible] મૂળનું જ્ઞાન થયું એટલે તો તેથીજ વિશેષ સિદ્ધ થવાથી વ્યવહારનો ઉપન્યાસ [illegible] દર્શાવે છે. [illegible] વિના [illegible] શબ્દથીજ જે અર્થને વિષે વ્યવહાર છે [illegible]

1 વિદ્યમાન પદાર્થ [illegible]

[illegible]

મકે અન્ય પ્રમાણુથી સિદ્ધ થયેલા શબ્દાર્થો વ્યવહારમાં ઊતરે છે. તેમજ [
માટે જે ત્રીજું કારણ કહ્યું છે—'अविद्या च' [વે૦ સૂ૦ ૪।૧।૫] (અને અ
-તેનું જો એવું વિવરણ કરીએ કે જેનાં કાર્ય પરિદૃશ્યમાન (સર્વતઃ દેખાત
એવાં વિદ્યમાન કારણોનું પ્રત્યક્ષ અગ્રહણ તે અવિદ્યા, તો દ્વયણુકની પણ [
થવાનો પ્રસંગ આવે. જો 'अद्रव्ये सति' (અદ્રવ્ય હોઈ) એવું વિશેષણ
રીએ તોપણ અકારણવત્ત્વજ નિત્યતાનું નિમિત્ત થવાનો પ્રસંગ આવે. અને
કહેલું હોવાથી 'अविद्या च' એ પુનરુક્ત થાય. તેમજ જો કારણવિભાગ
કારણવિનાશથી અન્ય ત્રીજા, વિનાશહેતુનો અસંભવ તે અવિદ્યા ને તે પરમાણ

'શબ્દાર્થવ્યવહારમાત્રથી'નો અર્થ છે. વ્યપદેશ જ્ઞાનપૂર્વક હોય પણ જ્ઞાનને અભાવે નિર્મૂ[
દેખાય છે; જેમકે અહિં ઘટમાં ઘટ્ટ છે. ઘટમાં ઘટ્ટની પ્રસિદ્ધિથી કંઈ ઘટ્ટનું પ્રમાણ[
નથી તેથી કહે છે—'અન્ય પ્રમાણુથી સિદ્ધ થયેલા શબ્દાર્થો' ઇત્યાદિ. અનિત્ય[
નિત્યત્વનો નિષેધમાત્ર સિદ્ધ થાય છે, કાર્યમાં તેનો નિષેધ સિદ્ધ થતો નથી, કે જેથી
પ્રતિયોગી કારણમાં નિત્યત્વની સ્થિતિ થાય. એ પ્રમાણે પરમાણુના નિત્યત્વ વિષે કણ[
સૂત્રોનું નિરસન કરી ત્રીજાનું નિરસન કરે છે—'તેમજ નિત્યત્વ માટે જે ત્રીજું
કહ્યું છે' ઇત્યાદિ. જેનાં સ્થૂલ કાર્યો સર્વતઃ દૃશ્યમાન છે એવા વિદ્યમાન પરમાણુઓન[
ણુનું પ્રત્યક્ષ વડે અગ્રહણ તે અવિદ્યા તે વડે નિત્યત્વ છે એમ જો સૂત્રાર્થ કરીએ તો અ[
કારણત્વ નિત્યત્વનો હેતુ થાય. તે યુક્ત નથી; કેમકે 'દ્વયણુક પણ અપ્રત્યક્ષ કારણ છે
તેને પણ નિત્યત્વ લાગુ પડે. આ રીતે દ્વયણુકમાં નિત્યત્વનો વ્યભિચાર થાય. જો એ વ્યભિ[
દૂર કરવા, અદ્રવ્ય હોઈ એટલે આરંભક દ્રવ્ય જેને નથી એવું હોઈ એટલું હેતુવિશેષ[
ણમાં ઉમેરીએ, અર્થાત્, જેને આરંભક દ્રવ્ય નથી તેનાં કારણનું પ્રત્યક્ષ વડે અગ્રહણ તે [
વિદ્યા તે વડે નિત્યત્વ છે એમ વ્યાખ્યા કરીએ, તો 'કારણનું પ્રત્યક્ષ વડે અગ્રહણ' એ વિ[
વ્યર્થ થાય. અદ્રવ્યત્વ એટલે આરંભકદ્રવ્યશૂન્યત્વ. અવિદ્યમાનકારણભૂતદ્રવ્યત્વ, અર્થાત્,
કારણભૂત દ્રવ્ય વિદ્યમાન નથી તે નિત્ય એમ લક્ષણ કરીએ તો દ્વયણુકનું તો કારણભૂત
(અણુ) વિદ્યમાન છે એટલે દ્વયણુકને વિષે નિત્યત્વહેતુનો વ્યભિચાર દૂર થઈ. પરંતુ [
દ્યમાન કારણદ્રવ્યત્વ એટલાથીજ નિત્યત્વ સિદ્ધ થાય છે તો 'अविद्या'—પ્રત્યક્ષ વડે [
પ્રત્યક્ષ કારણત્વ (પ્રત્યક્ષ વડે જેનું કારણ દેખાતું નથી) એ વિશેષણ વ્યર્થ થયે. વળી [
રણત્વજ નિત્યનું નિમિત્ત થયે એટલે પુનરુક્તિ થઈ. કેમકે 'सदकारणवन्नित्यम्'
સૂત્રથી જણાય છે. 'પરમાણુઓ નિત્ય છે, કારણ ઉત્પન્ન થયા નથી, અજ્ઞાની [illegible]'
સૂત્રનો અર્થ હોય એવી શંકા કરે છે—'તેમજ, જો કારણવિભાગથી' ઇત્યાદિ [illegible]
અવયવોના વિભાગથી કે નાશથી પદાર્થો નાશ પામતા જોવે છે, તે બન્ને નિરવયવ [
એમાં નથી, માટે પરમાણુ નિત્ય છે એવો અર્થ છે. અર્થાત્, अविद्या પદથી દ્રવ્યવિના[
કારણક (અવયવવિભાગ કે અવયવવિનાશ)નું અવિદ્યમાનત્વ (ન હોવાપણું) એમ અ[
કરીને તો એવું તાત્પર્ય છે. પરિણામવાદનો આશ્રય કરવાથી અનુમાનથી નાશ કહે છે [illegible]

---

૧ 'द्व्यणुक तु [illegible] [illegible]
[illegible]

નિત્યત્વ સ્થાપે છે એમ વ્યાખ્યા કરો તો વિનાશ પામતી વસ્તુ અવશ્ય એજ હેતુથી વિનાશ પામવી યોગ્ય છે એવો નિયમ નથી; કેમકે સંયોગસહિત અનેક દ્રવ્યને અન્ય દ્રવ્યના આરંભક સ્વીકારીએ તો એ એ પ્રમાણે થાય. પણ જેમાંથી વિશેષ જતું રહ્યું છે એવું સામાન્યાત્મક કારણ વિશેષયુક્ત અવસ્થાન્તર પ્રાપ્ત કરતું આરંભક

એમ હેતુની અસિદ્ધિ કહે છે—'વિનાશ પામતી વસ્તુ' ઇત્યાદિ. અવયવોના સંયોગથી દ્રવ્યાન્તરની ઉત્પત્તિ તે આરંભ એવું જો મત હોય તો દ્રવ્યવિનાશ [illegible] થાય એવો નિયમ થ[illegible] [illegible] એ આરંભમાં પ્રમાણ નથી; કેમકે સંયુક્ત તન્તુ- [illegible] પટ જોવામાં આવતો નથી. તેટલા માટે કારણજ જાતે નિર્વિશેષ એવું તે વિશેષ[illegible] [illegible] પામે છે એમ [illegible] [illegible] અવિદ્યાનાં પ[illegible] તેનું [illegible]

તરીકે સ્વીકારાય તો ઘીના કઠણપણાના નાશની પેઠે મૂર્ત અવસ્થાના વિલયથી પણ વિનાશ ઉપપન્ન થાય. તેટલા માટે રૂપાદિયુક્ત હોવાથી પરમાણુઓ જેવા ઇચ્છાયલા છે તેથી વિપરીત થશે; તેથી પણ પરમાણુકારણવાદ અનુપપન્ન છે ॥ ૧૫ ॥

उभयथा च दोषात् ॥ १६ ॥

અને બંને રીતે દોષથી (પરમાણુકારણવાદ યુક્ત નથી) ॥ ૧૬ ॥

ગન્ધ, રસ, રૂપ અને સ્પર્શ ગુણવાળી સ્થૂલ પૃથિવી છે, રૂપ, રસ, અને સ્પર્શ ગુણવાળું સૂક્ષ્મ જળ છે, રૂપ અને સ્પર્શ ગુણવાળું સૂક્ષ્મતર તેજ છે અને

રથી ઘટ, રુચક આદિ અવસ્થા પ્રાપ્ત કરે છે. પણ અવયવવિનાશથી કે સંયોગવિનાશથી ઘટ, રુચક આદિનો વિનાશ થવો યુક્ત નથી. કપાલાદિ એનાં ઉપાદાન નથી કે તેનો સંયોગ અસમવાયી કારણ નથી, પણ સામાન્યજ ઉપાદાન છે ને તે નિત્ય છે. તે સંયોગસહિત નથી; કેમકે તે એક છે ને સંયોગ તો દ્વિષ્ઠ-બેમાં રહેનાર-હોવાથી એકમાં રહેતો નથી. તેટલા માટે સામાન્ય જે પરમાર્થ તરીકે વિદ્યમાન છે તે અધિષ્ઠાનની અનિર્વાચ્ય વિશેષ અવસ્થાઓ ઉપજન અને અપાય ધર્મવાળી છે, જેમ ભુજંગાદિઓ રજ્જુ આદિ ઉપાદાનવાળા ને અધિષ્ઠાનવાળા છે તેમ, એમ સ્વીકારવું યુક્ત છે. અવયવસંયોગ અસમવાયી કારણ છે એ તાર્કિકપરિભાષા અપ્રયોજક છે. લોકે પટાદિકાર્યસ્થળે અનેક અવયવોનો સંયોગ ઉપલબ્ધ થાય છે તોપણ તે પટનું કારણ નથી; કેમકે તન્તુસંયોગ ને પટ સમાનકાલીન દેખાય છે તેથી કાર્યકારણભાવ સારૂ જે પૂર્વાપરીભાવ આવશ્યક છે તે અત્ર કલ્પવો નિર્મૂલ છે. તેમજ સંયોગનાશથી પટનાશ છે એમ કલ્પવું પણ શક્ય નથી; કેમકે તે પણ સમાનકાલીનજ ઉપલબ્ધ થાય છે. ખરેખર, ઘટાદિકાર્યસ્થળમાં બે કપાલોનો સંયોગ ઘટોત્પત્તિની પૂર્વે અનુભવાતો નથી, કુલાલ કઈ બે કપાલો બનાવી જોડી દેતો નથી, પણ પિંડનેજ વિસ્તારવિશેષથી ઘટાવસ્થામાં લાવે છે. તેમાં કપાલદ્વયસંયોગનાશ પટનાશનો હેતુ નથી; કેમકે મોગરીના પ્રહારથી ઘટનાશ ને સંયોગનાશ એકી વખતે ઉત્પન્ન થઈ શકે છે. આ કારણથી આરંભવાદ પ્રતીતિવિરુદ્ધ છે. એ યુક્તિ વિરુદ્ધ છે. એમ તો 'युक्तेः शब्दान्तराच्च' [બ્ર૦ સૂ૦ ૨।૧।૧૮] એમાં દર્શાવ્યું છે. તેટલા માટે એકજ દ્રવ્ય ઉત્તર અવસ્થા પ્રાપ્ત કરે તે તે અવસ્થામાં આવેલા દ્રવ્યની ઉત્પત્તિ ને પૂર્વ અવસ્થામાંના દ્રવ્યનો નાશ એમ સ્વીકારવું જોઈએ. તેવી રીતે પરમાણુની અવસ્થાને પ્રાપ્ત થયેલા મૂળ કારણનો સ્થૂલ અવસ્થાની પ્રાપ્તિને વિષે સંહારસમયેજ નાશ યુક્ત છે; અને પરમાણુદશામાં મૂર્તત્વ, ગન્ધ, રૂપ આદિ અવસ્થાને પ્રાપ્ત થયેલા [મૂળ] કારણના પ્રલયમાં કારણવિશેષથી ગન્ધાદિ અવસ્થાના નાશની સાથે મૂર્તત્વ અવસ્થાના [પણ] નાશનો સંભવ છે તેથી પરમાણુનિત્યતા સિદ્ધ થતી નથી ॥ ૧૫ ॥

પરમાણુકારણવાદ અનુપપન્ન છે તે સિદ્ધ કરવા અન્ય હેતુ આપે છે—'उभयथा' [ઇત્ય]ાદિ. પરમાણુઓના અતુલ્ય ગુણ હોવાથી કે તુલ્ય ગુણ હોવાથી દોષ ધ્રુવ છે તેથી અણુવાદ [અસ]િદ્ધ છે એમ કહેવા માટે અનુભવ અને આગમથી સિદ્ધ અર્થ કહે છે—'ગન્ધ, રસ, રૂપ [અને] સ્પર્શ ગુણવાળી' ઇત્યાદિ. પૃથ્વી આદિના ગુણ તરીકે શબ્દ વૈશેષિકથી ઇષ્ટ નથી, તેથી [ભ]ૂતો ચાર, ત્રણ, બે અને એક ગુણવાળા છે એમ ઉદાહરણ આપી વિકલ્પ કરે છે. જો

પર આધાર રાખના અભિપ્રાયથી રચ્યો છે: પણ પરમાણુકારણવાદ તો કોઈ પણ શિષ્ટોએ કોઈ પણ અંશે પરિગ્રહણ કર્યો નથી તેથી વેદવાદીઓથી અત્યન્તજ અનાદરણીય છે. વળી વૈશેષિકો પોતાના [1]તન્ત્રના અર્થભૂત, દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય નામના, મનુષ્ય, અશ્વ અને [2]શશની પેઠે અત્યન્ત ભિન્ન, ભિન્ન લક્ષણવાળા છ પદાર્થો સ્વીકારે છે અને આ પ્રમાણે સ્વીકારી શેષ પદાર્થો દ્રવ્યને અધીન છે એમ તેથી વિરુદ્ધ સ્વીકારે છે તે ઉપપન્ન થતું નથી. શી રીતે? કેમકે જેમ લોકમાં શશ, કુશ, પલાશ આદિ અત્યન્ત ભિન્ન હોઈ અન્યોન્ય અધીન થતાં નથી, એમ દ્રવ્યાદિ પણ અત્યન્ત ભિન્ન હોવાથી ગુણાદિ દ્રવ્યને અધીન થવાં યુક્ત નથીજ. પણ જો ગુણાદિઓ દ્રવ્યાધીન છે તો દ્રવ્યને [3]ભાવે તેમનો ભાવ છે અને

ઇત્યાદિ 'अत्यन्त' એ 'अनपेक्षा'નું વિશેષણ છે તેથી સુત્રવાક્યનો અર્થ કહે છે—' પ્રધાનકારણવાદ' ઇત્યાદિ. 'સત્કાર્યત્વ આદિ' એમાં 'આદિ' શબ્દથી આત્માનું અસંગત્વ, ચિદ્રૂપત્વ વગેરેનું ગ્રહણ કરવાનું છે. આ પ્રમાણે સૂત્રની વ્યાખ્યા કરી સૂત્રથી બહાર ભાષ્યકાર વૈશેષિકતન્ત્રને દૂષિત સિદ્ધ કરે છે—' વળી વૈશેષિકો ' ઇત્યાદિ. દ્રવ્યાદિ છ પદાર્થો અત્યન્ત ભિન્ન છે તેનું સાધક કહે છે—' ભિન્ન લક્ષણવાળા '. દ્રવ્યત્વજાતિમાન્ તે દ્રવ્ય, ગુણત્વજાતિમાન્ તે ગુણ. કર્મત્વજાતિમાન્ તે કર્મ. અથવા ગુણનો આશ્રય તે દ્રવ્ય, નિર્ગુણ હોઈ જાતિમાન્ અને અક્રિયાવાન્ તે ગુણ, સંયોગ અને વિભાગનું નિરપેક્ષ કારણ તે કર્મ, નિત્ય, એક અને અનેકમાં સમવેત તે સામાન્ય, નિત્ય દ્રવ્યમાં રહેનાર તે વિશેષ, અને નિત્ય સંબન્ધ તે સમવાય એમ લક્ષણે ભિન્ન છે અને તેથી દ્રવ્યાદિ પરસ્પર અત્યન્તભિન્ન છે એમ સિદ્ધ થાય છે. 'આ પ્રમાણે' = દ્રવ્યાદિ અત્યન્તભિન્ન છે એમ. 'તેથી વિરુદ્ધ' = ધર્મધર્મિભાવ. 'દ્રવ્યને અધીન થતાં' = દ્રવ્યધર્મ થતાં; જેનું નિરૂપણ દ્રવ્યને અધીન છે એવાં થતાં. 'ગુણાદિઓ દ્રવ્યધર્મો નથી, દ્રવ્યથી અત્યન્તભિન્ન છે તેથી, શશ, કુશ આદિની પેઠે' એમ અનુમાનપ્રયોગથી ગુણાદિઓ દ્રવ્યાધીન નથી એમ કહે છે—' જેમ લોકમાં શશ, કુશ' ઇત્યાદિ. ભેદને વિષે બાધકનો ઉપન્યાસ કરી—દ્રવ્યથી અત્યન્તભિન્ન હોવાથી ગુણાદિઓ દ્રવ્યાધીન નથી એમ ભેદ ગુણાદિના દ્રવ્યાધીનત્વનો બાધક છે એમ દર્શાવી—અભેદ કહે છે—' પણ જો ગુણાદિઓ દ્રવ્યાધીન છે' ઇત્યાદિ. 'ગુણાદિઓ દ્રવ્યથી અભિન્ન છે, દ્રવ્યાધીન છે તેથી, જે જેથી ભિન્ન છે તે તેને અધીન નથી જેમ શશભિન્ન કુશ' એવો અર્થ છે. દ્રવ્ય અને ગુણાદિ

ને રામાનુજો સ્વીકારે છે એ મત પ્રમાણે કારણજ કાર્યરૂપે પરિણામ પામે છે એટલે કાર્ય અને કારણ અનન્ય છે અને કાર્ય સત્-વિદ્યમાન છે તેથી સત્ય છે જેમ દૂધ વિદ્યમાનજ હોઈ દધિરૂપે પરિણામ પામે છે; એટલે દધિરૂપથી ભિન્ન કાર્યાન્તર નથી. વિવર્તવાદ માનનારા વેદાન્તીઓનો છે. તે મત પ્રમાણે કારણજ કાર્યરૂપે ભાસે છે. એટલે કારણજ સત્ય છે. પણ કાર્ય સત્ય નથી. જેમ શુક્તિને વિષે 'આ રજત છે' એવું જ્ઞાન થયા પછી અધિષ્ઠાનના શુક્તિનું જ્ઞાન થયે બાધજ્ઞાનથી પૂર્વે થયેલું રજતજ્ઞાન એમ નિરસ્ત થાય છે, તેમ બ્રહ્મજ્ઞાન થયે જગદાદિભેદપ્રપંચ નિરસ્ત થાય છે. અસત્કાર્યવાદ આરંભવાદ પણ કહેવાય છે તે નૈયાયિકોનો છે અને માધ્વ વેદાન્તીઓનો છે. તેમના મત પ્રમાણે અસત્-અવિદ્યમાનજ કાર્ય ઉત્પન્ન થાય છે. જેમ પૂર્વે અવિદ્યમાનજ તે તે ઘટાદિકાર્ય દંડચક્રાદિસામગ્રીસહિત મૃત્તિકાદિ કારણથી ભિન્ન થઈ ઉત્પન્ન થાય છે. સ્વોત્પત્તિ પૂર્વે કાર્ય નહીંજ. પણ કારણકાર્યરૂપથી ઉત્પન્ન થાય છે, એમ કાર્ય અને કારણ બન્ને અન્ય છે અને પારમાર્થિક-પરમાર્થતઃ વિદ્યમાન છે.

---

[1] શાસ્ત્ર. [2] સસલું [3] સત્તા.

દ્રવ્યને અભાવે અભાવ છે. તેથી દ્રવ્યજ [1]સંસ્થાનાદિ ભેદથી અનેક શબ્દ અને પ્રતીતિવાળું થાય છે. જેમ દેવદત્ત એકજ હોઈ અન્ય અવસ્થાના યોગથી અનેક શબ્દ અને પ્રતીતિવાળો થાય છે તેમ. તેમ થવાથી સાંખ્ય સિદ્ધાન્તનો પ્રસંગ અને સ્વસિદ્ધાંતનો વિરોધ પ્રાપ્ત થાય છે. પણ અગ્નિથી અન્ય છે તોપણ ધૂમ અગ્નિને અધીન દેખાય છે. ખરૂં છે, દેખાય છે; પણ ભેદપ્રતીતિથી તેમાં અગ્નિ અને ધૂમ અન્ય છે એમ નિશ્ચય થાય છે. પણ અહિં શુક્લ [2]કંબલ, [3]રોહિણી ધેનુ, નીલ [4]ઉત્પલ, એમ તે તે દ્રવ્ય તે તે વિશેષણથી [5]પ્રતીયમાન થવાથી, અગ્નિ ને ધૂમની પેઠે દ્રવ્ય અને ગુણની ભેદપ્રતીતિ નથી. તેટલા માટે ગુણ [6]દ્રવ્યાત્મક છે. આથી કર્મ, [7]સામાન્ય, [8]વિશેષ, અને [9]સમવાય દ્રવ્યાત્મક છે એમ વ્યાખ્યાત થયું સમજવું.

અભિન્ન હોય તો દ્રવ્ય અને ગુણ એવો શબ્દભેદ અને પ્રતીતિભેદ શી રીતે તેને માટે કહે છે—'દ્રવ્યજ સંસ્થાનાદિ ભેદથી' ઇત્યાદિ. 'સંસ્થાનભેદ' = આકૃતિવિશેષ. આદિશબ્દથી અવસ્થાભેદ સ્વીકારવો. કલ્પિત ભેદ પણ છે એવો આશય છે; કેમકે એમ ન હોય તો અત્યન્તભેદનાં થાય છે તેમ અત્યન્ત અભેદમાં પણ દ્રવ્ય અને ગુણાદિ વિષે ધર્મ અને ધર્મિત્વ યુક્ત થશે નહિ એમ સમજવું. ગુણાદિ દ્રવ્યસ્વરૂપ થાઓ એમ ગુણાદિનું દ્રવ્યતાદાત્મ્ય કહેતા, પોતાને તાર્કિક માનનાર પ્રત્યે કહે છે—'તેમ થવાથી સાંખ્યસિદ્ધાન્તનો પ્રસંગ' ઇત્યાદિ. એક પ્રધાન અનેક અવસ્થામાં પરિણામ પામે છે એવો સાંખ્યસિદ્ધાન્ત છે, આ પ્રમાણે કાપિલનો તાદાત્મ્યસિદ્ધાન્ત થવાનો પ્રસંગ આવશે. જોકે દ્રવ્યાધીનત્વ એટલે દ્રવ્યધર્મત્વ છે અને ધર્મમાં એ અર્થમાં અગ્નિને અધીનત્વ—નથી; કેમકે એ અગ્નિનો ધર્મ નથી, તોપણ તદધીનત્વ એટલે તત્કાર્યત્વ-તેને અધીન એટલે તેનું કાર્ય-એમ સમજી વ્યભિચારની શંકા કરે છે—'પણ અગ્નિથી અન્ય છે તોપણ' ઇત્યાદિ. ધૂમ અગ્નિનું કાર્ય છે અને અગ્નિથી અન્ય છે એ સ્વીકારે છે—'ખરૂં છે, દેખાય છે.' 'તોપણ તાદાત્મ્યે પ્રતીયમાન થવું-તત્સ્વરૂપ પ્રતીતિ થવી-એ હેતુ વિવક્ષિત છે તેથી વ્યભિચાર નથી એવો આશય છે.—'આથી કર્મ, સામાન્ય' ઇત્યાદિ. ગુણને વિષે જે ન્યાય કહ્યો તે કર્માદિને વિષે યોજવો. કર્મનો પણ દ્રવ્યથી સ્ફુટ વિવેક નથી-કર્મ પણ દ્રવ્યથી સ્ફુટ રીતે વિભિન્ન નથી. તેટલા માટે **चलति पक्षी** (પક્ષી ચાલે છે) ઇત્યાદિ પ્રતીતિ ચલનત્વના આશ્રય પક્ષી વિષે છે **चलति** આદિ ધાતુઓ પણ તે ને સામાન્યવાચકજ છે. દ્રવ્યમાત્રપરિશેષપક્ષ—દ્રવ્યમાત્ર પરિશેષ છે, ગુણાદિ અન્ય પદાર્થો નથી એ પક્ષમાં—નીલત્વ આદિ સામાન્ય સ્વીકારવાજ પડશે

૧ સંસ્થાન=આકૃતિ. ૨ કાંબળો. ૩ લાલ. ૪ કમળ. ૫ જ્ઞાયમાન. ૬ દ્રવ્યસ્વરૂપ. ૭ [illegible] જુઓ [illegible] પદાર્થો [illegible] ઇત્યાદિ [illegible] નિરવયવ છે તેનું પરસ્પર ભેદક નથી; [illegible] વિશેષનો આશ્રય કરવો પડે છે. [illegible] [illegible] પરસ્પર વ્યાવૃત્તિબુદ્ધિ ન થાય. [illegible] પરમાણુઓનો [illegible] [illegible] માટે તેની વ્યાવૃત્તિબુદ્ધિને માટે વિશેષનો સ્વીકાર [illegible] [illegible] એ વિશેષ સ્વતઃ વ્યાવર્તક છે, એટલે એને માટે અન્ય વિશેષની અપેક્ષા નથી. 'अत्यन्त [illegible] [illegible] विशेष इति [illegible]' [illegible] [illegible] (અનુસાર) અને [illegible] [illegible] [illegible] 'विशेषवन्तः [illegible] [illegible]' ૯ [illegible] જુઓ [illegible]

ગુણાદિઓ દ્રવ્યને અધીન છે; કેમકે દ્રવ્ય અને ગુણ અયુતસિદ્ધ છે એમ જો કહેવાય તો તે
[1]અયુતસિદ્ધત્વ [2]અપૃથક્દેશત્વ કે [3]અપૃથક્કાલત્વ કે [4]અપૃથગ્સ્વભાવત્વ હોય; સર્વથા
પણ ઉપપન્ન થતું નથી. જે પૃથગ્દેશમાં ન હોય તે અયુતસિદ્ધ એમ જો અયુતસિદ્ધત્વને
અપૃથગ્દેશત્વ લઈએ તો પોતાનો સ્વીકાર વિરુદ્ધ થાય. કેવી રીતે? કેમકે તન્તુમાં
ઉત્પન્ન થયેલો પટ [5]તન્તુદેશ સ્વીકારાય છે, [6]પટદેશ સ્વીકારાતો નથી; પણ પટના
શુક્લ આદિ ગુણો પટદેશ સ્વીકારાય છે, તન્તુદેશ સ્વીકારાતા નથી. જેમકે કહે છે કે
'द्रव्याणि द्रव्यान्तरमारभन्ते गुणाश्च गुणान्तरम्' [વૈ૦ ૧।૧।૧૦] (દ્રવ્યો અન્ય
દ્રવ્ય ઉત્પન્ન કરે છે અને ગુણો અન્ય ગુણો); કારણ કે કારણદ્રવ્ય તન્તુઓ કાર્ય-
દ્રવ્ય પટ ઉત્પન્ન કરે છે અને તન્તુગત શુક્લાદિ ગુણો કાર્યદ્રવ્ય પટને વિષે શુક્લાદિ
અન્ય ગુણો ઉત્પન્ન કરે છે એમ તેઓ સ્વીકારે છે. તે સ્વીકારને દ્રવ્ય અને ગુણને
[7]અપૃથગ્દેશ સ્વીકારવાથી બાધ આવે. જે પૃથક્ કાલે ન હોય તે અયુતસિદ્ધ

અન્યથા 'घटो नीलः' (નીલ ઘટ) એવી પ્રતીતિ ઉત્પન્ન નહિ થાય; કેમકે દ્રવ્યત્વ અને
નીલત્વ સામાન્ય અંગીકાર નહિ કરીએ તો 'घटो नीलः' (નીલ ઘટ) એવી પ્રતીતિ દ્રવ્ય-
સ્વરૂપમાત્ર વિષે છે એમ સ્વીકારવું પડશે તો દ્રવ્યત્વ, નીલત્વરૂપ પ્રકારવિશેષનો ઉલ્લેખ શી
રીતે થશે! કે બે શબ્દો (ઘટ અને નીલ) અપર્યાય થતા શી રીતે અટકશે! તેટલા માટે
ભાષ્યકાર આગળ 'સ્વરૂપ અને બાહ્યરૂપની અપેક્ષાથી અનેક શબ્દ અને પ્રતીતિ જોવામાં આવે
છે' એમ કહેશે. તોપણ દ્રવ્યમાત્ર પરિશેષ છે અને અતિરિક્ત પદાર્થો નિરાકરણીય છે એમ
કર્માદિ નિરાકરણીય પદાર્થોમાં સામાન્યની પરિગણના કરી છે તે તાર્કિકાભિમત 'અનેકસમવેત,
નિત્ય સામાન્ય' જે છે તેના અભિપ્રાયથી છે. વિશેષ અને સમવાય તો લોક ને વેદમાં પ્રસિદ્ધ
નથી એટલે તે સ્વીકારવામાં તાર્કિકનું પ્રમાણશૂન્યત્વ સ્પષ્ટ છે. તેટલા માટે ભાવભૂત પદાર્થ
૭ પ્રકારના છે એ તાર્કિકોની પરિગણના અસંગત છે. અભાવ તો અધિકરણથી અતિરિક્ત
છેજ નહિ. ઘટ પ્રતિ અનુયોગી તરીકે પ્રતીયમાન થતું ભૂતલજ ઘટનો અભાવ છે એમ ઉપ-
પન્ન થાય છે હવે દ્રવ્ય, ગુણ આદિમાં સ્ફુટ વિવેકનું અન્યત્વ છે તેના પ્રયોજક તરીકે સ્વી-
કારેલા અયુતસિદ્ધત્વનું નિર્વચન કરવું અશક્ય છે એમ બતાવવા શંકા કરે છે—'ગુણાદિઓ
દ્રવ્યને અધીન છે' ઇત્યાદિ. ગુણાદિઓ દ્રવ્યથી અભિન્ન નથી તોપણ અયુતસિદ્ધત્વથી તેઓ
વચ્ચે તાદાત્મ્યપ્રતીતિ સિદ્ધ છે એવો અર્થ છે. તે દૂષિત કરવા વિકલ્પ કરે છે—'તે અયુ-
તસિદ્ધત્વ અપૃથગ્દેશત્વ' ઇત્યાદિ. શુક્લત્વ પટનિષ્ઠ છે, અને પટ તન્તુદેશ છે તેથી પટ
અને શુક્લત્વમાં અપૃથગ્દેશત્વનો અભાવ છે, અર્થાત્, બંને પટ અને શુક્લત્વ સમાનદેશસ્થ
નથી તેથી 'शुक्लः पटः' (શુક્લ પટ) એવી સામાનાધિકરણ્યપ્રતીતિ નહિ થાય એમ સ્વપ
પક્ષને દૂષિત કરે છે—'જે પૃથગ્દેશમાં ન હોય' ઇત્યાદિ. કણાદના બે સૂત્રોનું વ્યાખ્યાન
કરે છે—'કારણ કે કારણદ્રવ્ય તન્તુઓ' ઇત્યાદિ. સ્વભાવ એટલે સ્વરૂપ ને અપૃથક્ હો-

---

૧ જે બેમાંથી એક અવિનાશ પામતું અન્યને આશ્રયીનેજ રહે છે તે બે અયુતસિદ્ધ છે. યુતસિદ્ધિ
એટલે પૃથક્ સિદ્ધિ તે અસંબદ્ધમાં રહે છે. અવયવ અને અવયવી, ગુણ અને ગુણી, ક્રિયા અને ક્રિયા-
વાન, જાતિ અને વ્યક્તિ, વિશેષ અને નિત્યદ્રવ્ય એ પાંચ પ્રકારના અયુતસિદ્ધ છે. અવયવી આદિ
અવિનાશ પામતાં (નાશપર્યન્ત) અવયવાદિ વિષે આશ્રિતજ રહે છે. અવયવાદિનાશ પછી ક્ષણમાત્ર
નિરાશ્રિતજ રહે છે. ૨ પૃથગ્દેશ ન હોવો તે. ૩ પૃથક્ કાલ ન હોવો તે. ૪ પૃથક્ સ્વભાવ ન હોવો
તે. ૫ તન્તુ જેનો દેશ છે એવો. ૬ પટ જેનો દેશ છે એવો. ૭ જુદા પ્રદેશમાં નહિ એવા.

એમ જો અયુતસિદ્ધત્વને અપૃથક્કાલ કહીએ તો 'સવ્ય અને 'દક્ષિણ ગાયનાં શીંગડાં અયુતસિદ્ધ છે એમ પ્રસક્ત થાય. તેમજ જેનો સ્વભાવ પૃથક્ ન હોય તે અયુતસિદ્ધ એમ જો અયુતસિદ્ધત્વને અપૃથક્સ્વભાવત્વ લઈએ તો દ્રવ્ય અને ગુણનો સ્વરૂપભેદ સંભવતો નથી; કેમકે ગુણ દ્રવ્યના સ્વરૂપ તરીકે પ્રતીત થાય છે. યુતસિદ્ધ પદાર્થોનો સંબન્ધ તે સંયોગ અને અયુતસિદ્ધ પદાર્થોનો સંબન્ધ તે સમવાય એ તેમનો સ્વીકાર વ્યર્થજ છે; કેમકે કાર્યથી પૂર્વે સિદ્ધ થયલું કારણ અયુતસિદ્ધ છે એ ઉપપન્ન થતું નથી. જો અયુતસિદ્ધ કાર્યનો કારણ સાથે સંબન્ધ તે સમવાય, એમ બેમાંથી એકની અપેક્ષાએજ એ સ્વીકાર છે એમ કહેશો તો એમ પણ પૂર્વે અસિદ્ધ, જેણે સ્વરૂપ પ્રાપ્ત કર્યું નથી એવા કાર્યનો કારણ સાથે સંબંધ યુક્ત થતો નથી; કેમકે સંબન્ધ બંનેને અધીન છે. સિદ્ધ થઈને સંબદ્ધ થાય છે એમ કહેશો તો કારણસંબન્ધની પૂર્વે કાર્યની સિદ્ધિ સ્વીકારતાં અયુતસિદ્ધિનો અભાવ થાય છે તેથી કાર્યકારણના સંયોગ અને વિભાગ થતા નથી એમ કહેવું દુરુક્ત થાય છે. વળી જેમ ઉત્પન્નમાત્ર, ક્રિયારહિત કાર્યદ્રવ્યનો વિભુ, આકાશાદિ અન્ય દ્રવ્યો સાથે સંબન્ધ સંયોગજ સ્વીકારાય છે, સમવાય નહિ, એમ કારણદ્રવ્ય સાથે પણ સંબન્ધ સંયોગજ થાય, સમવાય નહિ; તેમજ સંયોગ કે સમવાય સંબન્ધ સંબન્ધીઓથી ભિન્ન છે એ વિષે કંઈ પણ પ્રમાણ નથી. સંબન્ધી એ શબ્દ અને પ્રતીતિથી વ્યતિરિક્ત સંયોગ અને સમવાય એ શબ્દ અને પ્રતીતિ દેખાય છે તેથી તેઓનું અસ્તિત્વ છે એમ કહેશો

વાથી અમને જે અભેદ ઇષ્ટ છે તે સિદ્ધ થશે એમ કહે છે—' તેમજ જેનો સ્વભાવ પૃથક્ ન હોય' ઇત્યાદિ. આ પ્રમાણે છ પદાર્થો અત્યન્તભિન્ન છે એ સિદ્ધાન્ત અનુભવવિરુદ્ધ હોવાથી દૂષિત કર્યો. હવે અન્ય સિદ્ધાન્તને દૂષિત કરે છે—'યુતસિદ્ધ પદાર્થોનો સંબન્ધ તે સંયોગ' ઇત્યાદિ. અયુતસિદ્ધિ બેની છે કે બેમાંથી એકની છે? આદ્ય પક્ષ યુક્ત નથી એમ કહે છે—'કાર્યથી પૂર્વે સિદ્ધ થયલું કારણ' ઇત્યાદિ. બીજા પક્ષની આશંકા કરી તેને દૂષિત

તો તે યુક્ત નથી; કેમકે એક હોય તોપણ સ્વરૂપ અને બાહ્ય રૂપની અપેક્ષાથી અનેક શબ્દ અને પ્રતીતિ દેખાય છે. જેમકે એક છે તોપણ દેવદત્ત લોકમાં સ્વરૂપ અને સંબન્ધિરૂપની અપેક્ષાએ અનેક શબ્દ અને પ્રતીતિવાળો થાય છે—મનુષ્ય, બ્રાહ્મણ, [1]શ્રોત્રિય, [2]વદાન્ય, બાલ, યુવા, સ્થવિર, પિતા, પુત્ર, પૌત્ર, ભ્રાતા, અને જામાતા એમ. વળી જેમ એક છે તોપણ રેખા અન્ય સ્થાને મુકાતી, એક, દશ, શત, સહસ્ર આદિ શબ્દ અને પ્રતીતિવાળી થાય છે, તેમ સંબન્ધીઓજ સંબન્ધી શબ્દ અને પ્રતીતિથી ભિન્ન, સંયોગ અને સમવાય એ શબ્દ અને પ્રતીતિને યોગ્ય થાય છે, વ્યતિરિક્ત વસ્તુના અસ્તિત્વ તરીકે નહિ એમ ઉપલબ્ધિરૂપ લિંગથી પ્રાપ્ત થયલી અન્ય વસ્તુની (સંયોગાદિની સંબન્ધીથી ભિન્ન તરીકે) અનુપલબ્ધિથી અભાવ છે. તેમજ સંબન્ધના શબ્દ અને પ્રતીતિનો સંબન્ધી વિષય હોવાથી તેના (સંબન્ધના) સન્તત અસ્તિત્વનો પ્રસંગ આવશે એમ પણ કહેવું યુક્ત નથી; કેમકે તે સ્વરૂપ અને બાહ્ય રૂપની અપેક્ષાથી છે એમ તેનો ઉત્તર કહ્યો છે.

'તે યુક્ત નથી' ઇત્યાદિ. સ્વરૂપથીજ મનુષ્ય આદિ શબ્દ પામનારજ દેવદત્તાદિ પુરુષ પુત્રાદિની અપેક્ષાએ પિતા આદિ વિલક્ષણ શબ્દ અને પ્રત્યયથી ગમ્ય થાય છે, પણ એથી કંઈ ભિન્ન થતો નથી એમ વ્યભિચાર છે એવો અર્થ છે. તે તે અનિર્વચનીય, અનેક, વિશેષ અવસ્થાના ભેદની અપેક્ષાથી એકજ વસ્તુને વિષે ભિન્ન બુદ્ધિ અને વ્યપદેશ યુક્ત થાય છે. જેમ એકજ દેવદત્ત સ્વગત વિશેષની અપેક્ષાથી મનુષ્ય, બ્રાહ્મણ, અવદાત એમ કહેવાય છે, સ્વગત અવસ્થાના ભેદને લીધે બાલ યુવા, સ્થવિર કહેવાય છે, સ્વગત ક્રિયાના ભેદથી શ્રોત્રિય કહેવાય છે પણ પરની અપેક્ષાથી પિતા, પુત્ર, પૌત્ર, ભ્રાતા અને જામાતા કહેવાય છે; અથવા જેમ ડાબી તરફથી લખાતી રેખા (આંકો) સ્થાન પરત્વે એક, દશ, શત, સહસ્ર આદિ સંજ્ઞા મેળવે છે. તેમ સંબન્ધીઓ સંબન્ધી એવા શબ્દ અને પ્રતીતિથી યુક્ત થાય છે તે ઉપરાંત સંયોગ અને સમવાય શબ્દ અને પ્રતીતિના વિષય થાય છે, કંઈ વ્યતિરિક્ત વસ્તુ થઈ જતા નથી. અર્થાત્, સંબન્ધીએજ સંયોગી અને સમવાયી બને છે; સંયોગ અને સમવાય વ્યતિરિક્ત વસ્તુ નથી. 'સંબન્ધ સંબન્ધીઓથી ભિન્ન છે, તેથી જુદા શબ્દ અને પ્રતીતિથી ગમ્ય છે તેથી, અન્ય વસ્તુની પેઠે' એ અનુમાનનું નિરસન કરી ફલનો ઉપસંહાર કરે છે—'એમ ઉપલબ્ધિરૂપ લિંગથી પ્રાપ્ત થયલી' ઇત્યાદિ. વિલક્ષણ (ભિન્ન) શબ્દ અને પ્રતીતિથી ગમ્ય હોવાને લીધે એમ ઉપલબ્ધિઘટિત લિંગથી પ્રાપ્ત થયલી અન્ય વસ્તુ સંયોગાદિનો અભાવ નિશ્ચિત થાય છે. કેમકે તે સંયોગાદિ સંબન્ધીઓથી વ્યતિરિક્ત ઉપલબ્ધ થતાં નથી. ખરેખર, બે આંગળીના [3]નૈરન્તર્યથી ભિન્ન સંયોગ ઉપલબ્ધ થતો નથી; સમવાય તો કોઈના પણ કદાચિત્ પણ અનુભવમાં આવતો નથી એવું તાત્પર્ય છે. પણ સંબન્ધ સંબન્ધીઓથી અભિન્ન હોય તો સંબન્ધી સદા હોય ત્યારે સર્વદા સંબન્ધબુદ્ધિનો પ્રસંગ આવશે એવી શંકાનો નિષેધ કરે છે—'તેમજ સંબન્ધના શબ્દ અને પ્રતીતિનો સંબન્ધી વિષય હોવાથી' ઇત્યાદિ. સ્વરૂપે અંગુલિઓ ને તે શબ્દ (પોતપોતાના શબ્દ) અને પ્રત્યયનો વિષય છે; પણ બીજી કરતાં નિરન્તર અવસ્થામાં સંબન્ધ એ શબ્દ અને પ્રત્યયનો વિષય થાય છે, એમ કહ્યું છે એવો અર્થ છે. આમ બે પરમાણુઓના સંયોગનું નિરસન કરી દ્વ્યણુકાદિ સૃષ્ટિનું નિરસન કર્યું. હવે અદૃષ્ટવત્ આત્માનો અણુઓ સાથે સંયોગ કે બે અણુઓને વિષે ક્રિયાનો હેતુ છે, આત્મા ને મનનો સંયોગ અને

૧ કર્મિષ્ઠ. ૨ ઉદાર, વાક્ચાતુર્યવાળા. ૩ આંતરા વગર પાસે હોવું તે.

કલ્પવો જોઈએ એમ કહેવું યુક્ત નથી; કેમકે અન્યોન્યાશ્રય થાય છે; કારણ કે કા
કારણનો [1]કુણ્ડ અને [2]બદરની પેઠે ભેદ સિદ્ધ થયે આશ્રિતાશ્રયભાવ સિદ્ધ થાય છે અ
કુણ્ડ અને બદરની પેઠે આશ્રિતાશ્રયભાવ સિદ્ધ થયે તેની પેઠે ભેદ સિદ્ધ થાય છે
એમ અન્યોન્યાશ્રય થાય છે. ખરેખર, કાર્ય અને કારણનો ભેદ કે આશ્રિતાશ્રય
ભાવ વેદાન્તીઓ સ્વીકારતા નથી; કેમકે કારણનીજ આકૃતિવિશેષમાત્ર કાર્ય છે એમ
સ્વીકાર છે. વળી બીજું (દૂષણ) છે. પરમાણુ પરિચ્છિન્ન હોવાથી જેટલી દિ-
શાઓ, છ, આઠ કે દસ છે તેટલા અવયવોથી તેઓ સાવયવ થાય અને સાવયવ
થવાથી અનિત્ય થાય એમ નિત્યત્વ અને નિરવયવત્વના સ્વીકારને બાધ આવે. દિ-
શાના ભેદથી ભેદવાળા જે અવયવો તું કલ્પે છે તેજ મારા પરમાણુઓ છે એમ
કહેશે તો તે યુક્ત નથી; કેમકે સ્થૂલ, સૂક્ષ્મના તારતમ્યક્રમથી પરમકારણપર્યન્ત
વિનાશ ઉપપન્ન થાય છે. જેમ પૃથિવી, દ્વયણુકાદિથી સ્થૂલતમ વસ્તુભૂત પણ વિ-

એમ શંકાનો પરિહાર કરે છે—'એમ કહેવું યુક્ત નથી'. પ્રકૃતિ ને વિકાર વચ્ચે ભેદ હો-
વાથી આશ્રયાશ્રયિભાવ ઉપપન્ન થશે એમ કહેનાર પ્રતિ કહે છે—'અન્યોન્યાશ્રય થાય છે.'
ત્યારે કાર્ય કારણને આશ્રિત છે એવો વ્યવહાર કેવી રીતે થશે? કલ્પિત ભેદથી થશે એમ કહે
છે—'કારણનીજ આકૃતિવિશેષમાત્ર કાર્ય છે' ઇત્યાદિ. વળી પરમાણુઓ નિરવયવ છે
એ સ્વીકાર પણ અયુક્ત છે એમ કહે છે—'વળી બીજું (દૂષણ) છે' ઇત્યાદિ. પરમા-
ણુઓ સાવયવ છે, [3]પરિચ્છિન્ન હોવાથી, ઘટની પેઠે; અને સાવયવ હોવાથી અનિત્ય છે. જે
પરિચ્છિન્ન છે ને સાવયવ છે, જેમકે ઘટ. પરમાણુ પરિચ્છિન્ન હોવાથી દિગ્ભેદ પ્રમાણે તેમાં
ભેદ છે તેથી સાવયવ છે ને તેથી અનિત્ય છે એવો અર્થ છે. અપરિચ્છિન્ન હોવાથી આકાશા-
દિની પેઠે પરમાણુત્વનો વ્યાઘાત થાય. અપરિચ્છિન્ન હોય તો આત્માની પેઠે જુદી જુદી દિ-
શાઓ તેઓનો અવધિ ન થાય. પણ પરમાણુની અપેક્ષાએ જે આ [4]પ્રાચી, દક્ષિણ, ઇત્યાદિ
દિશાનો વ્યવહાર છે ને તેના અવધિ તરીકે જે અવયવો તું (વેદાન્તી) કહે છે તેજ મારા
(તાર્કિકના) પરમાણુઓ છે. તે પણ સાવયવ હોય તો તેના પણ અવયવ એમ જ્યાંથી આ-
ગળ વિભાગ ન થાય તેજ નિરવયવ પરમાણુ છે એમ શંકા કરે છે—'દિશાના ભેદથી
ભેદવાળા' ઇત્યાદિ. શંકાનો પરિહાર કરે છે—'તે યુક્ત નથી' ઇત્યાદિ. તાત્પર્ય આ
છે જે સર્વાત્મના-સર્વ રીતે વિભાગને અયોગ્ય વસ્તુ છે તે પરમાણુ છે એમ જો કહેશો તો
બ્રહ્મનીજ પરમાણુસંજ્ઞા કીધેલી થશે; કેમકે તેથી અન્ય અલ્પ વસ્તુ દિગ્વિભાગયોગ્ય હોવાથી
તેના અવયવવિભાગ અવશ્ય થશે. જો પૃથ્વી આદિના જેવા અલ્પપરિમાણનું વિશ્રામસ્થળ જે
છે તે પરમાણુ છે એમ કહેશો તો તે મૂળ કારણ થશે નહિ; કેમકે તે વિનાશી છે, ઘટની
પેઠે હેતુ (વિનાશિત્વ) અસિદ્ધ છે એમ કહેવું યુક્ત નથી; કેમકે 'અણુઓ વિનાશી છે, પૃથ્વી
આદિના જેવો છે તેથી, ઘટની પેઠે' એમ અનુમાન છે. શું સર્વથા વિભાગને અયોગ્ય વસ્તુ
પરમાણુ છે કે આપણે જેનો વિભાગ ન કરી શકીએ ને? આદ્ય પક્ષમાં પરમાણુ દિગ્ભેદનો અ-
વધિ નહિ થાય; કેમકે મૂળ કારણ સન્માત્રજ સર્વથા વિભાગને અયોગ્ય છે ને તે નિરવયવ છે
એ સિદ્ધજ છે. બીજા પક્ષમાં સન્માત્ર મૂળ કારણથી અતિરિક્ત કંઈક સૂક્ષ્મ વસ્તુ પરમાણુ

૧ કુણ્ડ = પાત્ર. એ આધાર છે. ૨ બોરનું ઝાડ. એ આશ્રિત છે. ૩ ઉપપત્તિયુક્ત, આરંભજ એમ
નિયમિત. ૪ પૂર્વ.

નાશ પામે છે, પછી સૂક્ષ્મ અને સૂક્ષ્મતર, પૃથ્વીની સમાન જાતિવાળું વિનાશ પામે છે, અને પછી દ્વ્યણુક, તેમ પરમાણુઓ પણ પૃથ્વીની સમાન જાતિવાળા હોવાથી વિનાશ પામે. વિનાશ પામતાં પણ અવયવવિભાગથીજ વિનાશ પામે એમ જો કહેશો તો એ દોષ નથી; કેમકે ઘૃતના કાઠિન્યના વિલયની પેઠે વિનાશ ઉત્પન્ન થાય છે એમ અમે કહ્યું છે. જેમ ઘૃત, સુવર્ણ આદિ, જેના અવયવો વિભાગ ન પામી શકે એવા છે તે પણ અગ્નિસંયોગથી દ્રવભાવ પામે છે તેથી તેના કાઠિન્યનો વિનાશ થાય છે; એ પ્રમાણે પરમાણુઓ પણ પરમકારણભાવ પ્રાપ્ત થાય છે તેથી તેમની મૂર્તિ આદિનો વિનાશ થશે. તેમ કાર્યની ઉત્પત્તિ પણ કેવલ અવયવસંયોગથીજ થતી નથી; કેમકે અન્ય અવયવસંયોગ વિના પણ ક્ષીર, જળ આદિનાં દધિ,

થાય પણ તે વિનાશને યોગ્ય છે, પૃથ્વી આદિ જાતિની છે તેથી, દ્વ્યણુકાદિની પેઠે. હવે નિરવયવ દ્રવ્યનો નાશહેતુ ન હોવાથી આત્માની પેઠે અવિનાશ છે એમ આશંકા કરી પૂર્વે કહેલા પરિહારનું સ્મરણ કરાવે છે—'વિનાશ પામતાં પણ' ઇત્યાદિ. જેમ લોટનો ગુઓ અવયવસંયોગનો નાશ થયા વિનાજ વિસ્તાર પામે છે અને વિસ્તાર પામી ઘોડાની ખરીનો આકાર ધારણ કરી પુરોડાશ બને છે તેમાં ગુઆનો નાશ થતો નથી ને પુરોડાશ ઉત્પન્ન થાય છે, કેમકે તેમાં ગુઆના અવયવસંયોગો નાશ પામતા નથી, પણ સંયુક્ત રહીજ વિસ્તારથી અધિકદેશવ્યાપક બને છે. એ પ્રમાણે અગ્નિના સંયોગથી સુવર્ણદ્રવ્યના અવયવો સંયુક્તજ રહી દ્રવીભાવ પ્રાપ્ત કરે છે, પરસ્પર વિભક્ત થતા નથી. એટલા માટે જેમ અવયવસંયોગ અને અવયવવિનાશ વિના પણ સુવર્ણપિંડ વિનષ્ટ થાય છે અને અન્ય સંયોગ ઉત્પન્ન થયા વિના સુવર્ણમાં દ્રવીભાવ થાય છે, એ પ્રમાણે અવયવસંયોગવિનાશ વિના પણ પરમાણુઓ વિનાશ પામશે અને અન્ય ઉત્પન્ન થશે. 'મૂર્તિ આદિનો' = મૂર્તિ = કાઠિન્ય. 'આદિ' શબ્દથી અપરિચ્છિન્ન ગ્રહણ[illegible] નિમિત્ત અદૃષ્ટાદિના નાશથી પ્રલયને વિષે વિનાશ સમજે છે; મુક્તિને વિષે જ્ઞાનથી અજ્ઞાનનો નાશ થયે તત્કાર્ય અણુનો નાશ[illegible] છે એવો અર્થ છે. વળી કાર્યદ્રવ્ય સંયોગકૃત અનેક દ્રવ્યથી આરબ્ધ છે એમ જે કહ્યું છે તે યુક્ત નથી એમ કહે છે—'તેમ કાર્યની ઉત્પત્તિ પણ' ઇત્યાદિ. કાર્યદ્રવ્યની ઉત્પત્તિમાં પણ સંયોગ હેતુ હોવાથી ક્ષીરાદિના સંયોગથી ઉત્પન્ન[illegible] સંયોગ અન્ય સંયોગ નથી તેથી દધિ આદિમાં વ્યભિચાર હોવાથી [illegible] નહિ. 'અન્ય અવયવસંયોગ વિના પણ'—ક્ષીરાદિને અનુકૂળ અવયવસંયોગથી ભિન્ન દધિ આદિને અનુકૂળ સંયોગ તે અન્ય અવયવસંયોગ. ક્ષીરાદિમાં દધિ આદિને અનુકૂળ સંયોગાન્તર [illegible] દધિ આદિ આરંભ થતી નથી. વળી જે કાર્યદ્રવ્ય છે તે દ્રવ્યારબ્ધ છે [illegible] [illegible] [illegible] છે. કેમકે તેના [illegible] છે. પણ જે કાર્યદ્રવ્ય છે તે [illegible] [illegible] [illegible] અનેક દ્રવ્યથી આરબ્ધ છે [illegible] ઠીક નથી; કેમકે તેમાં [illegible] [illegible] છે, અને દીર્ઘ અને [illegible] [illegible] ઉત્પન્ન [illegible] [illegible] [illegible] [illegible] વ્યભિચાર [illegible] છે, [illegible] [illegible] [illegible] [illegible] અનેક દ્રવ્યથી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] એક આત્મામાં રહે છે એમ [illegible] [illegible] [illegible] [illegible] અનેક [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે [illegible]

[illegible]

દ્વિમ આદિ કાર્યોની ઉત્પત્તિ દેખાય છે. તેટલા માટે એ રીતે પરમાણુકારણવાદ [1]અસારતર તર્કથી રચાયલો છે તેથી, ઈશ્વરને કારણ કહેતી શ્રુતિથી વિરુદ્ધ છે તેથી, અને શ્રુતિને અધીન, શિષ્ટ, મનુ આદિથી પરિગ્રહણ થયું નથી તેથી એ પરમાણુકારણવાદને વિષે શ્રેય ઇચ્છનારાઓએ અત્યન્ત અનપેક્ષા કરવી એવો વાક્યશેષ છે ॥૧૭॥

समुदाय उभयहेतुकेऽपि तदप्राप्तिः ॥ १८ ॥

બંને હેતુવાળા પણ સમુદાયમાં તેની (સમુદાયભાવની) અપ્રાપ્તિ છે ॥૧૮॥

[2]દુર્યુક્તિના યોગથી, વેદના વિરોધથી અને શિષ્ટોએ પરિગ્રહણ કર્યું નથી તેથી વૈશેષિકસિદ્ધાન્ત અપેક્ષા કરવા યુક્ત નથી એમ કહ્યું છે. તે [3]અર્ધવૈનાશિક છે એટલે

માણુ એમ પરમાણુ સિદ્ધ થશે એમ કહેવું પણ યુક્ત નથી; કેમકે ઉક્ત ત્રુટિમાં-વિશ્રામોમાં ગ્ય-ણુકથી વિશ્રાન્તિ થાય છે તેજ ત્રુટિસંજ્ઞક જગતના હેતુ છે એમ પણ કહેવું યુક્ત નથી: કેમકે પૃથિવીત્વ આદિથી સાવયવત્વ અને અનિત્યત્વનું અનુમાન થાય છે. વળી અવયવત્વની કંઈ પણ વિશ્રાન્તિ થવી જોઈએ એ વિશ્રાન્તિસ્થાન તે પરમાણુ, અને અવિશ્રાન્તિ હોય તો અનવસ્થા થાય એમ પણ કહેવું યુક્ત નથી; કેમકે માયામાં કે બ્રહ્મમાં અવયવત્વની વિશ્રાન્તિ થવાનો સંભવ છે. એટલા માટે અણુના અસ્તિત્વ માટે કંઈ પ્રમાણ નથી. નિરવયવ પદાર્થોના સંયોગ અને સમવાયનો અસંભવ હોવાથી સમવેત દ્વ્યણુક આદિના તેઓ આરંભક થાય એ યુક્ત નથી ઇત્યાદિ બાધક પૂર્વે કહ્યું છેજ. હવે '**अपरिग्रहाच्च**' એ સૂત્રનો વાક્યશેષ પૂરો કરી અધિકરણના અર્થનો ઉપસંહાર કરે છે—'**તેટલા માટે એ રીતે પરમાણુકારણવાદ**' ઇત્યાદિ. તેટલા માટે ભ્રાન્તિમૂલ વૈશેષિકમતથી વેદાન્તતાત્પર્યનો અવિરોધ છે એમ સિદ્ધ થયું ॥ ૧૭ ॥

વૈશેષિકનું નિરસન કરી વૈનાશિકનું નિરસન કરે છે—'**समुदाय**' ઇત્યાદિ. વૃત્તનો અનુવાદ કરી ઉત્તર અધિકરણની પૂર્વ અધિકરણ સાથે સંગતિ કહે છે. પરિમાણભેદથી દેહાદિનો જલદી વિનાશ થાય છે, તેઓ માત્ર ત્રણ ક્ષણ પર્યન્ત સ્થાયી છે એમ અંગીકાર કરવાથી વૈશેષિક અર્ધવૈનાશિક છે, તેનું નિરાકરણ કર્યા પછી સર્વક્ષણિકવાદી—સર્વ ક્ષણિક છે એમ કહેનાર સર્વવૈનાશિક બુદ્ધિસ્થ થાય છે તેનું નિરસન કરવું યુક્ત છે એમ પ્રસંગની સંગતિ છે. આર્હત આદિમતનું નિરસન ન કરતાં બૌદ્ધનું પ્રથમ નિરસન કરવાનું એજ કારણ છે. પરમાણુ, આકાશ, દિશા, કાલ, મન, આત્મા, સામાન્ય, વિશેષ, સમવાય અને કેટલાક ગુણો નિત્ય છે એમ સ્વીકારી વૈશેષિકો બાકીના પદાર્થોનો વિનાશ સ્વીકારે છે તેથી તેઓ અર્ધવૈનાશિક છે; તેના મતનો ઉપન્યાસ સર્વવૈનાશિક બૌદ્ધનું સ્મરણ કરાવે છે એમ કહે છે—'દુર્યુક્તિના યોગથી' ઇત્યાદિ. તાર્કિકો શરીરાદિ સાવયવ પદાર્થોનો અનુક્ષણ નાશ સ્વીકારે છે તેથી તેઓ અર્ધવૈનાશિક છે; કેમકે તેમના મતમાં પરિમાણભેદથી દ્રવ્યભેદ થાય છે. જે બાળક દીએ દીએ ને દીએ દીએ તેના બાલ્યકથી શરીરમાં પ્રતિક્ષણ કેટલાક અવયવો ઉપચિત[4] થાય છે અને એ ઉપચિત અવયવો પૂર્વ અવયવી સાથે થઈ અન્ય અવયવી ઉત્પન્ન કરે છે. વળી ઉત્પન્ન થતા

---

૧ ઘણા સાર વગરના. ૨ દેહનાશ, દુષ્ટ યુક્તિ. ૩ સર્વ ક્ષણભંગુર છે એમ પ્રતિપાદન કરનારા બૌદ્ધો વૈનાશિક છે. વૈશેષિકો દેહાદિને વિનાશસ્વભાવી માને છે, તે તાર્કિકો અર્ધવૈનાશિક છે. ૪ વૃદ્ધિ પામેલા.

ભેદથી કે શિષ્યના ભેદથી. તેમાં આ ત્રણ વાદીઓ છે. કેટલાક 'સર્વાસ્તિત્વવાદી'[1] છે; કેટલાક 'વિજ્ઞાનાસ્તિત્વમાત્રવાદી'[2] છે. પણ અન્ય 'સર્વશૂન્યત્વવાદી'[3] છે. તેમાં જેઓ

જે જે સમયે જેમ જેમ બુદ્ધની પ્રજ્ઞારૂપ પ્રાગ્ભાવ થઈ તેમ તેમ તેવા તેવા ગ્રન્થ તેણે રચ્યા પણ એક બુદ્ધની હાજરીમાં વિરુદ્ધ પ્રતિજ્ઞા સંભવતી નથી. તેથી વિરુદ્ધ સૂત્ર રચવાનું અન્ય નિમિત્ત કહે છે, અને બૌદ્ધોએ પણ તેનો વ્યાખ્યાન તેજ રીતે વાંચ્યો છે તેથી કહે છે કે **'શિષ્યના ભેદથી.'** મંદ, મધ્યમ અને ઉત્તમ બુદ્ધિવાળા શિષ્યોના ભેદથી સિદ્ધાન્ત ત્રણ પ્રકારનો છે. શિષ્યો હીન, મધ્યમ ને ઉત્કૃષ્ટ બુદ્ધિવાળા હોય છે. તેમાં હીન મતિવાળા છે તેમને તેમના આશયને અનુસરી સર્વાસ્તિત્વવાદથી શૂન્યતામાં ઉતાર્યા છે. જે મધ્યમ બુદ્ધિવાળા છે તેમને તેમના આશયને 'અનુરોધે[4] વિજ્ઞાનમાત્રાસ્તિત્વવાદથી શૂન્યતામાં ઉતાર્યા છે. પણ જે 'પ્રકૃષ્ટ[5] બુદ્ધિવાળા છે તેમને સર્વશૂન્યત્વવાદથી સાક્ષાત્ શૂન્યતાતત્ત્વ સમજાવ્યું છે. એજ પ્રકારે કહે છે— **'તેમાં આ ત્રણ વાદીઓ છે'** ઇત્યાદિ. બુદ્ધના માધ્યમિક, યોગાચાર, સૌત્રાન્તિક અને વૈભાષિક નામના ચાર શિષ્ય હતા. તેમાં બૌદ્ધ પ્રથમ જેઓ પ્રતિ સર્વ શૂન્ય છે એમ ઉપદેશ કર્યો તે માધ્યમિક. ગુરુએ જે કહ્યું તેનું તેઓએ શ્રદ્ધાથી ગ્રહણ કર્યું તેથી તેઓ 'અપકૃષ્ટ[6] નહિ. તેમજ ગુરુએ કહેલા અર્થનો સ્વબુદ્ધિને અનુસારે આક્ષેપ ન કર્યો તેથી ઉત્કૃષ્ટ બુદ્ધિવાળા પણ નહિ. તેથીજ તેઓ માધ્યમિક કહેવાયા. શિષ્યોએ યોગ અને આચાર બન્ને કરવા જોઈએ. તેમ અપ્રાપ્તની પ્રાપ્તિને માટે પર્યનુયોગ પૂછવા તે યોગ. ગુરુનું કહેલું અંગીકાર કરવું તે આચાર. ગુરુનું કહેલું અંગીકરણ કરવાથી ઉત્તમ અને પર્યનુયોગ ન કરવાથી અધમ; આથી માધ્યમિક એમ તેમની ખ્યાતિ થઈ. આ પ્રમાણે માધ્યમિક સર્વશૂન્યત્વવાદી છે. પણ અન્ય શિષ્યોએ ગુરુએ સર્વ શૂન્ય છે એમ ઉપદેશ કર્યો ત્યારે જ્ઞાનથી અન્ય સર્વ શૂન્ય **ભવતુ નામ**—થાઓ એમ ગુરુની ઉક્તિ જેને બૌદ્ધો યોગ તરીકે પરિભાષામાં કહે છે તે સ્વીકારી; પરંતુ જ્ઞાનનું તો શૂન્યત્વ સંભવતું નથી. કેમકે તેમ હોવાથી જગત્માં અન્ધતા પ્રસક્ત થાય એમ ગુરુમતના આક્ષેપ જેને બૌદ્ધ આચાર તરીકે પરિભાષામાં કહે છે તે કર્યો માટે વિજ્ઞાનાસ્તિત્વવાદી બૌદ્ધો યોગાચાર કહેવાયા. પછી અન્ય શિષ્યોએ કહ્યું કે પ્રતીતિસિદ્ધ પદાર્થ શૂન્ય છે એમ કેમ કહી શકાય. તેટલા માટે જ્ઞાનની પેઠે બાહ્ય પદાર્થ પણ સત્યજ છે એમ કહ્યું ત્યારે બુદ્ધે કહ્યું કે ઠીક, પણ તે અનુમેય છે, પ્રત્યક્ષ નથી એમ શિષ્યમતિને અનુસરીને ઉપદેશ કર્યો. સૂત્રનો અન્ત (રહસ્ય) પૂછ્યો માટે એઓ સૌત્રાન્તિક કહેવાયા. એ પ્રમાણે સૌત્રાન્તિકો સર્વાસ્તિત્વવાદી છે ને બાહ્ય પદાર્થોને પ્રત્યક્ષ નહિ પણ અનુમેય માને છે. વળી અન્ય શિષ્યો એમ માને છે કે આ ઘટ છે એમ પ્રતીતિબળથી બાહ્ય અર્થ સ્વીકારાય છે તો તેજ પ્રતીતિ અપરોક્ષ હોવાથી બાહ્ય અર્થ શી રીતે પરોક્ષ છે, માટે બાહ્ય અર્થ પ્રત્યક્ષ નથી એ ભાષા વિરુદ્ધ છે એમ આક્ષેપ કર્યો. આ કારણથી તેઓ વૈભાષિક કહેવાયા. આ રીતે વૈભાષિકો પણ સર્વાસ્તિત્વવાદી છે, પણ બાહ્ય પદાર્થોને સૌત્રાન્તિકોની પેઠે પરોક્ષ નહિ પણ પ્રત્યક્ષ માને છે. સૌત્રાન્તિક અને વૈભાષિકો બાહ્ય અર્થને અનુક્રમે પરોક્ષ અને અપરોક્ષ સ્વીકારે છે, એમ તેમના મતમાં વિલક્ષણપણું છે, પણ બાહ્ય અર્થને સ્વીકારવામાં તેઓ એક છે. તેમને એક ગણી 'ત્રણ વાદીઓ' કહ્યા છે. તેમાં સૌત્રાન્તિક અને વૈભાષિક એ બેમાં બાહ્ય પદાર્થોના પરોક્ષત્વ અને અપરોક્ષત્વમાં વિવાદ છે તોપણ સર્વાસ્તિત્વવાદમાં સંવાદ છે તેથી તેમના સિદ્ધાન્તોને એક

૧ સર્વ છે એમ માનનાર. ૨ વિજ્ઞાનનુંજ અસ્તિત્વ માનનાર. ૩ સર્વ શૂન્ય છે એમ માનનાર. ૪ અનુસારે. ૫ ઉત્તમ. ૬ અધમ.

સર્વાસ્તિત્વવાદીઓ બાહ્ય અને આન્તર વસ્તુ ભૂત અને [1]ભૌતિક, ચિત્ત અને [2]ચૈત્ત
સ્વીકારે છે તેઓનું પ્રથમ નિરસન કરીએ છીએ. તેમાં ભૂત પૃથ્વીધાતુ[3] આદિ છે.
ભૌતિક રૂપાદિ અને નેત્રાદિ છે. પૃથ્વી આદિના ચાર પ્રકારના પરમાણુઓ કઠિન
સ્વભાવવાળા, સ્નેહસ્વભાવવાળા, ઉષ્ણસ્વભાવવાળા અને ચલનસ્વભાવવાળા
છે તે પૃથ્વી આદિ ભાવમાં સંઘાત પામે છે એમ માને છે. તેમજ રૂપ, વિજ્ઞાન

કરી તેનું નિરસન કરે છે—**'તેમાં જેઓ સર્વાસ્તિત્વવાદીઓ'** ઇત્યાદિ. 'ભૂત' = પૃથિ-
વી આદિ ચાર મહાભૂતો. બૌદ્ધ મતમાં આકાશ ભાવ (પદાર્થ) નથી; પણ આવરણનો
અભાવ છે એટલે ભૂતો ચાર છે—પૃથિવી, જળ, તેજ અને વાયુ. **'ભૌતિક'** = પૃથ્વી આદિ
ભૂતોનું બનેલું; ભૂતોનાં કાર્ય. ગિરિ, નદી આદિ. **'ચિત્ત'** = જ્ઞાન. **'ચૈત્ત'** = ચિત્તનું બનેલું;
ચિત્તનાં કાર્ય, સુખાદિ. ભૂત અને ભૌતિક એ બાહ્ય પદાર્થો છે ને ચિત્ત અને ચૈત્ત એ આન્તર
છે. તેમાં સંદેહ થાય છે કે બૌદ્ધ સિદ્ધાંત માનમૂલ છે કે ભ્રાન્તિમૂલ છે. તેમા પ્રમાણમૂળ છે
એમ પૂર્વપક્ષ કરી તેમનો સિદ્ધાન્ત દર્શાવે છે—**'તેમાં ભૂત પૃથ્વીધાતુ આદિ છે'** ઇત્યાદિ.
'પૃથ્વીધાતુ' = પૃથ્વીપદાર્થ. ધાતુપદ પદાર્થનું પર્યાયપદ છે. **'રૂપાદિ'**—રૂપાદિ પૃથિવી આ-
દિનાં કાર્ય છે એ [4]સર્વસપ્રતિપન્ન છે. સ્થિર પ્રપંચ બ્રહ્મહેતુક છે એ વેદાન્તસિદ્ધાન્ત માન-
મૂલ ક્ષણિકસિદ્ધાન્તથી વિરુદ્ધ હોવાથી અસિદ્ધ છે એમ પૂર્વપક્ષમા ફળ છે; સિદ્ધાન્તમાં તો
વેદાન્તસમન્વય અવિરુદ્ધ છે એ ફળ છે એમ સમજવું. પૃથ્વી આદિ ચાર ભૂતો, અને વિષયા-
ત્મક અને ઇન્દ્રિયાત્મક ભૌતિક એ પરમાણુઓનો સમુદાયજ છે, અન્ય અવયવી નથી એમ
માની પરમાણુના વિભાગ કરે છે—**'પૃથ્વી આદિના ચાર પ્રકારના પરમાણુઓ'** ઇત્યાદિ.
પૃથ્વીના પરમાણુઓ કઠિનસ્વભાવ-કઠિન છે, જળના પરમાણુઓ સ્નિગ્ધ, તેજના ઉષ્ણ અને
વાયુના ચલનસ્વભાવ, ચલિત છે. જેમ તાર્કિકમતમાં પરમાણુ આદિ દ્વ્યણુકાદિક્રમે કાર્ય ઉ-
ત્પન્ન કરે છે, તેમ બૌદ્ધ મતમાં નથી; પણ પરમાણુસમુદાયજ ગિરિ, નદી આદિક સર્વે છે,
અન્ય અવયવી નથી. એ પ્રમાણે બાહ્ય ભૂતભૌતિકરૂપ પરમાણુસમુદાયનું નિરૂપણ કરી આન્તર
પંચસ્કન્ધસમુદાયનું નિરૂપણ કરે છે—**'તેમજ રૂપ, વિજ્ઞાન'** ઇત્યાદિ. જે વડે નિરૂપણ ક-
રાય તે તથા જેનું નિરૂપણ કરાય તે બંને રૂપ એમ કરણ અને કર્મવ્યુત્પત્તિથી રૂપશબ્દનો અર્થ
ઇન્દ્રિય અને વિષય બને થાય છે. વિષયસહિત ઇન્દ્રિયો તે રૂપસ્કન્ધ. જોકે રૂપ્યમાણ વિષયો
બાહ્ય છે તોપણ દેહસ્થ ઇન્દ્રિયથી ગ્રાહ્ય છે તેથી આધ્યાત્મિક છે. **અહમ્, અહમ્** (હું, હું)
એમ આલયવિજ્ઞાનપ્રવાહ તે વિજ્ઞાનસ્કન્ધ. 'હું' એવી જે પ્રતીતિ તે વિજ્ઞાનસ્કન્ધ. પ્રિય, અ-
પ્રિય કે અનુભય (પ્રિય પણ નહિ ને અપ્રિય પણ નહિ એવું) વિષયના સ્પર્શથી, સુખ, દુઃખ
કે અનુભય (સુખદુઃખરહિત) જે વિશેષ અવસ્થા ચિત્તની થાય તે વેદનાસ્કન્ધ. આ પ્રમાણે
સુખાદિનો અનુભવ તે વેદનાસ્કન્ધ. ગાય, ઘોડો એમ નામવિશિષ્ટ સવિકલ્પકપ્રતીતિ તે સંજ્ઞા-
સ્કન્ધ. સંજ્ઞાસ્કન્ધ એટલે [5]સવિકલ્પપ્રત્યય, સંજ્ઞાના સંસર્ગને યોગ્ય પ્રતિભાસ, જેમ 'ડિત્થ, કુંડલી,
ગૌર, બ્રાહ્મણ જાય છે' એવા પ્રકારનો. રાગાદિ ક્લેશ, મદમાનાદિ ઉપક્લેશ, ધર્મ અને અધર્મ
તે સંસ્કારસ્કન્ધ. તેમાં વિજ્ઞાનસ્કન્ધ તે ચિત્ત, આત્મા એમ ગણાય છે અને અન્ય ચાર સ્કન્ધો
ચૈત્ત છે, તેમનો સંઘાત આધ્યાત્મિક છે ને તે સકલલૌકિકયાત્રાનિર્વાહક છે એવો અર્થ છે. અવ-

1 ભૂતનું બનેલું ભૂતનાં કાર્ય. 2 ચિત્તનું બનેલું, ચિત્તનાં કાર્ય. 3 પદાર્થ. 4 સર્વને સંમત.
5 પ્રતીતિ

વેદના, સંજ્ઞા અને સંસ્કાર નામના પાંચ [1]સ્કન્ધો છે. તે આધ્યાત્મિક છે અને સ
વ્યવહારના વિષયભાવથી સંઘાત પામે છે એમ માને છે. તે વિષે આ કહીએ છીએ—
જે આ ઉભયહેતુક, ઉભય પ્રકારનો સમુદાય [2]પરને [3]અભિપ્રેત છે, અણુ જેનો હેતુ
છે એવો ભૂતભૌતિકસંઘાતરૂપ અને સ્કન્ધ જેનો હેતુ છે એવો પાંચ સ્કન્ધરૂપ
તે ઉભયહેતુક પણ કલ્પાના સમુદાયમાં તેની અપ્રાપ્તિ છે—સમુદાયની અ-
પ્રાપ્તિ છે, સમુદાયભાવની અનુપપત્તિ છે એવો અર્થ છે. શાથી? કેમકે [4]સમુ-
દાયીઓ અચેતન છે; ચિત્તસંજ્ઞક વિજ્ઞાન સમુદાયસિદ્ધિને અધીન છે; અને અન્ય

અવયવથી ભિન્ન અવયવી અનુપલબ્ધ છે તેથી અવયવો પરિશેષ રહે છે અને ' જે વિદ્યમાન છે તે ક્ષણિક છે, વિદ્યુતની પેઠે ' એમ અવયવો ક્ષણિક છે. સર્વ બાહ્ય અને આભ્યન્તર પદાર્થ ક્ષણિક છે. તેના ક્ષણિકપણા માટે પ્રમાણનો અભાવ નથી. 'अयं घटः' (આ ઘટ છે) એ પ્રત્યક્ષ ઘટને વિષે વર્તમાનત્વ વિશેષણ છે. વર્તમાનત્વ એ અવર્તમાનત્વની એટલે ભૂત, ભવિષ્યત્કાળસંબન્ધની વ્યાવૃત્તિ છે જેમ ઘટત્વાદિ અઘટાદિની વ્યાવૃત્તિ છે તેમ; કેમકે સામાન્ય અન્યનો અપોહ—વ્યાવૃત્તિ જ છે. આ રીતે કાલાન્તરની અસ્થાયિતા પ્રત્યક્ષનો જ વિષય થવાથી તાત્કાલિક ક્ષણિકત્વ સિદ્ધ થાય છે. તેમજ અનુમાન પણ છે. ' જે વિદ્યમાન છે તે ક્ષણિક છે જેમ ઉત્પત્તિવિનષ્ટ ઘટાદિ. ' સ્થાયિત્વ હોવાથી સત્ત્વજ—વિદ્યમાનત્વજ અનુપપન્ન થાય છે. સત્ત્વ એટલે અર્થક્રિયાકારિત્વ, જ્ઞાતિ આદિરૂપ નહિ. સ્થાયિત્વ હોવાથી અર્થક્રિયાકારિત્વ સંભવતું નથી; કેમકે વિચારી શકાતું નથી. સ્થાયિત્વપક્ષમાં શું દણ્ડાદિ એકેક કાર્ય ઉત્પન્ન કરવા સમર્થ છે કે અનેક કાર્ય ઉત્પન્ન કરવા? પ્રથમ પક્ષ યુક્ત નથી. કેમકે તેમ થવાથી એક દંડથી એકજ ઘટ થાય, અન્ય ઘટ ન થાય. દ્વિતીય પક્ષ પણ યુક્ત નથી. કેમકે તેમ થવાથી દણ્ડજન્ય તરીકે માનેલા સર્વ ઘટ એકી વખતેજ થાય; કારણ કે સમર્થના વિલમ્બમાં કોઈ નિયામક નથી. તેટલા માટે એકેકક્ષણવૃત્તિ દણ્ડાદિ એકેક કાર્ય ઉત્પન્ન કરવા સમર્થ છે અને પ્રતિક્ષણ ઉત્પત્તિશીલ અને વિનાશશીલ છે એમ સ્વીકારવુંજ પડશે એવો બૌદ્ધનો અભિમાન છે. તેમના મતમાં સ્થાયી જીવ કે ઈશ્વર નથી કે જેનું પરમાર્થતઃ સંગ્ર થાય. આ પ્રમાણે બૌદ્ધસિદ્ધાન્ત માનવાથી એમ પ્રતિ ... સિદ્ધાન્તસૂત્ર યોજે છે—' જે આ ઉભયહેતુક ' ઇત્યાદિ. કેવળી આદિના પ્રેરકનું જેનો હેતુ છે એવો બાહ્ય ભૂતભૌતિકસમુદાય, અને રૂપ, વિજ્ઞાન, આદિ સ્કન્ધ જેનો હેતુ છે એવો આધ્યાત્મિક સમુદાય એવા જે બે પ્રકારના સમુદાય ઇચ્છાયેલા છે તેની અપ્રાપ્તિ છે, અર્થાત્ તે બંને સમુદાય અયુક્ત થાય છે. શાથી? ' સમુદાયીઓ અચેતન છે ' તેથી; કારણ કે ચેતન કુલાલાદિ મૃત્તિકા, દંડ આદિ એકઠાં કરી સમુદાયાત્મક ઘટ રચતો દેખાય છે. ખરેખર, મૃત્તિકા, દંડ આદિથી વ્યાપાર કરતો ચેતન કુલાલ ન હોય તો અચેતન, મૃત્તિકા, દંડાદિ ભલે સ્વતન્ત્ર રીતે કદાચિત્ પણ ઘટાદિ રચતા નથી તેમજ તન્તુવિદ ન હોય તો તન્તુઓ, વેમ આદિ પટ રચતાં નથી. તેટલા માટે કાર્યની ઉત્પત્તિ તેને અનુરૂપ કારણના સમવધાનને અધીન છે ને તેને સ્વભાવે થતી નથી, અને કાર્યોત્પત્તિને અનુરૂપ કારણસમવધાન ચેતનની અપેક્ષાને અધીન છે ને તેને અપેક્ષા ન હોય તો તે થઈ શકતું નથી. તેટલા માટે અન્વયવ્યતિરેકથી કાર્યોત્પત્તિ ચેતનહેતુજ સિદ્ધ થાય છે. ખરેખર, સમુદાય એ અનેક પદાર્થને પાસે મૂકી એકઠા કરવા કે ...

[1] સમુદાય. [2] સામાને—બુદ્ધને. [3] ઇષ્ટ. [4] જેનો સમુદાય છે તે. [5] અણુઓ. [6] ... [7] ભગે ... દેવાથી. [8] વિચાર.

તોપણ અવિદ્યા આદિ પરસ્પર કારણ હોવાથી લોકયાત્રા ઉપપન્ન થશે; અને તે ઉપપન્ન થતી થશે એટલે કંઈ બીજું અપેક્ષાયોગ્ય રહેશે નહિ. અવિદ્યા, સંસ્કાર, વિજ્ઞાન, નામરૂપ, [1]ષડાયતન, સ્પર્શ, વેદના, તૃષ્ણા, [2]ઉપાદાન, ભવ, [3]જાતિ, જરા, મરણ, શોક, [4]પરિદેવના, દુઃખ, અને [5]દુર્મનસ્તા એ પ્રકારનાં તે અવિદ્યા આદિ પરસ્પર-

---

આન્તર સમુદાય સ્થિર ચેતનનો અભાવ છે તોપણ સિદ્ધિ થાય છે. અવિદ્યા આદિથીજ અર્થાત્ સમુદાયસિદ્ધિ થવાથી વ્યવહાર ઉપપન્ન થાય છે એવો અર્થ છે. સંઘાતસિદ્ધિ દર્શાવે છે— '**અવિદ્યા, સંસ્કાર**' ઇત્યાદિ. '**અવિદ્યા**' = ક્ષણિકને વિષે સ્થિરત્વબુદ્ધિ; અનિત્ય અને અશુચિ, ક્ષણિક શરીરાકારમાં પરિણામ પામેલા અનાત્મપદાર્થોને વિષે તે નિત્ય, શુચિ, સ્થાયી અને આત્મા છે એવી બુદ્ધિ. અવિદ્યામાંથી શરીરાદિને વિષે રાગ, તેથી વિપરીતને વિષે દ્વેષ અને તેને માટે ઐહિક અને આમુષ્મિક વ્યાપાર થાય છે. એ સર્વ '**સંસ્કાર**' છે. સંસ્કાર = રાગ, દ્વેષ અને મોહ. એ સંસ્કારથી [6]ગર્ભસ્થનું આદ્ય વિજ્ઞાન ઉત્પન્ન થાય છે. અન્ય જન્મના અવિદ્યા અને સસ્કારથી ગર્ભમાં રહેલા [7]શુક્રશોણિતસમુદાયમાં **अहम्** (હું) એ આલયવિજ્ઞાનનો [8]વૃત્તિલાભ '**વિજ્ઞાન**' ઉત્પન્ન થાય છે. તે આલયવિજ્ઞાનમાંથી પૃથ્વી આદિ ચાર ભૂત જેને નામનો આશ્રય હોવાથી '**નામ**' કહ્યાં છે તે ઉત્પન્ન થાય છે. તેમાંથી '**રૂપ**' '[9]સિતાત્મક અને [10]અસિતાત્મક શુક્રશોણિત ઉત્પન્ન થાય છે. આલયવિજ્ઞાનના સંબંધથી ગર્ભગત શુક્રશોણિતની જે [11]કલલબુદ્બુદાવસ્થા તે '**નામરૂપ**' = ગર્ભની કલલબુદ્બુદાવસ્થા. વિજ્ઞાન, પૃથ્વી આદિ ચાર ભૂતો, અને રૂપ એ છ છે સ્થાન જે ઇન્દ્રિયસમૂહના તે ઇન્દ્રિયસમૂહ તે '**ષડાયતન**', કલલબુદ્બુદાવસ્થા થયા પછી છ ઇન્દ્રિયોના આયતનરૂપ શરીરાકારે ગર્ભગતજ પદાર્થનો પરિણામ તે ષડાયતન. નામ, રૂપ અને ઇન્દ્રિયોનો પરસ્પર સંયોગ તે '**સ્પર્શ**'. ગર્ભગતજ શરીરીનો શીત, ઉષ્ણ આદિનો અનુભવ તે સ્પર્શ. તેમાંથી સુખાદિનો અનુભવ તે '**વેદના**'. વેદના એટલે સુખ, દુઃખ આદિનો અનુભવ. વેદનામાંથી વિષયોની '**તૃષ્ણા**' ઉત્પન્ન થાય છે. ગર્ભસ્થજ શરીરીની સુખ પ્રાપ્ત કરવાની ઇચ્છા ને દુઃખ તજવાની ઇચ્છા તે '**તૃષ્ણા**'. તે તૃષ્ણાથી જે પ્રવૃત્તિ તે '**ઉપાદાન**'. તૃષ્ણાને અનુકૂલ જે વ્યાપાર તે '**ઉપાદાન**'. તેમાંથી '**ભવ**' (જેમાંથી જન્મ થાય તે) ધર્માદિ. તેમાંથી '**જાતિ**' એટલે દેહજન્મ, પંચસ્કન્ધસમુદાય. અથવા '**ભવ**' એટલે ગર્ભથી નિર્ગમન અને '**જાતિ**' એટલે ઉત્પન્ન થયેલા શરીરીનું જન્મ આપનારની જાતિને અનુસારે મનુષ્યત્વ આદિ જાતિ. જન્મેલા સ્કન્ધોનો પરિપાક તે '**જરા**'-સ્કન્ધ ને '**મરણ**' એટલે નાશ. પ્રિયમાણને પુત્ર આદિ જેહથી જે અન્તર્દાહ થાય તે '**શોક**'. મુમૂર્ષુ-મરવાની તૈયારીમાં આવેલા-ની ઇચ્છાનો નાશ તે શોક. ઇચ્છા પ્રતિહત થવાથી હા, પુત્ર, ઇત્યાદિ જે પ્રલાપ તે '**પરિદેવના**'. અનિષ્ટનો અનુભવ તે '**દુઃખ**'. બાહ્ય ઇન્દ્રિયે કરેલા વિષયના અનુભવથી ઉત્પન્ન થયલું જે દુઃખ તે '**દુઃખ**'; અને મનના વિષયના અનુભવથી ઉત્પન્ન થયલું દુઃખ તે '**દુર્મનસ્તા**', અર્થાત્, માનસી વ્યથા. '**એ પ્રકારનાં**' = માન, અપમાન

---

૧ ઇન્દ્રિયો. વિજ્ઞાન, પૃથ્વી આદિ ચાર ભૂતો અને રૂપ જેનું સ્થાન છે તે. ૨ પ્રવૃત્તિ. ૩ જન્મ. ૪ હા પુત્ર, ઇત્યાદિ પ્રલાપ. ૫ માનસી વ્યથા. ૬ ગર્ભમાં રહેલાનું. ૭ શુક્ર=વીર્ય; શોણિત=રુધિર. ૮ અસ્તિત્વપ્રાપ્તિ, આદ્યવિજ્ઞાન. ૯ શ્વેત. ૧૦ કૃષ્ણ. ૧૧ ગર્ભમાં જીવ રહ્યા પછીની વરતની સ્થિતિ ... પાંચ રાત થયા પછી કલલ બુદ્બુદાકાર થાને ... તે કલલ; અને पक्षात्रेण कललं बुद्बुदाकारतां व्रजेत्

કારણરૂપ બૌદ્ધસિદ્ધાન્તમાં ક્વચિત્ સંક્ષેપે અને ક્વચિત્ [1]પ્રપંચે દર્શાવ્યાં છે; અને ક
આદિ ઉપકારેલો આ પ્રમાણે પૂર્વપૂર્વ કારણોને અનુસારે ઉત્તરોત્તર કાર્ય ઉત્પન્ન થવાનો ચેતન
આધાર વિના પણ સંભવ હોવાથી અધિષ્ઠાતા ચેતનનું શું પ્રયોજન છે?' બુદ્ધમત પ્રમાણે પ્રતી-
ત્યસમુત્પાદ (એક વસ્તુની પ્રાપ્તિથી અન્યની ઉત્પત્તિ इदं प्रतीत्य प्राप्य इदमुत्पद्यते इति
એટલુંજ એમાં આવે છે. ચેતન અધિષ્ઠાન એમાં આવતું નથી) બે કારણોથી થાય
છે. [2]હેતુના ઉપનિબંધથી અને 'પ્રત્યયના ઉપનિબંધથી. તે વળી બે પ્રકારનો છે, બાહ્ય
અને આધ્યાત્મિક. તેમાં બાહ્ય પ્રતીત્યસમુત્પાદનો હેતૂપનિબંધ—જે આ બીજથી અંકુર,
અંકુરથી પત્ર, પત્રથી [3]કાણ્ડ, કાણ્ડથી [4]નાલ, નાલથી ગર્ભ, ગર્ભથી [5]શૂક, શૂકથી પુષ્પ
અને પુષ્પથી ફળ એમ (હેતુઓની રચના છે). બીજ ન હોય તો અંકુર ન થાય,
તેમજ પુષ્પ ન હોય તો ફળ ન થાય. તેમાં બીજને એવું જ્ઞાન નથી કે હું અંકુર ઉત્પન્ન
કરું છું એમજ ફળપર્યન્ત સમજવું. ફળને પણ એમ થતું નથી કે હું પુષ્પથી ઉત્પાદિત છું.
તેટલા માટે બીજાદિમાં ચૈતન્ય નથી અને અન્ય અધિષ્ઠાતા નથી તોપણ કાર્યકારણભાવનિયમ
દેખાય છે આ પ્રમાણે હેતૂપનિબંધ કહ્યો. હવે પ્રતીત્યસમુત્પાદનો પ્રત્યયોપનિબંધ કહીએ છીએ.
પ્રત્યય એટલે હેતુઓનો સમવાય. હેતુ હેતુ પ્રત્યે અન્ય હેતુઓ અય તે. તે જતા હેતુઓનો
અય તે પ્રત્યય. અર્થાત્ સમવાય-સમુદાય. જેમ છ [6]ધાતુઓના સમવાયથી બીજહેતુ અંકુર
ઉત્પન્ન થાય છે. તેમાં પૃથ્વીધાતુ બીજનું સંગ્રહકૃત્ય કરે છે, કે જેથી અંકુર કઠણ થાય છે;
જળધાતુ બીજને સ્નિગ્ધ કરે છે; તેજોધાતુ બીજને પરિપક્વ કરે છે; વાયુધાતુ બીજને વર્ધ
થાય છે જેથી અંકુર બીજમાંથી બહાર નીકળે છે; આકાશધાતુ બીજનું [7]અનાવરણકૃત્ય કરે
છે. ઋતુ પણ બીજનો પરિણામ કરે છે. એ રીતે આ બધા ધાતુઓનો સમવાય જે બીજને
ઘેરે છે ત્યારે અંકુર ઉત્પન્ન થાય છે, અન્યથા નહિ. તેમાં પૃથ્વી ધાતુને એમ નથી થતું કે હું
બીજનું સંગ્રહકૃત્ય કરું છું. તે ઋતુપર્યન્ત એમ સમજવું. ઋતુને પણ એમ નથી થતું કે હું
બીજનો પરિણામ કરું છું. અંકુરને પણ એમ નથી થતું કે હું આ પ્રત્યયોથી—કારણોથી ઉત્પન્ન
થયો છું. તેજ પ્રમાણે આધ્યાત્મિક પ્રતીત્યસમુત્પાદ પણ બે કારણથી થાય છે—૧ હેતૂપનિ-
બંધથી, અને ૨ પ્રત્યયોપનિબંધથી. તેમાં હેતૂપનિબન્ધ જે આ અવિદ્યાના પ્રત્યય સંસ્કાર છે
ત્યાંથી તે જાતિપ્રત્યય જરામરણાદિ છે ત્યાંસુધી. જો અવિદ્યા ન હોય તો સંસ્કાર ઉત્પન્ન ન
થાય. એજ પ્રમાણે જાતિપર્યન્ત સમજવું (સંસ્કાર ન હોય તો વિજ્ઞાન નહિ...ભવ ન હોય
તો જાતિ નહિ એમ). જાતિ ન હોત તો જરા, મરણ આદિ ઉત્પન્ન ન થાત. તેમાં અવિદ્યાને
એમ નથી થતું કે હું સંસ્કારોને ઉત્પન્ન કરું છું. સંસ્કારોને પણ એમ નથી થતું કે અમે અ-
વિદ્યાથી ઉત્પન્ન થયા છીએ. એમ જાતિને પણ એમ નથી થતું કે હું જરા, મરણ આદિ
ઉત્પન્ન કરું છું. જરા, મરણ આદિને પણ એમ નથી થતું કે અમે જાતિથી ઉત્પન્ન થયા છીએ.
પણ અવિદ્યા આદિ બધાં અચેતન છે તોપણ અને અન્ય ચેતનથી અનધિષ્ઠિત છે તોપણ સં-
સ્કાર આદિની ઉત્પત્તિ થાય છે; જેમ બીજાદિ પણ અચેતન છે તોપણ અને અન્ય ચેતનથી

૧ વિસ્તારે. ૨ કાર્યની ઉત્પત્તિ બે રીતે છે, હેતુને અધીન છે કે કારણસમુદાયને અધીન છે; હેતુને
અધીન હોય ત્યારે હેતૂપનિબંધ પ્રતીત્યસમુત્પાદ કહેવાય ને કારણસમુદાયને અધીન હોય ત્યારે પ્રત્યયોપનિબંધ
પ્રતીત્યસમુત્પાદ કહેવાય. ૩ કાન. ૪ નાળ. ૫ 'शूकोऽस्त्री श्लक्ष्णतीक्ष्णाग्रे' = યવાદિનો કૂચ અને ચીરું
સમવાય. ૬ પકવું. ૭ આવરણ ન કરવું, ખુલ્લું રાખવાનું કૃત્ય.

થયો એટલે સંઘાત [1]અર્થાક્ષિપ્ત છે ને તેથી ઉપપન્ન છે એમ કહેશો તો તે યુ
નથી. શાથી? કેમકે ઉત્પત્તિમાત્રનાં તે નિમિત્ત છે. જો સંઘાતનું કંઈ નિમિત્ત સ
જાતું હોય તો સંઘાત ઉપપન્ન થાય; પણ તે સમજાતું નથી; કારણ કે અવિદ્યા આ
પરસ્પર કારણભૂત છે તોપણ પૂર્વ પૂર્વ પ્રત્યે ઉત્તરોત્તરની ઉત્પત્તિમાત્રનું નિમિ
થાય તો થાય છે; પણ સંઘાતની ઉત્પત્તિનું કંઈ નિમિત્ત સંભવતું નથી. પણ અવિ
દ્યા આદિથી સંઘાત અર્થાત્ ગમ્યમાન થાય છે એમ કહ્યું છે. એને વિષે કહીએ
છીએ—અવિદ્યા આદિ સંઘાત વિના પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરતા નથી તેથી સંઘા
તની અપેક્ષા રાખે છે, એમ જો અભિપ્રાય હોય તો તે સંઘાતનું નિમિત્ત કહેવું
જોઈએ. તે નિત્ય, અણુ અને આશ્રયાશ્રયીભૂત ભોક્તા સ્વીકારતાં પણ સંભવતું નથી
એમ વૈશેષિકપરીક્ષામાં કહ્યું છે તો ક્ષણિક અણુઓ, જે ભોક્તૃરહિત અને આશ્રયાશ્રયિ-

દાય' ઇત્યાદિ. સિદ્ધાન્તભાગનું વ્યાખ્યાન કરે છે—'તે યુક્ત નથી' ઇત્યાદિ 'ઉત્પત્તિ
માત્રના તે હેતુ છે' ઇત્યાદિ. આનો અભિપ્રાય છે—જે હેતૂપનિબદ્ધ કાર્ય છે તેને અન્યની
અપેક્ષા નથી. કેમકે તેની ઉત્પત્તિ હેતુમાત્રને અધીન છે, એવું હેતૂપનિબદ્ધ કાર્ય ઉત્પન્ન થવા
દો: પણ પંચસ્કન્ધસમુદાય તો પ્રત્યયોપનિબદ્ધ છે એની ઉત્પત્તિ હેતુમાત્રને અધીન નથી; પણ
[2]નાના હેતુઓના [3]સમવધાનથી એની ઉત્પત્તિ થાય છે અને ચેતન સિવાય કારણોને અનિયમમાં
મૂકનાર નથી એમ કહ્યું છે. કારણોનું સમવધાન તેમનો [4]વિન્યાસ, ભેદ અને પ્રયોજન અનુસાર
પ્રેક્ષાપૂર્વક ચેતનથી થતું જોવામાં આવે છે. જો અનપેક્ષ, અન્ત્યક્ષણપ્રાપ્ત બીજાદિ અંકુરાદિ
ઉત્પન્ન કરે તો એ ક્રમે તો તેની પૂર્વના, તેની પૂર્વના એમ સર્વ બીજાદિ તે તે કાર્ય ઉત્પન્ન
કરવામાં અપેક્ષારહિતજ થાય. એમ થવાથી કોઠારમાંનો બીજક્ષણ એને સ્વકાર્યક્ષણપરમ્પરાથી
અંકુરની ઉત્પત્તિ માટે સમર્થ બીજક્ષણ ઉત્પન્ન કરતો છે ને બીજક્ષણ પણ પોતાનું કાર્ય ઉત્પન્ન
કરવામાં અનપેક્ષજ થાય. એમ તેની પછીના સર્વ બીજક્ષણો અનપેક્ષ થાય અને પેઢી દર પેઢી
કોઠારમાં મૂકેલા બીજથીજ કૃતકૃત્ય થાય. અનેકક્ષણપૂર્વ કૃષિકર્મ કરવાની એને જરૂરજ ન રહે;
કેમકે જે બીજક્ષણો સ્વક્ષણપરમ્પરાથી અંકુર ઉત્પન્ન કરવાનો છે તેની અપેક્ષારહિત આ ક્ષણપ-
રમ્પરા કોઠારમાંજ અંકુર ઉત્પન્ન કરશે તેટલા માટે અન્ત, આવ કે પૂર્વ ક્ષણો કાર્ય ઉત્પન્ન
કરવામાં પરસ્પર સાપેક્ષજ છે; અને કારણોનું સમવધાન ચેતનવગર થતું નથી તેથી એમ કહ્યું છે
કે 'જો સંઘાતનું કંઈ નિમિત્ત સમજાતું હોય તો સંઘાત ઉપપન્ન થાય.' અવિદ્યા આદિ
ઉત્તરોત્તર હેતુ છે એમ કબૂલ કરી સંઘાતનો હેતુ ન હોવાથી સંઘાત નહિ થાય એમ કહ્યું છે
તેમાં પૂર્વે કહેલું [illegible] દેખાડે છે—'પણ અવિદ્યા આદિથી સંઘાત અર્થાત્ ગમ્યમાન
થાય છે.' અવિદ્યા આદિ સંઘાતના [illegible] છે કે [illegible] છે? એ [illegible] સંઘાતનું ઉત્પ-
[illegible] કહેવું જોઈએ. તે નથી એમ કહે છે—'એને વિષે કહીએ છીએ' ઇત્યાદિ. 'આશ્ર-
યાશ્રયીભૂત'=અણુના આશ્રય એવો અર્થ છે. જે સ્થિર અને [illegible] છે તે
અને અણુસંઘાત કર્યો છે—[illegible] જો અદૃષ્ટ તેથી [illegible] છે—[illegible] પણ [illegible]
પક્ષમાં [illegible] સંઘાતનું [illegible] ન થવાથી [illegible] કંઈ નિમિત્ત
નથી એમ કહ્યું છે તો ક્ષણિકપક્ષમાં તે નહીં એમાં શું કહેવાનું રહ્યું! 'આશ્રયાશ્રયિશૂન્ય'
=કે 'આશ્રયાશ્રયશૂન્ય' એવો [illegible] છે. [illegible] તેથી રહિત [illegible]

[1] અર્થાત્ [illegible] [2] [illegible] [3] [illegible] [4] [illegible]

ધનો નિયમે સરખોજ ઉત્પન્ન થાય અથવા અનિયમે નરખો કે જુદો ઉત્પન્ન થાય. નિયમ સ્વીકારતાં મનુષ્યના [1]પુદ્ગલને [2]દેવત્વ, [3]તિર્યગ્યોનિત્વ કે નારકત્વની પ્રાપ્તિનો અભાવ પ્રાપ્ત થાય. અનિયમ સ્વીકારવાનાં પણ મનુષ્યનું પુદ્ગલ કદાચિત્ ક્ષણમાં હસ્તી થઈ દેવ કે પાછું મનુષ્ય થાય એમ પ્રાપ્ત થાય; અને એ બંને પણ સ્વીકારથી વિરુદ્ધ છે. વળી જેના ભોગને માટે સંઘાત થાય તે સ્થિર ભોક્તા તો વિદ્યમાન નથી એમ તારો સ્વીકાર છે. તેથી ભોગ ભોગનેજ માટે થશે, અન્યથી પ્રાર્થનીય થશે નહિ. તેમજ મોક્ષ મોક્ષનેજ માટે થશે. એટલે અન્ય મુમુક્ષુ થવો યુક્ત નથી. જો ભોગ અને મોક્ષ બંને અન્યથી પ્રાર્થિત થાય તો તે ભોગ અને મોક્ષને સમયે [4]અવસ્થાયી હોવા જોઈએ. પણ અવસ્થાયી હોવામાં ક્ષણિકત્વના સ્વીકારને વિરોધ આવે છે. તેટલા માટે અવિદ્યા આદિ માત્ર અન્યોન્યની ઉત્પત્તિનુંજ નિમિત્ત થાય તો થવા દો, પણ સંઘાત સિદ્ધ થશે નહિ; કેમકે ભોક્તાનો અભાવ છે એવો અભિપ્રાય છે ॥ ૧૯ ॥

સુખદુઃખ ઉત્પન્ન કરે છે તે આગન્તુક કંઈક પ્રાપ્ત કર્યા વિના સ્વતઃ ઉત્પન્ન કરે છે કે પ્રાપ્ત કરીને ઉત્પન્ન કરે છે ? જો આગન્તુક કંઈ નિમિત્ત પ્રાપ્ત કર્યા વિના ઉત્પન્ન કરે છે એમ માનીએ તો સર્વદા સુખદુઃખ ઉત્પન્ન કરે; કેમકે જે સમર્થ છે ને જેને અન્યની અપેક્ષા નથી તેને આક્ષેપ યુક્ત નથી. જો આગન્તુક નિમિત્ત પ્રાપ્ત કરી ઉત્પન્ન કરે તો તે પ્રાપ્તિનું કારણ પ્રેક્ષાવાન્ સ્વીકારવો પડશે તો પ્રતીત્યસમુત્પાદ પ્રત્યયોપનિબન્ધન થશે નહિ; તેટલા માટે સ્વજાતસન્તાન જેને આગન્તુકની અપેક્ષા નથી તેનાજ સ્વભાવનો સદૃશ કે વિસદૃશ ઉત્પત્તિમાં આશ્રય લેવો પડશે અને તેથી ભાષ્યમાં કહ્યું છે તે દૂષણ આવશે. નિયમે સદૃશ ઉત્પત્તિ થશે ને મનુષ્યશરીર કવચિત્ પણ દેવત્વ, પશુત્વ કે નારકત્વ પ્રાપ્ત નહિ કરે અથવા અનિયમે સદૃશ કે અસદૃશ ઉત્પત્તિ થશે ને મનુષ્યદેહ કવચિત્ ક્ષણમાં હસ્તી થઈ દેવ થશે કે પાછું મનુષ્ય થશે. આ પ્રમાણે સ્વભાવને નિયમિત અને અનિયમિત બન્ને લેવામાં અપસિદ્ધાન્ત થાય છે એવું તાત્પર્ય છે. 'પુદ્ગલ'= શરીર. જે પુરાય છે ને ગળે છે તે. વળી ભોક્તા ક્ષણિક છે એ પક્ષમાં ભોગ ને મોક્ષનો વ્યવહાર પણ દુર્ઘટ છે એમ કહે છે—'વળી જેના ભોગને માટે સંઘાત થાય' ઇત્યાદિ. જે જે ઇચ્છે તે તે કાળે ન હોય તો ઇચ્છા વ્યર્થ થાય ને હોય તો ક્ષણિકત્વનો ભંગ થાય એવો ભાવ છે. જેણે ભોગ પ્રાપ્ત કર્યો નથી એવો ભોગાર્થી ભોગ પ્રાપ્ત કરવાની ઇચ્છાથી તેના સાધનને વિષે પ્રવૃત્ત થાય છે એમ દરેક આત્મા વિષે સિદ્ધ છે. એ પ્રવૃત્તિ ભોગથી અન્ય, સ્થિર ભોક્તા જે ભોગ ને તેના સાધનને સમયે વ્યાપક છે તેને વિષે કલ્પાય છે; કંઈ અસ્થિર ભોક્તા કે ભોગથી અનન્ય—અભિન્નને વિષે નહિ. ભોગ કંઈ ભોગ પ્રાપ્ત કરવા સમર્થ થતો નથી કે એક ભોક્તા બીજાના ભોગ માટે સમર્થ થતો નથી. એમજ મોક્ષમાં પણ સમજવું. જો ભોગની ને મોક્ષની ઇચ્છાવાળાઓ સ્થિર છે એમ સ્વીકારો તો સ્વીકારેલા ક્ષણિકપક્ષનો વ્યાઘાત થાય, અસ્થિર છે એમ સ્વીકારતા પ્રવૃત્તિનો પ્રસંગ આવશે એવો અર્થ છે. પણ ભોક્તાના અભાવથી પ્રવૃત્તિ ઉપપન્ન થતી નથી તેથી કર્તાનો અભાવ છે તેથી કર્મનો અભાવ હોવાથી સંઘાત અસિદ્ધ છે એમ ઉપસંહાર કરે છે—'તેટલા માટે' ઇત્યાદિ ॥ ૧૯ ॥

---

૧ શરીર. ૨ પશુત્વ. ૩ નરકના પ્રાણીનો ભાવ. ૪ રહેનારો, સ્થિતિવાળો.

જો ભાવજ એનો વ્યાપાર છે એમ અભિપ્રાય છે તો તેમ પણ ઉપપન્ન થતું ન
કેમકે હેતુસ્વભાવથી [1]અનુપરક્ત થયલા ફળની ઉત્પત્તિનો સંભવ નથી. સ્વભા
ઉપરક્ત થાય છે એમ સ્વીકારીએ તો હેતુસ્વભાવ ફળકાળે અવસ્થાયી હોવ
ક્ષણભઙ્ગના સ્વીકારનો ત્યાગનો પ્રસંગ આવે છે. અથવા હેતુસ્વભાવથી ઉપર
થયા વિના ફળ ઉત્પન્ન થાય છે એમ હેતુફળભાવ સ્વીકારતાં સર્વત્ર તે પ્રાપ્ત થવા
અતિપ્રસંગ થશે. વળી ઉત્પાદ અને નિરોધ વસ્તુનાંજ સ્વરૂપજ હોય કે અન્ય અ
વસ્થા હોય કે અન્ય વસ્તુ હોય. સર્વથા પણ ઉપપન્ન થતું નથી. જો ઉત્પાદ અ
નિરોધ વસ્તુનાં સ્વરૂપજ હોય તો વસ્તુશબ્દ અને ઉત્પાદ અને નિરોધ શબ્દો પર્યા
થશે. ઉત્પાદ અને નિરોધ શબ્દોથી મધ્યવર્તી વસ્તુની આદિ અને અન્ત નામની
અવસ્થાઓ વાચ્ય થાય છે એમ જો કંઈક વિશેષ છે એમ મનાય, તો એમ પણ
વસ્તુને આદિ, અન્ત અને મધ્ય એમ ત્રણ ક્ષણ સાથે સંબન્ધ હોવાથી ક્ષણિકત્વ-

---

કારણનું અવસ્થાન અપેક્ષિત છે; પણ એ અવસ્થાન ક્ષણિકપક્ષમાં અનુપપન્ન છે એવો પરિહાર છે. લોકદૃષ્ટિથી દૂષણ દર્શાવ્યું છે. વ્યાપાર કરી થાકી ગયેલો કરીને કાર્ય કરતા લોકોમાં દેખાય છે. અર્થાત્, ભાવમાં સ્થિરત્વ આવે છે; નહિતર લોકના અનુભવથી વિરુદ્ધ થાય છે. શું કાર્યોત્પાદન નામનો હેતુનો વ્યાપાર ઉત્પત્તિથી [2]અતિરિક્ત છે કે [3]અનતિરિક્ત છે? આદ્ય પક્ષ યુક્ત નથી એમ કહી દ્વિતીય પક્ષની શંકા કરે છે—'જો ભાવજ એનો વ્યાપાર છે' ઇત્યાદિ. 'ભાવ' = ઉત્પત્તિ. તોપણ હેતુત્વની સંભાવના નથી એમ કહે છે—'તેમ પણ ઉપપન્ન થતું નથીજ'. ક્ષણિક અર્થ કારણ થતું નથી એમ સમજવું. નષ્ટ પણ નિમિત્ત થાય, પણ ઉપાદાન ન થાય. ક્ષણિકનો કારણભાવ ઉપપન્ન થતો નથી એમ કેમકે મૃત્તિકા આદિ ઘટાદિના કાળ વિષે અવિદ્યમાન હોય તો ઘટાદિ ઉત્પન્ન થાય છે ને વિદ્યમાન હોય તો કારણના ક્ષણિકત્વમાં હાનિ થાય છે. મૃત્તિકા, સુવર્ણ આદિ જેનાં કારણ છે એવા ઘટ, કુંડળ આદિ પદાર્થો મૃત્તિકાસ્વરૂપ અને સુવર્ણસ્વરૂપ છે એમ અનુભવ થાય છે. જો કાર્યસમયે કારણ અવિદ્યમાન હોય તો કાર્યના કારણસ્વરૂપનો અનુભવ શી રીતે થાય? કાર્ય કારણસદૃશ છે, કારણાત્મક નથી એમ કહેવું પણ યુક્ત નથી. કેમકે કોઈ રૂપના અનુગમ-ઉપરાગ થયા વિના સાદૃશ્ય પણ અનુપપન્ન છે. અનુગમ થાય એટલે તેજ કારણ કાર્ય થાય. અર્થાત્, કારણાત્મક કાર્ય થાય છે એટલે અક્ષણિકત્વ સિદ્ધ થાય છે. સર્વથા કાર્ય અને કારણ વિલક્ષણ હોય તો હેતુફળભાવ ઘટાદિને વિષે પણ પ્રાપ્ત થાય એટલે અતિપ્રસંગ થાય એમ કહે છે—'અથવા હેતુસ્વભાવથી ઉપરક્ત થયા વિના' ઇત્યાદિ. વળી ક્ષણિકવાદ પણ અસિદ્ધ છે એમ કહે છે—'વળી ઉત્પાદ અને નિરોધ' ઇત્યાદિ. ત્રણે વિકલ્પમાં વસ્તુ ક્ષણિક થવાનો પ્રસંગ આવે એવો અર્થ છે. ઉત્પાદ અને નિરોધ વસ્તુનું સ્વરૂપ હોય તો વસ્તુને વિષે તેમનો અન્તર્ભાવ થવાથી વસ્તુ પણ અનાદિ અને અનન્ત, અર્થાત્, સ્થાયી એ પક્ષ છે. બીજો પક્ષ કહે છે—'જો ઉત્પાદ અને નિરોધ શબ્દોથી' ઇત્યાદિ. એ પક્ષ ભિન્ન છે એમ કહે છે—'એમ પણ વસ્તુને' ઇત્યાદિ. ઉત્પાદ અને નિરોધ રૂપે વસ્તુને સંબંધ થવાથી તેના ક્ષણિકત્વનો ભંગ થાય; કેમકે અવિદ્યમાનને સંબંધ અનુપપન્ન છે, અને વિદ્યમાનના સ્વીકારમાં અક્ષણિકત્વજ આવે છે.

---

૧ ન સ્વાત્મક. એમાં હેતુસ્વભાવનો અનુગમ થયો નથી એમ. ૨ ભિન્ન. ૩ અભિન્ન.

उत्तरोत्पादे च पूर्वनिरोधात् ॥ २० ॥

અને ઉત્તર (ક્ષણિક કાર્ય) ઉત્પન્ન થશે એટલે પૂર્વનો (ક્ષણિક કાર્યનો) નિરોધ[૧] થાય છે તેથી (સંઘાત સિદ્ધ થતો નથી) ॥ ૨૦ ॥

અવિદ્યા આદિ (પરસ્પર) ઉત્પત્તિમાત્રનાં નિમિત્ત છે તેથી સંઘાત સિદ્ધ થતો
નથી એમ કહ્યું છે. પણ તે ઉત્પત્તિમાત્રનાં નિમિત્ત છે એ પણ સંભવતું નથી એ-
હવે ઉપપત્તિથી પ્રતિપાદન કરે છે. ક્ષણભંગવાદીનો આ સ્વીકાર છે કે ઉત્તર 'ક્ષણ
ઉત્પન્ન થાય છે એટલે પૂર્વ ક્ષણ નાશ પામે છે. એમ સ્વીકાર કરનાર પૂર્વ અને ઉ-
ત્તર ક્ષણનો [૩]હેતુફળભાવ સંપાદન કરી શકશે નહિ; કેમકે નાશ પામતું કે નાશ પા-
મેલું પૂર્વ ક્ષણિક કાર્ય અભાવગ્રસ્ત થવાથી ઉત્તર ક્ષણિક કાર્યનું કારણ ઉપપન્ન થઈ
શકતું નથી. જો ભાવભૂત, સિદ્ધ અવસ્થાવાળું પૂર્વ ક્ષણિક કાર્ય ઉત્તર ક્ષણિક કા-
ર્યનો હેતુ છે એવો અભિપ્રાય હશે તો તેમ પણ ઉપપન્ન થશે નહિ; કેમકે ભાવભૂ-
તને ફરી વ્યાપાર કલ્પવામાં અન્ય ક્ષણ સાથે સંબન્ધનો પ્રસંગ આવે છે.

કાર્યનો [૪]સમુત્પાદ બે પ્રકારનો બૌદ્ધને સમત છે, હેત્વધીન અને કારણસમુદાયાધીન. તેમાં
અવિદ્યાથી સંસ્કાર તેથી વિજ્ઞાન ઇત્યાદિ પહેલા પ્રકારનો છે અને પૃથિવી આદીના સમુદાયથી
શરીર છે એ બીજા પ્રકારનો છે. તેમાં પહેલાનો અંગીકાર કરીને બીજાને સંઘાતકર્તાના અભા-
વથી દૂષિત કર્યો. વળી હવે સૂત્રકાર પહેલાને દૂષિત સિદ્ધ કરે છે—'उत्तरोत्पादे च' ઇત્યાદિ
હેતૂપનિબન્ધન પ્રતીત્યસમુત્પાદનો અંગીકાર કરી પ્રત્યયોપનિબંધન પ્રતીત્યસમુત્પાદ દૂષિત છે એમ
દર્શાવ્યું હવે હેતૂપનિબન્ધનને પણ દૂષિત કરે છે. અવિદ્યા આદિમાં પૂર્વપૂર્વનું ઉત્તરોત્તર પ્રત્યે
હેતુત્વ સ્વીકારી સંઘાતપ્રાપ્તિ સંભવતી નથી એમ કહ્યું. હવે ક્ષણિક અવિદ્યાનું કારણત્વજ સં-
ભવતું નથી એમ કહે છે—'ઉત્તરક્ષણ ઉત્પન્ન થાય છે એટલે' ઇત્યાદિ. ક્ષણિક અર્થ
બૌદ્ધો 'ક્ષણ' કહે છે. બૌદ્ધ મતમાં 'ક્ષણ' પદથી ઘટાદિ પદાર્થનુંજ અભિધાન થાય છે
તેથી અતિરિક્ત ક્ષણ નામનો કંઈ કાળ નથી. પદાર્થોની ઉત્પત્તિ અને નાશ વચ્ચે કંઈ વ્યવધા
નથી. વૈશેષિકોની પેઠે વૈનાશિકો [૫]નિરોધકારણનું સાંનિધ્ય તે નિરુધ્યમાનતા એમ સ્વીકારતા નથી
કેમકે તેઓ (વૈનાશિકો) અકારણ નાશ સ્વીકારે છે તેથી તેમને નિરોધકારણનું સાંનિધ્ય છે
નથી. તેટલા માટે નિરુધ્યમાન—'**નાશ પામતું**' એટલે અચિરનિરુદ્ધ-તરત નાશ પામેલું અ
નિરુદ્ધ-'નાશ પામેલું' એટલે ચિરનિરુદ્ધ-ચિર કાળથી નાશ પામેલું એમ સમજવું. તેથી ન
વિનાશગ્રસ્ત હોવાથી હેતુત્વની અનુપપત્તિ છે. પણ કાર્યકાળને વિષે વિનાશવ્યાપ્ત છે તોપ
પૂર્વ ક્ષણે વિદ્યમાન છે તેથી ક્ષણિકાર્ય હેતુ થઈ શકશે, તેના હેતુત્વને કંઈ હાનિ નથી એમ શં
કરે છે—'**જો ભાવભૂત, સિદ્ધ અવસ્થાવાળું**' ઇત્યાદિ. કાર્યની ઉત્પત્તિપૂર્વ કારણની 'સા-
પ્રયોજનવાળી છે, કાર્યકાળે નહિ; કેમકે તે વખતે કાર્ય સિદ્ધ હોવાથી તેની સિદ્ધિ માટે
સત્તા અનુપયોગી છે. '**ભાવભૂત**'=સદ્રૂપ. શંકાનો પરિહાર કરે છે—'**ભાવભૂતને ફ**
વ્યાપાર કલ્પવામાં' ઇત્યાદિ. કાર્યને અનુકૂલ વ્યાપારોથી યુક્તજ કારણે કાર્યજનક થાય છે
તેથી કાર્યોત્પત્તિની પૂર્વે કારણવ્યાપારનો આશ્રય થાય છે તેથી વ્યાપારની ઉત્પત્તિ પછી ય

૧ નાશ. ૨ ક્ષણિક કાર્ય. ૩ કાર્યકારણભાવ ઘટાવી શકશે નહિ. ૪ ઉત્પત્તિ. ૫ [illegible]
૬ દબાવી.

નંતર ઉત્પન્ન થાય. જ્યાંસુધી ઉત્તરક્ષણની ઉત્પત્તિ છે ત્યાંસુધી પૂર્વક્ષણ અવસ્થિત રહેશે એમ કહેશો તો હેતુ અને ફળ સમાનકાલીન થાય. તોપણ પ્રતિજ્ઞાને બાધ આવે. સર્વ સંસ્કાર ક્ષણિક છે એ પ્રતિજ્ઞાને બાધ આવે ॥ ૨૧ ॥

प्रतिसंख्याप्रतिसंख्यानिरोधाप्राप्तिरविच्छेदात् ॥ २२ ॥

પ્રતિસંખ્યાનિરોધ અને અપ્રતિસંખ્યાનિરોધનો અસંભવ છે, અવિચ્છેદથી ॥ ૨૨ ॥

વળી વૈનાશિકો એવી કલ્પના કરે છે કે જે બુદ્ધિબોધ્ય, ઉત્પાદ્ય અને ક્ષણિક છે તે વસ્તુથી અન્ય છે: અને તે ત્રણ તે પ્રતિસંખ્યાનિરોધ, અપ્રતિસંખ્યાનિરોધ અને આકાશ એમ કહે છે. વળી એ ત્રણ અવસ્તુ, અભાવમાત્ર, [1]નિરુપાખ્ય છે એમ માને છે. ભાવોનો બુદ્ધિપૂર્વક વિનાશ પ્રતિસંખ્યાનિરોધ છે અને તેથી વિપરીત તે અપ્રતિસંખ્યાનિરોધ અને આવરણનો અભાવમાત્ર તે આકાશ એમ તેમનું ભાષ્ય છે. તેઓમાંના આકાશનું આગળ પ્રત્યાખ્યાન કરીશું. બંને નિરોધનું હમણાં

'જ્યાંસુધી ઉત્તર ક્ષણની' ઇત્યાદિ ઉત્પત્તિ સહેતુક છે એ પક્ષમાં અન્વયી મૃદાદિ કારણનું સ્વીકારવાથી ક્ષણિકત્વપ્રતિજ્ઞાની હાનિ થાય. ... તો ક્ષણિકત્વની હાનિ થાય. 'સંસ્કાર'=ઉત્પત્તિમાન્ ભાવ. ઉત્પત્તિ ઉત્પદ્યમાનસાથી અભિન્ન સંસ્કાર કે વાસના કહેવાય છે કારણ કે તેના વિષય તરીકે કર્મવ્યુત્પત્તિથી સંસ્કાર કહેવાય છે. બૌદ્ધમતે પૂર્વક્ષણજ હેતુભૂત તેના કાર્યરૂપ ... સર્વ સંસ્કાર ક્ષણિક છે એવો પ્રતિજ્ઞાનો અર્થ છે ॥ ૨૧ ॥

આ અધિકરણના પ્રથમ બે સૂત્રોથી સમુદાયનું નિરસન કર્યું. પછીનાં બે સૂત્રોથી કાર્યકારણભાવ અને ક્ષણિકત્વનું નિરસન કર્યું. હવે બૌદ્ધને અભિમત બે પ્રકારના વિનાશનું દૂષણ કહે છે—'પ્રતિસંખ્યા' ઇત્યાદિ. ઉત્પાદ્ય, બુદ્ધિબોધ્ય, અર્થાત્ પ્રમેયમાત્ર, ત્રણ વસ્તુનો સમુદાય, જે દુષ્પ્રરૂપ છે તેથી ભિન્ન છે. તે ત્રણ વસ્તુનો સમુદાય શો છે તે કહે છે—'અને તે ત્રણ' ઇત્યાદિ. 'પ્રતિસંખ્યાનિરોધ' = સંખ્યા એટલે બુદ્ધિ. પ્રતિસંખ્યા એટલે પ્રતિકૂળ બુદ્ધિ. ભાવને પ્રતિકૂળ બુદ્ધિ. વિદ્યમાન પદાર્થને અવિદ્યમાન કરું એવા પ્રકારની બુદ્ધિ તે પ્રતિસંખ્યા. તેથી કોઈકો વિનાશ કોઈ ભાવોનો થાય છે ને પ્રતિસંખ્યાનિરોધ. ઘટનો નાશ કરું એવી બુદ્ધિથી દંડાદિ ફેંકી કરી વિદ્યમાન જે ઘટનાશ તે પ્રતિસંખ્યાનિરોધ. એજ સર્વલોકપ્રસિદ્ધ સ્થૂલ વિનાશ છે. આ પ્રમાણે પ્રતિસંખ્યાનિરોધ એટલે બુદ્ધિપૂર્વક વિનાશ તેથી ઉલટો અબુદ્ધિપૂર્વક પોતાની મેળે નાશ પામે એવા અંકુર સ્તંભાદિનો નાશ તે અપ્રતિસંખ્યાનિરોધ. પ્રતિક્ષણ ઘટાદિનો જે વિનાશ થાય છે, જે યુક્તિથી સાધી શકાય છે, પણ અનુભવરૂપે જેને સમજી શકતા નથી એવો સૂક્ષ્મ વિનાશ તે અપ્રતિસંખ્યાનિરોધ. 'આવરણ'= વસ્તુ, દિવાલ વગેરે. 'આગળ'='आकाशे चाविशेषात्' (૨।૨।૨૪) એ સૂત્રમાં આકાશનું પ્રત્યાખ્યાન કરશે. જોકે પ્રતિસંખ્યાનિરોધ વેદાન્તસિદ્ધાન્તમાં પણ સ્વીકારેલો છે, તોપણ

1 પદાર્થોનો બુદ્ધિપૂર્વક વિનાશ. 2 પદાર્થોનો પોતાની મેળે થતો વિનાશ. 3 નિઃસ્વરૂપ.

આવે છે. જેમાં પ્રત્યભિજ્ઞાન અસ્પષ્ટ છે એવી અવસ્થાઓમાં પણ કવચિત્ અન્વયીનો અવિચ્છેદ દેખાય છે તેથી અન્યત્ર પણ તેનું અનુમાન થાય છે. તેટલા માટે 'પરે[1] પરિકલ્પેલા બંને નિરોધો અનુપપન્ન છે ॥ ૨૨ ॥

उभयथा च दोषात् ॥ २३ ॥

બંને રીતે દોષથી (આ બૌદ્ધ દર્શન અઘટિત છે) ॥ ૨૩ ॥

પ્રતિસંખ્યાનિરોધની અન્તર્ભૂત થયેલો જે આ અવિદ્યાદિનો નિરોધ પરપરિકલ્પિત છે તે 'પરિકરયુક્ત સમ્યગ્જ્ઞાનથી છે કે આપોઆપ છે. પ્રથમ વિકલ્પમાં નિર્હેતુક વિનાશના સ્વીકારને હાનિ થવાનો પ્રસંગ આવશે. બીજા વિકલ્પમાં માર્ગોપદેશ અનર્થક થવાનો પ્રસંગ થાય છે. એમ બંને રીતે દોષના પ્રસંગથી આ દર્શન અઘટતું છે ॥ ૨૩ ॥

અથવા જલબિન્દુનું શું અન્વયી રૂપ જોવામાં આવે છે કે જેથી એનો નિરન્વય નાશ ન થાય તેથી કહે છે — 'જેમાં પ્રત્યભિજ્ઞાન અસ્પષ્ટ છે એવી અવસ્થાઓમાં પણ' ઇત્યાદિ. અહિં પણ એવું અનુમાન કરવું યુક્ત છે કે તે જલબિંદુને તેજ મેઘરૂપ થવા માટે સૂર્યમંડળમાં લય છે એવું અનુમાન યુક્ત છે, કેમકે મૃત્તિકાદિ અન્વયીઓનો અવિચ્છેદ જોવામાં આવે છે. વળી આમ કહેવું શક્ય છે કે — 'उदबिन्दौ च सिन्धौ च तोयभावो न भिद्यते । विनष्टेऽपि ततो बिन्दावस्ति तस्यान्वयोऽम्बुधौ ॥' (જલબિન્દુમાં કે સિન્ધુમાં જલભાવ ભિન્ન નથી; તેથી બિંદુ નાશ પામે તોપણ સમુદ્રમાં તેનો અન્વય છે) એમ. તેટલા માટે કવચિત્ પણ નિરન્વય નાશ નથી એમ સિદ્ધ થયું. ભાવનું સ્થાયિત્વ છે તેથી પ્રતિક્ષણનિરોધનો અસંભવ છે એમ ઉપસંહાર છે — 'તેટલા માટે' ઇત્યાદિ ॥ ૨૨ ॥

પ્રતિસંખ્યાનિરોધમાં અન્તર્ભૂત થયેલા અવિદ્યાદિનિરોધનું નિરસન કરે છે — 'उभयथा च दोषात्.' 'घटमहं जानामि (હું ઘટ જાણું છું) એવા આકારનું સવિકલ્પક જ્ઞાનજ બૌદ્ધમતે અવિદ્યા છે. તેની નિવૃત્તિ થવાથી નિર્વિકલ્પક આલયવિજ્ઞાનસંતતિ પરિશેષ છે, તેજ મોક્ષ છે. સ્વભાવથી આલયવિજ્ઞાન નિર્વિકલ્પકજ છે. વાસના આદિ ઉપાધિસંપન્ન આલયવિજ્ઞાન સવિકલ્પક થાય છે. એવા આકારનું વિચારપૂર્વક અનુસંધાન તે પરિકર. તે પરિકરવાળા થયે પ્રાથમિક વિશુદ્ધ આલયવિજ્ઞાનની ઉત્પત્તિ તે 'સમ્યગ્જ્ઞાન'. 'પરિકર' = એટલે સમ્યગ્જ્ઞાનની સામગ્રી, યમનિયમાદિ[2] અને શ્રવણમનનાદિ. એ અવિદ્યાદિનિરોધ પોતાની મેળેજ થાય તો સર્વં ક્ષણિક છે ઇત્યાદિ ભાવનોપદેશ વ્યર્થ થાય એમ કહે છે — 'બીજા વિકલ્પમાં' ઇત્યાદિ. 'માર્ગોપદેશ' = સર્વં ક્ષણિક છે એવો ભાવનાનો ઉપદેશ. ચાર પ્રકારની ભાવનાથી બૌદ્ધો પરમપુરુષાર્થ પહોંચે છે. ચતુર્વિધ ભાવના આ પ્રમાણે છે — 'સર્વં ક્ષણિક છે, ક્ષણિક છે'; 'સર્વં દુઃખકારક છે, દુઃખકારક છે'; 'સર્વં સ્વલક્ષણ છે, સ્વલક્ષણ છે'; 'સર્વં શૂન્ય છે, શૂન્ય છે'. ॥ ૨૩ ॥

---

૧ બૌદ્ધ ૨ યમ, નિયમ, આદિ.

એને આત્માજ જેનો એક કર્તા છે એમ 'પ્રતિસંધાન કરતો વૈનાશિક ક્ષણભંગવાદી થતાં કેમ નહિ શરમાય? તે જો એમ કહે કે સાદૃશ્યથી એમ પ્રતિસંધાન થાય છે તો તે પ્રત્યે એમ કહેવું કે 'तेन इदं सदृशम्' (આ તેના જેવું છે) એમ સાદૃશ્ય બેને અધીન હોવાથી બે સદૃશ વસ્તુઓનો ગ્રહીતા ક્ષણભંગવાદીને મતે એક ન હોવાથી સાદૃશ્યને લીધે એ પ્રતિસંધાન છે એવો મિથ્યા પ્રલાપજ થશે. જો પૂર્વ અને ઉત્તર ક્ષણના સાદૃશ્યનો એક ગ્રહણ કરનાર હોય તો એમ હોવાથી એકના બે ક્ષણ પર્યન્ત અવસ્થાનથી ક્ષણિકત્વપ્રતિજ્ઞાને બાધ આવે. 'तेन इदं सदृशम्' (આ તેના જેવું છે) એમ અન્ય પ્રતીતિજ છે, પૂર્વ અને ઉત્તર એ બે ક્ષણને ગ્રહણ કરવાનું નિમિત્ત નથી એમ જો કહેશો તો તે યુક્ત નથી; કેમકે तेन इदम् (તેની સાથે આ) એમ ભિન્ન પદાર્થનું ગ્રહણ છે. જો અન્ય પ્રતીતિજ સાદૃશ્ય વિષે થાય

પ્રતિપત્તિઓ આત્મકર્તૃક છે એમ પ્રતિસંધાન કરતો વૈનાશિક ક્ષણભંગવાદી શું એમ કહેતાં કેમ શરમાતો નથી?' અત્ર કોઈ શંકા કરે કે જેમ દીપજ્વાલા એક નથી તોપણ પ્રત્યભિજ્ઞાન થાય છે તેનો સાદૃશ્ય હેતુ છે તેમ આત્માને વિષે પ્રત્યભિજ્ઞાન સાદૃશ્યદોષથી થાય છે, એ સાદૃશ્ય-કૃત ભ્રાન્તિ છે—આવી જો કોઈ શંકા કરે તો તેનું નિરાકરણ કરે છે—'તે જો એમ કહે કે' ઇત્યાદિ ધર્મી (જે બે પદાર્થો સદૃશ છે તે) જે 'પ્રતિયોગી તેને સાદૃશ્યજ્ઞાન અધીન છે તેથી સ્થિર જ્ઞાતા ન હોવાને લીધે સાદૃશ્યજ્ઞાન સંભવતું નથી; ને થાય તો અપસિદ્ધાન્ત થાય એમ શંકાનો પરિહાર કરે છે—'તે પ્રત્યે એમ કહેવું' ઇત્યાદિ. વળી શંકા કરે છે કે એ સાદૃશ્યજ્ઞાન નથી કે જે પૂર્વોત્તર બે વસ્તુના જ્ઞાનથી ઉત્પન્ન થાય છે અને તે તેના સાદૃશ્ય સાથે જેને સંબન્ધ છે. ત્યારે એ શું છે' તો તો કોઈ વિકલ્પપ્રતીતિ છે અને એ વિકલ્પ પોતાના આકારનેજ માત્ર વિષય તરીકે માને છે. અને અન્ય ક્ષણને સ્પર્શ કરતો નથી તેથી તત્ત્વતઃ પૂર્વ અને અપર એવા બે ક્ષણ નથી કે તેનું સાદૃશ્ય તે ગ્રહણ કરતો નથી તો અનેકના દ્રષ્ટા એક સ્થિર આત્માનો શી રીતે પ્રસંગ આવશે. સ્થિર દ્રષ્ટાની અપેક્ષા નથી. આ પ્રમાણે શંકા કરે છે—"'तेन इदं सदृशम्' એમ અન્ય પ્રતીતિજ છે" ઇત્યાદિ. શું કહેવું યુક્ત છે કે સાદૃશ્યપ્રત્યયમાં 'तेनेदं सदृशम्'-તેની સાથે આ સરખું છે—એમ બન્ને વસ્તુઓનો ભાસ થાય છે કે નહિ? નહિ એમ જો કહેશો તો સ્વાનુભવથી વિરુદ્ધ થશે. વળી વસ્તુનો ભેદ ન હોય તો ત્રણ પદનો પ્રયોગ ન થાય તેટલા માટે ત્રણ પદો પરસ્પર 'પદાર્થ' [illegible] ભિન્ન પદાર્થનું ભાન થયાથી સમાન-ભાન નથી થતું એમ કહેવું-અસિદ્ધ છે એમ શંકાનો પરિહાર કરે છે—'તે યુક્ત નથી; કેમકે' ઇત્યાદિ. ભિન્ન પદાર્થથી [illegible] તમે વિકલ્પપ્રતીતિ કહો છો તેનો [illegible] થાય છે તેમાં તે ભિન્ન પદાર્થ નથી એમ કહે-નાર સ્વાનુભવથી વિરુદ્ધ કહે છે. તેમજ એકજ [illegible] ભિન્ન [illegible] કેમકે એકત્વને વિરોધ આવે છે. તેટલુંજ જ્ઞાન છે (જેટલા આકાર છે તેટલાં જ્ઞાન છે) એમ કહેવું પણ યુક્ત નથી. કેમકે તેમ થવાથી [illegible]

[illegible]

તો તેનેદં 'સદૃશમ્' (આ તેના જેવું છે) એવો વાક્યપ્રયોગ અનર્થક થાય. સાદૃશ્યમ્ (સાદૃશ્ય) એવોજ પ્રયોગ પ્રાપ્ત થાય. ખરેખર, જ્યારે લોકપ્રસિદ્ધ પદાર્થનું પરીક્ષકો પરિગ્રહણ ન કરે ત્યારે સ્વપક્ષની સિદ્ધિ કે પરપક્ષનો દોષ, બંને કહે-

---

મનો પરસ્પર સંબંધરૂપ જ્ઞાન ન હોવાથી ભિન્ન જ્ઞાન છે એમ કહેવાયજ નહિ. તેટલા માટે પૂર્વ અને અપર ક્ષણ અને તેનુ સાદૃશ્ય એ જ્ઞાનનો વિષય છે એમ કહેવું યુક્ત છે; અને એ પૂર્વ અને અપર ક્ષણમાં અવસ્થાયી એવા એક જ્ઞાતા વિના સંભવતું નથી એટલે ક્ષણભંગવાદના ક્ષયનો પ્રસંગ આવે છે. જો એમ કહેશો કે 'તેનેદં સદૃશમ્'—તેની સાથે આ સદૃશ છે—એમાં ત્રણ વસ્તુ ભાસે છે પણ તે પ્રતીતિથી અભિન્નજ છે, બાહ્ય વસ્તુ નથી, એમાં 'તે' ને 'એ' એવા પદાર્થો નથી કે તે એનું સાદૃશ્ય વિવક્ષિત નથી, પણ જ્ઞાનનો એવો આકાર કલ્પેલો છે એમ જો કહેશો તો તે યુક્ત નથી. ત્રણ વસ્તુઓ એકજ જ્ઞાન છે, એમ કહેશો તો તેઓ પરસ્પર ભિન્ન નથી એવો પ્રસંગ આવશે. એ ઇષ્ટાપત્તિ છે—ઇષ્ટ પ્રસંગ છે—એમ કહેતા વિજ્ઞાનવાદી પ્રત્યે કહે છે 'ખરેખર, જ્યારે લોકપ્રસિદ્ધ પદાર્થં' ઇત્યાદિ. 'તેનેદં સદૃશમ્' [illegible] આ સદૃશ છે—એમાં વસ્તુત્રય જ્ઞેય છે અને તે સાદૃશ્યપ્રતીતિથી ભિન્ન છે એમ સર્વલોકપ્રસિદ્ધ છે. તે ભલે હો, સ્થાયી દ્રષ્ટાનો પ્રસંગ આવશે એવા ભયથી, નહિ સ્વીકારે તો તે તે આકારવાળાં ક્ષણિકવિજ્ઞાનોનો પરસ્પર સંબંધ ન હોવાથી એક ધર્મીને વિષે વિરુદ્ધ અનેક પક્ષની સ્ફુરણારૂપ વિપ્રતિપત્તિનો અસંભવ થવાથી સ્વપક્ષની સાધના કે પરપક્ષનો આક્ષેપ ઇત્યાદિ વ્યવહાર લુપ્ત થાય, તેટલા માટે અનુભવને અનુસરી જ્ઞાન અને જ્ઞેયનો ભેદ સ્વીકારવો જોઈએ. તેથી 'તેનેદં સદૃશમ્' એમ બાહ્ય પદાર્થનું જ્ઞાનપૂર્વક સાદૃશ્ય [illegible] સ્વસંવિત્ત દુર્વાર છે એવો અર્થ છે. તાત્પર્ય આ પ્રમાણે છે—વિજ્ઞાનને વિષે [illegible] અનેક આકાર કલ્પ્યો છે તે પણ કલ્પિત આકાર વિજ્ઞાનથી ભિન્ન છે કે નહિ તે કહેવું જોઈએ. કેમકે તે અનિર્વચ્ય છે એવો પણ બૌદ્ધ સ્વીકારતો નથી. હવે જો કલ્પિત આકાર વિજ્ઞાનથી ભિન્ન હોય તો અન્ય જ્ઞાનની પેઠે અકલ્પિત થાય. તેમજ 'તેનેદં સદૃશમ્' એમાં [illegible] એક જ્ઞાનથી અભિન્ન છે એમ સ્વીકારતાં પરસ્પર પણ અભિન્ન થાય. તેથી [illegible] પદાર્થો સિદ્ધ છે તેનો નિષેધ થાય, જ્ઞાનથી જ્ઞેયનો ભેદ પ્રસિદ્ધ છે તેનો પણ નિષેધ થાય અને તેમ થયે સ્વપક્ષની સિદ્ધિ અને પર પક્ષનો આક્ષેપ અસિદ્ધ થાય. એક અધિકરણને વિષે બે વિરુદ્ધ અર્થનો સ્વીકાર એ વિવાદ છે. તેમાં એક સ્વપક્ષ [illegible] છે અને અન્ય તેના સાધનને દૂષિત કરે છે અને [illegible] બાહ્ય આલંબન ન હોય અને [illegible] નથી [illegible] (બંને) [illegible] અને [illegible] છે [illegible] વિષય થતો નથી. કેમકે આ- [illegible] અનિર્વચ્ય [illegible] વિષય નથી. તેમજ [illegible] અનિર્વચ્યનો પ્રસંગ [illegible] અને પર પક્ષનો [illegible] 'તેનેદં સદૃશમ્' [illegible] 'તે' ને 'આ' [illegible]

થાય તોપણ તે યથાર્થ તરીકે પરીક્ષકોના કે પોતાના બુદ્ધિસંતાનમાં આવશે નહિ
એ પદાર્થ આવોજ છે એમ જે નિશ્ચિત છે તેજ કહેવું જોઈએ. તેથી અન્ય કહેવા
તો તે માત્ર પોતે બહુ પ્રલાપી છે એવું પ્રસિદ્ધ કરે. વળી સાદૃશ્યથી એ વ્યવહા
છે એ પણ યુક્ત નથી: કેમકે તે હોવાપણાનું જ્ઞાન છે, તેના સદૃશ હોવાપણાનું જ્ઞાન
નથી. બાહ્ય વસ્તુને વિષે 'વિપ્રલંભના સંભવથી તેજ આ છે કે તેના જેવી છે એમ
કદાચિત્ સંશય થાય પણ ખરો; પણ ઉપલબ્ધાને વિષે તો તેજ હું છું કે તેના જેવો

આકાર છે એ મતનું નિરાકરણ કર્યું હવે બાહ્ય અર્થ છે, પણ તે ક્ષણિક અર્થ, નિર્વિકલ્પક જ્ઞાનને વિષે પ્રકાશે છે. પણ સવિકલ્પક જ્ઞાનમાં જે વિકલ્પો છે તે તદ્દન સાદૃશ્ય આદિ આકારે ભાસે છે. તેથી વિપ્રતિપત્તિ આદિ વ્યવહાર સિદ્ધ થશે એમ બાહ્યાર્થવાદની આશંકા કરી તેનું નિરસન કરે છે—'એ પદાર્થ આવોજ છે' ઇત્યાદિ. બાહ્ય પદાર્થ છે તો ખરા, પણ તે ક્ષણિક પદાર્થો નિર્વિકલ્પકજ્ઞાનમાત્ર છે. સાદૃશ્ય, સ્થાયિત્વ આદિ બાહ્ય પદાર્થો સવિકલ્પકજ્ઞાનથી આરોપ્ય છે તે કલ્પેલા ભાસે છે. એટલે વિપ્રતિપત્તિ આદિ વ્યવહાર થશે એવો શંકાનો આશય છે. તેનું નિરાકરણ આ પ્રમાણે છે—જે પ્રમાણસિદ્ધ છે તેજ કહેવું જોઈએ. બાહ્ય અર્થ ક્ષણિક છે તેને વિષે કંઈ પ્રમાણ નથી. વર્તમાનપદાર્થવિશિષ્ટ પ્રત્યક્ષજ્ઞાન તે પદાર્થના [1]અવર્તમાનત્વની વ્યાવૃત્તિ અનુમેય કરાવતું નથી: કેમકે તે પ્રત્યક્ષ, જે વર્તમાનતાવિશિષ્ટ છે તે, અન્ય સમયની વ્યાવૃત્તિ છે એમ તેજ સમયે અનુમેય કરાવે કે અન્ય સમયે! પ્રથમ વિકલ્પમાં અમારા પક્ષને હાનિ નથી. કેમકે એકજ વસ્તુ એકી વખતે અનેક કાલથી કલિત-ગૃહીત છે એવો અમારો સ્વીકાર નથી દ્વિતીય પક્ષ યુક્ત નથી; કેમકે વિરોધ વિના અન્ય કાળને વિષે સત્ત્વનો-અસ્તિત્વનો વ્યવચ્છેદ કરે એ યુક્ત નથી. **इदानीं घटः**-હાલ ઘટ છે-એ પ્રત્યક્ષ ઘટનું અવર્તમાનકાળને વિષે અસત્ત્વ દર્શાવે છે તેથી વર્તમાનકાળમાત્રમાં સત્ત્વરૂપ જે ક્ષણિકત્વ તે પ્રમાણભૂત છે એમ કહેવું યુક્ત નથી. કેમકે તે પ્રત્યક્ષ વર્તમાનકાળમાત્ર દર્શાવે છે તેથી અન્યકાળને વિષે અસત્ત્વ સિદ્ધ થતું નથી જે સત્-વિદ્યમાન છે તે ક્ષણિક છે એવી કંઈ વ્યાપ્તિ નથી; કેમકે તેમાં દૃષ્ટાન્ત નથી: કારણ કે વિદ્યુત્ આદિ પણ બે ત્રણ ક્ષણ સ્થાયી છે અને સ્થાયી અનુમાતા વગર અનુમાન સંભવતું નથી. તેટલા માટે અપ્રમાણસિદ્ધ અર્થનો કહેનાર પ્રલાપીજ છે, તેનું વચન શ્રદ્ધેય નથી એવો અર્થ છે. પ્રત્યભિજ્ઞા સાદૃશ્યનિબન્ધન છે એમ સ્વીકારી આ પ્રમાણે તેનું નિરાકરણ કર્યું પણ પ્રત્યભિજ્ઞા પૂર્વોત્તરકાળને અવચ્છેદે એક વસ્તુ વિષે છે એમ હવે કહે છે. સાદૃશ્યહેતુક સવ્યવહાર **तेन इदं सदृशम्** એવા આકારની બુદ્ધિથી થાય છે, પણ **तदेवेदम्** તે આજ છે એવા આકારની બુદ્ધિથી એમ પ્રત્યભિજ્ઞામાં થાય છે તેમ થતો નથી. 'તે હોવાપણાનું જ્ઞાન છે, તેના સદૃશ હોવાપણાનું જ્ઞાન નથી'—'જે મેં જોયું તે હું એજ છું' એમાં **सोऽहम्** (તેજ હું)નો ઉલ્લેખ છે, **तेनाहं सदृशः** (તેના જેવો હું છું) એવો ઉલ્લેખ નથી. પણ દીપજ્વાળાઓમાં સાદૃશ્યથી, સાદૃશ્યબુદ્ધિ નથી તોપણ, તેજ એ છે એવો જ્ઞાનથી ઉત્પન્ન થતો સવ્યવહાર દેખાય છે, તેમજ અહિં પણ થશે એમ પૂર્વે કહ્યું છે તેનાથી અપરિતુષ્ટ થઈ કહે છે—'બાહ્ય વસ્તુને વિષે' ઇત્યાદિ. '**स एवायं केशः**' તેજ આ કેશ છે ઇત્યાદિ પ્રત્યભિજ્ઞાની પેઠે એ પણ ભ્રમરૂપ પ્રત્યભિજ્ઞા છે એમ આશંકા કરી કહે છે કે

---

[1] ઉત્તરાવર્તું તે, ક્રમ. ૨ વર્તમાન પદાર્થ છે તે અવર્તમાનથી ભિન્ન છે એમ.

છું એવો સંદેહ પણ કદાપિ થતો નથી; કેમકે જે મેં ગઈ કાલે જોયું તેજ હું આજે સ્મરણ કરું છું એમ નિશ્ચિત તેજ હોવાપણાનું જ્ઞાન થાય છે, તેથી પણ વૈનાશિકદર્શન અનુપપન્ન છે ॥ ૨૫ ॥

नासतोऽदृष्टत्वात् ॥ २६ ॥

અભાવમાંથી (ભાવ ઉત્પન્ન થતો) નથી, અદૃષ્ટ છે તેથી ॥ ૨૬ ॥

વળી આથી વૈનાશિકદર્શન અનુપપન્ન છે; કેમકે સ્થિર, અનુયાયી કારણ ન સ્વીકારનારાઓને અભાવથી ભાવની ઉત્પત્તિ થાય એવો પ્રસંગ આવશે; અને એ લોકો અભાવથી ભાવની ઉત્પત્તિ દર્શાવે પણ છે—'नानुपमृद्य प्रादुर्भावात्' (નાશ થયા વિના નહિ-નાશ થઈનેજ-પ્રાદુર્ભાવથી) એમ. ખરેખર, વિનષ્ટ બીજથી અંકુર ઉત્પન્ન થાય છે, તેમ વિનષ્ટ દહિંથી ક્ષીર ઉત્પન્ન થાય છે અને મૃત્તિકાના પિંડમાંથી ઘડો ઉત્પન્ન થાય છે (એમ એ લોકો કહે છે). કૂટસ્થ કારણથી જો કાર્ય

ત્યાં તો બાધજ્ઞાન થવાથી ભ્રમનો સ્વીકાર કરાય છે; તેમજ આ પ્રત્યભિજ્ઞા પણ ભ્રમરૂપ હોય તો **नाहं सः** હું તે નથી એવો નિશ્ચયરૂપ બાધ થવો જોઈએ. પણ તે થતો નથી. જ્યાં **स एवाहं न वा** તેજ હું છું કે નથી—એવો સંશયરૂપ પણ બાધ નથી, ત્યાં **नाहं सः** હું તે નથી એવો નિશ્ચયરૂપ બાધ નથી એમાં તો કહેવુંજ શું? આ બધું વિચારીને કહે છે કે જડ પદાર્થની પ્રત્યભિજ્ઞા થાય ત્યારે બાધની સંભાવનાથી કદાચિત્ સંશય થાય, પણ આત્માને વિષે ન થાય. આમ સંદેહ અને ભ્રમરહિત પ્રત્યભિજ્ઞા સાથે વિરોધ થવાથી આત્મક્ષણિકત્વમત અત્યન્ત અસંગત છે એમ ઉપસંહાર કરે છે—'**તેથી પણ**' ઇત્યાદિ ॥ ૨૫ ॥

અભાવ શશવિષાણની પેઠે અત્યન્ત અસત્-અવિદ્યમાન છે એમ અંગીકાર કરી મૃત્તિકાદિનાશ જે અસત્ છે તેમાંથી ઘટાદિ કાર્ય ઉત્પન્ન થાય છે એમ સૌગતો કહે છે તેને દૂષિત કરે છે. કારણના અભાવથી કાર્યની ઉત્પત્તિ છે એ પક્ષ અવશિષ્ટ છે તેનું નિરાકરણ કરે છે—'**नासतोऽदृष्टत्वात्**'. અસ્થિરથી કાર્યની ઉત્પત્તિ ઇચ્છતા વૈનાશિકો અર્થાત્ અભાવથીજ ભાવની ઉત્પત્તિ કહે છે તેનું નિરાકરણ આ સૂત્રથી કર્યું છે. અસ્થિર કારણથી કાર્યની ઉત્પત્તિ ઇચ્છનારાઓને અભાવથી ભાવની ઉત્પત્તિનો બલાત્ પ્રસંગ આવે છે એટલુંજ નહિ, પણ વૈનાશિકો જાતે પણ તેનોજ સ્વીકાર કરે છે—'**એ લોકો સ્વભાવથી ભાવની ઉત્પત્તિ દર્શાવે પણ છે**'. માત્ર બલાત્ પ્રસંગ આવે છે એમ નહિ, પણ બૌદ્ધો જાતે પણ દર્શાવે છે. '**नानुपमृद्य**' એમાં બે નકાર પ્રકૃત અર્થને દૃઢ કરે છે તેથી **उपमृद्यैव प्रादुर्भावात्** એવો અર્થ થાય છે. મૃદાદિ કારણનો નાશ થઈનેજ ઘટાદિ કાર્યની ઉત્પત્તિ થાય છે એવો અર્થ છે. **नानुपमृद्य प्रादुर्भावात्**નું વ્યાખ્યાન કરે છે—'**ખરેખર, વિનષ્ટ બીજથી**' ઇત્યાદિ. કારણના વિનાશથી કાર્યનો જન્મ થાય છે તેને માટે યુક્તિ કહે છે—'**કૂટસ્થ કારણથી**' ઇત્યાદિ. '**કૂટસ્થ**'=વિનાશશૂન્ય, નિત્ય. કાર્ય ઉત્પન્ન કરવાને સમર્થ કારણ છે કે અસમર્થ છે? જો અસમર્થ હોય તો કદાચિત્ પણ કાર્ય ઉત્પન્ન નહિ કરે. જો સમર્થ હોય તો સમર્થને પ્રતિબન્ધ યુક્ત ન હોવાથી સર્વ કાર્ય એક ક્ષણે અક્રમે ઉત્પન્ન કરે, તેથી ઉત્તર ક્ષણમાં કાર્યના

ઉત્પન્ન થાય તો વિશેષ ન હોવાને લીધે સર્વ સર્વમાંથી ઉત્પન્ન થાય. તેટલા માટે અભાવથી ગ્રસ્ત થયલા બીજાદિઓમાંથી અંકુરાદિ ઉત્પન્ન થાય છે તેથી અભાવથી ભાવની ઉત્પત્તિ છે એમ તેઓ માને છે. તેને વિષે આ કહીએ છીએ—'નાસતોऽदृष्टत्वात्' એમ. અભાવથી ભાવ ઉત્પન્ન થતો નથી. જો અભાવથી ભાવ ઉત્પન્ન થાય તો અભાવત્વ સમાન હોવાને લીધે કારણવિશેષનો સ્વીકાર અનર્થક થાય. ખરેખર, વિનષ્ટ થયલાં બીજાદિઓનો જે અભાવ છે તે અભાવમાં અને શશશૃંગાદિના અભાવમાં, સ્વભાવ જતો રહેલો સમાન હોવાથી, કંઈ વિશેષ નથી, કે જેથી બીજથીજ અંકુર ઉત્પન્ન થાય છે અને ક્ષીરથીજ દહિં ઉત્પન્ન થાય છે એવી જાતના

અભાવને લીધે કારણ અર્થક્રિયા કરનાર ન થવાથી તેને અસત્ થવાનો પ્રસંગ આવે છે. કારણ સમર્થ છે તોપણ સહકારીની સંનિધિની અપેક્ષાધીન કાર્યજનક છે એમ કહેવું યુક્ત નથી; કેમકે સહકારી વસ્તુમાં અતિશય ઉત્પન્ન કરે છે એમ માનતાં તે સહકારી સમર્થ હોય તો સર્વદા ઉત્પન્ન કરે ને અસમર્થ હોય તો કદાચિત્ પણ ઉત્પન્ન કરવા યોગ્ય ન થાય અને સહકારીને અન્ય સહકારીની અપેક્ષા માનવામાં અનવસ્થા થાય. અનપેક્ષા માનવામાં કાર્યના પણ અતિશયને અનપેક્ષા હોવાથી સહકારી વ્યર્થ થાય. તેટલા માટે સ્થાયિભાવથી કાર્યજન્મ થતો નથી એવો અર્થ છે. તાત્પર્ય નીચે પ્રમાણે છે—કૂટસ્થ કારણથી કાર્ય ઉત્પન્ન થાય છે એમ કહેતા હો તો 'કૂટસ્થ'નો અર્થ શો? 'કૂટસ્થ' એટલે કાર્ય ઉત્પન્ન કરવાનો જેનો સ્વભાવ છે એવું કે એવો જેનો સ્વભાવ નથી એવું—કાર્યજનનસ્વભાવ કે અતત્સ્વભાવ? કૂટસ્થ એટલે કાર્યજનનસ્વભાવ એમ કહેશો તો ને કારણ કાર્ય ઉત્પન્ન કરશે ત્યારે સહસાજ ઉત્પન્ન કરશે; કેમકે જે સમર્થ છે તેને ક્ષેપ યુક્ત નથી. જો કૂટસ્થ એટલે અતત્સ્વભાવ-કાર્યજનનસ્વભાવ નહિ તે-એમ કહેશો તો કદાચિત્ પણ કાર્ય ઉત્પન્ન કરશે નહિ. જો એમ કહેશો કે કારણ સમર્થ છે તોપણ ક્રમવત્ સહકારીથી યુક્ત થઈ ક્રમિક કાર્ય ઉત્પન્ન કરશે તો તે પણ અયુક્ત છે; કેમકે તે વિચારી શકાતું નથી. શું સહકારીઓ એને કંઈ ઉપકાર કરે છે કે નહિ? જો ન કરતા હોય તો અનુપકારી થવાથી સહકારીની અપેક્ષા ન રહે. જો ઉપકાર કરતા હોય તો ભિન્ન કે અભિન્ન ઉપકાર કરે છે?— તે ઉપકાર ભાવથી ભિન્ન છે કે નહિ? જો તે ઉપકાર-અતિશય, ભાવથી-વસ્તુથી અભિન્ન હોય તો પ્રાચીન ભાવ અનતિશયસ્વરૂપ છે ને અન્ય ભાવ અતિશયસ્વરૂપ છે એ પ્રમાણે કારણને કૂટસ્થત્વની હાનિ થાય છે ને ક્ષણિકત્વ પ્રાપ્ત થાય છે. જો તે ઉપકાર ભિન્ન હોય તો તેની સાથે કાર્યનો અન્વયવ્યતિરેક હોવાથી (તે ઉપકાર હોય તો કાર્ય હોય ને-ન હોય તો ન થાય તેથી) અને કૂટસ્થ કારણ સાથે અન્વયવ્યતિરેક ન હોવાથી (કૂટસ્થ છે તોપણ કાર્યની ઉત્પત્તિ થતી નથી તેથી) અન્વયવ્યતિરેકથી ઉપકારજ કાર્ય ઉત્પન્ન કરનાર છે, ભાવ નહીં. એટલે ભાવ અર્થક્રિયાકારી નથી. તેટલા માટે અકિંચિત્કર કૂટસ્થથી પણ જો કાર્ય થાય તો 'સર્વ સર્વમાંથી ઉત્પન્ન થાય', તેટલા માટે અભાવથીજ ભાવની ઉત્પત્તિ છે એમ ઉપસંહાર કરે છે—'તેટલા માટે અભાવથી ગ્રસ્ત થયલા' ઇત્યાદિ. ક્ષણિકભાવ કાર્યનો હેતુ ન થઈ શકે એમ 'उत्तरोत्पादे च पूर्वनिरोधात्' (૨૦) એ સૂત્રમાં પ્રતિપાદન કર્યું છે, અભાવ હેતુ ન થઈ શકે એમ પ્રતિપાદન કરવા માટે આ સૂત્ર છે તેનું વ્યાખ્યાન કરે છે—'તેને વિષે આ કહીએ છીએ'. જો બીજના અભાવમાં અન્ય અભાવથી કંઈ વિશેષ હોય તો વિશેષયુક્ત અભાવની દ્વારા બીજથી અંકુર થાય એવો જે લૌકિકોનો પણ સ્વીકાર છે તે પ્રયોજનવાળો થાય, પણ તે નથી એમ કહે છે—'જેથી બીજથીજ' ઇત્યાદિ. સૂત્રની યો-

કારણવિશેષનો સ્વીકાર પ્રયોજનવાળો થાય. જેમાંથી વિશેષ જતો રહ્યો છે એવા અભાવને કારણ તરીકે સ્વીકારતાં શશવિષાણ આદિથી પણ અંકુરાદિ ઉત્પન્ન થાય. પણ એમ દેખાતું નથી. પણ જો જેમ નીલત્વ આદિ કમળનો વિશેષ છે તેમ અભાવનો પણ વિશેષ સ્વીકારાય તો વિશેષ હોવાથીજ કમળ આદિની પેઠે અભાવને ભાવ થવાનો પ્રસંગ આવે. વળી અભાવ કોઈની ઉત્પત્તિનો હેતુ પણ થાય નહિ; અભાવ છે તેથીજ, શશવિષાણ આદિની પેઠે. તેમજ અભાવથી ભાવની ઉત્પત્તિ હોય તો સર્વ કાર્ય અભાવથી અન્વિતજ થાય. પણ એવું દેખાતું નથી; કેમકે સર્વ વસ્તુઓ પોતપોતાના ભાવસ્વરૂપથીજ ઉપલબ્ધ થાય છે. મૃત્તિકાથી અન્વિત શરાવ આદિ પદાર્થો તન્તુ આદિના વિકાર છે એમ કોઈ સ્વીકારતું નથી. લોકો મૃત્તિકાના વિકારોનેજ મૃત્તિકાથી અન્વિત થયલા ભાવ તરીકે ગ્રહણ કરે છે. સ્વરૂપના નાશ વિના કોઈ કૂટસ્થ વસ્તુ કારણ થાય એ યુક્ત નથી તેથી અભાવથી ભાવની ઉત્પત્તિ થાય એ યુક્ત છે એમ જે કહ્યું છે તે ખોટું કહ્યું છે; કેમકે સ્થિર

જના કરે છે—'**જેમાંથી વિશેષ જતો રહ્યો છે**' ઇત્યાદિ. શશવિષાણ આદિ કાર્યકારી-કાર્યજનક દેખાતાં નથી તેથી અભાવ જે અસત્ છે તે હેતુ થઈ શકતો નથી એવો અર્થ છે. અભાવનો સ્વભાવ કાર્યજનન નથી, પણ વિશેષ છે તેને માટે કહે છે—'**પણ જો જેમ નીલત્વ આદિ કમળનો વિશેષ છે તેમ**' ઇત્યાદિ. અભાવને હેતુ લેવામાં અતિપ્રસંગ થાય એમ તર્ક કહી અનુમાન કહે છે—'**વળી અભાવ કોઈની ઉત્પત્તિનો હેતુ પણ થાય નહિ**' ઇત્યાદિ. અભાવ હેતુ નથી, અસત્ત્વથી, સંમત (શશવિષાણાદિ)ની પેઠે એવો અનુમાનપ્રયોગ છે. તાત્પર્ય આ પ્રમાણે છે—અભાવથી કાર્યની ઉત્પત્તિ નથી. શાથી? અદૃષ્ટ છે તેથી. ખરેખર, શશવિષાણથી અંકુરાદિ કાર્યોની ઉત્પત્તિ દેખાતી નથી. જો અભાવથી ભાવની ઉત્પત્તિ થાય તો સર્વ અભાવ સમાન હોવાથી શશવિષાણ આદિથી પણ અંકુરની ઉત્પત્તિ થાય. અભાવ કંઈ વિશિષ્ટ થતો નથી; કેમકે વિશેષણનો યોગ કરીએ તો તે પણ ભાવજ થાય, નિરુપાખ્ય ન થાય. વળી કાર્યસ્વભાવ વિચારતાં પણ અભાવ કારણ નથી એમ કહે છે—'**તેમજ અભાવથી ભાવની ઉત્પત્તિ હોય તો**' ઇત્યાદિ. જે જેનાથી અનન્વિત છે તે તેનું કાર્ય નથી, જેમ સુવર્ણથી અનન્વિત ઘટ સુવર્ણનો વિકાર નથી. ભાવ પણ અભાવથી અનન્વિત છે, તેટલા માટે અભાવના વિકાર નથી. અભાવ પ્રકૃતિ–સમવાયીકારણ–નથી, કાર્ય સાથે અનન્વિત છે તેથી, જેમ શરાવ આદિ સાથે અનન્વિત તન્તુ શરાવ આદિની પ્રકૃતિ નથી એમ તર્કપૂર્વક કહ્યું છે; માટે અન્વિત હોવાથી મૃદાદિભાવજ પ્રકૃતિ છે એમ કહે છે—'**મૃત્તિકાના વિકારોનેજ**' ઇત્યાદિ. સ્થાયીને કારણત્વનો અયોગ કહ્યો છે તેનો અનુવાદ કરી દૂષિત કરે છે—'**સ્વરૂપના નાશ વિના**' ઇત્યાદિ. અનુભવબળથી સ્થિરસ્વભાવવાળા પદાર્થોજ સહકારિસંનિધિના ક્રમથી કાર્યક્રમના હેતુ છે એમ અંગીકાર કરવો પડશે. શક્તને સહકારીની અપેક્ષા યુક્ત નથી એમ કહેવું ન જોઈએ; કેમકે અશક્તને પણ અપેક્ષા નથી, એટલે સર્વ અસહકારી થાય તેથી સુવર્ણ આદિ જે સ્વતઃ અતિશયશૂન્ય છે તેને વિષે અગ્નિતાપ આદિ સહકારીએ કીધેલા અતિશયના ક્રમથી રુચક આદિ કાર્યક્રમ થાય છે. અતિશયને અન્ય અતિશયની અપેક્ષા ન હોય તો કાર્યને પણ અન્ય અતિશયની અપેક્ષા નહિ થાય એમ કહેવું યુક્ત નથી; કેમકે પટને મૃત્તિકાની અપેક્ષા ન હોય તો ઘટમાં પણ કાર્યત્વ સમાન હોવાથી ઘટને પણ મૃત્તિકાની અનપેક્ષાનો

સ્વભાવવાળાં સુવર્ણાદિ એની પ્રત્યભિજ્ઞા થાય છે તે અને રુચકાદિ વચ્ચે કાર્યકારણભાવ દેખાય છે. વળી જે બીજાદિને વિષે સ્વરૂપનો નાશ દેખાય છે તેઓમાં પણ એ નષ્ટ થતી પૂર્વ અવસ્થા ઉત્તર અવસ્થાનું કારણ છે એમ સ્વીકારાતું નથી; કેમકે બીજાદિના વિનષ્ટ ન થતાજ, અનુયાયી અવયવો અંકુરાદિનાં કારણ છે એવો સ્વીકાર છે. તેટલા માટે અવિદ્યમાન શશવિષાણાદિથી વિદ્યમાનની ઉત્પત્તિ જોવામાં આવતી નથી તેથી અને વિદ્યમાન સુવર્ણાદિથી વિદ્યમાન (રુચકાદિ)ની ઉત્પત્તિ દેખાય છે તેથી અભાવથી ભાવની ઉત્પત્તિ છે એ સ્વીકાર અનુપપન્ન છે. વળી ચાર (સ્કન્ધ)થી ચિત્ત અને ચૈત્ત ઉત્પન્ન થાય છે અને પરમાણુઓથી ભૂતભૌતિકલક્ષણ સમુદાય ઉત્પન્ન થાય છે એમ સ્વીકારી વળી અભાવથી ભાવની ઉત્પત્તિ કલ્પનારા, સ્વીકારેલાનો નિષેધ કરનારા વૈનાશિકોથી સર્વ લોક આકુળ થાય છે ૨૬

પ્રસંગ આવશે તેથી અન્વય અને વ્યતિરેકથી સહકારીને વિષે અપેક્ષા યુક્ત છે. [illegible] વની દશામાં કારણને પણ અસત્ત્વનો પ્રસંગ આવશે એમ જે કહ્યું છે તે યુક્ત નથી; કેમકે [illegible] કારણને પણ બાધને અભાવે સત્ત્વ યુક્ત છે. કંઈ અર્થક્રિયાકારીજ સત્ છે એમ નથી. [illegible] અર્થક્રિયાકારિત્વનો યોગ નથી અને સત્ તેથી સિદ્ધ છે. જે સત્ છે તેજ અર્થક્રિયાકારી છે, અસત્ નથી. તેથી 'કારણનાનું [illegible] અને બીજે [illegible] નથી [illegible] સત્ત્વ કારણનાથી સિદ્ધજ છે. તેટલા માટે સ્થિર જાણવું હેતુત્વ યુક્ત છે એમ સમજવું. [illegible] આ પ્રમાણે છે—સ્થિર પણ કાર્ય ક્રમવત્ સહકારીના સંનિધિથી ક્રમે કરીને કરે છે, અને સહકારી અનુપકારક નથી. વળી સહકારીઓએ વસ્તુમાં કોઈ ઉપકાર [illegible] ([illegible]) વસ્તુથી ભિન્ન નથી તેમજ અભિન્ન પણ નથી પણ અનિર્વચનીય છે. અનિર્વચનીય હોવાથી [illegible] પણ અનિર્વચનીય ઉત્પન્ન કરે છે. એટલાથી કંઈ સ્થિરને [illegible] નથી. [illegible] ઉપાદાન છે. [illegible] 'મૃત્તિકેત્યેવ સત્યમ્' (મૃત્તિકા એજ સત્ય છે). વળી [illegible] ઉત્પત્તિ નથી એમ કહે છે—વળી ચાર (સ્કન્ધ)થી' [illegible]

[illegible]

બાહ્ય અર્થને વિષે 'અભિનિવેશ જોઈને તેને અનુસારે બાહ્યાર્થવાદની પ્રક્રિયા [illegible]
ચેલી છે; એ કંઈ સુગતનો અભિપ્રાય નથી. તેને તો એકલો 'વિજ્ઞાનસ્કન્ધવાદ [illegible]
ઇષ્ટ છે. તે વિજ્ઞાનવાદમાં બુદ્ધિમાં આરૂઢ થયેલા રૂપ વડે પ્રમાણ, પ્રમેય [illegible]
ફળ એવો અન્તઃસ્થ સર્વ વ્યવહાર ઉપપન્ન થાય છે; કેમકે બાહ્ય અર્થ હોય તો [illegible]
પણ બુદ્ધિમાં આરૂઢ થયા વિના પ્રમાણાદિ વ્યવહાર ઊતરતો નથી.

શાનુગાઃ' એટલે સુગતોના ઉપદેશો શિષ્યની મતિને અનુસરતા હોય છે. પણ એમ [illegible]
અભાવે માન અને મેયનો વ્યવહાર કેમ થશે તેને માટે કહે છે—'તે વિજ્ઞાનવાદમાં'
ઇત્યાદિ. પ્રમાતા, પ્રમાણ, પ્રમેય અને પ્રમિતિ એમ ચાર પ્રકારથી તત્ત્વ પરિસમાપ્ત થાય છે અને
એમાંથી એકને પણ અભાવે તત્ત્વની વ્યવસ્થા થતી નથી. તેટલા માટે વિજ્ઞાનવાદી વિજ્ઞાનસ્કન્ધમા-
ત્રની વ્યવસ્થા કરે છે તેણે ચારે પ્રકાર દર્શાવવા પડશે; માટે વિજ્ઞાનસ્કન્ધમાત્ર તત્ત્વ નથી,
કેમકે વિજ્ઞાનમાત્ર પ્રમાતા, પ્રમાણ, પ્રમેય અને પ્રમિતિ એ ચાર પ્રકાર છે એવો સંભવ નથી—
આ પ્રમાણે શંકા છે. તેનું સમાધાન આ રીતે છે—જોકે અનુભવથી અન્ય અનુભાવ્ય-અનુ-
ભવવિષય-કે અનુભવિતા કે અનુભવન-અનુભવસાધન-નથી, તોપણ બુદ્ધિમાં આરૂઢ થયેલા,
બુદ્ધિએ પરિકલ્પેલા વડેજ અન્તઃસ્થ પ્રમાણપ્રમેયવ્યવહાર, ફળવ્યવહાર અને પ્રમાતાનો વ્યવ-
હાર થાય છે એમ સમજવું. એ વ્યવહાર પારમાર્થિક નથી એવો અર્થ છે. વિજ્ઞાનજ કલ્પિત
નીલાદિ આકાર તરીકે પ્રમેય છે, અવભાસસ્વરૂપે પ્રમાણફળ-પ્રમિતિ છે, શક્તિસ્વરૂપે પ્રમાણ
છે અને શક્તિના આશ્રય તરીકે પ્રમાતા છે એમ ભેદની કલ્પનાથી વ્યવહાર થશે એવો અર્થ
છે. જ્ઞાનાકાર ઘટપટાદિ પ્રમેય છે, તેજ જ્ઞાન પ્રમા છે, પૂર્વજ્ઞાન તે જ્ઞાનને ઉત્પન્ન કરે છે તેથી
પ્રમાણ છે. આન્તરજ જ્ઞાનાકાર ઘટાદિ છે, ઘટાદિનું બાહ્યત્વ તો કલ્પિત છે. એ પ્રમાણે તેનો-
જ જ્ઞાનભેદ પણ કલ્પિત છે. એમ તેજ જ્ઞાનના ભેદ સાથે આશ્રયાશ્રયિભાવ કલ્પવાથી પ્રમાતા
છે. એ રીતે એકજ ચન્દ્રના દ્વિત્વ આદિની પેઠે પ્રમાતૃપ્રમેયભાવથી ભેદવ્યવહાર ઉપપન્ન થવે
બાહ્ય અર્થ તાત્ત્વિક નથી એવો વિજ્ઞાનવાદીનો અભિમાન છે. આ પ્રમાણે બ્રહ્મવાદી જે સિદ્ધ
કરે છે તેજ સિદ્ધ થાય છે એમ સિદ્ધસાધન દોષ આવે છે એમ ન સમજવું; કેમકે બ્રહ્મ-
વાદીઓ પ્રમિતિ નીલાદિસ્વરૂપ છે એમ સ્વીકારતા નથી, પણ નીલાદિ અનિર્વચનીય છે એમ
સ્વીકારે છે. તેઓ માને છે કે અસત્યાકારયુક્ત વિજ્ઞાનનું સ્વરૂપ પ્રમેય છે, પ્રમેયનું પ્રકા-
શન એ પ્રમાણફળ છે અને પ્રકાશ કરવાની શક્તિ એ પ્રમાણ છે. બાહ્યવાદી, વૈભાષિક અને
સૌત્રાન્તિક, તેમને પણ કાલ્પનિકજ પ્રમાણફળવ્યવહાર ઇષ્ટ છે એમ કહે છે—'બાહ્ય અર્થ
હોય તોપણ' ઇત્યાદિ. ખરેખર, બુદ્ધિને વિષે આરૂઢ ન થયેલા નીલાદિનો પ્રમેય તરીકે વ્યવ-
હાર નથી; તેટલા માટે બુદ્ધિને વિષે આરૂઢ થયેલો આકારજ પ્રમેય છે, બાહ્ય અર્થ નથી એવો
અર્થ છે. બાહ્યાર્થાસ્તિત્વવાદમાં પણ વિષય સાથે અસંબદ્ધ જ્ઞાન વિષયવ્યવહાર ઉત્પન્ન કરતું
નથી તેથી સંબન્ધ કહેવો જોઈએ અને સંયોગ અને સમવાયનો સ્વીકાર નથી તેથી અનેકજ
બલાત્ સ્વીકારવો પડશે. તેથી આન્તર જ્ઞાનથી અભિન્ન જે બાહ્ય અર્થ તેનું આન્તરત્વજ એમ
થાય છે. એમ આન્તર પણ સ્વાપ્નિક પદાર્થો બાહ્ય છે એમ પ્રતીતિ દેખવાથી થાય છે,
તેમ જાગ્રત્ અવસ્થામાં પણ પદાર્થનું બાહ્યત્વ પ્રતીત થશે એવો અર્થ છે. બાહ્ય અર્થના અસ-

૧ મદુરાગ ૨ સ્કન્ધદન્દ પદાર્થ છે. ક્ષણિક, સાકાર વિજ્ઞાનજ પરમાર્થ છે, તેથી ભિન્ન વસ્તુ
તુચ્છ છે એવો ભાવ.

उदासीनानामपि चैवं सिद्धिः ॥ २७ ॥

[1]ઉદાસીનોની પણ એ પ્રમાણે સિદ્ધિ થાય ॥ ૨૭ ॥

વળી જો અભાવથી ભાવની ઉત્પત્તિ સ્વીકારાય તો એમ થયે ઉદાસીન-ચેષ્ટાશૂન્ય જનોને પણ અભિમત સિદ્ધ થાય; કેમકે અભાવ સુલભ છે. ખેડુત ખેતરના કામમાં પ્રયત્ન ન કરે તોપણ તેને અનાજનો પાક થાય; અને કુંભાર મૃત્તિકાના સંસ્કારને વિષે પ્રયત્ન ન કરે તોપણ ભાણ્ડ ઉત્પન્ન થાય. વળી વણકર પણ તાંતણા વણે નહિ તોપણ વણનારના જેવો તેને વસ્ત્રનો લાભ થાય. વળી સ્વર્ગ અને અપવર્ગને માટે કોઈ પણ કોઈ પણ પ્રકારે પ્રયત્ન ન કરે. એ કંઈ યુક્ત નથી કે કોઈ એવું સ્વીકારતો પણ નથી. તેટલા માટે અભાવથી ભાવની ઉત્પત્તિનો સ્વીકાર અનુપપન્ન છે ॥૨૭॥

नाभाव उपलब्धेः ॥ २८ ॥

(બાહ્ય અર્થનો) અભાવ નથી, ઉપલબ્ધિથી ॥ ૨૮ ॥

આ પ્રમાણે બાહ્યાર્થવાદનો આશ્રય કરીને સમુદાયની અપ્રાપ્તિ આદિ દૂષણો પ્રકટ કર્યાં એટલે હવે વિજ્ઞાનવાદી બૌદ્ધ ઊભો થાય છે. કહે છે કે કેટલાક શિષ્યોનો

અભાવથી ઉત્પત્તિ હોય તો શશવિષાણથી પણ ઉત્પત્તિ થાય એમ કહ્યું. અન્ય અતિપ્રસંગ કહે છે—' **उदासीनानामपि** ' ઇત્યાદિ. ' ચેષ્ટાશૂન્ય ' = પ્રયત્નરહિત. ' ભાણ્ડ ' = ઘડો અને એવાં બીજાં. તેટલા માટે ભ્રાન્તિમૂલક ક્ષણિકબાહ્યાર્થવાદથી કૂટસ્થ, નિત્ય બ્રહ્મસમન્વયને વિરોધ નથી એમ સિદ્ધ થયું ॥ ૨૭ ॥

અખંડ નિર્વિશેષ બ્રહ્મવિજ્ઞાન બાહ્યાર્થનું-જગત્‌નું ઉપાદાન છે એમ વેદાન્ત વદે છે, તે વેદાન્તને વિજ્ઞાન ભિન્ન, સાકાર અને ક્ષણિક છે, તેથી અન્ય અર્થ નથી એવો યોગાચારમત વિરુદ્ધ છે કે નહિ એમ યોગાચારનો મત પ્રમાણમૂળ છે કે ભ્રાન્તિમૂળ છે એવો સંશય થયે પૂર્વે કહેલા બાહ્યાર્થવાદના નિરાકરણને આધારે પૂર્વપક્ષ કહે છે—' **આ પ્રમાણે બાહ્યાર્થવાદનો આશ્રય કરીને** ' ઇત્યાદિ. પૂર્વપક્ષમાં વિજ્ઞાનવાદ પ્રામાણિક હોવાથી તેની સાથે વિરુદ્ધ હોવાથી વેદાન્ત સમન્વયની અસિદ્ધિ એ ફળ છે; અને સિદ્ધાન્તમાં વિજ્ઞાનવાદ ભ્રાન્ત હોવાથી તેની સાથે વિરોધ આભાસમાત્ર હોવાથી વેદાન્તસમન્વયની સિદ્ધિ એ ફળ છે. એ પ્રમાણે પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષમાં વેદાન્તસમન્વય સાથે વિરોધ અને અવિરોધ એ અનુક્રમે ફળો છે. પણ સુગતનું શાસ્ત્ર એક છે તોપણ તેમાં બાહ્ય અર્થનું સત્ત્વ અને અસત્ત્વ એ તાત્પર્ય શી રીતે છે, કેમકે એમ તો વિરોધ આવે એવી આશંકા કરી કહે છે કે અધિકારીના ભેદથી અવિરોધ છે, અને વિજ્ઞાનવાદી સુગતનો અભિપ્રાય જાણે છે તેથી તે મદ અધિકારી બાહ્યાર્થવાદી કરતાં શ્રેષ્ઠ છે—' **કહે છે કે કેટલાક શિષ્યોનો** ' ઇત્યાદિ. બાહ્ય અર્થને વિષે સુગતની ઇચ્છા નથી તેથી ' **કહે છે કે** ' એમ કહ્યું છે. ધર્મકીર્તિએ કહ્યું છે કે ' **देशना लोकनाथानां सत्त्वाशयव-**

૧ પ્રયત્નશૂન્ય.

બાહ્ય અર્થને વિષે 'અભિનિવેશ જોઈને તેને અનુસારે બાહ્યાર્થવાદની પ્રક્રિયા વિ
ચેલી છે; એ કંઈ સુગતનો અભિપ્રાય નથી. તેને તો એકલો 'વિજ્ઞાનસ્કન્ધવાદ
ઇષ્ટ છે. તે વિજ્ઞાનવાદમાં બુદ્ધિમાં આરૂઢ થયેલા રૂપ વડે પ્રમાણ, પ્રમેય
ફળ એવો અન્તઃસ્થ સર્વ વ્યવહાર ઉપપન્ન થાય છે; કેમકે બાહ્ય અર્થ હોય તો
પણ બુદ્ધિમાં આરૂઢ થયા વિના પ્રમાણાદિ વ્યવહાર ઊતરતો નથી. પણ એમ

શાનુગાઃ' એટલે સુગતોના ઉપદેશો શિષ્યની મતિને અનુસરતા હોય છે. પણ બાહ્ય અર્થને
અભાવે માન અને મેયનો વ્યવહાર કેમ કરે તેને માટે કહે છે—'તે વિજ્ઞાનવાદમાં'
ઇત્યાદિ પ્રમાતા, પ્રમાણ, પ્રમેય અને પ્રમિતિ એમ ચાર પ્રકારથી તત્ત્વ પરિસમાપ્ત થાય છે અને
એમાંથી એકને પણ અભાવે તત્ત્વની વ્યવસ્થા થતી નથી. તેટલા માટે વિજ્ઞાનવાદી વિજ્ઞાનસ્કન્ધમા-
ત્રની વ્યવસ્થા કરે છે તેણે ચારે પ્રકાર ઇચ્છવા પડશે; માટે વિજ્ઞાનસ્કન્ધમાત્ર તત્ત્વ નથી,
કેમકે વિજ્ઞાનમાત્ર પ્રમાતા, પ્રમાણ, પ્રમેય અને પ્રમિતિ એ ચાર પ્રકાર છે એવો સંભવ નથી—
આ પ્રમાણે શંકા છે. તેનું સમાધાન આ રીતે છે—જોકે અનુભવથી અન્ય અનુભાવ્ય-અનુ-
ભવવિષય-કે અનુભવિતા કે અનુભવન-અનુભવસાધન-નથી, તોપણ બુદ્ધિમાં આરૂઢ થયેલા,
બુદ્ધિએ પરિકલ્પેલા વડેજ અન્તઃસ્થ પ્રમાણપ્રમેયવ્યવહાર, ફળવ્યવહાર અને પ્રમાતાનો વ્યવ-
હાર થાય છે એમ સમજવું. એ વ્યવહાર પારમાર્થિક નથી એવો અર્થ છે. વિજ્ઞાનજ કલ્પિત
નીલાદિ આકાર તરીકે પ્રમેય છે, અવભાસસ્વરૂપે પ્રમાણફળ-પ્રમિતિ છે, શક્તિસ્વરૂપે પ્રમાણ
છે અને શક્તિના આશ્રય તરીકે પ્રમાતા છે એમ ભેદની કલ્પનાથી વ્યવહાર થશે એવો અર્થ
છે. જ્ઞાનાકાર ઘટપટાદિ પ્રમેય છે, તેજ જ્ઞાન પ્રમા છે, પૂર્વજ્ઞાન તે જ્ઞાનને ઉત્પન્ન કરે છે તેથી
પ્રમાણ છે. આન્તરજ જ્ઞાનાકાર ઘટાદિ છે, ઘટાદિનું બાહ્યત્વ તો કલ્પિત છે. એ પ્રમાણે તેનો-
જ જ્ઞાનભેદ પણ કલ્પિત છે. એમ તેજ જ્ઞાનના ભેદ સાથે આશ્રયાશ્રયિભાવ કલ્પવાથી પ્રમાતા
છે. એ રીતે એકજ ચન્દ્રના દ્વિત્વ આદિની પેઠે પ્રમાતૃપ્રમેયભાવથી ભેદવ્યવહાર ઉપપન્ન થયે
બાહ્ય અર્થ તાત્ત્વિક નથી એવો વિજ્ઞાનવાદીનો અભિમાન છે. આ પ્રમાણે પ્રમાણવાદી જે સિદ્ધ
કરે છે તેજ સિદ્ધ થાય છે એમ સિદ્ધસાધન દોષ આવે છે એમ ન સમજવું; કેમકે પ્રમાણ-
વાદીઓ પ્રમિતિ નીલાદિસ્વરૂપ છે એમ સ્વીકારતા નથી, પણ નીલાદિ અનિર્વચનીય છે એમ
સ્વીકારે છે. તેઓ માને છે કે અસત્યાકારયુક્ત વિજ્ઞાનનું સ્વરૂપ પ્રમેય છે, પ્રમેયનું પ્રકા-
શન એ પ્રમાણફળ છે અને પ્રકાશ કરવાની શક્તિ એ પ્રમાણ છે. બાહ્યવાદી, વૈભાષિક અને
સૌત્રાન્તિક, તેમને પણ કાલ્પનિકજ પ્રમાણફળવ્યવહાર ઇષ્ટ છે એમ કહે છે—'બાહ્ય અર્થ
હોય તોપણ' ઇત્યાદિ. ખરેખર, બુદ્ધિને વિષે આરૂઢ ન થયેલા નીલાદિનો પ્રમેય તરીકે વ્યવ-
હાર નથી; તેટલા માટે બુદ્ધિને વિષે આરૂઢ થયેલો આકારજ પ્રમેય છે, બાહ્ય અર્થ નથી એવો
અર્થ છે. બાહ્યાર્થાસ્તિત્વવાદમાં પણ વિષય સાથે અસંબદ્ધ જ્ઞાન વિષયવ્યવહાર ઉત્પન્ન કરતું
નથી તેથી સંબન્ધ કહેવો જોઈએ અને સંયોગ અને સમવાયનો સ્વીકાર નથી તેથી અનેકજ
બલાત્ સ્વીકારવો પડશે. તેથી આન્તર જ્ઞાનથી અભિન્ન જે બાહ્ય અર્થ તેનું આન્તરત્વજ પ્રાપ્ત
થાય છે. જેમ આન્તર પણ સ્વાપ્નિક પદાર્થો બાહ્ય છે એમ પ્રતીતિ દોષવશાત્ થાય છે,
તેમ જાગ્રત્ અવસ્થામાં પણ પદાર્થનું બાહ્યત્વ પ્રતીત કરે એવો અર્થ છે. બાહ્ય અર્થના અસ-

૧ અનુરાગ. ૨ સ્કન્ધવાદ પદાર્થપર છે. ક્ષણિક, સાકાર વિજ્ઞાનજ પરમાર્થ છે, તેથી નિત્ય વસ્તુ
[illegible] છે એવો વાદ.

કેમ સમજાય છે કે સર્વ વ્યવહાર અન્તઃસ્થજ છે અને વિજ્ઞાનથી ભિન્ન બાહ્ય અર્થ નથી? તેનો અસંભવ છે તેથી એમ કહે છે; કારણ કે તે બાહ્ય અર્થ સ્વીકારાય તો પરમાણુઓ હોય કે તેના સમૂહો સ્તંભાદિ હોય. તેમાં પ્રથમ પરમાણુઓ સ્તંભાદિના જ્ઞાનથી [1]પરિચ્છેદ્ય થાય એ યુક્ત નથી; કેમકે પરમાણુના આભાસનું જ્ઞાન અનુપપન્ન છે. તેમજ બાહ્ય અર્થ તેના (પરમાણુના) સમૂહો સ્તંભાદિ પણ નથી; કેમકે તેઓનું પરમાણુઓથી અન્ય તરીકે કે અનન્ય તરીકે નિરૂપણ કરવું શકય નથી. એ પ્રમાણે જાતિ આદિનું પ્રત્યાખ્યાન કરી શકાય. વળી અનુભવમાત્રથી સાધારણ સ્વરૂપમાં જ્ઞાન ઉત્પન્ન થાય છે છતાં સ્તમ્ભજ્ઞાન, [2]કુડ્યજ્ઞાન, ઘટજ્ઞાન,

ત્ત્વ માટે પ્રશ્નપૂર્વક યુક્તિનો ઉપન્યાસ કરે છે—'પણ એમ કેમ સમજાય કે' ઇત્યાદિ. જ્ઞેય જ્ઞાનાતિરિક્ત નથી, તેનાથી અતિરિક્ત તરીકે અસંભવ છે તેથી, નરશૃંગની પેઠે એમ કહે છે—'**તેનો અસંભવ છે**' ઇત્યાદિ. અસંભવનું વિવરણ કરે છે—'**તે બાહ્ય અર્થ સ્વીકારાય તો**' ઇત્યાદિ. જો બાહ્ય અર્થ પરમાણુ હોય તો એક સ્થૂલ સ્તંભ એવું જ્ઞાન ન થાય, સમૂહ તો અવિદ્યમાનજ છે. સ્તંભાદ્યાકાર જ્ઞાનનો સ્તંભાદિરૂપ સ્થૂલ પદાર્થજ પરિચ્છેદ્ય છે, અતિસૂક્ષ્મ પરમાણુ પરિચ્છેદ્ય નથી. તે પરમાણુ તો પરમાણ્વાકારજ્ઞાનપરિચ્છેદ્ય છે. આ પરમાણુ છે એવું સ્તંભાદિને વિષે લૌકિકોનું જ્ઞાન નથી. એક સ્થૂલનીલાભાસ જ્ઞાન સ્તંભાદિને વિષે છે, પરમસૂક્ષ્મપરમાણ્વાભાસ જ્ઞાન થતું નથી—સ્તંભાદિને વિષે એક સ્થૂલ, નીલ અર્થનો આભાસ થાય છે, પરમ સૂક્ષ્મ પરમાણુનો આભાસ થતો નથી—તેથી બાહ્ય અર્થ પરમાણુ સંભવતો નથી. તેમજ બાહ્ય અર્થ પરમાણુસમૂહ સ્તંભાદિ પણ નથી; કેમકે સ્તંભાદિ અવયવીઓ પરમાણુથી ભિન્ન છે કે અભિન્ન? ભિન્ન હોય તો ગો, અશ્વની પેઠે પરમાણુ અને સમૂહ વચ્ચે અત્યન્ત વિલક્ષણતા થશે. અભિન્ન હોય તો સમૂહ પરમાણુમાત્ર હોવાથી સ્થૂલરૂપથી તેનો અવભાસ સિદ્ધ નહિ થાય; કેમકે પરમાણુ સ્થૂલરૂપ નથી. ત્યારે બાહ્ય અર્થ પરમાણુ કે અવયવી ન હોય તો જાત્યાદિ હોય તેને માટે કહે છે—'**એ પ્રમાણે જાતિ આદિનું**' ઇત્યાદિ. બાહ્ય અર્થ જાતિ, ગુણ કે કર્મ નથી; કેમકે બાહ્ય અર્થ જાતિ, ગુણ અને કર્મથી અભિન્ન છે કે અત્યન્ત ભિન્ન છે? જો અભિન્ન લેશો તો જાતિ, ગુણ અને કર્મ ધર્મીથી (બાહ્ય અર્થથી) અભિન્ન થવાથી ધર્મી થશે અને અત્યન્ત ભિન્ન લેવાથી અન્ય ધર્મી થશે, ધર્મ નહિ થાય; કેમકે ધર્મ કંઈ ધર્મીથી અત્યન્ત ભિન્ન નથી. આ પ્રમાણે બાહ્ય અર્થ અને જાતિ, ગુણ અને કર્મ વચ્ચે જે ધર્મધર્મિભાવ છે તે નહિ થાય. તેમજ બાહ્ય અર્થ જાતિ, ગુણ અને કર્મથી ભિન્ન છે અને અભિન્ન છે એમ ભેદાભેદ લેશો પણ યુક્ત નથી; કેમકે વિરોધ આવશે. વળી જ્ઞાનનો જ્ઞેય સાથે સારૂપ્યરૂપ વિશેષ સબંધ ન લેવાથી સર્વવિષયત્વ પ્રાપ્ત થશે, તેટલા માટે વિશેષનો અંગીકાર કરવો જોઈએ. કંઈ પણ નિયામક વિના વિષયવિષયિભાવજ ઉપપન્ન થાય નહિ. નિયામક ન હોય તો સર્વજ્ઞાનનો સર્વ વિષય થાય; માટે આ જ્ઞાનનો આ વિષય છે એવા નિયમને માટે અર્થની જ્ઞાનાકારતા સ્વીકારવીજ જોઈએ. એ રીતે જ્ઞાનગત વિશેષનેજ જ્ઞાન પોતાનો વિષય કરે છે તેથી બાહ્ય અર્થ અસિદ્ધ છે; કેમકે બાહ્ય અર્થના અસ્તિત્વ માટે કંઈ પ્રમાણ નથી અને તે સ્વીકારવામાં ગૌરવ થાય છે. જ્ઞાનગત વિશેષદૃષ્ટિ જ્ઞાનને નીલાદિસ્વરૂપ સ્વીકાર્યા વિના, અર્થાત્‌ વિષયસારૂપ્ય સ્વીકાર્યા વિના, બનતી નથી; તેથી જ્ઞાનની નીલાદ્યાકારતા સિદ્ધ થાય છે. તેથી જ્ઞાનાકારજ જ્ઞાનનો વિષય થવાથી બાહ્યાર્થકલ્પના વ્યર્થ છે; કેમકે તે કલ્પના કરવામાં ગૌરવ થાય છે—'વળી અનુભવ-

૧ પરિચ્છેદ્ય—જણાવાયોગ્ય. ૨ ભિંતનું-ભીંતનું-જ્ઞાન

પરજ્ઞાન એમ જે પ્રતિવિષય પક્ષપાત થાય છે તે જ્ઞાનગત વિશેષ વગર યુક્ત થતો નથી, તેટલા માટે જ્ઞાન વિષયસરૂપ છે એવો અવશ્ય અંગીકાર કરવો જોઈએ; અને જ્ઞાનના એ વિષયસારૂપ્યનો અંગીકાર કર્યો એટલે વિષયનો આકાર જ્ઞાનથીજ [1]અવરુદ્ધ થવાથી બાહ્યાર્થનો [2]સદ્ભાવ છે એવી કલ્પના નિરર્થક છે. વળી વિષય અને વિજ્ઞાનના સાથે ઉપલંભ થવાના નિયમથી તેમનો અભેદ પ્રાપ્ત થાય છે; કેમકે એ બેમાંથી એક ઉપલબ્ધ ન હોય તો અન્ય ઉપલબ્ધ થતું નથી; અને બંનેનો સ્વભાવ [3]વિવિક્ત હોય તો એ યુક્ત નથી; કેમકે [4]પ્રતિબન્ધકારણ નથી. તેથી પણ અર્થનો અભાવ છે. વળી સ્વપ્નાદિની પેઠે એ વિચારવું યુક્ત છે. જેમ સ્વપ્ન, માયા, મૃગજળ, ગન્ધર્વનગર આદિ [5]પ્રત્યયો બાહ્ય અર્થ વગરજ ગ્રાહ્ય અને ગ્રાહકના આકારમાં થાય છે, એ પ્રમાણે જાગ્રદવસ્થામાં થયેલા

માત્રથી સાધારણ સ્વરૂપમાં' ઇત્યાદિ. 'પક્ષપાત'= જ્ઞાન વિષયવિશેષથી વિશિષ્ટ છે એવો વ્યવહાર. ત્યારે બાહ્ય અર્થ જ્ઞાનનો આકાર છે, વિષય જ્ઞાનાકાર છે એમ હો, સૌત્રાન્તિક અને વૈભાષિકોએ બાહ્ય અર્થને જ્ઞાનાકારજ સ્વીકાર્યો છે તેને માટે કહે છે—'જ્ઞાનના એ વિષયસારૂપ્યનો અંગીકાર કર્યો એટલે' ઇત્યાદિ. વળી જ્ઞેય જ્ઞાનથી અભિન્ન છે, જ્ઞાનોપલંભપ્રયુક્ત વિષે નિયત ઉપલંભથી ભાસ છે તેથી, જ્ઞાનની પેઠે એમ કહે છે—'વળી વિષય અને વિજ્ઞાનના સાથે ઉપલંભ થવાના નિયમથી' ઇત્યાદિ. જે બેની સાથે નિયત ઉપલબ્ધ થાય છે તે તેથી ભિન્ન નથી, જેમ એક ચન્દ્રથી દ્વિતીય ચન્દ્ર; અને જ્ઞાનની જ્ઞેય સાથે નિયત સહોપલબ્ધિ છે તેથી જ્ઞાન જ્ઞેયથી ભિન્ન નથી. અત્ર કોઈ શંકા કરે કે સાહિત્યને ભેદની અપેક્ષા છે તેથી જ્ઞાનની સાથે ઉપલબ્ધ થતો વિષય જ્ઞાનથી ભિન્નજ છે તો એ શંકા યુક્ત નથી. જ્ઞાન અને જ્ઞેય એ એક ઉપલબ્ધિના વિષય છે એમ વિવક્ષિત નથી. પણ જ્ઞાન અને જ્ઞેયની સહોપલબ્ધિ નિયત છે એમ વિવક્ષિત છે. સમૂહાલંબનરૂપ એકોપલબ્ધિના વિષય તો ઘટ અને પટ છે તે કંઈ અભિન્ન નથી; તેમની સહોપલબ્ધિ નિયત નથી. કિંચિત્ ભિન્ન છે; કેમકે તે અવશ્ય સહોપલબ્ધ નથી; કદાચિત્ ભેદથી ઢંકાઈ જવાથી બેમાંથી એકજ ઉપલબ્ધ થાય છે; માટે સહોપલબ્ધિ નિયત સમજવાની છે. જ્યાં એકોપલબ્ધિનો નિયમ છે—સહોપલબ્ધિ નિયમિત છે—ત્યાં અભેદ છે એમ સમજવું; જેમકે કલ્પિત ભેદવાળા બે ચન્દ્રો નિયત સહોપલબ્ધ થવાથી અભિન્ન છે. જ્ઞેય જ્ઞાનની સાથે નિયતોપલબ્ધ છે એવો અર્થ છે. સહોપલંભનિયમજ સ્ફુટ કરે છે—'કેમકે એ બેમાંથી એક ઉપલબ્ધ ન હોય તો' ઇત્યાદિ. પણ જ્ઞાન અને જ્ઞેયનો વાસ્તવિક ભેદ સ્વીકારવાથી પણ સહોપલબ્ધિ થશે; કેમકે તેની વચ્ચે ગ્રાહ્યગ્રાહકભાવ સંબન્ધ છે એથી કહે છે—'અને બંનેનો સ્વભાવ વિવિક્ત હોય' ઇત્યાદિ. ક્ષણિક જ્ઞાનનો અર્થની સાથે સંબન્ધ થવાનો હેતુ નથી તેથી ગ્રાહ્યગ્રાહકભાવ નથી. જ્ઞાન અને જ્ઞેય સ્વભાવે વિવિક્ત હોય તો એકની અનુપલબ્ધિમાં અન્યની ઉપલબ્ધિ થતી નથી તે યુક્ત ન થાય; કેમકે પ્રતિબન્ધનો અભાવ છે—તે ઉપલબ્ધિ થતી અટકાવનાર જે અભેદ તેનો અભાવ છે. વળી વ્યવહિતજ્ઞાન બાહ્ય અર્થને આલંબીને નથી, વિજ્ઞાન છે તેથી, સ્વપ્નાદિવિજ્ઞાનની પેઠે એમ કહે છે—'વળી સ્વપ્નાદિની પેઠે એ વિચારવું યુક્ત છે.' એ અનુમાન પ્રત્યક્ષવિશિષ્ટની

૧ નિમિત. ૨ અસ્તિત્વ. ૩ ભિન્ન. ૪ અટકાવનાર કારણ. ૫ જ્ઞાન.

સ્તંભાદિપ્રત્યયો પણ થાય એ યુક્ત છે એમ સમજાય છે; કેમકે બંને સમાન પ્રત્યયો છે. પણ બાહ્ય અર્થ ન હોય તો પ્રત્યયની વિચિત્રતા શી રીતે ઉપપન્ન થાય છે? વાસનાની વિચિત્રતાથી થાય છે એમ કહે છે; કેમકે અનાદિ સંસારમાં બીજ અને અંકુરની પેઠે વિજ્ઞાનો અને વાસનાઓના પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવથી

અનુપપત્તિરૂપ અર્થાપત્તિથી બાધિત છે એમ સૌત્રાન્તિક શંકા કરે છે—'પણ બાહ્ય અર્થ ન હોય તો' ઇત્યાદિ. બાહ્ય અર્થ ન સ્વીકારીએ તો એકજ દેવદત્તરૂપ આલયવિજ્ઞાનસંતાનમાં કદાચિત્ નીલાકાર છે, કદાચિત્ પીતાકાર છે એવું પ્રત્યયવૈચિત્ર્ય શી રીતે ઉપપન્ન થશે? કેમકે બાહ્ય અર્થ સ્વીકારીએ તો જ્ઞાનનું કારણીભૂત જે વિષય તેના વૈચિત્ર્યથી પ્રત્યક્ષજ્ઞાનવૈચિત્ર્ય ઉપપન્ન થશે. અનુમિતિમાં પરામર્શની વિચિત્રતાથી અને શબ્દજ્ઞાનમાં આકાંક્ષાવૈચિત્ર્યથી જ્ઞાનવૈચિત્ર્ય ઉપપન્ન થશે. સર્વથાપિ સાક્ષાત્ કે પરંપરાથી જ્ઞાનવૈચિત્ર્યનો હેતુ બાહ્યાર્થવૈચિત્ર્યજ છે એવો શંકાનો અભિપ્રાય છે. જ્ઞાનવૈચિત્ર્ય બાહ્યાર્થવૈચિત્ર્ય વિના—બાહ્યાર્થ સ્વીકાર્યા વિના-પણ ઉપપન્ન થશે એમ શંકાનો પરિહાર કરે છે—'**વાસનાની વિચિત્રતાથી થાય છે એમ કહે છે**' ઇત્યાદિ. અનાદિસંતાનની અન્તર્ગત જે પૂર્વજ્ઞાન તેજ વાસના, તેના બળથી અનેક ક્ષણનું વ્યવધાન હોય તોપણ નીલાદ્યાકારવાળું જ્ઞાનવૈચિત્ર્ય થશે, જેમ બીજની વાસનાથી કપૉસનું રક્તત્વ થાય છે તેમ એવો અર્થ છે. પૂર્વજ્ઞાન વાસના છે, ઉત્તર જ્ઞાન વાસ્ય છે. તેમાં પૂર્વજ્ઞાન જે આકારવાળું થાય છે તેજ આકારવાળું ઉત્તરજ્ઞાન થાય છે એમ સ્વીકારાતું નથી; કેમકે તેમ હોય તો પ્રત્યયવૈચિત્ર્ય ઉપપન્ન થાય નહિ. પણ નીલાકાર પૂર્વજ્ઞાનથી પણ પીતાકાર જ્ઞાન થાય છે એમ અનિયમજ છે. પરંતુ પીતાકાર ઉત્તરજ્ઞાન ઉપલબ્ધ કરી પૂર્વજ્ઞાનનું એવું ઉત્તર જ્ઞાન ઉત્પન્ન કરવાનું સામર્થ્ય અનુમિત થાય છે. વળી સર્વ નીલાકારજ્ઞાન પીતાકારજ્ઞાનજનક થશે એવી પણ શંકા કરવાની નથી; કેમકે વ્યક્તિભેદથી સામર્થ્યવૈચિત્ર્ય ફળબળે કલ્પવાનું છે; સર્વત્ર પણ કાર્યકારણભાવ ફળબળથીજ કલ્પવો યુક્ત છે. વળી એવી પણ શંકા ન કરવી કે પ્રવાહરૂપે જ્ઞાનસંતતિ ચાલી જાય છે તેમાં તે તે અવ્યવહિત પૂર્વજ્ઞાન જે વાસનારૂપ છે અને નીલપીતાદ્યાકાર છે તે વિચિત્ર હોવાથી નીલાકાર આદિ જ્ઞાનને વિષે અનુગતરૂપ—સમાનરૂપ કંઈપણ કારણ નથી—આવી શંકા ન કરવી; કેમકે જ્ઞાનસંતાનની અન્તર્ગત ગમે ત્યારે પૂર્વોત્પન્ન નીલાકાર જ્ઞાન ઉત્તર નીલાકારજ્ઞાનનો હેતુ છે એમ સ્વીકારાય છે, એજ વાસનાપરિપાકહેતુ કહેવાય છે. તેથી વાસનાજ સમાનાકાર છે એવો નિયમ નથી, પણ પરિપાકહેતુ સમાનાકાર છે એવો નિયમ છે. વળી એવી પણ શંકા ન કરવી કે પરિપાકહેતુ તો ગમે ત્યારે પૂર્વોત્પન્ન છે તે કંઈ અવ્યવધાનથી ઉત્તર જ્ઞાનનો પૂર્વવર્ત્તી નથી તો તે કારણ શી રીતે થાય? આ શંકા યુક્ત નથી; કારણ કે મધ્યવર્ત્તી જ્ઞાનો તજ્જન્યસંતાનની અન્તર્ગત હોવાથી કારણનો વ્યાપાર થાય એ યુક્તજ છે. આથી તેઓ વ્યવધાનરૂપ થતાં નથી. આ પ્રમાણે જ્ઞાનવૈચિત્ર્ય વાસનાવૈચિત્ર્યથીજ ઉત્પન્ન થાય છે. વાસનાવૈચિત્ર્ય જે સ્વપ્રત્યયથી પ્રાપ્ત થાય છે તેથી જ્ઞાનવૈચિત્ર્ય સિદ્ધ થયે તેથી અતિરિક્ત અર્થના અસ્તિત્વ માટે કંઈ પણ પ્રમાણ નથી. આલયવિજ્ઞાનસંતાનમાં રહેલું અસંવિદિત્ જ્ઞાન તે વાસના, તેના વૈચિત્ર્યથી નીલાદ્યનુભવવૈચિત્ર્ય થાય છે અને પૂર્વ નીલાદ્યનુભવવૈચિત્ર્યથી વાસનાવૈચિત્ર્ય થાય છે; આ રીતે અન્યોન્યાશ્રય દોષ સમજવો નહિ; કેમકે વિજ્ઞાન અને વાસનાનું બીજાંકુરસંતાનની પેઠે અનાદિ તાન ચાલ્યું જાય છે, વળી ઉભયવાદીને—વેદાન્તી તેમજ વિજ્ઞાનવાદીને—વાસના સંમત છે, તેથીજ તેજ જ્ઞાનવૈચિત્ર્ય હેતુ છે, બાહ્ય અર્થ

વિચિત્રતા અટકાવાતી નથી. વળી અન્વય અને વ્યતિરેકથી જ્ઞાનવૈચિત્ર્યનું વાસનાજ નિમિત્ત સમજાય છે; કેમકે સ્વપ્નાદિમાં અર્થ વિના પણ જ્ઞાનવૈચિત્ર્યનું વાસના નિમિત્ત છે એમ આપણે બંને સ્વીકારીએ છીએ; અને વાસના વિના જ્ઞાનવૈચિત્ર્યનું અર્થ નિમિત્ત છે એમ તો હું સ્વીકારતો નથી. તેથી પણ બાહ્ય અર્થનો અભાવ છે. એમ પ્રાપ્ત થયે અને કહીએ છીએ.—'नाभाव उपलब्धेः'. એમ ખરેખર, બાહ્ય અર્થનો અભાવ નિશ્ચિત કરવો શક્ય નથી. શાથી? ઉપલબ્ધિથી. પ્રતિપ્રત્યયમાં સ્તંભ, કુડ્ય, ઘટ, પટ એમ બાહ્ય અર્થ ઉપલબ્ધ થાય છે; અને જે ઉપલભ્યમાન છે તેનોજ અભાવ હોય એ યુક્ત નથી. જેમ કોઈ ભોજન કરતો ભોજનસાધ્ય તૃપ્તિ પોતે અનુભવતી વખત એમ કહે કે હું ભોજન કરતો નથી કે હું તૃપ્ત થતો નથી, તેમ ઇન્દ્રિયસંનિકર્ષથી પોતે બાહ્ય અર્થનું જ્ઞાન મેળવતોજ હું જ્ઞાન મેળવતો નથી અને તે અર્થ નથી એમ કહેતો પુરુષ આપ્ત—જેનું વચન ગ્રહણ કરવા યોગ્ય છે એવો—ક્યાંથી થાય? પણ હું કોઈ અર્થ ઉપલબ્ધ કરતો નથી એમ હું કહેતો નથી, પણ ઉપલબ્ધિથી વ્યતિરિક્ત ઉપલબ્ધ કરતો નથી એમ હું કહું છું. ખરેખર, તું એમ કહે છે; કેમકે તારૂં તુંડ નિરંકુશ છે. પણ તું યુક્તિયુક્ત કહેતો નથી; કેમકે અર્થનો ઉપલબ્ધિથી ભેદ પણ બલાત્ સ્વીકારવોજ પડશે, ઉપલબ્ધિથીજ; કારણ કે કોઈ પણ ઉપલબ્ધિનેજ સ્તંભ કે કુડ્ય તરીકે ઉપલબ્ધ કરતો નથી; પણ સ્તંભ, કુડ્ય આદિઓને ઉપલબ્ધિના વિષય તરીકેજ સર્વ લૌકિકો ઉપલબ્ધ કરે છે. વળી આથી પણ સર્વ લૌકિકો એજ પ્રમાણે ઉપલબ્ધિ કરે છે; કેમકે બાહ્ય અર્થનું પ્રત્યાખ્યાન કરતા પણ તેનું એમ વ્યાખ્યાન કરે છે કે જે અન્તઃ જ્ઞેયરૂપ છે તેનો બહિર્વત્ અવભાસ થાય છે. તેઓ પણ સર્વલોકપ્રસિદ્ધ બહાર અવભાસ થતી ઉપલબ્ધિ કરતા અને બાહ્ય અર્થનું પ્રત્યાખ્યાન કરવા ઇચ્છતા 'બહિર્વત્' એમ 'વત્'-નો પ્રયોગ કરે છે. નહિ તો બહિર્વત્ એમ તેઓ શા માટે કહે? ખરેખર, વિષ્ણુ-

નથી એમ કહે છે—'વળી અન્વય અને વ્યતિરેકથી' ઇત્યાદિ. આ રીતે ક્ષણિકવિજ્ઞાનવાદ એજ માનમૂલ હોવાથી તેની સાથે નિત્યવિજ્ઞાનવાદ—વેદાન્તવાદ—વિરુદ્ધ છે એમ પ્રાપ્ત થયે સિદ્ધાન્તસૂત્રનું વ્યાખ્યાન કરે છે—'नाभाव उपलब्धेः' ઇત્યાદિ. બાહ્ય અર્થનો અભાવ શાથી છે, બાહ્ય અર્થ અનુપલબ્ધ છે તેથી કે બાહ્ય અર્થ જ્ઞાનથી ભિન્ન અનુપલબ્ધ છે તેથી? બાહ્ય અર્થ અનુપલબ્ધ છે એમ તો નિશ્ચય કરાતો નથી; કેમકે તે ઉપલબ્ધ છે; આ પ્રમાણે 'ઉપલબ્ધિથી' બાહ્ય અર્થ અનુપલબ્ધ છે એમ નિશ્ચય થતો નથી. ત્યારે જ્ઞાનથી ભિન્ન તરીકે બાહ્ય અર્થ અનુપલબ્ધ છે એમ દ્વિતીય પક્ષની શંકા કરે છે—'પણ હું કોઈ અર્થ ઉપલબ્ધ કરતો નથી' ઇત્યાદિ. જ્ઞાન અને જ્ઞેય એ વિષયી અને વિષય છે તેથી તેમનો ભેદ સાક્ષીને—આત્માને પ્રત્યક્ષસિદ્ધ છે, માટે જ્ઞાન અને જ્ઞેય એ અભિન્ન છે એમ કહેવું પ્રત્યક્ષજ્ઞાનથી વિરુદ્ધ છે એમ કહે છે—'ખરેખર, તું એમ કહે છે' ઇત્યાદિ. તેના વચનથી પણ લોકો બાહ્ય અર્થને ભેદથીજ સ્વીકારે છે એમ કહે છે—'વળી આથી પણ સર્વ લૌકિકો' ઇત્યાદિ. બાહ્ય અર્થ બે અત્યન્ત અસત્—અવિદ્યમાન હોય તો તેની પેઠે ઉપલબ્ધિ થતી નથી, માટે તેને દૃષ્ટાન્ત તરીકે અસંભવ હોવાથી 'બહિર્વત્' શબ્દ ન પ્રયોજાય એમ કહે છે—'નહિ તો

૧ બહાની પેઠે.

અને અવ્યતિરેક આદિ વિકલ્પોથી તે સંભવતો નથી એમ કેવી રીતે કહી શકાય? કેમકે ઉપલબ્ધ થાય છેજ. વળી જ્ઞાન વિષયસરૂપ છે તેથી કંઈ વિષયનો નાશ થતો નથી; કેમકે વિષય ન હોય તો વિષયસારૂપ્ય યુક્ત થાય નહિ; અને વિષય, બહાર ઉપલબ્ધ થાય છે. એટલાજ માટે પ્રત્યય અને વિષય સાથે ઉપલબ્ધ થાય છે એ નિયમનો પણ [1]ઉપાયોપેયભાવ હેતુ છે, અભેદ હેતુ નથી એમ સ્વીકારવું યુક્ત છે. વળી ઘટજ્ઞાન, પટજ્ઞાન એમાં ઘટ અને પટ, વિશેષણોનોજ ભેદ છે. વિશેષ્ય જ્ઞાનનો ભેદ નથી. જેમ શુક્લ ગાય, કૃષ્ણ ગાય એમાં શુક્લત્વ અને કૃષ્ણત્વનોજ ભેદ છે,

---

થાય છે તે વિષયથી અભિન્ન થાય એ યુક્ત નથી; કેમકે યુક્ત હોય તો વિજ્ઞાન પણ સ્થૂલ અને અનેક થવાનો પ્રસંગ આવે; અને એ પ્રસંગ ઇષ્ટ નથી—એ ઇષ્ટાપત્તિ નથી; કેમકે જ્ઞાન સમૂહાલંબન છે તે ઉચ્છિન્ન થયે વિજ્ઞાનો પરસ્પર અસંબદ્ધ થવાથી વિષમ, દ્વિત્વ આદિ વ્યવહારનો લોપ થવાનો પ્રસંગ આવશે. જેટલા આકાર છે તેટલાં જ્ઞાન છે એમ સ્વીકારવાથી તેટલાં જ્ઞાનો પરસ્પર અસંબદ્ધ હોવાથી સ્થૂલ અનુભવનો અભાવ પ્રસક્ત થશે. તેટલા માટે અયુક્તત્વ પક્ષમાં પણ અનુભવને અનુસરી વ્યવહારયોગ્ય અર્થ સ્વીકારવો પડશેજ. ચતુર્થ પક્ષ—ઉત્કટ કોટિકસંશયાત્મક સંસવનો અભાવ—પણ યુક્ત નથી; કેમકે બાહ્ય અર્થનો નિશ્ચય થયો એટલે તેવા સંસવનો ઉપયોગ નથી. પ્રતિપદાર્થ જ્ઞાનની વ્યવસ્થા માટે જ્ઞાનમાં વિષયસારૂપ્ય છે, એમ જ્ઞાનગત અર્થસારૂપ્યથીજ જ્ઞાનનું આલંબન યુક્ત થાય છે તેથી બહિરર્થનો અભાવ છે એમ જે કહ્યું છે તેને માટે કહે છે—'વળી જ્ઞાન વિષયસરૂપ છે તેથી' ઇત્યાદિ. એથી કંઈ વિષયનો અપહ્નવ થઈ શકશે નહિ; કેમકે વિષય ન હોય તો તેના સારૂપ્યની કે વ્યવસ્થાની જ્ઞાનને વિષે ઉપપત્તિ થઈ શકશે નહિ. વળી કલ્પનાગૌરવ કહ્યું છે તે પણ દૂષણ નથી; કેમકે પ્રામાણિક છે એમ કહે છે—'અને વિષય, બહાર ઉપલબ્ધ થાય છે.' વળી જ્ઞાન અને અર્થનો ભેદ સર્વ લોકમાં સાક્ષી આત્માને અનુભવસિદ્ધ છે તેથી સાથે ઉપલબ્ધિ થવાનો નિયમ પણ જ્ઞાન અને જ્ઞેયનો અભેદસાધક નથી—'એટલાજ માટે પ્રત્યય અને વિષય સાથે ઉપલબ્ધ થાય છે' ઇત્યાદિ. જેમ નેત્રના વિષયરૂપની ઉપલબ્ધિ તેજની સાથેજ થાય છે તેથી તેજથી રૂપ અભિન્ન નથી, તેજ પ્રમાણે અર્થ જ્ઞાનથી અભિન્ન નથી. આ પ્રમાણે જ્ઞેયનો જ્ઞાનથી અભેદ નથી; કેમકે ભેદ હોવાથી પણ ગ્રાહ્યગ્રાહકભાવસંબંધથી સહોપલબ્ધિનો નિયમ યુક્ત થાય છે. જેમ સર્વ ચાક્ષુષદ્રવ્ય પ્રભાથી યુક્ત હોય તોજ નિયમે મનુષ્યને બુદ્ધિબોધ્ય થાય છે, પણ એટલાથી કંઈ ઘટાદિ ચાક્ષુષદ્રવ્ય પ્રભાત્મક થતું નથી; પરંતુ તે પ્રભા તેનો ઉપાય હોવાથી એવો પ્રભા ને દ્રવ્યનો સહોપલંભનિયમ થાય છે, તેમ અહીં પણ આત્મસાક્ષિક અનુભવ અર્થનો ઉપાય હોવાથી અર્થનો અને જ્ઞાનનો સહોપલંભનિયમ થાય છે. વિજ્ઞાન અનેક અર્થથી નિય છે, એક છે તેથી, ચૈતન્યની પેઠે એમ પૂર્વપક્ષીને સત્પ્રતિપક્ષ કહે છે—'વળી ઘટજ્ઞાન, પટજ્ઞાન એમાં' ઇત્યાદિ. વળી હેતુ અસિદ્ધ છે એવી શંકા ન કરવી, કેમકે જ્ઞાન, જ્ઞાન એવી એકાકાર પ્રતીતિથી જ્ઞાનનું ઐક્ય નિશ્ચિત થાય છે. વળી એ પ્રતીતિ ભ્રાન્તિવિષયક છે એમ પણ ન સમજવું; કેમકે વ્યક્તિભેદનો અનિશ્ચય છે એમ કહે છે—'વિશેષ્ય જ્ઞાનનો ભેદ નથી'. વિશેષણનો ભેદ હોય તોપણ વિશેષ્યનો ભેદ નથી તેને માટે દૃષ્ટાન્ત આપે છે—'જેમ શુક્લ

---

૧ એક ઉપાય છે અને બીજો તે વડે થાય છે—ઉપેય છે—એવો ભાવ; અર્થ ઉપાય છે અને જ્ઞાન ઉપેય છે, એવો અર્થ અને જ્ઞાન વચ્ચેનો સંબંધ; વિષયવિષયિભાવ.

ગોત્વનો નથી. એકનો બેથી ભેદ સિદ્ધ થાય છે, અને એકથી બેનો. તેટલા અર્થ અને જ્ઞાનનો ભેદ છે. તેમ ઘટદર્શન અને ઘટસ્મરણ એમાં પણ અહિં પણ દર્શન અને સ્મરણ જે વિશેષ્ય છે તેનોજ ભેદ છે, વિશેષણ ઘટનો નથી; જેમ ક્ષીરગન્ધ, ક્ષીરરસ એમાં વિશેષ્ય ગન્ધ અને રસનોજ ભેદ છે, ક્ષીરનો નથી તેમ. વળી પૂર્વકાલીન અને ઉત્તરકાલીન એ બે વિજ્ઞાનો સ્વસંવેદનથીજ ઉપક્ષીણ થયલાં હોવાથી પરસ્પર ગ્રાહ્યગ્રાહક થાય એ યુક્ત નથી. તેથી વિજ્ઞાનભેદની પ્રતિજ્ઞા, ક્ષણિકત્વ આદિ ધર્મની પ્રતિજ્ઞા, સ્વલક્ષણપ્રતિજ્ઞા, સામાન્યલક્ષણપ્રતિજ્ઞા, વાસ્યવાસકત્વપ્રતિજ્ઞા, અવિદ્યાના સંસર્ગથી સદસદ્ધર્મપ્રતિજ્ઞા, અને

ગાય, કૃષ્ણ ગાય' ઇત્યાદિ. તોપણ જ્ઞાન અને અર્થનો ભેદ શી રીતે તેને માટે કહે છે—**'એકનો બેથી ભેદ સિદ્ધ થાય છે.'** વિમત જ્ઞાન અનેકથી (અર્થથી) ભિન્ન છે, એક છે તેથી, ગોત્વની પેઠે એવો પ્રયોગ છે. વળી વિમત (જ્ઞેય) એકથી (જ્ઞાનથી) અન્ય છે, અનેક છે તેથી, સંમતની પેઠે એમ કહે છે—**'અને એકથી બેનો.'** વળી અર્થનો ભેદ થતો નથી (ઘટદર્શન, ઘટસ્મરણ એમ અર્થનો અભેદ છે ને માત્ર વૃત્તિનોજ—દર્શન સ્મરણનોજ—ભેદ છે) તોપણ વિજ્ઞાનથી તેનો ભેદ જોવામાં આવે છે તેથી પણ અર્થ વિજ્ઞાનાત્મક નથી. ઘટાદિ ચૈતન્યથી ભિન્ન છે એમ કહી વૃત્તિજ્ઞાનથી પણ ભિન્ન છે એમ કહે છે—**'તેમ ઘટદર્શન અને ઘટસ્મરણ એમાં પણ સમજવું'** ઇત્યાદિ. 'ઘટ બેથી ભિન્ન છે, એક છે તેથી, ક્ષીરની પેઠે' એવો અર્થ છે. દર્શનત્વ, સ્મરણત્વરૂપ વિરુદ્ધ ધર્મોથી આક્રાન્ત થવાથી જ્ઞાનોનો ભેદ છે, ઘટ જે વિષય છે તે એક છે, તેથી વિષય અને જ્ઞાનનો અભેદ નથી એવો અર્થ છે. વળી અર્થ જ્ઞાનથી ભિન્ન છે એવો અંગીકાર નહિ કરીએ તો પોતાના (બુદ્ધના) શાસ્ત્રના વ્યવહારનો લોપરૂપ બાધક થાય છે એમ કહે છે—**'વળી પૂર્વકાલીન અને ઉત્તરકાલીન એ બે વિજ્ઞાનો'** ઇત્યાદિ. વિજ્ઞાનવાદીઓ સ્થિર, અનેકજ્ઞાનાવગાહી એવો એક આત્મા સ્વીકારતા નથી અને ક્ષણિક વિજ્ઞાનો પરસ્પર વિષય થતાં નથી. ક્રમિક, સ્વપ્રકાશ એવાં ક્ષણિક જ્ઞાનો પરસ્પર ગ્રાહ્યગ્રાહક થાય એ યુક્ત નથી, એવું પણ તેમણે સ્વીકાર્યું છે. તેમજ વિજ્ઞાનભેદપ્રતિજ્ઞા પણ યુક્ત નથી. **इदमस्माद् भिन्नम्** (આ એનાથી ભિન્ન છે) એમ ધર્મી અને પ્રતિયોગીથી અવચ્છિન્ન થયલો ભેદ હોય છે. પણ જ્ઞાનજ ધર્મી અને પ્રતિયોગી થયું એટલે તે વડે એનું ગ્રહણ ન થવાથી ભેદપ્રતિજ્ઞા યુક્ત નથી. તેટલા માટે તેમનો ભેદગ્રાહક સ્થાયી આત્મા તેમનાથી ભિન્ન સ્વીકારવોજ જોઈએ અને ભેદપ્રતિજ્ઞાની ઉપપત્તિ માટે જ્ઞાન અને અર્થને ભિન્ન સ્વીકારવાં જોઈએ. વળી બધુંજ ક્ષણિક વિજ્ઞાન હોય તો પક્ષ, સાધ્ય, હેતુ અને દૃષ્ટાન્તમાં ભેદ ન હોવાથી **'इदं क्षणिकमसत्'**—આ ક્ષણિક છે, અસત્ છે એવી પ્રતિજ્ઞા યુક્ત નથી. સર્વથી વ્યાવૃત્ત, વ્યક્તિમાત્ર તે સ્વલક્ષણ. તે પણ જે વ્યાવૃત્ત થાય છે અને જેથી વ્યાવૃત્ત થાય છે તે અનેક જ્ઞાનથી સાધ્ય છે. એવી રીતે સામાન્ય જે અનેકાનુગત છે અને અતદ્વ્યાવૃત્તિરૂપ છે તે પણ અનેકજ્ઞાનગમ્ય છે. સર્વ અને અનેક અર્થો જ્ઞાનમાત્ર હોવાથી પરસ્પર કે પરથી દુર્જ્ઞેય છે. ઉત્તરનીલજ્ઞાન તે વાસ્ય અને પૂર્વનીલજ્ઞાન તે વાસક એ પણ પ્રતિજ્ઞા યુક્ત નથી; કેમકે તેમનાથી ભિન્ન જ્ઞાતાનો અભાવ છે. વાસ્યવાસકભાવ પણ અનેકજ્ઞાનસાધ્ય છે. અવિદ્યાસંસર્ગના બળથી જે સદસદ્ધર્મત્વ—નીલ એ સદ્ધર્મ, નરવિષાણ એ અસદ્ધર્મ, અમૂર્ત એ સદસદ્ધર્મ, કેમકે શશવિષાણ અમૂર્ત છે એમ પણ કહી શકાશે અને વિજ્ઞાન અમૂર્ત છે એમ પણ કહી શકાશે, અમૂર્તત્વ સત્ અને અસત્ બન્નેનો ધર્મ થઈ શકશે. આ જાતની પ્રતિ-

અન્યમોક્ષાદિ પ્રતિજ્ઞા જે સ્વશાસ્ત્રમાં છે તે બધીને હાનિ થાય. વળી બીજું, વિજ્ઞાન વિજ્ઞાન એમ સ્વીકારતો, સ્તંભ, કુડ્ય એવા પ્રકારનો બાહ્ય અર્થ શા માટે નથી સ્વીકારતો તે કહેવું જોઈએ. વિજ્ઞાનનો અનુભવ થાય છે એમ જો કહેશો તો બાહ્ય પણ અર્થનો અનુભવ થાય છેજ એમ સ્વીકારવું યુક્ત છે. વિજ્ઞાન પ્રકાશાત્મક હોવાથી પ્રદીપની પેઠે આપોઆપ અનુભવાય છે તેવી રીતે બાહ્ય પણ અર્થ અનુભવાતો નથી એમ જો કહેશો તો સ્વાત્માને વિષે અત્યન્તવિરુદ્ધ ક્રિયા સ્વીકારે છે, અગ્નિ આત્માને બાળે છે એની પેઠે. પણ પોતાથી (વસ્તુથી) વ્યતિરિક્ત જ્ઞાનથી બાહ્ય અર્થ અનુભવાય છે એમ અવિરુદ્ધ અને લોકપ્રસિદ્ધ વાત ઇચ્છતો નથી, અહો! મોટું પાંડિત્ય દર્શાવ્યું! અર્થવ્યતિરિક્ત પણ વિજ્ઞાન પોતાની મેળેજ અનુભવાય છે એમ કહેવું યુક્ત નથી; કેમકે પોતાને વિષે ક્રિયાનો વિરોધ છેજ. પણ વિજ્ઞાન પોતાથી વ્યતિરિક્તથી ગ્રાહ્ય હોય તો તે પણ અન્યથી ગ્રાહ્ય થાય અને તે પણ અન-

[illegible]

રૂપ હોવાથી અમે કહેલો પક્ષ તને સંમત છે એમ કહેશે તો તે યુક્ત નથી; કેમકે તેમ જેનું સાધન છે એવા અન્ય જ્ઞાતાને પ્રદીપાદિનું જ્ઞાન થાય છે એવું જોવામાં આવે છે. એટલા માટે વિજ્ઞાન પણ સમાન રીતે અવભાસ્ય હોવાથી અન્ય જ્ઞાતા હોય તોજ તેનો પ્રકાશ પ્રદીપની પેઠે થાય છે એમ સમજાય છે. સાક્ષી જ્ઞાતા સ્વયં-સિદ્ધ છે એમ નિર્દેશ કરતાં તેં વિજ્ઞાન જાતે પ્રકાશ પામે છે એજ મારો પક્ષ વા-ચાની અન્ય યુક્તિથી આશ્રિત કર્યો એમ કહેવું યુક્ત નથી; કેમકે વિજ્ઞાનને ઉત્પત્તિ-વાળા, અનેકત્વ ઇત્યાદિ વિશેષ છે એમ (મારો) સ્વીકાર છે. એટલા માટે પ્રદીપની પેઠે વિજ્ઞાન પણ ભિન્ન જ્ઞેય છે એમ અમે સાધ્યું ॥ ૨૮ ॥

वैधर्म्याच्च न स्वप्नादिवत् ॥ २९ ॥

અને વૈધર્મ્ય છે તેથી (જાગ્રત્પ્રત્યય) સ્વપ્નાદિપ્રત્યય જેવા નથી ॥ ૨૯ ॥

સ્વપ્નાદિ અવસ્થાના પ્રત્યયની પેઠે જાગ્રદવસ્થામાં થયેલા સ્તંભાદિપ્રત્યયો પણ બાહ્ય અર્થ વગરજ થાય એ યુક્ત છે; કેમકે બંનેમાં પ્રત્યયત્વ સમાન છે એમ બાહ્યાર્થના નિષેધ કરનારે જે કહ્યું છે તેનું પ્રત્યાખ્યાન કરવું જોઈએ. એને વિષે કહીએ છીએ—સ્વપ્નાદિપ્રત્યયના જેવા જાગ્રદવસ્થાના પ્રત્યયો થાય એ યુક્ત નથી. શાથી? વૈધર્મ્ય છે તેથી; કેમકે સ્વપ્ન અને જાગ્રદવસ્થાના પ્રત્યયોમાં વૈધર્મ્ય છે, પણ શું વૈધર્મ્ય છે? બાધ અને અબાધ એમ અમે કહીએ છીએ; કારણ કે સ્વપ્નમાં ઉપલબ્ધ કીધેલી વસ્તુ જાગ્રત થયેલાને બાધિત થાય છે કે મહાજનસમાગમ મેં ઉપલબ્ધ કર્યો છે તે મિથ્યા છે એમ. ખરેખર, મને મહાજનસમાગમ થયો નથી; પણ મારૂં મન નિદ્રાથી ગ્લાનિમાં હતું તેથી આ ભ્રાન્તિ ઉત્પન્ન થઈ એમ એ પ્રમાણે

હોવાથી' ઇત્યાદિ. જ્ઞાન પોતેજ જ્ઞાતા હોય એમ અનેક હોય તો જ્ઞાતૃત્વ ને સંવિત્ત્વ યુક્ત ન થાય. તેથી અન્ય જ્ઞાતા આવશ્યક છે એમ શંકાનો પરિહાર કરે છે—'તે યુક્ત નથી' ઇત્યાદિ. વિમત વિજ્ઞાન સ્વાન્યવેદ્ય છે, વેદ્ય છે તેથી દેહની પેઠે કે દીપની પેઠે એમ અનુમાન હોવાથી જ્ઞાન અને પ્રમાતા નથી. ત્યારે જ્ઞાનથી અતિરિક્ત જે સાક્ષી છે તે અન્યવેદ્ય છે કે સ્વવેદ્ય છે? જો અન્યવેદ્ય હોય તો તે પણ અન્યવેદ્ય એમ અનવસ્થા થશે. જો સ્વવેદ્ય હોય તો વિજ્ઞાનવાદનો અન્ય પ્રકારે સ્વીકારેલો થશે એમ શંકા કરે છે—'સાક્ષી જ્ઞાતા સ્વયંસિદ્ધ છે એમ નિર્દેશ કરતાં' ઇત્યાદિ. જે વિજ્ઞાન જન્મનાશયુક્ત છે એમ કહે છે. તેનો સાક્ષી જડ છે એવો નિયમ હોવાથી તે સ્વાન્યવેદ્ય છે એમ અમે સાધ્યું. કૂટસ્થ ચિદાત્માને સાક્ષીની અપેક્ષા નથી તેથી અનવસ્થા નથી એમ પણ કહ્યું છે, એથી આપણા બન્નેના પક્ષમાં મોટું વિલક્ષણપણું છે એમ શંકાનો પરિહાર કરે છે—'એમ કહેવું યુક્ત નથી' ઇત્યાદિ ॥ ૨૮ ॥

આ પ્રમાણે વેદ્ય અને વિજ્ઞાનની પેઠે અર્થ પણ ઉપલભ્ય થાય છે તેથી બાહ્ય અર્થનો અભાવ નથી એમ કહ્યું. હવે જાગ્રદ્વિજ્ઞાન સ્વપ્નાદિવિજ્ઞાનની પેઠે બાહ્ય અર્થને આલંબીને નથી એમ અનુમાન દૂષિત કરે છે—'वैधर्म्याच्च' ઇત્યાદિ. બાધ અને અબાધ એ વૈધર્મ્ય છે. બાધ્યત્વ બાધિત છે અને અબાધ્યત્વ અબાધિત છે, તો પણ પ્રત્યયત્વને આશ્રય ક-

માયાદિને વિષે યથાયોગ્ય બાધ થાય છે. પણ જાગ્રદવસ્થામાં ઉપલબ્ધ થયલી સ્તંભાદિ વસ્તુ કોઈ પણ અવસ્થામાં એવી રીતે બાધિત થતી નથી. વળી જે સ્વપ્નદર્શન છે તે એ સ્મૃતિ છે, પણ ઉપલબ્ધિ તો જાગ્રદ્ અવસ્થાનું દર્શન છે; અને સ્મૃતિ અને ઉપલબ્ધિ વચ્ચે પ્રત્યક્ષ ભેદ જાતે અનુભવાય છે તે એ છે કે પ્રથમમાં અર્થનો વિપ્રયોગ છે અને બીજામાં સંપ્રયોગ છે, ઇષ્ટ પુત્રને સ્મરૂં છું, ઉપલબ્ધ કરતો નથી, ઉપલબ્ધ કરવા ઇચ્છું છું એમ. તેમાં એમ હોવાથી બંને ઉપલબ્ધિનો અન્તર જાતે અનુભવે છે તેનાથી એમ કહી નહિ શકાય કે જાગ્રદવસ્થાની ઉપલબ્ધિ મિથ્યા છે, ઉપલબ્ધિ છે તેથી, સ્વપ્નની ઉપલબ્ધિની પેઠે. જે પોતાને પ્રાજ્ઞ માને છે એવા પુરુષોએ પોતાના અનુભવનો નિષેધ કરવો યુક્ત નથી. વળી જાગ્રદવસ્થાના પ્રત્યયો જાતે નિરાધાર છે એમ કહેવું અશક્ય છે; કેમકે અનુભવના વિરોધનો પ્રસંગ આવે; તેથી સ્વપ્નપ્રત્યયના સમાન એ પ્રત્યયો છે એમ સાધર્મ્યથી જાગ્રદવસ્થાના પ્રત્યયો નિરાધાર છે એમ કહેવા ઇચ્છે છે. પણ જે જેનો સ્વતઃ ધર્મ સંભવતો નથી તે અન્યના સાધર્મ્યથી તેનો ધર્મ થતો નથી; કેમકે અગ્નિ ઉષ્ણ અનુભવાય છે તે ઉદકસાધર્મ્યથી શીત થશે નહિ. સ્વપ્ન અને જાગ્રદવસ્થાનું વૈધર્મ્ય તો દર્શાવ્યું છે ॥ ૨૯ ॥

બાધિતજ લેવો પડશે; કેમકે તે વડે સ્વપ્નપ્રત્યય બાધિત–મિથ્યા છે એમ સમજાય છે. જાગ્રત્પ્રત્યય જો બાધ્ય હોય તો સ્વપ્નપ્રત્યયનો એ બાધક થાય નહિ, કેમકે બાધ્યજ બાધક થાય એ યુક્ત નથી, અને સ્વપ્નપ્રત્યય મિથ્યા ન થાય તો ‘ સ્વપ્નપ્રત્યયની પેઠે જાગ્રત્પ્રત્યય મિથ્યા છે ’ એમાં સ્વપ્નપ્રત્યયની પેઠે એ દૃષ્ટાન્ત સાધ્યવિકલ થાય. તેટલા માટે બાધ અને અબાધરૂપ વૈધર્મ્ય હોવાથી સ્વપ્નપ્રત્યયના દૃષ્ટાન્તથી જાગ્રત્પ્રત્યય નિરાધાર છે એમ નિશ્ચિત કરવું શક્ય નથી. સ્વપ્નપ્રત્યય મિથ્યા છે તેને માટે અન્ય વૈધર્મ્ય કહે છે—‘ વળી જે સ્વપ્નદર્શન છે ’ ઇત્યાદિ. સંસ્કારમાત્રજન્ય જ્ઞાન તે સ્મૃતિ. પ્રત્યુત્પન્ન ઇન્દ્રિયસંપ્રયોગ, લિંગ, શબ્દ, સારૂપ્ય, અન્યથા અનુપપત્તિ, યોગ્યપ્રમાણની અનુપપત્તિ—આ સામગ્રીઓથી ઉત્પન્ન થયલું જ્ઞાન તે ઉપલબ્ધિ. હવે ઊંઘતા માણસને અન્ય સામગ્રીનો અભાવ હોવાથી સંસ્કારજ પરિશિષ્ટ રહે છે. તેથી સંસ્કારજન્ય સ્મૃતિ થાય છે. તે પણ નિદ્રાદોષથી વિપરીત થઈ અવર્તમાન પિતૃ આદિને પણ વર્તમાન તરીકે દર્શાવે છે તેથી પ્રથમ તો સ્મૃતિનોજ ઉપલબ્ધિથી વિશેષ છે ને તે સ્વપ્નસ્મૃતિ તો સ્મૃતિથી વિપરીત છે, એમ એ વચ્ચે મહદ્ અન્તર છે. ‘ તેમાં એમ હોવાથી ’=વૈધર્મ્ય હોવાથી. અપ્રમાણજત્વ ઉપાધિ છે તેથી નિરાલંબનત્વ અનુમાન યુક્ત નથી (જાગ્રદ્વિજ્ઞાન નિરાલંબન છે, વિજ્ઞાન છે તેથી, સ્વપ્નવિજ્ઞાનની પેઠે–એ અનુમાનમાં અપ્રમાણજત્વ ઉપાધિ છે તેથી અનુમાન દૂષિત છે).વળી આથી પણ નિરાલંબનત્વ એ અનુમાન યુક્ત નથી એમ કહે છે—‘વળી જાગ્રદવસ્થાના પ્રત્યયો ’ ઇત્યાદિ. વસ્તુતઃ ઘટાદિના અનુભવનો નિરાલંબનત્વ ધર્મ જો હોય તો દૃષ્ટાન્તના આગ્રહનું શુ પ્રયોજન છે? કેમકે પ્રત્યક્ષથી પણ કહી શકાશે. વહ્નિની ઉષ્ણતા કહેવા માટે કંઈ દૃષ્ટાન્તની જરૂર નથી. જો વસ્તુત ધર્મ નથી તો દૃષ્ટાન્તનું શું પ્રયોજન છે ? જે બાધિત છે તે હજારો દૃષ્ટાન્તથી પણ દુઃસાધ્ય છે. તેથી સ્વતઃ નિરાલંબનત્વ કહેવામાં સાવલંબનત્વનો અનુભવ બાધક છે એવી બીકથી તેં અનુમાન કરવાનું આરંભ્યું, પણ બાધ મૂકતો નથી એવો અર્થ છે. ઉક્ત ઉપાધિ પણ વીસરવો નહિ એમ કહે છે—‘ સ્વપ્ન અને જાગ્રદવસ્થાનું વૈધર્મ્ય ’ ઇત્યાદિ ॥ ૨૯ ॥

नाभावोऽनुपलब्धेः ॥ ३० ॥

(વાસનાઓનો) ભાવ (યુક્ત) નથી; (બાહ્ય અર્થ) અનુપલબ્ધ છે તેથી ॥ ૩૦ ॥

અર્થ વિના પણ જ્ઞાનવૈચિત્ર્ય વાસનાવૈચિત્ર્યથીજ વાંસને છે એમ જે કહ્યું છે તેનું પ્રત્યાખ્યાન કરવું જોઈએ—વાસનાઓનો ભાવ ઉપપન્ન થતો નથી; કેમકે તારા પક્ષમાં બાહ્ય અર્થોની અનુપલબ્ધિ છે. ખરેખર, અર્થની ઉપલબ્ધિને લીધે પ્રત્યર્થ ભિન્ન ભિન્ન રૂપની વાસનાઓ થાય છે. પણ અર્થો અનુપલભ્યમાન હોય તો વિવિધ વાસનાઓ કોને લીધે થાય? વાસના અનાદિ છે એમ હોવાથી પણ અંધપરંપરાન્યાયથી નિર્મૂલ અનવસ્થા વ્યવહારનો લોપ કરનારી થાય. અભિપ્રાય સિદ્ધ ન થાય. અર્થના નિષેધ કરનારે વાસનાનિમિત્તક આ જ્ઞાનસમૂહ છે, અર્થનિમિત્તક નથી એમ જે અન્વય અને વ્યતિરેકનો ઉપન્યાસ કર્યો છે તેનું પણ આમ હોવાથી નિરાકરણ થયનું સમજવું; કેમકે અર્થની ઉપલબ્ધિ વિના વાસના ઉપપન્ન થતી નથી.

અન્ય શંકાનું નિરસન કરવા સૂત્ર રચે છે—'नाभावोऽनुपलब्धेः' તે [illegible] કરવા શંકાની અનુવાદ કરી તેની નિરસનયોજના કરે છે—'અર્થ વિના પણ' [illegible] 'ભાવ' = ઉત્પત્તિ કે સત્તા [illegible] અનુપલભ્ય છે [illegible] —'વાસના અનાદિ છે એમ હોવાથી પણ' [illegible]

[illegible]

નને સ્થિરસ્વરૂપવાળો લેવામાં તો સિદ્ધાન્તની હાનિ થાય. વળી વિજ્ઞાનવાદમાં પણ ક્ષણિકત્વનો સ્વીકાર સમાન હોવાથી બાહ્યાર્થવાદમાં ક્ષણિકત્વને આધારે રહેલ 'ઉત્તરોત્પાદે ચ પૂર્વનિરોધાત્' [બ્ર૦ સૂ૦ ૨૦] ઇત્યાદિ જે દૂષણો પ્રકાશિત કર્યાં તેનું અહિં પણ અનુસંધાન કરવું યુક્ત છે. એ પ્રમાણે બાહ્યાર્થવાદિપક્ષ અને વિજ્ઞાનવાદિપક્ષ. એ બંને વૈનાશિક પક્ષોનું નિરાકરણ કર્યું. શૂન્યવાદિપક્ષ તો સર્વપ્રમાણવિરુદ્ધ છે એટલે તેનું નિરાકરણ કરવા માટે આદર કરવામાં આવ્યો નથી;

[illegible] કહે છે—'આલયવિજ્ઞાનને સ્થિર સ્વરૂપવાળો લેવામાં તો' ઇત્યાદિ [illegible] કરે છે—'વળી વિજ્ઞાનવાદમાં પણ' ઇત્યાદિ. [illegible] 'એ પ્રમાણે બાહ્યાર્થવાદિપક્ષ' ઇત્યાદિ. [illegible] સર્વ છે તે સત્ છે કે અસત્ છે એમ વિચાર થઈ શકતો નથી તેથી શૂન્યતા [illegible] રહે છે એવો [illegible] પક્ષ છે તે માનભૂત છે એમ શંકા કરી સૂત્રકારે તેનું નિરાકરણ કેમ નથી કર્યું તેને માટે કહે છે—'શૂન્યવાદિપક્ષ તો સર્વ પ્રમાણવિરુદ્ધ છે' ઇત્યાદિ. 'આદર' = [illegible]. એટલેજ સૂત્રો શૂન્યવાદનું નિરાકરણ કરવા માટે યોગ્ય છે એવો અર્થ છે. કેમકે 'નાભાવ उपलब्धेः' એટલે જ્ઞાન અને અર્થનો અભાવ—શૂન્યત્વ યુક્ત નથી; કેમકે પ્રમાણથી ઉપલબ્ધ થાય છે. પણ અસત્ અને સ્વપ્ન એ જ્ઞાન અને અર્થથી શૂન્ય છે, [illegible] છે તેથી. સુષુપ્તિની પેઠે એ અનુમાનપ્રયોગથી શૂન્યત્વ સિદ્ધ થાય એ શંકા દૂર કરવા કહે છે 'वैधर्म्याच्च न स्वप्नादिवत्'. સ્વપ્ન એ અવસ્થાનું [illegible] છે એવી સુષુપ્તિ [illegible] અને અસત્ અને સ્વપ્નમાં ઉપલબ્ધિ છે એમ વૈલક્ષણ્ય છે. વળી સુષુપ્તિમાં અનુપલબ્ધિ છે [illegible] અનુમાન યુક્ત નથી એવો અર્થ છે. વળી સુષુપ્તિમાં પણ આત્મજ્ઞાન હોવાથી [illegible] તત્ત્વ છે ને કહેવું જોઈએ. તેનો [illegible] મતમાં અભાવ છે; કેમકે નિરધિષ્ઠાન નિષેધ યુક્ત નથી અનુપલબ્ધ છે એમ કહે છે—'नाभावोऽनुपलब्धेः' એ સૂત્રની યોજના કરે છે—'કેમકે પ્રમાણથી સર્વપ્રમાણસિદ્ધ લોકવ્યવહારનો' ઇત્યાદિ. જે [illegible] છે તે અસત્ નથી એમ [illegible] શૂન્ય નથી. કેમકે બાધનો અભાવ છે. વળી જ્ઞાનનિષેધાત્મક જે સર્વ છે તે સત્ છે કે અસત્ છે એમ વિચાર થઈ શકતો નથી તેથી શૂન્યત્વ છે એમ કહેવું યુક્ત નથી; કેમકે [illegible] [illegible] છે 'क्षणिकत्वाच्च' એ સૂત્રને 'क्षणिकत्वोपदेशाच्च' એમ પણ. શૂન્યત્વ-વિરુદ્ધ ક્ષણિકત્વનો ઉપદેશ છે તેથી સુગત અસમંજસવાદી છે એવો અર્થ છે. શૂન્યવાદીઓ [illegible] એ પ્રમાણે વર્ણવે છે—[illegible] પરમાણુ છે કે તેનો સમૂહ છે ઇત્યાદિ વિજ્ઞાન-[illegible] જે કલ્પેલ છે તેથી [illegible] સત્ત્વ નથી. જે ક્ષણિકવિજ્ઞાન તે પણ સત્ત્વ નથી. તે વિજ્ઞાનવાદી પણ જે [illegible] અર્થ પરને અનિ-[illegible] છે તે અન્તર છે એમ કહે છે. તો તે આન્તર અર્થ પણ પરમાણુરૂપ છે કે તત્સમૂહરૂપ છે એ વિકલ્પ એમાં પણ થઈ શકતો નથી. અન્તર કે [illegible] સર્વ વસ્તુ સત્ નથી; કેમકે [illegible] હોય તો પરમાણુ છે કે પરમાણુસમુદાય છે એમ દર્શનનાર યુક્તિ નથી. તેમજ અસત્ પણ નથી; કેમકે અપરોક્ષ તરીકે પ્રતીત થાય છે. તેમજ સદસત્ પણ નથી, કેમકે વિરોધ [illegible]. તેમજ સદસદ્વિલક્ષણ પણ નથી; તેમજ અસત્ પણ નથી; કેમકે અપરોક્ષ તરીકે પ્રતી-ત થાય છે. તેમજ સદસત્ પણ નથી, કેમકે વિરોધ થાય. તેમજ સદસદ્વિલક્ષણ પણ નથી-કેમકે સદ્વિલક્ષણ હોય તો અવશ્ય અસત્ હોય અને અસદ્વિલક્ષણ [illegible] પણ નથી.

રુદ્ધ વાદના ઉપદેશ કરતા સુગતે પોતાનું અસંબદ્ધ પ્રલાપીપણું પ્રકટ કર્યું છે કે વિ[illegible]
રુદ્ધ અર્થના જ્ઞાનથી એ પ્રજાઓ વિમૂઢ થાય એમ પ્રજાઓ પ્રત્યે વિદ્વેષ પ્રકટ કર્યો
છે. સર્વથા આ સુગતસમય કલ્યાણ ઇચ્છનારાઓએ આદર કરવા યોગ્ય નથી એવો
અભિપ્રાય છે ॥ ૩૨ ॥

नैकस्मिन्नसंभवात् ॥ ३३ ॥

એક (ધર્મી)ને વિષે અસંભવથી (એ સ્વીકાર યુક્ત નથી) ॥ ૩૩ ॥

સુગતના સિદ્ધાન્તનું નિરસન કર્યું. હવે મુક્તાંબરના સિદ્ધાન્તનું નિરાકરણ ક-
રીએ છીએ. એમને [1]સાત પદાર્થો સંમત છે—જીવ, અજીવ, [2]આસ્રવ, [3]સંવર, [4]નિ-
ર્જર, બન્ધ અને મોક્ષ. સંક્ષેપમાં તો જીવ અને અજીવ એવા બેજ પદાર્થો છે;
કેમકે બીજાઓનો એ બેમાંજ યથાયોગ્ય અન્તર્ભાવ થાય છે એમ તેઓ માને છે.
[5]જીવાસ્તિકાય, [6]પુદ્ગલાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય

રીતે થાય તેથી કહે છે—'વિરુદ્ધ અર્થના જ્ઞાનથી' ઇત્યાદિ. અહીં 'પ્રજા'નો અર્થ વેદ-
[illegible] પ્રજા સમજવી. એથી ભ્રાન્તિજ એનું મત છે એવા સુગતસિદ્ધાન્તથી વેદાન્તસિદ્ધાન્ત-
નો વિરોધ નથી એમ સિદ્ધ થયું ॥ ૩૨ ॥

મુક્તકચ્છ, સુગતોનું મત નિરસ્ત થયું એટલે [illegible]-જૈનોનું મત બુદ્ધિસ્થ થાય છે
તેનું હવે નિરસન કરવામાં આવે છે એમ પ્રસંગની સંગતિ કહે છે—'સુગતના સિદ્ધાન્તનું'
ઇત્યાદિ. એકરૂપ ફલ છે એવા વૈદિક સિદ્ધાન્તને 'અનેકાન્તવાદ સાથે વિરોધ છે કે નહિ એમ
તે અનેકાન્તવાદ માનમૂલ છે કે ભ્રાન્તિમૂલ છે એમ સંદેહ થયે માનમૂલ છે માટે વૈદિક સિ-
દ્ધાન્તને વિરોધ છે એમ પૂર્વપક્ષ રચીને ઉદ્દેશીને તેના મતનો ઉપન્યાસ કરે છે—'એમને
સાત પદાર્થો સંમત છે' ઇત્યાદિ. 'જીવ' બોધ્ય છે અને 'અજીવ' બોધ્ય છે. 'જીવ'
બોધાત્મક છે અને 'અજીવ' જડવર્ગ છે. વિષયને અભિમુખ ઇન્દ્રિયોની પ્રવૃત્તિ તે 'આસ્રવ';
અર્થાત્, ઇન્દ્રિયોનો વિષયો વિષે સંચાર. [illegible] [illegible]
આસ્રવ કહે છે. ઇન્દ્રિયોની વિષયો તરફની પ્રવૃત્તિનું જે સંવરણ કરે તે 'સંવર', અર્થાત્,
યમનિયમાદિ: = બાહ્ય અને આભ્યન્તર ઇન્દ્રિયોનો નિરોધ. [illegible] શરીરસંબંધને
નાશ કરે તે 'નિર્જર'. [illegible] પુણ્ય અને અપુણ્યને [illegible] જીર્ણ કરે—
તપ્તશિલારોહણ, કેશલુંચન, ઇત્યાદિ દેહદાહ. 'બન્ધ' એટલે કર્મ. 'મોક્ષ' એટલે [illegible]
નાશ થયે [illegible] [illegible] [illegible]
અને સંવર અને નિર્જર [illegible] છે. બન્ધ એ તે પ્રવૃત્તિનો હેતુ અને મોક્ષ તે પ્રવૃત્તિ
ઉચ્છેદ છે. [illegible] [illegible] અન્તર્ભાવ છે તો [illegible] [illegible] રીતે છે તેને કહે
કહે છે—'સંક્ષેપમાં તો' ઇત્યાદિ. સંક્ષેપ અને વિસ્તારથી જે અર્થ કહ્યા છે તેને વિષે અ-
મ રીતિથી અન્ય વિસ્તાર કહે છે—'જીવાસ્તિકાય' ઇત્યાદિ. અસ્તિ = છે અને કાયતે =

---

[1] [illegible] [2] ઇન્દ્રિયપ્રવૃત્તિ. [3] [illegible] [4] [illegible] [5] [illegible]
[illegible] [6] પુદ્ગલ = [illegible] [7] [illegible] [8] [illegible]
[illegible] [9] [illegible] [10] [illegible]

બહુ પ્રકારના અવાન્તર ભેદો સ્વશાસ્ત્રમાં પરિકલ્પેલા તેઓ વર્ણવે છે. વળી સર્વત્ર આ [1]'સપ્તભઙ્ગીનય નામનો ન્યાય ઉતારે છે—સ્યાદસ્તિ (કોઈક પ્રકારે છે), સ્યાન્નાસ્તિ (કોઈક પ્રકારે નથી), સ્યાદસ્તિ ચ નાસ્તિ ચ (કોઈક પ્રકારે છે ને નથી), સ્યાદવક્તવ્યઃ (કોઈક પ્રકારે અવક્તવ્ય છે), સ્યાદસ્તિ ચાવક્તવ્યશ્ચ (કોઈક પ્રકારે છે ને તે અવક્તવ્ય છે), સ્યાન્નાસ્તિ ચાવક્તવ્યશ્ચ (કોઈક પ્રકારે નથી ને અવક્તવ્ય છે), સ્યાદસ્તિ ચ નાસ્તિ ચાવક્તવ્યશ્ચ (કોઈક પ્રકારે છે ને નથી ને અવક્તવ્ય છે). એજ પ્ર-

જીવનું સ્વરૂપે અવસ્થાન તે મોક્ષ એમ કેટલાક માને છે. બીજાઓ જીવના નિરન્તર ઊર્ધ્વગમનને મોક્ષ કહે છે. તેમાં પણ અવાન્તર ભેદ છે. કેટલાક કહે છે કે જીવનું ઊર્ધ્વગમન સ્વાભાવિક છે ને તેને શરીરના સમ્બન્ધથી પ્રતિબન્ધ થાય છે. બીજાઓ કહે છે કે ચિરકાળ શરીરમાં નિમગ્ન થયલા જીવનું નિઃસરણ પંજરામાંથી મુક્ત થયલા પક્ષીના જેવું છે, પંકથી લેપ કરાયલા 'અલાબૂ ફળ જળમાં નિમગ્ન થયું હોય તે પંકથી મુક્ત થાય તેના જેવું છે, અને સર્વના ફિરસુધી સંતપ્ત થયલા પકવ એરંડીઆના બીજના મોક્ષ જેવું છે. જીવ શરીરમાં અનેક કાળ નિબદ્ધ હોવાથી તેના મોક્ષથી થયલું ઊર્ધ્વગમન પુનરાવૃત્તિરહિતજ થાય છે. આ તેમની પ્રક્રિયા માનશૂન્ય છે એમ 'સ્વશાસ્ત્રમાં પરિકલ્પેલા'થી સૂચવે છે. પોતાના તન્ત્રસંકેતમાંજ કલ્પેલા છે, અન્યમાં નહિ એવો અર્થ છે. એ સાત પદાર્થોમાં એકરૂપ નિયમનો અભાવ છે એમ બતાવનાર યુક્તિસંગ્રાહક તેમનું વાક્ય કહે છે—'વળી સર્વત્ર આ સપ્તભઙ્ગીનય' ઇત્યાદિ. અસ્તિત્વ, નાસ્તિત્વ આદિ ને વિરુદ્ધ ધર્મો લઈ વસ્તુમાત્રને વિષે ન્યાયની યોજના કરે છે. સાત અસ્તિત્વ આદિ ભંગોનો-પ્રકારોનો સમાહાર તે સપ્તભંગી, તેનો નય એટલે ન્યાય. જો ઘટાદિ સર્વસ્વરૂપે સદા એકરૂપ હોય તો પ્રાપ્યસ્વરૂપે પણ તે છેજ, માટે તેની પ્રાપ્તિને માટે યત્ન ન થાય, માટે ઘટત્વ આદિરૂપે કથંચિત્ છે, અને પ્રાપ્યત્વ આદિરૂપે કથંચિત્ નથી એમ વસ્તુમાત્રનું અનેકરૂપત્વ સ્વીકારવું જોઈએ એવો અર્થ છે. જો વસ્તુ 'અસ્તિ એવ'-છે જ એમ એકાન્ત-નિશ્ચય હોય તો તે સર્વથા, સર્વદા, સર્વત્ર, સર્વાત્માએ છેજ એટલે તેને પ્રાપ્ત કરવાની કે તજવાની ઇચ્છાથી ક્વચિત્, કદાચિત્, કથંચિત્, કોઈક પણ પ્રવર્તે કે નિવર્તે નહિ. પણ અનેકાન્તપક્ષમાં તો ક્વચિત્, કદાચિત્, કથંચિત્, કોઈક વસ્તુ કથંચિત્ છે તેથી તેના ગ્રહણ અને ત્યાગ માટે પ્રેક્ષાવાન્ પ્રયત્ન કરે કે નિવૃત્ત થાય એવો અર્થ છે. અથવા સાત નિયમોના ભંગ તે [2]સપ્તભઙ્ગ, તે જેને વિષે પ્રતિપાદ્ય વિષય તરીકે છે તે સપ્તભંગી. તે સાત ભંગો કયા છે તેને માટે કહે છે—'સ્યાદસ્તિ' ઇત્યાદિ. સ્યાત્ એ તિઙન્તપ્રતિરૂપક અવ્યય છે ને તેનો અર્થ કથંચિત્-કોઈક પ્રકારે એવો અનેકાન્તદ્યોતક-અનિશ્ચયવાચક છે. એમજ આગળ પણ સમજવું. તેમાં વસ્તુ છે એવી ઇચ્છા થયે આદ્ય સ્યાદસ્તિનો પ્રકાર પ્રવર્તે છે, નથી એવી ઇચ્છા થયે સ્યાન્નાસ્તિ એવો દ્વિતીય ભંગ પ્રવર્તે છે, ક્રમે બંને ઇચ્છા થયે સ્યાદસ્તિ ચ નાસ્તિ ચ એવો તૃતીય ભંગ પ્રવર્તે છે, યુગપત્ બંને ઇચ્છા છતે અસ્તિ (છે) અને નાસ્તિ (નથી) એવા બે શબ્દો એકવાર કહેવા અશક્ય હોવાથી સ્યાદવક્તવ્યઃ એવો ચતુર્થ ભંગ પ્રવર્તે છે. આદ્ય ભંગ અને ચતુર્થ ભંગની ઇચ્છા થયે સ્યાદસ્તિ ચાવક્તવ્યશ્ચ એમ પાંચમો ભંગ પ્રવર્તે છે. દ્વિતીય અને ચતુર્થ ભંગની ઇચ્છા થયે સ્યાન્નાસ્તિ ચાવક્તવ્યશ્ચ એવો ષષ્ઠ ભંગ પ્રવર્તે છે; અને તૃતીય અને ચતુર્થ ભંગની ઇચ્છા થયે સ્યાદસ્તિ ચ નાસ્તિ

૧ સાત પ્રકાર (છે, નથી, છે ને નથી-ઇત્યાદિ)નો જેમાં સમૂહ છે એવો ન્યાય. ૨ તુંબડું.

નિર્ધારણમાં વસ્તુત્વ સમાન હોવાથી સ્યાદસ્તિ, સ્યાન્નાસ્તિ (કોઇક પ્રકારે છે, કોઇક પ્રકારે નથી) એવા વિકલ્પમાં પડવાથી તે પણ અનિર્ધારણાત્મકજ થાય. એમ નિર્ધારણ કરનાર અને નિર્ધારણફળને પણ પક્ષે અસ્તિત્વ થાય અને પક્ષે નાસ્તિત્વ થાય. એમ થયે કેવી રીતે પ્રમાણભૂત થતો તીર્થંકર પ્રમાણ, પ્રમેય, પ્રમાતા અને પ્રમિતિ અનિર્ધારિત હોવાથી ઉપદેશ કરવા શક્તિમાન્ થાય; કે તેના અભિપ્રાયને અનુસરનારાઓ તેણે ઉપદેશ કરેલા અર્થ જે અનિર્ધારિતરૂપ છે તેને વિષે પ્રવૃત્ત થાય? કેમકે નિશ્ચિતફલ છે એમ નિર્ધારણ થયે તેના સાધનના અનુષ્ઠાન માટે સર્વ લોક અનાકુળ થઈ પ્રવર્તે છે, અન્યથા નહિ. તેટલા માટે જેનો અર્થ અનિર્ધારિત છે એવું શાસ્ત્ર રચનારનું વચન મત્ત અને ઉન્મત્તની પેઠે ગ્રહણ કરવા અયોગ્ય થાય. તેમ પાંચ અસ્તિકાયોની પંચત્વ સંખ્યા છે કે નથી એમ વિકલ્પ થયે એક પક્ષમાં થાય અને અન્ય પક્ષમાં ન થાય તેથી ન્યૂનસંખ્યાત્વ કે અધિકસંખ્યાત્વ પ્રાપ્ત થાય. વળી એ પદાર્થો અવક્તવ્ય છે એમ સંભવતું નથી; કેમકે અવક્તવ્ય હોય તો તે કહેવાય નહિ; પરંતુ કહેવાય છે અને અવક્તવ્ય છે એ [1]વિપ્રતિષિદ્ધ છે. વળી કહેવાતા એ પદાર્થો તેજ પ્રકારે અવધારિત થાય છે અને અવધારિત થતા નથી તેમજ તેનું અવધારણફળ સમ્યગ્દર્શન છે કે નથી, એમ તેથી ઉલટું અસમ્યગ્દર્શન પણ છે કે નથી એમ પ્રલાપ કરતો (અર્હન્) મત્તોન્મત્ત પક્ષનોજ ગણે થાય, આપ્ત પક્ષનો નહિ. વળી સ્વર્ગ અને અપવર્ગનો પક્ષે ભાવ અને પક્ષે અભાવ, તેમજ પક્ષે

પ્રમાને વિષે જે ન્યાય કહ્યો તેનો પ્રમાતા આદિમાં અતિદેશ કરે છે—'એમ નિર્ધારણ કરનાર' ઇત્યાદિ. 'નિર્ધારણફળ'=નિર્ધારણ જેનું ફળ છે તેવું પ્રમાણાદિ. એમ સર્વત્ર અનિર્ધારણ થયે ઉપદેશ અને મુમુક્ષુઓની નિશ્ચલ પ્રવૃત્તિ પણ ન થાય એમ કહે છે—'એમ થયે કેવી રીતે પ્રમાણભૂત થતો' ઇત્યાદિ. અનેકાન્તવાદમાં અસ્તિકાય પણ પાંચ છે એમ ન થાય એમ કહે છે—'તેમ પાંચ અસ્તિકાયોની' ઇત્યાદિ. વળી જે અવક્તવ્યત્વ કહ્યું છે તેનો અર્થ કોઈ પણ શબ્દથી અવાચ્યત્વ એવો છે કે એક વાર અનેક શબ્દથી અવાચ્યત્વ એવો છે? આદ્ય પક્ષ યુક્ત નથી: કેમકે વ્યાઘાત થાય એમ કહે છે—'વળી એ પદાર્થો અવક્તવ્ય છે એ સંભવતું નથી' ઇત્યાદિ. 'કહેવાય છે'=અવક્તવ્ય આદિ શબ્દોથી કહેવાય છે એમ સમજવું. 'અવક્તવ્ય આદિ પદોથી' એટલું શેષ સમજવું. દ્વિતીય પક્ષ યુક્ત નથી; કેમકે એક વાર એક વક્તાના મુખમાંથી અનેક શબ્દોની ઉત્પત્તિ અપ્રસિદ્ધ હોવાથી નિષેધ યુક્ત નથી; કારણ કે શેષને પણ મુખનો છે. વળી અર્થમાં એકીવખત વિરુદ્ધ ધર્મની ઇચ્છા થયે વક્તાનું મૂકત્વમાત્ર એ અવક્તવ્ય પદનો અર્થ છે એમ પણ કહેવું યુક્ત નથી; કેમકે એવી ઇચ્છાજ ઉત્પન્ન થતી નથી. વળી વિરુદ્ધ, અનેક પ્રલાપ કરવાથી અર્હન્ આપ્ત નથી એમ કહે છે—'વળી કહેવાતા એ પદાર્થો' ઇત્યાદિ. એમ એક એકથી વિરુદ્ધ પ્રલાપ કરતો અર્હન્ અનાપ્તપક્ષમાંજ અન્તર્ગત થાય, આપ્તપક્ષમાં નહિ એવો અર્થ છે. 'મત્ત'=મદિરાદિથી થવા મદવાળો. 'ઉન્મત્ત'=ઉન્માદાત્મક રોગવાળો. વળી અનેકાન્તવાદ માથી પણ અસંગત છે—'વળી સ્વર્ગ અને અપવર્ગનો પક્ષે ભાવ' ઇત્યાદિ. અર્હન્ એ અનાદિ સિદ્ધ, નિત્યમુક્ત છે, અન્ય જીવો તો હેતુના અનુષ્ઠાનથી મુક્ત થાય છે અને અનનુષ્ઠાનથી બદ્ધ થાય છે

1 વિરુદ્ધ.

કંઈક કર્મવિપાકથી હસ્તિજન્મ પ્રાપ્ત કરે તો આખા હસ્તિશરીરમાં વ્યાપ્ત ન થાય અને કીડીનો જન્મ પ્રાપ્ત કરે તો આખો કીડીના શરીરમાં માય નહિ. એક જન્મમાં પણ બાલ્ય, તારુણ્ય અને વૃદ્ધત્વમાં એ દોષ સમાન છે. પણ જીવ અનન્ત અવયવવાળો છે તેના તેજ અવયવો અલ્પ શરીરમાં સંકુચિત થાય અને મોટા શરીરમાં વિકાસ પામે એમ થાય. જીવના તે અનન્ત અવયવોના એકદેશત્વનો પ્રતિઘાત થાય છે કે નથી થતો તે કહેવું જોઈએ. જો પ્રતિઘાત થતો હોય તો અનન્ત અવયવો પરિચ્છિન્ન દેશમાં માશે નહિ. જો પ્રતિઘાત ન થતો હોય તોપણ સર્વ અવ-

રીરને વ્યાપતું નહિ તે તેનુ અકાત્સ્ન્ય અર્થાત્. શરીરનો એકદેશ [illegible] જીવ શરીરપરિમાણ નથી. તેમજ હસ્તિશરીરનો ત્યાગ કરી જ્યારે કીડીના [illegible] જીવ કીડીના દેહમા પ્રવેશ કરી શકતો નથી-માતો નથી. એટલે [illegible] દેહની બહાર પણ જીવ રહે છે એવો અર્થ છે. વળી [illegible] છે, એટલે તેથી સ્થૂલ, તરુણદેહમા ક્વચિત્ રહે ત્યારે [illegible] છે જ્યારે પૂર્વે અલ્પ શરીર થઈ પછી સ્થૂલ શરીર પ્રાપ્ત કરે છે [illegible] છે વ્યાપ્તિરૂપ જીવનુ અકાત્સ્ન્ય છે જ્યારે પૂર્વે સ્થૂલ શરીર થઈ પછી [illegible] ત્યારે કૃત્સ્ન જીવનુ અલ્પ શરીરમાં ન માવારૂપ [illegible] છે— [illegible] ત્યાદિ. કૌમારાવસ્થામા સ્વલ્પપરિમાણ જીવ તરુણ અને સ્થવિર [illegible] ન થાય એવો અર્થ છે. પણ જેમ દીપ ઘડામા હોય છે ત્યારે [illegible] અને ઘરમા હોય છે ત્યારે વિકાસ પામે છે એમ દીપના અવયવો [illegible] છે ઘરમાં વિકાસ છે તેમ જીવના અવયવોનો પણ કીડીના દેહમા [illegible] અને [illegible] છે-દેહ પ્રમાણે તેના પરિમાણનો નિયમ છે એમ શકા કરે છે— [illegible] અવયવવાળો છે' ઇત્યાદિ. દીપના અવયવો 'વિશરણશીલ' છે, [illegible] ઉત્પત્તિ અને નિરોધવાળો છે તેથી અનિત્ય છે [illegible] છે એમ માની વિકલ્પ કરે છે કે દીપના [illegible] એક દેશમાં [illegible]

[illegible]

યવોનો પ્રદેશ એક અવયવના પ્રદેશ જેટલો યુક્ત થવાથી 'પ્રથિમા આદિ ન થશે અને જીવને અણુમાત્ર થવાનો પ્રસંગ આવશે. વળી શરીરમાત્ર પ જીવાવયવોની અનન્તતાની ઉત્પ્રેક્ષા કરવી પણ શક્ય નથી ॥ ૩૪ ॥

અનુક્રમે મોટું શરીર પ્રાપ્ત કરવું હોય તો કેટલાક જીવાવયવો પાસે આ છે અને નાનું શરીર પ્રાપ્ત કરવું હોય તો કેટલાક દૂર જતા રહે છે એમ જો કહેશો તેને વિષે કહે છે—

न च पर्यायादप्यविरोधो विकारादिभ्यः ॥ ३५ ॥

ક્રમથી પણ (અવયવોના ઉપગમ અને અપગમથી) અવિરોધ નથી, વિકારાદિથી ॥ ૩૫ ॥

અનુક્રમે અવયવોના ઉપગમ અને અપગમથી જીવ આ દેહના પરિમા છે એમ અવિરોધ ઉપપાદન કરવો શક્ય નથી. શાથી? વિકારાદિ દોષ પ્રસ છે તેથી, કારણ કે અવયવોના ઉપગમ અને અપગમથી હમેશ પુરાતો અને ઘટતો જીવ વિકારવાળો છે એ અપરિહાર્ય થશે, અને વિકારવાળો થયે ચ

[illegible] અને પછી બાધક જ્ઞાન દેખાય છે. તેટલા માટે સર્વ શરીર [illegible] અવયવવાળોનીજ જીવ રહે છે એમ સ્વીકારવું જોઈએ. તેથી એના સ્વભાવનો [illegible] એટલે એકદેશ [illegible] થાય-એકદેશમાં ન રહે એમ જીવનો સ્વભ [illegible] શરીરના [illegible] અવયવવાળોનીજ જે વિદ્યમાન છે તે અલ્પ શરીરમાં અ [illegible] આ દૂષણ શરીરપરિમાણ જીવના અનન્ત અવયવો છે એ [illegible] નથી, કેમકે જે શરીર એટલાજ પરિચ્છિન્ન છે તે [illegible] વળી અવયવોનું નિત્યત્વ સિદ્ધ નથી, અલ્પ છે તેથી, દીપના [illegible] —' વળી શરીરમાત્ર પરિચ્છિન્ન ' ઇત્યાદિ. ॥ ૩૪ ॥

એ પ્રમાણે જીવના અવયવો નિત્ય છે એ મતમાં જીવ દેહપરિમાણ છે એનું [illegible] કર્યું. હવે જીવના કેટલાક અવયવો [illegible] છે ને કેટલાક આગમ અને અપાય [illegible] છે એમ [illegible] કરે છે. મોટા અને નાના દેહમાં પ્રાપ્તિ માટે જીવોના અવયવોનો અને [illegible] છે તેથી જીવ દેહપરિમાણ છે એ અવિરુદ્ધ છે એમ શંકા કરે ' અનુક્રમે મોટું શરીર ' ઇત્યાદિ. મોટા શરીરની પ્રાપ્તિ માટે જીવના અવયવોની વૃ[illegible] છે અને નાના શરીરની પ્રાપ્તિ માટે અવયવોનો ક્ષય થાય છે, એમ જીવ દેહના પરિમા[illegible] છે [illegible] સૂત્રથી [illegible] પરિહાર કરે છે—' न च पर्यायात् ', ઇત્યાદિ. અને [illegible] આગમ અને અપગમવાળા અવયવો આત્મા છે કે નહિ? [illegible] કરે છે—' વિકારાદિ દોષ પ્રસક્ત થાય છે તેથી ', અવયવોના ઉપચય અને [illegible] વૃદ્ધિ અને [illegible] થાય છે. [illegible] છે, કેમકે જે વૃદ્ધિ અને [illegible] હોય છે તે નશ્વર [illegible]

---

૧ [illegible]

પેઠે અનિત્ય થવાનો પ્રસંગ આવશે. તેથી આઠ કર્મથી વિંટાયલો જીવ સંસારસાગરમાં નિમગ્ન થયો છે તે 'અલાબુની પેઠે બન્ધન ઉચ્છિન્ન થયા પછી ઊર્ધ્વગામી થાય છે એમ બન્ધ અને મોક્ષના સ્વીકારને બાધ આવશે. વળી બીજું. આવતા અને જતા અવયવોમાં આગમ અને અપગમ ધર્મ હોવાથીજ શરીરાદિની પેઠે તેઓ અનાત્મા થશે. તેથી અવસ્થિત રહેલો કોઈક અવયવ આત્મા એમ ઠરશે અને તે આજ એમ તેનું નિરૂપણ કરી શકાશે નહિ. વળી બીજું. એ આવતા જીવના અવયવો ક્યાંથી પ્રાદુર્ભાવ પામે છે અને જતા અવયવો ક્યાં લઈ જવાય છે તે કહેવું જોઈએ. ખરેખર, ભૂતોથી પ્રાદુર્ભાવ પામે અને ભૂતોમાં નિલીન થાય એમ ન થાય; કેમકે જીવ અભૌતિક છે. તેમજ કોઈ બીજો, સાધારણ કે અસાધારણ જીવોના અવયવોનો આધાર નિરૂપાતો નથી; કેમકે પ્રમાણ નથી. વળી બીજું. એમ થયે જેનું સ્વરૂપ નિશ્ચિત નથી એવો આત્મા થશે, કેમકે આવતા અને જતા અવયવો અનિશ્ચિત પરિમાણવાળા છે. તેટલા માટે એવા દોષોના પ્રસંગથી આત્માના અવયવોનો અનુક્રમે ઉપગમ અને અપગમ સ્વીકારી શકાશે નહિ. અથવા પૂર્વ સૂત્ર વડે આત્મા શરીરપરિમાણ હોય તો ઉપચિત અને અપચિત અન્ય શરીરમાં પ્રાપ્ત થતાં

એવો નિયમ છે 'વિકારાદિ દોષ'માં 'આદિ' પદથી ગ્રહણ કરાયલા દોષો કહે છે—'તેથી આઠ કર્મથી વિંટાયલો જીવ' ઇત્યાદિ. મુમુક્ષુનો નાશ થયો એટલે મોક્ષરૂપ ફળ કોને થાય? આ કલ્પમાં અન્ય દોષ કહેવા માટે અન્ય કલ્પ લઈ દોષ બતાવે છે—'વળી બીજું. આવતા અને જતા અવયવોમાં' ઇત્યાદિ. આવતા અને જતા અવયવોથી અવશિષ્ટ, કૂટસ્થ અવયવ દુર્લભ હોવાથી આત્મજ્ઞાનનો અભાવ થશે અને મુક્તિ થશે નહિ એવો અર્થ છે. આત્મનિરૂપણ મોક્ષને માટે હોવાથી તેને અભાવે મોક્ષ અનુપપન્ન થશે એવો ભાવ છે. વળી જેમ દીપના અવયવોનો આકાર તેજ છે તેમ આત્માના અવયવોના આકારનું કારણ ન હોવાથી આગમ અને અપાય યુક્ત નથી એમ કહે છે—'વળી બીજું. એ આવતા જીવના અવયવો' ઇત્યાદિ. 'સાધારણ'= સર્વ જીવોનો 'અસાધારણ'= તે તે જીવોનો. વળી આત્માના અવયવો આગમ અને અપગમ ધર્મવાળા થાય તો કેટલા આવે ને કેટલા જાય તેનું અજ્ઞાન હોવાથી આત્મનિશ્ચય ન થવાથી અનિર્મોક્ષ થાય એમ કહે છે—'વળી બીજું. એમ થયે' ઇત્યાદિ. વળી જીવ અવયવોથી આરબ્ધ અવયવી હોય તો અનિત્ય થાય, અવયવોનો સમૂહ હોય તો અચેતન્ થાય. આત્મત્વ યાવદવયવવૃત્તિ હોય—તમામ અવયવમાં રહેતું હોય, અવયવસમૂહમાં આત્મત્વ હોય-તો ગમે તે કોઈ અવયવનો અપાય થયે પણ તરત શરીર અચેતન થાય. એ-ત્વની પેઠે પ્રત્યેક અવયવમાં આત્મત્વ સમાપ્ત થતું હોય તો એક શરીરમાં ભિન્ન ભિન્ન અનેકાત્મો થાય, બહુ ચેતનો એક અભિપ્રાયવાળા જ હ એવો નિયમ ન હોવાથી કદાચિત્ વિરુદ્ધ અભિપ્રાયોથી ક્રિયા કરવાથી શરીરનું ઉન્મથન કરી નાખે, તેટલા માટે આત્મા દેહપરિમાણ નથી અને સાવયવ નથી એમ ઉપસંહાર કરે છે—'તેટલા માટે એવા દોષોના પ્રસંગથી' ઇત્યાદિ. સૂત્રનો અન્ય અર્થ કહે છે—'અથવા પૂર્વ સૂત્ર વડે' ઇત્યાદિ. સ્થૂલ અને સૂક્ષ્મ શરીરની પ્રાપ્તિને વિષે આત્મા આકુંચિત થાય એ વચનદ્વારા આત્મા અનિત્ય થાય એમ કહ્યું એટલે સુવર્ણની પેઠે વિકારી પણ સંતાનરૂપે આત્મા નિત્ય છે એમ આશંકા કરે છે તેનો આ

૧ તુમડું.

પ્રસંગ આવવાથી 'અવિરોધનો પ્રસંગ આવશે. એક શરીરના પરિમાણવાળોજ
આત્મા થશે. ઉપચિત અને અપચિત અન્ય શરીર પ્રાપ્ત નહિ કરી શકે. અથવા
અન્ય જીવપરિમાણ અવસ્થિત હોવાથી, બે પૂર્વ અવસ્થાઓમાં પણ જીવ અવસ્થિત
પરિમાણવાળોજ થશે. તેથી સમાન રીતે સર્વદા જીવ અણુ કે મહાન્ સ્વીકારવો
પડશે, જીવપરિમાણ નહિ. એટલા માટે સૌગત મતની પેઠે આર્હત મત પણ અસં-
ગત છે તેથી ઉપેક્ષા કરવા યુક્ત છે ॥ ૩૬ ॥

पत्युरसामञ्जस्यात् ॥ ३७ ॥

ઈશ્વરનું (પ્રધાન અને પુરુષના અધિષ્ઠાતા તરીકે જગત્કારણત્વ ઉપપન્ન થતું નથી), અયુક્ત છે તેથી ॥ ૩૭ ॥

હવે કેવલ અધિષ્ઠાતા ઈશ્વર જગત્નું કારણ છે પાદમાં છે તેનો પ્રતિષેધ કરાય

ત્યારે સર્વ આત્મપરિમાણો સરખા થાશે, તેમાં શી પ્રાપ્તિ હાનિ છે તેને માટે કહે છે કે 'એક
શરીરના પરિમાણવાળોજ આત્મા થશે'—એક શરીરનું જેટલું પરિમાણ હોય તેટલાંજ
સર્વ પરિમાણો આત્માને વિષે થશે એવો અર્થ છે. એમ આત્માને વિષે અનેક નિત્ય પરિમાણો
થશે એમ પ્રસંગ આવશે એવી રીતે સૂત્રની યોજના કરી આત્માને વિષે એકજ પરિમાણ નિત્ય
થશે એમ પ્રસંગ આવશે એવી રીતે વળ યોજે છે. તાત્પર્ય આ છે-પૂર્વ વ્યાખ્યામાં અવસ્થિ-
તત્વક નિત્યપર છે એમ કહ્યું. અને **અવિરોધ** એટલે એક શરીરપરિમાણના; અને **ઉભયનિ-
ત્યત્વાત્** બંને પરિમાણ નિત્ય થવાનો પ્રસંગ આવશે એ હેતુ છે. હવે શરીર વિનાજ મોક્ષ-
કાલીન પરિમાણ અવસ્થિત છે તેથી બને પૂર્વ અવસ્થામાં દેહની અપેક્ષા વિના જીવનું અવ-
સ્થિત પરિમાણ સત્સિદ્ધ છે તેથી જીવ શરીરપરિમાણ નથી, પણ સમાન રીતે તે અણુ કે મહત્
છે વિમત દેહપરિમાણ નથી, આત્મા છે તેથી, મુક્તની પેઠે એવો બીજો અર્થ યોજે છે. પૂર્વ
યોજનામાં એમ પ્રતિપાદન કર્યું છે કે અન્ય શરીરના સરખાજ પૂર્વ શરીરો થશે; કેમકે વિષમ
શરીર પ્રાપ્ત કરે તો આત્મા તેના પરિમાણનો થઈ શકે પરિમાણ સરખા થવાના અનુમાનને વિ-
રોધ થાય એવો અર્થ છે. પૂર્વ યોજનામાં ત્રણે કાલમાં સર્વ પરિમાણ સ્વીકારી અન્ત્ય દૃષ્ટા-
ન્તથી પરિમાણ નિત્ય છે એમ અનુમાન કરી સરખાં છે એમ પ્રતિપાદન કર્યું. હવે અન્ત્ય મુ-
ક્તપરિમાણ અણુ કે સ્થૂલ તેમાંથી એક અવસ્થિત હોવાથી નેજ અન્ત્ય પરિમાણ આદ્ય અને મધ્ય
કાલમાં પણ થાય. કેમકે અન્ત્ય પરિમાણ નિત્ય છે, અને પૂર્વે ન હોય તો નિત્યત્વ યુક્ત થાય
નહિ. તેથી ત્રણે કાલમાં પણ જીવપરિમાણનો અભેદ છે એમ કહે છે—'અથવા અન્ત્ય જીવ-
પરિમાણ' ઇત્યાદિ. તેટલા માટે ક્ષણિકજ જેનું શરણ છે તેવા ક્ષપણકસિદ્ધાન્તથી વેદાન્તસ-
મન્વય વિરુદ્ધ નથી ॥ ૩૬ ॥

'पत्युरसामञ्जस्यात्'—દિગંબરો જેઓ પોતાના કેશને તોડી નાંખે છે તે લુંચિતકેશો-
ના મતનું નિરસન કર્યા પછી જટાધારી શૈવનું—માહેશ્વરનું મત ઉપસ્થિત થાય છે તેનું નિરા-
કરણ કરે છે એમ પ્રસંગની સંગતિ કહે છે—'હવે કેવલ અધિષ્ઠાતા' ઇત્યાદિ. સામાન્ય

૧ બન્ને પરિમાણ સરખાં થવાનો.

વેદબાહ્ય ઈશ્વરકલ્પના અનેક પ્રકારની છે. કેટલાક સાંખ્ય અને યોગનો આશ્રય કરી ઈશ્વર પ્રધાન અને પુરુષનો કેવલ અધિષ્ઠાતા, નિમિત્તકારણ છે અને પ્રધાન, પુરુષ અને ઈશ્વર એ પરસ્પર વિલક્ષણ છે એમ કહે છે. માહેશ્વરો એમ માને છે કે કાર્ય, કારણ, યોગ, વિધિ, અને [1]દુઃખાન્ત એ પાંચ પદાર્થો પશુપતિ ઈશ્વરે 'પશુપાશના

કાપાલિક. એ સર્વ, મહેશ્વરે કહેલા શાસ્ત્રના અનુયાયી હોવાથી, માહેશ્વર કહેવાય છે. 'સાંખ્ય અને યોગનો આશ્રય કરનાર' = હિરણ્યગર્ભ, પતંજલિ વગેરે. પ્રધાન એટલે [illegible] પ્રધાન અને પુરુષનો અધિષ્ઠાતા ઈશ્વર આપણે વેદાન્તીઓ પણ સ્વીકારીએ [illegible] કહે છે—'પરસ્પર વિલક્ષણ'. સિદ્ધાન્તમાં પ્રધાન [illegible] અધ્યસ્ત છે, તેમના મતમાં તો સ્વતન્ત્ર છે. સિદ્ધાન્તમાં [illegible] પરમાત્મસ્વરૂપ છે [illegible] મતમાં પુરુષ પરમાત્માથી અત્યન્તભિન્ન છે. 'કાર્ય, કારણ' [illegible] ને રૂપાદિ પાંચ ગુણો એ દશ પ્રકારનાં 'કાર્યો' છે. 'કારણ' [illegible] પાંચ કર્મેન્દ્રિયો, અને મન, બુદ્ધિ અને અહંકાર એ ત્રણ અન્તઃકરણ [illegible] કારણ પ્રધાન અને ઈશ્વર. 'યોગ' એટલે ધ્યાનાદિરૂપ ધર્મોપયુક્ત વ્યાપાર. 'વિધિ' [illegible] જે વિધિ છે ને તે મત અને દ્વાર એ બે પ્રકારનો છે. મત ભસ્મસ્નાન, ભસ્મશયન, ઉપહાર [illegible] છે. ભસ્મસ્નાન બે પ્રકારનું છે—નિત્ય, ત્રિષવણ. [illegible] મલમૂત્રોત્સર્ગ આદિ નિમિત્તોમાં [illegible] જીવ મારી અગ્નિની પેઠે [illegible] ભસ્મ વડે ભસ્મસ્નાન કરવાનું છે. ઉપહાર છ પ્રકારનો છે—[illegible] ગીત, નૃત્ય, હુડુક્કાર, નમસ્કાર અને જપ. હસિત એટલે હાસ્ય. ગીત અને નૃત્ય [illegible] એમાં કહ્યા પ્રમાણે. હુડુક્કાર [illegible] ધ્વનિ. એ ચાર નિર્જન પ્રદેશમાં કરવા. જપ અને નમસ્કાર પ્રસિદ્ધ છે. [illegible]

[illegible]

[illegible] 'દુઃખાન્ત' = [illegible]

[illegible]

---

[1] [illegible]

ઉપરાંત કપિલાદિના અનેક મતાન્તરો છે, કેટલાક સાંખ્ય અને યોગનો આશ્રય કરી ઈશ્વર પ્રધાન અને પુરુષનો કેવલ અધિષ્ઠાતા, નિમિત્તકારણ છે અને પ્રધાન, પુરુષ અને ઈશ્વર એ પરસ્પર વિલક્ષણ છે એમ કહે છે. માહેશ્વરો એમ માને છે કે કાર્ય, કારણ, યોગ, વિધિ, અને દુઃખાન્ત એ પાંચ પદાર્થો પશુપતિ ઈશ્વરે પશુપાશના

[illegible] એ સર્વ [illegible] સાંખ્ય અને યોગનો આશ્રય કરીને = [illegible] પ્રધાન [illegible] પરસ્પર વિલક્ષણ [illegible] સિદ્ધાન્ત [illegible] 'કાર્ય, કારણ' [illegible] 'કાર્ય' છે. 'કારણ' [illegible] 'વિધિ' [illegible]

[illegible]

'દુઃખાન્ત' = [illegible]

[illegible]

[illegible]

વિમોક્ષ માટે ઉપદિષ્ટ કર્યા છે, અને પશુપતિ ઈશ્વર નિમિત્ત કારણ છે એમ વર્ણવે છે. તેમજ વૈશેષિક આદિ પણ કેટલાક કથંચિત્ પોતાની [1]પ્રક્રિયાને અનુસારે ઈશ્વર નિમિત્તકારણ છે એમ વર્ણવે છે. એથી ઉત્તર કહે છે—'पत्युरसामञ्जस्यात्' એમ. પતિનું—ઈશ્વરનું પ્રધાન અને પુરુષના અધિષ્ઠાતા તરીકે જગત્કારણત્વ ઉપપન્ન થતું નથી. શાથી? [2]અસામઞ્જસ્યથી. પણ એ શું અસામંજસ્ય છે? કારણ કે હીન, મ-

ઈશ્વર તો સૃષ્ટિ આદિનું નિમિત્તકારણ છે. તે નિરતિશય સ્વાતન્ત્ર્યયુક્ત હોવાથી ધર્મ અને અધર્મની અપેક્ષા વગરજ ફળ આપે છે. એવી શંકા ન કરવી કે એમ હોય તો ઇશ્વરેચ્છાને અનુસારેજ સુખદુઃખાદિપ્રાપ્તિનો સંભવ હોવાથી ધર્મ અને અધર્મની પ્રવૃત્તિ અને નિવૃત્તિ ન થાય. એ શંકા યુક્ત નથી; કેમકે ધર્મ અને અધર્મથી ઇશ્વરના અનુગ્રહ અને કોપની સંભાવના છે તેથી તેને વિષે પ્રવૃત્તિ ને નિવૃત્તિ ઉપપન્ન થાય છે. પણ ધર્મ અને અધર્મની ફળ ઉત્પન્ન કરવાની શક્તિને ઈશ્વરનીજ અપેક્ષા છે જેમ કૃષિકર્મને પર્જન્યની આપેક્ષા છે તેમ. આવું માહેશ્વરનું મત છે. પાશુપત આગમના પ્રામાણ્યથી પશુપતિ નિમિત્તકારણજ છે એ મત કહી આનુમાનિકોનું ઈશ્વરમત કહે છે. વૈશેષિક, નૈયાયિક, દિગમ્બર, સુગત એમનાં મતો સૂચવે છે—'તેમજ વૈશેષિક આદિ પણ કેટલાક' ઇત્યાદિ. 'વિમત સકર્તૃક છે, કાર્ય છે તેથી, ઘટની પેઠે' એમ વૈશેષિકો ઈશ્વર કર્તા છે એમ સાધે છે. 'કર્મફળ પરિકરસહિત અભિજ્ઞ આપનાર છે, કાલાન્તરભાવી ફળ છે તેથી, સેવાફળની પેઠે' એમ ગૌતમ અને દિગંબરો સાધે છે અને 'જ્ઞાન અને ઐશ્વર્યનો ઉત્કર્ષ ક્વચિત્ વિશ્રાન્ત છે, સાતિશય છે તેથી, પરિમાણની પેઠે' એમ સાંખ્ય, સૌગત અને પાતંજલો ઈશ્વરનું નિમિત્તકારણત્વ સાધે છે એમ ધારી કહે છે કે 'કેટલાક કથંચિત્'. સિદ્ધાન્ત કહે છે—'એથી ઉત્તર કહે છે' ઇત્યાદિ. ઈશ્વર નિમિત્તકારણજ છે એ માનસિદ્ધ છે તો હેતુ અસિદ્ધ શી રીતે એમ કહે છે—'પણ એ શું અસામંજસ્ય છે?' પોતપોતાના આગમોથી ઈશ્વરનો નિર્ણય થશે નહિ; કેમકે આગમો નિર્મૂલ હોવાથી અપ્રમાણ છે. સર્વજ્ઞનું જ્ઞાન એ મૂળ છે એમ કહેવું યુક્ત નથી; કેમકે તેમાં પ્રમાણનો અભાવ છે. આગમજ પ્રમાણ છે એમ કહી શકાશે નહિ; કારણ કે આગમ પ્રમાણ છે એ નિશ્ચય થયે મૂળનો નિશ્ચય થાય અને મૂળનો નિશ્ચય થયે આગમપ્રામાણ્યનો નિશ્ચય થાય એમ અન્યોન્યાશ્રય દોષ આવે. વળી પુરુષવચન સ્વતઃ પ્રમાણ થાય એ યુક્ત નથી; કેમકે તે વચનો પરસ્પર વિરુદ્ધ હોવાથી તત્ત્વનું વ્યવસ્થાપન કરતાં નથી. વળી અનુમાનથી ઈશ્વર, સર્વજ્ઞ કર્તાજ છે એવો નિર્ણય સંભવતો નથી; કેમકે અનુમાન [3]દૃષ્ટાનુસારી હોવાથી દૃષ્ટથી વિપરીત અર્થ સાધતું નથી. તેથી લોકમાં જેવા કર્તા જોવામાં આવે છે તેવાજ રાગદ્વેષાદિયુક્ત જગત્કર્તાઓ સિદ્ધ થાય જેમકે લોકમાં વિચિત્ર પ્રાસાદાદિનો કર્તા એક છે ઇત્યાદિ જોવામાં આવતું નથી તોપણ જગત્કર્તાને વિષે [4]લાઘવથી એકત્વ, નિત્યજ્ઞાન, અને નિર્દોષત્વની કલ્પના કરી શકાય એમ જો કહેશો તો ઈશ્વરને વિષે ઉપાદાનકારણત્વની પણ કલ્પના કરો; કેમકે કર્તાજ ઉપાદાન થાય એમાં લાઘવ છે. નહિ તો સ્વતન્ત્ર પ્રધાન, પરમાણુ આદિને ઉપાદાન માનવાની કલ્પના કરવાથી ગૌરવ થશે. જો અદૃષ્ટ છે તેથી કર્તા ઉપાદાન છે એમ સિદ્ધ ન થાય તો કર્તાનું એકત્વ આદિ પણ સિદ્ધ નહિ થાય. અમારે, વેદાન્તીને તો શ્રુતિ અપૌરુષેય છે અને તેનું પ્રમાણ સ્વતઃ સિદ્ધ છે તેથી તે (શ્રુતિ) પોતાના પ્રમેયનો બોધ કરે છે તેમાં દૃષ્ટાન્તની અપેક્ષા નથી તેથી લૌકિક કર્તાથી વિપરીત અદ્વિતીય કર્તા જગતનું ઉપાદાન, સર્વજ્ઞ, નિર્દો

૧ વૃદ્ધિ કરાવનાર પ્રકાર. ૨ અયુક્તતા. ૩ જે જોવામાં આવે તેને અનુસરતું. ૪ લઘુપ્રક્રિયા.

ધ્યમ અને ઉત્તમ ભાવે પ્રાણિઓ સર્જનાર ઈશ્વરમાં રાગ, દ્વેષ આદિ દોષો પ્રસક્ત
થાય છે એમ નિર્ણય થાય છેજ, અને તેને [illegible] માટે [illegible] થી રાગ, દ્વેષ આદિ દોષ લગાડવાનો અવકાશ નથી. [illegible] ઇશ્વર [illegible] પ્રાણીએનું વૈષમ્ય છે. એ ઉદ્દેશીને આચાર્ય [illegible] કહે છે—'હીન, મધ્યમ અને ઉત્તમ ભાવે' ઇત્યાદિ. [illegible] અદૃષ્ટ છે—એવામાં આવતું નથી તો [illegible] અદૃષ્ટ છે અને જે [illegible] છે તે દોષવાન્ છે એવી વ્યાપ્તિ દેખાય છે, તેથી [illegible] અનુમાનપ્રયોગ આ પ્રમાણે [illegible] 'જગત્કર્તા દોષવાન્ છે, નિર્દોષત્વ [illegible] તેથી [illegible] વિષમકારી છે તેથી' [illegible] અનુમાનનો બાધ નથી. કેમકે [illegible] સાધક છે. નિર્દોષ [illegible] વિષે ઉદાસીન છે. અર્થાત્ [illegible] છે, પણ તે કર્તા કોઈ નિર્દોષજ હોશે એટલે એમ નહિ માટે નિર્દોષ [illegible] હેતુ [illegible] નથી. વળી કોઈ 'ઉત્કર્ષસમ જાતિ' [illegible] હેતુ પ્રયુક્ત થવાથી જે પ્રસંગ [illegible] ઉદાહરણસાધર્મ્યથી સાધ્યસાધન હેતુ હોય તેને [illegible] ઉદાહરણસાધર્મ્યથી [illegible] અને ઉદાહરણવૈધર્મ્યથી સાધ્ય સાધનો હોય તે હેતુનું ઉદાહરણવૈધર્મ્યથી પ્રત્યવસ્થાન કરવું. હવે પરોક્ષ [illegible] પક્ષમાં [illegible] તે ઉત્કર્ષસમજાતિ. જેમ શબ્દ અનિત્ય છે, કૃતક છે તેથી, ઘટની પેઠે' એની સામે કોઈ પ્રત્યવસ્થાન કરે છે—[illegible] શબ્દ ઘટની પેઠે અનિત્ય છે તો તેજ હેતુથી શબ્દ ઘટની પેઠે સાવયવ પણ થવો જોઈએ. [illegible] સાવયવત્વ વ્યાપક નથી—જે જે કૃતક છે તે તે સાવયવ છે એમ વ્યાપ્તિ નથી—કેમકે [illegible] વિષે વ્યભિચાર છે. કારણ કે [illegible] કૃતક છે, પણ સાવયવ નથી. એજ પ્રમાણે 'જગત્કર્તા દોષવાન્ છે, નિર્દોષત્વનું અદૃષ્ટત્વ છે તેથી અથવા વિષમકારી છે તેથી' એમાં ઉત્કર્ષસમા જાતિ નથી. કેમકે એમ, તો હેતુનો વ્યાપકધર્મ પક્ષને લાગુ પડે છે, અવ્યાપક નહિ. જે જે વિષમકારી છે તે દોષવાન છે એ વ્યાપ્તિમાં દોષવત્ત્વ જે વ્યાપકધર્મ તે જગત્કર્તા જે પક્ષ તેને લાગુ પડ્યો છે, માટે ઉત્કર્ષસમા જાતિ નથી. તાત્પર્ય આ પ્રમાણે છે—આગમથી ઈશ્વરસિદ્ધિ થાય તેને વિષે જે દૃષ્ટ હોય તેનેજ અનુસાર કરવાનો નથી. ખરેખર, સ્વર્ગ, અપૂર્વ દેવતા આદિ જે આગમથી [illegible] છે તેમાનું કંઈ પણ દૃષ્ટ નથી. આગમ કંઈ દૃષ્ટસાધર્મ્યથી પ્રવર્તતો નથી. તેથી શ્રુતિની સિદ્ધિને અર્થે દૃષ્ટથી વિપરીત સ્વભાવવાળી બહુએ અદૃષ્ટ વસ્તુઓ કલ્પાય તો તે પ્રમાણમૂલ હોવાથી લેશ પણ અપ્રમાણ બની નથી. તેમાં જે કંઈ દૃષ્ટને અનુસાર કરાય તે માત્ર [illegible] આગમથી અપેક્ષિત નહિ એવું અનુમાન તો દૃષ્ટસાધર્મ્યથી પ્રવર્તે છે તે દૃષ્ટથી વિપર્યયમાં [illegible] પણ [illegible] છે—દૃષ્ટથી [illegible] પણ વિપરીત હોય તો તેથી બાધ્યે છે. [illegible] પ્રમાણે [illegible] ઈશ્વર નિરતિશયસ્વતંત્રતાથી [illegible] છે. ત્યારે જગત્માં [illegible] જોવામાં આવે છે તેથી ઈશ્વર [illegible] આવે છે

૧ જગત્ [illegible] છે, [illegible] છે તેથી, [illegible] પેઠે [illegible] અનુમાન છે. ૨ [illegible] રહેલા [illegible] વિષે [illegible] ઉત્કર્ષસમા આદિ [illegible] શબ્દ અનિત્ય છે, કૃતક છે તેથી ઘટની પેઠે [illegible] ઘટની પેઠે શબ્દ અનિત્ય હોય તો તેજ હેતુથી ઘટની પેઠે શબ્દ સાવયવ પણ [illegible] રહેલા [illegible] વિષે [illegible] ઉત્કર્ષસમા આદિ [illegible] શબ્દ અનિત્ય છે, કૃતક છે તેથી, ઘટની પેઠે [illegible] કૃતકપણાથી ઘટની પેઠે શબ્દ અનિત્ય હોય તો તેજ હેતુથી ઘટની પેઠે શબ્દ [illegible] [illegible] વિષમ [illegible] તે [illegible]

માન હાજની પેઠે ભૂતકાળોમાં પણ અન્યોન્યાશ્રય દોષ સમાન હોવાથી અન્યપરંપરાન્યાય પ્રસક્ત થશે. વળી 'પ્રવર્તનાલક્ષણા દોષાઃ' [ન્યાય સૂ૦ ૧।૧।૧૮] પ્રવર્તકત્વ જેનું લક્ષણ છે એવા દોષ છે, એમ ન્યાયવેત્તાઓનો સિદ્ધાન્ત છે. પ્રવ... દોષથી પ્રયુક્ત ન થયેલો એવો કોઈ સ્વાર્થમાં કે પરાર્થમાં પ્રવર્તતો દેખાતો નથી. ઈશ્વર સ્વાર્થમાં પ્રયુક્ત થયેલો જ અને અન્ય પરાર્થમાં પણ પ્રવર્તે છે એમ પણ અયુક્તતા છે; કેમકે સ્વાર્થવત્ત્વ હોવાથી ઈશ્વરમાં અનીશ્વરત્વ પ્રસક્ત થશે. ઈશ્વર પુરુષવિશેષ છે એવો સ્વીકાર છે અને પુરુષ ઉદાસીન છે એવો સ્વીકાર છે તેથી અયુક્તતા છે॥૩૭॥

संबन्धानुपपत्तेश्च ॥ ३८ ॥

સંબન્ધની અનુપપત્તિથી પણ (અસામંજસ્ય છે) ॥ ૩૮ ॥

વળી અસામંજસ્યજ છે; કેમકે પ્રધાન અને પુરુષથી વ્યતિરિક્ત ઈશ્વર સંબન્ધ વગર પ્રધાન અને પુરુષનો અધિષ્ઠાતા થઈ શકે નહિ. પ્રથમ તો સંયોગલક્ષણ સં-

કે એમ વૈષમ્ય છે. વળી પરમતને અનુસરતાં પણ ઈશ્વરને રાગાદિમત્ત્વ પ્રાપ્ત થાય છે એમ કહે છે—'વળી "પ્રવર્તનાલક્ષણા દોષાઃ" ' ઇત્યાદિ. 'પ્રવર્તના'=યત્ન. તે છે લક્ષણ એટલે કાર્ય તરીકે જ્ઞાપક જેનું તે દોષો રાગાદિ છે. પ્રવર્તક-યત્નમથી દોષ અનુમેય છે, જે પ્રવર્તાવે તે દોષ એમ નૈયાયિકોની સ્થિતિ છે. તેથી ઈશ્વર સ્વાર્થને વિષે રાગાદિયુક્ત છે. પ્રવર્તક છે તેથી, સંમતની પેઠે ઈશ્વર પણ પ્રવર્તક છે ને દોષયુક્ત છે. પ્રવર્તકત્વ અને દોષવત્ત્વની વ્યાપ્તિ સ્પષ્ટ કરે છે—'દોષથી પ્રયુક્ત ન થયેલો એવો કોઈ' ઇત્યાદિ. કારુણ્યથી પ્રવૃત્તિ થાય છે માટે વ્યાપ્તિ નથી, વ્યભિચાર છે એમ શંકા લાવી કહે છે—'સ્વાર્થમાં પ્રયુક્ત' ઇત્યાદિ. કારુણ્ય હોવાથી પોતાને દુઃખ થાય છે, તેથી કારુણિક પણ સ્વદુઃખની નિવૃત્તિ માટે પરાર્થમાં પ્રવૃત્ત થાય છે એવો અર્થ છે. તોપણ તેથી ઈશ્વરને શું થયું તેને માટે કહે છે—'એમ પણ અયુક્તતા છે'. માત્ર દૃષ્ટાનુસારથીજ અસામંજસ્ય છે એમ નહિ, પણ ઉક્ત પ્રકારથી પણ છે એવો અર્થ છે. ઈશ્વર પ્રવર્તક છે એમ સ્વીકારી આ કહ્યું છે, તે પણ પાતંજલિના મતમાં નથી. પુરુષ ઉદાસીન છે અને પ્રવર્તક છે એમ વ્યાઘાત થાય છે એમ પાતંજલમત યોગ પ્રતિ કહે છે—' ઈશ્વર પુરુષવિશેષ છે ' ઇત્યાદિ. ક્લેશ, કર્મ, વિપાક અને આશયથી અપરામૃષ્ટ— અસ્પૃષ્ટ પુરુષવિશેષ તે ઈશ્વર. એમ યોગ સ્વીકારે છે. રાગદ્વેષાદિ ક્લેશ છે, પુણ્યપાપાત્મક કર્મ છે, સુખદુઃખાદિરૂપ ફળ તે વિપાક. રાગાદિ વાસના તે આશય. એ ક્લેશ, કર્મ, વિપાક અને આશયથી અસંબદ્ધ અને એજ કારણથી જીવવિલક્ષણ જે પુરુષવિશેષ–ચેતનવિશેષ તે ઈશ્વર. ચેતન ઉદાસીન છે, પ્રવૃત્તિરહિત છે. તો તેમના મતમાં ઈશ્વર પ્રધાનનો અધિષ્ઠાતા શી રીતે થાય ? કારણ કે અધિષ્ઠાતાપણું એટલે તદ્વિષયક યત્નાદિ તે કંઈ ઉદાસીનને સંભવતું નથી ॥ ૩૭॥

પ્રધાનવાદમાં અન્ય દોષ કહે છે—' संबन्धानुपपत्तेश्च '. ઈશ્વરથી અસંબદ્ધ જે પ્રધાનાદિ તે પ્રેરાય એ યુક્ત નથી, માટે સંબન્ધ કહેવો જોઈએ. તે સંબન્ધ સંયોગ કે સમવાય નથી. જે સર્વગત છે તેને વિષે સ્પન્દલક્ષણ કર્મ સંભવતું નથી, એથી કર્મજન્ય સંયોગ સંભ-

બન્ધ સંભવતો નથી; કેમકે પ્રધાન, પુરુષ અને ઈશ્વર સર્વગત અને નિરવયવ છે. તેમજ સમવાયલક્ષણ સંબન્ધ પણ નથી; કેમકે આશ્રયાશ્રયિભાવનું નિરૂપણ નથી. તેમ અન્ય કોઈ કાર્યગમ્ય સંબન્ધ કલ્પી શકાતો નથી; કેમકે કાર્યકારણભાવજ અદ્યાપિ અસિદ્ધ છે. બ્રહ્મવાદીને શી રીતે થાય છે એમ શંકા કરવી યુક્ત નથી; કેમકે તેને તાદાત્મ્યલક્ષણ સંબન્ધ ઉપપન્ન છે. વળી બ્રહ્મવાદી તો આગમના બળથી કારણાદિ સ્વરૂપનું નિરૂપણ કરે છે એટલે દૃષ્ટાનુસારીજ સર્વ તેણે સ્વીકારવું એવો નિયમ નથી. પ્રતિપક્ષી તો દૃષ્ટાન્તબળથી કારણાદિસ્વરૂપનું નિરૂપણ કરે છે તેથી તેણે દૃષ્ટાનુસારીજ સર્વ સ્વીકારવું જોઈએ એ અતિશય છે. પ્રતિપક્ષીને પણ સર્વજ્ઞપ્રણીત આગમના સદ્ભાવથી આગમબળ સમાન છે એમ કહેશો તો તે યુક્ત નથી; કેમકે આગમના જ્ઞાનથી સર્વજ્ઞત્વ સિદ્ધ થાય છે અને સર્વજ્ઞત્વના જ્ઞાનથી આગમ સિદ્ધ થાય છે એમ અન્યોન્યાશ્રય દોષ આવે છે. તેટલા માટે સાંખ્યવાદી અને યોગવાદીઓની ઈશ્વરકલ્પના અયુક્ત છે. એ પ્રમાણે અન્ય પણ વેદબાહ્ય ઈશ્વરકલ્પનાઓમાં સંભવ પ્રમાણે અસામંજસ્યની યોજના કરવી ॥ ૩૮ ॥

अधिष्ठानानुपपत्तेश्च ॥ ३९ ॥

અધિષ્ઠાનની અનુપપત્તિથી પણ (અસામંજસ્ય છે) ॥ ૩૯ ॥

વળી આથી પણ તાર્કિકપરિકલ્પિત ઈશ્વરની અનુપપત્તિ છે, કારણ કે પરિક-

---

[illegible] નથી; અને નિરવયવ હોવાથી સંયોગજન્ય સંયોગ પણ સંભવતો નથી. સમવાય પણ ધર્મધર્મિભાવેજ છે; પણ જે કાર્યદ્રવ્ય નથી તેને ધર્મધર્મિભાવ નથી. ત્યારે કાર્યબળથી પ્રેરણ[illegible] નામનો સંબન્ધ કલ્પો તેને માટે કહે છે—'તેમ અન્ય કોઈ કાર્યગમ્ય સંબન્ધ' [illegible] ઈશ્વરપ્રેરિતપ્રધાનનું કાર્ય જગત્ છે એમ જો સિદ્ધ થયું હોય તો સંબન્ધની કલ્પના [illegible] તેજ અદ્યાપિ અસિદ્ધ છે એવો અર્થ છે. વેદાન્તીને તો માયા અને બ્રહ્મ વચ્ચે [illegible] છે; 'तदात्मानं स्वयमकुरुत' એવી શ્રુતિ છે. તેથી વળી વેદ તો અપૂર્વાર્થ [illegible] શ્રુતિપ્રમાણવાદી વૈદિકે અનુસરવાનો નથી, આનુમાનિકે તો અનુસરવાનો [illegible] કહે છે—'વળી બ્રહ્મવાદી તો' ઇત્યાદિ. આગમ પ્રકૃતિ પ્રતિ દૃષ્ટાન્તની [illegible] તેથી અદૃષ્ટોમાં કે તેથી વિરુદ્ધમાં પ્રવર્તાવવા સમર્થ છે. અનુમાન તો [illegible] તેવા પ્રકારના જ્ઞાનમાં પ્રવર્તે એ યોગ્ય નથી. સર્વજ્ઞ અને આગમપ્રામા[illegible] અન્યોન્યાશ્રય છે. અનુમાનથી સર્વજ્ઞસિદ્ધિ નિરસ્ત કીધી છે; કેમકે જેને [illegible] નથી, પરંતુ કે જ્ઞાન નવીનજન્ય છે એવી વ્યક્તિનો નિરોધ આવે છે [illegible] અનુસરવું છે. પ્રત્યક્ષની પેઠે પરમાણુઓ [illegible] તે પરંતુ [illegible] [illegible] કહે છે [illegible]

તેમાં જે એમ કહે છે કે એ જે નારાયણ અવ્યક્તથી પર, પ્રસિદ્ધ પરમાત્મા, સર્વાત્મા છે તે આત્માનો આત્મા વડે અનેક પ્રકારે વ્યૂહ કરી અવસ્થિત છે તેનું નિરાકરણ કરવામાં આવતું નથી; કેમકે ' स एकधा भवति त्रिधा भवति ' [છાં૦ ૭।૨૬।૨] (તે એકધા થાય છે, ત્રિધા થાય છે) ઇત્યાદિ શ્રુતિઓથી પરમાત્માના અનેક પ્રકારનો ભાવ પ્રાપ્ત છે. વળી તે ભગવાનનું હુમેશ અનન્યચિત્તથી અભિગમનાદિરૂપ આરાધન અભિપ્રેત છે તેનો પણ પ્રતિષેધ કરવામાં આવતો નથી; કેમકે શ્રુતિ અને સ્મૃતિમાં ઈશ્વરપ્રણિધાન પ્રસિદ્ધ છે. પણ વાસુદેવથી સંકર્ષણ ઉત્પન્ન થાય છે, સંકર્ષણથી પ્રદ્યુમ્ન અને પ્રદ્યુમ્નથી અનિરુદ્ધ એમ જે કહ્યું છે તેને વિષે કહીએ છીએ—વાસુદેવસંજ્ઞક પરમાત્માથી સંકર્ષણસંજ્ઞક જીવની ઉત્પત્તિ સંભવતી નથી; કેમકે અનિત્યત્વ આદિ દોષ પ્રસક્ત થાય છે. ખરેખર, જીવ ઉત્પત્તિમાન્ હોય તો અનિત્યત્વાદિ દોષો પ્રસક્ત થાય; તેથી એને ભગવત્પ્રાપ્તિરૂપ મોક્ષ નજ થાય; કેમકે કારણની પ્રાપ્તિને વિષે કાર્યનો પ્રવિલય પ્રસક્ત થાય. વળી આચાર્ય જીવની ઉત્પત્તિનો પ્રતિષેધ કરશે—' नात्माऽश्रुतेर्नित्यत्वाच्च ताभ्यः ' (બ્ર૦ સૂ૦ ૨।૩।૧૭) એમાં. તેટલા માટે એ કલ્પના અસંગત છે ॥ ૪૨ ॥

– – –

પક્ષનો અનુવાદ કરી તેમાંના અવિરુદ્ધ અંશનો સ્વીકાર કરે છે—' તેમાં જે એમ કહે છે ઇત્યાદિ. ' શ્રુતિસ્મૃતિમાં ઈશ્વરપ્રણિધાન પ્રસિદ્ધ છે. ' ' समाहितः श्रद्धावित्तो भूत्वा (સમાહિત, શ્રદ્ધા જેનું વિત્ત છે એવો થઈ) અને ' तं यथा यथोपासते ' (તેને જેમ જે ઉપાસે છે) ઇત્યાદિ શ્રુતિ છે ' मत्कर्मकृन्मत्परमः ' (મારૂં કર્મ કરનાર, મને પરમ માનાર) ઇત્યાદિ સ્મૃતિ છે. વિરુદ્ધ અંશનો અનુવાદ કરી દૂષિત કરે છે—' પણ વાસુદેવ સંકર્ષણ ' ઇત્યાદિ ' અનિત્યત્વ આદિ દોષો ' એમાં ' આદિ ' શબ્દથી કૃતહાનિ અકૃતપ્રાપ્તિ, સ્વર્ગ, નરક, અપવર્ગનો અભાવ—એનું ગ્રહણ કરવાનું છે. જીવ કારણવાન અનિત્ય થાય છે. અનિત્ય થઈ પરલોકી થતો નથી એટલે પરલોકનો અભાવ થાય છે, સ્વર્ગ, નરક, અપવર્ગનો અભાવ પ્રસક્ત થવાથી [1]નાભાવ પ્રસક્ત થાય છે તેથી નાસ્તિક્ય છે એવો અર્થ છે કાર્ય, જીવ કારણ, ભગવાન્‌ને પ્રાપ્ત કરે એ પ્રાપ્તિરૂપ મોક્ષની થી અનુપ છે તેને માટે કહે છે—' કેમકે કારણની પ્રાપ્તિ વિષે ' ઇત્યાદિ કાર્ય કારણ પ્રાપ્ત કર્યું કાર્યનો કારણમાં લયજ થયો એવો પ્રસંગ આવશે. વળી આથી પણ જીવની ઉત્પત્તિ જીવની ઉત્પત્તિ અનુપપન્ન છે એમ કહે છે—' વળી આચાર્ય જીવની ઉત્પત્તિ ' ઇત્ય જીવની ઉત્પત્તિ અયુક્ત થયે, તેને માટેનો પંચરાત્રસિદ્ધાન્ત ભ્રાન્ત હોવાથી સમન્વયનો સાથે વિરોધ નથી એમ ઉપસંહાર કરે છે—' તેટલા માટે ' ઇત્યાદિ. ' अज आत्मा ' (અજ છે) ઇત્યાદિ ન્યાયે સ્વીકારેલી શ્રુતિથી પંચરાત્ર આગમ ઉત્પત્તિના અંશમાં પ્રમાણ નથી એમ નિશ્ચય થવાથી જીવાભિન્નબ્રહ્મસમન્વય સ્થિર થાય છે એવું તાત્પર્ય છે. ॥ ૪૨

[1] ના = નહિ નાભાવ = નાસ્તિત્વ

અધ્યયન કરે છે) એમાં વાક્યના આરંભમાં આવેલો પણ અગ્નિશબ્દ માણવક
લાગુ પડે છે એમ દેખાય છે. તેટલા માટે આકાશશબ્દ બ્રહ્મ છે એમ સિદ્ધ છે ॥૨૨

એથીજ પ્રાણ (બ્રહ્મ છે) ॥ ૨૩ ॥

[1]ઉદ્ગીથપ્રકરણમાં 'प्रस्तोतर्या देवता प्रस्तावमन्वायत्ता' [છાન્દો૦ ૧।૧૦।૯]
(હે પ્રસ્તોતઃ, જે દેવતા [2]પ્રસ્તાવને અનુગત છે) એમ આરંભ કરીને 'कतमा सा
देवता' [છાન્દો૦ ૧।૧૧।૪] (એ દેવતા કોણ છે) એમ અને 'प्राण इति होवाच
सर्वाणि ह वा इमानि भूतानि प्राणमेवाभिसंविशन्ति प्राणमभ्युज्जिहते सैषा देवता प्रस्ता-
वमन्वायत्ता' [છાન્દો૦ ૧।૧૧।૫] (તેણે કહ્યું, પ્રાણ એ પ્રસ્તાવદેવતા છે; કેમ
આ બધાં ભૂતો પ્રાણમાંજ લય પામે છે, પ્રાણમાંથીજ ઉત્પન્ન થાય છે, તે એ દેવ
પ્રસ્તાવને અનુગત છે) એમ શ્રુતિ છે તેમાં સંશય અને નિર્ણય પૂર્વની પેઠેજ જોવા
'प्राणबन्धनश्हि सोम्य मनः' [છાન્દો૦ ૬।૮।૨] (હે પ્રિય, મન જેનો ઉપાધિ

શકાય ત્યાં તેમ કરવું, જ્યાં તેમ ન થાય ત્યાં ઉત્તર ભાગને અનુસરીને પ્રથમ ભાગ
નો અર્થ કરવો—'વાક્યના આરંભમાં પણ આવેલો' ઇત્યાદિ. તેથી ઉપાસ્ય બ્રહ્મને વિ
વાક્યસમન્વય કરવો એમ ઉપસંહાર કરે છે—'તેટલા માટે આકાશ શબ્દ બ્રહ્મ છે' ઇત્યાદિ

ઉદ્ગીથ અધ્યાયને વિષે ધન પ્રાપ્ત કરવાની ઇચ્છાથી કોઈક રાજાની યજ્ઞશાળામાં ચક્રને
પુત્ર, ચાક્રાયણ, ઉષસ્તિ નામનો ઋષિ પેઠો. ત્યાં પોતાનું જ્ઞાન દર્શાવવા માટે તેણે ઋત્વિજોને
શાપ દીધો કે પ્રસ્તાવ, ઉદ્ગીથ અને પ્રતિહારરૂપ [3]સામભક્તિદેવતાનું તમને જ્ઞાન નથી ને ત
મારા સમક્ષ ઋત્વિક્ થયા છો તો તમારૂં માથુ પડશે. એમ કહી તે તે દેવતા વિષે પ્રશ્ન કીધા
પ્રસ્તોતા, ઉદ્ગાતા અને પ્રતિહર્ત્તાના દેવતાઓનું તે ઋત્વિજોને જ્ઞાન ન હોતું તેથી તેઓ બીધ
અને તેના શિષ્ય બની પ્રશ્ન કર્યો કે એ દેવતા કયા? તે પરથી ચાક્રાયણે કહ્યું કે, પ્રાણ એ પ્રસ્તા
વદેવતા છે, કેમકે સર્વ ભુતો પ્રાણમાંજ લય પામે છે ને પ્રાણમાંથી ઉદ્ભવે છે, આદિત્ય, ઉ
દ્ગીથદેવતા છે, કેમકે સર્વ ભૂતો ઉચ્ચ સ્થાનમાં રહેલા આદિત્યનુંજ ગાયન કરે છે, અને અ
પ્રતિહાર દેવતા છે, કેમકે સર્વે ભૂતો આત્મા પ્રત્યે અન્ન પ્રતિહરણ કરતાજ જીવે છે. તેમ
પ્રાણવાક્ય અત્ર વિષય છે. આકાશવાક્યમાં કહેલો ન્યાય અતિદેશથી પ્રાણવાક્યમાં ઉતારે છેઃ—
'अत एव प्राणः'. 'ઉદ્ગીથપ્રકરણમાં' એનો અન્વય 'એમ શ્રુતિ છે' ની સાથે છે. ચા
ક્રાયણ ઋષિએ પ્રસ્તોતાને કહ્યું, કે હે પ્રસ્તોતઃ! જે દેવતા પ્રસ્તાવરૂપ સામના ભાગને અનુગ
છે તે દેવતાનું ધ્યાનને માટે જ્ઞાન થયા વગર હું જે જાણનાર તે મારા સમક્ષ જો તેની સ્તુતિ
કરશો તો તમારૂં માથું પડશે. તેથી બીને પૂછે છે કે તે દેવતા કોણ છે. 'प्राण इति होवाच
ઇત્યાદિ તેનું ઉત્તર છે. 'प्राणमभिसंविशन्ति'=પ્રાણને અભિલક્ષીને–ઉદ્દેશીને સમ્યક્–બરોબ
લય પામે છે. 'प्राणमभ्युज्जिहते'=પ્રાણને અભિલક્ષીને ઉત્પન્ન થાય છે. અતિદેશ છે એટલે
પૂર્વની પેઠેજ સંશય વગેરે જોઈ લેવાં એમ કહ્યું તેનું વિવરણ કરે છે—'प्राणबन्धनं हि

---

૧ ઉદ્ગીથ=સામ અને પ્રસ્તાવ=સામનો ભાગ છે. ઉદ્ગીથની ઉપાસનાના પ્રસંગમાં પ્રસ્તાવની ઉપાસનાને
ભાષ્યમાં અમુક પ્રસ્તાવપ્રકરણને બદલે ઉદ્ગીથપ્રકરણ કહ્યું છે. ૨ સામનો ભાગવિશેષ. ૩ સામના
ભાગવિશેષના દેવતા.

એવો જીવ પ્રાણ—બ્રહ્મ સાથે સુષુપ્તિમાં એક થાય છે) અને 'પ્રાણસ્ય પ્રાણમ્' [બૃહ૦ ૪।૪।૧૮] (પ્રાણનો પ્રાણ-પ્રેરક) ઇત્યાદિમાં પ્રાણશબ્દ બ્રહ્મને લાગુ પડેલો દેખાય છે; અને વાયુવિકારના અર્થમાં તો લોક અને વેદમાં વિશેષ પ્રસિદ્ધ છે; એથી અહિં પ્રાણશબ્દથી કોનું ગ્રહણ કરવું યુક્ત છે એમ સંશય થાય છે. ત્યારે અહિં શું યુક્ત છે? (પૂર્વપક્ષી કહે છે)—વાયુના વિકાર પંચપ્રકારક પ્રાણનું ગ્રહણ યુક્ત છે. કેમ-કે તેમાં પ્રાણશબ્દ વિશેષ પ્રસિદ્ધ છે એમ અમે કહ્યું છે. પણ પૂર્વની પેઠે અહિં પણ બ્રહ્મના લિંગથી બ્રહ્મનુંજ ગ્રહણ યુક્ત છે. અહિં પણ વાક્યશેષમાં ભૂતોનાં લય અને ઉત્પત્તિ, જે પરમેશ્વરનું કર્મ છે, તેની પ્રતીતિ થાય છે. ના, મુખ્ય પ્રાણમાં પણ ભૂતોનાં લય અને ઉત્પત્તિ જોવામાં આવે છે. કારણ કે શ્રુતિ એમ કહે છે—'યદા વૈ પુરુષઃ સ્વપિતિ પ્રાણં તર્હિ વાગપ્યેતિ પ્રાણં ચક્ષુઃ પ્રાણં શ્રોત્રં પ્રાણં મનઃ સ યદા પ્રબુધ્યતે પ્રાણાદેવાધિ પુનર્જાયન્તે' [શ૦ બ્રા૦ ૧૦।૩।૩।૬] (જ્યારે પુરુષ ઊંઘે છે, ત્યારે વાણી પ્રાણમાં લય પામે છે, ચક્ષુ પ્રાણમાં, શ્રોત્ર પ્રાણમાં અને મન પ્રાણમાં લય પામે છે. તે જ્યારે જાગે છે, ત્યારે પ્રાણમાંથીજ એ ઉત્પન્ન થાય છે); અને નિદ્રાના વખતમાં જ્યારે પ્રાણનો વ્યાપાર લોપ પામતો નથી ત્યારે ઇન્દ્રિયોના વ્યાપાર લોપાય છે અને પ્રબોધના વખતમાં પ્રગટ થાય છે એ પ્રત્યક્ષ છે. વળી ઇન્દ્રિયો ભૂતોની સારરૂપ છે તેથી ભૂતોનાં લય અને ઉત્પત્તિ કહેનાર વાક્યશેષ મુખ્ય પ્રાણને વિષે પણ વિરુદ્ધ નથી. તેમજ પ્રસ્તાવદેવતા પ્રાણની પછી આદિત્ય અને અન્ન ઉદ્ગીથદેવતા અને પ્રતિહારદેવતા છે એમ નિર્દેશ કર્યો છે, અને તે બે (આદિત્ય અને અન્ન) બ્રહ્મ નથી. તેથી તેના સાદૃશ્યથી પ્રાણ પણ બ્રહ્મ નથી એમ પ્રાપ્ત થયે સૂત્રકાર કહે છે—'અત એવ પ્રાણઃ' (એથીજ પ્રાણ બ્રહ્મ છે). તેનાં (બ્રહ્મનાં) લિંગથી એમ પૂર્વ સૂત્રમાં નિર્દેશ કર્યો છે. એથીજ તેનાં લિંગથી પ્રાણશબ્દ પણ પરબ્રહ્મને લાગુ પડેલો

[illegible] એવો જીવ પ્રાણ એટલે [illegible] તેના પ્રેરક [illegible] પૂર્વસૂત્રમાં [illegible] 'પણ પૂર્વની પેઠે અહિં પણ' [illegible] —ના, મુખ્ય પ્રાણમાં [illegible] ઇન્દ્રિયો ભૂતોની સારરૂપ છે તેથી' [illegible]

અધ્યયન કરે છે) એમાં વાક્યના આરંભમાં આવેલો પણ અગ્નિશબ્દ માણવકને લાગુ પડે છે એમ દેખાય છે. તેટલા માટે આકાશશબ્દ બ્રહ્મ છે એમ સિદ્ધ છે ॥૨૨॥

એથીજ પ્રાણ (બ્રહ્મ છે) ॥ ૨૩ ॥

[1]ઉદ્‌ગીથપ્રકરણમાં 'प्रस्तोतर्या देवता प्रस्तावमन्वायत्ता' [છાન્દો૦ ૧।૧૦।૯] (હે પ્રસ્તોતઃ, જે દેવતા [2]પ્રસ્તાવને અનુગત છે) એમ આરંભ કરીને 'कतमा सा देवता' [છાન્દો૦ ૧।૧૧।૪] (એ દેવતા કોણ છે) એમ અને 'प्राण इति होवाच सर्वाणि ह वा इमानि भूतानि प्राणमेवाभिसंविशन्ति प्राणमभ्युज्जिहते सैषा देवता प्रस्तावमन्वायत्ता' [છાન્દો૦ ૧।૧૧।૫] (તેણે કહ્યું, પ્રાણ એ પ્રસ્તાવદેવતા છે; કેમકે આ બધાં ભૂતો પ્રાણમાંજ લય પામે છે, પ્રાણમાંથીજ ઉત્પન્ન થાય છે, તે એ દેવતા પ્રસ્તાવને અનુગત છે) એમ શ્રુતિ છે તેમાં સંશય અને નિર્ણય પૂર્વની પેઠેજ જોવા. 'प्राणबन्धनंहि सोम्य मनः' [છાન્દો૦ ૬।૮।૨] (હે પ્રિય, મન જેનો ઉપાધિ છે

શકાય ત્યાં તેમ કરવું, જ્યાં તેમ ન થાય ત્યાં ઉત્તર ભાગને અનુસરીને પ્રથમ ભાગનો અર્થ કરવો—'વાક્યના આરંભમાં પણ આવેલો' ઇત્યાદિ. તેથી ઉપાસ્ય બ્રહ્મને વિષે વાક્યસમન્વય કરવો એમ ઉપસંહાર કરે છે—'તેટલા માટે આકાશ શબ્દ બ્રહ્મ છે' ઇત્યાદિ.

ઉદ્ગીથ અધ્યાયને વિષે ધન પ્રાપ્ત કરવાની ઇચ્છાથી કોઈક રાજાની યજ્ઞશાળામાં ચક્રનો પુત્ર, ચાક્રાયણ, ઉષસ્તિ નામનો ઋષિ પેઠો. ત્યાં પોતાનું જ્ઞાન દર્શાવવા માટે તેણે ઋત્વિજોને શાપ દીધો કે પ્રસ્તાવ, ઉદ્ગીથ અને પ્રતિહારરૂપ [3]સામભક્તિદેવતાનું તમને જ્ઞાન નથી ને તમે મારા સમક્ષ ઋત્વિક્ થયા છો તો તમારૂં માથું પડશે. એમ કહી તે તે દેવતા વિષે પ્રશ્ન કીધા. પ્રસ્તોતા, ઉદ્ગાતા અને પ્રતિહર્તાના દેવતાઓનું તે ઋત્વિજોને જ્ઞાન ન હોવું તેથી તેઓ બીધા અને તેના શિષ્ય બની પ્રશ્ન કર્યો કે એ દેવતા કયા? તે પરથી ચાક્રાયણે કહ્યું કે, પ્રાણ એ પ્રસ્તાવદેવતા છે, કેમકે સર્વ ભૂતો પ્રાણમાંજ લય પામે છે ને પ્રાણમાંથી ઉદ્ભવે છે, આદિત્ય, ઉદ્ગીથદેવતા છે, કેમકે સર્વ ભૂતો ઉચ્ચ સ્થાનમાં રહેલા આદિત્યનુંજ ગાયન કરે છે, અને અન્ન પ્રતિહાર દેવતા છે, કેમકે સર્વ ભૂતો આત્મા પ્રત્યે અન્ન પ્રતિહરણ કરતાજ જીવે છે. તેમાં પ્રાણવાક્ય અત્ર વિષય છે. આકાશવાક્યમાં કહેલો ન્યાય અતિદેશથી પ્રાણવાક્યમાં ઉતારે છેઃ—'अत एव प्राणः'. 'ઉદ્‌ગીથપ્રકરણમાં' એનો અન્વય 'એમ શ્રુતિ છે' ની સાથે છે. ચાક્રાયણ ઋષિએ પ્રસ્તોતાને કહ્યું, કે હે પ્રસ્તોતઃ! જે દેવતા પ્રસ્તાવરૂપ સામના ભાગને અનુગત છે તે દેવતાનું ધ્યાનને માટે જ્ઞાન થયા વગર હું જે જાણનાર તે મારા સમક્ષ જો તેની સ્તુતિ કરશો તો તમારૂં માથું પડશે. તેથી બીને પૂછે છે કે તે દેવતા કોણ છે. 'प्राण इति होवाच' ઇત્યાદિ તેનું ઉત્તર છે. 'प्राणमभिसंविशन्ति'=પ્રાણને અભિલક્ષીને–ઉદ્દેશીને સમ્યક્–બરોબર લય પામે છે. 'प्राणमभ्युज्जिहते'=પ્રાણને અભિલક્ષીને ઉત્પન્ન થાય છે. અતિદેશ છે એટલે પૂર્વની પેઠેજ સંશય વગેરે જોઈ લેવાં એમ કહ્યું તેનું વિવરણ કરે છે—'प्राणबन्धनं हि'

૧ ઉદ્ગીથ=સામ અને પ્રસ્તાવ=સામનો ભાગ છે. ઉદ્ગીથની ઉપાસનાના પ્રસંગમાં પ્રસ્તાવની ઉપાસનાને ભાષ્યમાં અમુક પ્રસ્તાવપ્રકરણને બદલે ઉદ્ગીથપ્રકરણ કહ્યું છે. ૨ સામનો ભાગવિશેષ. ૩ સામના ભાગવિશેષના દેવતા.

૧અભિનિવિધાન કરવું. તેટલા માટે પ્રસ્તાવરૈવના પ્રાણ બ્રહ્મ છે એ સિદ્ધ છે. અહિં કેટલાક (ટીકાકારો) 'प्राणस्य प्राणम्' [બૃહ૦ ૪।૪।૧૮] (પ્રાણનો પ્રાણ-પ્રેરક) અને 'प्राणबन्धनं हि सोम्य मनः' [છાન્દો૦ ૬।૮।૨] (હે પ્રિય, મન જેનો ઉપાધિ છે એવો જીવ પ્રાણ—બ્રહ્મ સાથે સુષુપ્તિમાં એક થાય છે) એ બે શ્રુતિઓ ઉદાહરણમાં આપે છે. એ અયોગ્ય છે; કેમકે શબ્દભેદથી અને પ્રકરણથી સંશય યુક્ત થતો નથી. જેમ પિતુઃ પિતા (બાપનો બાપ) એ પ્રયોગમાં ષષ્ઠી વિભક્તિમાં નિર્દેશ કરેલો પિતા જુદો છે અને પ્રથમામાં નિર્દેશ કરેલો બાપનો બાપ જુદો છે એમ સમજાય છે, તેમ 'प्राणस्य प्राणम्' (પ્રાણનો પ્રાણ-પ્રેરક) એમાં શબ્દભેદથી પ્રસિદ્ધ પ્રાણથી ભિન્ન પ્રાણનો પ્રાણ છે એમ નિશ્ચય થાય છે; કેમકે ષષ્ઠીનિર્દિષ્ટ પદાર્થનો તેજ પદાર્થ ભેદનિર્દેશને યુક્ત થતો નથી. જેના પ્રકરણમાં જેનો નિર્દેશ થાય છે તે પ્રકરણમાં તેજ અન્ય નામથી પણ નિર્દિષ્ટ થાય છે એમ સમજાય છે, જેમ જ્યોતિષ્ટોમના પ્રકરણમાં 'वसन्ते वसन्ते ज्योतिषा यजेत' (વસન્તે વસન્તે જ્યોતિષ્ટોમ વડે યજ્ઞ કરવો જોઈએ) એમાં જ્યોતિર્ શબ્દ જ્યોતિષ્ટોમને લાગુ પડે છે, તેમ પરબ્રહ્મના પ્રકરણમાં 'प्राणबन्धनं हि सोम्य मनः' [છાન્દો૦ ૬।૮।૨] (હે સૌમ્ય, મન જેનો ઉપાધિ છે એવો જીવ પ્રાણ-બ્રહ્મ સાથે સુષુપ્તિમાં એક થાય છે) એ શ્રુતિનો પ્રાણશબ્દ વાયુવિકારમાત્રનું શી રીતે ૨અવગમન કરે? આથી સંશયનો વિષય ન હોવાથી એ ઉદાહરણ યુક્ત નથી. પ્રસ્તાવરૈવનામાં તો પ્રાણને વિષે સંશય, પૂર્વપક્ષ અને નિર્ણયની ૩ઉપપત્તિ દર્શાવી છે ॥ ૨૩ ॥

જ્યોતિ (બ્રહ્મ) છે, ચરણના અભિધાનથી ॥ ૨૪ ॥

'अथ यदतः परो दिवो ज्योतिर्दीप्यते विश्वतः पृष्ठेषु सर्वतः पृष्ठेष्वनुत्तमेषूत्तमेषु लोकेष्विदं वाव तद्यदिदमस्मिन्नन्तः पुरुषे ज्योतिः' [છાન્દો૦ ૩।૧૩।૭] (હવે દ્યુલોકથી પર, વિશ્વ પ્રાણિવર્ગથી ઉપર સર્વ ભૂરાદિ લોકથી ઉપર, જેનાથી કંઈ ઉત્તમ નથી એવા ઉત્કૃષ્ટ લોકને વિષે જે જ્યોતિ પ્રકાશે છે તે આ પુરુષને વિષે જે અંદરનું જ્યોતિ છે તેજ છે) આવી શ્રુતિ છે. તેમાં સંશય છે કે અહિં જ્યોતિઃશબ્દથી આદિત્ય વગેરે જ્યોતિનું અભિધાન થાય છે કે પરમાત્માનું. બીજા અર્થમાં વપરાયેલા શબ્દ પણ બ્રહ્મલિંગને લીધે બ્રહ્મને લાગુ પડે છે એમ કહ્યું છે. અહિં તો તે

[illegible]તિકારનું ઉદાહરણ સંશયના અભાવથી અયુક્ત છે એમ કહે છે—'અહિં કેટલાક' ઇત્યાદિ. [illegible] કહ્યા પછી પ્રકરણનો ૪પ્રપંચ કરે છે—'જેના પ્રકરણમાં' ઇત્યાદિ ॥ ૨૩ ॥

[illegible] સાથરી છે ઉપરી જેનો એવા પ્રશ્નની ઉપપત્તિ પછી એમ બતાવવાને अथ શબ્દ છે. [illegible] દ્યુલોકથી પર જે જ્યોતિ પ્રકાશે છે તેનો 'तदिदम्' (તે જ આ) એમ જઠરાગ્નિને [illegible] આભાસ કરે છે. સર્વ સંસારમંડળથી પર જે પરજ્યોતિ છે તે આ શરીરમાં રહેલું [illegible]તિ છે તેજ છે. આ સૂત્ર પૂર્વ સૂત્રથી સ્વતંત્ર નથી એમ કહેતાં પ્રત્યુદાહરણની રૂપે સંગતિ [illegible] છે—'બીજા અર્થમાં વપરાયેલા' ઇત્યાદિ. અહિં પૈતાના વાક્યમાં (જ્યોતિર્[illegible] [illegible]) સ્પષ્ટ બ્રહ્મલિંગનો અભાવ છે તોપણ 'पादोऽस्य (છાન્દો૦ ૩।૧૨।૬) એમ પૂર્વ

---

૧ નિરાકરણ. ૨ સૂચના. ૩ યોગ્યતા. ૪ વિસ્તાર.

લેઈએ. પ્રાણનો પણ, ખરેખર, બ્રહ્મલિંગ સાથે સંબંધ શ્રુતિમાં છે. જેમકે 'सर्वाणि ह वा इमानि भूतानि प्राणमेवाभिसंविशन्ति प्राणमभ्युज्जिहते' [છાન્દો૦ ૧।૧૧।૫] (નિશ્ચે, આ સર્વ ભૂતો પ્રાણમાંજ લય પામે છે, પ્રાણમાંથી ઉદ્ભવ પામે છે) એમાં સર્વ ભૂતોનાં લય અને ઉત્પત્તિનું નિમિત્ત પ્રાણ છે એમ કહ્યું છે તેથી પ્રાણ બ્રહ્મ છે એમ અનુમાન થાય છે. જો કહો કે મુખ્ય પ્રાણનો અર્થ લઈએ તોપણ લય અને ઉત્પત્તિનું દર્શન વિરુદ્ધ નથી; કેમકે 'સ્વાપકાળે અને પ્રબોધમાં જોવામાં આવે છે, એમ કહીએ છીએ. સ્વાપ અને પ્રબોધને વિષે કેવળ ઇન્દ્રિયોનાંજ લય અને ઉત્પત્તિ પ્રાણને આશ્રયે જોવામાં આવે છે, સર્વ ભૂતોનાં નહિ. અહિં તો ઇન્દ્રિયસહિત અને શરીરસહિત જીવથી આવિષ્ટ થયેલા ભૂતોનાં લય અને ઉત્પત્તિ પ્રાણાશ્રય કહ્યાં છે; કેમકે 'सर्वाणि ह वा इमानि भूतानि' [છાન્દો૦ ૧।૧૧।૫] (આ બધાં ભૂતો) એવી શ્રુતિ છે. જોકે એ ભૂતશ્રુતિ મહાભૂતોને લાગુ પડે છે એમ ગ્રહણ કરીએ, તેથીપણ બ્રહ્મલિંગ અવિરુદ્ધ છે. પણ સ્વાપ અને પ્રબોધમાં વિષયો સાથે ઇન્દ્રિયોનો પ્રાણને વિષે લય અને પ્રાણમાંથી ઉત્પત્તિ શ્રુતિમાં છે, જેમકે 'यदा सुप्तः स्वप्नं न कंचन पश्यत्यथास्मिन् प्राण एवैकधा भवति तदैनं वाक् सर्वैर्नामभिः सहाप्येति' [કૌ૦ ૩।૩] (જ્યારે ઊંઘેલો કંઈ સ્વપ્ન જોતો નથી અને એ પ્રાણને વિષેજ એક થાય છે ત્યારે એને વિષે સર્વ નામની સાથે વાણી લય પામે છે). એમાં પણ બ્રહ્મનાં લિંગ હોવાથી પ્રાણશબ્દ બ્રહ્મવાચકજ છે. વળી આદિત્યની સંનિધિથી પ્રાણ બ્રહ્મવાચક નથી એ શંકા યુક્ત નથી; કેમકે વાક્યશેષના બળથી પ્રાણશબ્દ બ્રહ્મને લાગુ પડે છે એમ પ્રતીતિ થાય છે એટલે સંનિધિ નિઃસાર છે. તેમજ પ્રાણશબ્દનો પંચવૃત્તિના પ્રાણ એ અર્થવિશેષ પ્રસિદ્ધ છે એ આક્ષેપનું[1] આકાશશબ્દમાં દીધું છે તે

પ્રાણને વિષે યુક્ત નથી એમ કહીને ભૂતશબ્દનો વૈદિક અર્થને બદલે [illegible] અર્થ લઈને [illegible] નિર્વાહ થાય છે એમ કહે છે—'જોકે એ ભૂતશ્રુતિ મહાભૂતોને લાગુ પડે છે' ઇત્યાદિ. લૌકિક પ્રાણ ભૂતની યોનિ થાય એ યુક્ત નથી, તેથી પ્રાણશબ્દનો અર્થ બ્રહ્મજ લેવો યુક્ત છે. પણ લૌકિક પ્રાણ ભૂતની યોનિ છે એમ શ્રુતિમાં છે એવી શંકા કરે છે—'પણ સ્વાપ અને પ્રબોધમાં વિષયો સાથે' ઇત્યાદિ. જ્યારે [illegible] પ્રાણમાં—બ્રહ્મમાં એક થાય છે ત્યારે એ પ્રાણમાં—બ્રહ્મમાં વિષયસહિત [illegible] લય પામે છે એવો અર્થ છે. અહિં જીવની અભિમાન અને સર્વ ભૂતનાં [illegible] એ વિશે [illegible] મુખ્યપ્રાણ નથી, પણ બ્રહ્મ છે એમ કહે છે—'એમાં પણ બ્રહ્મનાં લિંગ' ઇત્યાદિ. [illegible] વાક્યની [illegible] કરતાં [illegible] વાક્યમાં [illegible] લિંગ બળવાન છે એમ કહે છે—'એ શંકા યુક્ત નથી.' 'વાક્યશેષના બળથી' વાક્યશેષ એટલે વાક્યનો [illegible], અર્થાત્ [illegible], તેનું બળ એટલે તેમાં [illegible] લિંગ. 'प्राणमेवाभिसंविशन्ति' ઇત્યાદિ. [illegible] કરવી [illegible] છે તેથીજ, તેમજ સર્વ ભૂતની યોનિ એ [illegible] તેનું [illegible] એમ કહે છે—'આકાશશબ્દમાં દીધું છે તે.'

૧ [illegible] ૨ [illegible] ૩ [illegible]

[1]પ્રતિવિધાન કરવું. તેટલા માટે પ્રસ્તાવદેવના પ્રાણ બ્રહ્મ છે એ સિદ્ધ છે. અહિં કેટલાક (ટીકાકારો) 'प्राणस्य प्राणम्' [બૃહ૦ ૪।૪।૧૮] (પ્રાણનો પ્રાણ-પ્રેરક) અને 'प्राणबन्धनं हि सोम्य मनः' [છાન્દો૦ ૬।૮।૨] (હે પ્રિય, મન જેનો ઉપાધિ છે એવો જીવ પ્રાણ—બ્રહ્મ સાથે સુષુપ્તિમાં એક થાય છે) એ બે શ્રુતિઓ ઉદાહરણમાં આપે છે. એ અયોગ્ય છે; કેમકે શબ્દભેદથી અને પ્રકરણથી સંશય યુક્ત થતો નથી. જેમ पितुः पिता (બાપનો બાપ) એ પ્રયોગમાં ષષ્ઠી વિભક્તિમાં નિર્દેશ કરેલો પિતા જુદો છે અને પ્રથમામાં નિર્દેશ કરેલો બાપનો બાપ જુદો છે એમ સમજાય છે, તેમ 'प्राणस्य प्राणम्' (પ્રાણનો પ્રાણ-પ્રેરક) એમાં શબ્દભેદથી પ્રસિદ્ધ પ્રાણથી ભિન્ન પ્રાણનો પ્રાણ છે એમ નિશ્ચય થાય છે; કેમકે ષષ્ઠીનિર્દિષ્ટ પદાર્થનો તેજ પદાર્થ ભેદનિર્દેશને યુક્ત થતો નથી. જેના પ્રકરણમાં જેનો નિર્દેશ થાય છે તે પ્રકરણમાં તેજ અન્ય નામથી પણ નિર્દિષ્ટ થાય છે એમ સમજાય છે, જેમ જ્યોતિષ્ટોમના પ્રકરણમાં 'वसन्ते वसन्ते ज्योतिषा यजेत' (વસન્તે વસન્તે જ્યોતિષ્ટોમ વડે યજ્ઞ કરવો જોઈએ) એમાં જ્યોતિષ્ શબ્દ જ્યોતિષ્ટોમને લાગુ પડે છે, તેમ પરબ્રહ્મના પ્રકરણમાં 'प्राणबन्धनं हि सोम्य मनः' [છાન્દો૦ ૬।૮।૨] (હે સોમ્ય, મન જેનો ઉપાધિ છે એવો જીવ પ્રાણ-બ્રહ્મ સાથે સુષુપ્તિમાં એક થાય છે) એ શ્રુતિનો પ્રાણશબ્દ વાયુવિકારમાત્રનું શી રીતે [2]અવગમન કરે? આથી સંશયનો વિષય ન હોવાથી એ ઉદાહરણ યુક્ત નથી. પ્રસ્તાવદેવનામાં તો પ્રાણને વિષે સંશય, પૂર્વપક્ષ અને નિર્ણયની [3]ઉપપત્તિ દર્શાવી છે ॥ ૨૩ ॥

જ્યોતિ (બ્રહ્મ) છે, ચરણના અભિધાનથી ॥ ૨૪ ॥

'अथ यदतः परो दिवो ज्योतिर्दीप्यते विश्वतः पृष्ठेषु सर्वतः पृष्ठेष्वनुत्तमेषूत्तमेषु लोकेष्विदं वाव तद्यदिदमस्मिन्नन्तः पुरुषे ज्योतिः' [છાન્દો૦ ૩।૧૩।૭] (હવે દ્યુલોકથી પર, વિશ્વ પ્રાણિવર્ગથી ઉપર સર્વ ભૂરાદિ લોકથી ઉપર, જેનાથી કંઈ ઉત્તમ નથી એવા ઉત્કૃષ્ટ લોકને વિષે જે જ્યોતિ પ્રકાશે છે તે આ પુરુષને વિષે જે અંદરનું જ્યોતિ છે તેજ છે) આવી શ્રુતિ છે. તેમાં સંશય છે કે અહિં જ્યોતિઃશબ્દથી આદિત્ય વગેરે જ્યોતિનું અભિધાન થાય છે કે પરમાત્માનું. બીજા અર્થમાં વપરાયેલા શબ્દ પણ બ્રહ્મલિંગને લીધે બ્રહ્મને લાગુ પડે છે એમ કહ્યું છે. અહિં તો તે

પ્રતિકારનું ઉદાહરણ સંશયના અભાવથી અયુક્ત છે એમ કહે છે—'અહિં કેટલાક' ઇત્યાદિ. શબ્દભેદ કહ્યા પછી પ્રકરણનો [4]પ્રપંચ કરે છે—'જેના પ્રકરણમાં' ઇત્યાદિ ॥ ૨૩ ॥

ગાયત્રી છે ઉપાધિ જેનો એવા બ્રહ્મની ઉપાસ્તિ પછી એમ બતાવવાને अथ શબ્દ છે. દ્યુલોકથી પર જે જ્યોતિ પ્રકાશે છે તેનો 'तद्यदिदम्' (તે જે આ) એમ જઠરાગ્નિને અધ્યાસ કરે છે. સર્વ સંસારમંડળથી પર જે પરજ્યોતિ છે તે આ શરીરમાં રહેલું ને છે તેજ છે. આ સૂત્ર પૂર્વ સૂત્રથી ગતાર્થ નથી એમ કહેતાં પ્રત્યુદાહરણની સાથે સંગતિ છે—'બીજા અર્થમાં વપરાયેલા' ઇત્યાદિ. અહિં પોતાના વાક્યમાં (જ્યોતિર્વા-) સ્પષ્ટ બ્રહ્મલિંગનો અભાવ છે તોપણ 'पादोऽस्य (છાન્દો૦ ૩।૧૨।૬) એમ પૂર્વ

---

1 નિરાકરણ. 2 સૂચના. 3 યોગ્યતા. 4 વિસ્તાર.

લિંગ છે કે નહિ તેનો વિચાર કરવાનો છે. ત્યારે શું પ્રાપ્ત થાય છે? જ્યોતિઃશબ્દથી આદિત્ય આદિની જ્યોતિનું ગ્રહણ થાય છે એમ પ્રાપ્ત થાય છે. શાથી? પ્રસિદ્ધિથી. तमस् (અન્ધકાર) અને ज्योतिर् (જ્યોતિ) એ બે શબ્દો પરસ્પર [1]પ્રતિદ્વન્દ્વીને લાગુ પડે છે એ પ્રસિદ્ધ છે; નેત્રના વ્યાપારને અટકાવનાર, રાત્રી આદિનું तमस् (અન્ધારું) કહેવાય છે અને તેજ વ્યાપારને [2]અનુગ્રાહક, આદિત્ય આદિનું ज्योतिर् (જ્યોતિ) કહેવાય છે. તેમજ दीप्यते (પ્રકાશે છે) એ શ્રુતિ પણ આદિત્ય આદિને લાગુ પડે છે એ પ્રસિદ્ધ છે. ખરેખર રૂપાદિથી હીન જે બ્રહ્મ તેને दीप्यते (પ્રકાશે છે) એ શ્રુતિ મુખ્ય અર્થમાં લાગુ પાડવી યોગ્ય નથી. વળી દ્યુલોક એની મર્યાદા છે એવી શ્રુતિ છે તેથી જ્યોતિ આદિત્ય આદિને લાગુ પડે છે. ખરેખર ચર અને અચરનું બીજ, સર્વનો આત્મા એવું જે બ્રહ્મ તેને દ્યુલોકમર્યાદા યુક્ત નથી. જ્યોતીરૂપ જે [3]પરિચ્છિન્ન કાર્ય તેને દ્યુલોક મર્યાદા થાય. દ્યુલોકથી પર જ્યોતિ છે એમ બ્રાહ્મણ મર્યાદા કહે છે. પણ જ્યોતીરૂપ કાર્ય પણ સર્વત્ર ગમ્યમાન છે તેથી દ્યુલોક એની મર્યાદા છે એમ કહેવું યુક્ત નથી. ત્યારે પ્રથમ ઉત્પન્ન થયેલું ત્રણ ભાગવાળું ન થયેલું (અન્ન અને પાણીની સાથે મિશ્ર ન થયેલું) તેજ તે જ્યોતિ એમ હો. ના, ત્રણ ભાગવાળા ન થયેલા (અન્ન અને પાણી સાથે મિશ્ર ન થયેલા) તેજનું પ્રયોજન નથી. તે ઉપાસ્ય છે એજ પ્રયોજન છે એમ કહેશો તો અમે કહીએ છિયે કે ના, બીજા પ્રયોજનથી પ્રયુક્ત આદિત્ય આદિજ ઉપાસ્ય છે એમ જોવામાં

વાક્યમાં જુદો એનો પાઠ એવું લિંગ છે એમ પાદની સંગતિ છે પૂર્વપક્ષમાં જડ જ્યોતિની ઉપાસના ફળ છે અને ઉત્તર પક્ષમાં બ્રહ્મજ્યોતિની ઉપાસના ફળ છે એમ ભેદ છે. પણ અજ્ઞાનરૂપી અન્ધકારનું વિરોધી બ્રહ્મ પણ ત્યારે જ્યોતિ શબ્દથી વાચ્ય થશે તેને વિષે કહે છે— 'નેત્રના વ્યાપારને અટકાવનાર' ઇત્યાદિ 'રાત્રી આદિનું' અર્થાત્ નીલ. આથી આવરણ કરનાર અને રૂપવાળું હોવાથી કુડ્ય–દીવાલની પેઠે ભાવરૂપ तमस् (અન્ધકાર) છે, એમ તાત્પર્ય છે. જ્યોતિઃશ્રુતિથી તેજ જ્યોતિ છે એમ કહીને તેના અનુવાદક લિંગો કહે છે— 'તેમજ दीप्यते (પ્રકાશે છે)' ઇત્યાદિ. ભાસ્વર રૂપ છે જેનું એવી જે દીપ્તિ તે તેજનું લિંગ છે એમ કહે છે—'ખરેખર રૂપાદિથી હીન' ઇત્યાદિ મર્યાદા ન થાઓ એમ આશંકા કરીને શ્રુતિમાં છે એટલે એમ ન થાય એમ કહે છે—'દ્યુલોકથી પર.' બ્રહ્મની પેઠે કાર્યને પણ મર્યાદાનો યોગ નથી તેથી શ્રુતિ નિરર્થક છે એમ કોઈક આક્ષેપ કરે છે—'પણ જ્યોતીરૂપ કાર્ય પણ' ઇત્યાદિ. એકદેશી કહે છે—'ત્યારે પ્રથમ ઉત્પન્ન થયલું' ઇત્યાદિ. સ્વર્ગ આદિને વિષે ઉત્પન્ન થયેલું કોઈક અનિન્દ્રિય તેજ દ્યુલોકથી પર છે, કેમકે તેને શ્રુતિનું પ્રમાણ છે એવો અર્થ છે. એ શ્રુતિ અધ્યયનવિધિને લગતી છે, અર્થક્રિયામાં ઉપયોગી નથી તેથી તેમાં વર્ણવેલી વસ્તુ નિષ્ફળ છે. ત્રણ ભાગવાળું તેજજ સર્વ અર્થક્રિયામાં ઉપયોગી છે, બીજાનું પ્રયોજન નથી એમ આક્ષેપ કરનાર કહે છે—'ના, ત્રણ ભાગવાળા ન થયેલા' ઇત્યાદિ. ધ્યાન ફળ માટે, એમ એકદેશી આશંકા કરે છે—'તે ઉપાસ્ય છે એજ પ્રયોજન છે.' જે નિષ્ફળ છે તે ઉપાસ્ય હોય નહીં એમ કહે છે—'અમે કહીએ છિયે કે ના.' 'બીજા પ્રયોજનથી' પ્રકાશ કરવો વગેરે બીજું પ્રયોજન છે. ત્રણ ભાગવાળા ન થયેલા તેજની

[1] વિરોધી. [2] મદદ. [3] હદવાળું.

આવે છે. વળી 'तासां त्रिवृतं त्रिवृतमेकैकां करवाणि' [છાન્દો૦ ૬।૩।૩] (તેમાંના એકેકને ત્રણ ભાગવાળો કરીશ) એ શ્રુતિ વિશેષ દર્શાવતી નથી. તેમજ ત્રણ ભાગવાળા ન થયેલા તેજની દ્યુલોક મર્યાદા છે એ પ્રસિદ્ધ નથી. ત્યારે ત્રણ ભાગવાળું તેજજ જ્યોતિઃશબ્દથી વાચ્ય છે એમ લો. પણ એમ કહ્યું છે કે દ્યુલોકથી નીચે પણ અગ્નિ આદિ જ્યોતિ છે એમ સમન્વય છે. એ દોષ નથી. સર્વત્ર ગમ્યમાન જ્યોતિનું પણ 'परो दिवः' (દ્યુલોકથી પર) એમ ઉપાસનાને અર્થે પ્રદેશવિશેષનું ગ્રહણ વિરુદ્ધ નથી; પણ પ્રદેશરહિત જે બ્રહ્મ તેના પ્રદેશવિશેષની કલ્પના યુક્ત નથી. વળી 'सर्वतः पृष्ठेष्वनुत्तमेषूत्तमेषु लोकेषु' [છાન્દો૦ ૩।૧૩।૭] (સર્વ ભૂરાદિ લોકથી ઉપર જેનાથી કોઈ ઉત્તમ નથી એવા ઉત્કૃષ્ટ લોકને વિષે) એ બહુ આધાર-વાચક શ્રુતિ કાર્યજ્યોતિને વિષે વિશેષ યુક્ત છે. 'इदं वाव तद्यदिदमस्मिन्नन्तः पुरुषे ज्योतिः' [છાન્દો૦ ૩।૧૩।૭] (તે આ પુરુષને વિષે જે અંદરનું જ્યોતિ છે તેજ છે) એમાં કુક્ષિસ્થ જ્યોતિને વિષે પર જ્યોતિ આરોપ કરાતું જણાય છે અને આરોપનું નિમિત્ત સાદૃશ્ય હોય છે, જેમ 'तस्य भूरिति शिर एकं शिर एकमेतदक्षरम्' [બૃહ૦ ૫।૫।૩] (તે પુરુષનું ભૂશિર છે, કેમકે શિર એક છે

[illegible] અંગીકાર કરીને તે નિષ્ફલ છે એમ કહીને હવે કહે છે કે તેવું તેજ છેજ નહિ—'तासां त्रिवृतम्—' ઇત્યાદિ તેજ, પાણી અને અન્ન એ દેવતાઓમાના એકેકના બબ્બે ભાગ કરીને ફરી એકેક ભાગને દ્વિધા વિભાગીને સ્વભાગથી બીજા બે ભાગોમાં નાખીને તેને ત્રણ [illegible] રસીની પેઠે ત્રણ ભાગવાળું કરીશ એમ એ તેજ વગેરે વિશેષ-ભેદ કર્યા નથી એટલે ત્રણ ભાગવાળું ન થયેલું તેજ છેજ નહિ, એવો અર્થ છે વળી અહિં 'यदतः परम्' (જે એથી પર) એમાં यद् (જે) શબ્દે કરીને અન્યત્ર પ્રસિદ્ધ દ્યુલોક જેની મર્યાદા છે તેનો [illegible] અનુવાદ થાય છે અને ત્રણ ભાગવાળા ન થયેલા તેજની દ્યુમર્યાદા કોઈ પણ સ્થળે પ્રસિદ્ધ [illegible] એમ કહે છે 'તેમજ ત્રણ ભાગવાળા ન થયેલા તેજની' ઇત્યાદિ. એકદેશિ-[illegible] નું નિરાકરણ થયું એટલે સાક્ષાત્ પૂર્વપક્ષી કહે છે—'ત્યારે ત્રણ ભાગવાળું તેજજ' [illegible] 'પ્રદેશવિશેષ'=દ્યુલોકથી પર દેદીપ્યમાન સૂર્યાદિ તેજનો અવયવવિશેષ તેના પરિ-[illegible] ઉપાસનાને અર્થે વિરુદ્ધ નથી એમ અન્વય કરવો તેનીજ કુક્ષિસ્થ જ્યોતિને વિષે [illegible] સના થાય છે. કેમકે તે પણ તેજ છે એવું તાત્પર્ય છે [illegible] પ્રશ્નનો પણ ધ્યાનને [illegible] પ્રદેશ કરવો ના એમ કહે છે—'પણ પ્રદેશરહિત જે બ્રહ્મ તેના' ઇત્યાદિ જે [illegible] રહિત છે તેની પ્રદેશકલ્પના અયુક્ત છે. કેમકે [illegible] કાર્યજ્યોતિને [illegible] ઉપરના [illegible] બીજું કારણ કહે છે—વળી 'सर्वतः पृष्ठे-' ઇત્યાદિ બ્રહ્મને વિષે [illegible] [illegible] કહે છે કે 'વિશેષયુક્ત છે.' [illegible] કાર્યજ્યોતિને વિષે તો તે સ્વતઃસિદ્ધ [illegible] કહે છે—' इदं वाव तद्यदिदम्—' ઇત્યાદિ [illegible] જ્યોતિને [illegible] [illegible] છે કે [illegible]—'આરોપનું નિમિત્ત સાદૃશ્ય હોય છે.' તેને માટે [illegible] કહે છે—જેમ "तस्य भूरिति शिरः" ઇત્યાદિ [illegible] ઉપાસનાને વિષે [illegible] [illegible] છે '[illegible]' એ બે અક્ષરનિ [illegible]

અને એ અક્ષર પણ એક છે). પણ કુક્ષિસ્થ જ્યોતિ બ્રહ્મ નથી એ પ્રસિદ્ધ છે; કેમકે 'तस्यैषा दृष्टिः,' 'तस्यैषा श्रुतिः' [છાન્દો૦ ૩।૧૩।૭] (આ તેની દૃષ્ટિ છે, આ તેની શ્રુતિ છે) એમ ઉષ્ણતા અને ઘોષવિશિષ્ટની શ્રુતિ છે. तदेतद्दृष्टं च श्रुतं चेत्युपासीत' [છાન્દો૦ ૩।૧૩।૭] (તે એ દૃષ્ટ છે અને શ્રુત છે એમ ઉપાસના કરવી જોઈએ) એ શ્રુતિથી અને 'चक्षुष्यः श्रुतो भवति य एवं वेद' [છાન્દો૦ ૩।૧૩।૭] (જે એમ જાણે છે તે દર્શનીય અને વિખ્યાત થાય છે એમ અલ્પ ફળની શ્રુતિથી જ્યોતિ બ્રહ્મ નથી. નિશ્ચે બ્રહ્મનું ઉપાસન મોટા ફળને માટે ઈચ્છાય છે. વળી પ્રાણ અને આકાશની પેઠે જ્યોતિ બ્રહ્મ છે એમ દર્શાવનાર સ્વવાક્યમાં કંઈ બીજું ચિહ્ન

છે તે તેનું શિર છે. તેને વિષે શ્રુતિ સાદૃશ્ય કહે છે કે શિર એક છે તેમજ 'ભૂઃ' એ પણ એક અક્ષર છે. 'ભુવઃ' એ વ્યાહૃતિ બાહુ છે; કેમકે 'ભુવઃ' એ બે અક્ષર છે અને બાહુ બે છે અને '**स्वर्**' એ વ્યાહૃતિ પ્રતિષ્ઠા-પાદ છે; કેમકે પાદ બે છે ને '**स्वर्**' એ બે અક્ષર છે આમ શ્રુતિનું તાત્પર્ય છે જેમ એકત્વના સાદૃશ્યથી 'ભૂઃ' એ અક્ષરને વિષે પ્રજાપતિની શિરોદૃષ્ટિ કરી છે તેમ અહિં પણ સાદૃશ્ય કહેવું જોઈએ. નહિંકર અધ્યાસ સિદ્ધ નહિં થાય એવો ભાષ્યનો અર્થ છે. કુક્ષિસ્થ જ્યોતિ ચૈતન્યજ છે એમ અધ્યાસ વગર તાદાત્મ્ય કર્યું છે એમ આશંકા કરી કહે છે—'**પણ કુક્ષિસ્થ જ્યોતિ બ્રહ્મ નથી**' ઇત્યાદિ. શબ્દ અને સ્પર્શ છે તેથી તે અબ્રહ્મ છે એમ કહે છે—'**तस्यैषा दृष्टिः**' ઇત્યાદિ. ઉષ્ણતાને સ્પર્શથી જાણે છે—દેહને સ્પર્શ કરવાથી ઉષ્ણતાનું જ્ઞાન થાય છે એ જઠરાગ્નિની દૃષ્ટિ છે ને કર્ણ બંધ કરી શબ્દ જેવું સાંભળે છે એ તેની શ્રુતિ છે. '**तस्यैषा दृष्टिर्यत्रैतदस्मिञ्छरीरे संस्पर्शेनोष्णिमानं विजानाति तस्यैषा श्रुतिर्यत्रैतत्कर्णावपिगृह्य निनदमिव नदथुरिवाग्नेरिव ज्वलत उपशृणोति तदेतद् दृष्टं च श्रुतं चेत्युपासीत चक्षुष्यः श्रुतो भवति य एवं वेद य एवं वेद**'—આમ છાન્દોગ્ય શ્રુતિ છે. એનો અર્થ એવો છે કે જ્યારે આ શરીરને વિષે હસ્ત વડે સ્પર્શ કરી ઉષ્ણતા જાણે છે ત્યારે એ જ્યોતિની દૃષ્ટિ છે. નામ અને રૂપના વ્યાકાર-સ્પષ્ટીકરણ માટે દેહમાં પ્રવિષ્ટ થયેલા આત્મજ્યોતિનું ઉષ્ણતા લિંગ છે; કેમકે એ બેનો વ્યભિચાર નથી. જીવાત્માથી ઉષ્ણતા વ્યભિચાર કરતી નથી. ઉષ્ણજ જીવતો અને શીત મરતો જણાય છે. મરણકાળે તેજ પરદેવતામાં પ્રવેશ કરે છે. આ કારણથી જેમ ધૂમ અગ્નિનું લિંગ છે તેમ ઉષ્ણતા જ્યોતિનું લિંગ છે. આથી તે પરજ્યોતિની એ દૃષ્ટિ-દર્શન-દર્શનોપાય છે. તેમજ તે જ્યોતિની આ શ્રુતિ-શ્રવણ-શ્રવણોપાય છે કે જ્યારે પુરુષ જ્યોતિના લિંગને સાંભળવા ઇચ્છે છે ત્યારે કર્ણ બંધ કરી નિનદ-રથઘોષ જેવું સાંભળે છે. નદથુ-ઋષભકૂજિત જેવો એ શબ્દ છે. બહાર બળતા અગ્નિના જેવો શબ્દ શરીરમાં સંભળે છે. તે આ જ્યોતિને દૃષ્ટિ અને શ્રુતિ એ તેના લિંગ હોવાથી **दृष्टं च श्रुतं च** એમ ઉપાસવી. એમ ઉપાસના કરવાથી દર્શનીય અને વિશ્રુત થાય છે આમ જ્ઞાનનું ફળ ઉપપન્ન થાય છે એવી અલ્પ ફળની શ્રુતિ છે તેથી જ્યોતિ બ્રહ્મ નથી એમ પૂર્વપક્ષકાર કહે છે. સ્વવાક્યમાં રહેલાં બહુ અબ્રહ્મના-જ્યોતિ બ્રહ્મ નથી તેનાં-લિંગો કહીને કહે છે કે બ્રહ્મનું લિંગ ત્યાં એકે નથી—'**વળી પ્રાણ અને આકાશની પેઠે**' ઇત્યાદિ. અહિં શંકા કરે છે કે પૂર્વ વાક્યમાં '**त्रिपादस्यामृतं दिवि**' એમ બ્રહ્મ કહ્યું છે તેનુંજ દ્યુલોકના સંબંધથી અહિં પ્રત્યભિજ્ઞાન થાય છે માટે પૂર્વવાક્યમાં કહેલું બ્રહ્મનું અહિં જ્યોતિઃપદથી ગ્રહણ કરો.—એવી શંકા કરી

નથી, પૂર્વવાક્યમાં પણ બ્રહ્મ નિર્દિષ્ટ નથી; કેમકે 'गायत्री वा इदंसर्वं [છાન્દો૦ ૩।૧૨।૧] (આ સર્વ ભૂત ગાયત્રીજ છે) એમ છન્દનો નિર્દેશ અને પૂર્વવાક્યમાં કોઈ પણ પ્રકારે બ્રહ્મ નિર્દિષ્ટ છે એમ ધાય તોપણ તે પ્રત્યભિજ્ઞાન નથી; કારણ કે તેમાં 'त्रिपादस्यामृतं दिवि' (એના ત્રણ પાદ અમૃત છે) એમ દ્યુલોક આધાર તરીકે શ્રવણ થાય છે અને અહિં તો 'प ज्योतिः' (દ્યુલોકથી પર જ્યોતિ) એમાં દ્યુલોક મર્યાદા તરીકે શ્રવણ થાય છે. માટે સાધારણ જ્યોતિનું અહિં ગ્રહણ કરવું જોઈએ એમ પ્રાપ્ત થયે અમે છીએ. જ્યોતિ અહિં બ્રહ્મ સમજવું જોઈએ, શાથી? ચરણના અભિધાનથી અભિધાનથી એવો અર્થ છે; કેમકે પૂર્વવાક્યમાં 'तावानस्य महिमा ज्यायांश्च पूरुषः। पादोऽस्य सर्वा भूतानि त्रिपादस्यामृतं दिवि' [છાન્દો૦ (તેટલો એનો મહિમા છે, તેથી મોટો પુરુષ છે, એનો પાદ સર્વ ભૂતો છે પાદ દિવ્ને વિષે અમૃત છે) એ મન્ત્રે કરીને ચતુષ્પાદ બ્રહ્મ નિર્દિષ્ટ છે. તેમ પાદવાળા બ્રહ્મના ત્રણ પાદ અમૃત દ્યુસંબન્ધી નિર્દિષ્ટ છે તેજ અહિં દ્યુસંબન્ધી

કહે છે—'પૂર્વવાક્યમાં પણ બ્રહ્મ નિર્દિષ્ટ નથી' ઇત્યાદિ. સર્વનો આત્મા છે, પાદ છે, અમૃત છે એમ પૂર્વવાક્યમાં બ્રહ્મ કહ્યું જ છે એવી આશંકાથી કહે છે—'પૂ માં કોઈ પણ પ્રકારે બ્રહ્મ નિર્દિષ્ટ છે' ઇત્યાદિ. 'दिवि' અને 'दिवः' એમ સ પંચમીથી વિભક્તિનો ભેદ છે તેથી બ્રહ્મની પ્રત્યભિજ્ઞા થતી નથી એમ કહે છે— તેમાં "त्रिपादस्यामृतं दिवि" ઇત્યાદિ. બ્રહ્મલિંગનો અભાવ છે અને તેજોલિંગ હયાતી છે તેથી કુક્ષિસ્થ જ્યોતિ—તેજજ ઉપાસ્ય છે એમ ઉપસંહાર કરે છે—'તે સાધારણ જ્યોતિનું' ઇત્યાદિ. પૂર્વપક્ષનો અનુવાદ કરી, સૂત્રને ઉતારી, પ્રતિજ્ઞા 'એમ પ્રાપ્ત થયે.' નિશ્ચિત બ્રહ્મલિંગ વગર જ્યોતિ બ્રહ્મ નથી એમ શંકા કરી હેતુ 'શાથી?' 'रमणीयचरणाः' (રમણીય આચાર–ચરિત્રવાળા) એમાં જેમ ચરણ રિત્રવાચક છે તેમ અહિં પણ તેમ છે એમ આશંકા લાવી કહે છે—'પાદના અભિ પાદવાચક પદ આ વાક્યમાં નથી જોયુ એવી શંકા નિરાકરણ કરે છે—'કેમકે પૂર્વ ઇત્યાદિ. 'गायत्री वा इदं सर्वं भूतम्—' ઇત્યાદિથી ભૂત, પૃથિવી, શરીર, હૃદય, પ્રાણે કરીને છ પ્રકારની ચતુષ્પદા ગાયત્રી છે એમ કહે છે. ગાયત્રીસ્વરૂપ બ્રહ્મ એટલે સર્વ પ્રપંચ, મહિમા છે. પુરુષ તો પૂર્ણ બ્રહ્મરૂપ છે તેથી પ્રપંચથી મોટો છે. જ કહે છે—'पादोऽस्य सर्वा भूतानि' ઇત્યાદિ. સર્વ જગત્ એક પાદ એટલે 'विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत्' (આ સર્વ જગત્ને એક અંશે વ્યાપીને રહ્યો છું) એવી સ્મૃતિ છે. એ પુરુષના સ્વપ્રકાશસ્વરૂપને વિષે ત્રિપાદ્ અમૃતરૂપ તો દિવ્ એટલે સૂર્યમંડળમાં ધ્યાનને અર્થે છે. કલ્પિત જગત્થી બ્રહ્મસ્વરૂપ અનન્ત છે. જેમ લોકમાં એકપાદથી ત્રણ પાદ અધિક છે તેમજ આ અધિક છે એમ બોધ ક 'त्रिपादमृतम्' એમ કહ્યું છે. વાસ્તવિક રીતે, ત્રિપાદ્ની વિવક્ષા નથી એમ 'अथ यदतः परो' ઇત્યાદિ (છાન્દો૰ ૩।૧૩।૭) છાન્દોગ્ય વાક્યમાં 'यदतः परः

અને એ અક્ષર પણ એક છે). પણ કુક્ષિસ્થ જ્યોતિ બ્રહ્મ નથી એ પ્રસિદ્ધ છે; કેમકે 'तस्यैषा दृष्टिः,' 'तस्यैषा श्रुतिः' [છાન્દો૦ ૩।૧૩।૭] (આ તેની દૃષ્ટિ છે, આ તેની શ્રુતિ છે) એમ ઉષ્ણતા અને ઘોષવિશિષ્ટની શ્રુતિ છે. तदेतद्दृष्टं च श्रुतं चेत्युपासीत' [છાન્દો૦ ૩।૧૩।૭] (તે એ દૃષ્ટ છે અને શ્રુત છે એમ ઉપાસના કરવી જોઇએ) એ શ્રુતિથી અને 'चक्षुष्यः श्रुतो भवति य एवं वेद' [છાન્દો૦ ૩।૧૩।૭] (જે એમ જાણે છે તે દર્શનીય અને વિખ્યાત થાય છે એમ અલ્પ ફળની શ્રુતિથી જ્યોતિ બ્રહ્મ નથી. નિશ્ચે બ્રહ્મનું ઉપાસન મોટા ફળને માટે ઇચ્છાય છે. વળી પ્રાણ અને આકાશની પેઠે જ્યોતિ બ્રહ્મ છે એમ દર્શાવનાર સ્વવાક્યમાં કંઈ બીજું ચિહ્ન

છે તે તેનું શિર છે. તેને વિષે શ્રુતિ સાદૃશ્ય કહે છે કે શિર એક છે તેમજ 'ભૂઃ' એ પણ એક અક્ષર છે. 'ભુવઃ' એ વ્યાહૃતિ બાહુ છે; કેમકે 'ભુવઃ' એ બે અક્ષર છે અને બાહુ બે છે અને '**स्वर्**' એ વ્યાહૃતિ પ્રતિષ્ઠા-પાદ છે; કેમકે પાદ બે છે ને '**स्वर्**' એ બે અક્ષર છે. આમ શ્રુતિનું તાત્પર્ય છે. જેમ એકત્વના સાદૃશ્યથી 'ભૂઃ' એ અક્ષરને વિષે પ્રજાપતિની શિરોદૃષ્ટિ કહી છે તેમ અહિં પણ સાદૃશ્ય કહેવું જોઈએ. નહિંકર અધ્યાસ સિદ્ધ નહિ થાય એવો ભાષ્યનો અર્થ છે. કુક્ષિસ્થ જ્યોતિ ચૈતન્યજ છે એમ અધ્યાસ વગર તાદાત્મ્ય કહ્યું છે એમ આશંકા કરી કહે છે—'**પણ કુક્ષિસ્થ જ્યોતિ બ્રહ્મ નથી**' ઇત્યાદિ. શબ્દ અને સ્પર્શ છે તેથી તે અબ્રહ્મ છે એમ કહે છે—'**तस्यैषा दृष्टिः**' ઇત્યાદિ ઉષ્ણતાને સ્પર્શથી જાણે છે—દેહને સ્પર્શ કરવાથી ઉષ્ણતાનું જ્ઞાન થાય છે એ જઠરાગ્નિની દૃષ્ટિ છે ને કર્ણ બંધ કરી શબ્દ જેવું સાંભળે છે એ તેની શ્રુતિ છે. '**तस्यैषा दृष्टिर्यत्रैतदस्मिञ्छरीरे संस्पर्शेनोष्णिमानं विजानाति तस्यैषा श्रुतिर्यत्रैतत्कर्णावपिगृह्य निनदमिव नदथुरिवाग्नेरिव ज्वलत उपशृणोति तदेतद् दृष्टं च श्रुतं चेत्युपासीत चक्षुष्यः श्रुतो भवति य एवं वेद य एवं वेद**'—આમ છાન્દોગ્ય શ્રુતિ છે. એનો અર્થ એવો છે કે જ્યારે આ શરીરને વિષે હસ્ત વડે સ્પર્શ કરી ઉષ્ણતા જાણે છે ત્યારે એ જ્યોતિની દૃષ્ટિ છે. નામ અને રૂપના વ્યાકાર-સ્પષ્ટીકરણ માટે દેહમાં પ્રવિષ્ટ થયલા આત્મજ્યોતિનું ઉષ્ણતા લિંગ છે; કેમકે એ બેનો વ્યભિચાર નથી. જીવાત્માથી ઉષ્ણતા વ્યભિચાર કરતી નથી. ઉષ્ણજ જીવતો અને શીત મરતો જણાય છે. મરણકાળે તેજ પરદેવતામાં પ્રવેશ કરે છે. આ કારણથી જેમ ધૂમ અગ્નિનું લિંગ છે તેમ ઉષ્ણતા જ્યોતિનું લિંગ છે. આથી તે પરજ્યોતિની એ દૃષ્ટિ-દર્શન-દર્શનોપાય છે. તેમજ તે જ્યોતિની આ શ્રુતિ-શ્રવણ-શ્રવણોપાય છે કે જ્યારે પુરુષ જ્યોતિના લિંગને સાંભળવા ઇચ્છે છે ત્યારે કર્ણ બંધ કરી નિનદ-રથઘોષ જેવું સાંભળે છે. નદથુ-ઋષભકૂજિત જેવો એ શબ્દ છે. બહાર બળતા અગ્નિના જેવો શબ્દ શરીરમાં સાંભળે છે. તે આ જ્યોતિને દૃષ્ટિ અને શ્રુતિ એ તેના લિંગ હોવાથી **दृष्टं च श्रुतं च** એમ ઉપાસવી. એમ ઉપાસના કરવાથી દર્શનીય અને વિશ્રુત થાય છે. આમ જ્ઞાનનું ફળ ઉપપન્ન થાય છે એવી અલ્પ ફળની શ્રુતિ છે તેથી જ્યોતિ બ્રહ્મ નથી એમ પૂર્વપક્ષકાર કહે છે. સ્વવાક્યમાં રહેલાં બહુ અબ્રહ્મના-જ્યોતિ બ્રહ્મ નથી તેનાં-લિંગો કહીને કહે છે કે બ્રહ્મનું લિંગ ત્યાં એકે નથી—'**વળી પ્રાણ અને આકાશની પેઠે**' ઇત્યાદિ. અહિં શંકા કરે છે કે પૂર્વવાક્યમાં '**त्रिपादस्यामृतं दिवि**' એમ બ્રહ્મ કહ્યું છે તેનુંજ દ્યુલોકના સંબંધથી અહિં પ્રત્યભિજ્ઞાન થાય છે માટે પૂર્વવાક્યમાં કહેલું બ્રહ્મનું અહિં જ્યોતિઃપદથી ગ્રહણ કરો,—એવી શંકા કરી

નથી, પૂર્વવાક્યમાં પણ બ્રહ્મ નિર્દિષ્ટ નથી; કેમકે 'गायत्री वा इदं सर्वं भूतम्' [છાન્દો૦ ૩।૧૨।૧] (આ સર્વ ભૂત ગાયત્રીજ છે) એમ છન્દનો નિર્દેશ કર્યો છે; અને પૂર્વવાક્યમાં કોઈ પણ પ્રકારે બ્રહ્મ નિર્દિષ્ટ છે એમ થાય તોપણ તેનું અહિં પ્રત્યભિજ્ઞાન નથી; કારણ કે તેમાં 'त्रिपादस्यामृतं दिवि' (એના ત્રણ પાદ દ્યુલોકમાં અમૃત છે) એમ દ્યુલોક આધાર તરીકે શ્રવણ થાય છે અને અહિં તો 'परो दिवो ज्योतिः' (દ્યુલોકથી પર જ્યોતિ) એમાં દ્યુલોક મર્યાદા તરીકે શ્રવણ થાય છે. તેટલા માટે સાધારણ જ્યોતિનું અહિં ગ્રહણ કરવું જોઈએ એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ. જ્યોતિ અહિં બ્રહ્મ સમજવું જોઈએ, શાથી? ચરણના અભિધાનથી, પાદના અભિધાનથી એવો અર્થ છે; કેમકે પૂર્વવાક્યમાં 'तावानस्य महिमा ततो ज्यायांश्च पूरुषः। पादोऽस्य सर्वा भूतानि त्रिपादस्यामृतं दिवि' [છાન્દો૦ ૩।૧૨।૬] (તેટલો એનો મહિમા છે, તેથી મોટો પુરુષ છે, એનો પાદ સર્વ ભૂતો છે અને ત્રણ પાદ દિવ્‌ને વિષે અમૃત છે) એ મન્ત્રે કરીને ચતુષ્પાદ બ્રહ્મ નિર્દિષ્ટ છે. તેમાં જે ચાર પાદવાળા બ્રહ્મના ત્રણ પાદ અમૃત દ્યુસંબન્ધી નિર્દિષ્ટ છે તેજ અહિં દ્યુસંબન્ધી નિર્દિષ્ટ

કરે છે—'પૂર્વવાક્યમાં પણ બ્રહ્મ નિર્દિષ્ટ નથી' ઇત્યાદિ. સર્વનો આત્મા છે, ભૂતાદિના પાદ છે અમૃત છે એમ પૂર્વવાક્યમાં બ્રહ્મ કહ્યું જ છે એવી આશંકાથી કહે છે—'પૂર્વ વાક્યમાં કોઈ પણ પ્રકારે બ્રહ્મ નિર્દિષ્ટ છે' ઇત્યાદિ. 'दिवि' અને 'दिवः' એમ સપ્તમી અને પંચમીથી વિભક્તિનો ભેદ છે તેથી બ્રહ્મની પ્રત્યભિજ્ઞા થતી નથી એમ કહે છે— કારણ કે તેમાં "त्रिपादस्यामृतं दिवि" ઇત્યાદિ. બ્રહ્મલિંગનો અભાવ છે અને તેજોલિંગનો ભાવ હયાતી છે તેથી કુક્ષિસ્થ જ્યોતિ—તેજજ ઉપાસ્ય છે એમ ઉપસંહાર કરે છે—'તેટલા માટે સાધારણ જ્યોતિનું' ઇત્યાદિ. પૂર્વપક્ષનો અનુવાદ કરી, સૂત્રને ઉતારી, પ્રતિજ્ઞા કરે છે—'એમ પ્રાપ્ત થયે.' નિશ્ચિત બ્રહ્મલિંગ વગર જ્યોતિ બ્રહ્મ નથી એમ શંકા કરી હેતુ કહે છે—'શાથી?' 'रमणीयचरणाः' (રમણીય આચાર-ચરિત્રવાળા) એમાં જેમ चरणશબ્દ ચારિત્ર્યવાચક છે તેમ અહિં પણ તેમ છે એમ આશંકા લાવી કહે છે—'પાદના અભિધાનથી.' પાદવાચક પદ આ વાક્યમાં નથી એવું એવી શંકા નિરાકરણ કરે છે—'કેમકે પૂર્વવાક્યમાં' ઇત્યાદિ. 'गायत्री वा इदं सर्वं भूतम्—' ઇત્યાદિથી ભૂત, પૃથિવી, શરીર, હૃદય, વાક્, અને પ્રાણે કરીને ૭ પ્રકારની ચતુષ્પદા ગાયત્રી છે એમ કહે છે. ગાયત્રીસ્વરૂપ બ્રહ્મનો તેટલો, એટલે સર્વ પ્રપંચ, મહિમા છે પુરુષ તો પૂર્ણ બ્રહ્મરૂપ છે તેથી પ્રપંચથી મોટો છે. આધિક્યજ કહે છે—'पादोऽस्य सर्वा भूतानि' ઇત્યાદિ. સર્વ જગત્ એક પાદ એટલે અંશ છે. 'विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत्' (આ સર્વ જગત્‌ને એક અંશે આધાર આપીને રહ્યો છું) એવી સ્મૃતિ છે. એ પુરુષના સ્વપ્રકાશસ્વરૂપને વિષે ત્રિપાદ્ અમૃતરૂપ છે, અથવા તો દિવ્ એટલે સૂર્યમંડળમાં ધ્યાનને અર્થે છે. કલ્પિત જગત્‌થી બ્રહ્મસ્વરૂપ અનન્ત છે એવો ભાવ છે. જેમ લોકમાં એકપાદથી ત્રણ પાદ અધિક છે તેમજ આ અધિક છે એમ બોધ કરવાને માટે 'त्रिपादमृतम्' એમ કહ્યું છે. વાસ્તવિક રીતે, ત્રિપાદ્‌ની વિવક્ષા નથી એમ સમજવું. 'अथ यदतः परो' ઇત્યાદિ (છાન્દો૦ ૩।૧૩।૭) છાન્દોગ્ય વાક્યમાં 'यदतः परः' એમાં यद्‌શબ્દ પ્રસિદ્ધ અર્થનું અભિધાન કરે છે તેથી પૂર્વવાક્યમાં પ્રસિદ્ધ બ્રહ્મ ગ્રહણ કરવાનું છે એમ કહે છે—'તેમાં જે ચાર પાદવાળા બ્રહ્મના ત્રણ પાદ' ઇત્યાદિ. यद् શબ્દનો

૧ પ્રકૃતિથી હાયન થયતું. કાર્યજ્યોતિ.

છે. એમ ઓળખાય છે તેનો પરિત્યાગ કરીને પ્રાકૃત જ્યોતિની કલ્પના કરનારને પ્રકૃતના [1]હાન અને અપ્રકૃતની [2]પ્રક્રિયાનો પ્રસંગ આવશે. વળી જ્યોતિર્વાક્યમાંજ બ્રહ્મની અનુવૃત્તિ છે એમ નહિ, પણ પછીની શાણ્ડિલ્યવિદ્યામાં પણ બ્રહ્મની અનુવૃત્તિ છે. તેટલા માટે અહિં જ્યોતિ એટલે બ્રહ્મ સમજવું. 'ज्योतिर्दीप्यते' [છા૦ ૩।૧૩।૭] (જ્યોતિ પ્રકાશે છે) એ શબ્દો કાર્યરૂપ જ્યોતિને વિષે પ્રસિદ્ધ છે એમ જે કહ્યું છે તે દોષ નથી. પ્રકરણથી બ્રહ્મનું જ્ઞાન થયે એ બે શબ્દો કંઈ વિરોધ કરતા નથી; દીપ્યમાન જે કાર્યજ્યોતિ તેનાથી ઉપલક્ષિત બ્રહ્મને વિષે પણ પ્રયોગનો સંભવ છે; અને 'येन सूर्यस्तपति तेजसेद्धः' [તૈ૦ બ્રા૦ ૩।૧૨।૯।૭] (જે તેજવડે દીપ્ત સૂર્ય તપે છે) એમ મન્ત્રવર્ણ છે. અથવા એ જ્યોતિઃશબ્દ નેત્રવ્યાપારના અનુગ્રાહક તેજના અર્થમાં નથી; કેમકે બીજા અર્થમાં પણ પ્રયોગ જોવામાં આવે છે; જેમકે 'वाचैवायं ज्योतिषाऽऽस्ते' [બૃહ૦ ૪।૩।૫] (વાણીરૂપજ જ્યોતિ વડે એ બેસે છે) અને 'मनो ज्योतिर्जुषताम्' [તૈ૦ બ્રા૦ ૧।૬।૩।૩]

[illegible] લેવામાં બીજો દોષ કહે છે—'તેનો પરિત્યાગ કરીને' ઇત્યાદિ. [illegible] પ્રસિદ્ધ એવું જે બ્રહ્મ તેનું દ્યુલોકના સંબંધથી અહિં પ્રત્યભિજ્ઞાન થાય છે એટલે તેજ અર્થ છે એમ નિશ્ચય થાય છે. આથી યત્પદથી જે જ્યોતિઃપદનો પરામર્શ થાય છે તે પણ બ્રહ્મવાચકજ છે એવો અર્થ છે. 'सर्वं खल्विदं ब्रह्म' ઇત્યાદિ ઉત્તર વાક્યમાં બ્રહ્મની અનુવૃત્તિ છે તેથી મધ્યસ્થ જ્યોતિર્વાક્ય પણ બ્રહ્મપરજ છે. પ્રકરણ, લિંગ અને શ્રુતિથી સિદ્ધ થયેલા અર્થનો ઉપસંહાર કરે છે—'તેટલા માટે અહિં જ્યોતિ એટલે' ઇત્યાદિ. શ્રુતિ અને લિંગથી કહેલા અર્થનો અનુવાદ કરે છે—'ज्योतिर्दीप्यते' એ શબ્દો' ઇત્યાદિ. [illegible] બે પ્રમાણ દુર્બળ છે એમ દોષ કાઢે છે—'તે દોષ નથી' ઇત્યાદિ. પ્રકરણ એ શ્રુતિ અને લિંગનું ઉપષ્ટંભક છે. 'વિરોધ કરતા નથી'=જ્યોતિઃશબ્દની [illegible] કરીને તેજના અર્થનો બોધ કરવો એ વિરોધ. અર્થાત્ જ્યોતિઃશબ્દનું [illegible] [illegible] નથી પણ બ્રહ્મને વિષે એ બે શબ્દો મુખ્ય નથી તો એ બે શબ્દો કંઈ વિરોધ કરતા નથી એમ કેમ કહેવાય? તેને વિષે કહે છે—'દીપ્યમાન જે કાર્યજ્યોતિ તેનાથી' ઇત્યાદિ. [illegible] પર લક્ષણા કરી કારણ અર્થ માનીએ તો [illegible] બ્રહ્મનો અર્થ લક્ષ્ય થાય એમ આશંકા કરી સૂર્યની સાથે જ્યોતિના [illegible] [illegible] પ્રમાણ કહે છે—'येन सूर्यस्तपति' ઇત્યાદિ જે તેજ એટલે ચૈતન્ય વડે [illegible] સૂર્ય [illegible] જગતને પ્રકાશ પમાડે છે તે જ્યોતિ—આત્મા, જેનું [illegible] [illegible] છે તે બ્રહ્મને [illegible]—બ્રહ્મ ન જાણનાર માનતો નથી એમ યોજના કરવી. જ્યોતિઃશબ્દનો મુખ્યાર્થ કાર્યજ્યોતિ છે એમ અંગીકાર કરી કારણબ્રહ્મ એનો લક્ષ્યાર્થ છે એમ કહ્યું. હવે જ્યોતિઃશબ્દની બ્રહ્મને વિષે શક્તિ છે—બ્રહ્મ એનો મુખ્યાર્થ છે એમ કહે છે—'અથવા એ જ્યોતિઃશબ્દ નેત્રવ્યાપારના અનુગ્રાહક તેજના અર્થમાં' ઇત્યાદિ. [illegible] [illegible] જગતમાં વાણીરૂપી જ્યોતિ વડે [illegible] [illegible] વ્યવહાર કરે છે. [3][illegible] જ્યોતિને પ્રકાશ કરનાર [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] નથી એમ સમાધાન કરે

૧ [illegible] ૨ [illegible] ૩ [illegible]

રૂપ જ્યોતિને સેવો) તેટલા માટે જે જે કોઈનું પણ પ્રકાશક છે તેનું તેનું જ્યોતિઃ-અભિધાન થાય છે. તેમ થયું એટલે ચૈતન્યરૂપ બ્રહ્મ, જે સમસ્ત જગતના [પ્રકાશ]નો હેતુ છે. તેને વિષે જ્યોતિઃશબ્દ યુક્ત છે; અને આથી શ્રુતિથી પણ (યુક્ત છે)—'[તમે]વ ભાન્તમનુભાતિ સર્વં તસ્ય ભાસા સર્વમિદં વિભાતિ' [કઠ૦ ૨।૨।૧૫] (પ્રકાશતા[ની] પાછળ સર્વ પ્રકાશે છે, તેના પ્રકાશથી આ સર્વ પ્રકાશે છે) અને 'તદ્દેવા જ્યો[તિષાં] જ્યોતિરાયુર્હોપાસતેઽમૃતમ્' [બૃહ૦ ૪।૪।૧૬] (તેને દેવો, જ્યોતિઓના જ્યોતિ, [આ]યુ અને અમૃત તરીકે ઉપાસે છે). વળી સર્વગત બ્રહ્મને દ્યુમર્યાદા યુક્ત નથી [એ]મ જે કહ્યું છે તેને વિષે કહીએ છીએ. સર્વગત બ્રહ્મને માટે પણ ઉપાસનાને [અ]ર્થે પ્રદેશવિશેષનું ગ્રહણ વિરુદ્ધ નથી. પણ કહ્યું છે કે પ્રદેશરહિત બ્રહ્મની પ્રદેશ-[વિ]શેષકલ્પના યુક્ત નથી. એ દોષ નથી. પ્રદેશરહિત બ્રહ્મની પણ અમુક ઉપાધિના [સંબ]ન્ધથી પ્રદેશવિશેષકલ્પના યુક્ત છે; કેમકે આદિત્યને વિષે, નેત્રને વિષે, હૃદયને [વિ]ષે, એમ અમુક પ્રદેશમાં બ્રહ્મની ઉપાસનાઓ શ્રુતિમાં છે. આથી 'વિશ્વતઃ પૃષ્ઠેષુ' ([વિશ્વ]થી પ્રાણિવર્ગથી ઉપર) એમ બહુ આધારની ઉપપત્તિ સમજવી. વળી એમ [જે] કહ્યું છે કે ઉષ્ણતા અને ઘોષથી અનુમાન કરાયેલા કુક્ષિસ્થ[1] કાર્યજ્યોતિને વિષે [અ]ધ્યારોપાતું હોવાથી પણ પર જ્યોતિ કાર્યજ્યોતિજ છે, એ પણ યુક્ત નથી; કેમકે [પર]બ્રહ્મને પણ નામ આદિ પ્રતીકની પેઠે કુક્ષિસ્થ જ્યોતીરૂપ પ્રતીક યુક્ત છે. '[દ]ૃષ્ટં ચ શ્રુતં ચેત્યુપાસીત' (દૃષ્ટ છે અને શ્રુત છે એમ ઉપાસના કરવી જોઈએ) [એ] તો પ્રતીકદ્વારા દૃષ્ટત્વ અને શ્રુતત્વ થશે. અલ્પ ફળની શ્રુતિથી બ્રહ્મ નથી [એ]મ જે કહ્યું છે તે યુક્ત નથી. આટલા ફળને માટે બ્રહ્મનો આશ્રય કરવો જોઈએ [ને] આટલા ફળને માટે આશ્રય ન કરવો જોઈએ એવા નિયમનો હેતુ નથી. ખરે-

[ટી]કા—'તેટલા માટે જે જે કોઈનું પણ પ્રકાશક' ઇત્યાદિ. પ્રકાશકત્વ એ એક નિમિત્તને લીધે [જ્ય]ોતિઃશબ્દ અનેક સ્થળે પ્રયોજાય છે, તોપણ બ્રહ્મને વિષે શી રીતે પ્રયોજાય છે તેને વિષે [ક]હે છે—'તેમ થયું એટલે ચૈતન્યરૂપ બ્રહ્મ' ઇત્યાદિ. બ્રહ્મ સર્વ જગતને પ્રકાશ કરનાર છે [તે]ને માટે પ્રમાણ કહે છે—'તમેવ ભાન્તમનુભાતિ—' ઇત્યાદિ. જનાર માણસની પાછળ જ[ના]રને પણ ગતિ હોય છે તેમ સર્વ પદાર્થનો પ્રકાશ પોતાનોજ થાય નહીં કહે છે—'તસ્ય ભાસા' [ઇ]ત્યાદિ. તે, કશાથી અવચ્છિન્ન ન થયેલું એવું, બ્રહ્મ સૂર્યાદિ જ્યોતિઓનું સાક્ષિભૂત, આયુષ, [અ]મૃત છે એમ દેવો ઉપાસે છે. દ્યુલોક બ્રહ્મની મર્યાદા છે એમ ધ્યાનને માટે કલ્પેલું છે તે [યુ]ક્ત છે એમ કહે છે—'તેને વિષે કહીએ છીએ.' બ્રહ્મને વિષે બહુ આધાર શી રીતે યુક્ત [થા]ય તેને માટે કહે છે—'આથી "વિશ્વતઃ પૃષ્ઠેષુ"' ઇત્યાદિ. દ્યુમર્યાદાની પેઠે ધ્યાનને માટે [જ]ોડી શકે છે 'પર બ્રહ્મને પણ નામ આદિ પ્રતીકની પેઠે' ઇત્યાદિ. કુક્ષિસ્થ જ્યોતિ, [જ]ીવરૂપે પ્રવિષ્ટ થયેલા પરમાત્માનો વિકાર છે. કેમકે જીવને અન્નવડે દેહ વધે થાય છે અને [જ]ીવ હોય છે ત્યારે ગરમ રહે છે તેથી જણાય છે. તેથી તે તે પ્રતીકની ઉપાસના યુક્ત છે. '[ત]ં યથા યથોપાસતે તથા તથા ફલં ભવતિ' (પરમાત્માને જેવી જેવી રીતે ઉપાસે છે તેનું [તે]વું ફળ થાય છે) એવી શ્રુતિ છે તેથી કહે છે—'આટલા ફળને માટે બ્રહ્મનો આશ્રય [ક]રવો' ઇત્યાદિ. [illegible] ફળની પેઠે [illegible] ફળ એકરૂપ કેમ ન થાય તેને માટે કહે છે—

૧ કૌક્ષેય.

અને જ્યાં જતો રહ્યો છે સર્વ વિશેષનો સંબંધ જેમાંથી એવા પરબ્રહ્મનો આત્મા તરીકે ઉપદેશ કરાય છે ત્યાં એકરૂપજ ફળ મોક્ષ છે એમ સમજાય છે. પણ જ્યાં ગુણવિશેષના સંબંધવાળા કે પ્રતીકવિશેષના સંબન્ધવાળા બ્રહ્મનો ઉપદેશ કરાય છે ત્યાં સંસારગોચરનાં નાના પ્રકારનાં ફળો જોવામાં આવે છે, જેમકે 'अन्नादो वसुदानो विन्दते वसु य एवं वेद' [બૃહ૦ ૪।૪।૨૪] (તે આ આત્મા સર્વ અન્નનો ખાનાર, વસુનો આપનાર છે. જે એમ સમજે છે તે વસુ પ્રાપ્ત કરે છે) ઇત્યાદિ શ્રુતિને વિષે. જો સ્વવાક્યમાં જ્યોતિનું કંઈ પણ બ્રહ્મ લિંગ નથી, તોપણ પૂર્વવાક્યમાં દેખાય છે તે ગ્રહણ કરવું. તેથી સૂત્રકારે કહ્યું છે—'ज्योतिश्चरणाभिधानात्' (જ્યોતિ બ્રહ્મ છે, ચરણના અભિધાનથી). પણ બીજા વાક્યમાં આવેલા બ્રહ્મના સંનિધિથી જ્યોતિઃશ્રુતિ સ્વવિષયથી શી રીતે દૂર કરી શકાય છે? એ દોષ નથી. 'यदतः परो दिवो ज्योतिः' (જે, આ દ્યુલોકથી પર જ્યોતિ) એમાં સર્વથી પહેલાં પડેલા યત્ (જે) સર્વનામ શબ્દદ્વારા [illegible] પૂર્વવાક્યમાં નિર્દિષ્ટ બ્રહ્મનું પ્રત્યભિજ્ઞાન થયું અને પાછળના સામર્થ્યથી બ્રહ્મનો પરામર્શ થયો એટલે જ્યોતિઃશબ્દ પણ તાત્પર્યથી બ્રહ્મવિષયક છે એ યુક્ત છે. તેથી અહિં જ્યોતિ એટલે બ્રહ્મ સમજવું ॥ ૨૪ ॥

છન્દના અભિધાનથી (જ્યોતિ બ્રહ્મવાચક નથી) એમ કહેશો તો (અમે કહીએ છીએ કે) ના, તેવી રીતે (છન્દથી) ચેતોર્પણ કહ્યું છે તેથી; કેમકે તેવી રીતે (બીજાં શ્રુતિવાક્યોમાં) જોવામાં આવે છે ॥ ૨૫ ॥

હવે, પૂર્વ વાક્યમાં પણ બ્રહ્મનું અભિધાન નથી, કેમકે 'गायत्री वा इदं सर्वं भूतं यदिदं किं च' [છાન્દો૦ ૩।૧૨।૧] (આ સર્વ પ્રાણિજાત અને આ જે કંઈ

* અને જ્યાં જતો રહ્યો છે સર્વ વિશેષનો સંબંધ' ઇત્યાદિ [illegible] 'પણ જ્યાં ગુણવિશેષના સંબંધવાળા' ઇત્યાદિ [illegible] अन्नाद [illegible] अन्नाद [illegible] वसुदान [illegible] — 'પણ બીજા વાક્યમાં આવેલા બ્રહ્મના સંનિધિથી' ઇત્યાદિ [illegible] — 'એ દોષ નથી.' [illegible] वसुदान [illegible]

[illegible] 'गायत्री वा इदं सर्वं' [illegible]

[illegible]

સ્થાવર કે જંગમ છે તે સર્વ ગાયત્રીજ છે) એમાં ગાયત્રી નામના છન્દનું અભિધાન છે, એમ જે કહ્યું તેનું સમાધાન કરવું જોઈએ. પણ છન્દના અભિધાનથી બ્રહ્મનું અભિધાન નથી એમ કહી શકાય. કેમકે 'तावानस्य महिमा' (તેટલો તેનો મહિમા છે) એ ઋચામાં ચતુષ્પાદ બ્રહ્મનું દર્શન છે. એ નથી. 'गायत्री वा इदं सर्वम्' (આ સર્વ ગાયત્રીજ છે) એમ ગાયત્રીનો ઉપક્રમ કરીને, તેનુંજ ભૂત, પૃથિવી, શરીર, હૃદય, વાણી અને પ્રાણ એ ભેદ કરીને વ્યાખ્યાન કરીને 'सैषा चतुष्पदा षड्विधा गायत्री तदेतदृचाभ्यनूक्तं तावानस्य महिमा' (તે એ ચાર પાદવાળી, છ પ્રકારની ગાયત્રી છે; તેથી એ અર્થમાં એ ગાયત્રી નામનું બ્રહ્મ મન્ત્ર વડે પણ પ્રકાશિત કર્યું છે) એમ જેના સ્વરૂપનું વ્યાખ્યાન કર્યું છે એવી ગાયત્રીમાં કહેલો મન્ત્ર એકદમ કેવી રીતે ચતુષ્પાદ બ્રહ્મનું અભિધાન કરે. તેમાં વળી 'यद्वै तद्ब्रह्म' [છાન્દો૦ ૩।૧૨।૭] (જે ત્રિપાદ અમૃત ગાયત્રીમુખે બ્રહ્મ કહ્યું છે તે એજ) એમાં જે બ્રહ્મ શબ્દ છે તે પણ છન્દનું પ્રકરણ હોવાથી છન્દનોજ વાચક છે, જેમકે 'य एतामेवं ब्रह्मोपनिषदं वेद' [છાન્દો૦ ૩।૧૧।૩] (જે આ બ્રહ્મોપનિષદને—વેદરહસ્યને એવી રીતે જાણે છે) એમાં વેદોપનિષદ્ એમ વ્યાખ્યાન કરે છે તેથી છન્દના અભિધાનથી બ્રહ્મ પ્રકૃત નથી એમ કહેશો તો (અમે કહીએ છીએ કે) ના. એ દોષ નથી, 'तथा चेतोऽर्पणनिगदात्' તેવી રીતે, ગાયત્રી નામના છન્દ મારફતે, તેનાથી અનુગત બ્રહ્મને વિષે ચેતનું અર્પણ—ચિત્તનું સમાધાન આ બ્રાહ્મણરૂપે કરીને, 'गायत्री वा इदं सर्वम्' (આ સર્વ ગાયત્રીજ છે) એમ કહેલું છે. ખરેખર [1]અક્ષરસંનિવેશમાત્ર જે ગાયત્રી તે સર્વાત્મક છે એમ સંભવતું નથી; તેથી

ગીને પ્રસ્તાવીને 'त्रिपादस्यामृतं दिवि' એમ શ્રુતિવાક્ય છે. એમ ગાયત્રીનો ઉપક્રમ કરી હૃદય આદિથી (ભૂત, પૃથિવી, શરીર, હૃદય, વાણી અને પ્રાણથી) તેની વ્યાખ્યા છે અને વ્યાખ્યા થયા પછી 'सैषा चतुष्पदा षड्विधा गायत्री' એમ ઉપસંહાર ગાયત્રીને વિષેજ યુક્ત થાય છે, બ્રહ્મને વિષે આ બધું અયુક્ત છે. 'यद्वै तद्ब्रह्म' એમાં બ્રહ્મશબ્દ પણ છન્દનેજ લાગુ પડે છે. જેમ 'एतां ब्रह्मोपनिषदम्' એમાં બ્રહ્મનો અર્થ વેદ થાય છે તેમ. તેટલા માટે ગાયત્રી છન્દનું અભિધાન કરે છે તેથી બ્રહ્મવિષયક નથી એમ પ્રાપ્ત થયે સૂત્રકાર કહે છે—'(અમે કહીએ છીએ કે) ના.' શા માટે? 'તેવી રીતે (છન્દથી) ચેતોર્પણ કહ્યું છે તેથી'. ગાયત્રીસંજ્ઞક છન્દમારફત ગાયત્રીરૂપ વિકારથી અનુગત બ્રહ્મને વિષે ચિત્તનું અર્પણ-સમાધાન એજ બ્રાહ્મણવાક્યથી કહેવાય છે. તાત્પર્ય એ છે કે જેમ નીલત્વ ઉત્પલનું [2]અવચ્છેદક છે તેમ ગાયત્રી બ્રહ્મનું અવચ્છેદક નથી. પણ સર્વાત્મક, સર્વકારણ જે બ્રહ્મ છે તેનો તે સ્વરૂપે ઉપદેશ કરવો અશક્ય છે. તેથી વિકારરૂપ ગાયત્રીદ્વારા તેનું ઉપલક્ષણ થાય છે. છન્દના અભિધાનથી બ્રહ્મ પ્રકૃત નથી એ શંકાનો એકદેશી દોષ કાઢે છે—'છન્દના અભિધાનથી' ઇત્યાદિ. શંકાને સિદ્ધ કરે છે—'એ નથી "गायत्री वा इदं सर्वम्"' ઇત્યાદિ. 'गायत्री वा इदं सर्वं भूतं यदिदं किं च' એમ સર્વાત્મક ગાયત્રીનું અભિધાન કરીને,

---

૧ અક્ષરની અમુક મેળવણી અમુક છન્દ થાય છે. ૨ જ્યાં જ્યાં ઉત્પલ છે ત્યાં ત્યાં નીલત્વ છે એમ હંમેશ અને નીલત્વ વગર નહિ છે.

જે ગાયત્રી નામના વિકારમાં અનુગત જગત્કારણ બ્રહ્મ છે તેજ સર્વ છે એમ અહિં કહે છે; જેમ 'सर्वं खल्विदं ब्रह्म' [છાન્દો૦ ૩।૧૪।૧] (એ સર્વ નિશ્ચે બ્રહ્મ છે) એમાં છે તેમ. વળી કાર્ય કારણથી અભિન્ન છે એમ 'तदनन्यत्वमारम्भणशब्दादिभ्यः' [બ્રહ્મસૂત્ર ૨।૧।૧૪] (કાર્યકારણનું અનન્યત્વ[1] છે, આરંભણ શબ્દ આદિથી) એમાં કહીશું. તેમજ બીજે સ્થળે પણ, 'एतं ह्येव बह्वृचा महत्युक्थे मीमां-

'वाग्वै गायत्री वाग्वा इदं सर्वं भूतं गायति च त्रायते च' [છાન્દો૦ ૩।૧૨।૧] આ સર્વ પ્રાણિસમૂહ, જે કંઈ સ્થાવર કે જંગમ છે તે સર્વ, ગાયત્રીજ છે. પણ ગાયત્રી છન્દોવાચક છે તે સર્વભૂતાત્મક શી રીતે થાય તેને માટે ગાયત્રી શબ્દરૂપ છે એમ કહે છે. ગાયત્રી વાક્સ્વરૂપ છે, વાણી આ સર્વ ભૂત છે. વાણી શબ્દરૂપ થઈને સર્વ ભૂતને ગાય છે કે, 'આ ગાય છે' 'આ અશ્વ છે' અને રક્ષણ કરે છે 'આથી બીનો મા, શું તને ભય ઉત્પન્ન થયું છે' ઇત્યાદિથી સર્વ તરફથી ભયથી પાછો હઠતો વાણીથી રક્ષિત થાય) આમ સર્વભૂતાત્મક ગાયત્રી વાક્સ્વરૂપ છે એમ કહીને 'या वै सा गायत्रीयं वाव सा येयं पृथिवी' 'या वै सा पृथिवीयं वाव सा यदिदं शरीरमस्मिन् हीमे प्राणाः प्रतिष्ठिताः','यद्वै शरीरमिदं तद् हृदयमस्मिन् हीमे प्राणाः प्रतिष्ठिताः' (જે સર્વ ભૂતાત્મક ગાયત્રી છે તે આ પૃથ્વી છે, સર્વ ભૂતના સંબંધથી. આ પૃથ્વીમાં સર્વ ભૂતોનો સબંધ શાથી છે? કેમકે સર્વ સ્થાવર ને જંગમ પદાર્થ એ પૃથ્વીને વિષે પ્રતિષ્ઠિત છે. જે આ પૃથ્વીરૂપ ગાયત્રી છે તે આ શરીરજ છે. શરીર ગાયત્રી શી રીતે છે? એને વિષે આ ભૂતશબ્દવાચ્ય પ્રાણ પ્રતિષ્ઠિત છે, આથી પૃથિવીની પેઠે શરીર પણ ગાયત્રી છે. જે આ શરીરરૂપ ગાયત્રી છે તે હૃદય છે. શી રીતે? એને વિષે આ પ્રાણ પ્રતિષ્ઠિત છે, તેથી શરીરની પેઠે હૃદય પણ ગાયત્રી છે) આમ પૃથિવી ભૂતોના આધારરૂપ છે તેથી પૃથિવી સર્વભૂતમય ગાયત્રી છે. શરીર ભૂતાત્મક છે અને હૃદય પ્રાણનો આશ્રય છે તેથી શરીર અને હૃદય બને ગાયત્રી છે. આમ પ્રકૃત ગાયત્રીને ભૂતાદિ પ્રકારોથી કહીને તે એ છ અક્ષરવાળા ચાર પાદથી ચતુષ્પાદ છે, એ છન્દોરૂપ ગાયત્રી વાચા, ભૂત, પૃથિવી, શરીર, પ્રાણ, અને હૃદયના ભેદથી છ પ્રકારવાળી છે એમ ઉપસંહાર કરીને તેને વિષેનો મન્ત્ર બ્રહ્મ પ્રતિપાદન કરવા શક્ત નથી એમ હેતુસિદ્ધિ છે એવું તાત્પર્ય છે. 'य एतामेवं ब्रह्मोपनिषदं वेद' ઇત્યાદિ. વેદહરસ્યભૂત મધુવિદ્યાને આ રીતે જે જાણે છે તેને સવિતા ઉદય કે અસ્ત પામતો નથી. હમેશજ દિવસ રહે છે, એથી વિદ્વાન્ ઉદય કે અસ્તમયથી પરિચ્છેદ ન થઈ શકે એવું બ્રહ્મસ્વરૂપ પ્રાપ્ત કરે છે, એમ બ્રહ્મપદ વેદના અર્થમાં પ્રયોજેલુ છે. બ્રહ્મ પણ કેવી રીતે સર્વાત્મક છે તેને માટે કહે છે—'વળી કાર્યકારણથી અભિન્ન છે એમ' ઇત્સાદિ. ધ્યાનને માટે ગાયત્રીને સર્વાત્મક છે એમ આરોપ કર્યો છે એમ ન કહેવું. સ્વતઃ સર્વાત્મક જે છે તેનું ધ્યાન સંભવે છે તો અસત્—જે નથી તેનો આરોપ અયુક્ત છે. 'કેમકે તેવી રીતે જોવામાં આવે છે'—એ સૂત્રશેષનું વ્યાખ્યાન કરે છે—'તેમજ બીજે સ્થળે પણ' ઇત્સાદિ. બહુ છે ઋચ્ યાગપ્રયોગને માટે જેના એવા હોતૃ પુરુષો તે बह्वृचाः=ઋગ્વેદીઓ. તેઓએ પરમાત્માને મોટા ઉક્થ-શસ્ત્ર-સ્તોત્રમાં વિચારે છે, તેમાં અનુગત છે એમ ધ્યાન ધરે છે. એજ પરમાત્માને ઐતરેયકાચયનથી

1 અભેદ. 2 ઉઠ ગોઠવવાથી.

स्मन् एतमग्नावध्वर्यव एतं महाव्रते छन्दोगाः ' [ઐત૦ આ૦ ૩।૨।૩।૧૨] (એ પરમા-ત્માનેજ ઋગ્વેદીઓ મોટા શસ્ત્રને વિષે ઉપાસે છે, એનેજ અગ્નિને વિષે યજુર્વેદીઓ ઉપાસે છે. એનેજ સામવેદીઓ મહાવ્રત ક્રતુમાં ઉપાસે છે) એમાં વિકારદ્વારા બ્રહ્મનું ઉપાસન દેખાય છે. તેટલા માટે છન્દના અભિધાનમાં પણ પૂર્વ વાક્યમાં બ્રહ્મજ નિર્દિષ્ટ છે. તેનેજ જ્યોતિર્વાક્યમાં બીજી ઉપાસનાનું વિધાન કરવા માટે પરામર્શ થાય છે. બીજો કહે છે કે—ગાયત્રીશબ્દથી સાક્ષાત્ બ્રહ્મનું પ્રતિપાદન થાય છે; કેમકે સંખ્યાની સમાનતા છે. જેમ ગાયત્રી છ અક્ષરવાળા ચાર પાદે ચતુષ્પાદ છે. તેમ બ્રહ્મ ચતુષ્પાદ છે. તેમ બીજે સ્થળે પણ છન્દનું અભિધાન કરનાર શબ્દનો સંખ્યાની સમાનતાથી બીજા અર્થમાં

ઉત્પન્ન કરેલા અગ્નિમાં યજુર્વેદીઓ ઉપાસે છે એનેજ સામવેદીઓ મહાવ્રત નામના ક્રતુમાં ઉપાસે છે એમ ऐतरेय आरण्यकમાં દેખાય છે. ગાયત્રીશબ્દ [1]બ્રહ્મપરક છે એમ વ્યાખ્યાન કરીને હવે કહે છે કે ગૌણ છે ને સિદ્ધાન્તભાગનું બીજી રીતે વિવરણ કરે છે. સંખ્યાની સમાનતાથી ગૌણી વૃત્તિથી ગાયત્રીશબ્દ બ્રહ્મને વિષે છે એમ કહે છે—'બીજો કહે છે' ઇત્યાદિ 'સાક્ષાત્'=વાચ્ય અર્થનું ગ્રહણ કર્યા વિના. પૂર્વે તો ગાયત્રીપદ પર અજહલ્લક્ષણાથી ગાયત્રી અને બ્રહ્મ બન્ને ઉપાસ્ય તરીકે લક્ષ્ય થાય છે એમ કહ્યું. આમ લક્ષણા હોવાથી 'गायत्री सर्वम्' (ગાયત્રી સર્વ છે) એમ અન્વયનો અસંભવ છે એમ ન કહેવું. જેમ 'घटो रूपी' (ઘટ રૂપવાળો છે) એમાં પદાર્થના એકદેશ વ્યક્તિને વિષે રૂપનો અન્વય છે તેમ ગાયત્રીપદાર્થના એકદેશ ગાયત્રીથી અનુગત બ્રહ્મ જે પ્રધાન વસ્તુ તેને વિષે સર્વાત્મકત્વના અન્વયનો સંભવ છે એમ તાત્પર્ય છે. માટે સૂત્રમાં સિદ્ધાન્તભાગનો આવો અર્થ છે—તેવી રીતે-ગાયત્રીની પેઠે ચતુષ્પાત્ત્વ (ચતુષ્પાદ { ચાર પાદ } હોવાપણું) એ ગુણની સમાનતાને લીધે (ગાયત્રી અને [2]બ્રહ્મ બન્ને ચતુષ્પાદ છે તેથી)—ચિત્ત બ્રહ્મને વિષે સમર્પણ કરાય છે, જેથી ને 'ચેતોર્પણ' એટલે જે ગાયત્રીશબ્દ. તે શબ્દ વડે બ્રહ્મનુંજ અભિધાન થાય છે તેથી છન્દનુ અભિધાન અસિદ્ધ છે. હવે 'કેમકે તેવી રીતે (બીજાં શ્રુતિવાક્યોમાં) જોવામાં આવે છે' એ શેષભાગનુ વ્યાખ્યાન કરે છે—'તેમ બીજે સ્થળે પણ' ઇત્યાદિ. 'वायुर्वाव संवर्गः प्राणो वाव संवर्गः' [છાન્દો૦ ૪।૩।૧,૩] એમ [3]સંવર્ગવિદ્યામાં દેવતાને ઉદ્દેશીને [4]સંવર્ગ કહે છે કે અગ્નિ, સૂર્ય, ચન્દ્ર અને પાણી વાયુને વિષે લીન થાય છે; આત્માને ઉદ્દેશીને કહે છે કે વાણી, નેત્ર, કર્ણ અને મન, પ્રાણને વિષે લય પામે છે એમ કહ્યું છે. આ પાંચ આધિદૈવિક અને પાંચ આધ્યાત્મિક મળીને દસ સંખ્યા પામી कृत (કૃત) કહેવાય છે. ખરેખર કૃત, ત્રેતા, દ્વાપર, અને કલિ એ નામનાં ચાર યુગો ક્રમે ચાર, ત્રણ, બે, અને એક અંકવાચક છે. કૃત એટલે ચાર, ત્રેતા એટલે ત્રણ, દ્વાપર એટલે બે અને કલિ એટલે એક (સોગઠાના દાવમાં). દ્યૂત બે પ્રકારનું છે—૧ એક, બે, ત્રણ ને ચાર બિંદુથી યુક્ત ચાર પાસાંવાળો એક અક્ષ-પાસો નાખવો તે અને ૨ બહુ પાસા નાંખવા તે. તેમાં જ્યાં ચાર બિંદુથી

૧ લક્ષણાથી બ્રહ્મનો અર્થ પ્રતિપાદન કરે છે. ૨ બ્રહ્મ ચતુષ્પાદ છે, સર્વ ભૂત, સ્થાવર અને જંગમ, એનો એક પાદ છે, સ્વપ્રકાશ, ચિદાત્માને વિષે, અથવા પ્રસિદ્ધ ઘુલોકને વિષે એના ત્રણ પાદ છે. ૩ સમન્વયઅધિકરણ, ચતુર્થ સૂત્ર, પૃ૦ ૭૪ જુઓ. ૪ 'संवर्जनात् संग्रहणात् संग्रसनाद्वा संवर्गः' (સારી પેઠે ગ્રહણ કરે છે કે ગ્રાસ કરે છે તેથી સંવર્ગ કહેવાય છે).

એ દોષ નથી; કેમકે બંનેમાં પણ અવિરોધ છે. બંનેમાં—સપ્તમ્યન્ત અને પંચમ્યન્ત ઉપદેશમાં—પ્રત્યભિજ્ઞાનનો વિરોધ નથી. જેમ લોકમાં વૃક્ષના અગ્ર ભાગમાં સંબદ્ધ એવું પણ શ્યેનપક્ષી 'વૃક્ષના અગ્રભાગમાં શ્યેન છે,' 'વૃક્ષના અગ્રભાગથી પર શ્યેન છે' એમ બંને રીતે ઉપદેશ કરાતું જોવામાં આવે છે. એવી રીતે દિવ્માંજ રહેલું બ્રહ્મ 'દિવ્થી પર છે' એમ ઉપદેશ કરાય છે. બીજો કહે છે—જેમ લોકમાં વૃક્ષના અગ્ર ભાગમાં અસંબદ્ધ એવું પણ શ્યેનપક્ષી. 'વૃક્ષના અગ્ર ભાગમાં શ્યેનપક્ષી,' અને 'વૃક્ષાગ્રથી પર શ્યેન' એમ બંને રીતે ઉપદેશ કરાતું દેખાય છે, એવી રીતે 'દિવ્થી પર' એવું પણ બ્રહ્મ 'દિવ્માં' એમ ઉપદેશ કરાય છે. તેટલા માટે પૂર્વનિર્દિષ્ટ બ્રહ્મનું અહિં પ્રત્યભિજ્ઞાન છે. એથી જ્યોતિઃશબ્દના પ્રકરણમાં પર બ્રહ્મજ છે એમ સ્થિતિ છે ॥ ૨૭ ॥

પ્રાણ (બ્રહ્મ છે), કેમકે તેવી રીતે અનુગમ છે ॥ ૨૮ ॥

કૌષીતકિબ્રાહ્મણ-ઉપનિષદ્માં ઇન્દ્ર અને પ્રતર્દનની આખ્યાયિકા—'પ્રતર્દનો હ વૈ દૈવોદાસિરિન્દ્રસ્ય પ્રિયં ધામોપજગામ યુદ્ધેન ચ પૌરુષેણ ચ' (દિવોદાસનો પુત્ર પ્ર-

---

છે—'એ દોષ નથી.' દ્યુલોકના સંબંધથી પ્રત્યભિજ્ઞાન થાય છે તેમાં વિભક્તિના અર્થનો ભેદ પ્રતિબંધક નથી. કેમકે કોઈક પ્રકારે આધાર પણ મર્યાદા થઈ શકે છે. જેમકે વૃક્ષનો અગ્રભાગ શ્યેનપક્ષીનો જે અવયવ અગ્રભાગમાં લગ્ન છે તેનાથી અવચ્છિન્ન[1] શ્યેનપક્ષીનો આધાર થાય છે પણ જે અવયવ અગ્રભાગમાં લગ્ન નથી તેનાથી અવચ્છિન્ન શ્યેનપક્ષીની મર્યાદા થાય છે, તેમ દ્યુલોકને વિષે—સૂર્ય કે હૃદયાકાશને વિષે—એ મુખ્ય આધારમાં રહેલું બ્રહ્મ, આકાશથી અવચ્છિન્ન બ્રહ્મ અને દ્યુલોકની મર્યાદા કરીને દ્યુલોકથી પર કહેવાય છે. આ બ્રહ્મ દ્યુલોકથી અ- [illegible] શરીર દ્યુલોકમાં રહેલું બ્રહ્મ આ દ્યુલોકથી પર છે એમ કહેવું યુક્ત છે. શ્યેન વૃક્ષના અગ્રભાગમાં તેનું છે તોપણ પર પણ છે: કેમકે અગ્રભાગથી અન્ય જે ઉપરનો ભાગ ત્યાં રહેલું તે અગ્રથી પર રહેલું છે એમ કહેવાય. આથી વૃક્ષાગ્ર શ્યેનનો મુખ્ય આધાર થાય છે; અને 'તેથી પર શ્યેન' એમાં શ્યેનશબ્દ અગ્રલગ્ન અવયવના ઊર્ધ્વ અવયવથી અવચ્છિન્ન જે અવયવી તેનો લક્ષક થાય છે. શ્યેનની પેઠે બ્રહ્મને અવયવ નથી તેથી આધાર અમુખ્ય હોવો અને મર્યાદા ભૂત-આકાશની અપેક્ષાથી હોવી. દિવિ એટલે દ્યોત-પ્રકાશવાળા સ્વરૂપોમાં કે હૃદયાકાશમાં; દિવઃ એટલે આ દ્યુ કે આકાશ ભૂત-આકાશથી. જો મર્યાદાજ પ્રધાન્યે વિવક્ષિત હોય તો દ્યુલોકથી [illegible] (જેમ પર ગુંબજ, ચતુષ્કોણ ગુંબજ) ની પેઠે મર્યાદાનો અર્થ લેવો. તેટલા માટે જ્યોતિઃશબ્દનો ઉપાસ્ય બ્રહ્મને વિષે સમન્વય છે એમ સિદ્ધ થાય છે ॥ ૨૭ ॥

બ્રહ્મવિષયી ઉક્ત વાક્યો બ્રહ્મનાં છે, તોપણ પ્રતર્દન વાક્યમાં અનેક પદાર્થોનાં અનેક લિંગ જોવામાં આવે છે તેમ. બ્રહ્મને અનુસરીને કંઈ હેતુ એવી આકાંક્ષા થયે આ સૂત્ર પ્રવૃત્ત થાય છે. વિષય કહેવાને ઉપક્રમ કરે છે—'કૌષીતકિબ્રાહ્મણ-ઉપનિષદ્માં' ઇત્યાદિ. દિવો-દાસનો આત્મજ, દૈવોદાસિ, પ્રતર્દન નામનો રાજા યુદ્ધને માટે અને 'પુરુષાર્થ દર્શાવવા માટે

---

[1] સમ્બદ્ધ [2] અનુપ્રકૃતિવિરુદ્ધ [illegible] [3] [illegible]

માંજ સંભવે છે. તેટલા માટે પૂર્વ વાક્યમાં બ્રહ્મ પ્રકૃત છે. તેજ બ્રહ્મનો જ્યોતિર્વાક્યમાં પુર્વસંબંધથી ઓળખાતા તરીકે પરામર્શ કરાય છે એવી સ્થિતિ છે. ॥ ૨૬ ॥

ઉપદેશના ભેદથી (તે બ્રહ્મનું અહિં પ્રત્યભિજ્ઞાન) નથી એમ કહેશો તો નહિ: કેમકે બંને (ઉપદેશ) માં પણ (પ્રત્યભિજ્ઞાનથી) અવિરોધ છે ॥ ૨૭ ॥

'त्रिपादस्यामृतं दिवि' એમાં સપ્તમીથી દિવ્ આધાર તરીકે ઉપદિષ્ટ છે, પણ 'अथ यदतः परो दिवः' (હવે જે એ ધુલોકથી પર છે) એમાં પંચમીથી મર્યાદા તરીકે ઉપદિષ્ટ છે, તેથી ઉપદેશના ભેદથી તે (બ્રહ્મ)નું અહિં પ્રત્યભિજ્ઞાન નથી એમ જે પૂર્વે કહ્યું છે તેનો પરિહાર કરવો જોઈએ. એને વિષે કહીએ છીએ.

[illegible] છિદ્ર છે તેમાં રહેલો વાયુવિશેષ અપાન છે. મળ, પુરીષ આદિને દૂર કરી નીચે ચેષ્ટા કરે છે [illegible] છે. તેજ વાણી છે. જે ઉપર તરફનું છિદ્ર છે તેમાં રહેલો વાયુવિશેષ સમાન- '[illegible]' ([illegible] ગતિ થઈ જાય છે), તેજ મન, તેજ પ- [illegible] છે. વળી જે એ હૃદયનું ઊર્ધ્વ છિદ્ર છે તે ઉદાન છે—'आपादतलादारभ्योर्ध्वमुत्क्रमणम्' ([illegible] ઊંચે જાય છે તેથી). તે વાયુ છે અને તેનો આધાર આ- [illegible] છે. [illegible] છિદ્રના [illegible] પાંચ બ્રહ્મના (હાર્દના) પુરુષો રાજપુરુષની પેઠે દ્વાર- [illegible] છે. એ નેત્ર, શ્રોત્ર, વાચ, મન અને પ્રાણ જ્યારે બહિ- [illegible] હોય છે ત્યારે બ્રહ્મની પ્રાપ્તિના દ્વાર બંધ થાય છે. આ તો ખરેખર પ્રત્યક્ષ જ છે કે [illegible] નથી તેથી [illegible] અગત્યથી વ્યાપ્ત થવાની બ્રહ્મને વિષે [illegible] નથી. તેથી એ સત્ય કહ્યું છે કે પાંચ બ્રહ્મપુરુષો સ્વર્ગલોકના દ્વારપાલ છે, એથી જે [illegible] રાજાના દ્વારપાલોને વશ કરીને રાજાને [illegible] સ્વર્ગલોકને બ્રહ્મને પ્રાપ્ત કરે છે. આમ હૃદયની ચાર દિશાઓને વિષે અને ઉપર [illegible] છે. [illegible] હૃદયના [illegible] દ્વારોમાં પ્રાણ, વ્યાન, અ- [illegible] અને ઉદાન [illegible] ધ્યાનને માટે શ્રુતિએ કહ્યા છે તેમાં હૃદયના [illegible] પ્રાણ આદિ [illegible] છે એમ પ્રતિપાદન કરનાર શ્રુતિ હૃદયને વિષે [illegible] બ્રહ્મની [illegible] બ્રહ્મના દ્વારપાલરૂપથી બ્રહ્મપુરુષ છે એમ સમજે છે એમ કહે છે—'पञ्च ब्रह्मपुरुषाः' ઇત્યાદિ ॥ ૨૬ ॥

दिवि અને दिवः એમ વિભક્તિભેદથી પ્રકૃત બ્રહ્મની પ્રત્યભિજ્ઞા નથી એમ કહ્યું છે તેની [illegible] નહિ એમ કહે છે—તેનો પરિહાર કરવો જોઈએ.' [illegible] કરે છે—એને વિષે કહીએ છીએ.' સૂત્રને વિષે 'નહિ' શબ્દનો અર્થ કહી પરિહાર કરે

૧ [illegible]

તર્દન યુદ્ધ અને પરાક્રમના હેતુથી ઇન્દ્રને પ્રિય ધામ ગયો) એમ આરંભ કરી કહી છે. તેને વિષે 'स होवाच प्राणोऽस्मि प्रज्ञात्मा तं मामायुरमृतमित्युपास्स्व' તેણે કહ્યું, હું પ્રાણ છું, પ્રજ્ઞાત્મા છું, તે મને આયુ અને અમૃત તરીકે ઉપાસ) એવી શ્રુતિ છે. તેમ આગળ પણ 'अथ खलु प्राण एव प्रज्ञात्मेदं शरीरं परिगृह्योत्थापयति' [કૌ૦ ૩।૧,૨,૩] (પછી, ખરેખર, પ્રાણજ પ્રજ્ઞાત્મા આ શરીરનું ગ્રહણ કરીને ઉઠાવે છે) એવી તેમ 'न वाचं विजिज्ञासीत वक्तारं विद्यात्' (વાણીને જાણવાની ઇચ્છા ન કરવી, વક્તાને જાણવો) ઇત્યાદિ, અને અન્તે 'स एष प्राण एव प्रज्ञात्मानन्दोऽजरोऽमृतः' [કૌ૦ ૩।૮] (તે એ પ્રાણજ પ્રજ્ઞાત્મા, આનન્દ, અજર અને અમૃત છે) ઇત્યાદિ શ્રુતિ છે. તેમાં સંશય છે કે શું અહિં પ્રાણશબ્દથી વાયુમાત્રનું અભિધાન થાય છે કે દેવતાત્માનું, જીવનું કે પર બ્રહ્મનું. પણ 'अत एव प्राणः' [૨૩ મું સૂત્ર] (એથીજ પ્રાણ) એ સૂત્રમાં પ્રાણશબ્દ [1]બ્રહ્મપર છે એમ વર્ણવ્યું છે; અને અહિં પણ 'आनन्दोऽजरोऽमृतः' (આનન્દ, અજર અને અમૃત છે) ઇત્યાદિ બ્રહ્મલિંગ છે; તો અહિં શી રીતે સંશય સંભવે છે? અમે કહીએ છીએ કે અનેક લિંગના દર્શનથી (સંશય સંભવે છે). અહિં માત્ર બ્રહ્મલિંગ ઉપલબ્ધ છે એમ નથી; ખરેખર, બીજાં લિંગો પણ છે. 'मामेव विजानीहि' [કૌ૦ ૩।૧] (મનેજ જાણ) એ ઇન્દ્રનું વચન દેવતાત્માનું લિંગ છે. 'इदं शरीरं परिगृह्योत्थापयति' (આ શરીરનું ગ્રહણ કરીને ઉઠાવે છે) એ પ્રાણનું લિંગ છે. 'न वाचं विजिज्ञासीत वक्तारं

ઇન્દ્રનું જે પ્રેમાસ્પદ, ગૃહ ત્યાં ગયો. તેને ઇન્દ્રે કહ્યું, પ્રતર્દન, હું તને વર આપુ છું. પ્રતર્દને કહ્યું, તું મર્ત્યને માટે હિતતમ–સર્વથી વિશેષ હિતકારક જે વર ધારે ને વર તુંજ આલોચન કરીને મને આપ. ત્યારે ઇન્દ્રે કહ્યું, '**प्राणोऽस्मि**' ઇત્યાદિ. મુખ્ય પ્રાણનું [2]નિરસન કરવા પ્રજ્ઞાત્મા એમ કહ્યું છે. વિશેષરહિત ચિન્માત્રનું નિરસન કરે છે—'**तं माम्**' ઇત્યાદિ. આ પ્રાણ એટલે ઇન્દ્રદેવના છે એમ દર્શાવનાર લિંગ છે. પ્રાણ એટલે મુખ્ય પ્રાણ છે તેને વિષે લિંગ કહે છે—'**अथ खलु**' ઇત્યાદિ. વાણી વગેરેમાં દેહધારણની શક્તિનો અભાવ છે એમ નિશ્ચય થયા પછી એમ અથનો અર્થ છે. પ્રાણ દેહ ધારણ કરે છે ને ઉઠાવે છે એ પ્રસિદ્ધ છે એમ દર્શાવવા ખલુ કહે છે. પ્રાણ જીવ છે એનું લિંગ વક્તૃત્વ છે એમ કહે છે—'**न वाचम्**' ઇત્યાદિ. આનન્દત્વ આદિ બ્રહ્મલિંગ છે એમ કહે છે—'**અને અન્તે**' ઇત્યાદિ. વિષય કહીને અનેક લિંગ દેખાય છે તેથી સંશય છે એમ કહે છે—'**તેમાં સંશય છે**' ઇત્યાદિ. આ સૂત્ર ગતાર્થ છે એમ આક્ષેપ કરે છે—'**પણ "अत एव प्राणः" એ સૂત્રમાં**' ઇત્યાદિ. બ્રહ્મના લિંગથી પ્રાણશબ્દની બ્રહ્મને વિષે વૃત્તિ કહી છે. પ્રકૃતમાં કેમ છે તેની આશંકા કરી કહે છે—'**અને અહિં પણ**' ઇત્યાદિ. અનેક લિંગ જોવામાં આવે ત્યારે લિંગ કયું છે ને લિંગાભાસ કયો છે તે સંશયનું નિરસન કરવા અધિકરણ છે એમ કહે છે—'**અનેક લિંગના દર્શનથી**', તેનુંજ વિવરણ કરે છે—'**અહિં માત્ર બ્રહ્મલિંગ ઉપલબ્ધ છે એમ નથી**'

1 બ્રહ્મવિષયક, બ્રહ્મને લાગુ પડનો. 2 નિરાકરણ.

વિયાત્' (વાણીને જાણવાની ઇચ્છા ન કરવી, વક્તાને જાણવો) ઇત્યાદિ જીવનું લિંગ છે. માટે સંશય યુક્ત છે. તેમાં પ્રસિદ્ધિથી પ્રાણ એટલે વાયુ એમ પ્રાપ્ત થયે કહીએ છીએ. પ્રાણશબ્દ જેમાં છે એ પ્રકરણ બ્રહ્મવાચક છે. શાથી? તેવી રીતે અનુગમ છે તેથી. કારણ કે પૂર્વાપરસંબંધનું 'પર્યાલોચન કરતાં વાક્યમાં પદાર્થોનો સમન્વય બ્રહ્મપ્રતિપાદનપર છે એમ પ્રાપ્ત થાય છે. પ્રથમ તો ઉપક્રમમાં 'वरं वृणीष्व' (વર વરો) એમ ઇન્દ્રે જેને કહેલું એવો પ્રતર્દન પરમ પુરુષાર્થરૂપ વરનો 'ઉપક્ષેપ કરે છે—'त्वमेव मे वृणीष्व यं त्वं मनुष्याय हिततमं मन्यसे' (તુંજ મારે માટે વર વર કે જે વર તું મનુષ્યને માટે સર્વથી વિશેષ હિતકારક માને છે). તેને સર્વથી વિશેષ હિતકારક તરીકે દર્શાવાયેલો પ્રાણ પરમાત્મા કેમ ન થાય? પરમાત્માના જ્ઞાનથી અન્યત્ર વિશેષ હિતકારક જ્ઞાનની પ્રાપ્તિ નથી; કેમકે 'तमेव विदित्वातिमृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय' [શ્વે૦ ૩।૮] (તેનુંજ જ્ઞાન મેળવીને અતિમૃત્યુ પામે છે, તેને પહોંચવાનો બીજો માર્ગ નથી) એવી શ્રુતિ છે. તેમ 'स यो मां वेद न ह वै तस्य केनचन कर्मणा लोको मीयते न स्तेयेन न भ्रूणहत्यया' [કૌ૦ ૩।૧] (તે જે મને જાણે છે તેનો લોક કોઈ પણ કર્મ વડે, 'સ્તેય કે 'ભ્રૂણહત્યા વડે, હિંસા પામતો નથી)

ઇત્યાદિ. અનેક લિંગોને દર્શાવીને તેનું કાર્ય-સંશય કહે છે—'માટે સંશય યુક્ત છે'. પૂર્વ પ્રકૃત જે ત્રિપાદ્ બ્રહ્મ તેનો પરામર્શ કરનાર જે यद् શબ્દ તેને સમાનાધિકરણ જ્યોતિ-શ્રુતિ બ્રહ્મવાચક છે-પ્રકૃત બ્રહ્મવાચક यद् શબ્દના બળથી જ્યોતિ શ્રુતિ બ્રહ્મપર છે—એમ કહ્યું છે. અહિં પ્રાણ બ્રહ્મવાચક છે એમ દર્શાવનાર કોઈ તેનું અસાધારણ કારણ નથી—તેવી રીતે અહિં પ્રાણશ્રુતિનો ભંગ કરનાર કંઈ બળ નથી, કેમકે પરસ્પર વિરુદ્ધ અનેક લિંગો કંઈ નિશ્ચાયક નથી. એમ પ્રત્યુદાહરણની સંગતિથી પૂર્વપક્ષ કરે છે. પ્રસિદ્ધિથી પ્રાણ વાયુજ છે એમ કહે છે—'તેમાં પ્રસિદ્ધિથી પ્રાણ' ઇત્યાદિ. પૂર્વપક્ષમાં પ્રાણ, દેવતા, જીવમાંથી એકની ઉપાસના એ ફળ છે. સિદ્ધાન્તમાં બ્રહ્મની ઉપાસના ફળ છે. એવી રીતે પદોને બ્રહ્મપર લેવાથી તેમનો અન્વય સમન્વય છે એમ કહે છે—'કારણ કે પૂર્વાપર સંબંધનું પર્યાલોચન કરતાં' ઇત્યાદિ. હિતતમત્વ, [illegible] આદિ પદાર્થોનો સમન્વય બ્રહ્મને વિષે [illegible] છે એમ કહ્યું છે તેનું વિવરણ કરે છે—'પ્રથમ તો ઉપક્રમમાં' ઇત્યાદિ. [illegible] વર તું મનુષ્યને માટે અતિશય હિતકારક ધારે છે તે વર મારે માટે તું [illegible] એમ [illegible] કહ્યું. એટલે 'मामेव विजानीहि' ... 'प्राणोऽस्मि' ઇત્યાદિ [illegible] મનુષ્યાય હિતતમં મન્યે [illegible] વિજા- ... તેને સર્વથી વિશેષ હિતકારક તરીકે દર્શાવાયેલો પ્રાણ' ઇત્યાદિ. [illegible] કહે છે— [illegible] કહે છે—'પરમાત્માના જ્ઞાનથી અન્યત્ર' ઇત્યાદિ. [illegible] બ્રહ્મને વિષે [illegible] છે એમ કહે છે—'તેમ "स यो मां वेद"' ઇત્યાદિ. [illegible]

[illegible]

ઇત્યાદિ બ્રહ્મનો પરિગ્રહ કરે ઘટે છે. ખરેખર બ્રહ્મવિજ્ઞાનથી સર્વ કર્મનો ક્ષય 'क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे' [મુ૰ ૨।૨।૮] (તે ¹પરાવરનું જ્ઞાન થયે એનાં કર્મો ક્ષય પામે છે) ઇત્યાદિ શ્રુતિઓમાં પ્રસિદ્ધ છે. પ્રજ્ઞાત્મત્વ પણ બ્રહ્મપક્ષમાંજ ઘટે છે. ખરેખર અચેતન વાયુને પ્રજ્ઞાત્મત્વ સંભવતું નથી. તેમ ઉપસંહારમાં પણ 'आनन्दोऽजरोऽमृतः' એમ આનન્દત્વ આદિ બ્રહ્મથી અન્યત્ર ખરેખર સંભવતાં નથી. 'स न साधुना कर्मणा भूयान् भवति नो एवासाधुना कर्मणा कनीयानेष ह्येव साधु कर्म कारयति तं यमेभ्यो लोकेभ्य उन्निनीषते । एष उ एवासाधु कर्म कारयति तं यमेभ्यो लोकेभ्योऽधो निनीषते' એમ અને 'एष लोकाधिपतिरेष लोकेशः' [કૌ૰ ૩।૮] (તે સાધુ કર્મથી મોટો થતો નથી અને અસાધુ કર્મથી નાનો થતો નથી; કેમકે એજ તેને સાધુ કર્મ કરાવે છે, જેને આ લોકોમાંથી ઊંચે લઈ જવા ઇચ્છે છે અને એજ તેને અસાધુ કર્મ કરાવે છે, જેને આ લોકોમાંથી નીચે સ્થાને લઈ જવા ઇચ્છે છે—એ લોકાધિપતિ છે, એ લોકેશ છે). એમ શ્રુતિ છે. આ સર્વ પર બ્રહ્મનો આશ્રય કરીએ તો ખરેખર સમજી શકાય છે, મુખ્ય પ્રાણનો આશ્રય કરીએ તો નહિ. તેટલા માટે પ્રાણ એટલે બ્રહ્મ છે ॥ ૨૮ ॥

વક્તા આત્મોપદેશ કરે છે તેથી (પ્રાણ બ્રહ્મ નથી) એમ જો (કહેશો તો અમે કહીએ છીએ કે ના) કારણ કે એને વિષે (આ અધ્યાયને વિષે) અધ્યાત્મસંબન્ધ ઘણો છે. ॥ ૨૯ ॥

પ્રાણ બ્રહ્મ છે એમ જે કહ્યું છે તેનો આક્ષેપ કરે છે. પ્રાણ શબ્દ જેમાં છે એ પ્રકરણ પરબ્રહ્મવાચક નથી. શાથી? વક્તા આત્મોપદેશ કરે છે તેથી. ખરેખર ઇન્દ્ર નામના કોઇક દેહધારી દેવતાવિશેષ વક્તાએ પોતાના આત્માને 'मामेव विजानीहि' (મનેજ જાણ) એમ ઉપક્રમ કરીને 'प्राणोऽस्मि प्रज्ञात्मा' (હું પ્રાણ છું, પ્રજ્ઞાત્મા છું) એમ અહંકારવાદે પ્રતર્દનને કહ્યો. વક્તાના આત્મા તરીકે ઉપદેશ કરાતો તેજ પ્રાણ બ્રહ્મ શી રીતે થાય? ખરેખર બ્રહ્મ વક્તા થાય એ સંભવતું નથી, કેમકે 'अवागमनाः'

સર્વ પાપ બળી જાય છે; જ્ઞાનરૂપ અગ્નિથી કર્મરૂપ તૃણરાશિ બળી જાય છે એમ કહે છે—'स यो मां वेद' ઇત્યાદિ. 'केनचन कर्मणा' એમ કહ્યું છે તે સ્પષ્ટ કરે છે—'न स्तेयेन' ઇત્યાદિ. ઉપક્રમની પેઠે ઉપસંહારમાં પણ પદોનો બ્રહ્મને વિષે સમન્વય કહે છે—'તેમ ઉપસંહારમાં પણ' ઇત્યાદિ. આનન્દ એટલે દુઃખનો અભાવ, તે મુખ્ય પ્રાણને વિષે પણ સંભવે છે. તેમજ અદેહ જે મુખ્ય પ્રાણ તેને જરા ને મરણ ન હોવાથી અજરત્વ વગેરે ધર્મ પણ તેમાં યુક્ત થાય, માટે ઉપસંહાર બ્રહ્મવિષયક નથી એમ આશંકા લાવી કહે છે—'આનન્દત્વ આદિ બ્રહ્મથી અન્યત્ર' ઇત્યાદિ. 'સાધુ કર્મથી'=પુણ્યથી. 'અસાધુ કર્મથી'=પાપથી. પુણ્ય અને પાપથી અસ્પૃષ્ટ રહેવું, તે કરાવવાં અને નિરંકુશ ઐશ્વર્ય એ સર્વ પર બ્રહ્મને વિષેજ સમજી શકાય, મુખ્ય પ્રાણને વિષે નહિ એમ કહે છે—'આ સર્વ પર બ્રહ્મનો આશ્રય' ઇત્યાદિ ॥૨૮॥

'અહંકારવાદે'=સ્વાત્મવાચક શબ્દો (પોતે એવા શબ્દો) વડે કહ્યું. બ્રહ્મને વક્તૃત્વનો અભાવ છે તેથી અહિ વક્તાએ પોતેજ જ્ઞેય છે એમ કહ્યું છે. માટે એ વાક્ય ઇન્દ્રની ઉપાસ-

---

૧ પર અને અવર (અપર) બ્રહ્મ.

[બૃહ૦ ૩।૮।૮] (વાણીરહિત, મનવિનાનું) એવી શ્રુતિ છે. તેમ દેહની સાથે સંબંધ રાખે એવાજ અને બ્રહ્મને વિષે સંભવે નહિ એવા ધર્મો એ (ઇન્દ્રે)—'ત્રિશીર્ષાણં ત્વાષ્ટ્રમહનમરુન્મુખાન્ યતીન્સાલાવૃકેભ્યઃ પ્રાયચ્છમ્' (ત્રણ માથાવાળા ત્વષ્ટાના પુત્રને મેં હણ્યો, વેદાન્તથી બહિર્મુખ યતિઓને વન્ય કુતરાઓને મેં આપ્યા) ઇત્યાદિ વચનથી પોતાની સ્તુતિ કરી છે. ઇન્દ્ર પ્રાણ છે એ તેના બળવાન્ હોવાથી યુક્ત થાય છે. ખરેખર 'પ્રાણો વૈ બલમ્' (પ્રાણજ બળ છે) એમ સમજાય છે; અને બળનો ઇન્દ્ર પ્રસિદ્ધ દેવતા છે. જે કોઇ બળની પ્રકૃતિ છે તે ઇન્દ્રકર્મજ છે એમ નિશ્ચે કહે છે. દેવતાનો આત્મા પણ પ્રજ્ઞાત્મા છે એમ સંભવે છે; કેમકે તેમનું જ્ઞાન 'અપ્રતિહત છે. ખરેખર દેવતા અપ્રતિહત જ્ઞાનવાળા છે એમ કહે છે. દેવતાત્માનો ઉપદેશ આ પ્રમાણે નક્કી થયો એટલે હિતતમત્વ આદિ વચન સંભવને અનુસરીને તેનેજ લાગુ પાડવાં જોઇએ. તેટલા માટે વક્તા એવા ઇન્દ્રનો આત્મોપદેશ છે તેથી પ્રાણ બ્રહ્મ નથી એમ આક્ષેપ કરીને તેનું સમાધાન કરે છે—'કેમકે એને વિષે અધ્યાત્મસંબન્ધ ઘણો છે.' અધ્યાત્માનો સંબન્ધ એટલે પ્રત્યગાત્માનો સંબન્ધ, તેનું બાહુલ્ય-ઘ-

---

નાને લાગુ પડે તેને માટે બીજો હેતુ કહે છે—'તેમ દેહની સાથે સંબંધ રાખે એવાજ'
ઇત્યાદિ. રીતિ યથાર્થં શબ્દયન્તીતિ રુન્—વેદાન્તવાક્ય, તે જેના મુખમાં છે તે રુન્મુખ. તેવા
નહિ તે. અર્થાત્, વેદાન્તથી વિમુખ તે અરુન્મુખ. તોપણ પ્રાણશબ્દ છે તેથી ઇન્દ્ર ઉપાસ્ય નથી
એમ આશંકા કરી કહે છે—'ઇન્દ્ર પ્રાણ છે એ' ઇત્યાદિ. ઇન્દ્ર બળવાન્ હોવાથી ઇન્દ્રને વિષે
બળશબ્દનો ઉપચાર થાય, પણ પ્રાણશબ્દનો શી રીતે થાય એમ આશંકા કરી કહે છે—
'પ્રાણો વૈ બલમ્'. પણ ઇન્દ્ર બળવાન્ છે એમજ કેમ તેને વિષે કહે છે—'બળનો ઇન્દ્ર
દેવતા પ્રસિદ્ધ છે'. પ્રસિદ્ધિ લૌકિક છે એમ પ્રકટ કરે છે—'જે કોઈ બળની પ્રકૃતિ છે
' ઇત્યાદિ. તોપણ પ્રજ્ઞાત્મા ન હોવાને લીધે ઇન્દ્ર ઉપાસ્ય નથી એમ આશંકા દૂર કરે છે—
દેવતાનો આત્મા પણ' ઇત્યાદિ. એનું જ્ઞાન [1]અપ્રતિહત કેમ છે. લોક અને વેદની પ્રસિ-
થી એમ કહે છે.—'ખરેખર દેવતા અપ્રતિહત જ્ઞાનવાળા છે એમ.' તોપણ હિતતમ
ષાર્થનો હેતુ એવા વચન સાથે વિરોધ થયે ઇન્દ્ર શી રીતે ઉપાસ્ય થાય તેને વિષે કહે છે—
વતાત્માનો ઉપદેશ' ઇત્યાદિ. ઇન્દ્રમાં અતિશય શક્તિ છે અથવા હિતનો આપનાર છે તેથી
હિતતમ પુરુષાર્થનો હેતુ છે, કર્મનો અનધિકાર છે તેથી ભ્રૂણહત્યા આદિ પાપ તેને સ્પર્શ
ં નથી. લોકપાલ છે તેથી લોકાધિપતિ છે, સ્વર્ગને આનન્દ પમાડે છે તેથી આનન્દ છે,
ા [2]સંપ્રવરહિત સ્થિતિ છે તેથી અજર અને અમૃત છે. શું ઇન્દ્રપદ વડે વિગ્રહથી ઉપ-
ા ચિન્માત્ર કહેવાય છે કે વિગ્રહ? આદ્ય પક્ષમાં વાક્ય બ્રહ્મપર છે એ સિદ્ધ છે. દ્વિતીય
ં નથી એમ કહે છે—'કેમકે એને વિષે અધ્યાત્મસંબંધ ઘણો છે.' આત્મનિ દેહેઽ-
ઃ ઇત્યધ્યાત્મં પ્રત્યગાત્મા. અધ્યાત્મા એટલે દેહને વિષે અભિમાન આત્મા, પ્રત્યગાત્મા,
દ, તેનો [3]શરીરસ્પન્દ આદિ, ઇન્દ્રના શરીરમાં જેનો સંભવ નથી એવા, જે ધર્મો વડે
નથી એવા ધર્મો તે 'અધ્યાત્મસંબંધ'. આ દેહને વિષે પ્રાણવાયુનો સંચાર તેજ આયુ[4].

---

[1] ...ભણુરહિત, આડે નહિ એવું. ૨ સંપ્લવ—પ્રતિબન્ધ્યવરહિત. ૩ ફરી જવું તે, નાશ. ૪ શરીરમાં
ં.

તો સર્વ દેશને વિષે વિદ્યમાન છે તેથી તેનો પરિચ્છિન્ન દેશ છે એવો વ્યપદેશ પણ કોઈક અપેક્ષાથી સંભવે છે. જેમકે સમસ્ત પૃથ્વીનો અધિપતિ હોય તેનો પણ અયોધ્યાનો અધિપતિ એમ વ્યપદેશ કરાય છે. પણ સર્વગત છે એવા ઈશ્વરનો અલ્પ સ્થાનવાળો અને વિશેષ અણુ એમ વ્યપદેશ કઈ અપેક્ષાથી થાય છે? એકત્ર કરાવવા (ધ્યાન કરવા) યોગ્ય છે તેથી એવો છે એમ અમે કહીએ છીએ. એ પ્રમાણે વિશેષ અણુત્વ, ઇત્યાદિ ગુણગણથી યુક્ત ઈશ્વર ત્યાં [1]હૃદયપુંડરીકમાં એકત્ર કરાવવા યોગ્ય, દર્શન કરવા યોગ્ય છે એમ ઉપદેશ કરાય છે જેમ [2]શાલગ્રામને વિષે હરિ છે તેમ. ત્યાં એને બુદ્ધિવિજ્ઞાન ગ્રહણ કરી શકે છે. ઈશ્વર સર્વગત છે તોપણ ત્યાં ત્યાં ઉપાસના કરાતો પ્રસન્ન થાય છે. વળી એને આકાશની પેઠે વિચારવાનું છે. જેમ આકાશ સર્વગત છે, તોપણ સોયનું નાકું, આદિની અપેક્ષાથી અલ્પ સ્થાનવાળું અને વિશેષ અણુ છે એમ તેનો વ્યપદેશ થાય છે, એ પ્રમાણે બ્રહ્મનો પણ વ્યપદેશ કરાય છે. તેટલા માટે એ પ્રમાણે ધ્યાન કરાવા યોગ્યતાની અપેક્ષાથી બ્રહ્મ અલ્પ સ્થાનવાળું અને વિશેષ અણુ છે, [3]પરમાર્થતઃ નથી. તેમાં જે આવી આશંકા કરાય છે કે બ્રહ્મનું સ્થાન હૃદય હોવાથી, હૃદયસ્થાન દરેક શરીરમાં ભિન્ન હોવાથી, અને ભિન્ન સ્થાનવાળા શુક, આદિમાં અનેક, અવયવયુક્ત, અનિત્ય ઇત્યાદિ હોવાપણાનો દોષ જોવામાં આવે છે તેથી, બ્રહ્મને પણ તેવોજ પ્રસંગ આવશે—એ આશંકાનો પણ પરિહાર થાય છે ॥ ૭ ॥

ભવતું નથી અને તેનો ત્યાગ કરે એટલે બ્રહ્મજ ઉપાસ્ય થાય છે એવું તાત્પર્ય છે. વિભુનો પરિચ્છેદ થાય એમ કહેવામાં દૃષ્ટાન્ત કહે છે—'**જેમકે સમસ્ત પૃથ્વીનો અધિપતિ હોય**' ઇત્યાદિ. જેમ સર્વેશ્વરનો અયોધ્યામાં સ્થિતિની અપેક્ષાથી પરિચ્છેદ કહી શકાય તેમ અલ્પ હૃદયને વિષે ધ્યેય છે તેથી બ્રહ્મનો પરિચ્છેદ કર્યો છે. પણ હૃદયજ મુખ્યત્વે શા માટે કર્યું છે તેને વિષે કહે છે—'**ત્યાં એને બુદ્ધિવિજ્ઞાન**' ઇત્યાદિ. હૃદયને વિષે બુદ્ધિવૃત્તિ પરમાત્માનું ગ્રહણ કરે છે, આ પ્રમાણે હૃદય ઈશ્વરની અભિવ્યક્તિનું સ્થાન હોવાથી તેની ઉક્તિ છે. બુદ્ધિવિજ્ઞાન=અન્તઃકરણની પ્રમાણથી ઉત્પન્ન થયલી વૃત્તિ. સર્વગત બ્રહ્મ હૃદયમાંજ પ્રમાણગ્રાહ્ય શી રીતે છે તેને વિષે કહે છે—'**ઈશ્વર સર્વગત છે તોપણ**' ઇત્યાદિ. જે અપરિચ્છિન્ન છે તેનું સ્થાન પરિચ્છિન્ન છે એવો વ્યપદેશ સૂત્રમાં આપેલા ઉદાહરણથી સાધે છે—'**આકાશની પેઠે.**' બ્રહ્મનો પણ હૃદયની અપેક્ષાથી એ રીતે વ્યપદેશ કરી શકાય છે એમ શેષ સમજવું. દાર્ષ્ટાન્તિકનો ઉપસંહાર કરે છે—'**તેટલા માટે એ પ્રમાણે**' ઇત્યાદિ. આકાશદૃષ્ટાન્તરૂપ તલવારથી અન્ય શંકાલતા પણ છિન્ન થઈ છે એમ કહે છે—'**તેમાં જે આવી આશંકા કરાય છે**' ઇત્યાદિ. આકાશનું સ્થાન ભિન્ન ભિન્ન છે પણ તેમાં સત્ય ભેદ નથી. ઉપાધિના પરિચ્છેદથી આકાશમાં અનિત્યત્વ આદિ જોવામાં આવતું નથી, તેમ પર ઉપાધિના પરિચ્છેદથી બ્રહ્મને વિષે અનિત્યત્વ આદિ યુક્ત નથી ॥ ૭ ॥

૧ હૃદયકમળ. ૨ ગોળ, કાળો અને છિદ્રવાળો પથ્થર વિષ્ણુને નામે પૂજાય છે તે. ૩ વાસ્તવિક રીતે.

संभोगप्राप्तिरिति चेन्न वैशेष्यात् ॥ ८ ॥

(બ્રહ્મને) સંભોગની પ્રાપ્તિ (થશે) એમ જો (કહેશો તો) ના; કેમકે ભેદ છે ॥ ૮ ॥

આકાશની પેઠે સર્વવ્યાપક બ્રહ્મનો સર્વપ્રાણિહૃદય સાથે સંબન્ધ છે તેથી, અને 'ચિદ્રૂપનાથી તેમાં (બ્રહ્મમાં) અને શારીરમાં ભેદ નથી તેથી, શારીરના જેવા અ-વિશિષ્ટ' સુખદુઃખાદિસંભોગનો પણ બ્રહ્મને વિષે પ્રસગ આવશે. વળી એકત્વથી પણ (પ્રસંગ આવશે). 'नान्योऽतोऽस्ति विज्ञाता' (બૃહ૦ ૩।૭।૨૩) (એથી અન્ય વિજ્ઞાતા નથી) ઇત્યાદિ શ્રુતિથી નિશ્ચે પર આત્માથી અન્ય કોઈ સંસારી આત્મા નથી. તેટલા માટે પરનેજ સંસારસંભોગની પ્રાપ્તિ થશે એમ જો (કહેશો તો અમે કહીએ છીએ કે) ના; કેમકે ભેદ છે. શારીર અને પરમેશ્વરનો નિશ્ચય વિશેષ છે. એક, કર્તા, ભોક્તા, ધર્મ અને અધર્મનું સાધન, અને સુખદુઃખાદિમાન્ છે. બીજો, તેનાથી વિપરીત પાપરહિતત્વાદિગુણવિશિષ્ટ છે. આથી એ બેના વિશેષથી એકને ભોગ છે. અન્યને નથી. જો વસ્તુશક્તિનો આશ્રય કર્યા વિના સં-નિધાનમાત્રથી કાર્યની સાથે સંબન્ધ સ્વીકારાય, તો 'આકાશાદિને પણ દાહાદિપ્રસંગ' આવે. સર્વવ્યાપક અનેક આત્મા છે એવા મતવાળાઓને પણ આ શંકા અને સ-

હૃદયસ્થ બ્રહ્મ હોય તો તેને અનિષ્ટ સંભોગ પ્રાપ્ત થશે, માટે જીવજ હૃદયસ્થ છે અને ઉપાસ્ય છે એવી શંકા કરી સમાધાન કરે છે—' संभोगप्राप्तिरिति. ' શંકા કહે છે—' આકાશની પેઠે. ' હૃદયસ્થ હોવાથી બ્રહ્મને સર્વ બુદ્ધિ સાથે સંબન્ધ છે, તોપણ આકાશની પેઠે ભોગ નથી એવી શંકા લાવી કહે છે—' ચિદ્રૂપતાથી '. તોપણ ભોગના હેતુ વડે જેને સબન્ધ હોય તેનેજ ભોગ હોય, બીજાને નહિ એમ આશંકા કરી કહે છે—' વળી એકત્વથી પણ ' ઇ-ત્યાદિ. તેનોજ પ્રપચ કરે છે—' नान्योऽतोऽस्ति ' ઇત્યાદિ. અનિષ્ટ પ્રસગનું નિગંમન કરે છે—' તેટલા માટે ' ઇત્યાદિ. બ્રહ્મ ભોક્તા થાય, હૃદયસ્થ થઈ ચેતન છે તેથી અને જીવથી અભિન્ન છે તેથી. જીવની પેઠે—એમ જે શંકા કરી તેનુ નિરસન કરે છે— ' ના; કેમકે ભેદ છે. ' જે ધર્મ અને અધર્મવાન્ છે તેજ ભોગનો પ્રયોજક છે, તેથી હેતુ અપ્રયોજક છે એમ કહે છે. ' वैशेष्यात् ' એ શબ્દમાં સ્વાર્થવાચક ષ્યઞ્ પ્રત્યય છે. विशेष एव वैशेष्यम्. વિશેષ તેજ વૈશેષ્ય, અથવા તો અતિશયવાચક ષ્યઞ્ પ્રત્યય છે. આત્યન્તિક વિશેષ પ્રતિપા-દન કરવા વૈશેષ્યશબ્દ વાપર્યો છે. કેમકે અવિદ્યાકલ્પિત સુખાદિસંભોગ, અવિદ્યાસ્વરૂપ જીવ-ને યુક્ત છે, જેમાંથી નિખિલ અવિદ્યા અને તેની વાસના જતી રહી છે એવા શુદ્ધ, બુદ્ધ, મુક્તસ્વભાવ પરમાત્માને યુક્ત નથી. વળી વ્યાપક બહુ આત્માઓ છે એવા મતવાળાઓને એક દેહને વિષે સર્વ આત્માઓને ભોક્તાપણાનો પ્રસંગ અને સ્વકર્મથી 'અર્જિત દેહને વિષેજ ભોગ છે એવો પરિહાર તુલ્ય છે તેથી અમનેજ માત્ર આવો પ્રશ્ન કરવાનો નથી એમ કહે છે—' સર્વવ્યાપક અનેક આત્માઓ છે ' ઇત્યાદિ. વાસ્તવિક રીતે તો એ મતવાળાઓનેજ

૧ જીવ અને પરબ્રહ્મ ચૈતન્યરૂપ છે તેથી. ૨ ભેદ વગરના, જેવા શારીરના છે તેવા. ૩ સુખ, દુઃખ જેને છે તે. ૪ પાપથી રહિત હોવાપણું વગેરે ગુણયુક્ત. ૫ આકાશ, વગેરે. ૬ દાહ, વગેરેનો. ૭ આત્યન્ત ૮ પ્રાપ્ત.

તો સર્વ દેશને વિષે વિદ્યમાન છે તેથી તેનો પરિચ્છિન્ન દેશ છે એવો વ્યપદેશ પણ કોઈક અપેક્ષાથી સંભવે છે. જેમકે સમસ્ત પૃથ્વીનો અધિપતિ હોય તેનો પણ અયોધ્યાનો અધિપતિ એમ વ્યપદેશ કરાય છે. પણ સર્વગત છે એવા ઈશ્વરનો અલ્પ સ્થાનવાળો અને વિશેષ અણુ એમ વ્યપદેશ કઈ અપેક્ષાથી થાય છે? એકત્ર કરાવવા (ધ્યાન કરવા) યોગ્ય છે તેથી એવો છે એમ અમે કહીએ છીએ. એ પ્રમાણે વિશેષ અણુત્વ, ઈત્યાદિ ગુણગણથી યુક્ત ઈશ્વર ત્યાં [1]હૃદયપુંડરીકમાં એકત્ર કરાવવા યોગ્ય, દર્શન કરવા યોગ્ય છે એમ ઉપદેશ કરાય છે જેમ [2]શાલગ્રામને વિષે હરિ છે તેમ. ત્યાં એને બુદ્ધિવિજ્ઞાન ગ્રહણ કરી શકે છે. ઈશ્વર સર્વગત છે તોપણ ત્યાં ત્યાં ઉપાસના કરાતો પ્રસન્ન થાય છે. વળી એને આકાશની પેઠે વિચારવાનું છે. જેમ આકાશ સર્વગત છે, તોપણ સોયનું નાકું, આદિની અપેક્ષાથી અલ્પ સ્થાનવાળું અને વિશેષ અણુ છે એમ તેનો વ્યપદેશ થાય છે, એ પ્રમાણે બ્રહ્મનો પણ વ્યપદેશ કરાય છે. તેટલા માટે એ પ્રમાણે ધ્યાન કરાવા યોગ્યતાની અપેક્ષાથી બ્રહ્મ અલ્પ સ્થાનવાળું અને વિશેષ અણુ છે, [3]પરમાર્થત: નથી. તેમાં જે આવી આશંકા કરાય છે કે બ્રહ્મનું સ્થાન હૃદય હોવાથી, હૃદયસ્થાન દરેક શરીરમાં ભિન્ન હોવાથી, અને ભિન્ન સ્થાનવાળા શુક, આદિમાં અનેક, અવયવયુક્ત, અનિત્ય ઇત્યાદિ હોવાપણાનો દોષ જોવામાં આવે છે તેથી, બ્રહ્મને પણ તેવોજ પ્રસંગ આવશે—એ આશંકાનો પણ પરિહાર થાય છે ॥ ૭ ॥

ભવતું નથી અને તેનો ત્યાગ કરે એટલે બ્રહ્મજ ઉપાસ્ય થાય છે એવું તાત્પર્ય છે. વિભુનો પરિચ્છેદ થાય એમ કહેવામાં દૃષ્ટાન્ત કહે છે—'**જેમકે સમસ્ત પૃથ્વીનો અધિપતિ હોય**' ઇત્યાદિ. જેમ સર્વેશ્વરનો અયોધ્યામાં સ્થિતિની અપેક્ષાથી પરિચ્છેદ કહી શકાય તેમ અલ્પ હૃદયને વિષે ધ્યેય છે તેથી બ્રહ્મનો પરિચ્છેદ કહ્યો છે. પણ હૃદયજ મુખ્યત્વે શા માટે કહ્યું છે તેને વિષે કહે છે—'**ત્યાં એને બુદ્ધિવિજ્ઞાન**' ઇત્યાદિ. હૃદયને વિષે બુદ્ધિવૃત્તિ પરમાત્માનું ગ્રહણ કરે છે, આ પ્રમાણે હૃદય ઈશ્વરની અભિવ્યક્તિનું સ્થાન હોવાથી તેની ઉક્તિ છે. બુદ્ધિવિજ્ઞાન=અન્ત:કરણની પ્રમાણથી ઉત્પન્ન થયલી વૃત્તિ. સર્વગત બ્રહ્મ હૃદયમાંજ પ્રમાણુગ્રાહ્ય શી રીતે છે તેને વિષે કહે છે—'**ઈશ્વર સર્વગત છે તોપણ**' ઇત્યાદિ. જે અપરિચ્છિન્ન છે તેનું સ્થાન પરિચ્છિન્ન છે એવો વ્યપદેશ સૂત્રમાં આપેલા ઉદાહરણથી સાધે છે—'**આકાશની પેઠે.**' બ્રહ્મનો પણ હૃદયની અપેક્ષાથી એ રીતે વ્યપદેશ કરી શકાય છે એમ શેષ સમજવું. દાર્ષ્ટાન્તિકનો ઉપસંહાર કરે છે—'**તેટલા માટે એ પ્રમાણે**' ઇત્યાદિ. આકાશદૃષ્ટાન્તરૂપ તલવારથી અન્ય શંકાલતા પણ છિન્ન થઈ છે એમ કહે છે—'**તેમાં જે આવી આશંકા કરાય છે**' ઇત્યાદિ. આકાશનું સ્થાન ભિન્ન ભિન્ન છે પણ તેમાં સત્ય ભેદ નથી. ઉપાધિના પરિચ્છેદથી આકાશમાં અનિત્યત્વ આદિ જોવામાં આવતું નથી, તેમ પર ઉપાધિના પરિચ્છેદથી બ્રહ્મને વિષે અનિત્યત્વ આદિ યુક્ત નથી ॥ ૭ ॥

૧ હૃદયકમળ. ૨ ગોળ, કાળો અને છિદ્રવાળો પથ્થર વિષ્ણુને નામે પૂજાય છે તે. ૩ વાસ્તવિક રીતે.

ભોગથી બ્રહ્મને ઉપભોગનો પ્રસંગ નથી; કેમકે 'વૈશેષ્ય છે. ખરેખર, અને 'સમ્યગ્જ્ઞાન વચ્ચે વિરોધ છે. ઉપભોગ મિથ્યાજ્ઞાનથી કલ્પિત છે સમ્યગ્જ્ઞાનથી દેખાયલું છે; અને મિથ્યાજ્ઞાનકલ્પિત ઉપભોગથી સમ્યગ્જ્ઞા[illegible] થતી વસ્તુ સંસ્પર્શ કરાતી નથી. તેટલા માટે ઈશ્વરને વિષે લેશ પ[illegible] કલ્પવો શક્ય નથી ॥ ૮ ॥

अत्ता चराचरग्रहणात् ॥ ९ ॥

'અત્તા (પરમાત્મા છે), ચર અને અચરનું ગ્રહણ છે તેથી

'यस्य ब्रह्म च क्षत्रं च उभे भवत ओदनः । मृत्युर्यस्योपसेचनं क [illegible] त्रः ॥' [કઠ૦ ૧।૨।૨૫] (બ્રાહ્મણ અને ક્ષત્રિયો, બંને, જેનો 'ઓદન' [illegible] મૃત્યુ જેનું 'ઉપસેચન—ઓદન સાથે મિશ્ર થયલું ઘી—થાય છે તે [illegible] આ પ્રમાણે કોણ જાણે છે) આમ કઠવલ્લીમાં કહ્યું છે. એમાં [illegible] ઉપસેચનથી સૂચવાયલા કોઈક ભક્ષકની પ્રતીતિ થાય છે. તેમાં શું [illegible] થાય, કે જીવ, કે પરમાત્મા—એમ સંશય થાય છે; કેમકે 'વિશેષનું અવ[illegible] અને એ ગ્રન્થમાં અગ્નિ, જીવ અને પરમાત્મા એ ત્રણેના પ્રશ્નનો નિ[illegible]

[illegible] થી રીતે છે તેને વિષે કહે છે— અને મિથ્યાજ્ઞાનકલ્પિત ઉપ[illegible] [illegible] ઉપસંહાર કરે છે 'તેટલા માટે ઈશ્વરને વિષે' [illegible] [illegible] [illegible] 'सर्वं खल्विदं ब्रह्म' [illegible]

[illegible]

[illegible] 'આ પ્રમાણે [illegible] [illegible] કહે છે—કેમકે વિશેષનું અવધારણ નથી.' 'स स्वमहि[illegible] गुणो महद्दिः [illegible] [કઠ૦ ૧।૧।૧૩] [illegible] [illegible] 'देवं चैव [illegible]

[illegible]

માંધાન સરખાંજ છે. વળી બ્રહ્મના એકત્વથી અન્ય આત્માનો અભાવ છે તેથી શારીરના ભોગથી બ્રહ્મને ભોગનો પ્રસંગ આવશે એમ જે કહ્યું છે તેને વિષે કહીએ છિયે. પ્રથમ તો [1]દેવોના પ્રિયને આ પૂછવું જોઈએ કે અન્ય આત્માના અભાવનો તેં શી રીતે નિશ્ચય કર્યો છે. 'तत्त्वमसि' (તે તું છે), 'अहं ब्रह्मास्मि' (હું બ્રહ્મ છું), 'नान्योऽतोऽस्ति विज्ञाता' (એથી અન્ય વિજ્ઞાતા નથી) ઇત્યાદિ શાસ્ત્રોથી (એ નિર્ણય કર્યો છે) એમ જો કહેશો તો (અમે કહીએ છીએ કે) શાસ્ત્રને અનુસારે શાસ્ત્રીય અર્થ સમજવો જોઈએ, તેમાં [2]અર્ધજરતીય યુક્ત નથી; અને શાસ્ત્ર તો 'तत्त्वमसि' (તે તું છે) એમ [3]પાપરહિતત્વાદિવિશેષણયુક્ત બ્રહ્મનો શારીરના આત્મા તરીકે ઉપદેશ કરતું શારીરના ઉપભોક્તાપણાનો નિષેધ કરે છે. તેના ઉપભોગથી બ્રહ્મને ઉપભોગનો પ્રસંગ ક્યાંથી? જ્યારે શારીરનું બ્રહ્મની સાથે એકત્વ સમજાતું નથી ત્યારે શારીરને ઉપભોગ [4]મિથ્યાજ્ઞાનથી ઉત્પન્ન થયેલો છે, તેનો પરમાર્થરૂપ બ્રહ્મને સંસ્પર્શ નથી. અજ્ઞાનો આકાશને વિષે [5]તલમલિનતા આદિનો [6]વિકલ્પ કરે છે તેથી આકાશ [7]પરમાર્થતઃ તલમલિનતાદિવિશિષ્ટ થતું નથી. તેટલા માટે (સૂત્રકાર) કહે છે 'न वैशेष्यात्' એમ. એકત્વ છે તોપણ શારીરના ઉપ-

[8]ભોગસંબંધ થાય છે એમ આગળ કહેશે. બ્રહ્મ જીવથી અભિન્ન છે એમ શ્રુતિથી નિશ્ચય કરીને તેથી ભોક્તાપણાના અનુમાનમાં શ્રુતિનો બાધ આવે છે એમ કહે છે—'શાસ્ત્રને અનુસારે શાસ્ત્રીય અર્થ' ઇત્યાદિ. જરતી-વૃદ્ધ સ્ત્રી-ના અર્ધ-મુખમાત્ર-ને પુરુષ ચાહે છે, અંગોને નહિ એમ અર્ધજરતીયન્યાય[9] છે. તે અહિં યુક્ત નથી. બ્રહ્મ અને જીવ વચ્ચે અભેદનો અંગીકાર કર્યો એટલે અભોક્તાપણું તજવું યુક્ત નથી, કેમકે શ્રુતિજ અભેદ સિદ્ધ કરવા માટે ભોક્તાપણાનો નિષેધ કરે છે એમ કહે છે—'અને શાસ્ત્ર તો तत्त्वमसि' ઇત્યાદિ. સંસારીનું બ્રહ્મની સાથે ઐક્યજ્ઞાન અયોગ્ય છે તેથી જીવના સંસારીપણાનું નિરસન કરીને શાસ્ત્ર ઐક્યનો બોધ કરે છે. કેમકે જ્યાંસુધી પદાર્થનું સંશોધન થયું નથી ત્યાંસુધી વાક્યાર્થજ્ઞાન થઈ શકે નહિ એવું તાત્પર્ય છે. તમારા કહેવાથી જીવ અને બ્રહ્મના ઐક્યનો બોધ થયો, શાસ્ત્રથી નહિ તેને વિષે કહે છે—'જ્યારે શારીરનું બ્રહ્મની સાથે' ઇત્યાદિ. તેમાં વાસ્તવિક ભોક્તૃત્વ સાધ્ય ગણીએ તો સાધ્યનોજ અભાવ છે અને અવાસ્તવિક ગણીએ તો સાધ્ય સિદ્ધજ છે એમ ધારી કહે છે—'ત્યારે શારીરને ઉપભોગ' ઇત્યાદિ. તેજ દૃષ્ટાન્તથી સ્પષ્ટ કરે છે—'અજ્ઞાનો આકાશને વિષે' ઇત્યાદિ. તેમાં સૂત્રભાગનું અવતરણ કરી યોજે છે—'તેટલા માટે (સૂત્રકાર કહે છે)' ઇત્યાદિ. તે બેની વચ્ચે વિશેષ છે, તોપણ બ્રહ્મને વિષે વાસ્તવિક રીતે ભો-

1 દેવાનો પ્રિય-મૂર્ખ. 2 એ ન્યાય વિષે આગળની ટીકામાં સમજુતી છે. 3 પાપથી રહિત હોવાપણું, વગેરે વિશેષણોથી યુક્ત. 4 અવિદ્યા. 5 તલ-રકાબી અને મલિનતા-શ્યામતા. 6 [illegible] 7 વાસ્તવિક રીતે. 8 ભોગનો સંબંધ-નિશ્ચય. 9 એ અર્ધજરતીય ન્યાયનો પતંજલિના મહાભાષ્યમાં પણ નિર્દેશ કર્યો છે. 'न वेदानीमर्धजरतीयं लभ्यम् । वृद्धिमंश मविरवति [illegible] इति । [illegible] । अर्धं [illegible] । कामयन्ते अर्धं नेति' પાણિનિના [illegible] પર મહાભાષ્ય. તે પર કૈયટના પ્રદીપમાં આ પ્રમાણે છે—'अर्धजरतीयमिति । [illegible] [illegible] । मुखं न कामयन्ते अङ्गान्तरं तु कामयन्ते [illegible]' [illegible] એ ન્યાય આ રીતે સમજાવ્યો છે. 'न हि कुक्कुट्या एकदेशः पच्यत एकदेशः प्रसवाय कल्प्यत इति' [illegible] આદિનો [illegible] ભાગ રાખવો અને બીજો ભાગ ત્યાગ (ઉદા૰ [illegible]) એવો વ્યવહાર પણ યુક્ત નથી.

ભોગથી બ્રહ્મને ઉપભોગનો પ્રસંગ નથી; કેમકે [1]વૈશેષ્ય છે. ખરેખર, મિથ્યાજ્ઞાન અને [2]સમ્યજ્ઞાન વચ્ચે વિશેષ છે. ઉપભોગ. મિથ્યાત્વજ્ઞાનથી કલ્પિત છે; એકત્વ, સમ્યજ્ઞાનથી દેખાયલું છે; અને મિથ્યાજ્ઞાનકલ્પિત ઉપભોગથી સમ્યજ્ઞાનથી દેખાયલી વસ્તુ સંસ્પર્શ કરાતી નથી. તેટલા માટે ઈશ્વરને વિષે લેશ પણ ઉપભોગ કલ્પવો શક્ય નથી ॥ ૮ ॥

अत्ता चराचरग्रहणात् ॥ ९ ॥

[3]અત્તા (પરમાત્મા છે), ચર અને અચરનું ગ્રહણ છે તેથી ॥ ૯ ॥

'यस्य ब्रह्म च क्षत्रं च उभे भवत ओदनः । मृत्युर्यस्योपसेचनं क इत्था वेद यत्र सः ॥' [કઠ૦ ૧।૨।૨૫] (બ્રાહ્મણ અને ક્ષત્રિયો, બંને, જેનો [4]ઓદન થાય છે અને મૃત્યુ જેનું [5]ઉપસેચન—ઓદન સાથે મિશ્ર થયલું ઘી—થાય છે તે જ્યાં છે તેને આ પ્રમાણે કોણ જાણે છે) આમ કઠવલ્લીમાં કહ્યું છે. એમાં ઓદન અને ઉપસેચનથી સૂચવાયલા કોઈક ભક્ષકની પ્રતીતિ થાય છે. [6]તેમાં શું અગ્નિ ભક્ષક થાય, કે જીવ, કે પરમાત્મા—એમ સંશય થાય છે; કેમકે [7]વિશેષનું [8]અવધારણ નથી અને એ ગ્રન્થમાં અગ્નિ, જીવ અને પરમાત્મા એ ત્રણેના પ્રશ્નનો નિર્દેશ જોવામાં

ગનો અભાવ શી રીતે છે તેને વિષે કહે છે—'અને મિથ્યાજ્ઞાનકલ્પિત ઉપભોગથી' ઇત્યાદિ. ઉપસંહાર કરે છે-'તેટલા માટે ઈશ્વરને વિષે' ઇત્યાદિ [9]'મનોમયત્વાદિવિશિષ્ટ ઈશ્વરજ ધ્યાનને માટે હૃદિસ્થ છે તોપણ નિર્દોષ છે તેથી તેજ જ્ઞેય [10]'શાણ્ડિલ્યવિદ્યાવેદ્ય બ્રહ્મને વિષે 'सर्वं खल्विदं ब्रह्म' (ખરેખર આ સર્વ બ્રહ્મ છે) ઇત્યાદિ વાક્યનો સમન્વય છે ॥ ૮ ॥

ઈશ્વર ભોક્તા નથી તો અત્તા-ભક્ષક પણ નથી એમ આશંકા દૂર કરવા કહે છે—'अत्ता चरा'. બ્રાહ્મણ, ક્ષત્રિય આદિ જગત્ જે પરમાત્માના, પ્રસિદ્ધ અન્નની પેઠે, ઓદનરૂપ થાય છે, અને સર્વપ્રાણિનાશક મૃત્યુ પણ જેનું ઉપસેચન-ઓદનને સંસ્કાર કરનાર ઘૃત-સમાન થાય છે તે અત્તા-ભક્ષક, કારણાત્મા, જે શુદ્ધ ચિન્માત્રમાં અલૌકિકપણાથી વર્તે છે તે શુદ્ધ બ્રહ્મને-ઈશ્વરને અકૃતાત્માને-આ પ્રમાણે કોણ જાણે છે ! ચિત્તશુદ્ધિ આદિ ઉપાય વિના કોઈ પણ જાણતું નથી એવો અર્થ છે. 'આ પ્રમાણે [11]'જેમ આગળ કહેલાં સાધનવાળો પુરુષ જાણે છે તેમ. [11]સંશયબીજ કહે છે—'કેમકે વિશેષનું અવધારણ નથી.' 'स त्वमग्निं स्वर्ग्यमध्येषि मृत्यो प्रब्रूहि त्वं श्रद्दधानाय मह्यम्' [કઠ૦ ૧।૧।૧૩] (તે તું મૃત્યુ, સ્વર્ગલોક પ્રાપ્ત કરવાના સાધનભૂત અગ્નિને જાણે છે, તેથી હે મૃત્યો, શ્રદ્ધાયુક્ત જે હું છું તે મને તું અગ્નિનું જ્ઞાન આપ) એમ અગ્નિ વિષે પ્રશ્ન છે. 'येयं प्रेते विचिकित्सा मनुष्येऽस्तीत्येके नायमस्तीति

---

૧ એનો અર્થ ટીકામાં સમજાવ્યો છે. ૨ સત્ય જ્ઞાન. ૩ ભક્ષક, ભક્ષણ કરનાર. ૪ ભાત, અન્ન. ૫ મિશ્રણદ્રવ્ય. ૬ શું અત્તા—ભક્ષક અગ્નિ છે, જીવ છે કે પરમાત્મા છે એમ સંશય થાય છે. ૭ એકનેજ લાગુ પડે અને બીજાને નહિ એવો ધર્મ. ૮ નિશ્ચય. ૯ મનોમયત્વ વગેરે રૂપથી યુક્ત. ૧૦ શાણ્ડિલ્યવિદ્યાથી જ્ઞેય. ૧૧ સંશયનું કારણ.

આવે છે. ત્યારે શું પ્રાપ્ત થાય છે? અગ્નિ ભક્ષક છે એમ પ્રાપ્ત થાય છે. શા
'अग्निरन्नादः' [બૃહ૦ ૧।૪।૬] (અગ્નિ અન્નનો ભક્ષક છે) એમ શ્રુતિ છે તેથી અને
સિદ્ધિથી. અથવા જીવ ભક્ષક થાય; કેમકે 'तयोरन्यः पिप्पलं स्वाद्व
[મુણ્ડ૦ ૩।૧।૧] (તે બેમાંનો એક સ્વાદયુક્ત ફળ ખાય છે) એમ શ્રુતિ જોવ
આવે છે. પણ પરમાત્મા (ભક્ષક થાય) નહિ; કેમકે 'अनश्नन्नन्यो अभिचाक
ति' [મુણ્ડ૦ ૩।૧।૧] (બીજો ખાધા વગર માત્ર જુએ છે) એમ શ્રુતિ જોવ
આવે છે. આમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ—અહિં પરમાત્મા ભક્ષક થવા
છે. શાથી? ચર અને અચરનું ગ્રહણ છે તેથી. ખરેખર ચર અને અચર, જં
અને સ્થાવરની, મૃત્યુ જેમાં ઉપસેચન છે એવા ભક્ષ્ય તરીકે અહિં પ્રતીતિ
છે, અને તેવા ભક્ષ્યનો પૂર્ણતાએ ભક્ષક, પરમાત્માથી ભિન્ન સંભવતો નથી.
આત્મા તો સર્વ વિકારનો ઉપસંહાર કરે છે તેથી સર્વનું ભક્ષણ કરે છે એ યુક્ત
પણ અહિં ચર અને અચરનું ગ્રહણ પ્રાપ્ત થતું નથી, તો ચર અને અચરનું ગ્ર

ये‌ऽ‍ैके। एतद्विद्यामनुशिष्टस्त्वयाहं वराणामेष वरस्तृतीयः॥' [કઠ૦ ૧।૧।૨૦] (પ્રેત-
મનુષ્યને વિષે શરીર, ઇન્દ્રિય, મન, બુદ્ધિથી ભિન્ન, દેહાન્તરસબન્ધી આત્મા છે એમ કેટલ
માને છે અને નથી એમ કેટલાક માને છે એમ જે સંશય થાય છે તેથી અમને પ્રત્યક્ષ
અનુમાનથી નિર્ણયનું જ્ઞાન થતું નથી અને પરમપુરુષાર્થ એ નિર્ણયના જ્ઞાનને અધીન છે તે
હે મૃત્યો, તારાથી ઉપદેશ કરાયલો હું એ વિદ્યા જાણવા ઇચ્છુ છુ. વરોમાં એ મારો ત્રી
વર છે.) એમ જીવ વિષે પ્રશ્ન છે; અને 'अन्यत्र धर्मादन्यत्राधर्मादन्यत्रास्मात् कृता
त्। अन्यत्र भूताच्च भव्याच्च यत्तत्पश्यसि तद्वद॥' [કઠ૦ ૧।૨।૧૪] (ધર્મથી-શાસ્ત્ર
ધર્મના અનુષ્ઠાનથી, તેના ફળથી અને તેના કારકોથી જે ભિન્ન છે, તેમજ અધર્મથી પણ
ભિન્ન છે, આ કાર્ય અને કારણથી જે ભિન્ન છે, ભૂત કાળથી અને ભવિષ્ય કાળથી તેમ
વર્તમાન કાળથી જે ભિન્ન છે, અર્થાત્, કાલત્રયથી જેનો પરિચ્છેદ થતો નથી, જે એવી વ
સર્વ વ્યવહારગોચરથી અતિક્રાન્ત તું જાણે છે તે મને કહે) એ બ્રહ્મ વિષે પ્રશ્ન છે એ
માંહે ત્રણેને ક્રમવાર ઉત્તરો છે. 'लोकादिमग्निं तमुवाच तस्मै या इष्टका यावतीर्वा य
था' [કઠ૦ ૧।૧।૧૫] (અગ્નિએ નચિકેતસને લોકોના આદિભૂત અગ્નિનું જ્ઞાન આપ્યું. વ
જે ઇંટ ગોઠવવી જોઈએ અને જેટલી ગોઠવવી જોઈએ, અને જે પ્રકારે અગ્નિચયન થાય છે
સર્વ નચિકેતસને વળી કહ્યું) એ અગ્નિ વિષે ઉત્તર છે; અને 'हन्त त इदं प्रवक्ष्यामि गुह्यं ब्र
सनातनम्। यथा च मरणं प्राप्य आत्मा भवति गौतम॥' [કઠ૦ ૨।૫।૬] (હે ગૌતમ,
ફરીથી પણ તને ગુહ્ય, સનાતન બ્રહ્મ કહું છું, જેના જ્ઞાનથી સર્વ સંસારનો ઉપરમ થાય છે અ
અજ્ઞાનથી મરણ પામીને જેવો આત્મા જેવો હોય છે તેવો તેનો સંસાર થાય છે) ઇત્યાદિ જીવ અ
બ્રહ્મ વિષે ઉત્તર છે. પૂર્વે બ્રહ્મ ઉપનિષદ્માં નથી એમ કહ્યું છે તેને આધારે પૂર્વપક્ષ કરે છે—'ત્યારે
પ્રાપ્ત થાય છે?' અગ્નિપ્રકરણ પૂરું થયું છે એમ અગ્નિપક્ષમાં અરુચિથી કહે છે—'અથવા જી
ભક્ષક થાય.' પૂર્વપક્ષમાં જીવની ઉપાસના છે અને સિદ્ધાન્તમાં નિર્વિશેષ બ્રહ્મજ્ઞાન છે એ
ફલિત છે. પૂર્વપક્ષમાં ઓદનશબ્દ ભોજ્યવાચક છે. સિદ્ધાન્તમાં તો ઓદનશબ્દ બ્રહ્મ અ
ક્ષત્ર શબ્દોએ ઉપલક્ષિત સર્વજગતનો ઉપલક્ષક છે. વિનાશ્યત્વ, જે પ્રસિદ્ધ ઓદનમાં રહે
છે તે અહિં એ શબ્દ ઓદનના ગુણ નહિ લેવાનું છે; કેમકે એ શબ્દ પાલના ગુણ

સિદ્ધ હોય તેમ હેતુ તરીકે કેમ લેવાય? એ દોષ નથી; કેમકે મૃત્યુ ઉપસેચન છે [illegible]
રહી સર્વ પ્રાણિસમૂહની પ્રતીતિ થાય છે, અને બ્રાહ્મણ અને ક્ષત્રિયનું પ્રધાનતાને લી[illegible]
પ્રદર્શન કર્યું છે એ યુક્ત છે. પરમાત્મા પણ ભક્ષક છે એ સંભવતું નથી; કેમકે '[illegible]
ન્નાભિચાકશીતિ' [મુણ્ડ૦ ૩।૧।૧] (બીજો ખાધા વગર માત્ર જોયા કરે છે[illegible]
એમ શ્રુતિમાં જોવામાં આવે છે એ જે કહ્યું છે તેને વિષે કહીએ છીએ—એ શ્રુતિ[illegible]
વાક્ય કર્મફળના ઉપભોગનો પ્રતિષેધ કરે છે; કેમકે તે 'સંનિધિમાં છે. વિકારના સં[illegible]
હારનો પ્રતિષેધ કરતું નથી; કેમકે સર્વ વેદાન્તોમાં સૃષ્ટિ, સ્થિતિ અને સંહારના
કારણ તરીકે બ્રહ્મ પ્રસિદ્ધ છે. તેટલા માટે પરમાત્માજ અહિં ભક્ષક છે એ
યોગ્ય છે ॥ ૯ ॥

प्रकरणाच्च ॥ १० ॥

અને પ્રકરણથી (પરમાત્માજ અત્તા છે) ॥ ૧૦ ॥

આથી પણ પરમાત્માજ અત્તા થવા યોગ્ય છે; કેમકે પરમાત્માનું એ પ્રકરણ
છે—'न जायते म्रियते वा विपश्चित्' [કાઠ૦ ૧।૨।૧૮] (આત્મા જન્મ પામતો નથી
કે મરણ પામતો નથી, અને મેધાવી છે; કેમકે ચૈતન્યસ્વભાવનો લોપ થતો નથી)
ઇત્યાદિ. અને પ્રકૃતનું ગ્રહણ યુક્ત છે. 'क इत्था वेद यत्र सः' (તે જ્યાં છે તે એ
પ્રમાણે કોણ જાણે છે) એમ 'દુર્વિજ્ઞાનત્વ પણ પરમાત્માનું લિંગ છે ॥ ૧૦ ॥

गुहां प्रविष्टावात्मानौ हि तद्दर्शनात् ॥ ११ ॥

ગુહામાં પ્રવિષ્ટ થયેલા (જીવ અને પરમાત્મા છે); કેમકે આત્માઓ છે. (શ્રુતિમાં) તેનું દર્શન છે તેથી ॥ ૧૧ ॥

'ऋतं पिबन्तौ सुकृतस्य लोके गुहां प्रविष्टौ परमे परार्धे। छायातपौ ब्रह्मविदो व-
दन्ति पञ्चाग्नयो ये च त्रिणाचिकेताः ॥' [કાઠ૦ ૧।૩।૧] (અવશ્ય થનારા કર્મફળને
[illegible] 'પિબન્તૌ' [illegible] એમ કહે છે—એ દોષ નથી
[illegible] ને સંનિધિમાં છે [illegible] પૂર્વે કહ્યું છે ॥ ૯ ॥

[illegible] કહે છે—'प्रकरणाच्च'. [illegible]
[illegible] પ્રકૃતનું ગ્રહણ યુક્ત છે.' [illegible]
—'क इत्था' [illegible]
[illegible] છે ॥ ૧૦ ॥

'[illegible]' [illegible]
[illegible] કહે છે—'गुहां'
[illegible]

ભોગવનારા, [1]સુકૃતના કાર્ય દેહને વિષે શ્રેષ્ઠ હૃદયમાં જે આકાશરૂપ ગુહા છે તેમાં પ્રવેશ પામેલા, [2]છાયા અને આતપની પેઠે પરસ્પરવિરુદ્ધ, એવા બેને બ્રહ્મવેત્તાઓ, પંચાગ્નિઓ, અને ત્રણવાર નાચિકેત અગ્નિનું જેમણે ચયન કર્યું છે તેઓ જાણે છે) એમ કઠવલ્લીમાંજ કહ્યું છે. તેમાં સંશય થાય છે કે અહિં શું બુદ્ધિ અને જીવ નિર્દિષ્ટ છે કે જીવ અને પરમાત્મા. જો બુદ્ધિ અને જીવ હોય તો બુદ્ધિ જેમાં પ્રધાન છે એવા કાર્યેન્દ્રિયના સમૂહ—શરીરથી વિલક્ષણ જીવ પ્રતિપાદિત થશે. તે પણ અહિં પ્રતિપાદન કરવા યોગ્ય છે; કેમકે ' येयं प्रेते विचिकित्सा मनुष्येऽस्तीत्येके नायमस्तीति चैके । एतद्विद्यामनुशिष्टस्त्वयाहं वराणामेष वरस्तृतीयः '॥ [કઠ૦ ૧।૧।૨૦] (પ્રેત મનુષ્યને વિષે આત્મા છે એમ કેટલાક ધારે છે અને નથી એમ કેટલાક ધારે છે એ સંશયમાં તારાથી ઉપદેશ કરાયલો હું એ વિદ્યા જાણવા ઇચ્છું છું. વરોમાં એ મારો ત્રીજો વર છે) એ પ્રશ્ન પૂછ્યો છે. જો જીવ અને પરમાત્મા હોય તો જીવથી વિલક્ષણ પરમાત્મા પ્રતિપાદન કરેલો થાય છે. તે પણ અહિં પ્રતિપાદન કરવા યોગ્ય છે; કેમકે ' अन्यत्र धर्मादन्यत्राधर्मादन्यत्रास्मात्कृताकृतात् । अन्यत्र भूताच्च भव्याच्च यत्तत्पश्यसि तद्वद ॥' [કઠ૦ ૧।૨।૧૪] (ધર્મથી જે ભિન્ન છે તેમજ અધર્મથી ભિન્ન છે, આ કાર્ય અને કારણથી જે ભિન્ન છે, ભૂતકાળથી અને ભવિષ્યકાળથી તેમજ વર્તમાનકાળથી જે ભિન્ન છે એવી જે વસ્તુ તું જાણે છે તે તું મને કહે) એમ પ્રશ્ન પૂછ્યો છે. અહિં આક્ષેપ કરનાર કહે છે. બંનેએ એ પક્ષો સંભવતા નથી. શાથી? ઋતપાન એટલે કર્મફળનો ઉપભોગ, 'सुकृतस्य लोके' (સુકૃતના કાર્ય દેહને વિષે) એ લિંગથી. તે (ઋતપાન) ચેતન જીવને સંભવે છે, અચેતન બુદ્ધિને નહિ. વળી

प्रविष्टौ—' ઇત્યાદિ. ઋત એટલે અવશ્યભાવી જે કર્મફળ તેનો ઉપભોગ કરતા, સુકૃતના કાર્ય જે દેહ તેમાં શ્રેષ્ઠ હૃદયને વિષે જે આકાશરૂપ કે બુદ્ધિરૂપ ગુહા છે તેમાં પ્રવેશ કરીને રહેલા, છાયા અને આતપની પેઠે પરસ્પર વિરુદ્ધ, એવા બેને બ્રહ્મ જાણનારાઓ અને પાંચ અગ્નિવાળાઓ (ગાર્હપત્ય, દક્ષિણાગ્નિ, આહવનીય, સભ્ય અને આવસથ્ય એ પાંચ અગ્નિઓ જેના છે એવા, અથવા પર્જન્ય, પૃથિવી, પુરુષ અને યોષિત્‌ને વિષે જેઓ અગ્નિસમાન જુએ છે તેઓ), અર્થાત્, ગૃહસ્થો અને ત્રણ વાર જેમણે નાચિકેત અગ્નિનું ચયન કર્યું છે તેઓ કહે છે. परार्धम्=પર એટલે બ્રહ્મ તેનું અર્ધ એટલે સ્થાન, તેને જે યોગ્ય તે પરાર્ધ, અર્થાત્, હૃદય. બુદ્ધિથી અવચ્છિન્ન જીવ અને પરમાત્મા બંને પ્રકૃત હોવાથી સંશય કહે છે—' તેમાં સંશય થાય છે.' પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષનું ફળ પોતેજ કહે છે—' જો બુદ્ધિ અને જીવ હોય ' ઇત્યાદિ. ' તે પણ '=બુદ્ધિથી જીવનું વિલક્ષણપણું પણ. येयं प्रेते ઇત્યાદિ—મનુષ્ય મરણ પામે છે ત્યારે જે સંશય થાય છે, કે પરલોકમાં ભોક્તા છે એમ કેટલાક ધારે છે ને નથી એમ કેટલાક ધારે છે, એ સંશયનો નિર્ણય થતો નથી તેથી તારાથી ઉપદેશ કરાયલો હું આત્મતત્ત્વ જાણવા ઇચ્છું છું. એ ઉપદેશજ મારો તૃતીય વર છે. ' તે પણ '=પરમાત્મસ્વરૂપ પણ એવો અર્થ છે. બંને ભોક્તા થઈ શકે નહિ તેથી સંશય બતાવે છે—' અહિં આક્ષેપ કરનાર કહે છે.' ' छत्रिणो यान्ति ' (છત્રીવાળાઓ જાય છે) એમાં છત્રિપદથી [3]અજહલ્લક્ષણાથી છત્રીવાળાઓ તેમજ

૧ કઠવલ્લીના શાંકરભાષ્યમાં सुकृतस्यનો અન્વય ऋतम्‌ની સાથે કરી સુકૃત એટલે સ્વયંકૃત કર્મના ઋત એટલે અવશ્યંભાવી ફળને ભોગવતા એવો અર્થ કર્યો છે. ૨ શીળું અને તડકાની પેઠે. ૩ પૃ૦ ૫ ટિપ્પણ ૬ જુઓ.

'पिबन्तौ' (બે પાન કરે છે) એમ દ્વિવચનથી શ્રુતિ બેનું પાન દર્શાવે છે. આથી બુદ્ધિ અને જીવનો પક્ષ તો સંભવતો નથી. એજ કારણથી જીવ અને પરમાત્માનો પક્ષ પણ સંભવતો નથી; કેમકે ચેતન એવા પણ પરમાત્માને વિષે ઋતપાનનો અસંભવ છે; કારણ કે 'अनश्नन्नन्यो अभिचाकशीति' (બીજો ખાધા વગર જોયાં કરે છે) એમ મન્ત્રવર્ણ છે. આને (આ આક્ષેપને) વિષે કહીએ છીએ—એ દોષ નથી, કેમકે छत्रिणो गच्छन्ति (છત્રીવાળાઓ જાય છે) એમ એક છત્રીવાળો હોય તોપણ બહુને છત્રીવાળાઓ એવો [1]ઉપચાર જોવામાં આવે છે. એ પ્રમાણે એક પાન કરતો હોય તોપણ બે પાન કરે છે એમ કહેવાય છે. અથવા જીવ પાન કરે છે. ઈશ્વર તો પાન કરાવે છે. પાન કરાવે છે તોપણ પાન કરે છે એમ કહેવાય છે; કેમકે રંધાવનારને વિષે પણ રાંધનારના ધર્મની પ્રસિદ્ધિ જોવામાં આવે છે. બુદ્ધિ અને જીવનો પરિગ્રહ પણ સંભવે છે; કેમકે કારણમાં કર્તૃત્વનો ઉપચાર છે. કારણ કે 'एधांसि पचन्ति' (લાકડાં રાંધે છે-બળે છે) એવો પ્રયોગ જોવામાં આવે છે. વળી અધ્યાત્મ અધિકારમાં બીજા કોઈ બે ઋતપાન કરતા સંભવતા નથી. તેટલા માટે બુદ્ધિ અને જીવ નિર્દિષ્ટ થાય કે જીવ અને પરમાત્મા એવો સંશય થાય છે. ત્યારે શું પ્રાપ્ત થાય છે? બુદ્ધિ અને જીવ નિર્દિષ્ટ છે એમ પ્રાપ્ત થાય છે. શાથી? 'ગુહામાં પ્રવિષ્ટ થયેલા' એવા વિશેષણથી. જો ગુહા એટલે શરીર હોય કે હૃદય હોય તો-

---

છત્રીવરનાનો સાથ એમ સમજવ છે તેમ पिबन्तौ (પાન-ભોગ કરતા) એ પદથી અજહ[illegible] ફલપણથી ભોગ કરનાર અને ભોગ ન કરનાર બંનેનું ગ્રહણ થાય છે એમ કહે છે—'આને (આ આક્ષેપને) વિષે કહીએ છીએ' ઇત્યાદિ. અથવા पिबन्तौ (પાન કરનાર) એ પદે કરીને પાનને અનુકૂળ એમ લક્ષ્ય થાય છે એમ કહે છે—'અથવા જીવ પાન કરે છે' ઇત્યાદિ. નિરપેક્ષપણાથી જે વૃત્તિ તે હોવાપણું એવું જે અનુકૂળત્વ તે, કરનાર ને કરાવનારને સાધારણ છે; કેમકે જે કરાવે છે તે કરે છે જ એવો ન્યાય છે. અનેક પાચકના અધિકારી ગૃહ-યોજકને વિષે પણ 'આ રાજાનો પાચક-રાંધનાર છે' એવો પ્રયોગ જોવામાં આવે છે. પાણિનિએ પણ 'तत्प्रयोजको हेतुश्च' એ સૂત્રે પ્રયોજકને હેતુસંજ્ઞા તેમ ચકારે કર્તૃસંજ્ઞા દર્શાવી છે. આ પ્રમાણે અહીં 'આખ્યાતપદથી પ્રયોજક કર્તાનું અભિધાન થાય છે ત્યારે 'पिबन्' (ભોગ કરતો) એ પરમેશ્વરપક્ષમાં પણ યુક્તજ છે. પૂર્વપક્ષમાં 'पिबन्तौ' (પાન કરનારા) એમાં કર્તૃવાચક શતૃ (વર્તમાન કૃદન્તનો પ્રત્યય) પ્રત્યયે કરીને બુદ્ધિ અને જીવ બંને સાધારણ કારક છે એમ લક્ષ્ય થાય છે એમ કહે છે—'બુદ્ધિ અને જીવનો પરિગ્રહ પણ સંભવે છે,' 'एधांसि पचन्ति' (લાકડાં રાંધે છે-બળે છે)—અહીં પચન એટલે 'વિકૃતિને અનુકૂળ પ્રજ્વલન વગેરે વ્યાપાર એવી વિવક્ષા હોય ત્યારે એ પ્રયોગ થાય છે. એ પ્રમાણે ભોગને અનુકૂળ બુદ્ધિનો જે વ્યાપાર છે તેની વિવક્ષામાં पिबन् એમ બુદ્ધિને વિષે પણ પ્રયોગ સંભવ છે. મુખ્ય પાન કરનારનું ગ્રહણ કરવું એમ આશંકા કરી કહે છે—'વળી અધ્યાત્મ અધિકારમાં' ઇત્યાદિ. અધ્યાત્મસ્વાત્મા વિષે. પ્રશ્ન અને ઉત્તર પાસેના મન્ત્રપદને લીધે [illegible] વસ્તુ જગતને લાગુ પડતાં થયાં તેમ અહીં પણ पिबन् પદ [illegible] એના गुहा પદને લીધે [illegible] અને જીવને લાગુ પડે છે એમ દૃષ્ટાન્તથી પૂર્વપક્ષ કરે છે—'ત્યારે શું પ્રાપ્ત થાય છે?'

---

૧ આહાર્ય આરોપ. આહાર્યજ્ઞાનપ્રતિબન્ધક [illegible] જ્ઞાન. ૨ અવયવ પૂર્ણ થયો. ૩ [illegible] [illegible]નાર. ૫ ઉપાધિ. ૬ ઉદ્દેશ્ય કરેલ નિર્દેશ.

પણ બંને પક્ષમાં પણ બુદ્ધિ અને જીવ ગુહામાં પ્રવિષ્ટ થયલા એ (કહેવું) યુક્ત છે; અને સંભવ હોય તો સર્વવ્યાપક બ્રહ્મનો વિશિષ્ટ દેશ કલ્પવો યુક્ત નથી. વળી, 'सुकृतस्य लोके' (સુકૃતના કાર્ય દેહને વિષે) એ [1]કર્મગોચરનો અનતિક્રમ દર્શાવે છે. પરમાત્મા તો સુકૃત કે દુષ્કૃતના [2]ગોચરમાં રહેતો નથી, કેમકે 'न कर्मणा वर्धते नो कनीयान्' (કર્મથી વૃદ્ધિ પામતો નથી, અને કનીયાન્–અલ્પતર થતો નથી) એમ શ્રુતિ છે. 'छायातपौ' (છાયા અને આતપ) એ પણ ચેતન અને અચેતનનો નિર્દેશ હોય તો યુક્ત થાય છે; કેમકે છાયા અને આતપની પેઠે પરસ્પર વિલક્ષણ છે. તેટલા માટે બુદ્ધિ અને જીવ અહિં કહેવાવા જોઈએ એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ—[3]વિજ્ઞાનાત્મા અને પરમાત્મા અહિં કહેવાવા જોઈએ. શાથી? તે બંને ખરેખર આત્મા છે, ચેતન અને સમાન સ્વભાવવાળા છે. સંખ્યાનું શ્રવણ થાય છે ત્યારે સમાન સ્વભાવવાળાઓનીજ લોકોમાં પ્રતીતિ થાય છે. 'अस्य गोर्द्वितीयोऽन्वेष्टव्यः' (એ વૃષભનો બીજો શોધવો જોઈએ) એમ કહ્યું એટલે બીજો વૃષભજ શોધવામાં આવે છે, અશ્વ કે પુરુષ શોધવામાં આવતો નથી. તેટલા માટે અહિં ઋતપાનરૂપ લિંગથી વિજ્ઞાનાત્માનો નિશ્ચય થયો એટલે દ્વિતીયની શોધમાં સરખા સ્વભાવવાળા ચેતન પરમાત્માનીજ પ્રતીતિ થાય છે. પણ કહ્યું છે કે ગુહામાં પ્રવિષ્ટ થયલા એમ જોવામાં આવે છે તેથી પરમાત્માની પ્રતીતિ થવી ન જોઈએ. અમે કહીએ છીએ કે ગુહામાં પ્રવિષ્ટ થયલા એમ જોવામાં આવે છે તેથીજ પરમાત્માની પ્રતીતિ થવી જોઈએ. ગુહામાં રહેવાપણું તો શ્રુતિ અને સ્મૃતિમાં અનેક વાર પરમાત્માનુંજ જોવામાં આવે છે—'गुहाहितं गह्वरेष्ठं पुराणम्' [કા૦ ૧।૨।૧૨] (ગુહામાં મૂકેલા, [4]ગહ્વરમાં રહેલા અને પુરાણ), 'यो वेद निहितं गुहायां परमे व्योमन्' [તૈત્તિ૦ ૨।૧] (શ્રેષ્ઠ [5]હાર્દ આકાશમાં ગુહાને વિષે મૂકેલાને જે

ઇત્યાદિ. 'કર્મગોચર'=કર્મફળ. 'ગોચર'=ફળ. એક જાતિમાનની કલ્પના કરી એટલે તેનું બીજાનું પણ સજાતીયજ (સમાન જાતિમાનજ) ગ્રહણ કરવું જોઈએ, કેમકે તેમાં માત્ર વ્યક્તિમાત્રનું ગ્રહણ થાય છે એટલે લાઘવ છે; વિજાતીય (ભિન્ન જાતિમાન)નું ગ્રહણ કરવું ન જોઈએ; કેમકે તેમાં જાતિ અને વ્યક્તિ બંનેની કલ્પના થવાથી ગૌરવ થાય છે. વળી જીવની દ્વિતીય બુદ્ધિજ ગ્રહણ કરો; કેમકે બંને કારક હોવાથી સજાતીય છે એમ પણ શંકા ન કરવી; કારણ કે જીવસ્વભાવ ચેતનત્વ કારકત્વથી [6]અન્તરંગ છે. માટે જીવનો દ્વિતીય ચેતનજ છે એમ સૂત્રાર્થ કહે છે—'સંખ્યાનું શ્રવણ થાય છે ત્યારે' ઇત્યાદિ. કારકત્વ બહિરંગ છે તોપણ તેનુંજ ગ્રહણ કરવું જોઈએ; કેમકે 'ગુહાને વિષે મુકાયલું' એ લિંગ છે એમ શંકા કરે છે—'પણ કહ્યું છે કે ગુહામાં પ્રવિષ્ટ થયલા' ઇત્યાદિ. ગુહામાં એટલે બુદ્ધિમાં આહિત એટલે નિક્ષિપ્ત, સ્થિત, રહેલું. **गह्वरेष्ठम्**=ગહ્વરમાં એટલે બહુ પ્રકારના અનર્થથી ભરેલા દેહમાં રહેલું. **पुराणम्**=ચિરન્તન, અનાદિ પુરુષ. એવા પરમાત્માને જાણીને હર્ષ અને શોકનો ત્યાગ કરે છે એવો સંબન્ધ છે. **परमे** ઇત્યાદિ. શ્રેષ્ઠમાં—બાહ્ય આકાશથી જે શ્રેષ્ઠ એવા હૃદયપુણ્ડરીકાકાશમાં—જે ગુહા એટલે બુદ્ધિ તેમાં નિહિત–રહેલા બ્રહ્મને જે જાણે છે તે સર્વ કામોને ભોગવે

૧ કર્મનાં પરિણામનો માર્ગ અતિક્રાન્ત કર્યો નથી એમ દર્શાવે છે. ૨ પરિણામમાર્ગમાં. ૩ જીવાત્મા. ૪ ઊંડો પ્રદેશ; અનેક અનર્થથી વ્યાપ્ત, દેહ એવો અર્થ છે. ૫ હૃદયરૂપી આકાશ. ૬ पूर्वं पूर्वमन्तरङ्गम्—પૂર્વે થાય તે અન્તરંગ. ચેતનત્વ કારકત્વથી પૂર્વે મનમાં આવે છે, માટે અન્તરંગ છે.

આવે છે), 'आत्मानमन्विच्छ गुहां प्रविष्टम्' (ગુહામાં પ્રવિષ્ટ થયેલા આત્માને શોધ) ઇત્યાદિ શ્રુતિ અને સ્મૃતિમાં સર્વવ્યાપક બ્રહ્મનો પણ 'ઉપલબ્ધિને અર્થે દેશવિશેષમાં ઉપદેશ વિરુદ્ધ થતો નથી એમ પણ કહ્યું છેજ. સુકૃતના ફળ ભોગવવાપણું તો 'છત્રિન્‌ની પેઠે એકને વિષે હોય તોપણ બંનેને અવિરુદ્ધ છે. છાયા અને આતપની પેઠે એ પણ અવિરુદ્ધ છે; કેમકે સંસારિત્વ અને અસંસારિત્વ એ છાયા અને આતપની પેઠે પરસ્પર વિરુદ્ધ છે; કારણ કે સંસારિત્વ અવિદ્યાજન્ય છે; અને અસંસારિત્વ પારમાર્થિક છે. તેટલા માટે 'ગુહામાં પ્રવિષ્ટ થયેલા' વિજ્ઞાનાત્મા અને પરમાત્મા છે એમ ગ્રહણ કરાય છે ॥ ૧૧ ॥

વળી શાથી વિજ્ઞાનાત્મા અને પરમાત્માનું ગ્રહણ થાય છે?

विशेषणाच्च ॥ १२ ॥

અને વિશેષણથી (ગુહામાં પ્રવિષ્ટ થયેલા જીવ અને પરમાત્મા છે) ॥ ૧૨ ॥

વિશેષણ પણ વિજ્ઞાનાત્મા અને પરમાત્માનેજ લાગુ પડે છે. 'आत्मानं रथिनं विद्धि शरीरं रथमेव तु' [કાઠ૦ ૧।૩।૩] (આત્માને રથી જાણ અને શરીરને રથજ) એવો અન્વય છે. अन्विच्छ=વિચાર કરી નિર્ધારણ-નિશ્ચય કર. [illegible] એમ કહ્યું એટલે સજાતીય બીજો સહજ સમજાય છે [illegible] સમજાતા નથી. [illegible] દ્વિતીય તરીકે સજાતીય (સમાન સ્વરૂપ) [illegible] ગ્રહણ થાય છે [illegible] विजानीयं [illegible] [illegible] ...

[illegible] 'सप्तांनाम्'. [illegible] [illegible] 'गुहायां' [illegible] [illegible] ॥ ११ ॥

[illegible] 'विशेषणाच्च'. [illegible] 'વિજ્ઞાનાત્મા અને પરમાત્માનેજ' [illegible] 'आत्मानम्' [illegible] 'बुद्धिं तु सारथिं विद्धि मनः प्रग्रह-' [illegible] 'इन्द्रियाणि हयानाहुर्विषयांस्तेषु गोचरान्। आत्मेन्द्रियमनोयुक्तं भोक्तेत्याहुर्मनी-' [illegible]

જાણ) એ પછીથી આવતા વાક્યસંદર્ભથી રથી, રથ, આદિ રૂપકની કલ્પનાથી વિજ્ઞાનાત્માને રથી—સંસાર અને મોક્ષ પ્રતિ ગતિ કરનાર—તરીકે કલ્પે છે, અને 'સોऽધ્વનઃ પારમાપ્નોતિ તદ્વિષ્ણોઃ પરમં પદમ્' [કાઠ૦ ૧।૩।૯] (તે સંસારગતિને પાર, તે વ્યાપક બ્રહ્મના પરમ સ્થાનને પામે છે) એથી પરમાત્માને ગન્તવ્ય તરીકે કલ્પે છે. તેમજ 'તં દુર્દર્શં ગૂઢમનુપ્રવિષ્ટં ગુહાહિતં ગહ્વરેષ્ઠં પુરાણમ્ । અધ્યાત્મયોગાધિગમેન દેવં મત્વા ધીરો હર્ષશોકૌ જહાતિ ॥' [કાઠ૦ ૧।૨।૧૨] (દુઃખે કરીને દર્શન કરી શકાય એવા, ગૂઢ-માયામાં પ્રવિષ્ટ થયલા, ગુહામાં-બુદ્ધિમાં-રહેલા, ગહ્વરમાં-અનેક અનર્થથી વ્યાપ્ત દેહમાં-રહેલા, પુરાણ, અધ્યાત્મયોગ—વિષયોમાંથી ચિત્તને લઈ લઈ આત્માને વિષે મગ્ન કરવું-તેની પ્રાપ્તિથી આત્માનું મનન કરીને ધીર પુરુષ હર્ષ અને શોકનો ત્યાગ કરે છે) એમ પૂર્વ સંદર્ભમાં પણ મનન કરનાર અને મનન કરવાના વિષય તરીકે એ બે (જીવ અને પરમાત્મા) નાંજ વિશેષણ આપ્યાં છે. આ પ્રકરણ પણ પરમાત્માનું છે. 'બ્રહ્મવિદો વદન્તિ' (બ્રહ્મ જાણનારાઓ વદે છે) એમ

વિણઃ ॥' એ શેષ સમજવું. જીવાત્મા અને પરમાત્મા મધ્યે જે સંસારી, ઉપાધિપરિચ્છિન્ન છે અને જેને મોક્ષપ્રાપ્તિને માટે વિદ્યાનો અને સંસારપ્રાપ્તિ માટે અવિદ્યાનો અધિકાર છે તેને તે બંને પ્રાપ્ત કરવા માટે સાધનભૂત રથની કલ્પના કરાય છે. તેમાં ઋતપ-ઋતનું પાન કરનાર-આવશ્યક કર્મફળનો ઉપભોગ કરનાર, સંસારીને રથી જાણ અને શરીરને રથ જાણ. રથમાં જોડેલા ઘોડાના જેવી ઇન્દ્રિયોથી આકર્ષાય છે, માટે શરીરને રથનું રૂપ આપ્યું છે. બુદ્ધિ જે અધ્યવસાયસ્વરૂપ છે તેને સારથિ જાણ, શરીરમાં બુદ્ધિરૂપ નેતા પ્રધાન છે તેથી; કેમકે રથમાં સારથિરૂપ નેતા પ્રધાન જેવો છે. ખરેખર સર્વ દેહગત કાર્ય ઘણે ભાગે બુદ્ધિથીજ કરવા યોગ્ય છે. સંકલ્પવિકલ્પસ્વરૂપ જે મન તેને લગામ જાણ. જેમ લગામથી અશ્વ પ્રવર્તે છે તેમ મનથી દોરવાયલી શ્રોત્રાદિ ઇન્દ્રિયો પ્રવર્તે છે. ઇન્દ્રિયોને અશ્વ કહે છે; કેમકે તે શરીરરૂપી રથનું આકર્ષણ કરે છે. રૂપાદિ વિષયોને ઇન્દ્રિયરૂપ અશ્વોના માર્ગરૂપ જાણ. શરીર, મન અને ઇન્દ્રિયથી યુક્ત આત્માને વિદ્વાનો ભોક્તા, સંસારી કહે છે. કેવલ આત્માને ભોક્તૃત્વ નથી, પણ બુદ્ધિ આદિ ઉપાધિજન્યજ તેનું ભોક્તૃત્વ છે એવો અર્થ છે. '**સોऽધ્વનઃ**' ઇત્યાદિ. તે, અર્થાત્ જીવ અધ્વન્ એટલે સંસારમાર્ગનો પાર પામે છે. તે પાર શું છે? વ્યાપનશીલ પરમાત્માનું પદ એટલે સ્વરૂપને પ્રાપ્ત કરે છે એવો અર્થ છે. **પરમમ્**=કાર્યકારણથી અતીત, તેજ જ્ઞેય છે બીજું કંઈ નથી. '**તં દુર્દર્શમ્**—'ઇત્યાદિ. સૂક્ષ્મ હોવાને લીધે દુર્જ્ઞેય, ઘણા ગૂઢ રહેલા, પ્રાકૃત વિષય, વિકાર કે વિજ્ઞાનથી પ્રચ્છન્ન થયલા (માયામાં પ્રવિષ્ટ થયલા) ગુહા-બુદ્ધિને વિષે રહેલા, કેમકે ત્યાંજ ઉપલબ્ધ થાય છે, ગહ્વર—અનેક અનર્થથી સંકુલ, વિષમ દેહને વિષે રહેલા, (ગૂઢ ગુહામાં રહેલાને લીધેજ ગહ્વરેષ્ઠ ને તેથીજ દુર્જ્ઞેય)ને પુરાણ એવા આત્માનું, વિષયોથી ખેંચીને આત્માને વિષે ચિત્ત સમાહિત કરવું એ જે અધ્યાત્મયોગ તેની પ્રાપ્તિથી, મનન કરીને ધીર પુરુષ હર્ષ અને શોકનો ત્યાગ કરે છે; કેમકે આત્માને ઉત્કર્ષ નથી, તેમજ અપકર્ષ પણ નથી, હર્ષ અને શોકનો ત્યાગ કરે છે એટલે તેનાથી ઉપલક્ષિત સંસારનો ત્યાગ કરે છે. સૂત્રમાં **ચકાર** છે તેથી સૂચિત અર્થ કહે છે—'આ પ્રકરણ પણ' ઇત્યાદિ. જીવનો દ્વિતીય પરમાત્માજ છે તેને માટે બીજો હેતુ કહે છે—'**બ્રહ્મવિદો વદન્તિ**'. પ્રથમ પદ્યમાં બહુ કે-

વિશિષ્ટ પરમાત્માનું ગ્રહણ પરમાત્માનો સ્વીકાર કરે મારે છે. તેટલા માટે અહિં
અને પરમાત્મા કહેવાવા જોઈએ. 'द्वा सुपर्णा सयुजा सखाया' [મુણ્ડ૦ ૩।૧।
(બે સુંદર પર્ણવાળા, સર્વદા યુક્ત, સખા) ઇત્યાદિમાં પણ એજ ન્યાય છે.
પણ અધ્યાત્મ અધિકારથી પ્રાકૃત સુપર્ણ કહ્યા નથી. તેથી 'तयोरन्यः पिप्पलं स्वा
द्वत्ति' (તે બેમાંનો એક સ્વાદયુક્ત ફળ ખાય છે) એમાં ભક્ષણના લિંગથી વિજ્ઞાનાત્મા
સમજાય છે અને 'अनश्नन्नन्यो अभिचाकशीति' (બીજો ખાધા વગર જોયાં કરે છે)
સુક્ષ્મે લેવાને લીધે 'ऋतं पिबन्तौ' એમાં જીવના ગ્રહણથી તેનાથી ભિન્ન, વાક્યને વિષે
નવર પદનો અર્થ શોધવા માટે પરમાત્માનુંજ પ્રતિપાદન થાય છે એમ ઉપસંહાર કરે છે—
'તેટલા માટે અહિં જીવ અને પરમાત્મા' ઇત્યાદિ. ઉક્ત ન્યાયનો અતિદેશ કરે છે—
'द्वा सुपर्णा' ઇત્યાદિમાં પણ એજ ન્યાય છે.' द्वा=द्वौ. છાન્દસ પ્રયોગ છે. 'द्वा सुपर्णा'
ઇત્યાદિ. 'समानं वृक्षं परिषस्वजाते' એ શેષ સમજવું. તે પક્ષીની પેઠે નિયમ્ય અને નિયા
મકભાવથી બે સાથેજ જોડાયલા છે, અને ચૈતન્યને લીધે સરખા સ્વભાવવાળા છે તે જી
વાત્મા અને પરમાત્મા એક વૃક્ષ—ઉચ્છેદયોગ્ય શરીર-માં આશ્રય કરીને રહેલા છે, અર્થાત્ કુ
હામાં પ્રવિષ્ટ છે એવો અર્થ છે. કોઈ કહેશે કે એ મન્ત્રમાં તે પક્ષીની પ્રતીતિ થાય છે, જીવ
અને ઈશ-પરમાત્માની થતી નથી તેને માટે કહે છે—'ત્યાં પણ અધ્યાત્મ અધિકારથી'
ઇત્યાદિ. એ તે આત્મા છે. કેમકે તેમનાં લિંગ જોવામાં આવે છે એમ કહે છે—'तयोरन्यः
पिप्पलम्—' ઇત્યાદિ વળી વિશેષણથી પણ તને આત્મા છે એમ 'विशेषणाच्च' નું વ્યા
ખ્યાન કરી કહે છે—'પછીના મન્ત્રમાં એ બેનાંજ' ઇત્યાદિ 'समाने वृक्षे' ઇત્યાદિ.
એકજ ઉચ્છેદયોગ્ય વૃક્ષ-શરીરમાં ભોક્તા જીવ. અવિદ્યા કામ, કર્મફળ, રાગ વગેરે ભારથી
વ્યાકુળ થયેલો. સમુદ્રના જળમાં 'અલાબુની પેઠે નિમગ્ન થયેલો, દેહજ આત્મા છે એમ નિ
શ્ચયથી સમજતો. એજ હું છું. એને પુત્રપૌત્ર છે, એ સ્થૂલ છે, પૂરો છે ગુણવાન્ છે, નિર્ગુણ
છે, સુખી છે. દુઃખી છે. એનાથી બીજો નથી એમ સમજતો, જન્મમરણ પામે છે. સગાંવ્હાલાં
અને સબંધીઓ જોડે જોડાય છે અને તેમનાથી જુદો પડે છે આથી અનીશાથી—અસામર્થ્યથી—હું
કંઈ પણ કરવા સમર્થ નથી, મારો પુત્ર મરણ પામ્યો, મારું નષ્ટ થઈ, જીવિતનું શું પ્રયોજન
છે એવા દીનભાવથી—હું નર છું એમ શોક પામતો સંતાપ કરે છે. એવી રીતે પ્રેત, પશુ,
પક્ષી, મનુષ્ય, આદિ યોનિને વિષે અનેક જન્મમાં કદાચિત્ શુદ્ધ ધર્મસંચય થવાથી કોઈક
દયાળુ ગુરુથી યોગદર્શન પામી, અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, શમદમાદિ સંપન્ન થઈ, અનેક
યોગમાર્ગથી સેવાયેલાને જ્યારે ધ્યાન ધરતો જુએ છે—કેવાને જુએ છે! અન્યને, અર્થાત્ વૃ
ક્ષોપાધિલક્ષણથી ભિન્નને, ઈશને એટલે અસંસારી, ક્ષુધા, પિપાસા, શોક, મોહ, જરા, મૃત્યુથી
અતીત થયેલાને. કેવો જુએ છે! સર્વ જગત્નો એ હું આત્મા છું. સર્વમાં સમાન, સર્વ ભૂતોમાં
છું, બીજો, અવિદ્યાથી ઉત્પન્ન થયેલ ઉપાધિવાળો આત્મા, નથી, જગદ્રૂપ મહિમા—વિભૂતિ
એનીજ-મારી-પરમેશ્વરની છે—જ્યારે આવું જ્ઞાન થાય છે ત્યારે વીતશોક થાય છે—સર્વ શો
કસાગરમાંથી મુક્ત થઈ કૃતકૃત્ય થાય છે એવું તાત્પર્ય છે. મન્ત્રમાં 'महिमानमिति' માં इतिने
સ્થાને ઇતિ છાન્દસ પ્રયોગ થઈ, 'ત્યારે એનો મહિમા-સ્વરૂપ પામે છે' એવો પણ અર્થ ટીકા
કારી કરે છે. इतिशब्द હેતુવાચક છે. જન્મહેતુ અવિદ્યા જ્ઞાનક્રિયાથી નષ્ટ થાય છે તેથી—
એમ પણ અર્થ લેવાય છે. 'द्वा सुपर्णा सयुजा सखाया' એ મન્ત્રમાં પણ શું એ તે બુદ્ધિ

૧ આત્મા વિષે. ૨ સાધારણ ૩ પક્ષી. ૪ ઇન્દ્રિય, એ ફળનું દોય છે તે પાણીમાં ડરે છે.
પાદટીપ. ૧।૨।૬

એમ અભક્ષણ અને ચેતનત્વના લિંગથી પરમાત્મા સમજાય છે. પછીના મન્ત્રમાં એ બેનાંજ દ્રષ્ટા-અને-દ્રષ્ટવ્યભાવથી વિશેષણો આપે છે—'समाने वृक्षे पुरुषो निमग्नोऽनीशया शोचति मुह्यमानः। जुष्टं यदा पश्यत्यन्यमीशमस्य महिमानमिति वीतशोकः' [મુણ્ડ૦ ૩।૧।૨] (સમાન એટલે એકજ વૃક્ષમાં—છેદન યોગ્ય શરીરમાં-નિમગ્ન થયલો જીવ દીનભાવથી મોહ પામતો શોક કરે છે. જ્યારે અનેકથી યોગમાર્ગોએ સેવાયલા ઈશ-સમર્થ બીજાને—પરમાત્માને અને એના મહિમાને જાણે છે ત્યારે શોકરહિત થાય છે). બીજો કહે છે—'द्वा सुपर्णा—' એ ઋચ્ આ અધિકરણનો સિદ્ધાન્ત પ્રતિપાદન કરતી નથી; કેમકે પૈઙ્ગિરહસ્યબ્રાહ્મણમાં એનું બીજી રીતે વ્યાખ્યાન કર્યું છે. 'तयोरन्यः पिप्पलं स्वाद्वत्तीति सत्त्वमनश्नन्नन्योऽभिचाकशीतीत्यनश्नन्नन्योऽभिपश्यति ज्ञस्तावेतौ सत्त्वक्षेत्रज्ञौ' इति। (તેમાંનો એક સ્વાદયુક્ત ફળ ખાય છે, એ સત્ત્વ, અને બીજો ખાધા વગર જોયાં કરે છે—એટલે ક્ષેત્રજ્ઞ ઉપભોગ કર્યા વગર જોયાં કરે છે એ બે સત્ત્વ અને ક્ષેત્રજ્ઞ છે). સત્ત્વશબ્દ જીવવાચક અને ક્ષેત્રજ્ઞશબ્દ પરમાત્મવાચક છે એમ જે કહે છે તે યુક્ત નથી; કેમકે સત્ત્વ અને ક્ષેત્રજ્ઞ શબ્દો અન્તઃકરણ અને શારીરવાચક છે એ પ્રસિદ્ધ છે; અને તેમાંજ (પૈઙ્ગિરહસ્યબ્રાહ્મણમાંજ) એ પ્રમાણે વ્યાખ્યાન કર્યું છે—'तदेतत् सत्त्वं येन स्वप्नं पश्यति अथ योऽयं शारीर उपद्रष्टा स क्षेत्रज्ञस्तावेतौ सत्त्वक्षेत्रज्ञौ' इति। (જે વડે સ્વપ્ન જુએ છે તે એ સત્ત્વ અને જે આ શારીર ઉપદ્રષ્ટા છે તે ક્ષેત્રજ્ઞ છે, એમ એ બે સત્ત્વ અને ક્ષેત્રજ્ઞ છે). તેમજ એ ઋચ્ આ અધિકરણનો પૂર્વપક્ષ પણ પ્રતિપાદન કરતી નથી. ખરેખર અહિં શારીર ક્ષેત્રજ્ઞ એટલે કર્તૃત્વ, ભોક્તૃત્વ, આદિ સંસારધર્મોથી યુક્ત એવી વિવક્ષા નથી. ત્યારે શી વિવક્ષા છે? સર્વ સંસારધર્મોથી અતિક્રાન્ત બ્રહ્મસ્વભાવ, ચૈતન્યમાત્ર સ્વરૂપની વિવક્ષા છે; કેમકે 'अनश्नन्नन्योऽभिचाकशीतीत्यनश्नन्नन्योऽभिपश्यति ज्ञः' (ખાધા વગર બીજો જોયાં કરે છે એટલે

અને જીવ છે કે જીવ અને પરમાત્મા છે એમ સંશય કરીને કારણરૂપ બુદ્ધિને પણ एधांसि पचन्ति ની પેઠે કર્તૃત્વનો ઉપચાર કરવાથી બુદ્ધિ અને જીવ છે એમ પૂર્વપક્ષ કરી સિદ્ધાન્ત કરવો. સિદ્ધાન્ત તો ભાષ્યકારે 'समाने वृक्षे पुरुषो निमग्नः' એ મન્ત્રમાં સ્ફુટ કર્યો છે. પણ મુખ્ય કર્તૃત્વ સંભવે ત્યારે કરણને વિષે કર્તૃત્વનો ઉપચાર યુક્ત નથી એવો સિદ્ધાન્તનો અભિપ્રાય છે. 'द्वा सुपर्णा' ઇત્યાદિ વાક્ય જીવ અને ઈશ્વરવિષયક કરીને તેનું વિવરણ કર્યું. હવે એમાં આશંકા ઉઠાડી કરે છે—'બીજો કહે છે' ઇત્યાદિ. 'સિદ્ધાન્ત'=એ વાક્યનું જીવ અને ઈશ્વરને લાગુ પડવું તે. 'બીજી રીતે'=બુદ્ધિ અને વિશુદ્ધ સાક્ષિપરત્વ (એ બેને લાગુ પડવું તે). સત્ત્વ એટલે બુદ્ધિ. શંકા કરે છે—'સત્ત્વશબ્દ જીવવાચક' ઇત્યાદિ. પ્રસિદ્ધિથી નિરાકરણ કરે છે—'તે યુક્ત નથી'. બ્રાહ્મણ સાથે વિરોધ થાય માટે પણ તેનું વ્યાખ્યાન અન્યથા કરવું ન જોઈએ એમ કહે છે—'અને તેમાંજ' ઇત્યાદિ. 'તેમાં'=પ્રકૃત બ્રાહ્મણમાં. अथ=સત્ત્વવ્યાખ્યાન પછી. येन કરણવાચક હોવાથી સત્ત્વ કરણ છે અને ક્ષેત્રજ્ઞ કર્તા છે તેથી તે બેનું ઐક્ય નથી. કર્તૃત્વ અને કરણત્વથી એ બે ભિન્ન છે એવો અર્થ છે. સિદ્ધાન્ત થતો નથી તો પૂર્વપક્ષ થાય એમ આશંકા કરી કહે છે—'તેમજ એ ઋચ્' ઇત્યાદિ. જો ક્ષેત્રજ્ઞનો અર્થ સંસારી હોય તો પૂર્વપક્ષ થાય; પણ એનો અર્થ બ્રહ્મરૂપ હોવાથી પૂર્વપક્ષ થતો નથી.

ખાધા વગર બીજો. ક્ષેત્રજ્ઞ, એવાં કરે છે) એવું વચન છે, અને 'तत्यमपि '(
છે), 'क्षेत्रज्ञमपि मां विद्धि' [ગી૦ ૧૩।૨] (ક્ષેત્રજ્ઞ તરીકે પણ મનેજ જાણ)
અને બીજી શ્રુતિસ્મૃતિઓથી પણ. તેટલાથી—એવાજ મન્ત્રવ્યાખ્યાનથી-'तावे
सत्त्वक्षेत्रज्ञौ न ह वा एवंविदि किंचन रज आध्वंसते' (તે એ બે સત્ત્વ અને ક્ષેત્ર
છે, એવું જાણનારને વિષે ખરેખર કંઈ પણ રજ—અવિદ્યા સંસ્પર્શ કરતી નથી)
ત્યાદિ એ પ્રમાણે વિદ્યાનું ઉપસંહારદર્શન યુક્ત થાય છે. પણ એ પક્ષમાં 'तयोरन्
पिप्पलं स्वाद्वत्तीति सत्त्वम्' (તે બેમાંથી એક સ્વાદયુક્ત ફળ ખાય છે એમ સત્
છે) એમ અચેતન સત્ત્વને વિષે ભોક્તા છે એવું વચન શી રીતે ઘટશે? કહીએ છીએ—
અચેતન સત્ત્વનું ભોક્તૃત્વ કહીશ એવા હેતુથી એ શ્રુતિ પ્રવૃત્ત થઈ નથી. ત્યારે
શાથી પ્રવૃત્ત થઈ છે? ચેતન ક્ષેત્રજ્ઞ અભોક્તા અને બ્રહ્મસ્વભાવ છે એમ કહીશ
એવા હેતુથી પ્રવૃત્ત થઈ છે. તેને માટે સુખાદિવિકારવાળા સત્ત્વને વિષે ભોક્તૃ-
ત્વનો અધ્યારોપ કરે છે. ખરેખર, આ ભોક્તૃત્વ અને કર્તૃત્વ સત્ત્વ અને ક્ષેત્રજ્ઞના
પરસ્પર સ્વભાવના અવિવેકથી થયલું કલ્પાય છે. વાસ્તવિક રીતે તો બેમાંથી એકેને
સંભવતું નથી; કેમકે સત્ત્વ અચેતન છે, અને ક્ષેત્રજ્ઞ વિકારરહિત છે. વળી સત્ત્વ તો
અવિદ્યાથી બેનો સ્વભાવ ઉત્પન્ન થયો છે એવું હોવાથી તેને તો બીલકુલ સંભવતું
નથી; કેમકે 'यत्र वा अन्यदिव स्यात् तत्रान्योऽन्यत् पश्येत्' [બૃહ૦ ૪।૩।૩૧] (જ્યાં
એવો અર્થ છે. 'શ્રુતિ સ્મૃતિઓથી પણ', 'એજ અર્થ યુક્ત છે' એવો શેષ છે. 'એ
પ્રમાણે'=જીવને બ્રહ્મવાચક લઈએ ત્યારેજ ઉપસંહાર યુક્ત થાય છે, જીવ બુદ્ધિથી ભિન્ન છે
એટલાજ વિવેકથી ઉપસંહાર યુક્ત હતો નથી; કેમકે ભેદજ્ઞાન ભ્રાન્તિમૂલક છે. અવિદ્યાનાશરૂપી
ફળ કહ્યું છે ને પણ બ્રહ્માત્મતાજ્ઞાનનીજ પ્રતીતિ કરાવે છે એમ કહે છે—'न ह वा एवंविदि'
ઇત્યાદિ. રજ=અવિદ્યા. અવિદ્યા વિદ્વાન્‌ને વિષે કંઈ પણ સમ્બન્ધ-સંસ્પર્શ કરતી નથી. અવિદ્યા
આવતી નથી અથવા અવિદ્યા વિદ્વાન્‌ને વિષે કંઈ પણ સ્વકાર્ય સંપાદન કરતી નથી; કેમકે તા-
નાશિથી ધ્વનેજ બની જાય છે. એ વાક્ય જીવ બ્રહ્મપર છે એમ દર્શાવે છે એ પક્ષમાં શંકા
કરે છે—" પણ એ પક્ષમાં 'तयोरन्यः'" ઇત્યાદિ. બુદ્ધિ ભોક્તી છે એમ કહેવામાં કંઈ
તાત્પર્ય નથી તેથી અહીં શ્રુતિ શોધવાની નથી એમ કહે છે—'કહીએ છીએ' ઇત્યાદિ. ત્યારે
બુદ્ધિની ભોક્તૃત્વપ્રતીતિની શી ગતિ તેને માટે કહે છે—'તેને માટે' ઇત્યાદિ. 'તેને માટે'
=જીવની બ્રહ્મત્વસિદ્ધિને માટે. ચૈતન્યની છાયા જેણે પ્રાપ્ત કરી છે એવી બુદ્ધિ સુખાદિનો
પરિણામ પામે છે; તેમાં પુરુષ પણ ભોક્તૃત્વ અનુભવતો ન હોય એવો દેખાવ છે, તત્ત્વતઃ
અનુભવતો નથી એમ કહેવા માટે 'અધ્યારોપ કરે છે' એમ કહ્યું છે. વસ્તુતઃ જીવ અ-
ભોક્તા છે તો ભોક્તૃત્વપ્રતીતિ શી રીતે થાય છે તેને માટે કહે છે—'ખરેખર, આ ભોક્તૃત્વ'
ઇત્યાદિ. સત્ત્વ વાસ્તવિક રીતે ભોક્તા નથી તેને માટે બીજો હેતુ કહે છે—'વળી સત્ત્વ
તો' ઇત્યાદિ. ભોક્તૃત્વ મિથ્યા છે તેને માટે પ્રમાણ કહે છે—'કેમકે "यत्र वा" ઇત્યાદિ.
જે અવિદ્યાવસ્થામાં દ્વૈત નિયામક છે. બીજું જાણે આભાસ રહ્યું હોય એમ નાનાત્વ દેખાય
ત્યાં અવિદ્યાના સંબન્ધથી અન્ય થઈ અન્ય વસ્તુ નેત્ર વડે જુએ, અન્ય વસ્તુ શ્રોત્ર વડે શ્રવણ કરે
એવો અર્થ છે. ઉક્ત વાક્યનું તાત્પર્ય કહે છે—'સ્વપ્નમાં જોએલા' ઇત્યાદિ. વસ્તુતઃ ભોક્તૃ-
ત્વના અભાવ માટે શ્રુતિ કહે છે—'यत्र त्वस्य' ઇત્યાદિ. જે વિદ્યાવસ્થામાં એ વિદ્વાન્‌ને સર્વ
આત્મરૂપજ થાય છે તેમાં અવિદ્યાનો ક્ષય થવાથી ભેદભ્રમનો અભાવ હોવાથી આરબ્ધ કર્મ વડે

દ્વિત્વ જેવું હોય ત્યાં એક પુરુષ બીજું જુએ) ઇત્યાદિથી શ્રુતિ સ્વપ્નમાં જોએલ દસ્તી આદિના વ્યવહારની પેઠે અવિદ્યાવિષયમાંજ કર્તૃત્વ આદિ વ્યવહાર દર્શાવે છે; અને 'यत्र त्वस्य सर्वमात्मैवाभूत् तत्केन कं पश्येत्' [બૃહદા૦ ૪।૫।૧૫] (પણ જ્યાં સર્વ એનો આત્માજ થાય છે ત્યાં શેને શા વડે જુએ) ઇત્યાદિથી વિવેકીને કર્તૃત્વ આદિ વ્યવહારનો અભાવ દર્શાવે છે ॥ ૧૨ ॥

अन्तर उपपत्तेः ॥ १३ ॥

(આંખને વિષે) અભ્યન્તર (પુરુષ પરમાત્મા છે), ઉપપત્તિથી ॥ ૧૩ ॥

'य एषोऽक्षिणि पुरुषो दृश्यत एष आत्मेति होवाचैतदमृतमभयमेतद्ब्रह्मेति। तद्यद्यप्यस्मिन्सर्पिर्वोदकं वा सिञ्चति वर्त्मनी एव गच्छति' [છાન્દો૦ ૪।૧૫।૧] (આંખને વિષે

[illegible] હોય તોપણ સ્વયન વ્યાપારને વિષે અભિમાન નથી તેથી ક્યા કરણથી ક્યા વિષયને ક્યો કર્તા જોએ (એ વાક્યથી પણ શ્રુત્યુક્ત અર્થ કહે છે—'વિવેકીને.' [illegible] અવિદ્ધ [illegible] ચૈતન્ય ભિન્ન જેવું થાય છે તેમાં દ્રષ્ટૃત્વ આદિ હોય છે, વસ્તુસ્વરૂપ સમજ્યે હોતું નથી એવું તાત્પર્ય છે. આ પ્રમાણે જીવનું ભોક્તૃત્વ મિથ્યા હોવાને લીધે તે પણ એકલો તે બ્રહ્મસ્વરૂપ છે એમ શ્રુતિ પ્રમાણ કહે છે આથી 'द्वा सुपर्णा' ઇત્યાદિ પૂર્વપક્ષ કે ઉત્તરપક્ષને અનુકૂળ નથી તેથી ઉદાહરણ નથી, માટે 'ऋतं पिबन्तौ' એ વાક્યજ ગુહાધિકરણનું ઉદાહરણ સમજવું ॥ ૧૨ ॥

ઉપકોસલવિદ્યા ઉક્ત કરે છે. ઉપકોસલનું ઉપાખ્યાન નીચે પ્રમાણે છે —કામલાયન ઉપકોસલ, સત્યકામ જાબાલને ત્યાં બ્રહ્મજ્ઞાન માટે બ્રહ્મચર્યાશ્રમમાં રહ્યો, અને બાર વર્ષ તે આચાર્યના અગ્નિની સેવા કરી. તે આચાર્યે બીજા બ્રહ્મચારીઓને સ્વાધ્યાય શીખવી સમાવર્તન કરે [illegible], પણ તે એકલા ઉપકોસલનેજ સમાવર્તન કરાવ્યું નહિ. તેની સ્ત્રીએ સમાવર્તન કરાવવા માટે તેની પ્રાર્થના કરી તે [illegible] વિના આચાર્ય પ્રવાસ ગયા. પછી ઉપકોસલ રોગે ખાવું [illegible] હતો અને અગ્નિપરિચર્યામાં કુશળ હતો તે ગુરુભક્તિ અને શ્રદ્ધાવાન ઉપકોસલ પર ત્રણ અગ્નિઓએ આવીને તેને બ્રહ્મવિદ્યા સમજાવી કે—'प्राणो ब्रह्म कं ब्रह्म खं ब्रह्म' (પ્રાણ બ્રહ્મ છે ક બ્રહ્મ છે, ખ બ્રહ્મ છે). ઉપકોસલે કહ્યું હું જાણું છું કે પ્રાણ બ્રહ્મ છે, કેમકે તે [illegible] છે અને [illegible] હોવાથી બ્રહ્મરૂપ મનાયો છે. પણ ક બ્રહ્મ છે, ખ બ્રહ્મ છે એ હું જાણતો નથી, કેમકે વિષય અને ઇન્દ્રિયના [illegible] ઉત્પન્ન થતું [illegible], અને અચેતન [illegible] બ્રહ્મ થવા યોગ્ય નથી. પછી એને અગ્નિઓએ પ્રતિવચન કહ્યું, 'यद्वाव कं तदेव खं यदेव खं तदेव कम्' (જે ખરેખર ક છે તેજ ખ છે, જેજ ખ છે તેજ ક છે) એમ એકઠું કરીને તેઓના પ્રત્યેકે સ્વવિષયક વિદ્યા કહી—'पृथिव्यग्निरन्नमादित्यः' (પૃથ્વી અગ્નિ છે, અન્ન આદિત્ય છે) ઇત્યાદિ વળી તે ત્રણ અગ્નિઓએ એકઠા થઈ કહ્યું, હે સોમ્ય, અમે પ્રત્યેકે તને સ્વવિષયક વિદ્યા કહી અને આત્મવિદ્યા અને આચાર્ય એકઠા થઈ પૂરી કરી છે કે, 'प्राणो

---

૧ પ્રતિબિંબસ્વરૂપ [illegible]

स्थानादिव्यपदेशाच्च ॥ १४ ॥

અને સ્થાનાદિના વ્યપદેશથી (અક્ષિસ્થાનની ઉક્તિ અયુક્ત નથી) ॥ ૧૪ ॥

પણ આકાશની પેઠે સર્વગત બ્રહ્મને અલ્પ સ્થાન આંખ, શી રીતે યુક્ત છે? [illegible]ને વિષે કહીએ છીએ—જો એનું એજ એક સ્થાન નિર્દિષ્ટ હોય તો એ અનુપ[illegible]પત્તિ થાય, પણ પૃથિવી, આદિ બીજાં પણ સ્થાનો એનાં નિર્દિષ્ટ કર્યાં છે—'યઃ પૃથિવ્યાં તિષ્ઠન' [બૃહ૦ ૩।૭।૩] (જે પૃથિવીમાં રહેતો) ઇત્યાદિથી. [illegible]'યશ્ચક્ષુષિ તિષ્ઠન' (જે આંખમાં રહેતો) ઇત્યાદિથી આંખ પણ નિર્દિષ્ટ છે. તેમાં 'સ્થાનાદિ[illegible]વ્યપદેશાત્' એ સૂત્રમાં આદિનું ગ્રહણ કર્યું છે તેથી (સૂત્રકાર) આ દર્શાવે છે કે કેવળ સ્થાનજ એક બ્રહ્મને અનુચિત નિર્દેશ કરાતું જોવામાં આવે છે એમ નથી. [illegible]ત્યારે શું ? નામ અને રૂપ વગેરે એવું, જેને નામ અને રૂપ નથી એવા બ્રહ્મને અ[illegible]નુચિત, નિર્દેશ કરાતું જોવામાં આવે છે—'તસ્યોદિતિ નામ', 'હિરણ્યશ્મશ્રુઃ' [છાન્દો૦ [illegible]૧।૬,૬] (તેનું ઉદ્ એવું નામ છે. સુવર્ણ જેવી મૂછવાળું) ઇત્યાદિ. બ્રહ્મ નિર્ગુણ તોપણ નામ અને રૂપમાં રહેલા ગુણો વડે ઉપાસના માટે સ્થળે સ્થળે સગુણ [illegible]વ એમ ઉપદેશ કરાય છે એ પણ કહ્યુંજ છે. સર્વગત છે તોપણ ઉપલબ્ધિને [illegible]ર્થે બ્રહ્મનું વિશિષ્ટ સ્થાન શાલગ્રામમાં વિષ્ણુની પેઠે વિરુદ્ધ નથી એ પણ કહ્યું [illegible]ચ ॥ ૧૪ ॥

सुखविशिष्टाभिधानादेव च ॥ १५ ॥

અને સુખવિશિષ્ટના અભિધાનથીજ (આંખને વિષે જે પુરુષ દેખાય છે તે બ્રહ્મ છે) ॥ ૧૫ ॥

વળી આ વાક્યમાં બ્રહ્મનું અભિધાન છે કે નહિ તેને વિષે વિવાદ કરવો યુક્ત નથી, કેમકે સુખવિશિષ્ટના અભિધાનથીજ બ્રહ્મત્વ સિદ્ધ છે. 'પ્રાણો બ્રહ્મ કં બ્રહ્મ [illegible]

ઉપરના ઉત્તરરૂપ સૂત્ર કહે છે—'સ્થાનાદિવ્યપદેશાચ્ચ.' સ્થાન, નામ અને રૂપને [illegible]ધ્યાનને માટે કોઈ શ્રુતિમાં પણ ઉપદેશ છે તેથી અક્ષિસ્થ ન કહ્યું છે તે દોષ નથી એમ સૂત્રની [illegible] [illegible] કહે છે—'પણ આકાશની પેઠે' ઇત્યાદિ. [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

[illegible] તો અર્થ છે. પરિહાર કરે છે—'એને વિષે કહીએ છીએ.' [illegible] [illegible] [illegible]ની પેઠે, મહાન્ એવો જે પરમાત્મા તેને [illegible] [illegible] કહેવું એ પણ અયુક્ત છે, તો એનો [illegible] [illegible] [illegible] [illegible]

[illegible] શ્રુતિ કહે છે—'બ્રહ્મ નિર્ગુણ છે તોપણ' ઇત્યાદિ. 'સર્વગત છે તોપણ' ઇત્યાદિ.

[illegible] [illegible] યુક્ત છે. [illegible] નથી એમ [illegible] [illegible] [illegible] [illegible]

[illegible] [illegible] [illegible] છે [illegible]

'रश्मिभिरेषोऽस्मिन् प्रतिष्ठितः' [બૃહ૦ ૫।૫।૨] (કિરણો વડે એ એને વિષે પ્રતિષ્ઠિત છે) એવી શ્રુતિ છે; અને અમૃતત્વ આદિનો દેવતાઓને વિષે કોઈ પણ પ્રકારે સંભવ છે. પણ ઈશ્વર (સમજતો) નથી; કેમકે અમુક સ્થાનનો નિર્દેશ છે. એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ. આંખને વિષે આભ્યન્તર પુરુષ તરીકે પરમેશ્વરજ અહિં ઉપદિષ્ટ છે. શાથી? ઉપપત્તિથી. ખરેખર જે ગુણસમૂહ અહિં [1]ઉપદિશ્યમાન છે તે પરમેશ્વરને વિષે યુક્ત છે. પ્રથમ તો આત્મત્વ મુખ્ય [2]વૃત્તિથી પરમેશ્વરને વિષે યુક્ત થાય છે; કેમકે 'स आत्मा तत्त्वमसि' (તે આત્મા, તે તું છે) એવી શ્રુતિ છે. અમૃતત્વ અને અભયત્વ તેને વિષે શ્રુતિમાં વારંવાર પ્રતિપાદન કર્યાં છે. તેમજ એ આંખનું સ્થાન પરમેશ્વરને અનુરૂપ છે. ખરેખર, જેમ પરમેશ્વર સર્વ દોષોથી [3]અલિપ્ત છે, કેમકે પાપરહિતત્વ વગેરે ધર્મો શ્રુતિપ્રતિપાદિત છે, તેમ આંખનું સ્થાન સર્વલેપરહિત ઉપદેશ કરાયલું છે; કેમકે 'तद्यद्यप्यस्मिन् सर्पिर्वोदकं वा सिञ्चति वर्त्मनी एव गच्छति' (જોકે એને વિષે ઘી કે ઉદક સિંચે છે તોપણ તે પાંપણમાંજ જાય છે) એવી શ્રુતિ છે. સકલ કામના પ્રાપ્ત કરવાનો હેતુ ઇત્યાદિ ધર્મના ઉપદેશ તેનેજ વિષે ઘટે છે. 'एतं संयद्वाम इत्याचक्षते एतं हि सर्वाणि वामान्यभिसंयन्ति' [છાન્દો૦ ૪।૧૫।૨] (એને સંયદ્વામ એમ કહે છે; કેમકે સર્વ કર્મફળો એને અભિલક્ષીને ઉત્પન્ન થાય છે), 'एष उ एव वामनीरेष हि सर्वाणि वामानि नयति' [છાન્દો૦ ૪।૧૫।૩] (એજ ખરેખર વામની છે; કેમકે એ સર્વ ફળોને પ્રાપ્ત કરાવે છે)' અને 'एष उ एव भामनीरेष हि सर्वेषु लोकेषु भाति' [છાન્દો૦ ૪।૧૫।૪] (એજ ખરેખર ભામની છે; કેમકે એ સર્વ લોકોને વિષે પ્રકાશે છે) તેનેજ વિષે ઘટે છે. એટલા માટે ઉપપત્તિથી (આંખની) આભ્યન્તર પુરુષ પરમેશ્વર છે ॥ ૧૩ ॥

ત્યાદિ. સિદ્ધાન્ત કહે છે—'આંખને વિષે આભ્યન્તરપુરુષ તરીકે' ઇત્યાદિ. બહુ પ્રમાણોનો સંવાદ-એકના તાત્પર્ય સમજવામાં અનુકૂળ થાય છે. ઉપક્રમમાં રહેલા એક લિંગના કરતાં વાક્યશેષમાં રહેલાં અનેક લિંગ બળવાન છે, આ ન્યાયને અનુસરી આત્મશ્રુતિ અને બ્રહ્મશ્રુતિથી દૃશ્યત્વલિંગનો બાધ થાય છે એમ કહે છે—'संयद्वाम' ઇત્યાદિ. વામ-કર્મફળ એ અક્ષિપુરુષને ઉદ્દેશીને ઉત્પન્ન થાય છે. એ સર્વ ફળોદયનો હેતુ છે. संयन्ति संगच्छमानानि वामानि पुण्यफलान्यनेनेति संयद्वामः परमात्मा. લોકોને કર્મની ફળદાતા પણ એજ છે.—'वामनीः'. वामानि पुण्यफलानि लोकं नयतीति वामनीः. તેજ ભામની—લોકોને પ્રકાશ પ્રાપ્ત કરાવનાર છે એમ કહે છે—'भामनीः.' भामानि भानानि नयति लोकमिति भामनीः તેજ સર્વપ્રકાશક છે એવો અર્થ છે. શ્રુતિ કહે છે કે 'तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति.' (તે પ્રકાશમાનની પાછળ સર્વ પ્રકાશે છે, તેના પ્રકાશથી આ સર્વ પ્રકાશે છે) ॥ ૧૩ ॥

---

૧ કહેલ કહેવા. ૨ દર્શનવ્યાપાર. ૩ અસ્પૃષ્ટ.

સ્થાનાદિવ્યપદેશાચ્ચ ॥ ૧૪ ॥

અને સ્થાનાદિના વ્યપદેશથી (અક્ષિસ્થાનની ઉક્તિ અયુક્ત નથી) ॥ ૧૪ ॥

પણ આકાશની પેઠે સર્વગત બ્રહ્મને અલ્પ સ્થાન આંખ, શી રીતે યુક્ત છે? એને વિષે કહીએ છીએ—જો એનું એક જ એક સ્થાન નિર્દિષ્ટ હોય તો એ અનુપપત્તિ થાય. પણ પૃથિવી, આદિ બીજાં પણ સ્થાનો એનાં નિર્દિષ્ટ કર્યાં છે—'યઃ પૃથિવ્યાં તિષ્ઠન્' [બૃહ૦ ૩।૭।૩] (જે પૃથિવીમાં રહેતો) ઇત્યાદિથી. તેમાં 'યશ્ચક્ષુષિ તિષ્ઠન્' (જે આંખમાં રહેતો) ઇત્યાદિથી આંખ પણ નિર્દિષ્ટ છે. 'સ્થાનાદિવ્યપદેશાત્' એ સૂત્રમાં આદિનું ગ્રહણ કર્યું છે તેથી (સૂત્રકાર) આ દર્શાવે છે કે કેવળ સ્થાનજ એક બ્રહ્મને અનુચિત નિર્દેશ કરાતું જોવામાં આવે છે એમ નથી. ત્યારે શું? નામ અને રૂપ વગેરે એવું, જેને નામ અને રૂપ નથી એવા બ્રહ્મને અનુચિત, નિર્દેશ કરાતું જોવામાં આવે છે—'તસ્યોદિતિ નામ', 'હિરણ્યશ્મશ્રુઃ' [છાન્દો૦ ૧।૬।૭,૬] (તેનું ઉદ્ એવું નામ છે, સુવર્ણ જેવી મૂછવાળું) ઇત્યાદિ. બ્રહ્મ નિર્ગુણ છે તોપણ નામ અને રૂપમાં રહેલા ગુણો વડે ઉપાસના માટે સ્થળે સ્થળે સગુણ હોય એમ ઉપદેશ કરાય છે એ પણ કહ્યુંજ છે. સર્વગત છે તોપણ ઉપલબ્ધિને અર્થે બ્રહ્મનું વિશિષ્ટ સ્થાન શાસ્ત્રમાં વિષ્ણુની પેઠે વિરુદ્ધ નથી એ પણ કહ્યું છેજ ॥ ૧૪ ॥

સુખવિશિષ્ટાભિધાનાદેવ ચ ॥ ૧૫ ॥

અને સુખવિશિષ્ટના અભિધાનથીજ (આંખને વિષે જે પુરુષ દેખાય છે તે બ્રહ્મ છે) ॥ ૧૫ ॥

વળી આ વાક્યમાં બ્રહ્મનું અભિધાન છે કે નહિ તેને વિષે વિવાદ કરવો યુક્ત નથી, કેમકે સુખવિશિષ્ટના અભિધાનથીજ બ્રહ્મત્વ સિદ્ધ છે. 'પ્રાણો બ્રહ્મ કં બ્રહ્મ

આશંકાના ઉત્તરરૂપ સૂત્ર કહે છે—'સ્થાનાદિવ્યપદેશાચ્ચ.' સ્થાન, નામ અને રૂપોને બ્રહ્મને માટે બીજી શ્રુતિમાં પણ ઉપદેશ છે તેથી અક્ષિસ્થાન કહ્યું છે તે દોષ નથી એમ સૂત્રની યોજના કરવી. આશંકા કહે છે—'પણ આકાશની પેઠે' ઇત્યાદિ. [illegible] સ્થાન જેવું જોવામાં આવે છે, જેમ [illegible] તો અનલ્પ મધુ પરમમહત્ પરમાત્માનું અક્ષિસ્થાન શી રીતે થાય એવો શંકાનો અર્થ છે. પરિહાર કરે છે—'એને વિષે કહીએ છીએ.' [illegible] સોયની અણી વગેરેની પેઠે, મહાન્ એવો જે પરમાત્મા તેને અક્ષિ અક્ષિસ્થાન યુક્ત થાય. [illegible] બ્રહ્મને ગુણસમ્બન્ધ કહેવો એ પણ અયુક્ત છે, તો અનેક દુર્ઘટ વાત પ્રકટ કરવાથી સ[illegible] શી રીતે થાય એમ આશંકા કરી યુક્તિ કહે છે—'બ્રહ્મ નિર્ગુણ છે તોપણ' ઇત્યાદિ. [illegible] પ્રકાર છે તેનો અર્થ કહે છે—'સર્વગત છે તોપણ' ઇત્યાદિ.

વળી પ્રકૃતમાં સન્દેહથી [illegible] પ્રતીતિ યુક્ત છે, [illegible] નથી એમ [illegible] કહે છે—'સુખવિશિષ્ટાભિધાનાદેવ ચ.' બ્રહ્મને માટે જેની કલ્પનાથી સુખવિશિષ્ટ જે પ્રકૃત છે તેનુંજ 'સ એષઃ' (જે એ) એ સર્વનામથી અભિધાન છે તેથી અક્ષિસ્થ

---

૧ જેને સ્થાન હોય તે સ્થાની.

खं ब्रह्म' (પ્રાણ બ્રહ્મ છે, કં બ્રહ્મ છે, ખં બ્રહ્મ છે) એમ વાક્યના [1]ઉપક્રમમાં જે
સુખવિશિષ્ટ બ્રહ્મનો પ્રક્રમ છે તેનુંજ અહિં અભિધાન છે; કેમકે પ્રકૃતનું ગ્રહ
ન્યાય્ય છે. 'आचार्यस्तु ते गतिं वक्ता' [છાન્દો૦ ૪।૧૪।૧] (આચાર્ય તો તને ગ
કહેશે) એમ ગતિમાત્રના અભિધાનની પ્રતિજ્ઞા કરી છે. પણ વાક્યના ઉપક્રમ
સુખવિશિષ્ટ બ્રહ્મનું વિજ્ઞાન થાય છે એમ કેમ? કહીએ છીએ. 'प्राणो ब्रह्म कं ब्र
खं ब्रह्म' (પ્રાણ બ્રહ્મ છે, કં બ્રહ્મ છે, ખં બ્રહ્મ છે) એમ અગ્નિઓનું વચન સાંભળી
ઉપકોસલે કહ્યું, 'विजानाम्यहं यत्प्राणो ब्रह्म कं च तु खं च न विजानामि' (પ્રાણ બ્ર
છે એ હું બરાબર સમજું છું, પણ કંને અને ખંને સમજતો નથી). ત્યારે આ પ્ર
વચન મળ્યું—' यद्वाव कं तदेव खं यदेव खं तदेव कम्' [છાન્દો૦ ૪।૧૦।૫] (ખરેખ
જે કં છે તેજ ખં છે, જેજ ખં છે તેજ કં છે). આમાં ખંશબ્દ [2]લોકમાં ભૂત આકાશ
વિષે [3]નિરૂઢ છે. જો તેના વિશેષણ તરીકે સુખવાચી કંશબ્દનું ગ્રહણ ન કરીએ
તેમ થયે નામ આદિને વિષે છે તેમ કેવલ ભૂત આકાશને વિષે પ્રતીકના અભિ
યથી બ્રહ્મશબ્દ પ્રયુક્ત છે એમ પ્રતીતિ થાય. તેમજ વિષય અને ઇન્દ્રિયોના
યોગથી ઉત્પન્ન થયેલા [4]સામયસુખને વિષે કંશબ્દ પ્રસિદ્ધ હોવાથી જો તેના વિ
પણ તરીકે ખં શબ્દનું ગ્રહણ ન કરીએ તો લૌકિક સુખ તે બ્રહ્મ એમ પ્રતી
થાય. પણ કં અને ખં શબ્દોને પરસ્પર વિશેષણયુક્ત લઈએ તો તેઓ સુખા
બ્રહ્મની પ્રતીતિ કરાવે છે. તેમાં બીજા બ્રહ્મશબ્દનું ગ્રહણ ન કરીએ અને 'કં
બ્રહ્મ' (કં અને ખં બ્રહ્મ) એટલુંજ કહીએ તો કંશબ્દનો વિશેષણ તરીકેજ ઉપ
થવાથી સુખ ગુણભૂત થવાથી [5]ધ્યેય ન થાય. તેમ ન થાય માટે બંને કં અને
લે છે, જેમ પૃથ્વીમાં ઔષધિઓ ઉત્પન્ન થાય છે, જેમ વિદ્યમાન પુરુષમાંથી કેશ અને લોમ સંભવે છે, તેમ અક્ષરમાંથી આહિં વિશ્વ ઉત્પન્ન થાય છે). પણ કરોળીઓ અને પુરુષ, એ બે ચેતનોનું અહિં દૃષ્ટાન્ત તરીકે ગ્રહણ કર્યું છે. અમે કહીએ છીએ કે ના. ખરેખર, માત્ર ચેતનજ ત્યાં સૂત્રનું કારણભૂત કે કેશલોમનું કારણભૂત નથી. ખરેખર, ચેતનથી અધિષ્ઠિત જે કરોળીઆનું અચેતન શરીર છે તે તે સૂત્રનું યોનિ છે અને પુરુષનું શરીર કેશ અને લોમનું કારણભૂત છે એ પ્રસિદ્ધ છે. વળી પૂર્વમતે અદૃશ્યત્વ વગેરે ધર્મોના અભિધાનનો સંભવ હતો તોપણ દ્રષ્ટૃત્વ વગેરે ધર્મોના અભિધાનનો અસંભવ હોવાથી પ્રધાનને સ્વીકાર્યું નહિ. અહિં તો અદૃશ્યત્વ વગેરે ધર્મો પ્રધાનમાં સંભવે છે; અને અહિં વિરુદ્ધ થતા કોઈ પણ ધર્મનું અભિધાન નથી. પણ 'યઃ સર્વજ્ઞઃ સર્વવિદ્' (જે સર્વજ્ઞ, સર્વવેત્તા છે) એ વાક્યશેષ અચેતન પ્રધાનને વિષે સંભવતો નથી તો પ્રધાન ભૂતયોનિ છે એ શી રીતે પ્રતિજ્ઞા કરાય છે? એને વિષે કહીએ છીએ. 'યયા તદક્ષરમધિગમ્યતે', 'યત્તદદ્રેશ્યમ્' (જે વડે તે અવિનાશી પ્રાપ્ત કરાય છે, જે તે અદૃશ્ય છે) એમ અક્ષરશબ્દથી અદૃશ્યત્વ વગેરે ગુણવાળા ભૂતયોનિનું પ્રતિપાદન કરીને અન્તે ફરી શ્રુતિ કહેશે કે 'અક્ષરાત્ પરતઃ પરઃ' [મુણ્ડક ૨।૧।૨] (પર જે અક્ષર તેથી પર), તેમાં અવિનાશીથી જે પર શ્રુતિએ કહ્યો છે તે સર્વજ્ઞ અને સર્વવેત્તા સંભવશે. પ્રધાનજ તો અક્ષરશબ્દથી નિર્દિષ્ટ ભૂતયોનિ છે. જ્યારે યોનિશબ્દ નિમિત્તવાચક લઈએ ત્યારે શારીર પણ ભૂતયોનિ થાય, કેમકે ધર્મ અને અધર્મે કરીને ભૂતસમૂહની સૃષ્ટિ છે. એમ પ્રાપ્ત થયે કહીએ છીએ—અદૃશ્યત્વ વગેરે ગુણવાળો જે આ ભૂતયોનિ છે તે પરમેશ્વરજ છે. અન્ય નથી. એ શી રીતે સમજાય છે? ધર્મની ઉક્તિથી. ખરેખર, અહિં પરમેશ્વરનો ધર્મ ઉચ્ચારાતો દેખાય છે 'યઃ સર્વજ્ઞઃ સર્વવિત્' (જે સર્વજ્ઞ, સર્વવેત્તા છે) એમ. ખરેખર, અચેતન પ્રધાનનું કે જેની દૃષ્ટિ ઉપાધિથી પરિચ્છિન્ન થયલી છે એવા શારીરનું સર્વજ્ઞત્વ કે સર્વવેત્તાપણું સંભવતું નથી. પણ અક્ષરશબ્દથી નિર્દિષ્ટ જે ભૂતયોનિ છે તેથી પરમાં સર્વજ્ઞત્વ અને સર્વવેત્તાપણું છે. ભૂતયોનિમાં નથી એમ કહ્યું

[illegible] છે—પણ કરોળીઓ અને પુરુષ' ઇત્યાદિ. 'અહિં'-અક્ષરથી વિશ્વની [illegible] કરે છે— 'વળી પૂર્વ સ્થલે' ઇત્યાદિ. પણ પ્રધાનને વિષે [illegible] છે એમ [illegible] કરે છે—પણ 'યઃ સર્વજ્ઞઃ' ઇત્યાદિ. 'અક્ષરાત્ પરતઃ પરઃ' [illegible] અક્ષર [illegible] તેનું [illegible] છે, [illegible] સર્વજ્ઞત્વ વગેરે [illegible] કહે છે—એને વિષે કહીએ છીએ' ઇત્યાદિ. 'ભિદ્યતે હૃદયગ્રન્થિઃ' [illegible] છે—એમ પ્રાપ્ત થયે કહીએ છીએ' ઇત્યાદિ. [illegible] 'યઃ સર્વજ્ઞઃ' [illegible] છે—પણ અક્ષરશબ્દથી નિર્દિષ્ટ જે ભૂતયોનિ છે' ઇત્યાદિ. 'અક્ષરાત્ પરતઃ પરઃ' [illegible] સર્વજ્ઞઃ [illegible]

છે. એને વિષે કહીએ છીએ. એમ સંભવતું નથી; કેમકે 'अक्षरात् संभवतीह वि-
श्वम्' (અક્ષરથી આહિં વિશ્વ ઉત્પન્ન થાય છે) એમ પ્રકૃત ભૂતયોનિનો 'જાયમા-
નની પ્રકૃતિ તરીકે નિર્દેશ કરીને પછી પણ સર્વજ્ઞનો 'જાયમાનની પ્રકૃતિ તરીકેજ નિ-
ર્દેશ કરે છે—'यः सर्वज्ञः सर्वविद्यस्य ज्ञानमयं तपः। तस्मादेतद्ब्रह्म नाम रूपमन्नं च जायते ॥'
(જે સર્વજ્ઞ અને સર્વવેત્તા છે, જેનું જ્ઞાનમય તપ છે, તેમાંથી આ કાર્ય-
લક્ષણ બ્રહ્મ ઉત્પન્ન થાય છે, તેમજ નામ, રૂપ અને અન્ન ઉત્પન્ન થાય છે). તેટલા માટે
સમાન નિર્દેશથી ઓળખાતું હોવાથી પ્રકૃતજ અક્ષર ભૂતયોનિના સર્વજ્ઞત્વ અને
સર્વવેત્તાપણું એ ધર્મો કહેવાય છે એમ સમજાય છે. 'अक्षरात् परतः परः' (પર
જે અક્ષર તેથી પર) એમાં પણ પ્રકૃત ભૂતયોનિ અક્ષરથી પર કોઈ છે એમ અભિધાન થતું
નથી. એમ કેમ સમજાય છે? 'येनाक्षरं पुरुषं वेद सत्यं प्रोवाच तां तत्त्वतो ब्रह्मविद्याम्'
[મુણ્ડક ૧।૨।૧૩] (જે જ્ઞાન વડે અક્ષર, સત્ય પુરુષને જાણે તે બ્રહ્મવિદ્યા વાસ્તવિક
રીતે કહેવી જોઈએ) એમ પ્રકૃતજ ભૂતયોનિ, અદૃશ્યત્વ વગેરે ગુણવાળું અક્ષર
વક્તવ્ય છે એમ પ્રતિજ્ઞા કરી છે તેથી. ત્યારે 'अक्षरात् परतः परः' (પર જે અક્ષર
તેથી પર) એમ કેમ વ્યપદેશ કર્યો છે? ઉત્તર સૂત્રમાં અમે તે કહીશું. વળી આહિં
બે વિદ્યા જાણવા યોગ્ય તરીકે કહી છે—'परा चैवापरा च' (પર અને અપર) એમ.
તેમાં ઋગ્વેદાદિ લક્ષણ અપરા વિદ્યા કહીને કહે છે—'अथ परा यया तदक्षरमधिग-
म्यते' (પછી પરા વિદ્યા જે વડે તે અક્ષર સમજાય છે) ઇત્યાદિ. તેમાં પરાવિદ્યાના
વિષય તરીકે અક્ષરનું શ્રવણ થાય છે. પણ જો અદૃશ્યત્વ વગેરે ગુણવાળું પરમેશ્વ-
રથી ભિન્ન અક્ષર છે એમ પરિકલ્પના કરીએ તો એ પરા વિદ્યા થાય નહિ.

(ઉત્પત્તિના આશ્રયનો હેતુ અપાદાન છે) એ પાણિનિના સૂત્ર પ્રમાણે અક્ષર અપાદાન છે
તેથી પંચમ્યન્ત છે: પ્રકૃતિ તરીકે કહેલ એ અક્ષર ભૂતયોનિનું 'तस्मादेतद्ब्रह्म नाम रूपमन्नं च
जायते' એ વાક્યશેષમાં तस्मात् એ પ્રકૃતિથી પ્રત્યભિજ્ઞાન થાય છે એમ સમાધાન કરે છે—
એને વિષે કહીએ છીએ.' ઇત્યાદિ. अक्षरात् એમ પંચમ્યન્ત શ્રુતિથી ભૂતયોનિનું પ્રત્યભિ-
જ્ઞાન થાય છે તેથી ભૂતયોનિ અચેતન છે એમ જે કહ્યું છે તેને વિષે કહે છે—'अक्षरात् परतः
परः' ઇત્યાદિ. એમાં અક્ષરશબ્દથી ભૂતયોનિનો પરામર્શ કરવાનો નથી. પરા વિદ્યાથી પ્રાપ્ય
કરાય એવું કહેલું અક્ષર, ભૂતયોનિ, જ્ઞાનયોગ્ય અક્ષર છે એમ પ્રતિપાદન કરતી 'अक्षरं पुरुषं
वेद' શ્રુતિથી પ્રકૃત છે એમ પ્રથમથી સમજાય છે એમ કહે છે—'येनाक्षरं पुरुषं वेद'
ઇત્યાદિ. જે જ્ઞાનથી અક્ષર, ભૂતયોનિ સર્વજ્ઞ પુરુષને જાણે છે તે બ્રહ્મવિદ્યા યોગ્ય શિષ્યને કહી
એમ ઉપક્રમ કરીને 'अप्राणो ह्यमनाः शुभ्रः' 'अक्षरात् परतः परः' એમ ઉચ્ચમાન પર
ભૂતયોનિ છે એમ સમજાય છે. એમ બ્રહ્મને ક્વચિત્ જગત્પ્રકૃતિ તરીકે અને ક્વચિત્ જગ-
ન્નિમિત્ત તરીકે કહ્યું છે એમાં કંઈ વૈષમ્ય નથી. ત્યારે પંચમ્યન્ત અક્ષર શબ્દનો શો અર્થ છે
એમ આશંકા કરી અજ્ઞાન છે એમ કહીશું એમ કહે છે—એમ કેમ વ્યપદેશ કર્યો છે'
ઇ.દિ. પરા વિદ્યા એ સત્તાથી પણ તેનો વિષય બ્રહ્મ હોવો જોઈએ એમ કહે છે—'વળી
આહિં બે વિદ્યા જાણવા યોગ્ય તરીકે કહી છે.' પણ પ્રધાનવિદ્યા પણ જગતના કારણને

૧ તત્પદમાત્ર. ઉપેત મતું ૨ [illegible]

અને આભ્યન્તર ભાગે અધિષ્ઠાન તરીકે રહેનાર, અજ શ્રુતિમાં પ્રસિદ્ધ છે, પ્રાણરહિત મનોરહિત. શુભ્ર) એ શ્રુતિ પ્રકૃત ભૂતયોનિના શારીરથી વિલક્ષણ કરનારાં વિશેષણો આપે છે. ખરેખર, આ દિવ્યત્વ વગેરે વિશેષણ અવિદ્યાએ ઊભાં કરેલાં નામરૂપ પરિચ્છેદના અભિમાની અને તેના ધર્મોને પોતાને વિષે કલ્પનાર શારીરને યુક્ત નથી, તેઓ માટે સાક્ષાત્ ઔપનિષદ પુરુષનું અહિં અભિધાન થાય છે. તેમજ 'અક્ષરાત્ પરતઃ પરઃ' (પર જે અક્ષર તેથી પર) એ શ્રુતિ પ્રકૃત ભૂતયોનિનો પ્રધાનથી પણ ભિન્ન તરીકે ઉપદેશ કરે છે, જે અક્ષર વ્યાકાર ન પામેલું, નામરૂપના બીજનું સ્વરૂપ, જેમાં ભૂતોના સંસ્કાર છે એવું, ઈશ્વરચિન્માત્ર જેનો આશ્રય છે એવું, તેની ઉપાધિભૂત, સર્વ વિકારથી પર એવું જે અવિકાર, તે અક્ષરથી પર છે એમ ભેદ વ્યપદેશ કર્યો છે તેથી અહિં પરમાત્મા વિવક્ષિત છે એમ એ શ્રુતિ દર્શાવે

[illegible] છે. 'अजः' કોઈથી પણ જન્મ પામતું નથી [illegible] જન્માદિભાવનો અભાવ છે. અવિદ્યાએ કરેલું નામરૂપાત્મક જે શરીર [illegible] 'તેના ધર્મો' તે શરીરના ધર્મો, જાડ્ય, અલ્પત્વ ઇત્યાદિ. પણ પ્રશ્ન [illegible] જે અક્ષર તે સાંખ્યસંમત નથી, કેમકે તેઓ બ્રહ્મ સ્વીકાર [illegible] તેથી [illegible] છે એમ આશંકા કરી તે સિદ્ધાન્તપ્રતિપાદિત માયા [illegible] 'જે અક્ષર વ્યાકાર ન પામેલું' ઇત્યાદિ 'અક્ષર'=પોતાના વિકારમાં [illegible] 'અવ્યાકૃત—વ્યાકાર ન પામેલું તે; અવ્યક્ત, અનાદિ 'નામરૂપના બીજનું સ્વરૂપ'—નામરૂપનું બીજ જે ઈશ્વર, બ્રહ્મ, તેનું શક્તિભૂત આ ઉપરથી એમ [illegible] નિર્વિકાર બ્રહ્મને [illegible] ઘટનાને અર્થે માયાશક્તિની અપેક્ષા છે. ઈશ્વરને [illegible] માયારૂપ ઉપાદાન પણ ઈશ્વરની શક્તિ છે એમ કર્યું છે. 'सर्वज्ञस्येश्वरस्य शक्तिः' [illegible] સૂક્ષ્મ અવસ્થા તે શક્તિ છે તો માયા શી રીતે શક્તિ [illegible] 'भूतसूक्ष्मम्'—જેના ભૂતોના સંસ્કાર સૂક્ષ્મરૂપ છે [illegible] અર્થાત્, સૂક્ષ્મ રૂપ એટે માયા સૂક્ષ્મ અવસ્થાનો આશ્રય છે [illegible] શક્તિ છે એમ કર્યું છે. પણ સૂક્ષ્મ અવસ્થારૂપ [illegible] 'अव्यक्ताश्रया [illegible]' સૂક્ષ્મ અવસ્થાનો જે [illegible] ઉપાદાન [illegible] છે, તો બ્રહ્મ ઉપાદાન છે એવા સિદ્ધાન્તનો નિર્વાહ શી [illegible] 'ईश्वराश्रयम्'. ઈશ્વર એટલે ચિન્માત્ર જેનો આશ્રય છે એવું [illegible] જેનો આશ્રય છે એવું. આ પ્રમાણે વિકાર [illegible] જે માયા તેનું [illegible] 'તેનુંજ ઉપાધિભૂત' એટલે ચિન્માત્રના, ઈશ્વર, [illegible] 'સર્વ વિકારથી પર' [illegible] ઉપાધિ છે [illegible] ઉપાધિ છે [illegible] પર છે '[illegible]' [illegible] 'अक्षर' [illegible] છે—તે અક્ષરથી [illegible] પર [illegible] '[illegible] मूर्त्त [illegible]' [illegible] (૧૦ [illegible]

અહિં પ્રધાન નામનું કોઈ સ્વતન્ત્ર તત્ત્વ સ્વીકારાય છે અને તેનાથી ભિન્ન તરીકેના વ્યપદેશ છે એમ કહ્યું નથી. ત્યારે શું કહ્યું છે? જો પ્રધાન પણ કલ્પાય અને શ્રુતિ સાથે વિરોધ ન આવે એવી રીતે અવ્યાકૃતાદિશબ્દવાચ્ય અને ભૂતસૂક્ષ્મ—જેમાં ભૂતોના સંસ્કાર છે એવું કલ્પાય તો કલ્પો. તેથી ભિન્ન તરીકેના વ્યપદેશથી ભૂતયોનિ પરમેશ્વર છે એ અહિં પ્રતિપાદન કરાય છે ॥ ૨૨ ॥

વળી શાથી પરમેશ્વર ભૂતયોનિ છે?

रूपोपन्यासाच्च ॥ २३ ॥

વળી રૂપના ઉપન્યાસથી (પરમેશ્વર ભૂતયોનિ છે) ॥ ૨૩ ॥

વળી 'अक्षरात् परतः परः' (પર જે અક્ષર તેથી પર) એની પછી 'एतस्माज्जायते प्राणः' (એમાંથી પ્રાણ ઉત્પન્ન થાય છે) એમ પ્રાણથી આરંભી પૃથિવીપર્યન્ત તત્ત્વોની સૃષ્ટિ કહીને તેજ ભૂતયોનિના સર્વવિકારાત્મક રૂપનો ઉપન્યાસ થતો જોઈએ છીએ—'अग्निर्मूर्धा चक्षुषी चन्द्रसूर्यौ दिशः श्रोत्रे वाग्विवृताश्च वेदाः। वायुः प्राणो हृदयं विश्वमस्य पद्भ्यां पृथिवी ह्येष सर्वभूतान्तरात्मा॥' [મુણ્ડક ૨।૧।૪] (દ્યુલોક જેનું મસ્તક છે, ચન્દ્રસૂર્ય નેત્ર છે, દિશાઓ કાન છે, ઉઘાડેલા વેદો જેની વાણી છે, વાયુ પ્રાણ છે, વિશ્વ હૃદય છે, જેના બે પગમાંથી પૃથિવી ઉત્પન્ન થઈ છે એ દેવ વિષ્ણુ સર્વ ભૂતોનો અન્તરાત્મા છે); અને તે પરમેશ્વરનેજ યુક્ત છે; કેમકે તે સર્વ વિકારનું કારણ છે. શારીરને એ યોગ્ય નથી; કેમકે તેનો મહિમા અલ્પ છે. તેમજ

[illegible] કારણક છે. *હૃદય. [illegible] એટલે [illegible] રહેલો [illegible] સર્વ [illegible] છે, [illegible] રહેલો તે હૃદય [illegible] અક્ષર—[illegible] કહેવાય છે [illegible] અને અક્ષર રૂપ અને [illegible] (અહિં પ્રધાન નામનું કોઈ સ્વતન્ત્ર તત્ત્વ' ઇત્યાદિ [illegible] નિરાકરણ થયું એમ વિચારી કહ્યું ॥ ૨૨ ॥

[illegible] 'अग्नि' [illegible] 'वायुः प्राणो' [illegible] 'अक्षरात् परतः' [illegible] 'विवृताः वेदा वाक्' [illegible] 'पद्भ्याम्'—[illegible] તેનો મહિમા અલ્પ છે [illegible]

* [illegible]

એ રૂપનો ઉપન્યાસ પ્રધાનને પણ સંભવતો નથી; કેમકે તે સર્વ ભૂતોનો અન્તરાત્મા સંભવતો નથી. તેટલા માટે પરમેશ્વરજ ભૂતયોનિ છે, બીજા બે (શારીર ને પ્રધાન) નથી એમ સમજાય છે. પણ એ રૂપનો ઉપન્યાસ ભૂતયોનિનો છે એમ શાથી સમજાય છે? પ્રકરણથી અને 'एषः' (એ) એમ પ્રકૃતનું અનુકર્ષણ છે તેથી. ખરેખર, ભૂતયોનિને પ્રકૃત કરીને 'एतस्माज्जायते प्राणः,' 'एष सर्वभूतान्तरात्मा' (એમાંથી પ્રાણ ઉત્પન્ન થાય છે, એ સર્વ ભૂતોનો અન્તરાત્મા છે) એ વચન ભૂતયોનિ વિષેજ છે, જેમ ઉપાધ્યાયને પ્રકૃત કરીને 'एतस्मादधीष्व,' 'एष वेदवेदाङ्गपारगः' (એની પાસે અધ્યયન કર, એ વેદ અને વેદાઙ્ગનો પાર પામ્યો છે) એ વચન ઉપાધ્યાય વિષે થાય છે તેમ. પણ અદૃશ્યત્વાદિ ગુણવાળા ભૂતયોનિનું [1]વિગ્રહવાળું રૂપ શી રીતે સંભવે? [2]સર્વાત્મત્વવિવક્ષાથી એ કહ્યું છે, [3]વિગ્રહવત્ત્વવિવક્ષાથી નહિ એટલે દોષ નથી; 'अहमन्नमहमन्नादः' [તૈત્તિ૦ ૩।૧૦।૬] (હું અન્ન છું, હું અન્નભક્ષક છું) ઇત્યાદિની પેઠે. પણ બીજાઓનું મત આવું છે—આ ભૂતયોનિના રૂપનો ઉપન્યાસ નથી; કેમકે જાયમાન તરીકે ઉપન્યાસ છે. 'एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च । खं वायुर्ज्योतिरापः पृथिवी विश्वस्य धारिणी ॥' (એમાંથી પ્રાણ, મન અને સર્વે ઇન્દ્રિયો ઉત્પન્ન થાય છે, આકાશ, વાયુ, જ્યોતિ, પાણી, અને વિશ્વને ધારણ કરનારી પૃથિવી ઉત્પન્ન થાય છે) એમ પૂર્વે પ્રાણથી આરંભી પૃથિવીપર્યન્ત તત્ત્વસમૂહનો જાયમાન તરીકે શ્રુતિએ નિર્દેશ કર્યો છે. પછી પણ 'तस्मादग्निः समिधो यस्य सूर्यः' (જેનો સમિધ્ સૂર્ય છે એવો અગ્નિ તેમાંથી ઉત્પન્ન થયો) એમ આરંભી 'अतश्च सर्वा ओषधयो रसाश्च' (અને એમાંથી સર્વ ઓષધિઓ અને રસો ઉત્પન્ન થયા) એ પર્યન્ત જાયમાન તરીકેજ નિર્દેશ કરશે. શી રીતે અહિંજ વચમાં એકદમ ભૂતયોનિના રૂપનો ઉપન્યાસ કરે! સર્વાત્મતાનો પણ સૃષ્ટિની પરિસમાપ્તિ કરી 'पुरुष एवेदं विश्वं कर्म' [મુણ્ડ૦ ૨।૧।૧૦] (પુરુષજ આ વિશ્વ, કર્મ છે) ઇત્યાદિથી નિર્દેશ કરશે. ત્રૈલોક્ય જેનું શરીર છે એવા પ્રજાપતિનું જન્માદિ

—ક્તિ છે. જેમ કોઈ જ્ઞાનીના પોતે સર્વાત્મા છે એવું પ્રકટ કરવા માટે 'अहमन्नमहमन्नादः' હું અન્ન છું, હું અન્નભક્ષક છું એમ ગાન ગાય છે, પણ અન્નત્વ કે અન્નભક્ષકત્વની આત્માને વિષે વિવક્ષા કરતો નથી, કેમકે તે નિષ્ફળ છે, તેમ અહિં પણ એમ કહે છે – 'अहमन्नम्' ઇત્યાદિ વૃત્તિકારની વ્યાખ્યાનો દોષ કહે છે—'પણ બીજાઓનું મત આવું છે.' આ સર્વ ભૂતોનો અન્તરાત્મા સૂત્રાત્મા આ ભૂતયોનિથી ઉત્પન્ન થાય છે એમ શ્રુતિના અન્વયથી [illegible] આદિ વચન તરીકે ઉપન્યાસ છે એવો અર્થ છે. 'નિર્દેશ કર્યો છે'—કહ્યું છે. અગ્નિ એટલે દ્યુલોક એનો સમિધ્ સૂર્ય છે તે અગ્નિ પણ તેમાંથી ઉત્પન્ન થયો છે એવો અર્થ છે. કેમકે બીજી શ્રુતિમાં પણ 'तस्यादित्य एव समित्' (સૂર્યજ તેનો સમિધ છે) એમ છે. પૂર્વ અને ઉત્તર સૃષ્ટિ વાક્ય છે તેમ મધ્યમાં પણ સૃષ્ટિજ વાક્ય છે, રૂપ નથી. 'અગ્નિર્મૂર્ધા' (અગ્નિ મસ્તક છે) ઇત્યાદિમાં ભૂતયોનિ સર્વાત્મા છે એમ વિવક્ષિત છે એમ જો કહે છે તે એમ નથી એમ કહે છે—'સર્વાત્મતાનો પણ' ઇત્યાદિ. પણ વિગ્રહવત્ત્વનો જન્મ

૧ [illegible] ૨ [illegible] ૩ [illegible]

શ્રુતિ અને સ્મૃતિમાં નિર્દેશ કરાતું આપણે ઉપલબ્ધ કરીએ છીએ—'હિરણ્યગર્ભઃ સમવર્તતાગ્રે ભૂતસ્ય જાતઃ પતિરેક આસીત્। સ દાધાર પૃથિવીં દ્યામુતેમાં કસ્મૈ દેવાય હવિષા વિધેમ ॥' [ઋ૦ સં૦ ૧૦।૧૨૧।૧] (અગ્રે હિરણ્યગર્ભ ઉત્પન્ન થયો, ઉત્પન્ન થઈ ભૂતોનો તે એક પતિ થયો. તેણે દ્યુલોકને અને આ પૃથ્વીને ધારણ કરી, કયા દેવની હવિષ્યથી પરિચર્યા કરીએ). 'સમવર્તત' નો અર્થ ઉત્પન્ન થયો સમજવો. તેમજ 'સ હિ શરીરી પ્રથમઃ સ વૈ પુરુષ ઉચ્યતે। આદિકર્તા સ ભૂતાનાં બ્રહ્માગ્રે સમવર્તત ॥' (ખરેખર, તે પ્રથમ શરીરી, ખરેખર, તે પુરુષ કહેવાય છે, ભૂતોનો આદિકર્તા તે બ્રહ્મા અગ્રે ઉત્પન્ન થયો). વિકારપુરુષ પણ સર્વ ભૂતોનો અન્તરાત્મા થાય એ સંભવે છે, કેમકે પ્રાણાત્માએ કરીને સર્વ ભૂતોના આત્માને વિષે અવસ્થાન થાય. એ પક્ષમાં 'પુરુષ એવેદં વિશ્વં કર્મ' (પુરુષજ આ સર્વ કર્મ છે) ઇત્યાદિ સર્વરૂપનો ઉપન્યાસ પરમેશ્વરની પ્રતિપત્તિને અર્થે છે એમ વ્યાખ્યાન કરવું ॥ ૨૩ ॥

અન્યત્ર કહ્યો નથી, અહિં શી રીતે પ્રમાણ છે તેને વિષે કહે છે—'શ્રુતિ અને સ્મૃતિમાં' ઇત્યાદિ. હિરણ્યગર્ભ અગ્રે થયા અને ઉત્પન્ન થઈ ભૂતસમુદાયના એક પતિ ઈશ્વરપ્રસાદથી થયા. તે સૂત્રાત્માએ દ્યુલોકને અને આ પૃથ્વીને અને સર્વ સ્થૂલ પદાર્થને ધારણ કીધાં. 'કસ્મૈ'—શ્રીગોવિન્દાનન્દ કહે છે કે 'ક' શબ્દને પ્રજાપતિસંજ્ઞાવાચક લઈએ તો સર્વનામ ન થાય ને સ્મૈ અન્વય ન થાય. તેથી એકારનો લોપ થઈ 'કસ્મૈ'નો અર્થ 'એકસ્મૈ' કરવો અને એક દેવ એટલે પ્રાણ-આત્માની હવિષ્યથી અમે પરિચર્યા કરીએ એમ વ્યાખ્યા કરવી. 'કતમ એકો દેવ ઇતિ પ્રાણઃ' (કયો એક દેવ છે? પ્રાણ છે) એવી શ્રુતિ છે. અથવા જેમાંથી એ ઉત્પન્ન થયો છે તે એક દેવને એવો અર્થ લેવો. કેમકે 'એકો દેવઃ સર્વભૂતેષુ ગૂઢઃ' (એક દેવ સર્વ ભૂતોને વિષે ગૂઢ છે) એવી બીજી શ્રુતિ છે. પણ તે ભૂતોનો અન્તરાત્મા શી રીતે છે તેને માટે કહે છે—'વિકારપુરુષ પણ' ઇત્યાદિ. પૂર્વ કલ્પમાં પ્રકૃષ્ટ ઉપાસનાવાળો અને કર્મનો અનુષ્ઠાન [illegible] વર્તમાન કલ્પના આદિ ભાગમાં હિરણ્યગર્ભ તરીકે પ્રાદુર્ભૂત થયો ને સર્વ પ્રાણિનો અધિ[illegible] હોવાથી અધિષ્ઠાતૃ અને અધિદૈવના અભેદથી પ્રાણાત્માએ સર્વ ભૂતોના દેહમાં આત્મા [illegible] વર્તમાન હતો તોપણ તે સર્વાત્મા થયો એ સિદ્ધ થયું. પૂર્વ કલ્પમાં પ્રકૃષ્ટ ઉપાસના અને કર્મસમુચ્ચયના અનુષ્ઠાનથી આ કલ્પમાં સર્વ પ્રાણિઓના [illegible] મધ્યમાં અન્તર્ગત જ્ઞાનેન્દ્રિય કર્મેન્દ્રિય અને પ્રાણાત્મક સમષ્ટિલિંગશરીર ઉત્પન્ન થયું છે [illegible] સૂત્રાત્મા સર્વ ભૂતોનો અન્તરાત્મા થાય એ યુક્ત છે એવો અર્થ છે. [illegible] કહે છે—'એ પક્ષમાં' ઇત્યાદિ. કર્મ એટલે કર્મસહિત સર્વ. શ્રુતિસ્મૃતિઓમાં કહેલ. અને [illegible] પુરુષજ છે 'પુરુષ એવેદં વિશ્વં કર્મ તપો બ્રહ્મ પરામૃતમ્। એતદ્યો વેદ નિહિતં ગુહાયાં સોઽવિદ્યાગ્રન્થિં વિકિરતીહ સોમ્ય ॥' [મુણ્ડક ૨।૧।૧૦] એ રીતે પુરુષથી એ સર્વ ઉત્પન્ન [illegible] છે. તેથી કાર્યકારણનું વિશ્વ [illegible] અલગ છે. પુરુષજ સત્ય છે એથી પુરુષજ એ સર્વ છે. ખરેખર, વિશ્વ કઈ પુરુષથી ભિન્ન નથી. [illegible] વિશ્વ એટલે શું? કર્મ-[illegible] [illegible] સર્વ બ્રહ્મ પરમ અમૃત [illegible] [illegible] [illegible] છે. [illegible] એમ [illegible] [illegible] ભૂતોને [illegible] છે તેને વિષે [illegible] સમન્વય છે એવો અર્થ છે ॥ ૨૩ ॥

૧ [illegible]

वैश्वानरः साधारणशब्दविशेषात् ॥ २४ ॥

વૈશ્વાનર (પરમાત્મા છે) સાધારણ શબ્દોના વિશેષથી ॥ ૨૪ ॥

'को न आत्मा किं ब्रह्म' [છાન્દો૦ ૫।૧૧।૧] (અમારો આત્મા કોણ છે, બ્રહ્મ શું છે) એમ અને 'आत्मानमेवेमं वैश्वानरं संप्रत्यध्येषि तमेव नो ब्रूहि' [છાન્દો૦ ૫।૧૧।૬] (આત્માનેજ આ વૈશ્વાનરને હાલ તું સ્મરે છે, તેજ અમને કહે) એમ [illegible] કરીને ઘુ, સૂર્ય, વાયુ, આકાશ, વારિ અને પૃથિવીના સુતેજસ્ત્વ વગેરે ગુણ[illegible] અને એકેકની ઉપાસનાની નિન્દાથી વૈશ્વાનર પ્રત્યે એઓના 'મૂર્ધાદિભા[illegible] ઉપયોગ કરીને શ્રુતિ કહે છે—'यस्त्वेतमेवं प्रादेशमात्रमभिविमानमात्मानं वैश्वानरमुपास्ते स सर्वेषु लोकेषु सर्वेषु भूतेषु सर्वेष्वात्मस्वन्नमत्ति तस्य ह वा एतस्यात्मनो वैश्वानरस्य मूर्धैव सुतेजाश्चक्षुर्विश्वरूपः प्राणः पृथग्वर्त्मात्मा संदेहो बहुलो बस्तिरेव रयिः पृथिव्येव पादावुर एव वेदिर्लोमानि बर्हिर्हृदयं गार्हपत्यो मनोऽन्वाहार्यपचन आस्य-

[illegible] 'को न' ઇત્યાદિ [illegible] પ્રાચીનશાલ, [illegible] [illegible] અને અશ્વતરાશ્વનો [illegible] એ પાંચે [illegible] 'को न आत्मा किं ब्रह्म'. [illegible] છે એમ [illegible] નિશ્ચય કરવાની [illegible] ઉદ્દાલક પાસે ગયા. [illegible] ઉદ્દાલકની [illegible] -'आत्मानमेवेमम्' ઇત્યાદિ. 'अध्येषि' [illegible] આત્માનું [illegible] કરે છે, તે આત્માનું અમને [illegible] —'को न आत्मा-[illegible]' [illegible] વૈશ્વાનર [illegible] વાયુને [illegible] આદિત્ય, વાયુ, આ[illegible] અને પૃથિવી [illegible] વિશ્વરૂપત્વ[illegible] [illegible] વૈશ્વાનર [illegible] વૈશ્વાનરનું [illegible]

[illegible] અને પૃથિવી [illegible] —'यस्त्वेतमेवं प्रादेशमात्रम्' ઇત્યાદિ. 'प्रादेशमात्रम्'- [illegible] अभिविमानम्- [illegible]

[illegible]

માહવનીયઃ ' [છાન્દો૦ ૫।૧૮।૧-૨](પણ જે એવા ¹પ્રાદેશમાત્ર, ²અભિવિમાન આત્મા વૈશ્વાનરને ઉપાસે છે તે સર્વ લોકોમાં, સર્વ ભૂતોમાં, સર્વ આત્માઓમાં અન્નભક્ષણ કરે છે. તે આ આત્મા વૈશ્વાનરનું માથું જ પુષ્કળ તેજવાળું છે, ચક્ષુ વિશ્વરૂપ છે, પ્રાણ નાનાપ્રકારની ગતિ જેનો સ્વભાવ છે એવો છે, મધ્યદેહ વ્યાપી છે, મૂત્રસ્થાનજ ધન છે, પાદ પૃથિવીજ છે, ઉરસ્થાન વેદિ છે, લોમ બર્હિ છે, હૃદય ગાર્હપત્ય છે, મન અન્વાહાર્ય અગ્નિ છે, મુખ આહવનીય છે). અહિં સંશય થાય છે કે વૈશ્વાનર શબ્દથી શું જઠરાગ્નિનો ઉપદેશ કરાય છે કે ભૂતાત્માનો કે તેના અભિમાની દેવતાનો, કે શારીરનો કે પરમેશ્વરનો. પણ અહિં સંશયનું કારણ શું છે? વૈશ્વાનર એ જઠરાગ્નિ, ભૂતાગ્નિ અને દેવતાને વિષે સાધારણ શબ્દનો પ્રયોગ છે અને આત્મા એ શારીર અને પરમેશ્વરને વિષે સાધારણ છે તેથી. તેમાં કોનું ગ્રહણ ન્યાય્ય છે અને કોનો ત્યાગ ન્યાય્ય છે તેને માટે સંશય થાય છે. ત્યારે શું પ્રાપ્ત થાય છે? જઠરાગ્નિ પ્રાપ્ત થાય છે. શાથી? ખરેખર, તે વિશેષ અર્થમાં ક્વચિત્ પ્રયોગ દેખાય છે—' अयमग्निर्वैश्वानरो योऽयमन्तः पुरुषे येनेदमन्नं पच्यते यदिदमद्यते ' (આ અગ્નિ વૈશ્વાનર, જે એ પુરુષની અંદર છે, જેવડે આ અન્ન પચે છે, જે આ ખવાય છે) ઇત્યાદિમાં. અથવા અગ્નિમાત્ર થાય; કેમકે સામાન્ય અર્થમાં પણ પ્રયોગ જણાય છે—' विश्वस्मा अग्नि

પ્રદેશપરિમાણ, અભિવિમાન આત્માને ભજે છે તે દ્યુલોકાદિ સર્વ લોકોમાં, સ્થાવર અને જંગમ સર્વ ભૂતોમાં, દેહેન્દ્રિયમનોબુદ્ધિરૂપ એ સર્વ આત્માઓમાં 'અન્નભક્ષણ કરે છે,' એટલે સર્વત્ર ભોગ ભોગવે છે, તે તે સર્વસંબન્ધીઓનું ફળ ભોગવે છે. 'बस्तिरेव रयिः'=પાણીથી અન્ન અને અન્નથી ધન ઉત્પન્ન થાય છે તેથી પાણીને રયિઃ કહ્યું છે અને મૂત્રરૂપ પાણીનું બસ્તિ સ્થાન છે માટે બસ્તિજ રયિ છે એમ કહ્યું છે. આ પ્રમાણે વૈશ્વાનર ભોક્તા છે તેના ભોજનને વિષે અગ્નિહોત્રના પ્રતિપાદન કરવા કહે છે—' उर एव वेदिः ' વેદિસદૃશ હોવાથી ઉરસ્થાનને વેદિ કહ્યું છે. 'लोमानि बर्हिः '=વેદિ પર જેમ બર્હિઃ—કુશ-દર્ભ પાથરેલું હોય છે તેમ ઉરસ્થાન પર લોમ-રૂવાં છે. ' હૃદય ગાર્હપત્ય છે '=ગૃહપતિ નિત્ય રાખે તે ગાર્હપત્ય અગ્નિ. ' મન અન્વાહાર્ય અગ્નિ છે ' ' पितृणां मासिकं श्राद्धमन्वाहार्यं विदुर्बुधाः ' (મનુ૦ ૩।૧૨૩) અમાવાસ્યાને દિવસે થતું પિતૃઓનું માસિક શ્રાદ્ધ તે અન્વાહાર્યશ્રાદ્ધ અને તે શ્રાદ્ધમાં જે દક્ષિણાગ્નિ વપરાય છે તે અન્વાહાર્ય અગ્નિ છે. ' મુખ આહવનીય છે ' ગાર્હપત્ય અગ્નિમાંથી આણેલો તે આહવનીય અગ્નિ. અન્ન મુખમાં હોમાય છે માટે મુખને આહવનીય અગ્નિ કહ્યું છે. પૂર્વ અધિકરણમાં અદૃશ્યત્વાદિ સાધારણ ધર્મ (બ્રહ્મ અને પ્રધાન બનેમાં રહેલો ધર્મ) વાક્યશેષમાં રહેલા સર્વજ્ઞત્વાદિ લિંગે કરીને બ્રહ્મપર છે એમ પ્રતિપાદન કર્યું, તે પ્રમાણે અહિં પણ ઉપક્રમમાં રહેલો સાધારણ વૈશ્વાનરશબ્દ વાક્યશેષમાં રહેલા હોમાધારત્વ લિંગે (ઉરસ્થાનજ વેદિ-હોમાધારસ્થાન છે એ લિંગે) જઠરાગ્નિપર છે એમ દૃષ્ટાન્તથી પૂર્વપક્ષ કરે છે—' ત્યારે શું પ્રાપ્ત થાય છે? ' ઇત્યાદિ. પૂર્વપક્ષમાં જઠરાગ્નિનું ધ્યાન એ ફળ છે અને ઉત્તરપક્ષમાં બ્રહ્મધ્યાન ફળ છે. જે ખવાય તે અન્ન, તે અન્ન જે વડે પચે છે તે અગ્નિ પુરુષ-શરીરની અંદર છે એવો ' अयमग्निर्वैश्वानरः ' ઇત્યાદિનો અર્થ છે. પક્ષાન્તર કહે છે—' અથવા અગ્નિમાત્ર થાય ' ' विश्वस्मा अग्नि भुवनाय ' ઇત્યાદિ. દેવોએ સર્વભુવનોને માટે વૈશ્વાનર

1 પ્રાદેશ=અંગૂઠો અને તર્જનીથી બનેલી વેંત, અંગૂઠો અને તેની પાસેની તર્જની આંગળી એ બે પ્રસાર કરવાથી બનેલી જગા ભપાય તે. 2 અભિમુખ્યે-પ્રત્યક્‌તાએ વિશ્વને ભમનાર.

ભુવનાય દેવા વૈશ્વાનરં કેતુમહ્નામકૃણ્વન્' [ઋ૦ સં૦ ૧૦।૮૮।૧૨] (સર્વ ભુવનોને માટે દેવોએ વૈશ્વાનર અગ્નિને દિવસોનો કેતુ[1] કર્યો) ઇત્યાદિમાં. અથવા અગ્નિ જેનું શરીર છે એવો દેવતા થાય; કેમકે તેને વિષે પણ પ્રયોગ દેખાય છે.—'વૈશ્વાનરસ્ય સુમતૌ સ્યામ રાજા હિ કં ભુવનાનામભિશ્રીઃ' (વૈશ્વાનરની સુમતિમાં અમે થઈએ; કેમકે તે સુખ આપનાર ભુવનોનો રાજા, જેની શ્રી અભિમુખ છે એવો છે) ઇત્યાદિ શ્રુતિ ઐશ્વર્ય વગેરેથી યુક્ત દેવતાને વિષે સંભવે છે. જો આત્મશબ્દના સામાનાધિકરણ્યથી અને ઉપક્રમમાં 'કો ન આત્મા કિં બ્રહ્મ' (કોણ અમારો આત્મા, શું બ્રહ્મ) એમ કેવળ આત્મશબ્દના પ્રયોગથી આત્મશબ્દને વશ વૈશ્વાનરશબ્દ લાવવો એમ કહેવાય, તોપણ શારીર આત્મા થાય; કેમકે ભોક્તા હોવાથી તે વૈશ્વાનરની સમીપ છે; અને પ્રાદેશમાત્ર એ વિશેષણનો ઉપાધિપરિચ્છિન્ન[2] તે શારીરને વિષે સંભવ છે. તેટલા માટે ઈશ્વર વૈશ્વાનર નથી એમ પ્રાપ્ત થયે આ કહીએ છીએ—વૈશ્વાનર પરમાત્મા હોવો જોઈએ. શાથી? સાધારણ શબ્દવિશેષથી. સાધારણ શબ્દોનો વિશેષ તે સાધારણશબ્દવિશેષ. જોકે આ બંને આત્મવૈશ્વાનર શબ્દો સાધારણ છે, વૈશ્વાનર શબ્દ તો ત્રણ અર્થમાં સાધારણ છે અને આત્મશબ્દ બે અર્થમાં, તોપણ વિશેષ દેખાય છે કે જેથી તેઓ પરમેશ્વરપર છે એમ સ્વીકારાય છે—'તસ્ય હ વા એતસ્યાત્મનો વૈશ્વાનરસ્ય

નર અગ્નિને દિવસોનો કેતુ-ચિહ્ન, અર્થાત્, સૂર્ય કર્યો. દિવસોનો કેતુ સૂર્ય છે; કેમકે સૂર્યોદય થાય છે ત્યારે દિનવ્યવહાર થાય છે. 'અગ્નિ છે શરીર જેનું એવો દેવતા થાય'—વૈશ્વાનર થાય એમ સમજવું. 'વૈશ્વાનરસ્ય સુમતૌ' ઇત્યાદિ. વૈશ્વાનર દેવની શોભન બુદ્ધિને વિષે અમે થઈએ અર્થાત્, તેની અમારી વિષે સુમતિ થાઓ. તેનો હેતુ કહે છે—'રાજા હિ કં ભુવનાનામ્' ઇત્યાદિ. કેમકે ભુવનોનો એ રાજા સુખનો હેતુ છે, અને અભિમુખ છે શ્રી જેની એવો ઈશ્વર છે. સ્વપક્ષમાં અરુચિ-અસંતોષ દર્શાવી કહે છે—'જો આત્મશબ્દના સામાનાધિકરણ્યથી' ઇત્યાદિ. 'આત્મા વૈશ્વાનરઃ' (આત્મા વૈશ્વાનર છે) એમ શ્રુતિથી આત્મશબ્દનું વૈશ્વાનર શબ્દ સાથે સામાનાધિકરણ્ય છે. 'કેવળ આત્મશબ્દના પ્રયોગથી'—વૈશ્વાનરશબ્દ વગર માત્ર આત્મશબ્દના પ્રયોગથી જીવ જઠરાગ્નિ વૈશ્વાનર છે એ મુખ્ય પૂર્વપક્ષ છે. શ્રીમના સ્વરૂપ વિષયી. વૈશ્વાનર દેવતાથી છે માટે આત્મા છે અને શ્રુતિએ ધુલોકાદિ મર્યાદિ છે એવી કલ્પના કરી છે તેથી જીવત્-મોટો હોવાથી બ્રહ્મ છે એમ સમજવું. સિદ્ધાન્ત કરે છે—'આ કહીએ છીએ' ઇત્યાદિ. ઉપક્રમમાં આવેલી સાધારણ શ્રુતિઓના (વૈશ્વાનર અને આત્મન્ એ શબ્દો અનેક અર્થના સાધારણ છે તેને લગતી શ્રુતિઓના) 'કો ન આત્મા કિં બ્રહ્મ,' 'આત્માનમેવ વૈશ્વાનરં સંપ્રત્યધ્યેષિ તમેવ નો બ્રૂહિ' [છાન્દો૦ ૫।૧૧।૧ અને ૫।૧૧।૬] વિશેષથી ('તસ્ય હ વા એતસ્યાત્મનો વૈશ્વાનરસ્ય મૂર્ધૈવ સુતેજાઃ' ઇત્યાદિ [છાન્દો૦ ૫।૧૮।૨] એ શ્રુતિમાં આવેલા વિશેષથી), શ્રુતિએ પ્રથમ પ્રતિપાદન કરેલા મુખ્ય ત્રૈલોક્યશરીરરૂપ લિંગથી (ધુલોક મસ્તક છે, આદિત્ય નેત્ર છે, વાયુ પ્રાણ છે એમ વૈશ્વાનરનું શરીર ત્રૈલોક્ય છે એમ પ્રતિપાદન કર્યું છે તે લિંગથી) વૈશ્વાનર શબ્દ સર્વાત્મક ઈશ્વરપર છે. એ યુક્ત છે; પણ શ્રુતિએ પાછળથી પ્રતિપાદન કરેલા કલ્પિત ઉપાસ્યત્વલિંગથી (ઉર એવ વેદિઃ) એમાં ઉરસ્થાનને વેદી નહિ કહેલું છે તે કલ્પનારૂપ લિંગથી) વૈશ્વાનરને જઠરાગ્નિ કહેવો યુક્ત નથી. એવું બતાવે છે પણ નિર્ણય કરવાને જરૂર નથી છે, આદિત્ય સૂર્ય છે વગેરે વિશેષ બોધ નથી એ બતાવે નિશ્ચ-

---

[1] ચિહ્ન. [2] ઉપાધિપરિચ્છિન્ન

मूर्धैव सुतेजाः' (તે એ આત્મા વૈશ્વાનરનું મસ્તકજ પુષ્કળ તેજવાળું છે) ઇત્યાદિ. ખરેખર, અહિં દ્યુમૂર્ધત્વાદિગુણવિશિષ્ટ, અન્ય અવસ્થામાં આવેલા પરમેશ્વરનેજ પ્રત્યગાત્મા તરીકે આધ્યાનને અર્થે ઉપન્યાસ કર્યો છે એમ સમજાય છે; કેમકે તે કારણ છે. ખરેખર, કાર્યગત સર્વ અવસ્થાથી કારણ અવસ્થાવાળું થાય છે તેથી તેને દ્યુલોકાદિનું અવયવત્વ યુક્ત થાય છે. 'स सर्वेषु लोकेषु सर्वेषु भूतेषु सर्वेष्वात्मस्वन्नमत्ति' (તે સર્વ લોકોમાં, સર્વ ભૂતોમાં, સર્વ આત્માઓમાં અન્ન ભક્ષણ કરે છે) એ પણ સર્વ લોક વગેરેમાં આશ્રય કરવાનું ફળ શ્રુતિ સંપાદન કરે છે તે પરમ કારણનો પરિગ્રહ કરે સંભવે છે. 'एवं हास्य सर्वे पाप्मानः प्रदूयन्ते' [છાન્દો૦ ૫।૨૪।૩] (ખરેખર, એ પ્રમાણે એનાં સર્વ પાપો બળી જાય છે) એ પણ તે જાણનારનાં સર્વપાપપ્રણાશની શ્રુતિ છે. 'कोन आत्मा किं ब्रह्म' (કોણ અમારો આત્મા, શું બ્રહ્મ) એ પણ આત્મ અને બ્રહ્મશબ્દોથી ઉપક્રમ છે. એ પ્રમાણે એ બ્રહ્મલિંગો પરમેશ્વરનુંજ અવગમન કરે છે. તેટલા માટે પરમેશ્વરજ વૈશ્વાનર છે. ॥ ૨૪ ॥

स्मर्यमाणमनुमानं स्यादिति ॥ २५ ॥

સ્મૃતિથી પ્રતિપાદન કરાતું રૂપ (શ્રુતિનું) અનુમાપક થાય તેથી (વૈશ્વાનર પરમાત્મા છે) ॥ ૨૫ ॥

વળી આથી પરમેશ્વરજ વૈશ્વાનર છે; કેમકે પરમેશ્વરનુંજ અગ્નિ મુખ, દ્યુલોક મસ્તક છે એમ એવું ત્રૈલોક્યાત્મક રૂપ સ્મૃતિ પ્રતિપાદન કરે છે—'यस्याग्निरास्यं द्यौर्मूर्धा खं नाभिश्चरणौ क्षितिः। सूर्यश्चक्षुर्दिशः श्रोत्रं तस्मै लोकात्मने नमः॥' (જેનું અગ્નિ મુખ, દ્યુલોક મસ્તક, આકાશ નાભિ, પૃથ્વી ચરણ, સૂર્ય નેત્ર અને દિશાઓ કર્ણ છે તે ત્રૈલોક્યાત્માને નમસ્કાર). એ સ્મર્યમાણ રૂપ મૂલભૂત શ્રુતિનું અનુમાન કરાવનું

રણ કરવા કહે છે—'ખરેખર, અહિં દ્યુમૂર્ધત્વાદિગુણવિશિષ્ટ' ઇત્યાદિ. 'અન્ય અવસ્થામાં આવેલા' ત્રૈલોક્યના આત્મા તરીકે રહેલા. પણ [illegible] પણ ધ્યાનને માટે [illegible] [illegible] શકે એવી શંકા કરી તો યુક્ત નથી. કેમકે અસત્કલ્પનાનો પ્રસંગ [illegible] [illegible] તો ઉપાસન હોવાથી વિશેષ છે તેજ ધ્યાનને માટે કહેવાનો છે એમ કહે છે—'કેમકે [illegible] છે' ઇત્યાદિ. વળી વૈશ્વાનર પરમાત્મા છે તેનું બીજું લિંગ કહે છે—'स सर्वेषु लो[illegible]' ઇત્યાદિ. એમ અગ્નિમાં નાંખેલું [illegible] આદિ બળી જાય છે તેમ એ વિદ્વાન [illegible] [illegible] જે અનર્થના હેતુ છે તે બળી જાય છે એવો 'एवं हास्य सर्वे' ઇત્યાદિ શ્રુતિનો છે. શ્રુતિલિંગથી સિદ્ધ થયલો ઉપસંહાર કરે છે—'તેટલા માટે પરમેશ્વરજ વૈશ્વાનર છે' ઇત્યાદિ.

સ્મૃતિથી પણ શ્રુતિના અર્થનો નિર્ણય કરી શકે છે એમ કહે છે—'સ્મર્યમાણમ્' [illegible] પ્રતિજ્ઞાનો શેષ ભાગ સ્પષ્ટ કરી કહે છે—'વળી આથી'. સૂત્રને સ્પષ્ટ કરવા 'આથી' [illegible] કહે છે—'કેમકે પરમેશ્વરનુંજ' ઇત્યાદિ. સ્મૃતિ કહે છે તે કહે છે—'यस्याग्निः'

[illegible]

એ વૈશ્વાનરશબ્દ પરમેશ્વરપર છે તેનું અનુમાન-લિંગ-ગમક થાય એવો અર્થ છે. इति શબ્દ હેત્વર્થ છે. એ ગમક છે તેથી પણ વૈશ્વાનર પરમાત્માજ છે એવો અર્થ છે. જોકે 'तस्मै लोकात्मने नमः' (તે ત્રૈલોક્યાત્માને નમસ્કાર) એ સ્તુતિ છે, તોપણ એવી સ્તુતિ પણ મૂલભૂત વેદવાક્ય ન હોય તો એવા રૂપમાં બરોબર સંભવે નહિ. 'द्यां मूर्धानं यस्य विप्रा वदन्ति खं वै नाभिं चन्द्रसूर्यौ च नेत्रे । दिशः श्रोत्रे विद्धि पादौ क्षितिं च सोऽचिन्त्यात्मा सर्वभूतप्रणेता ॥' (વિદ્વાનો દ્યુલોકને જેનું માથું, આકાશને નાભિ, ચન્દ્રસૂર્યને નેત્ર, દિશાઓને કાન અને પૃથ્વીને પાદ કહે છે તે અચિન્ત્ય આત્મા અને સર્વ ભૂતોનો પ્રભુ છે એમ જાણ) એવી સ્મૃતિ પણ અહિં કહેવી ॥ ૨૫ ॥

शब्दादिभ्योऽन्तःप्रतिष्ठानाच्च नेति चेन्न तथादृष्ट्युपदेशादसंभवात्पुरुषमपि चैनमधीयते ॥ २६ ॥

શબ્દાદિથી અને અન્તઃપ્રતિષ્ઠાનથી (વૈશ્વાનર પરમેશ્વર) નથી એમ કહેશો તો (અમે કહીએ છીએ કે) ના; કેમકે તેવી રીતની (પરમેશ્વરની) દૃષ્ટિનો (જાઠરાગ્નિને વિષે) ઉપદેશ છે, (દ્યુમૂર્ધત્વ આદિનો જાઠરને વિષે) અસંભવ છે અને (વાજસનેયિશાખાવાળાઓ) એનું (વૈશ્વાનરનું) પુરુષ તરીકે અધ્યયન કરે છે ॥ ૨૬ ॥

અહિં કહે છે—પરમેશ્વર વૈશ્વાનર થવા યોગ્ય નથી. શાથી? શબ્દાદિથી અને અન્તઃપ્રતિષ્ઠાનથી. પ્રથમતો શબ્દ—વૈશ્વાનરશબ્દ પરમેશ્વરને વિષે સંભવતો નથી; કેમકે તે અન્ય અર્થમાં રૂઢ છે. તેમજ 'स एषोऽग्निर्वैश्वानरः' (તે એ વૈશ્વાનર અગ્નિ

ઇત્યાદિ. પણ બીજા આરોપથી પણ સ્તુતિનો સંભવ છે તેથી મૂળ શ્રુતિની અપેક્ષા નથી એવી શંકા દૂર કરવા કહે છે—"જોકે तस्मै" ઇત્યાદિ આકાશ જેનું મસ્તક છે ઇત્યાદિ સ્તુતિ શ્રુતિ વિના નરમને કરવી અશક્ય છે. શ્રુતિથી સ્તુતિનો સંભવ છે માટે અમત્વરોપ યુક્ત નથી. અસ્તુતિરૂપ સ્મૃતિ કહે છે—'द्यां मूर्धानम्' ઇત્યાદિ 'અહિં'=વૈશ્વાનરવિદ્યામાં વૈશ્વાનર ઈશ્વર છે તે સિદ્ધ કરવા ॥ ૨૫ ॥

સિદ્ધાન્તો બીજી રીતે આક્ષેપ કરી સમાધાન કરે છે—'शब्दादिभ्योऽन्तःप्रतिष्ठानाच्च' ઇત્યાદિ. 'શબ્દ'=લિંગ શબ્દ. તેનો સ્ફુટ કરે છે—'વૈશ્વાનરશબ્દ'. અન્ય શબ્દ કહે છે—'તેમજ' ઇત્યાદિ. 'स एषोऽग्निर्वैश्वानरः' એ અગ્નિરહસ્ય વૈશ્વાનરવિદ્યામાં શ્રુતિના કહેલો અગ્નિશબ્દ પરમેશ્વરને વિષે સંભવતો નથી. સૂત્રમાં शब्दादिभ्योऽन्तः આદિ ઇત્યાદિ

૧ અગ્નિરહસ્ય તે

છે) એમાં અગ્નિશબ્દ પરમેશ્વરને વિષે સંભવતો નથી. (શબ્દાદિના) આદિશબ્દથી 'हृदयं गार्हपत्यः' [છાન્દો૦ ૫।૧૮।૨] (હૃદય ગાર્હપત્ય છે) ઇત્યાદિ અગ્નિત્રેતાની કલ્પનાનું, અને 'तद्यद्भक्तं प्रथममागच्छेत्तद्धोमीयम्' [છાન્દો૦ ૫।૧૯।૧] (તેમાં જે અન્ન પ્રથમ આવે તે હોમસાધન છે) ઇત્યાદિથી પ્રાણાહુતિનું (વૈશ્વાનર) અધિકરણ છે એમ કહ્યું છે તેનું ગ્રહણ કરવું. એ હેતુઓથી વૈશ્વાનરને જાઠરાગ્નિ જાણવો યોગ્ય છે. તેમ અન્તઃપ્રતિષ્ઠાન પણ શ્રુતિએ કહ્યું છે—'पुरुषेऽन्तःप्रतिष्ठितं वेद' (પુરુષની અન્દર પ્રતિષ્ઠિત થયેલો તે જાણે છે); અને તે જાઠરાગ્નિને વિષે સંભવે છે. વળી 'मूर्धैव सुतेजाः' (માથુંજ પુષ્કળ તેજવાળું છે) ઇત્યાદિ વિશેષરૂપ કારણથી વૈશ્વાનર પરમાત્મા છે એમ જે કહ્યું છે તેને વિષે કહીએ છીએ—ખરેખર, એવો નિર્ણય શાથી કરવો કે બંને પ્રકારે વિશેષનું પ્રતિભાન થાય છે તોપણ પરમેશ્વરવિષય વિશેષનોજ આશ્રય કરવો અને જાઠરવિષય વિશેષનો નહિ. અથવા અંદર અને બહાર રહેતા ભૂતાગ્નિનો એ નિર્દેશ થશે. ખરેખર, તેનો પણ દ્યુલોકાદિ સાથે સંબન્ધ આ મન્ત્રવર્ણથી સમજાય છે—'यो भानुना पृथिवीं द्यामुतेमामाततान रोदसी अन्तरिक्षम्' [ઋ૦ સં૦ ૧૦।૮૮।૩] (જેણે (ભૂતાગ્નિએ) આ પૃથિવી, દ્યુલોક, દ્યાવાપૃથિવ્યૌ, અને અન્તરિક્ષને તેજ વડે વ્યાપ્ત કર્યાં (તેનું ધ્યાન ધરવું જોઈએ.) ઇત્યાદિમાં. અથવા તે જેનું શરીર છે એવા દેવતાને ઐશ્વર્યના યોગથી દ્યુલોકાદિ અવયવ થશે.

વિવરણ કરે છે—'(શબ્દાદિના) આદિશબ્દથી' ઇત્યાદિ. 'तद्यद्भक्तम्' ઇત્યાદિ तत्= तस्मिन् सति વૈશ્વાનરનું જેને જ્ઞાન છે તેનું ભોજન અગ્નિહોત્ર છે એમ उर एव वेदिः ઇત્યાદિમાં કહ્યું છે તેથી. भक्तम्=અન્ન. होमीयम्=હોમસાધન. તેટલા માટે ભોજનકાલે જે અન્ન પ્રાપ્ત થાય તે હોમવું, તેથી પ્રાણાગ્નિહોત્ર કરવું એવો અર્થ છે. વાજસનેયિશાખાવાળાઓની અગ્નિરહસ્યને વિષે વૈશ્વાનરવિદ્યાનું વિવેચન કરીને 'स यो हैतमग्नि वैश्वानरं पुरुषविधं पुरुषेऽन्तःप્रतिष्ठितं वेद स सर्वत्राश्नाति' એ વચન દેહમાં રહેલા જાઠરને વિષે સમર્થ છે પ્રસિદ્ધિથી એમ કહે છે—'તેમ અન્તઃપ્રતિષ્ઠાન પણ' ઇત્યાદિ. અહિં સૂત્રમાં शब्दादिपदथीજ અન્તઃપ્રતિષ્ઠાનનું ગ્રહણ સમજિત છે તોપણ પૃથક્ કહ્યું છે તે અન્તઃપ્રતિષ્ઠાન પણ વૈશ્વાનરનો અર્થ જાઠરાગ્નિ લેવામાં સાધારણ લિંગ-ગમક છે એમ બતાવવાને માટે છે શબ્દાદિગણથી અન્તઃપ્રતિષ્ઠાન પણ જાઠરાગ્નિનું ગમક છે એમ અભ્યુચ્ચય કરવાનો છે. તોપણ વાજસનેયકમાં મૂર્ધત્વાદિનું શ્રવણ છે તેથી જાઠર ન લેવાય એમ જે કહ્યું છે તેનો અનુવાદ કરે છે—'વળી "मूर्धैव सुतेजाः"' ઇત્યાદિ. એ મૂર્ધત્વાદિ વિશેષ ઈશ્વરપક્ષપાતી છે અને હોમાધારત્વાદિ વિશેષ જાઠરાગ્નિપક્ષપાતી છે એટલે બંને પક્ષનો સરખો ન્યાય થાય છે તોપણ પરમેશ્વરનો વિશેષ જાઠરાગ્નિને વિષે સંભવતો નથી એવી પૂર્વપક્ષી કહે છે—'અથવા અંદર અને બહાર રહેનાં' ઇત્યાદિ. 'એ નિર્દેશ'=મૂર્ધત્વાદિનિર્દેશ. દ્યુલોકને વૈશ્વાનરનું મસ્તક ઇત્યાદિ કહ્યું છે તે જાઠરને વિષે મૂર્ધત્વાદિ શી રીતે સિદ્ધ છે તેને વિષે કહે છે—'ખરેખર, તેનો પણ દ્યુલોકાદિ સાથે સંબંધ' ઇત્યાદિ. 'પણ' એ ઉપસંહારને માટે છે, જેમ ઈશ્વરનો સંબંધ મૂર્ધત્વાદિ સાથે છે તેમ. 'यो भानुना' ઇત્યાદિ. આ પૃથિવીને, વળી દ્યુલોકને, રોદસીને—દ્યાવાપૃથિવીને-પણ, તેમજ પૃથિવી અને દ્યુલોકના મધ્ય અન્તરિક્ષને પણ જે ભૂતાગ્નિએ સ્વપ્રકાશ વડે વ્યાપ્ત કર્યાં છે તેનું ધ્યાન ધરવું એવો અર્થ છે. પણ જડનો મસ્તકાદિ વિશેષ યુક્ત નથી તેથી કહે છે—'અથવા તે જેનું શરીર છે એવા દેવતાને' ઇત્યાદિ. પૂર્વપક્ષનો ઉપસંહાર

તેટલા માટે વૈશ્વાનર પરમેશ્વર નથી. એને વિષે કહીએ છીએ. ના, કેમકે તેવી રીતની દૃષ્ટિનો ઉપદેશ છે. શબ્દાદિ કારણોથી પરમેશ્વરનું પ્રત્યાખ્યાન યુક્ત નથી. શાથી? તેવી રીતની જઠરાગ્નિના અપરિત્યાગવાળી દૃષ્ટિનો ઉપદેશ છે તેથી. અ-[illegible]. પરમેશ્વરની દૃષ્ટિનો જાઠર વૈશ્વાનરમાં અહિં ઉપદેશ કરાય છે, 'મનો બ્રહ્મેત્યુપાસીત' [છાન્દો૦ ૩।૧૮।૧] (મનની બ્રહ્મ તરીકે ઉપાસના કરવી) એની પેઠે. અથવા જાઠર વૈશ્વાનર જેનો ઉપાધિ છે એવા પરમેશ્વરનો અહિં દ્રષ્ટવ્ય તરીકે ઉપદેશ કરાય છે. 'મનોમયઃ પ્રાણશરીરો ભારૂપઃ' [છાન્દો૦ ૩।૧૪।૨] (મનોમય, પ્રાણશરીર, ભારૂપ) ઇત્યાદિની પેઠે. જો અહિં પરમેશ્વરની વિવક્ષા ન હોય અને માત્ર જાઠરાગ્નિનીજ વિવક્ષા હોય, તો 'મૂર્ધૈવ સુતેજાઃ' (માથુંજ પુષ્કળ પ્રકાશવાળું છે) ઇત્યાદિ વિશેષનો અસંભવજ થાય. દેવતા અને ભૂતાગ્નિના સંબંધથી એ વિશેષ ઉપપન્ન કરવો શી રીતે શક્ય નથી તે ઉત્તરસૂત્રમાં કહીશું. જો કેવલ જાઠરાગ્નિનીજ વિવક્ષા હોય, તો પુરુષને વિષે અંદર રહેલાપણુંજ માત્ર તેને ઘટે, પુરુષત્વ નહિ. વાજસનેયિશાખાવાળાઓ એનું પુરુષ તરીકે પણ અધ્યયન કરે છે 'સ એષોઽગ્નિર્વૈશ્વાનરો યત્પુરુષઃ સ યો હૈતમેવમગ્નિં વૈશ્વાનરં પુરુષવિધં પુરુષેઽન્તઃપ્રતિષ્ઠિતં વેદ' [શ૦ બ્રા૦ ૧૦।૬।૧।૧૧] (જે પુરુષ છે તે એ વૈશ્વાનર અગ્નિ છે. ખરેખર, જે એ વૈશ્વાનર અગ્નિને એવી રીતે પુરુષસદૃશ, પુરુષને વિષે અંદર રહેલો જાણે છે તે 'સર્વ ભોગ ભોગવે છે'). સર્વાત્મક હોવાથી પરમેશ્વરનું તો પુરુષત્વ અને પુરુષને વિષે અંદર રહેલા-

[illegible] 'તેટલા માટે વૈશ્વાનર પરમેશ્વર નથી'. [illegible]નો પરિહાર—[illegible] 'એને વિષે કહીએ છીએ'. પરમેશ્વરદૃષ્ટિની ઉપાસના [illegible] વૈશ્વાનરશબ્દો પર [illegible] ઉપાસ્ય એમ ઉપદેશ [illegible] કરે છે—'અથવા જાઠર વૈશ્વાનર જેનો ઉપાધિ છે' ઇત્યાદિ. [illegible] એમ સમજવું. અગ્નિ અને [illegible] ઉપાધિમાન્ ઈશ્વર [illegible] 'જો અહિં પરમેશ્વરની વિવક્ષા ન હોય' ઇત્યાદિ. [illegible] પુરુષત્વાદિ—[illegible] થાય. [illegible] યુક્ત નથી એવો અર્થ છે. ત્યારે પુરુષત્વાદિ [illegible] 'દેવતા અને ભૂતાગ્નિના સંબંધથી' ઇત્યાદિ. [illegible] 'જો કેવલ જાઠરાગ્નિનીજ' ઇત્યાદિ. 'પુરુષમપિ' [illegible] તો [illegible] 'સ એષોઽગ્નિર્વૈશ્વાનરઃ' ઇત્યાદિ. [illegible] પુરુષ [illegible] પુરુષે (દેહે) [illegible] અન્તઃપ્રતિષ્ઠિત છે અને [illegible] પુરુષ છે. [illegible] પુરુષ [illegible] પુરુષવિધ [illegible] પુરુષ [illegible] પ્રતિષ્ઠિત છે અને [illegible] યુક્ત નથી એમ [illegible]

પણ એ બંને યુક્ત છે. જેઓ 'पुरुषविधमपि चैनमधीयते' એમ સૂત્રાવયવનો પાઠ સ્વીકારે છે તેમનો આ અર્થ છે—કેવલ જઠરાગ્નિનો પરિગ્રહ કરીએ તો પુરુષને વિષે અંદર રહેવાપણુંજ માત્ર ઘટે, પણ પુરુષસદૃશત્વ ઘટે નહિ; અને વાજસનેયિ-શાખાવાળાઓ એ પુરુષસદૃશ છે એવું પણ અધ્યયન કરે છે—'पुरुषविधं पुरुषेऽन्तः प्रतिष्ठितं वेद' (પુરુષસદૃશ, પુરુષને વિષે અંદર રહેલા (જે) જાણે છે) એમ. ઘુમૂર્ધત્વથી આરંભી પૃથિવીપ્રતિષ્ઠિતત્વપર્યન્ત જે અધિદૈવ પુરુષસદૃશત્વ છે અને મૂર્ધત્વથી આરંભી ચુબુકપ્રતિષ્ઠિતત્વપર્યન્ત જે અધ્યાત્મ પુરુષસદૃશત્વ પ્રસિદ્ધ છે તે પુરુષસદૃશત્વનું અહિં પ્રકરણથી ગ્રહણ કરવાનું છે ॥ ૨૬ ॥

अत एव न देवता भूतं च ॥ २७ ॥

એથીજ દેવતા અને ભૂતાગ્નિ (વૈશ્વાનર) નથી ॥ ૨૭ ॥

મન્ત્રવર્ણમાં ભૂતાગ્નિનો પણ ઘુલોકાદિ સાથે સંબંધ જોવામાં આવે છે તેથી 'मूर्धैव सुतेजाः' (માથુંજ પુષ્કળ પ્રકાશવાળું) ઇત્યાદિ અવયવકલ્પના તેનીજ થશે અથવા તે જેનું શરીર છે એવા દેવની ઐશ્વર્યયોગથી થશે એમ જે કહ્યું છે તેનો પરિહાર કરવો જોઇએ. એ વિષે કહીએ છીએ. એથીજ ઉક્ત હેતુઓથી વૈશ્વાનર દેવ નથી. તેમજ વૈશ્વાનર ભૂતાગ્નિ પણ નથી. ખરેખર, ઉષ્ણતા અને પ્રકાશ માત્ર જેનું સ્વરૂપ છે એવા ભૂતાગ્નિની ઘુમૂર્ધત્વાદિકલ્પના યુક્ત નથી; કેમકે વિકારને અન્ય વિકારનું સ્વરૂપ થાય એ સંભવ નથી. તેમ ઐશ્વર્યયોગ છે તોપણ દેવને ઘુમૂર્ધ-ત્વાદિકલ્પના સંભવતી નથી; કેમકે તે કારણ નથી અને તેનું ઐશ્વર્ય પરમેશ્વરને અધીન છે; અને એ સર્વ પક્ષોમાં આત્મશબ્દનો અસંભવ તો છેજ ॥ ૨૭ ॥

ધત્વ પણ તેને યુક્ત નથી એમ કહે છે—'જેઓ पुरुषविधमपि' ઇત્યાદિ. પણ બાકર દેહ-વ્યાપી હોવાથી પુરુષવિધત્વ તેને યુક્ત થશે તેને વિષે કહે છે—'ઘુમૂર્ધત્વથી આરંભી' ઇત્યાદિ. પુરુષવિધત્વનો અર્થ દેહવ્યાપિત્વ નથી, પણ વિરાડ્દેહાકારત્વ એ અધિદૈવ પુરુષવિધત્વ છે અને ઉપાસકના મસ્તકથી આરભી ચુબુક-હડપચી પર્યંન્ત અંગોને વિષે ઈશ્વરસંપન્નત્વ એ અધ્યા-ત્મપુરુષવિધત્વ છે એમ સમજવું ॥ ૨૬ ॥

બાકરપક્ષનુ નિરસન કરીને બીજા બે પક્ષનુ નિરસન કરે છે—'अत एव' ઇત્યાદિ. સૂત્ર-વિવરણ કરે છે—'મન્ત્રવર્ણમાં' ઇત્યાદિ. ઉક્ત હેતુઓથી '=શ્રુતિ અને સ્મૃતિથી સમન્ત-ગત્વ, ઘુમૂર્ધત્વાદિસંબંધ, સર્વલોકફલભોગિત્વ, સર્વપાપપ્રલુશ, અને આત્મબ્રહ્મશબ્દોપક્રમ એ ઉક્ત હેતુઓ છે. તેજ હેતુઓનું સ્મરણ કરાવે છે—'ખરેખર, ઉષ્ણતા' ઇત્યાદિ. 'यो भानुना पृथिवीं द्यामुतेमाम्' ઇત્યાદિ મન્ત્રવર્ણ પણ કેવળ ઉષ્ણતા અને પ્રકાશ જેનો વિભવ છે એવા ભૂતાગ્નિનો મહિમા કહેતો નથી, પરંતુ બ્રહ્મવિકારતાથી બ્રહ્મસ્વરૂપ અગ્નિનો મહિમા કહે છે. દેવનું ઐશ્વર્ય નિરંકુશ નથી, પણ ઈશ્વરાધીન છે તેથી ઈશ્વર, જે સર્વનું કારણ છે, તેને ઘુમૂર્ધત્વાદિ ઘટે છે એમ કહે છે—'પરમેશ્વરને અધીન છે'. ત્રણ્ણે પક્ષમાં સાધારણ દોષ કહે છે—'અને એ સર્વ પક્ષોમાં' ઇત્યાદિ. 'અને'થી બ્રહ્મશબ્દનો અયોગ અને સર્વપા-પદાહાદિનો અયોગ-એ બેનો સમુચ્ચય સમજવો ॥ ૨૭ ॥

साक्षादप्यविरोधं जैमिनिः ॥ २८ ॥

સાક્ષાત્ પણ (વૈશ્વાનરની પરમેશ્વર તરીકે ઉપાસનામાં) જૈમિનિ અવિરોધ (માને છે) ॥ ૨૮ ॥

જાઠરાગ્નિ જેનો પ્રતીક છે કે જાઠરાગ્નિ જેનો ઉપાધિ છે એવો પરમેશ્વર ઉપાસ્ય છે એમ પૂર્વે અન્તઃપ્રતિષ્ઠિતત્વ વગેરેને અનુસારે કહ્યું છે. પણ હવે (એમ કહે છે કે) પ્રતીક અને ઉપાધિની કલ્પના વિના પણ, સાક્ષાત્ પણ, પરમેશ્વરની ઉપાસના સ્વીકારવામાં કંઈ વિરોધ નથી એમ જૈમિનિ આચાર્ય માને છે. પણ જાઠરાગ્નિનો સ્વીકાર ન કરીએ તો (વૈશ્વાનર) અન્તઃપ્રતિષ્ઠિત છે એ વચન અને શબ્દાદિ કારણો અસંગત થાય. એને વિષે કહીએ છીએ. પ્રથમ અન્તઃપ્રતિષ્ઠિત છે એ વચન તો અસંગત નથી. ખરેખર, અહિં 'पुरुषविधं पुरुषेऽन्तःप्रतिष्ठितं वेद' (પુરુષસદૃશ, પુરુષને વિષે અન્તઃપ્રતિષ્ઠિત જે જાણે છે) એ જાઠરાગ્નિને ઉદ્દેશીને કહ્યું નથી; કેમકે તે અપ્રકૃત છે અને શબ્દથી વાચ્ય નથી. ત્યારે કેવી રીતે કહ્યું છે? મસ્તકથી આરંભી ચુબુકપર્યન્ત પુરુષાવયવોમાં જે પ્રકૃત પુરુષસદૃશત્વ કલ્પિત છે તેને ઉદ્દેશીને એ કહ્યું છે કે—'पुरुषविधं पुरुषेऽन्तःप्रतिष्ठितं वेद' (પુરુષસદૃશ, પુરુષની અંદર રહેલું જાણે છે), જેમ વૃક્ષમાં શાખાને પ્રતિષ્ઠિત થયલી જુએ છે તેમ. અથવા જે પ્રકૃત પરમાત્માનો પુરુષસદૃશત્વ અધિદૈવ અને અધ્યાત્મ ઉપાધિ છે તેનું જે કેવલ સા-

---

પૂર્વ સૂત્રમાં અગ્નિ અને વૈશ્વાનર શબ્દો ઈશ્વરલક્ષક છે એમ કહ્યું. હવે પ્રતીક અને ઉપાધિના ત્યાગથી ભગવાન્ વૈશ્વાનરનું દ્યુલોકથી આરંભી પૃથ્વીપર્યન્ત જે અધિદૈવ સ્વરૂપ છે અને મસ્તકથી ચિબુક સુધી જે અધ્યાત્મ સ્વરૂપ છે તદનુગત બ્રહ્મજ ઉપાસ્ય છે, વિરાટ્પુરુષાકાર ભગવાન્ વૈશ્વાનરનું અધ્યાત્મરૂપ મસ્તકથી આરભી ચિબુકપર્યંન્ત છે એમ સાક્ષાત્ પરમેશ્વરની ઉપાસના સ્વીકારવામાં શબ્દાદિ વિરોધ નથી, કેમકે શબ્દો મુખ્યાર્થમાં યોગથી ઈશ્વરવાચક થશે અને અન્તઃસ્થત્વ વગેરે ધર્મો પરમેશ્વરને વિષે સંભવિત છે, એમ કહે છે—'**સાક્ષાત્ પણ પરમેશ્વરની ઉપાસના**' ઇત્યાદિ. સાક્ષાત્ પદનો અર્થ કહે છે—'**પ્રતીક અને ઉપાધિની કલ્પના વિના પણ**'. જાઠરાગ્નિ સાથે સંબંધ વિના ઈશ્વરને ઉપાસ્ય લેવામાં જૈમિનિ શબ્દાદિ વિરુદ્ધ નથી એમ માને છે એવો અર્થ છે. અહિં અન્તઃપ્રતિષ્ઠિત એટલે ઉદરમાં રહેલું એમ સમજવાનું નથી, પણ નખથી શિખા સુધીના અવયવસમુદાયાત્મક પુરુષશરીરને વિષે મસ્તકથી ચુબુકપર્યન્ત અંગો પ્રતિષ્ઠિત-રહેલાં છે જેમ શાખા વૃક્ષમાં—શાખાકાષ્ડ[1]મૂલસ્કન્ધસમુદાયમાં પ્રતિષ્ઠિત છે તેમ. એ અંગોને વિષે સંપન્ન વૈશ્વાનર પુરુષને વિષે અન્તઃપ્રતિષ્ઠિત છે એમ કહેવાય છે. આથી જેમ શાખા પર રહેલું પક્ષી વૃક્ષની અંદર રહેલું કહેવાય છે તેમ વૈશ્વાનર પુરુષમાં અન્તઃસ્થિત છે એમ કહે છે—'**ખરેખર, અહિં "પુરુષવિધમ્"** ઇત્યાદિ. અગ્નિ વગેરે શબ્દ ઈશ્વરવાચક હોવાથી જાઠરાગ્નિ અસંશબ્દિત છે—અગ્નિ વગેરે શબ્દવાચ્ય નથી. અહિં પુરુષના અવયવોમાં ઈશ્વરની સંપત્તિથી તે પુરુષસદૃશ અને અન્તઃસ્થ છે એવું તાત્પર્ય છે. બીજો પક્ષ—બીજું સમાધાન આપે છે—'**અથવા જે પ્રકૃત પરમાત્માનો**' ઇત્યાદિ. પુરુષવિધત્વનો અર્થ પૂર્વ પક્ષમાં લીધો છે તેજ લેવો. 'અન્તઃપ્રતિષ્ઠિત'=મધ્યસ્થ.

---

૧. કાષ્ડ=એક સાંધાથી બીજા સુધી વૃક્ષનો ભાગ.

ક્ષિરૂપ છે તેને ઉદ્દેશીને એ કહ્યું છે—'पुरुषेऽन्तः प्रतिष्ठितं वेद' (પુરુષમાં અંદર રહેલું જાણે છે). પૂર્વાપરપર્યાલોચનથી પરમાત્માનો સ્વીકાર નિશ્ચિત થયો એટલે વૈશ્વાનર શબ્દ કોઈક 'યોગથી' તદર્થક થશે—विश्वश्चायं नरश्चेति–વિશ્વ એવો નર—અથવા વિશ્વેષામયં નરઃ—સર્વેનો એ નર—અથવા विश्वे नरा अस्येति विश्वानरः—સર્વ જેના નર છે તે વિશ્વાનર. અર્થાત્, પરમાત્મા કેમકે તે સર્વાત્મક છે. विश्वानर एव वैश्वानरः—વિશ્વાનર તેજ વૈશ્વાનર. રાક્ષસ, [2]વાયસ આદિમાં છે તે [3]અનન્યાર્થ તદ્ધિત પ્રત્યય છે. અગ્નિ શબ્દ પણ अग्रणीत्व–અગ્રે દોરવાનું, આદિ યોગનો આશ્રય કરવાથી પરમાત્માનેજ લાગુ પડશે. ગાર્હપત્ય આદિ કલ્પના અને પ્રાણાહુતિનું અધિકરણત્વ પરમાત્માને પણ યુક્ત છે; કેમકે તે સર્વાત્મા છે ॥ ૨૮ ॥

પણ પરમેશ્વરનો પરિગ્રહ કરીએ તો [5]પ્રાદેશમાત્ર શ્રુતિ શી રીતે યુક્ત થાય તે શંકા દૂર કરવા તેનું વ્યાખ્યાન કરવાનું આરંભે છે–

अभिव्यक्तेरित्याश्मरथ्यः ॥ २९ ॥

'[6]અભિવ્યક્તિથી (પ્રાદેશમાત્ર શ્રુતિ યુક્ત થાય એમ) આશ્મરથ્ય (માને છે) ॥ ૨૯ ॥

[7]અગ્નિમાત્ર એવા પણ પરમેશ્વરનું પ્રાદેશમાત્રત્વ અભિવ્યક્તિને લીધે થાય.

સાક્ષિરૂપ એવો લક્ષ્યાર્થ લેવો. એમ અન્તઃસ્થત્વ ધર્મનું ઈશ્વરને વિષે વ્યાખ્યાન કરી શબ્દાદિનું વ્યાખ્યાન કરે છે—'પરમાત્માનો સ્વીકાર નિશ્ચિત થયો એટલે' ઇત્યાદિ 'विश्वश्चायं नरो जीवश्च'=વિશ્વ એવો નર એટલે જીવ. કેમકે તે સર્વાત્મક છે. વિશ્વાત્મક હોવાથી વૈશ્વાનર પ્રત્યગાત્મા છે અથવા 'विश्वेषां विकाराणां वा नरः कर्ता'=સર્વ વિકારોનો કર્તા. કેમકે વિશ્વ પ્રપંચ તેનો વિકાર છે 'विश्वे सर्वे नरा जीवा अस्यात्मत्वेन नियम्यत्वेन वा सन्तीति विश्वानरः' સર્વ જીવ આત્મા તરીકે કે નિયમ્ય તરીકે છે અને તે વિશ્વાનર સર્વજીવનાયકમ્યથી તેના આત્મા છે. પછી रक्ष एव राक्षसः, चत्वारो वर्णा एव चातुर्वर्ण्यम्, એમાં જેમ સ્વાર્થવાચક તદ્ધિતપ્રત્યય છે તેમ विश्वानर एव वैश्वानरः એમા પણ સ્વાર્થવાચક તદ્ધિતપ્રત્યય થયો છે. 'नरे संज्ञायाम्' ૬।૩।૧૨૯ (સંજ્ઞાના અર્થમાં नर શબ્દ પર છતાં પૂર્વપદનો અન્ત अ દીર્ઘ થાય છે) એ સૂત્રથી विश्वनो અન્ત अ દીર્ઘ થયો છે. गत्यर्थ अंग् ધાતુને नि પ્રત્યય આવી अग्निशब्द સિદ્ધ થયો છે अङ्गयति गमयत्यग्रं कर्मणः फलं प्रापयतीति अग्निरग्रणीरत्रः-અગ્નિ કરાવે, કર્મનું ફળ પ્રાપ્ત કરાવે તે અગ્નિ, અગ્રે દોરનાર. अग्निर्नोऽग्रनीति वा अग्निः અથવા સર્વત્ર ગતિ કરે તે અગ્નિ. વૈશ્વાનરના ઉપાસકને અગ્નિહોત્રનું વિધાન કર્યું છે, તેને માટે અગ્નિત્રેતા વગેરેની કલ્પના પ્રધાન પ્રાણાગ્નિહોત્રનું વિધાના અંગ તરીકે વિધાન કર્યું છે, તેને માટે અગ્નિત્રેતા વગેરેની કલ્પના પ્રધાન અર્થમાં વિરોધ ન થાય એવી રીતે કરવી એમ કહે છે—'ગાર્હપત્ય આદિ કલ્પના' ઇત્યાદિ ॥૨૮॥

આકાંક્ષાદ્વારા ત્રણેય સૂત્રને વિષે કહે છે—'પણ પરમેશ્વરનો' ઇત્યાદિ. મતભેદથી વ્યાખ્યાન—

૧. વ્યુત્પત્તિ. ૨ પરમાત્માને લાગુ પડતો. ૩. કાગડો. ૪. સ્વાર્થવાચક જે પ્રત્યયનો વિશેષ અર્થ ન હોય નથી. પ્રકૃતિના અર્થમાં જે પ્રત્યય લગાડવામાં આવે છે તે સ્વાર્થવાચક—અનન્યાર્થ (પ્રકૃતિથી અન્ય અર્થ નહિ એવા) કહેવાય છે. ૫ 'यस्त्वेतमेवं प्रादेशमात्रम्' ઇત્યાદિ. [છાન્દો૰ ૫।૧૮।૧] ૨૪ મા સૂત્રનું ભાષ્ય જુઓ. ૬. રહેલતા. ૭. અપરિમાણ.

એમ કહે છે કે ઉપાસકોની ખાતર પરમેશ્વર [1]પ્રાદેશમાત્ર પરિમાણ અભિવ્યક્ત થાય છે. અથવા પ્રદેશોમાં એટલે હૃદયાદિ [2]ઉપલબ્ધિસ્થાનોમાં વિશેષ અભિવ્યક્ત થાય છે. એથી પરમેશ્વરને વિષે પણ [3]પ્રાદેશમાત્ર શ્રુતિ અભિવ્યક્તિથી યુક્ત થાય છે એમ આશ્મરથ્ય આચાર્ય માને છે ॥ २९ ॥

अनुस्मृतेर्बादरिः ॥ ३० ॥

[4]અનુસ્મૃતિથી (પ્રાદેશમાત્ર શ્રુતિ યુક્ત થાય છે એમ) બાદરિ (માને છે) ॥ ૩૦ ॥

અથવા પ્રાદેશમાત્ર હૃદયમાં રહેલા મન વડે (પરમેશ્વરનું) સ્મરણ કરાય છે તેથી (પરમેશ્વર) પ્રાદેશમાત્ર છે એમ કહેવાય છે; જેમ [5]પ્રસ્થથી મપાયલા જવો પ્રસ્થ છે એમ કહેવાય છે તેમ. જોકે જવોને વિષે તેમાં રહેલુંજ પરિમાણ પ્રસ્થના સંબંધથી વ્યક્ત થાય છે અને અહિં પરમેશ્વરગત કંઈ પણ પરિમાણ નથી જે હૃદયના સંબંધથી વ્યક્ત થાય, તોપણ (પરમેશ્વરનું) અનુસ્મરણ, પ્રયુક્ત થયલી પ્રાદેશમાત્ર શ્રુતિનું ગમે તે પ્રકારે [6]આલમ્બન સંભવે છે. તેથી એમ કહ્યું છે અથવા પ્રાદેશમાત્ર નથી તોપણ પ્રાદેશમાત્ર શ્રુતિ સાર્થક થાય માટે, તેનું પ્રાદેશમાત્ર તરીકે સ્મરણ કરવું. એ પ્રમાણે પ્રાદેશમાત્ર શ્રુતિ પરમેશ્વરને વિષે અનુસ્મરણનિમિત્ત છે એમ આચાર્ય બાદરિ માને છે ॥ ૩૦ ॥

ધ્યાન કરવા પ્રથમ આશ્મરથ્યનું મત કહે છે—'अभिव्यक्तेः' ઇત્યાદિ. પરમેશ્વર વિભુસ્વરૂપ છે, પણ ઉપાસકોને તેના સકલ સ્વરૂપનું જ્ઞાન ન થાય તેથી તેમના અનુગ્રહને અર્થે અનન્ત છે તોપણ પ્રાદેશમાત્ર સ્વરૂપ અભિવ્યક્ત કરે છે એમ કહે છે—'અતિમાત્ર એવા પણ' ઇત્યાદિ. માત્રા એટલે પરિમાણ. પરિમાણને અતિક્રાન્ત થયલો તે અતિમાત્ર. ઉપાસકોના અનુગ્રહને માટે પ્રાદેશમાત્ર અભિવ્યક્ત થાય છે. અથવા પ્રદેશોમાં અભિવ્યક્ત થાય છે એવો અર્થ છે ॥ ૨૯ ॥

મતાન્તર કહેછે—'अनुस्मृतेः' ઇત્યાદિ. प्रादेशेन मनसा मितः प्रादेशमात्रः—પ્રાદેશ એટલે મન વડે મપાયલું તે પ્રાદેશમાત્ર. 'ગમે તે પ્રકારે'—મનમાં રહેલું. પ્રાદેશમાત્રત્વ સ્મ... સ્મર્યમાણ પરમેશ્વરને વિષે કલ્પિત કરેલું શ્રુતિનું આલમ્બન છે એવું તાત્પર્ય છે. સૂત્રનો બીજો અર્થ કહે છે—'અથવા પ્રાદેશમાત્ર' ઇત્યાદિ ॥ ૩૦ ॥

---

૧. પ્રાદેશમાત્ર જેનું પરિમાણ છે એવું. ૨. જ્ઞાનસ્થાન. ૩. પરમેશ્વર પ્રાદેશમાત્ર છે એમ પ્રતિપાદન કરનાર શ્રુતિ. ૪ સ્મરણ. ૫ એક પ્રકારનું માપ. ૬ આધાર.

संपत्तेरिति जैमिनिस्तथा हि दर्शयति ॥ ३१ ॥

સંપત્તિથી (પ્રાદેશમાત્ર શ્રુતિ યુક્ત થાય છે) એમ જૈમિનિ (માને છે); કેમકે (શ્રુતિ) દર્શાવે છે ॥ ૩૧ ॥

અથવા પ્રાદેશમાત્ર શ્રુતિ સંપત્તિનિમિત્ત થાય. શાથી? કેમકે સમાન પ્રકરણવાળું વાજસનેયિ બ્રાહ્મણ દ્યુલોકથી આરંભી પૃથિવીપર્યન્ત ત્રૈલોક્યસ્વરૂપ વૈશ્વાનરના અવયવોને અધ્યાત્મ મસ્તકથી ચુબુક સુધીના દેહના અવયવોમાં સંપન્ન કરીને પ્રદેશની પ્રાદેશમાત્ર સંપત્તિ દર્શાવે છે—'प्रादेशमात्रमिव ह वै देवाः सुविदिता अभिसंपन्नास्तथा तु व एतान् वक्ष्यामि यथा प्रादेशमात्रमेवाभिसंपादयिष्यामीति । स होवाच मूर्धानमुपदिशन्नुवाचैष वा अतिष्ठा वैश्वानर इति । चक्षुषी उपदिशन्नुवाचैष वै सुतेजा वैश्वानर इति । [illegible] मुख्यमाकाशमुपदिशन्नुवाचैष वै बहुलो वैश्वानर इति । मुख्या अप उपदिशन्नुवाचैष वै रयिर्वैश्वानर इति । चुबुकमुपदिशन्नुवाचैष वै प्रतिष्ठा वैश्वानर इति ।' (ખરેખર, દેવો [illegible] અપરિચ્છિન્ન એવા [illegible] ખરેખર, હું એઓને (દ્યુલોક આદિ અવયવોને) [illegible] અધ્યાત્મ અંગોમાં) પ્રાદેશમાત્ર (વૈશ્વાનરને) સંપન્ન કરીશ તેવી રીતે (તમને) [illegible] મસ્તક દર્શાવી તેણે કહ્યું, ખરેખર, આ (માથું) [illegible] વૈશ્વાનર છે. આંખો દર્શાવી કહ્યું, [illegible] વૈશ્વાનર છે. નાસિકા દર્શાવી કહ્યું, ખરેખર, આ ભિન્ન ભિન્ન [illegible] વૈશ્વાનર છે. મુખસ્થ આકાશને બતાવી કહ્યું. ખરેખર, આ બહુલ વૈશ્વાનર છે. મુખસ્થ પાણીને દર્શાવી કહ્યું. ખરેખર, આ રયિસ્વરૂપ વૈશ્વાનર છે. ચુબુકને દર્શાવી કહ્યું, ખરેખર, આ પ્રતિષ્ઠાસ્વરૂપ વૈશ્વાનર છે). ચુબુક એટલે નીચલું જડબું.

હવે [illegible] 'प्रादेशमात्रमिव' [illegible]

[illegible]

વાજસનેયકમાં દ્યુલોકને [1]અતિષ્ઠાત્વ ગુણવાળો કહ્યું છે અને આદિત્યને [2]સુતેજસ્ત્વ-ગુણવાળો કહ્યો છે, અને છાન્દોગ્યમાં તો દ્યુલોકને સુતેજસ્ત્વ ગુણવાળો અને આદિત્યને [3]વિશ્વરૂપત્વ ગુણવાળો કહ્યો છે, તોપણ એટલા [4]વિશેષથી કંઈ હાનિ થતી નથી; કેમકે [5]પ્રાદેશમાત્ર શ્રુતિનો વિશેષ નથી; અને તે સર્વ શાખામાં તેનું જ્ઞાન આપેલું છે. પ્રાદેશમાત્ર શ્રુતિ સંપત્તિનિમિત્ત છે એ વિશેષ યુક્ત છે એમ જૈમિનિ આચાર્ય માને છે ॥ ૩૧ ॥

आमनन्ति चैनमस्मिन् ॥ ३२ ॥

વળી (જાબાલો) એને (પરમેશ્વરને) આમાં (માથા અને ચિબુકના મધ્યમાં) વર્ણવે છે ॥ ૩૨ ॥

એને એટલે પરમેશ્વરને આમાં એટલે માથા અને ચિબુકના [6]અન્તરાલમાં જાબાલો વર્ણવે છે—'य एषोऽनन्तोऽव्यक्त आत्मा सोऽविमुक्ते प्रतिष्ठित इति । सोऽविमुक्तः कस्मिन् प्रतिष्ठित इति । वरणायां नास्यां च मध्ये प्रतिष्ठित इति । का वै वरणा का च नासीति ॥' (જે એ અનન્ત, અવ્યક્ત આત્મા છે તે અવિમુક્ત (જીવમાં) પ્રતિષ્ઠિત છે. તે અવિમુક્ત શેમાં પ્રતિષ્ઠિત છે? વરણામાં અને નાસીમાં મધ્યે પ્રતિષ્ઠિત છે. વરણા કઈ અને નાસી કઈ). વળી ત્યાં એનુંજ (ભ્રૂસહિતનુંજ) નાસિકાનું વરણા-

---

પ્રાણ સમજવો. આધ્યાત્મિક પ્રાણને વિષે વૈશ્વાનરના અધિદૈવ પ્રાણ વાયુની દૃષ્ટિ કરવી. અધ્યાત્મ મુખસ્થ આકાશને વિષે વૈશ્વાનરનું જે અધિદૈવ સંદેહસંજ્ઞક આકાશ છે તેની દૃષ્ટિ કરવી. મુખસ્થ લાળરૂપ અધ્યાત્મ પાણીને વિષે વૈશ્વાનરનુ જે અધિદૈવ બસ્તિમાં રહેલું પાણી છે તેની દૃષ્ટિ કરવી. અધ્યાત્મ ચુબુકને વિષે પ્રતિષ્ઠા-પાદરૂપ પૃથ્વીનું દર્શન કરવુ. પણ છાન્દોગ્ય અને વાજસનેયકમાં એક વિદ્યા કહી નથી; કેમકે દ્યુલોકાદિના ગુણોમાં વિષમતા છે, માટે વાજસનેયકને અનુસરી છાન્દોગ્યમાં પ્રાદેશમાત્ર શ્રુતિનો અર્થ કરવો યુક્ત નથી તેને માટે કહે છે—'જોકે વાજસનેયકમાં' ઇત્યાદિ. અલ્પ વૈષમ્યથી બહુ સામ્યથી સિદ્ધ થયલું વિદ્યાનું ઐક્ય જતું રહેતું નથી. ભિન્ન શાખામાં પણ સર્વ શાખાઓમાં પ્રતીયમાન વૈશ્વાનરાદિનું ઉપાસન એક છે એ ન્યાય ગુણોપસંહાર અધિકરણમાં (૩ અ૦ ૩ પા૦ ના ૨ જા અધિકરણમાં) કહેવાશે તેથી પણ વિદ્યાના ઐક્યને હાનિ થતી નથી એમ કહે છે—'સર્વ શાખામાં' ઇત્યાદિ. ॥૩૧॥

પ્રાદેશમાત્રશ્રુતિ 'સંપત્તિનિમિત્ત છે એને વિષે બીજી શ્રુતિ આપે છે—'आमनन्ति चैनम्' ઇત્યાદિ. જે આ પ્રસિદ્ધ અનન્ત-અપરિચ્છિન્ન અને અપરિચ્છિન્ન હોવાથીજ અવ્યક્ત-દુર્વિજ્ઞેય આત્મા છે તેને શી રીતે જાણવો એવા અત્રિના પ્રશ્નનો યાજ્ઞવલ્ક્યનો ઉત્તર છે—તે ઈશ્વર અવિમુક્ત—કામાદિથી બદ્ધ-જીવને વિષે ભેદકલ્પનાથી પ્રતિષ્ઠિત-ઉપાસ્ય છે. 'सोऽविमुक्तः कस्मिन् प्रतिष्ठितः' એવો અત્રિનો ફરી પ્રશ્ન છે. 'वरणायाम्' ઇત્યાદિ ઉત્તર એમ છે. આગળ પણ પ્રશ્નોત્તર સમજવા. 'વળી ત્યાં'—ત્યાં એટલે શ્રુતિમાં એજ પ્રસિદ્ધ ભ્રૂસહિત

---

૧ ભૂરાદિ લોકોનું અતિક્રમણ કરી-પેલી પાર જઈ રહેવાનો ગુણ. ૨ પુષ્કળ પ્રકાશવાળો ગુણ. ૩ સર્વરૂપ હોવાપણું. ૪ ભેદ. ૫ તે શ્રુતિ બંનેમાં છે ૬ મસ્તક. ૭ મધ્ય દેશ. ૮ સંપત્તિ એનું નિમિત્ત છે એવી

નાસી એમ નિર્વચન કરીને—ઇન્દ્રિયકૃત સર્વ પાપોને વારે તે વરણા, ઇન્દ્રિયકૃત સર્વ પાપોનો નાશ કરે તે નાસી—એમ કહીને ફરી કહે છે—'કતમચાસ્ય સ્થાનં ભવતીતિ । ભ્રુવોર્ઘ્રાણસ્ય ચ યઃ સંધિઃ સ એષ દ્યુલોકસ્ય પરસ્ય ચ સંધિર્ભવતીતિ ॥' [જાબા૦ ૧] (એનું કયું સ્થાન છે? ભવાં અને નાસિકાની જે સંધિ તે સંધિ એ દ્યુલોક અને પરલોકનો સંધિ છે) તેટલા માટે પરમેશ્વરને વિષે-પ્રાદેશમાત્ર શ્રુતિ યુક્ત છે. અભિવિમાનશ્રુતિ પ્રત્યગાત્માને ઉદ્દેશીને છે. પ્રત્યગાત્મા તરીકે સર્વ પ્રાણીને જેનું જ્ઞાન થાય તે અભિવિમાન. અથવા પ્રત્યગાત્મા તરીકે પ્રાપ્ત થયેલો એવો વિમાન—માનવિયોગને લીધે તે અભિવિમાન. અથવા સર્વ જગત્નું જે નિર્માણ કરે છે, કારણ હોવાથી, તે અભિવિમાન. તેટલા માટે વૈશ્વાનર પરમેશ્વર છે એમ સિદ્ધ થયું ॥૩૨॥

ઇતિ શ્રીમચ્છંકરભગવત્પાદકૃતૌ શારીરકમીમાંસાભાષ્યે ભાષ્યાનુવાદે પ્રથમાધ્યાયસ્ય દ્વિતીયઃ પાદઃ ॥ ૨ ॥

શ્રીમચ્છંકરભગવત્પાદકૃતિ શારીરકમીમાંસાભાષ્યમાં ભાષ્યાનુવાદમાં પ્રથમ અધ્યાયનો દ્વિતીય પાદ સમાપ્ત ॥ ૨ ॥

નાસિકાને, વારે છે, નાશ કરે છે, માટે વરણાનાસી—વરણાસહિત નાસી એમ નિર્વચન—નિષ્પત્તિ કરીને એવો અર્થ છે. અવિમુક્ત જીવાત્માની સ્થાનભૂત 'કા વૈ વરણા કા નાસી' (વરણા કઈ અને નાસી કઈ) એ પ્રશ્નનો ઉત્તર કહે છે—સર્વ ઇન્દ્રિયદોષોને વારે તે વરણા—(ભવાં) અને સર્વ ઇન્દ્રિયદોષોનો નાશ કરે તે નાસી—નાસિકા એવું તે શ્રુતિમાં વરણા અને નાસીનું નિર્વચન છે નાસિકા અને ભવાંનું. જીવદ્વારા ઈશ્વરસ્થાન હોવાથી, ધ્યાન કરવાનું છે અને તેથી તે પાપનાં નાશક અને નિવારક છે એમ સમજવું. તેમની વચ્ચે પણ જીવનું વિશિષ્ટ સ્થાન પૂછે છે—'કતમચાસ્ય સ્થાનમિતિ'. ઉત્તર કહે છે—'ભ્રુવોર્ઘ્રાણસ્ય ચ' ઇત્યાદિ. ઘ્રાણસ્યને સ્થાને પ્રાણસ્ય પાઠમાં પણ એજ અર્થ સમજવો. નાસિકા અને ભવાંની સંધિસ્થાનનું દ્યુલોક-સ્વર્ગલોક અને પરલોક-બ્રહ્મલોકના સંધિસ્થાન તરીકે ધ્યાન ધરવું એમ કહે છે—'સ એષ દ્યુલોકસ્ય પરસ્ય ચ' ઇત્યાદિ. અવિદ્યાથી કલ્પિત ભેદનો આશ્રય કરીને સર્વત્ર આધાર અને આધેયભાવ સમજવો. અન્ય વિશેષણ—અભિવિમાનની ઘટના આપે છે—આભિમુખ્યથી હું બ્રહ્મ એમ જેનું જ્ઞાન થાય તે અભિવિમાન પ્રત્યગાત્મા. અથવા અભિ એટલે અભિગત, પ્રાપ્ત અને વિમાન એટલે માન-પરિમાણ-રહિત, સર્વસ્વરૂપ હોવાથી અનન્ત. અથવા સર્વનું કારણ હોવાથી જે અભિવિમાન-નિર્માણ કરે તે અભિવિમાન. આ પ્રમાણે પરમેશ્વરને વિષે સાધક હોવાથી અને જઠરાગ્નિને વિષે સાધક ન હોવાથી વૈશ્વાનરવાક્યનો ઉપાસ્ય બ્રહ્મને વિષે સમન્વય કરવો એમ ઉપસંહાર કરે છે—'તેટલા માટે' ઇત્યાદિ. જેમાં સવિશેષ-વિશેષયુક્ત શબ્દો ઘણા હોય અથવા રૂઢ શબ્દો ઘણા હોય અથવા જેમાંથી એક પક્ષમાં જેમાં અનન્ત સ્પષ્ટ લિંગ ન હોય એવાં વાક્યોનો બ્રહ્મને વિષે અન્વય સિદ્ધ થયો એમ પદાર્થનું નિગમન કરે છે—'સિદ્ધ થયું.'

શ્રીમચ્છંકરભગવત્પાદકૃતિ શારીરકમીમાંસાભાષ્યમાં ભાષ્યટીકાનુવાદમાં પ્રથમ અધ્યાયનો દ્વિતીય પાદ સમાપ્ત થયો ॥ ૨ ॥

ઇતિ પ્રથમાધ્યાયસ્ય ઉપાસ્યબ્રહ્મવાચકાસ્પષ્ટશ્રુતિસમન્વયાખ્યો દ્વિતીયઃ પાદઃ ॥

પ્રથમ અધ્યાયનો ઉપાસ્યબ્રહ્મવાચક અસ્પષ્ટશ્રુતિસમન્વયસંજ્ઞક દ્વિતીય પાદ સમાપ્ત થયો ॥

प्रथमाध्याये तृतीयः पादः ॥

द्युभ्वाद्यायतनं स्वशब्दात् ॥ १ ॥

દ્યુ, ભૂઆદિનું 'આયતન (પરબ્રહ્મ છે) સ્વશબ્દથી ॥ ૧ ॥

'यस्मिन्द्यौः पृथिवी चान्तरिक्षमोतं मनः सह प्राणैश्च सर्वैः । तमेवैकं जान आत्मानमन्या वाचो विमुञ्चथामृतस्यैष सेतुः' [मुण्ड० २।२।५] (જેને વિષે દ્યુલો પૃથ્વી અને અન્તરિક્ષ પરોવાયલું છે અને સર્વ પ્રાણો સાથે મન પણ પરોવાય છે તેજ એકલાને આત્મા જાણો, અન્ય વાચાઓ ત્યાગ કરો, એ મોક્ષનો સે છે) એમ શ્રુતિ છે. અહિં દ્યુલોકાદિનું, પરોવવાના વચનથી, જે કંઈક આયતન ગ થાય છે તે શું પરબ્રહ્મ થાય કે અન્ય પદાર્થ એવો સંદેહ થાય છે. તેમાં કોઈ અ પદાર્થ થાય એમ પ્રાપ્ત થાય છે. શાથી ? 'अमृतस्यैष सेतुः' (અમૃતનો એ સે

રૂઢિપદ જેમાં બહુ છે એવાં સવિશેષ[1] વાક્યોનો બ્રહ્મને વિષે સમન્વય દ્વિતીય પાદ દર્શાવ્યો. હવે જેમાં [3]યૌગિક પદ બહુ છે એવાં નિર્વિશેષ વાક્યોનો બ્રહ્મને વિષે સમન્વય પ્રતિ દન કરવા માટે તૃતીયપાદ આરંભાય છે, તેમાં પૂર્વે ઉપક્રમસ્થ [4]સાધારણ શબ્દો વાક્યશે સ્થ દ્યુમૂર્ધત્વાદિના બળથી બ્રહ્મપર છે એમ પ્રતિપાદન કર્યું છે, તેજ પ્રમાણે અહિં પણ ઉપ ક્રમમાં રહેલું સાધારણ આયતનત્વ વાક્યશેષમાં આવેલા સેતુશબ્દના શ્રવણથી પરિચ્છિન્ન પ્રધ નાદિપર છે એમ પૂર્વપક્ષ કરે છે. પૂર્વપક્ષમાં પ્રધાનાદિની ઉપાસના એ ફળ છે અને સિદ્ધાન્તમ નિર્વિશેષ બ્રહ્મજ્ઞાન ફળ છે. મુણ્ડક વાક્ય કહે છે—'यस्मिन्द्यौः' ઇત્યાદિ. જેને વિષે લોકત્રયાત્મ વિરાટ્ અને સર્વ પ્રાણ સાથે સૂત્રાત્મક મન અને ચકારથી અવ્યાકૃત કારણ પ્રોત—પરોવાયલું કલ્પિત છે તેનો અપવાદ-નિન્દા કરી તેજ અધિષ્ઠાનભૂતને શ્રવણાદિથી આત્મા—પ્રત્યગાત્માથ અભિન્ન જાણો અને અન્ય અનાત્મવાણીને નિઃશેષ છોડી દો. એ અનાત્મવાણીન ત્યાગપૂર્વક આત્મસાક્ષાત્કાર અમૃત-મોક્ષનો અપાર દુર્વાર સંસારસાગરના સેતુ જેવ સેતુ-પ્રાપક—મોક્ષનો પ્રાપ્ત કરાવનાર છે એમ માતાની પેઠે શ્રુતિ મુમુક્ષુ પુરુષોને ઉપદેશ કરે છે. તે શ્રુતિમાં આયતનત્વરૂપ સાધારણ ધર્મ જોવામાં આવે છે તેથી સંશય કહે છે—'તે શું પરબ્રહ્મ થાય' ઇત્યાદિ. લોકમાં [5]'પાર અને અવાર' એ બે કાંઠાની વચ્ચે આવેલો જલવિધા રક[6] સેતુ જોવામાં આવે છે, સેતુ કંઈ બન્ધનહેતુભૂતજ નથી, તેમ હોય તો નિગડાદિને[8] વિષે પણ સેતુશબ્દના પ્રયોગનો પ્રસંગ આવે. વળી અનવચ્છિન્ન[9] એવું જે બ્રહ્મ તે સેતુ થાય નહિ તેમજ બ્રહ્મ અમૃત હોઈ અમૃતનો સેતુ થાય. એ પણ યુક્ત નથી; તેમજ બ્રહ્મથી ભિન્ન કંઈ અમૃત નથી કે જેનો તે સેતુ થાય. તેમજ અભેદના અર્થમાં ષષ્ઠીપ્રયોગ [10]'દૃષ્ટપૂર્વ ન થી. માટે अमृतस्य ब्रह्मणः सेतुः (અમૃત એવા બ્રહ્મનો સેતુ) એમ ષષ્ઠીનું શ્રવણ છે તેથી સેતુ બ્રહ્મથી ભિન્ન છે અને તે કારણથી દ્યુલોક, ભૂલોક આદિનું આયતન અબ્રહ્મજ, સેતુ- સેતુના જેવું છે એમ કહે છે—"अमृतस्यैष सेतुः (અમૃતનો એ સેતુ) એવું શ્રુતિવચન છે તેથી." अमृतस्य (અમૃતનો) એવું શ્રુતિવચન છે અને 'सेतुः'

૧ રથ.ન. ૨ જેમાં વિશેષ ભેદ આપ્યો હોય એવાં વાક્યો. ૩ યોગ કે વ્યુત્પત્તિ પ્રમાણે સિદ્ધ થતાં. ૪ બ્રહ્મપર તેમજ પ્રધાનાદિપર લેવાય એવા શબ્દો. ૫ પેલો કાંઠો. ૬ આ કાંઠો. ૭ જળમાં આધારભૂત. ૮ સાંકળ વગેરે. ૯ નિર્વિશેષ. ૧૦ પૂર્વે જોવનું એવું.

એવું શ્રુતિવચન છે તેથી. ખરેખર, લોકમાં સેતુ પારવાન્[1] તરીકે પ્રખ્યાત છે. પણ પરબ્રહ્મ પારવાન્ છે એમ સ્વીકારવું શક્ય નથી; કેમકે 'अनन्तमपारम्' [બૃહ૦ ૨।૪।૧૨] (અનન્ત અપાર) એવી શ્રુતિ છે. આયતન અન્ય પદાર્થ છે એમ સ્વીકારીએ એટલે સ્મૃતિપ્રસિદ્ધ પ્રધાનનો સ્વીકાર કરવો જોઈએ; કેમકે તે કારણ હોવાથી આયતન થાય એ યુક્ત છે. અથવા આયતન શ્રુતિપ્રસિદ્ધ વાયુ થાય; કેમકે 'वायुर्वै गौतम तत्सूत्रं वायुना वै गौतम सूत्रेणायं च लोकः परश्च लोकः सर्वाणि च भूतानि संदृब्धानि भवन्ति ॥' [બૃહ૦ ૩।૭।૨] (હે ગૌતમ, ખરેખર, વાયુ તે સૂત્ર છે, હે ગૌતમ, ખરેખર, વાયુસૂત્ર વડે આ લોક, પરલોક અને સર્વ ભૂતો ગુંથાયલાં થાય છે) એમ વાયુ પણ વિધારક છે એમ શ્રુતિ કહે છે. અથવા શારીર આયતન થાય, કેમકે તે પણ ભોક્તા હોવાથી ભોગ્યપ્રપંચ પ્રત્યે તે આયતન છે એ યુક્ત છે. એમ પ્રાપ્ત થયે કહે છે—

(સેતુ) એવું શ્રુતિવચન છે તેથી એવી યોજના કરવી. 'સેતુઃ' (સેતુ) એવું સ્તુતિવચન છે તેનું વ્યાખ્યાન કરે છે—'ખરેખર, લોકમાં સેતુ' ઇત્યાદિ. 'अनन्तम्'=કાળે કરીને. 'अपारम्'=દેશે કરીને. જળવિધારક મુખ્ય સેતુનું ગ્રહણ અસંભવિત હોવાથી ગૌણ સેતુનું ગ્રહણ કરવું યોગ્ય છે તેમાં મુખ્ય સેતુનો જે અવિનાભૂત પારવત્ત્વ ગુણ તે ગુણવાળો કોઈ પદાર્થ ગ્રહણ કરવો જોઈએ; પણ મુખ્યનો જે [2]અનિયત વિધારણ ગુણ છે તે ગુણવાન્ ઈશ્વરનું ગ્રહણ કરવું યુક્ત નથી એવું પૂર્વપક્ષીનું તાત્પર્ય છે. એ પદાર્થ સાંખ્યપરિકલ્પિત પ્રધાન હોવો જોઈએ. તે પોતાનાં કાર્યરૂપ ઉપાધિથી મર્યાદિત હોવાથી પુરુષને પહોંચી શકતું નથી તેથી પારવાળું છે, તેમજ દ્યુલોક, ભૂલોક આદિનું આયતન છે, કેમકે તેની પ્રકૃતિ છે અને પ્રકૃતિ એ વિકારોનું આયતન છે. વળી પ્રધાન આત્મા પણ છે; કેમકે 'પ્રકાશાત્મા પ્રદીપ' એમાં છે તેમ આત્મા સ્વભાવવાચક છે. તેમજ પ્રધાનનું જ્ઞાન પણ અપવર્ગને[3] ઉપયોગી છે; કેમકે તેનો અભાવ હોય તો પ્રધાનથી પુરુષનું [4]વિવેકથી [5]અવધારણ ન થવાથી અપવર્ગ પ્રાપ્ત થાય નહિ. એ પ્રમાણના અભાવથી પ્રધાન આયતન છે એમ પરિતોષ ન થાય તો નામ, રૂપનું, બીજરૂપભૂત અવ્યાકૃત[6] ભૂતસૂક્ષ્મને આયતન તરીકે સ્વીકારો. એ ભૂતસૂક્ષ્મ પ્રમાણગમ્ય હોવાથી એને વિષે સર્વ યુક્ત છે. પણ એ સાક્ષાત્ શ્રુતિએ કહેલુંજ આયતન સ્વીકારતા હો તો વાયુને સ્વીકારો; કેમકે 'वायुर्वै—' ઇત્યાદિ શ્રુતિ છે. જેમ લોકમાં મણિઓ સૂત્રમાં ગુંથેલા છે તેમ હે ગૌતમ, સમષ્ટિવ્યષ્ટ્યાત્મક વાયુ વડે સર્વ સ્થૂલ પદાર્થો ગુંથાયલા છે એવો શ્રુતિનો અર્થ છે. જો એ શ્રુતિમાં આત્મશબ્દનો અર્થવાચક શબ્દ નથી તેથી પરિતોષ ન થાય તો શારીરને આયતન તરીકે સ્વીકારો, કેમકે તે ભોક્તા હોવાથી દ્યુલોકાદિ ભોગ્ય પદાર્થ પ્રત્યે તે આયતન છે. પણ એ આયતન સર્વજ્ઞ છે એવી શ્રુતિને લીધે શારીરને વિષે પણ પરિતોષ ન થાય તો તો હિરણ્યગર્ભ ભગવાન્ સર્વજ્ઞ સૂત્રાત્માને આયતન તરીકે સ્વીકારો. કાર્ય હોવાથી તે પારવાન્ છે અને અમૃત, પરબ્રહ્મથી ભિન્ન છે. એવો પૂર્વપક્ષીનો આશય દર્શાવી સિદ્ધાન્ત કહે છે—'એમ પ્રાપ્ત થયે કહે છે' ઇત્યાદિ. 'દ્યુભ્વાદિનું આયતન પરબ્રહ્મજ છે. પ્રધાન, [6]અવ્યાકૃત' ...

1 જેને પાર, સામો કાંઠો છે એવું. 2 તેના વિના રહે નહિ એવો નિત્યસંબદ્ધ. નિયત. 3 નિત્યસંબદ્ધ નહિ એવો. 4 મોક્ષ. 5 ભેદ. 6 નિશ્ચય. 7 આકાર-સ્પષ્ટીકરણ ન પામેલું 8 દ્યુલોક, ભૂલોક, વગેરેનું. આકાર ન પામેલું ભૂતોનું સૂક્ષ્મ સ્વરૂપ.

'द्युभ्वाद्यायतनम्' ઇત્યાદિ. દ્યુલોક અને ભૂલોક તે દ્યુભુવી, દ્યુલોક અને ભૂલોક જેના આદિ છે તે द्युभ्वादि. આ વાક્યમાં ('यस्मिन् द्यौः पृथिवी—' ઇત્યાદિ વાક્યમાં) દ્યુલોક, પૃથિવી, અન્તરિક્ષ, મન, પ્રાણ ઇત્યાદિ સ્વરૂપવાળું જગત્ પરોવાયેલા તરીકે નિર્દિષ્ટ કર્યું છે તેનું આયતન પરબ્રહ્મ થવું યુક્ત છે. શાથી? સ્વશબ્દથી—આત્મશબ્દથી એવો અર્થ છે. ખરેખર, આહિં 'तमेवैकं जानथ आत्मानम्' (તે એકલાને આત્મા તરીકે જાણો) એમ આત્મશબ્દ છે; અને આત્મશબ્દ પરમાત્માના ગ્રહણમાં બરોબર ઘટે છે, બીજો પદાર્થ સ્વીકારીએ તો સંભવતો નથી. વળી ક્વચિત્ સ્વશબ્દથીજ બ્રહ્મનું આયતનત્વ શ્રુતિમાં છે—"सन्मूलाः सोम्येमाः सर्वाः प्रजाः सदायतनाः सत्प्रतिष्ठाः।" [છાન્દો૦ ૬।૮।૪] (હે સોમ્ય, સત્ આ સર્વ પ્રજાનું મૂળ છે, સત્ આયતન છે અને સત્ પ્રતિષ્ઠા છે). વળી આહિં પૂર્વે અને પછી સ્વશબ્દથીજ બ્રહ્મનું સંકીર્તન છે—

કૃત, વાયુ, શારીર, કે [1]હિરણ્યગર્ભ નથી. શાથી? સ્વશબ્દથી માટી અને લાકડાંનો બનેલો, પાર અને અવારનો મધ્યવર્તી પાણીનો ધારણ કરનાર લોકસિદ્ધ સેતુ લેવાનો નથી, અર્થાત્, સેતુશબ્દ વાચ્યાર્થમાં સ્વીકારવાનો નથી, પણ લાક્ષણિક લેવાનો છે. [2]પારવત્તાનો રૂઢ અર્થ ત્યાગ કરી વિધારણમાત્ર જે યૌગિક અર્થ છે તેને આશ્રયે લક્ષણા કરવી. દ્યુલોકાદિનો ધારણ હોવાથી કે અમૃતત્વપદપ્રાપ્તિનું સાધન હોવાથી પરમાત્મા સેતુ છે એવો સેતુનો લક્ષ્યાર્થ લેવાનો છે. પણ સ્વશબ્દનો અર્થ આત્મશબ્દ કહ્યો છે ને આત્મશબ્દ જીવને વિષે સંભવે છે તેથી કહે છે—'**આત્મશબ્દ પરમાત્માના ગ્રહણમાં**' ઇત્યાદિ. જીવ [3]ઉપાધિપરિચ્છિન્ન હોવાથી સર્વ વસ્તુ પ્રતિ તે એક મુખ્ય છે એ યુક્ત નથી, માટે આત્મશબ્દથી પરમાત્મા સમજવો. આ પ્રમાણે ઉપક્રમસ્થ [4]સાધારણ આયતનશબ્દ ગૌણ સેતુત્વલિંગથી અને પ્રથમશ્રુત આત્મશ્રુતિથી બ્રહ્મવાચક છે એમ નિશ્ચય થાય છે. 'સ્વશબ્દથી' એનો અન્ય અર્થ કહે છે—'**વળી ક્વચિત્ સ્વશબ્દથીજ**' ઇત્યાદિ. જેને વિષે આ સર્વ [5]વાચારભણ, વિકાર નામધેય, અનૃત, અવિદ્યાથી અધ્યસ્ત છે કે જેવી રીતે રજ્જુને વિષે સર્પાદિ વિકલ્પસમૂહ છે તે આ જગત્નું મૂળ છે; તેટલા માટે હે સૌમ્ય આ સ્થાવરજંગમલક્ષણ સર્વ પ્રજા સન્મૂલ—સત્કારણ—સત્ (બ્રહ્મ) જેનું કારણ છે એવી-છે. માત્ર સન્મૂલ છે એટલુંજ નહિ, હાલ સ્થિતિકાળે પણ સદાયતન છે, સત્ને વિષે એનો આશ્રય છે. ખરેખર, મૃત્તિકાનો આશ્રય કર્યા વગર ઘટાદિનું સત્ત્વ કે સ્થિતિ હોઈ શકે નહિ. તેટલા માટે જેમ ઘટનો આશ્રય મૃત્તિકા છે તેમ પ્રજાનો આશ્રય-સત્ છે. તેમજ અન્તે સત્પ્રતિષ્ઠ-સત્ જેની પ્રતિષ્ઠા છે એવી છે. પ્રતિષ્ઠા એટલે લય-સમાપ્તિ-અવસાન-પરિશેષ પ્રજાની ઉત્પત્તિ વિષે સત્ મૂળ છે, સ્થિતિને વિષે આશ્રય છે, અને લયને વિષે પ્રતિષ્ઠા છે. એ પ્રમાણે બ્રહ્મવાચક સત્પદથી છાન્દોગ્યમાં બ્રહ્મનું આયતન તરીકે શ્રવણ છે, માટે આહિં પણ તેમજ છે એવો અર્થ છે. વળી 'સ્વશબ્દથી' એનો અન્ય અર્થ કહે છે—'**વળી આહિં પૂર્વે અને પછી સ્વશબ્દથીજ**' ઇત્યાદિ. 'यस्मिन् द्यौः पृथिवी—' [મુણ્ડ૦ ૨।૨।૫] એ વાક્યથી પૂર્વ અને ઉત્તર વાક્યમાં પુરુષ, બ્રહ્મ આદિ શબ્દોએ કરીને બ્રહ્મનું સંકીર્તન કર્યું

૧ સૂત્રાત્મા. ૨ જેને પાર છે તે પારવાન, તેનો ભાવ તે પારવત્તા. ૩ ઉપાધિથી નિયમિત. ૪ પ્રધાનાદિને અને બ્રહ્મને લાગુ પડે એવો. ૫ વાણી જેનું આરંભ સ્થાન મૂળ છે એવું. વાણીજન્ય

'पुरुष एवेदं विश्वं कर्म तपो ब्रह्म परामृतम्।' [મુણ્ડ૦ ૨।૧।૧૦] (આ સર્વ કર્મ, તપ—પુરુષજ છે, બ્રહ્મ છે, પર અમૃત છે) અને 'ब्रह्मैवेदममृतं पुरस्ताद्ब्रह्म पश्चाद्ब्रह्म दक्षिणतश्चोत्तरेण' [મુણ્ડ૦ ૨।૨।૧૧] (જે આગે છે તે બ્રહ્મજ અમૃત છે, પશ્ચાત્ છે તે બ્રહ્મ છે, દક્ષિણે અને ઉત્તરે છે તે બ્રહ્મ છે). તેમાં આયતન અને આયતનવાનના ભાવની શ્રુતિ છે તેથી અને સર્વં બ્રહ્મ (સર્વ બ્રહ્મ છે) એમ સામાનાધિકરણ્ય છે તેથી જેમ શાખા, સ્કન્ધ અને મૂળ એમ અનેક સ્વરૂપવાળુ વૃક્ષ છે તેમ ભિન્ન ભિન્ન સ્વરૂપવાળો વિચિત્ર આત્મા છે એમ આશંકા સંભવે છે તેનું નિરાકરણ કરવા નિશ્ચયપૂર્વક કહે છે—'तमेवैकं जानथ आत्मानम्' (તે એકનેજ આત્મા જાણો). તાત્પર્ય એ છે કે આત્મા કાર્યપ્રપંચથી વિશિષ્ટ, વિચિત્ર છે એમ જાણવા યોગ્ય નથી. ત્યારે કેમ? અવિદ્યાજન્ય કાર્યપ્રપંચનો વિદ્યાએ કરીને પ્રવિલય કરી તેજ એક આયતનભૂત [1]એકરસ આત્માને જાણો એવી રીતે. જેમ જેના ઉપર દેવદત્ત બેઠેલો છે તે લાવ એમ કહ્યું એટલે તે આસનનેજ આણે છે, દેવદત્તને નહિ, તેમ આયતનભૂત એકરસ આત્માજ વિજ્ઞેય છે એમ ઉપદેશ કરાય છે. વળી વિકારરૂપ અસત્યને વિષે જેનું અભિમાન છે તેની નિન્દા શ્રુતિમાં છે—'मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति' [કાઠ૦ ૨।૪।૧૧] (જે અહિં ભિન્નની પેઠે જાણે છે તે મૃત્યુથી મૃત્યુ પ્રાપ્ત કરે છે). 'सर्वं ब्रह्म' (સર્વ બ્રહ્મ છે) એ સામાનાધિકરણ્ય તો પ્રપંચના પ્રવિલયને અર્થે છે, અનેકરસના પ્રતિપાદન કરવા માટે નથી. કેમકે 'स यथा सैन्धवघनोऽनन्तरोऽबाह्यः कृत्स्नो रसघन एवैवं वा अरेऽयमात्मानन्तरोऽबाह्यः कृत्स्नः प्रज्ञानघन एव' [બૃહ૦ ૪।૫।૧૩] (જેમ તે લવણપિંડને અંદર ને બહાર નથી અને

છે, માટે મારે પણ બ્રહ્મનુજ ગ્રહણ કરવું એવું તાત્પર્ય છે. 'पुरुष एवेदम्—' એ પૂર્વ વાક્ય છે; 'ब्रह्मैवेदममृतम्—' એ ઉત્તરવાક્ય છે. સર્વ દિશાઓમાં રહેલુ સર્વ બ્રહ્મજ છે એવો અર્થ છે. આ પ્રમાણે 'સ્વશબ્દથી' એનો અર્થ આત્મશબ્દથી, સત્શબ્દથી અને બ્રહ્મશબ્દથી એવો થાય છે એમ સૂચવે છે. એ બધા બ્રહ્મના સ્વશબ્દ છે. पुरुष एवेदं विश्वम्—ઇત્યાદિ ઉદાહત વાક્ય સવિશેષબ્રહ્મપર છે એવી આશંકાનું નિરસન કરવા વાક્યનુ વિવરણ કરે છે—'તેમાં આયતન અને આયતનવાનના' ઇત્યાદિ. જેને વિષે સર્વ જગત્ કલ્પિત છે તેનેજ એકને એમ 'જે' અને 'એક' શબ્દોથી નિર્વિશેષ બ્રહ્મ જાણવું એમ કહી બીજો હેતુ કહે છે—'વળી વિકારરૂપ અસત્યને વિષે' ઇત્યાદિ. વિકાર-અનૃત-અસત્ય-અનાત્મપદાર્થને વિષે જેનું અભિમાન છે તે અનર્થભોક્તા થશે એમ ભેદપ્રપંચને સત્ય માનનારની નિન્દાની શ્રુતિથી કૂટસ્થ સત્ય બ્રહ્મજ સેવ્ય છે એવો અર્થ છે. ત્યારે સામાનાધિકરણ્ય શી રીતે તે કહે છે—'सर्वं ब्रह्म' (સર્વ બ્રહ્મ છે) 'એ સામાનાધિકરણ્ય તો' ઇત્યાદિ. જે ચોર છે તે સ્થાણુ છે એની પેઠે જે સર્વ છે તે બ્રહ્મ છે એમ સર્વને ઉદ્દેશીને બ્રહ્મત્વનુ વિધાન કર્યું છે તેથી તે સર્વનો બાધ કરે છે; પણ બ્રહ્મ તે સર્વ છે એમ ભિન્ન સ્વરૂપ પ્રતિપાદન કરતું નથી. જે સર્વ અવિદ્યાથી આરોપિત છે તે સર્વ વસ્તુતઃ બ્રહ્મજ છે, જે બ્રહ્મ છે, તે સર્વ છે એમ નહિ. તેને વિષે નિયામક શ્રુતિ કહે છે—'स यथा' ઇત્યાદિ. જેમ લવણપિંડ અંદર અને બહાર રસાન્તર-

---

[1] એકસ્વરૂપ

સર્વ લવણૈકરસ છે, તેમજ અરે મૈત્રેયિ, એ આત્માને અંદર નથી અને બહાર નથી અને સર્વ જ્ઞાનૈકરસજ છે) એમ એકરસતાની શ્રુતિ છે. તેટલા માટે દ્યુલોક, ભૂલોક આદિનું આયતન બ્રહ્મ છે. સેતુની શ્રુતિ છે અને સેતુ પારવાન્ થાય એ યુક્ત છે તેથી દ્યુલોક, ભૂલોક આદિનું આયતન બ્રહ્મથી ભિન્ન પદાર્થ હોવો જોઈએ એમ જે કહ્યું છે તેને વિષે કહીએ છીએ. અહિં સેતુની શ્રુતિથી વિધારણ કરે છે એટલીજ વિવક્ષા છે, તેને પાર છે ઇત્યાદિની વિવક્ષા નથી. લોકમાં માટી અને લાકડાનો બનેલો સેતુ જોવામાં આવે છે માટે અહિં પણ માટી અને લાકડાનોજ બનેલો સેતુ સ્વીકારવાનો છે એમ નથી. સેતુશબ્દનો અર્થ પણ વિધારણ એટલોજ છે, જેને પાર છે ઇત્યાદિ નથી; કેમકે 'षिञ्' એ બન્ધનાર્થક ધાતુથી સેતુશબ્દની વ્યુત્પત્તિ છે. બીજો કહે છે—'तमेवैकं जानथ आत्मानम्' (તે એકનેજ આત્મા જાણ) એમાં જે આત્મજ્ઞાનનું સંકીર્ત્તન કર્યું છે અને 'अन्या वाचो विमुञ्चथ' (બીજી વાણીઓ ત્યાગ કરો) એમાં જે વાણી ત્યાગ કરવાનું સંકીર્ત્તન કર્યું છે તેનું અહિં અમૃતત્વના સાધન તરીકે 'अमृतस्यैष सेतुः' (અમૃતનો એ સેતુ છે) એમ સેતુશ્રુતિથી સંકીર્ત્તન થાય છે, દ્યુલોક, ભૂલોક આદિનું સંકીર્ત્તન થતું નથી. તેટલા માટે સેતુશ્રુતિથી દ્યુલોક, ભૂલોક આદિનું આયતન બ્રહ્મથી અન્ય પદાર્થ હોવો જોઈએ એમ જે કહ્યું છે તે એ અયુક્ત છે ॥ ૧ ॥

રહિત છે, સર્વ લવણૈકરસજ–ખારોજ છે, એમ હે મૈત્રેયિ, આત્મા જ્ઞાનૈકરસ, છે. જો કે પાર- વત્ત્વ, સાવયવત્વ આદિ, મુખ્ય સેતુના અવ્યભિચારી ગુણો છે, તોપણ સેતુનુ જલાદિબન્ધનરૂપ જે વિધારણ છે તે વ્યભિચારી એવો પણ ગુણ સેતુપદના અર્થનો એકદેશ–ભાગ હોવાથી ગુણ તરીકે લેવો, પણ પદાર્થના બહિર્ભૂત પારવત્ત્વ આદિને ગુણ તરીકે લેવા નહિ એમ કહે છે— 'એમ જે કહ્યું છે તેને વિષે કહીએ છીએ' ઇત્યાદિ. પણ સેતુનો જે અવિનાભૂત–અવ્ય- ભિચારી–નિયત સહચારી ધર્મ–પારવત્ત્વાદિ તેનુંજ સેતુશબ્દથી ગ્રહણ થશે એનું નિરાકરણ કરે છે—'લોકમાં માટી અને લાકડાનો' ઇત્યાદિ. 'અહિં પણ'=શ્રુતિમાં પણ. વિધારણ એ સેતુશબ્દનો અર્થ છે એમ સ્ફુટ કરે છે—'षिञ् એ બન્ધનાર્થક ધાતુથી' ઇત્યાદિ. 'नि- नोति बध्नाति' (બાંધે છે) એમ સેતુપદના અર્થનો એકદેશ વિધારણ છે. એવો અર્થ છે તેમજ 'अमृतस्य सेतुः' એમાં અમૃતપદને ભાવપ્રધાન (અમૃતત્વ જેમાં પ્રધાન છે એવું) લેવાથી અમૃતત્વનો સેતુ–વિધારક બ્રહ્મ છે. એનુંજ અમૃતત્વ છે, અન્યનું નથી. અથવા દ્યુલોક આદિ- નો આધાર બ્રહ્મ સેતુશબ્દનો અર્થ નથી પણ અવ્યવહિત જ્ઞાન છે એમ કહે છે—'બીજો કહે છે' ઇત્યાદિ. સેતુશબ્દનો અનાત્મવાક્ત્યાગપૂર્વક આત્મજ્ઞાન અર્થ છે, બ્રહ્મ નથી એ કરે ફલિતાર્થ કહે છે—'તેટલા માટે સેતુશ્રુતિથી' ઇત્યાદિ. સેતુનો અર્થ જ્ઞાન લીધું એટલે એવું તાત્પર્ય છે ॥ ૧ ॥

मुक्तोपसृप्यव्यपदेशात् ॥ २ ॥

મુક્તથી [1]ઉપસૃપ્ય છે એમ [2]વ્યપદેશ છે તેથી (દ્યુલોક, ભૂ આદિનું [3]આયતન પરબ્રહ્મ છે) ॥ ૨ ॥

વળી આથી દ્યુલોક, ભૂ આદિનું આયતન, પરબ્રહ્મજ છે; કારણ કે એ મુક્તથી ઉપસૃપ્ય છે એમ વ્યપદેશ કરાતો દેખાય છે. મુક્તથી ઉપસૃપ્ય તે मुक्तोपसृप्यं. દેહાદિ અનાત્મ પદાર્થો વિષે હું છું એવી આત્મબુદ્ધિ તે અવિદ્યા; તેમાંથી તેના (અનાત્મ પદાર્થોના) પૂજનાદિમાં રાગ, [4]પરિભવાદિમાં દ્વેષ, તેના [5]ઉચ્છેદના દર્શનથી ભય અને મોહ એમ અનન્ત ભેદવાળો અનર્થસમુદાય હમેશા પ્રસરતો આપણે બધાને પ્રત્યક્ષ છે. એથી ઉલટું અવિદ્યા, રાગ, દ્વેષ આદિ દોષોથી મુક્ત પુરુષો વડે એ ઉપસૃપ્ય એટલે ગમ્ય છે એમ દ્યુલોક, ભૂ આદિના આયતનને [6]પ્રસ્તવીને વ્યપદેશ થાય છે. કેવી રીતે?—‘भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्वसंशयाः । क्षीयन्ते चास्य कर्माणि तस्मिन् दृष्टे परावरे ॥’ [મુણ્ડક ૨।૨।૮] (તે [7]પર અને [8]અવરનું જ્ઞાન થયે એની હૃદયગ્રન્થિ છૂટી જાય છે, સર્વ સંશયો કપાઈ જાય છે અને કર્મો

દ્યુ, ભૂ આદિનું આયતન બ્રહ્મ છે તેને માટે બીજો હેતુ કહે છે—‘मुक्तोपसृप्य’ ઇત્યાદિ. મુક્ત પુરુષોથી ઉપસૃપ્ય એટલે પ્રત્યક્ તરીકે પ્રાપ્ય એવું જે બ્રહ્મ તેની અહિં ઉક્તિ છે એવો સૂત્રાર્થ છે. બન્ધનો નાશ એવો જે મુક્તિ શબ્દનો અર્થ તે કહેવા માટે પ્રથમ બન્ધનો અનુવાદ કરે છેઃ મુક્તિના પ્રતિયોગી બન્ધને દર્શાવે છે—‘દેહાદિ અનાત્મ પદાર્થો’ ઇત્યાદિ. અવિદ્યાનું ફળ કહે છે—‘તેમાંથી તેના (અનાત્મ પદાર્થોના) પૂજનાદિમાં રાગ’ ઇત્યાદિ. સમ્યગ્જ્ઞાન વગર અનર્થસમુદાય નાશ પામતો નથી તે સૂચવવા કહે છે—‘હમેશા પ્રસરતો’. સ્વાનુભવનું પ્રમાણ આપે છે—‘આપણે બધાને’. બન્ધનો અનુવાદ કરીને તેના [9]વિરોધરૂપ મોક્ષને સમજાવવાને સૂત્રની યોજના કરે છે—‘એથી ઉલટું’ ઇત્યાદિ. અવિદ્યા, રાગ, દ્વેષ, ભય અને મોહ એ પાંચ ક્લેશાત્મક બન્ધની નિવૃત્તિ જેની થઈ હોય અને આત્મસ્વરૂપે રહ્યો હોય તે મુક્ત છે એવો અર્થ છે. ‘भिद्यते हृदयग्रन्थिः’ એ શ્રુતિમાં પરમાત્મજ્ઞાનનું ફળ કહ્યું છે. ‘कामा येऽस्य हृदि श्रिताः’ (જે કામો એના હૃદયમાં રહેલા છે) એવી બીજી શ્રુતિ છે તેથી અવિદ્યાવાસનાનો [10]પ્રચય, હૃદયમાં-બુદ્ધિમાં રહેલો જે કામ તે નાશ પામે છે. हृदयग्रन्थिः=અવિદ્યા, રાગ, દ્વેષ, ભય અને મોહ. મોહ એટલે વિષાદ, શોક. લૌકિક પુરુષોના ગંગાપ્રવાહની પેઠે મરણપર્યન્ત પ્રવૃત્ત થયેલા [11]જ્ઞેયવિષયક સર્વ સંશયો નાશ પામે છે. જેના સંશયો વિચ્છિન્ન થયા છે અને અવિદ્યા નિવૃત્ત થઈ છે તેના જ્ઞાનની ઉત્પત્તિ, પૂર્વનાં કર્મો તેમજ જન્માંતરમાં જેનું ફળ પ્રાપ્ત થયું નથી તેવાં કર્મો અને જ્ઞાનોત્પત્તિની સાથે થયેલાં કર્મો નાશ પામે છે. આ બધું ક્યારે થાય છે? જ્યારે તે સર્વજ્ઞ, અસંસારી, કારણસ્વરૂપે પર અને કાર્યસ્વરૂપે અવરનું દર્શન-જ્ઞાન થાય છે ત્યારે. અથવા परावरને બીજી રીતે સમજાવે છે. પર એટલે હિરણ્યગર્ભાદિ છે અવર જેનું તે પરાવર, બ્રહ્મ. તે બ્રહ્મનું જે

૧ ગમ્ય. ૨ નિર્દેશ, કહેવું તે; ઉક્તિ. ૩ સ્થાન. ૪ પરિભવ=અપમાન. ૫ નાશ. ૬ પ્રકૃત વિષય કરીને શ્રુતિ કહે છે. ૭ ઉંચું. એનો અર્થ ટીકામાં આપેલો છે. ૮ નીચું. એનો અર્થ ટીકામાં જોવો. ૯ નાશ. ૧૦ સમુદાય. ૧૧ જ્ઞેયને—જાણવા યોગ્ય જે છે તેને—લગતું.

પ્રાપ્ત થાય છે) એમ કહીને (શ્રુતિ) કહે છે—' तथा विद्वान् नामरूपाद्विमुक्तः परात्परं पुरुषमुपैति दिव्यम् ' [મુણ્ડ૦ ૩।૨।૮] (તે પ્રમાણે નામ, રૂપથી વિમુક્ત થઈ વિદ્વાન્ પરથી પર દિવ્ય પુરુષને પામે છે). બ્રહ્મ મુક્ત પુરુષોથી ગમ્ય છે એમ શાસ્ત્રમાં ' यदा सर्वे प्रमुच्यन्ते कामा येऽस्य हृदि श्रिताः । अथ मर्त्योऽमृतो भवत्यत्र ब्रह्म समश्नुते ' [બૃહ૦ ४।४।७] (જે સર્વ કામો એના હૃદયમાં રહેલા છે તે જ્યારે સમૂળ નાશ પામે છે ત્યારે મર્ત્ય અમૃત થાય છે, એજ શરીરમાં બ્રહ્મ પ્રાપ્ત કરે છે) ઇત્યાદિમાં પ્રસિદ્ધ છે. પણ પ્રધાનાદિ, મુક્ત પુરુષોથી ગમ્ય છે એમ ક્યાંયે પણ પ્રસિદ્ધ નથી. વળી ' तमेवैकं जानथ आत्मानमन्या वाचो विमुञ्चथामृतस्यैष सेतुः ' [મુણ્ડ૦ ૨।૨।૫] (તેજ એકલાને આત્મા તરીકે જાણો, અન્ય વાણી-ઓને તજો, એ અમૃતનો સેતુ છે) એમ વાણીના ત્યાગપૂર્વક દ્યુ, ભૂ આદિના આયતનને અહિં વિશેષ તરીકે કહ્યું છે અને ' तमेव धीरो विज्ञाय प्रज्ञां कुर्वीत ब्राह्मणः । नानुध्यायाद्बहूञ्छब्दान्वाचो विग्लापनं हि तत् ॥ ' [બૃહ૦ ४।४।२१] (તેનેજ ધીમાન્ બ્રાહ્મણ જાણીને તેમાં પ્રજ્ઞા કરવી જોઈએ; બહુ શબ્દોનું ધ્યાન કરવું નહિ; કારણ કે તે

[illegible]

[illegible]

વાળીને શ્રમ કરનારું છે) એ બીજી શ્રુતિમાં બ્રહ્મ વિશેષ છે એમ જણાય છે. તેથી પણ દ્યુ, ભૂ આદિનું આયતન પર બ્રહ્મ છે ॥ ૨ ॥

नानुमानमतच्छब्दात् ॥ ३ ॥

(દ્યુ, ભૂ આદિનું આયતન) અનુમાન (અનુમાનગમ્ય પ્રધાન) નથી, 'અતચ્છબ્દથી ॥ ૩ ॥

જેમ બ્રહ્મનો 'પ્રતિપાદક 'વૈશેષિક હેતુ કહ્યો છે તેમ અન્ય અર્થનો પ્રતિપાદક વૈશેષિક હેતુ નથી તેથી કહે છે કે અનુમાન—સાંખ્યસ્મૃતિએ કલ્પેલું પ્રધાન—અહિં દ્યુ, ભૂ આદિના આયતન તરીકે સમજવું યોગ્ય નથી. શાથી? અતચ્છબ્દથી. તેનો, એટલે અચેતન પ્રધાનનો, પ્રતિપાદક જે શબ્દ તે તચ્છબ્દ. તચ્છબ્દ નહિ તે અતચ્છબ્દ. ખરેખર, અહિં અચેતન પ્રધાનનો પ્રતિપાદક કોઈ શબ્દ નથી કે જેથી અચેતન પ્રધાન, કારણ તરીકે કે આયતન તરીકે સમજાય. તેથી ઉલટું જે ચેતન તેનો પ્રતિપાદક શબ્દ અહિં છે—'યઃ સર્વજ્ઞઃ સર્વવિત્' [મુણ્ડ ૧।૧।૯] (જે સર્વજ્ઞ, સર્વવેત્તા છે) ઇત્યાદિ. આથીજ વાયુનો પણ અહિં દ્યુ, ભૂ આદિના આયતન તરીકે આશ્રય કરાતો નથી ॥ ૩ ॥

प्राणभृच्च ॥ ४ ॥

અને 'પ્રાણભૃત્ (દ્યુ, ભૂ આદિનું આયતન નથી) ॥ ૪ ॥

જોકે પ્રાણભૃત્ એટલે વિજ્ઞાનાત્માનું આત્મત્વ અને ચેતનત્વ સંભવે છે, તોપણ જેનું જ્ઞાન ઉપાધિથી પરિચ્છિન્ન થયલું છે તેમાં સર્વજ્ઞત્વ આદિનો અસંભવ હોવાને

[illegible]

[illegible]

[illegible]

[illegible]

લીધે આથી એટલે અતચ્છબ્દથીજ પ્રાણભૃત્ એટલે વિજ્ઞાનાત્માનો પણ દ્યુ, ભૂ આદિના આયતન તરીકે આશ્રય કરવો યુક્ત નથી. વળી ઉપાધિપરિચ્છિન્ન, અવિભુ, વિજ્ઞાનાત્મા. દ્યુ, ભુ આદિનું આયતન થાય એ બરોબર સંભવતું નથી. સૂત્ર જુદું કર્યું છે તે ઉત્તર સૂત્રો માટે છે ॥ ૪ ॥

પણ વિજ્ઞાનાત્માનો દ્યુ, ભૂ આદિના આયતન તરીકે આશ્રય કરવો શા માટે યોગ્ય નથી ?

भेदव्यपदेशात् ॥ ५ ॥

ભેદના વ્યપદેશથી ॥ ૫ ॥

વળી 'तमेवैकं जानथ आत्मानम्' [તેનેજ એકને આત્મા તરીકે જાણો] એમ જ્ઞેય અને જ્ઞાતૃભાવે આદિ ભેદનો વ્યપદેશ છે. તેમાં વિજ્ઞાનાત્મા તો મુમુક્ષુ હોવાથી જ્ઞાતા છે; પારિશેષ્યથી આત્મશબ્દવાચ્ય બ્રહ્મ જે જ્ઞેય છે તે દ્યુ, ભૂ આદિનું આયતન છે એમ ગમ્ય છે, વિજ્ઞાનાત્મા નહિ ॥ ૫ ॥

વળી શાથી વિજ્ઞાનાત્માનો દ્યુ, ભૂ આદિના આયતન તરીકે આશ્રય કરવો યોગ્ય નથી ?

प्रकरणात् ॥ ६ ॥

પ્રકરણથી ॥ ૬ ॥

વળી આ પ્રકરણ પણ પરમાત્માનું છે; કેમકે 'कस्मिन्नु भगवो विज्ञाते सर्वमिदं

તરીકે છે માટે તેનું આયતન છે એ સિદ્ધ છે. અનુસારા જીવ દ્યુ, ભૂ આદિનું નિમિત્ત છે તોપણ સ્વયં તેનું આયતન નથી; કેમકે ઔપાધિક-ઉપાધિપરિચ્છિન્ન હોવાથી જીવ અવિભુ છે એવો અર્થ છે પણ 'नानुमानप्राणभृतावतच्छब्दात्' (પ્રધાન અને જીવ, દ્યુ, ભૂ આદિનું આયતન નથી, અતચ્છબ્દથી) એમ એક સૂત્ર શા માટે ન કર્યું, કેમકે બન્નેનું નિરાકરણ કરવાનો હેતુ એકજ છે. એને માટે કહે છે કે—'સૂત્ર જુદું કર્યું છે', ઇ૦ આદિ. ઉત્તર સૂત્રોથી જીવાત્માનોજ નિરાસ થાય છે, પ્રધાનનો નહિ. એક સૂત્ર કરવાથી આમ બરોબર સમજાય નહિ. ઉત્તર સૂત્રોના હેતુથી જીવાત્માનો નિરાસ થાય છે તેથી અન્વયનો સુબોધ થવા માટે 'प्राणभृच्च' એમ પૃથક્ સૂત્ર કર્યું છે. ઉત્તર સૂત્રોમાં જીવાત્માનો નિરાસ સમજાવવા માટે પૃથક્ સૂત્ર કર્યું છે. ૪.

એક: વિશુદ્ધ પ્રજ્ઞાનઘન આત્મા જ્ઞેય છે, તોપણ જીવના આકારથી જ્ઞાતાનો ભેદથી ભેદ હોવાથી જીવ જ્ઞેય નથી એવો અર્થ છે. આ પ્રમાણે જીવભાવવિશિષ્ટ તરીકે જીવ દ્યુ, ભૂ આદિનું આયતન નથી, વિશુદ્ધરૂપે તો છેજ એમ સમજવું ॥ ૫ ॥

ભિન્ન જ્ઞાતા જ્ઞેય હોય નહિ. આત્માનેજ જાણો એમ વચનપ્રમાણ [illegible] જ્ઞાતાથી જીવ [illegible]

૧ છાન્દો ના, [illegible]

विज्ञातं भवति' [મુણ્ડ૦ ૧।૧।૩] (હે ભગવન્, શેનું વિજ્ઞાન થયે આ સર્વનું વિજ્ઞાન થાય?) એમાં એકના વિજ્ઞાનથી સર્વના વિજ્ઞાનની અપેક્ષા છે. ખરેખર, સર્વનો આત્મા, જે પરમાત્મા, તેનું વિજ્ઞાન થયે આ સર્વનું વિજ્ઞાન થાય, માત્ર વિજ્ઞાનાત્માનું વિજ્ઞાન થયે નહિ ॥ ૬ ॥

વળી શાથી વિજ્ઞાનાત્માનો દ્યુ, ભૂ આદિના આયતન તરીકે આશ્રય કરવો યુક્ત નથી?

स्थित्यदनाभ्यां च ॥ ७ ॥

વળી સ્થિતિ અને [1]અદનથી ॥ ૭ ॥

દ્યુ, ભૂ આદિના આયતનને પ્રસ્તાવીને કહે છે—'द्वा सुपर्णा सयुजा सखाया' [મુણ્ડ૦ ૩।૧।૧] (બે સુપર્ણ, સર્વદા સહયુક્ત સખા) એમાં સ્થિતિ અને અદનનો નિર્દેશ કર્યો છે. 'तयोरन्यः पिप्पलं स्वाद्वत्ति' (તેમાંનો એક [ક્ષેત્રજ્ઞ] સ્વાદુ ફળ ખાય છે) એમાં કર્મફળનો ઉપભોગ નિર્દિષ્ટ છે, અને 'अनश्नन्नन्योऽभिचाकशीति' (બીજો [ઈશ્વર] ખાધા વગર જુએ છે) એમાં ઉદાસીનતાથી અવસ્થાનનો નિર્દેશ કર્યો છે; અને એ સ્થિતિ અને અદનથી ઈશ્વર અને ક્ષેત્રજ્ઞનું ત્યાં ગ્રહણ કરાય છે. જો ઈશ્વર દ્યુ, ભૂ આદિના આયતન તરીકે વિવક્ષિત હોય તો તે પ્રકૃત ઈશ્વરનું ક્ષેત્રજ્ઞથી પૃથગ્વચન સંભવે છે. નહિ તો, ખરેખર, એ અપ્રકૃત વચન આકસ્મિક અને અસંબદ્ધ થાય. પણ તારૂં પણ ક્ષેત્રજ્ઞનું ઈશ્વરથી પૃથગ્વચન આકસ્મિકજ પ્રસક્ત થાય. ના; કેમકે તે અવિવક્ષિત છે. ક્ષેત્રજ્ઞ તો કર્તા અને ભોક્તા તરીકે પ્રતિશરીરમાં

ચેતન નથી અને જ્ઞેય નથી તેને માટે બીજો હેતુ કહેવો જોઈએ—'વળી શાથી' ઇત્યાદિ. હિરણ્યગર્ભ આદિનું જ્ઞાન થયે કંઈ સર્વનું જ્ઞાન થતું નથી, પણ બ્રહ્મનું જ્ઞાન થયેજ સર્વજ્ઞાન થાય છે ॥ ૬ ॥

જીવ ઉપાધિ સાથે એક છે એમ વિવક્ષિત નથી તેથી જીવજ્ઞાનથી સર્વજ્ઞાન સિદ્ધ થાય છે માટે જીવ દ્યુ, ભૂ આદિનું આયતન નથી તેને માટે બીજો હેતુ કહેવો જોઈએ એમ આશંકા કરી સૂત્રથી પરિહાર કરે છે—'વળી શાથી વિજ્ઞાનાત્માનો' ઇત્યાદિ. 'द्वा सुपर्णा' ઇત્યાદિમાં સ્થિતિથી ઈશ્વરનું અને અદનથી જીવનું વચન છે તોપણ આયતનવાક્યમાં ઈશ્વરજ શા માટે ગ્રાહ્ય છે તેને માટે કહે છે—'જો ઈશ્વર' ઇત્યાદિ. અહિં ઈશ્વર એટલે શુદ્ધ ચિન્માત્ર એમ સમજવું, સર્વજ્ઞત્વાદિવિશિષ્ટ નહિ; કેમકે તે અહિં પ્રતિપાદ્ય નથી. એટલા માટે અપ્રતિપાદ્ય અર્થનું અકસ્માત્ મધ્યે વચન અસંગત હોવાથી આયતનરૂપે કરીને તેનુંજ ગ્રહણ કરવું એમ આશય છે. તે ન્યાયના પ્રકાર શંકા કરે છે—'પણ તારૂં પણ' ઇત્યાદિ. બ્રહ્મસ્વરૂપ પ્રતિપાદન કરવા માટે અકસ્માત્ અપ્રકૃત એવા પણ લોકપ્રસિદ્ધ જીવનો અનુવાદ સંભવિત છે

---

[1] ભક્ષણ, ભોગ.

બુદ્ધિ વગેરે ઉપાધિથી સંબદ્ધ છે તે લોકમાંજ પ્રસિદ્ધ છે, એ શ્રુતિથી તાત્પર્યે વિવક્ષિત નથી. ઈશ્વર તો લોકમાં અપ્રસિદ્ધ હોવાથી શ્રુતિથી તાત્પર્યે વિવક્ષિત છે તેથી તેનું આકસ્મિક વચન યુક્ત નથી. ' गुहां प्रविष्टावात्मानौ हि ' (ખરેખર, ગુહામાં પ્રવિષ્ટ થયેલા બે આત્માઓ) એમાં પણ ' द्वा सुपर्णा એ ઋકમાં ઈશ્વર અને ક્ષેત્રજ્ઞ ઉક્ત છે એમ કહ્યું છે. જોકે પૈંગી ઉપનિષદ્‌માં કહેલા વ્યાખ્યાનથી આ ઋક્‌માં સત્ત્વ અને ક્ષેત્રજ્ઞ ઉક્ત છે તોપણ કંઈ વિરોધ નથી. કેવી રીતે ? ખરેખર, અહિં ઘટાદિચ્છિદ્રની પેઠે સત્ત્વાદિ ઉપાધિના અભિમાની તરીકે વિજ્ઞાનાત્મા પ્રતિશરીરમાં ગૃહ્યમાણ છે તેથી દ્યુ, ભૂ આદિનું આયતન નથી એમ વિજ્ઞાનાત્માનો નિષેધ કરાય છે. પણ જે સર્વ શરીરોમાં ઉપાધિ વિના ઉપલક્ષ્યમાણ છે તે પરમાત્માજ છે. જેમ ઘટાદિનાં છિદ્રો ઘટાદિ ઉપાધિ વિના ઉપલક્ષ્યમાણ મહાકાશજ થાય છે, તેમ વિજ્ઞાનાત્મા પરમાત્માથી અન્ય છે એ અયુક્ત છે, તેથી તેનો દ્યુ, ભૂ આદિના આયતન તરીકે પ્રતિષેધ યુક્ત નથી. તેથી સત્ત્વાદિના અભિમાનીનોજ દ્યુ, ભૂ આદિના આયતન તરીકે પ્રતિષેધ છે. તેટલા માટે પરબ્રહ્મજ દ્યુ, ભૂ આદિનું આયતન છે. તે એ, ' अदृश्यत्वादिगुणको धर्मोक्तेः ' [૧।૨।૨૧ સૂત્ર] એથીજ સિદ્ધ છે. તેજ ભૂતયોનિ-વાક્યની મધ્યે આ કહ્યું છે—' यस्मिन् द्यौः पृथिवी चान्तरिक्षम् ' એમ. પણ વિસ્તારને માટે અહિં એનો પુનઃ ઉપન્યાસ કર્યો છે ॥ ૭ ॥

એમ શંકાનો પરિહાર કરે છે—' ના, કેમકે તે અવિવક્ષિત છે ' ઇત્યાદિ. જીવ અપૂર્વ ન હોવાને લીધે અપ્રતિપાદ્ય છે એમ પ્રકટ કરે છે—' ક્ષેત્રજ્ઞ તો ' ઇત્યાદિ. પણ ' द्वा सुपर्णा ' ઇત્યાદિમાં બુદ્ધિ અને જીવ ઉક્ત છે તો આ સૂત્ર શી રીતે તેને માટે કહે છે—' गुहां प्रविष्टा '—' ઇત્યાદિ. સ્થિતિ અને અદને કરીને ઈશ્વર અને ક્ષેત્રજ્ઞના અનુવાદથી ઐક્ય દર્શાવ્યું છે એવો અર્થ છે. પણ અહિં જીવ અને ઈશ અનુવાદ્ય નથી; કેમકે પૈંગિવ્યાખ્યા સાથે વિરોધ થાય છે, આથી સૂત્ર અસંગત થાય છે તેથી કહે છે—' જોકે પૈંગી ઉપનિષદ્‌માં ' ઇત્યાદિ. તોપણ સૂત્રની અસંમતિ નથી એવો અર્થ છે. અદનવાક્યે બુદ્ધિનો અનુવાદ કરીને સ્થિતિવાક્યે બુદ્ધિ આદિથી વિલક્ષણ શુદ્ધ પ્રત્યગ્બ્રહ્મને જ્ઞેય કર્યું છે તેથી ગુહાદિવાક્યમાં તેજ સાધ્ય છે. બુદ્ધિના ઉપાધિવાળો જીવ સાધ્ય નથી એમ સૂત્રની સમતિ કહે છે—' ખરેખર અહિં ' ઇત્યાદિ. ' अनश्नन्न्योऽभिचाकशीति ' એમાં જીવ ઉપાધિરહિત સ્વરૂપે બ્રહ્મસ્વભાવ, ઉદાસીન અભોક્તા છે એમ દર્શાવ્યું છે. તેનેજ માટે અચેતન બુદ્ધિસત્ત્વ અપારમાર્થિક ભોક્તા છે એમ કહ્યું છે. માટે એવી રીતના જીવને પ્રતિપાદન કરતો આ મન્ત્રવર્ગ, દ્યુ ભૂ આદિનું આયતન બ્રહ્મજ છે એમ કહે છે અને ઉપાધિપરિચ્છિન્ન જીવનો પ્રતિષેધ કરે છે, એટલે પૈંગિબ્રાહ્મણ સાથે વિરોધ નથી એવો અર્થ છે. ' તે એ '=દ્યુ ભૂ આદિ વાક્ય બ્રહ્મપર છે તે.' વિસ્તારને માટે '=સેતુશબ્દના વ્યાખ્યાનથી ભૂતયોનિ પ્રત્યગાત્મા છે એમ સ્ફુટ કરવા માટે. તેથી મુણ્ડક ઉપનિષદ્‌નો બ્રહ્મને વિષે સમન્વય સિદ્ધ થયો ॥ ૭ ॥

भूमा संप्रसादादध्युपदेशात् ॥ ८ ॥

ભૂમા (પરમાત્મા છે). સંપ્રસાદથી ઊર્ધ્વ ઉપદેશ છે તેથી ॥ ૮ ॥

'भूमा त्वेव विजिज्ञासितव्य इति भूमानं भगवो विजिज्ञास इति' । 'यत्र नान्यत् पश्यति नान्यच्छृणोति नान्यद्विजानाति स भूमाऽथ यत्रान्यत् पश्यत्यन्यच्छृणोत्यन्यद्विजानाति तदल्पम् ।' [છાંદો૦ ૭। ૨૩-૨૪] (ભૂમાનું વિજ્ઞાન પામવા યોગ્ય છે. માટે હે ભગવન્, ભૂમાનું વિજ્ઞાન મેળવવા ઇચ્છું છું. જે તત્ત્વને વિષે અન્ય વસ્તુનું દર્શન કરતો નથી, અન્યનું શ્રવણ કરતો નથી, અન્યનું વિજ્ઞાન મેળવતો નથી તે ભૂમા છે; અને જેને વિષે અન્યને જુએ છે, અન્યને સાંભળે છે, અન્યનું વિજ્ઞાન મેળવે છે તે અલ્પ છે) એમ શ્રુતિવાક્યો છે. તેમાં સંશય થાય છે કે શું પ્રાણ ભૂમા થાય કે પરમાત્મા? શાથી સંશય થાય છે? ભૂમા એટલે પ્રથમ તો બહુત્વનું અભિધાન થાય છે; કેમકે 'बहोर्लोपो भू च बहोः' [પાણિ૦ ૬।૪।૧૫૮] એ સૂત્રથી ભૂમશબ્દ ભાવપ્રત્યયાન્ત છે એમ સ્મરણ છે. વળી એ બહુત્વ કેવા ધર્મ-

[illegible] 'भूमा त्वेव विजिज्ञासितव्यः' [illegible] 'भूमानं भगवो विजिज्ञासे' [illegible] 'यत्र नान्यत्पश्यति' [illegible] 'यत्र नान्यत्पश्यति' [illegible] 'बहोर्लोपो भू च बहोः' [illegible]

૧ [illegible]

વાળું છે એવી વિશેષ આકાઙ્ક્ષાને વિષે 'प्राणो वा आशाया भूयान्' [છાન્દો૦ ૭।૧૫।૧] (ખરેખર, પ્રાણ આશાથી મોટો છે) એમ સંનિધિથી પ્રાણ ભૂમા છે એમ જણાય છે. તેમજ 'श्रुतं ह्येव मे भगवद्दृशेभ्यस्तरति शोकमात्मविदिति सोऽहं भगवः शोचामि तं मा भगवाञ्छोकस्य पारं तारयतु' [છાન્દો૦ ૭।૧।૩] (કેમકે મેં આપ જેવા ઓથી સાંભળ્યું છે કે આત્મવેત્તા શોક તરે છે, તેથી હે ભગવન્, એવો હું શોક કરૂં છું. તે મને શોકને પાર તારો) એમ પ્રકરણ ઉઠાવવાથી પરમાત્મા ભૂમા છે એમ પણ ભાન થાય છે. તેમાં કોનું [1]ઉપાદાન ન્યાય્ય છે અને કોનું [2]હાન ન્યાય્ય છે તે વિષે સંશય થાય છે. ત્યારે શું પ્રાપ્ત થાય છે? પ્રાણ ભૂમા છે એમ પ્રાપ્ત થાય છે. શાથી? આધિક્યના પ્રશ્ન અને પ્રતિવચનની પરંપરાનું દર્શન થતું નથી તેથી. જેમ 'अस्ति भगवो नाम्नो भूयः' (હે ભગવન્, નામથી અધિક કંઈ છે?) એમ,

છે અને બહુને સ્થાને ભૂ આદેશ થાય છે આમ भूमन् શબ્દ નિષ્પન્ન થાય છે. આ પ્રમાણે इमन् પ્રત્યય ભાવવાચક હોવાથી भूमन् શબ્દનો અર્થ બહુત્વ થાય છે. તે કેવા ધર્મવાળું છે એમ આકાઙ્ક્ષા ઉત્પન્ન થયે પાસેના પ્રકરણમાં રહેલો પ્રાણ ધર્મી છે એમ લાગે છે; તેમજ વાક્યના ઉપક્રમમાં રહેલા આત્માનુ પણ ધર્મી તરીકે ભાન થાય છે. ભાવ અને ભવિતૃ (જેમાં ભાવ રહેલો છે તે) એ બે વચ્ચે તાદાત્મ્યવિવક્ષાથી પ્રાણ ભૂમા છે કે પરમાત્મા ભૂમા છે એમ સામાનાધિકરણ્ય થઈ સંશય થાય છે. પૂર્વ અધિકરણમાં આત્મશબ્દથી દ્યુ, ભૂ આદિનુ આયતન બ્રહ્મ છે એવો નિર્ણય કર્યો એ યુક્ત નથી; કેમકે આત્મશબ્દ 'तरति शोकमात्मवित्' એમા અબ્રહ્મને વિષે પ્રયુક્ત છે એમ આક્ષેપની સંગતિથી પૂર્વપક્ષ કરે છે— 'પ્રાણ ભૂમા છે એમ પ્રાપ્ત થાય છે.' આ અધ્યાયમા કોણ કોનાથી અધિક છે એમ પ્રશ્નોત્તર છે. પ્રાણની પછી આધિક્ય-પ્રશ્ન નથી તેથી પ્રાણજ ભૂમા છે એમ કહે છે—'શાથી?' ઇત્યાદિ. પણ 'एष तु वा अतिवदति' (એ તો ખરેખર શ્રેષ્ઠવાદી છે) એમાં तु શબ્દથી પ્રાણપ્રકરણનો વિચ્છેદ થવાથી પ્રાણ ભૂમા નથી એથી કહે છે—'પણ પ્રાણનેજ નામથી શરૂ કરી' ઇત્યાદિ. નામથી આરંભી આશાપર્યન્ત ઉપાસ્ય પદાર્થોને ઓળંગી પ્રાણને જેણ વદે તે અતિવાદી, પ્રાણવેત્તા. તેવા પુરુષ પ્રત્યે કોઈક પ્રશ્ન કરે કે તમે અતિવાદી છો તો તેણે કહેવું કે હા, હું છું. હું અતિવાદી નથી એમ અપહ્નવ કરવો નહિ એમ કહ્યું છે. પ્રાણ વેત્તાનો 'एष तु वा अतिवदति' ઇત્યાદિમાં एषः થી પરામર્શ કરીને, સત્યવચન, ધ્યાન, મનન, શ્રદ્ધા, નિષ્ઠા, અને કૃતિ એ ધર્મપરંપરા કરીને ભૂમાનો ઉપદેશ કર્યો છે તેથી પ્રકરણનો વિચ્છેદ થતો નથી. तुશબ્દ તો નામાદિનો ઉપાસક અતિવાદી નથી એમ અતિવાદિત્વનો નિરસ કરવા માટે છે. ભૂમાનું લક્ષણ સુખત્વ અને અમૃતત્વ પ્રાણને વિષે પ્રયત્નપૂર્વક યોજે છે—'પણ પ્રાણ ભૂમા છે એમ વ્યાખ્યા કરાય તો' ઇત્યાદિ. 'न शृणोति न पश्यति' એમાં સુષુપ્તપુરુષ એવું હેત સમજવું; અર્થાત્ સુષુપ્ત પુરુષ સાંભળતો નથી કે દેખતો નથી. 'प्राणो माता प्राणो भ्राता प्राणः स्वसा प्राण आचार्यः प्राणो ब्राह्मणः' [છાન્દો૦ ૭।૧૫।૧] 'गार्हपत्यो ह वा एषोऽपानो व्यानोऽन्वाहार्यपचन आहवनीयः प्राणः' (આ અપાન જ ગાર્હપત્ય છે, વ્યાન અન્વાહાર્ય છે અને પ્રાણ આહવનીય છે) એવી શ્રુતિ છે તેથી પ્રાણ અગ્નિ તરીકે નિરૂપિત થવાને લીધે અગ્નિ છે, તે આ અભિમાનથી મરણ કરેલા શરીરને વિષે સ્વપ્નમાં

[1] ગ્રહણ કરવું. [2] ત્યાગ કરવો.

'वाग्वाव नाम्नो भूयसी' (ખરેખર, વાગિન્દ્રિય નામથી અધિક છે) એમ, અને 'अस्ति भगवो वाचो भूयः' (હે ભગવન, વાગિન્દ્રિયથી કંઈ અધિક છે) એમ, અને 'मनो वाव वाचो भूयः' (ખરેખર, મન વાગિન્દ્રિયથી અધિક છે) એમ નામથી આરંભી પ્રાણપર્યન્ત અધિકતાના પ્રશ્ન અને પ્રતિવચનનો પ્રવાહ પ્રવૃત્ત થયો છે, તેવી રીતે પ્રાણથી પર આધિક્યના પ્રશ્ન અને પ્રતિવચન દેખાતાં નથી, જેમકે હે ભગવન, પ્રાણથી કંઈ અધિક છે, અને ખરેખર, આ પ્રાણથી અધિક છે એમ. પણ પ્રાણનેજ નામથી શરૂ કરી આશાપર્યન્તથી 'प्राणो वा आशाया भूयान्' (પ્રાણ, ખરેખર, આશાથી અધિક છે) ઇત્યાદિથી વિસ્તારપૂર્વક અધિક કહીને 'अतिवाद्यसीत्यतिवाद्यस्मीति ब्रूयान्नापह्नुवीत' (તું શ્રેષ્ઠવાદી છે એમ પ્રશ્ન થયે હું શ્રેષ્ઠવાદી છું એમ કહેવું. અપહ્નવ કરવો નહિ) એમ પ્રાણદર્શીનું શ્રેષ્ઠવાદિત્વ કબુલ કરીને 'एष तु वा अतिवदति यः सत्येनातिवदति' (પણ, ખરેખર એ શ્રેષ્ઠવાદી થાય છે જે સત્ય વડે શ્રેષ્ઠવાદી થાય છે) એમ પ્રાણવ્રત અને શ્રેષ્ઠવાદિત્વનું અનુકર્ષણ કરીને પ્રાણનો પરિત્યાગ કર્યા વગરજ સત્યાદિપરંપરાથી ભૂમાનું અવતારણ કરીને પ્રાણને ભૂમા માને છે એમ સમજાય છે. પણ પ્રાણ ભૂમા છે એમ વ્યાખ્યા કરાય તો 'यत्र नान्यत् पश्यति' (જે તત્ત્વમાં બીજું જોતો નથી) એ ભૂમાનું લક્ષણાત્મક વચન શી રીતે સમજાવવું? કહીએ છીએ—સુષુપ્તિ અવસ્થામાં ઇન્દ્રિયો પ્રાણને વિષે લીન થયે સતે દર્શનાદિ વ્યવહારની નિવૃત્તિ જોવામાં આવે છે તેથી 'यत्र नान्यत् पश्यति' (જે તત્ત્વમાં બીજું જોતો નથી) એવું પ્રાણનું પણ લક્ષણ સંભવે છે; કેમકે 'न शृणोति न पश्यति' (સાંભળતો નથી, જોતો નથી) ઇત્યાદિથી શ્રુતિ સર્વ ઇન્દ્રિયોના વ્યાપારના અસ્તમય સ્વરૂપ સુષુપ્તિ અવસ્થાને કહીને 'प्राणाग्नय एवैतस्मिन् पुरे जाग्रति' [પ્ર૦ ૪।૩।૩] (પ્રાણાગ્નિઓજ આ શરીરને વિષે જાગે છે) એમ તેજ અવસ્થામાં પાંચ વૃત્તિવાળા પ્રાણનું જાગરણ કહેતી પ્રાણપ્રધાન સુષુપ્તિ અવસ્થા દર્શાવે છે. વળી 'यो वै भूमा तत्सुखम्' [છાન્દો૦ ૭।૨૩] (ખરેખર, જે ભૂમા છે તે સુખ છે) એમ ભૂમાનું જે સુખત્વ શ્રુતિ પ્રતિપાદન કરે છે તે પણ અવિરુદ્ધ છે; કેમકે 'अत्रैष देवः स्वप्नान्न पश्यत्यथ यदैतस्मिञ्शरीरे सुखं भवति' [પ્ર૦ ૪।૬] (એ કાળે એ મનોરૂપ દેવ સ્વપ્નોને જોતો નથી, પછી જે પ્રસિદ્ધ બ્રહ્મસ્વરૂપ છે તે એ શરીરને વિષે સુખસ્વરૂપ થાય છે) એમ સુષુપ્તિ અવસ્થામાંજ સુખની શ્રુતિ છે. વળી 'यो वै भूमा तदमृतम्' [છાન્દો૦ ૭।૨૪।૧] (ખરેખર, જે ભૂમા છે તે અમૃત છે) એમ જે કહ્યું તે પણ પ્રાણની અવિરુદ્ધ છે, કેમકે 'प्राणो वा अमृतम्' [કૌ૦ ૩।૨] (ખરેખર, પ્રાણ અમૃત છે) એવી

પણ જાગે છે, એટલે વ્યાપારસહિતજ રહે છે એવો અર્થ છે. 'अत्रैष देवः स्वप्नान्' ઇત્યાદિ. દેવ=જીવ. જે અવસ્થામાં એ દેવ, બુદ્ધિ વગેરે ઉપાધિઓનો જીવ જુદા જુદા પ્રકારનાં સ્વપ્નો પ્રાપ્ત કરતો નથી ત્યારે જે સુખ છે તે એ શરીરમાં થાય છે, ઉપાધ્યન્તરસાધ્ય સુખ નથી એવો શ્રુતિનો અર્થ છે. સુષુપ્તિને વિષે પ્રાણ પ્રાધાન્ય હોવાથી તેનુંજ તે સુખ છે એવો દેખાય છે. શ્રુતિ ભૂમાને અમૃત કહે છે તેથી ભૂમા પ્રાણથી ભિન્ન છે; કેમકે પ્રાણ તો અલ્પ હોવાથી મર્ત્ય છે એમ આશંકા કરી કહે છે—'વળી "यो वै भूमा' ઇત્યાદિ. પ્રાણ ભૂમા

શ્રુતિ છે. પણ પ્રાણને ભૂમા માનનારને 'तरति शोकमात्मवित्' (આત્મવેત્તા શોક તરે છે) એમ આત્મવિજ્ઞાનની ઇચ્છાથી પ્રકરણ ઉઠાવવું શી રીતે યુક્ત થશે? પ્રાણજ અહિં આત્મા તરીકે વિવક્ષિત છે એમ અમે કહીએ છીએ; કેમકે 'प्राणो ह पिता प्राणो माता प्राणो भ्राता प्राणः स्वसा प्राण आचार्यः प्राणो ब्राह्मणः' [છાન્દોગ્ય૭।૧૫।૧] (ખરેખર, પ્રાણ પિતા છે, પ્રાણ માતા છે, પ્રાણ ભ્રાતા છે, પ્રાણ સ્વસા છે, પ્રાણ આચાર્ય છે અને પ્રાણ બ્રાહ્મણ છે) એમ શ્રુતિ પ્રાણનેજ સર્વના આત્મા કરે છે; અને 'यथा वा अरा नाभौ समर्पिता एवमस्मिन् प्राणे सर्वं समर्पितम्' (અથવા જેમ આરા નાભિમાં મૂકેલા છે તેમ આ પ્રાણને વિષે સર્વ મૂકેલું છે) એમ સર્વાત્મત્વ અને અરનાભિના દૃષ્ટાન્તથી પ્રાણનું વિપુલ સ્વરૂપ અને ભૂમરૂપતા સંભવે છે. તેટલા માટે પ્રાણ ભૂમા છે એમ પ્રાપ્ત થાય છે તેથી એમ કહે છે કે પરમાત્માજ અહિં ભૂમા થવા યોગ્ય છે, પ્રાણ નથી. શાથી? સંપ્રસાદથી ઊર્ધ્વ ઉપદેશ છે તેથી. સંપ્રસાદથી સુષુપ્ત સ્થાનનું અભિધાન થાય છે; કેમકે બરોબર પ્રસાદ પામે છે જેને વિષે એમ વ્યુત્પત્તિ છે. વળી બૃહદારણ્યકમાં સ્વપ્ન અને જાગરિત સ્થાનોની સાથે એનો પાઠ છે; અને તે સંપ્રસાદ અવસ્થામાં પ્રાણ જાગે છે એટલે અહિં સંપ્રસાદનો અર્થ પ્રાણ સમજવો એવો આશય છે. પ્રાણથી ઊર્ધ્વ ભૂમાનો ઉપદેશ કરાયો છે તેથી એવો અર્થ છે. જો પ્રાણજ ભૂમા થાય તો તેથી ઊર્ધ્વ તેનેજ ઉપદેશ થાય એ અઘટિત થાય. ખરેખર, નામજ નામથી અધિક છે એમ નામથી ઊર્ધ્વ ઉપદેશ નથી. ત્યારે શો ઉપદેશ છે? નામથી બીજા વાગ્ નામના અર્થાન્તરનો ઉપદેશ છે, 'वाग्वाव नाम्नो भूयसी' (ખરેખર, વાગિન્દ્રિય નામથી અધિક છે) એમ તેમજ વાગાદિથી પ્રાણપર્યન્ત સુધી તે તે સ્થળે અન્ય અર્થજ અધિક છે એમ ઉપદેશ કર્યો છે. તેની પેઠે પ્રાણથી ઊર્ધ્વ ઉપદિશ્યમાન ભૂમા પણ પ્રાણથી અર્થાન્તર થવા યુક્ત છે. પણ અહિં, હે ભગવન્, પ્રાણથી અધિક કંઇ છે? એવો પ્રશ્ન નથી, તેમજ, ખરેખર, પ્રાણથી અધિક છે એવું પ્રતિવચન પણ નથી; તો પ્રાણથી ઊર્ધ્વ ભૂમાનો ઉપદેશ થાય છે એમ કેમ કહેવાય છે? 'एष तु वा अतिवदति यः सत्येनातिवदति' (જે સત્યથી

હોય તો પ્રકરણના વિરોધની શંકા કરે છે—'પણ પ્રાણને ભૂમા માનનારને' ઇત્યાદિ. પ્રાણજ આત્મા છે એટલે એવો વિરોધ નથી—'પ્રાણજ અહિં આત્મા તરીકે' ઇત્યાદિ. પ્રાણ આત્મા શી રીતે એમ આશંકા કરી, શ્રુતિ પ્રતિપાદન કરે છે તેથી એમ કહે છે— 'કેમકે "प्राणो ह पिता," ઇત્યાદિ. 'प्राणे सर्वं समर्पितम्' એટલે શ્રુતિ પ્રાણને સર્વના અધિષ્ઠાન તરીકે સ્વીકારે છે, માટે આત્મત્વ પ્રાણને પણ મુખ્યાર્થમાં લાગુ પડે છે. સંપ્રસાદ શબ્દનો લક્ષણાથી પ્રાણ અર્થ પ્રતિપાદન કરવાને માટે મુખ્યાર્થ દર્શાવે છે—'સંપ્રસાદથી સુષુપ્ત સ્થાનનું' ઇત્યાદિ. ભૂમા પ્રાણથી ભિન્ન છે; તેનાથી ઊર્ધ્વ ઉપદિષ્ટ છે, જેથી નામાદિથી ઊર્ધ્વ ઉપદિષ્ટ વાગાદિ છે તેની પેઠે, એમ સમજવું. પ્રાણને વિષે હેતુનો અયોગ કહે છે—'જો પ્રાણજ ભૂમા થાય તો' ઇત્યાદિ. પોતે પોતાથીજ ઊર્ધ્વ ઉપદિષ્ટ છે એ અયુક્ત છે અને નામાદિને વિષે એવું અદૃષ્ટ છે. હેતુ અસિદ્ધ છે એમ શંકા કરે છે—'પણ અહિં, હે ભગવન્, પ્રાણથી.' ઇત્યાદિ. एषः શબ્દ પ્રકૃત પ્રાણવેત્તાનો પરામર્શ કરનારો નથી; કેમકે यत् શબ્દનો પરતન્ત્ર હોવાથી તે સત્યવાદીનો અર્થ પ્રતિપાદન કરે છે, તેથી પ્રાણ પ્રકરણવિચ્છિન્ન છે,

અેઇવાદી છે તે ખરેખર અેઇવાદી છે) એમ પ્રાણ વિષેજ અેઇવાદિત્વનો આગળ અનુકર્ષ થતો જોઈએ છીએ; તેટલા માટે પ્રાણથી ઊર્ધ્વ ઉપદેશ નથી. એ વિષયે કહીએ છીએ—પ્રાણ વિષેજ અેઇવાદિત્વનું એ અનુકર્ષણ છે એમ કહી શકાય એમ નથી; કેમકે 'यः सत्येनातिवदति' (જે સત્યથી અેઇવાદી છે) એમ વિશેષવાદ છે. પણ એ વિશેષવાદ પણ પ્રાણ વિષેજ થશે. કેવી રીતે? જેમકે 'એ અગ્નિહોત્રી છે, જે સત્ય વદે છે' એમ કહ્યું એટલે સત્યવાદથી અગ્નિહોત્રિત્વ થતું નથી, ત્યારે શાથી? અગ્નિહોત્રથીજ, સત્યવાદ તો અગ્નિહોત્રીનો વિશેષ કહેવાય છે, તેમ 'एष तु वा अतिवदति यः सत्येनातिवदति' (જે સત્યથી અેઇવાદી છે તે ખરેખર અેઇવાદી છે) એમ કહ્યું એટલે સત્યવાદથી અેઇવાદિત્વ નથી. ત્યારે શાથી? પ્રકૃત પ્રાણવિજ્ઞાનથીજ, સત્યવાદ તો પ્રાણવેત્તાના વિશેષ તરીકે વિવક્ષિત છે. અમે કહીએ છીએ કે ના; કેમકે શ્રુતિના અર્થનો પરિત્યાગ થવાનો પ્રસંગ આવશે. ખરેખર, શ્રુતિથી સત્યવાદથી અેઇવાદિત્વની પ્રતીતિ થાય છે—'यः सत्येनातिवदति सोऽतिवदति' (જે સત્યથી અેઇવાદી છે તે અેઇવાદી છે) એમ. અહિં પ્રાણવિજ્ઞાનનું સંકીર્તન નથી. પ્રકરણથી તો પ્રાણવિજ્ઞાનનો સંબંધ થાય. તેમાં પ્રકરણના અનુરોધથી શ્રુતિનો પરિત્યાગ થાય અને પ્રકૃતથી વ્યાવૃત્તિના અર્થવાળો तु શબ્દ યુક્ત થતો નથી—'एष तु वा अतिवदति' (પણ એ અેઇવાદી છે) એમાં; અને 'सत्यं त्वेव विजिज्ञासितव्यम्' [છાન્દો૦ ૭।૧૬] (પણ, સત્યજ વિજિજ્ઞાસા કરવા યુક્ત છે) એ અન્ય પ્રયત્ન કર્યો છે તે અન્ય અર્થની વિવક્ષા સૂચવે છે. તેટલા માટે, જેમ એક વેદની પ્રશંસા પ્રકૃત હોય

અને [illegible] સિદ્ધ છે એમ કહે છે—'એ વિષે કહીએ છીએ' ઇત્યાદિ. 'વિશેષવાદ'—[illegible] અતિવાદિત્વ એ વિશેષ છે; અને તે જેને હોય તેને માટે य एष એમ કહ્યું છે એટલે પૂર્વનો (પ્રાણવેત્તાનો) અનુકર્ષ નથી એવું તાત્પર્ય છે. પણ 'य एष प्राणविदतिवदति' (જે એ પ્રાણવેત્તા, અેઇવાદી છે) એમ અનુવાદ કરીને 'स सत्यं वदेत्' (તેણે સત્ય બોલવું) એમ વિધાન કરવાથી પ્રાણપ્રકરણનો વિચ્છેદ નથી એમ દૃષ્ટાન્તથી શંકા કરે છે—'પણ એ વિશેષવાદ પણ' ઇત્યાદિ. [illegible] છે તેથી [illegible] છે, કેમકે [illegible] ના? ઇત્યાદિ. [illegible] सत्येन [illegible] એમ [illegible] શ્રુતિથી [illegible] છે એમ [illegible] —'ખરેખર, શ્રુતિથી સત્યવાદથી' ઇત્યાદિ. 'અહિં [illegible] सत्येन એમ શ્રુતિથી પ્રકરણ [illegible] છે એમ કહીને तु શબ્દથી પણ [illegible] છે એમ કહે છે—'પ્રકૃતથી વ્યાવૃત્તિના અર્થવાળો' ઇત્યાદિ. विजिज्ञासितव्यम् એમ [illegible] છે—'सत्यं त्वेव विजिज्ञासितव्यम्'. પ્રકરણ [illegible] દૃષ્ટાન્ત કહે છે—'તેટલા માટે જેમ એક વેદની પ્રશંસા' ઇત્યાદિ. [illegible]

ને જે ચાર વેદનું અધ્યયન કરે છે તે તો મહાબ્રાહ્મણ છે, એમાં એક વેદથી અર્થાન્તરભૂત ચાર વેદની પ્રશંસા થાય છે, તેવું આ વિચારવું. વળી પ્રશ્ન અને પ્રતિવચનના રૂપમાંજ અર્થાન્તરની વિવક્ષા હોવી જોઈએ એવો નિયમ નથી; કેમકે અર્થાન્તરની વિવક્ષા પ્રકૃતની સાથેના સંબંધના અસંભવથી ઉત્પન્ન થાય છે. તેમાં પ્રાણપર્યન્ત અનુશાસન સાંભળીને શાન્ત રહેલા નારદને સનત્કુમાર જાતેજ વ્યુત્પન્ન કરે છે કે વિકાર અને અસત્ય જેનો વિષય છે એવા પ્રાણવિજ્ઞાનથી જે શ્રેષ્ઠવાદિત્વ છે તે અશ્રેષ્ઠવાદિત્વજ છે, ' एष तु वा अतिवदति यः सत्येनातिवदति ' (પણ, જે સત્યથી શ્રેષ્ઠવાદી છે તે ખરેખર શ્રેષ્ઠવાદી છે). આમાં સત્યશબ્દથી પરબ્રહ્મનું અભિધાન છે; કેમકે તે પરમાર્થરૂપ છે, અને ' सत्यं ज्ञानमनन्तं ब्रह्म ' [તૈત્તિ૦ ૨।૧] (સત્ય, જ્ઞાન, અનન્ત, બ્રહ્મ) એવી બીજી શ્રુતિ છે તેથી. આવી રીતે વ્યુત્પન્ન થયેલા નારદને અને 'सोऽहं भगवः सत्येनातिवदानि ' (હે ભગવન્, તે હું સત્યથી શ્રેષ્ઠવાદી થાઉં?) એમ પ્રવૃત્ત થયલાને વિજ્ઞાનાદિ સાધન પરંપરાથી ભૂમાનો ઉપદેશ કરે છે. તેમાં પ્રાણથી ઊર્ધ્વ સત્ય કહેવું જોઈએ એવી જે પ્રતિજ્ઞા કરી છે તેનેજ અહિં ભૂમા કહ્યું છે એમ સમજાય છે. તેટલા માટે પ્રાણથી ઊર્ધ્વ ભૂમાનો ઉપદેશ છે તેથી પ્રાણથી ભિન્ન પરમાત્મા ભૂમા થાય એ યુક્ત છે. એ પ્રમાણે અહિં આત્માનું વિજ્ઞાન મેળવવાની ઇચ્છાથી પ્રકરણ ઉભું થયું છે તે યુક્ત થશે. પ્રાણજ અહિં આત્મા તરીકે વિવક્ષિત છે એ પણ યુક્ત નથી. ખરેખર, પ્રાણશબ્દનો મુખ્ય વૃત્તિથી આત્મા એવો અર્થ

ત્વનો બ્રહ્મ સાથે સમ્બન્ધ કહ્યો એટલે પ્રાણ સાથે સમ્બન્ધનો નિરાસ કીધો એમ સમજવું. પ્રશ્ન વિના ભૂમા કહ્યો છે માટે ભૂમા પ્રાણ છે એમ જે કહ્યું છે તે યોગ્ય નથી, કેમકે પ્રશ્ન પ્રયોજક નથી એમ કહે છે—' **વળી પ્રશ્ન અને પ્રતિવચનના** ' ઇત્યાદિ. પ્રશ્નભેદથી અર્થભેદ છે એવો નિયમ નથી; કેમકે એકજ આત્મા વિષે મૈત્રેયીએ બહુવાર પ્રશ્ન કર્યો છે અને પ્રશ્ન વિના કહેલા ચાર વેદ પ્રકૃત એક વેદથી ભિન્ન છે એમ દર્શન થાય છે, તેમાં જેમ ચાર વેદનો પ્રકૃત સાથે સમ્બન્ધ ન હોવાથી અર્થભેદ છે એમ અહિં પણ છે એમ સ્ફુટ કરે છે— ' **તેમાં પ્રાણપર્યન્ત અનુશાસન સાંભળીને** ' ઇત્યાદિ. '**વિજ્ઞાનાદિસાધનપરંપરા**'—વિજ્ઞાન=નિદિધ્યાસન. આદિપદથી મનન, શ્રદ્ધા, શ્રવણ, મનઃશુદ્ધિ, નિષ્ઠા, અને તેનાં હેતુકર્મોનું ગ્રહણ કરવું. જ્ઞેય જે સત્ય તે બ્રહ્મ છે એમ પ્રતિપાદન કરવામાં શ્રવણાદિ લિંગ સાધન છે. આ પ્રમાણે શ્રુતિના લિંગોથી પ્રાણના અવાન્તર પ્રકરણનો બાધ કરીને પ્રસ્તુત સત્યબ્રહ્મજ ભૂમપદથી પ્રતિપાદિત બહુત્વધર્મવાળું છે એમ કહે છે—' **તેમાં પ્રાણથી ઊર્ધ્વ સત્ય કહેવું જોઈએ** ' ઇત્યાદિ. વળી [1]સંનિહિતના કરતાં [2]વ્યવહિત હોય પણ સાકાંક્ષ હોય તો તે વિશેષ બળવાન્ છે એ ન્યાયથી સંનિહિત પણ નિરાકાંક્ષ પ્રાણને છોડને વાક્યના ઉપક્રમમાં રહેલો આત્મા પોતાનું પ્રતિપાદન કરવા માટે ભૂમવાક્યની અપેક્ષા રાખે છે માટે અહિં ભૂમાને આત્મા સમજવો જોઈએ એમ કહે છે—' **એ પ્રમાણે અહિં આત્માનું** ' ઇત્યાદિ. વળી **शोकस्य पारम्** (શોકની પાર) એમ ઉપક્રમ કરી **तमसः पारम्** (તમની પાર) એમ ઉપસંહાર કર્યો છે તેથી અને શોકનું મૂળ કાપ્યા વગર પાર ઊતરવું અશક્ય છે તેથી શોકપદથી મૂલતમનું ગ્રહણ કરવાનું

---

૧ પાસેનું. ૨ દૂરનું.

[illegible] પરમાત્મા [illegible] [illegible]] ([illegible]) [illegible] [[illegible]] ([illegible]) [illegible] [[illegible]] ([illegible]) [illegible]

धर्मोपपत्तेश्च ॥ ९ ॥

અને ધર્મોની ઉપપત્તિથી (ભૂમા પરમાત્મા છે) ॥ ૯ ॥

વળી ભૂમાને વિષે જે ધર્મો [illegible] છે તે પરમાત્માને વિષે [illegible] છે. 'यत्र नान्यत्पश्यति नान्यच्छृणोति नान्यद्विजानाति स भूमा' (જેમાં કંઈ બીજું દેખાતું નથી, કંઈ બીજું સાંભળવામાં નથી, કંઈ બીજું જણાતું નથી તે ભૂમા છે) એ પ્રમાણે શ્રુતિ ભૂમાને વિષે દર્શનાદિ વ્યવહારોનો અભાવ સમજાવે છે; અને પરમાત્માને વિષે એ દર્શનાદિ વ્યવહારોનો અભાવ સમજાવ્યો છે; જેમકે 'यत्र त्वस्य सर्वमात्मैवाभूत् तत्केन कं पश्येत्' [બૃહ० ४।५।१५] (જ્યાં એનું સર્વ આત્મારૂપ છે ત્યાં [illegible]

[illegible] પરમાત્માના [illegible] [illegible] આત્માધીન છે [illegible] [illegible] — 'પ્રકૃતિને અને પરમાત્માની ' [illegible] — ના, "स आत्मा" [illegible]

[illegible] — 'धर्मोपपत्तेश्च' [illegible] — 'વળી [illegible]' [illegible]

શા વડે શું જુએ) એવી બીજી શ્રુતિ છે. વળી સુષુપ્ત અવસ્થામાં જે દર્શનાદિ વ્યવહારનો અભાવ કહ્યો છે તે પણ આત્મા અસંગ છે એવી વિવક્ષાથી કહ્યો છે, પ્રાણ-સ્વભાવની વિવક્ષાથી કહ્યો નથી; કેમકે પ્રકરણ પરમાત્માનું છે. વળી તે અવસ્થામાં જે સુખ કહ્યું છે તે પણ આત્મા સુખરૂપ છે એમ વિવક્ષાથી કહ્યું છે; કેમકે કહે છે કે 'एषोऽस्य परम आनन्द एतस्यैवानन्दस्यान्यानि भूतानि मात्रामुपजीवन्ति' [બૃહ૦૪।૩।૩૨] (એ એનો પરમ આનન્દ છે; અન્ય ભૂતો એજ આનન્દના અંશ ઉપર ઉપજીવન કરે છે). અહિં પણ 'यो वै भूमा तत्सुखं नाल्पे सुखमस्ति भूमैव सुखम्' (ખરેખર, જે ભૂમા છે તે સુખ છે, અલ્પને વિષે સુખ નથી, ભૂમાજ સુખ છે) એમ સામય સુખના નિરાકરણથી બ્રહ્મજ સુખ, ભૂમા છે એમ દર્શાવે છે. 'यो वै भूमा तदमृतम्' (ખરેખર, જે ભૂમા છે તે અમૃત છે) તે અમૃતત્વ પણ અહિં શ્રુતિપ્રતિપાદિત થાય છે તે પરમ કારણનું અવગમન કરાવે છે; કેમકે વિકારોનું અમૃતત્વ સાપેક્ષ છે અને 'अतोऽन्यदार्त्तम्' [બૃહ૦ ૩।૪।૨] (એથી અન્ય નશ્વર છે) એવી બીજી શ્રુતિ છે. આ પ્રમાણે સત્યત્વ, સ્વ મહિમાને વિષે પ્રતિષ્ઠા, સર્વગતત્વ અને સર્વાત્મત્વ એ ધર્મો શ્રુતિપ્રતિપાદિત થાય છે તે પરમાત્માને વિષેજ ઉત્પન્ન થાય છે, બીજાને વિષે નહિ. તેટલા માટે ભૂમા પરમાત્મા છે એમ સિદ્ધ થયું ॥ ૯ ॥

अक्षरमम्बरान्तधृतेः ॥ १० ॥

અક્ષર (બ્રહ્મ છે) આકાશાન્ત (વિકારસમૂહ)ને ધારણ કરે છે તેથી ॥ ૧૦ ॥

'कस्मिन्नु खल्वाकाश ओतश्च प्रोतश्चेति । स होवाचैतद्वै तदक्षरं गार्गि ब्राह्मणा अभिवदन्त्यस्थूलमनणु' [બૃહ૦ ૩।૮।૭-૮] (ગાર્ગી કહે છે—ખરેખર આકાશ કોને વિષે

મન હોય તો દર્શનાદિ વ્યવહાર છે અને તેના અભાવમાં, સ્વાપમાં વ્યવહારનો અભાવ છે એમ અન્વય અને વ્યતિરેકથી દર્શનાદિ વ્યવહાર મનોધીન છે, આત્મકૃત નથી. બુદ્ધિ આદિ ઉપાધિ હોય તો આત્માને દ્રષ્ટૃત્વ આદિ છે, તે ન હોય તો, અર્થાત્, સુષુપ્તિમાં દ્રષ્ટૃત્વ આદિનો અભાવ છે, એમ આત્માનું અસંગત્વ સમજાવવા માટે પ્રશ્નોપનિષદ્‌ને વિષે 'न शृणोति न पश्यति' (સાંભળતો નથી, જોતો નથી) એમ પરમાત્માને વિષે કહ્યું છે; તેમજ ત્યાંજ આત્માનું સુખત્વ કહ્યું છે, પ્રાણનું કહ્યું નથી; કેમકે અન્ય શ્રુતિ પણ આત્માનુંજ સુખત્વ કહે છે. 'સામય'—આમય એટલે નાશાદિ દોષ, તેવા દોષસહિત તે સામય. 'आर्त्तम्'=આર્તિથી ગ્રસ્ત, નાશી, નશ્વર. 'स एवाधस्तात् स उपरिष्टात्' (તેજ નીચે છે, તે ઉપર છે) એમ આત્માનું સર્વગતત્વ છે. 'स एवेदं सर्वम्' (તેજ એ સર્વ છે) એમ આત્માનું સર્વાત્મત્વ શ્રુતિપ્રતિપાદિત છે. તેટલા માટે ભૂમાધ્યાય નિર્ગુણ બ્રહ્મને વિષે સમન્વિત છે એમ સિદ્ધ થયું ॥ ૯ ॥

બૃહદારણ્યક વાક્ય પડે છે—'कस्मिन्' ઇત્યાદિ. જે આકાશથી ઊર્ધ્વ છે, પૃથિવીથી નીચે છે, જે એ દ્યાવાપૃથિવી છે, જે અન્તરિક્ષ છે, ભૂત, વર્તમાન અને ભવિષ્ય છે તે સર્વ

વાણાતાણા કરાયલું છે. યાજ્ઞવલ્ક્ય કહે છે. ગાર્ગિ જે તું પૂછે છે એને ખરેખર, બ્રહ્મવેત્તાઓ અક્ષર કહે છે. તે અસ્થૂલ છે, અનણુ છે) ઇત્યાદિ શ્રુતિ છે. તેમાં સંશય થાય છે કે શું અક્ષરશબ્દથી વર્ણની ઉક્તિ છે કે પરમેશ્વરની? તેમાં 'અક્ષરસમામ્નાય' ઇત્યાદિમાં અક્ષરશબ્દ વર્ણને વિષે પ્રસિદ્ધ છે તેથી અને પ્રસિદ્ધિનો અતિક્રમ કરવો એ અયુક્ત છે તેથી, અને 'ओंकार एवेदं सर्वम्' [છાન્દોગ્ય ૨।૨૩।૩] (ૐકારજ એ સર્વ છે) ઇત્યાદિમાં બીજી શ્રુતિમાં વર્ણ ઉપાસ્ય તરીકે સર્વાત્મક છે એવું અવધારણ કર્યું છે તેથી અક્ષરશબ્દ વર્ણવાચકજ છે એમ પ્રાપ્ત થયે કહીએ છિયે—પર આત્માજ અક્ષરશબ્દવાચ્ય છે. શાથી? અમ્બરાન્તધૃતિથી—પૃથિવીથી આરંભી આકાશપર્યન્ત વિકારસમૂહને ધારણ કરે છે તેથી. ખરેખર, તેમાં ત્રણ કાળમાં વિભક્ત થયલો પૃથિવ્યાદિ સમસ્તવિકારસમૂહ 'आकाश एव तदोतं च प्रोतं च' (આકાશને વિષેજ તે વાણાતાણા કરાયલું છે) એમ આકાશને વિષે પ્રતિષ્ઠિત છે એમ કહીને 'कस्मिन्नु खल्वाकाश ओतश्च प्रोतश्च' (ખરેખર, કોને વિષે આકાશ વાણાતાણા કરાયલું છે) એ પ્રશ્નથી આ અક્ષરનું અવતારણ કર્યું છે અને આ પ્રમાણે ઉપસંહાર કર્યો છે—'एतस्मिन्नु खल्वक्षरे गार्ग्याकाश ओतश्च प्रोतश्च' (ખરેખર, આ અક્ષરને વિષે, ગાર્ગિ, આકાશ વાણાતાણા કરાયલું છે); અને આ આકાશાન્તનું ધારણ બ્રહ્મથી અન્યત્ર સંભવતું નથી. 'ओंकार एवेदं सर्वम्' (ૐકારજ એ સર્વ છે) એમ જે છે તે પણ બ્રહ્મ સમજવાનું સાધન છે તેથી સ્તુત્યર્થ છે એમ વિચારવું. તેટલા માટે 'न क्षरत्यश्-

કોને વિષે ઓતપ્રોત છે એમ ગાર્ગીના પ્રશ્નનો યાજ્ઞવલ્ક્યે આકાશમાં તે ઓતપ્રોત છે એમ જવાબ દીધો એટલે ગાર્ગીએ પાછો પ્રશ્ન કર્યો કે અવ્યાકૃતસંજ્ઞક આકાશ કોને વિષે ઓતપ્રોત છે. યાજ્ઞવલ્ક્ય કહે છે કે હે ગાર્ગિ, જે તે આકાશનું અધિકરણ પૂછ્યું છે તે એ અક્ષર, સ્થૂલ પણ નથી, અણુ પણ નથી એવું છે એમ બ્રહ્મવેત્તાઓ જાણે છે. આમાં ઉભયત્ર અક્ષરશબ્દના પ્રયોગથી સંશય થાય છે તે કહે છે—'તેમાં સંશય થાય છે' ઇત્યાદિ. જેમ સત્યશબ્દ બ્રહ્મને વિષે રૂઢ છે તેથી ભૂમા બ્રહ્મ છે એમ કહ્યું તેમ અક્ષરશબ્દ વર્ણને વિષે રૂઢ છે એમ દૃષ્ટાંતથી પૂર્વપક્ષ કરે છે—'તેમાં "અક્ષરસમામ્નાય" ઇત્યાદિમાં' ઇત્યાદિ. પણ न क्षरति (ક્ષરે નહિ, નાશ પામે નહિ) એમ વ્યાપકત્વ અને અવિનાશિત્વના યોગથી અક્ષર શબ્દનો બ્રહ્મ એવો પણ મુખ્ય અર્થ થાય છે તેથી કહે છે કે 'પ્રસિદ્ધિનો અતિક્રમ કરવો એ અયુક્ત છે તેથી.' કારણ કે रूढिर्योगमपहरति (રૂઢિ યોગનો અપહાર કરે છે, યોગથી બળવાન્ છે) એવો ન્યાય છે. પણ ૐકાર વર્ણ સર્વાત્મક શી રીતે એમ આશંકા કરી શ્રુતિને માટે એ છે, જેમ બીજી શ્રુતિમાં સર્વાત્મત્વ છે તેમ એમ કહે છે—'ओंकार एवेदं सर्वम्' ઇત્યાદિ. પ્રશ્ન અને પ્રતિવચનથી આકાશાન્ત જગત્ના આધારત્વમાં તાત્પર્યનો નિશ્ચય છે માટે વ્યાખ્યાનાર્થતા નથી તેથી તે લિંગના બળથી રૂઢિનો બાધ કરીને યોગવૃત્તિનુંજ ગ્રહણ કરવું યોગ્ય છે એમ સિદ્ધાન્ત કરે છે—'એમ પ્રાપ્ત થયે કહીએ છિયે' ઇત્યાદિ. '"ओंकार एवेदं सर्वम्" એમ જે છે' ઇત્યાદિ. શબ્દ અને અર્થનો અભેદ અસિદ્ધ છે; કેમકે સ્વરૂપનો ભેદ, ઉપાયનો ભેદ છે અને અર્થક્રિયાનો ભેદ છે. શબ્દ શબ્દત્વજાતિમાન્ છે અને અર્થ, ઘટપટાદિ, ઘટત્વપટત્વાદિ જાતિમાન્ છે એમ શબ્દ અને અર્થના સ્વરૂપમાં ભેદ છે. શબ્દ શ્રોત્રગ્રાહ્ય છે અને અર્થ નેત્રાદિ ઇન્દ્રિયથી ગ્રાહ્ય છે, એમ તેના ઉપાયમાં ભેદ છે; શબ્દ સન્નિધિના અર્થ સમજાવવાની ક્રિયા

તે' (નાશ પામતું નથી ને સર્વત્ર વ્યાપે છે) એમ નિત્યત્વ અને વ્યાપિત્વને લીધે અક્ષર પરબ્રહ્મજ છે ॥ ૧૦ ॥

सा च प्रशासनात् ॥ ११ ॥

એ અમ્બરાન્તધૃતિ—આકાશાન્તધારણ (પરમેશ્વરનું કર્મ છે); કેમકે [1]પ્રશાસન છે ॥ ૧૧ ॥

વળી એ આકાશાન્તધારણ પરમેશ્વરનુંજ કર્મ છે. શાથી? પ્રશાસનથી. ખરેખર, પ્રશાસનની શ્રુતિ છે—'एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि सूर्याचन्द्रमसौ विधृतौ तिष्ठतः' [બૃહ૦ ૩।૮।૯] (હે ગાર્ગિ, એ અક્ષરના પ્રશાસનમાં સૂર્ય અને ચન્દ્ર વિધયત્વે ધારણ કરાયલા રહે છે) ઇત્યાદિ; અને પ્રશાસન પરમેશ્વરનું કર્મ છે. અચેતનને પ્રશાસન યુક્ત નથી; કેમકે અચેતન, ઘટાદિનાં કારણો મૃત્તિકાદિનું ઘટાદિવિષયક પ્રશાસન હોતું નથી. ॥ ૧૧ ॥

अन्यभावव्यावृत्तेश्च ॥ १२ ॥

અને અન્યભાવથી [2]વ્યાવૃત્તિ છે તેથી (અક્ષર પરબ્રહ્મ છે) ॥ ૧૨ ॥

વળી અન્યભાવવ્યાવૃત્તિરૂપ કારણથી બ્રહ્મજ અક્ષરશબ્દવાચ્ય છે, તેનુંજ આકાશાન્ત ધારણ કર્મ છે, બીજા કોઈનું નથી. અન્યભાવવ્યાવૃત્તિ એટલે શું? અ-

---

કરે છે, ઘટપટાદિ અર્થ મધ ધારણ કરવું, ઢાંકણ કરવું વગેરે ક્રિયા કરે છે. રૂઢિથી યોગ પ્રકૃત વિષયમાં બળવાન્ હોવાથી ફલિત કહે છે—'તેટલા માટે "न क्षरत्यश्नुते" એમ' ઇત્યાદિ ॥૧૦॥

ભલે એમ થાઓ. જો કાર્ય કારણને અધીન છે એમ अम्बरान्तधृति (આકાશાન્તધારણ) સ્વીકારાય તો એ अम्बरान्तधृति પ્રધાનકારણવાદીને પણ ઉપપન્ન થાય. अम्बरान्तधृतिથી બ્રહ્મત્વજ શી રીતે સમજાય? આથી ઉત્તર પડે છે—

આકાશને ભૂતાકાશ ગણી શંકા કરે છે—'ભલે એમ થાઓ' ઇત્યાદિ. શ્રુતિમાં "ચેતનકર્તૃક શિક્ષા-આજ્ઞા છે તેથી એમ નથી એમ કહે છે—'सा च प्रशासनात्' સૂત્રનું વ્યાખ્યાન કરે છે—'વળી એ આકાશાન્તધારણ' ઇત્યાદિ. 'વળી' શબ્દ આકાશથી ભૂતાકાશ સમજવાનું નથી એમ સૂચવે છે. ભૂતાકાશ જે કાર્યવર્ગની અંદર રહેલું છે તે સર્વકાર્યનો આશ્રય જેમ શ્રુતિમાં કહ્યું છે તેમ થઈ શકે નહિ તેથી અવ્યાકૃત, અજ્ઞાનજ આકાશ છે અને એ આકાશ પ્રધાનસંજ્ઞા પામે છે. તેનો આશ્રય હોવાથી અક્ષર પ્રધાન નથી એવો અર્થ છે. 'विधृतौ'=વિધય તરીકે ધારણ કરાયલા ॥ ૧૧ ॥

ઓંકારાદિનો નિરાસ કરી બ્રહ્મનું ગ્રહણ કરવામાં બીજું કારણ કહે છે.—'अन्यभाव॰'

---

૧ આજ્ઞા. ૨ ભેદ. ૩ ચેતને કરેલી.

ન્યનો ભાવ તે અન્યભાવ, તેથી વ્યાવૃત્તિ તે અન્યભાવવ્યાવૃત્તિ. તાત્પર્ય એ છે કે બ્રહ્મથી અન્ય અક્ષરશબ્દવાચ્ય છે એમ જે અહિં આશંકા કરાય છે તેના સ્વરૂપથી શ્રુતિ આ આકાશાન્તધારણ કરનાર અક્ષરને વ્યાવૃત્ત-ભિન્ન કરે છે—'तद्वा एतदक्षरं गार्ग्यदृष्टं द्रष्टृश्रुतं श्रोत्रमतं मन्त्रविज्ञातं विज्ञातृ' [બૃહ૦ ૩।૮।૧૧] (હે ગાર્ગિ, ખરેખર, તે એ અક્ષર કોઈથી પણ દૃષ્ટ નથી, પણ સ્વયં દ્રષ્ટા છે; કોઈથી શ્રુત નથી, પણ સ્વયં શ્રોતા છે, કોઈથી મનન કરાયલું નથી, પણ સ્વયં મનનકર્તા છે, અને કોઈથી વિજ્ઞાત નથી, પણ સ્વયં વિજ્ઞાતા છે) એમ. આમાં અદૃષ્ટત્વ વગેરે વ્યપદેશ પ્રધાનને પણ સંભવે છે; પણ દ્રષ્ટૃત્વ આદિ વ્યપદેશ સંભવતો નથી; કેમકે પ્રધાન અચેતન છે. તેમજ 'नान्यदतोऽस्ति द्रष्टृ नान्यदतोऽस्ति श्रोतृ नान्यदतोऽस्ति मन्तृ नान्यदतोऽस्ति विज्ञातृ' [બૃહ૦ ૩।૮।૧૧] (એથી અન્ય દ્રષ્ટા નથી, એથી અન્ય શ્રોતા નથી, એથી અન્ય મનનકર્તા નથી, એથી અન્ય વિજ્ઞાતા નથી) એમ આત્માથી ભિન્નનો પ્રતિષેધ કરે છે તેથી ઉપાધિયુક્ત શારીર પણ અક્ષરશબ્દવાચ્ય નથી; કેમકે 'अचक्षुष्कमश्रोत्रमवागमनः' [બૃહ૦ ૩।૮।૮] (એને આંખ નથી, શ્રોત્ર નથી, વાણી નથી, મન નથી) એમ ઉપાધિ હોવાનો પ્રતિષેધ કર્યો છે. ખરેખર, ઉપાધિરહિત શારીર છે નહિ. તેટલા માટે પરબ્રહ્મજ અક્ષર છે એમ નિશ્ચય છે. ॥ ૧૨ ॥

ईक्षतिकर्मव्यपदेशात् सः ॥ १३ ॥

ઈક્ષતિના કર્મ તરીકે વ્યપદેશ છે તેથી તેજ (પરબ્રહ્મ છે) ॥૧૩॥

'एतद्वै सत्यकाम परं चापरं च ब्रह्म यदोंकारस्तस्माद्विद्वानेतेनैवायतनेनैकतरमन्वेति' [પ્રશ્નો૦ ૫।૨] (હે સત્યકામ, જે ઓંકાર છે તે એ પર અને અપર બ્રહ્મ છે; તેટલા માટે વિદ્વાન એજ પ્રાપ્તિસાધનથી એક પ્રાપ્ત કરે છે) એમ પ્રસ્તાવીને શ્રુતિ

ઇત્યાદિ. [illegible] વિવરણ કરે છે—'અન્યભાવવ્યાવૃત્તિ એટલે શું' ઇત્યાદિ. [illegible] 'તાત્પર્ય એ છે' ઇત્યાદિ. [illegible] "नान्यदतोऽस्ति द्रष्टृ" ઇત્યાદિ. [illegible] ખરેખર, ઉપાધિરહિત' ઇત્યાદિ. [illegible] ॥ ૧૨ ॥

[illegible] 'एतद्वै' ઇત્યાદિ. [illegible]

૧ [illegible]

કહે છે—'यः पुनरेतं त्रिमात्रेणोमित्येतेनैवाक्षरेण परं पुरुषमभिध्यायीत' [પ્રશ્નો૦ ૫।૫] (પણ જે ત્રણ માત્રાવાળા એજ આ અક્ષરનું પર પુરુષ તરીકે ધ્યાન ધરે). શું એ વાક્યમાં પર બ્રહ્મ ધ્યાન ધરવા યોગ્ય તરીકે ઉપદેશ કરાય છે કે અપર બ્રહ્મ? એજ પ્રાપ્તિસ્થાન વડે પર અને અપર એમાંથી એક બ્રહ્મ પ્રાપ્ત કરે છે એમ પ્રકરણ હોવાથી સંશય થાય છે, તેમાં એ અપર બ્રહ્મ છે એમ પ્રાપ્ત થાય છે. શાથી? 'स तेजसि सूर्ये संपन्नः' (સૂર્ય તેજને વિષે તે સંપત્તિ પામે છે), અને 'स सामभिरुन्नीयते ब्रह्मलोकम्' (તે સામથી બ્રહ્મલોકમાં ઊંચે લઈ જવાય છે) એમ તે જાણનારને માટે દેશથી પરિચ્છિન્ન થયલું ફળ કહેલું છે તેથી. ખરેખર, પર બ્રહ્મને જાણનારે દેશથી પરિચ્છિન્ન થયલું ફળ ભોગવે એ યુક્ત નથી; કેમકે પર બ્રહ્મ સર્વગત છે. અપર બ્રહ્મનો પરિગ્રહ કરીએ તો परं पुरुषम् એમ વિશેષણ ઘટશે નહિ. એ દોષ નથી; કેમકે '[1]પિંડની અપેક્ષાથી પ્રાણ પર છે એ યુક્ત છે. એમ પ્રાપ્ત થયે કહીએ

આ ઓંકાર છે ખરેખર, ઓંકાર વિષ્ણુની પ્રતિમાની પેઠે તેનો પ્રતીક છે. તેટલા માટે પ્રણવ-ઓંકારને બ્રહ્માત્મા તરીકે જાણનાર એજ ઓંકારધ્યાનરૂપ આયતન—પ્રાપ્તિસાધન વડે ધ્યાનાનુસાર પર કે અપર બ્રહ્મને પ્રાપ્ત કરે છે. એમ ઓંકારના પ્રકરણમાં એકમાત્ર અને દ્વિમાત્ર ઓંકારનું ધ્યાન વર્ણવી કહે છે—'यः पुनरेतम्' ઇત્યાદિ. તૃતીયા ઇત્થંભાવના અર્થમાં છે. અર્થાત્, ત્રણ માત્રાવાળા ઓંકાર અક્ષરનું પરબ્રહ્મ તરીકે ધ્યાન ધરે છે. આ પ્રમાણે તૃતીયાને દ્વિતીયાના અર્થમાં સમજવી, કેમકે બ્રહ્મ અને ઓંકારના અભેદનો ઉપક્રમ છે. જે અકારાદિ ત્રણ માત્રાને વિષે એક માત્રાના અકારની સૃષ્ટિ વગેરે વિભૂતિ જાણે છે તે સમ્યગ્જ્ઞાતા છે. જેની એક માત્રા છે તે એકમાત્ર ઓંકાર કહેવાય છે. એકમાત્રાત્મક ઓંકાર એટલે અકાર સમજવો. એકમાત્રાવિશિષ્ટ ઓંકારના અભિધ્યાનથીજ સંબોધ પામેલો તરતજ જગત્‌ને વિષે મનુષ્યલોક પ્રાપ્ત કરે છે. જગત્‌માં અનેક જન્મો છે તેમાં તે સાધકને જગત્‌ને વિષે ઋચો મનુષ્યલોકમાંજ લઈ જાય છે. મનુષ્યલોક એટલે મનુષ્યશરીર સમજવું. ઓંકારની જે એક માત્રા અકારરૂપ અભિધ્યાત છે તે ઋગ્વેદરૂપ છે. આથી તે ત્યાં મનુષ્યજન્મને વિષે દ્વિજોમાં અગ્રેસર થઈ તપ, બ્રહ્મચર્ય અને શ્રદ્ધાથી યુક્ત થઈ મહિમા-વિભૂતિ અનુભવે છે, શ્રદ્ધા વગરનો સ્વચ્છન્દચારી થતો નથી, યોગભ્રષ્ટ થઈ કદાપિ દુર્ગતિને પામતો નથી. એ પ્રમાણે દ્વિતીય માત્રાવાળા ઓંકારની તદ્ગત ઉકારની સમ્યગ્વિભૂતિનું જ્ઞાન થયે દ્વિતીયમાત્રારૂપ યજુષ્‌થી સોમલોકમાં લઈ જવાય છે. સોમલોકને વિષે વિભૂતિનો અનુભવ કરીને તે મનુષ્યલોક પુનરાવર્તન કરે છે. પણ જે ત્રણ માત્રાવાળા ઓંકારને, અર્થાત્ તૃતીયમાત્રા જે મકાર છે તેને નહિ, પણ ત્રણ માત્રાવાળા ઓંકાર અક્ષરને પર પુરુષ તરીકે ઉપાસે છે તે ઓંકારની વિભૂતિ તરીકે ધ્યાન ધરાવલા સામ વડે સૂર્યદ્વારા બ્રહ્મલોકમાં જઈને પરમાત્મા પુરુષને જુએ છે એવો અર્થ છે. સંશય અને તેનું બીજ કહે છે—'શું એ વાક્યમાં પર બ્રહ્મ' ઇત્યાદિ. પૂર્વાધિકરણમાં અક્ષરશબ્દ વર્ણને વિષે રૂઢ હતો તોપણ જગદાયતનત્વરૂપ લિંગથી યોગવૃત્તિનો આશ્રય કરી બ્રહ્મને વિષે વૃત્તિ કહી હતી, તેમ અહિં દેશપરિચ્છિન્નફળશ્રુતિરૂપ લિંગથી પર શબ્દની હિરણ્યગર્ભને વિષે વૃત્તિ છે એમ પૂર્વપક્ષ કરે છે—'તેમાં એ અપર બ્રહ્મ છે' ઇત્યાદિ. 'પિંડની અપેક્ષાથી પ્રાણ પર છે'—'પિંડ'=સ્થૂલ

---

[1] સ્થૂલદેહ.

છીએ—પરજ બ્રહ્મ અહિં ધ્યાન ધરવા યોગ્ય તરીકે ઉપદેશ કરાય છે. શાથી? ઈક્ષતિકર્મ-વ્યપદેશથી. ઈક્ષતિ એટલે દર્શન. દર્શનથી વ્યાપ્ય તે ઈક્ષતિકર્મ. આ ધ્યાન ધરવા યોગ્ય પુરુષનો વાક્યશેષમાં દર્શનકર્મ તરીકે વ્યપદેશ થાય છે—'स एतस्माज्जीवघनात् परात्परं पुरिशयं पुरुषमीक्षते' (એ જીવઘન-હિરણ્યગર્ભરૂપ પરથી પર, શરીરમાં પ્રવિષ્ટ થયલા પુરુષને-પરમાત્માને તે વિદ્વાન્ જુએ છે) તેમાં અતથાભૂત વસ્તુ પણ અભિધ્યાનનું કર્મ થાય છે, કેમકે મનોરથથી કલ્પિત વસ્તુ પણ અભિધ્યાનનું કર્મ થાય છે. પણ ઈક્ષણનું કર્મ તો તથાભૂતવસ્તુજ લોકને વિષે દૃષ્ટ છે, તેથી એ પરમાત્માજ, જે સમ્યગ્દર્શનનો વિષય છે તે, દર્શનકર્મ તરીકે વ્યપદિષ્ટ છે એમ સમજાય છે; અને તેજ અહિં પર અને પુરુષ શબ્દોએ [1]ધ્યાતવ્ય તરીકે [2]પ્રત્યભિજ્ઞાન થાય છે. પણ અભિધ્યાનમાં પર પુરુષનું વચન છે, દર્શનમાં પરથી પરનું વચન છે, તો એકની અન્યત્ર પ્રત્યભિજ્ઞા શી રીતે થાય છે! એ વિષે કહીએ છીએ—પ્રથમ તો પર અને પુરુષ શબ્દ ઉભયત્ર સાધારણ છે; અને અહિં જીવઘન શબ્દથી પ્રકૃત. અભિધ્યાતવ્ય પર પુરુષનો પરામર્શ થતો નથી કે જેથી તે પરથી પર-આ ઈક્ષણયોગ્ય પુરુષ-ભિન્ન થાય. ત્યારે જીવઘન એટલે કોણ? કહીએ છીએ-ઘન એટલે મૂર્તિ. જીવલક્ષણઘન એટલે જીવઘન. સૈન્ધવખિલ્યની પેઠે પરમાત્માનો

૨૯. 'પ્રાણ' ઇત્યાદિ પૂર્વપક્ષ કરી સિદ્ધાન્ત કહે છે—'એમ પ્રાપ્ત થયે કહીએ છીએ'. સૂત્રમાં सः શબ્દ ઈશ્વરપર છે એમ પ્રતિજ્ઞાન છે એમ વ્યાખ્યા કરે છે—'પરજ બ્રહ્મ અહિં' ઇત્યાદિ. તે ઉપાસક એ હિરણ્યગર્ભથી પર પુરુષને હું બ્રહ્મ છું એમ જુએ છે એવો અર્થ છે. પણ ઈક્ષણનો વિષય અપર બ્રહ્મ થાઓ તેને માટે કહે છે—'તેમાં અતથાભૂત વસ્તુ' ઇત્યાદિ. પણ ઈક્ષણ પ્રમા છે તેથી સત્ય વિષયની અપેક્ષા રાખે છે તેથી સત્ય જે પરબ્રહ્મ તે ઈક્ષણનો વિષય થાઓ, પણ ધ્યાનનો વિષય તો અસત્ય જે અપર બ્રહ્મ તે કેમ ન થાય તેને માટે કહે છે—'તેજ અહિં પર અને પુરુષ શબ્દોએ' ઇત્યાદિ શ્રુતિઓથી પ્રત્યભિજ્ઞાન થાય તેથી તે એજ છે એમ સૂત્રના सः શબ્દનું વ્યાખ્યાન કર્યું છે. અહિં સૂત્રની યોજના આમ કરવી—ઓંકારને વિષે જે ધ્યેય છે તે પરજ આત્મા છે, કેમકે વાક્યશેષમાં તે ઈક્ષણવિષય તરીકે ઉક્ત છે. અને ત્યાં શ્રુતિના પ્રત્યભિજ્ઞાનથી તેજ તે છે. પણ શબ્દભેદથી પ્રત્યભિજ્ઞા થતી નથી એમ શંકા કરે છે—'પણ અભિધ્યાનમાં પર પુરુષનું વચન છે' ઇત્યાદિ 'परात् परः' એમ શબ્દભેદનો અંગીકાર કરીને શ્રુતિઓ વડે જે પ્રત્યભિજ્ઞા કરી છે તેનો અવિરોધ કહે છે—'એ વિષે કહીએ છીએ' ઇત્યાદિ. एतत् શબ્દ પ્રકૃતને લાગુ પડે છે અને ધ્યાતવ્યનું કર્મ પ્રકૃત છે તેથી તે કર્મનું તે एतत् શબ્દનું સમાનાધિકરણ થાય છે અને તેજ एतत् શબ્દનું પ્રત્યયાન્ત (परात्) પર શબ્દથી પ્રત્યભિજ્ઞાન થાય છે અને ધ્યાનવિષયનો વિષય પરબ્રહ્મ વાક્યશેષમાં જીવઘનવિષયક છે તેથી જીવઘન ધ્યાનનો વિષય થયો લોકિક, તે જીવઘન જે પર છે તેથી પર પરમેશ્વર જે અન્ય છે તે ઈક્ષણક્રિયાનો કર્મભૂત છે એમ આશંકા કરી કહે છે—'અને અહિં જીવઘનશબ્દથી' ઇત્યાદિ. ધ્યાન અને તેનું ફળ જે ઈક્ષણ તે બેનો લોકમાં સમાન વિષય છે તેથી જે ધ્યાનવિષય છે તેજ ઈક્ષણવિષય છે. એજ રીતે ઉપક્રમ અને ઉપસંહારમાં એકવાક્યતા થાય છે. 'स सामभिरुन्नीयते ब्रह्मलोकम्', 'स एतस्माज्जीवघनात्' એમાં एतत् પદે કરીને સંનિહિતતર જીવઘન. બ્રહ્મલોકસ્વામીનો પરામર્શ થાય છે એમ પ્રશ્નપૂર્વક વ્યાખ્યાન કરે છે-'ત્યારે જીવઘન એટલે કોણ' ઇત્યાદિ. 'मूर्तौ घनः' એ સૂત્રથી ઘનનો અર્થ મૂર્ત

[1] ધ્યાન ધરવા યોગ્ય [2] ઓળખાય છે

ઉપાધિએ કરેલો જે જીવરૂપ અલ્પભાવ, વિષયો અને ઇન્દ્રિયોથી પર તે અહિં જીવઘન છે. બીજો કહે છે—'स साममिरुन्नीयते ब्रह्मलोकम्' (તે સામથી બ્રહ્મલોકમાં ઊંચે લઈ જવાય છે) એ ગયલા અનન્તર વાક્યમાં નિર્દિષ્ટ કરેલો જે બ્રહ્મલોક અન્ય લોકોથી પર છે તે અહિં જીવઘન એમ કહેવાય છે. ખરેખર, ઇન્દ્રિયોથી ઘેરાયલા સર્વ જીવોનો સંઘાત, બ્રહ્મલોકનિવાસી, સર્વેન્દ્રિયાત્મક એવા હિરણ્યગર્ભમાં યુક્ત થાય છે તેથી જીવઘન બ્રહ્મલોક છે. તેથી પર જે પરમાત્મા દર્શનક્રિયાનો કર્મભૂત છે તેજ અભિધ્યાનક્રિયાનો પણ કર્મભૂત છે એમ સમજાય છે. વળી परं पुरुषम् (પર પુરુષ) એમ વિશેષણ પરમાત્માનો પરિગ્રહ કરેજ ઘટે છે. ખરેખર, પર પુરુષ પરમાત્માજ છે; કે જેથી પર કંઈ બીજું નથી; કેમકે 'पुरुषान्न परं किंचित् सा काष्ठा सा परा गतिः' (પુરુષથી પર કંઈ નથી, એ પરમાવધિ છે, એ પરમ ગતિ છે) એવી બીજી શ્રુતિ છે. 'परं चापरं च ब्रह्म यदोंकारः' (જે ઓંકાર છે તે પર અને અપર બ્રહ્મ છે) એમ વિભાગ કરીને પછી ઓંકાર વડે પર પુરુષનું અભિધ્યાન કરવું એમ કહેતી શ્રુતિ પરજ બ્રહ્મ, પર પુરુષનું અવગમન કરાવે છે. 'यथा पादोदरस्त्वचा विनिर्मुच्यत एवं ह वै स पाप्मना विनिर्मुच्यते' (જેમ સર્પ ત્વચાથી વિનિર્મુક્ત થાય છે, એજ પ્રમાણે, ખરેખર, તે પાપથી વિનિર્મુક્ત થાય છે) એમ પાપમાંથી વિનિર્મુક્તિરૂપ ફળનું વચન અહિં પરમાત્મા અભિધ્યાતવ્ય છે એમ સૂચવે છે. પરમાત્માના અભિધ્યાન કરનારને દેશથી પરિચ્છિન્ન થયલું ફળ યુક્ત નથી એમ જે કહ્યું છે તેને વિષે કહીએ છીએ—ત્રણ માત્રાવાળા ઓંકારરૂપ આલંબનથી પરમાત્માનું અભિધ્યાન કરનારને ફળ બ્રહ્મલોકપ્રાપ્તિ અને ક્રમે સમ્યગ્દર્શનની ઉત્પત્તિ મળે છે એમ ક્રમમુક્તિનો એમાં અભિપ્રાય ઘટે એટલે દોષ નથી ॥ ૧૩ ॥

સમજવો. અથવા જીવઘનશબ્દથી બ્રહ્મલોકનો પરામર્શ થાય છે એમ કહે છે—'બીજો કહે છે' ઇત્યાદિ. જીવઘનશબ્દ લક્ષણાથી બ્રહ્મલોકપર છે એમ કહે છે—'ખરેખર, ઇન્દ્રિયોથી ઘેરાયલા' ઇત્યાદિ. પરિચ્છિન્ન ઇન્દ્રિયોથી અવચ્છિન્ન થયલા જીવોનો ઘન એટલે સંઘાત જે સર્વ ઇન્દ્રિયોના અભિમાની, અનવચ્છિન્ન ઇન્દ્રિયાત્મા હિરણ્યગર્ભને વિષે છે ને જીવઘન અને બ્રહ્મલોકનો તે સ્વામી હોવાથી પરંપરાસંબન્ધથી લોક એવો લક્ષ્ય અર્થ લેવો. તેથી પર, સર્વ લોકથી અતીત, શુદ્ધ એવો અર્થ છે. પર પુરુષનો પરમાત્મા મુખ્ય અર્થ છે તેથી તેજ ધ્યેય છે એમ કહે છે—'વળી "परं पुरुषम्" (પર પુરુષ)' ઇત્યાદિ. જેથી પર બીજું કંઈ નથી તેજ મુખ્ય પર છે, વિરાટથી પર સૂત્રાત્મા નથી એવો અર્થ છે. વળી पर શબ્દથી ઉપક્રમમાં નિશ્ચિત થયલું પરબ્રહ્મજ વાક્યશેષમાં ધ્યાતવ્ય છે એમ કહે છે—'परं चापरं च' ઇત્યાદિ. પાપનિવૃત્તિરૂપી લિંગથી પણ એમ છે એમ કહે છે—'यथा पादोदरः' ઇત્યાદિ. पादोदरः=સર્પ. ઓંકારને વિષે પરબ્રહ્મની ઉપાસનાથી સૂર્યદ્વારા બ્રહ્મલોકમાં જઈને પરબ્રહ્મનું દર્શન કરીને તેજ શાન્ત અભય પરને પ્રાપ્ત કરે છે એમ અવિરોધ દર્શાવે છે—'તેને વિષે કહીએ છીએ' ઇત્યાદિ. આ પ્રમાણે જેમાં એકવાક્યતાની આકાંક્ષા છે એવા પ્રકરણથી અનુગૃહીત પર અને પુરુષની શ્રુતિઓ વડે પરબ્રહ્મની પ્રત્યભિજ્ઞા થવાથી બ્રહ્મલોકપ્રાપ્તિરૂપી લિંગનો બાધ કરીને વાક્યનો પ્રત્યગ્બ્રહ્મ બ્રહ્મને વિષે સમન્વય કરવો એમ સિદ્ધ થયું ॥ ૧૩ ॥

दहर उत्तरेभ्यः ॥ १४ ॥

[1]દહર (આકાશ પરમેશ્વરજ છે), ઉત્તર (હેતુઓ) થી ॥ ૧૪ ॥

'अथ यदिदमस्मिन् ब्रह्मपुरे दहरं पुण्डरीकं वेश्म दहरोऽस्मिन्नन्तराकाशस्तस्मिन् यदन्तस्तदन्वेष्टव्यं तद्वाव विजिज्ञासितव्यम्' [છાન્દો૦ ૮।૧।૧] (હવે, આ [2]બ્રહ્મપુરને વિષે જે અલ્પ [3]પુંડરીક વેશ્મ છે, એને વિષે અલ્પ [4]અન્તરાકાશ છે. તેને વિષે જે અંદર છે તેનું [5]અન્વેષણ કરવું જોઇએ, તેનુંજ વિશેષ જ્ઞાન મેળવવું જોઈએ) ઇત્યાદિ વાક્ય શ્રુતિ કહે છે. તેમાં અલ્પ હૃદયકમળમાં જે આ અલ્પ આકાશ શ્રુતિ કહે છે તે શું ભૂતાકાશ છે, કે [6]વિજ્ઞાનાત્મા છે કે પરમાત્મા છે એમ સંશય થાય છે. શાથી સંશય થાય છે? આકાશ અને બ્રહ્મપુર શબ્દોથી. ખરેખર, આકાશશબ્દ ભૂતાકાશને વિષે ને [7]પરને વિષે પ્રયુક્ત થતો જોવામાં આવે છે. ત્યારે શું દહર એટલે ભૂતાકાશજ સમજવું કે પર સમજવું એમ સંશય થાય છે. તેમજ બ્રહ્મપુર એટલે જીવ અહિં બ્રહ્મસંજ્ઞક છે તેનું આ પુર એટલે શરીર તે બ્રહ્મપુર કે પર બ્રહ્મનુંજ પુર તે બ્રહ્મપુર એમ સંશય થાય છે; અને એવો સંશય થયો એટલે જીવ અને પર એ બેમાંથી એક પુરસ્વામીના દહર આકાશના સ્વરૂપને વિષે સંશય થાય છે. તેમાં આકાશશબ્દ ભૂતાકાશને વિષે રૂઢ હોવાથી દહરશબ્દ ભૂતાકાશનોજ વાચક છે એમ પ્રાપ્ત થાય છે.

છાન્દોગ્ય વાક્ય કહે છે—'अथ यदिदम्' ઇત્યાદિ. ભૂમવિદ્યા પછી દહરવિદ્યાનો પ્રારંભ થાય છે એમ બતાવવાને अथ શબ્દ કહ્યો છે. બ્રહ્મની અભિવ્યક્તિનું સ્થાન હોવાથી બ્રહ્મપુર એટલે શરીર. એને વિષે જે પ્રસિદ્ધ દહર એટલે અલ્પ હૃદયપદ્મ છે તે હૃદયને વિષે જે અન્તરાકાશસંજ્ઞિત બ્રહ્મ છે તેનું અન્વેષણ કરવું જોઈએ, એટલે વિચારીને જ્ઞાન મેળવવું જોઈએ. આગમ અને આચાર્યના ઉપદેશથી શ્રવણ કરવું ને તેથી અવિરુદ્ધ તર્કથી મનન કરવું તે અન્વેષણ; અને અન્વેષણપૂર્વક નિરન્તર આદર અને દીર્ઘકાળના સેવનથી ધ્યાનના પરિપક્વ અવસ્થાસહીત સાક્ષાત્કાર થાય તે વિજ્ઞાન, તેની ઇચ્છા તે વિજિજ્ઞાસના. પ્રથમ તો એવો સંશય થાય છે કે દહરાકાશ જિજ્ઞાસ્ય છે કે તેની અંદર રહેલું તેથી ભિન્ન કંઈ બીજું જિજ્ઞાસ્ય છે? જો આકાશ જિજ્ઞાસ્ય હોય તો શું ભૂતાકાશ જિજ્ઞાસ્ય છે કે શારીર આત્મા કે પરમાત્મા! તેમાં આકાશશબ્દથી સંશય કહીને બ્રહ્મપુરશબ્દથી કહે છે—'તેમજ બ્રહ્મપુર એટલે' ઇત્યાદિ. 'અહિં'=બ્રહ્મપુરશબ્દમાં જીવનું પુર કે બ્રહ્મનું પુર એમ સંશય થાય છે. પણ બ્રહ્મપુર એટલે જીવનું પુર કે બ્રહ્મનું પુર એ સંશય પ્રકૃત નથી તેને માટે કહે છે—'એવો સંશય થયો એટલે' ઇત્યાદિ. પુરનો સ્વામી જીવ હોય કે બ્રહ્મ હોય તે પ્રમાણે દહર આકાશના સ્વરૂપને વિષે સંશય થાય છે. તેમાં પ્રથમ ભૂતાકાશજ દહર છે એમ પૂર્વપક્ષ કરે છે—'તેમાં આકાશશબ્દ ભૂતાકાશને વિષે' ઇત્યાદિ 'आकाशस्तल्लिङ्गात्' ૧।૧।૨૨ એ સૂત્રથી આ સૂત્ર ગતાર્થ છે માટે પુનરુક્ત છે એવી શંકા ન કરવી; કેમકે અહિં 'तस्मिन् यदन्तस्तदन्वेष्टव्यम्' (તેમાં જે અંદર છે તેનું અન્વેષણ કરવું જોઈએ) એમ આકાશની અંદર રહેલાનું અન્વેષણ કરવાનું છે ઇત્યાદિ લિંગની સાથે અન્વય થવાથી દહર આકાશ એ બ્રહ્મજ

૧ અલ્પ. ૨ શરીર. ૩ હૃદયકમળરૂપ ઘર. ૪ આકાશાખ્ય બ્રહ્મ. ૫ શોધ, શોધન. ૬ જીવાત્મા. ૭ પરબ્રહ્મ.

દહર આયતનની[1] અપેક્ષાએ તે દહર છે. 'यावान् वा अयमाकाशस्तावानेषोऽन्तर्हृदय आकाशः' (જેટલું આ આકાશ છે તેટલું આ હૃદયની અંદર આકાશ છે) એમ બાહ્યભાવ અને આભ્યન્તરભાવથી કીધેલા ભેદનો ઉપમાનભાવ અને ઉપમેયભાવ છે; અને આકાશ અને પૃથિવી આદિ તેને વિષે રહેલું છે; કેમકે અવકાશસ્વરૂપથી આકાશ એક છે. અથવા જીવ દહર છે એમ પ્રાપ્ત થાય છે; કેમકે બ્રહ્મપુર શબ્દ છે. ખરેખર, શરીર જીવનું એ પુર થઈ બ્રહ્મપુર કહેવાય છે; કેમકે તે પોતાના કર્મ વડે પ્રાપ્ત કરેલું છે; અને ઉપચારથી જીવ બ્રહ્મશબ્દવાચ્ય છે. ખરેખર, પર બ્રહ્મને શરીર સાથે સ્વસ્વામિભાવનો સંબન્ધ નથી. તેમાં રાજાની પેઠે પુરના સ્વામીનું પુરના એક ભાગમાં અવસ્થાન દેખાય છે. મન જીવનો ઉપાધિ છે, અને મન મુખ્યત્વે હૃદયને વિષે પ્રતિષ્ઠિત છે; તેથી જીવનુંજ એ હૃદયને વિષે અવસ્થાન થાય. દહરત્વ પણ તેનેજ ઘટે છે; કેમકે આરના અગ્ર સાથે તેને સરખાવ્યું છે. આકાશની સાથે તેની ઉપમા તો બ્રહ્મની સાથેના અભેદની વિવક્ષાથી થશે. વળી અહિં દહર આકાશ અન્વેષણયોગ્ય છે કે વિશેષજિજ્ઞાસાયોગ્ય છે એમ શ્રુતિમાં નથી; કેમકે 'तस्मिन् यदन्तः' (તેમાં જે અંદર) એમ પરના વિશેષણ તરીકે એનું ગ્રહણ કર્યું છે. આથી અમે

છે એનું સ્પષ્ટ લિંગ નથી. પણ ભૂતાકાશ અલ્પ શી રીતે, એકજ ઉપમાન અને ઉપમેય શી રીતે, 'उभे अस्मिन् द्यावापृथिवी अन्तरेव समाहिते उभावग्निश्च वायुश्च' (એને વિષે સ્વર્ગ અને પૃથ્વી બંને અંદરજ રહેલાં છે, અગ્નિ અને વાયુ બને અંદર રહેલા છે) એમ શ્રુતિમાં સર્વનો આશ્રય આકાશ કહ્યું છે તે શી રીતે એમ આશંકા કરી અનુક્રમે તેનો પરિહાર કરે છે—'દહર આયતનની અપેક્ષાએ તે દહર છે' ઇત્યાદિ. અલ્પ આશ્રય જે હૃદય તેથી તે અલ્પ છે; ધ્યાનને માટે ભેદ કલ્પ્યો છે તેથી એકજ આકાશ કલ્પિત ભિન્ન આકાશના સરખું છે, અને આકાશ પોતે એક હોવાને લીધે સર્વનું આશ્રય છે એવો અર્થ છે. પણ 'एष आत्मा' (એ આત્મા) એમાં આત્મશબ્દ ભૂતને વિષે યુક્ત નથી એમ અરુચિથી કહે છે—'અથવા જીવ દહર છે' ઇત્યાદિ. 'ઉપચારથી'=ચૈતન્યગુણના યોગથી. મુખ્ય બ્રહ્મનું ગ્રહણ કરો એમ કોઈ કહે તો તેને માટે કહે છે—'ખરેખર, પર બ્રહ્મને' ઇત્યાદિ. પણ પુરસ્વામી જીવ થાય, હૃદયસ્થ આકાશ તો બ્રહ્મ છે તેને માટે કહે છે—'તેમાં રાજાની પેઠે' ઇત્યાદિ પુરસ્વામીનોજ પુરમાં રહેવાનો સંભવ છે તેથી અન્યની અપેક્ષા નથી એવો અર્થ છે. પણ જીવાત્મા વ્યાપી છે તો તે હૃદયની અંદર રહેલો છે એમ કેમ, દેહની સાથે જીવનો વિશેષ સંબન્ધ છે તોપણ હૃદયની સાથે તેવો સંબન્ધ નથી તેથી હૃદય એનું વેશ્મ શી રીતે, તેને માટે કહે છે—'મન જીવનો ઉપાધિ છે' ઇત્યાદિ. પણ મન ચંચળ છે તો હૃદયમાંજ શી રીતે રહે છે તેને માટે કહે છે—'મન મુખ્યત્વે હૃદયને વિષે' ઇત્યાદિ. તોપણ જીવ સર્વગત હોવાથી તે દહર શી રીતે તેને માટે કહે છે—'દહરત્વ પણ તેનેજ ઘટે છે' ઇત્યાદિ. પણ દહર છે માટેજ આકાશ જેવું નથી એમ આશંકા કરી કહે છે—'આકાશની સાથે તેની ઉપમા તો' ઇત્યાદિ. આકાશ ભૂતાકાશ થાય તોપણ દોષ નથી કેમકે તેની અન્તઃસ્થ જે કંઈ છે તે ધ્યેય છે, એમ કહે છે—'વળી અહિં દહર આકાશ' ઇત્યાદિ. 'પરના વિશેષણ તરીકે અનુગ્રહણ કર્યું છે' 'પર'=અન્તઃસ્થ વસ્તુ; તેના વિશેષણ તરીકે એટલે આધાર તરીકે દહરાકાશનું તદ્ શબ્દ ('તેને વિષે'માં તે શબ્દ) થી ગ્રહણ છે તેથી એવો અર્થ છે. પાપથી વિમુક્તપણું ઇત્યાદિ

1 નાનું રહેવાનું સ્થાન.

ખરેખર, કાલ્પનિક ભેદનો આશ્રય કરવો એ [1]અગતિક ગતિ છે. વળી ભેદ કલ્પીને ઉપમાનોપમેયભાવ વર્ણવનારને અભ્યન્તર આકાશ પરિચ્છિન્ન હોવાથી તેને બાહ્ય આકાશનું પરિમાણ યુક્ત થશે નહિ. પણ 'ज्यायानाकाशात्' [શત૦બ્રા૦૧૦।૬।૩।૨] (આકાશથી મોટો) એમ બીજી શ્રુતિ છે તેથી પરમેશ્વરનું પણ આકાશના જેવું પરિમાણ યુક્ત નહિ થાય. એ દોષ નથી; કેમકે એ વાક્ય પુણ્ડરીકમાં [2]વેષ્ટન થવાથી પ્રાપ્ત થયેલા દહરત્વની નિવૃત્તિ કરવા માટે છે. એટલું પરિમાણ પ્રતિપાદન કરવા માટે નથી. બંને પ્રતિપાદન કરવાં હોય તો વાક્યનો ભેદ થવો જોઈએ. વળી કલ્પિત ભેદમાં પુણ્ડરીકથી વેષ્ટિત આકાશના એક દેશમાં સ્વર્ગ, પૃથ્વી આદિનું અંદર રહેવું ઘટતું નથી. 'एष आत्मापहतपाप्मा विजरो विमृत्युर्विशोको विजिघत्सोऽपिपासः सत्यकामः सत्यसंकल्पः' (એ આત્મા, પાપથી વિમુક્ત, જરા, મરણ અને શોકથી રહિત, ભુભુક્ષા અને પિપાસાથી મુક્ત, સત્યકામ અને સત્યસંકલ્પ છે) આમ આત્મત્વ, પાપથી વિમુક્તત્વ વગેરે ગુણો ભૂતાકાશમાં સંભવતા નથી. જોકે આત્મશબ્દ જીવને વિષે સંભવે છે, તોપણ બીજાં કારણોથી જીવની આશંકા પણ નિવૃત્ત થાય છે. ખરેખર, ઉપાધિથી પરિચ્છિન્ન થયેલા અને આરના અગ્ર ભાગ સાથે ઉપમિત થયેલા જીવનું પુણ્ડરીકમાં વેષ્ટન થવાથી થયેલું દહરત્વ નિવૃત્ત કરવું શક્ય નથી. બ્રહ્મની સાથે અભેદની વિવક્ષાથી જીવના સર્વગતત્વ વગેરે ધર્મોની વિવક્ષા થશે એમ કહેશો તો જેની સાથે ઐક્યથી જીવના સર્વગતત્વ આદિ ધર્મોની વિવક્ષા થાય તેજ બ્રહ્મના સાક્ષાત્ સર્વગતત્વ આદિ ધર્મોની વિવક્ષા થાય એ યુક્ત છે. બ્રહ્મપુરશબ્દમાં જીવથી પુરનું ઉપલક્ષણ થવાથી રાજાની પેઠે પુરસ્વામી જીવનુંજ પુરના એક ભાગમાં રહેવું થાઓ એમ જે કહ્યું છે એને વિષે કહીએ છીએ– પરબ્રહ્મનુંજ પુર થઈ શરીર બ્રહ્મપુર

[illegible] યુક્ત નથી એમ કહે છે—' વળી ભેદ કલ્પીને ' ઇત્યાદિ. દહરત્વ આકાશના આન્તરત્વનો [illegible] કરીએ ત્યારે તો બંને આકાશ વચ્ચે અત્યન્ત અભેદ હોવાથી સાદૃશ્ય નથી એમ તાત્પર્ય છે. પણ દહરત્વ આકાશની અલ્પત્વનિવૃત્તિ અને ભૂતાકાશના જેટલું પરિમાણ એમ બંનેને વિષે કહેવાનું તાત્પર્ય કેમ ન થાય તેને માટે કહે છે— ' બંને પ્રતિપાદન કરવાં હોય તો ' ઇત્યાદિ. માટે અલ્પત્વનિવૃત્તિને વિષેજ તાત્પર્ય છે. આ રીતે આકાશની [illegible] [illegible] છે તેથી દહરાકાશ ભૂતાકાશ નથી એમ કહ્યું. વળી સર્વાશ્રયત્વ ઇત્યાદિ વિરોધી [illegible] ભૂતાકાશ નથી એમ કહે છે—' વળી કલ્પિત ભેદમાં ' ઇત્યાદિ. [illegible] [illegible] જેની ઇચ્છા હોતી નથી તે विजिघत्सः અર્થાત્, [illegible]. ભૂતાકાશને વિષે [illegible] [illegible] નથી, કેમકે તે અચેતન છે, તેમજ પાપવિમુક્તિ ઇત્યાદિ ગુણો સંભવતા નથી. વળી દહરશબ્દ જીવવાચક પણ નથી એમ કહે છે—' જોકે આત્મશબ્દ ' ઇત્યાદિ. [illegible], [illegible] તેની સાથે [illegible] [illegible] વિવક્ષિત તેનો અર્થ, સંબન્ધ, [illegible], પણ [illegible] [illegible] અર્થ [illegible] [illegible] નહિ; કેમકે એ બંને [illegible] છે, એના ब्रह्मणः ने पुरम् [illegible] અપેક્ષા છે અને [illegible] [illegible] ([illegible] અર્થ)થી [illegible] છે એવો [illegible] છે એમ કહે છે—' એને વિષે કહીએ છીએ ' ઇત્યાદિ. [illegible] બ્રહ્મની ઉપલબ્ધિનું [illegible] છે એમ

1 [illegible] 2 [illegible] માટે [illegible] છે તે. 3 [illegible], [illegible]
[illegible] [illegible]

કહેવાય છે; કેમકે બ્રહ્મશબ્દનો પરબ્રહ્મ એ મુખ્ય અર્થ છે, તેનો પણ એ પુરની સાથે સંબન્ધ છે, કેમકે ઉપલબ્ધિનું સ્થાન છે; કારણ કે 'स एतस्माज्जीवघनात् परात् परं पुरिशयं पुरुषमीक्षते' [પ્રશ્ન૦ ૫।૫] (તે વિદ્વાન્ એ જીવઘન-હિરણ્યગર્ભ એવા પરથી પર, શરીરમાં પ્રવિષ્ટ થયેલા પુરુષને-પરમાત્માને જુએ છે), એ અને 'स वा अयं पुरुषः सर्वासु पूर्षु पुरिशयः' [બૃ૦ ૨।૫।૧૮] (તે એ પુરુષ સર્વ શરીરોમાં વર્તમાન પુરિશય થઈ પુરુષ કહેવાય છે) એ શ્રુતિઓ છે. અથવા એ જીવપુરને વિષેજ બ્રહ્મ સંનિહિત છે એમ ઉપલક્ષણ થાય જેમ શાલગ્રામને વિષે વિષ્ણુ સંનિહિત છે તેમ. 'तद्यथेह कर्मचितो लोकः क्षीयते एवमेवामुत्र पुण्यचितो लोकः क्षीयते' [છાન્દો૦૮।૧।૬] (તેટલા માટે જેમ અહિં કર્મથી ચણાયેલો લોક ક્ષય પામે છે એમજ અમુત્ર પુણ્યથી ચણાયેલો લોક ક્ષય પામે છે) એમ કર્મોનું અન્તવાળું ફળ કહીને 'अथ य इहात्मानमनुविद्य व्रजन्त्येतांश्च सत्यान् कामान् तेषां सर्वेषु लोकेषु कामचारो भवति' (પછી જે અહિં આત્માને અને એ સત્ય કામોને આચાર્યના ઉપદેશને અનુસરી ધ્યાનથી અનુભવીને પરલોક જાય છે તેમનો સર્વ લોકમાં [1]કામચાર થાય છે) એમ પ્રકૃત દહર આકાશના વિજ્ઞાનનું અનન્ત ફળ કહીને એ પરમાત્મા છે એમ સૂચવે છે. દહર આકાશ અન્વેષણ યોગ્ય છે કે વિશેષ જિજ્ઞાસા કરવા યોગ્ય છે એમ શ્રુતિમાં નથી; કેમકે પરના વિશેષણ તરીકે એનું ગ્રહણ કર્યું છે એમ જે કહ્યું છે તેને વિષે કહીએ છીએ. જો આકાશ અન્વેષ્ટવ્ય તરીકે કહ્યું ન હોય તો 'यावान् वा अयमाकाशस्तावानेषोऽन्तर्हृदय आकाशः' (જેટલું આ આકાશ છે તેટલું આ હૃદયની અંદર આકાશ છે) ઇત્યાદિ આકાશના સ્વરૂપનું પ્રદર્શન ઉપયોગી ન થાય. પણ એ પણ અંદર રહેનાર

શરીરનો બ્રહ્મની સાથે સબન્ધ છે તેને માટે પ્રમાણ કહે છે—'स एतस्माज्जीवघनात्' ઇત્યાદિ. પૂર્ષુ=શરીરોને વિષે. पुरि हृदये शयः હૃદયને વિષે રહે તે પુરુષ. પણ શારીર પણ અન્નાદિથી શરીરની વૃદ્ધિ કરે છે તેથી બ્રહ્મશબ્દનો મુખ્ય અર્થ જીવ પણ થાય, માટે પછીના અર્થને ગમે તેમ લેવાની જરૂર નથી એ ઉપરથી કહે છે—'અથવા એ જીવપુરને વિષેજ' ઇત્યાદિ. बृंहयति देहमिति ब्रह्म, જે દેહની વૃદ્ધિ કરે તે બ્રહ્મ, અર્થાત્ જીવ. તે જે પુરનો સ્વામી છે તેમાં હૃદય બ્રહ્મવેશ્મ થાય, જેમ વત્સરાજના પુર ઉજ્જનમાં મૈત્રનું સદ્મ હોય તેમ. અનન્ત ફળના લિંગથી પણ દહર પરમાત્મા છે—'तद्यथेह कर्मचितो लोकः' ઇત્યાદિ. કર્મનું ફળ અન્તવાન્ છે એમ કહીને કહે છે—'अथ य इहात्मानम्' ઇત્યાદિ. अथ = કર્મફળથી વૈરાગ્ય થયા પછી અહિં જીવદશામાં આત્માને, દહરને અને તેના આશ્રિત સત્યકામ આદિ ગુણોને આચાર્યના ઉપદેશાનુસાર જાણીને ધ્યાનથી અનુભવીને જેઓ પરલોકમાં જાય છે તેઓને સર્વ લોકોમાં અનન્ત ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે, તેઓ સ્વેચ્છાથી વર્ત્તે છે. પણ દહરાકાશ અન્વેષ્ય નથી, પણ તદન્તસ્થ છે એમ જે કહ્યું છે તેને વિષે કહે છે—'દહર આકાશ અન્વેષણ યોગ્ય છે' ઇત્યાદિ. ઉત્તરત્ર આકાશનું સ્વરૂપ પ્રતિપાદન કર્યું છે તે અનુપપન્ન થાય, તેથી તે તેની અંદર રહેલા પદાર્થો સાથે જ્ઞેય છે એમ ઇષ્ટ છે એમ કહે છે—'તેને વિષે કહીએ છીએ' ઇત્યાદિ. પણ આકાશનું સ્વરૂપ દર્શાવ્યું છે તે અન્યથા ઉપપન્ન થાય એમ છે એમ કહે છે—'પણ એ પણ અંદર રહેનાર વસ્તુનો' ઇત્યાદિ. 'એ'=આકાશસ્વરૂપ. આકાશનું સ્વરૂપ કહ્યું છે તે પણ તેની અંદર રહેલી વસ્તુઓનો સદ્ભાવ દર્શાવવાજ, પણ એમ

૧ સ્વેચ્છાથી ફરવું હરવું તે.

વસ્તુનો [1]સદ્ભાવ બતાવવાજ દર્શાવેલું છે; કેમકે ' तं चेद्ब्रूयुर्यदिदमस्मिन् ब्रह्मपुरे दहरं पुण्डरीकं वेश्म दहरोऽस्मिन्नन्तराकाशः किं तदत्र विद्यते यदन्वेष्टव्यं यद्वाव विजिज्ञासितव्यम्' (તેને જો તેઓ કહે કે આ બ્રહ્મપુરમાં જે દહર પુંડરીક વેશ્મ છે એને વિષે દહર અન્તરાકાશ છે. એને વિષે તે શું છે કે જે અન્વેષણ કરવા યોગ્ય છે અને જેનીજ વિશેષ જિજ્ઞાસા મેળવવી યોગ્ય છે) એમ આક્ષેપ કરીને પરિહાર કરવાને અવસરે ઉપક્રમમાં આકાશની સાથે સરખાવીને સ્વર્ગ, પૃથ્વી વગેરે તેને વિષે રહેલાં છે એમ જોવામાં આવે છે. ના, એ એમ નથી. જો એમ હોય તો સ્વર્ગ, પૃથ્વી આદિ જે અંદર રહેલું છે તેનું અન્વેષણ કરવું જોઈએ અને વિશેષ જિજ્ઞાસા કરવી જોઈએ એમ કહેલું હોત. તેમાં વાક્યશેષ યુક્ત થાય નહિ. 'अस्मिन् कामाः समाहिताः' (એને વિષે કામ રહેલા છે), 'एष आत्माऽपहतपाप्मा' (એ આત્મા, પાપવિમુક્ત છે) એમ પ્રકૃત, સ્વર્ગ પૃથ્વી વગેરે જેમાં રહેલાં છે તેના આધારનું આકર્ષણ કરીને 'अथ य इहात्मानमनुविद्य व्रजन्त्येतांश्च सत्यान् कामान्' (પછી જે અહિં આત્માને અને એ સત્ય કામોને આચાર્યના ઉપદેશને અનુસરી ધ્યાનથી અનુભવીને પરલોક જાય છે) એમ સમુચ્ચયવાચક च શબ્દથી આત્મા જે કામનો આધાર છે તેને અને આશ્રિત કામોને વિજ્ઞેય તરીકે વાક્યશેષ દર્શાવે છે. તેટલા માટે વાક્યના ઉપક્રમમાં પણ દહરજ આકાશ હૃદય પુંડરીકમાં રહેલું, અંદર રહેલા પૃથ્વી વગેરેની સાથે અને સત્ય કામોની સાથે વિજ્ઞેય તરીકે કહેલું છે એમ સમજાય છે; અને તે કહેલા હેતુઓને લીધે પરમેશ્વર છે ॥ ૧૪ ॥

કેમ સમજવું તેને માટે કહે છે—' तं चेद्ब्रूयुः ' ઇત્યાદિ. આચાર્યે ' दहरोऽस्मिन्नन्तराकाशस्तस्मिन् यदन्तस्तदन्वेष्टव्यं तद्वाव विजिज्ञासितव्यम्' એમ ઉપદેશ કર્યો એટલે શિષ્યે આક્ષેપ કર્યો કે ' किं तदत्र विद्यते यदन्वेष्टव्यम्'. પ્રથમ તો પુણ્ડરીકજ સૂક્ષ્મતર છે, તેથી વિંટળાયલું આકાશ સૂક્ષ્મતમ છે, એવા સૂક્ષ્મતમમાં બીજું શું છે? કંઈજ નથી. તો શેનું અન્વેષણ કરવું? એ આક્ષેપ પરિસમાપ્ત થયો એટલે તેના સમાધાનને વખતે આચાર્ય આરંભમાં આકાશની ઉપમા કરીને, ' उभे अस्मिन् द्यावापृथिवी समाहिते ' એમ કહે છે; તેટલા માટે પુણ્ડરીકવેષ્ટિત આકાશની અંદર રહેલાં સ્વર્ગ, પૃથ્વી આદિજ અન્વેષ્ટવ્ય તરીકે ઉપદિષ્ટ છે, આકાશ નથી એવો શંકાનો અર્થ છે. એ શંકાનો પરિહાર કરે છે—' **ના, એમ નથી** ' ઇત્યાદિ. એમ થાય તો શો દોષ છે તેને માટે કહે છે—' **તેમાં વાક્યશેષ યુક્ત થાય નહિ** ' ઇત્યાદિ. સર્વનામોએ કરીને (अस्मिन् અને एषः એ સર્વનામોએ કરીને) દહરાકાશનું આકર્ષણ કરીને આત્મત્વ આદિ ગુણોને કહીને ગુણોની સાથે તેજ ધ્યેય છે એમ વાક્યશેષ કહે છે તેનો વિરોધ થાય એવો અર્થ છે. તેટલા માટે तस्मिन् यदन्तः એમાં तद् શબ્દ અનન્તર આવેલા આકાશને ઓળંગીને હૃદયપુણ્ડરીકનોજ પરામર્શ કરે છે, વ્યવહિત પણ હૃદયશબ્દનુંજ યોગ્યતાથી ગ્રહણ કરવું. તે પુણ્ડરીકને વિષે જે અંદર આકાશ છે તેનું અન્વેષણ કરવું એવો અર્થ છે એમ કહે છે—' **તેટલા માટે વાક્યના ઉપક્રમમાં પણ** ' ઇત્યાદિ. અથવા આકાશ અને તેની જે અંદર છે તે બન્નેનું અન્વેષણ કરવું જોઈએ એમ યોજના સૂચવે છે—' **અંદર રહેલા પૃથ્વી વગેરેની સાથે** ' ઇત્યાદિ ॥ ૧૪ ॥

---

૧ દર્શાવી.

गतिशब्दाभ्यां तथा हि दृष्टं लिङ्गं च ॥ १५ ॥

ગતિ અને શબ્દે કરીને (દહર પરમાત્મા છે); કેમકે દૃષ્ટ છે અને એ લિંગ છે. ॥ ૧૫ ॥

દહર પરમેશ્વર છે, ઉત્તર હેતુઓથી એમ કહ્યું છે. તેજ ઉત્તર હેતુઓ હવે વિસ્તારાય છે. વળી આથી દહર પરમેશ્વરજ છે; કારણ કે દહર આકાશના વાક્યશેષમાં ગતિ અને શબ્દ પરમેશ્વરનાંજ પ્રતિપાદક છે—'इमाः सर्वाः प्रजा अहरहर्गच्छन्त्य एतं ब्रह्मलोकं न विन्दन्ति' [છાન્દો૦ ૮।૩।૨] (આ {અવિદ્યાવાળી} સર્વ પ્રજાઓ આ {હૃદયાકાશસંજ્ઞક} બ્રહ્મલોકમાં દરરોજ {સુષુપ્તકાળમાં} જતી પણ તેને પ્રાપ્ત કરતી નથી (આ હું આજ બ્રહ્મલોકભાવ પ્રાપ્ત થયો છું એમ જ્ઞાન થતું નથી). તેમાં પ્રકૃત દહરને બ્રહ્મલોકશબ્દથી કહીને તે વિષે ગતિ પ્રજાશબ્દવાચ્ય જીવોની જે કહી છે તે દહર બ્રહ્મ છે એમ અવગમન કરાવે છે; કારણ કે દરરોજ સુષુપ્ત અવસ્થામાં જીવોનું બ્રહ્મને વિષે જવું બીજી શ્રુતિમાં જોયલું છે—'सता सोम्य तदा संपन्नो भवति' [છાન્દો૦ ૬।૮।૧] (હે સોમ્ય, ત્યારે {જ્યારે સુએ છે ત્યારે} સત્ (બ્રહ્મ) ની સાથે સંપન્ન (એકીભૂત) થાય છે) ઇત્યાદિ શ્રુતિમાં. ખરેખર, લોકમાં પણ ગાઢ સુષુપ્તને બ્રહ્મીભૂત, બ્રહ્મતાને પ્રાપ્ત થયલો એમ કહે છે. તેમજ બ્રહ્મલોકશબ્દ પણ પ્રકૃત દહરને વિષે પ્રયોગ કરાતો જીવ અને ભૂત આકાશની આશંકાને નિવૃત્ત

उत्तरेभ्यः એમ જે પૂર્વ સૂત્રમાં કહ્યું છે તેનો આ પ્રપંચ છે. એજ દહરાકાશને વિષે શ્રુતિ કહે છે કે તત્ત્વબોધરહિત પ્રાણીઓને એ ખરેખર અતિશોચનીય છે કે એમને સ્વાધીન છે તોપણ બ્રહ્મ પ્રાપ્ત કરતા નથી. એમ ચિરકાળથી ચડેલા ત્યાગ કચરાના પડથી ઢંકાયલા રૂપાના કકડા ઉપર ચાલતા દ્રવ્યલોભી પાન્થો પણ તેને પગદર છે એમ જાણ મારી લેતા નથી તેમ બ્રહ્મ સ્વાધીન છે તોપણ પ્રાપ્ત કરતા નથી એવા અભિપ્રાયવાળી અનુકંપના અને ખેદ દર્શાવની શ્રુતિ પ્રવર્તે છે—'इमाः सर्वाः प्रजाः' ઇત્યાદિ. ખરેખર, સ્વાપકાળને વિષે સર્વ વિદ્વાન્ અને અવિદ્વાન્ જીવલોક હૃદયકમળની અંદર રહેલા દહરાકાશસંજ્ઞક બ્રહ્મલોકને પ્રાપ્ત થાય છે તોપણ અનાદિ અવિદ્યારૂપી અન્ધકારના પડળથી દૃષ્ટિ ઢંકાઈ જવાથી હું બ્રહ્મભાવ પ્રાપ્ત થયો છું એમ સમજતા નથી. તે એ બ્રહ્મલોકશબ્દ અને જીવલોકની દરરોજ બ્રહ્મલોકગતિ દહરાકાશજ બ્રહ્મરૂપ હોય છે એમ કહે છે—'વળી આથી દહર પરમેશ્વરજ છે' ઇત્યાદિ. પણ एतं ब्रह्मलोकम्માં एतत् પદથી પરામૃષ્ટ દહરમાં સ્વાપકાળમાં જીવો જાય છે તોપણ તે બ્રહ્મ છે તેને વિષે શું પ્રમાણ છે તેને માટે 'तथा हि दृष्टं' કહ્યું છે તેની વ્યાખ્યા કરે છે—'કારણ કે દરરોજ સુષુપ્ત અવસ્થામાં' ઇત્યાદિ. વેદમાં ને લોકમાં જોયું છે. જો કે સુષુપ્ત પુરુષ બ્રહ્મ થાય છે તેને માટે લૌકિક પ્રમાણાન્તર નથી, તોપણ વૈદિક પ્રસિદ્ધિને દૃઢ કરવા કહે છે કે એ વૈદિક પ્રસિદ્ધિ એવી છે કે લોકમાં પણ મનાય છે. જેમ શ્રુત્યન્તરમાં અને જેમ લોકમાં તેમજ અહિં બ્રહ્મલોકશબ્દ પણ એમ યોજના કરવી. સૂત્રમાં दृष्टम् છે તેનો અર્થ શ્રુત્યન્તરમાં જોયલું છે તેમજ લોકમાં પણ જોયલું છે એવો છે એમ કહે છે—'ખરેખર, લોકમાં પણ' ઇત્યાદિ. ગતિ અને લિંગની વ્યાખ્યા કરી શબ્દની વ્યાખ્યા કરે છે—'તેમજ બ્રહ્મલોકશબ્દ પણ' ઇત્યાદિ. જીવ અને ભૂતાકાશને વિષે બ્રહ્મલોકશબ્દ અપ્રસિદ્ધ છે

કરીને એ બ્રહ્મ છે એમ અવગતિ કરાવે છે. પણ બ્રહ્મલોકશબ્દ કમલાસનલોકની પણ અવગતિ કરાવે. બ્રહ્મનો લોક એમ ષષ્ઠીસમાસવૃત્તિથી જો એ શબ્દ વ્યુત્પન્ન કરાય તો એવી અવગતિ કરાવે. પણ બ્રહ્મ એવો જે લોક તે બ્રહ્મલોક એમ સામાનાધિકરણ્યવૃત્તિથી વ્યુત્પન્ન કરાતો બ્રહ્મલોકશબ્દ પર બ્રહ્મનુંજ અવગમન કરાવશે. દરરોજ એજ બ્રહ્મલોકગમન બ્રહ્મલોકશબ્દની સામાનાધિકરણ્યવૃત્તિ લેવામાં લિંગ દેખાય છે. ખરેખર, દરરોજ આ જીવો સત્યલોકસંજ્ઞક કાર્યબ્રહ્મલોકમાં જાય છે એમ કહેવું શક્ય નથી ॥ ૧૫ ॥

धृतेश्च महिम्नोऽस्यास्मिन्नुपलब्धेः ॥ १६ ॥

વળી ધૃતિથી (પરમેશ્વરજ દહરાકાશ છે); કેમકે એ મહિમાની (ધારણલક્ષણ મહિમાની) એને (પરમેશ્વરને) વિષે (શ્રુત્યન્તરમાં) ઉપલબ્ધિ છે ॥ ૧૬ ॥

વળી ધૃતિના હેતુથી પરમેશ્વરજ દહર છે. શી રીતે? 'दहरोऽस्मिन्नन्तर

તેટલે ત્યાં લાગે છે. બ્રહ્મને વિષે પણ બ્રહ્મલોકશબ્દ અપ્રસિદ્ધ છે એમ શંકા કરે છે— 'પણ બ્રહ્મલોકશબ્દ' ઇત્યાદિ. 'નિષાદસ્થપતિ ન્યાયથી સમાધાન કરે છે—' બ્રહ્મનો લોક એમ' ઇત્યાદિ. મીમાંસાદર્શનના છઠ્ઠા અધ્યાયમાં એ વિષે વિચાર કર્યો છે. રુદ્રની [illegible] કરીને 'एतया निषादस्थपतिं याजयेत्' (એ વડે નિષાદસ્થપતિને યજ્ઞ કરાવવો) એમ શ્રુતિ છે તેમાં निषादानां स्थपतिः નિષાદોનો સ્થપતિ એટલે સ્વામી એમ ષષ્ઠીસમાસ કરી ત્રૈવર્ણિક ગ્રહણ કરવો. કેમકે તેનામાં અગ્નિવિદ્યા વગેરે સામર્થ્ય છે, પણ निषादश्चासौ स्थपतिश्च નિષાદ એવો સ્થપતિ એવો અર્થ ન લેવો; કેમકે તેનામાં સામર્થ્ય નથી; એમ પ્રશ્ન કરે સિદ્ધાન્ત કર્યો છે કે નિષાદજ સ્થપતિ લેવો; કેમકે એમ લેવામાં નિષાદશબ્દ વાચ્યાર્થમાં [illegible] છે. નિષાદશબ્દ નિષાદને વિષે રૂઢ છે જો ષષ્ઠી વિભક્તિ શ્રુત છે તેનો અર્થ [illegible] [illegible] લક્ષણ અર્થ નિષાદનો હોવો—તે અર્થનો નિષાદ લક્ષક છે એમ કહેવું યુક્ત નથી એ દ્વિતીયા વિભક્તિ સંબન્ધ છે (निषादस्थपतिम्) તેનો પૂર્વપદ સાથે સંબન્ધ કરવામાં [illegible] છે. તેટલા માટે નિષાદનું દક્ષિણાદિ માત્ર કરવાનું યુક્ત છે આજ રીતે બ્રહ્મલોકશબ્દ કર્મધારય છે, વળી કર્મધારય સમાસ હોવાના લિંગ પણ છે એમ કહે છે—'દરરોજ એમ બ્રહ્મલોકગમન' ઇત્યાદિ. [illegible] છે તે ઉપર (નિષાદસ્થપતિ) ન્યાયના [illegible] કહે છે ॥ ૧૫ ॥

હવે અલ્પ [illegible] [illegible] ધૃતિથી પણ દહર પરમાત્મા છે એમ કહે છે—'धृतेश्च' ઇત્યાદિ. [illegible] બ્રહ્મશબ્દથી દહરાકાશની [illegible] [illegible] છે [illegible] [illegible] [illegible] [illegible] કરી છે તે દહર પરમાત્મા છે એમ શી રીતે [illegible] [illegible] એમ શંકા કરે છે—'શી રીતે?' [illegible] आत्मा (છાં. ૮.૪.૧.) એમ [illegible] [illegible] કહે છે તેટલે [illegible] [illegible] ૧૬

૧ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]. ૨ [illegible] ૮.

ष्काशः' (એને વિષે દહર અન્તરાકાશ છે) એમ પ્રસ્તવીને આકાશની સાથે સાદૃશ્ય બતાવીને તેને વિષે સર્વ વસ્તુ પ્રતિષ્ઠિત છે એમ કહીને તેનેજ વિષે આત્મશબ્દનો પ્રયોગ કરીને પાપથી વિમુક્તપણું ઇત્યાદિ ગુણના યોગનો ઉપદેશ કરીને પ્રકરણ સમાપ્ત થતા પહેલાં તેનેજ વિષે નિર્દેશ કરે છે—'अथ य आत्मा स सेतुर्विधृतिरेषां लोकानामसंभेदाय' [છાન્દો૦ ૮।૪।૧] (હવે જે આત્મા છે તે સેતુ છે, આ લોકોના અવિનાશને માટે વિધારક છે). તેમાં વિધૃતિશબ્દનું આત્મશબ્દની સાથે સામાનાધિકરણ્ય હોવાથી વિધારણ કરનાર એવો અર્થ છે; કેમકે क्तिच् પ્રત્યયનું કર્તાના અર્થમાં વિધાન છે. જેમ ૧ઉદકસન્તાનનો વિધારણ કરનાર સેતુ લોકને વિષે ક્ષેત્રસંપત્તિનો ૨સંકર ન થાય તેને માટે છે, તેમ આ આત્મા અધ્યાત્મ આદિ ભેદથી ભિન્ન થયેલા લોકોનો અને વર્ણ, આશ્રમ આદિનો વિધારણ કરનાર સેતુ અસંભેદને અર્થે, સંકર ન થાય તેને માટે છે. એ પ્રમાણે અહિં પ્રકૃત દહરને વિષે વિધરણલક્ષણ મહિમા શ્રુતિ દર્શાવે છે; અને એ મહિમા બીજી શ્રુતિથી પરમેશ્વરને વિષેજ ઉપલબ્ધ થાય છે—'एतस्य वा अक्षरस्य प्रशासने गार्गि सूर्याचन्द्रमसौ विधृतौ तिष्ठतः' (હે ગાર્ગિ, એજ અક્ષરની આજ્ઞામાં સૂર્ય અને ચન્દ્ર ધારણ કરાયલા રહે છે) ઇત્યાદિ શ્રુતિથી તેમજ બીજે સ્થળે પણ નિશ્ચિત પરમેશ્વરવાક્યને વિષે શ્રુતિ છે—'एष सर्वेश्वर एष भूताधिपतिरेष भूतपाल एष सेतुर्विधरण एषां लोकानामसंभेदाय' (એ સર્વેશ્વર છે, એ ભૂતોનો પાલક છે, એ સેતુ છે, આ લોકોનો સંકર ન થાય માટે વિધારક છે). એ પ્રમાણે ધૃતિના હેતુથી પરમેશ્વરજ એ દહર છે॥૧૬॥

રમાં ધૃતિરૂપ ગુણવિધાનનો પ્રારમ્ભવાચક છે એમ કહે છે—'दहरोऽस्मिन्' ઇત્યાદિ. શ્રુતિમાં વિધૃતિશબ્દ કર્તૃવાચક હોવાથી क्तिच् પ્રત્યયાન્ત છે સૂત્રમાં તો महिमशब्दनी સાથે સામાનાધિકરણ્ય છે તેથી धृतिशब्द क्तिन् પ્રત્યયાન્ત છે અને વિધારણવાચક છે; કેમકે 'स्त्रियां क्तिन्' એમ ભાવના અર્થમાં क्तिन्પ્રત્યયનું વિધાન છે. सेतुः અસંકરનો હેતુ, સંકર-મિશ્રણ ન થાય તેનો હેતુ છે, અને विधृतिः સ્થિતિનો હેતુ છે એમ અપૌનરુક્ત્ય-પુનરુક્તિનો અભાવ છે એમ કહે છે—'જેમ ઉદકસંતાનનો' ઇત્યાદિ. સૂત્રની યોજના કરે છે—'એ પ્રમાણે અહિં' ઇત્યાદિ. ધૃતિથી દહર પરમાત્મા છે, કેમકે એ ધૃતિરૂપ નિયમન જે મહિમા તેની એ પરમાત્માને વિષેજ બીજી શ્રુતિમાં ઉપલબ્ધિ છે એવો સૂત્રાર્થ છે धृतेश्च એમ चकारथी सेतुपदथी ઉક્ત નિયામકત્વ ચિહ્નનું ગ્રહણ કરવું. અને એ નિયમને વિષે બીજી શ્રુતિ છે એમ કહે છે—'एतस्य वा अक्षरस्य' ઇત્યાદિ. અન્ય પ્રકારથી ધૃતિ કહે છે—'તેમજ બીજે સ્થળે' ઇત્યાદિ ॥ ૧૬ ॥

---

૧ પાણીનો સતત, અવિચ્છિન્ન પ્રવાહ. ૨ મિશ્રણ.

प्रसिद्धेश्च ॥ १७ ॥

વળી પ્રસિદ્ધિથી (દહર પરમેશ્વર છે) ॥ ૧૭ ॥

વળી આથી પણ પરમેશ્વરનેજ 'दहरोऽस्मिन्नन्तराकाशः' (એને વિષે દહર અન્તરાકાશ છે) એમ કહ્યો છે; કારણ કે આકાશશબ્દ પરમેશ્વરને વિષે પ્રસિદ્ધ છે; કેમકે 'आकाशो वै नामरूपयोर्निर्वहिता' [છાન્દો૦ ૮।૧૪] (આકાશ શ્રુતિઓને વિષે પ્રસિદ્ધ આત્મા છે, ને આકાશ નામ અને રૂપનું [1]વ્યાકરણ કરનાર છે), 'सर्वाणि ह वा इमानि भूतान्याकाशादेव समुत्पद्यन्ते' [છાન્દો૦ ૧।૯।૧] (ખરેખર, આ સર્વ ભૂતો આકાશમાંથીજ ઉત્પન્ન થાય છે) ઇત્યાદિ પ્રયોગ જોવામાં આવે છે. જીવને વિષે તો આકાશશબ્દ કોઈ પણ સ્થળે પ્રયોગ કરાતો જોવામાં આવતો નથી. ભૂતાકાશને વિષે આકાશશબ્દની પ્રસિદ્ધિ છે, તોપણ ઉપમાનોપમેયભાવ આદિનો અસંભવ હોવાથી તેનું ગ્રહણ કરવું યોગ્ય નથી એમ કહ્યું છે ॥ ૧૭ ॥

इतरपरामर्शात् स इति चेन्नासंभवात् ॥ १८ ॥

અન્યના (જીવના) પરામર્શથી (વાક્યશેષમાં પરામર્શ થવાથી) તે (જીવ દહર છે) એમ કહેશો તો ના; કેમકે અસંભવ છે ॥ ૧૮ ॥

જો વાક્યશેષના બળથી દહર એટલે પરમેશ્વર એમ ગ્રહણ કરીએ તો બીજાનો, એટલો જીવનો પણ 'अथ य एष संप्रसादोऽस्माच्छरीरात् समुत्थाय परं ज्योतिरुपसंपद्य स्वेन रूपेणाभिनिष्पद्यत एष आत्मेति होवाच' [છાન્દો૦ ૮।૩।૪] (હવે જે આ જીવ આ શરીરથી ઊઠીને પોતાને રૂપે સાક્ષાત્કાર કરી પરંજ્યોતિ પ્રાપ્ત કરે છે તે આત્મા છે એમ ખરેખર કહ્યું) એ વાક્યશેષમાં પરામર્શ થાય છે. ખરે-

---

આ સમન્તાત્ કાશતે ઇત્યાકાશઃ ચારે તરફ જે પ્રકાશે તે આકાશ એમ સ્વયંજ્યોતિ બ્રહ્મને વિષે આકાશશબ્દ, અથવા બ્રહ્મને વિષે વિભુત્વગુણથી આકાશશબ્દ પ્રસિદ્ધ છે અને એવા અર્થમાં પ્રયોગ પણ થયા છે. 'आकाशो वै' ઇત્યાદિ. આકાશશ્રુતિને વિષે પ્રસિદ્ધ આત્મા છે; કેમકે આકાશના જેવો આત્મા અશરીર અને સૂક્ષ્મ છે. ને આકાશ પોતાની અંદર રહેલા જગત્‌નાં બીજભૂત (પાણીના ફીણના જેવા) નામ અને રૂપનો વ્યાકર્તા છે એવો અર્થ છે ॥ ૧૭ ॥

એ 'एष आत्मापहतपाप्मा' (એ આત્મા, પાપથી વિમુક્ત) ઇત્યાદિ વાક્યશેષના બળથી દહર પરમાત્મા છે તો દહર જીવ પણ છે એમ આશંકા કરી નિષેધ કરે છે—'इतरपरामर्शात्' ઇત્યાદિ. જીવનું વાક્યશેષ કહે છે—'अथ य एषः' ઇત્યાદિ. દહરની ઉક્તિ પછી શ્રુતિની નજીક શુદ્ધ બ્રહ્મનું વચન છે. સંપ્રસાદ એટલે શરીરમાં પ્રસાદ પામે, એટલે વિષય અને ઇન્દ્રિયના સંયોગથી ઉત્પન્ન થયેલી કલુષતા તજી દે જે સ્થિતિને વિષે તે સંપ્રસાદ, એટલે સુષુપ્તિ. એ જીવનો અવસ્થાભેદ છે, બ્રહ્મનો નથી; તેમજ શરીરમાંથી સમુત્થાન પણ શરીરને

---

૧ રચનારનું.

પર, અહિં સંપ્રસાદશબ્દ બીજી શ્રુતિમાં સુષુપ્તિ અવસ્થાના અર્થમાં જણાયલો છે તેથી તે અવસ્થાવાળા જીવનો અર્થ દર્શાવવા શક્તિમાન્ થાય છે, બીજા અર્થનો નહિ. તેમજ શરીરને વિષે જેનો આશ્રય છે એવા જીવનુંજ શરીરમાંથી ઊઠવું સંભવે છે, જેમ આકાશને વિષે જેનો આશ્રય છે એવા વાયુ આદિનું આકાશમાંથી ઊઠવું—નીકળવું થાય છે તેમ. વળી જેમ 'લોકમાં[1] આકાશશબ્દ પરમેશ્વરના અર્થમાં જોયલો નથી તોપણ 'आकाशो वै नाम नामरूपयोर्निर्वहिता' (આકાશ શ્રુતિઓને વિષે પ્રસિદ્ધ આત્મા છે, તે આકાશ નામ અને રૂપોનો વ્યાકર્તા છે) ઇત્યાદિમાં પરમેશ્વરના ધર્મનો નિર્દેશ છે તેથી આકાશશબ્દ પરમેશ્વરને લાગુ પડતો સ્વીકારાયલો છે, તેમ જીવને લાગુ પડતો પણ થશે. તેટલા માટે અન્યના એટલે જીવના પરામર્શથી 'दहरोऽस्मिन्नन्तराकाशः' (એને વિષે દહર અન્તરાકાશ છે) એમાં તેજ જીવનું વચન છે એમ કહેશો તો એ એમ નથી. શાથી? અસંભવથી; કારણ કે બુદ્ધિ વગેરે પરિચ્છેદનો અભિમાની થઈ જીવ આકાશની સાથે સરખાવાય નહિ. વળી ઉપાધિધર્મોના અભિમાનીને વિષે પાપથી વિમુક્તપણું ઇત્યાદિ ધર્મો સંભવતા નથી. એનો વિસ્તાર (આ અધિકરણના) પ્રથમ સૂત્રમાં કર્યો છે. અહિં

વિષે આશ્રય કરનાર જીવનું છે, તેને વિષે આશ્રય ન કરનાર બ્રહ્મનું નથી. તેથી જેમ પૂર્વે કહેલાં વાક્યશેષમાં રહેલાં લિંગથી દહરાકાશ બ્રહ્મ છે એમ સમજાય છે, એવી રીતે વાક્યશેષમાં રહેલાં સંપ્રસાદ અને સમુત્થાન લિંગથી દહરાકાશ જીવ છે એમ કેમ ન સમજાય અહિં વિનિગમના એટલે એક પક્ષનો નિશ્ચય કરાવનાર પ્રમાણ નથી એમ શંકાનો અર્થ છે. જે એ સંપ્રસાદ એટલે જીવ છે તે આ કાર્યકરણસંઘાતવાન્ શરીરમાંથી બરોબર ઊઠીને—તેમાંથી આત્માનો વિવેક કરીને—વિવિક્ત આત્માનો પોતાના બ્રહ્મરૂપથી સાક્ષાત્કાર કરીને તેજ પ્રત્યક્ પરંજ્યોતિને પ્રાપ્ત કરે છે એવી શ્રુતિની વ્યાખ્યા સમજવી. જેમ 'मुखं व्यादाय स्वपिति' એ વાક્યનો અર્થ ઊંઘીને મુખ ઉઘાડે છે એમ સમજાય છે તેમ परं ज्योतिरुपसंपद्य स्वेन रूपेणाभिनिष्पद्यते નો અર્થ પોતાના રૂપનો સાક્ષાત્કાર કરીને પરંજ્યોતિ પ્રાપ્ત કરે છે એમ સમજવો. જ્યોતિ અનાત્મા છે એવી શંકાનું નિરસન કરવા કહે છે કે एष आत्मेति होवाच. સંપ્રસાદ અવસ્થા જેમ જીવનું લિંગ છે તેમ ઉત્થાન પણ લિંગ છે એમ કહે છે—'તેમજ શરીરને વિષે' ઇત્યાદિ. જેને વિષે આશ્રય હોય તેમાંથી સમુત્થાન થાય તેનો દૃષ્ટાન્ત આપે છે—'જેમ આકાશને વિષે જેનો આશ્રય છે' ઇત્યાદિ. પણ કોઈ પણ સ્થળે આકાશશબ્દ જીવના અર્થમાં જોવશો નથી એમ આશંકા કરી ઉપર કહેલાં અવસ્થા ને ઉત્થાનનાં લિંગથી એ અર્થ કલ્પવો એમ કહે છે—'વળી જેમ લોકમાં' ઇત્યાદિ. વિનિગમના નથી તો દહરનો અર્થ જીવ કેમ ન થાય એમ પ્રાપ્ત થવાથી વિનિગમના કહે છે—'એ એમ નથી' ઇત્યાદિ. સંપ્રસાદ અને સમુત્થાનથી જીવનો પરામર્શ થાય છે તે જીવપર નથી, પણ તેનું તાત્વિકરૂપ જે બ્રહ્મ તે બ્રહ્મપર છે; તેથી તે પરામર્શ બ્રહ્મનોજ છે, સંપ્રસાદ અને સમુત્થાન જીવનાં લિંગ નથી, પણ બ્રહ્મનાંજ છે, કેમકે તેને લાગુ પડે છે એમ આગળ કહેશે. આકાશની ઉપમા ઇત્યાદિ તો બ્રહ્મના અવ્યભિચારી ધર્મો છે અને બ્રહ્મપર છે એટલે વિનિગમના છે એવો શંકાનો પરિહાર છે. દહરને વિષે શ્રુતિપ્રતિપાદિત ધર્મોનો અસંભવ છે તેથી જીવ દહર નથી એવો અર્થ છે.

[1] લૌકિક ભાષામાં.

તો અધિક શંકાના પરિહારને માટે ફરી એનો ઉપન્યાસ કર્યો છે. વળી આગળ 'अन्यार्थश्च परामर्शः' (બ્ર૦ ૧।૩।૨૦) એ સૂત્રમાં (વાક્યશેષનો પરિહાર) કહેશે ॥ ૧૮ ॥

उत्तराच्चेदाविर्भूतस्वरूपस्तु ॥ १९ ॥

ઉત્તર વાક્યથી જો (જીવાશંકા હોય તો) તે તો જેનું સ્વરૂપ 'આવિર્ભૂત થયું છે તે છે ॥ ૧૯ ॥

ઇતર પરામર્શથી જે જીવાશંકા ઉત્પન્ન થઈ હતી તેનું અસંભવથી નિરાકરણ કર્યું. પણ હવે મૃતને અમૃતરૂપથી થાય તેમ ફરી ઉત્તરના પ્રજાપતિવાક્યથી જીવાશંકા ઊભી કરે છે; કેમકે ત્યાં 'य आत्मापहतपाप्मा' [છાન્દો૦ ૮।૭।૧] (જે આત્મા પાપવિમુક્ત છે) એમ પાપવિમુક્ત આદિ ગુણવાળો આત્મા અન્વેષણીય છે, વિશેષ જિજ્ઞાસાયોગ્ય છે એમ પ્રતિજ્ઞા કરીને 'य एषोऽक्षिणि पुरुषो दृश्यत एष आत्मा' [છાન્દો૦ ૮।૭।૪] (આંખને વિષે જે આ પુરુષ દેખાય છે એ આત્મા છે) એમ કહેતી શ્રુતિ આંખમાં રહેલા દ્રષ્ટા જીવનો આત્મા તરીકે નિર્દેશ કરે છે. 'एतं त्वेव ते भूयोऽनुव्याख्यास्यामि' [છાન્દો૦ ૮।૯।૩] (એનુંજ હું તને ફરીથી અનુવ્યાખ્યાન કરીશ) એમ તેનોજ વારંવાર પરામર્શ કરીને 'य एष स्वप्ने महीयमान

ત્યારે પુનરુક્તિ છે તેને વિષે કહે છે—'અહિં તો અધિક શંકાના' ઇત્યાદિ. उत्तराच्च એમ અધિક શંકાનું નિરસન કરવા માટે એમ સમજવું. ત્યારે જીવનો પરામર્શ થાય છે તેની શી ગતિ તેને માટે કહે છે—'વળી આગળ' ઇત્યાદિ. જીવનો સ્વાપસ્થાનીગત બ્રહ્મના જ્ઞાનને માટે આ પરામર્શ છે એમ કહેશે ॥ ૧૮ ॥

દહરાકાશનાજ પ્રકરણમાં નીચે પ્રમાણે ઉપાખ્યાન છે—જે આત્માનું અન્વેષણ કર્યાથી સર્વ લોક અને સર્વ કામના પ્રાપ્ત કરે છે તે આત્માનું જ્ઞાન મેળવવા ઇચ્છતા સુર અને અસુરના રાજાઓ, ઇન્દ્ર અને વિરોચન હાથમાં સમિધ લઈ પ્રજાપતિ પાસે શિષ્ય તરીકે ગયા. ત્યાં બત્રીસ વર્ષ તેની પરિચર્યા કરી બ્રહ્મચર્ય પાળ્યું. પછી પ્રજાપતિએ તેમને પૂછ્યું તમે શા માટે આવ્યા છો? તેમણે કહ્યું પાપથી વિમુક્તપણું વગેરે ગુણવાળા આત્માનું જ્ઞાન મેળવવા આવ્યા છીએ. પ્રજાપતિએ કહ્યું, 'આ જે અક્ષિસ્થ પુરુષ છે તે આત્મા છે, તેના જ્ઞાનથી સર્વ કામની પ્રાપ્તિ થાય છે તે અમૃત છે, તે અભય છે.' એ સાંભળીને તેઓ, પાપનું આવરણ નષ્ટ ન થયું હોવાથી, છાયાપુરુષ આત્મા છે એમ સમજ્યા અને પ્રજાપતિને પૂછ્યું કે ભગવન્, આ જે પાણીમાં દેખાય છે, આદર્શમાં તેમજ ખડ્ગમાં દેખાય છે એમને, એ આત્મા છે, અથવા એ સર્વમાં એકજ આત્મા છે. પ્રજાપતિએ આ તેમનો પ્રશ્ન સાંભળી [illegible]

[illegible]

[illegible]

[illegible]

શ્ચરત્યેષ આત્મા' [છાન્દોગ્ય ૮।૧૦।૧] (સ્વપ્નમાં જે આ વાસનામય વિષયથી પૂજ્યમાન ચરે છે એ આત્મા છે), 'તદ્યત્રૈતત્સુપ્તઃ સમસ્તઃ સંપ્રસન્નઃ સ્વપ્નં ન વિજાનાત્યેષ આત્મા' [છાન્દોગ્ય ૮।૧૧।૧] (જે કાળે એ સ્વાપ બરોબર થાય એમ સુતેલો, સર્વ

ઉપદેશનું યથાવત્ ગ્રહણ્ નહિ કરે; માટે એમના અભિપ્રાયને અનુસારે યથાર્થ સમજાવવો. એમ વિચારી કહ્યું કે ઉદશરાવ–જલપૂર્ણ પાત્રમાં આત્માને જુઓ, એને વિષે શું જુઓ છો તે કહો. તેમણે જોયું ને સંતુષ્ટ થઈ કંઈ બોલ્યા નહિ. પછી એઓ વિપરીત ગ્રહણ ન કરે એમ ધારી પ્રજાપતિએ પૂછ્યું કે તમે ઉદશરાવમાં શું જોયું! તેમણે કહ્યું કે ચિરકાલ બ્રહ્મચર્ય કરવાથી જેવી રીતે લાંબા નખ, લોમ વગેરેવાળા થયા છિયે તેવુંજ નખ, લોમ વગેરેવાળું અમારૂં પ્રતિરૂપક-પ્રતિબિંબ અમે ઉદશરાવમાં જોયું. પછી તેમનો છાયાત્માને આત્મા સમજવાનો વિભ્રમ દૂર કરવા ઇચ્છતા પ્રજાપતિએ છાયાપુરુષ આત્મા નથી તેમજ શરીર પણ આત્મા નથી; કેમકે તેમાં ઉપજન ને અપાય–વૃદ્ધિ ને અપચયના ધર્મો છે ને આત્માના ધર્મો નથી એમ સમજાવવાના હેતુથી કહ્યું, સારાં અલંકાર અને વસ્ત્ર પહેરી, પરિષ્કૃત થઈ પાછા ઉદશરાવમાં આત્માને જુઓ. તેઓએ તેમ કર્યું. પાછું પ્રજાપતિએ પૂછ્યું કે તમે શું જુઓ છો? પાછો છાયાત્માનેજ આત્મા કહ્યો. એ સાંભળી પ્રજાપતિને ખેદ થયો કે હજી પણ એમનો વિભ્રમ ગયો નહિ. માટે એમને જેમ ઇષ્ટ છે તેમજ આત્મતત્ત્વ કહીશ. કાલક્રમે એમનાં પાપ ક્ષીણ થશે એટલે મારા વચનસંદર્ભનો પૂર્વાપર સંબંધ જોઈ આત્મતત્ત્વ સમજશે, એમ ધારી કહ્યું, એ આત્મા છે, એ અમૃત છે, અભય છે, બ્રહ્મ છે. તેમનામાંના એક, વિરોચને, છાયા દેહાનુસારી હોવાથી દેહજ આત્મતત્ત્વ છે એમ સમજી પોતાને ઘેર જઈ અસુરોને તેવોજ ઉપદેશ કર્યો. પણ દેવેન્દ્ર તો ઘેર પહોંચ્યો તે પહેલાં કંઈક પાપ ક્ષીણ થવાથી શરીરના ગુણદોષને અનુસરતા છાયાત્મામાં તે તે દોષો જોતો, છાયાત્માને કે દેહાત્માને વિષે હું ભોગ્ય ફળ જોતો નથી એમ સમજી પાછો સમિધ્ હાથમાં લઈ પ્રજાપતિ પાસે ગયો. પ્રજાપતિએ આવવાનું કારણ પૂછ્યું એટલે ઉપલી હકીકત કહી સમજાવી. પ્રજાપતિએ જાણ્યું કે આત્મતત્ત્વ સમજાવ્યું તોપણ પાપને લીધે ગ્રહણ થયું નહિ, માટે પાપનો નાશ થવો જોઈએ. તેથી તેણે કહ્યું કે બત્રીસ વર્ષ બ્રહ્મચર્ય આચરો. પછી પાપ ક્ષીણ થશે એટલે આત્મતત્ત્વ સમજાવીશ. તેમ કરી ઇન્દ્ર પાછો પ્રજાપતિ પાસે આવ્યો. પ્રજાપતિએ સમજાવ્યું કે જે પાપાદિથી વિમુક્ત આત્મા આંખને વિષે દર્શાવ્યો તેજ એ છે કે જે સ્વપ્નમાં અનેક પ્રકારના ભોગનો ઉપભોગ કરે છે. એ આત્માને વિષે દેવેન્દ્રે ભય જોયું. જોકે છાયાપુરુષની પેઠે એ શરીરધર્મોને અનુસરતો નથી, તોપણ શોક, ભય વગેરે અનેક પીડાનો અનુભવ એને થાય છે તેથી એને વિષે કલ્યાણપ્રાપ્તિ નથી. એમ ઇન્દ્રે કહ્યું એટલે પ્રજાપતિએ જોયું કે હજી એનાં પાપ ક્ષીણ થયાં નથી. આથી તેણે તેને પાછાં બત્રીસ વર્ષ બ્રહ્મચર્ય આચરવા કહ્યું. એમ કરી ઇન્દ્ર પાછો આવ્યો એટલે પ્રજાપતિએ તેને સમજાવ્યું કે પાપાદિથી મુક્ત જે આંખને વિષે દર્શાવ્યો ને સ્વપ્નમાં, તેજ એ છે કે જે સુષુપ્ત અવસ્થામાં વિષય અને ઇન્દ્રિયના સંયોગના વિરહથી પ્રસન્ન છે. હજી ઇન્દ્રને નિર્વૃતિ થઈ નહિ. તેણે કહ્યું, જેવી રીતે જાગ્રદવસ્થામાં કે સ્વપ્નમાં આ હું છું, આ ભૂતો છે એમ જાણે છે એવી રીતે સુષુપ્ત અવસ્થામાં જાણતો નથી. તે સમયે તેને ચેતના ન હોવાથી જાણે અભાવ પ્રાપ્ત થયો હોય એવો જણાય છે. એવા આત્મામાં શી નિર્વૃતિ–આનન્દ! હજી એનાં પાપ સંપૂર્ણ ક્ષીણ થયાં નથી એમ ધારી પ્રજાપતિએ એને બીજાં પાંચ વર્ષ બ્રહ્મચર્ય આચરવાં કહ્યું. આમ ઇન્દ્રના

ઇન્દ્રિયો જેની અસ્ત થઈ ગઈ છે એવો, કલુષતારહિત, સ્વપ્ન જાણતો નથી એ આત્મા છે) એમ અન્ય અવસ્થામાં રહેલા જીવનુંજ વ્યાખ્યાન કરે છે. તેનાજ પાપથી વિમુક્તપણું વગેરે ગુણો બતાવે છે—'एतदमृतमभयमेतद्ब्रह्म' (એ અમૃત છે, એ અભય છે, એ બ્રહ્મ છે). 'नाह खल्वयमेवं संप्रत्यात्मानं जानात्ययमहमस्मीति

ત્રણ પર્યાય મળી છન્નુ વર્ષ વ્યતીત થયાં ને ચોથા પર્યાયના પાંચ વર્ષ ગણતાં એને બ્રહ્મચર્ય આચરતાં એક સો ને એક વર્ષ થયાં. હવે અશેષ પાપનો ક્ષય થયો એટલે એને પ્રજાપતિએ સમજાવ્યું કે જે એ આંખમાં દેખાય છે, સ્વપ્નમાં ને સુષુપ્તમાં, તેજ આત્મા પાપાદિથી મુક્ત ગુણવાળો છે, શરીર મર્ત્ય છે. તાત્પર્ય એ છે કે જે કંઈ સુખ દુઃખ છે તે સર્વેને શરીર, ઇન્દ્રિય ને અન્તઃકરણ સાથે સબન્ધ છે, આત્મા સાથે નથી. અવિદ્યાથી દેહાદિને આત્મા સમજી તે આત્મા સાથે સુખદુઃખને જોડે છે. જ્યારે તે પાપાદિથી મુક્ત, ઉદાસીન આત્માને દેહાદિથી વિવિક્ત અનુભવે છે, ત્યારે સશરીર છે તોપણ અશરીરની પેઠે તેને દેહાદિધર્મ સુખદુઃખનો પ્રસંગ થતો નથી તેથી અનુતાપ થતો નથી. માત્ર પોતાના ચૈતન્ય અને આનન્દ સ્વરૂપમાં વ્યવસ્થિત રહી સમસ્ત લોકકામના પ્રાપ્ત કરે છે. સર્વ કામ એ પરમાત્માનીજ માત્રા—અંશ છે. દુઃખ તો અવિદ્યાનું નિર્માણ છે. વિદ્વાન્‌ને તે પ્રાપ્ત થતું નથી. આતું ઉપાખ્યાન છે. અહીં પૂર્વપક્ષ એવો થાય છે કે આંખમાં, સ્વપ્નમાં, સુષુપ્તિમાં ને ચોથા પર્યાયમાં 'एष संप्रसादोऽस्माच्छरीरात्समुत्थाय' ઇત્યાદિથી શ્રુતિ જીવાત્મા વિષેજ કહે છે. પરમાત્માનું કંઈ અક્ષિસ્થાન યુક્ત નથી, તેમજ સ્વપ્નાદિ અવસ્થા સાથે યોગ પણ પરમાત્માને સંભવતો નથી, શરીરમાંથી સમુત્થાન પણ તેને સંભવતું નથી. તેટલા માટે એ બધું જેને સંભવે છે તે પાપાદિથી વિમુક્ત આત્મા છે. પૂર્વ સૂત્રમાં અસંભવ હેતુથી દહરાત્મા જીવાત્મા નથી એમ જે કહ્યું છે તે અસંભવજ અસિદ્ધ છે, એમ હેતુની અસિદ્ધિની શંકા કરી તેનો પરિહાર કરે છે—'उत्तराच्चेत्' ઇત્યાદિ. જીવની શંકાનું નિરાકરણ કર્યું હતું તોપણ પ્રજાપતિના વાક્યબળથી તે પાછી ઉભી થાય છે. પાપાદિથી મુક્તપણું વગેરે જીવનાજ ધર્મ સમજવાથી અસંભવ સિદ્ધ થતો નથી એવો શંકાનો અર્થ છે. જીવના એ ધર્મો શી રીતે કહે છે તેને માટે કહે છે—'કેમકે ત્યાં "य आत्मा" ઇત્યાદિ. જોકે ઉપક્રમમાં જીવશબ્દ નથી, તોપણ પાપાદિથી મુક્ત આત્માનો ઉપક્રમ કરી જાગ્રદાદિ ત્રણ અવસ્થાનો ઉપન્યાસ કર્યો છે તેથી અવસ્થાના લિંગથી દહરાકાશ જીવ છે એમ નિશ્ચય થાય છે તેનાજ એ ગુણો—પાપાદિથી મુક્તિ વગેરે—સંભવે છે એવું તાત્પર્ય છે. ઇન્દ્રને પ્રજાપતિ કહે છે—'य एषोऽक्षिणि' ઇત્યાદિ. અક્ષિગ્રહણ પ્રાધાન્યને લીધે છે. સર્વ ઇન્દ્રિયો વડે વિષયદર્શનરૂપ જાગ્રદવસ્થા પ્રાપ્ત એવો એમ કહે છે—'દ્રષ્ટા જીવનો'.—'महीयमानः'=વાસનામય વિષયોથી પૂજ્યમાન એમ સ્વપ્નપર્યાયમાં અને 'तद्यत्रैतत्सुप्तः' ઇત્યાદિ સુષુપ્તિપર્યાયમાં જીવનુંજ પ્રજાપતિ વ્યાખ્યાન કરે છે એમ અન્વય સમજવો. જે કાળમાં સુષુપ્તિમાં આવેલો, બરોબર નિરસ્ત થયો છે ઇન્દ્રિયસમૂહ જેનો એવો, અને તેથીજ ઇન્દ્રિયો ઉપસંહૃત થવાથી બાહ્ય વિષયના સંપર્કથી ઉત્પન્ન થયલી કલુષતારહિત, સંપ્રસન્ન, સ્વપ્નનું—વિષયાકારના આભાસનું અજ્ઞાન તરીકે નિરસન કરે છે. તેટલા માટે અજ્ઞાન હોવાથી સુપ્તથી વિલક્ષણ, પ્રાજ્ઞ, જ્ઞાનક્રિયા વગર સ્વરૂપચૈતન્યથી અજ્ઞાનનો સાક્ષી, સાક્ષ્ય જે દેહાદિ તેને સત્તા અને સ્ફૂર્તિ આપે છે તેવો આત્મા છે એવું તાત્પર્ય છે. ચતુર્થ પર્યાયમાં બ્રહ્મ ઉક્ત છે તેથી પાપાદિથી મુક્તત્વ ઇત્યાદિ ગુણો તેનાજ છે એમ આશંકા કરી તે પણ પર્યાય જીવનેજ લાગુ પડે છે એમ કહે છે—'नाह खल्वयमेवं संप्रत्यात्मानम्' ઇત્યાદિ. अह=ખેદવાચક નિપાત છે. ખેદ પામતો ઇન્દ્ર

मो एवेमानि भूतानि' [છાન્દો૦ ૮।૧૧।૧,૨] (ખરેખર, એ ખેદકારક છે કે એ પ્રમાણે એ હવે આત્માને જાણતો નથી કે એ હું છું, તેમજ આ પ્રાણીઓને પણ જાણતો નથી) એમ સુષુપ્ત અવસ્થામાં દોષ જોઇને 'एतं त्वेव ते भूयोऽनुव्याख्यास्यामि नो एवान्यत्रैतस्मात्' (એનુંજ હું તને ફરી અનુવ્યાખ્યાન કરીશ, એથી અન્યનું નહિજ) એમ ઉપક્રમ કરીને શરીરસંબન્ધની નિન્દાપૂર્વક 'एष संप्रसादोऽस्माच्छरीरात्समुत्थाय परं ज्योतिरुपसंपद्य स्वेन रूपेणाभिनिष्पद्यते स उत्तमः पुरुषः' (એ જીવ આ શરીરમાંથી ઉત્થાન કરીને-પોતાના રૂપનો સાક્ષાત્કાર કરીને-પર જ્યોતિ પ્રાપ્ત કરે છે. તે ઉત્તમ પુરુષ છે) એમ શરીરમાંથી ઉત્થાન કરેલા જીવનેજ ઉત્તમ પુરુષ તરીકે દર્શાવે છે. તેટલા માટે જીવને વિષે પરમેશ્વરના ધર્મોનો સંભવ છે. એથી 'दहरोऽस्मिन्नन्तराकाशः' (એને વિષે દહર અન્તરાકાશ છે) એમ જીવજ ઉક્ત છે એમ જો કોઈ કહે તો તે પ્રત્યે કહેવું કે 'आविर्भूतस्वरूपस्तु' તે તો જેનું સ્વરૂપ આવિર્ભૂત થયું છે તે છે. એમાં તુશબ્દ પૂર્વપક્ષની [1]વ્યાવૃત્તિ કરવા માટે છે. ઉત્તર વાક્યથી પણ અહિં જીવની આશંકા સંભવતી નથી એવો અર્થ છે. શાથી? કેમકે

કહે છે, ખરેખર, સુપ્ત પુરુષ સુષુપ્તિ અવસ્થામાં હું દેવદત્ત છું એમ આત્માને જાણતો નથી, તેમજ આ ભૂતોને પણ જાણતો નથી; પણ વિનાશજ પ્રાપ્ત થાય છે. હું એમાં કંઈ ભોગ્ય-ફળ જોતો નથી એમ દોષ જાણીને ફરી પ્રજાપતિ પાસે શિષ્ય તરીકે ગયો. તે દોષ સાંભળીને પ્રજાપતિએ કહ્યું.—'एतं त्वेव ते भूयोऽनु०' ઇત્યાદિ. એ પ્રકૃત આત્માથી અન્યનું હું વ્યાખ્યાન નહિ કરૂં એમ ઉપક્રમ કરીને 'मघवन् मर्त्यं वा इदं शरीरम्' (હે ઇન્દ્ર, આ શરીર મર્ત્ય છે) એમ નિંદાપૂર્વક જીવનેજ દર્શાવે છે એવો અર્થ છે. 'તેટલા માટે'=પ્રજાપતિના વાક્યને લીધે એમ અસમ્ભવ (પૂર્વ સૂત્રમાં કહેલા હેતુ)ની અસિદ્ધિનું નિગમનવાક્ય કહે છે. હેતુ અસિદ્ધ થવાનું ફળ કહે છે—'એથી "दहरोऽस्मिन्"' ઇત્યાદિ. સિદ્ધાન્ત કહે છે—'તો તે પ્રત્યે કહેવું કે' ઇત્યાદિ. સિદ્ધાન્તનો અભિપ્રાય એવો છે કે ઉપનિષદોનો પૂર્વાપર સંબન્ધ જોતાં શુદ્ધ, બુદ્ધ, મુક્ત, એક અપ્રપંચ, બ્રહ્મ છે, તેથી ભિન્ન સર્વ તેનો વિવર્ત છે જેમ રજ્જુનો વિવર્ત સર્પ છે તેમ. જીવ પણ અવિદ્યાકલ્પિત દેહ, ઇન્દ્રિય આદિ ઉપાધિવાળું બ્રહ્મનું રૂપ છે, સ્વાભાવિક નથી. એ પ્રમાણે અપહતપાપ્મત્વ (પાપથી વિમુક્તિ) વગેરે ધર્મો તે અવિદ્યાના ઉપાધિ જીવને વિષે સંભવતા નથી. જેના બ્રહ્મરૂપનો આવિર્ભાવ થયો છે એવા નિરુપાધિને વિષે સંભવે છે, પણ ત્યારે તે બ્રહ્મનાજ ધર્મો છે, જીવના નથી. આ રીતે શ્રુતિએ બ્રહ્મનેજ અપહતપાપ્મત્વ વગેરે ધર્મોવાળું કહ્યું છે, માટે તેજ દહરાકાશ છે, જીવ નથી આવો સિદ્ધાન્ત છે. 'आविर्भूतस्वरूपस्तु'—आविर्भूत=શોધિત, નિરુપાધિક. વાક્યથી ઉત્પન્ન થયેલી વૃત્તિથી અભિવ્યક્ત થયેલું. ત્યારે સૂત્રમાં પુંલ્લિંગથી જીવની ઉક્તિ કેમ છે? કેમકે જ્ઞાનથી જીવત્વ તો નિવૃત્ત થયું છે, તેથી કહે છે—'પૂર્વે જે ગતિ હતી તેથી' ઇત્યાદિ. જ્ઞાનની પૂર્વે અવિદ્યા અને તેના કાર્યથી પ્રતિબિમ્બિત રૂપ જીવત્વ થયું હતું તેથી જ્ઞાન થયા પછી બ્રહ્મરૂપને પણ જીવ કહ્યું છે. પણ સ્વરૂપનો આવિર્ભાવ થયે પણ જીવના જીવત્વનો અપાય-નાશ થતો નથી તો બ્રહ્મતા શી રીતે એમ આશંકા કરી પ્રજાપતિના વાક્યનું તાત્પર્ય કહે છે—'તાત્પર્ય

---

[1] ભેદ બતાવવા.

તેમાં પણ આવિર્ભૂતસ્વરૂપ જીવની વિવક્ષા છે. જેનું સ્વરૂપ આવિર્ભૂત થયું છે તે આવિર્ભૂતસ્વરૂપ. પૂર્વે જે ગતિ હતી તેથી તેનું જીવ તરીકે વચન છે. તાત્પર્ય એ છે કે 'य एषोऽक्षिणि' એમ આંખથી લક્ષિત દ્રષ્ટાનો નિર્દેશ કરીને [1]ઉદશરાવબ્રાહ્મણથી શરીરમાંથી એનો બાધ કરીને 'एतं त्वेव ते' (એનેજ તને) એમ વારંવાર તેનેજ વ્યાખ્યાયોગ્ય તરીકે આકર્ષીને સ્વપ્ન અને સુષુપ્તના ઉપન્યાસને ક્રમે 'परं ज्योतिरुपसंपद्य स्वेन रूपेणाभिनिष्पद्यते' (પોતાના રૂપનો સાક્ષાત્કાર કરી પર જ્યોતિ પામે છે) એવું જે પારમાર્થિક સ્વરૂપ પરબ્રહ્મ તે રૂપથી એ જીવનું વ્યાખ્યાન કરે છે, જીવનાં રૂપથી નહિ. પ્રાપ્ત કરવા યોગ્ય જે પર જ્યોતિ શ્રુતિપ્રતિપાદિત છે તે પરબ્રહ્મ છે. તે પાપથી વિમુક્તપણું વગેરે ધર્મવાળું છે; અને તેજ જીવનું 'तत्त्वमसि' (તે તું છે) ઇત્યાદિ શાસ્ત્રોથી પારમાર્થિક સ્વરૂપ છે, બીજું, ઉપાધિકલ્પિત, (પારમાર્થિક સ્વરૂપ) નથી. જ્યાંસુધી સ્થાણુને વિષે પુરુષબુદ્ધિની પેઠે દ્વૈતલક્ષણ અવિદ્યાને નિવૃત્ત કરીને કૂટસ્થ અને નિત્ય જ્ઞાનસ્વરૂપ આત્માને હું બ્રહ્મ છું એમ જાણે નહિ ત્યાંસુધીજ જીવનું જીવત્વ છે. પણ જ્યારે દેહ, ઇન્દ્રિય, મન અને બુદ્ધિના સંઘાતથી ઉઠાડીને શ્રુતિથી એવો બોધ થાય છે કે તું દેહ, ઇન્દ્રિય, મન અને બુદ્ધિનો સંઘાત નથી, તું સંસારી નથી, ત્યારે શું છે? જે સત્ય, ચૈતન્યમાત્ર સ્વરૂપ આત્મા છે તે તું છે—એવો બોધ થાય છે ત્યારે કૂટસ્થ, અને નિત્ય જ્ઞાનસ્વરૂપ આત્માને જાણીને આ, શરીરાદિના અભિમાનમાંથી ઊઠતો તેજ કૂટસ્થ અને નિત્ય જ્ઞાનસ્વરૂપ આત્મા થાય છે; કેમકે 'स यो ह वै तत्परमं ब्रह्म वेद ब्रह्मैव भवति' [મુણ્ડ૦ ૩।૨।૯] (ખરેખર; જે તે પરમ બ્રહ્મને જાણે છે તે બ્રહ્મજ

એ છે કે' ઇત્યાદિ. જન્મ અને નાશ હોવાથી પ્રતિબિમ્બની પેઠે બિમ્બદેહ પણ આત્મા નથી એમ સમજાવવાને પ્રજાપતિએ ઇન્દ્ર અને વિરોચનને કહ્યું કે ઉદશરાવમા-જલપૂર્ણપાત્રમાં—આત્માને જોઈને આત્માને વિષે જે ન જાણો તે મને કહો એમ બ્રાહ્મણથી કહે છે, 'ઉદશરાવબ્રાહ્મણથી' ઇત્યાદિ. ઉદકપૂર્ણ શરાવમાં પ્રતિબિમ્બાત્મા દેહને જોઈને તમને જે અજ્ઞાત હોય તે મને કહેવું એવો શ્રુતિનો અર્થ છે. 'જે પારમાર્થિક સ્વરૂપ' ઇત્યાદિ. જીવત્વરૂપથી પ્રજાપતિ જીવનું વ્યાખ્યાન કરતો નથી; કેમકે તે લોકસિદ્ધ છે, પણ તેનો અનુવાદ કરીને પરસ્પર વ્યભિચારી અવસ્થાઓથી વિવેચન કરી બ્રહ્મસ્વરૂપનો બોધ કરે છે, તેથી જે બ્રહ્મ છે તેજ અપહતપાપ્મત્વ આદિ ધર્મવાન્ છે, જીવ નથી; એવું તાત્પર્ય છે. જીવનું શોધિત સ્વરૂપ બ્રહ્મથી ભિન્ન નથી તેથી તેના ધર્મ કહ્યા છે. આ પ્રમાણે અવસ્થાનો ઉપન્યાસ બ્રહ્મસ્વરૂપનો વિવેક-ભેદ કરવા માટે છે, તેથી જીવનું લિંગ નથી. કેમકે 'एतदमृतमभयमेतद्ब्रह्म' એમ લિંગયુક્ત શ્રુતિનો વિરોધ થાય, એમ સમજવું. પણ જીવત્વ અને બ્રહ્મત્વ એમ, વિરુદ્ધ ધર્મવાળાઓનો અભેદ શી રીતે તેને માટે કહે છે—'તેજ જીવનું "तत्त्वमसि"' ઇત્યાદિ. અન્વય અને વ્યતિરેકથી જીવ અવિદ્યાકલ્પિત સિદ્ધ થાય છે તેથી વિરોધ નથી એમ માની દૃષ્ટાન્તથી અન્વય કહે છે—'જ્યાંસુધી સ્થાણુને વિષે' ઇત્યાદિ. વ્યતિરેક કહે છે—'પણ જ્યારે દેહ' ઇત્યાદિ. અવિદ્યા રહે ત્યાંસુધી જીવત્વ, અને શ્રુતિવાક્યથી પ્રબોધ ઉત્પન્ન થઈ અવિદ્યા નિવૃત્ત થાય ત્યારે જીવત્વ નિવૃત્ત થાય છે એમ એ વચન સમજાવે છે. સંસારિત્વ કલ્પિત થયું એ-

[1] એનો અર્થ ટીકામાં સમજાશે.

થાય છે) ઇત્યાદિ શ્રુતિઓ છે. શરીરમાંથી ઉત્થાન કરીને પોતાનું રૂપ પ્રાપ્ત
છે તેજ એનું પારમાર્થિક સ્વરૂપ છે. પણ પોતાનુંજ રૂપ પોતેજ પ્રાપ્ત કરે એ
રીતે કૂટસ્થ. નિત્યને સંભવે ? અન્ય દ્રવ્યના સંપર્કથી જેનો સ્વરૂપનો અભિભવ થયો
અને તેથી જેનો અસાધારણ વિશેષગુણ અભિવ્યક્ત થતો નથી એવા સુવર્ણ આદિનો તે
ખાર નાંખવા વગેરેથી શોધાય એટલે સ્વરૂપથી સાક્ષાત્કાર થાય. તેમજ દિવસે જેના
પ્રકાશનો અભિભવ થયો છે એવાં નક્ષત્રાદિનો રાત્રિને વિષે અભિભવ કરનારનો વિયોગ
થાય એટલે સ્વરૂપથી સાક્ષાત્કાર થાય; પણ આત્મચૈતન્યના નિત્યજ્યોતિનો તેવી રીતે
કોઈથી અભિભવ સંભવતો નથી. જેમ આકાશનો સંભવતો નથી તેમ; કેમકે તે સંસર્ગ-
રહિત છે. વળી જે જોવામાં આવે છે તેની સાથે વિરોધ થાય. ખરેખર, દૃષ્ટિ, શ્રુતિ, મતિ
અને વિજ્ઞાનશક્તિઓ એ જીવનું સ્વરૂપ છે; અને તે 'શરીરથી નહિ ઉત્થાન થયલા એવા
જીવમાં પણ હમેશા થતું જોવામાં આવે છે. ખરેખર, સર્વ જીવ દર્શન કરતા, શ્રવણ
કરતા, વિચાર કરતા અને વિજ્ઞાન મેળવતા વ્યવહાર કરે છે; નહિ તો વ્યવહાર
યુક્ત થતો નથી. તે જો શરીરથી 'સમુત્થિત થયલાને થાય તો સમુત્થાનથી પૂર્વે
દેખાયલો વ્યવહાર વિરુદ્ધ થાય. એટલા માટે આ શરીરથી સમુત્થાનનું કેવું સ્વરૂપ

ટકે જે સિદ્ધ થયું તેનું નિગમન કરે છે—'શરીરમાંથી ઉત્થાન કરીને' ઇત્યાદિ. 'સ-
મુત્થાય સ્વેન રૂપેણાભિનિષ્પદ્યતે' (ઉત્થાન કરી પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કરે છે) એ શ્રુતિ
સમન્વયવા આક્ષેપ કરે છે—'પણ પોતાનુંજ રૂપ પોતેજ' ઇત્યાદિ. મનની સાથે જેને
સંગ હોય તેની, ક્રિયાથી મલનો નાશ થયે, અભિવ્યક્તિ થાય, પણ કૂટસ્થ નિત્ય જેને અન્યનો
સંગ નથી તેની અભિવ્યક્તિ શી રીતે થાય ! જેને અન્યનો સંસર્ગ નથી તેનું સંસર્ગ દ્વારા
વિવેચન કરવાનું ન હોવાથી અભિવ્યક્તિ શી રીતે થાય એમ કહે છે—'અન્ય દ્રવ્યના સંપ-
ર્કથી' ઇત્યાદિ. 'અન્ય દ્રવ્ય'=પૃથ્વીનો કચરો 'અસાધારણ'=ભાસ્વરત્વાદિ. 'અભિ-
ભવ કરનાર'=સૂર્યનું તેજ, ઇત્યાદિ. પણ જીવ પણ અભિભૂતસ્વરૂપ—જેના સ્વરૂપનો અ-
ભિભવ થયો છે એવો—હોવાથી જ્ઞાનથી તેની અભિવ્યક્તિ સ્વરૂપપ્રાપ્તિ થાય એમ શંકા લવી
કહે છે—'જે જોવામાં આવે છે તેની સાથે વિરોધ થાય.' 'વિજ્ઞાનઘન એવ' એમ
શ્રુતિથી આત્મા ચિન્માત્ર છે. એ ચૈતન્ય ચક્ષુરાદિજન્યવૃત્તિથી વ્યક્ત થાય છે અને દૃષ્ટિ
આદિ પદથી વાચ્ય થઈ વ્યવહારનું અંગ, જીવનું સ્વરૂપ થાય છે,—દૃષ્ટિ આદિ જીવનું સ્વરૂપ
. માટે જે જીવસ્વરૂપનો અભિભવ થાય તો જે વ્યવહાર જોવામાં આવે છે તેને બાધ આવે.
ત પુરુષને પણ જીવસ્વરૂપ વૃત્તિને વિષે વ્યક્ત છે માટે તેનો અંગીકાર કરવો જોઈએ; કેમકે
વહાર જોવામાં આવે છે એમ કહે છે—'તે શરીરથી નહિ ઉત્થાન થયલા' ઇત્યાદિ. જી-
દૃષ્ટિ આદિ રૂપ સદા વ્યક્ત છે તેને માટે અર્થાપત્તિ કહે છે—'નહિ તો' ઇત્યાદિ. એ
ઉપપત્તિજ સ્ફુટ કરે છે—'તે જો શરીરથી સમુત્થિત થયલાને' ઇત્યાદિ. જીવનું
રૂપ જો જ્ઞાનીનેજ અભિવ્યક્ત થાય તો જ્ઞાનથી પૂર્વે વ્યવહાર ઉચ્છિન્ન થાય એવો અર્થ છે.
એટલા માટે'=હમેશાંજ જીવનું સ્વરૂપ વ્યક્ત છે તેથી, સર્વદા ચક્ષુરાદિજન્ય વૃત્તિને વિષે

૧ શરીરથી આત્માને વિવિક્ત નહિ જાણેલા. ૨ આત્મસ્વરૂપ શરીરથી વિલક્ષણ છે એમ સમજેલા.

છે અથવા સ્વરૂપ વડે અભિવ્યક્તિનું કેવું સ્વરૂપ છે? એને વિષે કહીએ છીએ—વિવેકવિજ્ઞાનની ઉત્પત્તિ પૂર્વે શરીર, ઇન્દ્રિય, મન, બુદ્ધિ, વિષય, વેદનારૂપી ઉપાધિઓથી 'અવિવિક્ત હોય તેમ જીવ જ્યોતિઃસ્વરૂપ છે તોપણ દૃષ્ટિ આદિ સ્વરૂપ થાય છે; જેમ શુદ્ધ સ્ફટિકનું સ્વચ્છ અને શુક્લ સ્વરૂપ વિવેકજ્ઞાન થયા પૂર્વે રક્ત, નીલ આદિ ઉપાધિઓથી ભિન્ન ન હોય તેવું થાય છે. પણ પ્રમાણથી ઉત્પન્ન થયેલા વિવેકજ્ઞાનથી, પાછળથી તે સ્ફટિક સ્વચ્છ અને શુક્લ સ્વરૂપ પ્રાપ્ત કરે છે એમ કહેવાય છે જોકે પૂર્વે પણ તે તેવોજ હતો. તે પ્રમાણે દેહાદિ ઉપાધિથી અવિવિક્તજ જે જીવ છે તેનું પણ શ્રુતિએ કરેલું વિવેકવિજ્ઞાન તે શરીરમાંથી જીવનું સમુત્થાન અને એ વિવેકવિજ્ઞાનનું જે ફળ તે સ્વરૂપથી સાક્ષાત્કાર એટલે કેવળ આત્મસ્વરૂપનું જ્ઞાન. તેવી રીતે વિવેક અને અવિવેકથીજ આત્મા અશરીર અને સશરીર છે; કેમકે 'अशरीरं शरीरेषु' [કાઠ૦ ૧।૨।૨૨] (શરીરોને વિષે અશરીર) એવો મ-

---

ન્ત્ર, જોકે વસ્તુતઃ અસઙ્ગ એવા આત્માનો અવિદ્યાથી દેહાદિથી વિવેક[1] થતો નથી. એવા અવિવેકરૂપી મળનો સંગ હોવાથી સમુત્થાનાદિ શ્રુતિને દેહાદિથી આત્માના વિવેકની અપેક્ષા છે એમ કહે છે—'એને વિષે કહીએ છીએ'. તાત્પર્ય આ પ્રમાણે છે. જોકે કૂટસ્થ નિત્ય આત્માને અન્યસંસર્ગ વસ્તુતઃ નથી, અને જોકે સંસારની અવસ્થામાં એનું દૃષ્ટિ આદિરૂપ પ્રકાશે છે, તોપણ અનિર્વાચ્ય અનાદિ અવિદ્યાને લીધે અવિદ્યાથીજ કલ્પિત દેહેન્દ્રિયાદિથી અસંસૃષ્ટ પણ સંસૃષ્ટ જેવો, વિવિક્ત છે તોપણ અવિવિક્ત જેવો દૃષ્ટિ આદિ રૂપવાળો ભાસે છે. આથી દેહેન્દ્રિયાદિના તાપથી પોતે તાપવાન્ જેવો ભાસે છે. 'વેદના'=હર્ષ, ભય, શોક વગેરે. 'અવિવિક્ત હોય તેમ' આથી તાદાત્મ્યરૂપ સંગ કલ્પિત છે એમ કહ્યું છે. કલ્પિત સંગનો દૃષ્ટાન્ત કહે છે—'જેમ શુદ્ધ સ્ફટિકનું' ઇત્યાદિ. 'શ્રુતિએ કરેલું'—'योऽयं विज्ञानमयः प्राणेषु' ઇત્યાદિ. ત્વંપદાર્થશ્રુતિથી સિદ્ધ, પ્રાણાદિભિન્ન શુદ્ધ ત્વંપદાર્થજ્ઞાનનું વાક્યાર્થનો સાક્ષાત્કાર ફળ છે એમ કહે છે—'કેવળ આત્મસ્વરૂપનું જ્ઞાન' શ્રવણ, મનન, ધ્યાનાદિથી આત્મસ્વરૂપ વિવિક્ત છે એમ વિવેકજ્ઞાન કહીને તે વિવેકવિજ્ઞાનનું ફળ કેવલાત્મસ્વરૂપસાક્ષાત્કાર છે એમ કહે છે. એ સાક્ષાત્કાર વૃત્તિરૂપ છે, પ્રપચમાત્રને અસત્ય કરી પોતે પણ પ્રપંચરૂપ હોવાથી કતકરજની પેઠે પ્રલય પામે છે. એટલે સમસ્ત પ્રપંચજાળ જેની પૂરેપૂરી ધોવાઈ ગઈ છે એવું અસઙ્ગ, જેનો પ્રકાશ પરાધીન નથી, એવું આત્મજ્યોતિ સિદ્ધ થાય છે તેથી કહ્યું છે કે 'परं ज्योतिरुपसंपद्य'—ઉપસંપત્તિ સ્વરૂપસાક્ષાત્કારથી ઉત્તરકાલીન છે, क्त्वानो પ્રયોગ 'मुखं व्यादाय स्वपिति' ના જેવો છે એમ પૂર્વે કહ્યું છે. સશરીરત્વ સત્ય છે તેથી 'સમુત્થાન'નો અર્થ ઉત્ક્રાન્તિ, શરીરમાંથી નીકળવું એવો કરવો, વિવેક એવો ન કરવો એમ આશંકા લાવી કહે છે—'તેવી રીતે વિવેક અને અવિવેકથીજ' ઇત્યાદિ. 'તેવી રીતે' ઉક્ત શ્રુતિને અનુસારે. જેને દેહનો સંબન્ધ નથી તેની દેહમાં સ્થિતિ એવું વચન વિરુદ્ધ છે. વિરોધનો નિરાસ એવો છે કે વિવેકથી આત્મા અદેહ છે અને અવિવેકથી સદેહ છે એવો મન્ત્રનો છે. शरीरेष्वशरीरमवस्थितम् (શરીરોમાં અશરીર અવસ્થિત છે) એવી શ્રુતિ હોવાથી સશરીરત્વ અવિવેકથીજ કલ્પિત છે, માટે સમુત્થાન એટલે વિવેકજ છે. પણ સ્વકંપી અશરી-

---

૧ વિવેક ન કરાવેલ.

-સ્વર્ગ છે, અને 'शरीरस्थोऽपि कौन्तेय न करोति न लिप्यते' [ગી૰ ૧૩।૩૧] [શરીરસ્થ છે તોપણ, હે કૌન્તેય, તે કરતો નથી ને તેને લેપ થતો નથી) એવી રીતે સશરીરત્વ અને અશરીરત્વના વિશેષનો અભાવ સ્મૃતિમાં છે. તેટલા માટે વિવેકવિજ્ઞાનના અભાવથી, અનાવિર્ભૂતસ્વરૂપ-જેનો સ્વરૂપનો આવિર્ભાવ થયો નથી એવો—ઘનો જીવ વિવેકજ્ઞાનથી આવિર્ભૂતસ્વરૂપ—જેના સ્વરૂપનો આવિર્ભાવ થયો છે એવો—કહેવાય છે. પણ આવિર્ભાવ કે અનાવિર્ભાવ બીજા પ્રકારના થઈ સ્વરૂપનાં સંભવતા નથી; કેમકે તે (સ્વરૂપ) સ્વરૂપજ છે. આ પ્રમાણે જીવ અને પરમેશ્વરનો ભેદ મિથ્યાજ્ઞાનથી થયેલો છે, વસ્તુથી થયેલો—વાસ્તવિક નથી; કેમકે આકાશની પેઠે એ (આત્મા) અસંગ છે. પણ એ શાથી જાણવું? કારણ કે 'य एषोऽक्षिणि पुरुषो दृश्यते' (આંખને વિષે જે આ પુરુષ દેખાય છે) એમ ઉપદેશ કરીને 'एतदमृतमभयमेतद्ब्रह्म' (એ અમૃત છે, અભય છે, એ બ્રહ્મ છે) એમ ઉપદેશ કરે છે. આંખને વિષે જે પ્રસિદ્ધ દ્રષ્ટા દ્રષ્ટા તરીકે સમજાય છે તે જો અમૃત અને અભયસ્વરૂપ બ્રહ્મથી અન્ય હોય તો અમૃત અને અભય બ્રહ્મ સાથે તેનું સામાનાધિકરણ્ય ન થાય. તેમજ આંખથી લક્ષિત છાયાત્માનો પણ નિર્દેશ નથી; કેમકે પ્રજાપતિ અસત્યવાદી છે એવો પ્રસંગ આવે. તેમજ 'य एष स्वप्ने महीयमानश्चरति' (સ્વપ્નમાં જે આ વાસનાદિથી પૂજ્યમાન થતો ફરે છે) એમ પ્રથમ પર્યાયમાં નિર્દેશ કરેલા અક્ષિસ્થ પુરુષજ જે દ્રષ્ટા તેનાથી અન્યનો બીજા પર્યાયમાં પણ નિર્દેશ કરેલો નથી; કેમકે 'एतं त्वेव ते भूयोऽनुव्याख्यास्यामि, (એનુંજ હું તને ફરી અનુવ્યાખ્યાન કરીશ) એમ ઉપક્રમ છે. વળી 'મેં આજે સ્વપ્નમાં હાથી જોયો, તેને હવે જોતો નથી' એમ પ્રતિબુદ્ધ થઈ જોયલાનુંજ પ્રત્યાખ્યાન[1] કરે છે. દ્રષ્ટા તો તેજ

પ્રાપ્ત દેહને વિષે દુઃખાદિ ભોગ અપરિહાર્ય છે તેથી જીવતાંજ સ્વરૂપનો આવિર્ભાવ શી રીતે તેને માટે કહે છે—'शरीरस्थोऽपि कौन्तेय' ઇત્યાદિ. અશરીરની પેઠે શરીરસ્થને પણ બન્ધનો અભાવ સ્મૃતિ પ્રતિપાદન કરે છે તેથી જીવન્મુક્ત યુક્ત છે. અવિરુદ્ધ ધર્મને વિષે સ્વરૂપ-આવિર્ભાવપક્ષ યુક્ત છે એમ કહે છે—' તેટલા માટે વિવેકવિજ્ઞાનના અભાવથી ' ઇત્યાદિ. જ્ઞાન અને અજ્ઞાનથી આવિર્ભાવ અને તિરોભાવ છે એમ થયું એટલે અંશ અને અંશિત્વથી ઈશ્વર ભેદનો પણ નિરાસ થાય છે એમ કહે છે—' આ પ્રમાણે જીવ અને પરમેશ્વરનો ભેદ' ઇત્યાદિ. આકાશાદિથી ઈશ્વર તેજ આત્માનું અસંગત્વ. ન્યાય અને શ્રુતિથી જીવ અને બ્રહ્મનો ભેદ મિથ્યા છે એમ કહ્યું હવે પ્રજાપતિના વાક્યથી પણ તે ભેદ મિથ્યા છે એમ કહે છે—'પણ એ શાથી જાણવું?' ઇત્યાદિ. એ ભેદનું સત્યત્વ કેમ નથી એવો અન્વય છે. પણ એ વાક્ય તો ઈશ્વરને વિષે પ્રકૃતિ બતાવે છે, અભેદ બતાવતું નથી એમ આશંકા લાવી કહે છે—' તેમજ આંખથી લક્ષિત છાયાત્માનો પણ ' ઇત્યાદિ. એના જ્ઞાનથી કૃતાર્થતા, સર્વ કામની પ્રાપ્તિ થાય છે તે આત્માને શોધીને જાણે એવી રીતે પ્રશ્ન કરતા ઇન્દ્ર અને વિરોચનને જો પ્રજાપતિ અનાત્માની ઉક્તિ કહે તો અસત્યવાદી થાય એવો અર્થ છે. પ્રથમ પર્યાયની પેઠે દ્વિતીય વગેરે પર્યાયોમાં પણ ભિન્ન ભિન્ન અવસ્થાઓમાં અનુસ્યૂત આત્માને બ્રહ્મ કહ્યો છે એમ કહે છે—' તેમજ "य एष" ' ઇત્યાદિ. અવસ્થા ભિન્ન હોય તોપણ

[1] નિરોધ.

કે એમ પ્રત્યભિજ્ઞાન થાય છે કે જે મેં સ્વપ્ન જોયું તેજ હું જાગ્રત્ સ્થિતિમાં જોઉં છું. તેમજ ત્રીજા પર્યાયમાં 'नाह खल्वयमेवं संप्रत्यात्मानं जानात्ययमहमस्मीति नो एवेमानि भूतानि' (અરેખર, એ ખેદકારક છે કે એ પ્રમાણે એ હવે આત્માને જાણતો નથી કે એ હું છું, તેમજ આ પ્રાણીઓને પણ જાણતો નથી) એમ શ્રુતિ સુષુપ્ત અવસ્થામાં વિશેષ વિજ્ઞાનનો અભાવજ દર્શાવે છે, વિજ્ઞાતાનો પ્રતિષેધ કરતી નથી. તેમાં 'विनाशमेवापीतो भवति' (તે વિનાશજ પામે છે) એ જે છે તેનો અભિપ્રાય વિશેષ વિજ્ઞાનના વિનાશ છે, વિજ્ઞાતાનો વિનાશ નથી; કેમકે 'न हि विज्ञातुर्विज्ञातेर्विपरिलोपो विद्यतेऽविनाशित्वात्' [બૃહ૦ ૪।૩।૩૦] (ખરેખર, વિજ્ઞાતાની વિજ્ઞાતિનો નાશ નથી; કેમકે તે અવિનાશી છે) એમ બીજી શ્રુતિ છે. તેમજ ચોથા પર્યાયમાં પણ 'एतं त्वेव तेऽभूयोऽनुव्याख्यास्यामि नो एवान्यत्रैतस્માત્' (એનુંજ હું તને ફરી અનુવ્યાખ્યાન કરીશ, એથી અન્યનું નહિજ) એમ ઉપક્રમ કરીને 'मघवन्मर्त्यं वा इदं शरीरम्' (હે મઘવન્, આ શરીર, ખરેખર, મર્ત્ય છે) ઇત્યાદિ પ્રપંચથી [illegible] અનુવ્યાખ્યાન કરીને સંપ્રસાદશબ્દથી નિર્દેશ કરીને 'स्वेन रूपेणाभिनिष्पद्यते' (પોતાના રૂપથી સાક્ષાત્કાર કરે છે) એમ બ્રહ્મસ્વરૂપ પામેલો [illegible] આત્માનું વર્ણન, અને [illegible]સ્વરૂપ પરબ્રહ્મથી જીવ અન્ય નથી એમ દર્શાવે છે. [illegible] 'स उत्तमः पुरुषः' (એજ ઉત્તમ પુરુષ) એમ જીવને [illegible] જણાવે છે એમ માનવા, વાક્યના ઉપક્રમમાં [illegible] હું તને વારંવાર અનુવ્યાખ્યાન કરીશ એમ કહે છે. [illegible] (અને) એમ જે પાછો [illegible] તેનું આવર્તન [illegible] શ્રુતિ [illegible] અને 'વારંવાર' એમ કહેતી શ્રુતિને [illegible]

[illegible] થી મેં અહીં સ્વપ્નમાં હાથી જોયા' [illegible] 'તેમજ ત્રીજા પર્યાયમાં' [illegible] 'नाह खल्वयम्' [illegible] 'नो एव' [illegible] अहमस्मीति [illegible] नाशमेवापीतो भवति [illegible] — न हि विज्ञातुः [illegible] — તેમજ ચોથા પર્યાયમાં 'एतं' [illegible] — [illegible] સંપ્રસાદનાથી નિષ્પન્ન થઈ' [illegible] — તેમજ ત્યાગમાં' [illegible] જીવાત્મા [illegible] 'કહેતી શ્રુતિને' [illegible]

કે એક પર્યાયમાં કહ્યું હોય તેનું બીજા પર્યાયમાં અભિધાન થાય નહિ. વળી
ત્યેવ તે' (એનું જ તને) એવી પ્રતિજ્ઞા કરીને ચતુર્થ પર્યાયની પૂર્વે અન્ય,
તું વ્યાખ્યાન કરનાર પ્રજાપતિ પ્રતારક છે એમ પ્રસંગ આવે. તેટલા માટે
ઘાએ ઉભું કરેલું જે અપારમાર્થિક જીવસ્વરૂપ, કર્તા અને ભોક્તાના રાગ, દ્વેષ
રાગથી મલિન થયલું છે, અનેક અનર્થનો જેમાં યોગ છે, તેના વિલય પામ-
તેથી વિપરીત. પાપથી વિમુક્તિ આદિ ગુણવાળું, પરમેશ્વરસ્વરૂપ વિદ્યા વડે પ્રાપ્ત
છે, સર્પાદિના વિલયથી રજ્જુ વગેરેની પેઠે. પણ બીજા વાદીઓ અને અ-
પક્ષના કેટલાક જીવનું રૂપ પારમાર્થિક છે એમ માને છે. આત્માના એકત્વનું
ર્શન કરવામાં જેઓ શત્રુભૂત છે તેવા એ સર્વેના પ્રતિબોધને અર્થે આ શારીર-
આરંભાયું છે કે પરમેશ્વર એક જ છે, કૂટસ્થ નિત્ય, વિજ્ઞાનધાતુ છે, તે અ-
માયાથી અનેક પ્રકારે સમજાય છે, માયાવીની પેઠે, પણ વિજ્ઞાનધાતુ અન્ય
પરમેશ્વરવાક્યમાં જીવની આશંકા કરી સૂત્રકાર 'નાસંભવાત્' [સૂ૦ ૧।૩।૧૮]
જે પ્રતિષેધ કરે છે તેનો આ અભિપ્રાય છે. નિત્ય, શુદ્ધ, બુદ્ધ, અને
જેનો સ્વભાવ છે એવા, કૂટસ્થ નિત્ય, એક, અસંગ પરમાત્મામાં તેથી
કાર છે એમ સ્વમતનો ઉપસંહાર કરે છે—'તેટલા માટે અવિદ્યાએ ઉભું કરેલું'
તેટલા માટે '=બીજું વ્યાખ્યાન અસમંજસ છે તેથી. 'વિલય પામવાથી'=બોધ-
વડે=મહાવાક્યથી. જેઓ સંસારને સત્ય માને છે તેમને આ શારીરક જ ઉત્તર
બીજા વાદીઓ' ઇત્યાદિ જો જીવ વસ્તુતઃ કર્તા અને ભોક્તા ન હોય તો
થતા કર્મવિધિઓને લોપ આવે અને સૂત્રકારના વચન—'નાસંભવાત્' એ
લોપ આવે. એ વચન, ખરેખર, બ્રહ્મના ગુણોનો જીવને વિષે અસંભવ કહે છે.
તે જીવનો અભેદ હોય તો બ્રહ્મગુણોનો જીવને વિષે અસંભવ ન થાય આવો એ
અભિપ્રાય છે. એ વાદીઓને શારીરક જ ઉત્તર આપ્યું છે; કેમકે વેદાન્તોનું પૂર્વા-
ન કરવાથી એક, અદ્વિતીય આત્મતત્ત્વ જ તત્ત્વ છે જીવો તો અવિદ્યાથી ક-
સ્વાભાવિક બ્રહ્મના ગુણો સમારોપિત જીવોને વિષે સંભવતા નથી. ખરેખર, વાસ્ત-
વિક-ચન્દ્ર-કામે લાગતું—વગેરે ધર્મો સમારોપિત સર્પમાં સંભવતા નથી. તેમજ
રજ્જુથી ભિન્ન નથી. આથી સૂત્રનો લોપ નથી. વળી અવિદ્યાએ કલ્પેલા
ને (એમ લોકસિદ્ધ છે તેને) આશ્રયે કર્મવિધિઓ પ્રવૃત્ત થયા છે. એમ શા-
કેથી દર્શાવે છે—'પરમેશ્વર એક જ છે' ઇત્યાદિ એક છે, પણ પરિણામી
ના 'કૂટસ્થ' કહ્યું છે. જ્ઞાનાદિગુણવાન નથી, પણ જ્ઞાનસ્વરૂપ છે એમ
ધાતુ' કહ્યું છે. તે એક કેમ છે, કેમકે ચેતન અને અચેતન ભેદ છે,
કે 'અવિદ્યાથી', માયા અવિદ્યાથી ભિન્ન હશે એવી શંકા દૂર કરવા કહે છે
જ વિચિત્ર શક્તિવાળા અજ્ઞાનથી વિશ્વવિસ્તારનો સંભવ છે માટે ભેદ નથી.
સંસારમાં પ્રવર્તે છે, તેથી અન્ય જીવ નથી એવો શારીરકનો અર્થ છે. ત્યારે
કહે છે તેને માટે કહે છે—'પરમેશ્વરવાક્યમાં જીવની આશંકા કરી'
અસંસારી છે એમ સિદ્ધ કરવા જીવથી એનો ભેદ દૃઢ કરે છે. જ્યાંસુધી

ઉપદેશનાર ૩ વિજ્ઞાન છે ધાતુ, સ્વરૂપ જેનું તે

વિપરીત જીવરૂપની પરિકલ્પના કરી છે, જેમ આકાશને વિષે તલ, મલ આદિની પરિકલ્પના થાય છે તેમ, તે, ન્યાયથી યુક્ત, આત્માનું એકત્વ પ્રતિપાદન કરનાર વાક્યો વડે તેમજ દ્વિત્વનો પ્રતિષેધ કરનાર વાક્યો વડે દૂર કરીશ એમ પરમાત્માનું જીવથી અન્યત્વ દૃઢ કરે છે. જીવનું પરમાત્માથી અન્યત્વ પ્રતિપાદન કરવા ઇચ્છતો નથી, પણ અવિદ્યાએ કલ્પેલા લોકપ્રસિદ્ધ જીવભેદનો અનુવાદજ કરે છે. ખરેખર, એ પ્રમાણે સ્વાભાવિક કર્તૃત્વ અને ભોક્તૃત્વના અનુવાદથી પ્રવૃત્ત થયેલા કર્મવિધિઓને બાધ નહિ આવે એમ તે માને છે. આત્માના એકત્વરૂપ જે શાસ્ત્રાર્થ પ્રતિપાદ્ય છે તે સૂત્રકાર 'शास्त्रदृष्ट्या तूपदेशो वामदेववत्' [બ્ર૦ સૂ૦ ૧।૧।૩૦] ઇત્યાદિથી દર્શાવે છે. કર્મવિધિનો વિરોધ અને પરિહાર અમે વિદ્વાન્ અને અવિદ્વાનના ભેદથી વર્ણવેલો છે ॥ ૧૯ ॥

'अन्यार्थश्च परामर्शः ॥ २० ॥'

અને (જીવનો) પરામર્શ [1]અન્યાર્થ છે ॥ ૨૦ ॥

હવે જે દહરવાક્યના શેષમાં 'अथ य एष संप्रसादः' [છાન્દો૦ ૮।૩।૪] (હવે જે આ સંપ્રસાદ છે) ઇત્યાદિ જીવનો પરામર્શ દર્શાવ્યો છે તે, દહરનું વ્યાખ્યાન પરમેશ્વર કરીએ તો, જીવની ઉપાસનાનો ઉપદેશ કરતો નથી અને [2]પ્રકૃતના વિશેષનો પણ ઉપદેશ કરતો નથી, એટલે તે અનર્થક છે એમ પ્રાપ્ત થાય છે. એટલા માટે કહે છે કે એ જીવનો પરામર્શ અન્યાર્થ છે, એ જીવના સ્વરૂપમાં પર્યવસાન પામતો નથી; ત્યારે કેવો છે? પરમેશ્વરના સ્વરૂપમાં પર્યવસાન પામે છે. કેવી રીતે? સં-

---

પરમાત્મા અસંસારી છે એવો નિશ્ચય થયો નથી ત્યાંસુધી તેનાથી જીવ અભિન્ન છે એમ કહેવાથી પણ જીવનું સંસારિત્વ જતું રહેતું નથી અને અસંસારિત્વ સિદ્ધ થતું નથી. અધિષ્ઠાનનો કલ્પિતથી ભેદ છે તોપણ કલ્પિતનું અધિષ્ઠાનથી પૃથક્ અસ્તિત્વ નથી એમ કહે છે—'જીવનું પરમાત્માથી અન્યત્વ' ઇત્યાદિ. કલ્પેલા ભેદના અનુવાદનું ફળ કહે છે—'ખરેખર, એ પ્રમાણે' ઇત્યાદિ. સૂત્રોમાં અભેદ કહ્યો નથી એવી ભ્રાન્તિનું નિરાકરણ કરે છે—'આત્માના એકત્વરૂપ' ઇત્યાદિ. પણ અદ્વૈત જો શાસ્ત્રાર્થ હોય તો દ્વૈતને અપેક્ષીને થતા વિધિનો વિરોધ થાય તેને માટે કહે છે—'કર્મવિધિનો વિરોધ' ઇત્યાદિ. અદ્વૈતને નહિ જાણનારનેજ કલ્પેલા દ્વૈતને આધારે રહેલા વિધિઓ છે, વિદ્વાનને નથી, માટે સર્વ ઉપપન્ન છે ॥ ૧૯ ॥

આ પ્રમાણે પ્રજાપતિવાક્યમાં જીવના અનુવાદથી બ્રહ્મનાજ અપહતપાપ્મત્વાદિ કહ્યાં છે તેથી અને જીવને વિષે એ ધર્મનો અસંભવ છે તેથી જીવ દહર નથી એમ કહ્યું. જીવના અનુવાદથી બ્રહ્મનાનું વિધાન કરવામાં વિરોધ ન હોવાથી અને પ્રજાપતિવાક્યમાં જીવ પ્રતિપાદ્ય નથી તેથી તેને આધારે દહરવાક્યમાં જીવની આશંકા ન કરવી એમ કહ્યું. હવે દહરવાક્યશેષ-જીવપરામર્શની શી ગતિ તેને માટે કહે છે—'अन्यार्थश्च परामर्शः'. પ્રકૃત જે દહર તેનો વિશેષ ગુણ તેનો પણ ઉપદેશ નથી એમ કહે છે—'પ્રકૃતના વિશેષનો પણ' ઇત્યાદિ. તેમાં

---

૧ એનું પ્રયોજન ભિન્ન છે. ૨ દહરાકાશના.

પ્રસાદશબ્દથી ઉદિત જીવ જાગરિત વ્યવહારમાં દેહ અને ઇન્દ્રિયોના પાંજરાનો અધ્યક્ષ થઇને, તેની વાસનાએ ઉત્પન્ન કરેલાં સ્વપ્નોને નાડીમાં ફરી અનુભવીને શ્રાન્ત થઈ શરણ પ્રાપ્ત કરવા ઇચ્છતો બંને રૂપના શરીરાભિમાનથી સમુત્થિત થઈ સુષુપ્ત અવસ્થામાં પરજ્યોતિ—આકાશશબ્દે ઉદિત પરબ્રહ્મ પ્રાપ્ત કરીને વિશેષ વિજ્ઞાનવત્ત્વનો પરિત્યાગ કરીને પોતાને સ્વરૂપે અભિવ્યક્ત થાય છે. જે એનું પ્રાપ્ત કરવા યોગ્ય પરજ્યોતિ છે, અને જે વડે પોતાને સ્વરૂપે અભિવ્યક્ત થાય છે તે એ આત્મા અપહતપાપ્મત્વ વગેરે ગુણવાન્ ઉપાસ્ય છે એ પ્રયોજનવાળો જીવનો પરામર્શ પરમેશ્વરવાદીને પણ યુક્ત થાય છે ॥ ૨૦ ॥

अल्पश्रुतेरिति चेत् तदुक्तम् ॥ २१ ॥

અલ્પ છે એવી શ્રુતિથી (દહરાકાશ પરમેશ્વર નથી) એમ કહેશો તો તે (તેનો પરિહાર) કહ્યો છે ॥ ૨૧ ॥

'दहरोऽस्मिन्नन्तर आकाशः' (એને વિષે અન્તરાકાશ દહર છે) એમ આકાશનું અલ્પત્વ શ્રુતિ કહે છે તે પરમેશ્વરને વિષે ઉપપન્ન થતું નથી, પણ જીવ તો આરના અગ્રસદૃશ છે તેથી તેને સંભવે છે એમ જે કહ્યું છે તેનો પરિહાર કહેવો જોઇએ. ખરેખર, એનો પરિહાર કહ્યો છે કે પરમેશ્વરનું સાપેક્ષ અલ્પત્વ સંભવે છે—'अर्भकौकस्त्वात्तद्व्यपदेशाच्च नेति चेन्न निचाय्यत्वादेवं व्योमवच्च' [બ્રહ્મ૦ સૂ૦ ૧।૨।૭] એમાં. એજ પરિહારનું અનુસંધાન કરવું એમ સૂચવે છે. વળી પ્રસિદ્ધ આકાશની સાથે ઉપમાન દર્શાવતી શ્રુતિએજ એ અલ્પત્વ નિરસ્ત કર્યું છે—'यावान् वा अयमाकाशस्तावानेषोऽन्तर्हृदय आकाशः' (જેવડું આ આકાશ છે તેવડુંજ આ હૃદયમાં આકાશ છે) એ શ્રુતિએ ॥ ૨૧ ॥

દહરવાક્યશેષરૂપ જે સંપ્રસાદવાક્ય તેનું આશંકાપૂર્વક વ્યાખ્યાન કરે છે કે તે દહરબ્રહ્મપર છે— 'કેવી રીતે' ઇત્યાદિ. 'બંને રૂપના શરીરાભિમાનથી' =શરીરતાદાત્મ્ય અને શરીરસંબંધ એ બે રૂપ કે સ્થૂલ અને લિંગદેહ એ બે રૂપ ॥ ૨૦ ॥

ઉપાસ્ય હોવાથી દહરાકાશ અલ્પ છે એમ કહ્યું છે એમ વ્યાખ્યાન કરીને શ્રુતિએ પણ અલ્પત્વનું નિરસન કર્યું છે એમ અન્ય અર્થ કહે છે—'વળી પ્રસિદ્ધ આકાશની સાથે' ઇત્યાદિ. આ પ્રમાણે દહરવાક્ય અને પ્રજાપતિવાક્યનો સમન્વય સગુણ અને નિર્ગુણને વિષે સિદ્ધ થયો. શ્રુતિ અને ઉપરથી દહરવાક્યનો સમન્વય ધ્યેય પરબ્રહ્મને વિષે અને પ્રજાપતિવાક્યનો સમન્વય જ્ઞેય પરબ્રહ્મને વિષે થયો એમ સિદ્ધાન્ત છે ॥ ૨૧ ॥

अनुकृतेस्तस्य च ॥ २२ ॥

અનુકરણથી (જેની પછી સૂર્યાદિ પ્રકાશે છે તે બ્રહ્મ છે) અને તેના (પ્રકાશથી એ સર્વ પ્રકાશે છે) ॥ ૨૨ ॥

'न तत्र सूर्यो भाति न चन्द्रतारकं नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः। तमेव भान्तमनुभाति सर्वं तस्य भासा सर्वमिदं विभाति ॥' [મુણ્ડ૦ ૨।૨।૧૦] (તે સ્વાત્મભૂત બ્રહ્મને વિષે સૂર્ય પ્રકાશતો નથી, ચન્દ્ર અને તારાઓ પ્રકાશતા નથી, આ વિદ્યુતો પ્રકાશતી નથી, આ અગ્નિ ક્યાંથી પ્રકાશે? પ્રકાશતા તેજ પરમેશ્વરની પાછળ સર્વ પ્રકાશે છે, તેના પ્રકાશથી એ સર્વ પ્રકાશે છે) એમ શ્રુતિ કહે છે. તેમાં પ્રકાશતા જેને અનુસરીને સર્વ પ્રકાશે છે અને જેના પ્રકાશથી આ સર્વ પ્રકાશે છે તે શું કોઈક તેજોધાતુ[1] છે કે પ્રાજ્ઞ[2] આત્મા છે એમ [3]વિચિકિત્સા થયે તેજોધાતુ છે એમ પ્રથમ પ્રાપ્ત થાય છે. શાથી? કેમકે સૂર્યાદિ તેજોધાતુઓનાજ પ્રકાશનો પ્રતિષેધ કર્યો છે. ખરેખર, તેજ જેનો સ્વભાવ છે એવા ચન્દ્ર, તારા વગેરે, તેજ જેનો સ્વભાવ છે એવો સૂર્ય દિવસે પ્રકાશે છે ત્યારે, પ્રકાશતા નથી એ પ્રસિદ્ધ છે. તેવી રીતે સૂર્યની સાથે ચન્દ્ર, તારાઓ ઇત્યાદિ આ સર્વ જેને વિષે પ્રકાશતું નથી તે પણ, તેજઃસ્વભાવ (તેજ જેનો સ્વભાવ છે એવું) છે એમ સમજાય છે. અનુભાન પણ તેજ જેનો સ્વભાવ છે એવાને વિષેજ યુક્ત થાય છે; જેનો સ્વભાવ સમાન છે તેમને વિષેજ અનુકાર જોવામાં આવે છે તેથી, 'गच्छन्तमनुगच्छति' (જતાની પાછળ જાય છે)-ની માફક. તેટલા માટે કોઈક તેજોધાતુ છે એમ પ્રાપ્ત થયે કહીએ છીએ—પ્રાજ્ઞ

મુણ્ડકવાક્ય કહે છે—'न तत्र' ઇત્યાદિ. સૂર્ય તે બ્રહ્મને વિષે પ્રકાશતો નથી એટલે બ્રહ્મને સૂર્ય પ્રકાશિત કરતો નથી. ચન્દ્ર, ભાસ્કર વગેરે બ્રહ્મને પ્રકાશિત કરતા નથી તો અગ્નિ જેનો પ્રકાશ ઓછો છે તે તો ક્યાંથીજ પ્રકાશિત કરે? વળી સૂર્યાદિ સર્વ પદાર્થોનું ભાસક બ્રહ્મ છે તેથી તેનું ભાસક કોઈ નથી એમ કહે છે—'तमेव भान्तमनुभाति सर्वम्' જેમ કોઈ અનુગમન પોતાની ગતિથી કરે છે તેમ અનુભાન સ્વગત ભાન—પ્રકાશથી કરે છે એવી આશંકા દૂર કરવા કહે છે—'तस्य भासा' ઇત્યાદિ. तत्र એ સપ્તમી સતિસપ્તમી અને વિષયસપ્તમી એ બંનેને વિષે સાધારણ હોવાથી સંશય કહે છે—'તેમાં પ્રકાશતા જેની પાછળ' ઇત્યાદિ. પૂર્વ અધિકરણમાં આત્મશ્રુતિ આદિ બળથી આકાશશબ્દ રૂઢ નથી, ઈશ્વરવાચક છે એમ વૃત્તિનો આશ્રય કર્યો, તેમજ અહિં પણ સતિસપ્તમીના બળથી વર્તમાન અર્થનો ત્યાગ કરી 'જે હોય તો સૂર્યાદિ પ્રકાશશે નહિ, તે તેજોવિશેષ ઉપાસનાયોગ્ય છે' એમ ભવિષ્યદર્થમાં વૃત્તિનો આશ્રય કરશો; કેમકે હાલ સૂર્યાદિ પ્રકાશમાન છે તે સમયે न भाति (પ્રકાશતા નથી) એમ કહેવું વિરુદ્ધ છે એમ દૃષ્ટાન્તથી પૂર્વપક્ષ આપે છે—'તેજોધાતુ છે એમ પ્રથમ પ્રાપ્ત થાય છે.' તેજોધાતુ સ્વીકારવા માટે લિંગ કહે છે—'સૂર્યાદિ તેજોધાતુઓનાજ' ઇત્યાદિ. જે તેજનું અભિભાવક છે તે તેજ છે એમ વ્યાપ્તિ કહે છે—'ખરેખર, તેજ જેનો સ્વભાવ છે' ઇત્યાદિ. જે એક પદાર્થ હોય તો બીજો પ્રકાશે નહિ તે પદાર્થને અનુસરીને બીજો પ્રકાશે એ વિરુદ્ધ છે, તો સતિસપ્તમી શી રીતે એમ આશંકા કરી કહે છે—'અનુભાન પણ' ઇત્યાદિ.

---

[1] તેજસ્વી પદાર્થ. [2] પરમાત્મા. [3] સંશય.

આત્માજ હોવો જોઈએ. શાથી? અનુકૃતિથી. અનુકૃતિ એટલે અનુકરણ. 'तमेव भान्तमनुभाति सर्वम्' (પ્રકાશતા તેની પાછળ સર્વ પ્રકાશે છે) એ જે અનુમાન છે તે પ્રાજ્ઞ આત્માનું ગ્રહણ કરે સંભવે છે. 'भारूपः सत्यसंकल्पः' [છાન્દો૦ ૩।૧૪।૨] (દીપ્તિ-ચૈતન્યલક્ષણ જેનું રૂપ છે અને જેના સંકલ્પ સત્ય છે) એમ પ્રાજ્ઞ આત્મા વિષે શ્રુતિ કહે છે, પણ કોઈ તેજોધાતુને અનુસરીને સૂર્યાદિ પ્રકાશે છે એમ પ્રસિદ્ધ નથી. તેજોધાતુઓ સમાન હોવાથી સૂર્યાદિને અન્ય તેજોધાતુની અપેક્ષા નથી કે જે પ્રકાશે તેને અનુસરી સૂર્યાદિ પ્રકાશે. ખરેખર, પ્રદીપ અન્ય પ્રદીપને અનુસરી પ્રકાશતો નથી. વળી, જેનો સ્વભાવ સમાન છે તેમને વિષે અનુકાર જોવામાં આવે છે એમ જે કહ્યું છે તે એ કંઈ ઐકાન્તિક નિયમ નથી. ખરેખર, જેમનો સ્વભાવ ભિન્ન છે તેમને વિષે પણ અનુકાર જોવામાં આવે છે; જેમકે સારી પેઠે તપેલો લોહાનો ગોળો અગ્નિનું અનુકરણ કરે છે, બળતા અગ્નિની પાછળ બળે છે, અથવા પૃથ્વીની રજ વહતા વાયુની પાછળ વહે છે. 'अनुकृतेः' ('અનુકરણથી' સૂત્રનો એટલો ભાગ) એણે અનુમાનને સૂચવ્યું છે. 'तस्य च' ('અને તેનો' એટલો ભાગ) એ શ્લોકનો ચોથો પાદ સૂચવે છે. 'तस्य भासा सर्वमिदं विभाति' (તેના પ્રકાશ વડે આ સર્વ પ્રકાશે છે) એમ સૂર્યાદિનો તેણે કરેલો પ્રકાશ કહ્યો છે તે પ્રાજ્ઞ આત્માની અવગતિ કરાવે છે. 'तद्देवा ज्योतिषां ज्योतिरायुर्होपासतेऽमृतम्' [બૃહ૦

'तमनुभाति' એથી તે વસ્તુના કરતાં નિકૃષ્ટ[1] વસ્તુનો પ્રકાશ કહ્યો છે. અનુમાન અવિરુદ્ધ છે અને પૂર્વે લિંગ કહ્યું છે તેથી કોઈક તેજોધાતુ ઉપાસ્ય તરીકે કહ્યો છે એમ ઉપસંહાર કરે છે—'તેટલા માટે કોઈક તેજોધાતુ છે' ઇત્યાદિ. મુખ્યનો સંભવ હોય તો વિવક્ષા અનુપપન્ન છે માટે મુખ્ય અનુમાનલિંગથી સર્વભાસક અને સ્વપ્રકાશક પરમાત્માજ અત્ર પ્રાજ્ઞ છે એમ સિદ્ધાન્ત કહે છે—'પ્રાજ્ઞ આત્માજ હોવો જોઈએ'. પ્રાજ્ઞ એટલે સ્વપ્રકાશક. આત્મા પ્રકાશક છે એમ દર્શાવવા પ્રાજ્ઞ શબ્દ કહ્યો છે. તેજોનું અનુમાન પ્રાજ્ઞ આત્માનું શી રીતે અનુમાન કરાવે છે એ આશંકાનું સમાધાન કરે છે કે અન્ય શ્રુતિમાં આત્મા પ્રકાશરૂપ છે એમ અવધારણ કર્યું છે—'भारूपः सत्यसंकल्पः'. પ્રમાણના અભાવથી પણ તેજોધાતુનું ગ્રહણ કરવું નહિ એમ કહે છે—'પણ કોઈ તેજોધાતુને અનુસરીને' ઇત્યાદિ. વળી સૂર્યાદિ પદાર્થો બીજાં તેજના પ્રકાશને અનુસરીને પ્રકાશતા નથી, પ્રદીપની પેઠે એમ કહે છે—'તેજોધાતુઓ સમાન હોવાથી' ઇત્યાદિ. જે જેનું અનુકરણ કરે છે તે તેની જાતિનું છે એવો નિયમ નથી એમ કહે છે—'વળી જેનો સ્વભાવ' ઇત્યાદિ. પુનરુક્તિની આશંકા કરી ઉત્તર[2]નો અનુવાદ કરી સૂત્રમાં કહેલો બીજો હેતુ સમજાવે છે—'अनुकृतेः' ઇત્યાદિ. 'तमेव भान्तम्' એમ પ્રકારથી કહેલું તદ્ભાન-તેના પ્રકાશ વિના સર્વના પ્રકાશના અભાવરૂપ અનુમાન अनुकृतेः એટલા સૂત્રભાગથી કહ્યું છે; અને 'तस्य च' એ સૂત્રભાગથી તે સર્વભાસક છે એમ કહ્યું છે માટે પુનરુક્તિ નથી એવું તાત્પર્ય છે. આત્મા સૂર્યાદિનો ભાસક છે એ અન્ય શ્રુતિમાં પ્રસિદ્ધ છે તેમજ અવિરુદ્ધ છે એમ કહે છે—'तद्देवाः' ઇત્યાદિ. 'सर्वमिदं विभाति'માં સર્વ શબ્દ પ્રકૃત સૂર્યાદિવાચક છે એમ વ્યાખ્યાન કર્યું. હવે તેની વૃત્તિ અસંકુચિત થઈ અર્થાન્તર કહે છે—'અથવા શ્લોકમાં પહેલા' ઇત્યાદિ. तत्र એમ સર્વનામશ્રુતિથી પ્રકૃત ગ્રહણ માત્ર છે

૧ અપકૃષ્ટ, નિકૃષ્ટ. ૨ ઉત્તરની.

૪।૪।૧૬](તે જ્યોતિઓનું જ્યોતિ જે અમૃત છે તેને દેવો ખરેખર આયુષ્ તરીકે ઉપાસે છે) એમ શ્રુતિ પ્રાજ્ઞ આત્માને કહે છે. સૂર્યાદિ તેજ અન્ય તેજથી પ્રકાશે છે એ અપ્રસિદ્ધ છે અને એ વિરુદ્ધ પણ છે; કેમકે એક તેજ બીજા તેજનો પ્રતિઘાત કરે છે. અથવા શ્લોકમાં પડેલા સૂર્યાદિનુંજ તેણે કરેલું વિભાન કહ્યું નથી. ત્યારે શું? 'सर्वमिदम्' (એ સર્વ) એમ અવિશેષ શ્રુતિથી નામ, રૂપ, ક્રિયા, કારક અને ફળ-સમુદાય—એ સર્વની જે અભિવ્યક્તિ છે તેનું નિમિત્ત બ્રહ્મજ્યોતિની સત્તા છે; જેમ સર્વ રૂપસમુદાયની અભિવ્યક્તિનું નિમિત્ત સૂર્યજ્યોતિની સત્તા છે તેમ. 'न तत्र सूर्यो भाति' (તેમાં સૂર્ય પ્રકાશતો નથી) એમ તત્રશબ્દ કહેતી શ્રુતિ પ્રકૃતનું ગ્રહણ દર્શાવે છે, અને પ્રકૃત બ્રહ્મ છે; 'यस्मिन् द्यौः पृथिवी चान्तरिक्षमोतम्' [મુણ્ડ૦ ૨।૨।૫] (જેને વિષે દ્યુલોક, પૃથ્વી અને અન્તરિક્ષ પરોવાયલું છે) ઇત્યાદિથી; અને પછી 'हिरण्मये परे कोशे विरजं ब्रह्म निष्कलम्। तच्छुभ्रं ज्योतिषां ज्योतिस्तद्यदात्मविदो विदुः॥' [૨।૨।૯] (જ્યોતિર્મય બુદ્ધિવિજ્ઞાનપ્રકાશરૂપી પર કોશમાં અવિદ્યાદિ રજોમલવર્જિત બ્રહ્મ છે; તે નિરવયવ, શુદ્ધ, જ્યોતિનું જ્યોતિ છે, જે આત્મવેત્તાઓ જાણે છે તે તે છે) એ શ્રુતિથી. તે જ્યોતિઓનું જ્યોતિ શી રીતે—એથી 'न तत्र सूर्यो भाति' (ત્યાં સૂર્ય પ્રકાશતો નથી) ઇત્યાદિ કહ્યું છે. સૂર્યાદિ તેજોના પ્રકાશનો પ્રતિષેધ અન્ય તેજોધાતુ હોય તોજ સંભવે છે, જેમ સૂર્યને વિષે અન્ય તેજોનો એમ જે કહ્યું છે તે તો તેજ તેજોધાતુ છે; અન્યનો સંભવ નથી એમ ઉપપાદન કર્યું છે.

એમ કહે છે—'न तत्र सूर्यो भाति' ઇત્યાદિ. વળી પૂર્વમન્ત્ર સ્પષ્ટ બ્રહ્મપર છે તેની આકાંક્ષા આ મન્ત્ર પૂરે છે માટે એ પણ બ્રહ્મપર છે એમ કહે છે—'અને પછી "हिरण्मये"' ઇત્યાદિ. હિરણ્મય એટલે જ્યોતિર્મય, પર એટલે અન્નમય વગેરે કોશોથી પર જે આનન્દમય કોશ છે તેમાં 'ब्रह्म पुच्छं प्रतिष्ठा' એવું જે પ્રતિષ્ઠાભૂત બ્રહ્મ છે તે પ્રતિષ્ઠિત છે, તે વિરજ એટલે આગન્તુક[1] મલથી શૂન્ય છે, નિષ્કલ એટલે નિરવયવ છે અને શુભ્ર એટલે સ્વાભાવિક મલથી શૂન્ય છે. જ્યોતિઓ એટલે સૂર્યાદિકનું જ્યોતિ–અવભાસક છે. તે વિદ્વાનોને અનુભવસિદ્ધ છે, બ્રહ્મવેત્તાઓમાં પ્રસિદ્ધ છે એવો અર્થ છે. સતિસપ્તમીપક્ષનો અનુવાદ કરે છે—'સૂર્યાદિ તેજોના પ્રકાશનો પ્રતિષેધ' ઇત્યાદિ. સૂર્યાદિનો અભિભવ કરનાર તેજોધાતુ પ્રમાણગમ્ય હોય તો તેનું અંગીકરણ કરવું કે ન કરવું તેનો વિચાર થાય; પણ તે તેજોધાતુના અસ્તિત્વ માટે પ્રમાણ નથી એમ કહે છે—'તે તો તેજ તેજોધાતુ છે' ઇત્યાદિ. પણ બ્રહ્મ પ્રામાણિક–પ્રમાણગમ્ય છે તોપણ તે હોય ને સૂર્યાદિ પ્રકાશે નહિ તો તે હમેશ હોવાથી સૂર્યાદિ હમેશ પ્રકાશે નહિ તેને માટે કહે છે—'બ્રહ્મને વિષે પણ' ઇત્યાદિ. સતિસપ્તમીપક્ષમાં न भाति એમ જે વર્તમાનકાળ શ્રુત છે તેનો ત્યાગ કરી 'तस्मिन् सति न भास्यति' તે હોય તો પ્રકાશશે નહિ એમ અશ્રુત ભવિષ્યત્ કાળની કલ્પના કરવી પડશે; કેમકે એમ કલ્પવાથીજ પ્રત્યક્ષ વિરોધનો—જે વિરોધ પ્રત્યક્ષ છે, સૂર્ય પ્રકાશે છે છતાં પ્રકાશતો નથી એમ કહેવું તેનો—નિરાસ થશે. પણ વિષયસપ્તમીપક્ષમાં તો न भासयति (પ્રકાશમાન કરતો નથી) એમ અશ્રુત णिच्ના[2] અધ્યાહારનીજ કલ્પના કરવાની છે, શ્રુતનો ત્યાગ નથી એમ લાઘવ છે; માટે બ્રહ્મના વિષયમાં સૂર્યાદિના ભાસકત્વનો નિષેધ કર્યો છે, બ્રહ્મથી તે ભાસ્ય છે, એમ' કહ્યું છે એવો અર્થ છે.

૧ સ્વાભાવિકથી ઉલટું પ્રાપ્ત થયલું. ૨ પ્રેરકનો પ્રત્યય

બ્રહ્મને વિષે પણ એ તેજોના પ્રકાશનો પ્રતિષેધ સંભવે છે; કેમકે જે ઉપલબ્ધ થાય છે તે સર્વ બ્રહ્મરૂપ જ્યોતિ વડેજ ઉપલબ્ધ થાય છે. જે વડે સૂર્યાદિ બ્રહ્મને વિષે પ્રકાશ થાય તેવી રીતે અન્ય જ્યોતિ વડે બ્રહ્મ ઉપલબ્ધ થતું નથી; કેમકે તે સ્વયંજ્યોતિઃસ્વરૂપ છે. ખરેખર, બ્રહ્મ અન્ય પદાર્થોને વ્યક્ત કરે છે; પણ બ્રહ્મ અન્યથી વ્યક્ત થતું નથી; કેમકે 'आत्मनैवायं ज्योतिषास्ते' [બૃહ૦ ૪।૩।૬] (આત્મારૂપીજ જ્યોતિ વડે એ બેસે છે), 'अगृह्यो न हि गृह्यते' [બૃહ૦ ૪।૨।૪] (એ અગ્રાહ્ય છે; કેમકે ગ્રહણ કરી શકાતો નથી) ઇત્યાદિ શ્રુતિઓ છે ॥ ૨૨ ॥

अपि च स्मर्यते ॥ २३ ॥

વળી સ્મૃતિ પણ કહે છે (કે એ પ્રાજ્ઞ આત્માજ છે) ॥ ૨૩ ॥

વળી ભગવદ્‌ગીતામાં એવું સ્વરૂપ પ્રાજ્ઞ આત્માનુંજ કહેલું છે—'न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः । यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ॥' [ભગ૦ગી૦ ૧૫।૬] (તેને સૂર્ય પ્રકાશિત કરતો નથી, ચન્દ્ર કરતો નથી કે અગ્નિ કરતો નથી. જે પ્રાપ્ત કરીને પુરુષો પાછા ફરતા નથી તે મારૂં પરમ ધામ છે) અને 'यदादित्यगतं तेजो जगद्भासयतेऽखिलम् । यच्चन्द्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धि मामकम् ॥' [ભગ૦ગી૦ ૧૫।૧૨] (આદિત્યને વિષે રહેલું જે તેજ આખા જગત્‌ને પ્રકાશમાન કરે છે, જે તેજ ચન્દ્રમાં છે ને જે અગ્નિમાં છે તેજ મારૂં જાણ ॥ ૨૩ ॥

[illegible] ઉપલબ્ધ થાય છે ને પણ બ્રહ્મથી ઉપલબ્ધ થતા હોય તો બ્રહ્મ પણ કોઈક અન્ય પદા- [illegible] ઉપલબ્ધ થાય એમ આશંકા કરી કહે છે— 'જે વડે સૂર્યાદિ' ઇત્યાદિ. 'જે વડે' અન્યથી [illegible] જે [illegible] સૂર્યાદિ બ્રહ્મને વિષે પ્રકાશ થાય તેવી રીતે બ્રહ્મ અન્યથી ઉપલબ્ધ [illegible] નથી; કેમકે તે સ્વપ્રકાશ છે એમ યોજના કરવી. બ્રહ્મ સ્વયંજ્યોતિસ્વરૂપ છે તેથી અન્ય- [illegible] ઉપલબ્ધિની તેને અપેક્ષા નથી. બ્રહ્મ જો અન્યથી પ્રકાશ્ય હોય તો સૂર્યાદિ બ્રહ્મને વિષે [illegible] થાય, પણ તે તો સ્વપ્રકાશ છે એમ [illegible] અન્ય [illegible] કરે છે— 'ખરેખર, બ્રહ્મ અન્ય પદાર્થોને' ઇત્યાદિ. બ્રહ્મ સ્વપ્રકાશ છે અને અન્યથી અભાસ્ય [illegible] છે તેને માટે બે શ્રુતિઓ છે. ॥ ૨૨ ॥

[illegible] પણ છે એમ કહે છે— 'अपि च स्मर्यते'. [illegible] કરે છે— 'વળી ભગવદ્‌ગીતામાં' ઇત્યાદિ. બ્રહ્મ [illegible] છે અને [illegible] છે [illegible] બ્રહ્મને વિષે [illegible] સિદ્ધ કહે છે ॥ ૨૩ ॥

शब्दादेव प्रमितः ॥ २४ ॥

(અંગુષ્ઠમાત્રથી) પરિમિત (પરમાત્મા છે), શબ્દથીજ ॥ ૨૪ ॥

'अङ्गुष्ठमात्रः पुरुषो मध्य आत्मनि तिष्ठति' [કાઠ૦ ૨।૪।૧૨] અંગુષ્ઠ જેવું પરિમાણ છે એવો પુરુષ દેહમધ્યે રહે છે) એમ શ્રુતિ છે, અને 'अङ्गुष्ठमात्रः पुरुषो ज्योतिरिवाधूमकः । ईशानो भूतभव्यस्य स एवाद्य स उ श्व एतद्वै तत् ॥' [કાઠ૦ ૨।૪।૧૩] (અંગૂઠા જેનું પરિમાણ છે એવો પુરુષ ધૂમરહિત જ્યોતિ જેવો છે, ભૂત અને ભવ્યનો ઈશ છે, તે આજે છે તેજ કાલે છે, ખરેખર એજ તે છે) એમ પણ શ્રુતિ છે. તેમાં જે અંગુષ્ઠમાત્ર પુરુષ શ્રુતિ વર્ણવે છે તે શું વિજ્ઞાનાત્મા છે કે પરમાત્મા એમ સંશય થાય છે. તેમાં પરિમાણના ઉપદેશથી પ્રથમ વિજ્ઞાનાત્મા છે એમ પ્રાપ્ત થાય છે. ખરેખર, જેનો [1]આયામ અને વિસ્તાર અનન્ત છે એવા પરમાત્માને અંગુષ્ઠપરિમાણ યુક્ત થાય નહિ. પણ વિજ્ઞાનાત્માને તો ઉપાધિ હોવાથી અંગુષ્ઠપરિમાણ કોઈક કલ્પનાથી સંભવે છે; અને 'अथ सत्यवतः कायात् पाशबद्धं वशं गतम्।

કાઠક વાક્ય પઠે છે—'अङ्गुष्ठमात्रः' ઇત્યાદિ. પુરુષ એટલે પૂર્ણ છે તોપણ આત્માને વિષે એટલે દેહને વિષે અંગુષ્ઠમાત્ર-અગુઠા જેવડાજ હૃદયને વિષે રહે છે માટે અંગુષ્ઠમાત્ર કહેવાય છે. તેજ પરમાત્મા છે એમ પ્રતિપાદન કરતું બીજું વાક્ય કહે છે—'અને "अङ्गुष्ठमात्रः" ઇત્યાદિ. જે અંગુષ્ઠમાત્ર જીવ છે તે વસ્તુતઃ જેમાંથી ધૂમ જતો રહ્યો છે એવા જ્યોતિની પેઠે, નિર્મલ પ્રકાશરૂપ છે એમ તે અર્થનું સંશોધન કરીને તે બ્રહ્મ છે એમ કહે છે—'ईशान'. ભૂત અને ભવિષ્યત્ અને વર્તમાન પર તે ઐશ્વર્ય ચલાવનાર છે. તે અદ્વિતીય છે એમ કહે છે—'स एव'. ત્રણે કાળમાં તેજ છે, વર્તમાન કાળે જે છે, ભવિષ્યત્ કાળમાં તેજ થશે અને ભૂતકાળમાં તેજ હતો. અન્ય કંઈ નથી. નચિકેતસે 'अन्यत्र धर्मादन्यत्राधर्मात्' ઇત્યાદિથી જે બ્રહ્મ પૂછ્યું છે તે એજ છે એવો અર્થ છે. વિષયનો અનુવાદ કરીને પરિમાણ કહ્યું છે તેથી અને ઈશાન શબ્દ છે તેથી સંશય કહે છે='તેમાં જે અંગુષ્ઠમાત્ર' ઇત્યાદિ. પૂર્વાધિકરણમાં અનુમાનાદિ લિંગથી વિષયસપ્તમી લઈ णिच्નો અધ્યાહાર કરી સૂર્યાદિથી અગોચર બ્રહ્મ છે એમ પ્રતિપાદન કર્યું છે તેમ અહિં પણ પ્રથમશ્રુત પરિમાણલિંગથી જીવની પ્રતીતિ કરી 'ईशानोऽस्मीति ध्यायेत्' (નિયન્તા છું એમ ધ્યાન કરવું) એમ વિધિનો અધ્યાહાર કરી ધ્યાનપર વાક્ય લેવું એમ પૂર્વપક્ષ કરે છે—'તેમાં પરિમાણના ઉપદેશથી' ઇત્યાદિ. પૂર્વપક્ષમાં બ્રહ્મદૃષ્ટિથી જીવની ઉપાસના ફળ છે અને સિદ્ધાન્તમાં પ્રત્યગાત્મા અને બ્રહ્મનું ઐક્યજ્ઞાન ફળ છે એમ સમજવું. પણ શ્રુતિજ લિંગથી બળવાન્ છે તેથી ઈશાનશ્રુતિથી પરમાત્માની અવગતિ થાય છે તો જીવની શંકા શી રીતે એમ આશંકા કરી તેનું નિરાકરણ કરે છે કે પરમાત્માને વિષે પરિમાણની ઉક્તિ અત્યન્ત બાધિત છે અને જીવ પણ કેટલાકનો નિયન્તા છે તેથી તેને વિષે ઈશાનત્વ સિદ્ધ થાય છે માટે ગૌણી શ્રુતિ લેવી એવા અભિપ્રાયથી કહે છે—'ખરેખર, જેનો આયામ અને વિસ્તાર' ઇત્યાદિ. આયામ એટલે દીર્ઘત્વ, કે બાઈ, અને વિસ્તાર એટલે મહત્ત્વ એમ અર્થમાં ભેદ છે. જીવ પણ વિભુ હોવાથી તેને વિષે ઉક્ત પરિમાણ અસિદ્ધ છે એમ આશંકા કરી કહે છે—'પણ વિજ્ઞાનાત્માને તો' ઇત્યાદિ. 'કોઈક કલ્પનાથી'=હૃદયકમલકોશ જે જીવનું ઉપલબ્ધિસ્થાન છે તે અંગુષ્ઠમાત્ર છે તેથી

[1] લંબાઈ.

अङ्गुष्ठमात्रं पुरुषं निश्चकर्ष यमो बलात् ॥' [મહાભા૦ ૩।૨૯૮।૧૭] (પછી સત્યવાન્‌ના શરીરમાંથી પાશબદ્ધ અને વશ થયેલા અંગુષ્ઠમાત્ર પુરુષને યમે બળથી ખેંચી કાઢ્યો) એ સ્મૃતિથી પણ સંભવે છે. ખરેખર, પરમેશ્વર યમ વડે બળથી ખેંચી કઢાવવો શક્ય નથી, તેથી ત્યાં અંગુષ્ઠપરિમાણ સંસારી નિશ્ચિત થાય છે, તેજ અહિં પણ એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ—એ અંગુષ્ઠમાત્ર પુરુષ પરમાત્માજ હોવો જોઈએ. શાથી? 'ईशानो भूतभव्यस्य' (ભૂત અને ભવ્યનો ઈશ) એ શબ્દથી. ખરેખર, ભૂત અને ભવ્યના નિરંકુશ નિયન્તા પરમેશ્વરથી અન્ય નથી. 'एतद्वै तत्' (ખરેખર, તે એ છે) એમ પ્રકૃત પૂછેલાનું અહિં અનુસંધાન કરે છે. જે બ્રહ્મ પૂછેલું છે તે એજ છે એવો અર્થ છે; અને અહિં 'अन्यत्र धर्मादन्यत्राधर्मादन्यत्रास्मात्कृताकृतात् । अन्यत्र भूताच्च भव्याच्च यत्तत्पश्यसि तद्वद ॥' [કાઠ૦ ૧।૨।૧૪] (ધર્મથી પૃથગ્ભૂત, અધર્મથી પૃથગ્ભૂત, આ કાર્ય અને કારણથી અન્ય, ભૂત અને ભવિષ્યત્‌થી ભિન્ન, જે તે તું જુએ છે તે કહે) એમ બ્રહ્મ વિષે પ્રશ્ન પૂછ્યો છે. શબ્દથીજ, એટલે 'ईशानः' (અધિકાર ચલાવનાર) એવી અભિધાનશ્રુતિથીજ એ પરમેશ્વર છે એમ સમજાય છે એવો અર્થ છે ॥ ૨૪ ॥

અંગુષ્ઠમાત્ર જે હૃદય તેની સાથે વિજ્ઞાનશબ્દપ્રતિપાદિત બુદ્ધિનો અભેદાધ્યાસ કલ્પીને સ્મૃતિના સંવાદથી પણ અંગુષ્ઠમાત્ર જીવ છે. જેમ પૂર્વાધિકરણમાં સતિસપ્તમી અને વિષયસપ્તમી એમ સાધારણ સપ્તમી 'न तन्नासयते' એ સ્મૃતિથી વિષયસપ્તમી છે એમ વ્યવસ્થાપિત થઈ છે, તેમ પરિમાણ પણ જીવને લાગુ પડે છે કે ઈશ્વરને તેનો સંશય થયે 'अङ्गुष્ठमात्रं निश्चकर्ष' એ સ્મૃતિથી નિશ્ચય થાય છે એમ કહે છે—'अथ सत्यवतः' ઇત્યાદિ. अथ=પછી એટલે મરણ પછી. पाशबद्धम् =યમપાશથી બંધાયલો. 'वशं गतम्' = કર્મવશ થયલો. એ સ્મૃતિમાં પણ ઈશ્વરજ પ્રતિપાદ્ય કેમ ન થાય તેને માટે કહે છે—'ખરેખર, પરમેશ્વર' ઇત્યાદિ. 'प्रभवति संयमने ममापि विष्णुः' (વિષ્ણુ મને પણ નિયમમાં રાખવા શક્તિમાન્ છે) એમ યમ ઈશ્વરથી નિયમ્ય છે એવી સ્મૃતિ છે તેથી. એ સ્મૃતિ ('अथ सत्यवतः' ઇત્યાદિ) સંસારીને લાગુ પડે છે એમ નિગમન કરે છે—'તેથી ત્યાં અંગુષ્ઠમાત્ર' ઇત્યાદિ. નિશ્ચિત અર્થવાળી સ્મૃતિથી સંદિગ્ધ અર્થવાળી શ્રુતિ પણ જીવપર છે એમ કહે છે—'તેજ અહિં પણ' ઇત્યાદિ. भूतभव्यस्य એ ઉપપદથી, અને ईशानः એટલે બાધક ન હોવાથી નિરંકુશ નિયન્તા છે એમ શ્રુતિથી લિંગનો બાધ થાય છે એવો સિદ્ધાન્ત આપે છે—'એ અંગુષ્ઠમાત્ર પુરુષ' ઇત્યાદિ. જીવમાં પણ કેટલાકને નિયમમાં રાખવાનો ધર્મ છે માટે શ્રુતિ અવિરુદ્ધ છે એમ પૂર્વે કહ્યું છે તે યુક્ત નથી; કેમકે ભૂત અને ભવ્યનો નિયન્તા એમ અવિરોધ શ્રુતિ છે એમ કહે છે—'ખરેખર, ભૂત અને ભવ્યના' ઇત્યાદિ. પ્રકરણથી પણ એ વાક્ય બ્રહ્મપરજ છે એમ કહે છે—'एतद्वै तत्' ઇત્યાદિ. શબ્દ એટલે વાક્ય તે લિંગથી દુર્બળ છે એમ આશંકા કરી કહે છે—'શબ્દથીજ' ઇત્યાદિ. શબ્દ એટલે શ્રુતિ. શ્રુતિ અને લિંગનો વિરોધ હોય તો શ્રુતિજ બાધક છે, લિંગ નથી એમ મર્યાદા બતાવવાને સૂત્રમાં અને ભાષ્યમાં એવકાર્થક (જ) વાપર્યો છે ॥ ૨૪ ॥

પણ સર્વવ્યાપક પરમાત્માનો પરિણામોપદેશ શી રીતે
એને વિષે કહીએ છીએ—

हृद्यपेक्षया तु मनुष्याधिकारत्वात् ॥ २५ ॥

પણ હૃદયને વિષે અપેક્ષાથી (પરમેશ્વર અંગુષ્ઠમાત્ર છે);
કેમકે (શાસ્ત્રને વિષે) મનુષ્યને અધિકાર છે ॥ ૨૫ ॥

પરમેશ્વર સર્વવ્યાપક છે તોપણ હૃદયને વિષે તેના અવસ્થાનની અપેક્ષાથી તે અંગુષ્ઠપરિમાણ છે એમ કહ્યું છે જેમ વાંસના સાંધાની અપેક્ષાએ આકાશ [1]અરત્નિ જેટલું કહેવાય છે તેમ. ખરેખર, સર્વ પરિમાણને જે અતિક્રાન્ત છે એવા પરમેશ્વરને વાસ્તવિક અંગુષ્ઠપરિમાણ યુક્ત નથી; અને પરમેશ્વરથી અન્યનું ગ્રહણ અહિં યુક્ત નથી, ઈશાનશબ્દથી અને અન્ય હેતુઓથી એમ કહ્યું છે. પણ પ્રત્યેક પ્રાણિભેદમાં હૃદય [2]વ્યવસ્થિત ન હોવાથી તેની અપેક્ષાથી પણ હૃદયપરિમાણ યુક્ત નથી તેને માટે સૂત્રનો ઉત્તર ભાગ કહે છે કે "मनुष्याधिकारत्वात्" (મનુષ્યને અધિકાર છે તેથી). ખરેખર, શાસ્ત્ર સામાન્ય રીતે પ્રવૃત્ત છે તોપણ મનુષ્યોનેજ

પરમાત્મા વિભુ હોવાથી તે અંગુષ્ઠમાત્ર છે એમ જે સિદ્ધાન્ત કર્યો છે તે યુક્ત નથી એમ કહે છે—'**પણ સર્વવ્યાપક**' ઇત્યાદિ. સૂત્રની અવતરણિકા આપે છે—'**એને વિષે કહીએ છીએ**'. કનિષ્ઠિકાસહિત જે કર તે **અરત્નિ**. હૃદયને વિષે અવસ્થાનથી પરમાત્મા અંગુષ્ઠમાત્ર છે એમ ગૌણ અંગુષ્ઠપરિમાણ શી રીતે ઇષ્ટ છે તેને માટે કહે છે—'**ખરેખર, સર્વ પરિમાણને**' ઇત્યાદિ. ત્યારે મુખ્ય પરિમાણ લેવા માટે જીવનુંજ ગ્રહણ કરો તેને માટે કહે છે—'**અને પરમાત્માથી**' ઇત્યાદિ. સંભવ હોય તો મુખ્યનું ગ્રહણ ન્યાય્ય છે, અહિં તો શ્રુતિવિરોધથી અસંભવ છે માટે ગૌણનું ગ્રહણ કર્યું છે. '**મનુષ્યોનો**' = ત્રણ વર્ણોનોજ, બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યનોજ. તેઓનો શાસ્ત્રને વિષે અધિકાર છે તેનો હેતુ કહે છે—'**કેમકે તેઓ શક્ત છે**' ઇત્યાદિ. '**શક્ત છે**' એ શબ્દોથી પશુ વગેરેનો દેવોનો અને ઋષિઓનો અધિકાર નથી એમ સૂચવ્યું છે. તેમાં પશુ વગેરેમાં શાસ્ત્રાર્થજ્ઞાન વગેરેની સામગ્રી નથી તેથી કર્મને વિષે અશક્તિ છે. યજ્ઞાદિ કર્મ દેવતાઓને ઉદ્દેશીનેજ થાય છે અને પોતાને ઉદ્દેશીને દ્રવ્યત્યાગ યુક્ત નથી—પોતે પોતાને ઉદ્દેશીને દ્રવ્ય હોમી શકે નહિ-તેથી દેવોની અશક્તિ છે. ઋષિઓના વરણકર્મમાં અન્ય ઋષિ ન હોવાથી ઋષિઓની અશક્તિ છે. '**કામનાયુક્ત છે,**' એ શબ્દોથી નિષ્કામ—કામનારહિત, વીતરાગ મુમુક્ષુઓનો અને સ્થાવરોનો અધિકાર નથી એમ કહ્યું છે. તેમાં મુમુક્ષુઓ શુદ્ધિની કામના કરે છે તેથી તેમનો અધિકાર નિત્યાદિ વસ્તુઓ વિષે છે કામ્ય વસ્તુઓ વિષે નથી. જેમનાં ચિત્ત શુદ્ધ હોય તેઓ મોક્ષ યાચે છે તેથી તેમનો શ્રવણાદિને વિષે અધિકાર છે, કર્મને વિષે નથી એમ સમજવું. '**તેમને વિષે પર્યુદાસ-નિષેધ નથી**'—આથી શૂદ્રોને શાસ્ત્ર વિષે અધિકાર નથી એમ કહે છે. '**शूद्रो यज्ञेऽनवक्लृप्तः**' (શૂદ્ર યજ્ઞને વિષે યોગ્ય નથી) એમ પર્યુદાસ હોવાથી વૈદિક કર્મને વિષે શૂદ્રને અધિકાર નથી. '**उपनयीत तमध्यापयीत**' (તેને ઉપનયન કરવું અને અધ્યાપન કરવું) એ શાસ્ત્રથી શૂદ્રોનો વૈદિક કર્મને

---

[1] કોણીથી ટચલી આંગળી સુધી લાંબો હાથ. [2] નિશ્ચિત પરિમાણવાળું.

તેને વિષે અધિકાર છે; કેમકે તેઓ શક્ત છે, કામનાયુક્ત છે, તેમને વિષે પર્યુદાસ-
નિષેધ નથી, અને ઉપનયનાદિ શાસ્ત્ર તેમને લાગુ પડે છે એમ અધિકારના લક્ષ-
ણમાં જૈમિનિએ વર્ણવ્યું છે (જૈમિ૦ ૬।૧); અને મનુષ્યોનો દેહ નિશ્ચિત પરિમા-
ણવાળો છે, તેથી એમનું હૃદય પણ નિશ્ચિત પરિમાણવાળું અંગુષ્ઠમાત્ર છે એ યુક્ત
છે. એટલા માટે શાસ્ત્રને વિષે મનુષ્યને અધિકાર છે તેથી મનુષ્યના હૃદયને વિષે
અવસ્થાનની અપેક્ષાથી પરમાત્મા અંગુષ્ઠમાત્ર છે એ યુક્ત છે. પરિમાણના ઉપદેશથી
અને સ્મૃતિથી એ અંગુષ્ઠમાત્ર સંસારીજ છે એમ સમજવું જોઈએ એવું જે કહ્યું છે
તેનું નિરાકરણ કરીએ છીએ—'स आत्मा तत्त्वमसि' (તે આત્મા, તે તું છે) ઇત્યા-
દિની પેઠે સંસારીજ ધનો અંગુષ્ઠમાત્ર પરમાત્મા છે એમ ઉપદેશ કર્યો છે. ખરેખર,
વેદાન્તવાક્યોની પ્રવૃત્તિ બે રીતની છે, કોઈક સ્થળે પરમાત્માના સ્વરૂપનું નિરૂપણ

વિષે અધિકાર નથી. શૂદ્રો દ્વિજ નથી. સ્મૃતિમાં તેઓ એક જાતિ છે એમ કહ્યું છે તેથી ઉ-
પનયનપ્રયુક્ત દ્વિજાતિત્વના અભાવથી તેમને વેદાધ્યયનનો અભાવ છે. તેઓ એકજાતિ છે
માટે તેમને ઉપનયન નથી, તે ન હોવાથી અધ્યયન ક્યાંથી! કેમકે ઉપનયન અધ્યયનનું અંગ
છે. અધ્યયન ન હોવાથી શાસ્ત્રમાં અધિકાર ક્યાંથી! અહિં જે ન્યાયની અપેક્ષા છે તે પૂર્વ
મીમાંસામાં છઠ્ઠા અધ્યાયમાં વર્ણવેલો છે એમ કહે છે—'જૈમિનિએ વર્ણવ્યું છે'. 'स्वर्ग-
कामो यजेत' (જેને સ્વર્ગની કામના છે તેણે યજ્ઞ કરવો જોઈએ) ઇત્યાદિ શાસ્ત્ર અવિશેષે—
સામાન્ય રીતે ફળની ઇચ્છા રાખનારા સર્વ પ્રત્યે પ્રવૃત્ત થવાથી અને પ્રાણિમાત્રને સુખની ઇચ્છા
છે તેથી ફળને માટે કીધેલાં કર્મને વિષે પશુઆદિનો પણ અધિકાર થાય એમ આશંકા કરી ઉપર
કહ્યા પ્રમાણે તેમનામાં શક્તિ નથી ઇત્યાદિ કારણોને લીધે સ્વર્ગકામશબ્દને સંકુચિત લઈ મનુષ્ય-
પર લેવો અને મનુષ્યાધિકાર સ્થાપિત કરવો. તે સ્થાપિત થયો એટલે ચારે વર્ણ અધિકારી
છે એમ આશંકા કરી 'वसन्ते ब्राह्मणोऽग्नीनादधीत ग्रीष्मे राजन्यः शरदि वैश्यः' (વસ-
ન્તમાં બ્રાહ્મણે અગ્નિનું આધાન કરવું, ગ્રીષ્મમાં ક્ષત્રિયે અને શરદમાં વૈશ્યે) એમ ત્રણ વર્ણોનોજ
અગ્નિસંબન્ધ શ્રુતિમાં છે તેથી તેમનોજ શાસ્ત્રકર્મમાં અધિકાર છે એમ વર્ણવેલું છે એવું તાત્પર્ય છે.
અસ્તુ. પ્રસ્તુતમાં શું આવ્યું તેને માટે કહે છે—'મનુષ્યનો દેહ નિશ્ચિતપરિમાણવાળો છે'
ઇત્યાદિ. મુખ્યત્વે કરીને મનુષ્યદેહ સાત વેતના પરિમાણવાળો છે એવો અર્થ છે. એ પ્રમાણે
અંગુષ્ઠશબ્દ હૃદયના પરિમાણનો વાચક છે તે તેમાં રહેલા બ્રહ્મનો લક્ષક છે, એમ કહ્યું છે. હવે
તે શબ્દથી અંગુષ્ઠમાત્ર જીવનો અનુવાદ કરીને 'अधर्मीशानः' (એ નિયન્તા છે) એમ બ્રહ્મથી
અભેદ (જીવ બ્રહ્મથી અભિન્ન છે તે) બોધ્ય છે એમ કહેવાને માટે અનુવાદ કરે છે—'પરિ-
માણના ઉપદેશથી' ઇત્યાદિ. જો એ વાક્ય પરમાત્મપર છે તો અહિં જીવ શા માટે કહ્યો
છે. પરમાત્માજ કહેવો જોઈએ. જીવ કહ્યો છે માટે જીવપરજ વાક્ય છે. પરમાત્મપર વાક્યમાં
અનુવાદ કરાતા જીવનું અંગુષ્ઠપરિમાણ બાધ્ય છે, કેમકે પ્રતિપાદન કરાતા પરમાત્માના ધર્મ સાથે
તેનો વિરોધ છે અને પરમાત્માજ તાત્પર્યનો વિષય છે. પ્રતિપાદ્ય જે પરમાત્મા તેની સાથે અભે-
દના વિરોધથી અનુવાદ્ય જે જીવ તેનું અંગુષ્ઠપરિમાણ બાધ્ય છે, કેમકે તાત્પર્યાર્થ બળવાન્ છે
એમ કહે છે—'તેનું નિરાકરણ કરીએ છીએ'. પરમાત્મપર વાક્યમાં પરમાત્માજ કહેવો
જોઈએ, જીવની ઉક્તિ શી રીતે એમ આશંકા કરી વાક્યપ્રવૃત્તિના બે પ્રકાર છે એમ કહે છે—
'ખરેખર, વેદાન્તવાક્યોની' ઇત્યાદિ. ખરેખર, પરમાત્માનું ઐક્ય જીવની ઉક્તિ વિના

કરે છે અને કોઈક સ્થળે વિજ્ઞાનાત્મા પરમાત્માથી અભિન્ન છે એમ ઉપદેશ કરે છે. તેટલા માટે અહિં વિજ્ઞાનાત્મા પરમાત્માથી અભિન્ન છે એમ ઉપદેશ કરે છે, કોઈ પણ અંગુષ્ઠમાત્ર છે એવો ઉપદેશ નથી. એજ અર્થ 'अङ्गुष्ठमात्रः पुरुषोऽन्तरात्मा सदा जनानां हृदये संनिविष्टः। तं स्वाच्छरीरात्प्रवृहेन्मुञ्जादिवेषिकां धैर्येण तं विद्याच्छुक्रममृतम्' [કાઠ૦ ૨।૬।૧૭] (અંગુષ્ઠમાત્ર, પુરુષ, અન્તરાત્મા હુમેશ જનોના હૃદયમાં સંનિવિષ્ટ છે. તેને પોતાના શરીરમાંથી ધૈર્યથી પૃથક્ કરવો, જેમ મુંજમાંથી ઈષિકા પૃથક્ કરાય તેમ. તેને શુક્લ અને અમૃત જાણવો) એ ઉત્તરવાક્યથી સ્ફુટ કરશે ॥ ૨૫ ॥

तदुपर्यपि बादरायणः संभवात् ॥ २६ ॥

તેની (મનુષ્યની) ઉપરનાને પણ (શાસ્ત્રનો અધિકાર છે એમ) બાદરાયણ (માને છે); સંભવથી ॥ ૨૬ ॥

અંગુષ્ઠમાત્રશ્રુતિ મનુષ્યહૃદયના સંબંધમાં છે, કેમકે શાસ્ત્રના અધિકારી મનુષ્ય છે એમ કહ્યું છે તેના પ્રસંગમાં આ કહ્યુ છે કે શાસ્ત્રના અધિકારી મનુષ્ય છે એ ખરૂં છે, પણ મનુષ્યજ અધિકારી છે એમ બ્રહ્મજ્ઞાનમાં નિયમ નથી. તેમની એટલે મનુષ્યોની ઉપર જે દેવાદિ છે તેઓ પણ શાસ્ત્રના અધિકારી છે એમ બાદરાયણ આચાર્ય માને છે. શાથી? સંભવથી. [1]અર્થિત્વ વગેરે અધિકારનાં કારણો તેમને પણ સંભવે છે. તેમાં પ્રથમ મોક્ષ વિષે અર્થિત્વ—કામના દેવાદિને પણ સંભવે છે;

કહી શકાય નહિ તેથી જીવની ઉક્તિ છે એવો અર્થ છે. 'કોઈક સ્થળે' = 'अस्थूलम्' ઇત્યાદિમાં. 'કોઈક સ્થળે' = 'तत्त्वमसि' ઇત્યાદિમાં. 'प्रवृहेत्' = પૃથક્કરણ કરવું જોઈએ. 'धैर्येण' = બળવાન્ ઇન્દ્રિયનિગ્રહ વગેરેથી. 'शुक्रम्' = વિશુદ્ધ, શુક્લ, સ્વપ્રકાશ. 'अमृतम्' = કૂટસ્થ બ્રહ્મ. તેટલા માટે કાઠવાક્યનો સમન્વય પ્રત્યગ્બ્રહ્મ હોવાને વિષે સિદ્ધ થયો ॥ ૨૫ ॥

શાસ્ત્રનો અધિકાર મનુષ્યને થયો એટલે દેવાદિનો બ્રહ્મવિદ્યાને વિષે અનધિકાર થાય એમ આશંકા કરી કહે છે—'तदुपर्यपि' ઇત્યાદિ. દેવો અને ઋષિઓને બ્રહ્મવિદ્યાને વિષે અધિકાર છે કે નહિ એ વિચાર સમન્વય અધ્યાયમાં અસંગત છે એમ આશંકા લાવી પ્રાસંગિક સંગતિ દર્શાવવા પ્રસંગ કહે છે—'અંગુષ્ઠમાત્રશ્રુતિ' ઇત્યાદિ. સ્મૃતની ઉપેક્ષા યોગ્ય નથી એજ પ્રસંગ છે. અત્ર મનુષ્યનો અધિકાર કહ્યો છે તેથી સ્મૃતિમાં કહેલા દેવાદિઓનો વેદાન્તશ્રવણ કરવામાં અધિકાર છે કે નહિ તેને માટે સંદેહ થયે તેઓ ભોગાસક્ત હોવાથી તેમને વૈરાગ્ય વગેરેનો સંભવ નથી તેથી અધિકાર નથી એમ પ્રાપ્ત થયે સિદ્ધાન્ત કહે છે—'શાસ્ત્રના અધિકારી' ઇત્યાદિ. આ પ્રમાણે બંને અધિકરણમાં અધિકાર વિષે વિચાર હોવાથી તેઓ વચ્ચે પ્રાસંગિક સંગતિ છે. પણ વિવિધ વિચિત્ર આનન્દભોગના ભોગી દેવાદિઓને વૈરાગ્ય ન હોવાથી મોક્ષની કામના નથી માટે તેમને બ્રહ્મવિદ્યાનો અધિકાર નથી એમ ધારી કહે છે—'તેમાં પ્રથમ

[1] કામના હોવાપણું.

કેમકે વિકાર, વિષય અને વિભૂતિ અનિત્ય છે એવો વિચાર તેનું નિમિત્ત છે. તેમજ સામર્થ્ય પણ તેમને સંભવે છે; કેમકે મન્ત્ર, અર્થવાદ, ઇતિહાસ, પુરાણ અને લોકાનુભવથી તેઓ શરીરી છે ઇત્યાદિની અવગતિ થાય છે. વળી તેમને કંઈ પ્રતિષેધ નથી; અને ઉપનયનશાસ્ત્રથી તેમનો અધિકાર નિવૃત્ત થાય નહિ; કેમકે ઉપનયન વેદાધ્યયનને માટે છે અને તેમને વેદનો પ્રકાશ પોતાની મેળેજ થાય છે. વળી 'एकशतं ह वै वर्षाणि मघवान्प्रजापतौ ब्रह्मचर्यमुवास।' [છાન્દો૦ ૮।૧૧।૩] (ખરેખર, એકસો ને એક વર્ષ ઇન્દ્ર પ્રજાપતિ પાસે બ્રહ્મચર્યમાં રહ્યા), 'भृगुर्वै वारुणिः। वरुणं पितरमुपससार। अधीहि भगवो ब्रह्म' [તૈત્તિ૦ ૩।૧] (વરુણનો પુત્ર ભૃગુનામે પ્રસિદ્ધ હતો. તે પોતાના પિતા વરુણ પાસે ગયો. હે ભગવન્, મને બ્રહ્મ શિખવો) ઇત્યાદિ શ્રુતિવાક્યો વિદ્યાગ્રહણને અર્થે દેવોનું બ્રહ્મચર્યાદિ દર્શાવે છે. જોકે કર્મને વિષે અનધિકારનું કારણ કહ્યું છે-'न देवानां देवतान्तराभावात्' [જૈમિ૦ ૬।૧।૬] (દેવોનો

મોક્ષ વિષે' ઇત્યાદિ. સ્વર્ગાદિના ઉપભોગમાં પણ અતિશય ક્ષયનો યોગ હોવાથી દેવોને વૈરાગ્ય છે. 'અનન્ત વિષયસુખમાં વિકાર હોવાથી ક્ષય વગેરે દોષો જોઈ નિરતિશય સુખ જે મોક્ષ તેની કામના સત્ત્વપ્રકૃતિવાળા દેવોમાં સંભવે છે એવો અર્થ છે. પણ દેવાદિને શરીરાદિ ન હોવાથી ઇન્દ્રિય અને વિષયના સંનિકર્ષથી ઉત્પન્ન થતી પ્રમાણવૃત્તિ તેમને વિષે યુક્ત નથી, તેથી તેઓ અવિદ્વાન્ હોવાથી સમર્થ નથી માટે તેમને અધિકાર નથી એ આશંકાનું નિરાકરણ કરે છે—'તેમજ સામર્થ્ય પણ' ઇત્યાદિ. પર્યુદાસનો અભાવ કહે છે—'વળી તેમને કંઈ પ્રતિષેધ નથી'. 'शूद्रो यज्ञेऽनवक्लृप्तः' એમાં જેમ શૂદ્રને કર્મનો નિષેધ છે તેમ દેવાદિઓને વિદ્યાધિકારનો નિષેધ નથી. પણ શરીરી હોવાથી દેવોમાં શાસ્ત્ર સંપાદન કરવાનું સામર્થ્ય છે તોપણ ઉપનયન ન હોવાથી શાસ્ત્રીય સામર્થ્ય નથી તેથી કહે છે—'અને ઉપનયનશાસ્ત્રથી' ઇત્યાદિ. અન્ય જન્મના અધ્યયનના બળથી વેદનો પ્રકાશ તેમને પોતાની મેળેજ થાય છે. ખરેખર, વિધિ પ્રમાણે ગુરુમુખથી ગ્રહણમાત્ર હોય તોજ વેદ ફલવત્ કર્મ અને બ્રહ્મનો અવબોધ કરાવે છે એમ નથી, પરંતુ અધ્યયનના ઉત્તર કાળમાં નિગમ, નિરુક્ત, વ્યાકરણ, વગેરેથી પદ અને તેના અર્થની સંગતિનું જ્ઞાન થવાથી અને શબ્દ અને ન્યાયતત્ત્વનું જ્ઞાન થવાથી પુરુષ જ્યારે વેદનું સ્મરણ કરે છે ત્યારે તેને બોધ કરાવે છે. મનુષ્યોને એ સ્મરણ આ જન્મમાં થાય છે અને દેવાદિકોએ પૂર્વભવમાં વિધિ પ્રમાણે અધ્યયન કરેલા વેદનું આ જન્મમાં સ્મરણ થાય છે તેથી વેદનું સ્વયં પ્રતિભાન-પ્રકાશ થાય છે. બાળકો વગેરેમાં પ્રવિષ્ટ થયેલા પિશાચાદિકોમાં વેદનો ઉદ્ઘોષ જોવામાં આવે છે તેથી દેવયોનિઓમાં અન્ય જન્મનું સ્મરણ છે, માટે સ્મરણ કરેલા વેદાન્તોનો અર્થવિચાર યુક્ત છે એવો અર્થ છે. દેવોનાં અને ઋષિઓનાં વિદ્યાધિકારનાં કામના વગેરે કારણો કહી ગુરુકુલવાસ વગેરે શ્રુતિમાં કહેલાં લિંગ કહે છે—'વળી "एकशतं ह"' ઇત્યાદિ. 'બ્રહ્મચર્યાદિ' માં આદિપદથી ઉપગમન, શુશ્રૂષા વગેરેનું ગ્રહણ કરવાનું છે. પણ દેવોને કર્મનો અનધિકાર હોવાથી બ્રહ્મવિદ્યાનો અનધિકાર છે તેને માટે કહે છે—'જોકે કર્મને વિષે' ઇત્યાદિ. દેવોને કર્મને વિષે અધિકાર નથી; કેમકે અન્ય દેવો નથી કે જેને ઉદ્દેશીને કર્મ થાય, અને પોતાને ઉદ્દેશીને કર્મ કરવું-દ્રવ્યત્યાગ કરવો શક્ય નથી. પોતાને

---

૧ અસત્ત્વ. ૨ સંબંધથી.

કર્મને વિષે અધિકાર નથી; કેમકે અન્ય દેવોનો અભાવ છે (કે જેને ઉદ્દેશીને કર્મ કરે), અને 'न ऋषीणामार्षेयान्तराभावात्' [જૈમિ૦ ૬।૧।૭] (ઋષિઓનો કર્મને વિષે અધિકાર નથી; કેમકે બીજો ઋષિસમૂહ નથી)—તોપણ તે વિદ્યાને વિષે નથી. ખરેખર, વિદ્યાઓને વિષે અધિકાર કરાતા ઇન્દ્રાદિઓનું કોઈ પણ કૃત્ય ઇન્દ્રાદિઓને ઉદ્દેશીને નથી; અને ભૃગુ વગેરે ઋષિનું કોઈ પણ કૃત્ય ભૃગુ વગેરેના સગોત્રને ઉદ્દેશીને નથી. તેટલા માટે દેવોનો પણ વિદ્યાઓને વિષે અધિકાર શાથી અટકાવાય? દેવાદિના અધિકારમાં પણ અંગુષ્ઠમાત્રશ્રુતિ પોતાના અંગુષ્ઠને સંબન્ધે વિરુદ્ધ નથી ॥૨૬॥

विरोधः कर्मणीति चेन्नानेकप्रतिपत्तेर्दर्शनात् ॥ २७ ॥

કર્મને વિષે વિરોધ થશે એમ નહિ, અનેક પ્રતિપત્તિથી દર્શન છે તેથી ॥ ૨૭ ॥

અને એમ થાય; શરીરત્વ વગેરે સ્વીકારવાથી દેવાદિનો વિદ્યાને વિષે અધિકાર વર્ણવાય તો શરીરી હોવાથી ઋત્વિક્ વગેરેની પેઠે ઇન્દ્રાદિઓનો પણ સ્વરૂપના

ઉદ્દેશીને ત્યાગ કરવાનો નથી એ ત્યાગજ ન કહેવાય એવો પ્રથમ સૂત્રનો અર્થ છે. ઋષિઓનો કર્મને વિષે અધિકાર નથી, કેમકે અન્ય ઋષિઓના ન હોવાથી ઋષિયુક્ત કર્મ થતાં નથી. ભૃગુ વગેરે ભૃગુ વગેરેના સગોત્ર નથી, એ બીજા સૂત્રનો અર્થ છે. વસુ આદિ દેવોને અન્ય વસુ આદિ નથી અને ભૃગુ આદિ ઋષિઓને અન્ય ભૃગુ આદિ ઋષિઓ નથી. પ્રાચીન વસુ, ભૃગુ આદિનો અધિકાર [illegible] તેઓમાં દેવત્વ અને ઋષિત્વ નથી એવો અર્થ છે [illegible] વિદ્યાને વિષે નથી?— તે [illegible] કારણ [illegible] કે જેથી [illegible] અંગુષ્ઠમાત્રશ્રુતિમાં દેવોનો અધિકાર શી રીતે, તેમનો દેહ મોટો હોવાથી [illegible] દેવાદિના અધિ[illegible] તેમનું [illegible] નથી, માટે શ્રુતિમાં તેમનો અધિકાર નથી તેવી શંકા છે [illegible] અંગુષ્ઠમાત્રશ્રુતિ [illegible] છે, તે જેને જેને અધિકાર છે તેના તેના [illegible] હૃદયનું નિરૂપણ કરે એવો અર્થ છે ॥ ૨૬ ॥

[illegible]

સંનિધાનથી કર્મનો અંગભાવ સ્વીકારશો અને ત્યારે કર્મને વિષે વિરોધ થશે. ખરેખર, ઇન્દ્રાદિઓનો સ્વરૂપના સંનિધાનથી યાગને વિષે અંગભાવ દેખાતો નથી; અને સંભવતો પણ નથી; કેમકે બહુ યાગોમાં એકી વખતે એક ઇન્દ્રનું સ્વરૂપસંનિધાન યુક્ત નથી. આમ જો કોઈ આક્ષેપ કરે તો અમે કહીએ છીએ કે એ વિરોધ નથી. શાથી? અનેક પ્રતિપત્તિ છે તેથી. એક પણ દેવતાત્માની એકી વખતે અનેક સ્વરૂપપ્રાપ્તિ સંભવે છે. એ શી રીતે સમજાય છે? દર્શનથી; કેમકે 'कति देवाः' [બૃહ૦ ૩।૯।૧] (દેવો કેટલા છે?) એમ ઉપક્રમ કરીને 'त्रयश्च त्री च शता त्रयश्च त्री च सहस्रा' [બૃહ૦ ૩।૯।૧] (ત્રણસે ને ત્રણ, ત્રણ હજાર ને ત્રણ) એમ નિર્વચન કરીને 'कतमे ते' [બૃહ૦ ૩।૯।૧] (તે કયા છે) એમ પ્રશ્ન થયો એટલે 'महिमान एवैषामेते त्रयस्त्रिंशत्त्वेव देवाः' [બૃહ૦ ૩।૯।૨] (એ એમનો મહિમાજ છે. દેવો તો તેત્રીસજ છે) એમ કહેતી શ્રુતિ એકજ દેવતાત્માનાં એકી વખતે અનેક રૂપ દર્શાવે છે. તેમજ એ તેત્રીસ દેવોનો છ વગેરેમાં અનુક્રમે અન્તર્ભાવ દર્શાવી 'कतम एको देव इति प्राणः' [બૃહ૦ ૩।૯।૯] (એક દેવ કયો? પ્રાણ) એમ દેવોનું પ્રાણૈકસ્વરૂપ દર્શાવતી શ્રુતિ તેજ એક પ્રાણના એકી વખતે અનેક સ્વરૂપ દર્શાવે છે.

છે તે) ન હોવાથી કર્મની નિષ્પત્તિ ન થાય એમ કહે છે. 'અને ત્યારે કર્મને વિષે વિરોધ થશે', શી રીતે વિરોધનો પ્રસંગ આવશે તેને માટે કહે છે—'ખરેખર, ઇન્દ્રાદિઓનો' ઇત્યાદિ. 'સ્વરૂપ'=વિગ્રહ, શરીર. શરીરનું અંગત્વ અનુપલબ્ધિપ્રમાણથી બાધિત છે અને યુક્તિથી પણ તે સંભવતું નથી એમ કહે છે—'અને સંભવતો પણ નથી' ઇત્યાદિ. તેટલા માટે મંત્રપઠિત શબ્દજ દેવતા છે. તે અચેતન હોવાથી વિગ્રહાદિક નથી એવો શંકાનો અર્થ છે. શંકાનું નિરાકરણ કરે છે—'અમે કહીએ છીએ કે એ વિરોધ નથી' ઇત્યાદિ. એક પણ દેવને યોગના બળથી અનેક દેહપ્રાપ્તિ સંભવે છે. કેમકે શ્રુતિ અને સ્મૃતિમાં જોવામાં આવે છે, લૌકિક પ્રમાણથી અદૃષ્ટ હોવાથી જે આગમથી દૃષ્ટ છે તે અદૃષ્ટ થતું નથી. તેટલા માટે કર્મને વિષે વિરોધ નથી એમ વ્યાખ્યાન કરે છે—'શાથી?' ઇત્યાદિથી. વૈશ્વદેવસ્તોત્રમાં સ્તુતિ કરાતા દેવો કેટલા છે એમ શાકલ્યે યાજ્ઞવલ્ક્યને પૂછ્યું ત્યારે યાજ્ઞવલ્ક્યે 'त्रयश्च' ઇત્યાદિરૂપ નિવિદ્‌થી ઉત્તર આપ્યો. નિવિદ્ એ સ્તુતિ કરાતા દેવની સંખ્યાનું અભિધાન કરે છે. શસ્યમાન દેવતાનું સંખ્યાવાચક મન્ત્રપદ તે નિવિદ્ કહેવાય છે. 'निविन्नाम देवतासंख्यावाचकानि मन्त्रपदानि' એમ બૃહદારણ્યકોપનિષદ્‌માં શાંકરભાષ્ય છે. યાજ્ઞવલ્ક્યે ત્રણ હજાર ત્રણસે ને છ દેવ છે એમ સંખ્યા કહી એટલે શાકલ્યે જેની સંખ્યા કહી તે સંખ્યેય-દેવતા સ્વરૂપનો પ્રશ્ન કર્યો કે 'कतमे ते.' તેનો ઉત્તર આપ્યો કે 'महिमान एवैषाम्' ઇત્યાદિ. આ તેત્રીસ દેવોની એ બધા દેવો વિભૂતિ છે. ૮ વસુ, ૧૧ રુદ્ર, ૧૨ આદિત્ય, ઇન્દ્ર અને પ્રજાપતિ એમ ૩૩ દેવો છે. અગ્નિ, પૃથ્વી, વાયુ, અન્તરિક્ષ, આદિત્ય, દિવ્, ચન્દ્રમા અને નક્ષત્રો એ ૮ વસુ છે. એ પ્રાણીનાં કર્મફળને આશ્રયે કાર્યકરણસંઘાતરૂપે પરિણામ પામી જગત્ વસાવે છે માટે 'વસુ' કહેવાય છે. ૫ જ્ઞાનેન્દ્રિયો, ૫ કર્મેન્દ્રિયો અને મન એ ૧૧ રુદ્ર છે. એ શરીરમાંથી ઉત્ક્રમણ કરતી વખતે તેને રોવડાવે છે માટે 'રુદ્ર' કહેવાય છે. સંવત્સરના અવયવ, બાર માસ ફરી ફરી પરિવર્તન કરી પ્રાણીનાં આયુષ્ય અને કર્મફળનો ઉપયોગ લઈ લે છે માટે 'આદિત્ય' કહેવાય છે. ઇન્દ્ર એટલે અશનિ-વજ્ર, એ ઇન્દ્રનું બળ છે. એ ઇન્દ્રની પરમ શક્તિ છે. એ વડે તે સર્વ પ્રાણીનું પ્રમાપણ કરે છે તેથી અશનિ ઇન્દ્ર છે. પ્રજાપતિ એટલે

કર્મને વિષે અધિકાર નથી; કેમકે અન્ય દેવોનો અભાવ છે { કે જેને ઉદ્દેશીને કર્મ કરે }, અને 'न ऋषीणामार्षेयान्तराभावात्' [જૈમિ૦ ૬।૧।૭] (ઋષિઓનો કર્મને વિષે અધિકાર નથી; કેમકે બીજો ઋષિસમૂહ નથી)—તોપણ તે વિદ્યાને વિષે નથી. ખરેખર, વિદ્યાઓને વિષે અધિકાર કરાતા ઇન્દ્રાદિઓનું કોઈ પણ કૃત્ય ઇન્દ્રાદિઓને ઉદ્દેશીને નથી; અને ભૃગુ વગેરે ઋષિનું કોઈ પણ કૃત્ય ભૃગુ વગેરેના સગોત્રને ઉદ્દેશીને નથી. તેટલા માટે દેવોનો પણ વિદ્યાઓને વિષે અધિકાર શાથી અટકાવાય? દેવાદિના અધિકારમાં પણ અંગુષ્ઠમાત્રશ્રુતિ પોતાના અંગુષ્ઠને સંબન્ધે વિરુદ્ધ નથી ॥૨૬॥

विरोधः कर्मणीति चेन्नानेकप्रतिपत्तेर्दर्शनात् ॥ २७ ॥

કર્મને વિષે વિરોધ થશે એમ નહિ, અનેક [1]પ્રતિપત્તિથી દર્શન છે તેથી ॥ ૨૭ ॥

ભલે એમ થાય; શરીરત્વ વગેરે સ્વીકારવાથી દેવાદિનો વિદ્યાને વિષે અધિકાર વર્ણવાય તો શરીરી હોવાથી ઋત્વિક્ વગેરેની પેઠે ઇન્દ્રાદિઓનો પણ સ્વરૂપના

ઉદ્દેશીને ત્યાગ સંભવતો નથી. એ ત્યાગજ ન કહેવાય. એવો પ્રથમ સૂત્રનો અર્થ છે. ઋષિઓનો કર્મને વિષે અધિકાર નથી; કેમકે અન્ય ઋષિઓના ન હોવાથી ઋષિયુક્ત કર્મ શક્ય નથી, ભૃગુ વગેરે ભૃગુ વગેરેના સગોત્ર નથી, એ બીજા સૂત્રનો અર્થ છે. વસુ આદિ દેવોને અન્ય વસુ આદિ નથી અને ભૃગુ આદિ ઋષિઓને અન્ય ભૃગુ આદિ ઋષિઓ નથી. પ્રાચીન વસુ, ભૃગુ આદિઓનો અધિકાર ક્ષીણ થવાથી હાલ તેઓમાં દેવત્વ અને ઋષિત્વ નથી એવો અર્થ છે. '**તે વિદ્યાને વિષે નથી**'—'તે'=અસામર્થ્યરૂપ કારણ. એવું કંઈ નથી કે જેથી અસામર્થ્ય થાય પણ અંગુષ્ઠમાત્રશ્રુતિમાં દેવોનો અધિકાર શી રીતે, તેમનો દેહ મોટો હોવાથી આપણા અંગુઠા જેટલું તેમનું હૃદય નથી, માટે શ્રુતિમાં તેમનો અધિકાર નથી તેથી કહે છે—'દેવાદિના અધિકારમાં પણ' ઇત્યાદિ. અંગુષ્ઠમાત્રશ્રુતિ સાધારણ છે, તે જેને જેને અધિકાર છે તેના તેના અંગૂઠાના પરિમાણ જેવડા હૃદયનું નિર્વચન કરશે એવો અર્થ છે ॥ ૨૬ ॥

મન્ત્રાદિના પદસમન્વયથી પ્રતીયમાન થતો અર્થ અન્ય પ્રમાણથી વિરુદ્ધ ન હોય તો સ્વીકારવો; વિરુદ્ધ હોય તો નહિ. પણ દેવતાનું શરીરિત્વ પ્રત્યક્ષ પ્રમાણથી વિરુદ્ધ છે, તેટલા માટે મન્ત્રાદિની ઉપચરિત અર્થથી વ્યાખ્યા કરવી. તેટલા માટે દેવોને શરીરાદિ ન હોવાથી શબ્દોપહિત અર્થ કે અર્થોપહિત શબ્દ દેવ છે માટે અચેતન હોવાથી તેનો કવચિત્ પણ અધિકાર નથી એમ શંકા કરે છે—'**ભલે એમ થાય, શરીરિત્વ વગેરે**' ઇત્યાદિ. અધ્વર્યુ આદિની પેઠે ઇન્દ્રાદિઓનો શરીરસંનિધાનથી યાગને વિષે અંગભાવ સ્વીકારો. તેમાં શો બાધ છે. તેને માટે કહે છે. એમ સ્વીકારવાથી દેવનું પ્રત્યક્ષ દર્શન થવું જોઈએ. પણ થતું નથી. માટે યોગ્ય અનુપલબ્ધિ[2] પ્રમાણથી શરીરયુક્ત દેવના અભાવથી સંપ્રદાનકારક (જેને ઉદ્દેશીને દ્રવ્યત્યાગ થાય

---

૧ સ્વરૂપપ્રાપ્તિ. ૨ 'બે રીતે (પુષ્કળ) આલોકવાળા (તેજવાળા) ભૂતળમાં ઘટ હોત તો દેખાત, એવા ભૂતળમાં ઘટ ઉપલબ્ધ થતો નથી તે ઘટનો અભાવ યોગ્ય અનુપલબ્ધિ પ્રમાણથી જણાય છે.

ભોજન કરાવનારાઓથી એકી વખત એક બ્રાહ્મણને ભોજન કરાવાતું નથી. [illegible]
વખત એક પણ શરીરી એકી વખત અનેક સ્થળે અંગભાવ પામે છે, [illegible]
બહુ નમસ્કાર કરનારાઓથી એકી વખત એક બ્રાહ્મણને નમસ્કાર કરાય છે. [illegible]
પ્રમાણે અહિં (દેવને) ઉદ્દેશીને (દ્રવ્યનો) પરિત્યાગ કરવાનું સ્વરૂપ યાગનું [illegible]
વાથી એક પણ શરીરિણી દેવતાને ઉદ્દેશીને બહુ દેવો પોતપોતાના દ્રવ્યનો [illegible]
વખતે ત્યાગ કરી શકશે; માટે દેવો શરીરી છે તોપણ કર્મને વિષે કંઈ વિ[illegible]
નથી. ॥ ૨૭ ॥

शब्द इति चेन्नातः प्रभवात् प्रत्यक्षानुमानाभ्याम् ॥ २८ ॥

શબ્દમાં (વિરોધ થશે) એમ (કહેશો) તો ના, એમાંથી (જગતનો [illegible]
પ્રભવ છે તેથી, પ્રત્યક્ષ અને અનુમાનથી ॥ ૨૮ ॥

દેવાદિના શરીરિત્વ સ્વીકારવાથી કર્મમાં કંઈ પણ વિરોધ ન આવો, પણ [illegible]
બ્દમાં તો 'વિરોધ પ્રસક્ત થશે. શી રીતે? અર્થની સાથે શબ્દના 'ઔત્પત્તિ[illegible]

કહે છે—'अनेकप्रतिपत्तिदर्शनात्' અનેક કર્મોમાં એકની પ્રતિપત્તિ-અંગભાવ[illegible]
આવે છે તેથી. એ અર્થ સ્પષ્ટ કરવા ઉદાહરણ સાથે વ્યતિરેક આપે છે—'કોઈ' વખત [illegible]
પણ શરીરી' ઇત્યાદિ. પરંતુ, બહુ શાસ્ત્રોમાં એક બ્રાહ્મણ એકી વખતે અંગભાવ [illegible]
કરવા યોગ્ય નથી એવો અર્થ છે. એકનો અનેકમાં એકી વખત અંગભાવ કહે છે—'[illegible]
વખત એક પણ શરીરી' ઇત્યાદિ. જેમ એક બ્રાહ્મણને ઉદ્દેશીને એકી વખત બહુ [illegible]
સ્કાર કરી શકે છે, તેમ સ્વસ્થાનમાં રહેલા એક દેવને ઉદ્દેશીને ભિન્ન ભિન્ન દેશમાં [illegible]
અનેક યજમાનો એકી વખતે દ્રવ્યત્યાગ કરી શકે—હવિષ્ ઢોળી શકે. તે દેવ ત્યાં અસંનિ[illegible]
તોપણ યજ્ઞને વિષે તેનો અંગભાવ છે: દેવના અનેક અર્થની એકી વખત દષ્ટિ કરવાનું [illegible]
સામર્થ્ય છે તેથી એકી વખત અનેકમાં અંગતા સિદ્ધ થાય છે એમ ઉપપાદન કર્યું છે ॥ ૨૭ ॥

કર્મને વિષે વિરોધ નથી એમ અંગીકાર કરી પૂર્વપક્ષી શબ્દપ્રમાણને વિષે વિરો[illegible]
એમ શંકા કરે છે તેનો પરિહાર સૂત્રકાર કરે છે—'शब्द इति चेत्' ઇત્યાદિ 'અર્થની [illegible]
શબ્દના ઔત્પત્તિક સંબન્ધનો' ઇત્યાદિ. એમાં 'औत्पत्तिकस्तु शब्दस्यार्थेन सं[illegible]
स्तस्य ज्ञानमुपदेशोऽव्यतिरेकश्चार्थेऽनुपलब्धे तत् प्रमाणं बादरायणस्यानपेक्षत्वात्' [illegible]
[જૈમિ૦ ૧।૧।૫] એ જૈમિનિના સૂત્રનો અર્થનો સંદર્ભ કર્યો છે. શબ્દનો અર્થ [illegible]
[illegible] સંબન્ધ ઔત્પત્તિક છે—[illegible] છે, નિત્ય છે, કલ્પિત નથી. 'ઉત્પત્તિ[illegible]
અર્થ 'ઔત્પત્તિક' નો 'સ્વભાવ' થાય છે [illegible] 'उत्पत्तिरिति भाव उच्यते लक्षणया' [illegible]
શબ્દ અને અર્થનો [illegible] અવિયુક્ત છે [illegible] સંબન્ધ નથી [illegible]
[illegible]
[illegible]
[illegible]

બન્ધનો આશ્રય કરીને 'अनपेक्षत्वात्' (અપેક્ષા ન હોવાથી) એમ વેદનું પ્રામાણ્ય સ્થાપેલું છે. પણ હવે જોકે દેવો શરીરી છે એમ સ્વીકારવાથી ઐશ્વર્યયોગથી તે એકી વખતે અનેક કર્મની સાથે સંબન્ધ રાખતાં હવિષોનો ઉપભોગ કરે, તોપણ શરીરના યોગથી આપણી અને બીજાઓની પેઠે તે જન્મ અને મરણવાળા થાય, તેથી નિત્ય શબ્દનો નિત્ય અર્થની સાથે નિત્ય સંબન્ધ પ્રતીયમાન થવાથી વૈદિક શબ્દમાં જે પ્રામાણ્ય છે તેનો વિરોધ થાય એમ જો કહેશો તો અમે કહીએ છીએ કે એ પણ વિરોધ નથી. શાથી? એમાંથી પ્રભવ છે તેથી. એમાંથીજ એટલે વૈદિક શબ્દમાંથીજ દેવાદિ જગત્ પ્રભવ પામે છે. પણ 'जन्माद्यस्य यतः' [બ્રહ્મ૦ ૧।૧।૨] એમાં બ્રહ્મમાંથી જગત્ પ્રભવે છે એમ અવધારણ કર્યું છે; અહિં શબ્દમાંથી પ્રભવે છે એમ કેમ કહ્યું છે? વળી વૈદિક શબ્દથી એનો પ્રભવ સ્વીકારાય

સંકેતને માટે બુદ્ધિની અપેક્ષા ન હોવાથી સાપેક્ષતારૂપ અપ્રામાણ્ય પ્રસક્ત થતું નથી. તેથી 'अनपेक्षत्वात्' (પુરુષબુદ્ધિની અપેક્ષા ન હોવાથી) એમ કહ્યું છે. 'तस्य' તેનું એટલે અલૌકિક શ્રેય સાધવારૂપ જે ધર્મ તેનું જ્ઞાનજનક ઉપદેશ છે. જ્ઞાન=જ્ઞાનકરણ. ઉપદેશ=વિધિવાક્ય. કેવા અર્થનો ઉપદેશ છે? અનુપલબ્ધ-અન્ય પ્રમાણથી અપ્રાપ્ત—એવા ધર્મરૂપ અર્થનો. વળી જ્ઞાનનો અવ્યતિરેક—અબાધ છે. તે ઉત્પન્ન થયેલું જ્ઞાન વિપર્યય પામતું નથી. તેથી અનપેક્ષ—અપેક્ષારહિત હોવાથી તે પ્રમાણ છે. તેને કંઈ અન્ય પ્રતીતિની કે અન્ય પુરુષની અપેક્ષા નથી માટે તે પ્રમાણ છે. બાદરાયણનું એવું મત છે, પોતાનું નથી એમ કહેવાનો અર્થ જૈમિનિનો નથી બાદરાયણનું ગ્રહણ પૂજાર્થક છે. આ પ્રમાણે ઔત્પત્તિક સૂત્રમાં શબ્દ અને અર્થ અનાદિ હોવાથી તેનો સંબન્ધ પણ અનાદિ છે માટે વેદને પોતાના અર્થને માટે અન્ય પ્રમાણની અપેક્ષા નથી તેથી વેદનું પ્રામાણ્ય છે એમ સિદ્ધ કર્યું છે. અત્ર શંકા કરે છે કે હવે દેવતાને શરીરિત્વ સ્વીકાર્યું એટલે શરીરના યોગથી સાવયવત્વ પ્રાપ્ત થવાથી વસુ આદિ દેવોને અનિત્યતા પ્રસક્ત થાય છે. તેથી પૂર્વે વસુ આદિ શબ્દ પોતાના અર્થ સાથે સંબદ્ધ નહોતા; કેમકે તે સમયે સ્વાર્થજ નહોતો. અર્થાત્, શબ્દ અને અર્થનો સંબન્ધ નિત્ય નહોતો. પણ વસુ આદિ ઉત્પન્ન થયે વસુ આદિ શબ્દસંબન્ધ પ્રાદુર્ભૂત થાય છે, માટે જેમ 'દેવદત્ત' આદિ શબ્દનો અર્થ સાથે સંબન્ધ પુરુષબુદ્ધિની અપેક્ષા રાખે છે તેમ એ સંબન્ધ પણ પુરુષબુદ્ધિને અધીન છે. પુરુષબુદ્ધિ અન્યપ્રમાણને અધીન છે, માટે અન્ય પ્રમાણની અપેક્ષા હોવાથી વેદનું પ્રામાણ્ય નથી. દેવોની અનિત્ય શરીરરૂપ વ્યક્તિ સ્વીકારીએ એટલે તેનો શબ્દ સાથે સંબન્ધ પણ અનિત્ય હોવાથી અન્ય પ્રમાણથી વ્યક્તિનું જ્ઞાન પ્રાપ્ત કરીને પુરુષે શબ્દનો સંકેત કરવો એમ અન્ય પ્રમાણની અપેક્ષા હોવાથી વેદનું પ્રામાણ્ય વિરુદ્ધ થાય એવો શંકાનો અર્થ છે. શું શબ્દ અનિત્ય છે માટે શબ્દ અને અર્થનો સંબન્ધ શબ્દનું કાર્ય હોવાથી અનિત્ય છે; કે અર્થ અનિત્ય હોવાથી તજ્જન્ય સંબન્ધ અનિત્ય છે? આદ્યપક્ષ યુક્ત નથી એમ કહે છે—'એ પણ વિરોધ નથી'. કર્મને વિષે વિરોધ નથી તેમ-એવો 'पत्तु' નો અર્થ છે. દેવાદિવ્યક્તિના 'દેવ' આદિ શબ્દ હેતુ છે તેથી શબ્દ વ્યક્તિપૂર્વ હોવાથી અનિત્ય નથી એવો અર્થ છે; અહિં પૂર્વાપરવિરોધની શંકા કરે છે—'પણ "जन्माद्यस्य यतः"' ઇત્યાદિ. બ્રહ્મ જગત્નું ઉપાદાનકારણ છે અને શબ્દ નિમિત્તકારણ છે માટે જગત્ના બંને કારણ છે એ યુક્ત છે. શબ્દ નિમિત્ત હોવાથી બ્રહ્મનો સહકારી છે માટે વિરોધ નથી એમ આશંકા કરી

તો એટલાથી શબ્દમાં વિરોધનો પરિહાર શી રીતે થાય? કેમકે વસુ, રુદ્ર, આદિત્ય, વિશ્વેદેવ અને મરુત્ એ અર્થો અનિત્યજ છે; કારણ કે તેમને ઉત્પત્તિ છે. તેઓ અનિત્ય હોવાથી તેના વાચક વૈદિક 'વસુ' વગેરે શબ્દોનું અનિત્યત્વ શાથી અટકાવાશે? લોકમાં પ્રસિદ્ધજ છે કે દેવદત્તને પુત્ર ઉત્પન્ન થયે 'યજ્ઞદત્ત' એવું તેનું નામ કરાય છે. તેટલા માટે શબ્દને વિષે વિરોધજ છે એમ કહેશો તો ના; કેમકે ગો વગેરે શબ્દ અને અર્થનો સંબન્ધ નિત્ય છે એમ જોવામાં આવે છે. ખરેખર, ગો વગેરે વ્યક્તિને ઉત્પત્તિ છે માટે તેની આકૃતિને પણ ઉત્પત્તિ છે એમ નહિ થાય. દ્રવ્ય, ગુણ અને કર્મની વ્યક્તિઓજ ઉત્પન્ન થાય છે, આકૃતિઓ નહિ; અને શબ્દોનો સંબન્ધ આકૃતિઓ જોડે છે, વ્યક્તિઓ જોડે નહિ; કેમકે વ્યક્તિઓ અનન્ત હોવાથી

દ્વિતીયપક્ષ ઉઠાવે છે—'વળી વૈદિક શબ્દોથી'. ઇત્યાદિ. 'અર્થો અનિત્યજ છે'.— અનિત્ય એટલે સાદિ. જેને આરમ્ભ છે એવું. વ્યક્તિરૂપ અર્થ અનિત્ય હોવાથી શબ્દોના સંબન્ધનું અનિત્યત્વ દુર્વાર-અટકાવવું અશક્ય છે. તેટલા માટે પુરુષના સંબન્ધની અપેક્ષા હોવાથી પ્રામાણ્યનો વિરોધ છે એવો અર્થ છે. વળી વ્યક્તિ અનિત્ય છે તોપણ જેમ ઘટત્વ આદિ જાતિનો ઘટવ્યક્તિ સાથેનો સમવાય નિત્ય છે, તેમ શબ્દસંબન્ધ પણ નિત્ય છે એવી આશંકા યુક્ત નથી; કેમકે શબ્દ અને અર્થનો સંબન્ધ બન્નેને આશ્રયે હોવાથી તે બેમાંથી એક (અર્થ) અનિત્ય હોવાથી તેને અભાવે સંબન્ધ નિત્ય રહે એ યુક્ત નથી તેથી દૃષ્ટાન્ત અસિદ્ધ છે. જેમ 'ગો' આદિ શબ્દનો અર્થ ગોત્વ આદિ જાતિ છે, તેમ 'વસુ' આદિ શબ્દનો અર્થ વસુત્વ આદિ આકૃતિ છે. વ્યક્તિ નથી એમ પ્રામાણ્યવિરોધનો પરિહાર કરે છે—'ના, કેમકે ગો વગેરે શબ્દ અને અર્થનો સંબન્ધ નિત્ય છે' ઇત્યાદિ. શબ્દ અને તેનો અર્થ જાતિ નિત્ય હોવાથી તેમનો સંબન્ધ પણ નિત્ય છે એમ પ્રતિપાદન કરે છે—'ખરેખર, ગો વગેરે વ્યક્તિને' ઇત્યાદિ. 'વ્યક્તિઓ અનન્ત હોવાથી' ઇત્યાદિ—જો વૃદ્ધવ્યવહારથી એક વ્યક્તિને વિષે શક્તિગ્રહ થાય તો અન્ય વ્યક્તિ અનુપસ્થિત હોવાથી તેને વિષે શક્તિગ્રહનો અસંભવ થશે અને તે વ્યક્તિને ઉદ્દેશીને પ્રવૃત્ત થયેલા શબ્દથી અર્થબોધ નહિ થાય, માટે સર્વ વ્યક્તિમાં અનુગત જાતિને વિષે શક્તિગ્રહ યુક્ત છે. આ દૂષણ કેવલવ્યક્તિપક્ષમાં છે એમ સમજવું; કેમકે શબ્દશક્તિને અધીન જે જાતિજ્ઞાન તેનો વ્યક્તિ (વ્યક્તિ વગર જાતિ અનુપપન્ન છે એ અનુપપત્તિનું જ્ઞાન થયા વગરજ) વિષય હોવાથી ઉભય (વ્યક્તિ અને જાતિ બન્ને) ને વિષે શક્તિ આવશ્યક છે; માટે નિત્યજાતિતાદાત્મ્યથી વ્યક્તિ પણ અનાદિ હોવાથી તેનો સંબન્ધ પણ અનાદિ છે, કેમકે સત્કાર્યવાદનો સ્વીકાર છે. ડિત્થ આદિ શબ્દો કેવલવ્યક્તિવાચક છે અને વ્યક્તિથી અનન્તર (લાકડા પછીજ) ઉત્પન્ન થયેલા છે તેથી સાંકેતિક છે; પણ ગો આદિ શબ્દ તો વ્યક્તિપ્રભવના હેતુ છે તેથી વ્યક્તિથી પૂર્વે વર્તમાન છે, માટે વ્યક્તિમાત્રવાચક સાંકેતિક નથી; પણ સ્થૂલ સૂક્ષ્મભાવથી વ્યક્તિને વિષે અનુગત થયેલું અને વ્યક્તિથી અવિનાભૂત એવું જે સામાન્ય તેના વાચક છે એમ સમજવું. ઇન્દ્રાદિ વ્યક્તિ એક હોવાને લીધે જાતિનો અભાવ હોવાથી આકાશશબ્દની પેઠે ઇન્દ્ર, ચન્દ્ર. આદિ શબ્દો કેવલવ્યક્તિવાચક છે એમ કહેવું યુક્ત નથી; કેમકે અતીત અને અનાગત વ્યક્તિઓ ભિન્ન છે તેથી જાતિ ઉપપન્ન થશે. દૃષ્ટાન્તનો ઉપસંહાર કરી દાર્ષ્ટાન્તિક કહે છે—

---

૧ વર્ણોથી અર્થની અભિવ્યક્તિ થાય છે એ પક્ષમાં.

તેમની સાથે સંબન્ધ લેવો યુક્ત નથી. વ્યક્તિઓ ઉત્પન્ન થાય છે તોપણ આકૃતિઓ નિત્ય હોવાથી ગો વગેરે શબ્દોમાં કંઈ વિરોધ દેખાતો નથી. તેમજ દેવાદિ વ્યક્તિનો પ્રભવ સ્વીકારાય છે તોપણ આકૃતિ નિત્ય હોવાથી 'વસુ' વગેરે શબ્દોમાં કંઈ પણ વિરોધ નથી એમ સમજવું. દેવાદિની વિશિષ્ટ આકૃતિઓ તો મન્ત્ર, અર્થવાદ વગેરેથી શરીરિત્વ વગેરેની અવગતિ થવાથી સમજવાની છે. સેનાપતિ વગેરે શબ્દોની પેઠે ઇન્દ્ર વગેરે શબ્દો વિશિષ્ટ સ્થાનના સંબન્ધથી થયા છે. તેથી જે જે તે તે સ્થાનનું અધિરોહણ કરે છે તેનું તેનું ઇન્દ્રાદિ શબ્દોથી અભિધાન થાય છે એટલે દોષ થશે નહિ; અને જગત્ શબ્દમાંથી ઉત્પન્ન થાય છે એ, બ્રહ્મમાંથી ઉત્પન્ન થાય છે તેની પેઠે ઉપાદાનકારણના અભિપ્રાયથી કહ્યું નથી. ત્યારે કેવી રીતે? નિત્ય અર્થની સાથે સંબન્ધ ધરાવતો નિત્ય શબ્દ વાચકસ્વરૂપે હોય છે ત્યારે શબ્દવ્યવહારયોગ્ય અર્થની નિષ્પત્તિ થાય છે, માટે શબ્દમાંથી પ્રભવ થાય છે એમ કહે છે. પણ શબ્દમાંથી જગત્ પ્રભવે છે એમ શી રીતે સમજાય છે? પ્રત્યક્ષ અને અનુમાનથી. પ્રત્યક્ષ એટલે શ્રુતિ, કેમકે તેના પ્રામાણ્ય માટે કોઈની અપેક્ષા નથી. અનુમાન એટલે સ્મૃતિ, કેમકે તેના પ્રામાણ્ય માટે અપેક્ષા છે. ખરેખર, તેઓ શબ્દપૂર્વ સૃષ્ટિ દર્શાવે છે. 'एत इति वै प्रजापतिर्देवानसृजतासृग्रमिति मनुष्यानिन्दव इति पितॄंस्तिरःपवित्रमिति ग्रहानाशव इति स्तोत्रं विश्वानीति शस्त्रमभिसौभगेत्यन्याः प्रजाः' (ખરેખર, 'एते' એ પદનું સ્મરણ કરી પ્રજાપતિએ દેવોને સૃજ્યા, 'असृग्रम्' પદ સ્મરી મનુષ્યોને, 'इन्दवः' સ્મરી પિતૃઓને, 'तिरः पवित्रम्' સ્મરી [1]ગ્રહોને, 'आशवः' સ્મરી સ્તોત્રને,

'વ્યક્તિઓ ઉત્પન્ન થાય છે તોપણ' ઇત્યાદિ. પણ તે કઈ વ્યક્તિ છે કે જેમાં અનુગત થયેલી ઇન્દ્રત્વ આદિ જાતિ શબ્દાર્થ થાય તેને માટે કહે છે—'દેવાદિની વિશિષ્ટ આકૃતિઓ તો' ઇત્યાદિ. સહસ્રાક્ષત્વ આદિથી અભિવ્યઙ્ગ્ય જે જાતિવિશેષ તે ઇન્દ્રત્વ આદિ છે એમ સમજવું. 'वज्रहस्तः पुरन्दरः' ઇત્યાદિ મન્ત્રથી એમ સમજવું. ઇન્દ્રાદિ શબ્દોની જાતિ ઇન્દ્રાદિ શબ્દોનું પ્રવૃત્તિનિમિત્ત છે એમ કહી ઉપાધિનિમિત્ત કહે છે—'સેનાપતિ વગેરે શબ્દોની પેઠે' ઇત્યાદિ. ત્રિભુવનાધિપતિત્વ આદિ ઉપાધિવિશેષ છે. વ્યક્તિનો પ્રલય થાય તોપણ સ્થાન સ્થાયી હોવાથી શબ્દાર્થસંબન્ધ નિત્ય છે તેથી કહે છે—'જે જે તે તે સ્થાનનું' ઇત્યાદિ. પૂર્વાપરવિરોધ ઉપર કહ્યો છે તેનો પરિહાર કરે છે—'અને જગત્ શબ્દમાંથી'—ઇત્યાદિ. શબ્દ નિમિત્તકારણ છે માટે અવિરોધ છે એમ માની સૂત્રોની અવતરણિકા આપે છે—'પણ શબ્દમાંથી જગત્ પ્રભવે છે' ઇત્યાદિ. પોતાના પ્રમાણને માટે સ્મૃતિ મૂળભૂત શ્રુતિની અપેક્ષા રાખે છે, જેમ અનુમાન અન્વયવ્યાપ્તિની અપેક્ષા રાખે છે તેમ; માટે સાપેક્ષત્વરૂપ સામ્યથી સ્મૃતિને અનુમાન કહ્યું છે તેથી અનુમાન એટલે સ્મૃતિ સમજવું. 'एते असृग्रमिन्दवस्तिरः पवित्रमाशवः विश्वान्यभि सौभगा' એ મન્ત્રસ્થ પદોએ સ્મરણ કરી બ્રહ્માએ દેવાદિને સર્જ્યા છે. તેમાં 'एते' એ પદ સર્વનામ હોવાથી દેવોનું સ્મારક છે. असृक्=રુધિર. રુધિરપ્રધાન દેહમાં જે રમે તે असृग्र, અર્થાત્, મનુષ્ય. 'असृग्रम्' શબ્દ મનુષ્યોનો સ્મારક છે. ચન્દ્રમંડળમાં રહેલા પિતૃઓનો સ્મારક 'इन्दवः' શબ્દ છે. પવિત્ર સોમસ્થાનનો તિરસ્કાર કરનાર પાત્રોનો 'तिरः पवित्रम्' શબ્દ સ્મારક છે. ઝડપથી વ્યાપ્ત થનારાં સ્તોત્રોનું 'आशवः' પદ સ્મારક છે, પ્રયોગમાં ...

૧ ગ્રહણ કરનાર પાત્રોને.

'चित्राणि' સ્મરી શસ્ત્રને, અને 'अभिसौभगा' સ્મરી અન્ય પ્રજાને) એ શ્રુતિ. તેમજ બીજે સ્થળે પણ 'स मनसा वाचं मिथुनं समभवत्' [બૃહ૦ ૧।૨।૪] (તે પ્રજાપતિએ મન સાથે ત્રયીલક્ષણ વાણીને દ્વન્દ્વભાવ પમાડી) ઇંત્યાદિથી સ્થળે સ્થળે શ્રુતિ શબ્દપૂર્વક સૃષ્ટિનું શ્રવણ કરાવે છે. સ્મૃતિ પણ—'अनादिनिधना नित्या वागुत्सृष्टा स्वयंभुवा । आदौ वेदमयी दिव्या यतः सर्वाः प्रवृत्तयः ॥' (આરંભમાં સ્વયંભૂએ અનાદિ અને અનન્ત, નિત્ય, દિવ્ય, વેદમયી વાણીનો ઉત્સર્ગ કર્યો, જેમાંથી સર્વ પ્રવૃત્તિઓ થઈ). વાણીનો એ ઉત્સર્ગ પણ સંપ્રદાયપ્રવર્તનાસ્વરૂપજ સમજવો; કેમકે અનાદિ અને અનન્ત વાણીનો બીજા પ્રકારનો ઉત્સર્ગ સંભવિત નથી. તેમજ 'नामरूपं च भूतानां कर्मणां च प्रवर्तनम् । वेदशब्देभ्य एवादौ निर्ममे स महेश्वरः॥' [મનુ૦ ૧।૨૧] (તે મહેશ્વરે આરંભમાં વેદશબ્દોથીજ, ભૂતોનાં નામ અને રૂપ અને કર્મોનું પ્રવર્તન સરજ્યું) અને 'सर्वेषां तु स नामानि कर्माणि च पृथक् पृथक् । वेदशब्देभ्य एवादौ पृथक्संस्थाश्च निर्ममे ॥' (તેણે આરંભમાં સર્વનાં પૃથક્ પૃથક્ નામ અને કર્મો અને પૃથક્ સ્થિતિ—એ સર્વ વેદ શબ્દોથીજ સરજ્યું). વળી ચિકીર્ષિત વસ્તુ કરનાર તે વસ્તુનો વાચક શબ્દ પૂર્વે સ્મરીને પછી તે વસ્તુ કરે છે એ આપણે બધાને પ્રત્યક્ષ છે. તેમજ પ્રજાપતિ સ્રષ્ટાને પણ સૃષ્ટિપૂર્વે વૈદિક શબ્દો મનમાં પ્રાદુર્ભૂત થયા. પછી શબ્દને અનુગત અર્થો-વસ્તુઓને તેણે સર્જી એમ સમજાય છે. તેમજ 'स भूरिति व्याहरत् स भूमिमसृजत' [તૈત્તિ૦ બ્રા૦ ૨।૨।૪।૨](તેણે ભૂઃ એમ ઉચ્ચાર કર્યો, તેણે ભૂમિ સર્જી) ઇત્યાદિ શ્રુતિ મનમાં પ્રાદુર્ભાવ પામેલા ભૂર્ વગેરે શબ્દોથીજ ભૂર્ વગેરે લોકો સર્જાયા છે એમ દર્શાવે છે. પણ કેવા સ્વરૂપવાળા શબ્દને ઉદ્દેશીને શબ્દમાંથી આ જગતની સૃષ્ટિ કહી છે ? સ્ફોટ એમ કહે છે. ખરેખર, વર્ણપક્ષમાં, વર્ણો ઉત્પન્ન અને વિનાશી

થનાર શસ્ત્રોનું સ્મારક 'चित्राणि' પદ છે. 'अभिसौभगा' પદ સર્વત્ર સૌભાગ્યયુક્ત પ્રજાનું સ્મારક છે. આ પ્રમાણે તે તે પદોથી દેવાદિનું સ્મરણ કરીને પ્રજાપતિએ તેમને સરજ્યા. એમ શ્રુતિ શબ્દપૂર્વક સૃષ્ટિ પ્રતિપાદન કરે છે. એજ અર્થની બીજી શ્રુતિ કહે છે—''स मनसा वाचम्' ઇત્યાદિ. તે પ્રજાપતિએ મનની સાથે વાણીને મિથુનભાવ પમાડી. ત્રયીપ્રકાશિત સૃષ્ટિનું મનથી આલોચન કર્યું. 'स भूरिति व्याहरत स भूमिमसृजत' ઇત્યાદિ વાક્યો 'ઇત્યાદિથી'માં 'આદિ' શબ્દથી સમજવાં. 'સંપ્રદાય'=ગુરુશિષ્યની પરંપરાથી ચાલતું અધ્યયન. જેમ કાલિદાસાદિ કુમારસંભવ વગેરેના કર્તા છે તેમ સ્વયંભૂ વેદનો કર્તા નથી. સ્વયંભૂ વેદનો સ્વતન્ત્ર કર્તા નથી, પણ પૂર્વસૃષ્ટિને અનુસારે કર્તા છે. વળી આ સૃષ્ટિમાં પણ એમજ જણાય છે તેથી પૂર્વ સૃષ્ટિમાં પણ એમજ હોવું જોઈએ એમ કહે છે—'વળી ચિકીર્ષિત વસ્તુ કરનાર' ઇત્યાદિ. શબ્દનું સ્વરૂપ કહેવા માટે આક્ષેપ કરે છે—'કેવા સ્વરૂપવાળા શબ્દને ઉદ્દેશીને' ઇત્યાદિ. વર્ણરૂપ શબ્દ છે કે સ્ફોટરૂપ છે એવો 'કેવા સ્વરૂપવાળા'નો અર્થ છે. તેમાં વર્ણો અનિત્ય હોવાથી અને સ્ફોટને વેદાન્તીઓ સ્વીકારતા નથી તેથી શબ્દ જગત્નો હેતુ નથી એમ આક્ષેપ કરી વૈયાકરણ દ્વિતીય પક્ષ-સ્ફોટપક્ષ ગ્રહણ કરે છે—'સ્ફોટ એમ કહે છે.' 'स्फुटयते वर्णैर्व्यज्यते इति स्फोटः' એ પ્રમાણે સ્ફોટ એટલે અર્થવ્યંજક શબ્દ. 'સ્ફોટ એમ કહે છે'. 'સ્ફોટ'=સ્ફોટને ઉદ્દેશીને શબ્દમાંથી જગત્ની સૃષ્ટિ કહી છે એમ સમજવું. વૈયાકરણજ આદ્યપક્ષના—વર્ણરૂપ શબ્દ છે એ પક્ષના—દોષો કહેવે છે—'ખરેખર, વર્ણ-

હોવાથી નિત્ય શબ્દોમાંથી દેવાદિ વ્યક્તિઓનો પ્રભવ થાય છે એ યુક્ત થતું નથી. વર્ણો ઉત્પન્ન થાય છે કે તરત વિનાશી છે; કેમકે પ્રત્યુચ્ચારસમયે જુદી જુદી રીતે પ્રતીત થાય છે; જેમકે કોઈક પુરુષ અદૃશ્યમાન હોય તોપણ તેના અધ્યયનના ધ્વનિ સાંભળવાથીજ એ દેવદત્ત અધ્યયન કરે છે કે યજ્ઞદત્ત અધ્યયન કરે છે તે વિશેષ રીતે નિર્ધારિત કરી શકાય છે. વળી વર્ણસંબન્ધી આ જુદી જુદી પ્રતીતિ મિથ્યાજ્ઞાન નથી; કેમકે એ પ્રતીતિની બાધ કરનારી પ્રતીતિનો અભાવ છે. તેમજ વર્ણોમાંથી અર્થની અવગતિ યુક્ત નથી. ખરેખર, એકેક વર્ણ અર્થની પ્રતીતિ કરાવી શકે નહિ; કેમકે વ્યભિચાર થાય. તેમજ વર્ણના સમુદાયમાંથી પણ અર્થની પ્રતીતિ થતી નથી; કેમકે વર્ણોને ક્રમ છે. પૂર્વ પૂર્વ વર્ણના અનુભવથી ઉત્પન્ન થયેલા સંસ્કાર સાથે અન્ત્ય વર્ણ અર્થની પ્રતીતિ કરાવશે એમ જો કહેશો તો તેમ નહિ; કેમકે, શબ્દને સંબન્ધ ગ્રહણ કરવાની અપેક્ષા છે, માટે પોતે પ્રતીત થતો અર્થની પ્રતીતિ કરાવે, ધૂમાદિની પેઠે. પણ પૂર્વ પૂર્વ વર્ણના અનુભવથી ઉત્પન્ન થયેલા સંસ્કાર સાથે અન્ત્ય વર્ણની પ્રતીતિ થતી નથી, કેમકે સંસ્કારો અપ્રત્યક્ષ છે. કાર્યથી પ્રતીત થયેલા સંસ્કારો સાથે

પણામાં' ઇત્યાદિ. સોઽયં ગકારઃ (આ તેજ ગકાર છે) એમ પ્રત્યભિજ્ઞાથી વર્ણ નિત્ય છે એમ સિદ્ધ થવાથી કંઈ અનુપપત્તિ નથી તેથી કહે છે—'વર્ણો ઉત્પન્ન થાય છે કે તરત વિનાશી છે' ઇત્યાદિ. ધીમો ગકાર છે, તીવ્ર ગકાર છે એમ પ્રતીયમાન ગકારમા ભેદનુ અનુમાન થવાથી પ્રત્યભિજ્ઞા જાત્યભિજ્ઞ્નિને ઘટતી છે, વર્ણને ઘટતી નથી એવો અર્થ છે. પણ ધીમાપણુ, તીવ્રાપણુ વગેરે જે વિરુદ્ધ ધર્મો ગકારને વિષે જણાય છે તે ભ્રમ છે, કેમકે તેનો ઉપાધિ ધ્વનિ છે, ધ્વનિને લીધે એ ભ્રમ જણાય છે તેને નકી કહે છે કે—'વર્ણસંબન્ધી આ જુદી જુદી પ્રતીતિ' ઇત્યાદિ. આ રીતે વર્ણો અનિત્ય હોવાથી તેઓ જગતના હેતુ નથી. વળી વર્ણમાંથી અર્થનો બોધ થવો યુક્ત નથી તેથી સ્ફોટનો અંગીકાર કરવો જોઈએ એમ કહે છે—'તેમજ વર્ણોમાંથી અર્થની અવગતિ' ઇત્યાદિ. 'કેમકે વ્યભિચાર થાય'=એક વર્ણમાંથી અર્થની પ્રતીતિ જોવામાં આવતી નથી અને અન્ય વર્ણ વ્યર્થ થવાનો પ્રસંગ આવે તેથી. ત્યારે વર્ણોનો સમુદાય અર્થબોધક છે એમ આશંકા કરી વર્ણ ક્ષણિક હોવાથી તેમ નથી એમ કહે છે—'તેમજ વર્ણના સમુદાયમાંથી' ઇત્યાદિ. વર્ણો સ્વતઃ સમુદાય પામતા નથી તોપણ સંસ્કારદ્વારા પામે છે એમ શંકા કરે છે—'પૂર્વ પૂર્વ વર્ણના' ઇત્યાદિ. શું એ સંસ્કાર વર્ણો ઉત્પન્ન કરે છે અને કીર્તિ આપે છે કે વર્ણાનુભવ ઉત્પન્ન કરે છે અને તે ભાવનાત્મક સંસ્કાર છે? આદ્યપક્ષ યુક્ત નથી, કેમકે તેને માટે પ્રમાણ નથી. વળી એ સંસ્કાર અજ્ઞાત રહી કે જ્ઞાત થઈ અર્થનું જ્ઞાન ઉત્પન્ન કરે છે? એનો પણ આદ્યપક્ષ યુક્ત નથી એમ કહે છે—'તેમ નહિ. કેમકે શબ્દને' ઇત્યાદિ. 'અનેકવાર દૃષ્ટ શબ્દ જ્ઞાત થઈને અર્થની પ્રતીતિ કરાવે છે, સમ્બન્ધગ્રહણની અપેક્ષાથી હોવાથી; ધૂમની પેઠે'—એમ અનુમાન છે. જેમ અગ્નિ સાથેના ધૂમના સંબન્ધનું ગ્રહણ થાય તેમ ધૂમ જ્ઞાત થઈ અગ્નિનો બોધ કરાવે, તેમ અર્થ સાથેના શબ્દના સંબન્ધનું ગ્રહણ થાય તેમ શબ્દ જ્ઞાત થઈ અર્થનું જ્ઞાન કરાવે. હવે એ સંસ્કાર જ્ઞાત થઈ અર્થની પ્રતીતિ કરાવે છે તે એ પ્રત્યક્ષથી જ્ઞાત થાય છે કે અનુમાનથી—કાર્યથી? આદ્ય પક્ષ યુક્ત નથી એમ કહે છે—'પણ પૂર્વપૂર્વ વર્ણના અનુભવથી' ઇત્યાદિ. બીજા પક્ષની શંકા કરે છે—'કાર્યથી પ્રતીત થયેલા' ઇત્યાદિ. 'કાર્ય'=અર્થજ્ઞાન. અર્થજ્ઞાન થઈ સંસ્કારજ્ઞાન થાય અને

અન્ત્ય વર્ણ અર્થની પ્રતીતિ કરાવશે એમ જો કહેશો તો ના, કેમકે સંસ્કારનું જે સ્મરણ તે પણ ક્રમિક છે. તેટલા માટે સ્ફોટજ શબ્દ છે. તે સ્ફોટ એકેક વર્ણ પ્રતીતિએ જેમાં સંસ્કારરૂપ બીજ મૂકેલું છે અને અન્ત્ય વર્ણની પ્રતીતિએ જે પરિપાક ઉત્પન્ન કર્યો છે એવા પ્રતીતિ કરનાર ચિત્તમાં એક પ્રતીતિના વિષય તરી એકદમ પ્રકાશે છે; અને એ એક પ્રતીતિ વર્ણસંબંધી સ્મૃતિ નથી; કેમકે વર્ણો અને હોવાથી તેઓ એક પ્રતીતિના વિષય થાય એ યુક્ત નથી. તેની પ્રત્યુચ્ચારણસમ પ્રત્યભિજ્ઞા થવાથી તે નિત્ય છે: કારણ કે ભેદપ્રતીતિ વર્ણના સંબન્ધમાં છે. તેટલા મા

જ્ઞાન થયે અર્થજ્ઞાન થાય એમ અન્યોન્યાશ્રય દોષ આવે એમ કહે છે—'ના. કેમકે સંસ્કા રનું કાર્ય' ઇત્યાદિ. પદાર્થસ્મરણ પદજ્ઞાનની પછી થાય છે તેથી સંસ્કારસહિત અન્ત્યવર્ણ ક્રમિક પદનું જ્ઞાન તે સ્મરણથી થાય છે એમ માનવું યુક્ત નથી એવો અક્ષરાર્થ છે. ક્રમભાવી સ્મરણથી અનુમિત સંસ્કારો પણ ક્રમિક હોવાથી સાથે રહેતા નથી, તેથી તેની સાથે અન્ત્ય વર્ણની પ્રતીતિ થશે નહિ એવો અર્થ છે. 'જે સ્મરણ તે પણ' એમાં 'પણ' અન્યોન્યા શ્રયદ્યોતક છે આથી ભાવનાસંસ્કારપક્ષનો પણ નિરાસ થયો સમજવો. કેમકે તેથી માત્ર વર્ણસ્મૃતિજ થાય છે માટે અર્થપ્રતીતિનો તે હેતુ થાય એ યુક્ત નથી. વળી કેવલસંસ્કાર વર્ણસ્મૃતિનો હેતુ છે અને અન્ત્યવર્ણસહિત થવાથી અર્થપ્રતીતિનો હેતુ છે એમ શંકા કરવી એ યુક્ત નથી. કેમકે અર્થપ્રતીતિ થયા પહેલાં ભાવના જ્ઞાન નથી, તેથી તે અર્થપ્રતીતિનો હેતુ થાય છે એમ પણ શંકા કરવી યુક્ત નથી. વર્ણસ્મરણથી અનુમાન કરાવતી ભાવના અન્ત્યવર્ણસહિત અર્થપ્રતીતિનો હેતુ થાય વર્ણનો અનુભવ થયા પછી થાય છે માટે તે વર્ણસ્મરણથી અનુમાન કરાવતી ભાવના. અન્ત્ય વર્ણની સાથે રહી નથી એવો અર્થ છે. કેમકે ભાવનાનું કાર્ય જે ક્રમિક વર્ણસ્મરણ તે પણ અન્ત્ય વર્ણો અર્થબોધક થાય એ સંભવિત નથી એમ થયે સ્ફોટ કહે છે—'તેટલા માટે સ્ફોટજ શબ્દ છે'. સ્ફોટને વિષે પણ શું પ્રમાણ છે એમ અપેક્ષા થતી એક પદ એવા પ્રત્યક્ષપ્રમાણ છે એમ કહે છે—'તે સ્ફોટ એકેક વર્ણની' ઇત્યાદિ. જેમ રત્નનું તત્ત્વ બહુ તેમપ્રતીતિથી સ્ફુટ ભાસે છે, તેમ ગકારાદિપદસ્ફોટ, ગકારાદિ એકેક વર્ણરૂપ પ્રતીતિઓએ જે ચિત્તને વિષે સંસ્કારરૂપ બીજ રોપ્યું છે, અને અન્ત્યવર્ણરૂપ પ્રતીતિએ પરિપાક—અન્ત્ય સંસ્કાર ઉત્પન્ન કર્યો છે તે ચિત્તને વિષે એક ગૌઃ એ પદ એવી એક પ્રતીતિ પ્રત્યક્ષ સ્ફોટના વિષય તરીકે સ્પષ્ટ ભાસે છે એવો અર્થ છે. જેમ ભિન્ન ભિન્ન દર્શનના સંસ્કારનો જેમાં પરિપાક છે એવા ચિત્તમાં રત્નતત્ત્વ પ્રકાશે છે તેમ ઉપર કહ્યું છે તેવા ચિત્તમાં વિચાર વિના એકદમજ આ એક શબ્દ છે એવા પ્રતીતિના વિષય તરીકે સ્ફોટ પ્રકાશે છે એક વર્ણથી કંઈ સ્ફોટની સમ્યક્ અભિવ્યક્તિ થતી નથી કે જેથી બીજા વર્ણ વ્યર્થ થાય. પરંતુ રત્નની પેઠે બહુ પ્રતીતિના સંસ્કારવાળા ચિત્તમાં સમ્યક્ સ્ફોટની અભિવ્યક્તિ થાય છે એવું તાત્પર્ય છે. પણ એક પદ, એક વાક્ય એવી પ્રતીતિ પદસ્ફોટ અને વાક્યસ્ફોટનું પ્રમાણ—સાધક નથી; કેમકે તે પ્રતીતિ વર્ણસમૂહની સ્મૃતિ છે એમ આશંકા કરી નિષેધ કરે છે—'અને એ એક પ્રતીતિ' ઇત્યાદિ. અનેકને વિષે એકત્વબુદ્ધિ ભ્રમ હોવાથી પદાદિપ્રતીતિવિષય સ્ફોટજ છે એમ સમજવું. સ્ફોટ પણ ઉત્પત્તિવાળો—ઉત્પન્ન થાય તેથીજ વિનાશી—હોવાથી તે જગતનું કારણ થઈ શકે નહિ એમ આશંકા કરી કહે છે—'તેની પ્રત્યુચ્ચારણસમયે' ઇત્યાદિ. પણ જ આ પદ છે' એવી પ્રત્યભિજ્ઞા ભ્રમ છે; કેમકે ઉદાત્તાદિ ભેદની પ્રતીતિ થાય છે એવી છે—'ભેદપ્રતીતિ વર્ણના સંબન્ધમાં છે'. હવે સ્વપક્ષ નિર્ણય કરી સિદ્ધાન્ત કહે

સ્ફોટરૂપ નિત્ય,વાચક શબ્દમાંથી ક્રિયા, કારક અને ફળલક્ષણ જગત્ જે વાચ્ય છે તે ઉત્પન્ન થાય છે એમ. ભગવાન્ ઉપવર્ષ કહે છે કે 'वर्णा एव तु शब्दः' (વર્ણજ શબ્દ છે). પણ વર્ણો તો ઉત્પન્ન થાય છે કે તેવાજ વિનાશશીલ છે એમ કહ્યું છે. તેમ નહિ; કેમકે તેજ છે એમ પ્રત્યભિજ્ઞા થાય છે. જો કેશાદિમાં થાય છે તેમ સાદૃશ્યથી પ્રત્યભિજ્ઞાન થાય છે એમ કહેશો તો ના; કેમકે પ્રત્યભિજ્ઞાનનો અન્ય પ્રમાણથી બાધ અયુક્ત છે. જો પ્રત્યભિજ્ઞાન આકૃતિથી થાય છે એમ કહેશો તો ના; કેમકે વ્યક્તિનું પ્રત્યભિજ્ઞાન થાય છે. ખરેખર, જો પ્રત્યુચ્ચારણમમાં ગો વગેરે વ્યક્તિની પેઠે અન્ય અન્ય વર્ણવ્યક્તિઓની પ્રતીતિ થાય તો પ્રત્યભિજ્ઞાનનું નિમિત્ત આકૃતિ થાય; પણ તેમ નથી; કેમકે પ્રત્યુચ્ચારણમમાં વર્ણવ્યક્તિનુંજ પ્રત્યભિજ્ઞાન થાય છે. બે વાર ગોશબ્દ ઉચ્ચારાયો એવી પ્રતીતિ થાય છે; પણ બે ગોશબ્દ ઉચ્ચાર્યા એવી પ્રતીતિ થતી નથી. પણ ઉચ્ચારના ભેદથી વર્ણની ભિન્ન પ્રતીતિ થાય છે, દેવદત્ત અને યજ્ઞદત્તના અધ્યયનધ્વનિ સાંભળવાથીજ ભેદ પ્રતીત થાય છે એમ કહ્યું છે. એને વિષે કહીએ છીએ—વર્ણવિષયમાં પ્રત્યભિજ્ઞાન નિશ્ચિત થયું એટલે વર્ણો (તાલુઆદિ સ્થાનો સાથે [illegible] વાયુના) સંયોગ અને વિભાગથી વ્યક્ત થાય છે તેથી વર્ણ વિષે જે વિચિત્ર પ્રતીતિ

છે—'वर्णा एव शब्दः' ઇત્યાદિ. વર્ણથી અન્ય સ્ફોટાત્મક શબ્દ અનુભવમાં આવ્યો નથી એવું સૂચવે છે. તેજ વર્ણો છે એવી પ્રત્યભિજ્ઞા ભ્રાન્તિજ છે. કેમકે એમાં સાદૃશ્યનો [illegible] છે, એ તેજ નથી, પણ તત્સદૃશ છે—એવી શંકા કરે છે—'જેમ કેશાદિમાં થાય છે તેમ' ઇત્યાદિ. [illegible] પછી તેજ આ કેશ છે એવી પ્રતીતિ ભ્રાન્તિ છે એ યુક્ત છે; કેમકે તેમાં [illegible] પ્રતીતિનો વિરોધ છે—કેશ તેજ નથી પણ તેના જેવા છે માટે પ્રતીતિમાં ભેદ છે અને એ ભિન્ન પ્રતીતિ [illegible] પ્રતીતિથી વિરુદ્ધ છે. પણ 'તેજ આ વર્ણ છે' એ પ્રતીતિ તો પ્રમા છે, કેમકે એ જ્ઞાનનું કંઈ બાધક નથી એમ કહે છે—'પ્રત્યભિજ્ઞાનનો અન્ય પ્રમાણથી' ઇત્યાદિ. જેમ ગો(વ્યક્તિ)ની પ્રત્યભિજ્ઞા ગોત્વનિમિત્ત છે તેમ વર્ણોની પ્રત્યભિજ્ઞા [illegible] છે એમ શંકા કરે છે—'જો પ્રત્યભિજ્ઞાન આકૃતિથી થાય છે' ઇત્યાદિ. [illegible] ભેદ સિદ્ધ હોય તો પ્રત્યભિજ્ઞાનું નિમિત્ત જાતિ થાય, 'જે મેં [illegible] જોઈ તેજ [illegible]' [illegible] હોય છે તેમ; પણ અહિં તેવી રીતે વ્યક્તિભેદ સિદ્ધ નથી એમ [illegible] છે—'ના, કેમકે વ્યક્તિનું પ્રત્યભિજ્ઞાન થાય છે'. તેજ [illegible] કરે છે—'જો પ્રત્યભિજ્ઞાન આકૃતિથી' ઇત્યાદિ. 'તેમ નથી'—'તેમ'=અન્ય અન્ય વર્ણવ્યક્તિની પ્રતીતિ. [illegible] વગેરે [illegible] વર્ણના [illegible] વ્યક્તિભેદ અનુમાનસિદ્ધ છે એમ અનુવાદ કરે છે—'પણ ઉચ્ચારના ભેદથી' ઇત્યાદિ. [illegible] [illegible] [illegible] છે એમ [illegible] છે તેમ, તેવી અન્યથા સિદ્ધ છે. [illegible] [illegible] છે એવી જે પ્રત્યભિજ્ઞા [illegible] [illegible] છે અને જે અન્યથાસિદ્ધ નથી તે પ્રત્યભિજ્ઞાથી [illegible] [illegible] છે એમ [illegible] કરે છે—'એને વિષે કહીએ છીએ' ઇત્યાદિ. [illegible] [illegible] [illegible] ભિન્ન [illegible] અને ભિન્ન નહિ [illegible] [illegible] છે [illegible] [illegible] પ્રતીતિ [illegible] છે એવો અર્થ છે. [illegible] [illegible] [illegible]

[illegible] [illegible] [illegible]

થાય છે તેનું નિમિત્ત અભિવ્યંજકની વિચિત્રતા છે, સ્વરૂપ નથી. વળી વર્ણવ્યક્તિ ભિન્ન છે એ મતવાળાને પણ પ્રત્યભિજ્ઞાન સિદ્ધ કરવા માટે વર્ણોની આકૃતિઓ કલ્પવી પડશે અને તેને વિષે ભેદપ્રતીતિ અન્ય ઉપાધિનિમિત્ત થાય છે એમ સ્વીકારવું પડશે. તેટલા માટે વર્ણવ્યક્તિઓમાંજ અન્ય ઉપાધિથી ભેદપ્રતીતિ થાય છે અને પ્રત્યભિજ્ઞાન સ્વરૂપથીજ થાય છે એવી કલ્પનામાં લાઘવ છે માટે વધારે સારી છે. વર્ણોનું પ્રત્યભિજ્ઞાન થાય છે એજ તેને વિષે ભેદપ્રતીતિનો બાધ કરનારી પ્રતીતિ છે: કેમકે એકજ કાળે બહુ ઉચ્ચાર કરનારાઓનો એકજ ગકાર એકી વખતે ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત, સાનુનાસિક અને નિરનુનાસિક એમ અનેક રૂપ કેવી રીતે થાય? અથવા આ પ્રતીતિભેદ ધ્વનિથી થાય છે, વર્ણથી થતો નથી એટલે દોષ નથી. પણ એ ધ્વનિ એટલે શું? દૂરથી સાંભળનાર, જે વર્ણવિવેક સમજી શકતો નથી, તેને કાને જે સંભળાય છે. તે (ધ્વનિ) પાસે આવનાર પુરુષના સંબંધમાં પટુત્વ, મૃદુત્વ આદિ પોતાના ભેદનો વર્ણોમાં આરોપ કરે છે. તેથી ઉદાત્ત આદિ વિશેષ ઉત્પન્ન થાય છે. વર્ણસ્વરૂપથી ઉત્પન્ન થતા નથી: કેમકે વર્ણોનું ઉચ્ચારણસમયે પ્રત્યભિજ્ઞાન થાય છે. એમ થશે એટલે ઉદાત્તાદિ પ્રતીતિ આધારભૂત થશે. ખરેખર, બીજી

ધ્વનિ: સ્વર ભેદ નથી એમ કહે છે—'વળી વર્ણવ્યક્તિ ભિન્ન છે' ઇત્યાદિ. અનન્ત ગકાર વગેરે વ્યક્તિઓ, તેને વિષે પ્રત્યભિજ્ઞાને માટે ગત્વાદિ જાતિઓ, અને તેને વિષે ઉદાત્તાદિ ભેદ ઔપાધિક છે એવી ગુરુકલ્પના કરતાં વર્ણવ્યક્તિનો ભેદમાત્ર ઔપાધિક છે એટલી લઘુ કલ્પનાજ વધારે સારી છે; માટે અનન્ત વ્યક્તિ અને જાતિની કલ્પના અયુક્ત છે એવો અર્થ છે. પણ ભેદને બાધક ન હોવાથી ઔપાધિક નથી એવી શંકાનું સમાધાન કરે છે—'વર્ણોનું પ્રત્યભિજ્ઞાન થાય છે એજ' ઇત્યાદિ. ત્યારે બન્ને પ્રતીતિના પ્રામાણ્ય માટે ભેદ અને અભેદ બન્નેને સત્ય માનો તેને માટે કહે છે—'કેમકે એકજ કાળે' ઇત્યાદિ. બે વસ્તુઓ એક થાય એ વિરુદ્ધ હોવાથી ભેદ ઔપાધિક છે એવો અર્થ છે. પણ વાયુ [illegible] વગેરે અતીન્દ્રિય હોવાથી તેમાં રહેલું ઉદાત્ત વગેરે જે વૈવિધ્ય તેનો વર્ણને વિષે પ્રત્યક્ષ આરોપ સંભવતો નથી એવી આશંકા કરીને બીજી [illegible] સમાધાન કહે છે—'અથવા આ પ્રતીતિભેદ' ઇત્યાદિ. ઉદાત્ત વગેરે ધ્વનિના ધર્મો ધ્વનિના અભેદથી વર્ણોને વિષે અધ્યાસ કરી—વર્ણ ધ્વનિથી ભિન્ન નથી એમ માની—વર્ણોને વિષે જણાય છે એવો અર્થ છે. પ્રશ્નપૂર્વક ધ્વનિસ્વરૂપ કહે છે—'પણ એ ધ્વનિ એટલે શું?'. 'જે સંભળાય છે' 'તે ધ્વનિ' એમ શેષ સમજવું. વર્ણથી અન્ય શબ્દ ધ્વનિ છે એવો અર્થ છે. પાસે આવેલા પુરુષના સંબંધમાં પટુત્વ, મન્દત્વ આદિ ધ્વનિના ધર્મો વર્ણોમાં ધ્વનિ પોતેજ આરોપ કરે છે. તેને ધ્વનિના ધર્મો વર્ણોમાં હોય એમ લાગે છે એમ કહે છે—'તે (ધ્વનિ) પાસે આવનાર પુરુષના સંબંધમાં' ઇત્યાદિ. 'મૃદુત્વ આદિ'માં 'આદિ' પદનું વિવરણ કરે છે—'તેથી ઉદાત્તાદિ વિશેષ' ઇત્યાદિ. 'તેથી'=ધ્વનિથી. પણ [illegible] ધ્વનિ છે તેથી ભિન્ન નથી એમ કહ્યું છે તો વર્ણોને વિષે ધ્વનિગત ભેદપ્રતીતિ શી રીતે તેને માટે કહે છે—'વર્ણોનું ઉચ્ચારણસમયે પ્રત્યભિજ્ઞાન થાય છે'. પ્રત્યભિજ્ઞાનથી વર્ણોની અનુવૃત્તિ [illegible] છે, ધ્વનિ [illegible] થાય છે તેથી ભેદ છે એવો અર્થ છે. જો એમ ન હોય તો [illegible] (જ્ય કરી [illegible]) જે [illegible] છે તેમને ધ્વનિ [illegible] અને [illegible] વગેરેનો ધ્વનિ જે [illegible]

રીતે તો વર્ણોની પ્રત્યભિજ્ઞા થાય છે ત્યારે તેમાં ભેદ ન હોવાથી ઉદાત્તાદિ [1]વિશેષ સંયોગ અને વિભાગથી થાય છે એમ કલ્પવું પડશે. સંયોગ અને વિભાગ અપ્રત્યક્ષ હોવાથી વર્ણોમાં તેને આધારે ભેદ નિશ્ચિત કરવા શક્ય નથી તેથી આ ઉદાત્તાદિ પ્રતીતિ નિરાધારજ થશે. વળી વર્ણોની પ્રત્યભિજ્ઞા થાય છે ત્યારે ઉદાત્તાદિ ભેદોથી તેનો ભેદ થશે એમ આગ્રહ રાખવો યુક્ત નથી; કેમકે એકના ભેદથી, બીજું જે ભિન્ન થતું નથી, તેનો ભેદ થવો યુક્ત નથી. ખરેખર, વ્યક્તિના ભેદથી જાતિ ભિન્ન છે એમ માનતા નથી. વળી વર્ણોથી અર્થપ્રતીતિનો સંભવ હોવાથી સ્ફોટની કલ્પના પ્રયોજનરહિત છે. પણ હું સ્ફોટ કલ્પતો નથી, એની મને પ્રત્યક્ષ અવગતિ થાય છે; કેમકે એકેક વર્ણના ગ્રહણથી જેને વિષે સંસ્કાર થયો છે એવી બુદ્ધિને વિષે જલદી પ્રત્યવભાસ થાય છે એમ કહેશો તો, ના, કેમકે એ બુદ્ધિ પણ વર્ણનેજ વિષે છે. ખરેખર, એકેક વર્ણનું ગ્રહણ થયા પછીના કાળમાં गौः (ગાય) એમ સમસ્ત વર્ણને વિષે એ એક બુદ્ધિ થાય છે, અર્થાન્તરને વિષે થતી નથી. એ શી રીતે સમજાય છે? કેમકે એ બુદ્ધિમાં પણ ગકારાદિ વર્ણોની અનુવૃત્તિ થાય છે, દકારાદિની નહિ. જો ગકારાદિથી અન્ય અર્થ એ બુદ્ધિનો વિષય થાત તો તેથી દકારાદિને પેઠે ગકારાદિ પણ એ બુદ્ધિને ભિન્ન લાગત. પણ તેમ નથી. તેટલા માટે

ત્રથી સમજાય છે તેને વિષે 'આ અવ્યક્ત વર્ણ છે' એવી બુદ્ધિ થાય. આ પ્રમાણે ધ્વનિને ઉપાધિ લેવાના સ્વમતમાં લાભ કહેતા ભાષ્યકાર વાયુને ઉપાધિ ગણવામાં પૂર્વે કહેલી અરુચિ દર્શાવે છે—'એમ થશે એટલે' ઇત્યાદિ. 'એમ કલ્પવું પડશે'. ભલે, તેમાં શો દોષ છે તેને માટે કહે છે—'સંયોગ અને વિભાગ અપ્રત્યક્ષ હોવાથી' ઇત્યાદિ. વાયુસંયોગ વગેરે શ્રવણગોચર નથી તેથી એમ સમજવું. તેટલા માટે શ્રવણગોચર ધ્વનિજ ઉદાત્તત્વ આદિ આરોપનો ઉપાધિ છે એવું તાત્પર્ય છે. આ પ્રમાણે વિરુદ્ધ ધર્મવાળા ધ્વનિનો ભેદ છે તોપણ તેમાં અનુગત થયેલા વર્ણોમાં ભેદ થતો નથી એમ કહ્યું છે. તેજ દૃષ્ટાન્તથી દૃઢ કરે છે—'વળી વર્ણોની પ્રત્યભિજ્ઞા થાય છે ત્યારે' ઇત્યાદિ. જેમ વિરુદ્ધ અનેક ગોવ્યક્તિને વિષે ગોત્વ અભિન્ન છે તેમ ધ્વનિને વિષે વર્ણ અભિન્ન છે એવો અર્થ છે. પ્રત્યભિજ્ઞાથી વર્ણોનું સ્થાયિત્વ સાધીને તેમનુંજ વાચકત્વ કહેવા માટે સ્ફોટનું નિરાકરણ કરે છે—'વળી વર્ણોથી અર્થપ્રતીતિનો સંભવ હોવાથી' ઇત્યાદિ. કલ્પનાને સહન ન કરતો આશંકા કરે છે—'પણ હું સ્ફોટ કલ્પતો નથી'. દર્પણયુક્ત બુદ્ધિને વિષે નેત્રથી મુખ પ્રત્યક્ષ થાય છે તેમ વર્ણયુક્ત બુદ્ધિને વિષે શ્રોત્રથીજ અન્ય હેતુ વગર સ્ફોટ પ્રત્યક્ષ થાય છે એમ કહે છે—'જલદી પ્રત્યવભાસ થાય છે'. જે જ્ઞાનમાં જે અર્થ ભાસે છે તે જ્ઞાનમાં તે પ્રમાણ છે. એકપદ એવી બુદ્ધિમાં વર્ણો ભાસે છે, તેથી અતિરિક્ત સ્ફોટ ભાસતો નથી, માટે સ્ફોટને વિષે તે બુદ્ધિ પ્રમાણ નથી એમ કહે છે—'ના, કેમકે એ બુદ્ધિ પણ' ઇત્યાદિ. પણ એકપદ એ બુદ્ધિનો સ્ફોટ વિષય છે, ગકારાદિ તો વ્યંજક હોવાથી અનુવૃત્ત થાય છે તેને માટે કહે છે—'એ ગકારાદિથી અન્ય' ઇત્યાદિ. કેમકે વ્યંગ્ય વહ્નિની બુદ્ધિને વિષે વ્યંજક ધૂમની અનુવૃત્તિ જોવામાં આવતી નથી એમ સમજવું. વર્ણસમૂહાલમ્બન ઉપપન્ન છે તેથી સ્ફોટ કલ્પવો યુક્ત નથી; કેમકે અન્યપદાર્થની કલ્પનામાં ગૌરવ થાય એમ કહે છે—'તેટલા માટે એ એકબુદ્ધિ'

1 ભેદ.

એ એકબુદ્ધિ વર્ણવિવેચનીય સ્મૃતિ છે. પણ વર્ણો અનેક હોવાથી તેમાં એકબુદ્ધિના વિષય થાય એ યુક્ત નથી એમ કહ્યું છે. તેનું નિરાકરણ કરીએ છીએ. અનેક પણ એક બુદ્ધિના વિષય થાય એ સંભવે છે; જેમકે 'પંક્તિ,' 'વન,' 'સેના,' 'શત,' 'સહસ્ર' ઇત્યાદિમાં જોવામાં આવે છે. 'ગૌઃ' (ગાય) એ એક શબ્દ છે એવી જે બુદ્ધિ છે તે ઔપચારિક છે; અને બહુ વર્ણવિષય એક અર્થના અવચ્છેદને આધારે છે. જેમ 'વન,' 'સેના' વગેરે વિષે બુદ્ધિ છે તેમ. અહીં કહે છે—જો વર્ણવિષય સમસ્તપણે એક બુદ્ધિના વિષય થઈ જાય તો રાસ, સાર, સરિ, રિસ ઇત્યાદિમાં ભિન્ન ભાની પ્રતીતિ ન થાય. કેમકે એકજ વર્ણો બંને સ્થળે પ્રત્યવભાસ થાય છે. એને વિષે કહીએ છીએ. સમસ્ત વર્ણોનો અવમર્શ થાય છે તોપણ જેમ ક્રમને અનુસરનારીજ કીડીઓ વિષે પંક્તિની પ્રતીતિ થાય છે, તેમ ક્રમમાં રહેનારાજ વર્ણો વિષે ભાની બુદ્ધિ થશે. તેમાં વર્ણોમાં ભેદ નથી તોપણ ભિન્ન ભિન્ન ક્રમથી થવાથી ભિન્ન ભિન્ન ભાની પ્રતીતિ વિરુદ્ધ નથી. ક્રમાદિ પ્રમાણે ગ્રહણ કરવાથી એ વર્ણોના વૃદ્ધવ્યવહારમાં ભિન્ન ભિન્ન અર્થ સાથે સંબંધ ગ્રહણ કરાય છે એટલે પોતાના વ્યવહારમાં પણ એક વર્ણનું ગ્રહણ થયા પછી સમસ્તનો અવમર્શ કરનારી બુદ્ધિને વિષે તેવોજ પ્રત્યવભાસ કરતા જુદા જુદા અર્થોની અભિવ્યક્તિસહિત પ્રતીતિ કરાવી

ઇત્યાદિ. અમોને વિષે એકબુદ્ધિ થાય છે એમ કહ્યું છે તે સ્મરણ કરાવે છે—'પણ વર્ણો અનેક હોવાથી' ઇત્યાદિ. અમો હવે તોપણ તેનું [illegible] એકજ યુક્ત થાય એમ કહે છે—'અનેક પણ એકબુદ્ધિના વિષય' ઇત્યાદિ. પણ એ દૃષ્ટાન્તમાં [illegible] વગેરે ઉપાધિ છે [illegible] છે તેને માટે કહે છે—'ગાય એ એક શબ્દ છે' ઇત્યાદિ. [illegible] 'જો વર્ણવિષય સમસ્ત' ઇત્યાદિ. [illegible] છે એમ [illegible] કરે છે—'એને વિષે કહીએ છીએ'. [illegible] ઇત્યાદિ. [illegible]

1 [illegible]

એ એકબુદ્ધિ વર્ણવિષયનીજ સ્મૃતિ છે. પણ વર્ણો અનેક હોવાથી તેઓ એકબુદ્ધિના વિષય થાય એ યુક્ત નથી એમ કહ્યું છે. તેનું નિરાકરણ કરીએ છીએ. અનેક પણ એક બુદ્ધિના વિષય થાય એ સંભવે છે; કેમકે 'પંક્તિ,' 'વન,' 'સેના,' 'દશ,' 'શત' 'સહસ્ર' ઇત્યાદિમાં જોવામાં આવે છે. 'ગૌઃ' (ગાય) એ એક શબ્દ છે એવી જે બુદ્ધિ છે તે ઔપચારિક છે; અને બહુ વર્ણોમાંજ એક અર્થના અવચ્છેદને આધારે છે, જેમ 'વન,' 'સેના' વગેરે વિષે બુદ્ધિ છે તેમ. અહિં કહ્યું છે—જો વર્ણોજ સમસ્તપણે એક બુદ્ધિના વિષય થઈ પદ થાય તો जारा, राजा, कपि, पिक ઇત્યાદિમાં ભિન્ન પદની પ્રતીતિ ન થાય; કેમકે એકજ વર્ણોનો બંને સ્થળે પ્રત્યવભાસ થાય છે. એને વિષે કહીએ છીએ. સમસ્ત વર્ણોનો અવમર્શ થાય છે તોપણ જેમ ક્રમને અનુસરનારીજ કીડીઓ વિષે પંક્તિની પ્રતીતિ થાય છે, તેમ ક્રમમાં રહેનારાજ વર્ણો વિષે પદની બુદ્ધિ થશે. તેમાં વર્ણોમાં ભેદ નથી તોપણ ભિન્ન ભિન્ન ક્રમથી થવાથી ભિન્ન ભિન્ન પદની પ્રતીતિ વિરુદ્ધ નથી. ક્રમાદિ પ્રમાણે ગ્રહણ કરાયલા એ વર્ણોનો વૃદ્ધવ્યવહારમાં ભિન્ન ભિન્ન અર્થ સાથે સંબંધ ગ્રહણ કરાય છે એથી પોતાના વ્યવહારમાં પણ એક એક વર્ણનું ગ્રહણ થયા પછી સમસ્તનો અવમર્શ કરનારી બુદ્ધિને વિષે તેવાજ પ્રત્યવભાસ કરતા જુદા જુદા અર્થોની વ્યભિચારરહિત પ્રતીતિ કરાવશે

ઇત્યાદિ. અનેકને વિષે એકબુદ્ધિ ભ્રમ છે એમ કહ્યું છે તે સ્મરણ કરાવે છે—'પણ વર્ણો અનેક હોવાથી' ઇત્યાદિ. અનેક હોય તોપણ તેનું ઔપાધિક એકત્વ યુક્ત થાય એમ કહે છે—'અનેક પણ એકબુદ્ધિના વિષય' ઇત્યાદિ. પણ એ દૃષ્ટાન્તોમાં એકદેશ વગેરે ઉપાધિ છે, પ્રકૃતમાં [illegible] છે તેને સ્પષ્ટ કહે છે—'ગાય એ એક શબ્દ છે' ઇત્યાદિ. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ઇત્યાદિ [illegible] [illegible] —'એને વિષે કહીએ છીએ'. [illegible] —'વૃદ્ધવ્યવહારમાં' ઇત્યાદિ. [illegible]

---

૧ કપિ-પિક એ એ બંનેમાં [illegible]

રીતે તો વર્ણોની પ્રત્યભિજ્ઞા થાય છે ત્યારે તેમાં ભેદ ન હોવાથી ઉદાત્તાદિ વિશેષ સંયોગ અને વિભાગથી થાય છે એમ કલ્પવું પડશે. સંયોગ અને વિભાગ અપ્રત્યક્ષ હોવાથી વર્ણોમાં તેને આધારે ભેદ નિશ્ચિત કરવા શક્ય નથી તેથી આ ઉદાત્તાદિ પ્રતીતિ નિરાધારજ થશે. વળી વર્ણોની પ્રત્યભિજ્ઞા થાય છે ત્યારે ઉદાત્તાદિ ભેદથી તેનો ભેદ થશે એમ આગ્રહ રાખવો યુક્ત નથી; કેમકે એકના ભેદથી, બીજું જે ભિન્ન થતું નથી, તેનો ભેદ થવો યુક્ત નથી. ખરેખર, વ્યક્તિના ભેદથી જાતિ ભિન્ન છે એમ માનતા નથી. વળી વર્ણોથી અર્થપ્રતીતિનો સંભવ હોવાથી સ્ફોટની કલ્પના પ્રયોજનરહિત છે. પણ હું સ્ફોટ કલ્પતો નથી, એની મને પ્રત્યક્ષ અવગતિ થાય છે; કેમકે એકેક વર્ણના ગ્રહણથી જેને વિષે સંસ્કાર થયો છે એવી બુદ્ધિને વિષે જલદી પ્રત્યવભાસ થાય છે એમ કહેશો તો, ના, કેમકે એ બુદ્ધિ પણ વર્ણનેજ વિષે છે. ખરેખર, એકેક વર્ણનું ગ્રહણ થયા પછીના કાળમાં ગૌઃ (ગાય) એમ સમસ્ત વર્ણને વિષે એ એક બુદ્ધિ થાય છે, અર્થાન્તરને વિષે થતી નથી. એ શી રીતે સમજાય છે? કેમકે એ બુદ્ધિમાં પણ ગકારાદિ વર્ણોની અનુવૃત્તિ થાય છે, દકારાદિની નહિ. જો ગકારાદિથી અન્ય અર્થ એ બુદ્ધિનો વિષય થાત તો તેથી દકારાદિને પેઠે ગકારાદિ પણ એ બુદ્ધિને ભિન્ન લાગત. પણ તેમ નથી. તેટલા માટે

ત્રથી સમજાય છે તેને વિષે 'આ અવ્યક્ત વર્ણ છે' એવી બુદ્ધિ થાય. આ પ્રમાણે ધ્વનિને ઉપાધિ લેવાના સ્વમતમાં લાભ કહેતા ભાષ્યકાર વાયુને ઉપાધિ ગણવામાં પૂર્વે કહેલી અરુચિ દર્શાવે છે—'એમ થશે એટલે' ઇત્યાદિ. 'એમ કલ્પવું પડશે'. ભલે, તેમાં શો દોષ છે તેને માટે કહે છે—'સંયોગ અને વિભાગ અપ્રત્યક્ષ હોવાથી' ઇત્યાદિ. વાયુસંયોગ વગેરે શ્રવણગોચર નથી તેથી એમ સમજવું. તેટલા માટે શ્રવણગોચર ધ્વનિજ ઉદાત્તત્વ આદિ આરોપનો ઉપાધિ છે એવું તાત્પર્ય છે. આ પ્રમાણે વિરુદ્ધ ધર્મવાળા ધ્વનિનો ભેદ છે તોપણ તેમાં અનુગત થયલા વર્ણોમાં ભેદ થતો નથી એમ કહ્યું છે. તેજ દૃષ્ટાન્તથી દૃઢ કરે છે—'વળી વર્ણોની પ્રત્યભિજ્ઞા થાય છે ત્યારે' ઇત્યાદિ. જેમ વિરુદ્ધ અનેક ગોવ્યક્તિને વિષે ગોત્વ અભિન્ન છે તેમ ધ્વનિને વિષે વર્ણ અભિન્ન છે એવો અર્થ છે. પ્રત્યભિજ્ઞાથી વર્ણોનું સ્થાયિત્વ સાધીને તેમનુંજ વાચકત્વ કહેવા માટે સ્ફોટનું નિરાકરણ કરે છે—'વળી વર્ણોથી અર્થપ્રતીતિનો સંભવ હોવાથી' ઇત્યાદિ. કલ્પનાને સહન ન કરતો આશંકા કરે છે—'પણ સ્ફોટ કલ્પતો નથી'. દર્પણયુક્ત બુદ્ધિને વિષે નેત્રથી મુખ પ્રત્યક્ષ થાય છે તેમ વર્ણયુક્ત [illegible] વિષે શ્રોત્રથીજ અન્ય હેતુ વગર સ્ફોટ પ્રત્યક્ષ થાય છે એમ કહે છે—'જલદી પ્રત્યવભાસ થાય છે'. જે જ્ઞાનમાં જે અર્થ ભાસે છે તે જ્ઞાનમાં તે પ્રમાણ છે. એકપદ [illegible] વર્ણો ભાસે છે, તેથી અતિરિક્ત સ્ફોટ ભાસતો નથી, માટે સ્ફોટને વિષે તે બુદ્ધિ [illegible] એમ કહે છે—'ના, કેમકે એ બુદ્ધિ પણ' ઇત્યાદિ. પણ એકપદ એ બુદ્ધિનો [illegible] ભિન્ન છે, ગકારાદિ તો વ્યંજક હોવાથી અનુવૃત્ત થાય છે તેને માટે કહે છે—'જો [illegible] ' ઇત્યાદિ. કેમકે વ્યંગ્ય વહ્નિની બુદ્ધિને વિષે વ્યંજક ધૂમની અનુવૃત્તિ [illegible] [illegible] એમ સમજવું. વર્ણસમૂહાલમ્બન ઉપપન્ન છે તેથી સ્ફોટ કલ્પવો મુશ્કેલ [illegible] કલ્પનામાં ગૌરવ થાય એમ કહે છે—'તેટલા માટે એ એકબુદ્ધિ'

એ એકબુદ્ધિ વર્ણવિષેનીજ સ્મૃતિ છે. પણ વર્ણો અનેક હોવાથી તેઓ
દ્ધિના વિષય થાય એ યુક્ત નથી એમ કહ્યું છે. તેનું નિરાકરણ કરીએ છીએ. અનેક
ણ એક બુદ્ધિના વિષય થાય એ સંભવે છે; કેમકે 'પંક્તિ,' 'વન,' 'સેના,' 'દશ,' 'શત'
હસ્ર' ઇત્યાદિમાં જોવામાં આવે છે. 'ગૌઃ' (ગાય) એ એક શબ્દ છે એવી જે
દ્ધિ છે તે ઔપચારિક છે; અને બહુ વર્ણોમાંજ એક અર્થના અવચ્છેદને આધારે
જેમ 'વન,' 'સેના' વગેરે વિષે બુદ્ધિ છે તેમ. અહિં કહે છે—જો વર્ણોજ સમસ્ત-
એક બુદ્ધિના વિષય થઈ પદ થાય તો જારા, રાજા, કપિ, પિક ઇત્યાદિમાં ભિન્ન
ની પ્રતીતિ ન થાય; કેમકે એકજ વર્ણોનો બન્ને સ્થળે પ્રત્યવભાસ થાય છે. એને
કહીએ છીએ. સમસ્ત વર્ણોનો અવમર્શ થાય છે તોપણ જેમ ક્રમને અનુસ-
રીજ કીડીઓ વિષે પંક્તિની પ્રતીતિ થાય છે, તેમ ક્રમમાં રહેનારાજ વર્ણો વિષે
l બુદ્ધિ થશે. તેમાં વર્ણોમાં ભેદ નથી તોપણ ભિન્ન ભિન્ન ક્રમથી થયલા ભિન્ન
પદની પ્રતીતિ વિરુદ્ધ નથી. ક્રમાદિ પ્રમાણે ગ્રહણ કરાયલા એ વર્ણોનો વૃદ્ધ-
ારમાં ભિન્ન ભિન્ન અર્થ સાથે સંબંધ ગ્રહણ કરાય છે એટલે પોતાના વ્યવહા-
ણ એકેક વર્ણનું ગ્રહણ થયા પછી સમસ્તનો અવમર્શ કરનારી બુદ્ધિને વિષે
પ્રત્યવભાસ કરતા જુદા જુદા અર્થોની વ્યભિચારરહિત પ્રતીતિ કરાવશે

અનેકને વિષે એકત્વબુદ્ધિ ભ્રમ છે એમ કહ્યું છે તે સ્મરણ કરાવે છે—'પણ વર્ણો
હોવાથી' ઇત્યાદિ. અનેક હોય તોપણ તેનું ઔપાધિક એકત્વ યુક્ત થાય એમ કહે
નેક પણ એકબુદ્ધિના વિષય' ઇત્યાદિ. પણ એ દૃષ્ટાન્તોમાં એકદેશ વગેરે ઉ-
પ્રકૃતમાં કોણ ઉપાધિ છે તેને માટે કહે છે—'ગાય એ એક શબ્દ છે' ઇત્યાદિ.
ને વિષે જે 'શંકા તે એકપદ. એક પ્રધાન અર્થને વિષે જે તાત્પર્યવાળું તે એક વાક્ય.
નો એક અર્થની સાથે સંબંધ હોવાથી અનેકને વિષે એકત્વનો ઉપચાર સમજવો. પણ
કરે કે એક પદનું જ્ઞાન થયે એક અર્થનું જ્ઞાન થાય છે અને એક અર્થનું જ્ઞાન થયે
જ્ઞાન થાય છે એમ અન્યોન્યાશ્રય દોષ આવે છે તો તે શંકા યુક્ત નથી, કેમકે અર્થ-
કેટલાક વર્ણો એક સ્મૃતિનો વિષય થઈ એક અર્થની બુદ્ધિ ઉત્પન્ન કરે છે તેથી
નિશ્ચય થાય છે. ઉત્તમ વૃદ્ધે કહેલા વર્ણોમાં ક્રમે અન્ત્ય વર્ણ સાંભળી બાળકની
ાં બધા વર્ણો આવે છે અને મધ્યમ વૃદ્ધને પ્રવૃત્ત થતો જોઈ તેથી અનુમાન કરી
નિશ્ચય થયે એક પદનો નિશ્ચય થાય છે. પણ વર્ણ સરખા હોય છે તોપણ પદનો ભેદ
છે તેથી સ્ફોટ સ્વીકારવો જોઈએ એમ શંકા કરે છે—'જો વર્ણોજ સમસ્તપણે'
ભેદથી વર્ણોનેજ વિષે પદભેદની દૃષ્ટિ છે એમ પરિહાર કરે છે—'એને વિષે કહીએ
નિત્ય અને વિભુ વર્ણોનો ક્રમ શી રીતે તેમજ પદજ્ઞાનથી અર્થજ્ઞાન શી રીતે થાય
હે છે—'વૃદ્ધવ્યવહારમાં' ઇત્યાદિ. વ્યુત્પત્તિદશામાં બાળક વૃદ્ધવ્યવહાર જોઈ
l ઉપલબ્ધિક્રમનો ઉપલમ્ભ થતા વર્ણોમાં આરોપ કરીને આ વર્ણો આ ક્રમમાં અને
ારે આ અર્થના વાચક છે એમ સમજે છે અને તેમ સમજાઈ તે વર્ણો એનાને
જ પ્રમાણે સ્મૃતિમાં પ્રવિષ્ટ થઈ પોતપોતાના અર્થનો બોધ કરે છે એવો અર્થ

તાથી જે એક અર્થવાચક હોય તે એક પદ.

રીતે તો વર્ણોની પ્રત્યભિજ્ઞા થાય છે ત્યારે તેમાં ભેદ ન હોવાથી ઉદાત્તાદિ વિશેષ સંયોગ અને વિભાગથી થાય છે એમ કલ્પવું પડશે. સંયોગ અને વિભાગ અપ્રત્યક્ષ હોવાથી વર્ણોમાં તેને આધારે ભેદ નિશ્ચિત કરવા શક્ય નથી તેથી આ ઉદાત્તાદિ પ્રતીતિ નિરાધારજ થશે. વળી વર્ણોની પ્રત્યભિજ્ઞા થાય છે ત્યારે ઉદાત્તાદિ ભેદોથી તેનો ભેદ થશે એમ આગ્રહ રાખવો યુક્ત નથી; કેમકે એકના ભેદથી, બીજું જે ભિન્ન થતું નથી, તેનો ભેદ થવો યુક્ત નથી. ખરેખર, વ્યક્તિના ભેદથી જાતિ ભિન્ન છે એમ માનતા નથી. વળી વર્ણોથી અર્થપ્રતીતિનો સંભવ હોવાથી સ્ફોટની કલ્પના પ્રયોજનરહિત છે. પણ હું સ્ફોટ કલ્પતો નથી, એની મને પ્રત્યક્ષ અવગતિ થાય છે; કેમકે એકેક વર્ણના ગ્રહણથી જેને વિષે સંસ્કાર થયો છે એવી બુદ્ધિને વિષે જલદી પ્રત્યવભાસ થાય છે એમ કહેશો તો, ના, કેમકે એ બુદ્ધિ પણ વર્ણોનેજ વિષે છે. ખરેખર, એકેક વર્ણનું ગ્રહણ થયા પછીના કાળમાં गौः (ગાય) એમ સમસ્ત વર્ણોને વિષે એ એક બુદ્ધિ થાય છે, અર્થાન્તરને વિષે થતી નથી. એ શી રીતે સમજાય છે? કેમકે એ બુદ્ધિમાં પણ ગકારાદિ વર્ણોની અનુવૃત્તિ થાય છે, દકારાદિની નહિ. જો ગકારાદિથી અન્ય અર્થ એ બુદ્ધિનો વિષય થાત તો તેથી દકારાદિને પેઠે ગકારાદિ પણ એ બુદ્ધિને ભિન્ન લાગત. પણ તેમ નથી. તેટલા માટે

ત્રથી સમજાય છે તેને વિષે 'આ અવ્યક્ત વર્ણ છે' એવી બુદ્ધિ થાય. આ પ્રમાણે ધ્વનિને ઉપાધિ લેવાના સ્વમતમાં લાભ કહેતા ભાષ્યકાર વાયુને ઉપાધિ ગણવામાં પૂર્વે કહેલી અરુચિ દર્શાવે છે—'એમ થશે એટલે' ઇત્યાદિ. 'એમ કલ્પવું પડશે'. ભલે, તેમાં શો દોષ છે તેને માટે કહે છે—'સંયોગ અને વિભાગ અપ્રત્યક્ષ હોવાથી' ઇત્યાદિ. વાયુસંયોગ વગેરે શ્રવણગોચર નથી તેથી એમ સમજવું. તેટલા માટે શ્રવણગોચર ધ્વનિજ ઉદાત્તત્વ આદિ આરોપનો ઉપાધિ છે એવું તાત્પર્ય છે. આ પ્રમાણે વિરુદ્ધ ધર્મવાળા ધ્વનિનો ભેદ છે તોપણ તેમાં અનુગત થયલા વર્ણોમાં ભેદ થતો નથી એમ કહ્યું છે. તેજ દૃષ્ટાન્તથી દૃઢ કરે છે—'વળી વર્ણોની પ્રત્યભિજ્ઞા થાય છે ત્યારે' ઇત્યાદિ. જેમ વિરુદ્ધ અનેક ગોવ્યક્તિને વિષે ગોત્વ અભિન્ન છે તેમ ધ્વનિને વિષે વર્ણ અભિન્ન છે એવો અર્થ છે. પ્રત્યભિજ્ઞાથી વર્ણોનું સ્થાયિત્વ સાધીને તેમનુંજ વાચકત્વ કહેવા માટે સ્ફોટનું નિરાકરણ કરે છે—'વળી વર્ણોથી અર્થપ્રતીતિનો સંભવ હોવાથી' ઇત્યાદિ. કલ્પનાને સહન ન કરતો આશંકા કરે છે—'પણ હું સ્ફોટ કલ્પતો નથી'. દર્પણયુક્ત બુદ્ધિને વિષે નેત્રથી મુખ પ્રત્યક્ષ થાય છે તેમ વર્ણયુક્ત બુદ્ધિને વિષે શ્રોત્રથીજ અન્ય હેતુ વગર સ્ફોટ પ્રત્યક્ષ થાય છે એમ કહે છે—'જલદી પ્રત્યવભાસ થાય છે'. જે જ્ઞાનમાં જે અર્થ ભાસે છે તે જ્ઞાનમાં તે પ્રમાણ છે. એકપદ એવી બુદ્ધિમાં વર્ણો ભાસે છે, તેથી અતિરિક્ત સ્ફોટ ભાસતો નથી, માટે સ્ફોટને વિષે તે બુદ્ધિ પ્રમાણ નથી એમ કહે છે—'ના, કેમકે એ બુદ્ધિ પણ' ઇત્યાદિ. પણ એકપદ એ બુદ્ધિનો સ્ફોટ વિષય છે, ગકારાદિ તો વ્યંજક હોવાથી અનુવૃત્ત થાય છે તેને માટે કહે છે—'જો ગકારાદિથી અન્ય' ઇત્યાદિ. કેમકે વ્યંગ્ય વહ્નિની બુદ્ધિને વિષે વ્યંજક ધૂમની અનુવૃત્તિ જોવામાં આવતી નથી એમ સમજવું. વર્ણસમૂહાલમ્બન ઉપપન્ન છે તેથી સ્ફોટ કલ્પવો યુક્ત નથી કેમકે અન્યપદાર્થની કલ્પનામાં ગૌરવ થાય એમ કહે છે—'તેટલા માટે એ એકબુદ્ધિ' ઇ૦.

એ એકબુદ્ધિ વર્ણવિષેનીજ સ્મૃતિ છે. પણ વર્ણો અનેક હોવાથી તેઓ એકબુદ્ધિના વિષય થાય એ યુક્ત નથી એમ કહ્યું છે. તેનું નિરાકરણ કરીએ છીએ. અનેક પણ એક બુદ્ધિના વિષય થાય એ સંભવે છે; કેમકે 'પંક્તિ,' 'વન,' 'સેના,' 'દશ,' 'શત' 'સહસ્ર' ઇત્યાદિમાં જોવામાં આવે છે. 'ગૌઃ' (ગાય) એ એક શબ્દ છે એવી જે બુદ્ધિ છે તે ઔપચારિક છે; અને બહુ વર્ણોમાંજ એક અર્થના અવચ્છેદને આધારે છે. જેમ 'વન,' 'સેના' વગેરે વિષે બુદ્ધિ છે તેમ. અહિં કહે છે—જો વર્ણોજ સમસ્તપણે એક બુદ્ધિના વિષય થઈ પદ થાય તો जारा, राजा, कपि, पिक ઇત્યાદિમાં ભિન્ન પદની પ્રતીતિ ન થાય; કેમકે એકજ વર્ણોનો બંને સ્થળે પ્રત્યવભાસ થાય છે. એને વિષે કહીએ છીએ. સમસ્ત વર્ણોનો અવમર્શ થાય છે તોપણ જેમ ક્રમને અનુસરનારીજ કીડીઓ વિષે પંક્તિની પ્રતીતિ થાય છે, તેમ ક્રમમાં રહેનારાજ વર્ણો વિષે પદની બુદ્ધિ થશે. તેમાં વર્ણોમાં ભેદ નથી તોપણ ભિન્ન ભિન્ન ક્રમથી થયલા ભિન્ન ભિન્ન પદની પ્રતીતિ વિરુદ્ધ નથી. ક્રમાદિ પ્રમાણે ગ્રહણ કરાયલા એ વર્ણોનો વૃદ્ધવ્યવહારમાં ભિન્ન ભિન્ન અર્થ સાથે સંબંધ ગ્રહણ કરાય છે એટલે પોતાના વ્યવહારમાં પણ એકેક વર્ણનું ગ્રહણ થયા પછી સમસ્તનો અવમર્શ કરનારી બુદ્ધિને વિષે તેવોજ પ્રત્યવભાસ કરતા જુદા જુદા અર્થોની વ્યભિચારરહિત પ્રતીતિ કરાવશે

ઇત્યાદિ. અનેકને વિષે એકત્વબુદ્ધિ ભ્રમ છે એમ કહ્યું છે તે સ્મરણ કરાવે છે—'પણ વર્ણો અનેક હોવાથી' ઇત્યાદિ. અનેક હોય તોપણ તેનું ઔપાધિક એકત્વ યુક્ત થાય એમ કહે છે—'અનેક પણ એકબુદ્ધિના વિષય' ઇત્યાદિ. પણ એ દૃષ્ટાન્તોમાં એકદેશ વગેરે ઉપાધિ છે, પ્રકૃતમાં કીયુ ઉપાધિ છે તેને માટે કહે છે—'ગાય એ એક શબ્દ છે' ઇત્યાદિ. એક અર્થને વિષે જે [1]શક્ત તે એકપદ. એક પ્રધાન અર્થને વિષે જે તાત્પર્યવાળુ તે એક વાક્ય. એમ અનેકનો એક અર્થની સાથે સંબંધ હોવાથી અનેકને વિષે એકત્વનો ઉપચાર સમજવો. પણ કોઈક શંકા કરે કે એક પદનું જ્ઞાન થયે એક અર્થનું જ્ઞાન થાય છે અને એક અર્થનું જ્ઞાન થયે એક પદનું જ્ઞાન થાય છે એમ અન્યોન્યાશ્રય દોષ આવે છે તો તે શંકા યુક્ત નથી; કેમકે અર્થજ્ઞાનથી પૂર્વે કેટલાક વર્ણો એક સ્મૃતિનો વિષય થઈ એક અર્થની બુદ્ધિ ઉત્પન્ન કરે છે તેથી એક પદનો નિશ્ચય થાય છે. ઉત્તમ વૃદ્ધે કહેલા વર્ણોમાં ક્રમે અન્ત્ય વર્ણ સાંભળી બાળકની એક સ્મૃતિમાં બધા વર્ણો આવે છે અને મધ્યમ વૃદ્ધને પ્રવૃત્ત થતો જોઈ તેથી અનુમાન કરી એક અર્થનો નિશ્ચય થયે એક પદનો નિશ્ચય થાય છે. પણ વર્ણ સરખા હોય છે તોપણ પદનો ભેદ જોવામાં આવે છે તેથી સ્ફોટ સ્વીકારવો જોઈએ એમ શંકા કરે છે—'જો વર્ણોજ સમસ્તપણે' ઇત્યાદિ. ક્રમના ભેદથી વર્ણોનેજ વિષે પદભેદની દૃષ્ટિ છે એમ પરિહાર કરે છે—'એને વિષે કહીએ છીએ'. પણ નિત્ય અને વિભુ વર્ણોનો ક્રમ શી રીતે તેમજ પદજ્ઞાનથી અર્થજ્ઞાન શી રીતે થાય છે તેને માટે કહે છે—'વૃદ્ધવ્યવહારમાં' ઇત્યાદિ. વ્યુત્પત્તિદશામાં બાળક વૃદ્ધવ્યવહાર જોઈ ઉચ્ચારના ક્રમથી ઉપલબ્ધિક્રમનો ઉપલબ્ધ થતા વર્ણોમાં આરોપ કરીને આ વર્ણો આ ક્રમમાં આવેલા હોય ત્યારે આ અર્થના વાચક છે એમ સમજે છે અને એમ સમજાઈ એ વર્ણો પોતાને પ્રવૃત્તિકાળમાં તેજ પ્રમાણે સ્મૃતિમાં પ્રવિષ્ટ થઈ પોતપોતાના અર્થનો બોધ કરે છે એવો અર્થ

1 શક્તિ-વૃત્તિથી જે એક અર્થવાચક હોય તે એક પદ.

એવી વર્ણવાદીની વધારે લઘુ કલ્પના છે. સ્ફોટવાદીને તો દૃષ્ટહાનિ અને અદૃષ્ટકલ્પના થશે. આ વર્ણો ક્રમે ગ્રહણ કરાતા સ્ફોટની અભિવ્યક્તિ કરે છે અને તે સ્ફોટ અર્થની વ્યક્તિ કરે એમ વધારે મોટી કલ્પના થાય છે. પણ જો પ્રત્યુચ્ચારણકાળે વર્ણો અન્ય અન્ય થાય છે એમ લઈએ તોપણ પ્રત્યભિજ્ઞાને આધારે વર્ણસામાન્યને અવશ્ય સ્વીકારવા પડશે તેથી વર્ણોને વિષે અર્થ પ્રતિપાદન કરવાની પ્રક્રિયા સ્ફોટની છે તેજ વર્ણસામાન્યને વિષે સેવી પડશે. તેટલા માટે નિત્ય શબ્દોમાંથી દેવાદિ વ્યક્તિઓનો પ્રભવ થાય છે એ અવિરુદ્ધ છે ॥ ૨૮ ॥

अत एव च नित्यत्वम् ॥ २९ ॥

અને એથીજ (વેદનું) નિત્યત્વ (છે) ॥ ૨૯ ॥

સ્વતંત્ર કર્તાનું સ્મરણ નથી એ ઇત્યાદિ કારણથી વેદનું નિત્યત્વ છે, તેમાં દેવાદિ વ્યક્તિના પ્રભવના અંગીકારથી વિરોધની આશંકા કરી 'अतः प्रभवात्' (સૂ૦ ૨૮) એમ આશંકાનો પરિહાર કરી વેદનું એજ નિત્યત્વ સ્થિત છે તેને દૃઢ કરે છે—'अत एव च नित्यत्वम्' એથીજ, નિયત આકૃતિવાળા દેવાદિ જગત્ વેદશબ્દમાંથી ઉત્પન્ન થયું છે તેથી, વેદશબ્દમાં નિત્યત્વની પ્રતીતિ યુક્ત છે. તેમજ 'यज्ञेन वाचः पदवीयमायन् तामन्वविन्दन्नृषिषु प्रविष्टाम्' [ઋ૦ ૧૦।૭૧।૩] (યજ્ઞ વડે વાણીની અ-

---

છે એમ વિવર્ણવાદનો ઉપસંહાર કરે છે—'એવી વર્ણવાદીની વધારે લઘુ કલ્પના છે', સ્ફોટવાદીને તો વર્ણોનું અર્થબોધકત્વ દૃષ્ટ છે તેની હાનિ થાય છે અને અદૃષ્ટ સ્ફોટની કલ્પના થાય છે એમ કહે છે—'સ્ફોટવાદીને તો દૃષ્ટહાનિ' ઇત્યાદિ. પ્રથમ વર્ણોની નિત્યતા સ્વીકારી સ્ફોટનું નિરાકરણ કર્યું. હવે વર્ણોનું અનિત્યત્વ સ્વીકારી પ્રતિવાદથી સ્ફોટનું નિરાકરણ કરે છે—'પણ જો પ્રત્યુચ્ચારણકાળે' ઇત્યાદિ. [illegible] આદિ સામાન્ય જે [illegible] છે તેને [illegible] [illegible] અમુક ક્રમમાં [illegible] થઈ અર્થ [illegible] છે માટે સામાન્ય જે [illegible] છે [illegible] [illegible] સંસ્કાર કરવો પણ નહિ કહેવો. સ્ફોટની કલ્પના કરવી નહિ એવો અર્થ છે [illegible] છે અને વાચક છે એમ સિદ્ધ થયું એટલે ફલિત કહે છે—'તેટલા માટે નિત્ય શબ્દોમાંથી' ઇત્યાદિ. ॥ ૨૮ ॥

પણ પૂર્વાધિકરણમાં વેદનું નિત્યત્વ સિદ્ધ કર્યું છે તો અહિં પુનઃ શા માટે સિદ્ધ કર્યું? એવી શંકાનું નિરાકરણ કરવા સૂત્રનું વિવરણ કરે છે—'સ્વતંત્ર કર્તાનું સ્મરણ નથી' ઇત્યાદિ. 'પૂર્વતંત્રમાં વેદનું નિત્યત્વ સિદ્ધ છે' [illegible] દેવાદિ વ્યક્તિની [illegible] થાય છે [illegible] વ્યક્તિનું અનિત્યત્વ [illegible] વેદનું નિત્યત્વ અસિદ્ધ થાય છે એમ [illegible] તેનું નિરાકરણ કરે છે કે અનિત્યથી [illegible] ઉત્પત્તિ [illegible] નથી, કેમકે [illegible] ઉત્પત્તિ [illegible] તેને [illegible] અપેક્ષા રહે છે. તેટલા માટે, વેદ નિત્ય છે, [illegible] હેતુ છે તેથી, [illegible] એમ અનુમાનથી નિત્યત્વ સિદ્ધ છે તે આ સૂત્ર દૃઢ કરે છે. [illegible] દેવાદિ વ્યક્તિનો જન્મ થયો છે તેથી વેદ અનિત્ય નહિ. [illegible]

૧ [illegible]

ગ્રહણયોગ્યતા પ્રાપ્ત કરી, પછી તે વાણીને ઋષિઓને વિષે પ્રવિષ્ટ થયલી પ્રાપ્ત કરી) એ મન્ત્રવર્ણ રહેલી વાણીનેજ પ્રાપ્ત કરેલી દર્શાવે છે. વળી વેદવ્યાસ પણ એવીજ સ્મૃતિ આપે છે—'युगान्तेऽन्तर्हितान् वेदान् सेतिहासान् महर्षयः। लेभिरे तपसा पूर्व-मनुज्ञाताः स्वयंभुवा' (પૂર્વે બ્રહ્માની અનુજ્ઞા મેળવેલા મહર્ષિઓએ યુગને અન્તે અન્તર્ધાન થયલા ઇતિહાસસહિત વેદોને તપ વડે પ્રાપ્ત કર્યા) ॥ ૨૯ ॥

समाननामरूपत्वाच्चावृत्तावप्यविरोधो दर्शनात् स्मृतेश्च ॥ ३० ॥

નામ અને રૂપ સમાન હોવાથી (સંસારની) આવૃત્તિમાં પણ (વેદના નિત્યત્વનો) અવિરોધ છે, શ્રુતિથી અને સ્મૃતિથી ॥ ૩૦ ॥

(પૂર્વપક્ષી શંકા કરે છે)—જો પશુ આદિ વ્યક્તિની પેઠે દેવ આદિ વ્યક્તિનાં પણ ઉત્પત્તિ અને [1]નિરોધ [2]સતત હોય તો અભિધાન, અભિધેય અને અભિધાતાનો વ્યવહાર અવિચ્છિન્ન થવાથી, સંબન્ધ નિત્ય રહેવાથી શબ્દને વિષે વિરોધનો પરિહાર થાય. પણ જ્યારે સકલ ત્રૈલોક્ય નામ અને રૂપનો પરિત્યાગ કરી [3]નિર્લેપ પ્રલય પામે છે અને અભિનવ સ્વરૂપમાં ઉત્પન્ન થાય છે એમ શ્રુતિ અને સ્મૃતિનું

પ્રલયપર્યન્ત સ્થાયી છે, જગત્નો હેતુ છે તેથી, ઈશ્વરની પેઠે' એમ અનુમાનથી દૃઢ કરવા આ સૂત્ર છે એવો અર્થ છે. અનુમાનથી સિદ્ધ થયલા અર્થને શ્રુતિ અનુકૂળ છે એમ કહે છે—'તેમજ "यज्ञेन"' ઇત્યાદિ. યજ્ઞ એટલે પૂર્વ સુકૃત વડે વેદની ગ્રહણયોગ્યતા—વેદ ગ્રહણ કરવાની યોગ્યતા—વાસિકી પ્રાપ્ત થવા, પછી ઋષિને વિષે પ્રવિષ્ટ થયલી વાણીને મેળવી એવો શ્રુતિનો અર્થ છે. 'પૂર્વે'=અવાન્તર કલ્પાદિમાં ॥ ૨૯ ॥

પણ [4]મહાપ્રલયમાં જાતિનો પણ નાશ થવાથી શબ્દ અને અર્થનો સબન્ધ અનિત્ય થશે એમ આશંકા કરી કહે છે—'समाननामरूपत्वात्' ઇત્યાદિ. સૂત્ર જે શંકાનું નિરાકરણ કરે છે તે શંકા કહે છે—'જો પશુ આદિ' ઇત્યાદિ. અવાન્તર[5] પ્રલયમાં વ્યક્તિ સતત–અવિચ્છિન્ન હોવાથી જાતિ પણ હોય છે તેથી સબન્ધ રહે છે અને વ્યવહાર અવિચ્છિન્ન હોવાથી સંબન્ધનું જ્ઞાન પણ થાય છે. અભિધાતા=અધ્યાપક અને અધ્યેતા. અભિધાન અને અભિધેયનો વ્યવહાર અવિચ્છિન્ન થવાથી સંબન્ધ નિત્ય રહે, અને અધ્યાપક, ને અધ્યેતાની પરંપરા અવિચ્છિન્ન હોવાથી વેદનું નિત્યત્વ રહે, એ નિત્યતામાં વિરોધ ન આવે. પણ મહાપ્રલયમાં એમ અવિરોધ નથી એમ કહે છે—'પણ જ્યારે સકલ ત્રૈલોક્ય' ઇત્યાદિ. મહાપ્રલયમાં, એટલે જગત્નો [6]નિરન્વય નાશ થાય ત્યારે, અત્યન્ત અપૂર્વ જગત્ની ઉત્પત્તિ થવાથી અભિધાન અને

---

૧ લય. ૨ અવિચ્છિન્ન. ૩ લેપ–ચિહ્ન પણ ન રહે એવી રીતે, સંપૂર્ણ. ૪ પ્રજાપતિ આદિ સર્વેનો જેમાં દેહવિયોગ થાય છે અને પ્રકૃતિ માત્ર અવશિષ્ટ રહે છે એવો કાળ. ૫ પ્રજાપતિનો સુષુપ્તિકાળ.
૬ નિર્લેપ, કંઈ પણ પાછળ રહે નહિ એવો, સમૂળો.

વર્ણન કરે છે ત્યારે અવિરોધ શી રીતે એમ વળી શંકા થાય. તેને વિષે આ કહે છે—'समाननामरूपत्वात्' ઇત્યાદિ. ત્યારે પણ સંસારનું અનાદિત્વ સ્વીકારવું જોઈએ અને 'उपपद्यते चाप्युपलभ्यते च' [બ્રહ્મ સૂ૦ ૨।૧।૩૬] ((સંસારનું અનાદિત્વ) યુક્ત છે અને ઉપલબ્ધ પણ છે) એમ આચાર્ય સંસારનું અનાદિત્વ પ્રતિપાદન કરશે. વળી અનાદિ સંસારમાં સુષુપ્તિ અને જાગ્રત્ સ્થિતિમાં શ્રુતિ પ્રલય અને ઉત્પત્તિ પ્રતિપાદન કરે છે, તોપણ જેમ પૂર્વ જાગ્રત્ સ્થિતિની પેઠે ઉત્તર જાગ્રત્ સ્થિતિમાં વ્યવહાર હોવાથી કંઈ વિરોધ નથી, એ પ્રમાણે અન્ય કલ્પમાં ઉત્પત્તિ અને પ્રલય વિષે પણ સમજવું; અને સુષુપ્તિ અને જાગ્રત્ સ્થિતિમાં શ્રુતિ પ્રલય અને

જો નિઃશેષ અત્યન્ત નષ્ટ થાય છે તો સંબન્ધ કોને આશ્રયે રહે? સંબન્ધ નિત્ય રહેતો નથી. કેમકે સંબન્ધીને અભાવે સંબન્ધ રહેતો નથી; અધ્યાપક આદિને અભાવે આશ્રય રહેતો નથી. અધ્યાપક અને અધ્યેતાનું ¹સંતાન, વિચ્છિન્ન થવાથી વેદ કોને આશ્રયે રહે? વેદની વાસનાવાળા જીવો રહે છે એમ પણ કહી શકાય નહિ. ખરેખર, અન્તઃકરણ આદિ ઉપાધિથી કલ્પિત એવા જીવો [illegible] નષ્ટ થયે રહે એ યુક્ત નથી. બ્રહ્મ એ વાસનાથી યુક્ત છે એમ પણ કહેવાય નહિ આનન્દરૂપ, શુદ્ધસ્વભાવ બ્રહ્મને વાસનાનો યોગ નથી; અને સૃષ્ટિના આરંભમાં બ્રહ્મના અન્તઃકરણ અને તદવચ્છિન્ન જીવ પ્રાદુર્ભાવ પામે છે ને પૂર્વકર્મરૂપ અવિદ્યાવાસનાવાળા થાય એ યુક્ત નથી. કેમકે અપૂર્વ સૃષ્ટિ છે તેટલા માટે શબ્દ અને અર્થના સંબન્ધનું નિત્યત્વ અને વેદનું નિત્યત્વ વિરુદ્ધ છે. એ શંકાનો પરિહાર કરવા કહે છે—'તેને વિષે આ કહે છે' ઇત્યાદિ. જો મહાપ્રલયને સમયે અન્તઃકરણ આદિ, કામ કરતી વૃત્તિવાળાં નથી તોપણ અનિર્વાચ્ય અવિદ્યારૂપ પોતાના કારણને વિષે લીન થતાં સૂક્ષ્મ શક્તિરૂપે કર્મવિક્ષેપક અવિદ્યાની વાસના સાથે રહે છે; અને અવધિ પૂરી થયે પરમેશ્વરની ઇચ્છાથી પ્રેરિત થઈ પૂર્વવાસનાના બળથી પૂર્વના જેવાં જ નામરૂપવાળાં ઉત્પન્ન થાય છે, જેમ કાચબાના શરીરમાં લીન થયલાં અંગો તેમાંથી નીકળે છે, અથવા ચોમાસું ગયા પછી મૃત્તિકારૂપ પ્રાપ્ત થયલાં દેડકાનાં શરીરો વાસનાથી વાસિત થયલાં હોવાથી વૃષ્ટિ થયે છે કે પાછાં દેડકાનાં શરીર ધારણ કરે છે. તાત્પર્ય એ છે કે જો ઈશ્વરથી સંસારમંડળની ઉત્પત્તિ છે તોપણ ઈશ્વર પ્રાણીઓનાં કર્મરૂપ અવિદ્યાનો સહકારી થઈ તેને અનુરૂપ સૃષ્ટિ કરે છે; અને સૃષ્ટિ અને પ્રલયનો પ્રવાહ અનાદિ ન હોય તો એ સર્વ નહિ, માટે સૃષ્ટિ અને પ્રલય સ્વીકારીએ તોપણ સંસાર અનાદિ છે એ અવિરુદ્ધ છે. સંસાર અનાદિ છે એમ પ્રતિજ્ઞા કરે છે—'ત્યારે પણ સંસારનું અનાદિત્વ' ઇત્યાદિ. 'ત્યારે પણ' મહાપ્રલય અને મહાસૃષ્ટિને અંગીકાર કરીએ ત્યારે પણ. 'उपपद्यते'—[illegible] સંસાર અનાદિ હોય તોપણ મહાપ્રલયનું વ્યવધાન આવવાથી વેદનું [illegible] વ્યવહાર શી રીતે થશે તેને માટે કહે છે—'વળી અનાદિ સંસારમાં' ઇત્યાદિ. 'કંઈ વિરોધ નથી'. [illegible] વિરોધ નથી એમ સમજવું. [illegible] અવસ્થામાં [illegible] વ્યવહાર રહે છે, અને પ્રલય અવસ્થામાં કંઈ પણ [illegible] રહેતું નથી [illegible] સુષુપ્તિ અને પ્રલયમાં [illegible] છે તોપણ [illegible] છે [illegible] સુષુપ્તિ અને [illegible] શ્રુતિ પ્રતિપાદન કરે છે તેને માટે [illegible] કહે છે—'यदा सुप्तः' ઇત્યાદિ. [illegible]

¹ સંતાન પ્રવાહ

ઉત્પત્તિ પ્રતિપાદન કરે છે—'यदा सुप्तः स्वप्नं न कंचन पश्यत्यथास्मिन् प्राण एवैकधा भवति तदैनं वाक् सर्वैर्नामभिः सहाप्येति चक्षुः सर्वै रूपैः सहाप्येति श्रोत्रं सर्वैः शब्दैः सहाप्येति मनः सर्वैर्ध्यानैः सहाप्येति स यदा प्रतिबुध्यते यथाऽग्नेर्ज्वलतः सर्वा दिशो विस्फुलिङ्गा विप्रतिष्ठेरन्नेवमेवैतस्मादात्मनः सर्वे प्राणा यथायतनं विप्रतिष्ठन्ते प्राणेभ्यो देवा देवेभ्यो लोकाः' [કૌ૦ ૩।૩] (જ્યારે સુપ્ત પુરુષ કંઈ પણ સ્વપ્ન જોતો નથી ત્યારે તે એ પ્રાણને વિષેજ એક થાય છે, ત્યારે વાચા સર્વ નામ સાથે એને વિષે લીન થાય છે, નેત્ર સર્વ રૂપ સાથે એને વિષે લીન થાય છે, કર્ણ સર્વ શબ્દ સાથે એને વિષે લીન થાય છે, મન સર્વ ધ્યાન સાથે એને વિષે લીન થાય છે; જ્યારે તે જાગૃત્ થાય છે ત્યારે બળતા અગ્નિમાંથી જેમ તણખાઓ સર્વ દિશામાં જાય, એજ પ્રમાણે એ આત્મામાંથી સર્વ પ્રાણો યોગ્ય સ્થળે જાય છે, પ્રાણ પછી દેવો અને દેવો પછી લોકો). પણ સુષુપ્તિમાં અન્ય પુરુષનો વ્યવહાર વિચ્છિન્ન થતો નથી તેથી અને પોતે સુષુપ્તિમાંથી જાગૃત્ થાય છે એટલે પૂર્વની જાગ્રદવસ્થાના વ્યવહારના અનુસંધાનનો સંભવ છે તેથી વિરોધ નથી. મહાપ્રલયમાં તો સર્વ વ્યવહારનો ઉચ્છેદ થાય છે માટે જન્મના વ્યવહારની પેઠે અન્ય કલ્પના વ્યવહારનું અનુસન્ધાન

(ત્યારે). यदाની પછી अथ આવવાથી तदाના અર્થમાં છે. 'ત્યારે'=સુષુપ્તિમાં. 'પ્રાણને વિષે'=પરમાત્માને વિષે. સુષુપ્તિમાં પરમાત્મા સાથે જીવ એક થાય છે એવો અર્થ છે. 'એને વિષે'=પરમાત્માને વિષે. વિષયો સાથે અન્તરિન્દ્રિયો અને બહિરિન્દ્રિયો સુષુપ્તિમાં પરમાત્મામાં લીન થાય છે એવું તાત્પર્ય છે. પ્રબોધ–જાગ્રદવસ્થામાં એ પરમાત્મામાંથીજ જગત્‌નો જન્મ છે એમ કહે છે—'स यदा प्रतिबुध्यते' ઇત્યાદિ. सः=સુષુપ્ત પુરુષ. 'એ આત્મામાંથી'=આત્મામાંથી. 'સર્વે પ્રાણો'=વાણી આદિ. प्राणेभ्यः અને देवेभ्यःમાં પંચમી આનન્તર્યવાચક છે–પછીના અર્થમાં છે. પરમાત્મામાંથી સર્વે વાગાદિ પ્રાણો, પછી તેનો અનુગ્રહ કરનારા અગ્નિ આદિ દેવો અને પછી 'લોકો' એટલે શબ્દાદિ વિષયો ઉત્પન્ન થાય છે. સ્વપ્નની પેઠે કલ્પિતના પણ [1]સત્ત્વના અભાવના અજ્ઞાનથી દર્શન એજ સૃષ્ટિ અને અદર્શન તે લય એમ દૃષ્ટિને સૃષ્ટિ માનવાનો પણ શ્રુતિમાં અભિપ્રેત છે એવું તાત્પર્ય છે. દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક વચ્ચે વિષમતાની શંકા કરે છે—'પણ સુષુપ્તિમાં' ઇત્યાદિ. સર્વ પ્રાણીની એકીવખતે સુષુપ્ત અવસ્થા નથી, કેટલાક સુપ્ત હોય છે ત્યારે કેટલાક પ્રબુદ્ધ હોય છે. પ્રબુદ્ધ થઈ સુપ્ત સ્થિતિના વ્યવહારનું પુનર્મહણ થાય છે અને [2]પ્રાગ્વિપ્રકર્ષ કે મરણ જે વાસનાનો ઉચ્છેદહેતુ છે તે ન હોવાથી, વાસનાને લીધે એ સ્થિતિમાં સ્મરણ થાય છે, અને શબ્દાર્થસંબન્ધ કે વેદનો વ્યવહાર ઉચ્છિન્ન થતો નથી એ સુપ્ત છે. પણ મહાપ્રલય તો એકીવખતે સર્વ પ્રાણીને થાય છે અને જન્મ અને મૃત્યુ વચ્ચે વ્યવધાન હોવાથી સંસ્કાર ઉચ્છિન્ન થાય છે. મરણપ્રાગ્ અને વ્યવધાન એ સંસ્કાર ઉચ્છિન્ન થવાના હેતુ છે; માટે સુષુપ્તિમાં પૂર્વપ્રબોધવ્યવહારના જેવો જેમ ઉત્તરપ્રબોધવ્યવહાર થાય છે તેમ મહાપ્રલયમાં કેમ થાય; કારણ કે એમાં અન્ય જન્મના વ્યવહારનું અનુસંધાન થતું નથી. દૃષ્ટાન્તમાં જેમ શબ્દાર્થસંબન્ધનું નિત્યત્વ અને વેદનું નિત્યત્વ અવિરુદ્ધ છે. તેમ દાર્ષ્ટાન્તિકમાં નથી એવો શંકાનો અભિપ્રાય છે. હિરણ્યગર્ભ આદિને અન્ય જન્મના વ્યવહારનું અનુસંધાન

[1] વ્યવહાર પૂર્વે આરંભ્યો હોય ત્યાંથી આરંભ થવાપણું. [2] હવાથી. [3] ધર્મ ...

અશક્ય છે તેથી (દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક વચ્ચે) વૈષમ્ય છે એમ શંકા થાય. ના, એ દોષ નથી. મહાપ્રલયને વિષે સર્વ વ્યવહાર ઉચ્છિન્ન થાય છે તોપણ પરમેશ્વરના અનુગ્રહથી હિરણ્યગર્ભાદિ ઈશ્વરોને અન્ય કલ્પના વ્યવહારનું અનુસંધાન યુક્ત છે. જોકે પ્રાકૃત પ્રાણીઓ અન્ય જન્મના વ્યવહારનું અનુસંધાન કરતા દેખાતા નથી, તોપણ પ્રાકૃતની પેઠે ઈશ્વરોનું થવું ન જોઈએ. જેમ મનુષ્યાદિથી સ્તમ્બપર્યન્ત પ્રાણિત્વનો ભેદ નથી તોપણ જ્ઞાન, ઐશ્વર્ય આદિનો 'પ્રતિબન્ધ ઉત્તરોત્તર વધતો જતો દેખાય છે તેમ મનુષ્યાદિથીજ હિરણ્યગર્ભપર્યન્ત જ્ઞાન, ઐશ્વર્ય આદિની 'અભિવ્યક્તિ ઉત્તરોત્તર વધતી થાય છે એમ શ્રુતિ અને સ્મૃતિનાં વચનોમાં વારંવાર સંભળાય છે તે નથી (સંભળાતું) એમ કહેવું શક્ય નથી. તેથી ગયા કલ્પને વિષે જેમણે પ્રકૃષ્ટ સાધનાઓ કર્યાં છે અને વર્તમાન કલ્પાદિમાં જેઓ પ્રાદુર્ભાવ પામ્યા છે એવા હિરણ્યગર્ભાદિ ઈશ્વરોને, પરમેશ્વરથી અનુગ્રહ મેળવી, સુષુપ્તિમાંથી જાગ્રત પુરુષની પેઠે,

[illegible] છે માટે દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક વચ્ચે વૈષમ્ય નથી એમ શંકાનો પરિહાર કરે છે—'ના, એ દોષ નથી' ઇત્યાદિ. તાત્પર્ય આ છે: મરણકાળ અને પુનર્જન્મ થતા વચ્ચેનું [illegible] અન્તર સર્વ સંસ્કારનું ઉચ્છેદક નથી, કેમકે પૂર્વે અભ્યાસ કરેલાના સ્મરણાનુબન્ધથી ઉત્પન્ન [illegible], ભય, [illegible]ની પ્રાપ્તિ અનુક્ત થાય અને મનુષ્યજન્મની વાસનાઓ અનેક અન્ય જન્મોની [illegible] વ્યવધાન પામેલી હોય તોપણ ફરી મનુષ્યજન્મ પ્રાપ્ત થાય એવા ક્રમથી મનુષ્યજન્મના અભાવનો પ્રસંગ આવે; તેટલા માટે હલકી બુદ્ધિવાળાને પણ મરણકાળ અને દીર્ઘ [illegible] આદિ છે તોપણ પૂર્વવાસનાની અનુવૃત્તિ છે, તો પરમેશ્વરની કૃપાથી ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય અતિશય જેણે પ્રાપ્ત કર્યા છે એવા હિરણ્યગર્ભ આદિ મહાબુદ્ધિશાળીઓને પૂર્વકલ્પના અનુસન્ધાન [illegible] તેના પૂછવું જ શું! 'હિરણ્યગર્ભ આદિ પૂર્વકલ્પના અનુસન્ધાનરહિત છે, પ્રાણી છે તેથી, આપણી પેઠે' એવી આશંકા કરી કહે છે—'જોકે પ્રાકૃત પ્રાણીઓ' ઇત્યાદિ. [illegible] અને દૃષ્ટાન્તથી [illegible] છે—'જેમ મનુષ્યાદિથી સ્તમ્બપર્યન્ત' ઇત્યાદિ. જેમ મનુષ્યાદિથી સ્તમ્બપર્યન્ત જ્ઞાનાદિના નિકર્ષનો અનુભવ થાય છે અથવા મનુષ્યથી ભગવાન હિરણ્યગર્ભપર્યન્ત જ્ઞાનાદિના પ્રકર્ષનો પણ સંભવ છે; અને તે કહેનાં વેદ અને સ્મૃતિનાં વચનો પ્રમાણભૂત છે. માટે પરમેશ્વરે અનુગ્રહ કરેલા હિરણ્યગર્ભ આદિને અન્ય કલ્પના નિખિલ વ્યવહારનું અનુસન્ધાન યુક્ત છે. 'શ્રુતિ અને સ્મૃતિનાં વચનોમાં'—'हिरण्यगर्भः समवर्तत' ઇત્યાદિ શ્રુતિવચન છે, અને 'ज्ञानमप्रतिघं यस्य' ઇત્યાદિ સ્મૃતિવચન છે. તોપણ પૂર્વકલ્પનું [illegible] યુક્ત હોવાથી આ કલ્પનાં અનુસંધાન [illegible] તેને માટે કહે છે—'તેથી ગયા કલ્પને વિષે' ઇત્યાદિ. 'તેથી' [illegible]. [illegible] અન્ય અનુસન્ધાન છે [illegible] [illegible] યુક્ત થયા નથી એવા પુરુષવિશેષો અનુસન્ધાન કરે. એ પુરુષવિશેષો કયા છે તે કહે છે—'જેમણે પ્રકૃષ્ટ સાધનાઓ' ઇત્યાદિ. 'ઈશ્વરોને' [illegible] 'પ્રાદુર્ભાવ પામ્યા છે' હિરણ્યગર્ભાદિને [illegible] છે. એમને [illegible] વ્યવહારનું—[illegible] વ્યવહારનું અનુસન્ધાન થાય છે તેનો હેતુ કહે છે—'પરમેશ્વરથી અનુગ્રહ મેળવી'. ૪૦

૧ [illegible]

અન્ય કલ્પના વ્યવહારનું અનુસંધાન યુક્ત છે; કેમકે 'यो ब्रह्माणं विदधाति पूर्वं यो वै वेदांश्च प्रहिणोति तस्मै । तं ह देवमात्मबुद્धિप્રકાશં મુમુક્ષુર્વૈ શરણમહં પ્રપદ્યે ॥' [શ્વેતા૦ ૬।૧૮] (પૂર્વે જે બ્રહ્માને સર્જે છે અને જે તેની પાસે વેદો મોકલે છે તે આત્માકાર બુદ્ધિને વિષે પ્રકાશનાર દેવને હું મુમુક્ષુ શરણ જાઉં છું) એમ શ્રુતિ છે. વળી 'मधुच्छन्दःप्रभृतिभिर्ऋषिभिर्दाशतय्यो दृष्टाः' (મધુચ્છન્દ આદિ ઋષિઓએ દશ મંડળની ઋચો જોઈ) એમ શૌનકાદિઓ પણ સ્મૃતિ કરે છે. પ્રતિવેદમાં પણ એજ પ્રમાણે કાણ્ડ, ઋષિ આદિનું સ્મરણ છે. શ્રુતિ પણ ઋષિનું જ્ઞાન થયા પછીજ—'यो ह वा अविदितार्षेयच्छन्दोदैवतब्राह्मणेन मन्त्रेण याजयति वाध्यापयति वा स्थाणुं वर्च्छति गर्तं वा प्रतिपद्यते' (ઋષિયોગ, છન્દ, દૈવત અને બ્રાહ્મણ જેના જાણેલાં નથી એવા મન્ત્ર વડે ખરેખર, જે યજ્ઞ કરાવે છે, કે અધ્યયન કરાવે છે તે સ્થાવર સ્થિતિ પ્રાપ્ત કરે છે કે નરક પ્રાપ્ત કરે છે) એમ ઉપક્રમ કરીને 'तस्मादेतानि मन्त्रे मन्त्रे विद्यात्' (તેટલા માટે એઓને મન્ત્રે મન્ત્રે જાણવાં) એમ મન્ત્રથી અનુષ્ઠાન દર્શાવે છે. વળી સુખપ્રાપ્તિ માટે પ્રાણીઓને ધર્મનું વિધાન છે અને દુ:ખના પરિ-

મેશ્વરથી અનુગ્રહ પામેલાનું જ્ઞાન ઉત્કૃષ્ટ હોય છે તેને માટે શ્રુતિ અને સ્મૃતિનાં વચન કહે છે—'કેમકે "यो ब्रह्माणम्" ઇત્યાદિ. पूर्वम्=કલ્પના આદિ ભાગમાં. प्रहिणोति= મોકલે છે, આપે છે; તેની બુદ્ધિને વિષે વેદનો આવિર્ભાવ કરે છે. જે કલ્પના આરંભમાં બ્રહ્માને સર્જે છે, જે તેની બુદ્ધિને વિષે વેદનો આવિર્ભાવ કરે છે, तत्त्वमसि ઇત્યાદિ મહાવાક્યથી ઉત્પન્ન થયલી બુદ્ધિને વિષે પ્રકાશમાન સ્વાત્માકાર પરમ અભયસ્થાન, 'નિશ્રેયસરૂપ તે દેવને હું શરણ જાઉં છું એવો અર્થ છે. માત્ર એકનેજ અતિશય જ્ઞાન છે એમ નહિ, પણ શાખાદ્રષ્ટા પણ બહુ છે તેમનું પણ છે એમ વિશ્વાસને માટે કહે છે—'વળી શૌનકાદિઓ પણ' ઇત્યાદિ. દશમંડલાત્મક ઋગ્વેદ તે दशतय અને તેમાંની ઋચ્ તે दाशतय्यः. વળી ઋગ્વેદથી અન્ય વેદોમાં પણ કાંડ, સૂક્ત, મન્ત્ર આદિના દર્શન કરનારાઓને બોધાયનાદિઓએ સ્મૃતિમાં વર્ણવ્યા છે એમ કહે છે—'પ્રતિવેદમાં પણ એજ પ્રમાણે' ઇત્યાદિ. 'એજ પ્રમાણે'= મધુચ્છન્દાદિની પેઠે. મન્ત્રોના ઋષિ આદિનું જ્ઞાન આવશ્યક છે એમ દર્શાવતી શ્રુતિ મન્ત્રના દર્શન કરનાર ઋષિઓનું અતિશય જ્ઞાન દર્શાવે છે એમ કહે છે—'શ્રુતિ પણ ઋષિનું જ્ઞાન થયા પછીજ' ઇત્યાદિ. आर्षेय=ઋષિયોગ, ઋષિસમ્બન્ધ, छन्दः=ગાયત્રી આદિ. दैवतम्=અગ્નિ આદિ. ब्राह्मणम्=મન્ત્રોનો [1]વિનિયોગ. ઋષિયોગ વગેરે જે મન્ત્રમાં જાણવામાં નથી એવા મન્ત્ર વડે જે યાગ કરાવે છે કે અધ્યયન કરાવે છે તે સ્થાણુ-સ્થાવર પદાર્થની સ્થિતિ પામે છે કે નરકે પડે છે. 'तस्मात्'= ઋષિ આદિનું અજ્ઞાન હોય તો દોષ છે તેથી. તેટલા માટે જેમનું જ્ઞાન અધિક છે એવા હિરણ્યગર્ભાદિ ઈશ્વરો અન્ય કલ્પથી વ્યવહિત થયલા વેદનું પણ સ્મરણ કરે છે અને વ્યવહાર પ્રવર્તાવે છે, તેથી વેદનું અનાદિત્વ અને અનપેક્ષત્વ અવિરુદ્ધ છે એવું તાત્પર્ય છે. પણ કોઈ શંકા કરે કે અન્ય કલ્પના વ્યવહારનું અનુસંધાન ભલે થાઓ, પણ આ સૃષ્ટિમાં તો અન્યજ વેદ છે, એના અર્થ પણ અન્યજ છે, વર્ણાશ્રમ અન્ય છે, ધર્મથી અનર્થ અને અધર્મથી અર્થ છે, અનર્થ ઈપ્સિત અને અર્થ અનિપ્સિત છે કેમકે અપૂર્વ સૃષ્ટિ છે, માટે અન્ય કલ્પના વ્યવહારનું અનુસન્ધાન અકિંચિત્કર છે—કંઈ પ્રયોજનનું નથી; તેથી પૂર્વવ્યવહારનો ઉચ્છેદ થવાથી શબ્દાર્થસંબન્ધ અને વેદ અનિત્ય છે એમ પ્રસંગ આવશે તેટલા માટે કહે છે—'વળી સુખ-

[1] મન્ત્ર. ૨. કયે સ્થળે મન્ત્રનો પ્રયોગ કરવો તે.

હાર માટે અધર્મનો પ્રતિષેધ છે; અને રાગ અને દ્વેષનો વિષય દૃષ્ટ અને અનુ
સુખ અને દુઃખ છે, એથી વિલક્ષણ વિષય નથી, તેથી ધર્મ અને અધર્મની
ભૂત જે ઉત્તર સૃષ્ટિ ઉત્પન્ન કરાય છે, તે પૂર્વ સૃષ્ટિસમાનજ ઉત્પન્ન કરાય છે.
ये यानि कर्माणि प्राक्सृष्ट्यां प्रतिपेदिरे । तान्येव ते प्रपद्यन्ते सृज्यमानाः पुनः पु
हिंस्राहिंस्रे मृदुक्रूरे धर्माधर्मावृतानृते । तद्भाविताः प्रपद्यन्ते तस्मात्तत्तस्य रोचते ॥'
એઓમાં જેઓ જે કર્મો પૂર્વસૃષ્ટિમાં કરે છે તેજ કર્મો તેઓ પુનઃ પુનઃ ઉત્પન્ન થ
પ્રાપ્ત કરે છે, 'હિંસ્ર કે અહિંસ્ર, મૃદુ કે ક્રૂર, ધર્મ કે અધર્મ, સત્ય કે અસત્ય,

પ્રાપ્તિ માટે' ઇત્યાદિ. વસ્તુસ્વભાવના સામર્થ્યને અનુસરીને સૃષ્ટિ પ્રવર્ત્તે છે, સ્વભાવસામ
ભિન્ન થાય એ યુક્ત નથી. ક્વચિત્ પણ સુખનો ખરેખરો ત્યાગ કરવો કે દુઃખનું
કરવા કોઈ ઇચ્છતું નથી; અને ક્વચિત્ પણ ધર્મ અને અધર્મના સામર્થ્યનો [1]વિપર્યય
નથી. કદાપિ પણ મૃત્પિણ્ડમાંથી પટ કે તન્તુઓમાંથી ઘટ ઉત્પન્ન થતો નથી. તેમ થાય
વસ્તુસામર્થ્યનો નિયમ ન રહેવાથી હર કોઈ પદાર્થ હર કોઈ પદાર્થમાંથી ઉત્પન્ન થાય તો
પીવાની ઇચ્છાવાળો પુરુષ અગ્નિ લાવી તૃષા શાન્ત કરે કે શીતથી પીડિત થયલો પુરુષ
આણી-શીતપીડાનું શમન કરે. તેટલા માટે અન્ય સૃષ્ટિમાં પણ બ્રહ્મહત્યા આદિ અનર્થનાજ હે
અને યાગ આદિ અર્થનાજ હેતુ છે, માટે ધર્મથી સુખ અને અધર્મથી દુઃખ એવો ક્રમ
છે. એજ પ્રમાણે જે વેદો આ કલ્પમાં છે તેજ અન્ય કલ્પમાં છે, તેજ અર્થ અન્ય કલ્
છે, તેજ વર્ણાશ્રમ છે, જે જોવામાં આવે છે તેની સાથે [3]સાધર્મ્યનો સંભવ છે તો તેથી
ધર્મ્ય કલ્પવું એ અનુમાન ને આગમથી વિરુદ્ધ છે. સૃષ્ટિનિમિત્ત જે અદૃષ્ટ તેના મહિમા
પણ ઉત્તર સૃષ્ટિ પૂર્વ સૃષ્ટિના જેવીજ છે. શી રીતે તેને માટે કહે છે—'અને રાગ અ
દ્વેષનો વિષય' ઇત્યાદિ. ઐહિક અને આમુષ્મિક વિષયના સુખની કામનાથી કીધેલાં ક
ફળ જે પશુ આદિની પ્રાપ્તિ તે દૃષ્ટ પશુ આદિના જેવુંજ ફળ છે એજ યુક્ત છે; કેમકે ફળ
ષ્ટની સદૃશ-જોઈએ છીએ તેના જેવું-ન હોય તો કામના ન થવાથી હેતુનો અભાવ થાય. એ
પ્રમાણે દૃષ્ટ દુઃખદ્વેષથી કીધેલા અધર્મનું ફળ દૃષ્ટના જેવું દુઃખજ છે, સુખ નથી; કેમકે
હાનિ-કીધેલા કર્મના ફળની હાનિ-આદિ દોષનો પ્રસંગ આવે. પૂર્વ સૃષ્ટિના જેવી ઉત્તર સૃષ્ટિ
તેને માટે પ્રમાણ કહે છે—'**तेषां ये यानि कर्माणि**' ઇત્યાદિ. 'ઉત્તર સૃષ્ટિ પૂર્વ સૃષ્ટિની સજાતી
છે, કર્મનું ફળ છે તેથી, પૂર્વસૃષ્ટિની પેઠે' એમ અનુમાન 'સ્મૃતિ પણ'માં 'પણ'નો અર્થ
'**तेषाम्**'=ને પ્રાણીઓમાં. નિર્ધારણાર્થી છે. '**तान्येव**'=તજ્જાતીયજ, તેના જેવાજ. તે
દર્શાવે છે ને તેના હેતુ પણ કહે છે—'**हिंस्राहिंस्रे**' ઇત્યાદિ. '**पुनः पुनः सृज्यमानाः**' આ
સૃષ્ટિ પ્રવાહાત્મક હોવાથી અનાદિ છે એમ સૂચવે છે. કર્મો વિહિત અને નિષિદ્ધ હોવાથી અપૂ
ર્વરનું ફળ ઉત્પન્ન કરે છે અને ક્રિયા હોવાથી સંસ્કાર ઉત્પન્ન કરે છે. અપૂર્વથી ફળ એ
છે અને સંસ્કારથી પુનઃ તજ્જાતીય કર્મો કરે છે. સંસ્કારને વિષે લિંગ કહે છે—'**तस्मा
त्तत्तस्य रोचते**' સંસ્કારના બળથીજ પુણ્ય કે પાપ રુચે છે. આ કારણથી અભિરુચિના લિ
ગથી પુણ્ય અને અપુણ્યનો સંસ્કાર અનુમેય છે. તેજ સ્વભાવ, પ્રકૃતિ કે વાસના છે એમ
મનાય છે. એમ કર્મોથી થતી સૃષ્ટિ સમાન છે એમ વર્ણવી [4]ઉપાદાનને વિષે લીન જે કાર્યસં

૧ નારા૩ા૧૬. ૨ ઉલટાપણું. ૩ સમાન ધર્મવાળા પદાર્થનો ભાવ ૪ ભિન્ન ધર્મવાળા પદાર્થનો
ભાવ. ૫ સમવાયી કારણ.

ઉત્પન્ન થયેલા તેઓ પ્રાપ્ત કરે છે. માટે તે તેને રુચે છે) એમ સ્મૃતિ પણ છે. વળી પ્રલય પામતું પણ આ જગત્ જેની શક્તિ અવશિષ્ટ રહી છે એવુંજ પ્રલય પામે છે, નહિ તો અકસ્માત્ ઉત્પન્ન થવાનો પ્રસંગ આવે; અને શક્તિઓ અનેક આકારવાળી છે એમ કલ્પવું શક્ય નથી. તેટલા માટે વિચ્છિન્ન વિચ્છિન્ન થઈને પણ ઉત્પન્ન થતા ભૂર્ આદિ લોકપ્રવાહો, દેવત્વ, પશુત્વ અને મનુષ્યત્વ જેનાં લક્ષણ છે એવા પ્રાણિ-સમૂહપ્રવાહો. વર્ણ, આશ્રમ, ધર્મ અને ફળની વ્યવસ્થાઓ પણ અનાદિ સંસારમાં ઇન્દ્રિય અને વિષયના સંબન્ધની પેઠે નિશ્ચિત છે એમ પ્રતીતિ કરવી યુક્ત છે; કેમકે ઇન્દ્રિય અને વિષયના સંબન્ધથી થતો વ્યવહાર દરેક સૃષ્ટિમાં ભિન્ન ભિન્ન છે અને છઠ્ઠી ઇન્દ્રિય અને છઠ્ઠા વિષયનો કલ્પ છે એમ કલ્પના કરવી શક્ય નથી. આ કારણથી સર્વ કલ્પોમાં તુલ્ય વ્યવહાર હોવાથી અને અન્ય કલ્પના વ્યવહારનું અનુસન્ધાન શક્ય હોવાથી દરેક સૃષ્ટિમાં ઈશ્વરોનાં સમાન નામ અને રૂપવાળીજ ભિન્ન ભિન્ન વ્યક્તિઓ ઉત્પન્ન થાય છે; અને નામ અને રૂપ સમાન હોવાથી મહા-સૃષ્ટિ અને મહાપ્રલયસ્વરૂપ જગત્‌ની આવૃત્તિ સ્વીકારવામાં પણ શબ્દપ્રામાણ્ય આદિ કોઈ પણ વિરોધ થતો નથી; અને શ્રુતિ અને સ્મૃતિ સમાન નામ અને રૂપ

સંસ્કારશક્તિ તેના બળથી પણ સૃષ્ટિ સમાન છે એમ કહે છે—'વળી પ્રલય પામતું પણ આ જગત્' ઇત્યાદિ. અન્યથા જગત્ સંસ્કારરહિત પ્રલય પામે તો તેમાં જે વૈચિત્ર્ય–વિચિત્રતા જોવામાં આવે છે (કેટલાક સુખી હોય છે, કેટલાક દુઃખી હોય છે ઇત્યાદિ વિચિત્રતા જે જગત્‌માં દેખાય છે તે) તે આકસ્મિક–કારણરહિત થાય. પણ જગત્‌નું વૈચિત્ર્ય ઉત્પન્ન કરે એવી અન્ય શક્તિઓ કલ્પો તેને માટે કહે છે—'શક્તિઓ અનેક આકારવાળી છે' ઇત્યાદિ. અવિદ્યાને વિષે લીન કર્માત્મક જે સંસ્કાર તેથી અન્ય શક્તિઓ કલ્પવી યુક્ત નથી; કેમકે તેમ કરવાનું પ્રમાણ નથી અને અનેક શક્તિ કલ્પવાથી ગૌરવ થાય. પોતાના ઉપાદાનને વિષે લીન જે કાર્ય તદ્‌રૂપશક્તિ તો 'महान् न्यग्रोधस्तिष्ठति' 'श्रद्धत्स्व सोम्य' ઇત્યાદિ શ્રુતિસિદ્ધ છે. આ કારણથી અવિદ્યાથી અન્ય શક્તિઓ નથી, આત્માવિદ્યાજ તે શક્તિ છે એવો સિદ્ધાન્ત છે. ઉપાદાનને વિષે કાર્યસંસ્કાર સિદ્ધ થવાથી ફળ કહે છે—'તેટલા માટે વિચ્છિન્ન વિચ્છિન્ન થઈને પણ ઉત્પન્ન થતા' ઇત્યાદિ. જેમ [1]સુપ્તોત્થિત પુરુષનું નેત્ર પૂર્વના જેવુંજ હોય છે ને તે પૂર્વ રૂપના જેવુંજ રૂપ ગ્રહણ કરે છે, રસાદિ ગ્રહણ કરતું નથી. એ પ્રમાણે ભોગ્ય લોક, ભોગનો આશ્રય જે પ્રાણિસમૂહ તે, અને ભોગહેતુ કર્મો સંસ્કારબળથી પૂર્વ લોક આદિના જેવાંજ છે એવો નિયમ છે એમ સમજવું. દૃષ્ટાન્ત અસિદ્ધ છે એમ આશંકા લાવી કહે છે—'કેમકે ઇન્દ્રિય અને વિષયના સંબન્ધથી' ઇત્યાદિ. જેમ છઠ્ઠી ઇન્દ્રિય જે મન તેનો અસાધારણ વિષય નથી, કેમકે સુખાદિ સાક્ષિવેદ્ય–આત્મા જે સાક્ષી તેના જ્ઞાનવિષય છે, તેમ વ્યવહાર અન્યથા છે એ અસત્ છે. અથવા છઠ્ઠી ઇન્દ્રિય અને તેનો વિષય બને અસત્ છે. ઉક્ત અર્થને સંક્ષેપમાં કહે છે—'આ કારણથી સર્વ કલ્પોમાં તુલ્ય વ્યવહાર હોવાથી' ઇત્યાદિ. વ્યવહાર સમાન છે અને તેનો સંભવ છે તેથી વ્યવહાર કરતી વ્યક્તિઓ પણ સમાનજ છે એમ સમજવું. સૂત્રને વિષે યોજના કરે છે—'નામ અને રૂપ સમાન હોવાથી' ઇત્યાદિ. 'अग्निर्वा अकामयत' ઇત્યાદિ. આ કલ્પમાં સર્વ પ્રાણીઓનો દાહ અને પ્રકાશ કરનાર જે આ અગ્નિ દેખાય છે તેજ

1 પ્રથમ સુપ્ત ને પછી ઉત્થિત, સુષુપ્તિમાંથી ઊઠેલો

દર્શાવે છે—'सूर्याचन्द्रमसौ धाता यथापूर्वमकल्पयत्। दिवं च पृथिवीं चान्तरिक्षमथो स्वः ॥' [ઋ૦ સં૦ ૧૦।૧૯૦।૩] (પૂર્વની પેઠે ધાતાએ સૂર્ય અને ચન્દ્ર, દ્યુલોક અને પૃથ્વી, અન્તરિક્ષ અને સ્વર્ગ કલ્પ્યા) એમ. જેમ પૂર્વ કલ્પને વિષે સૂર્ય, ચન્દ્ર આદિ જગત્ કલ્પ્યું હતું તેમ આ કલ્પને વિષે પણ પરમેશ્વરે કલ્પ્યું એવો અર્થ છે. તેમજ 'अग्निर्वा अकामयत। अन्नादो देवानां स्यामिति। स एतमग्नये कृत्तिकाभ्यः पुरोडाशमष्टाकपालं निरवपत्' [તૈ૦ બ્રા૦ ૩।૧।૪।૧] (હું દેવોનો અન્નભક્ષક થાઉં એમ અગ્નિએ કામના કરી. તેણે અગ્નિને, કૃત્તિકાને, આઠ [1]કપાલ પર સંસ્કાર પામેલો અ… પુરોડાશ[2] અર્પણ કર્યો) એમ નક્ષત્રયજ્ઞવિધિમાં જે અગ્નિએ કે જે અગ્નિને અર્પણ કર્યો તે બન્નેનાં નામ અને રૂપ સમાન દર્શાવનારી અને એ પ્રકારની બીજી શ્રુતિનું અહિ ઉદાહરણ આપવું. 'ऋषीणां नामधेयानि याश्च वेदेषु दृष्टयः। शर्वर्यन्ते प्रसूतानां तान्येवैभ्यो ददात्यजः ॥ यथर्तुष्वृतुलिङ्गानि नानारूपाणि पर्यये। दृश्यन्ते तानि तान्येव तथा भावा युगादिषु ॥ यथाभिमानिनोऽतीतास्तुल्यास्ते सांप्रतैरिह। देवा देवैरतीतैर्हि रूपैर्नामभिरेव च' (ઋષિઓનાં જે નામો અને વેદને વિષે જે [3]દૃષ્ટિઓ છે તેજ, પ્રલયને અન્તે ઉત્પન્ન થાય છે ત્યારે તેમને અજ આપે છે. જેમ ઋતુઓમાં ભિન્ન ભિન્ન સ્વરૂપના ઋતુનાં લિંગો હોય છે તેનાં તેજ ઋતુની આવૃત્તિમાં દર્શન દે છે, તેમ યુગાદિને વિષે પદાર્થો. જેના જેના અભિમાની દેવો થયા હોય તે દેવો સાંપ્રત દેવોની સાથે ગયેલા નામ અને રૂપથી તુલ્ય છે) એ પ્રકારની સ્મૃતિ પણ જોવી ॥ ૩૦ ॥

અગ્નિએ પૂર્વ કલ્પમાં મનુષ્યહોઈ દેવત્વપદ પ્રાપ્ત થાય એવું કર્મ કરી આ કલ્પમાં અગ્નિરૂપે જન્મ મેળવ્યો. પૂર્વ કલ્પમાં જે યજમાન મનુષ્ય છે તેનોજ, ભાવિસંજ્ઞાનો-થનારી સંજ્ઞાનો-આશ્રય કરી અગ્નિ તરીકે વ્યપદેશ કર્યો છે. ભાવિદૃષ્ટિથી યજમાન જે અગ્નિ તેણે અન્નભક્ષક અગ્નિ હું થાઉં એવી કામના કરી અને કૃત્તિકા નક્ષત્રના અભિમાની દેવ અગ્નિને આઠ કપાલને વિષે રાંધેલો પુરોડાશ-હવિ અર્પણ કર્યો. 'वेदेषु'= વિષયસપ્તમી છે. વેદવિષયક દૃષ્ટિ. 'शर्वर्यन्ते'= પ્રલય… યને અન્તે. ઋતુઓનાં એટલે વસન્તાદિનાં લિંગો, નવપલ્લવ આદિ. 'पर्यये'=રટીયન્તની… પેઠે આવૃત્તિને વિષે. 'भावाः'=પદાર્થો. તેટલા માટે જન્મ અને નાશવાળા શરીરનો અંગી… કાર કર્યો તોપણ કર્મ અને શબ્દને વિષે વિરોધ ન હોવાથી દેવોને વિદ્યાધિકાર છે એવી સ્થિતિ છે ॥ ૩૦ ॥

---

૧ ઘડાના અવયવ. ૨ હવિ. ૩ વેદદર્શન કરવાની શક્તિઓ.

मध्वादिष्वसंभवादनधिकारं जैमिनिः ॥ ३१ ॥

મધુવિદ્યા આદિને વિષે (દેવોને અધિકારનો) અસંભવ હોવાથી (બ્રહ્મવિદ્યાને વિષે) અનધિકાર જૈમિનિ (કહે છે) ॥ ૩૧ ॥

અહિં દેવાદિને પણ બ્રહ્મવિદ્યાને વિષે અધિકાર છે એમ જે પ્રતિજ્ઞા કરી છે તેનો આક્ષેપ કરે છે. દેવાદિને અનધિકાર છે એમ જૈમિનિ આચાર્ય માને છે. શાથી? મધુવિદ્યા આદિને વિષે અસંભવ હોવાથી. ખરેખર, બ્રહ્મવિદ્યાને વિષે અધિકાર સ્વીકારીએ એટલે મધુવિદ્યા આદિ વિદ્યાઓને વિષે પણ અધિકાર સ્વીકારાય છે; કેમકે વિદ્યાત્વનો અવિશેષ છે.[1] પણ એમ સંભવતું નથી. શા માટે? 'असौ वा आदित्यो देवमधु' [છાન્દો૦ ૩।૧।૧] (આ આદિત્ય ખરેખર દેવોનું મધ છે) એમાં મનુષ્યોએ આદિત્યની મધુના અધ્યાસથી ઉપાસના કરવી જોઈએ. ખરેખર, દેવ આદિને ઉપાસક સ્વીકારીએ તો આદિત્ય કયા અન્ય આદિત્યની ઉપાસના કરે? વળી આદિત્યને આશ્રયે રહેલાં પાંચ રોહિત આદિ કિરણો અમૃત છે એમ ઉપક્રમ કરીને વસુ, રુદ્ર, આદિત્ય, મરુત, અને સાધ્ય એ પાંચ દેવગણો ક્રમે તે તે અમૃત પર જીવે છે એમ ઉપદેશ કરીને 'स य एतदेवामृतं वेद वसूनामेवैको भूत्वाग्निनैव मुखेनैतदेवामृतं दृष्ट्वा तृप्यति' (જે એનેજ અમૃત જાણે છે તે અ-

બ્રહ્મવિદ્યાને વિષે દેવ અને ઋષિઓનો અધિકાર છે એમ કહો છો ત્યારે એવો પ્રશ્ન ઊઠે છે કે સર્વ બ્રહ્મવિદ્યાઓમાં સર્વ દેવ અને ઋષિઓનો અધિકાર છે કે કેટલાકનોજ કેટલીક વિદ્યાને વિષેજ. જો સર્વ વિદ્યાઓને વિષે સર્વનો અધિકાર હોય તો મધુવિદ્યાને વિષે અસંભવ છે. સર્વ બ્રહ્મવિદ્યાને વિષે અધિકારનો આક્ષેપ કરે છે—'मध्वादिष्वसंभवात्' ઇત્યાદિ. પૂર્વપક્ષસૂત્રનું તાત્પર્ય કહે છે—'અહિં દેવાદિને પણ' ઇત્યાદિ. મધુવિદ્યાને વિષે અધિકારનો અસંભવ છે. કેમ! 'असौ वा आदित्यो देवमधु' એમાં મનુષ્યોએ આદિત્યને મધુના અધ્યાસથી ઉપાસવો જોઈએ એમ કહ્યું છે. ઉપાસ્યભાવ અને ઉપાસકભાવનું અધિકરણ ભિન્ન છે (એકજ ઉપાસ્ય અને ઉપાસક થઈ શકે નહિ). આદિત્ય દેવતાને સ્વાત્માનું ઉપાસન સંભવતું નથી, અને ભિન્ન આદિત્ય નથી કે જેને તે ઉપાસે. પૂર્વ કલ્પના આદિત્યોનો આ કલ્પમાં અધિકાર ક્ષીણ થયો છે. તેથી તેમાં (પૂર્વ કલ્પના આદિત્યોમાં) આદિત્યત્વ નથી, તેથી આદિત્યને વિષે આદિત્યનીજ મધુદૃષ્ટિ યુક્ત નથી. ત્યારે વસુ આદિ અન્ય દેવોને આદિત્યની ઉપાસનામાં અધિકાર થાઓ એમ આશંકા કરી તેઓ પણ તેમાં ધ્યેય અને પ્રાપ્ય હોવાથી ધ્યાતા નથી એમ કહે છે—'વળી આદિત્યને આશ્રયે રહેલાં' ઇત્યાદિ. તાત્પર્ય આ છે. 'असौ वा आदित्यो देवमधु' એ છન્દોગવાક્યમાં આદિત્યની મધુદૃષ્ટિથી ઉપાસના કહી છે. આ આદિત્ય દેવોનું મોદન કરે છે–દેવોને આનન્દ પમાડે છે તેથી મધુના જેવો મધુ છે. મધ જેમ આનન્દ પમાડે છે તેમ આનન્દકારક હોવાથી આદિત્ય દેવોનું મધ છે. મોદહેતુ હોવાથી મધ જેવું મધ છે. ભ્રમરોના મધ સાથે એની સમાનતા કહે છે—'तस्य मधुनो द्यौरेव तिरश्चीनवंशः । अन्तरिक्षं मधापूपः' (તે મધનો દ્યુલોક તિરછો-ત્રાંસો વંશ છે અને અન્તરિક્ષ મધુપટલ-મધ-

[1] વિદ્યાત્વ એ સામાન્ય ધર્મ તેને વિષે પણ છે એ પણ વિચાર છે.

મિજ પ્રધાનભૂત એવા વસુમાંનો એક થઈ એજ અમૃતનું દર્શન કરીને તૃપ્ત થાય
છે) એમ વસુ આદિ ઉપજીવ્ય અમૃતોનું વિજ્ઞાન મેળવનારાઓને વસુ આદિ મ
હિમાની પ્રાપ્તિ શ્રુતિ દર્શાવે છે. પણ વસુ આદિઓ કયા અન્ય, અમૃત પર ઉપ
જીવન કરનારા વસુ આદિઓનું વિજ્ઞાન મેળવે? અથવા કયા અન્ય વસુ આદિ મ
હિમાને પ્રાપ્ત કરવા ઇચ્છે? તેમજ 'अग्निः पादो वायुः पाद आदित्यः पादो दिशः
पादः' [છાન્દો૦ ૩।૧૮।૨] (અગ્નિ પાદ છે, વાયુ પાદ છે, આદિત્ય પાદ છે, દિશાઓ
પાદ છે), 'वायुर्वाव संवर्गः' [છાન્દો૦ ૪।૩।૧] (ખરેખર, વાયુ 'સંવર્ગ છે),
'आदित्यो ब्रह्मेत्यादेशः' [છાન્દો૦ ૩।૧૧।૧] (આદિત્ય બ્રહ્મ છે એમ આદેશ છે)

પુડો છે). જેમ મધપુડામાં મધ રહે છે તેમ આદિત્યમધ અન્તરિક્ષ-આકાશમાં રહેવાથી અન્તરિક્ષ મધપુડો છે. સોમ, આજ્ય (ઘી), પય આદિ જે અગ્નિને વિષે હોમવામાં આવે છે તેનો અગ્નિથી સંવલિત-યુક્ત થયલા-આદિત્યનાં કિરણોથી પાક ઉત્પન્ન થઈ અમૃત થાય છે અને તે અમૃત ઋક્‌મન્ત્રરૂપ ભ્રમરો આદિત્યમાં લઈ જાય છે. જેમ ભમરાઓ પુષ્પોમાંથી મકરન્દ-રસ આણી સ્વસ્થાન લઈ જાય છે તેમ ઋક્‌મન્ત્રરૂપ ભમરાઓ પ્રયોગયુક્ત અર્થસ્મરણ આદિથી ઋગ્વેદમાં વિધાન કરેલાં કર્મપુષ્પોમાંથી કર્મનિષ્પન્ન અમૃત આણી આદિત્યની પૂર્વદિશાની [1]લોહિત [2]રશ્મિનાડીઓ વડે આદિત્યમંડળમાં લઈ જાય છે, તે અમૃત વસુઓનું ઉપજીવન છે. જેમ લોકમાં પુષ્પમાં રહેલું પાણી-રસ લઈ મધુકર મધ બનાવે છે તેમ ઋક્‌મન્ત્રરૂપ મધુકરો ઋગ્વેદવિહિત કર્મરૂપ પુષ્પોમાંથી પાણી-ફળ ગ્રહણ કરી અમૃતરૂપ મધ બનાવે છે. એજ પ્રમાણે આદિત્યરૂપ મધુની દક્ષિણ તરફની શુક્લ રશ્મિનાડીઓ વડે યજુર્વેદવિહિતકર્મકુસુમોમાંથી આણીને અગ્નિને વિષે હોમેલું સોમ આદિ પૂર્વની પેઠે અમૃતભાવ પામ્યું છે તેને યજુર્વેદમન્ત્રભ્રમરો આદિત્યમંડળમાં લઈ જાય છે, તે અમૃત રુદ્રોનું ઉપજીવન છે. વળી એ આદિત્યમધુના પશ્ચિમની કૃષ્ણ રશ્મિનાડીઓ વડે સામવેદવિહિતકર્મકુસુમોમાંથી આણીને અગ્નિમાં હોમેલું સોમ આદિ પૂર્વની પેઠે અમૃતભાવ પામ્યું છે તેને સામવેદમન્ત્રસ્તોત્રભ્રમરો આદિત્યમંડળમાં લઈ જાય છે, તે અમૃત આદિત્યોનું ઉપજીવન છે. તેમજ એ આદિત્યમધુના ઉત્તરની અતિકૃષ્ણ રશ્મિનાડીઓ વડે અથર્વવેદવિહિતકર્મકુસુમોમાંથી આણીને અગ્નિમાં હોમેલું સોમ આદિ પૂર્વની પેઠે અમૃતભાવ પામ્યું છે તેને અથર્વાઙ્ગિરસમન્ત્રભ્રમરો તેમજ અશ્વમેધવાચઃસ્તોત્રકર્મકુસુમોમાંથી ઇતિહાસપુરાણમન્ત્રભ્રમરો આદિત્યમંડળમાં લઈ જાય છે, તે અમૃત મરુતોનું ઉપજીવન છે. વળી એ આદિત્યમધુની જે ઊર્ધ્વ ગુહ્ય રશ્મિનાડીઓ છે તે વડે ઉપાસનભ્રમરો [4]પ્રણવકુસુમથી આણીને આદિત્યમંડળમાં લઈ જાય છે, તે અમૃત સાધ્યોનું ઉપજીવન છે, આ પ્રમાણે ચાર વેદોમાં કહેલાં કર્મો અને પ્રણવ પાંચ કુસુમો છે, તેમાંથી સોમ, આજ્ય વગેરે જે દ્રવ્યો હોમાય છે તે લોહિત, શુક્લ, કૃષ્ણ, અતિકૃષ્ણ અને ગુહ્ય નામનાં પાંચ અમૃત છે, તેને તે તે મન્ત્રભ્રમરો પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર અને ઊર્ધ્વ એ પાંચ દિશાઓમાં રહેલી આદિત્યની રશ્મિનાડીઓ જે મધપુડાનાં છિદ્રરૂપ છે તે વડે આદિત્યમંડળમાં લઈ જાય છે, એટલે તે યશ, તેજ, ઇન્દ્રિય, વીર્ય અને અન્ન સ્વરૂપમાં પરિણામ પામે છે અને પાંચ દિશા[illegible] રહેલા વસુ, રુદ્ર, આદિત્ય,
મરુત્ અને સાધ્યોનું ઉપજીવન થાય છે એમ જે ધ્યાન [illegible] [3]આદિની પ્રાપ્તિ થાય
છે એમ ઉપનિષદ્ કહે છે. આ પ્રમાણે ઉપાસ્યભાવને [illegible] વિરોધ પ.

૧ એના અર્થ માટે પૃ૦ ૭૪-૭૫ જુઓ. ૨ શાક્ષ. ૩ ભૂમિ [illegible] .ા આ
એનાં રશ્મિ-કિરણ છે, તેની નાડી; મધપુડાની [illegible] જેવી [illegible] ૪ .

વ્યાખ્યાન થયું. પણ મન્ત્ર, અર્થવાદ, ઇતિહાસ, પુરાણ અને લોકથી દેવાદિને શરીર છે એમ સમજાય છે તેથી એ દોષ નથી એમ (શંકા) થાય. એમ કહીએ છીએ કે ના; કેમકે લોક નામનું કંઈ સ્વતન્ત્ર પ્રમાણ નથી. જેને વિષે વિરોધ વિચારવામાં આવ્યો નથી એવાં પ્રત્યક્ષ આદિ પ્રમાણોથીજ પ્રસિદ્ધ થતો અર્થ લોકથી પ્રસિદ્ધ થાય છે એમ કહેવાય છે. અહિં કંઈ પ્રત્યક્ષ આદિમાંનું એકે પ્રમાણ નથી. ઇતિહાસ અને પુરાણ પણ પુરુષમૂલક હોવાથી અન્ય પ્રમાણના મૂળની આકાંક્ષા રાખે છે. અર્થવાદો પણ વિધિની સાથે એકવાક્યતાને લીધે સ્તુત્યર્થક છે અને અન્ય અર્થવાથી દેવાદિને શરીરાદિ છે એમ પ્રતિપાદન કરવામાં કારણરૂપ થતાં નથી. મન્ત્ર

વ્યાખ્યાન થયું.' અગ્નિ, વાયુ અગ્નિ ઇત્યાદિ શબ્દો આદિત્યની પેઠે અચેતનનાજ વાચક છે પ્રત્યક્ષ વિષે સિદ્ધાન્તી શંકા કરે છે—' પણ મન્ત્ર, અર્થવાદ' ઇત્યાદિ. 'वज्रहस्तः पुरन्दरः' (વજ્ર જેના હાથમાં છે એવો ઇન્દ્ર) ઇત્યાદિ મન્ત્ર, 'सोऽरोदीत्' (તે રોયો) ઇત્યાદિ અર્થવાદ, 'इष्टान् भोगान् हि वो देवा दास्यन्ते यज्ञभाविताः' (યજ્ઞથી પૂજવામાં દેવો તમને ઇષ્ટ ભોગો આપશે), 'ते तृप्तास्तर्पयन्त्येनं सर्वकामफलैः शुभैः' (તૃપ્ત થયેલા તેઓ સર્વ કામનાનાં શુભ ફળોથી એને તૃપ્ત કરશે) ઇત્યાદિ ઇતિહાસ અને પુરાણવાક્યો દેવો શરીરવાળા છે એવી પ્રતીતિ કરાવે છે. વળી લોકમાં પણ યમને દણ્ડહસ્ત (હાથમાં દંડવાળો) અને ઇન્દ્રને વજ્રહસ્ત ચિતરે છે. આ પ્રમાણે વિગ્રહ-શરીર વગેરે પાંચ ધર્મો હોવાથી દેવોને અનધિકારનો હેતુ નથી. 'विग्रहो हविषां भोग ऐश्वर्यं च प्रसन्नता। फलप्रदानमित्येतत् पञ्चकं विग्रहादिकम्॥' (શરીર, હવિ-આહુતિનો ભોગ, ઐશ્વર્ય, પ્રસન્નતા અને ફળ આપે છે એ પાંચ વિગ્રહ વગેરે પાંચ ધર્મો છે). યમદણ્ડ, વજ્રહસ્ત ઇન્દ્ર ઇત્યાદિ દેવોને વિગ્રહ છે એમ જણાવનાર શબ્દો છે, 'देवता हविर्भुङ्क्ते' (દેવ હવિનો ભોગ [illegible] છે) એમ લોકો દેવોને અધિદેવ કહે છે, દેવરાજ, દેવેન્દ્ર એમ ઐશ્વર્ય કહે છે, 'प्रसन्नस्तस्य पशुपतिः पुष्टिं ... प्रजाः' (જેને પશુપતિ શિવ પ્રસન્ન થયા છે, એને પુત્ર મળ્યો છે), 'प्रसन्नोऽस्य धनदो धनमर्जन...' (જેને કુબેર પ્રસન્ન થયા છે, એને ધન મળ્યું છે) ઇત્યાદિ દેવોની પ્રસાદ અને ફળદાન કહે છે. સિદ્ધાન્તીની આ શંકાને પૂર્વપક્ષી દૂર કરે છે કે પ્રમાણ ન હોવાથી એમ નથી—એમ કહીએ છીએ કે ના' ઇત્યાદિ. પ્રત્યક્ષ આદિથી ભિન્ન, [illegible]

આદિ જેનો વિનિયોગ બતાવે છે એવા મન્ત્રો પણ પ્રયોગની સાથે સંબન્ધ રાખનારનું અભિધાન કરે છે, કોઈ પણ અર્થનું પ્રમાણ નથી એમ (મીમાંસકો) કહે છે તેટલા માટે દેવ આદિને અધિકારનો અભાવ છે ॥ ૩૨ ॥

भावं तु बादरायणोऽस्ति हि ॥ ३३ ॥

બાદરાયણ તો (દેવાદિના અધિકારનું) અસ્તિત્વ (માને છે); કેમકે (પ્રતિપાદક વચન) છે ॥ ૩૩ ॥

તુશબ્દ પૂર્વપક્ષની [1]વ્યાવૃત્તિ કરે છે. બાદરાયણ આચાર્ય તો દેવાદિના પણ અધિકારનું અસ્તિત્વ માને છે. જોકે દેવતા આદિથી ભિન્ન થયલી મધુવિદ્યા આદિમાં

शब्दः स शब्दार्थः' (શબ્દ જેને અધીન હોય તે શબ્દાર્થ છે; અહિં અર્થવાદ્ય વિધિવાક્યને અધીન છે; કેમકે લક્ષણાથી વિધિવાક્યનું 'પ્રાશસ્ત્ય બતાવે છે) એમ શાબ્દન્યાયવેત્તાઓ કહે છે. અર્થવાદવાક્યમાં જ્યાં અન્ય પ્રમાણથી સ્વાર્થનું સમર્થન થાય છે, ત્યાં અન્ય પ્રમાણના બળથી તે સ્વીકારાય છે, શબ્દના સામર્થ્યથી નહિ. પણ જ્યાં અન્ય પ્રમાણ છેજ નહિ, જેમકે વિગ્રહાદિ પંચકમાં, ને અર્થ શબ્દથીજ પ્રતીત થવો યોગ્ય છે; પણ શબ્દ તો તત્પર—તે અર્થનો વાચક—નથી, પરંતુ વિધિવાક્યનું જે પ્રાશસ્ત્ય તત્પર છે. માટે શબ્દ (અર્થવાદ) વિગ્રહાદિપંચકની પ્રતીતિ કરાવવા સમર્થ નથી. તેની પ્રતીતિ કરાવવા જે સમર્થ હોય તેનું તાત્પર્ય ત્યાં પણ સ્વીકારવું જોઈએ. કોઈ કહેશે કે એકજ અર્થવાદવાક્ય વિધિવાક્યપ્રાશસ્ત્યની લક્ષણા કરશે તેમજ વિગ્રહાદિપંચકની પ્રતીતિ પણ કરાવશે. તો એ કહેવું યુક્ત નથી. એક વાક્ય ઉભય અર્થપર થતું નથી તેથી વાક્યભેદ થાય. અને જ્યાં એક વાક્ય હોવાથી અર્થ સમજવાનો હોય ત્યાં ભિન્ન વાક્ય હોવું યુક્ત નથી. તેટલા માટે અન્ય પ્રમાણથી જેનું જ્ઞાન થતું નથી એવા વિગ્રહાદિ પંચકનું જ્ઞાન અન્યપર-વિધિવાક્યપ્રાશસ્ત્યલક્ષણાપર શબ્દ (અર્થવાદ)થી થશે એ મનોરથમાત્ર છે—એ બનવું બીલકુલ સંભવિત નથી. વળી મન્ત્રોનો વ્રીહિ આદિની પેઠે શ્રુતિ આદિ તે તે સ્થળે વિનિયોગ કરે છે તેથી પ્રમાણાન્તરમાં મન્ત્રનો અનુપ્રવેશ થતો નથી તો તે તે કર્મોમાં તેનો શી રીતે ઉપયોગ કરવો એવી અપેક્ષા થયે દૃષ્ટ પ્રકાર સંભવતો હોય તો અદૃષ્ટની કલ્પના યુક્ત નથી. દૃષ્ટ પ્રકાર તો પ્રયોગની સાથે સમવેત-નિત્યસંબદ્ધ અર્થનું સ્મરણ કરાવવું તે છે; કેમકે સ્મરણ કરીનેજ અનુષ્ઠાતાઓ કર્મનું અનુષ્ઠાન કરે છે. પદોની અર્થપરતા ઉત્સર્ગપ્રાપ્ત છે. માટે અપેક્ષિત જે પ્રયોગ તેની સાથે સમવેત થયેલ અર્થનું સ્મરણ કરાવવામાં જેનું તાત્પર્ય છે એવા મન્ત્રનું વિગ્રહાદિ પંચક જે અજ્ઞાત છે તેને વિષે પણ તાત્પર્ય યુક્ત નથી. આ કારણથી મન્ત્રોથી પણ વિગ્રહાદિપંચક સિદ્ધ થતું નથી. આ પ્રમાણે દેવને વિગ્રહાદિ છે એમ કહેવું કરાવનાર પ્રમાણ ન હોવાથી એ બધું પ્રમાણનો વિષય છે એમ પ્રાપ્ત થાય છે. ॥ ૩૨ ॥

સિદ્ધાન્તસૂત્ર કહે છે—'भावं तु बादरायणोऽस्ति हि.' એ સૂત્રથી પ્રાપ્ત થયેલા પૂર્વપક્ષનું નિરસન કરે છે—'તુશબ્દ પૂર્વપક્ષની' ઇત્યાદિ 'મન્ત્રાદિ દેવને અધિકાર આપતી

---

૧ જૈ. ૧ ૨-૨

અધિકારનો અસંભવ છે, તોપણ શુદ્ધ બ્રહ્મવિદ્યામાં સંભવ છે; કેમકે અધિકારને [1]અર્થિત્વ, સામર્થ્ય, અપ્રતિષેધ આદિની અપેક્ષા છે. વળી ક્વચિત્ અસંભવ હોય એટલાથી જ્યાં સંભવ હોય ત્યાં અધિકારનો નિષેધ ન થાય. મનુષ્યોમાં પણ સર્વનો, બ્રાહ્મણ આદિઓનો, સર્વને વિષે, રાજસૂય આદિને વિષે, અધિકાર સંભવતો નથી. ત્યાં જે ન્યાય છે તે અહિં પણ થશે. બ્રહ્મવિદ્યાને પ્રસ્તાવીને દેવાદિને અધિકાર છે એમ સૂચવનારૂં 'तद्यो यो देवानां प्रत्यबुध्यत स एव तदभवत्तथर्षीणां तथा मनुष्याणाम्' [બૃહદ૦ ૧।૪।૧૦] (તેમાં દેવોમાં જે જે પ્રત્યગ્બ્રહ્મને વિષે પ્રતિબુદ્ધ થયો તેજ તે બ્રહ્મ થયો તેમજ ઋષિઓમાં ને તેમજ મનુષ્યોમાં) એમ શ્રુતિનું દર્શન છે. 'ते होचुर्हन्त तमात्मानमन्विच्छामो यमात्मानमन्विष्य सर्वांश्च लोकानाप्नोति सर्वांश्च कामानितीन्द्रो ह वै देवानामभिप्रवव्राज विरोचनोऽसुराणाम्' [છાન્દો૦ ૮।૭।૨] (તેઓએ કહ્યું, આપણે તે આત્માને શોધીએ કે જે આત્માને શોધીને સર્વ લોકો અને સર્વ કામોને પ્રાપ્ત કરે છે, એમ કહી ઇન્દ્રજ દેવોને અને વિરોચન અસુરોને છોડીને [પ્રજાપતિ પાસે] ગયા) ઇત્યાદિ પણ શ્રૌત દર્શન છે. ગન્ધર્વ અને યાજ્ઞવલ્ક્યનો [2]સંવાદ આદિ સ્મૃતિનું પણ દર્શન છે. 'ज्योतिषि भावाच्च' (વળી જ્યોતિને વિષે પ્-

નથી, વિદ્યા હોવાથી, મધુવિદ્યા આદિની પેઠે' એમ જે કહ્યું છે તેમાં 'વિદ્યા હોવાથી' એ હેતુ અપ્રયોજક છે મધુવિદ્યા આદિમાં વિદ્યા હોવાથી જેમ દેવનો અધિકાર નથી તેમ બ્રહ્મવિદ્યા પણ વિદ્યા હોવાથી તેમાં દેવનો અધિકાર નથી એમ જે કહ્યું છે તે યુક્ત નથી. મધુવિદ્યા આદિમાં દેવનો અધિકાર નથી તેનો હેતુ 'વિદ્યા હોવાથી' નથી, પરંતુ 'દેવાદિવ્યામિશ્ર હોવાથી' એ છે. મધુવિદ્યા આદિ વિદ્યા છે માટે તેમાં દેવાદિને અધિકાર નથી એમ નથી; પરંતુ તે દેવાદિવ્યામિશ્ર છે, માટે તેમાં દેવાદિને અધિકાર નથી. બ્રહ્મવિદ્યા કંઈ દેવાદિવ્યામિશ્ર નથી માટે તેમાં દેવાદિનો અધિકાર છે એમ કહે છે—'કેમકે દેવતા આદિથી મિશ્ર થયલી મધુવિદ્યા આદિમાં' ઇત્યાદિ. ત્યારે દેવાદિને અધિકારનો સંભવ છે તેનો શો હેતુ છે તે કહે છે—'અધિકારને અર્થિત્વ' ઇત્યાદિ. 'કર્મ આદિ કર્મ બ્રાહ્મણને અધિકાર આપતાં નથી, કર્મ હોવાને લીધે, રાજસૂય આદિની પેઠે' એમાં જેમ કર્મત્વ હેતુ અપ્રયોજક છે, સહેતુ નથી પણ હેત્વાભાસ છે તેમ વિદ્યાત્વ પણ હેતુનો આભાસમાત્ર છે એમ કહે છે—'વળી ક્વચિત્ અસંભવ હોય એટલાથી' ઇત્યાદિ. જેને વિષે જેનો અધિકાર સંભવે છે તે તેને વિષે અધિકારી છે એ ન્યાય સમાન છે એવો અર્થ છે. સર્વનો સર્વને વિષે અધિકાર સંભવતો નથી, તેથી 'નિષેધ ન થાય' એમ અન્વય છે. 'तद्यो यो देवानाम्' ઇત્યાદિ. તેમાં દેવોમાં જે જે આત્માને હું બ્રહ્મ છું એમ જાણે છે તે તે બ્રહ્મ થાય છે એમ સમજવું. તોપણ [illegible] વિદ્યાને વિષે અધિકાર છે એવી આશંકાથી કહે છે—'ते होचुः' ઇત્યાદિ. તે દેવો અને અસુરોએ અન્યોન્ય કહ્યું કે [illegible] આત્માને [illegible] કે જેને વિચારથી [illegible] પ્રાપ્ત કરે છે એમ કહીને વિદ્યા ગ્રહણ કરવા માટે ઇંદ્ર અને વિરોચન, સુર અને અસુરના [illegible] પ્રજાપતિ પાસે ગયા. બ્રહ્મ શું છે એવો [illegible] યાજ્ઞવલ્ક્યને પ્રશ્ન કર્યો અને યાજ્ઞવલ્ક્યે [illegible] ઉત્તર આપ્યો એમ [illegible] વિષે જનક અને યાજ્ઞવલ્ક્યનો સંવાદ છે [illegible] પ્રકૃતિને વિષે અધિકાર છે એ સમજાય છે એમ કહે છે—'ગન્ધર્વ અને યાજ્ઞવલ્ક્યનો સંવાદ' ઇત્યાદિ. એમ [illegible] (આગળની ટીકા) ઇત્યાદિને વિષે [illegible]

૧ [illegible] ૨ [illegible]

યોગ છે તેથી) [સૂત્ર ૩૨] એમ જે કહ્યું છે એને વિષે અમે કહીએ છીએ—જ્યોતિ આદિ જેનો વિષય છે એવા આદિત્ય આદિ દેવતાવાચક શબ્દો પણ ચેતનાવાળા, ઐશ્વર્યાદિયુક્ત, તે તે દેવતાત્માનું [1]સમર્પણ કરે છે; કેમકે મન્ત્ર, અર્થવાદ આદિઓમાં એવો વ્યવહાર છે. ખરેખર, ઐશ્વર્યના યોગથી દેવતાઓમાં જ્યોતિરાદિસ્વરૂપે રહેવાનું અને તે તે યથેષ્ટ વિગ્રહ ગ્રહણ કરવાનું સામર્થ્ય છે; કેમકે સુબ્રહ્મણ્ય અર્થવાદમાં મેધાતિથિના મેષ એને વિષે 'मेधातिथिं ह काण्वायनमिन्द्रो मेषो भूत्वा जहार' [ષડ્વિંશ૦ બ્રા૦ ૧।૧] ઇન્દ્રે મેષ થઈ કણ્વના પુત્ર મેધાતિથિનું હરણ કર્યું) એવી શ્રુતિ છે. 'आदित्यः पुरुषो भूत्वा कुन्तीमुपजगाम ह' (આદિત્ય, પુરુષ થઈને કુન્તીની પાસે ગયો) એવી સ્મૃતિ પણ છે. મૃત્તિકા આદિને વિષે ચેતન અધિષ્ઠાતાઓ સ્વીકારાય છે; કેમકે 'मृदब्रवीत्' (મૃત્તિકા બોલી), 'आपोऽब्रुवन्, (પાણી બોલ્યું) એમ જોવામાં આવે છે. જ્યોતિરાદિ ભૂતધાતુનું તો અચેતનત્વ આદિત્યાદિને વિષે સ્વીકારાયલું છે; પણ દેવતાત્મા અધિષ્ઠાતાઓ તો ચેતન છે, મન્ત્ર, અર્થવાદ આદિ વ્યવહારને લીધે એમ કહ્યું છે. વળી મન્ત્ર અને અર્થવાદો [2]અન્યાર્થક હોવાથી તેનામાં દેવતાના વિગ્રહ આદિ પ્રકાશ કરવાનું સામર્થ્ય નથી એમ જે કહ્યું છે એને

ત્મક છે તે નેત્રગોલકાદિ ભિન્ન ઇન્દ્રિયાદિનો વાચક થાય છે તેમ આદિત્યાદિ શબ્દો જ્યોતિરાદિને વિષે પ્રયુક્ત છે તોપણ તેથી અતિરિક્ત, ચેતનને વિષે પ્રવૃત્ત થાય છે. જેમ બાળકો નેત્રગોલકને વિષે નેત્રપદનો પ્રયોગ કરે છે તોપણ શાસ્ત્રવેત્તાઓ ગોલકથી ભિન્ન ઇન્દ્રિયો સ્વીકારે છે, તેમ જ્યોતિ આદિને વિષે સૂર્ય આદિ શબ્દોનો પ્રયોગ થાય છે તોપણ વિગ્રહયુક્ત દેવતાનો સ્વીકાર કરવો એમ કહે છે—'જ્યોતિ આદિ જેનો વિષય છે' ઇત્યાદિ. 'એવો વ્યવહાર'= ચેતન તરીકે વ્યવહાર. પણ એકનોજ જડ અને ચેતન તરીકે વ્યવહાર શી રીતે થાય તેને માટે કહે છે—'ખરેખર, ઐશ્વર્યના યોગથી' ઇત્યાદિ. દેવાદિ વિવિધ વિગ્રહ ગ્રહણ કરવા સમર્થ છે તેને માટે પ્રમાણ કહે છે—'કેમકે સુબ્રહ્મણ્ય અર્થવાદમાં' ઇત્યાદિ. 'સુબ્રહ્મણ્ય'= ઉદ્ગાતાના ગણમાં પ્રવિષ્ટ થયેલો એક ઋત્વિજ. તેના સંબન્ધનો 'इन्द्र आगच्छ' ઇત્યાદિ જે અર્થવાદ તે 'સુબ્રહ્મણ્ય અર્થવાદ', તેમાં મેધાતિથેઃ મેષ એમ ઇન્દ્રસંબોધન છે તેનું વ્યાખ્યાન કરે છે—'मेधातिथिं ह' ઇત્યાદિ. મુનિને ઇન્દ્ર મેષ થઈ લઈ ગયો એમ બતાવવા માટે મેષ એમ ઇન્દ્રને સંબોધી કહ્યું છે એવો અર્થ છે, ઇન્દ્રને ભિન્ન વિગ્રહનો યોગ છે, પણ અન્ય દેવતાને કેમ એમ આશંકા લાવી કહે છે—'आदित्यः पुरुषो भूत्वा' ઇત્યાદિ. ધર્મ, વાયુ અને ઇન્દ્ર પુરુષસ્વરૂપ ધારણ કરી તેનીજ—કુન્તીનીજ પાસે ગયા, અશ્વિનો પણ પુરુષનું સ્વરૂપ લઈ માદ્રી પાસે ગયા એમ મહાભારતમાં પ્રસિદ્ધ છે એવો અર્થ છે. આદિત્ય આદિ મૃત્તિકા આદિની પેઠે અચેતનજ છે એમ જે કહ્યું છે તે યુક્ત નથી; કેમકે સર્વત્ર જડ અને અજડ—ચેતન—એવા બે અંશ છે એમ કહે છે—'મૃત્તિકા આદિને વિષે' ઇત્યાદિ. આદિત્ય આદિને વિષે જડભાગ કયો છે ને ચેતન કયો છે તેને વિષે કહે છે—'જ્યોતિરાદિ ભૂત ધાતુનું' ઇત્યાદિ. 'મન્ત્ર, અર્થવાદ આદિ વ્યવહારને લીધે' આદિ પદથી ઇતિહાસ, પુરાણ અને ધર્મશાસ્ત્રોનું ગ્રહણ કરવું. 'વ્યવહાર'=પ્રવૃત્તિ. તેના દર્શનને લીધે. પૂર્વપક્ષનો અનુવાદ કરે છે. 'વળી મન્ત્ર અને અર્થવાદો અન્યાર્થક હોવાથી' ઇત્યાદિ. મન્ત્રાદિ પદશક્તિથી ભાસમાન

---

૧ બોધ કરે છે. ૨ અન્ય અર્થના પ્રતિપાદક, અન્યાર્થપર.

વિષે કહીએ છીએ—સદ્ભાવ[1] અસદ્ભાવનું[2] કારણ પ્રતીતિ અને અપ્રતીતિ છે, અન્યાર્થકત્વ કે અનન્યાર્થકત્વ નથી. જેમકે અન્ય અર્થ પ્રતિપાદન કરવા પણ નીકળેલો પુરુષ રસ્તામાં પડેલું તૃણ, પર્ણ આદિ છે એમજ પ્રતીતિ મેળવે છે. આને વિષે કહે છે કે જે દૃષ્ટાન્ત મૂકયો છે તે વિષમ છે. ત્યાં તો તૃણ, પર્ણ આદિનું પ્રત્યક્ષ જ્ઞાન પ્રવૃત્ત થયું છે તેથી તેના અસ્તિત્વની પ્રતીતિ થાય છે, પણ અહિં તો વિધિવાક્ય સાથે એકવાક્યતાથી અર્થવાદ સ્તુત્યર્થક છે તેને વિષે ભિન્ન અર્થ લઈ ભૂતાર્થને વિષે પ્રવૃત્ત થયો છે એમ નિશ્ચિત કરવું શકય નથી. ખરેખર, મહાવાક્ય અર્થની પ્રતીતિ કરાવતું હોય તો અવાન્તરવાક્ય ભિન્ન અર્થની પ્રતીતિ કરાવતું નથી. જેમકે 'न सुरां पिबेत्' ([3]સુરા પીવી નહિ) એ નઞ્વાળા (નકારવાળા) વાક્યમાં ત્રણ પદના સંબંધથી સુરાપાનનો પ્રતિષેધ એવો એકજ અર્થ પ્રતીત થાય છે, પણ સુરાં પિબેત્ (સુરા પીવી) એ બે પદના સંબંધથી સુરાપાનનો વિધિ પણ પ્રતીત થાય છે એમ નથી. અહિં કહીએ છીએ—દૃષ્ટાન્ત વિષમ છે. સુરાપાનપ્રતિષેધમાં પદાન્વય એક હોવાને લીધે અવાન્તર વાક્યાર્થનું અગ્રહણ યુક્ત છે. પણ

વિગ્રહાદિ જે સ્વાર્થ તેને વિષે પ્રમાણ નથી; કેમકે विषं भुङ्क्ष्व (ઝેર ખા) વાક્યની પેઠ અન્યાર્થક છે. પણ અન્યપર વાક્યમાંથી પણ બાધ ન હોય તો સ્વાર્થનું ગ્રહણ કરવું જોઈએ. જે પ્રમાણથી જેને વિષે અબાધિત જ્ઞાન થાય તે પ્રમાણથી તે સિદ્ધ થાય; પણ જ્યાં જે પ્રમાણથી એવું અબાધિત જ્ઞાન ન થાય ત્યાં તે પ્રમાણથી તે સિદ્ધ થતું નથી એવો [4]ઉત્સર્ગ છે. એવી રીને મન્ત્રાદિથી સ્વાર્થ (વિગ્રહવત્તા આદિ) ને વિષે બાધરહિત જ્ઞાન થાય તો તે મન્ત્રાદિ તેમાં (વિગ્રહવત્તાદિ સ્વાર્થમાં) પ્રમાણ છે, એમ પૂર્વપક્ષનો પરિહાર એકદેશી કરે છે—'એને વિષે કહીએ છીએ' ઇત્યાદિ. અમુક અર્થને વિષે તાત્પર્યનો અભાવ હોય તોપણ પ્રતીતિમાત્રથી અસ્તિત્વ સિદ્ધ થાય છે તેનું ઉદાહરણ આપે છે—'જેમકે અન્ય અર્થ' ઇત્યાદિ. પણ તૃણ આદિને વિષે પ્રત્યય છે, વિગ્રહ આદિને વિષે નથી એમ દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિક વચ્ચે વૈધર્મ્યની શંકા કરે છે—'આને વિષે કહે છે' ઇત્યાદિ. 'કહે છે' એટલે પૂર્વપક્ષી કહે છે. ખરેખર, શબ્દની એવી ગતિ છે કે જે તાત્પર્ય હોય તેનેજ અધીન તેની વૃત્તિ છે; કેમકે તાત્પર્ય એક હોય અને અન્ય સ્થળે શબ્દ પ્રમાણભૂત થાય એમ બને નહિ. અન્યપર શબ્દ અન્યત્ર પ્રમાણ થાય એ યુક્ત નથી. ખરેખર, 'श्वेतो धावति' ([5]કોઢવાળો પુરુષ નહાય છે) એ વાક્ય કે જેનું તાત્પર્ય કુષ્ઠી[6] સ્નાન કરે છે એવું છે તે અહિંથી [7]સારમેયની પેઠે દોડે છે (ધાવતિનો અર્થ દોડવું પણ થાય છે) એમ પ્રતીતિ કરાવે એ યુક્ત નથી. તેમજ નઞ્વાળા મહાવાક્યમાં અવાન્તર વિધિરૂપ વાક્યાર્થનું અવગમન થઈ શકે નહિ. પ્રત્યયમાત્રથી વિધિરૂપ અર્થ પણ થાઓ એમ કહી શકાશે નહિ; કેમકે એ પ્રત્યય ભ્રાન્તિરૂપ છે. પણ પ્રત્યક્ષ આદિની ગતિ એવી (શબ્દના જેવી) નથી. ખરેખર, પાણી લાવવું એ જેનું પ્રયોજન છે એવા પુરુષે ઘડો જોવા માટે આંખ ઉઘાડી, પણ તે આંખ ઘડો અને વસ્ત્ર કે કેવલ ઘડાનું જ્ઞાન નહિ મેળવે એમ નહિ. આ પ્રમાણે પૂર્વપક્ષી એકદેશીનું દૂષણ કરે છે એટલે પરમસિદ્ધાન્તવાદી કહે છે—'અહિં કહીએ છીએ' ઇત્યાદિ. અહિં આવો અભિપ્રાય છે—લોકમાં વિશિષ્ટ અર્થની પ્રતીતિ કરાવવા માટે પદો પ્રયોજાય છે, તેટલા માટે તે

૧ હયાતી. ૨ હયાતી નહિ તે. ૩ દારૂ, મદ્ય. ૪ સ્વાભાવિક નિયમ. ૫ કોઢવાળો. ૬ કોઢવાળો. ૭ કૂતરો.

વિધિવાક્ય અને અર્થવાદમાં તો અર્થવાદમાં રહેલાં પદો ભૂત' અર્થને વિષે પૃથક્

પ્રતીતિ કરાવ્યા વગર સ્વાર્થમાત્રના સ્મરણમાં તેમનું પર્યવસાન થતું નથી; કેમકે લોકમાં સ્વાર્થનુંજ સ્મરણ કરાવવા માટે પદોનો પ્રયોગ પૂર્વે જોવામાં આવ્યો નથી; પણ વાક્યાર્થ માટે જોવામાં આવે છે. વળી એ પદો સ્વાર્થનું સ્મરણ કરાવ્યા વિના સાક્ષાત્ વાક્યાર્થની પ્રતીતિ કરાવવા સમર્થ નથી, તેટલા માટે વાક્યાર્થના જ્ઞાનને અર્થે સ્વાર્થનું સ્મરણ કરાવવું એ પદોનો અવાન્તર વ્યાપાર કલ્પેલો છે. તેમજ, જે જેને માટે હોય તે તેના વિના પર્યવસાન પામે નહિ એ હેતુથી, પદોનું સ્વાર્થમાત્રનું અભિધાન કરવામાં પર્યવસાન થાય નહિ; અને નञ् (નકાર)-વાળા વાક્યમાં વિધાનનું પર્યવસાન થાય નહિ; કેમકે તેમ થાય તો નञ्પદ અનર્થક થાય. કહે છે કે 'साक्षाद्यद्यपि कुर्वन्ति पदार्थप्रतिपादनम्। वर्णास्तथापि नैतस्मिन् पर्यवस्यन्ति निष्फले ॥ वाक्यार्थमितये तेषां प्रवृत्तौ नान्तरीयकम्। पाके ज्वालेव काष्ठानां पदार्थप्रतिपादनम् ॥' (જોકે વર્ણો પદાર્થનું પ્રતિપાદન સાક્ષાત્ કરે છે તોપણ એ નિષ્ફળ છે તેથી એ કરવામાં પર્યવસાન પામતા નથી; પરંતુ રાંધવા માટે પ્રવૃત્ત થયલાં લાકડાંની જ્વાળા જેમ આવશ્યક છે તેમ વાક્યાર્થજ્ઞાન કરાવવા પ્રવૃત્ત થયલા વર્ણો પદાર્થનું પ્રતિપાદન કરે છે તે નિયમિત આવશ્યક છે) એક વાક્યમાં પદોની ગતિ આવા પ્રકારની છે. પણ જ્યાં એક વાક્યનો બીજા વાક્ય સાથે સંબધ છે ત્યાં લોકને અનુસારે ભૂતાર્થની વ્યુત્પત્તિ સિદ્ધ થયા પછી એકેક વાક્યનો વ્યાપાર તે તે વિશિષ્ટ અર્થની પ્રતીતિ કરાવી પર્યવસાન પામે છે; પછી કોઈક હેતુથી અન્ય પ્રયોજનની અપેક્ષા થાય છે એટલે અન્વય કલ્પાય છે; જેમકે 'वायुर्वै क्षेपिष्ठा देवता वायुमेव स्वेन भागधेयेनोपधावति स एवैनं भूतिं गमयति वायव्यं श्वेतमालभेत' (વાયુ, ખરેખર, અતિશય ક્ષિપ્ર દેવતા છે, વાયુ પ્રત્યેજ પોતાના ભાગથી દોડે છે. તેજ એને ભૂતિ–ઉદય પમાડે છે, વાયુને અર્થે શ્વેત પ્રાણીનું બલિદાન કરવું જોઈએ) અહિં. અહિં જો 'સ્વાધ્યાયનો અધ્યયનવિધિ સ્વાધ્યાયશબ્દવાચ્ય વેદરાશિને પુરુષાર્થ ન બનાવે તો ભૂતાર્થમાત્ર પ્રતિપાદન કરવામાં પર્યવસાન પામેલા અર્થવાદો વિધિવાક્ય સાથે એકવાક્યતા પામે નહિ. તેટલા માટે સ્વાધ્યાયવિધિના બળથી શું પ્રયોજન છે એમ આકાંક્ષા થવાથી અર્થવાદવાક્યો ભૂતાર્થવિષયક થઈ તેની પ્રતીતિ કરાવતાં વિધેયની પ્રશસ્તતા લક્ષ્ય કરે છે. પણ સ્વાર્થની વિવક્ષા વગર તે લક્ષ્ય કરવામાં સમર્થ થતા નથી, કેમકે તેમ હોય તો લક્ષણાજ ન થાય. વાચ્યાર્થ સાથે સંબંધરૂપ લક્ષણાબીજનો અભાવ થાય. આજ કારણથી 'गङ्गायां घोषः' (ગંગાપર ભરવાડનું ઝુપડું) એમાં गङ्गाशब्द સ્વાર્થસંબદ્ધ તીરજ લક્ષ્ય કરે છે, સમુદ્રતીર લક્ષ્ય કરતો નથી. શા માટે? કેમકે તેને સ્વાર્થ સાથે સમ્બન્ધ નથી. સ્વાર્થની અવિવક્ષા હોય તો આ ઘટે નહિ. આટલાજ માટે જ્યાં અર્થવાદવાક્યો અન્ય પ્રમાણથી વિરુદ્ધ હોય જેમકે 'आदित्यो वै यूपः' (આદિત્ય, ખરેખર, યૂપ છે), 'यजमानः प्रस्तरः' (યજમાન પ્રસ્તર છે) એવે સ્થળે–ત્યાં જેમ અન્ય પ્રમાણનો વિરોધ ન આવે ને જેમ સ્તુત્યર્થક થાય તે બંને વાત સિદ્ધ કરવા માટે 'गुणवादस्तु' અને 'तत्सिद्धिः' એમ જૈમિનિએ સૂત્રો કર્યાં છે. તેટલા માટે જ્યાં અર્થવાદવાક્યોનો તે અર્થ અન્ય પ્રમાણથી વિરુદ્ધ હોય ત્યાં ગુણવાદથી પ્રાશસ્ત્યલક્ષણા એમ લક્ષિતલક્ષણા લેવી. પણ જ્યાં અર્થવાદવાક્યોનો અન્ય પ્રમાણ સાથે સંવાદ હોય ત્યાં જેમ બીજા પ્રમાણથી એ અર્થ સિદ્ધ થાય છે તેમજ અર્થવાદથી પણ સિદ્ધ થાય છે. જેમ પરસ્પર અપેક્ષા રાખ્યા વગર પ્રત્યક્ષ અ

૧ પરિનિષ્પન્ન અર્થ ૨ નેર

અન્વય પામીને પછી ‘કૈમર્થ્યને’[1] લીધે વિધિવાક્યની સ્તુતિ કરવાનો ભાવ. પામે છે;

અનુમાન એકજ અર્થમાં પ્રવૃત્ત થાય છે તેનું એ સ્થળ છે. પ્રમાતાના સમ્બન્ધમાં એ અર્થવાદ અનુવાદ કહેવાય છે; કેમકે પ્રમાતા અવ્યુત્પન્ન હોવાથી પ્રથમ જેવી રીતે પ્રત્યક્ષ આદિથી અર્થનું જ્ઞાન મેળવે છે તેવી રીતે વેદવાક્યથી મેળવતો નથી; કેમકે ત્યાં વ્યુત્પત્તિ આદિની અપેક્ષા છે, પ્રમાણની અપેક્ષામાં કંઈ અર્થવાદ અનુવાદ કહેવાતો નથી; કેમકે બંને, અર્થવાદ અને પ્રમાણ, સ્વાર્થનો બોધ કરવામાં સ્વતન્ત્ર-નિરપેક્ષ છે. પણ અત્ર શંકા થાય છે કે જે અર્થવાદમાં અન્ય પ્રમાણનો વિરોધ હોય ત્યાં પણ ગુણવાદ શા માટે થાય છે, શબ્દવિરોધથી અન્ય પ્રમાણનોજ કેમ બાધ થતો નથી, જેમ અદ્વૈતવિષયક વેદાન્તોથી પ્રપંચને લગતાં પ્રત્યક્ષાદિનો બાધ થાય છે તેમ. અથવા તો અર્થવાદની પેઠે વેદાન્તોનો પણ ગુણવાદ કેમ થતો નથી. એ શંકાનું નિરાકરણ કહીએ છીએ—લોકના અનુસારે શબ્દોનો વિષય બે પ્રકારનો છે, દ્વારથી અને તાત્પર્યથી. જેમ એક વાક્યમાં પદોનો દ્વારથી પદાર્થ એ વિષય છે અને તાત્પર્યથી વાક્યાર્થ એ વિષય છે (પદો બોલવાનું તાત્પર્ય કંઈ તેમનોજ અર્થ બતાવવાનું નથી, પણ તેમના સંસર્ગથી જે ભિન્ન અર્થ-વાક્યાર્થ થાય છે તે બતાવવાનો છે. એ વાક્યાર્થ પદાર્થદ્વારા નીકળે છે માટે પદાર્થ એ દ્વારથી અને વાક્યાર્થ એ તાત્પર્યથી પદોનો વિષય છે) એજ પ્રમાણે બે વાક્યથી થયલી એકવાક્યતામાં પણ સમજવું. જેમ **इयं देवदत्तीया गौः क्रेतव्या** (આ દેવદત્તની ગાય ખરીદવી) એ એક વાક્ય છે, અને **एषा बहुक्षीरा** (એ બહુ દૂધ આપે છે) એ બીજું વાક્ય છે. એમાં બહુક્ષીરત્વપ્રતિપાદન (બહુ દૂધ દે છે એ કહેવું) દ્વાર છે; તાત્પર્ય તો **क्रेतव्या** (ખરીદવી) એ અન્ય વાક્યના અર્થમાં છે. તેમાં દ્વારથી જે અર્થ થાય છે તે જો અન્ય પ્રમાણથી વિરુદ્ધ હોય તો તેનો અર્થ અન્યથા કરવો. જેમ **विषं भक्षय** (ઝેર ખા) એ વાક્ય **मा अस्य गृहे भुङ्क्ष्व** (એને ઘેર ખાઈશ મા) એ અન્ય વાક્યના અર્થને અવલંબીને અન્યથા લેવાય છે તેમ. પણ તાત્પર્યથી જે અર્થ થાય છે તેમાં અન્ય પ્રમાણનો વિરોધ હોય તો પુરુષવાક્ય અપ્રમાણજ થાય છે. પૌર્વાપર્યનું પર્યાલોચન કરવાથી જણાશે કે વેદાન્તો તો સમસ્ત ભેદપ્રપંચનો નાશ કરે છે, બ્રહ્મમાત્રને પ્રતિપાદન કરે છે અને અપૌરુષેય છે તેથી તેનું પ્રામાણ્ય તાત્ત્વિક અને સ્વતઃસિદ્ધ છે. આથી પ્રત્યક્ષાદિ પ્રમાણોને પોતાનામાંથી નાંખી દઈ વ્યવહારમાં સ્થાપે છે. ‘**आदित्यो वै यूपः**’ એ વાક્ય આદિત્ય યૂપ છે એમ પ્રતિપાદન કરતું નથી; પણ યૂપની સ્તુતિ કરે છે, યૂપને વિષે તેજસ્વિપણા વગેરેનો ગુણવાદ કરે છે. તેટલા માટે અન્ય પ્રમાણનો વિરોધ હોય તો દ્વારથી જે અર્થ થાય તેનો ગુણવાદ સમજવો. પણ જેમાં અન્ય પ્રમાણનો વિરોધ નથી, જેમ દેવતાના વિગ્રહ આદિમાં, તેમાં દ્વારથી પણ જે અર્થની પ્રતીતિ થાય છે તેનો ત્યાગ કરવો શક્ય નથી; કે તેનો ગુણવાદ કરવો પણ શક્ય નથી, કેમકે મુખ્ય અર્થ સંભવતો હોય તો ગૌણ અર્થનો આશ્રય કરવો યુક્ત નથી. કોઈ એવી શંકા કરે કે એમ થાય તો અજ્ઞાત વિગ્રહ આદિનું પ્રતિપાદન કરનાર વાક્ય ભિન્ન વાક્ય થાય તો અમે કહીએ છીએ કે ખરી વાત છે, તે વાક્ય ભિન્નજ વાક્ય છે. તમે કહેશો કે તેમ વાક્યભેદ થવાથી તાત્પર્યનો પણ ભેદ થશે તો અમે કહીએ છીએ કે ના, દ્વારથી (અવાન્તરવાક્યથી, તાત્પર્યથી નહિ) પણ તેનું જ્ઞાન થાય તોપણ અન્ય તાત્પર્યની કલ્પના કરવી યુક્ત નથી. જ્યાં જેનું

૧ શા માટે એના અર્થને લીધે.

જેમકે 'वायव्यं श्वेतमालभेत भूतिकामः' ['ભૂતિ ઇચ્છનારે વાયુદેવને શ્વેત પ્રાણીનું બલિદાન કરવું) એમાં वायव्य આદિ વિધિવાક્યગત પદોનો વિધિની સાથે સંબન્ધ છે, એમ 'वायुर्वै क्षेपिष्ठा देवता वायुमेव स्वेन भागधेयेनोपधावति स एवैनं भूतिं गम-

તાત્પર્ય ન હોય ત્યાં તે અપ્રમાણ છે એમ કહેવું યુક્ત નથી. તેમ હોય તો વિશિષ્ટપર વાક્ય—જે વાક્યનું તાત્પર્ય વિશિષ્ટ અર્થ પ્રતિપાદન કરવાનું હોય તે—વિશેષણોને વિષે (તાત્પર્ય ન હોવાથી) અપ્રમાણ થવાથી વિશિષ્ટપર પણ ન થાય; કેમકે વિશેષણ તેનો વિષય નથી. (વિશેષણપર નથી તો વિશિષ્ટપર પણ નહિ થાય); અને વિશિષ્ટપર છે માટે વિશેષણનો આક્ષેપ કરવો એમ કહેશો તો અન્યોન્યાશ્રય થશે; કેમકે આક્ષેપથી વિશેષણની પ્રતીતિ થાય ત્યારે વિશિષ્ટપર થાય અને વિશિષ્ટપર થાય ત્યારે આક્ષેપ થાય. તેટલા માટે વિશિષ્ટની પ્રતીતિ કરાવનારાં પદોથી પણ જે વિશેષણોની પ્રતીતિ થાય છે તેને તેજ વાક્યના વિષય તરીકે સ્વીકારવીજ પડશે. એવીજ રીતે અર્થવાદવાક્યો અન્યપર છે તોપણ દેવતાવિગ્રહ આદિ જે પ્રતીત થાય છે તેનો, અન્ય પ્રમાણ સાથે વિરોધ ન હોય તો, ત્યાગ કરવો શક્ય નથી. ખરેખર, મુખ્ય અર્થનો સંભવ હોય તો ગુણવાદ યુક્ત નથી અને ભૂતાર્થ હોય તોપણ અપૌરુષેય વાક્યને સ્વાર્થને માટે અન્ય પ્રમાણની અપેક્ષા નથી કે જેથી અન્ય પ્રમાણનો અસંભવ હોય તો તે અપ્રમાણ થાય એમ તો પૂર્વે કહેલુંજ છે. પણ અત્ર શંકા છે. તાત્પર્ય એક હોય તેમ છતાં બે વાક્યભેદ સ્વીકારો છો તો એક અર્થ હોય તો એક વાક્ય શી રીતે ! ના. એ શંકા યુક્ત નથી. તે તે સ્થળે (એક અર્થ હોય ત્યાં, વાક્યમાં) તો તે તે પદાર્થથી વિશિષ્ટ એક પદાર્થની પ્રતીતિને વિષે પર્યવસાનનો સંભવ છે. આ બે અન્ય પદાર્થથી વિશિષ્ટ પદાર્થ તે કોઈક સ્થળે દ્વારભૂત—અવાન્તર, ગૌણ—હોય છે ને કોઈક સ્થળે દ્વારી-પ્રધાન હોય છે એટલોજ વિશેષ છે. વળી અત્ર શંકા થાય છે કે એમ થાય તો ओदनं भुक्त्वा ग्रामं गच्छति (ઓદન જમીને ગામ જાય છે) આદિ પણ વાક્યભેદનો પ્રસંગ આવશે; કેમકે ओदनं भुक्त्वा એ એક સમર્થ છે અને ग्रामं गच्छति એ બીજો છે. ના, એ શંકા યુક્ત નથી; કેમકે એમ હોવાથી પ્રતીતિ એક ઠેકાણે પર્યવસાન પામતી નથી. भुक्त्वा (જમીને) એથી સમાન કર્તા અને પૂર્વકાળની પ્રતીતિ થાય છે, અને એ પ્રતીતિ અપર કાળની બીજી ક્રિયાની પ્રતીતિ વિના પર્યવસાન પામતી નથી. તેટલા માટે જેટલા પદસમૂહમાં પદોએ જોડેલી પદાર્થની સ્મૃતિ પર્યવસાન પામે તેટલું એક વાક્ય છે. અર્થવાદવાક્યમાં તો પદાર્થની સ્મૃતિ પર્યવસાન પામે છે; કેમકે વિધિવાક્ય વિનાજ વિશિષ્ટ અર્થની પ્રતીતિ થાય છે. બન્ને બન્ને પદોથી વિશિષ્ટ અર્થની પ્રતીતિનું પર્યવસાન થવાથી પાંચ પદવાળા એક વાક્યમાં ભિન્નવાક્યત્વનો પ્રસંગ આવશે એમ શંકા ન કરવી; કેમકે વિશેષણો ભિન્ન છે તોપણ વિશેષ્ય એક છે. તેનું (વિશેષ્યનું) શ્રવણ એક વાર થાય છે ને તે પ્રધાન છે તેની ગુણભૂત વિશેષણને અનુસારે આવૃત્તિ કરવી યુક્ત નથી. જ્યારે પ્રધાન (વિશેષ્ય)નો ભેદ હોય ત્યારે તો વાક્યભેદ હોય. તેટલા માટે વિધિવાક્યથી અર્થવાદવાક્ય અન્ય છે, માટે બંને વાક્યોનો આદર પોતપોતાના વાક્યાર્થની પ્રતીતિ કરાવી પર્યવસાન પામે છે; પછી સમે તે હેતુથી અપેક્ષા થવાથી બે વાક્યોનો પરસ્પર અન્વય થાય છે એમ સિદ્ધ થયું. પણ અર્થવાદપદોનો અવાન્તર સંસર્ગનો બોધ કર્યા વિના સાક્ષાત્ વિધિની સાથે અન્વય થશે તેને માટે કહે છે—[1] જેમકે "वायव्यं श्वेतमालभेत भूतिकामः" ઇત્યાદિ. સાક્ષાત્ અન્વયનો અયોગ

---

૧. દરેક ર પોતાનો અર્થ

યતિ' (ખરેખર, વાયુ સૌથી ક્ષિપ્ર દેવ છે, વાયુ પ્રતિજ પોતાના ભાગથી દોડે છે, તેજ એને ભૂતિએ પહોંચાડે છે) એ અર્થવાદવાક્યસ્થ પદોનો વિધિ સાથે સંબન્ધ નથી. ખરેખર, वायुरालभेत કે क्षेपिष्ठा देवता आलभेत ઇત્યાદિ કંઈ થતું નથી. (અર્થવાદના वायुः પદનો કે क्षेपिष्ठा देवता એ પદોનો आलभेत વિધિ સાથે સંબન્ધ નથી). પણ વાયુનો સ્વભાવ કહીને અવાન્તર અન્વય પ્રાપ્ત કરીનેજ આ પ્રમાણે વિશિષ્ટ દેવતાનું એ કર્મ છે એમ વિધિને સ્તવે છે. તેમાં જ્યાં તે અવાન્તરવાક્યાર્થ અન્ય પ્રમાણનો વિષય થાય છે ત્યાં તેના અનુવાદથી અર્થવાદ પ્રવૃત્ત થાય છે; પણ જ્યાં તે અન્ય પ્રમાણથી વિરુદ્ધ હોય ત્યાં ગુણવાદથી પ્રવૃત્ત થાય છે. જ્યાં તે બંને નથી ત્યાં અન્ય પ્રમાણના અભાવથી ગુણવાદ થાય કે અન્ય પ્રમાણના અવિરોધથી વિદ્યમાનવાદ થાય એમ સંશયમાં [1]વિમર્શન કરી પ્રતીતિને શરણ થનારાઓએ વિદ્યમાનવાદનો આશ્રય કરવો, ગુણવાદનો નહિ. આથી મન્ત્રનું વ્યાખ્યાન થયું. વળી ઇન્દ્રાદિ દેવતાઓને હવિ આપવાની પ્રેરણા કરનાર વિધિઓજ ઇન્દ્રાદિના સ્વ-

દર્શાવે છે—'ખરેખર, वायुरालभेत' ઇત્યાદિ. તત્ર અર્થવાદવાક્યોથી સર્વત્ર સ્વાર્થનું મહત્ત્વ થાય એમ આશંકા કરી અર્થવાદોના વિભાગ કરે છે—'તેમાં જ્યાં તે અવાન્તર વાક્યાર્થ' ઇત્યાદિ. તેમાં=તે અર્થવાદવાક્યોમાં. 'अग्निर्हिमस्य भेषजम्' ઇત્યાદિમાં અનુવાદ સમજવો. 'आदित्यो यूपः' એમ આદિત્ય અને યૂપનો અભેદ બાધિત છે માટે યૂપને વિષે તેજસ્વિત્વ આદિ ગુણોનો વાદ છે એ ગુણવાદ સમજવો. 'वज्रहस्तः पुरन्दरः' ઇત્યાદિમાં અન્ય પ્રમાણ સાથે સંવાદ કે વિવાદ નથી તે ભૂતાર્થવાદ-નિષ્પન્ન અર્થનો વાદ-સમજવો. કહ્યું છે કે 'विरोधे गुणवादः स्यादनुवादोऽवधारिते। भूतार्थवादस्तद्धानादर्थवादस्त्रिधा मतः॥' (અર્થવાદ અન્ય પ્રમાણથી વિરુદ્ધ હોય તો ગુણવાદ, અન્ય પ્રમાણથી નિશ્ચિત-અવિરુદ્ધ થયો હોય તો અનુવાદ, અને તે ન થાય એટલે બેમાંનું એકે સંવાદ કે વિવાદ, વિરોધ કે અવિરોધ-ન હોય તો ભૂતાર્થવાદ સમજવો). જ્યાં અર્થ વિદ્યમાન હોય છે ત્યા સંવાદ જોવામાં આવે છે; પણ પ્રકૃતમાં—વિગ્રહાદિના અર્થવાદમાં-અર્થ વિદ્યમાન ન હોવાથી ગુણવાદ લેવો, કે જ્યાં વિરોધ હોય છે ત્યાં ગુણવાદ જોવામાં આવે છે ને અહિં વિરોધ ન હોવાથી વિદ્યમાન અર્થવાદ લેવો એમ સંદેહ થયે પ્રમાણો સ્વતઃ પ્રમાણ હોવાથી અર્થ વિદ્યમાન છે અને મુખ્ય અર્થ હોય તો ગુણનો આશ્રય કરવો યુક્ત નથી, માટે અર્થવાદવાક્યો સ્વાર્થનું જ્ઞાન કરાવવામાં અન્યાર્થક નથી, ફળનું જ્ઞાન કરાવવામાંજ અન્યાર્થક છે, કેમકે વિધિપ્રકરણમાં રહેલા અનુવાદ સાથે એને વિરોધ નથી, પ્રયાજાદિ વાક્યની પેઠે, એમ અનુમાનથી કહે છે—'પ્રતીતિને શરણ થનારાઓએ'. આ પ્રમાણે સંવાદ કે વિસંવાદ ન હોય તો અર્થવાદ સ્વાર્થને વિષે પ્રમાણભૂત છે એમ કહી મન્ત્રોને વિષે પણ તેનો અતિદેશ કરે છે—'આથી મન્ત્રનું વ્યાખ્યાન થયું'. મન્ત્રો પણ અર્થવાદની પેઠે સંવાદ કે વિસંવાદ ન હોવાથી સ્વાર્થને વિષે પ્રમાણભૂત છે તેટલા માટે જે દેવતારૂપ પ્રતીત થાય છે તેને વિષે પ્રામાણ્ય આવશ્યક છે એવો અર્થ છે. વળી દેવતાના રૂપને માત્ર મન્ત્રજ પ્રમાણ છે એમ નથી, પણ વિધિ પણ પ્રમાણ છે. દેવતાનું રૂપ સ્વીકારીએ નહિ તો વિધિ અનુપપન્ન થાય છે, માટે વિધિની અનુપપત્તિથી પણ સ્વર્ગ આદિની પેઠે દેવતાનો વિગ્રહ અંગીકાર કરવો જોઈએ એમ કહે છે—'વળી ઇન્દ્રાદિ દેવતાઓને' ઇત્યાદિ. દેવતાને ઉદ્દેશીને હવિને સ્પર્શ કરીને તેને લગતા સ્વત્વનો ત્યાગ કરવો એ યાગશરીર છે. પણ

1 વિચાર.

રૂપની અપેક્ષા રાખે છે. ખરેખર, સ્વરૂપરહિત ઇન્દ્રાદિઓ ચિત્તને વિષે આરોપવા શક્ય નથી. અને ચિત્તને વિષે આરૂઢ ન થયેલા એવા તે તે દેવતાને હવિ આપવું શક્ય નથી. શ્રુતિ પણ 'यस्यै देवतायै हविर्गृहीतं स्यात् तां ध्यायेद्वषट्करिष्यन्' [ઐત૰ બ્રા૰ ૩।૮।૧] (જે દેવતા માટે હવિનું ગ્રહણ કર્યું હોય તેનું વષટ્કાર કરતા પહેલાં ધ્યાન ધરવું જોઈએ) એમ કહે છે. વળી શબ્દમાત્ર અર્થસ્વરૂપ સંભવતું નથી; કેમકે શબ્દ અને અર્થનો ભેદ છે. તેમાં મન્ત્ર અને અર્થવાદમાં ઇન્દ્રાદિનું જેવું સ્વરૂપ અવગત છે તેવા સ્વરૂપનો શબ્દને પ્રમાણ માનનારે પ્રતિષેધ કરવો યુક્ત નથી.

ચિત્તને વિષે આક્રમ કર્યા વિના દેવતાનો ઉદ્દેશ કરવો શક્ય નથી, તેમજ રૂપરહિત દેવતાનો ચિત્તને વિષે આક્રમ થઈ શકે નહિ. માટે યાગવિધિને દેવતાના રૂપની અપેક્ષા છે. જેવું રૂપ અન્યપર મન્ત્ર અને અર્થવાદથી જ્ઞાત થયું છે તેવુંજ રૂપ વિધિથી પણ સ્વીકારાય છે; કેમકે અન્ય રૂપની કલ્પના કરવી યુક્ત નથી. જેમકે 'व्रात्यो व्रात्यस्तोमेन यजेत' (વ્રાત્યે વ્રાત્યસ્તોમ યાગ કરવો) એ વિધિ વ્રાત્યના સ્વરૂપની અપેક્ષા કરે છે અને જેનો પિતા કે પિતામહ સોમ ન પીએ તે व्रात्य એમ વ્રાત્યસ્વરૂપની પ્રતીતિ થાય છે તે પ્રતીત થયેલું સ્વરૂપ વ્રાત્યસ્તોમવિધિથી અપેક્ષિત થઈ વિધિથી પ્રમાણભૂત થાય છે. અથવા સ્વર્ગનું રૂપ અલૌકિક છે, તેની 'स्वर्गकामो यजेत' (સ્વર્ગની કામનાવાળાએ યજ્ઞ કરવો) એ વિધિ અપેક્ષા રાખે છે તેને અર્થવાદથી જ્ઞાયમાન થઈ વિધિનું પ્રમાણ થાય છે તેમજ દેવતારૂપનું પણ સમજવું. પણ અત્ર શંકા થાય છે કે ઉદ્દેશ રૂપના જ્ઞાનની અપેક્ષા કરે છે, રૂપની સત્તાની અપેક્ષા કરતો નથી. કેમકે દેવતાનો સમારોપ કરવાથી પણ રૂપજ્ઞાન ઉત્પન્ન થાય છે; માટે દેવતાનું સમારોપિત રૂપજ મન્ત્ર અને અર્થવાદો કહે છે. ખરી વાત છે રૂપના જ્ઞાનની અપેક્ષા છે; અને તે જ્ઞાન, અન્યથી અસંભવ હોવાથી મન્ત્ર અને અર્થવાદથીજ પ્રાપ્ત થાય છે; અને તે રૂપ, બાધ ન હોવાથી, અનુભવમાં આવેલું છે તેવુંજ લેવું યુક્ત છે. અનુભવમાં આવેલાનો ત્યાગ કરી અન્યથા, અનનુભૂત થયેલું, કલ્પવું યુક્ત નથી. તેટલા માટે વિધિની જેને અપેક્ષા છે એવા મન્ત્ર અને અર્થવાદ અન્યપર છે તોપણ જે દેવતારૂપ બુદ્ધિને વિષે મૂકે છે તે વિધિનું પ્રમાણ થાય છે એ યુક્ત છે. પણ દૃષ્ટાન્તમાં કર્મને વિષે વિધિ હુત વિના અનુપપન્ન છે તેથી 'यव कुशेन संमिमन्' (જે દુઃખથી યુક્ત નથી) એવું અર્થવાદસિદ્ધ સ્વરૂપ વિધિનું પ્રમાણ થાય; પણ વિગ્રહાદિ વિના વિધિ શી રીતે અનુપપન્ન થાય તેટલા માટે કહે છે—'ખરેખર, સ્વરૂપરહિત ઇન્દ્રાદિઓ' ઇત્યાદિ. ચિત્તને વિષે આક્રમ કર્યો વિના દેવતાને ઉદ્દેશીને ત્યાગ કરવો ઉપપન્ન નથી માટે ચિત્તને વિષે આક્રમ સ્વીકારવો જોઈએ એને વિષે શ્રુતિ પણ આપે છે—'यस्यै देवतायै' ઇત્યાદિ. માટે ચિત્તને વિષે આરૂઢ કરવા વિગ્રહની કલ્પના રાખવી યુક્ત છે. પણ વિધિને અપેક્ષા હોય તો મન્ત્ર આદિથી દેવતાના વિગ્રહ આદિનું ગ્રહણ કરવું યુક્ત છે; પણ આદિ તો વિધિને અપેક્ષાજ નથી; કેમકે શબ્દરૂપજ દેવતા છે અને તે અન્યપ્રમાણસિદ્ધ છે. આવી શંકા યુક્ત નથી; કેમકે સુપ્રસન્ન વિગ્રહવાળા દેવતાનો ત્યાગ કરી શબ્દમાત્ર દેવતાની બુદ્ધિ અયુક્ત છે એમ કહે છે—'વળી શબ્દમાત્ર અર્થસ્વરૂપ' ઇત્યાદિ. શબ્દને અર્થની અપેક્ષા છે તેથી મન્ત્રાદિથી જ્ઞાત વિગ્રહનોજ અંગીકાર કરવો જોઈએ એમ કહે છે—'તેમાં મન્ત્ર અને અર્થવાદમાં' ઇત્યાદિ. જે પ્રમાણે મન્ત્ર અને અર્થવાદ જેનું મૂળ છે એવા ઇતિહાસાદિ પણ વિગ્રહને વિષે પ્રમાણભૂત

૧ સ્મરણરૂપ.

ઇતિહાસ અને પુરાણનું પણ મૂળ અગાઉ સમજાવેલી રીતે પ્રમાણ તરીકે સંભવતા મન્ત્ર અને અર્થવાદ છે તેથી દેવતાના વિગ્રહાદિ સાધવાને તે (ઇતિહાસ પુરાણ) સમર્થ છે. વળી તેનું પ્રત્યક્ષાદિ મૂળ છે એ પણ સંભવે છે. ખરેખર, જે આપણને અપ્રત્યક્ષ હોય તે પણ [1]ચિરન્તનોને પ્રત્યક્ષ હોય છે. જેમકે વ્યાસ આદિઓ દેવ આદિઓ જોડે પ્રત્યક્ષ વ્યવહાર કરે છે એમ સ્મૃતિ છે. હાલનાની પેઠે પૂર્વનાને પણ દેવાદિઓ સાથે વ્યવહાર કરવાનું સામર્થ્ય નથી એમ જે કહે તે જગતની વિચિત્રતાનો પ્રતિષેધ કરે, હાલની પેઠે અન્ય સમયે પણ સાર્વભૌમ ક્ષત્રિય નથી એમ કહે અને તેથી રાજસૂય આદિ પ્રેરણાને બાધ આવે; વળી હમણાની પેઠે અન્ય સમયે પણ વર્ણાશ્રમધર્મો અવ્યવસ્થિત જેવા હતા એમ પ્રતિજ્ઞા કરે અને તેથી વ્યવસ્થા કરનાર શાસ્ત્ર અનર્થક થાય. તેટલા માટે ધર્મના ઉત્કર્ષને લીધે ચિરન્તનો દેવાદિ સાથે પ્રત્યક્ષ વ્યવહાર કરતા હતા એ ઘટે છે. વળી 'स्वाध्यायादिष्टदेवतासंप्रयोगः' [યો. સૂ. ૨।૪૪] (સ્વાધ્યાયથી ઇષ્ટ દેવતા સાથે [2]સંપ્રયોગ છે) ઇત્યાદિ સ્મૃતિ છે. અણિમા આદિ ઐશ્વર્યપ્રાપ્તિ જેનું ફળ છે એવો યોગ જેનું સ્મૃતિ પ્રતિપાદન કરે છે તેનો પણ સાહસમાત્રથી નિષેધ કરવો યુક્ત નથી. શ્રુતિ પણ 'पृथ्व्यप्तेजोऽनिलखे समुत्थिते पञ्चात्मके योगगुणे प्रवृत्ते। न तस्य रोगो न जरा न मृत्युः प्राप्तस्य योगाग्निमयं शरीरम्' [શ્વેતા० ૨।૧૨] (પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એ પંચાત્મક (ભૂતસમુદાય) વશ થાય અને યોગગુણ પ્રવૃત્ત થાય એટલે યોગથી અભિવ્યક્ત થયલા તેજોમય દેહ પ્રાપ્ત થયલા યોગીને રોગ, જરા, ને મૃત્યુ નથી) એમ યોગનું માહાત્મ્ય કહે છે. મન્ત્ર અને બ્રાહ્મણનું દર્શન કરનાર ઋષિઓનું પણ સામર્થ્ય આપણા સામર્થ્ય સાથે સરખાવવું યુક્ત નથી. તેટલા માટે ઇતિહાસ અને પુરાણ સમૂલ (પ્રમાણભૂત) છે. લોકપ્રસિદ્ધિ પણ સંભવ હોય તો આધારરહિત છે એમ

છે એમ કહે છે—'ઇતિહાસ અને પુરાણનું પણ' ઇત્યાદિ. વ્યાસ આદિ યોગિઓને જે દેવતા આદિનું પ્રત્યક્ષ થાય છે તે પણ ઇતિહાસ આદિનું મૂળ છે એમ કહે છે—'વળી તેનું પ્રત્યક્ષ આદિ' ઇત્યાદિ. વ્યાસાદિ દેવતાદિના પ્રત્યક્ષરહિત છે, પ્રાણી હોવાથી, આપણી પેઠે-એ અનુમાનનું અતિપ્રસંગથી દૂષણ કરે છે—'હાલનાની પેઠે પૂર્વનાને પણ' ઇત્યાદિ. જે એમ કહે તે પુરુષ એમ પણ કહે કે સર્વ વસ્તુ ઘટથી અભિન્ન છે, વસ્તુ છે તેથી, ઘટની પેઠે એમ જગતની વિચિત્રતાનો જ તે નિષેધ કરે, તેમજ રાજસૂય આદિ શાસ્ત્ર અને કૃતયુગાદિયુગધર્મવ્યવસ્થાશાસ્ત્રને પણ બાધ થાય. વળી યોગસૂત્રના અર્થથી પણ દેવાદિનું પ્રત્યક્ષ સિદ્ધ થાય છે એમ કહે છે—'વળી "स्वाध्यायादिष्टदेवतासंप्रयोगः"' ઇત્યાદિ. મન્ત્રજપથી દેવતાનું સાંનિધ્ય અને તેની સાથે સંભાષણ એવો સૂત્રનો અર્થ છે. યોગમાહાત્મ્ય શ્રુતિ અને સ્મૃતિથી સિદ્ધ છે તેથી યોગીઓને દેવાદિનું પ્રત્યક્ષ છે એમ કહે છે—'અણિમા આદિ ઐશ્વર્યપ્રાપ્તિ' ઇત્યાદિ. પાદતલથી [3]જાનુપર્યન્ત, જાનુથી નાભિપર્યન્ત, નાભિથી [4]ગ્રીવાપર્યન્ત, ગ્રીવાથી કેશ ઊગે છે ત્યાંસુધી, અને ત્યાંથી બ્રહ્મરન્ધ્રપર્યન્ત પૃથિવી આદિ પંચક સમુત્થિત છે તે ધારણાથી જીતાય, યોગગુણ અણિમા આદિ પ્રવૃત્ત થાય એટલે યોગથી અભિવ્યક્ત તેજોમય શરીરને યોગી પ્રાપ્ત થાય છે, તે યોગીને રોગ આદિનો સ્પર્શ નથી. ચિત્રકાર આદિની પ્રસિદ્ધિ પણ વિગ્રહને વિષે પ્રમાણભૂત છે એમ કહે છે—'લોકપ્રસિદ્ધિ પણ' ઇત્યાદિ. અધિકરણના

૧ પ્રાચીન સ્ત્રાનોને. ૨ સંભાષણાદિ સંબન્ધ. ૩ ઘૂંટણ સુધી. ૪ ગરદન સુધી.

નિશ્ચય કરવો યુક્ત નથી. તેટલા માટે મન્ત્રાદિથી દેવાદિને વિગ્રહ છે એ વગેરે પ્રતીત થવું યુક્ત છે; અને તેથી અર્થિત્વ આદિના સંભવથી દેવાદિને પણ બ્રહ્મવિદ્યાને વિષે અધિકાર યુક્ત છે, [1]ક્રમમુક્તિદર્શનો પણ એમજ [2]ઉપપન્ન થાય છે ॥ ૩૩ ॥

शुगस्य तदनादरश्रवणात् तदाद्रवणात् सूच्यते हि ॥३४॥

એને (જાનશ્રુતિને) શોક (થયો), તેથી (પોતાનો) અનાદર સાંભળવાથી; તેથી [3]આદ્રવણથી; ખરેખર તે સૂચવાય છે ॥ ૩૪ ॥

જેમ મનુષ્યના અધિકારના નિયમનો નિષેધ કરીને દેવાદિનો પણ વિદ્યાઓને વિષે અધિકાર કહ્યો, તેવીજ રીતે દ્વિજાતિના અધિકારના નિયમના અપવાદથી શૂદ્રનો પણ અધિકાર થાય એ આશંકાની નિવૃત્તિ કરવા માટે આ અધિકરણ આરંભાય છે. તેમાં શૂદ્રનો પણ અધિકાર થાય એમ પ્રથમ પ્રાપ્ત થાય છે, અર્થિત્વ અને સામર્થ્યના સંભવથી, અને 'तस्माच्छूद्रो यज्ञेऽनवक्लृप्तः' [તૈ૦ સં૦ ૭।૧।૧।૬] (તેટલા માટે શૂદ્ર યજ્ઞને વિષે અસમર્થ છે) એની પેઠે 'शूद्रो विद्यायामनवक्लृप्तः' (શૂદ્ર વિ-

---

અર્થનો ઉપસંહાર કરે છે—'તેટલા માટે મન્ત્રાદિથી' ઇત્યાદિ. વળી બ્રહ્મલોક આદિ પ્રાપ્ત થયેલા, દેવાદિભાવ પ્રાપ્ત થયેલા, તેમાં જેમને પ્રત્યક્ષ જ્ઞાન ઉત્પન્ન થયેલું છે એવાની મુક્તિ કહેનારાં શ્રુતિવાક્યો અને અને સ્મૃતિવાક્યો પણ દેવાદિનો અધિકાર સૂચવે છે. તેમને બ્રહ્મવિદ્યાનો અધિકાર થાય ત્યારેજ દેવત્વપ્રાપ્તિદ્વારા ક્રમમુક્તિ ફળવાળી ઉપાસના ઘટે છે. દેવોનો અધિકાર ન હોય તો જ્ઞાન ન હોવાથી, ક્રમમુક્તિની કામનાવાળાઓની ઉપાસનાને વિષે પ્રવૃત્તિ ન થાય; માટે અધિકારના નિર્ણયથી પ્રવૃત્તિ સિદ્ધ થાય છે એવો અર્થ છે ॥ ૩૩ ॥

મનુષ્યાધિકારના નિયમનો અપવાદ કરી બ્રહ્મવિદ્યાને વિષે જેમ દેવાદિનો અધિકાર કહ્યો તેમ દ્વિજાતિના અધિકારરૂપ નિયમનું નિરસન કરી શૂદ્રને પણ અધિકાર થાય; કેમકે સંવર્ગવિદ્યાના અધિકારી જાનશ્રુતિને વિષે શૂદ્રશબ્દનો પ્રયોગ છે આમ આશંકા કરી કહે છે—'शुगस्य' ઇત્યાદિ. પ્રાસંગિક દૃષ્ટાન્તસંગતિ કહી અધિકરણનું તાત્પર્ય કહે છે—'જેમ મનુષ્યના' ઇત્યાદિ. પૂર્વ અધિકરણમાં દેવાદિનો અધિકાર સિદ્ધ કરવા માટે મન્ત્રાદિનો પણ ભૂતાર્થ, વિગ્રહ આદિને વિષે સમન્વય કહ્યો અને તેથી વેદાન્તોનો પણ ભૂતાર્થ બ્રહ્મને વિષે સમન્વય દૃઢ કર્યો. અહીં પણ શ્રુતિમાં કહેલા શૂદ્રશબ્દનો ક્ષત્રિયને વિષે સમન્વય કહી એજ સમન્વય દૃઢ કરવામાં આવે છે, માટે પ્રાસંગિક આ બન્ને અધિકરણનો સમન્વયાધ્યાયમાં અન્તર્ભાવ છે એમ સમજવું. પૂર્વપક્ષમાં દ્વિજને વેદાન્તશ્રવણનો જે અધિકાર છે તેમાં શૂદ્રની પણ પ્રવૃત્તિ છે એવું ફળ છે, અને સિદ્ધાન્તમાં પ્રવૃત્તિ નથી એવું ફળ છે. અહીં વેદાન્તવિચાર એ વિષય છે, તે શૂદ્રને અધિકાર આપે છે કે નહિ એમ સંશય અને અસંભવથી સંદેહ ઉત્પન્ન થયે પૂર્વપક્ષ કહે છે—'તેમાં શૂદ્રનો પણ અધિકાર' ઇત્યાદિ. 'તેટલા માટે'= અનગ્નિત્વને લીધે, શૂદ્રને યજ્ઞનો અધિકાર નથી તેવી કર્મનો અનધિકાર હોવાથી તેજ ન્યાયથી

---

[1] જે દર્શન ક્રમે કરીને મુક્તિ સિધ્ધ કરે છે તે. [2] યુક્ત. [3] પ્રાપ્તિથી [4] સાધ્ય નહિ. સિદ્ધ. નિષ્પન્ન.

ધાને વિષે અસમર્થ છે) એમ નિષેધનું શ્રવણ નથી તેથી. વળી કર્મોને વિષે શૂદ્રના અનધિકારનું કારણ જે [1]અનગ્નિત્વ છે તે વિદ્યાઓને વિષે અધિકારનું [2]અપવાદક લિંગ નથી. ખરેખર, [3]આહવનીય આદિ રહિતથી વિદ્યા જાણવી શક્ય નથી એમ નથી. વળી શૂદ્રના અધિકારને પુષ્ટિ આપનાર લિંગ છે. ખરેખર, [4]સંવર્ગવિદ્યામાં [5]પૌત્રાયણ જાનશ્રુતિ જે (બ્રહ્મ) શ્રવણ કરવા ઇચ્છતો હતો તેનો (રૈક્વ) શૂદ્ર શબ્દથી પરામર્શ કરે છે—'अह हारेत्वा शूद्र तवैव सह गोभिरस्तु" [છાન્દોગ્ય ૪।૨।૩] (અરે, હારથી શૂદ્ર, યુક્ત રથ, ગાયો સાથે તારીજ થાઓ) એમ. વિદુર આદિઓ શૂદ્રયોનિથી જન્મ્યા હતા તોપણ વિશિષ્ટ વિજ્ઞાનયુક્ત થયા હતા એમ સ્મૃતિઓ કહે છે. તેટલા માટે શૂદ્રનો વિદ્યાઓને વિષે અધિકાર છે. એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ—શૂદ્રનો અધિકાર નથી, વેદનું અધ્યયન નથી તેથી. ખરેખર, જેણે વેદનું અધ્યયન કર્યું હોય અને વેદનો અર્થ જાણ્યો હોય તેને વેદાર્થોને વિષે અધિકાર છે, પણ શૂદ્રને વેદનું અધ્યયન નથી; કેમકે વેદાધ્યયન [6]ઉપનયનપૂર્વક છે; અને ઉ-

વિદ્યાને વિષે પણ અધિકાર નથી તેને વિષે કહે છે—'**વળી કર્મોને વિષે**' ઇત્યાદિ. આહવનીય આદિ અગ્નિ ન હોવાથી શૂદ્રને વિદ્યાને વિષે અધિકાર નથી એમ કહો છો કે અધિકારને વિષે પ્રમાણ નથી તેથી? આ બે પક્ષમાંથી આદિ પક્ષનું દૂષણ કરે છે—'**ખરેખર, આહવનીય આદિ રહિતથી**' ઇત્યાદિ. વિદ્યાનાં સાધન દેખાય છે અને આહવનીય આદિ કંઈ તેમાં સાધનરૂપ નથી તેથી નિષ્પ્રયોજક છે; માટે આહવનીય આદિ ન હોય ને વિદ્યાનાં સાધન હોય તો તે પ્રાપ્ત થાય એવું તાત્પર્ય છે. બીજા પક્ષનું નિરાકરણ કરે છે. વિદ્યાર્થને વિષે શૂદ્રશબ્દનો પ્રયોગ છે એ લિંગથી પણ શૂદ્રનો અધિકાર છે એમ કહે છે—'**વળી શૂદ્રના અધિકારને**' ઇત્યાદિ. કહે છે કે જાનશ્રુતિએ છસેં ગાય અને રથ રૈક્વ ગુરુને સમર્પણ કરવા ધરાવી મને શિખવો એમ વિનતિ કરી. ત્યારે જે નિર્ધન હતો અને જેને કન્યા પરણવાની ઇચ્છા હતી તેણે કહ્યું—'**अह हारेत्वा**' ઇત્યાદિ. अह=ખેદવાચક છે, અરે. હારથી યુક્ત જે ગતિ કરનાર રથ તે **हारेत्वा**. તે રથ છસેં ગાયો સાથે, હે શૂદ્ર, તારીજ પાસે રહેવા દે. ગૃહસ્થાશ્રમ માટે ઉપયોગી ન થાય એવા એટલા અલ્પ દ્રવ્યનું મારે કંઈ કામ નથી. એમાં રૈક્વ વિદ્યાધિકારી જાનશ્રુતિને રૈક્વ શબ્દથી બોલાવ્યો છે. શૂદ્રના અધિકાર માટે માત્ર શ્રુતિમાં લિંગ છે એટલુંજ નહિ, પણ સ્મૃતિમાં પણ છે એમ કહે છે—'**વિદુર આદિઓ**' ઇત્યાદિ. અર્થિત્વ આદિયુક્તને ફળ ઉત્પન્ન કરે એવું સાધન હોય તો સ્વાભાવિક પ્રવૃત્તિ થાય છે એ ન્યાયથી '**तद्यो यो देवानाम्**' એમ બ્રહ્મપ્રતીતિસંબંધી લિંગથી જેમ દેવોનો અધિકાર કહ્યો છે તેમ અહિં પણ અર્થિત્વ આદિ યુક્તને શૂદ્રશબ્દરૂપ પરામર્શલિંગથી અધિકાર છે એમ પૂર્વપક્ષનો ઉપસંહાર કરે છે—'**તેટલા માટે શૂદ્રનો**' ઇત્યાદિ. સૂત્રથી બહાર જઈજ સિદ્ધાન્ત કરે છે—'**શૂદ્રનો અધિકાર નથી**' ઇત્યાદિ. અધ્યયનવિધિથી સંસ્કાર પામેલો જે વેદ તેથી ઉત્પન્ન થયલું વેદનું [7]આપાતજ્ઞાન વેદાન્તવિચારને વિષે શાસ્ત્રીય સામર્થ્ય છે. શૂદ્રને તે ન હોવાથી અર્થિત્વ આદિથી સંભવતો ન્યાય સિદ્ધ થતો નથી તેથી વેદાન્તવિચારનો અધિકાર નથી. અથવા અધ્યયનથી સંસ્કાર

૧. અગ્નિ રાખવાનો અધિકાર ન હોવાથી પાસે અગ્નિ ન હોવો તે. ૨ અધિકાર છે એવા નિયમનો અપવાદરૂપ. ૩. એક પ્રકારનો અગ્નિ. પૃષ્ઠ ૬૩૪ ટિપ્પણ જુઓ. ૪ પૃષ્ઠ ૭૪ જુઓ. ૫. પુત્રનો પૌત્ર. ૬. ઉપનયન-જનોઈ એની પૂર્વે છે એવું, જનોઈ દીધા પછી થાય એવું. ૭. તાત્કાલિક.

અધ્યયન વગર વર્ણનેજ લાગુ પડે છે. વળી જે અર્થિત્વ છે તે સામર્થ્ય ન હોય તો અધિકારનું કારણ થતું નથી. સામર્થ્ય પણ કેવળ લૌકિક હોય તો અધિકારનું કારણ થતું નથી; કેમકે શાસ્ત્રીય અર્થમાં શાસ્ત્રીય સામર્થ્યની અપેક્ષા છે. અને અધ્યયનના નિરાકરણથી શાસ્ત્રીય સામર્થ્યનું નિરાકરણ થયું છે. 'शूद्रो यज्ञेऽनवक्लृप्तः' (શૂદ્ર યજ્ઞને વિષે અસમર્થ છે) એમ જે છે તે ન્યાયપૂર્વક હોવાથી વિદ્યાને વિષે અનવક્લૃપ્તત્વ—અસામર્થ્ય સૂચવે છે; કેમકે ન્યાય સાધારણ છે. વળી સંવર્ગવિદ્યામાં શૂદ્રશબ્દની શ્રુતિને જે તું લિંગ માને છે તે લિંગ નથી; કેમકે ન્યાય નથી. ખરેખર, ન્યાયની ઉક્તિ હોય તો લિંગનું દર્શન દ્યોતક થાય. પણ અહિ ન્યાય નથી. ભલે, એ શૂદ્રશબ્દ એકલી સંવર્ગવિદ્યામાંજ શૂદ્રનો અધિકાર કરે; કેમકે તે તેનો વિષય છે. પણ સર્વ વિદ્યાઓમાં અધિકાર કરતો નથી. અર્થવાદવાક્યમાં રહેલો હોવાથી તો કોઈ પણ સ્થળે એ શૂદ્રનો અધિકાર પ્રતિપાદન કરવા સમર્થ નથી. વળી અધિકારવાળા પુરુષને લાગુ પડે એમ શૂદ્રશબ્દની યોજના થઈ શકે છે. શી રીતે તેને માટે કહેલું છે—'कम्वर एनमेतत्सन्तं सयुग्वानमिव रैक्वमात्थ' [છાન્દો૦ ૪।૧।૩] (અરે, આ આવો છે તેને ગાડીવાળા રૈક્વની પેઠે આ વચન કહે છે) એમ એ હંસવાક્યથી પોતાના

પ્રવેશ. વેદથી જેણે વેદાંતનો નિશ્ચય કર્યો છે તેને વેદાંતમાં એટલે વિદ્યામાં અધિકાર છે. અન્યને નહિ. એટલે જે વેદાધ્યયન કરતો નથી તેને નહિ. એમ ન થાય તો વેદાંતનું અધ્યયન અધિકારક અધ્યયનવિધિ વ્યર્થ થવાનો પ્રસંગ આવે. એટલા માટે કહ્યું છે ... જે શૂદ્રને ... વિદ્યાને વિષે અધિકાર નથી એવું તાત્પર્ય છે. વેદાંતનું અધ્યયન કરી અધ્યયનવિધિથી ... અને ... નહિ એ ન્યાય ... અને ... 'शूद्रो यज्ञेऽनवक्लृप्तः' એમ વચન વેદાંતનું ... કરે છે એમ કહે છે—'शूद्रो यज्ञेऽनवक्लृप्तः' ઇત્યાદિ. तस्माच्छूद्रो यज्ञेऽनवक्लृप्तः એમાં तद् (तस्मात्) ... એ ... જે ન્યાયનો પરામર્શ કરે છે તે ... અને ... તુલ્ય છે ... કહ્યું છે ... ઇત્યાદિ. વળી સંવર્ગવિદ્યામાં ઇત્યાદિ ... 'निराकरणादि यावदेव' એમ ... જેમ નિરાકરણથી ... શૂદ્ર શબ્દથી ... અધિકાર થાય એમ ... કરી ... અધિકાર સ્વીકારે છે—'ભલે, એ શૂદ્રશબ્દ' ઇત્યાદિ. ... તેનો વિષય છે ... રીતે ... નિરાકરણ ... હોવાથી અધિકાર ... છે; પણ ... અર્થવાદ ... તેનો છે ... અધિકારનો બોધ કરતો નથી. કેમકે ... વિધિ ... સ્વાર્થનો બોધ કરે એ ... નથી એમ ... કરે છે—'અર્થવાદવાક્યમાં રહેલો હોવાથી' ઇત્યાદિ. ... શૂદ્રશબ્દનો શો અર્થ છે એમ ... કરી ... અર્થ કહે છે—'વળી અધિકારવાળા પુરુષને' ઇત્યાદિ. ... રાજા જાનશ્રુતિ ... ત્યારે ... આદિ ... તેના ... કરી ...

અનાદર સાંભળનાર પૌત્રાયણ જાનશ્રુતિને શોક ઉત્પન્ન થયો, તે શોક રૈકવ ઋષિએ પોતાનું પરોક્ષ જ્ઞાન બતાવવા માટે આ શૂદ્રશબ્દ વડે સૂચવ્યો એમ અવગમન થાય છે; કેમકે શૂદ્રજાતિને અધિકાર નથી. પણ શૂદ્રશબ્દથી ઉત્પન્ન થયલો શોક શી રીતે સૂચવાય છે? કહીએ છીએ. તેના આદ્રવણથી. શોક તરફ તેણે 'અભિદ્રવણ કર્યું, કે શોકથી તેના પર અભિદ્રવણ કર્યું કે શોકથી તેણે (જાનશ્રુતિએ) રૈકવ પ્રતિ અભિદ્રવણ કર્યું તેથી શૂદ્ર (કહ્યો છે;) કેમકે [2]અવયવાર્થનો સંભવ છે અને રૂઢ્યર્થનો અસંભવ છે. એ અર્થ એ આખ્યાયિકામાં દેખાય છે પણ ખરો ॥ ૩૪ ॥

क्षत्रियत्वगतेश्चोत्तरत्र चैत्ररथेन लिङ्गात् ॥ ३५ ॥

વળી આગળ ચૈત્રરથ સાથે (નિર્દેશ કર્યો છે તે) લિંગથી (જાનશ્રુતિનું) ક્ષત્રિયત્વ સમજાય છે તેથી ॥ ૩૫ ॥

વળી આથી જાનશ્રુતિ જાતિએ શૂદ્ર નથી; કેમકે પ્રકરણ-નિરૂપણ કરતાં આગળ ચૈત્રરથ અભિપ્રતારી ક્ષત્રિય સાથે એનો નિર્દેશ છે તે લિંગથી એ ક્ષત્રિય છે

ઉપર આવ્યા. તેમાંના પાછલા હંસે આગલાને કહ્યું, ભદ્રાક્ષ, તું જોતો નથી કે જાનશ્રુતિનું તેજ
સ્વર્ગ લગણ વ્યાપી રહ્યું છે, તે તને બાળી નાંખશે, માટે ન જા. તે પાછલા હંસને આગલાએ
જવાબ દીધો, અરે, એ બાપડા કોઈક વિદ્યાહીન રહેલા પ્રતિ [3]શકટી સાથે રહેલા
રૈકવની પેઠે આ વચન તું કહે છે. અર્થાત્, બ્રહ્મિષ્ઠ-બ્રહ્મજ્ઞાની રૈકવનું તેજ દુર્ધર્ષ
છે, આ આત્મજ્ઞાનરહિત જાનશ્રુતિનું નથી. આપણા વચનથી ખિન્ન થયલો રાજા શક-
ટીલિંગથી રૈકવને ઓળખી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરશે એવો હંસનો અભિપ્રાય છે. 'कम्वर'=
कम्+उ+अरे; उ=अपि; અરે, કોઈક, અર્થાત્, કોઈક બાપડો. તે હંસોનું અનાદરવાક્ય સાંભળી
એ રાજાને શોક ઉત્પન્ન થયો. તે શોક शूद्रશબ્દે રૈકવથી સૂચવાય છે એમ સૂત્રમાં અન્વય
છે. યૌગિક અર્થ શ્રુત હોય ને તેનો લાભ હોય તો અન્વય ન પામતો રૂઢાર્થ ત્યાજ્ય છે એમ
સૂચવવા સૂત્રમાં हि શબ્દ છે. 'तदाद्रवणात्'=તે શોકથી એ રાજાનું અભિદ્રવણ થયું, તે
શોકે એને સપડાવ્યો, એણે શોક પ્રાપ્ત કર્યો તેથી, અથવા શોકે રાજાનું અભિદ્રવણ કર્યું, અથ-
વા શોકથી રાજા રૈકવ પાસે ગયો. આ પ્રમાણે तत् શબ્દથી शुच् (શોક), जानश्रुति કે રૈક-
નો પરામર્શ થાય ॥ ૩૪ ॥

શૂદ્રશબ્દને યૌગિક લેવાનો બીજો હેતુ આપે છે—'क्षत्रियत्वगतेश्चोत्तरत्र' ઇત્યાદિ. સૂત્રના
ચશબ્દનો અર્થ કહે છે—'વળી આથી.' અન્ય હેતુનુંજ સ્ફુરણ કરે છે—'કેમકે પ્રકરણ'
ઇત્યાદિ. પ્રકરણ નિરૂપણ કરતાં એ જાનશ્રુતિ ક્ષત્રિય છે એમ સમજાય છે, ચૈત્રરથરૂપ લિંગથી. અભિપ્ર-
તારી ચૈત્રરથી શી રીતે છે, ચિત્રરથ ક્ષત્રિય શી રીતે છે, જાનશ્રુતિનો તેની સાથે નિર્દેશ શી રીતે છે, તેમ

---

૧. પસારેલ. ૨. યૌગિક અર્થ. ૩. ગાડી.

એમ સમજાય છે. ખરેખર, આગળ સંવર્ગવિદ્યાના વાક્યશેષમાં ચૈત્રરથિ અભિપ્રતારી ક્ષત્રિયની સ્તુતિ થાય છે—'अथ ह शौनकं च कापेयमभिप्रतारिणं च काक्षसेनिं परिविष्यमाणौ ब्रह्मचारी बिभिक्षे' '[છાન્દો૦ ૪।૩।૫] (શુનકના પુત્ર કાપેય અને કક્ષસેનના પુત્ર અભિપ્રતારીની, જ્યારે તેમને પીરસાતું હતું ત્યારે, બ્રહ્મચારીએ ભિક્ષા કરી) એમ; અને અભિપ્રતારી ચૈત્રરથિ છે એમ તેના કાપેય સાથેના સંબંધથી સમજવું; કેમકે 'एतेन वै चित्ररथं कापेया अयाजयन्' [તાણ્ડ્ય બ્રા૦ ૨૦।૧૨।૫] (ખરેખર, આથી ચિત્રરથને કાપેયોએ યજ્ઞ કરાવ્યો) એથી ચિત્રરથનો કાપેય સાથેનો યોગ સમજાયો છે. ઘણુંખરું સમાન વંશનાને સમાન વંશના યાજકો હોય છે. 'तस्माच्चैत्ररथिर्नामैकः क्षत्रपतिरजायत' (તેમાંથી ચૈત્રરથિ નામનો ક્ષત્રપતિ જન્મ્યો) એમ એ ક્ષત્રપતિ હતો એમ સમજાવાથી એ ક્ષત્રિય હતો એમ સમજવું. તે ક્ષત્રિય અભિપ્રતારી સાથે સમાન વિદ્યામાં જાનશ્રુતિનું સંકીર્તન તેનું ક્ષત્રિયત્વ સૂચવે છે; કેમકે ઘણુંખરું સમાનોનોજ સાથે નિર્દેશ થાય છે. 'બન્દીને મોકલ્યો ઇત્યાદિ એ-

હોવાથી પણ તે ક્ષત્રિય શી રીતે છે તે સમજાવે છે—'આગળ ચૈત્રરથ અભિપ્રતારી' ઇત્યાદિ. સંવર્ગવિદ્યાવિધિની પછી અર્થવાદનો આરંભ થાય છે તે દર્શાવવા 'अथ ह' ઇત્યાદિમાં अथ શબ્દ છે. શુનકનો અપત્ય, કપિગોત્રનો કાપેય પુરોહિત અને કક્ષસેનનો અપત્ય અભિપ્રતારી નામનો રાજા એ બે ભોજન માટે બેઠા હતા અને રસોઇયો પીરસતો હતો એવામાં તેમની એક બટુ ભિક્ષુએ યાચના કરી. અભિપ્રતારી ચૈત્રરથ જેનું ક્ષત્રિયત્વ નિશ્ચિત છે તેની સાથે જેનું ક્ષત્રિયત્વ સંદિગ્ધ છે એવા જાનશ્રુતિનો સમાન સંવર્ગવિદ્યામાં નિર્દેશ કર્યો છે તે લિંગથી એ જાનશ્રુતિ ક્ષત્રિય છે એમ નિશ્ચય થાય છે. 'अथ ह शौनकम्' ઇત્યાદિથી પ્રસિદ્ધ યાજક જે કાપેય તેની સાથે અભિપ્રતારીના યોગની પ્રતીતિ થાય છે. બ્રહ્મચારી એની ભિક્ષા કરે છે તેથી એ અશૂદ્ર છે એમ અવગમન થાય છે; કેમકે કદાચિત્ પણ બ્રહ્મચારી શૂદ્રને યાચતો નથી. યાજક કાપેય સાથે યોગથી અભિપ્રતારી યાજ્ય છે એમ સમજાય છે અને એ ચૈત્રરથિ છે તેથી ક્ષત્રિય છે એમ સમજાય છે; કેમકે 'तस्माच्चैत्ररथिर्नामैकः क्षत्रपतिरजायत' એવું વચન છે, અને કાપેય યાજક સાથે યોગથી એ ચૈત્રરથ છે એમ સમજાય છે. અભિપ્રતારી ચૈત્રરથિ છે એમ શ્રુતિ પ્રતિપાદન કરે છે એમ કહે છે—'અને અભિપ્રતારી ચૈત્રરથિ છે એમ' ઇત્યાદિ. 'एतेन'=આથી, એટલે દ્વિરાત્રથી એ છાન્દોગ્યશ્રુતિથીજ પ્રથમ ચિત્રરથનો કાપેય સાથે યોગ કહ્યો છે; અને અભિપ્રતારીનો પણ તેથી (કાપેયની) સાથે યોગ છે તેથી તે ચિત્રરથના વંશનો છે એમ નિશ્ચય થાય છે. બહુધા રાજવંશોના પુરોહિતવંશો યાજક થાય છે એવો અર્થ છે. ચિત્રરથના યાજકો કાપેય છે એમ તાણ્ડ્ય બ્રાહ્મણ કહે છે. આ અભિપ્રતારી ચિત્રરથથી અન્ય છે તોપણ ચૈત્રરથિ (ચિત્રરથનો અપત્ય) હોવાથી કાપેયોનેજ યાજ્ય છે; કેમકે એક વંશના યજમાનોના ઘણું કરીને એક વંશનાજ યાજકો હોય છે. प्रायेण = ઘણું ભાગે કહેવાનું કારણ એટલુંજ કે શિષ્ય ને આચાર્ય, સ્વામી ને સેવકનો એક સાથે નિર્દેશ હોય તોપણ વૈષમ્ય પણ હોય. એટલા માટે ચૈત્રરથિ હોવાથી કક્ષસેનનો પુત્ર અભિપ્રતારી ક્ષત્રિય છે અને જાનશ્રુતિનો તેની સાથે નિર્દેશ છે તેથી તે પણ ક્ષત્રિય છે. तस्मात् = ચિત્રરથથી. વળી આથી જાનશ્રુતિ ક્ષત્રિય છે એમ કહે છે—'બન્દીને મોકલ્યો' ઇ૦ કે. ક્ષત્તાનું 'અન્વેષણ

૧ આગળના વાક્યમાં સ્તુતિ કરી છે એમને [illegible]. ૨ ટીકા.

શ્વર્યના યોગથી પણ જાનશ્રુતિ ક્ષત્રિય હતો એમ સમજાય છે; એટલા માટે શૂદ્રને અધિકાર નથી ॥ ૩૫ ॥

संस्कारपरामर्शात् तदभावाभिलापाच्च ॥ ३६ ॥

સંસ્કારના પરામર્શથી અને (શૂદ્રને) તેના અભાવનું અભિધાન છે તેથી ॥ ૩૬ ॥

વળી આથી શૂદ્રનો અધિકાર નથી; કેમકે વિદ્યાપ્રદેશોમાં ઉપનયન આદિ સંસ્કારોનો પરામર્શ થાય છે—' तं होपनिन्ये ' [શ૦ બ્રા૦ ૧૧।૫।૩।૧૩] (તેને જનોઈ દીધું), ' अधीहि भगव इति होपससाद ' [છાન્દો૦ ૭।૧।૧] (હે ભગવન્, શિખવો એમ કહી ગયો), ' ब्रह्मपरा ब्रह्मनिष्ठाः परं ब्रह्मान्वेषमाणा एष ह वै तत्सर्वं वक्ष्यतीति ते ह समित्पाणयो भगवन्तं पिप्पलादमुपसन्नाः ' [પ્રશ્નો૦ ૧।૧] (વેદનો પાર પામેલા, બ્રહ્મનિષ્ઠ, પરબ્રહ્મને શોધતા આ તે સર્વ કહેશે એમ ધારી તેઓ હાથમાં સમિધ્ લઈ ભગવન્ પિપ્પલાદની પાસે ગયા) એમ. ' तान् हानुपनीयैव ' [છાન્દો૦ ૫।૧૧।૭] (તેમને ઉપનયન વગરજ) એમાં પણ દર્શાવેલીજ ઉપનયનની પ્રાપ્તિ છે. શૂદ્રના સંસ્કારના અભાવનું અભિધાન છે. ' शूद्रश्चतुर्थो वर्ण एकजातिः ' [મનુ૦ ૧૦।૪] (શૂદ્ર ચતુર્થ વર્ણ ઉપનયનરહિત છે) એમ શૂદ્ર ઉપનયનરહિત એવી સ્મૃતિ છે. ' न शूद्रे

કરવા માટે જાનશ્રુતિએ બન્દીને મોકલ્યો તેથી અને અન્ન ગોદાનાદિથી તેની પાસે ઐશ્વર્ય હતું તેથી એવો શ્રેષ્ઠ દાતા મુખ્યત્વે યુધિષ્ઠિર જેવો ક્ષત્રિય હોય છે એમ જોવામાં આવે છે. ॥૩૫॥

શૂદ્રશબ્દ યૌગિકજ છે માટે શૂદ્રનો અધિકાર નથી એમ સ્થિતિ છે તેમાં બીજું લિંગ આપે છે—' संस्कारपरामर्शात् ' ઇત્યાદિ. ઉપનયન, જે વેદાધ્યયનનું અંગ છે, તે શૂદ્રને નથી એમ પૂર્વે કહ્યું છે. અહિં વિદ્યાગ્રહણનું અંગ, જે ઉપનયનસંસ્કાર, તેનો સર્વત્ર પરામર્શ થવાથી અને શૂદ્રને તેનો અભાવ છે તેથી વિદ્યાધિકાર નથી એમ કહે છે. ' ઉપનયન આદિ સંસ્કારોનો ' એમાં ' આદિ ' પદથી અધ્યયન, ગુરુસેવા વગેરે ગ્રહણ કરવાં. ' तं होपनिन्ये ' —વિદ્યાર્થી શિષ્યને આચાર્યે ઉપનયન આપ્યું એમ ઇતિહાસ છે; કેમકે ઉપનયન ન લીધું હોય તેને વિદ્યાદાન કરવું યોગ્ય નથી. ' अधीहि ' ઇત્યાદિ. વિદ્યાર્થી નારદ પણ મન્ત્ર ઉચ્ચારતો સનત્કુમાર પાસે ગયો ને કહ્યું કે હે ભગવન્, મને ઉપદેશ કરો. ' ब्रह्मपराः ' ઇત્યાદિ. વેદને પાર ગયેલા, સગુણ બ્રહ્મના ધ્યાનને વિષે લીન, નિર્ગુણ પરબ્રહ્મનું શોધન કરનાર ભરદ્વાજ આદિ છ ઋષિઓ આ પિપ્પલાદ જિજ્ઞાસિત સર્વ કહેશે એમ નિશ્ચય કરી તેની પાસે ગયા. પણ વૈશ્વાનરવિદ્યામાં રાજાએ ઋષિઓને ઉપનયન કર્યા વિનાજ વિદ્યા કહી માટે ઉપનયન ન કર્યું હોય એવાને પણ શ્રુતિમાં અધિકાર કહ્યો છે તેને માટે કહે છે—' तान्हानुपनीयैव. ' ' ते ह समित्पाणयः पूर्वाह्णे प्रतिचक्रमिरे । ' (તેઓ હાથમાં સમિધ્ લઈ દિવસના પૂર્વ ભાગમાં તેની પાસે ગયા) એમ પૂર્વવાક્યમાં બ્રાહ્મણો ઉપનયનને અર્થે આવ્યા એમ ઉપનયનની પ્રાપ્તિ દર્શાવી નિષેધ કર્યો છે. હીન વર્ણે ઉત્તમ વર્ણને ઉપનયન કર્યા વિના ઉપદેશ આપવો એવા આચારનો

श्रवणाध्ययनार्थप्रतिषेधात् स्मृतेश्च ॥ ३८ ॥

વળી સ્મૃતિથી શ્રવણ, અધ્યયન અને અર્થનો પ્રતિષેધ છે તેથી ॥ ૩૮ ॥

વળી આથી શૂદ્રનો અધિકાર નથી; કેમકે સ્મૃતિથી એને શ્રવણ, અધ્યયન અને અર્થનો પ્રતિષેધ થાય છે. શૂદ્રને વેદના શ્રવણનો પ્રતિષેધ, વેદના અધ્યયનનો પ્રતિષેધ, અને વેદાર્થના જ્ઞાન અને અનુષ્ઠાનનો પ્રતિષેધ સ્મૃતિમાં છે. પ્રથમ 'अथास्य वेदमुपशृण्वतस्त्रपुजतुभ्यां श्रोत्रप्रतिपूरणम्' (વેદનું સમીપે શ્રવણ કરનાર એ શૂદ્રના કાન સીસા અને લાખથી પૂરવા), અને 'पद्यु ह वा एतच्छ्मशानं यच्छूद्रस्तस्माच्छूद्रसमीपे नाध्येतव्यम्' (જે શૂદ્ર છે તે, ખરેખર, પગે ચાલતા લાયક સ્મશાન છે, તેટલા માટે શૂદ્ર પાસે અધ્યયન કરવું ન જોઈએ) એમ શ્રવણનો પ્રતિષેધ છે. એથીજ અધ્યયનનો પણ પ્રતિષેધ છે; કેમકે જેની સમીપે પણ અધ્યયન કરવું યુક્ત નથી તે શી રીતે શ્રુતિનું અધ્યયન કરે? વળી વેદ ઉચ્ચારવાથી જિહ્વાનો છેદ થાય અને ધારણ કરવાથી શરીર ભેદાય છે એમ પણ છે. એજ હેતુથી અર્થજ્ઞાન અને અનુષ્ઠાનનો પ્રતિષેધ થાય છે—'न शूद्राय मतिं दद्यात्' (શૂદ્રને વેદાર્થજ્ઞાન આપવું નહિ) અને 'द्विजातीनामध्ययनमिज्यादानम्' (દ્વિજોને અધ્યયન, યજ્ઞ અને દાન છે) એમ. પણ વિદુર, ધર્મવ્યાધ આદિ જેમને પૂર્વકર્મના સંસ્કારથી જ્ઞાન ઉત્પન્ન થાય છે તેમને ફળની પ્રાપ્તિનો પ્રતિષેધ કરવો શક્ય નથી; કેમકે જ્ઞાન નિશ્ચિત ફળ ઉત્પન્ન કરે છે. 'श्रावयेच्चतुरो वर्णान्' (ચાર વર્ણોને સંભળાવવું) એમ ઇતિહાસ અને પુરાણનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં ચારે વર્ણોનો અધિકાર સ્મૃતિ કહે છે. પણ વેદપૂર્વક અધિકાર શૂદ્રોને નથી એવી સ્થિતિ છે ॥ ૩૮ ॥

શૂદ્રને વિદ્યાનો અધિકાર નથી એને માટે શ્રુતિનાં લિંગ દર્શાવ્યાં તેમ સ્મૃતિનાં દર્શાવે છે— '**श्रवणाध्ययनार्थ**' ઇત્યાદિ. '**अथास्य**'—એ શૂદ્ર દ્વિજથી પઢાતો વેદ પ્રમાદથી પણ સમીપે સાંભળે તો સીસું અને લાખ તપાવી તે વડે એના બે કાન પૂરવા એ પ્રાયશ્ચિત્ત કરાવવું એવો અર્થ છે. '**पद्यु ह वा**' ઇત્યાદિ. **पद्यु** = પાદયુક્ત, સંચારણસમર્થ. શ્રવણનિષેધથી પણ અર્થાત્ અધ્યયનનિષેધ સિદ્ધ થાય છે એમ કહે છે—'**એથીજ અધ્યયનનો પણ**' ઇત્યાદિ. તેજ અધ્યયનનિષેધ માત્ર આર્થિક છે એમ નથી પણ સ્મૃતિમાં પણ છે એમ કહે છે—'**વળી વેદ ઉચ્ચારવાથી**' ઇત્યાદિ. જ્ઞાન અને અનુષ્ઠાનનો પણ નિષેધ સિદ્ધ થાય છે; કેમકે નહિકર અધ્યયનનિષેધ અનુપપન્ન થાય એમ કહે છે—'**વળી એજ હેતુથી**' ઇત્યાદિ. '**न शूद्राय**' ઇત્યાદિ. **मति** = વેદાર્થજ્ઞાન. નિત્ય દાનનો શૂદ્રને નિષેધ છે, નૈમિત્તિક તો છેજ. પણ વિદુરાદિ જ્ઞાની છે એમ સ્મૃતિસિદ્ધ છે તેને વિષે કહે છે—'**પણ વિદુર, ધર્મવ્યાધ**' ઇત્યાદિ. વિદુરાદિને જ્ઞાનનો અભાવ સ્મૃતિવિરુદ્ધ હોવાથી કહી શકાય નહિ તેથી તેમને જ્ઞાન ઉત્પન્ન થવાથી તેમની મુક્તિ છેજ, કેમકે જ્ઞાનપ્રમા છે તો ફળરૂપ સાધ્યનો વ્યભિચાર થાય નહિ. પણ ત્યારે શૂદ્રને જ્ઞાન શી રીતે ઉત્પન્ન થાય તેને માટે કહે છે—'**श्रावयेत्**' ઇત્યાદિ. ત્યારે શૂદ્રને ક્યાં અધિકાર નથી તેને માટે કહે છે—'**પણ વેદપૂર્વક**' ઇત્યાદિ ॥ ૩૮ ॥

कम्पनात् ॥ ३९ ॥

કમ્પવાથી (પ્રાણ બ્રહ્મ છે) ॥ ૩૯ ॥

પ્રાસંગિક અધિકારવિચાર સમાપ્ત થયો. હવે વાક્યાર્થનો વિચાર જે પ્રકૃત છે તે
ાશાવીશું. 'यदिदं किं च जगत् सर्वं प्राण एजति निःसृतम् । महद्भयं वज्रमुद्यतं य
तद्विदुरमृतास्ते भवन्ति' [કાઠ ૨।૬।૨] (જે આ કંઈ, સર્વ જગત્ (પ્રાણથી) ઉ
ન્ન થયું તે પ્રાણ છને ચેષ્ટા કરે છે, તે મોટું ભય છે, ઊંચું કરેલું વજ્ર છે, જેઓ એ
ણે છે તેઓ અમૃત થાય છે). આ વાક્ય एजृ कम्पने (एजृ એટલે કમ્પવું) એ
ધાત્વર્થના 'અનુગમથી સૂત્રકારનું લક્ષિત છે. એ વાક્યમાં આ સર્વ જગત્ પ્રાણને
આશ્રયે ચેષ્ટા કરે છે, કંઈક મોટું ભયકારણ વજ્રસંજ્ઞાવાળું ઊંચું કરેલું છે અને તેના
જ્ઞાનથી અમૃતત્વની પ્રાપ્તિ છે એમ શ્રુતિ કહે છે. તેમાં એ પ્રાણ કોણ છે અને તે
ભયાનક શું છે તેનું જ્ઞાન ન થવાથી વિચાર કરતાં પ્રથમ એમ પ્રાપ્ત થાય છે કે પ્રસિ-
દ્ધિથી પાંચ વૃત્તિવાળો વાયુ પ્રાણ છે, પ્રસિદ્ધિથીજ 'અશનિ વજ્ર છે, અને વાયુનું
માહાત્મ્ય કહ્યું છે. શી રીતે? આ સર્વ જગત્ પાંચ વૃત્તિવાળા પ્રાણ નામના વાયુમાં
રહીને ચેષ્ટા કરે છે. વાયુનિમિત્તજ મોટું ભયાનક વજ્ર ઊંચું કરવામાં આવે છે; કેમકે વાયુ
જ્યારે [3]પર્જન્યભાવમાં વિવર્તમાન થાય છે ત્યારે વીજળી, ગર્જના, વૃષ્ટિ અને
અશનિ એ તેનાં વિવર્ત છે એમ કહે છે. વળી વાયુના જ્ઞાનથીજ આ અમૃતત્વ

આ પણ અધિકરણ પ્રાસંગિક છે એમ શંકા લાવી કહે છે—'પ્રાસંગિક' ઇત્યાદિ. 'य-
दिदम्' = સર્વ જગત્ પ્રાણથી ઉત્પન્ન થયું છે, પ્રાણ એટલે ચિદાત્મા પ્રેરક હોઈને (જગત્)
ચેષ્ટા કરે છે. તે પ્રાણુસત્તક કારણ મહદ્ અપરિચ્છિન્ન, ભયહેતુ હોવાથી ભય છે. તે ભયહેતુ
છે તેને માટે દૃષ્ટાન્ત આપે છે—'वज्रमुद्यतम्'. જેમ ઊંચું કરેલું વજ્ર ભયાનક છે તેમ બ્રહ્મ
ભયાનક છે જેઓ એ પ્રાણુસત્તક બ્રહ્મને નિર્વિશેષ જાણે છે તેઓ મુક્ત થાય છે. એમ કહે
છે—'य एतद्विदुः' ઇત્યાદિ પણ આ સૂત્રમાં આ વાક્યનું ઉદાહરણ શી રીતે છે તેને માટે
કહે છે—'આ વાક્ય' ઇત્યાદિ. एजति નો કમ્પવું એવો જે અર્થ તે સૂત્રમાં હોવાથી एजति-
પદયુક્ત વાક્યનું ઉદાહરણ આપ્યું છે એવો અર્થ છે. વાક્યનો જે અર્થ પ્રતીત થાય છે તે
સંક્ષેપમાં કહે છે—'એ વાક્યમાં' ઇત્યાદિ. અત્ર પૂર્વપક્ષનો આશય આ પ્રમાણે છે. પ્રાણ-
શબ્દનો મુખ્ય અર્થ આધ્યાત્મિક વાયુ છે, વજ્ર શબ્દનો અશનિ છે, અને અશનિ વાયુનું પરિ-
ણામ છે. કેમકે બાહ્ય વાયુજ ધુમાડો, તેજ, અને પાણીથી મિશ્ર થાય છે ત્યારે પર્જન્યભાવે પરિણામ
પામે છે, અને વીજળી, ગર્જના, વૃષ્ટિ અને અશનિ એ વાયુનાં વિવર્તસ્વરૂપ છે. જોકે સર્વ
જગત્ ('यदिदं किं च' ઇત્યાદિ કાઠક વાક્યમાં) એમાં વાયુસહિતજ જગત્ની પ્રતીતિ થાય
છે. તોપણ સર્વશબ્દ આપેક્ષિક થઈને પણ પોતાના અર્થનો ત્યાગ કરતો નથી, પરંતુ તેનો વ્યા-
પાર સંકુચિત થાય છે. પ્રાણ અને વજ્ર શબ્દોને તો બ્રહ્મવિષયક લઈએ તો તેના સ્વાર્થનોજ
ત્યાગ થાય છે. તેટલા માટે સ્વાર્થત્યાગ કરતાં વૃત્તિનો સંકોચ સારો; કેમકે તેમાં સ્વાર્થનો લેશ
પણ રહે છે. અમૃતશબ્દનો પણ મરણનો અભાવ એ વાચ્યાર્થ છે, પણ એ શબ્દ કંઈ સાપેક્ષ-

૧ માંહે રહ્યો છે તેથી, ધાત્વર્થયુક્ત વાક્ય છે તેથી ૨ ઇન્દ્રનું હથિયાર, વજ્ર. ૩ પર્જન્ય=વરસાદ.

છે એમ અમૃતત્વ છે; કેમકે બ્રહ્મજ્ઞાનથી બ્રહ્મની પ્રાપ્તિ છે; કારણ કે 'तमेव विदित्वातिमृत्युमेति नान्यः पन्था विद्यतेऽयनाय' [શ્વેતા૦ ૩।૮] (તેનેજ જાણીને અતિમૃત્યુ પામે છે, મોક્ષ માટે અન્ય માર્ગ નથી) એમ મન્ત્રવર્ણ છે. વાયુના વિકારોથી જે અમૃતત્વ ક્વચિત્ કહ્યું છે તે આપેક્ષિક છે; કેમકે ત્યાંજ અન્ય પ્રકરણથી પરમાત્માનું અભિધાન કરી 'अतोऽन्यदार्तम्' [બૃહ૦ ૩।૪] (એથી અન્ય નાશી છે) એમ વાયુ આદિ નાશી છે એમ કહ્યું છે. વળી પ્રકરણથી પણ અહિં પરમાત્માનો નિશ્ચય થાય છે; કેમકે 'अन्यत्र धर्मादन्यत्राधर्मादन्यत्रास्मात् कृताकृतात्। अन्यत्र भूताच्च भव्याच्च यत्तत्पश्यसि तद्वद ॥' [કાઠ૦ ૧।૨।૧૪] (જે ધર્મથી ભિન્ન છે, અધર્મથી ભિન્ન છે, આ કાર્ય અને કારણથી ભિન્ન છે, ભૂત અને ભવિષ્યથી જે ભિન્ન જે તું જુએ છે તે કહે) એમ પરમાત્મા વિષે પ્રશ્ન પુછ્યો છે. ॥ ૩૯ ॥

ज्योतिर्दर्शनात् ॥ ४० ॥

જ્યોતિ (બ્રહ્મ છે), દર્શનથી ॥ ૪૦ ॥

'एष संप्रसादोऽस्माच्छरीरात्समुत्थाय परं ज्योतिरुपसंपद्य स्वेन रूपेणाभिनिष्पद्यते' [છાન્દો૦ ૮।૧૨।૩] (આ જીવ આ શરીરથી ઉઠીને પોતાને રૂપે આવિર્ભાવ કરી પર જ્યોતિ પ્રાપ્ત કરે છે) એમાં સંશય થાય છે કે જ્યોતિઃશબ્દવાચ્ય આંખનો વિષય, અંધકારનો નાશ કરનાર તેજ છે કે પરબ્રહ્મ છે? પ્રથમ શું પ્રાપ્ત થાય છે! શાથી? તેમાં જ્યોતિઃશબ્દ જ્યોતિઃશબ્દવાચ્ય પ્રસિદ્ધ તેજ છે એમ પ્રાપ્ત થાય છે.

નથી એમ આપેક્ષિક અમૃતત્વ કહ્યું છે, મુખ્ય કહ્યું નથી. કેમકે વાયુની ઉપાસનાનું પ્રકરણ [illegible] 'अथ हैनमुषस्तः पप्रच्छ' (પછી એ [illegible]) [illegible] 'अतोऽन्यदार्तम्'થી કહ્યું છે એમ [illegible] વાયુ આદિ નાશી છે એમ [illegible] છે—'વાયુના વિકારથી' ઇત્યાદિ. [illegible] ॥ ૩૯ ॥

[illegible] છે—'एष संप्रसादः' [illegible] નાડીઓમાં' ઇત્યાદિ. 'आसु तदा नाडीषु सृप्तो भवति' [illegible]

રૂઢ છે તેથી. 'ज्योतिश्चरणाभिधानात्' [બ્રહ્મસૂ૦ ૧।૧।૨૪] (જ્યોતિ [બ્રહ્મ છે] ચરણના અભિધાનથી) એમાં ખરેખર, પ્રકરણથી જ્યોતિઃશબ્દ સ્વાર્થનો પરિત્યાગ કરી બ્રહ્મને વિષે વર્તે છે. પણ અહિં (આ ૪૦ મા સૂત્રમાં) તેની પેઠે સ્વાર્થપરિત્યાગ માટે કંઈ કારણ દેખાતું નથી. તેમજ નાડીખંડમાં 'अथ यत्रैतदस्माच्छरीरादुत्क्रामत्यथैतैरेव रश्मिभिरूर्ध्वमाक्रमते' [છાન્દો૦ ૮।૬।૫] (પછી જ્યારે આ શરીરમાંથી એ રીતે ઊંચે જાય છે ત્યારે એજ રશ્મિઓ વડે ઊંચે જાય છે) એમ મુમુક્ષુની આદિત્યપ્રાપ્તિ કહી છે. તેટલા માટે જ્યોતિઃશબ્દવાચ્ય પ્રસિદ્ધ તેજજ છે, એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ. જ્યોતિઃશબ્દવાચ્ય પર બ્રહ્મજ છે. શાથી? દર્શનથી. ખરેખર, અહિં પ્રકરણમાં વક્તવ્ય તરીકે તેની અનુવૃત્તિ દેખાય છે; કેમકે 'य आत्मापहतपाप्मा' [છાન્દો૦ ૮।૭।૧] (જે આત્મા પાપરહિત છે) એમ પાપરહિતત્વ આદિ ગુણવિશિષ્ટ આત્મા અન્વેષણ અને વિશેષ જિજ્ઞાસા કરવા યોગ્ય છે એવી પ્રકરણના આરંભમાં પ્રતિજ્ઞા કરી છે; 'एतं त्वेव ते भूयोऽनुव्याख्यास्यामि' [છાન્દો૦ ૮।૧।૩] (એજ આત્માનું તને વારંવાર અનુવ્યાખ્યાન[1] કરીશ) એમ આત્માનું અનુ-

અર્થ હોવાથી શબ્દવ્યાપારનો સંકોચ થતો નથી; અર્થાત્ તેજઃશ્રુતિમાં સંકોચ નથી. એથી ઉલટું જ્યોતિનો બ્રહ્મ અર્થ લેવામાં ઉપસંપદ્યમાં क्त्वा પ્રત્યય પૂર્વકાલવાચક છે તેને બાધનો પ્રસંગ આવે છે (પરજ્યોતિ પ્રાપ્ત કરીને પોતાને રૂપે સાક્ષાત્કાર કરે છે, એમ અર્થ પૂર્વકાલવાચક क्त्वा પ્રત્યયને લીધે થવો જોઈએ તેને બદલે 'પોતાને રૂપે સાક્ષાત્કાર કરી પર જ્યોતિ પ્રાપ્ત કરે છે' એવો અર્થ લેવો પડે છે) તેથી સમુત્થાનશ્રુતિમાં (एष संप्रसादः ઇત્યાદિમાં) જ્યોતિશબ્દનો અર્થ તેજજ છે. સમુત્થાયનો અર્થ 'ઊઠીને', 'ઊંચે જઈને' છે, વિવેકવિજ્ઞાન કરીને, દેહ આત્મા છે વગેરેથી જીવનો વિવેક કરીને, એવો નથી. 'ઊંચે જવું' એ તેજઃપક્ષે અર્થ લેવાથી 'અર્ચિઃ આદિ માર્ગે જવું' એમ મુખ્ય થાય છે. અર્ચિઃ આદિની અપેક્ષાથી આદિત્ય પર જ્યોતિ છે; તેથી तदुपसंपद्य=તેની પાસે જઈને 'स्वेनरूपेणाभिनिष्पद्यते'=કાર્યબ્રહ્મલોક પ્રાપ્ત થયાથી, એમે મુખ્ય થાય છે. જ્યોતિનો અર્થ બ્રહ્મ લઈએ ત્યારે બ્રહ્મ થયા પછી બીજી સ્વરૂપપ્રાપ્તિ કઈ? દેહાદિથી વિવિક્ત બ્રહ્મસ્વરૂપનો જે સાક્ષાત્કાર તે વૃત્તિરૂપ અભિનિષ્પત્તિ છે એમ કહેવું મુખ્ય નથી; કેમકે એ અભિનિષ્પત્તિ તો બ્રહ્મ થયા પહેલાંની છે, પછીની નથી. એજ ઉપસંપદ્ય એ क्त्वाश्रુતિનો બાધ છે. તેટલા માટે ત્રણ શ્રુતિથી (જ્યોતિઃશ્રુતિ, क्त्वाશ્રુતિ અને સમુત્થાનશ્રુતિથી) પ્રકરણને બાધ આવવાથી અહિં જ્યોતિનો અર્થ તેજજ છે એવો પૂર્વપક્ષ છે. સમુત્થાય અને ઉપસંપદ્ય એ બે क्त्वाશ્રુતિથી જ્યોતિ એ અર્ચિઃ આદિ માર્ગમાં છે એમ જણાય છે. માટે માર્ગસ્થ સગુણ ઉપાસનથી ક્રમમુક્તિપર વાક્ય છે એવો પૂર્વપક્ષ છે. સિદ્ધાન્ત છે—'એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ' ઇત્યાદિ. વ્યાખ્યેય તરીકે આત્માજ ઉપક્રમમાં છે, માટે જ્યોતિઃશબ્દથી તેજ આત્મા વ્યાખ્યેય છે. એ રીતે જ્યોતિર્વાચ્ય સાથે એકવાક્યતા કરાવનાર પ્રકરણથી અનુગૃહીત જે 'स उत्तमः पुरुषः' એ ઉત્તમ પુરુષશ્રુતિ તેથી અનેક જ્યોતિઃશ્રુતિનો (તેજનો અર્થ લેવાથી સંકોચવાચકતા રહેતી નથી—વાક્યનો ... છે ને તેજ અર્થનો) બાધ કરવો. ખરેખર, આરંભમાં જેની પ્રતિજ્ઞા થાય છે, મધ્યે જેનો ... થાય છે અને અન્તે જેનો ઉપસંહાર થાય છે તેજ પ્રધાન પ્રકરણ છે, તેની અંદર ... સર્વ શબ્દો તેને અનુસરીનેજ હોવા છે; સ્વ શબ્દને અનુસરી પ્રકરણમાંથી તેને ભિન્ન

1 વ્યાખ્યાન કરવા યોગ્ય

संधान છે, 'अशरीरं वाव सन्तं न प्रियाप्रिये स्पृशतः' [छान्दो० ८।१२।१] (शरीररहित થતા આત્માને નક્કી પ્રિય અને અપ્રિય સ્પર્શ કરતાં નથી) એમ શરીરરહિત સ્વરૂપ માટે એ જ્યોતીરૂપ 'સંપન્ન કરે છે એમ કહ્યું છે, અને બ્રહ્મભાવથી અન્ય શરીરરહિતત્વ ઉપપન્ન નથી; અને 'परं ज्योतिः' 'स उत्तमः पुरुषः' [छान्दो० ८।१२।३] (પર જ્યોતિ. તે ઉત્તમ પુરુષ છે) એમ વિશેષણ છે. મુમુક્ષુની આદિત્યપ્રાપ્તિ અભિધાન કર્યું છે એમ જે કહ્યું છે તે 'આત્યન્તિક મોક્ષ નથી, કેમકે ગતિ અને ઉત્ક્રાન્તિ સાથે તેને સંબંધ છે. આત્યન્તિક મોક્ષમાં ગતિ અને ઉત્ક્રાન્તિ' નથી એ અમે કહીશું ॥ ४० ॥

आकाशोऽर्थान्तरत्वादिव्यपदेशात् ॥ ४१ ॥

આકાશ (પર બ્રહ્મ છે), અન્ય અર્થ આદિના વ્યપદેશથી ॥ ४१ ॥

'आकाशो वै नाम नामरूपयोर्निर्वहिता ते यदन्तरा तद् ब्रह्म तदमृतं स आत्मा' [छान्दो० ८।१४।१] (આકાશ શ્રુતિઓને વિષે પ્રસિદ્ધ આત્મા છે, તે આકાશ નામ [illegible]

[illegible] અશરીરત્વરૂપ [illegible] પણ [illegible] જ્યોતિ છે. [illegible] નથી એવો અર્થ છે. [illegible] ઇત્યાદિ. સર્વની પ્રાપ્તિથી [illegible] અશરીરત્વ [illegible] એમ કહે છે—'अशरीरं वाव सन्तम्' ઇત્યાદિ. [illegible] જ્યોતિ (स एव उत्तमः पुरुषः) [illegible] નથી, કેમકે [illegible] વિશિષ્ટ કરેલું જે જ્યોતિ [illegible] અશરીરત્વનો નિશ્ચય કરવાનો છે એમ કહે છે—[illegible] 'परं ज्योतिः' 'स उत्तमः पुरुषः' ઇત્યાદિ. આ પ્રમાણે પૂર્વાપરનું આલોચન કરવાથી [illegible] જ્યોતિ [illegible] પરિત્યાગ કરીને પ્રકરણને અનુસરી [illegible] કરે છે—મુમુક્ષુની આદિત્ય[illegible] પૂર્વોક્ત [illegible] કહી છે તે મોક્ષ નથી, [illegible] ઉપાસકને જે [illegible] છે. [illegible] આત્યન્તિક મોક્ષ નથી, પણ કાર્યબ્રહ્મલોકપ્રાપ્તિ છે. [illegible] આ પ્રકરણમાં કહેલા બ્રહ્મ[illegible] [illegible] 'न तस्मात् प्राणा उत्क्रामन्ति [illegible] [illegible] '([illegible] ઉત્ક્રમણ કરતા નથી. [illegible]). [illegible] [illegible] છે, બ્રહ્મ [illegible] નથી. [illegible] [illegible] 'आकाश [illegible]' [illegible] ॥ ४० ॥

[illegible]

[illegible]

અને રૂપનું વ્યાકરણ કરનાર છે. તે નામ અને રૂપ જેની અંદર છે તે બ્રહ્મ છે. તે અમૃત છે. તે આત્મા છે) એમ શ્રુતિ છે. તેમાં આકાશશબ્દવાચ્ય પર બ્રહ્મ છે કે પ્રસિદ્ધ ભૂતાકાશ છે એમ વિચાર થયે ભૂતાકાશનું ગ્રહણ કરવું યુક્ત છે; કેમકે આકાશશબ્દ તેને વિષે રૂઢ છે, અવકાશ આપવાને લીધે નામ અને રૂપનું નિર્વહણ તેને વિષે યોજવું શક્ય છે, અને 'સ્રષ્ટૃત્વ ઇત્યાદિ સ્પષ્ટ બ્રહ્મલિંગનું શ્રવણ નથી. આમ પ્રાપ્ત થયે આ કહીએ છીએ—અહીં આકાશશબ્દવાચ્ય પર બ્રહ્મ થવું યુક્ત છે. શાથી? અન્ય અર્થ આદિના વ્યપદેશથી. 'તે યદન્તરા તદ્બ્રહ્મ' એમ નામ અને રૂપથી અન્ય અર્થાન્તર આકાશનો વ્યપદેશ છે. અને નામરૂપથી અન્ય, બ્રહ્મ સિવાય બીજું સંભવતું નથી; કેમકે સર્વ વિકારસમૂહ નામ અને રૂપથી જ વ્યાકૃત છે. તેમજ નામ અને રૂપનું નિરંકુશ નિર્વહણ બ્રહ્મથી અન્યત્ર સંભવતું નથી; કેમકે 'અનેન જીવેનાત્મનાનુપ્રવિશ્ય નામરૂપે વ્યાકરવાણિ' [છાન્દો૦ ૬।૩।૨] (આ જીવાત્માથી અનુપ્રવેશ કરી નામ અને રૂપનું વ્યાકરણ કરીશ) એમ બ્રહ્મ કર્તા છે એવી શ્રુતિ

[illegible] 'આકાશસ્તલ્લિંગાત્' [બ્રહ્મ સૂ૦ ૧।૧।૨૨] [illegible] 'ભૂતાકાશનું ગ્રહણ કરવું' [illegible]

[illegible]

---

૧ સ્પષ્ટલિંગનું ૨ [illegible]

છે. પણ જીવ પણ નામ અને રૂપનું નિર્વહણ કરે છે એ પ્રત્યક્ષ છે. ખરેખર, એ ખરૂં છે. અહિં તો અભેદની વિવક્ષા છે. નામરૂપનિર્વહણનું અભિધાન છે તેથીજ સષ્ટૃત્વ આદિ બ્રહ્મલિંગનું અભિધાન થયું છે. 'तद् ब्रह्म तदमृतं स आत्मा' [છાન્દો૦ ૮।૧૪] (તે બ્રહ્મ છે, તે અમૃત છે, તે આત્મા છે) એ બ્રહ્મવાદનાં લિંગો છે. 'आकाशस्तल्लिङ्गात्' [બ્રહ્મસૂ૦ ૧।૧।૨૨] (આકાશ { બ્રહ્મ છે} તેના લિંગથી) એનોજ [1]પ્રપંચ છે ॥ ૪૧ ॥

सुषुप्त्युत्क्रान्त्योर्भेदेन ॥ ४२ ॥

સુષુપ્તિ અને ઉત્ક્રાન્તિમાં (જીવાત્માનો પરમાત્માથી) ભેદે (વ્યપદેશ છે તેથી) ॥ ૪૨ ॥

'व्यपदेशात्' એની અનુવૃત્તિ છે. બૃહદારણ્યકમાં છઠ્ઠા પ્રપાઠકમાં 'कतम आत्मेति योऽयं विज्ञानमयः प्राणेषु हृद्यन्तर्ज्योतिः पुरुषः' [બૃહ૦ ૪।૩।૭] (કેવો

જીવ પણ' ઇત્યાદિ. 'अनेन जीवेन' ઇત્યાદિથી જીવનો બ્રહ્મ સાથે અભેદ કરી તેનું કર્તૃત્વ
કહ્યું છે, સાક્ષાત્ કર્તૃત્વનો યોગ નથી એમ શંકાનો પરિહાર કરે છે—'ખરેખર, એ ખરૂં છે'
ઇત્યાદિ. સ્પષ્ટ લિંગ એમ જે કહ્યું છે તેને માટે કહે છે—'નામરૂપ નિર્વહણનું' ઇત્યાદિ.
ત્યારે પુનરુક્તિ થશે તેને માટે કહે છે—'आकाशस्तल्लिङ्गात्' ઇત્યાદિ. તેનોજ આ સાધક વિ-
ચાર છે. અહિં આકાશ શબ્દની બ્રહ્મને વિષે વૃત્તિ સિદ્ધ જેવી ગણી તેને વિષે સષ્ટ્યાદિની
પ્રવૃત્તિ કહી છે એટલે પુનરુક્તિ નથી. 'आकाशस्तल्लिङ्गात्' માં સષ્ટૃત્વ સ્પષ્ટ છે તેવું અહિં
નથી એ પણ વિશેષ છે. સિદ્ધાન્તનો આશય આ પ્રમાણે છે—નામરૂપ માત્રનું નિર્વાહક આ-
કાશ છે એમ અહિં કહ્યું છે. ભૂતાકાશ તો વિકાર હોવાથી નામરૂપ-શબ્દાર્થની અન્તર્ભૂત હોવાથી
આત્માનું શી રીતે ઉદ્વહન કરે? ખરેખર, સુશિક્ષિત વિજ્ઞાની પણ પોતાને સ્કન્ધે પોતાનું ઉદ્વહન
કરવા સમર્થ નથી. નિર્વાહકત્વ એ જે નિરંકુશ બ્રહ્મલિંગ સમજાય છે તેને પરતન્ત્ર આકાશને
જેમ તેમ કલેશથી લાગુ પાડવું યુક્ત નથી. 'अनेन जीवेन' ઇત્યાદિથી સષ્ટૃત્વરૂપ સ્પષ્ટ બ્રહ્મ-
લિંગનીજ પ્રતીતિ થાય છે. બ્રહ્મરૂપે જીવને વ્યાકર્તા કહ્યો છે એટલેજ બ્રહ્મનેજ વ્યાકર્તા કહ્યું
છે એમ સમજવું. આ રીતે નિર્વાહકજ અન્તરાલે છે એમ ઉપપન્ન થાય છે તો નિર્વાહક જુદો
અને અન્તરાલભૂત જુદું એમ અર્થભેદકલ્પના યુક્ત નથી. તેટલા માટે તે નામરૂપ જેની અંદર
છે એમ આકાશબ્રહ્મનો અન્ય અર્થ તરીકે વ્યપદેશ યુક્ત થાય છે; તેટલા માટે અન્ય અર્થના
વ્યપદેશથી તેમજ 'तद् ब्रह्म तदमृतम्' (તે બ્રહ્મ છે તે અમૃત છે) એમ વ્યપદેશથી બ્રહ્મજ
આકાશશબ્દવાચ્ય છે એમ સિદ્ધ થયું ॥ ૪૧ ॥

જનકે યાજ્ઞવલ્ક્યને પ્રશ્ન કર્યો કે આત્મા દેહાદિમાંનો એક છે કે તેથી અતિરિક્ત છે
ત્યારે યાજ્ઞવલ્ક્ય કહે છે કે જે આ વિજ્ઞાનમય-બુદ્ધિપ્રાય છે, પ્રાણ અને બુદ્ધિથી અતિરિક્ત
છે, જ્યોતિઃસ્વરૂપ અને પૂર્ણ છે તે આત્મા એમ શ્રુતિ કહે છે—'कतम आत्मेति' ઇત્યાદિ.

---

૧ વિસ્તાર.

આત્મા છે, જે આ વિજ્ઞાનમય છે, પ્રાણ અને બુદ્ધિથી ભિન્ન છે, જ્યોતિઃસ્વરૂપ અને પૂર્ણ છે તે) એમ ઉપક્રમ કરીને ફરીથી આત્મા વિષે પ્રપંચ કર્યો છે. તે શું સંસારી સ્વરૂપમાત્રનો અનુવાદ કરવા માટે વાક્ય છે કે અસંસારી સ્વરૂપ પ્રતિપાદન કરવા માટે છે એમ સંશય થાય છે. પ્રથમ શું પ્રાપ્ત થાય છે? સંસારી સ્વરૂપમાત્ર વિષે છે એમ. શાથી? ઉપક્રમ અને ઉપસંહારથી. ઉપક્રમમાં 'યોઽયં વિજ્ઞાનમયઃ પ્રાણેષુ' (જે આ વિજ્ઞાનમય, પ્રાણોમાં) એમ શારીરનું લિંગ છે તેથી અને ઉપસંહારમાં 'સ વા એષ મહાનજ આત્મા યોઽયં વિજ્ઞાનમયઃ પ્રાણેષુ' [બૃહ૦ ૪।૪।૨૨] (તે એ મોટા જન્મરહિત આત્મા છે કે જે વિજ્ઞાનમય છે, પ્રાણોમાં) તેનો પરિત્યાગ કર્યો નથી તેથી અને મધ્યમાં પણ સ્વપ્નાવસ્થા આદિના ઉપન્યાસથી તેનોજ પ્રપંચ છે તેથી. એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ—એ વાક્ય પરમેશ્વરનો ઉપદેશ કરવા માટેજ

'કતમ આત્મેતિ' એટલે સુધી પ્રશ્નવાક્ય છે. 'યોઽયમ્' ઇત્યાદિ સર્વ પ્રતિવચનવાક્ય છે. 'યોઽયમ્' આત્મા પ્રત્યક્ષ હોવાથી (જે આ) એવો નિર્દેશ છે. વિજ્ઞાનમયઃ—વિજ્ઞાયતે અનેન ઇતિ વિજ્ઞાનં બુદ્ધિઃ જે વડે વિશેષ જ્ઞાન મેળવાય તે વિજ્ઞાન એટલે બુદ્ધિ વિજ્ઞાનમય એટલે વિજ્ઞાનપ્રાય, બુદ્ધિરૂપ ઉપાધિના સંપર્કરૂપ અવિવેકથી આત્માને વિજ્ઞાનમય કહ્યો છે. સંપર્ક કેવી રીતે છે? જેમ રાહુ ચન્દ્ર અને આદિત્યથી સંપૃક્ત થયલો ઉપલબ્ધ થાય છે તેમ બુદ્ધિરૂપ વિજ્ઞાનથી સંપૃક્ત થયલોજ આત્મા ઉપલબ્ધ થાય છે. પણ ચક્ષુર્મય, શ્રોત્રમય એવો ન કહી વિજ્ઞાનમય કેમ કહ્યો છે? કેમકે બુદ્ધિ સર્વ અર્થનું કરણ છે, જેમ અંધકારમાં આગળ મૂકેલો દીવો હોય તેમ. મન વડેજ જુએ છે. મન વડે શ્રવણ કરે છે એમ કહ્યું છે જેમ અંધારામાં આગળ મૂકેલા દીવાના તેજથી મુમુક્ષુ સર્વ પદાર્થ ઉપલબ્ધ થાય છે, તેમ બુદ્ધિવિજ્ઞાનના તેજથી મુમુક્ષુ ઉપલબ્ધ થાય છે. અન્ય કરણો તો બુદ્ધિના દ્વારમાત્ર છે, તેથી બુદ્ધિવિશિષ્ટ 'વિજ્ઞાનમયઃ' એમ કહ્યું છે. 'પ્રાણેષુ'—સપ્તમી સામીપ્યવાચક છે, વૃક્ષેષુ પાષાણઃ એમાં જેમ સામીપ્યપણું હોય, વૃક્ષસમીપ પાષાણ એવો અર્થ છે તેવો અહીં હેતુ. પ્રાણથી આત્મા વ્યતિરિક્ત છે કે નહિ તેને વિષે સંદેહ થાય છે તેનો નિર્ણય કરે છે કે 'પ્રાણેષુ' એટલે પ્રાણથી વ્યતિરિક્ત એવો અર્થ છે. જેની પાસે હોય તે તેથી વ્યતિરિક્ત થાય છે, જેમ પાષાણેષુ વૃક્ષઃ પાષાણસમીપ વૃક્ષ પાષાણથી વ્યતિરિક્ત છે. 'હૃદિ અન્તઃ'—હૃદ્ એટલે હૃદય–પુંડરીક આકારવાળો માંસપિંડ; બુદ્ધિ તેમાં રહી છે તેથી (તાત્સ્થ્યથી—તેમાં રહેવાપણાથી) બુદ્ધિને હૃદ્ કહી છે. હૃદિ એટલે બુદ્ધિથી ભિન્ન છે એવો અર્થ છે અન્તઃ થી બુદ્ધિની વૃત્તિથી પણ ભિન્ન છે એમ તાત્પર્ય છે. 'જ્યોતિઃ'—પ્રકાશસ્વરૂપ હોવાથી આત્માને જ્યોતિ કહ્યો છે. આ રીતે એથી બુદ્ધિની વૃત્તિ અને અંતઃકરણથી આત્મા ભિન્ન છે એમ કહે છે. અન્તઃ અને જ્યોતિઃ જ્યોતિ વડે આ કાર્યકરણાદિ ચૈતન્યવાન્ હોય તેમ કર્મ કરે છે, આત્મજ્યોતિથી જેમ થવ-હોય કાર્યકરણસંઘાત વ્યવહારને યોગ્ય થાય છે, જેમ અગ્નિના પ્રકાશમાં રહેલો ઘડો, એમ શરીર આદિ કાર્યમાં નાંખેલો મરકત આદિ મણિ શરીરાદિ કાર્યને આત્મરૂપ–પોતાના પ્રકાશરૂપ કરે છે તેમ આત્મજ્યોતિ હૃદય એટલે બુદ્ધિ તેથી પણ સૂક્ષ્મ હોવાથી હૃદયની અંદર રહેલા હૃદય આદિ સર્વ કાર્યકરણસંઘાતને એક કરી સર્વને આત્મરૂપ કરે છે—પોતાનો પ્રકાશ આપે છે. પરંપરાથી સ્થૂલતારતમ્યથી આત્મા સર્વની અંદર રહેલો છે, તેથી

છે; શારીરમાત્રનો અનુવાદ કરવા માટે નથી. શાથી? સુષુપ્તિમાં અને ઉત્ક્રાન્તિમાં શારીરથી પરમેશ્વર ભિન્ન છે એમ વ્યપદેશ છે તેથી. પ્રથમ સુષુપ્તિમાં 'अयं पुरुषः प्राज्ञेनात्मना संपरिष्वक्तो न बाह्यं किंचन वेद न चान्तरम्' [બૃહ૦ ૪।૩।૨૧] (આ પુરુષ પ્રાજ્ઞ આત્માથી સંશ્લિષ્ટ-એકીભૂત થયલો બહારનું ને અંદરનું કંઈ પણ જાણતો નથી) એમ શારીરથી પરમેશ્વરનો ભિન્ન તરીકે વ્યપદેશ કરે છે. તેમાં પુરુષશબ્દ શારીરવાચક છે, કેમકે તે જાણનાર હોવાથી બહારનું અને અંદરનું જાણવાનો પ્રસંગ થયે તેનો પ્રતિષેધ કરવો સંભવિત છે. પ્રાજ્ઞશબ્દ પરમેશ્વરવાચક છે; કેમકે સર્વજ્ઞત્વલક્ષણ પ્રજ્ઞાથી તેને નિત્ય અવિયોગ છે. તેમજ ઉત્ક્રાન્તિમાં પણ 'अयं शारीर आत्मा प्राज्ञेनात्मनान्वारूढ उत्सर्जन् याति' [બૃહ૦ ૪।૩।૩૫] (આ શારીર

હોવાથી આત્માના ચૈતન્યજ્યોતિ-
સર્વને આત્મચ્છાય કરે છે. પ્રથમ બુદ્ધિ સ્વચ્છ અને પાસે
ની છાયા તેપર પડે છે તેથી વિવેકીઓને પણ તે બુદ્ધિને વિષે આત્માભિમાનબુદ્ધિ થાય છે-
બુદ્ધિ આત્મા છે એવું વિવેકીઓ પણ વિચારે છે. પછી મનને વિષે પાસે હોવાથી ચૈતન્યનો
અવભાસ થાય છે, કેમકે મનને બુદ્ધિનો સંપર્ક થાય છે. પછી ઇન્દ્રિયોને વિષે ચૈતન્યનો અવ-
ભાસ થાય છે; કેમકે ઇન્દ્રિયોનો મન સાથે સંયોગ છે. પછી શરીરને વિષે અવભાસ થાય છે,
કેમકે તેને ઇન્દ્રિયોનો સંપર્ક છે. એમ પરમ્પરાથી આખા કાર્યકરણસંઘાતને આત્મા ચૈતન્ય-
સ્વરૂપ જ્યોતિથી પ્રકાશિત કરે છે. તેથી સર્વ લોકને કાર્યકરણસંઘાતમાં અને તેની વૃત્તિ-
ઓમાં વિવેક પ્રમાણે આત્માભિમાન બુદ્ધિ થાય છે. 'पुरुषः'=આકાશની પેઠે આત્મા સર્વ-
ગત હોવાથી પૂર્ણ છે. પોતે સર્વને પ્રકાશિત કરે છે અને પોતે અન્યથી પ્રકાશિત થતો નથી
એવો આત્માનો સ્વયંપ્રકાશ નિરતિશય છે. કેવો આત્મા છે એમ જે તમે મને પૂછો છો તે
આત્માજ જાતે જ્યોતિઃસ્વભાવ છે તેજ. પૂર્વપક્ષનો આશય આ પ્રમાણે છે—'સંસારીજ
આત્મા જે અહંકારનું સ્થાન છે અને પ્રાણાદિયુક્ત છે તે સર્વજનસિદ્ધ છે. તેનેજ 'योऽयं
विज्ञानमयः प्राणेषु' ઇત્યાદિ શ્રુતિસંદર્ભમાં આદિ, મધ્ય અને અન્તમાં કહ્યો છે. તેથી એ
શ્રુતિસંદર્ભ તેનોજ અનુવાદ કરે છે એમ સમજવું યુક્ત છે. એ રીતે સંસારી આત્માજ કંઈ-
કની અપેક્ષાએ મોટો છે, સંસાર અનાદિ હોવાથી અનાદિ છે તેથી જન્મરહિત કહેવાય છે.
એ સંસારીથી અતિરિક્ત કોઈ નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત સ્વભાવ છે એમ પ્રતિપાદન કરવું યુક્ત
નથી. સુષુપ્તિ અને ઉત્ક્રાન્તિમાં 'प्राज्ञेनात्मना संपरिष्वक्तः' એમ સંસારી આત્માનો પ્રાજ્ઞ આ-
ત્માથી જે ભેદ માનો છો તે ભેદ નથી, પણ એ આત્મશબ્દ સ્વભાવવાચક છે. તેથી સુષુપ્તિ
અને ઉત્ક્રાન્તિની અવસ્થામાં વિશેષ ન હોવાથી પ્રાજ્ઞ એવોજ પોતાનો સ્વભાવ તેની સાથે
પરિષ્વક્ત-સંબદ્ધ થયલો કંઈ જાણતો નથી એમ અભેદ છે તોપણ ભેદનો ઉપચાર કરી યોજ-
ના કરવી; માટે સંસારીનોજ અહિં અનુવાદ છે, પરમાત્માનું પ્રતિપાદન નથી. સિદ્ધાન્ત કહે છે—
'એ વાક્ય પરમેશ્વરનો ઉપદેશ કરવા માટેજ છે' ઇત્યાદિ. 'अयं पुरुषः प्राज्ञेनात्मना'
ઇત્યાદિ. બૃહદારણ્યકમાં દૃષ્ટાન્ત સાથે આ પ્રમાણે છે 'तद्यथा प्रियया स्त्रिया संपरिष्वक्तो
न बाह्यं किंचन वेद नाऽऽन्तरमेवमेवायं पुरुषः प्राज्ञेनाऽऽत्मना' ઇત્યાદિ. જેમ લોકમાં
પ્રિય સ્ત્રી સાથે બરોબર જોડાયલો પુરુષ આન્તર કે બાહ્ય કંઈ જાણતો નથી તેમ આ પુરુષ-
ક્ષેત્રજ્ઞ, શરીર, ઇન્દ્રિયલક્ષણ ભૂતમાત્રાઓના સંસર્ગથી—ચિદાત્મા તેનો તાદાત્મ્ય અધ્યાસ કરે

આત્મા પ્રાજ્ઞ આત્માથી અધિષ્ઠિત થયેલો ઘોર શબ્દ કરતો જાય છે) એમ જીવથી
ભિન્ન તરીકે પરમેશ્વરનો વ્યપદેશ કરે છે. તેમાં શારીર જીવવાચક છે; કેમકે શરી-
રનો સ્વામી છે. પ્રાજ્ઞ તો તેજ પરમેશ્વરવાચક છે. તેટલા માટે સુષુપ્તિ અને ઉત્ક્રા-
ન્તિમાં (પરમેશ્વરનો જીવથી) ભિન્ન તરીકે વ્યપદેશ છે તેથી પરમેશ્વરજ અહિં
વિવક્ષિત છે એમ સમજાય છે. આદિ, અન્ત અને મધ્યમાં શારીરના લિંગથી આ
વાક્ય શારીરપર છે એમ જે કહ્યું છે તેને વિષે કહીએ છીએ—પ્રથમ ઉપક્રમમાં
'યોઽયં વિજ્ઞાનમયઃ પ્રાણેષુ' (જે આ વિજ્ઞાનમય, પ્રાણથી ભિન્ન છે) એમાં કંઈ
સંસારી સ્વરૂપની વિવક્ષા નથી, ત્યારે શેની વિવક્ષા છે? સંસારી સ્વરૂપનો અનુ-
વાદ કરીને પરબ્રહ્મ સાથે એની એકતા કહેવાની વિવક્ષા છે; કેમકે 'ધ્યાયતીવ
લેલાયતીવ' (જાણે ધ્યાન કરતો હોય, જાણે ચલન કરતો હોય) ઇત્યાદિ ઉત્તર
ગ્રન્થની પ્રવૃત્તિ સંસારી ધર્મનું નિરાકરણ કરવા વિષે જણાય છે. તેમજ ઉપસંહાર-
માં પણ જેવો ઉપક્રમ છે તેવીજ રીતે ઉપસંહાર કરે છે—'स वा एष महानज आत्मा
છે તેથી-તેનું પ્રતિબિમ્બ જેમાં છે એવો થાય છે. આ કારણને લીધે વિભક્ત જેવો ભાસે છે.
એને માટે દૃષ્ટાન્ત કહે છે કે જેમ દીપનો કકડો વિભક્ત થાયે છે. જળમાં જેમ ચન્દ્રાદિ
પ્રતિબિંબ પ્રવિષ્ટ થયું છે તેમ કાર્યકરણને વિષે એ આત્મા પ્રવિષ્ટ છે. ને એ ક્ષેત્રજ્ઞ આત્મા
પ્રાજ્ઞ એટલે પરમાર્થ, સ્વાભાવિક, પોતાનું સ્વરૂપ પર જ્યોતિ ને એઉ 'સમ્યક્ પરિષ્વક્ત થય-
લો એકીભૂત થયલો કંઈ પણ અન્ય બાહ્ય વસ્તુ કે આન્તર કંઈ પણ વસ્તુ (આત્મામાં આ હું
સુખી કે દુઃખી છું એમ) જાણતો નથી જેમ સ્ત્રીપુરુષનું એકત્વ પુરુષને વિશેષજ્ઞાન (સ્ત્રીથી
પોતે ભિન્ન છે એવું જ્ઞાન)ના અભાવનો હેતુ છે, તેમ પરમાત્મા સાથે સુષુપ્તિમાં જીવનું એકત્વ
વિશેષ વિજ્ઞાનના અભાવનો હેતુ છે. અર્થાત્, વિશેષ વિજ્ઞાનનો હેતુ નાનાત્વ છે અને તેનું કા-
રણ આત્માથી ભિન્ન વસ્તુ ઉપસ્થાપન કરનારી અવિદ્યા છે. એ અવિદ્યાથી જ્યારે જુદો થાય
છે ત્યારે સર્વ સાથે એકત્વ થાય છે તે સમયે જ્ઞાન, જ્ઞેય આદિ કારકવિભાગ ન હોવાથી
આત્માના સ્વાભાવિક સ્વયંજ્યોતિઃસ્વરૂપમાં વિશેષ વિજ્ઞાનનો પ્રાદુર્ભાવ ક્યાંથી? ઉત્ક્રાન્તિમાં
પણ ભિન્ન તરીકે વ્યપદેશ છે એમ કહે છે—'તેમજ ઉત્ક્રાન્તિમાં પણ' "अयं शारीरः"
ઇત્યાદિ બૃહદારણ્યકમાં દૃષ્ટાન્ત સાથે આ પ્રમાણે છે—'तद्यथाऽनः सुसमाहितमुत्सर्जद्या-
यादेवमेवायरशारीर आत्मा' ઇત્યાદિ. જેમ શકટમાં ગાડું ભારથી ભરોભર ભરેલું ગાડાવાળો
જેમાં બેઠેલો છે તેવું ઘોર શબ્દ કરતું જાય છે તેમ શારીર આત્મા જેના ઉત્ક્રમણ થયા પછી
પ્રાણાદિનું ઉત્ક્રમણ થાય છે તે પ્રાજ્ઞ-પર આત્મા સ્વયંજ્યોતિઃસ્વભાવથી અધિષ્ઠિત થયલો મર-
ણસમયે વેદનાથી નાના પ્રકારના શબ્દ કરતો જાય છે. તેમાં ચૈતન્યાત્મજ્યોતિથી ભાસ્ય પ્રા-
ણપ્રધાન લિંગ જાય છે એટલે તેનો ઉપાધિ આત્મા પણ જાણે જાય છે 'ध्यायतीव लेलाय-
तीव'—આત્માનું બુદ્ધિ સાથે સામ્ય બૃહદારણ્યકમાં આ પ્રમાણે આપ્યું છે—'स समानः
सन्नुभौ लोकावनुसंचरति ध्यायतीव लेलायतीव'—તે સ્વયંજ્યોતિઃ આત્મા સમાન થઈ,
હૃદયની-બુદ્ધિની સાથે સમાન થાય છે. સામાન્ય એટલે શું? અશ્વ અને મહિષની પેઠે વિવિ-
ક્તની અનુપલબ્ધિ તે સામાન્ય. બુદ્ધિ અવભાસ્ય છે, આત્મજ્યોતિ પ્રકાશની પેઠે અવભાસક
છે. અવભાસ્ય અને અવભાસક વિવિક્ત અનુપલબ્ધ છે એ પ્રસિદ્ધ છે. પ્રકાશ વિશુદ્ધ હોવાથી
અવભાસ્યના જેવો થાય છે, જેમકે લાલ વસ્તુને અવભાસ કરતો લાલ જેવો થાય છે, હરિત

૧ ભરોભર.

આત્મા પ્રાજ્ઞ આત્માથી અધિષ્ઠિત થયલો ઘોર શબ્દ કરતો જાય છે) એમ જીવથી ભિન્ન તરીકે પરમેશ્વરનો વ્યપદેશ કરે છે. તેમાં શારીર જીવવાચક છે; કેમકે શરીરનો સ્વામી છે. પ્રાજ્ઞ તો તેજ પરમેશ્વરવાચક છે. તેટલા માટે સુષુપ્તિ અને ઉત્ક્રાન્તિમાં (પરમેશ્વરનો જીવથી) ભિન્ન તરીકે વ્યપદેશ છે તેથી પરમેશ્વરજ અહિં વિવક્ષિત છે એમ સમજાય છે. આદિ, અન્ત અને મધ્યમાં શારીરના લિંગથી આ વાક્ય શારીરપર છે એમ જે કહ્યું છે તેને વિષે કહીએ છીએ—પ્રથમ ઉપક્રમમાં 'योऽयं विज्ञानमयः प्राणेषु' (જે આ વિજ્ઞાનમય, પ્રાણથી ભિન્ન છે) એમાં કંઈ સંસારી સ્વરૂપની વિવક્ષા નથી, ત્યારે શેની વિવક્ષા છે? સંસારી સ્વરૂપનો અનુવાદ કરીને પરબ્રહ્મ સાથે એની એકતા કહેવાની વિવક્ષા છે; કેમકે 'ध्यायतीव લેલાયતીવ' (જાણે ધ્યાન કરતો હોય, જાણે ચલન કરતો હોય) ઇત્યાદિ ઉત્તર ગ્રન્થની પ્રવૃત્તિ સંસારી ધર્મનું નિરાકરણ કરવા વિષે જણાય છે. તેમજ ઉપસંહારમાં પણ જેવો ઉપક્રમ છે તેવીજ રીતે ઉપસંહાર કરે છે—'स वा एष महानज आत्मा છે તેથી–તેનું પ્રતિબિમ્બ જેમાં છે એવો થાય છે. આ કારણને લીધે વિભક્ત જેવો ભાસે છે. એને માટે દૃષ્ટાન્ત કહે છે કે જેમ સૈંધવનો કકડો વિભક્ત લાગે છે. જળમાં જેમ ચન્દ્રાદિ પ્રતિબિંબ પ્રવિષ્ટ થયું છે તેમ કાર્યકરણને વિષે એ આત્મા પ્રવિષ્ટ છે. તે એ ક્ષેત્રજ્ઞ આત્મા પ્રાજ્ઞ એટલે પરમાર્થ, સ્વાભાવિક, પોતાનું સ્વરૂપ પર જ્યોતિ ને એક 'સમ્યક્ પરિષ્વક્ત થયેલો એકીભૂત થયલો કંઈ પણ અન્ય બાહ્ય વસ્તુ કે આન્તર કંઈ પણ વસ્તુ (આત્મામાં આ હું સુખી કે દુઃખી છું એમ) જાણતો નથી. જેમ સ્ત્રીપુરુષનું એકત્વ પુરુષને વિશેષજ્ઞાન (સ્ત્રી પોતે ભિન્ન છે એવું જ્ઞાન)ના અભાવનો હેતુ છે, તેમ પરમાત્મા સાથે સુષુપ્તિમાં જીવનું એકત્વ વિશેષ વિજ્ઞાનના અભાવનો હેતુ છે. અર્થાત્, વિશેષ વિજ્ઞાનનો હેતુ નાનાત્વ છે અને તેનું કારણ આત્માથી ભિન્ન વસ્તુ ઉપસ્થાપન કરનારી અવિદ્યા છે એ અવિદ્યાથી જ્યારે જુદો થાય છે ત્યારે સર્વ સાથે એકત્વ થાય છે. ને સમયે જ્ઞાન, જ્ઞેય આદિ કારકવિભાગ ન હોવાથી આત્માના સ્વાભાવિક સ્વયંજ્યોતિઃસ્વરૂપમા વિશેષ વિજ્ઞાનનો પ્રાદુર્ભાવ ક્યાંથી! ઉત્ક્રાન્તિમાં પણ ભિન્ન તરીકે વ્યપદેશ છે એમ કહે છે—'તેમજ ઉત્ક્રાન્તિમાં પણ' "अयं शारीरः" ઇત્યાદિ બૃહદારણ્યકમા દૃષ્ટાન્ત સાથે આ પ્રમાણે છે—'तद्यथाऽनः सुसमाहितमुत्सर्जद्यायादेवमेवायंशारीर आत्मा' ઇત્યાદિ. જેમ લોકમાં ગાડુ ભારથી બરોબર ભરેલુ ગાડાવાળો જેમાં બેઠેલો છે તેવું ઘોર શબ્દ કરતું જાય છે તેમ શારીર આત્મા જેના ઉત્ક્રમણ થયા પછી પ્રાણાદિનું ઉત્ક્રમણ થાય છે તે પ્રાજ્ઞ–પર આત્મા સ્વયંજ્યોતિઃસ્વભાવથી અધિષ્ઠિત થયલો મરણસમયે વેદનાથી નાના પ્રકારના શબ્દ કરતો જાય છે. તેમાં ચૈતન્યાત્મકજ્યોતિથી ભાસ્ય પ્રાણપ્રધાન લિંગ જાય છે એટલે તેનો ઉપાધિ આત્મા પણ જાણે જાય છે 'ध्यायतीव लेलायतीव'—આત્માનું બુદ્ધિ સાથે સામ્ય બૃહદારણ્યકમાં આ પ્રમાણે આપ્યું છે—'स समानः सन्नुभौलोकावनुसंचरति ध्यायतीव लेलायतीव'—તે સ્વયંજ્યોતિઃ આત્મા સમાન થઈ, હૃદયની–બુદ્ધિની સાથે સમાન થાય છે. સામાન્ય એટલે શું! અશ્વ અને મહિષની પેઠે વિવિક્તની અનુપલબ્ધિ તે સામાન્ય. બુદ્ધિ અવભાસ્ય છે, આત્મજ્યોતિ પ્રકાશની પેઠે અવભાસક છે. અવભાસ્ય અને અવભાસક વિવિક્ત અનુપલબ્ધ છે એ પ્રસિદ્ધ છે. પ્રકાશ વિશુદ્ધ હોવાથી અવભાસ્યના જેવો થાય છે, જેમકે લાલ વસ્તુને અવભાસ કરતો લાલ જેવો થાય છે, હરિત

૧ બરોબર.

યોઽયં વિજ્ઞાનમયઃ પ્રાણેષુ' (તે આ મોટો જન્મરહિત આત્મા જે એ વિજ્ઞાનમય, પ્રાણથી ભિન્ન છે) એમ, જે આ વિજ્ઞાનમય, પ્રાણથી ભિન્ન સંસારી જણાય છે તે એ મોટો જન્મરહિત આત્મા પરમેશ્વરજ અમે પ્રતિપાદન કર્યો છે એવો અર્થ છે. મધ્યમાં જાગ્રદવસ્થા વગેરેના ઉપન્યાસથી સંસારી સ્વરૂપની વિવક્ષા જે માને છે તે પૂર્વ દિશાને વિષે મોકલેલો પશ્ચિમ દિશાએ પ્રસ્થાન કરે એવો છે; કેમકે જાગ્રદવસ્થા આદિના ઉપન્યાસથી આત્માને અવસ્થા છે કે સંસારિત્વ છે એમ પ્રતિપાદન કરવાની વિવક્ષા નથી. ત્યારે શેની વિવક્ષા છે? અવસ્થારહિત અને

[illegible] તેતને અવભાસ કરતો તેતો થાય છે, તેમ બુદ્ધિને અવભાસ કરતો બુદ્ધિદ્વારા આત્મા [illegible] સર્વને અવભાસ કરે છે તેથી બુદ્ધિસામાન્યદ્વારે સર્વ સાથે સમાન થાય છે. તેથીજ સાંખ્ય [illegible] છે આથી આત્મા અને અનાત્માના વિવેકનું દર્શન અશક્ય હોવાથી પરસ્પર અધ્યાસ [illegible] છે આ પ્રમાણે બુદ્ધિની સમાન થઈ બન્ને લોકમાં સંચરે છે તે [illegible] ને લોકને [illegible] થાય છે [illegible] ધ્યાનવ્યાપાર કરતો ન હોય ને ચલન કરતો ન હોય એમ લાગે છે [illegible] ધ્યાનવાળી બુદ્ધિને વ્યાપી રહેલો ચિદાત્મા ધ્યાન ધરતો અને ચલન કરતો [illegible] ધ્યાનવાળી બુદ્ધિને અવભાસ કરતો ધ્યાનવાળો હોય એવો થાય છે. વસ્તુત [illegible] છે એવું તાત્પર્ય છે. 'अनन्वागतस्तेन भवत्यसङ्गो ह्ययं पुरुषः'—[illegible] સ્વપ્ન પછી સુષુપ્તિનું વર્ણન આ પ્રમાણે છે—'स एष एतस्मिन् संप्रसादे रत्वा चरित्वा दृष्ट्वैव पुण्यं च पापं च पुनः प्रतिन्यायं प्रतियोन्याद्रवति स्वप्नायैव स यत्तत्र किंचित्पश्यत्यनन्वागतस्तेन भवत्यसङ्गो ह्ययं पुरुषः.'—જે સ્વપ્નમાં વર્ણવ્યો તે સ્વયંજ્યોતિઃ પુરુષ [illegible] કરે છે તે કહે છે. सम्यक् प्रसीदत्यस्मिन्निति संप्रसादः [illegible] વગેરેના [illegible] થવાથી કલુષતા હોય છે તેથી મુક્ત થઈ સ્વપ્નમાં [illegible] પ્રસન્ન થાય છે પણ સુષુપ્તિના તો [illegible] પ્રસન્ન થાય છે માટે સુષુપ્તિને [illegible] છે [illegible] રીતે [illegible] થાય છે? સ્વપ્નાવસ્થામાંથી સુષુપ્તિમાં પ્રવેશ કરતા [illegible] અર્દિમાં રતિનો અનુભવ કરીને અનેકધા [illegible] પુણ્ય એટલે પુણ્યફળ અને પાપ એટલે પાપફળ (કેમકે [illegible]) [illegible] દર્શન કરીને અને તે પુણ્યપાપથી [illegible] (જે [illegible] નથી) [illegible] થતો નથી) એવી રીતે [illegible] છે તે તેથી અનુબદ્ધ થાય છે. [illegible] સુષુપ્તિમાં [illegible] થતો નથી, [illegible] છે તે [illegible] જે કંઈ [illegible] જુએ છે તેથી અનુબદ્ધ થતો નથી [illegible] પુણ્ય અને પાપ [illegible] તે તેના [illegible] અનુબદ્ધ [illegible] નથી, [illegible] [illegible] [illegible] છે. તેથી [illegible] નથી, [illegible] [illegible] નથી. [illegible] નથી, [illegible] છે [illegible] છે [illegible] નથી. [illegible] છે, [illegible] છે [illegible] છે તે [illegible] નથી [illegible] છે, [illegible] છે અને તેથી [illegible]

૧ [illegible]

અસંસારી છે એમ પ્રતિપાદન કરવાની વિવક્ષા છે. એ શી રીતે સમજાય છે? કેમકે 'अत ऊर्ध्वं विमोक्षायैव ब्रूहि' (એની પછી વિમોક્ષને માટેજ કહો) એમ પદે પદે પ્રશ્ન પૂછે છે અને 'अनन्वागतस्तेन भवत्यसङ्गो ह्ययं पुरुषः' [બૃહદ૦ ૪।૩।૧૪-૧૫] (તે અવસ્થાધર્મે છે અસ્પૃષ્ટ છે; કેમકે એ આત્મા સંગરહિત છે) એમ પદે પદે પ્રતિવચન કહે છે. વળી 'अनन्वागतं पुण्येनानन्वागतं पापेन तीर्णो हि तदा सर्वाञ् शोकान् हृदयस्य भवति' [બૃહદ૦ ૪।૩।૨૨] (આત્મતત્ત્વ પુણ્ય અને પાપથી અસ્પૃષ્ટ છે; કારણ કે ત્યારે-સુષુપ્તિમાં હૃદયના સર્વ શોકથી અતિક્રાન્ત થાય છે) એમ પણ. તેટલા માટે એ વાક્ય અસંસારી સ્વરૂપ પ્રતિપાદન કરવા માટેજ છે એમ સમજવું ॥ ૪૨ ॥

गतं पुण्येनानन्वागतं पापेन' ઇત્યાદિ.—આત્મસ્વરૂપ પાપ અને પુણ્યથી અનનુગત છે. શી રીતે? કેમકે તે સમયે સર્વ શોકને અતિક્રાન્ત થયો છે. શોક એટલે કામ. ઇષ્ટવિષયની પ્રાર્થના તે વિષયને વિયોગે શોકસ્વરૂપ પ્રાપ્ત કરે છે. ઇષ્ટ વિષયની અપ્રાપ્તિ કે વિયોગ થાય છે ત્યારે પુરુષ તે સંબંધી ચિન્તાથી અન્તઃ સંતપ્ત થાય છે, તેથી શોક, રતિ, કામ એ બધા પર્યાયશબ્દો છે. **हृदयस्य**—હૃદય એટલે પુણ્ડરીક આકારનો માંસપિંડ. તેની અંદર રહેલું અન્તઃકરણ-બુદ્ધિ પણ હૃદયજ કહેવાય છે, **मञ्चाः क्रोशन्ति** (મંચ-પલંગ-ખાટલો રુદન કરે છે, એટલે તત્સ્થ-તેપરના માણસો રડે છે) માં જેમ મંચસ્થ પુરુષ રુદન કરે છે એવો અર્થ છે તેમ તાત્સ્થ્ય (તે પર રહેવાપણું)થી હૃદયમાં રહેલી બુદ્ધિ એવો હૃદયનો અર્થ છે. હૃદયના-બુદ્ધિના જે શોક છે. આત્મા સાથે શોક-કામનો સમ્બન્ધ છે એવી ભ્રાન્તિ દૂર કરવા કહે છે કે જે બુદ્ધિના કામ છે તે. કામ, સંકલ્પ અને વિચિકિત્સા ઇત્યાદિ સર્વ મનજ છે. આત્મા સુષુપ્તિમાં સર્વ કામનાથી અતિક્રાન્ત થાય છે તેથીજ બુદ્ધિનીજ એ સર્વ કામના છે એવો શ્રુતિનો અર્થ છે. સિદ્ધાન્તનું રહસ્ય આ પ્રમાણે છે—'योऽयं विज्ञानमयः प्राणेषु' ઇત્યાદિ વાક્યને પૂર્વપક્ષી સંસારીપર લે છે તે શું સંસારીથી અન્ય પરમાત્મા નથી તેથી કે અહિં સંસારીથી વ્યતિરિક્ત પરમાત્માનું સંકીર્તન નથી તેથી? પ્રથમ પક્ષ યુક્ત નથી; કેમકે પરમાત્માનાં પ્રતિપાદક સેંકડો શ્રુતિવાક્ય છે. દ્વિતીય પક્ષ પણ યુક્ત નથી; કેમકે સુષુપ્તિ અને ઉત્ક્રાન્તિમાં સંસારીથી વ્યતિરિક્ત પરમાત્માનું સંકીર્તન છે. પ્રાજ્ઞ પરમાત્માનું જીવથી ભિન્ન તરીકે સંકીર્તન સંભવિત હોય તો રાહુના શિરની પેઠે ઔપચારિક હેતું યુક્ત નથી. તેમજ પ્રાજ્ઞશબ્દ જે પ્રજ્ઞાપ્રકર્ષશાલી (અતિશય પ્રજ્ઞાથી શોભે એવો) ના અર્થમાં નિરૂઢ છે તેનું જીવ તરીકે જમે તેમ વ્યાખ્યાન કરવું યુક્ત નથી. જેનો વ્યાપાર સંકુચિત થયો નથી એવો 'પ્રજ્ઞાપ્રકર્ષ' શબ્દ કંઈ સમસ્ત વેદિતવ્ય-જ્ઞેય જેને વિદિત છે એવા સર્વવેત્તાથી અન્યત્ર સંભવતો નથી. જીવાત્મા એવો નથી. તેથી સુષુપ્તિ અને ઉત્ક્રાન્તિમાં જીવથી પરમાત્માનો ભિન્ન તરીકે વ્યપદેશ હોવાથી '**योऽयं विज्ञानमयः**' ઇત્યાદિથી લોકસિદ્ધ જીવાત્માનો અનુવાદ કરીને તેનો પરમાત્મભાવ જે અનધિગત છે—તે પરમાત્મા છે એવું જે સમજ્યું નથી તે-પ્રતિપાદન કરે છે. માત્ર જીવાત્માનો અનુવાદ કરવો એટલુંજ એ વાક્યોનું તાત્પર્ય નથી; કેમકે શાબ્દ પ્રમાણ અજ્ઞાતનું જ્ઞાન કરાવે છે, માત્ર અનુવાદ કરતું નથી. ॥ ૪૨ ॥

पत्यादिशब्देभ्यः ॥ ४३ ॥

પતિ આદિ શબ્દોથી (અસંસારી સ્વરૂપ પ્રતિપાદન કરવા માટેજ એ વાક્ય છે) ॥ ૪૩ ॥

વળી આથી એ વાક્ય અસંસારી સ્વરૂપ પ્રતિપાદન કરવા માટેજ છે એમ સમજવાનું છે; કેમકે એ વાક્યમાં પતિ આદિ શબ્દો અસંસારી સ્વરૂપ પ્રતિપાદન કરે છે અને સંસારી સ્વભાવનો પ્રતિષેધ કરે છે. 'सर्वस्य वशी सर्वस्येशानः सर्वस्याधिपतिः' (સર્વથી સ્વતન્ત્ર, સર્વ પર અમલ કરનાર, સર્વનો અધિપતિ) એવા પ્રકારના શબ્દો અસંસારીનો સ્વભાવ પ્રતિપાદન કરે છે. 'स न साधुना कर्मणा भूयान्नो एवासाधुना कनीयान्' (તે સાધુ કર્મથી મોટો નથી કે અસાધુ કર્મથી નાનો નથી) એવા પ્રકારના શબ્દો સંસારી સ્વભાવનો પ્રતિષેધ કરે છે. તેટલા માટે અસંસારી પરમેશ્વર આદિ કહ્યો છે એમ સમજવું છે ॥ ૪૩ ॥

इति श्रीमच्छङ्करभगवत्पादकृतौ शारीरकमीमांसाभाष्ये प्रथमाध्यायस्य तृतीयपादस्य गुर्जरगिरानुवादः ॥ ३ ॥

શ્રીમચ્છંકરભગવત્પાદકૃતિ શારીરકમીમાંસાભાષ્યમાં પ્રથમ અધ્યાયના તૃતીય પાદનો ગુર્જરગિરામાં અનુવાદ સમાપ્ત ॥ ૩ ॥

'વશી' = સ્વતન્ત્ર, અપરાધીન. 'ईशानः' = નિયમમાં રાખવાની શક્તિવાળો. અને એ શક્તિનું ફલ તે आधिपत्य, એમ ભેદ સમજવો. ॥ ૪૩ ॥

इति श्रीमच्छङ्करभगवत्पादकृतौ शारीरकमीमांसाभाष्ये प्रथमाध्यायस्य वैशद्यापादकाम्बुश्रुतिसमन्वयाख्यस्य तृतीयपादस्य टीकाग्रन्थानां गुर्जरगिरानुवादः ॥ ३ ॥

શ્રીમચ્છંકરભગવત્પાદકૃતિ શારીરકમીમાંસાભાષ્યમાં પ્રથમાધ્યાયના વૈશદ્યાપાદક શ્રુતિસમન્વયાખ્ય તૃતીય પાદના ટીકાગ્રન્થોનો ગુર્જરગિરામાં અનુવાદ સમાપ્ત ॥ ૩ ॥

---

૧ [illegible]

प्रथमाध्याये चतुर्थः पादः ।

आनुमानिकमप्येकेषामिति चेन्न शरीररूपकविन्यस्तगृहीतेर्दर्शयति च ॥ १ ॥

અનુમાનનિરૂપિત (પ્રધાન) પણ કેટલાક (શાખીઓ)માં (શ્રુતિપ્રતિપાદિત) છે એમ (કહેશો) તો (અમે કહીએ છીએ કે) ના, કેમકે રૂપકથી વિન્યસ્ત થયલા શરીરનું ગ્રહણ છે અને (એ શ્રુતિ) દર્શાવે છે ॥ ૧ ॥

બ્રહ્મજિજ્ઞાસાની પ્રતિજ્ઞા કરી 'जन्माद्यस्य यतः' [બ્ર૦ ૧।૧।૨] (જન્માદિ આનું [જગતનું] જેથી [સર્વજ્ઞ સર્વશક્તિ કારણથી થાય છે] તે (બ્રહ્મ)) એમ બ્રહ્મનું લક્ષણ કહ્યું છે. તે લક્ષણ પ્રધાનને પણ સમાન છે એમ આશંકા કરી તેનું (પ્રધાનનું) અશબ્દ હોવાથી 'ईक्षतेर्नाशब्दम्' [બ્ર૦ ૧।૧।૫] ((પ્રધાન જગતનું કારણ) નથી (કેમકે તે) અશબ્દ (છે) ઈક્ષતિથી) એમ નિરાકરણ કર્યું છે. વળી વેદાન્તવાક્યોની સામાન્ય અવગતિ બ્રહ્મકારણવાદ તરફ છે, પ્રધાનકારણવાદ તરફ નથી એમ ગત ગ્રન્થથી વિસ્તારપૂર્વક વિવેચન કરાયલું છે, હવે આ 'અવશિષ્ટ રહેલી આશંકા કરાય છે—પ્રધાન અશબ્દ છે એમ જે કહ્યું છે તે અસિદ્ધ છે; કેમકે કેટલીક શાખાઓમાં પ્રધાનનો બોધ કરતા જણાતા શબ્દો શ્રૂયમાણ છે. એટલા માટે પ્રધાનનું વેદસિદ્ધત્વ કારણત્વ કપિલાદિ મોટા પરમર્ષિઓએ પરિગ્રહણ કર્યું છે એમ પ્રસંગ આવે છે. તેટલા માટે જ્યાંસુધી તે શબ્દો અન્યપર છે એમ પ્રતિપાદન

આ પાદમાં પણ અધિકરણની 'ईक्षति' અધિકરણ સાથે સંગતિ કહેવા માટે 'ઉપાનો અનુવાદ કરે છે—'બ્રહ્મજિજ્ઞાસાની' ઇત્યાદિ. બ્રહ્મજિજ્ઞાસાની પ્રતિજ્ઞા કરીને બ્રહ્મનું લક્ષણ 'जन्माद्यस्य यतः' એમ કહ્યું છે. એ લક્ષણ કઈ પ્રધાનાદિને લાગુ પડતું નથી કે તેથી [illegible] નિશ્ચયને લીધે અવ્યાપ્ત થાય; પણ બ્રહ્મનેજ લાગુ પડે છે એમ 'ईक्षतेर्नाशब्दम्' એ ૧।૧।૫ માં પ્રતિપાદન કર્યું છે વળી વેદાન્તવાક્યોની સામાન્ય ગતિ બ્રહ્મકારણવાદ પ્રત્યે છે; પ્રધાનકારણવાદ પ્રત્યે નથી એમ પહેલા સૂત્રસંદર્ભમાં વિસ્તારથી કહ્યું છે. વળી 'महतः परमव्यक्तम्' ઇત્યાદિ [illegible] વાક્યનો પ્રધાનને વિષે સમન્વય થાય તોપણ હેતુનો વ્યભિચાર થતો નથી. કેમકે [illegible] વાક્ય કઈ પ્રધાન જગતનું કારણ છે એમ પ્રતિપાદન કરતું નથી, પરંતુ માત્ર પ્રધાનનો [illegible]

૧ સારી રીતે લાગુ પડે છે. ૨ શબ્દ-શ્રુતિથી પ્રતિપાદિત નથી એવું. ૩ [illegible]

[illegible]

કરાય નહિ ત્યાંસુધી સર્વજ્ઞ બ્રહ્મ જગત્નું કારણ છે એમ પ્રતિપાદન કર્યું છે
આકુલ-અદૃઢ થાય. એટલા માટે તે શબ્દો અન્યપર છે એમ દર્શાવવા માટે
હીનો ગ્રન્થ પ્રવૃત્ત થાય છે. આનુમાનિક—અનુમાનથી નિરૂપિત થયલું—પ
કેટલાક શાખાવાળાઓને શ્રુતિપ્રતિપાદિતની પેઠે ઉપલબ્ધ થાય છે. ખરેખ
'महतः परमव्यक्तमव्यक्तात् पुरुषः परः' [૧।૩।૧૧] (મહત્થી પર અવ્યક્ત
બ્યક્ત થી પર પુરુષ) એમ પઠેલું છે. તેમાં જે નામના, અને જે ક્રમમાં આવેલ
અવ્યક્ત અને પુરુષ શબ્દો જે સ્મૃતિપ્રસિદ્ધ છે તેનુંજ અહિં પ્રત્યભિજ્ઞ
છે. તેમાં અવ્યક્તશબ્દથી સ્મૃતિપ્રસિદ્ધ પ્રધાનનું અભિધાન થાય છે; કેમકે
તિમાં પ્રસિદ્ધ છે, અને શબ્દાદિ ન હોવાથી ન વ્યક્ત તે અવ્યક્ત એમ
સંભવ છે. તે શ્રુતિપ્રતિપાદિત હોવાથી અશબ્દ છે એમ કહેવું યુક્ત નથ
જગત્નું કારણ છે, શ્રુતિ, સ્મૃતિ, ન્યાયની પ્રસિદ્ધિથી. એમ જો કહેશો તો (
દીએ છીએ કે) એ એમ નથી. ખરેખર, એ કાઠક વાક્ય સ્મૃતિમાં પ્રસિ
અને અવ્યક્તનું અસ્તિત્વબોધક નથી; કેમકે અહિં જેવું સ્મૃતિમાં પ્રસિદ્ધ,
કારણ ત્રિગુણાત્મક પ્રધાન છે તેવાનું પ્રત્યભિજ્ઞાન થતું નથી. અહિં તો અવ્ય
શબ્દમાત્રનું પ્રત્યભિજ્ઞાન થાય છે; અને તે શબ્દ ન વ્યક્ત તે અવ્યક્ત એમ

ન્નજ પ્રતિપાદન કરે છે; અને એના સદ્ભાવથીજ કઈ બ્રહ્મસ્વરૂપમાં હાનિ થતી ન
માટે ઉત્તરગ્રન્થનો અનવકાશ છે એવી આશંકા દૂર કરવા માટે 'બ્રહ્મજિજ્ઞાસાની પ્રતિજ્ઞ
ત્યાદિ કર્યું છે 'महतः परमव्यक्तम्', 'अजामेकाम्' ઇત્યાદિ શ્રુતિઓ માત્ર પ્રધા
ત્વજ પ્રતિપાદન કરતી નથી, પણ પ્રધાન જગત્નું કારણ છે એમ પ્રતિપાદન કરે છે
परम्' એમાં પરશબ્દ પાસેનાજ પૂર્વકાલનું અભિધાન કરે છે ને તેથી કારણત્વવાચક છે
मेकाम्' એ તો કારણત્વનું અભિધાન કરે છે એ સ્ફુટજ છે. આ પ્રમાણે વ્યભિચાર
અન્યપરત્વ પ્રતિપાદન કરવા માટે ઉત્તર સંદર્ભનો આરંભ યુક્તજ છે. પૂર્વપક્ષ કહે છે—
જે નામના' ઇત્યાદિ. 'સ્મૃતિપ્રસિદ્ધ' = સાંખ્યસ્મૃતિમાં પ્રસિદ્ધ. માત્ર રૂઢિથીજ
અવયવાર્થથી—યોગથી પણ એજ અર્થ અવગત થાય છે એમ કહે છે—'ન વ્યક્ત તે અ
શબ્દ સ્પર્શ આદિ રહિત હોવાથી યોગનો સંભવ છે એમ કહે છે—'શબ્દાદિ ન હોવ
'શ્રુતિ, સ્મૃતિ અને ન્યાયની પ્રસિદ્ધિથી'—'अजामेकाम्' ઇત્યાદિ શ્રુતિ છે.
प्रकृतिरव्यक्तं' ઇત્યાદિ સાંખ્ય સ્મૃતિ છે, 'यदृशं तत्प्रकृतिकम्' એ ન્યાય છે.
પ્રધાન જગત્નું કારણ છે એ મતની શ્રુતિ થાય છે એવો પૂર્વપક્ષનો આશય છે. સિદ્ધાંત
—'એ એમ નથી' ઇત્યાદિ. પ્રધાન શ્રુતિપ્રતિપાદિત નથી એમ દર્શાવવા તાત્પર્યનો
રૂપી હેતુ કહે છે—'ખરેખર, એ કાઠકવાક્ય' ઇત્યાદિ. પણ પ્રધાનનું અહિં અ
ન છે માટે પ્રધાન વૈદિક—વેદપ્રતિપાદિત છે એ આશંકા દૂર કરવા કહે છે—'અ
સ્મૃતિમાં પ્રસિદ્ધ' ઇત્યાદિ. પણ શબ્દની પ્રત્યભિજ્ઞા થવાથી અર્થની પણ પ્રત્યભિજ્ઞ
એમ આશંકા કરી સમાધાન કરે છે કે નિયામક ન હોય તો વૈદિક શબ્દથી સિદ્ધ
પ્રતીત થતી નથી—'અને તે શબ્દ' ઇત્યાદિ. ત્યારે રૂઢિથી પ્રધાનની પ્રતીતિ થ
આશંકા કરી તે રૂઢિ લૌકિક છે કે સાંખ્યસ્મૃતિની છે એમ બંને કોટિનું નિરાકરણ કરે

૧ ઓ. નિષ્પ્રપંચ ૩ સ્મૃતિ.

હોવાથી સૂક્ષ્મ, ¹દુર્લક્ષ્ય એવા અન્ય પદાર્થને વિષે પ્રયોજાય છે. વળી એ
શબ્દ કોઈ પણ અર્થમાં રૂઢ નથી. જે ²પ્રધાનવાદીઓની રૂઢિ છે તે તેઓનીજ
પારિભાષિક થઈ વેદાર્થનું નિરૂપણ કરવામાં કારણભાવ પામતી નથી. તેમજ
ક્રમમાત્રની સમાનતાથી સમાન ³અર્થના રૂપનું પ્રત્યભિજ્ઞાન ન હોય તો તેનો
બોધ થાય નહિ. ખરેખર, અશ્વને સ્થાને બળદને જોઈને એ અશ્વ છે એમ અમૂઢ
પુરુષ નિશ્ચય કરતો નથી. વળી અહિં પ્રકરણનું નિરૂપણ કરતાં પ્રતિપક્ષીએ પરિ-
કલ્પેલા પ્રધાનની પ્રતીતિ થતી નથી; કેમકે રૂપકથી વિન્યસ્ત થયલા શરીરનું પ્ર-
હણ છે. ખરેખર, અહિં રથરૂપકથી વિન્યસ્ત થયલા શરીરનુંજ અવ્યક્તશબ્દથી
પરિગ્રહણ કર્યું છે. શાથી? પ્રકરણથી અને પરિશેષથી; કારણ કે લાગલોજ પાછલો
ગ્રન્થ આત્મા, શરીર આદિઓની રથી, રથ આદિ સાથે રૂપકની કલ્પના દર્શાવે
છે—'आत्मानं रथिनं विद्धि शरीरं रथमेव तु । बुद्धिं तु सारथिं विद्धि मनः प्रग्रहमेव
च ॥ इन्द्रियाणि हयानाहुर्विषयांस्तेषु गोचरान्। आत्मेन्द्रियमनोयुक्तं भोक्तेत्याहुर्मनीषिणः॥'
[કાઠ ૧।૩।૩,૪] (આત્માને રથી જાણ અને શરીરને રથજ જાણ. બુદ્ધિને સારથિ
અને મનને ⁴પ્રગ્રહ જાણ. ઇન્દ્રિયોને અશ્વ કહે છે અને વિષયોને તેમને વિષે

ડિક રૂઢિનથી એમ કહે છે—'વળી એ શબ્દ કોઈ પણ અર્થમાં રૂઢ નથી.' સાંખ્ય સ્મૃ-
તિની પણ રૂઢિ નથી એમ કહે છે—'જે પ્રધાનવાદીઓની રૂઢિ છે' ઇત્યાદિ. પુરુષસકેત
કંઈ અનાદિ વેદનો અર્થ નિર્ણય કરવામાં હેતુભૂત થતો નથી; કેમકે પુરુષના મત વિચિત્ર હોય
છે એવું તાત્પર્ય છે. પણ સાંખ્યસ્મૃતિના ક્રમની પ્રત્યભિજ્ઞા થવાથી ક્રમિક અર્થ સ્મૃતિનોજ છે
એ આશંકાનું સમાધાન કરે છે—'તેમજ ક્રમમાત્રની સમાનતાથી' ઇત્યાદિ. 'સમાન અ-
ર્થના રૂપનું પ્રત્યભિજ્ઞાન ન હોય તો' સમાન રૂપથી વિરુદ્ધ રૂપનું પ્રત્યભિજ્ઞાન હોય તો
એવો અર્થ સમજવો. પૂર્વે જાણેલા રૂપવાળા પદાર્થને સ્થાને તેથી વિરુદ્ધ પદાર્થનું જ્ઞાન થયે
તેની (પૂર્વે જાણેલા રૂપવાળા પદાર્થની) પ્રતીતિ થતી નથી તેને માટે દૃષ્ટાન્ત કહે છે—'ખ-
રેખર, અશ્વને સ્થાને' ઇત્યાદિ. પ્રકૃત વિષયમાં વિરુદ્ધ જ્ઞાન નથી એવી આશંકા કરી નિરા-
કરણ કરે છે કે પ્રકરણથી શરીરનું જ્ઞાન થાય છે—'વળી અહિં પ્રકરણનું નિરૂપણ કરતાં'
ઇત્યાદિ. રૂપક એટલે રથસાદૃશ્યથી શરીરજ વિન્યસ્ત છે. પૂર્વવાક્યમાં આત્મા અને બુદ્ધિના
મધ્યમાં શરીર પહેલું છે, માટે અહિં પણ મધ્યમાં રહેલા અવ્યક્ત શબ્દથી શરીરનું ગ્રહણ
થવાથી પ્રધાન વૈદિક-શ્રુતિપ્રતિપાદિત નથી એવો સૂત્રનો અર્થ છે. પણ સ્મૃતિનો ક્રમ શ્રુ
માટે તજવો જોઈએ એ આશંકાનું નિરાકરણ કરવા કહે છે કે શ્રુતિક્રમ, પ્રકરણ આદિના અ-
નુગ્રહને લીધે સ્મૃતિક્રમથી બલવત્તર છે—'શાથી? પ્રકરણથી અને પરિશેષથી' ઇત્યાદિ.
પ્રકરણ અને પરિશેષ એ બેનું વિવરણ કરે છે—'કારણ કે લાગલોજ પાછલો ગ્રન્થ' ઇત્યાદિ.
રૂપકની કલ્પના'=સાદૃશ્યની કલ્પના. જ્યારે બુદ્ધિસારથિ વિવેકી હોય છે ત્યારે મનરૂપી
લગામ વડે ઇન્દ્રિયરૂપી અશ્વોને વિષયરૂપી વિષમ માર્ગમાંથી ખેંચી લે છે. જ્યારે અવિવેકી
હોય છે ત્યારે મનરૂપી લગામથી બાંધેલા તે અશ્વોને તે માર્ગમાં પ્રવર્તાવે છે. આ પ્રમાણે મ-
નને લગામનું રૂપ આપ્યું છે તે યુક્ત છે. 'तेषु गोचरान्'—तेषु=हयेषु, અશ્વોને વિષે;
गोचरान्=मार्गान्, માર્ગો. જેમ અશ્વ માર્ગને અવલંબીને ચાલે છે, તેમ ઇન્દ્રિયરૂપી અશ્વ

૧ અતિશય દુર્લક્ષ્ય. ૨ પ્રધાન જગતનું કારણ છે એમ કહેનારા. ૩ વસ્તુ. ૪ રશ્મિ, લગામ.

'ગોચર કરે છે. દેહ ઇન્દ્રિય અને મનથી યુક્તને વિદ્વાનો ભોક્તા કહે છે) એમ. તે ઇન્દ્રિય આદિ 'અસંયત હોય તો તે વડે સંસાર પામે છે, પણ સંયત હોય તો માર્ગથી પાર વિષ્ણુનું તે પરમ પદ પામે છે એમ દર્શાવીને માર્ગથી પાર વિષ્ણુનું તે પરમ પદ શું છે એવી આકાંક્ષા થયે સતે, તેજ પ્રકૃત ઇન્દ્રિય આદિથી પર, પરમાત્માને, માર્ગથી પાર વિષ્ણુના તે પરમ પદ તરીકે દર્શાવે છે—'इन्द्रियेभ्यः परा ह्यर्था अर्थेभ्यश्च परं मनः। मनसस्तु परा बुद्धिर्बुद्धेरात्मा महान् परः ॥ महतः परमव्यक्तमव्यक्तात् पुरुषः परः । पुरुषान्न परं किंचित् सा काष्ठा सा परा गतिः ॥' [કાઠ૦ ૧।૩।૧૦।૧૧] (ઇન્દ્રિયોથી પર અર્થ છે અને અર્થોથી પર મન છે, મનથી પર બુદ્ધિ અને બુદ્ધિથી પર આત્મા મહત્ છે, મહત્‌થી પર અવ્યક્ત છે અને અવ્યક્તથી પર પુરુષ છે. પુરુષથી પર કંઈ નથી. તે પર્યવસાન છે, તે ઉત્કૃષ્ટ ગતિ છે) એમ. તેમાં જે ઇન્દ્રિય આદિઓજ પૂર્વેની રથરૂપક કલ્પનામાં અશ્વ આદિ તરીકે પ્રકૃત છે તેનુંજ અહિં પરિગ્રહણ કર્યું છે; કેમકે એમ ન હોય તો પ્રકૃતની હાનિ અને અપ્રકૃતની પ્રક્રિયા થાય. તથા ઇન્દ્રિય, મન અને બુદ્ધિ પૂર્વમાં અને અહિં સમાન શબ્દોજ છે. અને અર્થ શબ્દાદિ જે વિષયો ઇન્દ્રિયરૂપ અશ્વોના 'ગોચર તરીકે નિર્દિષ્ટ છે તે, તેઓ ઇન્દ્રિયોથી પર છે; કેમકે 'इन्द्रियाणां ग्रहत्वं विषयाणामतिग्रहत्वम्' [બૃહ૦ ૩।૨] (ઇન્દ્રિયો 'ગ્રહ છે અને વિષયો 'અતિગ્રહ છે) એમ શ્રુતિમાં પ્રસિદ્ધ છે. વળી વિષયથી પર મન છે; કેમકે વિષય અને ઇન્દ્રિયોનો વ્યવહાર મનને આધીન

[illegible] વિષયોને અનુગ્રહીને પ્રવર્તે છે [illegible] વિદ્યામાને સ્વતઃ ભોગ સંભવે છે—[illegible] [illegible] વિદ્યામાને [illegible] સ્વભાવસીજ [illegible] [illegible] પ્રયોજન છે એવી આકાંક્ષાનું સમાધાન કરે છે—'आत्मेन्द्रियमनो-युक्तम्' आत्मा=देह [illegible] કલ્પનાથી આત્મા ભોક્તા થાય છે; કેમકે સ્વતઃ આત્મા [illegible] ઇન્દ્રિય [illegible] અને મનના [illegible] આત્મા [illegible] ભોક્તા થાય છે [illegible] [illegible] ઉપન્યાસ કરે છે—'તે ઇન્દ્રિય આદિ અ-સંયત છે' ઇત્યાદિ. [illegible] પ્રકૃત છે [illegible] [illegible] કરવા એવી આકાંક્ષાનું સમાધાન કરે છે—'તેમાં જે ઇન્દ્રિય આદિઓજ' ઇત્યાદિ. આ [illegible] [illegible] છે એમ દર્શાવે છે—'તેમાં ઇન્દ્રિય, મન અને બુદ્ધિ' ઇત્યાદિ. इन्द्रियेभ्यः परा ह्यर्थाः ઇત્યાદિ. [illegible] છે અને [illegible] [illegible] છે. કેમકે [illegible] તે ઇન્દ્રિયો [illegible] ત્વક્, જિહ્વા, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર, મન, [illegible] [illegible] ઇન્દ્રિયોને [illegible] કરે છે; કેમકે તે ઇન્દ્રિયો પુરુષને [illegible] [illegible] કરે છે—[illegible] [illegible] ઇન્દ્રિયો [illegible] [illegible] ઇન્દ્રિય [illegible] [illegible] ઇન્દ્રિયોને વિષયોને આધીન [illegible] છે.

૧ [illegible]
[illegible]

છે. મનથી પર બુદ્ધિ છે: કેમકે બુદ્ધિ પર આરોહણ કરીને ભોગ્યસમૂહ ભોક્તાની પાસે જાય છે. બુદ્ધિથી મોટો આત્મા પર છે, તેજ કે જે 'आत्मानं रथिनं विद्धि' (આત્માને રથી જાણ) એમ રથી તરીકે નિર્દિષ્ટ કરાયો છે. શાથી? આત્મશબ્દથી. વળી ભોક્તા ભોગનાં ઉપકરણથી પર થાય એ ઉપપન્ન છે. તેમજ એ સ્વામી હોવાથી મહાન્ છે એ પણ યુક્ત છે. અથવા 'मनो महान् मतिर्ब्रह्मा पूर्बुद्धिः ख्यातिरीश्वरः। प्रज्ञा संविच्चितिश्चैव स्मृतिश्च परिपठ्यते' (મનનશક્તિ મોટી છે, નિશ્ચયરૂપ છે, આત્મા છે, ભોગ્યવર્ગનું નગર છે, તાત્કાલિક નિશ્ચય છે, કીર્તિશક્તિ છે, નિયમનશક્તિ છે, ત્રૈકાલનિશ્ચય છે, સંવિદ્ છે, ચિત્ છે અને સ્મૃતિ કહેલી છે) એવી સ્મૃતિ છે તેથી અને 'यो ब्रह्माणं विदधाति पूर्वं यो वै वेदांश्च प्रहिणोति तस्मै' [શ્વેતા૦ ૬।૧૮] (જે બ્રહ્માને પૂર્વે સર્જે છે ને જે તેની પાસે વેદો મોકલે છે તેને) એમ શ્રુતિથી જે પ્રથમ ઉત્પન્ન થયેલા હિરણ્યગર્ભની બુદ્ધિ છે તે સર્વ બુદ્ધિમાં પર, પ્રતિષ્ઠા છે. તેને અહિં મોટો આત્મા છે એમ કહ્યું છે; અને તે પૂર્વે બુદ્ધિશબ્દના ગ્રહણથીજ ગ્રહણ કરાયલી થઈ અત્ર પૃથક્ ઉપદિષ્ટ થઈ છે; કેમકે તે પણ આપણી બુદ્ધિથી પર છે એ ઉપપન્ન છે. પણ એ પક્ષમાં પરમાત્મવિષયક જે પછીથી આવનાર પુરુષશબ્દનું મ-

---

વિષયોને અભાવે ઇન્દ્રિયો અકિંચિત્કર છે—કંઈ કરવા સમર્થ નથી. ઇન્દ્રિયો જે જડ છે તેથી વિષયો શ્રેષ્ઠ હોવાથી તેમને અતિશ્રેષ્ઠ કહ્યા છે. સવિકલ્પક જ્ઞાન, સંકલ્પવિકલ્પાત્મક તે મન અને નિર્વિકલ્પક જ્ઞાન અધ્યવસાયાત્મક, અર્થાત્ નિશ્ચયાત્મક જ્ઞાન તે બુદ્ધિ. નિશ્ચયદ્વારા વિષયો ભોક્તાને ઉપકરણ થાય છે અને નિશ્ચય એ બુદ્ધિ છે તેથી સંશયાત્મક મનથી બુદ્ધિનું પ્રાધાન્ય છે એવો અર્થ છે. રથી તરીકે જે પૂર્વે કહ્યો છે તે આત્મા બુદ્ધિથી પર છે. કેમકે આત્મશબ્દથી તે બુદ્ધિથી પર છે એમ પ્રત્યભિજ્ઞાન થાય છે. બુદ્ધિથી આત્મા શા માટે શ્રેષ્ઠ છે તે કહે છે—'વળી ભોક્તા ભોગના ઉપકરણથી' ઇત્યાદિ. અહિં જીવાત્માને સ્વામી હોવાથી મહાન્ (મોટો) કહ્યો છે પણ ત્યારે 'महतः परमव्यक्तम्' એમ કહ્યું છે તેને બદલે 'आत्मनः परमव्यक्तम्' એમ કહેવું જોઈએ એમ આશંકા લાવી કહે છે—'અથવા "मनो महान्"' ઇત્યાદિ. સંકલ્પવિકલ્પરૂપ મનનશક્તિને લીધે હિરણ્યગર્ભની બુદ્ધિ તે મન. અહિં મનને વિ-સમષ્ટિને હિરણ્યગર્ભની બુદ્ધિ મોટી એટલે વ્યાપિની છે. પણ સંકલ્પાદિ શક્તિને લીધે હિરણ્યગર્ભની બુદ્ધિ મહિમાત્મક છે ને સંશય દૂર કરવા કહે છે—'मतिः' અથવા નિશ્ચય કરનારી છે, આત્મજ્ઞાન. સંકલ્પવિકલ્પમાંથી જે નિશ્ચય થવાનો છે તે નિશ્ચય કરનારી છે. મહત્ત્વ ઉપ-પાદન કરવા કહે છે કે તે 'ब्रह्मा' છે. તે ભોગ્યસમૂહનો આધાર છે એમ કહે છે 'पूः'. નિશ્ચયાત્મક છે એમ કહે છે—'बुद्धिः'. કીર્તિશક્તિવાળી છે એમ કહે છે—'ख्यातिः'. નિયમનશક્તિવાળી છે એમ કહે છે—'ईश्वरः'. લોકમાં જે પ્રકૃષ્ટ જ્ઞાન છે તેનું કારણ છે એમ કહે છે—'प्रज्ञा'. તેનું જ્ઞાન પણ લૌકિક અંતઃકરણ નથી એમ કહે છે—'संविद्'. તે તત્ત્વરૂપ છે એમ કહે છે—'चितिः'. અતીત સર્વ પદાર્થની અનુભવશક્તિ છે એમ કહે છે—'स्मृतिः' આ પ્રમાણે પ્રથમ જન્મેલા હિરણ્યગર્ભની બુદ્ધિ સર્વ બુદ્ધિઓની તે આશ્રય હોવાથી પર છે અને વ્યાપક હોવાથી મહાન્ છે. કેવળ બુદ્ધિમાત્રથી હિરણ્યગર્ભની બુદ્ધિનું ગ્રહણ યુક્ત છે. પણ આપણા જેવી હિરણ્યગર્ભની બુદ્ધિ તો પર છે અને કહી હોય તો તેથી પ્રેરાયલો શો આધાર રહ્યો છે તેને માટે કહે છે—'અને તે પૂર્વે બુદ્ધિશબ્દના ગ્રહણથીજ' ઇત્યાદિ. પૂર્વે અહિંરૂપાદિ અવિશેષ નહિ હિરણ્યગર્ભની બુદ્ધિ કહી છે.

લગ્ન છે તેથીજ રથી જે આત્મા તેનું ગ્રહણ સમજવું; કેમકે વાસ્તવિક રીતે પરમાત્મા ને વિજ્ઞાનાત્માનો ભેદ નથી. તેટલા માટે આ પ્રમાણે માત્ર શરીરજ એકલું પરિશિષ્ટ રહે છે. ઇન્દ્રિયાદિ અન્ય પ્રકૃત પદાર્થોને પરમ પદ દર્શન કરાવવાની ઇચ્છાથી અનુક્રમે વર્ણવી શ્રુતિ પરિશિષ્યમાણ એવો જે અહિં અન્ય અવ્યક્તશબ્દ તે વડે પરિશિષ્યમાણ પ્રકૃત શરીરજ દર્શાવે છે એમ સમજાય છે. ખરેખર, શરીરાદિને રથાદિના રૂપકની કલ્પનાએ, શરીર, ઇન્દ્રિય, મન, બુદ્ધિ, વિષય અને વેદનાથી સંયુક્ત, અવિદ્યાવાળા ભોક્તાની સંસારગતિ અને મોક્ષગતિનું નિરૂપણ કરીને પ્રત્યગાત્મા બ્રહ્મત્વ પ્રાપ્ત કરે છે એમ અહિં વિવક્ષા છે. તેથીજ રીતે 'एषु सर्वेषु भूतेषु गूढात्मा न प्रकाशते। दृश्यते त्वग्र्यया बुद्ध्या सूक्ष्मया सूक्ष्मदर्शिभिः॥' [કાઠ૦ ૧।૩।૧૨] (એ આત્મા સર્વ પ્રાણીઓમાં ગુપ્ત છે, એ પ્રકાશતો નથી; પણ સૂક્ષ્મ, અગ્ર્ય બુદ્ધિથી સૂક્ષ્મદર્શીઓથી દેખાય છે) એમ વિષ્ણુનું પરમ પદ પ્રાપ્ત કરવું અતિશય કઠિન છે એમ કહી તેની પ્રાપ્તિ માટે યોગ દર્શાવે છે—'यच्छेद्वाङ्मनसी प्राज्ञस्तद्यच्छेज्ज्ञान आत्मनि। ज्ञानमात्मनि महति नियच्छेत्तद्यच्छेच्छान्त आत्मनि॥' [કાઠ૦ ૧।૩।૧૩] (પ્રાજ્ઞ પુરુષ વાણીને મનમાં નિયત કરવી, મનને જ્ઞાનમાં, જ્ઞાનને મોટા આત્મામાં અને મોટા આત્માને શાન્ત આત્મામાં નિયત કરવો) એમ. એનું તાત્પર્ય એ છે કે વાણીને મનમાં નિયત કરવી, એટલે વાક્ આદિ બાહ્ય ઇન્દ્રિયોના વ્યાપારનો ત્યાગ કરી મનમાત્રથી રહેવું. વિષયના વિકલ્પને અભિમુખ એવું જે મન તેને વિકલ્પરૂપી દોષના દર્શનને લીધે જ્ઞાનશબ્દથી ઉદિત, નિશ્ચયસ્વભાવ જે બુદ્ધિ તેને વિષે ધારણ કરવું. તે બુદ્ધિને પણ મોટો આત્મા જે ભોક્તા તેને વિષે કે અગ્ર્ય બુદ્ધિને વિષે સૂક્ષ્મતા પ્રાપ્ત કરાવવા નિયત કરવી. પણ મહાન આત્માને પ્રકરણભૂત, શાન્ત આત્મા, પર પુરુષ, પર પર્યવસાનને વિષે પ્રતિષ્ઠાપિત કરવો. તેટલા માટે એવી રીતે પૂર્વાપરનો આલોચના કરતાં પ્રતિપક્ષીએ કલ્પેલા પ્રધાનને અત્ર અવકાશ નથી ॥ ૧ ॥

અહિં ભિન્ન નહિ તેથી ભેદ કહી છે એવો અર્થ છે. પણ એ પક્ષમાં હિરણ્યગર્ભબુદ્ધિ આત્મા ... રથી જે આત્મા ભોક્તા છે તેનું અહિં ઉપાદાન થતું નથી, એટલે રથજ પરિશિષ્ટ છે એમ નહિ, પણ રથી પણ પરિશિષ્ટ છે એવી કહે છે—'પણ એ પક્ષમાં' ઇત્યાદિ. જેમ ... પ્રતિબિમ્બ બિંબથી વાસ્તવિક રીતે ભિન્ન નથી તેમ પરમાત્માથી વિજ્ઞાનાત્મા વસ્તુતઃ ભિન્ન નથી તેથી પરમાત્માજ રથી નહિ અહિં ઉક્ત છે, માટે રથમાત્ર પરિશિષ્ટ છે એમ કહે છે—'તેટલા માટે આ પ્રમાણે' ઇત્યાદિ. પૂર્વોક્ત જ પદાર્થોમાં માત્ર શરીરજ પરિશિષ્ટ છે એવો અર્થ છે. પ્રકરણ અને પરિશેષથી અવ્યક્ત શરીરવાચક છે એમ જે પ્રતિજ્ઞા કરી તેનું વિવરણ કરે છે—'ઇન્દ્રિયાદિ અન્ય પ્રકૃત પદાર્થોને' ઇત્યાદિ. વળી જે સકલ શ્રુતિનું તાત્પર્ય બ્રહ્માત્મૈક્ય છે માટે તેથી વિપરીતના પ્રધાનને અહિં અવકાશ નથી એમ કહે છે—'ખરેખર, શરીર, ઇન્દ્રિય, મન' ઇત્યાદિ. 'વેદના' સુખાદિનો અનુભવ. 'પ્રત્યગાત્મા' ઇત્યાદિ (प्रत्यगेव ब्रह्मेति प्रत्यगात्मा) કઠ શ્રુતિનું તાત્પર્ય બ્રહ્માત્મૈક્ય છે તેનું સૂચક ... વિષે પણ છે એમ કહે છે—'તેથીજ રીતે "एषु सर्वेषु"' ઇત્યાદિ. ... થકી ઉત્પન્ન થતી. 'यच्छेद्वाङ्मनसी' અહિં ... ... છે ... કરે છે—'તેટલા માટે એવી રીતે' ઇત્યાદિ ॥ ૧ ॥

सूक्ष्मं तु तदर्हत्वात् ॥ २ ॥

પણ સૂક્ષ્મ (શરીર અહિં વિવક્ષિત છે); (તે સૂક્ષ્મ શરીર) તેને (અવ્યક્ત શબ્દને) યોગ્ય હોવાથી ॥ ૨ ॥

અવ્યક્તશબ્દ શરીરવાચક છે, પ્રધાનવાચક નથી એમ પ્રકરણ અને પરિશેષથી કહ્યું; હવે આ શંકા થાય છે કે શરીર અવ્યક્તશબ્દયોગ્ય શી રીતે છે; કેમકે સ્થૂલ હોવાથી સ્પષ્ટતર એવું એ શરીર વ્યક્તશબ્દયોગ્ય છે, અને અવ્યક્તશબ્દ તો અસ્પષ્ટવાચક છે. આથી ઉત્તર કહે છે—અહિં સૂક્ષ્મ, કારણાત્મક શરીરની વિવક્ષા છે; કેમકે સૂક્ષ્મ શરીર અવ્યક્તશબ્દયોગ્ય છે. જો કે આ સ્થૂલ શરીર જાતે અવ્યક્તશબ્દયોગ્ય નથી, તોપણ તેના આરંભક, ભૂતોના સૂક્ષ્મ ભાગો અવ્યક્તશબ્દયોગ્ય છે. વળી પ્રકૃતિવાચક શબ્દ વિકારના અર્થમાં જોવામાં આવેલો છે; જેમકે 'ગોભિઃ શ્રીણીત મત્સરમ્' [ઋ૦ સં૦ ૯।૪૬।૪] (ગાયના વિકાર પય આદિની સાથે તમારે સોમરસ મિશ્ર કરવો જોઇએ). શ્રુતિ પણ 'તદ્ધેદં તર્હ્યવ્યાકૃતમાસીત્' [બૃ૦ ૧।૪।૭] (ત્યારે—પ્રાગવસ્થામાં આ જગત્ 'અવ્યાકૃત હતું) એમ જેમાં નામરૂપ વ્યાકૃત છે એવા વિભિન્ન, એજ જગત્‌ને, વ્યાકાર પામેલાં નામરૂપોનો જેણે પૂર્વ અવસ્થામાં ત્યાગ કર્યો છે અને જે બીજશક્તિમાં રહેલું છે તેથી અવ્યક્ત શબ્દયોગ્ય છે, એવું દર્શાવે છે॥૨॥

तदधीनत्वादर्थवत् ॥ ३ ॥

તેને (ઈશ્વરને) અધીન હોવાથી (એ બીજાવસ્થા સ્વીકારાય છે; કેમકે તે) અર્થવાળી છે ॥ ૩ ॥

અહિં કહે છે—જેમાં નામરૂપ અભિવ્યક્ત થયાં નથી એવું, પૂર્વ અવસ્થામાં

સૂત્રનું શંકાના ઉત્તર તરીકે વ્યાખ્યાન કરે છે—'અવ્યક્તશબ્દ' ઇત્યાદિ. કાર્ય અને કારણ અભિન્ન હોવાથી મૂલપ્રકૃતિવાચક અવ્યક્તશબ્દથી વિકાર લક્ષ્ય થાય છે એવો અર્થ છે. કારણવાચક અવ્યક્તપદ કારણથી અભિન્ન કાર્યને વિષે ઔપચારિક થાય છે એમ સમજવું. અવ્યક્ત કારણથી વિકાર અનન્ય છે તેને માટે પ્રમાણ કહે છે—'શ્રુતિ પણ' ઇત્યાદિ. અવ્યાકૃતમ્=અવ્યક્ત. ॥ ૨ ॥

પણ એ બીજશક્તિની અવસ્થામાં આવેલું જગત્ અવ્યક્તશબ્દને યોગ્ય હોય તો પ્રધાનનોજ સ્વીકાર કર્યો થાય છે. ખરેખર, સુખદુઃખમોહાત્મક જગત્ એવા પ્રકારના કારણમાંથીજ ઉત્પન્ન થાય એ યોગ્ય છે, કેમકે કાર્ય કારણાત્મકજ છે. જે સુખાત્મક જગત્ છે તે સત્ત્વસ્વ-

૧ નામરૂપ આદિથી વ્યાકાર—સ્પષ્ટીકરણ ન પામેલું, અવ્યક્ત.

રહેલુ એ બીજાત્મક જગત્ અવ્યક્તશબ્દયોગ્ય છે એમ જો સ્વીકારાય અને તત્સ્વ-
રૂપે શરીર પણ અવ્યક્તશબ્દયોગ્ય છે એમ પ્રતિજ્ઞા કરાય તો એમ થયે તેજ પ્ર-
ધાનકારણવાદની [1]આપત્તિ થાય; કેમકે એજ જગત્ની પ્રાગવસ્થાને પ્રધાન તરીકે
સ્વીકારેલી છે એમ. એને વિષે કહીએ છીએ—જો અમે કોઈક સ્વતન્ત્ર પ્રાગવસ્થા-
ને જગત્ના કારણ તરીકે સ્વીકારીએ તો અમે પ્રધાનકારણવાદનો પ્રસંગ લાવીએ.
પણ પરમેશ્વરને અધીન એવી જગત્ની પ્રાગવસ્થા અમે સ્વીકારીએ છીએ, સ્વ-
તન્ત્ર નહિ. એ અવસ્થા તો અવશ્ય સ્વીકારવી પડશે; કેમકે તે અર્થવાળી છે. ખરે-
ખર, તે વિના પરમેશ્વરને સ્રષ્ટૃત્વ સિદ્ધ થતું નથી; કેમકે શક્તિરહિત હોય તો તેની
પ્રવૃત્તિ [2]અનુપપન્ન થાય. વળી મુક્ત થયલાઓની ફરી અનુત્પત્તિ (તેથી-બીજ
અવસ્થાથી સિદ્ધ થાય છે). શાથી? કેમકે વિદ્યાથી તે બીજશક્તિનો દાહ થાય
છે. ખરેખર, અવિદ્યાસ્વરૂપ એ બીજશક્તિ અવ્યક્તશબ્દથી નિર્દેશ્ય, પરમેશ્વરને
આશ્રયે રહેલી, માયામયી, મહાસુષુપ્તિ છે, જે હોવાથી સ્વરૂપના જ્ઞાનરહિત સંસા-
રી જીવો ઊંઘે છે. તે એ અવ્યક્ત કવચિત્ આકાશશબ્દથી નિર્દિષ્ટ થયલું છે; કેમકે
'एतस्मिन्नु खल्वक्षरे गार्ग्याकाश ओतश्च प्रोतश्च' [બૃહ૦ ૩।૮।૧૧] (હે ગાર્ગિ, ખરે-
ખર, એ વિનાશરહિતને વિષે આકાશ આણોતાણો કરાયલું છે) એવી શ્રુતિ છે.

ભાવ છે, જે રજઃસ્વરૂપ છે તે દુઃખાત્મક છે અને જે મોહાત્મક છે તે તમઃસ્વભાવ છે. આ
રીતે પ્રધાનજ અવ્યક્ત છે એમ સ્વીકારાય છે. આ શંકા વા અપસિદ્ધાન્તનું નિરાકરણ કરવાને
અર્થે '**तदधीनत्वादर्थवत्**' એ સૂત્ર છે. 'એમ થયે'=સૂક્ષ્મસંજ્ઞિત પ્રાગવસ્થાનો સ્વીકાર
કર્યો એટલે; પૂર્વ અવસ્થાનું જગત્ અવ્યક્તશબ્દયોગ્ય છે એમ ઇષ્ટ થયે છતે. ખરેખર, સેશ્વર
કે અનીશ્વર સાંખ્યોના મતમાં ઈશ્વરથી કે ક્ષેત્રજ્ઞોથી પ્રધાન ભિન્ન છે એમ નિર્વચન કરી શકાય
છે. પણ બ્રહ્મની આ અવિદ્યાશક્તિ જે માયા આદિ શબ્દથી વાચ્ય છે તેનું તે છે કે અન્ય છે
એમ નિર્વચન કરવું શક્ય નથી. અવિદ્યાશક્તિનું આ જે અનિર્વાચ્યત્વ તેજ અવ્યક્તત્વ. પ્રધાન-
વાદનો અવ્યાકૃતવાદથી[3] આજ ભેદ છે. અવિદ્યાશક્તિ ઈશ્વરને અધીન છે, કેમકે તે તેને આશ્રયે
છે. કોઈ પણ દ્રવ્ય શક્તિ વિના કાર્ય કરવા સમર્થ નથી, માટે શક્તિ એ અર્થવાળી-પ્રયોજનવાળી
છે તેથી '**अर्थवद्**' એમ સૂત્રમાં કહ્યું છે. અત્ર શંકા થાય છે કે જો બ્રહ્મની અવિદ્યાશક્તિથી
સંસાર થાય છે તો મુક્ત થયલાને પણ પુનરુત્પત્તિનો પ્રસંગ આવશે; કેમકે પ્રધાનની પેઠે એ
શક્તિની પણ તેવીજ અવસ્થા છે. વળી એ શક્તિનો વિનાશ થયે સમસ્ત સંસારનો ઉચ્છેદ
થાય; કેમકે સંસારનું મૂળ જે અવિદ્યાશક્તિ તેનો સમુચ્છેદ થયો છે. એ શંકાનું નિરાકરણ કરવા
કહે છે—'**મુક્ત થયેલાઓની ફરી અનુત્પત્તિ**'. મુક્ત થયલાઓને પુનઃ બન્ધની ઉત્પત્તિ થતી
નથી. શાથી? '**કેમકે વિદ્યાથી તે બીજશક્તિનો દાહ થાય છે.**' અહિં અભિપ્રાય આ પ્રમાણે
છે. પ્રધાનની પેઠે અવિદ્યા સર્વ જીવોમાં એક છે એમ અમે કહેતા નથી કે જેથી આમ ઉપ-
લબ્ધ થાય. પણ પ્રતિજીવમાં અવિદ્યા ભિન્ન છે એમ અમે કહીએ છીએ. આથી જે જીવને
વિદ્યા ઉત્પન્ન થાય છે તેનીજ અવિદ્યા દૂર થાય છે, બીજાની નહિ. વિદ્યા અને અવિદ્યાનાં
અધિકરણો ભિન્ન હોવાથી તેમની વચ્ચે વિરોધ થતો નથી. આ કારણથી સમસ્ત સંસારના

---

૧ પરિણામે દોષનો પ્રસંગ ૨ અયુક્ત. ૩ બ્રહ્મવાદીઓ, એઓ પૂર્વાવસ્થામાં નામરૂપાદિથી અવ્યાકૃત—આકાર ન પામેલું, સ્પષ્ટીભૂત ન થયલું હતું એમ માને છે તેઓનું મત.

ક્વચિત્ અક્ષરશબ્દથી ઉક્ત થયલું છે; કેમકે 'अक्षरात् परतः परः' [મુ૦ ૨।૧।૨ (અક્ષર એવું જે પર તેથી પર) એવી શ્રુતિ છે. ક્વચિત્ તે માયા છે એમ સૂચ વેલું છે—'मायां तु प्रकृतिं विद्यान्मायिनं तु महेश्वरम्' [શ્વેતા૦ ૪।૧૦] પ્રકૃતિને માયા જાણવી અને મહેશ્વરને માયાવાળો જાણવો) એવો મન્ત્રવર્ણ છે. ખરેખર, એ માયા અવ્યક્ત છે, કેમકે તે છે કે અન્ય છે એમ તેનું નિરૂપણ કરવું શક્ય નથી. મહત્નો અર્થ હૈરણ્યગર્ભી બુદ્ધિ હોય તો અવ્યક્તમાંથી મહત્ ઉત્પન્ન થાય છે તેથી 'महतः परमव्यक्तम्' (મહત્થી પર અવ્યક્ત છે) એમ એ કહ્યું છે. પણ જો મહત્

ઉચ્છેદનો પ્રસંગ આવતો નથી. પ્રધાનવાદીઓને તો આ દોષ થાય છે. પ્રધાન એક હોવાથી તેનો ઉચ્છેદ થયે સર્વનો ઉચ્છેદ થાય અને અનુચ્છેદ થયે કોઈનો પણ ઉચ્છેદ ન થાય એમ અનિર્મોક્ષનો પ્રસંગ આવે. પણ પ્રધાન એક છે તોપણ અવિવેકખ્યાતિરૂપ અવિદ્યા હોવાથી બન્ધ થાય અને ન હોવાથી મોક્ષ થાય એમ કહેશો તો પછી પ્રધાનનું પ્રયોજન રહેશે નહિ; કેમકે અવિદ્યાના સદ્ભાવ અને અભાવથીજ બન્ધ અને મોક્ષ ઉત્પન્ન થાય છે. વળી અવિદ્યારૂપ ઉપાધિભેદને અધીન જીવભેદ છે અને જીવભેદને અધીન અવિદ્યારૂપ ઉપાધિભેદ છે એમ અન્યોન્યાશ્રય હોવાથી બને અસિદ્ધ છે એમ આક્ષેપ કરવો યુક્ત નથી; કેમકે અનાદિ હોવાને લીધે બીજાંકુરની પેઠે ઉભય સિદ્ધ થાય છે. કૂટસ્થ બ્રહ્મનું અદ્વૈત સિદ્ધ કરવા માટે અવિદ્યા સ્વીકારવી જોઈએ, તેમજ બન્ધ અને મોક્ષની વ્યવસ્થાને માટે પણ સ્વીકારવી જોઈએ. જેના નાશથી મુક્તિ થાય છે તે અવિદ્યા સ્વીકારવી જોઈએ; કેમકે તેના વિના સૃષ્ટિ થયે મુક્ત થવાને પુનર્બન્ધની આપત્તિ થશે એવું તાત્પર્ય છે. જે અવિદ્યા સાંખ્યપરિકલ્પિત, સત્ય અને સ્વતન્ત્ર પ્રધાનથી વિલક્ષણ છે એમ કહે છે—'ખરેખર, અવિદ્યાસ્વરૂપ એ બીજશક્તિ' ઇત્યાદિ. 'પરમેશ્વરને આશ્રયે રહેલી'—ચેતનારહિત અને અનર્પિત કંઈ પણ કાર્ય કરવા સમર્થ નથી, તેથી અવિદ્યા સ્વકાર્ય કરવા માટે નિમિત્ત અને ઉપાદાન તરીકે ઇશ્વરનો આશ્રય કરે છે. જેમ સર્પવિભ્રમનું રજ્જુ અધિષ્ઠાન છે તેમ પ્રપંચવિભ્રમનું ઇશ્વર અધિષ્ઠાન છે; તેમજ જેમ સર્પવિભ્રમનું ઉપાદાન રજ્જુ છે તેમ પ્રપંચવિભ્રમનું ઉપાદાન ઈશ્વર છે. આ પ્રમાણે અવિદ્યાનું અધિકરણ જીવ છે તોપણ નિમિત્ત અને વિષય તરીકે તે ઈશ્વરનો આશ્રય કરે છે તેટલા માટે 'પરમેશ્વરને આશ્રયે રહેલી' કહી છે, આધાર તરીકે નહિ; કેમકે વિદ્યાસ્વભાવ બ્રહ્મને વિષે અવિદ્યા આધાર થાય એ અનુપપન્ન છે. 'માયામયી'—પ્રસિદ્ધમાયાસદૃશ. લોકમાં માયાવીને જેમ માયા અધીન છે તેમ અવિદ્યા પરતન્ત્ર છે, પ્રધાનની પેઠે સ્વતન્ત્ર નથી એમ સમજવું. જીવભેદરૂપ ઉપાધિને લીધે અવિદ્યાનો સ્વીકાર કરવો જોઈએ એમ કહે છે—'મહાસુષુપ્તિ'. જે અવિદ્યા હોવાથી જીવો સૂવે છે. બુદ્ધિ આદિ ઉપાધિના ભેદથી જીવો એમ બહુવચન કહ્યું છે. જીવોનું વાસ્તવ સ્વરૂપ બ્રહ્મ છે, તેનો બોધ ન હોવાથી સૂવે છે એમ લક્ષ કર્યો છે. 'સંસારી' એમ વિશેષ કરે છે. અવિદ્યાને વિષે શ્રુતિનું પ્રમાણ આપે છે—'તે એ અવ્યક્ત' ઇત્યાદિ. આકાશનો હેતુ હોવાથી અથવા આકાશની પેઠે અનવચ્છિન્ન હોવાથી અવિદ્યાને આકાશ કહી છે, તત્ત્વજ્ઞાન વિના તે નિવૃત્ત થતી નથી તેથી તેને અક્ષર—અવિનાશી કહી છે અને વિચિત્ર કાર્ય કરનાર હોવાથી માયા કહી છે. હવે અવિદ્યા બ્રહ્મથી ભિન્ન છે કે અન્ય છે તે નિર્વચન કરી શકાતું નથી તેથી અનિર્વચ્ય હોવાથી તે અવ્યક્તશબ્દયોગ્ય છે એમ કહે છે—'ખરેખર, એ માયા અવ્યક્ત છે' અવ્યક્ત મહત્થી પર શી રીતે છે તેને માટે કહે છે—

શબ્દનો અર્થ જીવ હોય તોપણ જીવભાવ અવ્યક્તને અધીન હોવાથી 'महतः परमव्यक्तम्' એમ કહ્યું છે. ખરેખર, અવિદ્યા એ અવ્યક્ત છે. અવિદ્યાવાળો હોવાથીજ જીવનો સર્વ વ્યવહાર સંતત ચાલ્યો જાય છે. મહત્‌થી પરત્વ અભેદ ઉપચારથી તેના વિકાર શરીરને વિષે કલ્પાય છે. શરીરની પેઠે ઇન્દ્રિય આદિઓ પણ તેના વિકાર હોવાથી કંઇ પણ વિશેષ નથી, તોપણ અભેદ ઉપચારથી અવ્યક્તશબ્દે શરીરનુંજ ગ્રહણ કરવાનું છે; કેમકે ઇન્દ્રિય આદિઓ [1]સ્વશબ્દથીજ ગ્રહણ કરાયલી છે અને શરીર પરિશિષ્ટ છે. બીજાઓ તો આમ વ્યાખ્યાન કરે છે—શરીર બે પ્રકારનું છે, સ્થૂલ અને સૂક્ષ્મ. જે આ ઉપલબ્ધ થાય છે તે સ્થૂલ અને સૂક્ષ્મ આગળ 'तदन्तरप्रतिपत्तौ रंहति संपरिष्वक्तः प्रश्ननिरूपणाभ्याम्' [બ્રહ્મ૦ ૩।૧।૧] એમાં કહેવાશે. તે બંને પ્રકારનાં શરીરો કંઇ વિશેષ ન હોવાથી પૂર્વ વાક્યમાં રથ તરીકે કહેવાયલાં છે. પણ અહિં અવ્યક્ત શબ્દથી સૂક્ષ્મ શરીરનું પરિગ્રહણ કરવાનું છે; કેમકે સૂક્ષ્મ અવ્યક્ત શબ્દને યોગ્ય છે. વળી બન્ધ અને મોક્ષનો વ્યવહાર તેને અધીન હોવાથી જીવથી તે પર-શ્રેષ્ઠ છે, જેમ ઇન્દ્રિયોના વ્યાપાર [2]અર્થને અધીન હોવાથી અર્થો ઇન્દ્રિયોથી પર છે તેમ. પણ તે મતવાળાઓએ આનો ઉત્તર આપવો જોઇએ કે પૂર્વવાક્યમાં બંને શરીરને [3]અવિશેષ રથશબ્દે કહ્યાં છે તો બંને સમાન રીતે પ્રકૃત અને પરિશિષ્ટ હોવાથી અહિં સૂક્ષ્મ શરીરનુંજ શી રીતે ગ્રહણ થાય છે ને સ્થૂલનું પણ થતું નથી. પણ વેદનો અર્થ ગ્રહણ કરવા અમે શક્તિમાન છઇએ, તેનો [4]પર્યનુયોગ કરવા શક્તિમાન નથી અને

'મહત્‌નો અર્થ હૈરણ્યગર્ભી બુદ્ધિ' ઇત્યાદિ. કાર્યથી કારણ શ્રેષ્ઠ હોવાથી બુદ્ધિપક્ષમાં અવ્યક્ત મહત્‌થી પર છે એ યુક્ત છે. પ્રતિબિંબ ઉપાધિને પરતન્ત્ર હોવાથી ઉપાધિ પ્રતિબિંબથી શ્રેષ્ઠ છે એમ કહે છે—'પણ જો મહત્ શબ્દનો અર્થ જીવ હોય' ઇત્યાદિ. રાજાદિ સ્વાધીન અમાત્યાદિથી શ્રેષ્ઠ છે એ દેખીતું છે. પણ જીવભાવ અવ્યક્તને અધીન શી રીતે છે? એ તો અવિદ્યાને અધીન છે એમ આશંકા કરી અવ્યક્તનું જે સ્વરૂપ કહ્યું છે તેનું સ્મરણ કરાવે છે—'ખરેખર, અવિદ્યા એ અવ્યક્ત છે' ઇત્યાદિ. અવ્યક્ત મહત્‌થી પર છે તોપણ શરીર મહત્‌થી પર શી રીતે છે તેને માટે કહે છે—'અભેદ ઉપચારથી તેના વિકાર શરીરને વિષે કલ્પાય છે'—કાર્ય અને કારણ વચ્ચે અભેદ છે તેથી અવ્યક્ત જે કારણ છે તે અને શરીર જે તેનો વિકાર—તેનું કાર્ય છે તેને વિષે અભેદ ઉપચારથી શરીર મહત્‌થી પર છે એમ કલ્પાય છે. બંને સૂત્રોનું વૃત્તિકારે કરેલું વ્યાખ્યાન આપે છે—'બીજાઓ તો આમ વ્યાખ્યાન કરે છે.' પંચીકૃત ભૂતોના સૂક્ષ્મ અવયવો સ્થૂલ દેહના આરંભક છે. દેહાન્તરપ્રાપ્તિને વિષે તેથી યુક્ત થયલો પરલોક જાય છે એવો સૂત્રનો અર્થ છે. મહત્ જીવથી પર શી રીતે છે તેને માટે બીજા સૂત્રનું વ્યાખ્યાન કરે છે—'વળી બન્ધ અને મોક્ષનો વ્યવહાર તેને અધીન હોવાથી' ઇત્યાદિ. વિવેક અને અવિવેકથી સૂક્ષ્મ દેહને અધીન બન્ધ અને મોક્ષ છે તેથી જીવથી પર છે. તેને માટે સૂત્રસ્થ દૃષ્ટાન્ત કહે છે—'જેમ ઇન્દ્રિયોના વ્યાપાર' ઇત્યાદિ. વૃત્તિકારના મતનું નિરાકરણ કરે છે—'પણ તે મતવાળાઓએ' ઇત્યાદિ. અવ્યક્તપદના બળથી પ્રકૃત એવું જે સ્થૂલ શરીર તેનો પણ ત્યાગ થાય છે એવી શંકા કરે છે—'પણ વેદનો અર્થ ગ્રહણ કરવા' ઇત્યાદિ. એક અર્થનો બોધ કરનારા શબ્દો પરસ્પર આકાંક્ષાથી એક બુદ્ધિને વિષે આરૂઢ થાય તેનું નામ એકવાક્યતા. તમારા (સાંખ્યના) મતમાં

૧ પોતાના શબ્દોથીજ. ૨ પદાર્થ. ૩ સમાન રીતે. ૪ પ્રશ્ન અને પૃચ્છા.

વેદોક્ત અવ્યક્તપદ સૂક્ષ્મ શરીરનોજ બોધ કરવા સમર્થ છે, બીજાનો નહિ. કેમકે તે વક્ત છે એમ શંકા કરશો તો તે યુક્ત નથી; કેમકે અર્થબોધ એકવાક્યતાને અધીન છે. એ બે પૂર્વ અને ઉત્તર વેદવાક્યો એકવાક્યતા પામ્યા વિના કોઈ પણ અર્થનો બોધ કરતાં નથી; કેમકે તેથી પ્રકૃતની હાનિ થાય અને અપ્રકૃત પ્રક્રિયાનો પ્રસંગ આવે. વળી આકાંક્ષા વિના એકવાક્યતાનો બોધ થતો નથી; તો બંને શરીરની 'પ્રાપ્તિ' આકાંક્ષા સમાન હોવાથી આકાંક્ષાને અનુસરીને સંબંધનો સ્વીકાર ન કરીએ તો એકવાક્યતાનોજ બાધ આવે છે તો વેદવાક્યના અર્થનો બોધ તો ક્યાંથીજ થાય! વળી એમ ન માનવું કે સૂક્ષ્મ શરીરનું શોધન દુષ્કર હોવાથી તેનુંજ અહિં ગ્રહણ છે અને સ્થૂલ શરીરની તો 'બીભત્સતા દેખાય છે તેથી શોધન સુકર હોવાથી તેનું ગ્રહણ નથી; કેમકે અહિં કોઈના શોધનની વિવક્ષા નથીજ. કેમકે શોધનનું વિધાન કરનાર અહિં કોઈ ક્રિયાપદ નથી. વિષ્ણુનું તે પરમ પદ શું છે એ પહેલાથી નિર્દિષ્ટ હોવાથી એનીજ અહિં વિવક્ષા છે; કેમકે આ આથી પર છે, આ આથી પર છે એમ કહીને 'पुरुषान्न परं किंचित्' (પુરુષથી કંઈ પર નથી) એમ શ્રુતિ કહે છે. સર્વ પ્રકારે અનુમાનનિરૂપિત પ્રધાનનું નિરાકરણ ઉપપન્ન હોવાથી ભલે તેમ થાઓ. અમારું કંઈ છિન્ન થતું નથી ॥ ૩ ॥

એકવાક્યતાનો અભાવ હોવાથી [illegible] કઈ રીતે થાય એમ [illegible] કરે છે—'એ બે પૂર્વ અને ઉત્તર વેદવાક્યો' ઇત્યાદિ [illegible] ... 'વળી આકાંક્ષા વિના' ... બંને શરીરની પ્રાપ્તિ આકાંક્ષા' ... [illegible] ... 'વળી એમ ન માનવું કે' ... [illegible]

ज्ञेयत्वावचनाच्च ॥ ४ ॥

વળી (અવ્યક્તનું) જ્ઞેય તરીકે વચન નથી તેથી (અવ્યક્ત પ્રધાન નથી) ॥ ૪ ॥

ગુણ અને પુરુષના ભેદના જ્ઞાનથી મોક્ષ થાય છે એમ કહેતા સાંખ્યો પ્રધાનનું જ્ઞેય તરીકે સ્મરણ કરે છે; કેમકે ગુણનું સ્વરૂપ જાણ્યા વિના ગુણોથી પુરુષનો ભેદ જાણવો શક્ય નથી. વળી વિશિષ્ટ વિભૂતિ[1] પ્રાપ્ત કરવા માટે પ્રધાન જ્ઞેય છે એમ ક્વચિત્ સ્મૃતિઓ કહે છે. પણ અવ્યક્તને અહિં જ્ઞેય તરીકે કહ્યું નથી. ખરેખર, અવ્યક્તશબ્દ પદમાત્ર છે. અવ્યક્ત જાણવું જોઇએ, અને ઉપાસવું જોઇએ એમ વાક્ય નથી. વળી 'અનુપદિષ્ટ પદાર્થનું જ્ઞાન પુરુષાર્થ છે એમ કહુ કરવું શક્ય નથી. તેટલા માટે પણ અવ્યક્ત શબ્દથી પ્રધાનનું અભિધાન થતું નથી. અમારા મતમાં તો રથસાદૃશ્ય માટે કલ્પેલા શરીર આદિના અનુસારથી વિષ્ણુનું પરમ પદ દર્શાવવા માટે એ [3]ઉપન્યાસ છે એ રીતે [4]અનવદ્ય છે ॥ ૪ ॥

વળી આથી પણ અવ્યક્તશબ્દ સાંખ્યનું અભિમત જે પ્રધાન તદ્વાચક નથી; કેમકે
સાંખ્યો પ્રધાનથી અતિરિક્ત તરીકે પુરુષને જાણવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે એમ પ્રધાનનો જ્ઞેય
તરીકે તેમજ વિભૂતિ પ્રાપ્ત કરવાને અર્થે પ્રધાનનો જ્ઞેય તરીકે નિર્દેશ કરે છે. પણ અહિં
जानीयात् (જાણવું જોઈએ), **उपासीत** (ઉપાસવું જોઈએ) એમ વિધાનની શ્રુતિ નથી,
માત્ર અવ્યક્તપદનીજ શ્રુતિ છે; માત્ર એટલાથીજ સાંખ્ય સ્મૃતિનું પ્રત્યભિજ્ઞાન થતું નથી, એવું
આ સૂત્રનું તાત્પર્ય છે. અવ્યક્ત પ્રધાન નથી તેને માટે બીજો હેતુ આપે છે—'**ज्ञेयत्वावच-**
नाच्च.' સત્ત્વ આદિ ગુણરૂપ પ્રધાનથી પુરુષ ભિન્ન છે એ જ્ઞાનથી એવો અર્થ છે. પ્રધાન પુ-
રુષથી ભિન્ન તરીકે જ્ઞેય છે એટલુંજ માત્ર સાંખ્યો ઇચ્છતા નથી, પણ પ્રધાનની ઉપાસનાથી
અણિમા આદિ પ્રાપ્ત થાય છે, માટે પણ તેને જ્ઞેય તરીકે ઇચ્છે છે—'**વળી વિશિષ્ટ વિ-**
ભૂતિ' ઇત્યાદિ. પણ જ્ઞાનનું વિધાન નથી તોપણ અવ્યક્તપદજન્યજ્ઞાનથી આર્થિક જ્ઞેયત્વ ગમ્ય
થાય છે એવી શંકાનું નિરાકરણ કરે છે—'**વળી અનુપદિષ્ટ પદાર્થનું જ્ઞાન**' ઇત્યાદિ. ઉપ-
દિષ્ટ જ્ઞાનજ ફળવાન્ છે તેથી તેનું જ્ઞાન મેળવવું શક્ય છે; કેમકે ફળરહિતનું જ્ઞાન અયુક્ત છે.
અવ્યક્તનો જ્ઞેય તરીકે ઉપદેશ નથી તેથી તેનું ફળવાન્ જ્ઞાન ગમ્ય છે એ સિદ્ધ થતું નથી.
'**તેટલા માટે**'=સાંખ્યે ઇચ્છેલા સફળ જ્ઞાનના ગમ્યત્વનું વચન નથી તેથી. પણ શરીરને પણ
જ્ઞેય તરીકે કહ્યું નથી તો તેનું અહિં ગ્રહણ શી રીતે તેને માટે કહે છે—'**અમારા મતમાં**
તો' ઇત્યાદિ. અમારા મતમાં એકનું વિષ્ણુસંજ્ઞક પદ જ્ઞેય છે તેથી તેના દર્શનને માટે અવ્ય-
ક્તપદથી શરીરનો ઉપન્યાસ યુક્ત છે એવો અર્થ છે. સાધારણ શબ્દમાત્રથી પ્રધાનનું પ્રત્યભિ-
જ્ઞાન થતું નથી; કેમકે સ્મૃતિનું લિંગ કહ્યું નથી તેથી કંઈ નિયામક નથી એવું તાત્પર્ય છે ॥૪॥

---

૧ દર્શિત. ૨ ઉપદેશ ન કરાવવા. ૩ અવ્યક્તનો નિર્દેશ. ૪ દોષરહિત.

वदतीति चेन्न प्राज्ञो हि प्रकरणात् ॥ ५ ॥

(શ્રુતિ પ્રધાનને જ્ઞેય તરીકે) કહે છે એમ (કહેશો) તો (અમે કહીએ છીએ કે) નહિ; કેમકે તે પ્રાજ્ઞ છે, પ્રકરણથી ॥ ૫ ॥

અહિં સાંખ્ય કહે છે. 'જ્ઞેયત્વાવચનાત્' એ અસિદ્ધ છે. કેમ? કેમકે ઉત્તર વાક્યમાં અવ્યક્તશબ્દથી કહેવાયલા પ્રધાનનું જ્ઞેય તરીકે વચન છે—'अशब्दमस्पर्शमरूपमव्ययं तथाऽरसं नित्यमगन्धवच्च यत्। अनाद्यनन्तं महतः परं ध्रुवं निचाय्य तं मृत्युमुखात् प्रमुच्यते ॥' [કઠ૦ ૧।૩।૧૫] (શબ્દરહિત, સ્પર્શરહિત, રૂપરહિત, અવ્યય, તેમજ રસરહિત, નિત્ય, ગન્ધરહિત, અનાદિ, અનન્ત, મહત્‌થી પર, ધ્રુવ, એવા પ્રધાનને પ્રાપ્ત કરીને મૃત્યુમુખથી મુક્ત થાય છે) એમ. ખરેખર, અહિં જેવું શબ્દાદિહીન, પ્રધાન મહત્‌થી પર સ્મૃતિને વિષે નિરૂપણ કરાયલું છે તેવુંજ પ્રાપ્ય તરીકે નિર્દિષ્ટ થયલું છે; તેટલા માટે એ પ્રધાનજ છે અને તેજ અવ્યક્તશબ્દથી નિર્દિષ્ટ છે એમ (સાંખ્ય કહે છે). અહિં અમે કહીએ છીએ—અહિં પ્રધાન પ્રાપ્ય તરીકે નિર્દિષ્ટ થયલું નથી. અહિં પ્રાજ્ઞ પરમાત્મા પ્રાપ્ય તરીકે નિર્દિષ્ટ છે એમ સમજાય છે. શાથી? પ્રકરણથી. ખરેખર, પ્રાજ્ઞનું પ્રકરણ ચાલેલું છે; કેમકે 'पुरुषान्न परं किंचित् सा काष्ठा सा परा गतिः' (પુરુષથી કંઈ પર નથી, તે પરિસીમા છે, તે પરમગતિ છે) ઇત્યાદિ નિર્દેશ છે, 'एष सर्वेषु भूतेषु गूढोऽत्मा न प्रकाशते' (સર્વ ભૂતોમાં એ પુરુષ ગૂઢ છે, તેથી આત્મા પ્રકાશતો નથી) એમ આત્મા દુર્જ્ઞાન કહ્યો છે તેથી તેજ જ્ઞેય છે એમ આશંકા છે, 'यच्छेद्वाङ्मनसी प्राज्ञः' (પ્રાજ્ઞે વાણીને મનમાં હૃદયમાં રાખવી) એમ તેના જ્ઞાનને માટેજ વાણી આદિના સંયમનું વિધાન કર્યું છે, અને મૃત્યુના મુખમાંથી મોક્ષરૂપ ફળ છે. ખરેખર, પ્રધાનમાત્રની અવગતિથી મૃત્યુમુખમાંથી મુક્ત થાય છે એમ સાંખ્યો ઇચ્છતા નથી. પણ ચેતન આત્માના વિજ્ઞાનથી મૃત્યુના મુખમાંથી મુક્ત થાય છે એમ તેઓ સ્વીકારે છે. સર્વ વેદાન્તોમાં પ્રાજ્ઞ આત્માનાજ અશબ્દત્વ આદિ ધર્મોનો નિર્દેશ છે. તેટલા માટે અહિં પ્રધાન જ્ઞેય નથી કે અવ્યક્તશબ્દથી નિર્દિષ્ટ નથી ॥ ૫ ॥

[illegible]

त्रयाणामेव चैवमुपन्यासः प्रश्नश्च ॥ ६ ॥

ત્રણજ (પદાર્થોનો) એ રીતે ઉપન્યાસ છે અને પ્રશ્ન છે તેથી (અવ્યક્ત પ્રધાનવાચક નથી) ॥ ૬ ॥

તેથી આથી પ્રધાન અવ્યક્તશબ્દથી વાચ્ય નથી કે જ્ઞેય નથી; કેમકે કઠવલ્લીમાં અગ્નિ, જીવ અને પરમાત્મા એ ત્રણજ પદાર્થોનો વર આપવાના સામર્થ્યથી વક્તવ્ય તરીકે ઉપન્યાસ જણાય છે અને તેને વિષેજ પ્રશ્ન છે. એથી અન્યનો ઉપન્યાસ કે પ્રશ્ન નથી. તેમાં પ્રથમ 'स त्वमग्निं स्वर्ग्यमध्येषि मृत्यो प्रब्रूहि तं श्रद्दधानाय मह्यम्' [કાઠ ૧।૧।૧૩] (હે મૃત્યુ, તે તું સ્વર્ગના હેતુ અગ્નિનું સ્મરણ કરે છે, શ્રદ્ધાવાળા મને તે તું કહે) એમ અગ્નિ વિષે પ્રશ્ન છે. 'येयं प्रेते विचिकित्सा मनुष्येऽस्तीत्येके नायमस्तीति चैके। एतद्विद्यामनुशिष्टस्त्वयाहं वराणामेष वरस्तृतीयः॥' [કાઠ ૧।૧।૨૦] (મૃત મનુષ્યને વિષે જે આ સંશય થાય છે, કેટલાક કહે છે કે છે ને કેટલાક કહે છે કે નથી, તારાથી અનુશાસન કરાયેલો એ વિદ્યા (હું જાણું) [illegible], વરદાનોમાં એ ત્રીજું વરદાન છે) એમ જીવ વિષે પ્રશ્ન છે. 'अन्यत्र धर्मादन्यत्राधर्मादन्यत्रास्मात्कृताकृतात्। अन्यत्र भूताच्च भव्याच्च यत्तत्पश्यसि तद्वद॥' [કાઠ

કઠવલ્લીમાં [illegible] વરદાન આપવાની જેમાં વાત છે એવી મૃત્યુ અને નચિકેતસ્ વચ્ચે [illegible] પ્રવૃત્તિ [illegible] આવે છે. [illegible] નચિકેતાને પ્રથમ વરદાનથી [illegible] અને ત્રીજા વરદાનથી [illegible] થશે. કેમકે 'वराणामेष वरस्तृतीयः' (વરદાનોમાં એ ત્રીજું વરદાન છે) એવું વચન છે. [illegible] પ્રશ્ન કે [illegible] નથી. તેટલા માટે કઠવલ્લીમાં [illegible] અગ્નિ, જીવ અને [illegible] છે, [illegible] નથી [illegible] છે—'તેથી આથી પ્રધાન' ઇત્યાદિ. મૃત્યુએ નચિકેતાને [illegible] પ્રથમના [illegible] ઉપન્યાસ [illegible]. [illegible] છે—'તેમાં પ્રથમ' ઇત્યાદિ. [illegible] 'येयं प्रेते' ઇત્યાદિ. [illegible] 'अन्यत्र धर्मात्' ઇત્યાદિ. [illegible]

[illegible]

૧।૨।૧૪] (ધર્મથી અન્ય, અધર્મથી અન્ય, આ કાર્યથી અન્ય, કારણથી અન્ય. ભૂતથી અન્ય, ભવિષ્યત્‌થી અન્ય જે તે તું જુએ છે તે કહે) એમ પરમાત્મા વિષે પ્રશ્ન છે. પ્રતિવચન પણ 'लोकादिमग्निं तमुवाच तस्मै या इष्टका यावतीर्वा यथा वा।' [કાઠ૦ ૧।૧।૧૫] (લોકમાં આદિ તે અગ્નિને મૃત્યુએ તેને કહ્યો, જે ઈંટોનું કે જેટલીનું—ઉપધાન કરવું જોઈએ અને જેવી રીતે અગ્નિ ચેનવવો જોઈએ તે કહ્યું , એમ અગ્નિ વિષે છે. 'हन्त त इदं प्रवक्ष्यामि गुह्यं ब्रह्म सनातनम् । यथा च मरणं प्राप्य आत्मा भवति गौतम ॥ योनिमन्ये प्रपद्यन्ते शरीरत्वाय देहिनः । स्थाणुमन्येऽनुसंयन्ति यथाकर्म यथाश्रुतम्' [કાઠ૦ ૨।૨।૬।૭] (અહા, હું તને ગુહ્ય, સનાતન બ્રહ્મ ફરી કહીશ, [જેના જ્ઞાનથી સર્વ સંસારનો ઉપરમ થાય છે અને જેના અજ્ઞાનથી ; જેવી રીતે આત્મા સંસાર પામે છે તેવી રીતે, હે ગૌતમ, સાંભળો. કર્મ અને વિજ્ઞાનને અનુસરી કેટલાક દેહીઓ શરીર ગ્રહણ કરવા માટે યોનિ પ્રાપ્ત કરે છે અને કેટલાક સ્થાવરભાવ પામે છે) એમ વ્યવધાનથી જીવ વિષે પ્રતિવચન છે. 'न जायते म्रियते वा विपश्चित्' [કાઠ૦ ૧।૨।૧૮] (વિદ્વાન્ જન્મ કે મરણ પામતો નથી) એમ બહુ વિસ્તારથી પરમાત્મા વિષે પ્રતિવચન છે. એવી રીતે પ્રધાન વિષે પ્રશ્ન નથી, અને તેનો પ્રશ્ન ન હોવાથી ઉપન્યાસ કરવો યુક્ત નથી. અહિં કહે છે કે—'येयं प्रेते वि-

---

જે પૃથગ્ભૂત છે તેમજ અતિક્રાન્ત કાળ અને ભવિષ્યત્ કાળ તેમજ વર્તમાન કાળથી જે પૃથગ્ભૂત છે, અર્થાત્, ત્રણે કાળથી જે અપરિચ્છિન્ન છે, જે આવી વસ્તુ સર્વ વ્યવહારવિષયથી અતીત તું જુએ છે-જાણે છે તે મને કહે. અનુક્રમે ત્રણે ઉત્તરો કહે છે—'પ્રતિવચન પણ' ઇત્યાદિ. 'લોકાદિ' ઇત્યાદિ. વિરાટાત્માથી ઉપાસ્ય હોવાથી અગ્નિને લોકહેતુ કહ્યો છે 'स त्रेधात्मानं व्यकुरुत' એમ શ્રુતિ છે. અગ્નિ, વાયુ અને આદિત્યરૂપે સમષ્ટિરૂપ વિરાટજ વ્યવસ્થિત થયો; તેથી વિરાડ્રૂપે અગ્નિ જગત્‌ની પ્રતિષ્ઠા કહેવાય છે. વળી જેવી ઇટો (યાઃ એ સ્વરૂપવાચક છે) અને જેટલી ઇટો (યાવતીઃ એ સંખ્યાવાચક છે) ચિણવાની છે અને જે પ્રકારે ક્રમે અગ્નિ ચેનવવાનો છે-તે સર્વ કહ્યું એવો અર્થ છે. 'हन्त त इदम्' ઇત્યાદિ—हन्त હર્ષવાચક છે હવે હું તેને ફરી એ ગુહ્ય અને સનાતન બ્રહ્મ વિષે કહું છું. જેના વિજ્ઞાનથી સંસારની શાન્તિ થાય છે અને અવિજ્ઞાનથી મરણ પ્રાપ્ત કર્યાં પછી જેવી રીતે આત્માને સંસારમાં આવવું પડે છે તે, હે ગૌતમ, તું સાંભળ. કેટલાક અવિદ્યાવાળા મૂઢો શરીર ગ્રહણ કરવા માટે શુક્રબીજયુક્ત થઈ યોનિદ્વારમાં પ્રવેશ કરે છે. બીજાઓ, જેઓ અત્યન્ત અધમ છે તેઓ મરણ પ્રાપ્ત કરીને વૃક્ષાદિ સ્થાવરભાવ પામે છે. જેવું જેવું કર્મ, આ જન્મમાં જેણે જેવું કર્મ કર્યું હોય તેને વશ થઈ તેમજ જેવું જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય તેને અનુરૂપ શરીર પ્રાપ્ત કરે છે એવો અર્થ છે. 'हन्तेदानीं ब्रह्म प्रवक्ष्यामि' એ બ્રહ્મવાક્યથી વ્યવહિત છે તોપણ 'यथा च मरणं प्राप्य' ઇત્યાદિ વાક્ય જીવ વિષેનો ઉત્તર છે; કેમકે તે તેને યોગ્ય છે એમ સમજવું. મરણ પ્રાપ્ત થયે આત્માનું શું થાય છે તે કહીશ એવો વાક્યાર્થ છે. શું થાય છે તેને માટે કહે છે—'योनिम्' ઇત્યાદિ. ચર અને અચર દેહપ્રાપ્તિનું નિમિત્ત કહે છે—'यथाकर्म यथाश्रुतम्' શ્રુતમ્ = ઉપાસના. સૂત્રમાં પ્રથમ ચકાર યતઃ (કારણ કે)ના અર્થમાં છે. એથી, ત્રણજ વસ્તુઓનો ઉપન્યાસ અને પ્રશ્ન છે તેથી અવ્યક્ત પ્રધાનવાચક નથી એમ યોજના કરવી અહિં પૂર્વપક્ષીની શંકા કહે છે—'અહિં કહે છે' ઇત્યાદિ. પૂર્વપક્ષી કહે છે શું જીવ અને પરમા-

ચિકિત્સા મનુષ્યેઽસ્તીતિ' (મૃત મનુષ્યને વિષે જે આ સંશય થાય છે; કેટલાક કહે છે કે છે) એ જે આત્મા વિષે પ્રશ્ન છે તેનુંજ અનુકર્ષણ ફરીથી 'अन्यत्र धर्मादन्यत्राधर्मात्' (ધર્મથી અન્ય, અધર્મથી અન્ય) એમ થાય છે; કે તેથી બીજો એ અપૂર્વ પ્રશ્ન ઉઠાવાય છે? એથી શું? જો તેજ પ્રશ્નનું અનુકર્ષણ થાય છે એમ કહેશો તો બંને આત્મા વિષેના પ્રશ્નો એક થવાથી, અગ્નિ વિષે અને આત્મા વિષે એમ બેજ પ્રશ્નો થાય છે, તેથી ત્રણ પદાર્થોના પ્રશ્ન અને ઉપન્યાસ છે એમ કહેવું યુક્ત નથી. એ બીજો, અપૂર્વજ પ્રશ્ન ઉઠાવાય છે એમ કહેશો તો જેમ [1]વર આપવાથી ભિન્ન પ્રશ્નની કલ્પના કરવામાં દોષ નથી તેમ પ્રશ્નથી ભિન્ન પણ પ્રધાનના ઉપન્યાસની કલ્પના કરવામાં દોષ ન થાય એમ (અહિં પૂર્વપક્ષી કહે છે). એને વિષે કહીએ છીએ—અહિં અમે એ રીતે વર આપવાથી ભિન્ન કોઈ પણ પ્રશ્ન કલ્પતા નથી, વાક્યના ઉપક્રમના સામર્થ્યથી. ખરેખર, વર આપવાથી આરંભાયલી, મૃત્યુ અને નચિકેતસના સંવાદરૂપ વાક્યપ્રવૃત્તિ કઠવલ્લીની સમાપ્તિપર્યન્ત દેખાય છે. કહે છે કે પિતાએ મોકલેલા નચિકેતસને મૃત્યુએ ત્રણ વર આપ્યાં. તેમાંના પહેલા વરથી નચિકેતસે પિતાનું સૌમનસ્ય વર્યું, બીજાથી અગ્નિવિદ્યા અને ત્રીજાથી આત્મવિદ્યા વરી; કેમકે 'येयं प्रेते' (જે આ મૃત મનુષ્ય વિષે) ઇત્યાદિ અને 'અન્ય

ત્માનો એકજ પ્રશ્ન છે કે 'येयं प्रेते मनुष्यः' ઇત્યાદિ પ્રશ્ન જીવ વિષે છે અને अन्यत्र धर्मात्' ઇત્યાદિ પ્રશ્ન પરમાત્મા વિષે છે એમ ભિન્ન પ્રશ્નો છે? જો એકજ પ્રશ્ન હોય તો સૂત્રનો વિરોધ થાય છે. સૂત્રસ્થ **त्रयाणाम्**ની સંગતિને અર્થે ભિન્ન પ્રશ્નો લેશો તો સૌમનસ્યની પ્રાપ્તિ, અગ્નિવિદ્યા અને આત્મવિદ્યા એ ત્રણ વરપ્રદાનને વિષે 'अन्यत्र धर्मात्' ઇત્યાદિ પ્રશ્ન અન્તર્ભૂત થતો નથી. ચોથા વરદાનની કલ્પના કરવાથી **वराणामेष वरस्तृतीयः** એ શ્રુતિને બાધ આવવાનો પ્રસંગ આવે છે અને એ પ્રશ્ન વરપ્રદાનની અન્તર્ભૂત થતો નથી એવી કલ્પના કરશો તો તેવીજ રીતે પ્રધાનાખ્યાન પણ વરપ્રદાનને વિષે અન્તર્ભૂત થતું નથી, અર્થાત્, એક પ્રશ્ન લેવાથી સૂત્ર અસંગત થાય છે અને ભિન્ન પ્રશ્ન લેવાથી પ્રધાન શ્રૌત છે એમ સિદ્ધ થાય છે એવો પૂર્વપક્ષીનો આશય છે. એકજ પ્રશ્ન છે એ પક્ષ લઈ સિદ્ધાન્તી પૂર્વપક્ષનો પરિહાર કરે છે—'**એને વિષે કહીએ છીએ**' ઇત્યાદિ. જીવ અને પરમાત્માનો વાસ્તવ ભેદ ન હોવાથી પ્રષ્ટવ્યપ્રશ્નવિષયનો ભેદ ન હોવાથી એકજ પ્રશ્ન છે અને એજ કારણથી પ્રતિવચન પણ એકજ છે. સૂત્ર તો અવાસ્તવિક ભેદ (જીવ અને પરમાત્મા વચ્ચેના)ને ઉદ્દેશીને છે. જીવ અને પરમાત્માનો વાસ્તવ અભેદ સ્થળે સ્થળે શ્રુતિના ઉપન્યાસથી ભાષ્યકારે દર્શાવ્યો છે. '**ભિન્ન કોઈ પ્રશ્ન કલ્પતા નથી**'—અહિં 'કે જેથી પ્રધાન સિદ્ધ થાય' એવો શેષ સમજવો. ચતુર્થ પ્રશ્ન કલ્પવાથી ત્રણ વરદાનના ઉપક્રમને વિરોધ આવે એમ વિવરણ કરે છે—'ખરેખર, **વર આપવાથી**' ઇત્યાદિ. '**વર આપવાથી આરંભાયલી**' જે વાક્યપ્રવૃત્તિના આરંભમાં વરપ્રદાનની વાત છે તે. '**મોકલેલા**'=યમલોકમાં મોકલેલા. '**પિતાનું સૌમનસ્ય વર્યું**' =અહિંથી મર્ત્યલોકમાં જાઉં ત્યારે પૂર્વની પેઠે પિતા પ્રસન્ન થાય, એમનો ક્રોધ નિવૃત્ત થઈ, મારી તરફ પ્રસન્ન ચિત્ત થાય એમ પ્રથમ વર વર્યો. પણ દ્વિતીય વર જીવવિદ્યા અને તૃતીય બ્રહ્મવિદ્યા એમ પ્રશ્નભેદ કેમ ન થાય તેને માટે કહે છે—'કેમકે "येयं प्रेते" ઇત્યાદિ અને' ઇત્યાદિ.

૧. વરદાન.

ણામેષ वरस्तृतीयः' (વરદાનોમાં એ વરદાન ત્રીજું છે) એમ લિંગ છે. તેમાં 'अन्यत्र धर्मात्' (ધર્મથી અન્ય) ઇત્યાદિ જે એ બીજો, અપૂર્વ પ્રશ્ન ઉઠાવાય તો વર આપવાથી ભિન્ન પ્રશ્ન કલ્પવાથી વાક્યને બાધ આવે. પણ પૂછવાનો વિષય ભિન્ન હોવાથી એ પ્રશ્ન અપૂર્વ થવો યુક્ત છે. ખરેખર, પૂર્વ પ્રશ્ન જીવ વિષે છે; કેમકે 'મૃત મનુષ્યને વિષે આ જે સંશય છે, કેટલાક કહે છે કે છે ને કેટલાક કહે છે કે નહિ' એમ સંશય કહ્યો છે. તેમજ જીવ, ધર્મ આદિનો વિષય હોવાથી, 'अन्यत्र धर्मात्' (ધર્મથી અન્ય) એવા પ્રશ્નને યોગ્ય નથી. પ્રાજ્ઞ તો ધર્માદિને અતિક્રાન્ત હોવાથી 'अन्यत्र धर्मात्' (ધર્મથી અન્ય) એવા પ્રશ્નને યોગ્ય છે. વળી પ્રશ્નની છાયા સમાન દેખાતી નથી; કેમકે પૂર્વનો વિષય છે કે નહિ એવો છે, અને ઉત્તરનો વિષય ધર્માદિને અતિક્રાન્ત થયલી વસ્તુ છે. તેટલા માટે પ્રત્યભિજ્ઞાનના અભાવથી પ્રશ્નનો ભેદ છે અને પૂર્વ પ્રશ્નનું ઉત્તરવાક્યમાં અનુકર્ષણ નથી એમ કહેશો તો અમે કહીએ છીએ કે ના; કેમકે જીવ અને પ્રાજ્ઞ એક છે એમ સ્વીકારેલું છે. જો પ્રાજ્ઞથી જીવ ભિન્ન હોય તો પ્રષ્ટવ્ય ભિન્ન હોવાથી પ્રશ્ન ભિન્ન થાય. પણ ભિન્નત્વ નથી; કેમકે 'तत्त्वमसि' (તે તું છે) ઇત્યાદિ બીજી શ્રુતિઓ છે. અહિં પણ 'अन्यत्र धर्मात्' (ધર્મથી ભિન્ન) ઇત્યાદિ પ્રશ્નનું 'न जायते म्रियते वा विपश्चित्' (વિદ્વાન જન્મ કે મરણ પામતો નથી) એ પ્રતિવચન જન્મમરણના પ્રતિષેધથી પ્રતિપાદન કરાતો શારીર અને પરમેશ્વરનો અભેદ દર્શાવે છે. ખરેખર, પ્રસંગ હોય તો પ્રતિષેધ યુક્ત થાય છે; અને જન્મમરણનો પ્રસંગ શરીરના સંસ્પર્શને લીધે શારીરને થાય છે, પરમેશ્વરને નહિ. તેમજ 'स्वप्नान्तं जागरितान्तं चोभौ येनानुपश्यति। महान्तं विभुमात्मानं मत्वा धीरो न शोचति' [કાઠ૦ ૨।૧।૪] (જે વડે સ્વપ્નની અવસ્થા અને જાગ-

---

અહિં જ્ઞાનશબ્દથી અને પછી આવતા તેને વિષેના કામના કરનાર તરીકે વચ-
ી ચેતન બ્રહ્મનું નિરૂપણ કરતી શ્રુતિએ પરથી પ્રયોજ્ય નહિ એવા ઈશ્વરને કા-
તરીકે કહ્યો છે. તેનેજ વિષે ત્યાર પછી આવતા આત્મશબ્દથી અને શરીર આદિ
શાપરંપરાએ અંદર અનુપ્રવેશ કરવાથી સર્વની અંદર પ્રત્યગાત્માનું નિર્ધારણ કર્યું
'बहु स्यां प्रजायेय'. [તૈત્તિ૦ ૨।૬] (બહુ થાઉં, પ્રકૃષ્ટ જન્મ પામું) એમ
ાત્મા વિષે બહુ થવાનું કહીને સૃજ્યમાન વિકારોનો સ્રષ્ટાથી અભેદ કહ્યો છે.
મજ 'इदं सर्वमसृजत। यदिदं किं च' [તૈત્તિ૦ ૨।૬] (તેણે આ સર્વ સૃજ્યું, જે
ા કંઈ છે તે) એમ સમસ્ત જગત્‌ની સૃષ્ટિના નિર્દેશથી સૃષ્ટિ પૂર્વે અદ્વિતીય
ષ્ટાને કહે છે. તેટલા માટે અહિં જેવા લક્ષણવાળું બ્રહ્મ કારણ તરીકે જણાવ્યું
તેવા લક્ષણવાળું બ્રહ્મ અન્ય સ્થળે પણ જણાય છે—'सदेव सोम्येदमग्र आसी-
कमेवाद्वितीयम्' [છાન્દો૦ ૬।૨।૧] (હે સોમ્ય, અગ્રે સત્સ્વરૂપજ હતું, એકજ,
અદ્વિતીય), 'तदैक्षत बहु स्यां प्रजायेयेति। तत्तेजोऽसृजत' [છાન્દો૦ ૬।૨।૩] (તેણે
વિચાર્યું કે હું બહુ થાઉં, પ્રકૃષ્ટ જન્મ પામું, તેણે તેજ સૃજ્યું) એમ, તેમજ 'आत्मा
ा इदमेक एवाग्र आसीन्नान्यत् किंचन मिषत्। स ईक्षत लोकान्नु सृजै' [ઐ૦ ઉ૦
૧।૧,૨]) અગ્રે એ આત્માજ હતો, બીજું કંઈ પલકારા મારતું નહોતું. તેણે વિ-
ચાર્યું કે હું લોકોને સૃજું) એમ. આવો, કારણ સ્વરૂપનું નિરૂપણ કરવાના તાત્પર્ય-
વાળો વાક્યસમૂહ પ્રતિવેદાન્તમાં છે ને તેના અર્થ વિષે કંઈ વિપ્રતિપત્તિ નથી.

પરિહાર કરે છે—'સૃજ્યમાન આકાશાદિને વિષે' ઇત્યાદિ. આકાશાદિનું બ્રહ્મ કારણ છે
એને વિષે વિરોધ નથીજ એ પ્રતિજ્ઞાને વિષે હેતુ કહે છે—'શાથી?' ઇત્યાદિ. 'જેવો'
એટલે કેવો તે સમજાવે છે—'સર્વજ્ઞ, સર્વેશ્વર' ઇત્યાદિ. કારણ સર્વજ્ઞ ઇત્યાદિ છે એ પ્રતિ-
વેદાન્તમાં દેખાય છે એમ કહે છે—'તે આ પ્રમાણે'. 'તેને વિષેના'=બ્રહ્મ વિષેના
'કામના કરનાર તરીકે વચનથી'=सोऽकामयत (તેણે ઇચ્છ્યું) એ વચનથી. 'ચેતન'=
સર્વજ્ઞ. 'तदात्मानं स्वयमकुरुत' (તેણે આત્માને જાતે કર્યો) એ શ્રુતિથી 'પરથી પ્રયો-
જ્ય નહિ' એવું સ્વરૂપ દર્શાવ્યું છે; અને 'तस्माद्वा एतस्मादात्मनः' (તે એ આત્માથી)
એ શ્રુતિથી પ્રત્યગાત્મસ્વરૂપ દર્શાવ્યું છે. પોતે બહુરૂપની કામના કરી છે તેથી સ્થિતિકાળમાં પણ
બ્રહ્મ અદ્વિતીય છે એમ દર્શાવ્યું છે. જેમ તૈત્તિરીયકમાં કારણનું સર્વજ્ઞપણું ઇત્યાદિ કહ્યું છે તેમ
છાન્દોગ્યમાં પણ દેખાય છે એમ કહે છે—'તેટલા માટે અહિં' ઇત્યાદિ. मिषत्=સવ્યાપાર,
વ્યાપારયુક્ત. કારણને વિષે કંઈ પણ વિપ્રતિપત્તિ નથી એવો વાક્યશેષ સમજવો. તોપણ કાર્યને
વિષે વિરોધ હોવાથી કારણને વિષે વિરોધ થાય એમ આશંકા કરી તેનો નિષેધ કરે છે—

૧ ઉત્પન્ન.

પણ ક્વચિત્ સૃષ્ટિનું આદિ આકાશ અને ક્વચિત્ તેજ કહ્યું છે એવી કાર્ય વિષે તો વિપ્રતિપત્તિ જોવામાં આવે છે. કાર્ય વિષે વિપ્રતિપત્તિથી જે બ્રહ્મરૂપ કારણ સર્વ વેદાન્તોમાં વિપ્રતિપત્તિરહિત અધિગમ્યમાન છે તે અવિવક્ષિત થવું યોગ્ય છે એમ કહી શકાય નહિ; કેમકે અતિપ્રસંગ થાય. કાર્ય વિષેની વિપ્રતિપત્તિનું પણ સમાધાન આચાર્ય 'न वियदश्रुतेः' [બ્ર૦ સૂ૦ ૨।૩।૧] એ સૂત્રથી આરંભી કરશે. કાર્યની વિપ્રતિપત્તિ થાય પણ; કેમકે તે પ્રતિપાદન કરવાની નથી. ખરેખર, સૃષ્ટિ આદિ પ્રપંચ પ્રતિપાદન કરવા ઇચ્છેલો નથી; કેમકે તેની સાથે જોડાયલો કોઈ પણ પુરુષાર્થ દેખાતો કે શ્રુતિમાં મળતો નથી; અને તે કલ્પવો પણ શક્ય નથી; કેમકે ઉપક્રમ અને ઉપસંહારથી ત્યાં ત્યાં બ્રહ્મવિષય વાક્યોની સાથે એકવાક્યતા ગમ્યમાન છે. 'अन्नेन सोम्य शुङ्गेनापो मूलमन्विच्छाद्भिः सोम्य शुङ्गेन तेजो मूलमन्विच्छ तेजसा सोम्य शुङ्गेन सन्मूलमन्विच्छ' [છાન્દો૦ ૬।૮।૪] (હે સોમ્ય, અન્નરૂપ કાર્યને લીધે જળરૂપ મૂળ શોધ, હે સોમ્ય, જળરૂપ કાર્યને લીધે તેજને મૂળ શોધ, અને હે સોમ્ય, તેજરૂપ કાર્યને લીધે સદ્રૂપ મૂળ શોધ) એમ સૃષ્ટિ આદિ પ્રપંચ બ્રહ્મનું ગ્રહણ કરવા માટે છે એમ શ્રુતિ દર્શાવે છે. વળી મૃદાદિ દૃષ્ટાન્તોથી કાર્યનો કારણ સાથે અભેદ કહેવાને સૃષ્ટિ આદિ પ્રપંચ શ્રુતિમાં પ્રતિપાદન કર્યો છે એમ સમજાય છે; કેમકે સંપ્રદાય જાણનારાઓ કહે છે—'मृल्लोहविस्फुलिङ्गाद्यैः सृष्टिर्या चोदिताऽन्य-

---

'પણ ક્વચિત્ સૃષ્ટિનું આદિ' ઇત્યાદિ. દરરોજ સ્વપ્નસૃષ્ટિઓ અન્યથા ભિન્ન થાય છે તેથી सोऽहम् (તે હું) એમ જેની પ્રત્યભિજ્ઞા થાય છે એવો દ્રષ્ટા પણ ભિન્ન થાય એવો પ્રસંગ થશે એમ કહે છે—'અતિપ્રસંગ થાય.' સૃષ્ટિને વિષે વિરોધ સ્વીકારી સ્રષ્ટાને વિષે વિરોધ નથી એમ કહ્યું. હવે સ્વીકાર કરેલાનો ત્યાગ કરે છે—'કાર્ય વિષેની વિપ્રતિપત્તિનું' ઇત્યાદિ. ત્યારે શ્રુતિઓ સૃષ્ટિને જુદી જુદી રીતે કેમ કહે છે એમ આશંકા કરી કહે છે કે સૃષ્ટિને વિષે તાત્પર્ય નથી એમ સમજાવવા—'કાર્યની વિપ્રતિપત્તિ થાય પણ' ઇત્યાદિ. જે તાત્પર્ય નથી એવી બાબતનો વિરોધ કંઈ દોષજનક નથી એમ કહેવા તાત્પર્ય નથી એમ સાધે છે—'ખરેખર, સૃષ્ટિ આદિ પ્રપંચ' ઇત્યાદિ. બ્રહ્મજ્ઞાન ફળવાળું છે; કેમકે 'ब्रह्मविदाप्नोति परम्', 'तरति शोकमात्मवित्' ઇત્યાદિ શ્રુતિઓ છે. પણ સૃષ્ટિજ્ઞાનનું ફળ શ્રુતિમાં નથી; તેથી 'फलवत्संनिधावफलं तदङ्गम्' (ફળવાળાની સંનિધિમાં ફળવગરનું હોય તે તેનું અંગ—ગૌણ થાય છે) એમ સૃષ્ટિવિજ્ઞાન સ્રષ્ટા જે બ્રહ્મ તેના વિજ્ઞાનનું અંગ થાય છે અને તેને અનુગુણ થઈ બ્રહ્મજ્ઞાનના અવતારનો ઉપાય થાય છે એમ વ્યાખ્યાન કરવું. સૃષ્ટિવાક્યો ફળવાળા બ્રહ્મવાક્યોનાં શેષભૂત—ગૌણ હોઈને અર્થવાળાં સંભવે છે તેથી સ્વાર્થમાં પૃથક્ ફળ કલ્પવું યુક્ત નથી; કેમકે વાક્યભેદ થવાનો પ્રસંગ આવે એમ કહે છે—'તે કલ્પવો પણ શક્ય નથી' ઇત્યાદિ. ન્યાયથી જે એકવાક્યતા સિદ્ધ થઈ તે શ્રુતિ પણ દર્શાવે છે એમ કહે છે—'अन्नेन सोम्य' ઇત્યાદિ. કાર્યરૂપ લિંગથી કારણબ્રહ્મના જ્ઞાનને માટે સૃષ્ટિશ્રુતિઓ છે એમ કહી કારણ એકજ છે, અદ્વિતીય છે એવું જ્ઞાન તેનું અન્ય ફળ છે એમ કહે છે—'વળી મૃદાદિ દૃષ્ટાન્તોથી' ઇત્યાદિ. આ પ્રમાણે નિષ્ફળ અને અન્યાર્થક સૃષ્ટિને વિષે તાત્પર્ય ન હોવાથી વિરોધ દોષજનક નથી એને વિષે વૃદ્ધની સંમતિ કહે છે—'કેમકે સંપ્રદાય જાણનારા' ઇત્યાદિ. સૃષ્ટિ અન્યથા, અન્યથા પ્રેરેલી છે તે બ્રહ્મબુદ્ધિ ઉત્પન્ન

था । उपायः सोऽवतारणाय नास्ति भेदः कथंचन ॥' [माण्डू० ३।१५] (मृत्तिका, लोह, ટચણાની ચિણગી ઇત્યાદિથી જે અન્ય અન્ય પ્રકારે સૃષ્ટિ પ્રેરેલી છે તે બ્રહ્મબુદ્ધિમાં ઉતારવા માટે છે; કોઈ પણ પ્રકારે ભેદ નથી) એમ. બ્રહ્મપ્રતીતિ સાથે જોડાયલું ફળ પણ શ્રુતિમાં છે—'ब्रह्मविदाप्नोति परम्' [તૈત્તિ० २।१] (બ્રહ્મવેત્તા પર પ્રાપ્ત કરે છે), 'तरति शोकमात्मवित्' [છાન્દો० ७।१।३] (આત્મવેત્તા શોક તરે છે), 'तमेव विदित्वाऽति मृत्युमेति' [શ્વેતા० ३।८] (તેનુંજ જ્ઞાન મેળવી મૃત્યુની પેલી તરફ જાય છે) એમ. વળી એ ફળ પ્રત્યક્ષજ્ઞાનથી પ્રાપ્ત થાય છે; કેમકે 'तत्त्वमसि' (તે તું છે) એમ અસંસારી આત્માની પ્રતીતિ થઈ એટલે સંસારી આત્મત્વ જતું રહે છે. ॥ १४ ॥

પણ કારણ વિષે 'असद्वा इदमग्र आसीत्' (આગે એ અસત્ હતું) એમ જે વિપ્રતિપત્તિ દર્શાવી છે તેનો પરિહાર કરવો જોઈએ. એને વિષે કહીએ છીએ ॥ १५ ॥

समाकर्षात् ॥ १५ ॥

(સત્‌ના) સમાકર્ષણથી (અસત્ શૂન્યત્વવાચક નથી) ॥ १५ ॥

'असद्वा इदमग्र आसीत्' (આદિએ, ખરેખર, એ અસત્ હતું) એમાં આત્મરહિત અસત્‌ને શ્રુતિ કારણ તરીકે પ્રતિપાદન કરતી નથી; કારણ કે 'असन्नेव स भवति । असद्ब्रह्मेति वेद चेत् । अस्ति ब्रह्मेति चेद्वेद । सन्तमेनं ततो विदुः' (બ્રહ્મને અસત્ તરીકે જો જાણે છે તો તે અવશ્ય અસત્ થાય છે; જો બ્રહ્મ સત્ તરીકે (છે એમ) જાણે છે તો એને વિદ્વાનો સત્ જાણે છે) એમ અસદ્વાદના અપવાદથી બ્રહ્મ સત્સ્વરૂપ છે અને અન્નમય આદિ કોશપરંપરાથી પ્રત્યગાત્મા છે એમ નિર્ધારણ કરી

કરવા માટે છે, તેથી તે અન્યથા છે તોપણ બ્રહ્મને વિષે ભેદ નથી: અર્થાત્ બ્રહ્મને વિષે વિપ્રતિપત્તિ નથી. બ્રહ્મજ્ઞાન સૃષ્ટિનું અંગી છે એમ કહ્યું, તેના નિર્વાહને માટે તેનું ફળ કહે છે—'ब्रह्मविदाप्नोति परम्'. अति मृत्युमेति = मृत्युमत्येति એવો અન્વય કરી મૃત્યુની પેલી તરફ જાય છે એવો અર્થ કરવો. ॥ १४ ॥

સૃષ્ટિવાક્યોના વિરોધનું સમાધાન કરી કારણને વિષે પ્રતિપક્ષીએ કરેલા વિરોધનો અનુવાદ કરી તેનો પરિહાર કરવો યોગ્ય છે એમ કહે છે—'પણ કારણ વિષે' ઇત્યાદિ. [illegible] સૂત્રની અવતરણિકા કહે છે—'એને વિષે કહીએ છીએ.' [illegible] [illegible] 'असद्वा' ઇત્યાદિ. [illegible] [illegible] [illegible] [illegible] પ્રતિપાદન કરે છે તેથી [illegible] [illegible] અનુસંધાન [illegible] છે—કારણ કે "असन्नेव" ઇત્યાદિ. [illegible] [illegible] છે—'અન્નમય આદિ કોશપરંપરાથી'

'सोऽकामयत' (તેણે ઇચ્છયું) એમ તેજ પ્રકૃત બ્રહ્મનું સમાકર્ષણ કરી તેમાંથી [1]પ્રપંચવાળી સૃષ્ટિ પ્રતિપાદન કરી 'तत्सत्यमित्याचक्षते' (તે સત્ય છે એમ કહે છે) એમ ઉપસંહાર કરી 'तदप्येष श्लोको भवति' (તેમાં પણ આ શ્લોક છે) એમ તેજ પ્રકૃત અર્થને વિષે 'असद्वा इदमग्र आसीत्' (આરંભે, ખરેખર, એ અસત્ હતું) એ શ્લોકનું ઉદાહરણ આપે છે. જો એ શ્લોકમાં આત્મરહિત અસત્ અભિપ્રેત હોય તો એના સમાકર્ષણમાં અન્યના ઉદાહરણથી અસંબદ્ધ વાક્યનો પ્રસંગ આવે; તેટલા માટે નામ અને રૂપથી વ્યાકાર પામેલી વસ્તુને લાગુ પડતો ઘણું કરીને સત્-શબ્દ પ્રસિદ્ધ છે તેથી ઉત્પત્તિની પૂર્વે એ વ્યાકારના અભાવની અપેક્ષાએ સત્ એવુંજ બ્રહ્મ અસત્ જેવું હતું એમ ઉપચાર કરવાનો છે. 'असदेवेदमग्र आसीत्' (આરંભે, ખરેખર, એ અસત્ હતું) એમાં પણ એજ યોજના છે; કેમકે 'तत्सदासीत्' (તે સત્ હતું) એનું સમાકર્ષણ છે. અત્યન્ત અભાવનો સ્વીકાર કરીએ તો 'तत्सदासीत्' (તે સત્ હતું) એમાં શેનું સમાકર્ષણ કરવું? 'तद्धैक आहुरसदेवेमग्र आसीत्' [છાન્દો૦ ૬।૨।૧] (તેને વિષે કેટલાક કહે છે કે અગ્રે આ અસતજ હતું) એમાં પણ બીજી શ્રુતિના અભિપ્રાયથી આ કેટલાકના મતનો ઉપન્યાસ છે એમ નથી; કેમકે ક્રિયાની પેઠે વસ્તુને વિષે વિકલ્પનો સંભવ નથી. તેટલા માટે શ્રુતિએ પરિગ્રહણ કરેલા સત્પક્ષને દૃઢ કરવા માટેજ મન્દ મતિવાળાઓએ પરિકલ્પેલા અસત્પક્ષનું ઉપન્યાસપૂર્વક એ નિરાકરણ છે એમ સમજવું. 'तद्धेदं तर्ह्यव्याकृतमासीत्' (તે એ ત્યારે અવ્યાકૃત હતું) એમાં પણ અધ્યક્ષરહિત જગત્નું વ્યાકરણ કહ્યું નથી; કેમકે 'स एष इह प्रविष्ट आनखाग्रेभ्यः' (તે એ અહિં નખના અગ્ર ભાગો સુધી પ્રવિષ્ટ થયો) એમ અધ્યક્ષનું વ્યાકાર પામેલા કાર્યમાં અનુપ્રવેશ કરનાર તરીકે સમાકર્ષણ છે. અધ્યક્ષરહિતજ જગત્નું વ્યાકરણ સ્વીકારીએ તો પછી આવતા, પ્રકૃત સાથે સંબંધ રાખતા, सः (તે) એ સર્વનામ વડે કાર્યમાં અનુપ્રવેશ

નથી' ઇત્યાદિ અસ્તિત્વલક્ષણ બ્રહ્મનું નિર્ધારણ કરી તેનેજ વિષે શ્લોક—મન્ત્ર કહે છે, તેથી એ શ્લોકમાં નિરાત્મક અસત્નું ગ્રહણ નથી એમ વાક્યયોજના કરવાની છે. 'तदप्येष श्लोको भवति'=તેમાં સદાત્માને વિષે આ શ્લોક-મન્ત્ર છે. સદાત્માનું સમાકર્ષણ છે તેથી અતીન્દ્રિયવાચક અસત્પદથી બ્રહ્મ લક્ષ્ય થાય છે એમ કહે છે—'તેટલા માટે નામ અને રૂપથી' ઇત્યાદિ. તિત્તિરિ શ્રુતિને વિષે સૂત્રની યોજના કરી છાન્દોગ્ય શ્રુતિને વિષે યોજે છે—'असदेवेदमग्र आसीत्' ઇત્યાદિ. तत्सदासीत् એમાં સદ્વાચક તત્પદથી પૂર્વે કહેલા असत्નું સમાકર્ષણ થવાથી असत्નો અર્થ શૂન્ય નથી. પણ કોઈ કહેશે કે असत्पદ પર લક્ષણા કરવી યુક્ત નથી; કેમકે શ્રુતિજ વિકલ્પ દર્શાવે છે, તો એમ કહેવું યુક્ત નથી એમ કહે છે—'तद्धैके' ઇત્યાદિ. एकेનો અર્થ એક શાખાવાળાઓ એવો નથી, પણ અનાદિ સંસારચક્રમાં રહેલા વેદબાહ્ય એવો અર્થ છે. મતનું નિરાકરણ કર્યું છે તેથી સદાત્મજ શ્રુતિને ઇષ્ટ છે તેથી શ્રુતિઓમાં વિરોધનું સ્ફુરણ થતું હોય તેનું નિરાકરણ કરવા લક્ષણા યુક્ત છે એમ સમજવું. ક્વચિત્ કર્તૃરહિત સૃષ્ટિ કહી છે એમ જે કહ્યું છે તે તેમ નથી એમ કહે છે—'तद्धेदं तर्ह्यव्याकृतमासीत्' ઇત્યાદિ. અધ્યક્ષ=કર્તા. પણ કર્તાના અભાવનોજ પરામર્શ

[1] વિસ્તારવાળી.

રનાર તરીકે કોનું સમાધાન થાય? વળી ચેતન આત્માનો શરીરને વિષે એ અ-
નુપ્રવેશ શ્રુતિમાં છેઃ કેમકે 'पश्यँश्चक्षुः शृण्वञ्छ्रोत्रं मन्वानो मनः' (ચક્ષુને જોતો,
શ્રોત્રને સાંભળતો, મનનું મનન કરતો) એમ પ્રવેશ કરનારને શ્રુતિ ચેતન તરીકે
પ્રતિપાદન કરે છે. તેમજ જેવું, નામરૂપથી વ્યાકરણ પામતું, અધ્યક્ષવાળું આ જ-
ગત્ આજ વ્યાકરણ પામે છે તેવુંજ આદિ સૃષ્ટિમાં પણ એમ સમજાય છે; કેમકે
એ જેવામાં આવે છે તેથી વિપરીત કલ્પના યુક્ત નથી. 'अनेन जीवेनात्मनानुप्रविश्य
नामरूपे व्याकरवाणि' [છાન્દો૦ ૬।૩।૨] (આ જીવરૂપ આત્મા વડે અનુપ્રવેશ કરી
નામ અને રૂપનું હું વ્યાકરણ કરૂં) એમ શ્રુતિ જગત્‌ની વ્યાક્રિયાને અધ્યક્ષવાળીજ
દર્શાવે છે. 'व्याक्रियते' એ પણ પરમેશ્વર વ્યાકર્તા છે તોપણ 'સૌકર્યની અપેક્ષાથી
કર્મકર્ત્તાના' અર્થમાં લકાર સમજવો; જેમકે लूयते केदारः स्वयमेव (કેદાર પોતાની
મેળે કપાઈ જાય છે) એમ પૂર્ણ છેદન કરનાર છે તોપણ કહેવાય છે. અથવા અ-
ર્થથી આક્ષિપ્ત થયેલા કર્ત્તાની અપેક્ષાએ કર્મના અર્થમાંજ એ લકાર સમજવો; જેમ
'गम्यते ग्रामः' (ગામ જવાય છે) માં છે તેમ ॥ ૧૫ ॥

जगद्वाचित्वात् ॥ १६ ॥

(જે આ પુરુષોનો કર્ત્તા છે અથવા જેનું આ કર્મ છે તે બ્રહ્મ છે) જગદ્વાચી છે તેથી ॥ ૧૬ ॥

કૌષીતકિ બ્રાહ્મણમાં બાલાકિ અને અજાતશત્રુના સંવાદમાં 'यो वै बालाके [illegible]

[illegible] છે એમ કોઈ શંકા કરે તો તેને માટે કહે છે—'વળી ચેતન આત્માનો' ઇત્યાદિ. [illegible] ... (કર્તાવાળું) છે, કાર્ય છે તેથી, ઘટની પેઠે એમ કહે છે— 'તેમજ જેવું [illegible] નામરૂપથી વ્યાકરણ પામતું' ઇત્યાદિ. [illegible] ... "'व्याक्रियते' એ પણ" ઇત્યાદિ. [illegible] ... અથવા અર્થથી આક્ષિપ્ત થયેલા' ઇત્યાદિ. [illegible] ॥ ૧૫ ॥

[illegible]

[illegible]

ઇચ્છતા અજાતશત્રુ સુતેલા પુરુષને બોલાવે છે અને તેણે બોલાવવાનો શબ્દ સાંભળ્યો નહિ તેથી પ્રાણ આદિ ભોક્તા નથી એમ પ્રતિબોધ કરી લાકડી મારી ઉઠાડીને પ્રાણ આદિથી ભિન્ન જીવ ભોક્તા છે એમ પ્રતિબોધ કરે છે. તેમજ ઉત્તરવાક્યમાં પણ જીવલિંગ સમજાય છે—'तद्यथा श्रेष्ठी स्वैर्भुङ्क्ते यथा वा स्वाः श्रेष्ठिनं भुञ्जन्त्येवमेवैष प्रज्ञात्मैतैरात्मभिर्भुङ्क्त एवमेवैत आत्मान एतमात्मानं भुञ्जन्ति' [કૌ૦ બ્રા૦ ૪।૨૦] (તે જેમ શેઠ પોતાનાં માણસો વડે ઉપભોગ કરે છે અથવા તે માણસો ઉપભોગ માટે શેઠ પર આધાર રાખે છે, એજ પ્રમાણે આ પ્રજ્ઞાત્મા આ આત્માઓ વડે ઉપભોગ કરે છે અને એજ રીતે એ આત્માઓ ઉપભોગ માટે એ આત્મા પર આધાર રાખે છે) એમ. પ્રાણ ધારણ કરનાર હોવાથી જીવને પ્રાણશબ્દ યુક્ત છે. તેટલા માટે જીવ અને પ્રાણમાંથી એકનું અહિં ગ્રહણ કરવું યુક્ત છે, પરમેશ્વરનું નહિ; કેમકે તેનું લિંગ મળી આવતું નથી. એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ—આ પરમેશ્વરજ એ પુરુષોનો કર્તા છે. શાથી? ઉપક્રમના બળથી; કેમકે અહિં બાલાકિએ અજાતશત્રુ સાથે 'ब्रह्म ते ब्रवाणि' (હું તને બ્રહ્મ કહું) એમ સંવાદ કરવો શરૂ કર્યો; અને તેણે કેટલાક, આદિત્ય આદિમાં રહેતા પુરુષો, જે અપ્રધાન બ્રહ્મદૃષ્ટિ

છે એવો અર્થ છે. 'तद्यथा श्रेष्ठी' ઇત્યાદિ. જેમ શેઠ–પ્રધાનપુરુષ પોતાનાં માણસો–નોકરો વડે (ભૃત્યરૂપ ઉપકરણ—સાધનથી) વિષયોનો ઉપભોગ કરે છે, અથવા ભૃત્યો ઉપભોગ માટે શેઠ પર આધાર રાખે છે, ભોજન વસ્ત્ર આદિ લઈ તેના પર ઉપજીવન કરે છે, તેમ આ પ્રજ્ઞાત્મા—જીવ આદિત્યાદિમાં રહેલા આત્માઓ વડે વિષયોનો ઉપભોગ કરે છે, અને તે આદિત્યાદિઓ પ્રકાશ, વૃષ્ટિ આદિથી પ્રધાનપણું કરતા જીવાત્મા પર ઉપભોગ માટે આધાર રાખે છે—જીવાત્માએ કરેલા હવિ આદિનું ગ્રહણ કરી તે પર ઉપજીવન કરે છે. તેટલા માટે જીવાત્માજ બ્રહ્મથી અભિન્ન હોવાથી બ્રહ્મ તરીકે વેદિતવ્ય છે એમ ઉપદેશ છે. આમ ભોક્તા જીવ હોવાથી ભોક્તૃત્વ જીવનું લિંગ છે. પણ 'प्राण एव एकधा भवति' એમ શ્રુતિએ કહેલો પ્રાણશબ્દ જીવને વિષે શી રીતે તેને માટે કહે છે—'પ્રાણ ધારણ કરનાર હોવાથી' ઇત્યાદિ. પૂર્વપક્ષનું તાત્પર્ય આ પ્રમાણે છે—'ब्रह्म ते ब्रवाणि' (હું તને બ્રહ્મ કહું) એમ બ્રહ્મના અભિધાનનું પ્રકરણ હોવાથી તેમજ ઉપસંહારમાં 'सर्वान् पाप्मनोऽपहत्य सर्वेषां च भूतानां श्रैष्ठ्यं स्वाराज्यं पर्येति य एवं वेद' (જે એ પ્રમાણે જાણે છે તે સર્વ પાપોનો નાશ કરી સર્વ ભૂતોમાં શ્રેષ્ઠત્વ અને સ્વારાજ્ય પ્રાપ્ત કરે છે) એમ નિરતિશય ફળનું શ્રવણ છે અને બ્રહ્મજ્ઞાનથી અન્યત્ર એ ફળનો અસંભવ છે તેથી, તેમજ આદિત્ય, ચન્દ્ર આદિમાં રહેલા પુરુષોના કર્તૃત્વનો અને 'यस्य वैतत् कर्म' (અથવા જેનું એ કર્મ છે) એનો અવચ્છેદ ન હોવાથી एतत् એ સર્વનામથી પ્રત્યક્ષસિદ્ધ જગત્નો પરામર્શ થવાથી અને જગત્નું કર્તૃત્વ બ્રહ્મથી અન્યત્ર સંભવતું નથી તેથી જીવ અને મુખ્ય પ્રાણની આશંકાજ શી રીતે થાય એમ કોઈ આક્ષેપ કરે તો પૂર્વપક્ષી કહે છે કે એ આશંકા વિષે કહીએ છીએ—'ब्रह्म ते ब्रवाणि' (હું તને બ્રહ્મ કહું) એમ બાલાકિ ગાર્ગ્યે બ્રહ્મ કહેવાની પ્રતિજ્ઞા કરી, પણ તે તે, આદિત્ય, ચન્દ્રાદિગત અબ્રહ્મ પુરુષોને કહ્યા, બ્રહ્મ કહ્યું નહિ. 'यो वै बालाके' ઇત્યાદિ અજાતશત્રુનું જે વાક્ય છે તેથી બ્રહ્મના અભિધાનની પ્રતિજ્ઞા નથી; અને એકના (બાલાકિના) ઉપક્રમથી અન્ય (અજાતશત્રુનું) વાક્ય એજ અર્થમાં લઈ સમજાવવું યુક્ત નથી. તેટલા માટે અજાત-

વાળાઓ છે તેને કહ્યા અને પછી શાન્ત રહ્યો. 'मृषा वै खलु मा संवदिष्ठा ब्रह्म ते ब्रवाणि' (તેં મને ખરેખર ખોટું કહ્યું કે હું તને બ્રહ્મ કહું) એમ અપ્રધાનબ્રહ્મવાદી તરીકે અજાતશત્રુએ તેનો નિષેધ કરીને તેનો કર્તા અન્ય વેદિતવ્ય છે એમ ઉપક્ષેપ

શત્રુના વાક્યસંદર્ભોને પૂર્વાપરસંબંધથી જોઈ જે એનો અર્થ જણાય તેજ લેવો યુક્ત છે. અહિં कर्मશબ્દ વ્યાપારના અર્થમાં રૂઢ છે; જે કરાય તે, કાર્ય એ અર્થ તો વ્યુત્પન્ન છે; અને રૂઢિ હોય તો વ્યુત્પત્તિનો આશ્રય કરવો યુક્ત નથી. વળી બ્રહ્મ જે ઉદાસીન અને અપરિણામી છે તેને વ્યાપાર હોઈ શકે નહિ; અને વાક્યશેષમાં 'अथास्मिन् प्राण एवैकधा भवति' એમ શ્રવણ છે તેથી પરિસ્પન્દલક્ષણ કર્મની જેમાં ઉપપત્તિ છે તેનોજ વેદિતવ્ય તરીકે ઉપદેશ છે. આદિત્યાદિ પુરુષોનું કર્તૃત્વ પ્રાણને વિષે ઘટે છે; કેમકે આદિત્યાદિ દેવતાઓ હિરણ્યગર્ભરૂપ વિશિષ્ટ પ્રાણ છે; અને 'कतम एको देवः प्राणः' (કયો એક દેવ છે, તે પ્રાણ છે) એવી શ્રુતિ છે. ઉપક્રમને અનુસરીને ઉપસંહારમાં 'सर्वान् पाप्मनः' અને 'सर्वेषां भूतानाम्' એમાં સર્વશબ્દ બહુના અર્થમાં સમજવો. એક વાક્યમાં ઉપક્રમને અનુસારે ઉપસંહાર સમજવો યોગ્ય છે. જે બ્રહ્મ નથી તેને બ્રહ્મ કહેતાં [1]દૃપ્ત બાલાકિનો નિષેધ કરી અજાતશત્રુનું વચન બ્રહ્મનેજ લાગુ પડે છે, નહિ તો તેના કહ્યાથી વિશેષ કહેવા ઇચ્છીને અબ્રહ્મનું અભિધાન કરે તે અસંબદ્ધ થાય એમ કહેશો તોપણ એ બ્રહ્મનું અભિધાન થતું યુક્ત નથી, પણ જીવનું અભિધાન થતું યુક્ત છે; કેમકે વેદિતવ્ય તરીકે નિર્દિષ્ટ કરેલા એવા, પુરુષોના કર્તાનું જ્ઞાન મેળવવા આવેલા બાલાકિને જ્ઞાન આપવા ઇચ્છતા અજાતશત્રુએ સુપ્ત પુરુષને બોલાવ્યો અને તેણે આમન્ત્રણશબ્દ સાંભળ્યો નહિ તેથી પ્રાણાદિ ભોક્તા કે સ્વામી નથી એમ બોધ કરી લાકડી મારી ઉઠાડી પ્રાણાદિથી અન્ય જીવ ભોક્તા અને સ્વામી છે એમ પ્રતિબોધ કરે છે. આગળ પણ 'तद्यथा श्रेष्ठी' ઇત્યાદિમાં જેમ શ્રેષ્ઠી-પ્રધાનપુરુષ પોતાના ભૃત્યરૂપ સાધન વડે વિષયો ભોગવે છે અને જેવી રીતે તે ભૃત્યો શ્રેષ્ઠી પર ઉપજીવન કરે છે, એટલે ભોજન, વસ્ત્રાદિ તેની પાસે મેળવી તેના પર પોતાના જીવનો આધાર રાખે છે, તેમ આ પ્રજ્ઞાત્મા એટલે જીવ આદિત્ય આદિમાં રહેલા આત્માઓ વડે વિષયો ભોગવે છે, કેમકે તે આદિત્ય આદિનો પ્રકાશ, વૃષ્ટિ આદિ આપી પ્રધાનપણું આચરી જીવાત્માને ભોગ કરાવે છે, અને જીવાત્મા જે યજમાન છે તે જે હવિ હોમે છે તે લઈ આદિત્યાદિઓ તેના પર ઉપજીવન કરે છે. તેટલા માટે જીવાત્મા જે બ્રહ્મથી ભિન્ન નથી તેથી બ્રહ્મજ છે, તેનો અહિં વેદિતવ્ય તરીકે ઉપદેશ છે. 'यस्य वैतत् कर्म' (અથવા જે એનું કામ છે) એમાં જીવે પ્રેરેલા દેહ અને ઇન્દ્રિયોનું કામ તે જીવનું સમજવાનું છે. અથવા ધર્મ અને અધર્મ કર્મથી ઉત્પન્ન થાય છે તેથી રૂઢિને અનુસારે કર્મશબ્દનો અર્થ ધર્મ અને અધર્મ સમજવો. તે ધર્મ અને અધર્મ જીવના છે. આદિત્યાદિ ભોગનાં ઉપકરણો પણ ધર્મ અને અધર્મથી [2]આક્ષિપ્ત છે તેથી તેમનું કર્તૃત્વ પણ જીવને વિષે યુક્ત થાય છે. વળી જીવ પ્રાણધારક હોવાથી તેને પ્રાણશબ્દ પણ ઘટે છે. તેટલા માટે જીવ કે પ્રાણ બેમાંથી એકનું અહિં ગ્રહણ કરવાનું છે, પરમેશ્વરનું નહિ એવું તાત્પર્ય છે. સૂત્રથી બહારજ સિદ્ધાન્ત કરે છે—'એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ' ઇત્યાદિ. તે બાલાકિએ બ્રહ્મત્વની ભ્રાન્તિથી વ્યષ્ટિલિંગરૂપ પુરુષો કહ્યા, પણ અજાતશત્રુએ તેનો નિષેધ કર્યો એટલે તે શાન્ત રહ્યો. તેં કહ્યું તે બ્રહ્મ ખોટું છે એમ કહી અજાતશત્રુએ જે કહ્યું તે બ્રહ્મજ એમ હોવું જોઈએ, નહિ તો અજાતશત્રુનો પણ મિથ્યાવાદી થવાનો પ્રસંગ આવે

૧ અહંકારી. ૨ અનુમિત.

કર્યો. જો તે પણ અપ્રધાનપ્રકૃતિવાળો થાય તો ઉપક્રમને બાધ આવે. તેટલામાં એને પરમેશ્વરજ લેવો યુક્ત છે. વળી એ પુરુષોનો કર્તા પરમેશ્વરથી અન્ય સ્વતન્ત્ર સંભવતો નથી. 'यस्य वैतत् कर्म' (અથવા જેનું એ કર્મ છે) એ પણ પરિસ્પન્દલક્ષણ કે ધર્માધર્મલક્ષણ કર્મનો નિર્દેશ નથી; કેમકે તે બેમાંનું ગમે તે એકે પ્રકૃત નથી કે શ્રુતિમાં કહ્યું નથી. તેમજ પુરુષોનો એ નિર્દેશ નથી; કેમકે એ પુરુષોને કર્તા એમજ તેમને વિષે નિર્દેશ છે, અને લિંગ અને વચનનો વિરોધ છે (एतत् નપુંસક એકવચનમાં અને पुरुषाः પુલ્લિંગ બહુવચનમાં છે તેથી पुरुषाः માટે एतत् વાપરવું નહિ). તેમજ પુરુષ વિષે 'કરે છે' એ અર્થનો (ઉત્પાદનનો) કે ક્રિયાફળનો (પુણ્યાપુણ્યનો) એ નિર્દેશ નથી; કેમકે कर्तृशब्दथीज તે બેનું ગ્રહણ કર્યું છે. પરિશેષથી પ્રત્યક્ષ સંનિહિત જગત્નો एतत्शब्दरूप સર્વનામથી નિર્દેશ કર્યો છે અને કરાય છે તે કર્મ એમ જગત કર્મ છે. પણ જગત પણ અપ્રકૃત

એમ કહે છે 'જો તે પણ અપ્રધાનપ્રકૃતિવાળો થાય' ઇત્યાદિ. 'તે પણ'=જે [illegible] જે તે પણ એવો અર્થ છે. મુખ્ય પુરુષત્વ પ્રકૃતિને [illegible] છે, કેમકે પ્રભુ અને [illegible] 'નિરવદ્ય હોવાથી અસ્વતન્ત્ર છે એમ કહે છે—'વળી એ પુરુષોનો કર્તા' ઇત્યાદિ. વળી કર્મશબ્દ પરિસ્પન્દવાચક—ચલનવાચક અને [illegible] વાચક [illegible] છે અને તેથી પ્રભુ અને જીવનો ઉત્પાદક છે એમ જે કહ્યું છે [illegible] યુક્ત નથી એમ કહે છે—'यस्य वैतत् कर्म' ઇત્યાદિ. એક શબ્દના અનેક અર્થ હોય તો [illegible] એક અર્થ જે પ્રકૃતથી કે ઉપપદથી ઘટતો હોય તે લેવો યોગ્ય છે. અહિં પ્રકરણ અને ઉપપદ ન હોવાથી કયો અર્થ લેવો તેનો સંશય થતાં पुरुषाणां कर्ता (પુરુષોનો કર્તા) એ પદની પાસે જ અને क्रियते इति कर्म (જે કરાય તે કર્મ) એમ [illegible] કર્મનો અર્થ જગત્ લેવો એવો અર્થ છે. પણ 'एतत् कर्म' એમાં एतत्थी પ્રકૃતનો પરામર્શ થતાં કર્મશબ્દથી [illegible] [illegible] તેને માટે કહે છે—'તેમજ પુરુષોનો એ નિર્દેશ નથી' ઇત્યાદિ. एतत् નપુંસક એકવચનમાં છે તે વડે पुरुषाः (પુલ્લિંગ બહુવચનમાં છે) નો પરામર્શ [illegible] [illegible]. પણ પુરુષોનો ઉત્પાદક જે કર્તા તેનો વ્યાપાર જે 'કરે છે' એ અર્થ, અર્થાત્ ઉત્પાદન અથવા તો ક્રિયાનું જે ફળ પુણ્યાપુણ્ય તે બેમાંથી એક અર્થ—વ્યાપાર, [illegible] [illegible] કે ઉત્પાદનનું ફળ પુણ્યાપુણ્ય એ બેમાંથી એક અર્થ કર્મશબ્દનો હો એ શંકાનું [illegible] કહે છે—'તેમજ પુરુષ વિષે' ઇત્યાદિ. ક્રિયા અને ફળ [illegible] [illegible] નથી તેથી કર્તૃશબ્દથીજ એ [illegible] [illegible] છે એમ [illegible]. વળી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કહે છે—'એ અન્ય છે' ઇત્યાદિ. [illegible] [illegible] [illegible] એકનું [illegible] [illegible] છે, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] एतत् [illegible] [illegible] [illegible] [illegible] છે એમ કહે છે—[illegible] [illegible]. कर्मशब्द [illegible] [illegible] [illegible] અને એ [illegible] एतत् એ [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] કહે છે પણ અહિં [illegible] [illegible] [illegible] [illegible] [illegible], કેમકે [illegible] [illegible] છે, અને [illegible] पुरुषाणां कर्ता [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

[illegible]

છે અને પૂર્વે વર્ણવેલું નથી. એ સત્ય છે: પણ વિશેષ વસ્તુનું ગ્રહણ ન હોવાથી સાધારણ સંનિધાન અર્થથી સંનિહિત વસ્તુમાત્રનો એ નિર્દેશ છે એમ સમજાય છે, કોઈ પણ વિશેષ વસ્તુનો નથી: કેમકે વિશેષ વસ્તુનું સંનિધાન નથી. પૂર્વ વાક્યમાં જગત્ના એકદેશભૂત પુરુષોનું વિશેષ ગ્રહણ કર્યું છે તેથી સામાન્ય જગત્નું જ અહિં ગ્રહણ છે એમ સમજાય છે. તાત્પર્ય આ છે—જે જગત્ના એકદેશભૂત આ પુરુષોનો કર્તા છે, અથવા એ વિશેષનું શું પ્રયોજન છે? જેનું આખુંજ જગત્ કર્મ છે એમ વાશબ્દ એકદેશવ્યાપ્ત કર્તૃત્વની વ્યાવૃત્તિ કરવા માટે છે. બાલાકિએ બ્રહ્મ તરીકે માનેલા જે પુરુષો કહ્યા છે તેઓ બ્રહ્મ નથી એમ કહેવા માટે વિશેષનું ગ્રહણ કર્યું છે. એ પ્રમાણે 'બ્રાહ્મણપરિવ્રાજકન્યાયથી સામાન્ય અને વિશેષથી જગત્ના કર્તાનો વેદિતવ્ય તરીકે ઉપદેશ છે; અને પરમેશ્વરને સર્વ જગત્ના કર્તા તરીકે સર્વ વેદાન્તોમાં નક્કી કર્યો છે ॥ ૧૬ ॥

जीवमुख्यप्राणलिङ्गान्नेति चेत्तद्व्याख्यातम् ॥ १७ ॥

જીવ અને મુખ્ય પ્રાણના લિંગથી (તે બેમાંથી એકનું ગ્રહણ છે) એમ જો (કહેશો તો) તેનું વ્યાખ્યાન થયું છે ॥ ૧૭ ॥

વાક્યશેષમાં રહેલા જીવના લિંગથી અને મુખ્ય પ્રાણના લિંગથી એ બેમાંથી એકનું અહિં ગ્રહણ ન્યાય્ય છે, પરમેશ્વરનું નથી એમ જે કહ્યું છે તેનો પરિહાર કરવો જોઈએ. એને વિષે કહીએ છીએ—'नोपासात्रैविध्यादाश्रितत्वादिह तद्योगात्' [બ્ર૦ સૂ૦ ૧।૧।૩૧] (ના; કેમકે ત્રણ પ્રકારની ઉપાસના થાય છે, (બ્રહ્મ) આશ્રિત છે તેથી અને અહિં તેનો (બ્રહ્મલિંગનો) યોગ છે તેથી) એમાં એનો પરિહાર કર્યો છે; કેમકે એમ થયે અહિં જીવની ઉપાસના, મુખ્ય પ્રાણની ઉપાસના અને

અને સબંધને યોગ્ય જગત્જ પરામર્શયોગ્ય છે એમ કહે છે.—'પણ વિશેષ વસ્તુનું ગ્રહણ ન હોવાથી' ઇત્યાદિ. વળી જગતના એકદેશ વિષે કહ્યું છે તેથી જગત્ પ્રકૃત છે એમ કહે છે—'પૂર્વવાક્યમાં જગત્ના એકદેશભૂત' ઇત્યાદિ. પણ જગત્નું ગ્રહણ થયું એટલે પુરુષોનું પણ ગ્રહણ થયું તેથી પુરુષની પૃથક્ ઉક્તિ વ્યર્થ છે એ શંકાનું નિરાકરણ કરવા કહે છે—'તાત્પર્ય આ છે' ઇત્યાદિ. જગત્ના એકદેશભૂત, આદિત્યાદિસ્થ પુરુષોનો જે કર્તા છે, આ કહેવા એ તો જુદુ એવું કહ્યું, આખું જગત્જ જેનું કાર્ય છે તે બ્રહ્મ વેદિતવ્ય છે. પુરુષમાત્રનો કર્તા એવી ભ્રાન્તિ દૂર કરવા વાશબ્દ છે પુરુષમાત્રનો નહિ, પણ આખા જગત્નો કર્તા એવો અર્થ છે એમ 'ब्राह्मणा भोजयितव्याः परिव्राजकाश्च' (બ્રાહ્મણોને ભોજન કરાવવું અને પરિવ્રાજકોને) એમાં બ્રાહ્મણશબ્દ પરિવ્રાજકથી અન્ય બ્રાહ્મણવાચક છે તેમ કર્મશબ્દ પુરુષથી અન્ય જગત્નો વાચક છે એમ કહે છે—'એ પ્રમાણે બ્રાહ્મણપરિવ્રાજકન્યાયથી' ઇત્યાદિ. પણ જગત્નો કર્તા વેદિતવ્ય છે તોપણ પરમેશ્વરનું શું તેને માટે કહે છે—'પરમેશ્વરને સર્વ જગત્ના કર્તા તરીકે' ઇત્યાદિ ॥ ૧૬ ॥

સિદ્ધાન્ત કહી પૂર્વપક્ષના બીજનો અનુવાદ કરી દોષ કહે છે—'जीवमुख्यप्राणलिङ्गात्'

૧ 'ब्राह्मणा भोजयितव्याः परिव्राजकाश्च' = બ્રાહ્મણને અને પરિવ્રાજકોને જમાડવા એમાં 'બ્રાહ્મણ' નો અર્થ પરિવ્રાજકથી ભિન્ન બ્રાહ્મણને એમ થવાનો છે. અર્થાત્ સામાન્યવિશેષન્યાય.

નમાં પણ. आकाशशब्द 'दहरोऽस्मिन्नन्तराकाशः' [છાન્દોગ્ય ૮।૧।૧] (એ હૃદયને વિષે અલ્પ આકાશ છે) એમાં પરમાત્માના અર્થમાં પ્રયોજાયલો છે. 'सर्व एत आत्मनो व्युच्चरन्ति' (એ સર્વે આત્મામાંથી નીકળે છે) એમ ઉપાધિવાળા આત્માઓ અન્યમાંથી નીકળે છે એમ શ્રવણ કરાવતા (શ્રુતિકારો) પરમાત્માનુંજ પ્રાજ્ઞ તરીકે શ્રવણ કરાવે છે. સૂતેલા પુરુષને ઉઠાડી પ્રાણથી અતિરિક્ત જીવનો ઉપદેશ પ્રાણનું નિરાકરણ કરવામાં અન્ય હેતુ થાય છે ॥ ૧૮ ॥

वाक्यान्वयात् ॥ १९ ॥

વાક્યના અન્વયથી (એ પરમાત્માનો ઉપદેશ છે) ॥ ૧૯ ॥

બૃહદારણ્યકમાં મૈત્રેયીબ્રાહ્મણમાં 'न वा अरे पत्युः कामाय' (અરે પતિની ઇચ્છાને માટે નહિ) એમ ઉપક્રમ કરીને આમ અધ્યયન કરે છે કે 'न वा अरे सर्वस्य कामाय सर्वं प्रियं भवत्यात्मनस्तु कामाय सर्वं प्रियं भवत्यात्मा वा अरे द्रष्टव्यः

કહે છે—'सर्वं पत्ये' ઇત્યાદિ. આ પ્રમાણે જીવનું નિરાકરણ કરવા માટે આ સૂત્ર છે એમ વ્યાખ્યાન કરી પ્રાણનું નિરાકરણ કરવા માટે છે એમ પણ વ્યાખ્યાન કરે છે—'સૂતેલા પુરુષને' ઇત્યાદિ. આ વાક્યમાં પ્રાણનો ઉપદેશ બ્રહ્મજ્ઞાનને માટે જૈમિનિ માને છે, કેમકે પ્રશ્ન અને વ્યાખ્યાનથી વાક્ય બ્રહ્મપર છે વળી એક શાખાવાળાઓ એજ પ્રમાણે પ્રાણથી અન્ય જીવાત્માનું શ્રવણ કરાવી વાક્યાર્થ પ્રાણને લાગુ પડતો નથી એમ કહે છે એમ સૂત્ર યોજવું. તે દ્વારા માટે એ વાક્યનો બ્રહ્મને વિષે સમન્વય છે એમ સિદ્ધ થયું ॥ ૧૮ ॥

મૈત્રેયીબ્રાહ્મણના આરંભમાં યાજ્ઞવલ્ક્ય ગાર્હસ્થ્યથી ઉત્તમ આશ્રમમાં જવા ઇચ્છતો હતો તેથી મૈત્રેયી અને કાત્યાયની સાથે દ્રવ્યનો વિભાગ કરવાનું કહ્યું, ત્યારે મૈત્રેયીએ 'અમૃતત્વની ઇચ્છાવાળી યાજ્ઞવલ્ક્ય પતિને પૂછ્યું, આ સર્વ, વિત્તથી પૂર્ણ પૃથ્વી મારી થાય તેથી હું અમૃત થઉં કે નહિ. યાજ્ઞવલ્ક્યે કહ્યું કે ના; જેવી રીતે ઘણાં સાધનોવાળા પુરુષનું જીવિત થાય, તેવું તારું થાય, પણ વિત્તથી કંઈ અમૃતત્વની આશા થાય નહિ. જો વિત્તથી સિદ્ધ થતાં [illegible] એવાં કર્મોનો અમૃતત્વમાં ઉપયોગ હોય તો વિત્તથી અમૃતત્વની આશા થાય, પણ તેમ નથી. કેમકે અમૃતત્વ જ્ઞાનસાધ્ય છે, કર્મસાધ્ય નથી. [illegible] કર્મો અમૃતત્વની [illegible] નથી. મૈત્રેયીએ કહ્યું, હે ભગવન્, જે વડે હું અમૃત ન થઉં તે વડે હું શું કરું? જે તમે અમૃતત્વનું સાધન જાણતા હો તે મને કહો. ત્યારે અમૃતત્વના સાધનનું જ્ઞાન આપ[illegible] 'न वा अरे पत्युः कामाय' ઇત્યાદિ વાક્યસંદર્ભ કર્યો. [illegible]

શ્રોતવ્યો મન્તવ્યો નિદિધ્યાસિતવ્યો મૈત્રેય્યાત્મનો વા અરે દર્શનેન શ્રવણેન મત્યા વિજ્ઞા મેનેદં સર્વં વિદિતમ્' [બૃહ૦ ૪।૫।૬] (અરે, સર્વ વસ્તુની ઇચ્છાને માટે સર્વ વસ્તુ પ્રિય થતી નથી, આત્માની ઇચ્છાને માટે સર્વ પ્રિય થાય છે. અરે, આત્માજ દ શન, શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવા યોગ્ય છે. અરે મૈત્રેયિ, આત્માના દર્શન, શ્રવણ, મનન અને વિજ્ઞાનથી એ સર્વ વિદિત થાય છે). તેમાં આ સંશય થાય છે—શું આ વિજ્ઞાનાત્માનોજ દ્રષ્ટવ્ય, શ્રોતવ્ય ઇત્યાદિ રૂપે ઉપદેશ કરાય છે કે પરમાત્માનો? પણ એ સંશય શાથી? પ્રિયથી સંસૂચિત થયેલા ભોક્તા આત્માથી ઉપક્રમ થવાથી વિજ્ઞાનાત્માનો ઉપદેશ છે એમ ભાસે છે. તેમજ આત્માના વિજ્ઞા નથી સર્વવિજ્ઞાનનો ઉપદેશ છે તેથી પરમાત્માનો ઉપદેશ છે એમ લાગે છે. ત્યારે શું પ્રાપ્ત થાય છે? વિજ્ઞાનાત્માનો ઉપદેશ છે એમ. શાથી? ઉપક્રમના બળથી. પતિ, જાયા, પુત્ર, વિત્ત આદિ સર્વ ભોગ્યભૂત જગત્ આત્માને અર્થે પ્રિય થાય છે એમ પ્રિયથી સંસૂચિત થયેલા ભોક્તા આત્માનો ઉપક્રમ કરીને પછી આત્માનું આ

વા અરે દ્રષ્ટવ્યઃ શ્રોતવ્યો મન્તવ્યો નિદિધ્યાસિતવ્યઃ'—આત્માનું દર્શન, શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવું યુક્ત છે. વાશબ્દ અવધારણવાચક છે. આત્માનુંજ દર્શન, શ્રવણ, મનન છે એવો અર્થ છે. આત્માનુંજ દર્શન-સાક્ષાત્કાર કરવું જોઈએ. તેને માટે શ્રવણ આદિ સાધનો કહ્યાં છે. શાથી? કેમકે આત્માના દર્શનથી શ્રવણ આદિ સાધનથી આ સર્વ જગત્ વિદિત થાય છે એવો વાક્યશેષ છે. આત્માનુંજ દર્શનાદિ કરવું યુક્ત છે. નામરૂપાત્મક જગતનું પારમાર્થિક રૂપ આત્માજ છે, જેમ આરોપ કરેલા સર્પનું તાત્ત્વિકરૂપ રજ્જુ છે; તેટલા માટે આત્મા વિદિત થયો એટલે આ સર્વ જગત્ વિદિત થાય છે, જેમ રજ્જુનું જ્ઞાન થયું એટલે સમારોપિત સર્પનું તત્ત્વ સમજાય છે. આ કારણથી આત્માનુંજ દર્શન કરવાનું છે, તેથી અન્ય જગતનું સ્વરૂપથી દર્શન કરવાનું નથી. કેમ? કારણ કે 'ब्रह्म तं परादात्'—બ્રાહ્મણજાતિ-હું બ્રાહ્મણ છું એવો અભિમાન—તેને અમૃતત્વથી ભ્રષ્ટ કરે છે. કોને? જે આત્માથી અન્યત્ર બ્રહ્મ-બ્રાહ્મણજાતિ જાણે છે તેને. ક્ષત્રિય આદિ વિષે પણ એમજ સમજવું; અર્થાત્, જે આત્માથી અન્યત્ર ક્ષત્રિય આદિ જાતિને જાણે છે તેને ક્ષત્રિયાદિ જાતિ—હું ક્ષત્રિયાદિ છું એવો અભિમાન—શ્રેયોમાર્ગથી ભ્રષ્ટ કરે છે. આત્માજ જગ તત્ત્વ છે, તેથી અતિરિક્ત કોઈ તત્ત્વ નથી એજ શ્રુતિ દૃષ્ટાન્તથી એજ અર્થની ઉપપત્તિ યોગ્યતા દર્શાવે છે—'स यथा दुन्दुभेर्हन्यमानस्य' ઇત્યાદિ. દુન્દુભિગ્રહણથી તદ્ગત શબ્દ સામાન્યનું-દુન્દુભિના સામાન્ય શબ્દનું-ઉપલક્ષણ છે. માત્ર સ્થિતિકાળમાંજ નામરૂપપ્રપંચ ચિદા ત્માથી અન્ય છે એમ ન સમજવાથી ચિદાત્માથી વ્યતિરિક્ત નથી; પરંતુ નામરૂપની ઉત્પત્તિની પૂર્વે પણ ચિદ્રૂપ અવસ્થાનથી અને તેજ ઉપાદાનકારણ છે તેથી નામરૂપપ્રપંચ ચિદ્રૂપથી અતિરિક્ત નથી, જેમ રજ્જુસર્પના ભ્રમમાં રજ્જુ જેનું ઉપાદાન છે એવો સર્પ રજ્જુથી ભિન્ન નથી તેમ. આ દૃષ્ટાન્તથી શ્રુતિ સિદ્ધ કરે છે—'स यथार्द्रैधोऽग्नेरभ्याहितस्य पृथग्धूमा वि- निश्चरन्त्येवं वा अरेऽस्य महतो भूतस्य निःश्वसितमेतद्यदृग्वेदः' (જેમ લીલાં લાકડાંવાળા અગ્નિમાંથી ધુમાડો જુદો નીકળે છે તેમ આ જે ઋગ્વેદ છે તે એ મહાન્ ભૂતનું નિઃશ્વસિત છે) ઇત્યાદિથી ચતુર્વિધ મન્ત્ર કહ્યો છે. इतिहासः ઇત્યાદિથી આઠ પ્રકારનું બ્રાહ્મણ કહ્યું છે. તાત્પર્ય છે—જેમ નાના તણખાઓનું ઉપાદાન અગ્નિમાત્ર પ્રથમ સમજાય છે, પછી તેમાંથી તણખા નીકળે છે. એ તણખા અગ્નિ છે કે તેથી અન્ય છે એમ નિર્વચન કરી શકાતું નથી, એમ વેદાદિકો પણ અલ્પ પ્રયત્નથી બ્રહ્મથી નીકળે છે ને તેનું તત્ત્વ કે અન્યત્વથી નિર્વચન કરવું

...ન આદિ જે ઉપદિશ્યમાન છે તે કયા બીજા આત્માનું થાય? વચમાં પણ 'इदं महद्भूतमनन्तमपारं विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानुविनश्यति न प्रेत्य संज्ञास्ति' (આ, મોટું, ભૂત, અનન્ત, અપાર વિજ્ઞાનઘન એ ભૂતોમાંથી સમુત્થાન [illegible] એનીજ પાછળ વિનાશ પામે છે. મરણ પછી જ્ઞાન નથી) એમ પ્રકૃતજ મહાન [illegible] જે કથન છે તેનું ભૂતોથી વિજ્ઞાનાત્મભાવે સમુત્થાન કહી વિજ્ઞાનાત્માજ પ્રકૃત છે [illegible] છે. તેમજ 'विज्ञातारमरे केन विजानीयात्' (અરે, વિજ્ઞાતાને શા વડે જાણે) [illegible] કર્તૃવાચક શબ્દથી ઉપસંહાર કરતી શ્રુતિ વિજ્ઞાનાત્માજ અહિં ઉપદિષ્ટ છે એમ [illegible] છે. તેથી માટે આત્માના વિજ્ઞાનથી સર્વવિજ્ઞાન થાય છે એ વચન બોધાને અર્થે [illegible]

[illegible]

હોવાથી સોમ્યસમૃદ્ધનું ઔપચારિક છે એમ સમજવું. એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ—એ પરમાત્માનોજ ઉપદેશ છે. શાથી? વાક્યના અન્વયથી; કેમકે પૂર્વાપરસંબંધથી એ વાક્યનું સમાલોચન કરતાં એના અવયવો પરમાત્મા સાથે અન્વય પામેલા જણાય છે. શી રીતે? તેની ઉપપત્તિ દર્શાવીએ છીએ—'अमृतत्वस्य तु नाशास्ति वित्तेन' (અમૃતત્વની તો વિત્ત વડે આશા નથી) એમ યાજ્ઞવલ્ક્યથી સાંભળી 'येनाहं नामृता स्यां किमहं तेन कुर्यां यदेव भगवान् वेद तदेव मे ब्रूहि' (જે વડે હું અમર ન થાઉં તે વડે હું શું કરૂં? જે, ભગવન્, તમે જાણો છો તેજ મને કહો) એમ અમૃતત્વની આશા રાખનારી મૈત્રેયીને યાજ્ઞવલ્ક્ય આ આત્મવિજ્ઞાનનો ઉપદેશ કરે છે. પરમાત્માના વિજ્ઞાનથી અન્યત્ર અમૃતત્વ નથી એમ શ્રુતિ અને સ્મૃતિનાં વચનો વદે છે. તેમજ આત્માના વિજ્ઞાનથી જે સર્વવિજ્ઞાન ઉચ્યમાન છે તે પરમ કારણના વિજ્ઞાનથી અન્યત્ર મુખ્ય અર્થમાં સંભવતું નથી. તેમજ એ ઔપચારિક છે એમ આશ્રય કરવો શક્ય નથી; કેમકે આત્માના વિજ્ઞાનથી સર્વવિજ્ઞાનની પ્રતિજ્ઞા કરીને તે પછીના ગ્રન્થથી 'ब्रह्म तं परादाद्योऽन्यत्रात्मनो ब्रह्म वेद' (જે આત્માથી અન્યત્ર બ્રહ્મ જાણે છે તેનું બ્રહ્મ [1]પરાકરણ કરે છે) તેજ પ્રતિપાદન કરે છે. ખરેખર, જે બ્રહ્મક્ષત્રાદિ જગત્‌ને આત્માથી અન્યત્ર સ્વતન્ત્રતાથી જેણે [2]સદ્ભાવ પ્રાપ્ત કર્યો છે એવું જુએ છે તે મિથ્યાદર્શીનું તેજ મિથ્યારૂપ બ્રહ્મક્ષત્રાદિ જગત્ પરાકરણ કરે છે એમ ભેદદૃષ્ટિનો નિષેધ કરી 'इदं सर्वं यदयमात्मा' (એ સર્વ જે એ આત્મા છે તે) એમ સર્વ વસ્તુસમૂહ આત્માથી અભિન્ન છે એમ અવતર-

જ્ઞાનનું કર્તૃત્વ આપતાં બ્રહ્મને ઘટતું નથી, અને સત્ય બ્રહ્મનું વિજ્ઞાનાત્મભાવે જે સાક્ષાત્ અનુસન્ધાન કર્યું છે તે વિજ્ઞાનાત્માજ દ્રષ્ટા છે એમ સૂચવે છે; નહિ તો, એ કારણ બ્રહ્મજ દ્રષ્ટવ્ય છે એમ પ્રતિપાદન કરતું હોય તો, બ્રહ્મનું વિજ્ઞાનાત્મભાવે અનુસન્ધાન કર્યું છે તે અનુપયુક્ત થાય. પણ ને દ્રષ્ટવ્ય છે એ ઉપયોગી છે. આ પ્રમાણે ઉપક્રમ માટેજ પૂર્વપક્ષ છે. મોક્ષસાધન જે જ્ઞાન તેથી અમૃતત્વ આદિ લિંગથી વાક્યના અન્વયથી બ્રહ્મને વિષેજ તાત્પર્ય સમજાય છે તેથી બ્રહ્મજ ઉપદિષ્ટ છે એમ સિદ્ધાન્ત કરે છે—'એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ' ઇત્યાદિ. 'न वित्तेन' = વિત્તસાધ્ય કર્મથી નહિ એવો અર્થ છે. એની નિન્દા કર્યા પછી અમોક્ષસાધન વડે એકવિજ્ઞાનથી સર્વવિજ્ઞાનનું સમર્થન કર્યું છે તેથી ભોક્તાનું જ્ઞાન થયે ભોગ્યસમૂહનું જ્ઞાન થાય એમ ઉપચાર કરવો યુક્ત નથી એમ કહે છે—'તેમજ એ ઔપચારિક છે' ઇત્યાદિ. 'परादात्' = મોક્ષમાંથી ભ્રષ્ટ કરે છે. જ્યારે દુન્દુભિ વગાડાતી હોય, શંખ ફૂંકાતો હોય અને વીણા વાગતી હોય ત્યારે ને બધાનો શબ્દ સામાન્ય રીતે ભેગો સંભળાય છે, જુદા સમજી શકાતો નથી. દુન્દુભિ, શંખ અને વીણાના શબ્દસામાન્યનુંજ ગ્રહણ થાય છે ને અવાન્તર વિશેષશબ્દો સામાન્યશબ્દગ્રહણથીજ ગ્રહણ થાય છે, ને દુન્દુભિના ગ્રહણથી આઘાત થતા શબ્દની પેઠે શબ્દસામાન્યને વિષે કલ્પિત હોવાથી એ અવાન્તર શબ્દવિશેષ તેનાથી ભિન્ન થતા નથી તેમ આત્માના જ્ઞાનથી બધું સર્વ આત્મમાત્ર છે

[1] મોક્ષમાંથી ભ્રષ્ટ કરે છે. [2] હયાતી, સત્તા.

[illegible]ક્ષા કરે છે. વળી દુન્દુભિ આદિ દૃષ્ટાન્તોથી તેજ અભેદને દૃઢ કરે છે. 'મહ[illegible]તો ભૂતસ્ય નિઃશ્વસિતમેતદ્યદૃગ્વેદઃ' [બૃહ૦ ૪।૫।૧૧] (જે આ ઋગ્વેદ છે તે એ [illegible] પ્રધાનું નિઃશ્વસિત છે) ઇત્યાદિથી પ્રકૃત આત્મા નામ, રૂપ અને કર્મરૂપ પ્ર[illegible] [illegible]નું કારણ છે એમ વ્યાખ્યાન કરવા ઇચ્છતી શ્રુતિ એ પરમાત્માનુંજ આગમન [illegible] છે. તેમજ 'એકાયન પ્રક્રિયામાં (બૃહ૦ ૪।૫।૧૨) પણ વિષય, ઇન્દ્રિય અને [illegible]ન્તઃકરણસહિત પ્રપંચનું એક સ્થાન, જેને અંદર કે બહારનું કંઈ નથી એવું [illegible] પ્રજ્ઞાનઘન છે એમ સમજાવતો (યાજ્ઞવલ્ક્ય) પરમાત્માનેજ સમજાવે છે. [illegible] માટે પરમાત્માનોજ આ દર્શનાદિ ઉપદેશ છે એમ સમજાય છે ॥ ૧૯ ॥

[illegible]થી સંમુચિત થયેલા (ભોક્તા આત્મા)ના ઉપક્રમથી વિજ્ઞાનાત્માનોજ આ દર્શનાદિ ઉપદેશ છે એમ જે કહ્યું છે એને વિષે કહીએ છીએ—

પ્રતિજ્ઞાસિદ્ધેર્લિઙ્ગમાશ્મરથ્યઃ ॥ ૨૦ ॥

પ્રતિજ્ઞાસિદ્ધિનું લિંગ છે એમ આશ્મરથ્ય (માને છે) ॥ ૨૦ ॥

'આત્મનિ વિજ્ઞાતે સર્વમિદં વિજ્ઞાતં ભવતિ' (આત્માનું વિજ્ઞાન થયું એટલે એ સર્વનું વિજ્ઞાન થાય છે) અને 'ઇદં સર્વં યદયમાત્મા' (એ સર્વ જે એ આત્મા છે) એવી આદિ પ્રતિજ્ઞા છે. પ્રિયથી સમ્યક્ સૂચવાયેલો જે આત્મા તેનું દર્શનાદિ કરવું યોગ્ય છે એમ જે કહ્યું છે તે એ પ્રતિજ્ઞાની સિદ્ધિ સૂચવનારું લિંગ થાય છે; કેમકે એ વિજ્ઞાનાત્મા પરમાત્માથી અન્ય હોય તો પરમાત્માનું વિજ્ઞાન થયે પણ વિજ્ઞાનાત્માનું વિજ્ઞાન થાય નહિ એમ એકના વિજ્ઞાન થવાથી સર્વનું વિજ્ઞાન થાય

એમ [illegible] છે એમ કહે છે—'વળી દુન્દુભિ આદિ દૃષ્ટાન્તોથી' ઇત્યાદિ. એ પ્રમાણે એ [illegible] સર્વવિજ્ઞાનની પ્રતિજ્ઞા મુખ્ય હોવાથી બ્રહ્મનો નિશ્ચય થાય છે. સર્વબ્રહ્મ [illegible] એ નિશ્ચય થાય છે એમ કહે છે—'અસ્ય મહતઃ' ઇત્યાદિ. ઋગ્વેદાદિક = નામ, [illegible] [illegible] ... = રૂપ. વળી 'સ યથા સર્વાસામપાં સમુદ્ર એકાયનમ્' (જેમ સર્વ પાણીનું સમુદ્ર એક સ્થાન છે) એવી સર્વ પ્રપંચનો [illegible] આત્મા છે એમ [illegible] [illegible] આત્મા તે પરમાત્મા બ્રહ્મજ છે એમ કહે છે—'તેમજ એકાયન પ્રક્રિયામાં' ઇત્યાદિ. ॥૧૯॥

[illegible] એવી [illegible] પૂર્વપક્ષ[illegible]નું [illegible] કરતાં [illegible] બ્રહ્મનું પ્રતિપાદન કરે છે [illegible] આશ્મરથ્યને મતે [illegible] કરે છે—'પ્રતિજ્ઞાસિદ્ધેર્લિઙ્ગમાશ્મરથ્યઃ' [illegible]

[illegible]

છે એવી જે પ્રતિજ્ઞા કરી છે તેને હાનિ થાય. તેટલા માટે પ્રતિજ્ઞાની સિદ્ધિને અર્થે વિજ્ઞાનાત્મા અને પરમાત્માનો અભેદ અંશે ઉપક્રમ છે એમ આશ્મરથ્ય આચાર્ય માને છે. ॥ ૨૦ ॥

उत्क्रमिष्यत एवंभावादित्यौडुलोमिः ॥ २१ ॥

ઉત્ક્રમણ[1] કરવા ઇચ્છતો (જીવાત્મા) એવો છે તેથી એમ ઔડુલોમિ (માને છે) ॥ ૨૧ ॥

દેહ, ઇન્દ્રિય, મન અને બુદ્ધિના સંઘાતરૂપ ઉપાધિના [2]સંપર્કથી [3]કલુષ થયલો, જ્ઞાન, ધ્યાન આદિ સાધનના અનુષ્ઠાનથી સંપ્રસન્ન થયલો વિજ્ઞાનાત્માજ દેહાદિસંઘાતમાંથી ઉત્ક્રમણ કરવા ઇચ્છે છે ત્યારે પરમાત્મા સાથે એક થાય એ યુક્ત છે તેથી એ અભેદથી ઉપક્રમ છે એમ ઔડુલોમિ આચાર્ય માને છે. શ્રુતિ પણ એવી છે—'एष संप्रसादोऽस्माच्छरीरात् समुत्थाय परं ज्योतिरुपसंपद्य स्वेन रूपेणाभिनिष्पद्यते' [છાન્દો૦ ૮।૧૨।૩] (એ જીવ આ શરીરમાંથી ઉત્થાન કરીને—પોતાના

માટે વિજ્ઞાનાત્મા અને પરમાત્માનો અભેદ પ્રતિપાદન કરી પરમાત્માનું દર્શન કરાવવું યોગ્ય છે ત્યારે વિજ્ઞાનાત્માનો ઉપક્રમ કર્યો છે એમ આશ્મરથ્ય આચાર્ય માને છે. ભેદાભેદવાદ સૂચવવાને માટે 'અભેદ અંશે' એમ કહ્યું છે. ॥ ૨૦ ॥

અન્યમતથી સમાધાન કરે છે—'उत्क्रमिष्यतः' ઇત્યાદિ. જીવ પરમાત્માથી અત્યન્ત ભિન્નજ છે અને તેથી દેહ, ઇન્દ્રિય, મન અને બુદ્ધિના સંપર્કથી સર્વદા કલુષ છે. તે જ્ઞાન, ધ્યાન આદિ સાધનના અનુષ્ઠાનથી સંપ્રસન્ન થાય છે; અને દેહ, ઇન્દ્રિય આદિ સંઘાત છોડી ઉત્ક્રમણ કરવા ઇચ્છે છે ત્યારે પરમાત્મા સાથે એક થાય એ યુક્ત છે, તેથી એ અભેદથી ઉપક્રમ છે એમ ઔડુલોમિ માને છે. તાત્પર્ય એ છે કે ભવિષ્યત્-થનારા અભેદને લઇને ભેદકાળમાં પણ અભેદ કહ્યો છે. જેમ પાંચરાત્રિકો કહે છે—'आमुक्तेर्भेद एव स्याज्जीवस्य च परस्य च । मुक्तस्य तु न भेदोऽस्ति भेदहेतोरभावतः ॥' (મુક્તિપર્યન્ત જીવ અને પરમાત્માનો ભેદ છે; પણ મુક્ત થાય એટલે ભેદહેતુ ન હોવાથી ભેદ નથી). આ પ્રમાણે સત્યસંસારદશામાં ભેદજ છે, મુક્તિમાંજ અભેદ છે એમ ઔડુલોમિનું મત સત્યભેદવાદ છે. પ્રથમ આત્માનું દેહ, ઇન્દ્રિય આદિ ઉપાધિએ કરેલું કલુષત્વ કહ્યું, હવે જીવનું નામરૂપપ્રપંચને આશ્રયે રહેલું સ્વાભાવિક કલુષત્વ—પૃથ્વીના અણુનું પાકથી થયલા શ્યામત્વ જેવું—કહે છે. જ્ઞાન, ધ્યાન આદિથી એ કલુષત્વ દૂર કરી જીવ પરથી પર પુરુષને પામે છે એમ કહે

---

૧ આત્માનું શરીરમાંથી ઊંચે નીકળી જવું તે. ૨ સંબન્ધ. ૩ મલિન થયલો.

રૂપનો સાક્ષાત્કાર કરીને—પરજ્યોતિ પ્રાપ્ત કરે છે) એમ. કેટલેક સ્થળે નામ અને રૂપ જીવને આશ્રયે છે એમ પણ નદીના દૃષ્ટાન્તથી શ્રુતિ જણાવે છે—' यथा नद्यः स्यन्दमानाः समुद्रेऽस्तं गच्छन्ति नामरूपे विहाय । तथा विद्वान्नामरूपाद्विमुक्तः परात्परं पुरुषमुपैति दिव्यम् ॥' [મુણ્ડ૦ ૩।૨।૮] (જેમ વહેતી નદીઓ નામ અને રૂપ છોડી સમુદ્રમાં સમાઈ જાય છે તેમ નામ અને રૂપથી વિમુક્ત થયેલો વિદ્વાન્ પરથી પર દિવ્ય પુરુષને પામે છે) એમ. જેમ લોકમાં નદીઓ પોતાનેજ આશ્રયે રહેલાં નામ અને રૂપનો ત્યાગ કરી સમુદ્રમાં જાય છે એમ જીવ પણ પોતાનેજ આશ્રયે રહેલાં નામ અને રૂપનો ત્યાગ કરી પર પુરુષને પામે છે એમ ત્યાં દૃષ્ટાન્ત અને દાર્ષ્ટાન્તિકની તુલ્યતા માટે અર્થ પ્રતીત થાય છે. ॥ ૨૧ ॥

अवस्थितेरिति काशकृत्स्नः ॥ २२ ॥

(પરમાત્મા વિજ્ઞાનાત્મા તરીકે) રહે છે તેથી એમ કાશકૃત્સ્ન (માને છે) ॥ ૨૨ ॥

એજ પરમાત્મા આ વિજ્ઞાનાત્મા તરીકે રહે છે તેથી અભેદથી ઉપક્રમ યુક્ત છે એમ કાશકૃત્સ્ન આચાર્ય માને છે; તેમજ ' अनेन जीवेनात्मनानुप्रविश्य नामरूपे व्याकरवाणि ' [છાન્દો૦ ૬।૩।૨] (આ જીવ વડે અનુપ્રવેશ કરી નામ અને રૂપનું વ્યાકરણ કરીશ) એવી જાતનું બ્રાહ્મણ પરમાત્માનુંજ જીવાત્મા તરીકે અવસ્થાન દર્શાવે છે; તેમજ ' सर्वाणि रूपाणि विचित्य धीरो नामानि कृत्वाभिवदन् यदास्ते ' [તૈ૦ આ૦ ૩।૧૨।૭] (સર્વ રૂપોને સરજીને અને નામ પાડીને સર્વજ્ઞ અભિવદન આદિ કરતો જે વર્તે છે) એવી જાતનો મન્ત્રવર્ણ પણ છે. તેજ આદિની સૃષ્ટિને વિષે જીવની

છે—' કેટલેક સ્થળે ' ઇત્યાદિ. નદીના દૃષ્ટાન્તનું વ્યાખ્યાન કરે છે —' જેમ લોકમાં નદીઓ ' ઇત્યાદિ. ॥ ૨૧ ॥

બે આચાર્યોનું મત કહી તેમાં પરિતોષ ન માની સિદ્ધાન્ત કહે છે—' अवस्थितेरिति काशकृत्स्नः '. એનું વ્યાખ્યાન કરે છે—' એજ પરમાત્મા ' ઇત્યાદિ. જીવ આત્માથી અન્ય નથી, તેમજ તેનો વિકાર પણ નથી; પણ અવિદ્યાએ કલ્પિત છે અવચ્છેદ જેનો એવો આત્માજ છે, જેમ ઘટ, મઠ આદિથી જેનો અવચ્છેદ કલ્પિત છે એવો ઘટાકાશ અને મઠાકાશ આકાશજ છે, તે કંઈ પરમાકાશથી અન્ય કે તેનો વિકાર નથી. તેથી જીવાત્માથી જે ઉપક્રમ છે તે પરમાત્માથીજ છે એમ સમજવું; કેમકે બેમાં ભેદ નથી. સ્વરૂપ ... ... અભેદરૂપથી ઉપક્રમ કર્યો છે. એજ અર્થમાં શ્રુતિ પ્રમાણ આપે છે—' अनेन जीवेन ' ઇત્યાદિ. ' सर्वाणि रूपाणि ' ઇત્યાદિ. ... ... નામ પાડી તેને વિષે ... ... પ્રવેશ કરી અભિવદન આદિ કરતો જે વર્તે છે તે વિદ્વાન્ ... ... જીવ અને પરમાત્માનું ઐક્ય કહે છે. ... જીવ પરમાત્માનો વિકાર કેમ નથી, ... તેને માટે કહે છે—' તેજ આદિની

પૃથક્ સૃષ્ટિ શ્રુતિમાં નથી કે જેથી જીવ, પરમાત્માથી અન્ય, તેનો વિકાર થાય. જીવ અવિકૃત પરમેશ્વર છે, અન્ય નથી એમ કાશકૃત્સ્ન આચાર્યનું મત છે. આશ્મરથ્યના અભિપ્રાયમાં જોકે જીવ પરમાત્માથી અનન્ય છે તોપણ 'પ્રતિજ્ઞાની સિદ્ધિથી' એમ [1]સાપેક્ષત્વનું અભિધાન છે તેથી કોઈક કાર્યકારણભાવ ઇષ્ટ છે એમ સમજાય છે. ઔડુલોમિના પક્ષમાં તો જુદી જુદી અવસ્થા પર આધાર રાખતા ભેદ અને અભેદ સ્પષ્ટજ સમજાય છે. તેમાં કાશકૃત્સ્નનું મત શ્રુતિને અનુસરતું છે એમ સમજાય છે; કેમકે જે અર્થ પ્રતિપાદન કરવો ઇષ્ટ છે તેને અનુસરતું છે, 'तत्त्वमसि' (તે તું છે) ઇત્યાદિ શ્રુતિઓથી. વળી એમ થયે તેના જ્ઞાનથી અમૃતત્વ સંભવે છે. પણ જીવ વિકારાત્મક છે એમ સ્વીકારાય તો વિકારને પ્રકૃતિના સંબંધમાં પ્રલયનો પ્રસંગ આવે,

સૃષ્ટિને વિષે' ઇત્યાદિ. જેમ તેજ આદિ આત્માના વિકાર છે એમ શ્રુતિમાં છે તેમ જીવ આત્માનો વિકાર છે એમ શ્રુતિમાં નથી. ત્રણે આચાર્યોના મતનો વિભાગ કરી દર્શાવે છે—'જીવ અવિકૃત પરમેશ્વર છે' ઇત્યાદિ. આત્યન્તિક અભેદ હોય તો કાર્યકારણભાવનો અભાવ થાય, તેથી અનાત્યન્તિક અભેદ લેવો યુક્ત છે, તેથી કોઈક પ્રકારે ભેદ પણ લેવો કે જેને આશ્રયે કાર્યકારણભાવ થાય. 'કોઈક' = અભેદની પેઠે ભેદ પણ એમ સમજવું. ત્રણ મત કહી કાશકૃત્સ્નનું મત સાચું છે એમ નિર્ધારણ કરે છે—'તેમાં કાશકૃત્સ્નનું મત' ઇત્યાદિ. જીવ અને પરમાત્માનો આત્યન્તિક અભેદ [2]તાત્ત્વિક છે અને એમ હોય ત્યારે અનાદિ અવિદ્યારૂપ ઉપાધિથી કલ્પિત ભેદ 'तत्त्वमसि' (તે તું છે) એમ જીવાત્માનો બ્રહ્મભાવ તરીકે ઉપદેશનું ખૂબ શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવાથી થતા સાક્ષાત્કારરૂપ વિદ્યાથી જડમૂળથી ઉખેડી નાંખવો શક્ય છે. જેમ રજ્જુને વિષે સર્પનો ભ્રમ રજ્જુના તત્ત્વનો સાક્ષાત્કાર થયે જતો રહે છે અને જેમ મ્લેચ્છકુળમાં ઉછેરાના રાજપુત્રનો પોતાને વિષે સમારોપિત મ્લેચ્છભાવ 'તું રાજપુત્ર છે' એવા આપ્તપુરુષના ઉપદેશથી નષ્ટ થાય છે તેમ આત્માને વિષે અવિદ્યાએ કલ્પેલો ભેદ વિદ્યાથી નાશ પામે છે. પણ મૃત્તિકાનો વિકાર, શરાવ[3] આદિ 'મૃત્તિકા છે,' 'મૃત્તિકા છે' એમ સેંકડો વાર વિચાર કરીએ તોપણ તે વિચારથી ઉત્પન્ન થતા મૃત્તિકાસાક્ષાત્કારથી નિવૃત્ત થઈ શકતો નથી તેનું શું કારણ છે? કેમકે શરાવ મૃત્તિકાથી ભિન્ન છે તેમ અભિન્ન પણ છે, તે શરાવ પણ તાત્ત્વિક છે અને વસ્તુનો જ્ઞાનથી ઉચ્છેદ થવો શક્ય નથી. 'જે અર્થ પ્રતિપાદન કરવો ઇષ્ટ છે તેને અનુસરતું છે' એમ જે કહ્યું છે તે એજ છે. 'सोऽयं देवदत्तः' (તે એ દેવદત્ત છે) એની પેઠે 'तत्त्वमसि' (તે તું છે) ઇત્યાદિ વાક્યોથી પર અને અપર—જીવાત્મા અને પરમાત્માનો અત્યન્ત અભેદ પ્રતિપાદન કરવો ઇષ્ટ અર્થ છે તેને અનુસરતું એમ સમજવું. વળી જીવ આત્માનો વિકાર હોય તો જ્ઞાન, ધ્યાન આદિ સાધનોના અનુષ્ઠાનથી જીવનો પોતાની પ્રકૃતિ આત્માને વિષે પ્રલય થયે અમૃતત્વની આશા ન રહે તેથી પુરુષાર્થ ન સધાય તેમજ અમૃતત્વની પ્રાપ્તિ શ્રુતિમાં કહી છે તેનો વિરોધ થાય. કાશકૃત્સ્નના મતમાં તો એ બંને અનિષ્ટ આપત્તિ થતી નથી એમ કહે છે—'વળી એમ થયે' ઇત્યાદિ. 'એમ થયે' = અત્યન્ત અભેદ થયે. કલ્પિત ભેદની જ્ઞાનથી નિવૃત્તિ સંભવે છે, સત્યની નહિ એમ પણ સમજવું. પણ જો જીવ વિકાર ન હોય પણ બ્રહ્મજ હોય તો નામરૂપનો જેમાં આશ્રય કહ્યો છે એ શ્રુતિની શી ગતિ, તેમજ 'यथाग्नेः क्षुद्रा विस्फुलिङ्गाः' (જેમ અગ્નિના નાના તણખા) ઇત્યાદિ બ્રહ્મવિકાર પ્રતિપાદન કરનારી શ્રુતિની શી ગતિ આ આશંકાનું ઉપસંહારને મિષે નિરાકરણ કરે છે. નદીના દૃષ્ટાન્તથી

૧ અપેક્ષાવાળું ૨ વાસ્તવિક. ૩ માટીનું છાબરૂ વાસણ

રણ અવ્યતિરિક્ત છે એમ પ્રતિપાદન કર્યું છે. સત્ય બ્રહ્મનું ભૂતોથી વિજ્ઞાનાત્મા તરીકે સમુત્થાન કહ્યું તે લિંગ એજ પ્રતિજ્ઞાની સિદ્ધિ સૂચવે છે એમ આશ્મરથ્ય આચાર્ય માને છે; કેમકે અભેદ થયે એકવિજ્ઞાનથી સર્વવિજ્ઞાન જેની પ્રતિજ્ઞા કરી છે તે સંભવે. 'उत्क्रमिष्यत एवंभावादित्यौडुलोमिः' [બ્રહ્મ સૂ૦ ૨૧]. ઉત્ક્રમણ કરવા ઇચ્છતા, જ્ઞાન, ધ્યાન આદિ સામર્થ્યથી સંપ્રસન્ન થયેલા વિજ્ઞાનાત્માનો પરમાત્માની સાથે ઐક્યનો સંભવ હોવાથી આ અભેદનું અભિધાન છે એમ ઔડુલોમિ આચાર્ય માને છે. 'अवस्थितेरिति काशकृत्स्नः' [બ્રહ્મ સૂ૦ ૨૨]. એજ પરમાત્મા આ વિજ્ઞાનાત્મા તરીકે પણ રહે છે તેથી એ અભેદનું અભિધાન યુક્ત છે એમ કાશકૃત્સ્ન આચાર્ય માને છે. પણ 'एतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानुविनश्यति न प्रेत्य संज्ञास्ति' [બૃ૦ ૨।૪।૧૨] (એ ભૂતોમાંથી સમુત્થાન કરી એનીજ પાછળ વિનાશ પામે છે. મરણ પછી જ્ઞાન નથી) એમ ઉચ્છેદનું અભિધાન છે, એ અભેદનું અભિધાન શી રીતે છે? એ દોષ નથી. એ વિનાશનું અભિધાન છે તેનો અભિપ્રાય વિશેષ વિજ્ઞાનનો વિનાશ છે, આત્માનો ઉચ્છેદ નથી; કેમકે 'अत्रैव मा भगवानमूमुहन्न प्रेत्य संज्ञास्ति' (મરણ પછી જ્ઞાન નથી—એમાંજ મને ભગવાને મોહમાં નાંખી છે) એમ પર્યનુયોગ કરીને શ્રુતિએ જાતેજ અન્ય અર્થ દર્શાવ્યો છે—'न वा अरेऽहं मोहं ब्रवीम्यविनाशी वा अरेऽयमात्मानुच्छित्तिधर्मा मात्रासंसर्गस्त्वस्य भवति' (અરે હું મોહ થાય એવું કંઈ કહેતો નથી, અરે એ આત્મા અવિનાશી છે, અનુચ્છેદ એનો ધર્મ છે, પણ માત્રા સાથે એનો અસંસર્ગ છે) એમ. તાત્પર્ય આ છે—એ આત્મા કૂટસ્થ, નિત્ય, વિજ્ઞાનૈકરસ છે, એને ઉચ્છેદનો પ્રસંગ નથી. અવિદ્યાએ કરેલી ભૂતેન્દ્રિયલક્ષણ માત્રાઓ સાથે એનો વિદ્યાને લીધે અસંસર્ગ થાય છે. સંસર્ગને અભાવે, તેણે કરેલા વિશેષ વિજ્ઞાનના અભાવથી 'न प्रेत्य संज्ञास्ति' (મરણ પછી જ્ઞાન નથી) એમ કહ્યું છે. 'विज्ञातारमरे केन विजानीयात्' (અરે વિજ્ઞાતાનું શા વડે વિજ્ઞાન મેળવે) એમ કર્તૃવાચક શબ્દથી ઉપસંહાર છે

વળી દૃષ્ટાન્તશ્રુતિથી પણ સર્વ કાર્યપ્રપંચ આત્માજ છે એમ સિદ્ધ થાય છે તેથી આત્મૈક્ય મુખ્યજ છે એમ કહે છે—'દુન્દુભિ આદિના દૃષ્ટાન્તોથી' ઇત્યાદિ. 'સમુત્થાન' = અભેદાભિધાન. પ્રતિજ્ઞા ઘટાવવાને પરમાત્માનું જીવ તરીકે ઉત્થાન શા માટે કહે છે તેને માટે કહે છે—'કેમકે અભેદ થયે' ઇત્યાદિ. પણ એ તો જીવાત્માના જન્મ અને નાશ કહ્યા છે. અભેદ કહ્યો નથી એમ આક્ષેપ કરી તેનો પરિહાર કરે છે—'પણ "एतेभ्यो भूतेभ्यः समुत्थाय"' ઇત્યાદિ. 'न प्रेत्य संज्ञास्ति'-મૃત થયલાને જ્ઞાન નથી એ વાક્યને વિશે શંકિત, હે ભગવન્, તમે મને મોહ પમાડી; કેમકે જ્ઞાનરૂપ આત્માને જ્ઞાનનો અભાવ થયે નાશનો પ્રસંગ આવે એમ મૈત્રેયીએ કહ્યું એટલે મુનિએ કહ્યું—'न वा अरेऽहं मोहम्' ઇત્યાદિ. मोहम्= મોહકારક વાક્ય. अविनाशी = નાશહેતુશૂન્ય, વિનાશને અયોગ્ય, તેટલાજ માટે अनुच्छित्तिधर्मा = જે ઉચ્છિત્તિધર્મા-નાશવાન્ નથી એવો. વિનાશનો અયોગી. પૂર્વપક્ષનું ત્રીજું બીજ વૃત્તિમત-કાશકૃત્સ્નના મતથીજ નિરસન કરવું યોગ્ય છે એમ કહે છે—'विज्ञातारमरे केन विजानीयात्' ઇત્યાદિ. 'ઉપસંહાર છે તેથી' 'અને કર્તૃત્વનો વિજ્ઞાનાત્માને વિશેજ સંભવ છે તેથી' એટલું શેષ સમજવું. ભેદાભેદવાદમાં જીવની ઈશ્વર જે તેથી ભિન્ન છે તે વડે 'અવ-

૧ જ્ઞાન મેળવી શકાય છે.

તેથી વિજ્ઞાનાત્માનુંજ એ સમજવાનું છે એમ જે કહ્યું છે તેનો પણ પરિહાર કાશકૃત્સ્નના મતથીજ કરવો યુક્ત છે. તેમજ 'यत्र तु द्वैतमिव भवति तदितर इतरं पश्यति' [બૃહ૦ ૨।૪।૧૪] (પણ જ્યાં દ્વૈત જેવું છે ત્યાં બીજો બીજું જુએ છે) એમ આરંભ કરી અવિદ્યાવિષયમાં તેનાજ દર્શનાદિલક્ષણ વિશેષ વિજ્ઞાનનો પ્રપંચ કરી 'यत्र त्वस्य सर्वमात्मैवाभूत् तत् केन कं पश्येत्' (પણ જ્યાં એને સર્વ આત્માજ થાય છે ત્યાં શા વડે શેને જુએ) ઇત્યાદિથી વિદ્યાવિષયમાં તેનાજ દર્શનાદિલક્ષણ વિશેષ વિજ્ઞાનનો અભાવ કહે છે. વળી વિષયના અભાવમાં પણ આત્માનું વિજ્ઞાન મેળવે એમ આશંકા કરી 'विज्ञातारमरे केन विजानीयात्' (અરે, વિજ્ઞાતાનું શા વડે વિજ્ઞાન મેળવે) એમ કહે છે. તેથી, વાક્ય વિશેષ વિજ્ઞાનનો અભાવ પ્રતિપાદન કરે છે માટે વિજ્ઞાનૈકરસજ કેવળ છે તોપણ પૂર્વની જે સ્થિતિ હતી તે સ્થિતિથી, કર્તૃવાચક तृच् પ્રત્યયથી નિર્દિષ્ટ છે એમ સમજાય છે. કાશકૃત્સ્નનો પક્ષ શ્રુતિપ્રતિપાદિત છે એમ તો પૂર્વે દર્શાવ્યું છે. તેટલા માટે અવિદ્યાએ ઉપસ્થાપિત કરેલાં નામ અને રૂપથી રચાયલા દેહાદિ ઉપાધિએ કરેલો વિજ્ઞાનાત્મા અને પરમાત્માનો ભેદ છે, પારમાર્થિક નથી એ એવો અર્થ સર્વ વેદાન્તવાદીઓએ સ્વીકારવો જોઈએ, 'सदेव सोम्येदमग्र आसीदेकमेवाद्वितीयम्' [છાન્દો૦ ૬।૨।૧] (હે પ્રિય, અગ્રે આ સત્સ્વરૂપજ, એકલું અદ્વિતીય હતું), 'आत्मैवेदं सर्वम्' [છાન્દો૦ ૭।૨૫।૨] (એ સર્વ આત્માજ છે), 'ब्रह्मैवेदं सर्वम्' [મુણ્ડ૦ ૨।૨।૧૧] (એ સર્વ બ્રહ્મજ છે), 'इदं सर्वं यदयमात्मा' [બૃહ૦ ૨।૪।૬] (જે એ સર્વ છે તે આત્મા છે), 'नान्योऽतोऽस्ति द्रष्टा' [બૃહ૦ ૩।૭।૨૩] (એથી બીજો દ્રષ્ટા નથી), 'नान्यदतोऽस्ति द्रष्टृ' [બૃહ૦ ૩।૮।૧૧] (એથી બીજું દ્રષ્ટા નથી) એવા પ્રકારની શ્રુતિઓથી અને 'वासुदेवः सर्वमिति' [ગીતા ૭।૧૯] (સર્વ વાસુદેવ છે), 'क्षेत्रज्ञं

ગતિ થઈ શકે છે તેથી 'विज्ञातारमरे केन' ઇત્યાદિ આક્ષેપ યુક્ત નથી ... આત્મા અને જીવના આત્યન્તિક અભેદના કાશકૃત્સ્નના પક્ષમાં (વિજ્ઞાનનું કર્મ કે કરણ ...) 'विज्ञातारमरे केन' ઇત્યાદિ આક્ષેપ સિદ્ધ થવાથી છેલ્લો—કાશકૃત્સ્નનો મતજ ... યુક્ત છે એમ કહે છે—'તેનો પણ પરિહાર' ઇત્યાદિ. આશ્મરથ્ય અને ઔડુલોમિ ... તેના મતમાં સત્ય ભેદનો અંગીકાર હોવાથી 'केन' એમ આક્ષેપ યુક્ત નથી ... મતમાં તો અત્યન્ત અભેદ સ્વીકારાયો છે તેથી વિજ્ઞાનને કારકનો અભાવ હોવાથી ... યુક્ત છે એમ તે મતમાં મનઃકલ્પિત વિજ્ઞાતૃત્વ મુક્ત બ્રહ્માત્માને વિષે ભૂતપૂર્વગતિથી કહ્યું છે એમ પરિહાર કરવો એવો ભાવાર્થ છે. વળી વાક્યના પૂર્વાપરસંબંધનું પર્યાલોચન કરતાં ... આત્માનુંજ પ્રતિપાદન કરે છે એમ સમજાય છે તેથી કલ્પિત વિજ્ઞાતૃત્વનોજ અનુવાદ ... છે તેથી વિજ્ઞાતૃત્વલિંગથી વાક્યને જીવપર-જીવપ્રતિપાદક લેવું યુક્ત નથી એમ કહે છે—તેમજ "यत्र तु द्वैतमिव भवति"' ઇત્યાદિ. ત્રણ ઋષિઓના પક્ષોમાં કાશકૃત્સ્નનો પક્ષજ ગ્રહણ કરવો યુક્ત છે એનું શું બીજ છે તે કહે છે—'કાશકૃત્સ્નનો પક્ષ શ્રુતિપ્રતિપાદિત છે' ઇત્યાદિ. 'તેટલા માટે' = શ્રુતિપ્રતિપાદિત છે તેથી. પરિણામપક્ષમાં કે સત્યભેદપક્ષમાં 'एकमेवाद्वितीयम्' ઇત્યાદિ ઐકાન્તિક અભેદ પ્રતિપાદન કરનારાં વાક્યોને બાધ આવે તેમજ 'अन्योऽसावन्योऽहमस्मि' ઇત્યાદિ દ્વૈતદર્શનનિન્દાપ્રતિપાદક વાક્યોને બાધ આવે અને 'एष महानजः' ઇત્યાદિ જન્મ, જરા આદિ વિક્રિયાનો પ્રતિષેધ કરનારાં વાક્યો બાધિત થઈ

चापि मां विद्धि सर्वक्षेत्रेषु भारत' [ગી૦ ૧૩।૨] (હે ભારત, સર્વ ક્ષેત્રમાં મને ક્ષેત્રજ્ઞ જાણ) 'समं सर्वेषु भूतेषु तिष्ठन्तं परमेश्वरम्' [ગી૦ ૧૩।૨૭] (સર્વ ભૂતોમાં સમ રહેલો પરમેશ્વર) એવા પ્રકારની સ્મૃતિઓથી, અને 'अन्योऽसावन्योऽहमस्मीति न स वेद यथा पशुः' [બૃહ૦ ૧।૪।૧૦] (એ અન્ય છે, હું અન્ય છું એમ પશુની પેઠે તે જાણતો નથી), અને 'मृत्योः स मृत्युमाप्नोति य इह नानेव पश्यति' [બૃહ૦ ૪।૪।૧૯] (જે અહિં ભિન્ન હોય તેમ જુએ છે તે મૃત્યુથી મૃત્યુ પ્રાપ્ત કરે છે) એવા પ્રકારના ભેદજ્ઞાનના નિષેધથી, અને 'स वा एष महानज आत्माजरोऽमरोऽमृतोऽभयो ब्रह्म' [બૃહ૦ ૪।૪।૨૫] (તે એ મોટો, જન્મરહિત આત્મા, જરારહિત, અમર, અમૃત, અભય, બ્રહ્મ છે) એમ આત્માને વિષે સર્વ વિકારનો પ્રતિષેધ છે તેથી. એમ ન હોય તો મુમુક્ષુઓને અપવાદરહિત વિજ્ઞાન યુક્ત થશે નહિ અને સુનિશ્ચિત અર્થ યુક્ત થશે નહિ; કારણ કે અપવાદરહિત વિજ્ઞાન સર્વ આકાંક્ષાને નિવૃત્ત કરનારું આત્મવિષયક છે એમ ઇચ્છેલું છે; કેમકે 'वेदान्तविज्ञानसुनिश्चितार्थाः' [મુણ્ડ૦ ૩।૨।૬] (વેદાન્તના વિજ્ઞાનથી જેના અર્થ સુનિશ્ચિત થયા છે), અને 'तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः' [ઈ૦ ૭] (તેમાં એકત્વનું દર્શન કરનારને કયો મોહ ને કયો શોક છે) એવી શ્રુતિ છે અને સ્થિતપ્રજ્ઞલક્ષણ સ્મૃતિ [ગી૦ ૨।૫૪] છે. આમ ક્ષેત્રજ્ઞ અને પરમાત્મા એકજ છે એવો સમ્યગ્

વળી જો જીવ અને પરમાત્માના ભેદાભેદનો આશ્રય કરીએ તો તેમનો પરસ્પર વિરોધ હવાથી અને સમુચ્ચય ન હોવાથી એક વિરોધ બળવાન્ થવે આત્માને વિષે અપવાદરહિત વિજ્ઞાન થાય નહિ; કેમકે એક જે વિરોધ બળવાન્ હોય તે દુર્બલ પક્ષના જ્ઞાનનો બાધ કરે. તેમજ વિરોધ ન સમજવાથી કોણ વિરોધ બળવાન્ તેનું અવધારણ ન થાય તો સંશય હોવાથી આત્માને વિષે સુનિશ્ચિતાર્થ જ્ઞાન ઉત્પન્ન થાય નહિ અને સુનિશ્ચિતાર્થ જ્ઞાનનેજ શ્રુતિમાં મોક્ષનો ઉપાય કહ્યો છે. ભેદ સત્ય હોય તો તેની પ્રમાથી બાધ થવાથી 'अहं ब्रह्म' (હું બ્રહ્મ) એવું નિર્બાધ જ્ઞાન ન થાય એમ કહે છે—'એમ ન હોય તો' ઇત્યાદિ. અભેદ પણ હોવાથી પ્રમા થાય એમ આશંકા લાવી ભેદ અને અભેદના વિરોધથી સંશય થાય એમ કહે છે—'સુનિશ્ચિત અર્થ યુક્ત થશે નહિ.' નિર્બાધ જ્ઞાન ન થાઓ તેમાં શું તેને માટે કહે છે—'કારણ કે અપવાદરહિત વિજ્ઞાન' ઇત્યાદિ. 'अहं ब्रह्म' (હું બ્રહ્મ) એવો અબાધિત નિશ્ચયજ શોક આદિને નિવૃત્ત કરે છે તેને માટે સ્મૃતિ પણ કહે છે—'સ્થિતપ્રજ્ઞલક્ષણ સ્મૃતિ' ઇત્યાદિ. આત્યન્તિક એકત્વ હોય તોજ પ્રજ્ઞા પ્રતિષ્ઠિત થાય છે, ભેદાભેદમાં નહિ. પણ જો ક્ષેત્રજ્ઞ અને પરમાત્માનો અભેદ તાત્ત્વિક છે તો ક્ષેત્રજ્ઞ અને પરમાત્મા એમ નામની બુદ્ધિથી ભેદ કેમ છે? તેમજ નિત્ય, શુદ્ધ, બુદ્ધ અને મુક્ત સ્વભાવવાળા પરમાત્માનું સંસારીપણું શી રીતે! અવિદ્યાએ કરેલા નામરૂપ ઉપાધિના બળથી સંસારિતા છે એમ કહેશો તો એ અવિદ્યા કોની છે? જીવની તો નથી; કેમકે તેને પરમાત્માથી ભેદ નથી. તેમજ પરમાત્માની પણ નથી; કેમકે તે તો વિદ્યૈકરસ છે તેથી અવિદ્યાનો આશ્રય તેને થાય એ યુક્ત નથી. તેથી સંસારિત્વ અને અસંસારિત્વ, અવિદ્યાવત્ત્વ અને વિદ્યાસ્વરૂપ વિરુદ્ધ ધર્મના સંબંધથી તેમજ નામના ભેદથી જીવ અને ઈશ્વરનો ભેદ તાત્ત્વિક છે એ શંકાનું નિરાકરણ કરવા કહે છે—'આમ ક્ષેત્રજ્ઞ અને પરમાત્મા' ઇત્યાદિ. એકનેજ વિષે ભેદ અને અભેદ તાત્ત્વિક

1 યથાર્થ જ્ઞાન.

જ્ઞાનનો વિષય છે, તેમાં ક્ષેત્રજ્ઞ અને પરમાત્મા એમ નામમાત્રનો ભેદ છે તે[illegible]
ક્ષેત્રજ્ઞ પરમાત્માથી ભિન્ન છે કે આ પરમાત્મા ક્ષેત્રજ્ઞથી ભિન્ન છે એવા પ્ર[illegible]
આત્માના ભેદને લગતો [1]નિર્બન્ધ અર્થરહિત છે; કેમકે એ આત્મા એકજ છે, [illegible]
નામમાત્રના ભેદથી તેનું બહુ પ્રકારે અભિધાન થાય છે. 'सत्यं ज्ञानमनन्तं ब्र[illegible]
यो वेद निहितं गुहायाम्' [તૈ૦ ૨।૧] (જે સત્ય, જ્ઞાનસ્વરૂપ, અનન્ત બ્રહ્મને [illegible]
હામાં રહેલું જાણે છે) એ કંઈ કોઈ એક ગુહાને ઉદ્દેશીને કહ્યું નથી; તે[illegible]
બ્રહ્મથી અન્ય, ગુહામાં રહેલો નથી; કેમકે 'तत्सृष्ट्वा तदेवानुप्राविशत्' [તૈ૦ ૨[illegible]
થાય એ યુક્ત નથી એમ પ્રથમ પાદમાં પ્રપંચથી પ્રતિપાદન કર્યું છે. દ્વૈતદર્શનની નિન્દા [illegible]
તેથી સર્વ વેદાન્ત ઐકાન્તિક અભેદ પ્રતિપાદન કરે છે એમ પ્રતીતિ થાય છે. તેમાં જેમ શુ[illegible]
બિંબથી પ્રતિબિંબોનો તાત્ત્વિક અભેદ છે તોપણ નીલમણિ, ખડ્ગ, કાચ આદિ ઉપાધિભેદથી [illegible]
કાલ્પનિક ભેદ નામના ભેદો પ્રવર્તાવે છે કે આ શુદ્ધ બિંબ છે, આ નીલોત્પલના જેવા શ્યામ [illegible]
પ્રતિબિંબો છે, ગોળ છે, દીર્ઘ છે, ઇત્યાદિ અનેક પ્રકારનાં છે એજ પ્રમાણે શુદ્ધસ્વભાવ પર-
માત્માથી જીવોનો આત્યન્તિક અભેદ છે તોપણ અનિર્વચનીય, અનાદિ અવિદ્યારૂપ ઉપાધિના
બળથી જીવોનો ભેદ કાલ્પનિક થાય છે તે તે નામમાં ભેદ પ્રવર્તાવે છે કે આ શુદ્ધ વિજ્ઞાન
અને આનન્દસ્વભાવ પરમાત્મા છે અને આ અવિદ્યાજનિત શોક, દુઃખ આદિ ભેદવાળા જીવો
છે. જોકે અવિદ્યાનો ઉપાધિ, વિદ્યાસ્વભાવ પરમાત્માને વિષે સાક્ષાત્ નથી તોપણ તેના પ્રતિ-
બિંબ જેવો જે જીવ છે તદ્દ્વારા પરમાત્માને વિષે છે એમ કહેવાય છે. એમ અન્યોન્યાશ્રય
થશે—જીવવિભાગને આશ્રયે અવિદ્યા છે અને અવિદ્યાને આશ્રયે જીવવિભાગ છે—એમ નકહેવું.
કેમકે બીજાંકુરની પેઠે અનાદિ છે. આથીજ, 'કોને ઉદ્દેશીને એ ઈશ્વર નિરર્થક માયા રચે છે!
કેમકે સૃષ્ટિના આરંભમાં ઉદ્દેશ્ય જીવનો અભાવ છે, તેમજ આત્માને વિષય [illegible]વાળા અને
સંસારી કેવી રીતે કરે!' આવા પ્રશ્નો નિરર્થક છે. ખરેખર, સંસાર અના[illegible] છે. આદિમાન્
નથી; તેમજ અવિદ્યા અને જીવનો વિભાગ પણ આદિમાન્ નથી કે [illegible] પૂછી
શકાય. અહિ નામમાત્રના ગ્રહણથી અવિદ્યાનું ઉપલક્ષણ છે ઠીક પણ [illegible] બ્રહ્મ ભિન્ન
ન હોય તો જીવ સ્ફુટ છે તેથી બ્રહ્મ પણ સ્ફુટ થાય, તેથી 'निहितं गुहायाम् [illegible] ગુહામાં
રહેલું) એ યુક્ત ન થાય તેથી કહે છે—'सत्यं ज्ञानमनन्तं ब्रह्म' ઇત્ય[illegible]
પણ આદિ બિંબની ગુહા છે તેમ પ્રતિજીવમાં ભિન્ન અવિદ્યા બ્રહ્મની ગુહા છે [illegible]
જો ભાસમાન થાય ત્યારે બિંબ તેમનાથી અભિન્ન છે તોપણ ગુહ્ય છે એમ [illegible]
થાય ત્યારે બ્રહ્મ તેનાથી અભિન્ન છે તોપણ ગુહ્ય છે. અવિદ્યા અને તેના [illegible]
રૂપી ગુહામાં રહેલો જીવ છે. તેનેજ વિષે બ્રહ્મ રહેલું છે એમ [illegible]
અવિદ્યા અને અન્તઃકરણનું ગ્રહણ કરવાનું છે તેમાં જીવભાવે પ્રતિબિં[illegible]
છે તોપણ બિંબસ્થાનીય બ્રહ્મ અસ્ફુટ છે એમ કહેવામાં કંઈ વિરોધ નથી [illegible]
અપરમાત્માને બતાવવામાં કુશળ છે. 'કોઈ એક ગુહાને' = જીવસ્થાનમાં અ[illegible]
આત્માના પ્રતિબિંબનો જે આધાર છે તેથી અન્ય. પણ એક ગુહામાં એ [illegible]
કહે છે—'તેમજ બ્રહ્મથી અન્ય' ઇત્યાદિ. સૃષ્ટિએજ પ્રવેશ કર્યો છે [illegible]
નથી. પણ અત્યન્ત અભેદ હોય તો જીવનું સ્પષ્ટ ભાન થાય છે તેથી બ્રહ્મ [illegible]
તેથી સ્પષ્ટત્વ અને અસ્પષ્ટત્વથી બન્નેનો ભેદ છે એમ શંકા કરવી યુક્ત નથ[illegible]

[1] આગ્રહ

(તેને સર્જી તેમાંજ અનુપ્રવેશ કર્યો) એમ સ્રષ્ટાનોજ પ્રવેશ શ્રુતિમાં છે. પણ જેઓ નિર્બન્ધ કરે છે તેઓ વેદાન્તના અર્થને બાધ કરતા મોક્ષમાત્રનું દ્વાર જે સમ્યગ્જ્ઞાન તેનેજ બાધ કરે છે, મોક્ષ કૃતક અને અનિત્ય છે એમ કલ્પે છે અને ન્યાયની સાથે સંગતિમાં રહેતા નથી. ॥ ૨૨ ॥

प्रकृतिश्च प्रतिज्ञादृष्टान्तानुपरोधात् ॥ २३ ॥

(બ્રહ્મ) ઉપાદાનકારણ અને (નિમિત્તકારણ) છે, પ્રતિજ્ઞા અને દૃષ્ટાન્તને ઉપરોધ ન થાય તેથી ॥ ૨૩ ॥

જેમ અભ્યુદયનો હેતુ હોવાથી ધર્મ જિજ્ઞાસ્ય છે તેમ મોક્ષનો હેતુ હોવાથી બ્રહ્મ જિજ્ઞાસ્ય છે એમ કહ્યું છે. 'जन्माद्यस्य यतः' [બ્રહ્મ સૂ૦ ૧।૧।૨] (જન્માદિ

પ્રતિદિન સ્ફુટ હોય તોપણ નિત્ય અસ્ફુટ હોય તેની પેઠે કલ્પિત ભેદથી વિરુદ્ધ ધર્મની વ્યવસ્થા યુક્ત થાય છે. સત્ય ભેદને વિષે જેમનો આગ્રહ છે તેમનો દોષ કહે છે—'પણ જેઓ નિર્બન્ધ કરે છે તેઓ' ઇત્યાદિ. આત્યન્તિક અભેદજ વેદાન્તોનો અર્થ છે ને તેનો બોધજ મોક્ષનું સાધન છે તેથી તેનો બાધ યુક્ત નથી એવો અર્થ છે. વળી ભેદાભેદવાદીઓ જ્ઞાન અને કર્મથી કૃતક મોક્ષ કલ્પે છે તેમાં અનિત્યત્વનો દોષ આવે છે. કૃતક છે તોપણ નિત્ય છે એમ કહેવાથી 'જે ક્રિયાસાધ્ય છે તે અનિત્ય છે' એ ન્યાયને બાધ આવે છે. અમારે મતે તો અનર્થધ્વંસ જ્ઞાનસાધ્ય છે તેથી અને નિત્ય, મુક્ત આત્મા માત્ર છે તેથી અનિત્યત્વનો દોષ આવતો નથી. તેટલા માટે મૈત્રેયીબ્રાહ્મણ પ્રત્યગ્બ્રહ્મને વિષે સમન્વિત છે એમ સિદ્ધ થયું ॥ ૨૨ ॥

જે પ્રતિજ્ઞાથી મૈત્રેયીબ્રાહ્મણ બ્રહ્મપ્રતિપાદક છે એમ સિદ્ધ કીધું તેજ પ્રતિજ્ઞાનથી બ્રહ્મ જગતનું ઉપાદાનકારણ છે એમ સિદ્ધ કરે છે—'પ્રકૃતિશ્ચ' ઇત્યાદિ. 'લક્ષણસૂત્રની સાથે આ અધિકરણની સંગતિ દર્શાવવા જે થઈ ગયું છે તેનું સ્મરણ કરાવે છે—'જેમ અભ્યુદયનો હેતુ હોવાથી' ઇત્યાદિ. તેમાં પ્રથમ બ્રહ્મ બુદ્ધિસ્થ થાય તેટલા માટે સામાન્ય રીતે બ્રહ્મ જગત્નુ કારણ છે એવું બ્રહ્મનું લક્ષણ આપ્યું. તેથી બુદ્ધિસ્થ બ્રહ્મને વિષે અખિલ વેદાન્તોનો સમન્વય પ્રતિપાદન કરી બ્રહ્મ જે કારણ છે તે માત્ર કર્તાજ છે, અર્થાત્, નિમિત્તકારણજ છે કે પ્રકૃતિ-ઉપાદાનકારણ અને કર્તા-નિમિત્તકારણ બન્ને છે એમ વિશેષ લક્ષણની ઇચ્છાથી આ અધિકરણ આરમ્ભાય છે. સામાન્યજ્ઞાન વિશેષજ્ઞાનના વિચારનો હેતુ હોવાથી તેની સાથે આ અધિકરણની સંગતિ છે. જો સમન્વય અધ્યાયથી એ અધિકરણ પછી આપવું યુક્ત છે તોપણ એવું તાત્પર્ય નિશ્ચિત થયું છે એવા વેદાન્તોથી ઈશ્વર નિમિત્તકારણજ છે એ મતનું નિરાકરણ કરવું સહેલું છે તેથી સમન્વય અધ્યાયને અન્તે એ લખ્યું છે. તાત્પર્ય આ છે—જગત્કારણ બ્રહ્મને વિષે વેદાન્તોનો સમન્વય કહ્યો છે એ સત્ય છે. પણ કારણ બે પ્રકારનું હોવાથી જગત્નું કારણ બ્રહ્મ છે તે નિમિત્તકારણજ છે કે ઉપાદાનકારણ પણ છે. જો પ્રથમ પક્ષ લેઈએ તો ઉપાદાનકારણ તરીકે સાંખ્યસ્મૃતિસિદ્ધ પ્રધાનનેજ સ્વીકાર કરવો પડશે. તેથી 'जन्माद्यस्य यतः' એ બ્રહ્મનું લક્ષણ અયુક્ત થશે:

૧ લક્ષણ દર્શાવનાર સૂત્ર. ૨ જે સૂત્રમાં બ્રહ્મનું લક્ષણ આપ્યું છે તે.

એનો જેમાંથી) એમ બ્રહ્મનું લક્ષણ કર્યું છે; અને તે લક્ષણ, ઘટ, રુચક આદિના મૃત્તિકા, સુવર્ણ આદિની પેઠે ઉપાદાનકારણમાં અને કુંભાર, સોની વગેરેની પેઠે નિમિત્તકારણમાં સમાન છે તેથી સંશય થાય છે કે બ્રહ્મનું કારણ કેવા સ્વરૂપનું છે. તેમાં બ્રહ્મ કેવલ નિમિત્તકારણ હોય એમ ભાસે છે. શાથી? કેમકે ઈક્ષાપૂર્વક બ્રહ્મ કર્તા છે એમ શ્રુતિમાં છે. 'स ईक्षांचक्रे' [પ્રશ્ન. ૬।૩] (તેણે ઈક્ષણ કર્યું) 'स प्राणमसृजत' [પ્રશ્ન. ૬।૪] (તેણે પ્રાણ સૃજ્યો) ઇત્યાદિ શ્રુતિઓથી બ્રહ્મ ઈક્ષાપૂર્વક કર્તા છે એમ સમજાય છે. ઈક્ષાપૂર્વકકર્તૃત્વ કુંભાર વગેરે નિમિત્તકારણોમાંજ દેખાયલું છે. ક્રિયાના ફળની સિદ્ધિપૂર્વે અનેક કારક હોવા જોઈએ એમ લોકમાં જણાયલું છે; અને એ ન્યાયનું આદિ કર્તાને વિષે પણ સંક્રમણ કરવું યુક્ત છે. વળી ઈશ્વરત્વની પ્રસિદ્ધિથી પણ (બ્રહ્મ નિમિત્તકારણ છે); કારણ કે રાજા અને વૈવસ્વત એ ઈશ્વરો નિમિત્તકારણજ છે એમ પ્રતીત થાય છે; તેમજ પરમેશ્વરને પણ નિમિત્તકારણજ સમજવો યુક્ત છે. વળી કાર્ય, આ જગત, અવયવયુક્ત, અચેતન અને અશુદ્ધ જણાય છે, તેનું કારણ પણ તેવુંજ હોવું જોઈએ; કેમકે કાર્ય અને કારણ સરખાં જોવામાં આવે છે. પણ 'निष्कलं निष्क्रियं शान्तं निरवद्यं निरञ्जनम्' [શ્વેતા૦ ૬।૧૯] (અવયવરહિત, ક્રિયાશૂન્ય, શાન્ત, દોષરહિત અને તમોરહિત) ઇત્યાદિ શ્રુતિઓથી બ્રહ્મ એવા લક્ષણવાળું સમજાતું નથી. પરિશેષથી બ્રહ્મથી અન્ય, અશુદ્ધિ આદિ ગુણવાળું, સ્મૃતિમાં પ્રસિદ્ધ, ઉપાદાનકારણ સ્વીકારવું જોઈએ; કેમકે બ્રહ્મ કારણ છે એમ પ્રતિપાદન કરનારી શ્રુતિ નિમિત્તકારણમાત્રમાં પર્યવસાન પામે છે. એમ પ્રાપ્ત થયે અમે કહીએ છીએ—બ્રહ્મને પ્રકૃતિ એટલે ઉપા-

કેમકે અતિવ્યાપ્તિ દોષ થશે; કારણ કે પ્રધાનને પણ તે લાગુ પડશે. અથવા અનન્ત દોષ થશે. જો ઉત્તર પક્ષ લેશો તો અતિવ્યાપ્તિ કે અવ્યાપ્તિ દોષ નહિ આવે ને લક્ષણ સાર્થક થશે. એ અવરોધ છે. તેમાં 'ईक्षापूर्वककर्तृत्वं प्रभुत्वमसरूपता । निमित्तकारणेष्वेव नोपादानेषु कर्हिचित् ॥' (ઈક્ષાપૂર્વક કર્તૃત્વ, પ્રભુત્વ અને અસરૂપતા એ ત્રણ નિમિત્તકારણમાંજ હોય છે, ઉપાદાનકારણમાં કદી પણ હોતાં નથી) તેથી એ કહે છે—'તેમાં બ્રહ્મ કેવલ નિમિત્તકારણ હોય' ઇત્યાદિ. 'ઈક્ષાપૂર્વક બ્રહ્મ કર્તા છે' ઈક્ષણશ્રુતિથી બ્રહ્મ કર્તા છે એમ નિશ્ચય થાય છે, તેટલા માટે 'બ્રહ્મ પ્રકૃતિ નથી, કર્તા છે માટે, જે જેનો કર્તા છે તે તેની પ્રકૃતિ નથી, જેમ કે ઘટનો કર્તા કુંભાર' એવો અર્થ છે. 'જગત્ ભિન્ન કર્તા અને ઉપાદાનવાળું છે, કાર્ય છે તેથી, ઘટની પેઠે' એમ બીજું અનુમાન સૂચવે છે—'ક્રિયાફળની સિદ્ધિપૂર્વે' ઇત્યાદિ. 'બ્રહ્મ ઉપાદાનકારણ નથી, ઈશ્વર છે તેથી, રાજાદિની પેઠે' એમ કહે છે—'વળી ઈશ્વરત્વની પ્રસિદ્ધિથી' ઇત્યાદિ. 'જગત્ બ્રહ્મ જેનું ઉપાદાનકારણ છે એવું નથી, તેથી વિલક્ષણ છે તેથી, જે એવું છે તે તેવું છે, કુંભારથી વિલક્ષણ ઘટની પેઠે' એમ કહે છે—'વળી કાર્ય, આ જગત્' ઇત્યાદિ. 'निष्कलम्' = નિરવયવ. 'निष्क्रियम्' = અચલ. 'शान्तम्' = અપરિણામી. 'निरवद्यम्' = જેમાંથી સમસ્ત દોષ જતા રહ્યા છે એવું. 'निरञ्जनम्' = અજ્ઞાનતમઃશૂન્ય. ત્યારે જગતનું સમુચિત ઉપાદાન શું તેને માટે હેતુ કહે છે—'પરિશેષથી બ્રહ્મથી અન્ય' ઇત્યાદિ. બ્રહ્મનો નિષેધ કર્યો એટલે પ્રધાનજ બાકી રહે છે એમ ધારી સિદ્ધાન્ત કહે છે—'બ્રહ્મને પ્રકૃતિ' ઇત્યાદિ.

દાનકારણ અને નિમિત્તકારણ સ્વીકારવું જોઈએ; માત્ર નિમિત્તકારણજ નહિ. શાથી? પ્રતિજ્ઞા અને દૃષ્ટાન્તના અનુપરોધથી. એ રીતે શ્રુતિનાં પ્રતિજ્ઞા અને દૃષ્ટાન્તને બાધ નહિ આવે. 'उत तमादेशमप्राक्ष्यो येनाश्रुतं श्रुतं भवत्यमतं मतमविज्ञातं विज्ञातम्' [છાન્દો૦ ૬।૧।૨-૩] (તેં અને તે ઉપદેશ પૂછ્યો છે કે જેથી નહિ શ્રવણ કરાયલું શ્રવણ કરાયલું થાય છે, નહિ મનન કરાયલું મનન કરાયલું થાય છે અને નહિ વિજ્ઞાન થયલું વિજ્ઞાન થાય છે) એ પ્રતિજ્ઞા છે. તેમાં એકનું વિજ્ઞાન થવાથી સર્વ અન્ય, જે અવિજ્ઞાન છે તેનું પણ વિજ્ઞાન થાય છે એમ સમજાય છે. એ સર્વવિજ્ઞાન ઉપાદાનકારણનું વિજ્ઞાન થયે સંભવે છે; કેમકે કાર્ય ઉપાદાનકારણથી અભિન્ન છે. નિમિત્તકારણથી તો કાર્ય અભિન્ન નથી; કેમકે લોકમાં સુથારથી મેડુલ ભિન્ન દેખાય છે. 'यथा सोम्यैकेन मृत्पिण्डेन सर्वं मृन्मयं विज्ञातं स्याद्वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम्' [છાન્દો૦ ૬।૧।૪] (હે સૌમ્ય, જેમ એક મૃત્તિકાપિંડથી સર્વ મૃત્તિકાનો વિકાર વિજ્ઞાન થાય છે, વિકાર નામમાત્ર છે કે જેનો આરંભ વાણીથી થાય છે, મૃત્તિકા એજ સત્ય છે) એમ દૃષ્ટાન્ત પણ ઉપાદાનકારણને લગતોજ શ્રુતિમાં છે. તેમજ 'एकेन लोहमणिना सर्वं लोहमयं विज्ञातं स्यात्' [છાન્દો૦ ૬।૧।૫] (એક સુવર્ણમય મણિથી સર્વ સુવર્ણવિકાર વિજ્ઞાન થાય છે) અને 'एकेन नखनि-

---

'प्रकृतिश्च' એમ સૂત્રમાં છે તેમાં ચકારથી નિમિત્તકારણનું ગ્રહણ કરવાનું છે. એમ પ્રકૃતિ અને નિમિત્ત બંને કારણ બ્રહ્મ છે એમ ગ્રહણ કરવાથી પ્રતિજ્ઞા અને દૃષ્ટાન્તને બાધ આવશે નહિ એમ કહે છે—'એ રીતે શ્રુતિનાં' ઇત્યાદિ. બ્રહ્મ કેવળ નિમિત્તકારણ નથી શાથી? પ્રતિજ્ઞા અને દૃષ્ટાન્તને ઉપરોધ ન આવે તેથી. નિમિત્તકારણમાત્ર હોવાથી તેને બાધ આવે; કેમકે 'न मुख्ये संभवत्यर्थे जघन्या वृत्तिरिष्यते। न चानुमानिकं युक्तमागमेनापबाधितम्॥ सर्वे हि तावद्वेदान्ताः पौर्वापर्येण वीक्षिताः। ऐकान्तिकाद्वैतपरा द्वैतमात्रनिषेधतः॥' (મુખ્ય અર્થ સંભવિત હોય તો ગૌણવૃત્તિ ઇષ્ટ નથી. તેમજ અનુમાનિક-પ્રધાન પણ યુક્ત નથી; કેમકે તેને શાસ્ત્રનો બાધ છે. સર્વ વેદાન્તો પૂર્વાપરસંબંધનું પર્યાલોચન કરતાં, ઐકાન્તિક અદ્વૈત પ્રતિપાદન કરે છે; કેમકે દ્વૈતમાત્રનો નિષેધ છે). તેટલા માટે અહિં પણ પ્રતિજ્ઞા અને દૃષ્ટાન્ત મુખ્યાર્થમાં લેવાં યુક્ત છે, પણ 'यजमानः प्रस्तरः' એની પેઠે ગૌણ અર્થમાં લેવાં યુક્ત નથી; કેમકે એ અર્થવાદ એ અર્થ પ્રતિપાદન કરતો નથી. પ્રતિજ્ઞા અને દૃષ્ટાન્તવાક્યો અદ્વૈત પ્રતિપાદન કરે છે અને કાર્યસમૂહ—સર્વજગત્-ઉપાદાનાત્મક હોવાથી, ઉપાદાનના જ્ઞાનથી તેનું (કાર્યનું) જ્ઞાન થાય એ યુક્ત છે. નિમિત્તકારણ તો કાર્યથી અત્યન્ત ભિન્ન હોવાથી તેના જ્ઞાનથી કાર્યનું જ્ઞાન થતું નથી. એથી બ્રહ્મ જગત્નું ઉપાદાનકારણ છે વળી જગત્નું બ્રહ્મથી અન્ય નિમિત્તકારણ થાય એ પણ યુક્ત નથી; કેમકે એથી પણ પ્રતિજ્ઞા અને દૃષ્ટાન્તનેજ બાધ આવે. તેમ હોવાથી બ્રહ્મનું વિજ્ઞાન થયે સર્વનું વિજ્ઞાન થાય નહિ, કેમકે જગત્નું નિમિત્તકારણ જે બ્રહ્મથી અન્ય તે સર્વની બહાર હોવાથી બ્રહ્મના વિજ્ઞાનથી તેનું વિજ્ઞાન થશે નહિ. કર્તાના જ્ઞાનથી પણ સર્વકાર્યનું જ્ઞાન કેમ ન થાય તેને માટે કહે છે—'નિમિત્તકારણથી તો કાર્ય અભિન્ન નથી' ઇત્યાદિ. મૃત્તિકા આદિ ઉપાદાનકારણો દૃષ્ટાન્ત તરીકે આપ્યાં છે તેથી દાર્ષ્ટાન્તિક બ્રહ્મ ઉપાદાનજ કારણ છે એમ કહેવું જોઈએ એમ કહે છે—'यथा सोम्यैकेन' ઇત્યાદિ. વિકાર વાણીથી આરંભવા યોગ્ય નામમાત્ર છે, વાસ્તવિક નથી, તેથી સત્ય કારણના જ્ઞાનથી વિકારનું જ્ઞાન યુક્ત નથી

कृन्तनेन सर्वं कार्ष्णायसं विज्ञातं स्यात्' [છાન્દો૦ ૬।૧।૬] (એક નખ કાપનાર-નરે-
ણીથી સર્વ લોઢાનો વિકાર વિજ્ઞાત થાય છે) એમ. તેમજ અન્ય સ્થળે પણ
'कस्मिन्नु भगवो विज्ञाते सर्वमिदं विज्ञातं भवति' [મુણ્ડ૦ ૧।૧।૩] (હે ભગવન્,
કોનું વિજ્ઞાન થયે એ સર્વનું વિજ્ઞાન થાય છે) એવી પ્રતિજ્ઞા છે અને 'यथा पृथि-
व्यामोषधयः संभवन्ति' [મુણ્ડ૦ ૧।૧।૭] (જેમ પૃથ્વીમાં ઓષધિઓ ઉત્પન્ન થાય
છે) એમ દૃષ્ટાન્ત છે. તેમજ 'आत्मनि खल्वरे दृष्टे श्रुते मते विज्ञात इदं सर्वं विदितम्'
(અરે, ખરેખર, આત્માનું દર્શન, શ્રવણ, મનન અને વિજ્ઞાન થયે આ સર્વ વિદિત
છે) એમ પ્રતિજ્ઞા છે, અને 'स यथा दुन्दुभेर्हन्यमानस्य न बाह्याञ्छब्दाञ्शक्नुयाद्ग्रहणा-
य दुन्दुभेस्तु ग्रहणेन दुन्दुभ्याघातस्य वा शब्दो गृहीतः' [બૃહ૦ ૪।૫।૬,૮] (જેમ
દુન્દુભિ વગડાતો હોય તેના બાહ્ય શબ્દો ગ્રહણ કરવા તે શક્તિમાન્ ન થાય, પણ
દુન્દુભિના ગ્રહણથી દુંદુભિના આઘાતથી ઉત્પન્ન થયલો શબ્દવિશેષ ગ્રહણ કરેલો થાય
છે) એમ દૃષ્ટાન્ત છે. એમ જેમ સંભવ હોય તેમ દરેક વેદાન્તમાં ઉપાદાનકારણ
સાધનારાં પ્રતિજ્ઞા અને દૃષ્ટાન્ત સમજવાં યુક્ત છે. 'यतो वा इमानि भूतानि जायन्ते'
(જેમાંથી એ ભૂતો ઉત્પન્ન થાય છે) એમાં यतः (જેથી) એ પંચમી 'जनिकर्तुः
प्रकृतिः' [પા૦ સૂ૦ ૧।૪।૩૦] એમ વિશેષ સૂત્રનું સ્મરણ છે તેથી પ્રકૃતિલક્ષણ
અપાદાનનાજ અર્થમાં સમજવી. નિમિત્તકારણ તો અન્ય અધિષ્ઠાતા ન હોવાથી
સમજવું. જેમ લોકમાં મૃત્તિકા, સુવર્ણ ઈત્યાદિ ઉપાદાનકારણ કુંભાર, સોની આદિ
અધિષ્ઠાતાની અપેક્ષા રાખીને પ્રવર્તે છે, એમ બ્રહ્મ ઉપાદાનકારણ હોઈ અન્ય અ-
ધિષ્ઠાતાની અપેક્ષાયોગ્ય નથી; કેમકે ઉત્પત્તિની પૂર્વે એકજ અદ્વિતીયની 'અવ-
ધારણા છે. અન્ય અધિષ્ઠાતાનો અભાવ પણ પ્રતિજ્ઞા અને દૃષ્ટાન્તનો ઉપરોધ ન

એવો અર્થ છે. ઉપનિષદોની સામાન્ય ગતિ એવી છે એમ દર્શાવવા મુણ્ડકમાંથી પણ પ્રતિજ્ઞા
અને દૃષ્ટાન્ત આપે છે—'**તેમજ અન્ય સ્થળે પણ**' ઇત્યાદિ. બૃહદારણ્યકમાં પણ પ્રતિજ્ઞા
અને દૃષ્ટાન્ત કહે છે—તેમજ '**आत्मनि खल्वरे**' ઇત્યાદિ '**घटः स्फुरति**' (ઘટ સ્ફુરે છે)
એમ અનુગત સ્ફુરણ પ્રકૃતિ છે, તેથી અતિરિક્ત વિકારો નથી એ અર્થ જેવી રીતે સ્ફુટ થાય
તેવી રીતે તે દૃષ્ટાન્ત કહ્યો છે. વગડાતા દુંદુભિથી ઉત્પન્ન થતા શબ્દસામાન્યથી બાહ્ય વિશેષ
શબ્દોને સામાન્ય શબ્દથી ભિન્ન તરીકે પૃથક્ સાંભળવા શ્રોતા શક્તિમાન્ થશે નહિ, પણ
સામાન્ય શબ્દના ગ્રહણથી દુન્દુભિના આઘાતથી ઉત્પન્ન થયલા વિશેષ શબ્દનુ ગ્રહણ થશે, અથવા
તેના ગ્રહણથી તેના પેટાના વિશેષ શબ્દનું ગ્રહણ થશે. આથી શબ્દસામાન્યના ગ્રહણથી ગ્રાહ્ય
વિશેષ શબ્દો સામાન્યને વિષે કલ્પિત છે. તેમજ આત્માના ભાનથી ભાસ્ય જે ઘટાદિ પદાર્થો
છે તે આત્માને વિષે કલ્પિત છે એમ સમજવું. પ્રતિજ્ઞા અને દૃષ્ટાન્તના અનુસારરૂપ લિંગથી
બ્રહ્મ ઉપાદાનકારણ છે એમ કહી પંચમી વિભક્તિનું શ્રવણ છે તેથી પણ છે એમ કહે છે—
'**यतो वा इमानि**' ઇત્યાદિ. એ મન્ત્રમાં यतः એ પંચમી પ્રકૃતિના અર્થમાં સમજવી એમ
અન્વય સમજવો. '**जनिकर्तुः प्रकृतिः**' = જાયમાન કાર્યની પ્રકૃતિને અપાદાનસંજ્ઞા થાય એવો
સૂત્રનો અર્થ છે. સંજ્ઞાનું ફળ '**अपादाने पञ्चमी**' એ સૂત્રથી પ્રકૃતિને પંચમી થાય એ લાભ
છે. એમ બ્રહ્મ પ્રકૃતિ છે એવું સાધી કર્તા છે એમ સાધે છે—'**નિમિત્તકારણનો**' ઇત્યાદિ.
'બ્રહ્મ પોતાથી અન્ય કર્તાથી અધિષ્ઠેય છે, પ્રકૃતિ છે તેથી, મૃત્તિકા આદિની પેઠે એ આદિ

૧ નિશ્ચય.

ર તેથીજ કહેલો સમજવો; કેમકે ઉપાદાનકારણથી અન્ય અધિષ્ઠાતા સ્વીકા-
ર તો એકવિજ્ઞાનથી સર્વવિજ્ઞાનનો અસંભવ થવાથી પ્રતિજ્ઞા અને દૃષ્ટાન્તનો
પરોધજ થાય. તેટલા માટે અન્ય અધિષ્ઠાતાના અભાવથી આત્મા કર્તા છે અને
અન્ય ઉપાદાનના અભાવથી આત્મા પ્રકૃતિ છે ॥ ૨૩ ॥

પણ આત્મા કર્તા અને પ્રકૃતિ શી રીતે ?—

अभिध्योपदेशाच्च ॥ २४ ॥

અને સૃષ્ટિસંકલ્પના ઉપદેશથી (બ્રહ્મ પ્રકૃતિ અને કર્તા છે) ॥૨૪॥

'सोऽकामयत बहु स्यां प्रजायेय' (તેણે ઇચ્છયું કે હું બહુ થાઉં, પ્રકૃષ્ટ જન્મ
'तदैक्षत बहु स्यां प્रजायेय' (તેણે ઇચ્છયું કે હું બહુ થાઉં, પ્રકૃષ્ટ
પામું) એમ અને 'तदैक्षत बहु स्यां प्रजायेय' ... આત્મા કર્તા અને પ્રકૃતિ છે એમ સમ-
જન્મ પામું) એમ સૃષ્ટિસંકલ્પનો ઉપદેશ આત્મા કર્તા છે એમ સમજાય
જાય છે. તેમાં સંકલ્પપૂર્વક સ્વાતન્ત્ર્યની પ્રવૃત્તિથી આત્મા કર્તા છે એમ સમજાય
છે અને 'बहु स्याम्' (બહુ થાઉં) એમ બહુ થવાનો સંકલ્પ પ્રત્યગાત્માને લાગુ પડે
છે તેથી આત્મા પ્રકૃતિ છે એમ પણ સમજાય છે ॥ ૨૪ ॥

साक्षाच्चोभयाम्नानात् ॥ २५ ॥

સાક્ષાત્ (બ્રહ્મ કારણ છે એમ કહી) ઉભય (ઉત્પત્તિ અને પ્રલય)
શ્રુતિમાં કહ્યાં છે તેથી (બ્રહ્મ પ્રકૃતિ છે) ॥ ૨૫ ॥

બ્રહ્મ પ્રકૃતિ છે તેનો આ (સૂત્ર) અભ્યુચ્ચય છે. વળી આથી બ્રહ્મ પ્રકૃતિ
છે; કેમકે સાક્ષાત્ બ્રહ્મનેજ કારણ લઈને પ્રભવ અને પ્રલય બંને શ્રુતિમાં કહ્યા
છે—'सर्वाणि ह वा इमानि भूतान्याकाशादेव समुत्पद्यन्ते । आकाशं प्रत्यस्तं यान्ति ॥'
[છાન્દો० ૧।૯।૧] (આ સર્વ ભૂતો આકાશથીજ ઉત્પન્ન થાય છે અને આકાશમાં

અનુમાનને શાસ્ત્રનો બાધ કહે છે—'કેમકે ઉત્પત્તિની પૂર્વે એકજ' ઇત્યાદિ. જગતનાં
કારણ છે એમા પણ સૂત્ર કહે છે—'અન્ય અધિષ્ઠાતાનો અભાવ પણ' ઇત્યાદિ ॥ ૨૩ ॥

એકજ ઉભયરૂપ કારણ બ્રહ્મ એમાં વિરોધ નથી એમ આ સૂત્રથી કહે છે—'પણ
આત્મા' ઇત્યાદિ. 'अभिध्या' = સંકલ્પ. અન્તઃકરણની ઇચ્છારૂપ એ સંકલ્પરૂપ સ્વા-
તન્ત્ર્યપૂર્વક કર્તૃત્વથી આત્મા નિમિત્ત છે એમ કહ્યું છે; અને 'बहु स्याम्' = બહુ થાઉં—
એવી સ્વવિષયથી ઉપાદાન છે એમ કહ્યું છે ॥ ૨૪ ॥

'અભ્યુચ્ચય' = અન્ય હેતુ. 'आकाशादेव' = બ્રહ્મથીજ. आकाशादेव એ શ્રુતિ
બ્રહ્મ જગતનું ઉપાદાનકારણ છે એમ અવધારણ કરે છે અને અન્ય ઉપાદાનનો અભાવ
સાક્ષાત્ કહે છે એમ साक्षात् એ સૂત્રનો અર્થ કહેલો છે એમ સમજવાનું છે. પણ ...

આથી બ્રહ્મ પ્રકૃતિ છે; કેમકે 'સચ્ચ ત્યચ્ચાભવત્ । નિરુક્તં ચાનિરુક્તં ચ' [તૈત્તિ૦ ૨।૬] (પ્રત્યક્ષ અને પરોક્ષ, નિર્વચન થઈ શકે એવું અને ન થઈ શકે એવું બ્રહ્મજ થયું) ઇત્યાદિથી શ્રુતિ બ્રહ્મનોજ વિકારાત્મામાં પરિણામ સામાનાધિકરણ્યથી દર્શાવે છે॥૨૬॥

યોનિશ્ચ હિ ગીયતે ॥ ૨૭ ॥

યોનિ એમ (બ્રહ્મ) ગવાય છે તેથી (બ્રહ્મ પ્રકૃતિ છે) ॥ ૨૭ ॥

વળી આથી બ્રહ્મ પ્રકૃતિ છે; કેમકે તે વેદાન્તોમાં યોનિ એમ પણ ગાય છે— 'કર્તારમીશં પુરુષં બ્રહ્મયોનિમ્' [મુણ્ડ૦ ૩।૧।૩] (કર્તા, ઈશ, પુરુષ, બ્રહ્મ, યોનિને [ધીર પુરુષો ધ્યાનથી જુએ છે]) એમ અને 'યદ્ભૂતયોનિં પરિપશ્યન્તિ ધીરાઃ' [મુણ્ડ૦ ૧।૧।૬] (જેને વિદ્વાનો ભૂતયોનિ જાણે છે) એમ. યોનિશબ્દ લોકમાં પ્રકૃતિવાચક જણાયેલો છે— 'પૃથિવી યોનિરોષધિવનસ્પતીનામ્' (ઓષધિ અને વનસ્પતિની પૃથ્વી યોનિ છે) એમ. સ્રીયોનિ પણ અવયવદ્વારા ગર્ભ પ્રતિ ઉપાદાનકારણ છેજ. ક્વચિત્ યોનિશબ્દ સ્થાનવાચક પણ છે— 'યોનિષ્ટ ઇન્દ્ર નિષદે અકારિ' [ઋ૦ સં૦ ૧।૧૦૪।૧] (હે ઇન્દ્ર, તારી બેઠક માટે મેં સ્થાન કર્યું) એમ. વળી 'યથોર્ણનાભિઃ સૃજતે ગૃહ્ણતે ચ' [મુણ્ડ૦ ૧।૧।૭] (જેમ કરોળીઓ રચે છે ને ગ્રહણ કરે છે) એવા પ્રકારના વાક્યશેષથી આ યોનિશબ્દ પ્રકૃતિવાચક છે એમ લેવાનું છે. એમ બ્રહ્મ પ્રકૃતિ છે એ સિદ્ધ છે. વળી ઇચ્છાપૂર્વક કર્તૃત્વ લોકમાં કુંભાર વગેરે નિમિત્તકારણોમાંજ દેખાયેલું છે, ઉપાદાનમાં નહિ ઇત્યાદિ જે કહ્યું છે તેનું નિરાકરણ કરી-

---

જગતની સાથે સામાનાધિકરણ્ય છે તેથી બ્રહ્મ ઉપાદાનકારણ છે. સત્ = પ્રત્યક્ષ, પૃથ્વી, જળ અને તેજોરૂપ. ત્યત્ = પરોક્ષ, વાયુ અને આકાશ રૂપ. નિરુક્તમ્ = આ આવું એમ નિર્વચનને યોગ્ય. એથી ભિન્ન તે અનિરુક્તમ્. આ સૂત્રમાં પરિણામ શબ્દ કાર્યમાત્રવાચક છે. પણ સત્કાર્યાત્મક પરિણામવાચક નથી; કેમકે 'તદનન્યત્વમ્' ઇત્યાદિથી વિવર્તવાદ વક્ષ્યમાણ છે ॥ ૨૬ ॥

વળી યોનિશબ્દથી બ્રહ્મ પ્રકૃતિ છે એમ કહે છે—'યોનિશ્ચ' ઇત્યાદિ. 'કર્તારમ્' = ક્રિયાશક્તિવાળાને. 'ઈશમ્' = નિયન્તાને. 'પુરુષમ્' = પ્રત્યક્ને: 'બ્રહ્મ' = પૂર્ણને: 'યોનિમ્' = પ્રકૃતિને—એવાને ધીર પુરુષો ધ્યાનથી જુએ છે. પૂર્વપક્ષીએ કહેલા અનુમાનનો અનુવાદ કરી તે આગમથી વિરુદ્ધ હોવાથી દુષ્ટ છે એમ કહે છે—'વળી ઇચ્છાપૂર્વક કર્તૃત્વ' ઇત્યાદિ. તાત્પર્ય આ છે—'ઈશ્વર જગતનું નિમિત્તકારણજ છે, ઇચ્છાપૂર્વક જગત્‌નો કર્તા છે તેથી, કુંભકર્તા કુંભારની પેઠે.' આ અનુમાનમાં ઈશ્વર અસિદ્ધ હોવાથી આશ્રયાસિદ્ધ હેત્વાભાસ છે અને પક્ષ અપ્રસિદ્ધ છે. તેથી ન્યાય ઘટતો નથી—'નાનુપલબ્ધે ન્યાયઃ પ્રવર્તતે' (જે ઉપલબ્ધ નથી તેને વિષે ન્યાય પ્રવર્તતો નથી). પણ આગમથી તેની સિદ્ધિ છે એમ કહેશો તો અમે કહીએ છીએ કે ખુશીની વાત છે. જેવા ઈશ્વરનું આગમ જ્ઞાન કરાવે છે તેવોજ ઈશ્વર સ્વીકારવો જોઈએ. આગમ તો ઈશ્વર નિમિત્તકારણ અને ઉપાદાનકારણ છે એમ પ્રતિપાદન કરે છે. આગમથી વિરુદ્ધ હોવાથી અનુમાન થઈ શકતું નથી તો તેથી ઈશ્વર નિમિત્તકારણ છે એમ શી રીતે પ્રતિપાદન કરાય! આ ઉપાદાન, પરિણામ આદિ કહ્યું છે તે વિકારના ઉદ્દેશથી નહિ, પણ

એ છીએ—અહિં લોકની પેઠે હોવું ન જોઈએ; કેમકે એ કંઈ અનુમાનગમ્ય અર્થ નથી; પણ એ અર્થ શબ્દગમ્ય હોવાથી શબ્દને અનુસરીને અહિં થવું જોઈએ. શબ્દ તો ઈક્ષણ કરનાર ઈશ્વર પ્રકૃતિ છે એમ પ્રતિપાદન કરે છે એમ અમે કહ્યું છે. વળી એ બધું વિસ્તારથી આગળ કહીશું ॥ ૨૭ ॥

एतेन सर्वे व्याख्याता व्याख्याताः ॥ २८ ॥

આથી સર્વે (વેદાન્તવિરોધી વાદો પ્રતિષિદ્ધ તરીકે) વ્યાખ્યાન કરાયલા, વ્યાખ્યાન કરાયલા (સમજવા) ॥ ૨૮ ॥

'**ईक्षतेर्नाशब्दम्**' [બ્રહ્મ સૂ૦ ૧।૧।૫] ([પ્રધાન જગતનું કારણ] નથી {કેમકે તે} અશબ્દ (છે) ઈક્ષિતિથી) એથી આરંભીને સૂત્રો વડે પુનઃ પુનઃ આશંકા કરી પ્રધાનકારણવાદ નિરાકરણ કર્યો; કારણ કે તે પક્ષના પોષક કેટલાક લિંગાભાસ મન્દમતિવાળાઓને વેદાન્તોમાં પ્રથમ દૃષ્ટિએ ભાસે છે. તે વાદ કાર્યકારણનો અભેદ સ્વીકારે છે તેથી વેદાન્તવાદનો સમીપસ્થ છે અને દેવલ આદિ કેટલાક ધર્મસૂત્રકારોએ પોતાના ગ્રન્થોમાં તેનો આશ્રય કર્યો છે. આથી તેના પ્રતિષેધને માટે ઘણો યત્ન કર્યો, પણ અણુ આદિ કારણવાદના પ્રતિષેધને માટે નહિ. બ્રહ્મકારણવાદપક્ષના પ્રતિપક્ષી હોવાથી તેનો પણ પ્રતિષેધ કરવો જોઈએ; કેમકે તેમનું પણ પોષક

જેમ સર્પનું ઉપાદાન રજ્જુ છે, એમ બ્રહ્મ જગતનું ઉપાદાન સમજવું. ખરેખર, નિરવયવ અને નિત્ય બ્રહ્મનો સર્વાત્માથી કે એકદેશથી પરિણામ સંભવતો નથી; કેમકે તે નિત્ય છે અને અનેકદેશ છે એમ કહ્યું છે. વળી મૃત્તિકાથી શરાવ આદિ ભિન્ન નથી, તેમજ અભિન્ન કે ભિન્નાભિન્ન પણ નથી; પરંતુ અનિર્વચનીય છે, જેમ શ્રુતિ કહે છે કે '**मृत्तिकेत्येव सत्यम्**' (મૃત્તિકા એજ સત્ય છે). તેટલા માટે ઉપક્રમ અને ઉપસંહારમાં અદ્વૈત પ્રતિપાદન કર્યું છે તેથી સર્વ વેદાન્ત ઐકાન્તિક અદ્વૈતપ્રતિપાદક છે. તેમાં કેટલાક સાક્ષાત્ અદ્વૈત પ્રતિપાદન કરે છે, કેટલાક દ્વૈતનિષેધથી, કવચિત્ જગતનું ઉપાદાન બ્રહ્મ છે એમ કહી. એટલાથી પણ ભેદનો નિષેધ થયો સમજવો. ઉપાદાનના અભિધાનમાત્રથી વિકારનું ગ્રહણ કરવાનું નથી; કેમકે વાક્યના એકદેશથી કંઈ અર્થ નક્કી થતો નથી. જગત્કર્ત્તા એ પક્ષ શ્રુતિથીજ સિદ્ધ થાય છે; કેમકે જે કૃતિ છે તે શરીરજન્ય છે એમ વ્યાપ્તિવિરોધથી નિત્યકૃતિવાળાને અનુમાનનો સંભવ નથી. તેથી શ્રુતિગમ્ય ઈશ્વરને પક્ષ કરી અનુપાદાનત્વસાધનમાં પ્રકૃતિત્વબોધક શ્રુતિથી બાધ થાય છેજ. 'આગળ' = '**न विलक्षणत्वात्**' એમ આરંભીને ॥ ૨૭ ॥

આ અતિદેશ અધિકરણનું તાત્પર્ય કહેવા માટે વૃત્તનો અનુવાદ કરે છે—'**ईक्षतेः**' ઇત્યાદિ. પ્રધાનવાદનું પ્રાધાન્યે નિરાકરણ કર્યું છે તેના હેતુઓ કહે છે—'કારણ કે તે પક્ષના' ઇત્યાદિ. ત્યારે અણુ આદિ વાદોની ઉપેક્ષા કરવી જોઈએ; કેમકે તે દુર્બલ છે તેથી કહે છે—'...' ઇત્યાદિ. પણ તે વાદો નિર્મૂલ છે તો પ્રતિપક્ષો શી રીતે થાય તેને માટે કહે છે—'કેમકે તેમનું પણ પોષક' ઇત્યાદિ. કેમકે છાન્દોગ્યમાં જગતનું કારણ સમ-

કંઈક વૈદિક લિંગ મન્દમતિવાળાઓને પ્રથમ દૃષ્ટિથી લાગે. આથી 'પ્રધાનમલ્લ-[1] નિબર્હણ ન્યાયથી 'અતિદેશ[2] કરે છે—આથી એટલે પ્રધાનકારણવાદના પ્રતિષેધ કરનારા ન્યાયસમૂહથી સર્વ અણુ આદિ કારણવાદો પણ પ્રતિષિદ્ધ તરીકે વ્યાખ્યાન કરાયલા સમજવા; કેમકે તેઓ પણ પ્રધાનની પેઠે અશબ્દ અને શબ્દ-વિરુદ્ધ છે. 'व्याख्याता व्याख्याताः' એમ પદનો 'અભ્યાસ[3] અધ્યાયની સમાપ્તિ સૂચવે છે ॥ ૨૮ ॥

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यश्रीमच्छङ्करभगवत्पूज्यपादकृतौ शारीरक-
मीमांसाभाष्ये भाष्यानुवादे प्रथमाध्यायस्य चतुर्थः पादः ॥ ४ ॥

इति प्रथमोऽध्यायः ॥ १ ॥

શ્રીમત્પરમહંસપરિવ્રાજકાચાર્યશ્રીમચ્છંકરભગવત્પૂજ્યપાદકૃતિ શારીરકમીમાંસાભાષ્યમાં ભાષ્યા-
નુવાદમાં પ્રથમ અધ્યાયનો ચતુર્થ પાદ સમાપ્ત ॥ ૪ ॥ પ્રથમ અધ્યાય સમાપ્ત ॥ ૧ ॥

લાવવા માટે પિતાએ પુત્રને કહ્યું કે આ વડના ફળમાંથી એક બીજ. પુત્રે કહ્યું. હે ભગવન્, ભાંગ્યું. ફરીથી પિતાએ કહ્યું કે એમાં શું જુએ છે. પુત્રે કહ્યું, ભગવન્, 'न किंचन' = કંઈ નહિ. પછી પિતાએ કહ્યું કે અણિમાને જોતો નથી! न ને किंचन શબ્દથી શૂન્યવાદ અને સ્વભાવવાદની પ્રતીતિ થાય છે; ને अणुशब्दથી પરમાણુવાદ પ્રતીત થાય છે. એમ 'असदेवाग्रे आसीत्' (અસત્સ્વરૂપજ આરંભમાં હતું), 'अणोरणीयान्' (અણુથી વધારે અણુ) ઇત્યાદિ લિંગ સમજવાં. 'આથી એટલે પ્રધાનકારણવાદના પ્રતિષેધ કરનારા ન્યાયસમૂહથી' ઇત્યાદિ. न किंचन અને असत् શબ્દો પ્રત્યક્ષને અયોગ્ય વસ્તુના પ્રતિપાદક છે; ને अणुशब्द સૂક્ષ્મપર છે તેથી એ વાદો પ્રધાનવાદની પેઠે અશ્રૌત છે અને બ્રહ્મ કારણ છે એમ પ્રતિપાદન કરનાર શ્રુતિથી બાધિત છે તેટલા માટે બ્રહ્મજ પરમ કારણ છે ને તેને વિષે સર્વ વેદાન્તોનો સમન્વય છે. ॥ ૨૮ ॥

इति श्रीमत्परमहंसपरिव्राजकाचार्यश्रीमच्छङ्करभगवत्पूज्यपादकृतौ शारीरक-
मीमांसाभाष्ये टीकाग्रन्थानां गुर्जरगिरानुवादे प्रथमाध्यायस्य चतुर्थः
पादः । इति प्रथमोऽध्यायः ॥

શ્રીમત્પરમહંસપરિવ્રાજકાચાર્યશ્રીમચ્છંકરભગવત્પૂજ્યપાદકૃતિ શારીરકમીમાંસાભાષ્યમાં
ટીકાગ્રન્થોના ગુર્જરગિરાથી અનુવાદમાં પ્રથમ અધ્યાયનો ચતુર્થ પાદ
સમાપ્ત ॥ ૪ ॥ પ્રથમ અધ્યાય સમાપ્ત ॥ ૧ ॥

---

૧ પ્રધાન મલ્લનો નાશ કર્યો એટલે મલ્લોનો નાશ કર્યો સમજવો એ ન્યાયથી. ૨ એને માટે પૃ૦ ૨૯ ટિ. ૧૮ જુઓ. ૩ પુનરુક્તિ.

अथ द्वितीयोऽध्यायः ॥

સર્વજ્ઞ, સર્વેશ્વર જગતનું ઉત્પત્તિકારણ છે જેમ મૃત્તિકા. સુવર્ણ આદિ, ઘટ, ર્‍ચક આદિનું છે, ઉત્પન્ન થયલા જગતનું નિયન્તા તરીકે સ્થિતિકારણ છે. જેમ માયાવી માયાનું છે, અને પ્રસાર પામેલા જગતનું ફરી પોતાને વિષેજ ઉપસંહારકારણ છે, જેમ પૃથ્વી ચાર પ્રકારના ભૂતસમૂહનું છે, અને તેજ (સર્વજ્ઞ, સર્વેશ્વર) આપણા સર્વના આત્મા છે એમ પ્રથમ અધ્યાયમાં વેદાન્તવાક્યોનો સમન્વય પ્રતિપાદન કરીને પ્રતિપાદન કર્યું છે અને પ્રધાન આદિ કારણવાદોનું શ્રુતિપ્રતિપાદિત ન હોવાને લીધે નિરાકરણ કર્યું છે. હવે સ્વપક્ષમાં સ્મૃતિ અને ન્યાયના વિરોધનો પરિહાર, પ્રધાનાદિવાદોનું [2]ન્યાયાભાસ પર પુષ્ટ થવું, અને પ્રતિવેદાન્તમાં સૃષ્ટિ આદિ પ્રક્રિયાનું અવિરુદ્ધત્વ—એટલા અર્થસમૂહને પ્રતિપાદન કરવા માટે બીજો અધ્યાય આરંભાય છે. તેમાં પ્રથમ સ્મૃતિવિરોધનો ઉપન્યાસ કરી પરિહાર કરે છે.—

स्मृत्यनवकाशदोषप्रसङ्ग इति चेन्नान्यस्मृत्यनवकाशदोषप्रसङ्गात् ॥१॥

(બ્રહ્મ જગતનું કારણ નથી; કેમકે) સ્મૃતિના અનવકાશરૂપ દોષનો પ્રસંગ (આવશે) એમ જો (કહેશો તો) નહિ, કેમકે અન્ય સ્મૃતિના અનવકાશરૂપ દોષનો પ્રસંગ (આવશે) ॥ ૧ ॥

સર્વજ્ઞ બ્રહ્મજ જગતનું કારણ છે એમ જે કહ્યું છે તે અયુક્ત છે. શાથી?

પૂર્વ અને ઉત્તર અધ્યાયનો સંબંધ દર્શાવવા વૃત્તનો અનુવાદ કરેછે—'સર્વજ્ઞ, સર્વેશ્વર' ઇત્યાદિ. જન્માદિ સૂત્રથી આરંભી બ્રહ્મ જગતની ઉત્પત્તિ આદિનું કારણ છે એમ પ્રતિપાદન કર્યું છે, '**शास्त्रदृष्ट्या तु**' (૧।૧।૩૦) ઇત્યાદિ સૂત્રોમાં એજ બ્રહ્મ અદ્વિતીય સર્વનો આત્મા છે એમ પ્રતિપાદન કર્યું છે અને '**आनुमानिकम्**' (૧।૪।૧) ઇત્યાદિથી અન્ય કારણ અશ્રૌત છે—શ્રુતિપ્રતિપાદિત નથી—એમ દર્શાવ્યું છે. આ પ્રમાણે પ્રથમ અધ્યાયના અર્થનો અનુવાદ કરી તેજ અર્થમાં વિરોધનો પરિહાર કરવો એ જે દ્વિતીય અધ્યાયનો અર્થ તેને પાદને ક્રમે સંક્ષેપથી કહે છે—'**હવે સ્વપક્ષમાં**' ઇત્યાદિ. આ અધ્યાયના પ્રથમ પાદમાં શ્રુતિનો સમન્વય બ્રહ્મને વિષે છે તે સમન્વયને સાંખ્ય આદિ સ્મૃતિની યુક્તિઓથી જે વિરોધ છે તેનો પરિહાર કર્યો છે; દ્વિતીય પાદમાં સાંખ્ય આદિ શાસ્ત્રો ભ્રાન્તિમૂલક છે એમ અવિરોધ દર્શાવવા પ્રતિપાદન કર્યું છે; તૃતીય પાદમાં પ્રતિવેદાન્તમાં સૃષ્ટિશ્રુતિ અને જીવાત્મશ્રુતિઓ વ્યોમ આદિ મહાભૂતોનો જન્મ, લય, ક્રમ આદિ કહે છે તેથી તેમનો અવિરોધ છે એમ દર્શાવ્યું છે; અને ચતુર્થ પાદમાં લિંગશરીરશ્રુતિઓનો અવિરોધ પ્રતિપાદન કર્યો છે. તેમાં અજ્ઞાત અર્થમાં વિરોધની શંકા કે સમાધાન યુક્ત નથી, તેથી પહેલો જે સમન્વય અધ્યાય તેથી પર બીજો જે અવિરોધ અધ્યાય તે આવે એ યુક્ત છે. તેમાં પ્રથમ અધિકરણનું તાત્પર્ય કહે છે—'**તેમાં પ્રથમ સ્મૃતિવિરોધનો**' ઇત્યાદિ. તેમાં બ્રહ્મને વિષે વેદાન્તનો સમન્વય એ વિષય છે. તે સાંખ્યસ્મૃતિથી વિરુદ્ધ છે કે નહિ એમ સ્મૃતિના પ્રામાણ્ય અને અપ્રામાણ્યને વિષે સંશય થયે પૂર્વપક્ષ કહે છે—'સર્વજ્ઞ બ્રહ્મજ જગતનું કા

૧. સોનાનું ઘરેણું, મુખ્યત્વે કડું. ૨. ન્યાય નહિ, પણ ન્યાયનો આભાસ.

અનવકાશરૂપ દોષના પ્રસંગથી. પરમ ઋષિએ રચેલી અને શિષ્ટજને પરિ-
(ગ્રહે)લી તન્ત્ર નામની સ્મૃતિ અને તેને અનુસરતી બીજી સ્મૃતિઓ, એમ
અનવકાશરહિત થવાનો પ્રસંગ આવે; કેમકે તેઓમાં અચેતન, પ્રધાન જગ-
ત્નું કારણ તરીકે નિર્દિષ્ટ કરેલું છે. 'ચોદનાલક્ષણ અગ્નિહોત્ર આદિ ધર્મ-
(ની) અપેક્ષા કરાવતા અર્થનો બોધ કરતી મનુ આદિ સ્મૃતિઓ તો સાવકાશ'
(આ) વર્ણને આ કાળમાં આ વિધાનથી ઉપનયન કરવું, આવો આચાર, આ
(પ્રમાણે) વેદનું અધ્યયન કરવું, આ પ્રમાણે સમાવર્તન કરવું, આ પ્રમાણે સહધર્મચા-
(રિણી) સાથે સંયોગ કરવો એમ (બોધ કરતી). તેમજ પુરુષને કામના, નાના પ્રકા-
(રના) વર્ણાશ્રમધર્મનું વિધાન કરે છે. અનુષ્ઠાનયોગ્ય વિષયમાં કપિલ આદિ સ્મૃતિઓને
(તેવી) રીતે અવકાશ નથી; કેમકે મોક્ષનું સાધન જે સમ્યગ્દર્શન તેને ઉદ્દેશીને તે
(ર)ચેલી છે. જો તેમાં પણ તે અવકાશરહિત થાય, તો તેમને નિરર્થક થવાનો પ્ર-
સંગ આવે. તેટલા માટે તેમની સાથે વિરોધ ન થાય એવી રીતે વેદાન્તોનું
વ્યાખ્યાન કરવું યુક્ત છે. પણ ઈક્ષતિ આદિ હેતુઓથી સર્વજ્ઞ બ્રહ્મ જગતનું
કારણ છે એમ નક્કી કરેલા શ્રુતિના અર્થનો સ્મૃતિના અનવકાશરૂપ દોષના

(પ્ર)સંગ છે' ઇત્યાદિ. 'તન્ત્ર' = तन्यन्ते व्युत्पाद्यन्ते तत्त्वान्यनेनेति तन्त्रम्—એ વડે તત્ત્વોની
વ્યુત્પત્તિ કરાતી છે તે તન્ત્ર, કપિલે રચેલું શાસ્ત્ર. 'બીજી સ્મૃતિઓ' = આસુરિ, પંચ-
શિખ આદિઓએ રચેલી સ્મૃતિઓ. 'એમ હોવાથી' = વેદાન્તોનો અદ્વિતીય બ્રહ્મને વિષે
સમન્વય થાય તો. 'અનવકાશરહિત થવાનો પ્રસંગ આવે' = નિરર્થક થાય એમ સમજવું.
મનુ આદિ સ્મૃતિઓમાં જેમ ધર્મ પ્રતિપાદન કર્યો છે તેમ એ સ્મૃતિઓમાં (કપિલ આદિની સ્મૃ-
તિઓમાં) નથી. એમાં તો મોક્ષજ પ્રતિપાદન કર્યો છે. માટે મોક્ષનું પણ અભિધાન ન કરે
તો તેઓ નિરવકાશ થઈ અપ્રમાણ થવાનો પ્રસંગ આવે એમ સમજવું. પણ એ સ્મૃતિઓમાં
પણ પ્રકૃત પ્રતિપાદન કર્યું છે તેથી વિરોધ નથી એમ કોઈ કહે તો તેને માટે કહે છે—'તે-
એમાં અચેતન પ્રધાન' ઇત્યાદિ. પણ સાંખ્યસ્મૃતિને પ્રમાણભૂત મળવા માટે પ્રધાનવાદ
સ્વીકારીએ તો મનુ આદિ સ્મૃતિઓ અપ્રમાણ થાય એમ શંકા કરી તેઓ તો ધર્મનું પ્રતિ-
પાદન કરે છે તેથી સાવકાશ છે માટે તેમના પ્રામાણ્યને બાધ નથી એમ કહે છે—'ચોદના-
લક્ષણ અગ્નિહોત્ર આદિ ધર્મસમૂહથી' ઇત્યાદિ. ત્યારે સાંખ્ય આદિ સ્મૃતિઓનું પણ ધર્મને
વિષે તાત્પર્ય છે તેથી તેમને પ્રમાણભૂત થવા દો, તત્ત્વ તો પ્રકરણ છે એમ અવિરોધ છે
એવી આશંકાનું સમાધાન કરે છે—'અનુષ્ઠાનયોગ્ય વિષયમાં' ઇત્યાદિ. તત્ત્વને વિષે વિક-
લ્પ યુક્ત નથી તેથી નિરવકાશ સ્મૃતિને અનુસરતી શ્રુતિનું વ્યાખ્યાન કરવું યુક્ત છે. કેમકે
સાવકાશ અને નિરવકાશ એ બેમાં નિરવકાશ વિશેષ બળવાન છે એવો ન્યાય છે. એમ કહે
છે—'તેટલા માટે તેઓની સાથે વિરોધ ન થાય એવી રીતે' ઇત્યાદિ. પણ શ્રુતિ સાથે
વિરોધ હોય તો સ્મૃતિનું સમાધાન થઈ શકે છે. માટે પૂર્વપક્ષ યુક્ત નથી એમ શંકા કરી કહે છે—
'પણ ઈક્ષતિ આદિ હેતુઓથી' ઇત્યાદિ. કેમકે સ્વતન્ત્ર રીતે શ્રુતિનો અર્થ જણાવવા રહિ-
ત છે તેમને તો પૂર્વપક્ષ ઘટતો નથી. પણ સાંખ્યદર્શનને વિષે જેમને શ્રદ્ધા છે તેમને તો

૧ દેખો છે દશ એવું એવા 'चोदनालक्षणोऽर्थो धर्मः' ... ૨ નાનાપ્રકારના. ૩ ઈક્ષતેર્નાશબ્દમ્
(બ્ર૦ સૂ૦ ૧।૧।૫).

૫૫

પ્રસંગથી ફરી આક્ષેપ શા માટે કરાય છે? જેમની બુદ્ધિ સ્વતન્ત્ર છે તેમને તો એ અનાક્ષેપ થાય. પણ ઘણે ભાગે મનુષ્યોની બુદ્ધિ પરતન્ત્ર છે તેથી તેઓ સ્વતન્ત્રતાથી શ્રુતિના અર્થનો નિર્ણય કરવા શક્તિમાન ન હોવાથી જે સ્મૃતિઓના રચનારાઓ પ્રસિદ્ધ છે એવી સ્મૃતિઓ ઉપર અવલંબન કરે અને તેના બળથી શ્રુતિનો અર્થ જાણવા ઇચ્છે, અને સ્મૃતિઓના [1]પ્રણેતાઓ વિષે બહુમાન હોવાથી અમારા કરેલા વ્યાખ્યાન પર વિશ્વાસ ન રાખે. વળી કપિલ આદિનું જ્ઞાન આર્ષ અને અપ્રતિહત છે એમ સ્મૃતિ કહે છે. 'ऋषिं प्रसूतं कपिलं यस्तमग्रे ज्ञानैर्बिभर्ति जायमानं च पश्येत्' [શ્વેતા૦ ૫।૨] (જે સૃષ્ટિકાળમાં જન્મતા કપિલ ઋષિને અને સ્થિતિકાળમાં જન્મ પામેલાને જ્ઞાનથી ધારણ કરે છે તે ઈશ્વરનું દર્શન કરવું) એવી શ્રુતિ પણ છે. તેટલા માટે એમનું મત અયથાર્થ ગણવું યુક્ત નથી. વળી એઓ તર્કને અવલંબીને પોતાનો અર્થ સ્થાપન કરે છે. તેટલા માટે પણ સ્મૃતિના બળથી વેદાન્તોનું વ્યાખ્યાન કરવું જોઈએ એમ ફરી આક્ષેપ થાય છે. તેનું સમાધાન 'नान्यस्मृत्यनवकाशदोषप्रसङ्गादिति' (નહિ, કેમકે અન્ય સ્મૃતિના અનવકાશરૂપ દોષનો પ્રસંગ આવશે) એ છે. જો સ્મૃતિના અનવકાશરૂપ દોષના પ્રસંગથી [2]ઈશ્વરકારણવાદનો આક્ષેપ કરાય તો એમ પણ બીજી, ઈશ્વર જગતનું કારણ છે એમ કહેનારી સ્મૃતિઓને અનવકાશ થવાનો પ્રસંગ આવશે. તેઓનું ઉદાહરણ આપીશું. 'यत्तत्सूक्ष्ममविज्ञेयम्' (જે તે સૂક્ષ્મ, અવિજ્ઞેય છે) એમ પરબ્રહ્મને પ્રસ્તવીને 'स ह्यन्तरात्मा भूतानां क्षेत्रज्ञश्चेति कथ्यते' (તે ખરેખર, પ્રાણીઓનો અન્તરાત્મા અને ક્ષેત્રજ્ઞ કહેવાય છે) એમ કહી 'तस्मादव्यक्तमुत्पन्नं त्रिगुणं द्विजसत्तम' (હે દ્વિજશ્રેષ્ઠ, તેમાંથી ત્રણ ગુણવાળું અવ્યક્ત ઉત્પન્ન થયું છે) એમ કહે છે. તેમજ બીજે સ્થળે પણ 'अव्यक्तं पुरुषे ब्रह्मन् निर्गुणे संप्रलीयते' (હે બ્રહ્મન્, નિર્ગુણ પુરુષમાં અવ્ય-

---

'જેમની બુદ્ધિ સ્વતન્ત્ર છે તેમને તો' ઇત્યાદિ. થાયજ એમ પૂર્વપક્ષી સમાધાન કરે છે—'જેમની બુદ્ધિ સ્વતન્ત્ર છે તેમને તો' ઇત્યાદિ. સિદ્ધ કરેલો અર્થ પણ શ્રદ્ધાજડ પુરુષો માટે ફરી સિદ્ધ કરે છે એમ સમજવું. કપિલ આદિઓને અતીન્દ્રિય અર્થનું જ્ઞાન છે, તેથી તેમને વિષે શ્રદ્ધા થાય એમ કહે છે—'વળી કપિલ આદિનું જ્ઞાન' ઇત્યાદિ. 'ऋषिं प्रसूतम्' ઇત્યાદિ. જે ઈશ્વર સૃષ્ટિના આરંભમાં ઉત્પન્ન થતા કપિલ નામના ઋષિને અને સ્થિતિકાળમાં પ્રસૂત થયલાને ભૂત, ભવિષ્યત્ અને વર્તમાન વિષયક જ્ઞાનથી પોષે છે તે ઈશ્વરનું દર્શન કરવું, એમ વાક્યયોજના કરવી. જેમ સાંખ્યસ્મૃતિના વિરોધથી બ્રહ્મવાદ ત્યાજ્ય છે એમ તું કહે છે તેમ અન્ય સ્મૃતિના વિરોધથી પ્રધાનવાદ ત્યાજ્ય છે એમ હું કહું છું એવો સિદ્ધાન્ત કરે છે—'તેનું સમાધાન' ઇત્યાદિ. જેમ શ્રુતિઓમાં બ્રહ્મને વિષે સમન્વય હોવાથી વિરોધ નથી તેમ સ્મૃતિઓનો પ્રધાનને વિષે સમન્વય નથી; કેમકે ઘણી સ્મૃતિઓ બ્રહ્મનું પ્રતિપાદન કરે છે. તેટલા માટે અવિરોધ હેતુથી શ્રુતિનો અર્થજ–બ્રહ્મજ–આસ્થા રાખવા યુક્ત છે, સ્મૃતિનો અર્થ–પ્રધાન–નથી; કેમકે તેમાં વિરોધ છે. 'सूक्ष्मम्' = અતીન્દ્રિય. 'अविज्ञेयम्' = અન્ય પ્રમાણથી જેમાં અવગાહન ન થાય એવું. ત્યારે સર્વ પ્રમાણથી અગમ્ય હોવાથી તે છેજ નહિ એવી આશંકાનું સમાધાન કરે છે—'स ह्यन्तरात्मा' ઇત્યાદિ. 'अव्यक्तम्' = માયાને વિષે લીન થયલું સૂક્ષ્માત્મક જગત્

---

૧ રચનારાઓ. ૨ ઈશ્વર જગત્નું કારણ છે એ મત.

ણ લય પામે છે) એમ કહે છે. 'अतश्च संक्षेपमिमं शृणुध्वं नारायणः सर्वमिदं पुराणः। स सर्गकाले च करोति सर्वं संहारकाले च तदत्ति भूयः॥' (અને આથી તમે આ સંક્ષેપ સાંભળો. આ સર્વ, પુરાણ નારાયણ છે. તે સૃષ્ટિકાળમાં સર્વ ઉત્પન્ન કરે છે અને સંહારકાળમાં તેનું પાછું ભક્ષણ કરે છે) એમ પુરાણમાં છે. 'अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा' [ભગ૦ ગી૦ ૭।૬] (હું આખા જગતનું ઉત્પત્તિસ્થાન અને પ્રલયસ્થાન છું) એમ ભગવદ્ગીતામાં પણ છે. પરમાત્માને પ્રસ્તાવીનેજ આપસ્તમ્બ કહે છે—'तस्मात् कायाः प्रभवन्ति सर्वे स मूलं शाश्वतिकः स नित्यः' [ધ૦સૂ૦૧।૮।૨૩।૨] (તે ઈશ્વરમાંથી સર્વ કાયા ઉત્પન્ન થાય છે, તે ઉપાદાન છે, કૂટસ્થ છે, તે નિત્ય છે) એમ. એમ અનેક રીતે સ્મૃતિઓમાં ઈશ્વરને કારણ અને ઉપાદાન તરીકે પ્રકાશિત કર્યો છે. સ્મૃતિઓથી સામા ઊભા થનારને સ્મૃતિઓથીજ ઉત્તર કહીશ એ હેતુથી અન્ય સ્મૃતિના અનવકાશરૂપ દોષનો ઉપન્યાસ કર્યો છે. શ્રુતિઓનું તો તાત્પર્ય ઈશ્વરકારણવાદ પ્રતિ છે એમ દર્શાવ્યું છે. વળી સ્મૃતિઓના વિરોધમાં એકનું પરિગ્રહણ અને અન્યનો ત્યાગ અવશ્ય કર્તવ્ય હોવાથી શ્રુતિને અનુસરતી સ્મૃતિઓ પ્રમાણ છે અને અન્યની અપેક્ષા કરવી યુક્ત નથી; કેમકે પ્રમાણલક્ષણમાં કહ્યું છે કે 'विरोधे त्वनपेक्षं स्यादसति ह्यनुमानम्' [જૈ૦ સૂ૦ ૧।૩।૩] (શ્રુતિ સાથે વિરોધ

ઇતિહાસવાક્યો કહીને પુરાણની સમ્મતિ કહે છે—'अतश्च संक्षेपमिमम्' ઇત્યાદિ. 'प्रभवः' = જન્મહેતુ. 'प्रलयः' = લયનું અધિષ્ઠાન; લયનો હેતુ. 'कायाः' = બ્રહ્માદિથી સ્તમ્બપર્યન્ત દેહ. તે પરમાત્મામાંથી બ્રહ્માદિ સ્તમ્બપર્યન્ત સર્વ દેહ ઉત્પન્ન થાય છે એમ તે નિમિત્તકારણ છે એમ કહ્યું છે. તેજ મૂલ છે એમ તે ઉપાદાનકારણ છે એમ પ્રતિપાદન કર્યું છે. પરમાત્મા શું પરિણામી છે? નહિ. 'शाश्वतिकः' છે, એટલે કૂટસ્થ છે. અનાદિ છે અને 'नित्यः' છે, નાશશૂન્ય છે. પણ સાંખ્યસ્મૃતિને શ્રુતિનો વિરોધ છે એમ નથી કહ્યું તેને માટે કહે છે—'સ્મૃતિઓથી સામા ઊભા થનારને' ઇત્યાદિ. સ્મૃતિઓમાં પરસ્પર વિરોધ હોય તો તત્ત્વનો નિર્ણય શી રીતે કરવો તેને માટે કહે છે—'શ્રુતિઓનું તો તાત્પર્ય' ઇત્યાદિ. શ્રુતિઓથી તત્ત્વનો નિર્ણય કરવો એવો અર્થ છે. ત્યારે સ્મૃતિઓની શી ગતિ તેને માટે કહે છે—'વળી સ્મૃતિઓના વિરોધમાં' ઇત્યાદિ. વસ્તુતત્ત્વમાં સ્મૃતિઓ પરસ્પરવિરુદ્ધ હોય તો વસ્તુને વિષે વિકલ્પ યુક્ત નથી તેથી 'કૢપ્તશ્રુતિમૂલ' જે સ્મૃતિઓ હોય તેજ પ્રમાણ છે. પણ અન્ય સ્મૃતિઓ જે 'કલ્પ્યશ્રુતિમૂલ' છે તે પ્રમાણ નથી. કૢપ્ત શ્રુતિ સાથે વિરોધ હોય તો સ્મૃતિ પ્રમાણ નથી એને માટે જૈમિનિનો ન્યાય કહે છે—'विरोधे त्वनपेक्षं स्यात्' ઇત્યાદિ. 'औदुम्बरीं स्पृष्ट्वोद्गायेत्' (ઉદુમ્બર વૃક્ષની શાખાને સ્પર્શ કરીને સામવેદ ગાવો) એ પ્રત્યક્ષશ્રુતિથી વિરુદ્ધ 'सा सर्वा वेष्टयितव्या' (તે સર્વનું વેષ્ટન કરવું—તે સર્વ વીંટાળવી) એ સ્મૃતિ પ્રમાણ છે કે નહિ એમ સંશય થયે મૂલ શ્રુતિથી એનું અનુમાન થવાથી એ પ્રમાણભૂત છે એમ પ્રાપ્ત થયે સિદ્ધાન્ત કહે છે કે 'विरोधे त्वनपेक्षं स्यात्' ઇત્યાદિ. કૢપ્ત શ્રુતિ સાથે વિરોધ થવાથી સ્મૃતિનું પ્રામાણ્ય અપેક્ષાશૂન્ય-હેય-ત્યાજ્ય છે. અર્થાત્, કૢપ્ત શ્રુતિ સાથે સ્મૃતિનો વિરોધ હોય તો તે સ્મૃતિ પ્રમાણભૂત નથી. તાત્પર્ય એ છે કે વિરોધ ન હોય તો શ્રુતિનું અનુમાન થાય છે અને વિરુદ્ધ હોય તો ત્યાજ્ય છે. પણ ત્યાજ્ય છે. કારણ કે વિરોધ ન હોય તો ગ્રાહ્ય છે અનુમિત શ્રુતિ કૢપ્ત શ્રુતિથી વિરુદ્ધ ન હોય તો

૧ કલ્પેલી. ૨ કલ્પવાની અનુમતિ.

હોય તો સ્મૃતિનું પ્રામાણ્ય અપેક્ષારહિત-ત્યાજ્ય છે; કેમકે વિરોધ ન હોય તો શ્રુતિનું અનુમાન કરવું) એમ. તેમજ અતીન્દ્રિય અર્થો શ્રુતિ સિવાય કોઈ ગ્રહણ કરે છે એમ માનવું શક્ય નથી; કેમકે નિમિત્ત નથી. કપિલ આદિ સિદ્ધોને એ શક્ય છે; કેમકે તેમનું જ્ઞાન અપ્રતિહત છે એમ કહેશો તો તે યુક્ત નથી; કેમકે સિદ્ધિ પણ સાપેક્ષ છે. ખરેખર, સિદ્ધિને ધર્મના અનુષ્ઠાનની અપેક્ષા છે, અને તે ધર્મ પ્રેરણાલક્ષણ છે. તેથી પૂર્વસિદ્ધ પ્રેરણાના અર્થની પાછળથી સિદ્ધ થએલા પુરુષના વચનબળથી અતિશંકા કરવી શક્ય નથી. સિદ્ધોનાં વચનનો આશ્રય કરી વેદાર્થની કલ્પનામાં પણ સિદ્ધો બહુ હોવાથી દર્શાવેલી રીતે સ્મૃતિઓનો વિરોધ હોય તો શ્રુતિના આશ્રય સિવાય બીજું નિર્ણયકારણ નથી. જેની બુદ્ધિ પરતન્ત્ર છે એવા પુરુષનો પણ અકસ્માત્ અમુક સ્મૃતિ ઉપર પક્ષપાત યુક્ત નથી; કેમકે કોઈકનો ક્વચિત્ પક્ષપાત થયે પુરુષબુદ્ધિ વિશ્વરૂપ હોવાથી તત્ત્વની અવ્યવસ્થા થવાનો પ્રસંગ આવશે. તેટલા માટે સ્મૃતિઓના વિરોધનો ઉપન્યાસ કરી, શ્રુતિના અનુસાર અને અનનુસાર વિષે વિવેચન કરી તેની પણ બુદ્ધિ સન્માર્ગમાં આણવી યુક્ત છે. કપિલનું અતિશય જ્ઞાન પ્રદર્શાવતી જે શ્રુતિ બતાવી છે તેથી

સર્વવેદનસ્મૃતિ તો વિરુદ્ધ હોવાથી અનુમાન યોગ્ય નથી તેથી [illegible] અભાવ હોવાથી અપ્રમાણ છે. ત્યારે સાંખ્યસ્મૃતિનું મૂળ પ્રત્યક્ષ જ્ઞાન [illegible] 'તેમજ અતીન્દ્રિય અર્થો' ઇત્યાદિ. કપિલ આદિ ઋષિઓએ [illegible] વેદનો અર્થ જે ધર્મ તેના અનુષ્ઠાનથી સિદ્ધિ સંપાદન કરી [illegible] સ્મૃતિને અનુસારે અનાદિ શ્રુતિનો બાધ યુક્ત નથી એમ પરિહાર [illegible] યુક્ત નથી; કેમકે સિદ્ધિ પણ સાપેક્ષ છે' ઇત્યાદિ, 'અતિશંકા કરવી' [illegible] નિશ્ચય કરી ઉપચરિત અર્થની શંકા કરવી યુક્ત નથી. [illegible] છે, વેદ એનો આધારભૂત નથી એમ કહેવું યુક્ત નથી; કેમકે [illegible] સિદ્ધ છે એમ માનવું પ્રમાણભૂત નથી. કપિલાદિ સ્વતઃસિદ્ધ છે [illegible] કહે છે—'સિદ્ધોનાં વચનનો આશ્રય કરી વેદાર્થની કલ્પનામાં પણ [illegible] ઇશ્વરની પેઠે આજન્મસિદ્ધ-જન્મસિદ્ધ નથી અને સિદ્ધ માનીએ [illegible] તેની ઉક્તિને આશ્રયે શ્રુતિના અર્થની કલ્પના કરીએ તો સિદ્ધોની [illegible] શ્રુતિને આધારે રહેલી મનુ આદિની ઉક્તિઓથીજ વેદના અર્થનો [illegible] શ્રુતિરૂપ આશ્રય વિના સિદ્ધોપિબાવ તત્ત્વનો નિર્ણય [illegible] છે. પણ મન્દમતિની સાંખ્યસ્મૃતિને વિષે શ્રદ્ધા થાય છે, તેના [illegible] આણવી તેને [illegible] કહે છે—'જેની બુદ્ધિ પરતન્ત્ર છે' [illegible] કપિલને સર્વજ્ઞ કહ્યો છે, માટે તેના મતમાં શ્રદ્ધા દુર્વાર છે તેથી કહે છે 'કપિલનું અતિશય જ્ઞાન પ્રદર્શાવતી' ઇત્યાદિ. કપિલ એ શબ્દમાત્રથી સાંખ્યકર્તા [illegible] [illegible] છે, કેમકે તે [illegible] સર્વજ્ઞ [illegible] યુક્ત નથી. [illegible] કે કપિલને શ્રુતિ પ્રતિપાદન કરે છે તે વાસુદેવનો અંશ છે. તે [illegible] [illegible] ઉપદેશ કરે છે તેથી [illegible] છે એમ સમજવું. [illegible] તેનું [illegible] કરવું એમ [illegible] છે તેનાં [illegible]

શ્રદ્ધા રાખવી શક્ય નથી; કેમકે કપિલ એમ
તિવિરુદ્ધ એવા પણ કપિલમત પર શ્રદ્ધા રાખવી શક્ય નથી; કેમકે કપિલ એમ
ાત્ર શ્રવણસામાન્ય છે અને સગરના પુત્રોનો બાળનાર, વાસુદેવ નામનો અન્ય
પિલ પણ સ્મૃતિમાં છે અને અન્ય અર્થને માટે જે દર્શન છે અને જે (અન્ય
માથી) પ્રાપ્ત નથી તે સ્વાર્થ સાધે એ યોગ્ય નથી. વળી 'यद्वै किं च मनुरवद-
તદ્ભેષજમ્' [તૈ૦ સં૦ ૨।૨।૧૦।૨] (જે કંઈ મનુએ કહ્યું તે ઔષધ છે) એમ મનુનું
માહાત્મ્ય દર્શાવનારી બીજી શ્રુતિ છે. 'सर्वभूतेषु चात्मानं सर्वभूतानि चात्मनि । संप-
श्यन्नात्मयाजी वै स्वाराज्यमधिगच्छति ॥' [૧૨।૯૧] (સર્વ ભૂતોમાં આત્માને અને
આત્મામાં સર્વ ભૂતોને જોનારો 'આત્મયાજી' સ્વારાજ્ય પ્રાપ્ત કરે છે) એમ સર્વ
આત્મા છે એવું દર્શન બનાવતો મનુ કપિલના મતને નિન્દે છે એમ સમજાય છે;
કેમકે સર્વ આત્મા છે એવા દર્શનને કપિલ અનુમતિ આપતો નથી; કારણ કે તે
આત્માનો ભેદ સ્વીકારે છે. મહાભારતમાં પણ 'बहवः पुरुषा ब्रह्मन्नुताहो एक एव तु'
(હે બ્રહ્મન, આત્મા બહુ છે કે એકજ છે) એમ વિચાર કરી 'बहवः पुरुषा राज-
न् सांख्ययोगविचारिणाम्' (હે રાજન, સાંખ્ય અને યોગ દર્શનવાળાઓના મતમાં
આત્મા બહુ છે) એમ પરપક્ષનો ઉપન્યાસ કરી તેનું નિરાકરણ કરવા 'बहूनां पुरु-
षाणां हि यथैका योनिरुच्यते । तथा तं पुरुषं विश्वमाख्यास्यामि गुणाधिकम् ॥' (જેમ
બહુ પુરુષાકાર દેહનું એક ઉપાદાન કહેવાય છે તેમ તે આત્માને સર્વાત્મક અને
સર્વગુણસંપન્ન કહીશ) એમ ઉપક્રમ કરી 'ममान्तरात्मा तव च ये चान्ये देहसंस्थि-
ताः । सर्वेषां साक्षिभूतोऽसौ न ग्राह्यः केनचित् क्वचित् ॥ विश्वमूर्धा विश्वभुजो विश्वपा-
दाक्षिनासिकः । एकश्चरति भूतेषु स्वैरचारी यथासुखम् ॥' (મારો અન્તરાત્મા અને
તારો અને દેહમાં રહેલા જે બીજાઓ છે તે સર્વેનો એ સાક્ષિભૂત છે, કોઇથી પણ
કદાચિત્ ગ્રહણ કરવો શક્ય નથી. વિશ્વ એનું મસ્તક છે, વિશ્વ, ભુજ છે, વિશ્વ, પાદ,
આંખ અને નાસિકા છે. ભૂતોમાં એકલો સ્વૈરચારી સુખ થાય તેમ ચરે છે) એમ

સર્વાત્મતા અર્થ કહે ... ઈશ્વરજ્ઞાનનું શેષભૂત (અંગભૂત)
ત્વ તેનું દર્શન એટલે અનુવાદ છે. આ રીતે એ સર્વજ્ઞત્વ અન્યાર્થક—ઈશ્વરજ્ઞાનનું શેષભૂત (અંગભૂત)
છે અને તે કંઈ અન્ય પ્રમાણથી પ્રાપ્ત થતું નથી તેથી તે સ્વાર્થસાધક થાય એ યુક્ત નથી;
માટે અનુવાદમાત્રથી સર્વજ્ઞત્વસિદ્ધિ નથી એમ કહે છે—'અન્ય અર્થને માટે જે દર્શન છે' ઇત્યાદિ.
કેનારી કપિલના ર્કાતનું નિરાકરણ કરી બ્રહ્મચારી મનુનું કીર્તન કહે છે—'વળી યદ્-
द्वै किं च'' ઇત્યાદિ. ઇતિહાસમાં પણ કપિલમતની નિંદાપૂર્વક અદ્વૈત દર્શાવ્યું છે એમ કહે
છે—'મહાભારતમાં પણ' ઇત્યાદિ. પુરુષો એટલે આત્માઓ શું વાસ્તવિક રીતે ભિન્ન છે
કે સર્વ દશ્ય પદાર્થોનો પ્રત્યગાત્મા એકજ છે એમ સર્વનો અર્થ છે બહુ પુરુષાકાર દેહોનું
જેમ એક ઉપાદાન પૃથ્વી છે તેમ તે આત્મા, જે સર્વનું ઉપાદાન હોવાને લીધે સર્વાત્મક છે
અને સર્વજ્ઞત્વ આદિ ગુણોથી યુક્ત છે તેને કહીશ. વિશ્વ એટલે સર્વ. લોકપ્રસિદ્ધ, દેવ, પશુ,
મનુષ્ય આદિનાં મસ્તક છે જેનાં તે 'विश्वमूर्धा.' કેમકે એકજ સર્વ દેહને વિષે પ્રતિબિંબ-
ભાવથી પ્રવિષ્ટ છે. એમજ 'विश्वभुजः' ઇત્યાદિનો અર્થ સમજવો. સર્વ જીવોમાં એકજ ચરે
છે—વર્તે છે. સર્વત્ર છે એવો અર્થ છે. 'स्वैरचारी' = સ્વતન્ત્ર. એનો કોઈ નિયન્તા નથી.
સોઅર એવો અર્થ છે. 'यथासुखम्' = લોકોત્તર આનન્દસ્વરૂપ એવો અર્થ છે કપિલ

૧ બ્રહ્માંડનું બાળવાથી ... ૨ अहवः ... ब्रह्म ...
... ૩ ... ... તે લોક, તેનો ... તે ...

સર્વાત્મતાજ નિર્ધારણ કરેલી છે. '**यस्मिन् सर्वाणि भूतान्यात्मैवाभूद्विजानतः । तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः ॥**' [ઈ૦ ૭] (જે જ્ઞાનકાળમાં સર્વભૂતો આત્માજ છે એમ જાણનાર, એકત્વ જોનારને તેમાં મોહ શું છે ને શોક શું છે) એવા પ્રકારની શ્રુતિ પણ સર્વાત્મતા દર્શાવે છે. આ ઉપરથી એ સિદ્ધ થાય છે કે માત્ર સ્વતન્ત્ર પ્રધાનની કલ્પનાથીજ નહિ, પણ આત્મભેદની કલ્પનાથી પણ કપિલનું તન્ત્ર વેદવિરુદ્ધ છે, અને વેદને અનુસરતા મનુવચનથી વિરુદ્ધ છે; કેમકે પોતાના અર્થને વિષે વેદનું પ્રામાણ્ય નિરપેક્ષ છે જેમ રૂપવિષયમાં રવિનું છે તેમ; અને પુરુષવચનોનું તો પ્રામાણ્ય અન્ય મૂળની અપેક્ષા રાખે છે અને તેમાં વક્તાની સ્મૃતિનું વ્યવધાન છે એમ બે વચ્ચે દૂર ભેદ છે. તેટલા માટે વેદવિરુદ્ધ વિષયમાં સ્મૃતિનો અનવકાશપ્રસંગ દોષ નથી ॥ ૧ ॥

વેદમૂલસ્મૃતિથી વિરુદ્ધ છે એમ કહી સાક્ષાત્ વેદથી પણ વિરુદ્ધ છે એમ કહે છે—'**यस्मिन् सर्वाणि भूतानि**' ઇત્યાદિ. '**यस्मिन्**' = જે જ્ઞાનકાળમાં. સ્મૃતિ સાથે વિરોધ છે તો વેદજ અપ્રમાણ કેમ ન થાય તેને માટે કહે છે—'પોતાના અર્થને વિષે વેદનું પ્રામાણ્ય' ઇત્યાદિ. વેદનું પ્રામાણ્ય સ્વતઃસિદ્ધ છે; કેમકે તે અપૌરુષેય છે. પણ પૌરુષેય વાક્યોનું પ્રામાણ્ય તો તેમના અર્થની સ્મૃતિ અને તે સ્મૃતિનું મૂળ જે અનુભવ તે એની કલ્પનાથી સમજાય છે, તેટલા માટે એ પ્રામાણ્ય પરતઃ પ્રામાણ્ય છે અને વ્યવહિત છે—એમાં સ્મૃતિ અને અનુભવનું વ્યવધાન છે. એમ શ્રુતિ અને સ્મૃતિ વચ્ચે વિપ્રકર્ષ—મોટું અન્તર છે જ્યારે સમ બળવાળાનો વિરોધ હોય ત્યારે જે નિરવકાશ હોય તેથી સાવકાશનો બાધ થાય છે. અહિં તો સ્વતઃ પ્રામાણ્ય (વેદનું) અને પરતઃ પ્રામાણ્ય (સ્મૃતિનું) એ બે વિષમ હોવાથી જેનુ પ્રામાણ્ય જલદી નિશ્ચિત થાય છે અને જેમાં કંઈ વિરોધી નથી એવા વેદવાક્યથી વિરુદ્ધ સ્મૃતિનોજ બાધ થાય છે એમ સમજવાનું છે. તાત્પર્ય આ પ્રમાણે છે. ઈશ્વર શાસ્ત્રયોનિ-શાસ્ત્રનુ કારણ છે એ સત્ય છે તોપણ શાસ્ત્ર કરવામાં એને કપિલ આદિની પેઠે સ્વાતન્ત્ર્ય નથી. કેમકે તે ભગવાને પૂર્વ સૃષ્ટિમાં જેવું શાસ્ત્ર કર્યું છે તેના અનુસારથી આ સૃષ્ટિમાં પણ કર્યું છે. એમ પૂર્વતર (પૂર્વની પૂર્વ) સૃષ્ટિને અનુસારે પૂર્વ સૃષ્ટિમાં અને પૂર્વતમ (પૂર્વતરની પૂર્વ) સૃષ્ટિને અનુસારે પૂર્વતરમાં. એમ શાસ્ત્ર અને ઈશ્વરનો કાર્યકારણભાવ અનાદિ છે. તેમાં ઈશ્વર જે શાસ્ત્ર રચે છે તેની પૂર્વે તેને શાસ્ત્રાર્થજ્ઞાન નથી—શાસ્ત્રની રચના શાસ્ત્રાર્થજ્ઞાન જેની પૂર્વે છે એવી નથી—કે જેથી કપિલ આદિની પેઠે ઈશ્વરને સ્વાતન્ત્ર્ય થાય. એને શાસ્ત્રાર્થજ્ઞાન પોતાની મેળે આવિર્ભૂત થાય છે તોપણ તે શાસ્ત્રનું કારણ થતું નથી; કેમકે શાસ્ત્ર અને શાસ્ત્રાર્થજ્ઞાન બંને અક્રમે આવિર્ભૂત થાય છે. શાસ્ત્ર પોતાની મેળે બોધક હોવાથી અને પુરુષસ્વાતન્ત્ર્યના અભાવથી દોષની શંકારહિત થઈ નિરપેક્ષ, સાક્ષાત્ સ્વાર્થને વિષે પ્રમાણભૂત છે પણ કપિલાદિનાં વચનોના તો સ્વતન્ત્ર કપિલાદિ પ્રણેતા છે અને તે વચનોની પૂર્વે તેના અર્થની સ્મૃતિ છે અને તે સ્મૃતિની પૂર્વે તે અર્થનો અનુભવ છે. તેટલા માટે એ સ્મૃતિના અર્થેનું અંગ જે પ્રામાણ્ય તેનો નિશ્ચય થવા સારૂ સ્મૃતિ અને અનુભવની કલ્પના કરવી પડે છે; પણ શ્રુતિ તો સ્વતઃસિદ્ધ, પ્રમાણભાવથી નિરપેક્ષ હોવાથી તેનો સ્વાર્થ નક્કી કરાય છે. આમ જેમાં શીઘ્રતર પ્રવૃત્તિ થાય છે એવી શ્રુતિથી સ્મૃતિના અર્થનો બાધ થાય એ યુક્ત છે. 'તેટલા માટે' = વિશેષ-ભેદ છે તેથી ભ્રાન્તિમૂલત્વસંભવથી એમ સમજવું ॥ ૧ ॥

વળી શાથી સ્મૃતિ અનવકાશ થવાનો પ્રસંગ દોષ નથી?—

इतरेषां चानुपलब्धेः ॥ २ ॥

અને બીજાં (તત્ત્વો)ની અનુપલબ્ધિથી ॥ ૨ ॥

